REGISTERED No B-1905

वर्ष १९ मुं
ग्रंथांक
२२३-२२५

विविध ग्रंथमाला

सं० १९८५
वैशाखथी
अषाढ

વાર્ષિક રૂ. ૪) પાકાં પૂઠાં પો પો૦ માફ.
તંત્રી ભિક્ષુ—અખંડાનંદ.

स्वामी विवेकानंद

भाग ११ मो—ज्ञानयोग

અનુવાદક:—નાજુકલાલ નંદલાલ ચોકસી
ઘડિયાળી પોળ—વડોદરા

प्रसिद्धिस्थान—सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્રપાસે

છુટક રૂ. ૧।।=, સાદુ ૧। પો. જુદું

मुंबई—२
કાલબાદેવી.

"ઇંદ્રિયોના વિલાસો અને નબળાઇઓને છાવરવાનો પ્રયત્ન કરતો હોય એવા ધર્મોપદેશકથી સદા સાવધાન રહો. ઇંદ્રિયોના ગુલામ બનીને તો આપણે આપણી જાતને માટીનાં ઢેફાં જેવી નિર્માલ્ય અને અસહાય કરી મૂકી છે. આપણી આગળ તો દુઃખમાં ખદબદતી આ દુનિયા પથરાયલી છે. એ દુઃખોને કાં તો થોડાઘણા પ્રમાણમાં પણ ઓછાં કરો કે પછી તે પ્રયત્નમાં તમારા જીવનની આહુતિ અર્પી દો."

"તમે આસ્તિક હો કે નાસ્તિક હો, વેદાંતી હો કે અજ્ઞેયવાદી હો, ખ્રિસ્તી હો કે મુસલમાન હો; પણ તમારે બધાંને સૌથી પહેલો અને અગત્યનો પાઠ એજ શીખવાનો છે કે આ ક્ષુદ્ર સ્વાર્થવૃત્તિનો બિલકુલ નાશ કરો અને તેને ઠેકાણે **नाहं नाहं तुंहि तुंहि** એ સત્ય ભાવની પ્રતિષ્ઠા કરો. કેમકે એમાં તમારૂં પોતાનું ખરૂં કલ્યાણ અને સાચી ઉન્નતિ રહેલી છે."

(આ ગ્રંથમાંથી)

गुजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ૧૫૧૩૧ तारीख
पुस्तकनुं नाम સ્વામી વિવેકાનંદ - ૧૧
विषय [illegible]

વિવિધ ગ્રંથમાળા, ગ્રંથાંક ૨૨૩ થી ૨૨૫, વર્ષ ૧૯ મું-સં૦ ૧૯૮૫

स्वामी विवेकानंद

एमना सदुपदेश—भाग ११ मो

ज्ञानयोग

અનુવાદકઃ નાજુકલાલ નંદલાલ ચોકસી
ઘડિયાળી પોળ-વડોદરા

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
તંત્રી, સંપાદક અને પ્રકાશકઃ ભિક્ષુ-અખંડાનંદ
અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૪૮૦, પ્રત ૫૩૦૦
છૂટક મૂલ્ય ૧ાા=, સાદુ પૂંઠું ૧ા, પો. જૂદું

પ્રસિદ્ધ થયું. સં. ૧૯૮૬ ના ચૈત્ર માસમાં

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૫૧૭૨

"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" ઠે. રાયખડ—અમદાવાદ.
ભિક્ષુ—અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.



સમર્થ ઉપદેશક-સ્વામી વિવેકાનંદ.

प्रकाशकनुं निवेदन

વિવિધ ગ્રંથમાળાના ૨૨૩ થી ૨૨૫મા અંકરૂપ આ ગ્રંથમાં સ્વામી વિવેકાનંદજીનાં "જ્ઞાનયોગ" સંબંધી ૨૭ વ્યાખ્યાન સમાયલાં છે. પ્રબુદ્ધ ભારત ઑફિસ–આલ્મોરા તરફથી અંગ્રેજીમાં, અને રામકૃષ્ણ મઠ–કલકત્તા તરફથી બંગાળીમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો ઉપરથી આ વ્યાખ્યાનો અનુવાદિત થયાં છે.

આ સંસ્થા તરફથી એ મહાત્માના સદુપદેશ સંબંધી દશ ભાગ સં. ૧૯૭૯ સુધીમાં નીકળ્યા પછી આ અગીઆરમો ભાગ અનિવાર્ય કારણોથી આજ સાત વર્ષે પ્રસિદ્ધ થઇ શક્યો છે. બારમો ભાગ બનતાં સુધી આ પછીના વર્ષમાં નીકળશે.

આ ગ્રંથમાં આવેલાં જ્ઞાનયોગ સંબંધી વ્યાખ્યાનો જેટલી પણ ધીરજ, શાંતિ અને કાળજીપૂર્વક તથા રાત્રિના છેલ્લા કે દિવસના પહેલા પહોરમાં એક પછી એક વંચાતાં ચાલશે તેમ તેમ તેમાં સમાયલા જ્ઞાનયોગ સંબંધી પ્રકારો, સાધનો, સાધનાઓ અને સિદ્ધિઓ વિષે તથા સિદ્ધાત્માની અવસ્થાઓ, પ્રકારો અને વિશેષતાઓ-વિષે અનેક પ્રકારની ઉપયોગી માહિતીઓ, સમજણો, સૂચનાઓ અને ખુલાસાઓ વગેરે સમજાતું ચાલશે; તથા આ જ્ઞાનયોગનો ગહન વિષય વધુ ને વધુ સરળ, સુરસ, પ્રેરક અને ઉત્તેજક થતો ચાલશે, એમાં શક નથી.

ફાગણ–૧૯૮૬ ભિક્ષુ–અખંડાનંદ

हवेनुं पुस्तक वी. पी. थी मोकलाशे.

૧–સંવત ૧૯૮૫ના છેલ્લા પુસ્તકતરીકે નીકળનારૂં **"મહાન સાધ્વીઓ"** નામે પુસ્તક આવતા વૈશાખની શરૂમાં વી. પી. થી મોકલાઈ સં. ૧૯૮૬ નું વાર્ષિક મૂલ્ય રૂ. ૫) અને સાદાં પૂંઠાંવાળાંના રૂ. ૪) મંગાવી લેવાશે. માટે એ વિષે જેમને નીચલામાંનું કે બીજું કાંઈ લખવું હોય તેઓ આ (વિવેકાનંદ–ભાગ ૧૧ વાળું) પુસ્તક પહોંચેથી પાંચ સાત દિવસ સુધીમાં લખી મોકલે એવી વિનતિ છે.

क–જેમને નવા વર્ષથી નવા ગ્રાહક થવું હોય.

ख–જેમને ગ્રાહકમાંથી નીકળી જવું હોય.

ग–જેમને સાદાં પૂંઠાંમાંથી પાકાં પૂંઠાંના વર્ગમાં જવું હોય.

घ–જેમને પોતાના શિરનામામાં ફેરફાર કરાવવો હોય.

च–જેમને રજીસ્ટર પોસ્ટથી મેળવવા માટે રૂ૦ાા વધુ ભરવો હોય.

૨–આમ પ્રથમથી સૂચના અપાયા છતાં એ વિષે જે સવેળા નહિ લખે અને વી. પી. પાછું વાળશે, તે એ છેલ્લુ પુસ્તક ગુમાવશે.

૩–અમદાવાદ અને મુંબઈનાં જે ગ્રાહકો ઉપલું વાર્ષિક મૂલ્ય રૂબરૂમાં ભરીને ઉપલું ૧૯૮૫ નું છેલ્લું પુસ્તક લેવા ઇચ્છે, તેઓ વૈશાખ સુદી પડવાથી પાંચમ સુધીમાં પોતાનો રજીસ્ટર-નંબર દર્શાવીને અમદાવાદના તેમજ મુંબઈના સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયમાં ભરીને નાણાંની પાવતી તથા ઉપલું પુસ્તક મેળવી શકશે અને તેમને મ૦ ઓ૦ ખર્ચના વધારાના બે આના બચી જશે; તથા વાર્ષિક મૂલ્યમાં પણ રૂપિયે એક આનો ઓછો લેવાશે.

૪–વી. પી. થી કોને નહિ મોકલાય? જે સજ્જનોએ નવા વર્ષથી ગ્રાહકમાં રહેવાની ના લખી હશે તેમને, તેમજ વડોદરાના "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ" દ્વારા જે લાઇબ્રેરીઓ પૈસા ભરે છે તેમને તથા હિંદની બહારના ગ્રાહકોને ઉપલું પુસ્તક વી. પી. થી નહિ મોકલતાં સાદી રીતે મોકલાશે. અને નવા વર્ષનું લવાજમ મળ્યેથી નવા વર્ષનાં પુસ્તક મોકલવાં જારી થશે.

૫–આફ્રિકા તેમજ બીજા દેશાવરનાં ગ્રાહકોને દરેક પુસ્તક (ત્રણ આનાના વધુ ખર્ચે) રજીસ્ટર કરાવીનેજ મોકલાતાં હોવાથી તથા ત્યાં માટેનું ટપાલખર્ચ પણ વધારે આવતું હોવાથી, અને અહીં શિલિંગ દીઠ દશથી સાડાદશ આના મળતા હોવાથી, તે મહાશયોએ પાકાં પૂંઠાં સાથેના વાર્ષિક રૂ. ૮ અથવા શિલિંગ ૧૨ મોકલવા.

૬–હવે પછી નીચલામાંથી તેમજ નવાં પસંદ કરાશે તેમાંથી પુસ્તકો નીકળશેઃ–ભોજ સુબોધ રત્નમાળા, રામકૃષ્ણ પરમહંસનું વિસ્તૃત ચરિત્ર, સ્વામી વિવેકાનંદ–ભાગ ૧૨ મો, ટુંકી વાર્તાઓનો નવો ભાગ, શુભસંગ્રહનો નવો ભાગ, સત્યાગ્રહ ને અસહકાર, ભારતીય નીતિકથાઓ, પઢિયારનાં અપ્રસિદ્ધ પુસ્તકો, સુભાષિત રત્નભાંડાગાર, સંતમહાત્માઓની વાણીનાં પુસ્તકો, મહાન શીખ ગુરુઓ, ફાધર ડેમિયન, ભારતના સંતપુરુષો, બુકર ટી. વૉશિંગ્ટન.

अनुक्रमणिका

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૭	૨૯	આસ્તત્વમાં	અસ્તિત્વમાં
૮૬	૧૧	એકશાનું	એ કશાનું
૮૯	૧	મુકત	મુક્તિ
૮૯	૯	મનુ ચોને	મનુષ્યોને
૧૦૩	૩૬	આજુબાજાની	આજુબાજુની
૧૩૯	૨૫	ધમને	ધર્મને
૧૭૨	૩૫	પાયવગરનું	પાયાવગરનું
૧૮૯	૧૭	સ્થળદેહ	સ્થૂળદેહ
૨૦૦	૩૦	મારે	મારો
૨૧૦	૮	અત્માએ	આત્માએ
૨૩૦	૩૮	વગની	વર્ગની
૨૪૯	૧	૧૬	૧૫
૨૫૪	૨૧	સ્થળદેહનું	સ્થૂળદેહનું
૨૬૨	૩૦	લક્ષાવાધ	લક્ષાવધિ
૨૮૬	૧૧	ધનધાયાદિક	ધનધાન્યાદિક
૩૪૯	૧	વિશ્વધમ	વિશ્વધર્મ
૪૨૧	૧૯	તદ્રપ	તદ્રૂપ
૪૨૩	૬	સ્થળ	સ્થૂળ
૪૩૦	૨૮	આસ્તત્વ	અસ્તિત્વ

स्वामी विवेकानंदना सदुपदेश

ग्रंथ १ लो–भाग १, २, ३.

પાા×૮નાં પૃષ્ઠ ૫૭૫, મૂલ્ય રા

આમાંના કેટલાક વિષયો:–ધર્મ એટલે શું? તત્ત્વજ્ઞાનનાં પગથિયાં. અનુભવનો માર્ગ. અમેરિકાની સર્વધર્મપરિષદમાં વ્યાખ્યાન. અનેક માનપત્રો અને તેના બોધપ્રદ ઉત્તરો. ભારતની જડતાનું કારણ–આત્માપ્રતિ અવિશ્વાસ. તમારામાં અનંત સામર્થ્ય છે. મહાભારતના કૃષ્ણની પૂજા. પ્રાચીન સભ્યતાની વિશેષતા. ધાર્મિક ઉત્સવોની આવશ્યકતા. સ્ત્રીકેળવણીની રૂપરેખા. સંઘશક્તિ એજ મહાશક્તિ. સંકલ્પસિદ્ધ ઋષિઓનું સામર્થ્ય. અવતારી પુરુષોના અનુભવ. સેવાધર્મની ઉત્તમતા. ભોગ અને યોગ સાથે બને નહિ. સંન્યાસનો મહિમા અને કર્તવ્ય. અમેરિકાની વિજયકથા. સૂક્ષ્મ મનનું સામર્થ્ય. પાદરીઓનો ઉપદ્રવ. પ્રેતયોનિનું અસ્તિત્વ. એક પ્રેતાત્માનો ઉદ્ધાર. શકિત ખીલવવાનો માર્ગ. ઈશ્વરના કૃપાપાત્ર કેમ બનાય? મનને વશ કરવાનો માર્ગ.

ग्रंथ २ जो–भाग ४ थो अने ५ मो

ઇંચ પાા×૮નાં પૃષ્ઠ ૬૦૦, મૂલ્ય રા

આમાંના કેટલાક વિષયો:–વેદાન્તનું મહાન કાર્ય. મારા યુદ્ધની વ્યૂહરચના. ભરતખંડના મહાન પુરુષો. ભરતખંડનું ભવિષ્ય. હિંદુધર્મનાં સામાન્ય મૂળતત્ત્વો. સંન્યાસનો આદર્શ અને તેનું વ્યાવહારિક સ્વરૂપ હું શું શીખ્યો છું? વર્તમાન હિંદના મહાન્ પ્રશ્નનું નિરાકરણ. પૌહારી બાબાનું વૃત્તાન્ત. પરોપકાર કર્મબંધનને તોડી શકે છે. પરોપકાર પોતાના કલ્યાણમાટેજ કરવાનો છે. કર્મયોગનો આદર્શ.

भाग छट्ठो तथा सातमो

૫×૯ાાનાં પૃષ્ઠ ૪૨૦, રૂ. ૧)

આ ગ્રંથમાં સ્વામીજીના પત્રો, મુલાકાતો, સંવાદો ઇત્યાદિરૂપે અનેક બોધપ્રદ વિષયો સમાયલા છે. જેમકે:–બાળકમાં જન્મથી ખોડ કોના પાપથી આવે છે? મૃત્યુ પછીની દશા. બાળલગ્નનિષેધ. દુષ્કાળોનો ગહન સવાલ. સ્વાત્માર્પણ કરનારા કાર્યકર્તાઓ. દરેક જણ વિવેકાનંદ થઈ શકે. બ્રહ્મચર્ય એજ બળની ચાવી. પૂર્વજન્મોનું જ્ઞાન. ગુરુકુળની પ્રાચીન પ્રથા. રાષ્ટ્રીય શિક્ષણની અગત્ય. સત્યકામની વાર્તા. ત્યાગીઓના હાથતળેનું શિક્ષણ. પાઠ્યપુસ્તકો કેવી રીતે તૈયાર કરવાં? જાપાનની મહત્તાનું રહસ્ય. અધિકારીવાદના અનર્થો.

भाग आठमो

५×६।।।नां पृष्ठ ५८०, रु. २)

आमांना थोडा विषयो:-पूर्व अने पश्चिम. भक्तियोग. मूर्तिपूजा. वैदिक धर्मना आदर्शो. थियोसोफी विषे विचारो. जड-भरतनी वार्ता. जगतना महान आचार्यो.

भाग ९ मो-संपूर्ण जीवनचरित्र

५×६।।।नां पृष्ठ ७४०, रु. २।।

अनेक ग्रंथोने आधारे लखायला आ चरित्रमां स्वामीजीना जीवननी तमाम जाणवा जेवी बाबतो समाई जाय छे. **केटलीक बाबतोनां नाम:**-कुलवृत्तांत. बाल्यावस्था अने विद्यार्थी अवस्था. आवी पडेली विपत्तिओ. जाग्रत थयेली सत्यनी जिज्ञासा. श्रीरामकृष्ण परमहंस साथे समागम. साधक दशा. निर्विकल्प समाधि. हिमालयमां अने देशना जूदा जूदा भागोमां प्रवासी साधुतरीकेनुं जीवन. अमेरिकानो प्रवास अने मुश्केलीओ. सर्व धर्मपरिषद्‌ना सर्वोपरि धर्मवक्ता अने वेदान्तना अद्‌भुत उपदेशक. बेलूर मठ अने रामकृष्ण मिशननी स्थापना. भगिनी निवेदिता वगेरे साथेनी चर्चाओ. मरकी, दुष्काळ वगेरे प्रसंगोमां तेमनी सेवाओ. अनाथाश्रमो, सेवाश्रमो वगेरेनी स्थापना. फरीथी अमेरिका जवुं. बेलूर मठमां जीवन. महासमाधि. उपसंहार.

भाग १० मो-राजयोग

डेमी ५×६।।।नां पृष्ठ ३००, मूल्य १।

आमां स्वामीजीनां राजयोग उपरनां आठ महत्त्वपूर्ण भाषणो उपरांत योगदर्शननां तमाम मूळ सूत्रो तेना अर्थ तेमज विवेचन साथे आपेलां छे, जेमां योगशास्त्रने लगतां अनेक रहस्य तथा खुलासा आवी जाय छे.

भाग ११ मो-ज्ञानयोग

५×९नां पृष्ठ ४८०, मूल्य रु. १।।=

आ पुस्तक पोतेज. आमां स्वामी विवेकानंदजीए ज्ञानयोग उपर विदेशमां आपेलां व्याख्यानोनो समावेश करवामां आव्यो छे.

सस्तु साहित्य वर्धक कार्यालय { अमदावाद अने मुंबई नं. २

એક સામાન્ય મહાત્માનો જ્ઞાનભક્તિમય દૃષ્ટાંતોથી ભરપૂર ઉપદેશ

श्रीरामकृष्णकथामृत

भाग १–२ भेगा, आवृत्ति बीजी

કદ ૫ાા×૮, પૃષ્ઠ ૬૫૦, મૂલ્ય ૨ાા

સ્વામીશ્રી વિવેકાનંદજીના જગપ્રસિદ્ધ ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા અદ્દભુત પુરુષની જૂદા જૂદા જિજ્ઞાસુઓ તથા વિદ્વાનો સાથેની અતિસરળ અને બોધપ્રદ વાતચીતો, તે દરમિયાન અપાયલાં સચોટ દૃષ્ટાંતો, ગવાયલાં અસરકારક ભજનો તથા વખતોવખત તેમને થઈ આવેલી ભાવસમાધિઓનું આબેહુબ વર્ણન આ ગ્રંથમાં છે. પોતાની સહી પણ ન કરી જાણવા છતાં જીવનમુક્ત દશાને પ્રાપ્ત થયેલા આ પરમપૂજ્ય મહાત્માનાં કથનોમાં જે ઉપદેશામૃત, મીઠાશ અને અસર રહેલાં છે, તે વાંચવાથીજ સમજાય તેમ છે. **આમાંની થોડીક બાબતોનાં નામ:**–પુસ્તકો વિના પણ જ્ઞાન થઈ શકે? પ્રતિમાપૂજન કેવી ભાવનાથી કરવું જોઇએ? શું કરીએ તો ઈશ્વરમાં ચિત્ત પરોવાય? વિષયી લોકો નિંદા–મશ્કરી કરે ત્યારે શું કરવું? દુષ્ટ લોકો ઈજા કરવા આવે તો શું કરવું? ચાર પ્રકારના જીવ. સંસારી માટે મુક્તિનો ઉપાય. શ્રદ્ધાનું માહાત્મ્ય. સત્સંગનું વ્યસન. ત્રિગુણાત્મક પ્રકૃતિ પ્રમાણે ત્રિગુણાત્મક ભક્તિ. શરીરત્યાગ કે આત્મહત્યા? સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ. નિષ્કામ કર્મ અને કર્મત્યાગ. ભગવત્સેવા અને કુટુંબસેવા. ત્રણ જાતના આચાર્ય. ખ્રિસ્તીધર્મ અને પાપનો સિદ્ધાંત. જ્ઞાનોન્માદ અને જીવનમુક્ત. અમલદારી અને અહંકાર. ત્યાગની પરાકાષ્ઠા અને સાચો સંન્યાસ. અનંતનું દર્શન. ઈશ્વરપ્રાપ્તિ અને દુનિયાદારી. કાચો અહંકાર અને પાકો અહંકાર. સાચી ભક્તિ અને દેખાડવાની ભક્તિ. ખરો દરિદ્રી કોણ? હરિશ્ચંદ્રની કથા અને ભાવસમાધિ ગુરુકૃપા અને અભયદાન. સંસારનું રામબાણ ઔષધ. ગૌરાંગપ્રભુનું દર્શન. મહાન ભક્ત જયમલ્લનું ચરિત્ર. જનક ને શુકદેવ. પ્રારબ્ધ અને વામાચાર. જટિલ છોકરાની વાત. અનાહત શબ્દ. સિદ્ધિ અને અહંકાર. નાટકશાળામાં સમાધિ. શ્રીગૌરાંગનો પ્રેમોન્માદ. સર્વ પર પ્રેમ શી રીતે રાખવો? માતાના પ્રેમની વાતો. સાધકે સ્ત્રી પ્રતિ કેમ વર્તવું? દેવી ચૌધુરાણીની વાત. ઈશ્વરપ્રાપ્તિ એજ ખરી ચાતુરી. પૈસાનો, ઐશ્વર્યનો અને સિદ્ધિનો ઉપયોગ. કર્મબંધનનું અમોઘ ઔષધ. ખરો વૈષ્ણવ કોણ? પ્રભુને જાણો એટલે બધું જણાઈ રહેશે. જુવાનીમાંજ ત્યાગવૈરાગ્યની જરૂર. સંસારી અને પ્રભુપ્રેમી વચ્ચેનો ભેદ. સાધના અને સાક્ષાત્કારવિષે ગુહ્ય વાતચીત. પરમહંસદેવના અદ્દભુત અનુભવ. ઇશ્વરને ઓળખ્યા પછીજ સંસારમાં પ્રવેશ કરો. ઈશ્વરી આનંદ અને સંસારસુખ વચ્ચેનો તફાવત.

વિજ્ઞાન, યુક્તિ અને અનુભવનાં પુષ્કળ દૃષ્ટાંતોપૂર્વક ઋષિ-મુનિઓના
ઉત્તમ સિદ્ધાંતોને સચોટ રીતે સમજાવી માનવહૃદયને અપૂર્વ
જ્ઞાન, ઉત્સાહ અને મનોબળથી ભરપૂર બનાવી મૂકનાર તથા
અનેક મનુષ્યોનાં જીવન પલટાવી નાખનાર અપૂર્વ ગ્રંથ

स्वामी रामतीर्थना सदुपदेश

ग्रंथ १ लो—भाग १ थी ५

કદ ૫ાાx૮, પૃષ્ઠ ૫૮૦, મૂલ્ય ૨)

આમાંના કેટલાક વિષયોનાં નામઃ—આત્મકૃપા, બ્રહ્મચર્ય, નગદધર્મ, ભારતનો ભવિષ્યકાળ, હિંદની જરૂરીઆતો, યજ્ઞનું રહસ્ય, રાષ્ટ્રીય ધર્મ, ઉત્કર્ષનું રહસ્ય, પાપનું નિદાન, આપણું સત્ય સ્વરૂપ, ધર્મનું લક્ષ્યબિંદુ, માનસિક શક્તિઓ, સ્વર્ગનું રાજ્ય, પવિત્ર પ્રણવ, હૃદયસ્થ હરિ, સાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ અને પુરુષાર્થ, સર્વ ધર્મનું સમાધાન. ૯૦ ૯૦

ग्रंथ २ जो—भाग ६ थी ९

કદ ૫ાાx૮ા, પૃષ્ઠ ૫૮૦, મૂલ્ય ૨ા

આમાંના કેટલાક વિષયોઃ—સર્વ ઇચ્છા પૂર્ણ કરવાનો માર્ગ, વિજયી આધ્યાત્મિક શક્તિ, હઝરત મૂસાનો દંડ, જગત ક્યારે અને શામાટે? કુટુંબ શી રીતે સુખી કરવાં? દુઃખમાંથી ઈશ્વરમાં, રામનો સંદેશ, આર્યાવર્તની પ્રાચીન દિવ્ય દૃષ્ટિ, જગતપર હિંદનું ઋણ, હિમાલયનાં દશ્યો, સ્વામીશ્રીના પત્રો. ૯૦ ૯૦

ग्रंथ ३ जो—भाग १० अने ११

કદ ૫ાાx૮, પૃષ્ઠ ૫૨૮, મૂલ્ય ૨)

આમાંના કેટલાક વિષયોઃ—રામપરિચય, આનંદ, જીવતો કોણ છે? લોકોને વેદાંત કેમ નથી ગમતું? ઉન્નતિનો માર્ગ, અદ્વૈત, પત્રમંજૂષા, સુલેહ કે જંગ?—ગંગાતરંગ, સુધારણા, વિદેશના અનુભવ, પહાડી દશ્યો. ૯૦ ૯૦

ग्रंथ ४ थो—भाग १२ अने १३

કદ ૫ાાx૮ા, ૬૪૦, મૂલ્ય ૨)

આ ગ્રંથમાં સ્વામી રામતીર્થજીના વિસ્તૃત અને અસરકારક ચરિત્ર ઉપરાંત બોધપ્રદ ૧૫ લેખો અને ભાષણો છે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ અને મુંબઈ—૨

સ્વ૦ પઢિયારકૃત ભક્તિજ્ઞાનના સેંકડો દાખલાઓથી ભરપૂર

स्वर्गनां पुस्तको

સ્વર્ગનું વિમાન { ચોથી આવૃત્તિ, કદ ૫×૯, પૃષ્ઠ ૩૮૦, મૂલ્ય ૧।=

'સ્વર્ગ' એટલે પ્રભુમય જીવન અથવા પ્રભુ પોતે. એ સ્વર્ગ મેળવવા માટે કાંઇ ખટારા કે ઘોડાગાડી કામ લાગે નહિ; એને માટે તો "વિમાન"જ જોઇએ. આ પુસ્તક એવાજ પ્રકારનું અને ભક્તિમાર્ગની પહેલી ચોપડી જેવું છે. એમાં બહુ હોંશે હોંશે વાચવા ગમે એવા ટુંકા ટુંકા બોધદાયક અને રમુજી ૩૨૫ દાખલાઓ છે; તથા ઠેકાણે ઠેકાણે પ્રસંગને અનુસરતાં બોધપ્રદ ભજનકીર્તન પણ આપેલાં છે. આ દાખલા વાંચવાથી ધર્મ તથા પ્રભુને જાણવાની ઇચ્છા જાગે છે.

સ્વર્ગની કુંચી { ચોથી આવૃત્તિ, કદ ૫×૯, પૃષ્ઠ ૩૭૫, મૂલ્ય ૧।=

'વિમાન'માં બેસીને તો સ્વર્ગના બારણાસુધીજ પહોંચી શકાય, પણ પછી અંદર જવા માટે સ્વર્ગનાં બારણાં ઉઘડે તેવી કુંચી પણ જોઇએ; તેથી ભક્તિમાર્ગની બીજી ચોપડીતરીકે 'સ્વર્ગની કુંચી' કાઢવામાં આવી છે. પ્રભુને જાણવાની તેમજ ધર્મનું પાલન કરવાની ઇચ્છા પૂરી પડે તેટલામાટે આ પુસ્તકમાં ઇશ્વરનો મહિમા, ભગવદ્દઇચ્છાને આધીન થવાની ખુબી, ધર્મપાલનના લાભ, પ્રભુસ્મરણનો આનંદ, પ્રભુપ્રેમનું બળ, સત્સંગની બલિહારી, આચરણ સુધારવાની જરૂર વગેરે અનેક બાબતો સારી રીતે સમજાવનારા ૨૧૦ સચોટ દાખલાઓ, અનેક ભજનો અને વિવિધ પ્રકારની પ્રાર્થનાઓનો સમાવેશ છે.

સ્વર્ગનો ખજાનો { ત્રીજી આવૃત્તિ, કદ ૫×૯, પૃષ્ઠ ૩૫૦, મૂલ્ય ૧।=

'કુંચી'વડે દ્વાર ઉઘાડીને સ્વર્ગની અંદર પેઠા પછી 'સ્વર્ગનો ખજાનો' હાથ કરાવનારા આ પુસ્તકનું નામ 'સ્વર્ગનો ખજાનો' રાખ્યું છે અને તે ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી છે. એમાં ઇશ્વરનું સ્વરૂપ, મનને વશ કરવાના, જીંદગીમાં મીઠાશ લાવવાના અને પાપથી બચવાના ઉપાય; ભક્તોનો તરફડાટ, ભક્તિનું સ્વરૂપ, સત્સંગનો લાભ, ઇશ્વરાર્પણ કર્મ, શાસ્ત્રના સાચા અર્થ કેમ સમજવા? સાચો પરમાર્થ કેવી રીતે થઇ શકે? આચરણો કેમ સુધરે? એ વગેરે અનેક ઉપકારક વિચારોના ૧૨૫ અસરકારક દાખલાઓ તથા જૂદા જૂદા મહાત્માઓનાં ભજન, પદ વગેરે આપેલાં છે.

સ્વર્ગનો પ્રકાશ { પહેલી આવૃત્તિ, ૫×૯, પૃષ્ઠ ૩૪૮, મૂલ્ય ૧।=

આમાં આવેલા વિષયો:-ઇશ્વરી આનંદ, શ્રદ્ધા અથવા વિશ્વાસ, ઇશ્વરીજ્ઞાન અને પરમાત્મદર્શન, મનોબળ, ભક્તિનો મહિમા, સત્સંગ, ખરા ભગતો, આંતરશુદ્ધિ, અધુરાપણું, ધર્મ અને તેની સાધના, સુખી થવાનો સહેલો ઉપાય, ગુરુની જરૂર, જ્ઞાની-અજ્ઞાની વચ્ચે ભેદ, દુ:ખવિષે જાણવાલાયક વાતો વગેરે.

સારામાઠા પ્રસંગે જ્ઞાનલ્હાણી

પોતેજ પૂર્ણ જ્ઞાની થઈને બીજાઓને જ્ઞાન આપવું, એ તો કોઇકથીજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના જ્ઞાનોપદેશરૂપ ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે.

કોઇ કોઈ ઉદારાત્માઓ આ રીતે પણ પોતાના ધનનો થોડોઘણો સદુપયોગ કરે છેજ; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સર્વત્ર મોટા પ્રમાણમાં ચાલુ થઈ એક ઉમદા સામાજિક રૂઢિરૂપે બની રહેવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે થોડુંક ઘી ઓછું વાપરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પણ પ્રત્યેક મહેમાન, પડોશી, સગાં, કુટુંબી, મિત્ર, પડોશી, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણો, વિદ્યાર્થીઓ વગેરેને ભેટ અપાય તો તે તેમને માટે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં ઘણુંજ વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો “ અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ-નિમિત્ત અમુક તરફથી ભેટ ” કે એવું કાંઇ મુખપૃષ્ઠપર છપાવીને, કે રબરસ્ટાંપથી છાપીને અથવા હાથવડે લખીને તેવા ભેટ આપવાથી તે પ્રસંગ અથવા વ્યક્તિના સ્મારકનો હેતુ પણ સરી રહે છે.

સસ્તા સાહિત્યદ્વારા નીકળેલાં અથવા બીજાં જે પણ પોતાને પસંદ પડે તે તે લોકોપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા પ્રત્યેક નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગનું તેમજ જ્ઞાન જેવી સર્વોપરિ વસ્તુના પ્રચારનું શ્રેય દરેક સમજુ મનુષ્યે મેળવવું ઉચિત છે.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને પણ વહેંચી-વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાના હોય તો પોતાને પસંદ પડે તેવા કોઈ એક ઉત્તમ પુસ્તકની સામટી પ્રત ખરીદીને તેની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ પણ આપી શકાય. માત્ર પાંચ દશ રૂપિયાજ આ રસ્તે ખર્ચવા હોય તોપણ ગીતાનો ૧૮ મો અધ્યાય અથવા તો બીજી કોઇ સારી બસો-ચારસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય; છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલાવડે પણ ધર્મગ્રંથોનાં અથવા બીજી અસરકારક શિખામણોનાં સો-બસો હસ્તપત્ર સુખેથી વહેંચી શકાય.

ॐ

स्वामी विवेकानंद

एमना सदुपदेश—भाग ११ मो

ज्ञानयोग

१—धर्मनुं प्रयोजन, महत्त्व अने उत्पत्ति*

સૃષ્ટિના આરંભથી તે અત્યાર સુધી મનુષ્યજાતિના નિર્માણમાં જે જે દૃષ્ટ અદૃષ્ટ શક્તિઓએ ભાગ ભજવ્યો છે અને હજી ભજવ્યે જાય છે, તે સર્વમાં જે શક્તિને આપણે ધર્મ કહીએ છીએ, તે વિશેષ પ્રબળ છે. સઘળી સામાજિક સંસ્થાઓના મૂળમાં કોઇ ને કોઈ સ્વરૂપમાં તે વિલક્ષણ શક્તિનું કાર્ય અચૂક મળી આવે છે. સૃષ્ટિના આરંભકાળમાં નિરનિરાળી મનુષ્ય વ્યક્તિઓને એકબીજાના ગાઢ સંબંધમાં આવવાની જે પ્રેરણા ઉત્પન્ન થઈ, તે મહાન પ્રેરણાનું મૂળ એજ શક્તિમાં રહેલું છે. અત્યારે પણ પૃથ્વીપરના જૂદા જૂદા સમૂહોની વ્યકિતઓને પરસ્પર ગાઢ સંબંધમાં બાંધી રાખનાર એજ શકિત યાને ધર્મબળ મુખ્ય છે. કોઈ પણ કુળ, જાતિ કે વતનનાં બંધન કરતાં ધર્મનું બંધન વિશેષ બળવત્તર નીવડે છે, એ વાત ઇતિહાસના જાણકાર લોકો સારી પેઠે જાણતા હોવા જોઇએ. કેમકે ઘણા પ્રસંગોમાં તેમ થયેલું છે. એકજ દેવને ઉપાસનારા અને એકજ ધર્મને માનનારા લોકો આપત્તિને પ્રસંગે સહોદર ભાઇઓ કરતાં પણ વધારે જોમ અને દૃઢતાથી એકબીજાની પડખે ઉભા રહેલા છે, એવી ઇતિહાસ સાક્ષી પૂરે છે.

ત્યારે હવે સવાલ એ છે કે 'ધર્મ'ની ઉત્પત્તિ ક્યારે અને કેવી રીતે થઇ? ધર્મની ઉત્પત્તિનું મૂળ શોધી કાઢવાના આજપર્યંત વિવિધ પ્રયત્નો થયા છે. જગતમાં અત્યારે જેટલા પ્રાચીન ધર્મો પ્રચલિત છે, તે સર્વમાં એવો દાવો કરાયલો જણાય છે કે, પોતાનો

---

* લંડનમાં આપેલું વ્યાખ્યાન.

ધર્મ અપૌરુષેય છે–એટલે કે, તે કોઇ મનુષ્યબુદ્ધિથી નિર્માણ થયેલો નથી પણ ઇશ્વરપ્રેરિત છે, તેનું ઉદ્દ્ભવસ્થાન મનુષ્યબુદ્ધિથી પર છે.

ધર્મની ઉત્પત્તિના સંબંધમાં અર્વાચીન વિદ્વાનો બે વાદ કેટલેક દરજ્જે ગ્રાહ્ય ગણે છે. એક તો પ્રેતવાદ અને બીજો અનંતનો ઉત્ક્રાંતિવાદ. એક પક્ષનું કહેવું એવું છે કે મૂળ પિતૃપૂજામાંથીજ ધર્મસંબંધી વિવિધ કલ્પનાઓ ઉદ્દ્ભવી છે; ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે, પ્રકૃતિ કિંવા કુદરતની શક્તિઓવિષે સજીવારોપણ કરવાની મનુષ્યોની વૃત્તિને લીધે ધર્મની ઉત્પત્તિ થયેલી છે. મનુષ્ય પોતાનાં મરણ પામેલાં સંબંધીઓની યાદગીરી કાયમ રાખવાની ઇચ્છા ધરાવે છે, એટલુંજ નહિ પરંતુ દેહ છોડયા પછી પણ તેઓ જાણે જીવતાં હોય તેની પેઠે તેમને ખોરાક વગેરે પહોંચાડવાની અને તેમની એક પ્રકારની પૂજા કરવાની પણ વૃત્તિ ધરાવે છે. એવી વૃત્તિમાંથીજ ધર્મની મૂળ ભાવના ઉત્પન્ન થઇ છે, એમ પ્રથમ પક્ષનું માનવું છે. મિસર, બેબિલોન, ચીન તેમજ અમેરિકા વગેરે અન્ય સ્થળોની પ્રજાઓના પ્રાચીન ધર્મોનો અભ્યાસ કરતાં, આ પિતૃપૂજાથીજ તે તે ધર્મોની શરૂઆત થયેલી હોવાની સ્પષ્ટ પ્રતીતિ મળે છે. પ્રાચીન મિસરવાસીઓમાં, આત્માની પ્રથમ કલ્પના 'જુગલ'ની હતી. અર્થાત્ દરેક મનુષ્યના દેહમાં બીજો લગભગ તેના જેવોજ સૂક્ષ્મ દેહ રહે છે અને એ સૂક્ષ્મદેહ મૃત્યુસમયે સ્થૂળદેહમાંથી નીકળી જાય છે છતાં તે સૂક્ષ્મદેહી તો જીવ્યાજ કરે છે અને એ સૂક્ષ્મદેહીનું જીવન ત્યાંલગીજ ટકે છે કે જ્યાંલગી તેનું સ્થૂળ શબ જેમનું તેમ અક્ષત રહેવા પામે છે; એવી તેમની કલ્પના હતી. આ કલ્પનાને લીધેજ મિસરવાસીઓમાં મૃતશરીરને જેમનું તેમ સાચવી રાખવાની આટલી બધી કાળજી નજરે પડે છે. એ કાળજીના પરિણામેજ તેમણે ગંજાવર પિરામિડો બાંધીને મૃતશરીરોને યુક્તિપૂર્વક સાચવી રાખવાની જહેમત ઉઠાવી હતી. કેમકે તેઓ શ્રદ્ધાપૂર્વક માનતા હતા કે, મરેલાંનાં બાહ્યશરીરને સહેજ પણ ઇજા પહોંચતાં તેવીજ ઇજા તેમના સૂક્ષ્મદેહને પણ જરૂર પહોંચવાની. આ જાતની ભાવના એ ચોખ્ખે ચોખ્ખી પિતૃપૂજા નહિ તો બીજું શું કહેવાય? પ્રાચીન બાબીલોનિયનોની અંદર પણ એવીજ જાતનો 'જુગલ' દેહની કલ્પના દૃષ્ટિગોચર થાય છે; પણ તેમાં સહેજ ફેર છે. તે ફેર એ કે, સ્થૂળદેહ છૂટયા પછી સૂક્ષ્મદેહીમાંથી સંબંધીઓ પ્રત્યેની માયામમતાનો બિલકુલ લોપ થઇ જતો અને તેથી તેઓ જીવિત સગાંસંબંધીઓને પોતાના ખાનપાન અને બીજી તરેહ તરેહની સગવડો માટે ડરાવે છે અને પજવે છે. વિશેષ તો શું, પણ મૃત્યુ પછી સૂક્ષ્મદેહીને પોતાનાં છૈયાંછોકરાં અને પત્નીપ્રત્યે પણ માયામમતા નહિ રહેતાં તેમને પણ તે બીજાની માફકજ ડરાવે ને પજવે છે. મતલબ કે, બાબીલન

લોકો પોતાના પૂર્વજોને ઉદ્દેશીને જે કંઇ સમર્પણ કરતા, તે મિસરવાસીઓની માફક પ્રીતિ કે ભક્તિભાવથી નહિ, પણ પ્રેતાત્માના ત્રાસ અને કનડગતમાંથી બચવા માટે નછૂટકેજ કરતા હતા. પ્રાચીન હિંદુઓમાં પણ પિતૃપૂજા મળી આવે છે. અસલ ચીનાઓની અંદર તો તેમના ધર્મનો પાયોજ પિતૃપૂજાપર નિર્માણ થયો હતો. એ વિશાળ દેશમાં તો અત્યારે પણ એક છેડાથી બીજા છેડાસુધી પિતૃપૂજા ખાસ પ્રચલિત છે. વસ્તુતઃ ચીનમાં કોઇ પણ ધર્મ અત્યારે ખરેખરો પ્રચારમાં હોય તો તે પિતૃપૂજાજ છે, એમ કહેવામાં વાંધો નથી. એ રીતે જોતાં તો જે લોકો પિતૃપૂજાનેજ ધર્મનું મૂળ ઠરાવવા માગે છે, તેમની દલીલમાં પણ પુષ્કળ વજુદ રહ્યું હોય એમ લાગે છે.

હવે બીજા પક્ષના વિદ્વાનો પ્રાચીન આર્યગ્રંથોમાંથી આધાર ટાંકી બતાવીને એમ પૂરવાર કરે છે કે, ધર્મની ઉત્પત્તિ પ્રકૃતિપૂજામાંથી થયેલી છે. હિંદુસ્થાનમાં પણ પિતૃપૂજા પ્રચલિત હોવાના પૂરાવા ઠેરઠેર જણાય છે; તથાપિ આર્યજાતિનાં પ્રાચીનતમ પુસ્તકોમાં તેનું નામનિશાન પણ નથી જડતું. ઋગ્વેદસંહિતા એ આર્યોનો પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ છે; તેમાં પિતૃપૂજાનો ઉલ્લેખ સરખોય નથી. અર્વાચીન વિદ્વાનોના મત પ્રમાણે તો તેમાં ઠેરઠેર પ્રકૃતિપૂજાવિષેજ કહેવાયલું છે. એમાં તો માનવી મન કુદરતનાં દશ્યોની ઝાંખી કરવા મથતું હોય એમ લાગે છે. પ્રભાત, સંધ્યા, ઝંઝાવાત, મેઘાડંબર વગેરે કુદરતના મહાન અને અદ્ભુત ચમત્કારો તથા તેનું સૌંદર્ય, એ બધાંનો મનુષ્યના મનપર પ્રભાવ પડતાં સહજ રીતેજ તે તેમનો વિચાર કરવા ગુંથાય છે, અને કંઇક સમજ પડતાં તે આગળ વધી તેમના વિષે કંઇક ચોક્કસ જાણવાને પણ આતુર બને છે. એ ગડમથલમાં—એ પ્રયત્નમાં મનુષ્યો કુદરતના આ ચમત્કારો વિષે માનવી ગુણધર્મોનું આરોપણ કરે છે, તેમનેવિષે કદી સુંદર તો કદી સર્વોત્કૃષ્ટ દેહની અને આત્માની કલ્પના કરે છે. કુદરતની એ વિવિધ શક્તિઓ જાણે પોતાના જેવી દેહધારી વ્યક્તિઓ હોય એવું કલ્પે છે. આવા દરેક પ્રયત્નને અંતે કુદરતના કોઇ ને કોઇ ચમત્કારનું ભાવમય પૃથક્કરણ થયું છે, પછી તે ચમત્કાર વિષે સજીવારોપણ કરવામાં આવ્યું હોય કિંવા નહિ. પ્રાચીન ગ્રીકોની બાબતમાં પણ તેમજ થયું છે. તેમનું આખું પુરાણશાસ્ત્ર યાને દેવદેવીઓની કથાઓનું સાહિત્ય એ રીતે પૃથક્કૃત થયેલી પ્રકૃતિપૂજાનુંજ પરિણામ છે. પ્રાચીન જર્મન, સ્કૅન્ડીનેવિયન અને બીજી બધીજ આર્યજાતિઓ વિષે તેવોજ પ્રકાર છે. એ રીતે પ્રકૃતિની શક્તિઓ વિષે સજીવારોપણ કરવાની મનુષ્યોની વૃત્તિમાંજ ધર્મનું ઉત્પત્તિસ્થાન રહેલું છે, એ બીજા પક્ષની દલીલનું પણ સરસ રીતે સમર્થન થઇ શકે છે.

આ બે નિરનિરાળી માન્યતાઓ ઉપલક દૃષ્ટિએ જોનારને પરસ્પર બાધક લાગે તેમ છે, તથાપિ એક ત્રીજા મુદ્દાપર તેમનો મેળ બેસાડી શકાય તેમ છે; અને મારા અભિપ્રાય પ્રમાણે તો એ ત્રીજા મુદ્દામાંજ 'ધર્મ'નું વાસ્તવિક બીજ રહેલું છે. એને હું "મનુષ્યોનો ઇંદ્રિયાતીત થવાનો પ્રયત્ન" એવું નામ આપીશ. મનુષ્ય કાં તો પોતાના પૂર્વજોના પ્રેતાત્માને શોધતો હોય, કિંવા દેહના પંચત્વ પછી અવશેષ શું રહે છે તે જાણવા માગતો હોય કે પછી કુદરતના અદ્‌ભુત ચમત્કારો પાછળ રહેલી શકિતના યથાર્થ સ્વરૂપને પીછાનવા ચાહતો હોય-ગમે તે હોય પણ એટલી વાત તો ચોક્કસ કે, તે ઇંદ્રિયાતીત થવા યાને ઇંદ્રિયોના સંકુચિત ક્ષેત્રથી પર જવા મથે છે. કેવળ ઇંદ્રિયગમ્ય વિષયોથી તેને તૃપ્તિ થતી નથી; તે તેનાથી પર-ઉત્તમ અવસ્થાને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા રાખે છે. આ સમજવું કંઈ અઘરૂં નથી. મને પોતાને તો 'ધર્મ'ની પ્રથમ ઝાંખી સ્વપ્નદ્વારા થઈ હોય એ વધારે સ્વાભાવિક લાગે છે. મનુષ્યને અમૃતત્વનો પ્રથમ ખ્યાલ પણ સ્વપ્નાવસ્થામાંજ આવ્યો હોય એ વધારે સંભવિત છે. સ્વપ્નાવસ્થાની સ્થિતિ ખરેખર બહુ અજબ છે, એની ના કોણ પાડશે વારૂ ? વળી એમ પણ જણાયું છે કે, બાળકો તેમજ ભોળાં ભટાક મોટાંઓને મન સ્વપ્ન તથા જાગ્રત અવસ્થા વચ્ચે ઝાઝો ફેર નથી હોતો. કારણકે ઉંઘમાં જ્યારે દેહભાન હોતું નથી અને શરીરનાં સર્વ અંગો નિશ્ચેષ્ટ પડયાં હોય છે, ત્યારે પણ મન તો તેના અટપટા કાર્યમાં રોકાયલું રહે છે, એવો સ્વાનુભવ તેમને ઘણી વાર થાય છે. આના કરતાં વધારે સ્વતઃસિદ્ધ પ્રમાણ તેમને બીજું જોઇએ પણ શું ? અને એમ થતાં પછી મનુષ્ય જો એવા નિર્ણયપર આવે કે, શરીર છૂટયા પછી પણ મનનું કાર્ય ચાલુજ રહેશે, તો શી નવાઇ ? અપૌરુષેય યાને અલૌકિક ઇંદ્રિયાતીત દશા વિષેની આ સમજૂતી, મારા મત પ્રમાણે તો વધારે કુદરતી અને યથાર્થ હોય એમ લાગે છે; અને સ્વપ્નની આ મૂળ કલ્પનાદ્વારાજ માનવી મન વધારે ઉન્નત અને વધારે ઉંચી કલ્પનાઓએ પહોંચવા પામ્યું, એમ મારૂં માનવું છે. અલબત્ત વખત જતાં ઘણા જણની ખાત્રી થવા પામી કે, સ્વપ્નદશા અને જાગ્રત દશાની ક્રિયાઓને ખાસ સંબંધ નથી હોતો-અર્થાત્ સ્વપ્નમાં જે જે કંઇ જોઇએ છીએ અને અનુભવીએ છીએ તે સઘળું જાગ્રત અવસ્થામાં ખરૂં નથી ઠરતું, તેમજ સ્વપ્નાવસ્થામાં મનુષ્યનું અસ્તિત્વ યાને જીવન કંઇ નિરાળું બની જાય છે તેમ પણ નથી હોતું. માત્ર મન જાગ્રત અવસ્થાના અનુભવોનું નિદ્રાવસ્થામાં ટુંકું પુનરાવર્તન કરે છે એટલુંજ. મતલબ કે, ઇંદ્રિયાતીત અલૌકિક સ્થિતિની ભાવના મૂળ સ્વપ્નના અનુભવમાંથી ઉદ્‌ભવવા પામી.

પણ તે પછી વિશેષ શોધ શરૂ થઇ અને તે શોધ આંતરિક હતી. જુદી જુદી માનસિક ભૂમિકાઓ વિષે વધારે ને વધારે ઉંડા ઉતરીને તપાસ કરવાનું ચાલુ રહ્યું, અને પરિણામે જાગ્રત કિંવા સુષુપ્તિ કરતાં ઉચ્ચતર ભૂમિકાઓનો પત્તો લગ્યો. જગતના એકે એક સુવ્યવસ્થિત ધર્મમાં આ વસ્તુસ્થિતિ માલૂમ પડે છે; પછી તેમાં એ ઉચ્ચતર ભૂમિકાને સમાધિ કે પરમાનંદના નામથી ઓળખાવી હોય કિંવા સ્ફૂરણા કે પ્રેરણાના નામથી ઓળખાવી હોય. સઘળા સુવ્યવસ્થિત ધર્મોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે, તેમના પ્રવર્તકો, પેગમ્બરો અને આચાર્યો ત્રણે અવસ્થાથી બિલકુલ પર એવી મનની એ ઉચ્ચતર ભૂમિકામાં વિહરતા હતા, અને એ ભૂમિકાઓવડેજ તેમને આધ્યાત્મિક સત્યોની પરંપરાઓનો સાક્ષાત્કાર થયો હતો. તેમનો એ સાક્ષાત્કાર આપણી આજુબાજુની વસ્તુઓનો આપણને જેવો સાક્ષાત્કાર થાય છે તે કરતાં પણ વધારે સાચો, ગહન અને અનુપમ-ઉત્તમોત્તમ હતો. સત્યના એ સાક્ષાત્કારને લીધેજ તેઓ પોતપોતાનો ધર્મ પ્રવર્તાવવા પ્રેરાયા હતા. ઉદાહરણતરીકે બ્રાહ્મણ કિંવા હિંદુ ધર્મને લઇએ. વેદો ઋષિઓએ લખેલા કહેવાય છે. આ ઋષિઓ એ પરમોત્તમ સત્યોનો સાક્ષાત્કાર કરનારા મહાન સાધુજનો હતા.

'ઋષિ' એ સંસ્કૃત શબ્દ છે, અને એનો ખરો અર્થ 'મંત્રદ્રષ્ટા' એવો થાય છે. 'મંત્ર' એટલે વૈદિક સૂક્તમાં ગુંથેલા ઉદાત્ત વિચારો. આ તપોધન ઋષિઓએ પોતપોતાના મંત્રોદ્વારા જાહેર કર્યું કે "અમે અમુક અમુક સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે, કિંબહુના તેમને અનુભવગમ્ય બનાવ્યાં છે." એ મહાન સત્યોને તેમણે મંત્રરૂપે ગ્રંથોમાં ગુંથ્યાં, અને પરિણામે વિશ્વવંદ્ય વેદ તૈયાર થયા. યાહુદી અને ખ્રિસ્તી ધર્મોમાં પણ તેવોજ પ્રકાર માલમ પડે છે.

બૌદ્ધો જેવા અનીશ્વરવાદી ધર્મોના સંબંધમાં-ખાસ કરીને બૌદ્ધ ધર્મના દક્ષિણ સંપ્રદાયની બાબતમાં-કંઇક અપવાદ જણાય છે ખરો. ઉપલા સિદ્ધાંત મુજબ એ ધર્મનો વિચાર કરતાં સહજ પ્રશ્ન ઉઠે છે કે "બૌદ્ધો જો ઇશ્વર કે આત્માને માનતાજ નથી તો પછી તેમના ધર્મની ઉત્પત્તિ અતીન્દ્રિય અવસ્થામાંથી કેવી રીતે થવા પામી?" એનો જવાબ આ પ્રમાણે આપી શકાય કે, બૌદ્ધો પણ એક એવા સનાતન સિદ્ધાંતને માને છે કે જેની કલ્પના બુદ્ધની પૂર્વે કોઇનેજ નહોતી. બુદ્ધ ભગવાનને પોતાનેજ એ સિદ્ધાંત પહેલી વાર અતીન્દ્રિય અવસ્થામાં સ્ફૂર્યો હતો. બુદ્ધદેવના જીવનચરિત્રનો જેમણે અભ્યાસ કર્યો છે, નિદાન 'લાઇટ ઑફ એશિયા' (એશિયાનું નૂર) નામના સુંદર અંગ્રેજી કાવ્યમાં આપેલો બુદ્ધજીવનનો સંક્ષિપ્ત સાર પણ જેમણે વાંચેલો છે, તેઓ સારી પેઠે જાણતા

હશે કે, ભગવાન બુદ્ધ સ્ત્રીપુત્રાદિનો ત્યાગ કરી બોધિવૃક્ષ તળે દઢ આસન જમાવી ચિંતન કરતા બેઠા હતા એ ચિંતનમાં તેમને અતીન્દ્રિય અવસ્થા પ્રાપ્ત થઇ હતી, અને એ અતીન્દ્રિય અવસ્થામાંજ તેમને એ પ્રિય સિદ્ધાંત-સનાતન નૈતિક નિયમ-સૂઝયો હતો. તેમનો તમામ ઉપદેશ એ 'બોધિવૃક્ષ' તળે તેમને થયેલા સ્વાનુભવના-પરમ સત્યના સાક્ષાત્કારના-પરિણામરૂપ હતો, અને નહિ કે કેવળ બૌદ્ધિક તર્કવિતર્કના ફળરૂપ.

એ રીતે સઘળા ધર્મો એક મહાન સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે, અને તે એ કે, માનવી અંતઃકરણ અમુક પળોએ ઇંદ્રિયોની સંકુચિત મર્યાદાઓને વટી જાય છે, એટલુંજ નહિ પણ તમામ વૃત્તિઓ તર્કની મર્યાદાઓની પાર પહોંચે છે. તે ક્ષણે ઇંદ્રિયો તથા વૃત્તિને અગમ્ય એવાં અમુક અમુક સત્યો તેને હાજરાહજુર બની જાય છે, યાને તેમનો તેને સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે. આવાજ પ્રકારનાં સત્યો જગતમાં પ્રચલિત સર્વ ધર્મોના પાયારૂપ છે. અલબત્ત, આ સત્યોની યથાર્થતા વિષે તજવીજ કરવાનો તેમજ તર્કબુદ્ધિની કસોટીએ તેમને કસી જોવાનો આપણને હક્ક છે; તથાપિ જગતનો એકે એક પ્રચલિત ધર્મ દાવો કરે છે કે, મનુષ્યના અંતઃકરણમાં ઇંદ્રિયોની તેમજ વૃત્તિઓની મર્યાદાઓને ઉલ્લંઘી જવાની એક અદ્ભુત શક્તિ રહેલી છે. એ અદ્ભુત શક્તિનેજ સઘળા ધર્મો પોતપોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં આગળ ધરે છે.

દરેક ધર્મોનાં સત્યોની યથાર્થતાનો સવાલ બાજુએ રાખવા છતાં આપણને એક બાબતમાં તો સઘળા વચ્ચે એકસરખું સામ્ય જણાઇ આવે છે; અને તે એ કે, દરેક ધર્મનાં સત્યો કેવળ ભાવમય છે. તે સત્યો ભૌતિક શાસ્ત્રોની શોધો મુજબના મૂર્ત સ્વરૂપવાળાં કિંવા ઇંદ્રિયગમ્ય નથી હોતાં. સઘળાજ સુવ્યવસ્થિત ધર્મોની અંદર પોતપોતાનાં સત્યોને **एकमेवाद्वितीयम्** ભાવના વિશુદ્ધમાં વિશુદ્ધ સ્વરૂપતરીકે વર્ણવેલાં હોય છે; પછી તે વર્ણન સર્વવ્યાપી નિરાકાર નિર્ગુણ બ્રહ્મતરીકેનું હોય, સાકાર સગુણ પરમાત્માતરીકેનું હોય, કે પછી એક અબાધિત અખંડ નિયમતરીકે કિંવા દરેક અસ્તિત્વની પૂંઠે રહેલા એક ભાવમય તત્ત્વરૂપે તેને વર્ણવેલું હોય. અર્વાચીન યુગમાં પણ જ્યાં જ્યાં ચિત્તની અતીંદ્રિય અવસ્થાનો લેશ પણ આશ્રય લીધા વગર ધર્મોપદેશ કરવાના પ્રયત્નો થાય છે, ત્યાં ત્યાં પ્રાચીન લોકોના એ જૂના પુરાણ ભાવોને તો સ્થાન આપવુંજ પડે છે. ફેરમાત્ર એટલો કે તે સત્યને એમાં 'નૈતિક કાયદો' 'આદર્શ એકતા' વગેરે જૂદાં જૂદાં નામોથી ઓળખાવવામાં આવે છે; પણ તેમાં શું થઇ ગયું? સંજ્ઞા ગમે તે આપો, પરંતુ તે ભાવો ઇંદ્રિયોના વિષય નથી એ તો નિર્વિવાદજ ને? આપણામાંના કોઇએ

એવી આદર્શ વ્યક્તિ નજરે નિહાળી નથી, છતાં પણ તેને માનવાનું આપણને કહેવામાં આવે છે, અને તે વ્યાજબીજ છે. કારણ કે સર્વાંગે સંપૂર્ણ એવી આદર્શભૂત વ્યક્તિને નજર આગળ રાખ્યા સિવાય આપણે આપણી પ્રગતિ સાધી શકીએ નહિ. મતલબ કે, ભિન્ન ભિન્ન તમામ ધર્મોનું દોહન કરી જોતાં તેમાંથી એકજ સાર નીકળે છે અને તે એ કે, વિશ્વમાં કોઇ એક **"ભાવરૂપ આદર્શ એકમ"** અવશ્ય રહેલું છે. એ ભાવરૂપ આદર્શ **એકમનેજ** ભિન્ન ભિન્ન ધર્મો ભિન્ન ભિન્ન નામે આપણી સમક્ષ રજુ કરે છે. એ સર્વોચ્ચ આદર્શને પ્રાપ્ત કરવા માટેજ આપણે બધા આટલી ખટપટ અહોનિશ કરી રહ્યા છીએ. હરેક વ્યક્તિ પછી તે ગમે તે જાતિની અને ગમે ત્યાંની હોય પણ અનંત શક્તિનેજ પોતાનો આદર્શ કલ્પે છે, અને તે આદર્શની પ્રાપ્તિ માટે તે જીવતોડ મહેનત કરે છે; તેવીજ રીતે દરેક મનુષ્યનો આનંદનો આદર્શ પણ અનંત આનંદનોજ હોય છે. આપણી ચોતરફ કાર્યોની જે પરંપરા ઉભરાતી દેખાય છે, ઠેકઠેકાણે જે વિવિધ પ્રવૃત્તિઓ દૃષ્ટિગોચર થાય છે, તેમાંનો ઘણો મોટો ભાગ તો આ અનંત ક્ષમતા કહેતાં શક્તિ અને અનંત આનંદની પ્રાપ્તિને માટે થતા પ્રયત્નનુંજ પરિણામ હોય છે. પ્રયત્ન અને ખટપટ તો બધાય કરે છે; પરંતુ જે અનંત ક્ષમતા–શક્તિ–અથવા આનંદની પ્રાપ્તિ માટે તેઓ ભારે જહેમત ઉઠાવે છે તે ઇંદ્રિયોની સાધનાદ્વારા અપ્રાપ્ય છે એવી ખબર તો ગણ્યા ગાંઠયાનેજ વખતસર પડે છે. બાકી મોટા ભાગ તો ઠેઠ સુધી અંધારામાંજ કૂટાયા કરે છે. અનંત આનંદની પ્રાપ્તિ ઇંદ્રિયોદ્વારા નથી થઇ શકતી, કિંબહુના મનુષ્યની ઇંદ્રિયો અને દેહ અનંતના આવિષ્કાર માટે અપૂર્ણ સાધનો છે, એવી પ્રતીતિ તો કોઈ વિરલ મનુષ્યોનેજ વખતસર થાય છે. અંતવાળાં સાધનદ્વારા અનંતનો આવિષ્કાર થવો તદ્દન અશક્ય હોવાથી વહેલો મોડો તો દરેક મનુષ્ય અંતવાન સાધનોદ્વારા અનંતનો આવિષ્કાર કરવાનો પ્રયત્ન છોડી દેવાનુંજ શીખે છે; અને એ ત્યાગમાંજ શાસ્ત્રનું બીજ રહેલું છે. એ ત્યાગનાજ પાયાપર સદાચાર કિંવા નીતિના શાસ્ત્રની આખી ઇમારત ચણાય છે. અત્યારસુધી ઉપદેશાયલા નીતિ અથવા સદાચારના કાનુનોમાં એવો એક પણ કાનુન નથી કે જેના મૂળમાં ત્યાગની ભાવના ન રહી હોય.

નીતિશાસ્ત્ર તો નિત્ય એજ કહે છે કે "હું નહિ, પણ તું; સ્વ નહિ, પણ પર; અહંતા નહિ, પણ નિરહંતા." એજ એનો મુદ્રાલેખ છે. ઇંદ્રિયોના સાધનદ્વારા એ અનંત ક્ષમતા કે અપાર આનંદને મેળવવા મથતી વેળા મનુષ્ય વ્યક્તિત્વવાદના જે જે મિથ્યા ખ્યાલોને સેવતો હોય છે, તે તે તમામનો પરિત્યાગ થવો જોઇએ

એમ અધ્યાત્મ શાસ્ત્રનું કહેવું છે. 'સ્વ'ને હમેશાં છેલ્લે રાખી 'પર'નેજ આગળ કરવો જોઇએ. ઇંદ્રિયો જ્યાં ત્યાં 'સ્વ'ને આગળ કરે છે, ત્યારે નીતિશાસ્ત્ર શીખવાડે છે કે, હું 'સ્વ'ને-મારી જાતને-સૌથી છેલ્લે રાખીશ-અર્થાત્ નીતિશાસ્ત્રના સઘળાજ ગ્રંથો ત્યાગના-સ્વાર્પણના પાયાપરજ નિર્માણ થયા છે. જડ ક્ષેત્રમાં વ્યક્તિત્વનું મંડન નહિ પણ ખંડન, એજ એનો સિદ્ધાંત છે. અંતવાળા જડ ક્ષેત્રમાં અનંતનો આવિર્ભાવ થવો શક્યજ નથી. 'જડમાં પરમ ચેતનમય અનંત પરમાત્માનો આવિર્ભાવ' એ વિચારજ બેહૂદો છે.

તેથી અનંતના ખરેખરા આવિર્ભાવ માટે તો મનુષ્યે જડના પરિત્યાગપૂર્વક અન્ય ઉચ્ચ ભૂમિકાઓને પ્રાપ્ત કર્યેજ છૂટકો છે. એને માટે જૂદે જૂદે સમયે અને જૂદે જૂદે સ્થળે જૂદા જૂદા નૈતિક કાનુનો ઘડાય છે; પરંતુ તે બધાયમાં એક મધ્યવર્તી ખ્યાલ અવસ્ય હોય છે, અને તે ખ્યાલ તે 'સનાતન સ્વાર્પણ'નો-'સ્વ'નો-સંપૂર્ણ ક્ષય એ તો આધ્યાત્મિક નીતિશાસ્ત્રનો સર્વોચ્ચ આદર્શ છે. "વ્યક્તિત્વનો વિચાર છોડી દો, 'સ્વ'ની ભાવના ભૂલી જાઓ" એમ કહેવાતાંજ લોકો ચમકે છે. પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસવાની ધાસ્તીથી તેઓ હેબકાઇ જતા લાગે છે; છતાં તેનાં તેજ મનુષ્યો પાછાં એમ પણ પ્રતિપાદન કરે છે કે "અધ્યાત્મનીતિના સર્વોચ્ચ આદર્શો સાવ સાચા યાને યથાયોગ્ય છે." પરંતુ તે વખતે એમને એ ખ્યાલ મુદ્દલ નથી રહેતો કે, સઘળાં નીતિશાસ્ત્રોનું કાર્યક્ષેત્ર, લક્ષ્ય અને નિશાન, વ્યક્તિત્વનું યાને 'સ્વ'ની ભાવનાનું પોષણ નહિ પણ શોષણ છે, મંડન નહિ પણ ખંડન છે.

વ્યવહારકુશળતાનો દાવો કરનારા, જે તે બાબતમાં ઉપયોગિતાનેજ પ્રથમ સ્થાન આપનારા તેમજ ઘણાંઓને ઘણું સુખ મળી શકે તેવી રીતે દુનિયાનો કારભાર ચાલવો જોઇએ, એવું માનનારાઓનાં ધારાધોરણો મનુષ્ય મનુષ્ય વચ્ચે કેવી જાતનો નૈતિક સંબંધ હોવો જોઇએ તેનો કંઇજ સ્ફોટ કરી શકતા નથી. કારણ કે કેવળ ઉપયોગિતાનોજ આદર થતો હોય ત્યાં નૈતિક નિયમોની સંભાવનાજ નથી હોતી. ઉપયોગિતાના ખ્યાલોમાંથી નૈતિક કાનુનો પ્રકટીજ ન શકે. સામાન્ય રીતે જેને 'દૈવી અનુમતિ'ના નામથી ઓળખવામાં આવે છે, અને જેને હું અતીંદ્રિય અવસ્થા કહેવાનું પસંદ કરૂં છું, તેના વગર કોઇ નીતિશાસ્ત્રની સંભાવના શક્યજ નથી; તેમ અનંત માટેની ખટપટવગર કોઇ આદર્શ કિંવા લક્ષ્ય પણ ન સંભવે. મનુષ્યોને પોતાના મર્યાદિત વિસ્તારમાંજ જકડી લેવા માગતી હરકોઇ સંસ્થા માનવસમાજમાં પ્રવર્તતા નૈતિક કાનુનોની બાબતમાં કંઇજ ખુલાસો કરી શકતી નથી. ઉપયોગિતાવાદીઓ આપણને અનંતપ્રાપ્તિનો પ્રયાસ છોડી દેવાનું કહે છે.

'અતીંદ્રિયત્વ'ના ખ્યાલને તેઓ અશક્ય અને અસંગત ગણી હસી કાઢે છે અને ઉપયોગિતાવાદને આગળ કરી કહે છે કે "નીતિશાસ્ત્રના સિદ્ધાંતોને સ્વીકારો, નીતિશાસ્ત્રના નિયમોને અનુસરી સમાજના નૈતિક સવાલોને હાથમાં લ્યો અને સમાજનું કલ્યાણ અથવા ભલું કરો." હવે હું એમ પૂછું છું કે, આપણે ભલું શામાટે કરવું? 'ભલું કરવુ' એ દ્વિતીય અથવા ગૌણ બાબત છે. પ્રથમ તેમ કરવાનો કોઇ હેતુ પણ હોવોજ જોઇએ. નીતિશાસ્ત્ર પોતે કંઈ અંતિમ લક્ષ્ય નથી, પણ લક્ષ્યને પહોંચવાનું સાધનમાત્ર છે. નીતિશાસ્ત્ર મુજબ વર્તવાનો જો કોઇ હેતુજ ન હોય તોપછી શામાટે આપણે તેમ કરવું? શામાટે નૈતિક બનવું? બીજાઓનું ભલુંજ મારે શા માટે કરવું અને બૂરૂં કેમ ન કરવું? 'સુખ' એજ જો માનવી જાતિનું લક્ષ્ય છે, તો હું મારી જાતને સુખી કેમ ન બનાવું? મારી જાતને સુખી કરવા જતાં બીજાને દુઃખી કરવાં પડે, તો તેમાં પણ શું વાંધો? ને હું તેમ કરતાં શામાટે અચકાઉં? મતલબ કે, ઉપયોગિતાવાદીઓનું ઉપલું કથન વ્યાજબી નથી. વળી જે પાયાપર ઉપયોગિતાવાદની આખી ઇમારત રચાઇ છે તે પાયોજ કેટલો સંકુચિત છે. 'સમાજહિત' યાને બહુજનસમાજને જે લાભદાયી નીવડે તેટલું કામનું અને બીજું બધું નકામું એ એ વાદનો મુખ્ય સિદ્ધાંત છે. હવે ત્યારે હું પૂછીશ કે, બહુજનસમાજનું હિત સધાય એવાં જે જે ધારાધોરણો અને સામાજિક રૂઢિરિવાજો અત્યારે પ્રચલિત છે, તેમની ઉત્પત્તિ શેમાંથી થઇ છે? એના ઉત્તરમાં તમારે કહેવુંજ પડશે કે, વર્તમાન સમાજમાંથીજ અત્યારની સમાજનાં સ્વરૂપ અને રીતિઓ નીકળી આવેલાં છે; આમ છતાં ઉપયોગિતાવાદીઓને સમાજ શાશ્વત છે એમ કહેવાનો શું અધિકાર છે? સમાજની ઘટના સનાતન છેજ નહિ. યુગો પૂર્વે સમાજ જેવું કંઇજ હતું નહિ અને સંભવ છે કે, યુગો પછી ન પણ હોય. તો પછી અત્યારનાં સામાજિક ધારાધોરણોનું શું? એજ કે, સમાજનું અત્યારનું સ્વરૂપ બદલાતાં કિંવા નષ્ટ થતાં પ્રચલિત ધારાધોરણો પણ બદલાવાનાં કિંવા નષ્ટ થવાનાં. અત્યારની સમાજઘટના એ બહુધા આપણે જે જે ક્રમોદ્વારા ઉચ્ચતર ઉત્ક્રાંતિ તરફ પ્રયાણ કરી રહ્યા છીએ, તે પૈકીનો એક ક્રમ માત્ર છે; તેથી પ્રચલિત સમાજવ્યવસ્થામાંથી ઉત્પન્ન થયેલો કોઇ પણ ધારો કે નિયમ સનાતન ન હોઇ શકે, કિંવા માનવપ્રકૃતિના આખા ક્ષેત્રને વ્યાપક પણ ન હોઇ શકે; તેથી ઉપયોગિતાવાદના સિદ્ધાંતો બહુ બહુ તો સમાજની અત્યારની વ્યવસ્થા ચાલુ રહે ત્યાંસુધીજ કામ લાગવાના. તે પછી તો તેમની કોડી જેટલી પણ કિંમત નહિ રહેવાની. મતલબ કે, ઉપયોગિતાના પાયાપર રચાયલું નીતિશાસ્ત્ર બિલકુલ મામુલી અને

સંકુચિત છે; ત્યારે ધર્મ અને આધ્યાત્મિકતાના પાયાપર રચાયલું નીતિશાસ્ત્ર અનંતવ્યાપી હોઇ દેશકાલના બાધ વગર ગમે ત્યારે અને ગમે તે સ્થિતિમાં મનુષ્યની સમગ્ર પ્રકૃતિને લાગુ પડી શકે છે. ઉપયોગિતાવાદીઓના નીતિશાસ્ત્રની માફક તેમાં પણ વૈયક્તિક હિતને સ્થાન હોય છે; છતાં પણ તેનો સંબંધ અનંત સાથે હોય છે. એ એની વિશેષતા છે. વળી તેમાં સમાજહિતનો પણ વિચાર થાય છે. કારણ કે સમાજ એટલે કે બહુસંખ્ય વ્યક્તિઓનું સંગઠન. અને તેથી જે શાસ્ત્ર વ્યક્તિ અને તેના શાશ્વત સંબંધોને લાગુ પડે. તે વ્યક્તિઓના સમૂહ યાને સમગ્ર સમાજને પણ દેશકાળના બાધરહિત ગમે તે અવસ્થામાં અને ગમે ત્યારે લાગુ પડેજ પડે, એ દેખીતું છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે, મનુષ્યજાતિને આધ્યાત્મિક ધર્મની નિરંતર જરૂર રહેલી છે. જડ સૃષ્ટિ ગમે તેટલી સુખદાયી અને મનોરમ્ય હોય, પરંતુ નિરંતર તેનોજ વિચાર કર્યા કરવાનું મનુષ્યના મનને નથી રૂચતું.

હવે, બીજી એક એવી દલીલ રજુ કરવામાં આવે છે કે, અધ્યાત્મ બાબતો પર સવિશેષ ધ્યાન આપવા જતાં અમારા સાંસારિક કાર્યવ્યવહારમાં અડચણ આવે છે. આ દલીલ કંઇ આજકાલની નથી. છેક જૂના જમાનામાં–ચીનના પ્રસિદ્ધ સંત કૉન્ફ્યુશિયસના સમયમાં પણ કહેવાયું હતું કે "અત્યારે તો આપણે આ દુનિયાજ સંભાળો; આ દુનિયાથી પરવાર્યા પછી આપણે પરલોકની કિંવા બીજી દુનિયાઓની ચિંતા કરીશું." હવે 'આપણે પ્રથમ આ દુનિયા સંભાળો' એ કહેવું ઠીક લાગે છે; પરંતુ અધ્યાત્મપ્રદેશ પ્રત્યેના વિશેષ લક્ષથી જો આપણા દુનિયાઇ વ્યવહારને થોડું ઘણું ખમવું પડે છે, તો વ્યાવહારિક કાર્યો યાને દુનિયાદારીપ્રત્યેના અતિશય લક્ષથી આપણને આ લોકમાં તથા પરલોકમાં પણ ખમવું પડે છે. મનુષ્યોને તે અનાત્મવાદી ચાર્વાક યાને નાસ્તિક બનાવે છે. કારણકે મનુષ્યે કેવળ જડ પ્રકૃતિને નહિ, પરંતુ તેથી ઉચ્ચતર વસ્તુને પોતાનું અંતિમ ધ્યેય બનાવવાનું છે.

પ્રકૃતિથી પર થવાનાં ફાંફાં મારતો હોય, ત્યાંસુધી મનુષ્ય તે માત્ર મનુષ્યજ છે. આ પ્રકૃતિ બે પ્રકારની છેઃ–(૧) બાહ્ય અથવા સ્થૂલ; અને (૨) અભ્યંતર અથવા સૂક્ષ્મ. એ પ્રકૃતિમાં માત્ર આપણા શરીરની બહાર અને અંદર રહેલા પૃથ્વીતત્ત્વના પરમાણુઓનું નિયમન કરનાર નિયમોનોજ નહિ, પણ એના કરતાંયે વધારે સૂક્ષ્મ આભ્યંતરિક પ્રકૃતિનો સમાવેશ થાય છે; અને એ સૂક્ષ્મતર આંતરિક પ્રકૃતિજ વસ્તુતઃ બાહ્ય યાને સ્થૂલપ્રકૃતિ પર અધિકાર ભોગવે છે. બાહ્ય પ્રકૃતિને વશ કરવી એ બહુ સરસ અને સુંદર વાત છે, પરંતુ તેના કરતાં વધારે સરસ અને સુંદર વાત તો આંતર-

૧૫૧૭૧

પ્રકૃતિપર વિજય મેળવવો તે છે. ઉદાહરણતરીકે નક્ષત્રો અને ગ્રહોપર સત્તા ચલાવનાર નિયમોને જાણવા એ સરસ અને સુંદર છે; પરંતુ મનુષ્યોની મનોવૃત્તિઓ, રાગદ્વેષાદિ લાગણીઓ તથા ઇચ્છાઓપર કાબુ ધરાવનાર નિયમોને પીછાનવા એ તેથીયે વધારે સરસ અને સુંદર છે. એ રીતે આંતરિક માનુષી પ્રકૃતિને જીતવી યાને માનવમનની અંદર ચાલી રહેલી પ્રવૃત્તિઓનાં રહસ્યોને જાણી તેમની અદ્દભુતતા અનુભવવી એ કેવળ ધર્મનુંજ કામ છે. ધર્મનીજ સહાયથી તે કામ થઇ શકે. બાકી સામાન્ય માનવપ્રકૃતિને તો મોટી મોટી સ્થૂલ વસ્તુઓજ જોવા જાણવાનું વધારે ગમે છે. સૂક્ષ્મ વસ્તુ તો સામાન્ય મનુષ્યથી સમજી પણ શકાતી નથી. સામાન્ય લોકો તો હજારો ગરીબ મેઢાંઓનો એકસામટો સંહાર કરનાર સિંહનાં વખાણજ કરવાના; તે વખતે એમને એ ખ્યાલ ઘડીભર પણ નહિ આવવાનો કે, સિંહના જે ક્ષણિક વિજયને તેઓ ઉલટભેર વધાવી લે છે, તેજ વિજયમાં બિચારાં મેઢાંઓનો કાળ રહેલો છે. ધર્મનો પાસ બેઠા સિવાય એવો ખ્યાલ તેમને આવે પણ ક્યાંથી? તેમને તો માત્ર પશુબળનો આવિષ્કાર થતો જોવામાં આનંદ પડે છે, અને પરિણામે તેઓ સિંહના પાશવિક વિજયને વધાવે છે. સામાન્ય જનસમુદાયના સંબંધમાં હમેશાં આવોજ પ્રકાર નજરે પડે છે. માત્ર સ્થૂલ વસ્તુઓમાંજ તેમને સમજણ અને રસ પડે છે, સૂક્ષ્મ વાતો સમજવા જેટલું તેમનું ગજું નથી હોતું. પરંતુ દરેક સમાજમાં મનુષ્યોનો એકાદ વર્ગ એવો પણ હોય છેજ કે જેમનો આનંદ અને રસ ઇંદ્રિયોના વિષયોમાં નહિ પણ તેથી પર રહેલો હોય છે. એવાં મનુષ્યો ઇંદ્રિયાતીત અનુભવાની વખતોવખત ઝાંખી પામી એ અતીંદ્રિય ભૂમિકાને કાયમના પ્રાપ્ત કરવા મથતા હોય છે; અને જો આપણે પ્રજાઓના ઉન્નતિ અને અવનતિ તથા અવનતિ અને ઉન્નતિના વચગાળાનો ઇતિહાસ બરાબર વાંચી જઇશું તો આપણી પ્રતીતિ થશે કે એવાં અધ્યાત્મરત મનુષ્યોની સંખ્યા વધવાથીજ પ્રજાનો અભ્યુદય થયો હોય છે, અને તેમનું પ્રમાણ ઘટતાંજ યાને અધ્યાત્મપ્રતિ દુર્લક્ષ થતાજ તેની પડતીનો પ્રારંભ થયેલો હોય છે. આધ્યાત્મિકતાને ઉપયોગિતાવાદીઓ નિરૂપયોગી અને મિથ્યા કહીને ભલે હસી કાઢે; વસ્તુતઃ તો હરકોઇ રાષ્ટ્રનું ખરૂં ચેતન અને બળ તેની આધ્યાત્મિકતામાંજ રહેલું છે. આધ્યાત્મિકતાના ભોગે જડવાદનું જોર ફાવતાં પ્રજા મૃત્યુમુખમાં ધસવા માંડે છે. પ્રજાની એ આધ્યાત્મિકતા જે દિવસથી ક્ષીણ થવા માંડે અને જડવાદનું જોર ફાવતું જાય, તે દિવસથી તે પ્રજાનો મૃત્યુઘંટ શરૂ થયો એમ નક્કી સમજવું.

ધર્મથી આપણને સંગીન સિદ્ધાંતો અને સત્યોનું જ્ઞાન થાય છે,

તથા માનસિક સમાધાની અને શાંતિ થાય છે, એ વગેરે લાભોને બાજુએ મૂકીએ અને માત્ર શાસ્ત્ર અને અભ્યાસનાજ વિષયતરીકે તેનો વિચાર કરીએ, તોપણ ધર્મ બીજા કોઇ પણ વિષય કરતાં વધારેમાં વધારે ઉપયોગી ખોરાક મનુષ્યમનને પૂરો પાડે છે. માનસિક કેળવણીનું કામ ધર્મથી જેવું ઉત્તમમાં ઉત્તમ સધાય છે તેવું બીજા કશાથી સધાતું નથી. અનાદિ અનંત પરમાત્મા માટેની આ તાલાવેલી અને આ પ્રયાસ–અર્થાત્ ઇંદ્રિયોના સંકુચિત ક્ષેત્રથી યાને સ્થૂળસૃષ્ટિથી પર જઇને અધ્યાત્મવ્યક્તિમાં પરિણમવાની આ મહેનત, કિંબહુના અનંત પરમાત્મા સાથે વ્યષ્ટિજીવનનું ઐક્ય સાધવાની આ અવિરત ગડમથલ મનુષ્યોની અન્ય સઘળી માથાફૂટો અને ખટપટો કરતાં વધારે યશસ્વી અને શ્રેયસ્કર છે. જેમ ઇંદ્રિયલોલુપ મનુષ્યોને ઇંદ્રિયોના વિષયમાં આનંદ પડે છે, તેમ અધ્યાત્મરસિક વ્યક્તિઓને આધ્યાત્મિક બાબતોમાં સવિશેષ રસ પડે છે. કેટલાક મનુષ્યો યથેચ્છ આહારવિહારમાં મોજ માને છે, તેમ કેટલાક મનુષ્યોને અમુક ચીજોને પોતાની પાસે રાખવામાં આનંદ પડે છે. એવા મનુષ્યોને પોતાની મનગમતી બાબતોમાંથી આનંદ મેળવતા અટકાવવાનો કોઇને અધિકાર નથી; તેવાજ રીતે જે લોકોને અધ્યાત્મચિંતનમાં અપૂર્વ આનંદ પડતો હોય તેમને ખાળવાનો કોઇને અધિકાર નથી. સુખની કલ્પના મનની સંસ્કારિતા પર આધાર રાખે છે. પ્રાણીની કોટિ જેમ ઉતરતા પ્રકારની હોય, તેમ ઇંદ્રિયજન્ય સુખોમાં તેની આભરુચિ વધારે હોય છે; તેવાજ રીતે મનુષ્યોના અંદર મનની સંસ્કારિતા જેટલે દરજ્જે કમી હોય છે, તેટલે દરજ્જે ઇંદ્રિયજન્ય સુખોમાં તેની રુચિ વધારે હોય છે. કૂતરાં, બિલાડાં, વરૂ વગેરે પ્રાણીઓ મનુષ્ય કરતાં ઉતરતા દરજ્જાનાં હોઇ સ્વાદેંદ્રિયને તૃપ્ત કરવાની તેમની લાલસા મનુષ્યના કરતાં વધારે હોય છે. મનુષ્યની અંદર એવો ખાઉધરો માણસ ભાગ્યે મળી આવશે કે જેનું ખાઉધરાપણું કૂતરા કે વરૂ જેટલું હોય; પરંતુ જેમ કૂતરા કે વરૂની સુખાવધિ તેની સ્વાદેંદ્રિયને તૃપ્ત કરવામાં રહેલી હોય છે, તેમ જૂદી જૂદી મનુષ્ય પ્રજાઓમાં પણ જે લોકો છેક પછાત અને અસંસ્કારી હોય છે, તેઓના આનંદનો વિષય માત્ર ઇંદ્રિયોનાં સુખોજ હોય છે. ઇંદ્રિયજન્ય સુખભોગો સિવાય બીજા વિષયોમાં તેમને આનંદ નથી પડતો; ત્યારે જે લોકો સુશિક્ષિત અને સંસ્કારી હોય છે તેમને વિદ્યાકળાના વાચનમનનમાં કે તત્ત્વજ્ઞાન કે અન્ય શાસ્ત્રીય વિષયોમાં આનંદ પડે છે. આધ્યાત્મિકતાનું ક્ષેત્ર એના કરતાં પણ ઉંચું હોઇ તેમાં રસ પડવા માટે મનના સંસ્કાર પણ વધારે ઉંચા પ્રકારના હોવા જોઇએ. આધ્યાત્મિકતાનો વિષય અનંત હોવાથી એની ભૂમિકા અને એનો આનંદ પણ સર્વોત્કૃષ્ટ હોય છે. અલબત્ત, એમાં થોડાંનેજ

રસ પડે છે, પણ જેઓ એ રસ-એ આનંદ માણી શકે છે તેમને માટે તો તે અપૂર્વ અને સર્વોચ્ચ હોય છે. તેથી ઉપયોગિતાવાદીની દૃષ્ટિએ જોતાં પણ ધાર્મિક વૃત્તિ ખીલવવાની અગત્ય છે. કેમકે ઉપયોગિતાવાદ પ્રમાણે પણ મનુષ્યે પ્રત્યેક કામમાં સુખપ્રાપ્તિ તરફજ ધ્યાન આપવાનું છે; તો પછી ધર્મથી પ્રાપ્ત થતા સર્વોચ્ચ સુખ માટેજ પ્રયાસ કેમ ન કરવો? નિદાન મને તો ધર્મના અભ્યાસની અનિવાર્ય જરૂર ભાસે છે. એનાં કાર્યો ઉપરથી પણ એની જરૂરિયાત સિદ્ધ થાય છે. માનવી મનને ગતિ આપનારાં બળોની અંદર ધર્મનું બળ સૌથી મહાન છે. આધ્યાત્મિક આદર્શથી મનુષ્યના મનમાં જેટલો ઉત્સાહ આવે છે, તેટલો અન્ય કોઇ આદર્શથી નથી આવતો. મનુષ્યોનો અત્યારસુધીનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે અને ભવિષ્યમાં પણ એજ સ્થિતિ રહેવાની. અધ્યાત્મના પાસવગરના નર્યા ઉપયોગિતાવાદીઓ પણ બહુ ભલા અને નીતિમાન હોઇ શકે છે, તેની ના નહિ. દુનિયામાં એવા પણ અનેક મહાપુરુષો થઇ ગયા છે કે જેઓ કેવળ ઉપયોગિતાવાદનેજ માનનારા હોવા છતાં ઉત્તમ ચારિત્ર્યવાન અને સજ્જન હતા, એ વાતમાં જરાયે શક નહિ; પરંતુ જે મહાપુરુષોએ આખી દુનિયાને હલમલાવી નાખી છે, જેમણે પોતાની અદ્દ્ભુત આકર્ષણશક્તિના યોગે લક્ષાવધિ લોકોને પોતાની ઇચ્છાનુસાર વર્તતા કર્યા છે, અને જેમનું જીવનચરિત્ર તેમના તિરોભાવ પછી પણ અનેક મનુષ્યોમાં આધ્યાત્મિક જ્યોત પ્રગટાવવા સમર્થ હોય છે, એવા મહાપુરુષોના સંબંધમાં તો વિજયની ચાવી સદા તેમના આધ્યાત્મિક બળમાંજ રહેલી જણાય છે. ધર્મમાંથીજ તેમણે પોતાની એ શક્તિ મેળવી અને ખીલવી હતી. **અનંત ઉત્સાહ, અનંત આનંદ અને અનંત શક્તિ એ પણ મનુષ્યમાત્રના જન્મસિદ્ધ હક્ક અને સ્વભાવ છે.** એ અનંત આનંદ અને શક્તિનો સાક્ષાત્કાર કરવા માટે ધર્મજ સૌથી સબળ સાધન છે. ચારિત્ર્યના ગઠન માટે કિંવા ભલાઇ અને સજ્જનતાનાં કાર્યો માટે, અન્યને સુખશાંતિ આપવા માટે કિંવા જાતે પરમ સુખશાંતિ અનુભવવા માટે ધર્મનું સાધન ઉંચામાં ઉંચું છે; અને તેથી તેનો અભ્યાસ પણ એજ દૃષ્ટિએ થવો ઘટે છે—અર્થાત્ ધર્મનો અભ્યાસ અત્યાર કરતાં વધારે વિશાળ દૃષ્ટિએ થવો જોઇએ. ધર્મવિષયક સઘળા સંકુચિત, મર્યાદિત અને પરસ્પર વિરોધી વિચારો લુપ્ત થવા જોઇએ. તેમજ સઘળા સાંપ્રદાયિક, કોમિક કે પ્રજાવિશિષ્ટ વિચારોને પણ તિલાંજલિ અપાવી જોઇએ. દરેક કોમ કે પ્રજા પોતાના વિશિષ્ટ દેવનેજ માને અને બીજા બધાને ઉવેખે એ આ પ્રગતિના જમાનાને બિલકુલ બંધબેસતું નથી; માટે એવા એવા ખ્યાલોને ભૂતકાળના વહેમરૂપ ગણી સત્વર છોડી દેવા ઘટે.

મનુષ્યનું મન જેમ જેમ વિશાળ બનતું જાય છે, તેમ તેમ આધ્યાત્મિક વિચારનાં પગલાં પણ વિસ્તૃત થતાં જાય છે. હવે એકલા અટુલાપણાનો જમાનો નથી રહ્યો. પૃથ્વીના કોઇ પણ ભાગની કોઇ પણ વ્યક્તિનો જાહેર વિચાર પૃથ્વીના ખૂણેખૂણામાં પ્રસરી જાય છે. પોતાનો વિચાર પોતાનાજ સમાજમાં કે દેશમાં મર્યાદિત રહે, પૃથ્વીની અન્ય પ્રજાઓના જાણ્યામાં તે આવેજ નહિ, એમ બનવું હવે મુશ્કેલ કિંબહુના અસંભવિત છે. કારણ કે રેલ, તાર, છાપખાનાં ઇત્યાદિ ભૌતિક સાધનોદ્વારા આપણે સમગ્ર જગતના સંબંધમાં આવ્યા છીએ. તેથી સરસ વાત તો એજ છે કે, જગતના ભાવિ ધર્મોએ વિશાળ અને જગદ્‌વ્યાપી બનવું જોઇએ. એવી વિશાળતા અને વ્યાપકતાના પાયાપરજ જગતના ભાવિ ધર્મો નિર્માણ થવા જોઇશે. જગતની અંદર જે જે કંઇ સારૂં અને મહાન છે, તે તે તમામનો એ ભાવિ ધર્મોના આદર્શોમાં સમાવેશ થવો જોઇએ; એટલુંજ નહિ પણ ભાવિ વિકાસ માટે પણ તેમાં અવકાશ હોવો જોઇએ. મતલબ કે, ભૂતકાળનું જે જે કંઇ સારૂં હોય તેનું નવા ધર્મમાં સંરક્ષણ થવા સાથે તેના વર્તમાન ભંડોળમાં ઉમેરણ કરવાની જરૂર પડે, ત્યારે તેમ કરવાની છૂટ રહેવી જોઇએ. વળી એ ધર્મો પોતે અભિવ્યાપક હોવા જોઇએ, એટલે કે અમુક અમુક ધર્મની ઈશ્વરવિષયક કલ્પના પોતનાથી ભિન્ન છે, તેટલા માટે તેમની અવગણના કે ઠેકડી કરવાની વૃત્તિ તેમનામાં ન હોવી જોઇએ. દરેક ધર્મમાં બીજા ધર્મોમાટે સદ્‌ભાવ કેળવવાની વ્યવસ્થા હોવી જોઇએ. અહીં કોઇ એવો સવાલ કરશે કે "એ ધર્મોમાં શું નાસ્તિકવાદીઓનો પણ સમાવેશ થાય?" જવાબમાં હું કહીશ કે "હા." મારી જીંદગીમાં એવા પણ અનેક બુદ્ધિશાળી નરો મેં જોયા છે કે જેઓ આપણે માનીએ છીએ તેમ ઈશ્વરને નહિ માનનાર હોવા છતાં યાને આપણી દૃષ્ટિએ નાસ્તિક હોવા છતાં ખરેખર અધ્યાત્મનિષ્ઠ હતા. ઈશ્વર વિષે કદાચ તેઓ આપણા કરતાં વધારે સારી રીતે સમજ્યા હશે. એ ગમે તેમ હોય પણ નૂતન ધર્મની વ્યાખ્યામાં તો ઈશ્વરની સાકાર અને નિરાકાર કલ્પના, અનંત બ્રહ્મ, નૈતિક કાયદો કે આદર્શ વ્યક્તિ એ બધાંયનો સમાવેશ થવો જોઇશે. ધર્મો એ પ્રમાણે જ્યારે વિસ્તૃત બનશે, ત્યારે તેમની કલ્યાણ સાધવાની શક્તિ પણ સેંકડોગણી વધી જશે. ધર્મોમાં અજબ શક્તિ રહેલી છે. જગતને તેમનાથી લાભ થાય છે, તેમ હાનિ પણ થાય છે. કેમકે ધર્મો જો સંકુચિત અને મર્યાદિત હોય તો તો લાભનેબદલે હાનિજ વધારે થાય છે. ઘણી વાર તેમ થયું પણ છે.

હાલ પણ એવા અનેક સંપ્રદાયો અને સંસ્થાઓ છે કે જેઓ, સિદ્ધાંતો એકજ પ્રકારના હોવા છતાં માત્ર તેમને અમલમાં મૂકવા-

ની પદ્ધતિ જૂદી હોવાના કારણે, પરસ્પર ઝઘડતા હોય છે. એક પક્ષ અમુક પદ્ધતિએ કાર્ય કરવા માગતો હોય છે તો બીજો બીજી પદ્ધતિએ, અને એ પદ્ધતિફેરની તકરારમાં મૂળભૂત સિદ્ધાંત વિસરી જઈ એકજ ધ્યેયવાળી સંસ્થાઓ ઝઘડતી જણાય છે. આથીજ સર્વ ધર્મોએ વિશાળ થવાની જરૂર છે. ધાર્મિક વિચારો સર્વગ્રાહી, સર્વ-દેશીય, વિશાળ અને અનંત બને તોજ ખરો બહાર આવે. ધર્મની ખરી ખુબી, ધર્મની સંપૂર્ણ બલિહારી ત્યારેજ જણાય. કેટલીક વાર એમ કહેવામાં આવે છે કે, ધર્મો મરી જવા બેઠા છે; આધ્યાત્મિક વિચારો જગતમાંથી લુપ્ત થવા માંડયા છે; પરંતુ મને તો ઉલટું એમજ લાગે છે કે, તેમની ખરી શરૂઆતજ હજી હમણાં થઈ છે. જગત પણ મોડું વહેલું, માનવી જીવનના એકે એક વ્યવહારમાં વિસ્તૃત અને વિશુદ્ધ બનેલા ધર્મની શક્તિનો સંચાર થતો જોશે. ધર્મ જ્યાંસુધી અમુક થોડાનાજ હાથમાં હતો, એટલે કે જ્યાંસુધી તે પંડિતો, મૌલવીઓ કે પાદરીઓ જેવાઓનોજ ઇજારો હતો, ત્યાંસુધી તે મંદિરો કે દેવળોમાં, ગ્રંથો કે સિદ્ધાંતોમાં અને વિધિઓ કે વ્રતોમાંજ પરિસમાપ્ત થતો હતો. પણ હવે વસ્તુસ્થિતિ બદલાતી જાય છે; અને જ્યારે ધર્મની ખરી, વિશાળ અને વ્યાપક કલ્પના સર્વાંશે અસ્તિત્વમાં આવશે ત્યારે 'ધર્મ' તેના ખરેખરા સ્વરૂપમાં પ્રકાશશે—રે! ત્યારે તે જીવંત બનશે. પછી તો તે આપણા સ્વભાવમાં, વાણીમાં, વિચારમાં અને આપણા પ્રત્યેક વ્યવહારમાં રેલાશે ને સમાજના રોમેરોમમાં વ્યાપશે. એવો ધર્મ જગતનું નિર્ભેળ કલ્યાણજ સાધશે; એમાં હાનિ થવાનો સંભવ નહિ રહે.

ત્યારે હવે કોઇ પુછશે કે, એવા સર્વોત્કૃષ્ટ સુવિશાળ ધર્મના ઉદય માટે શેની જરૂર છે? તો હું કહીશ કે, **જૂદા જૂદા ધર્મો વચ્ચે 'ગાઢ વિશુદ્ધ ભ્રાતૃભાવ' કેળવવાની જરૂર છે.** એ ભ્રાતૃભાવ વિશુદ્ધ હોવો જોઇએ; એટલુંજ નહિ પણ એવો ગાઢ હોવો જોઇએ કે તે તોડયો તૂટે નહિ. 'જીવંએ તોયે સાથે અને મરીએ તોયે સાથે' એવો સંબંધ ધર્મ ધર્મ વચ્ચે કેળવાવો જોઇએ. વળી આવા વિશુદ્ધ ગાઢ સંબંધની સ્થાપનામાં, દુર્ભાગ્યવશાત્ હાલ ઘણે ઠેકાણે જોવામાં આવે છે તેમ સામા ઉપર જાણે મહેરબાની કે દયા કરતા હોય કિંવા પોતે સામાના મુરબ્બી હોય તેવી વૃત્તિ લેશ ન રહેવી જોઇએ. બધાય સમાન કોટિના અને સમાન હક્ક ધરાવતા સહોદર ભાઇઓ છે, એવી દૃઢ માન્યતા સાથે પરસ્પર હાર્દિક પ્રેમ અને આદરબુદ્ધિ કેળવાવાં જોઇએ. આવો પ્રેમ અને આદર ભાવમાંથીજ જન્મેલો સંબંધ ખરો સમજવો, બાકી બધાં વેવલાં. વળી એવો સંબંધ કેવળ પદ્ધતિ-ફેરવાળા પણ સરખા સિદ્ધાંતવાળા ધર્મો વચ્ચેજ સ્થપાય અને ભિન્ન સિદ્ધાંતવાળાઓ ઝઘડયા કરે તે ન ચાલે. આસ્તિક તેમજ નાસ્તિક,

આત્માને માનનારા તેમજ નહિ માનનારા, જડવાદી ભૌતિક વિજ્ઞાનીઓ તેમજ અધ્યાત્મવાદી તત્ત્વજ્ઞાનીઓ વગેરે સિદ્ધાંતભેદવાળાઓ વચ્ચે પણ તેવો સંબંધ અને તેવો એકરાગ જામવો જોઇએ.

એવો એકરાગ જમાવવા ખાતર જૂદા જૂદા પક્ષોએ આપ–લે અને તોડજોડ તો અલબત્ત કરવીજ પડશે; અને તે તોડજોડ કોઇ વાર અતિ ભારે તો કોઇ વાર અતિ દુઃખદ પણ હશે. પોતાની પ્રિય માન્યતાઓને ત્યજી દેતાં કે ઢીલી મૂકતાં તથા સામાની અપ્રિય લાગતી માન્યતાઓને ગ્રહણ કરતાં કે સાંખી લેતાં વસમું તો લાગશેજ; છતાં પણ અંતે તો તેથી બન્ને પક્ષોને લાભ થયેલોજ જણાશે. શુદ્ધ હૃદયની તોડજોડ અને નિખાલસ ભોગથી સત્યના માર્ગમાં તેમની પ્રગતિ અવશ્ય થવાની. પરિણામે દેશ–કાળની મર્યાદાથી સંકુચિત જ્ઞાનનું, **एकं आद्वतीयं अनंत** કૈવલ્યની સાથે તાદાત્મ્ય સધાશે–અર્થાત્ બન્ને એકરૂપ બનશે.





२–मनुष्यनुं वास्तविक स्वरूप+

સ્થૂલ જગત યાને ઇંદ્રિયગમ્ય વિષયોપરત્વે મનુષ્યની **આસક્તિ એટલી બધી જબ્બર** હોય છે કે તેનો ત્યાગ કરવાનું તેને સહસા રૂચતું નથી. પરંતુ જે સ્થૂલ જગતની અંદર મનુષ્ય વસે છે અને હરેફરે છે તે સ્થૂલ જગતમાં તેને ફાવે તેટલી આસકિત હોય–તેને એ ગમે તેટલું સત્ય અને સારભૂત માનતો હોય, તથાપિ પ્રત્યેક વ્યકિતના તેમજ પ્રત્યેક જાતિના જીવનમાં કોઈ ને કોઈ ઘડી તો અવશ્ય એવી આવે છે કે જ્યારે અનિચ્છાપૂર્વક પણ તેના મુખમાંથી એવો પ્રશ્ન નીકળવા પામે છે કે "શું આ જગત સાચું છે?" જે વ્યકિતને પોતાની પંચેંદ્રિયની ક્ષમતા અને તે દ્વારા મળતા અનુભવોની સચ્ચાઇવિષે સહજ પણ સંદેહ ઉદ્ભવ્યો નથી હોતો, એટલુંજ નહિ પણ જેના જીવનની પ્રત્યેક પળ અવનવા વિષયોપભોગોની અંદર રાચવામાંજ વ્યતીત થઇ હોય છે, તેની સમક્ષ પણ મૃત્યુ મોં વિકાસીને ઉભું રહે છે ત્યારે તે વ્યક્તિના મુખમાંથી પણ એજ પ્રશ્ન નીકળી પડે છે કે "શું આ સાચું?" ખરૂં પૂછાવો તો આ પ્રશ્નથીજ ધર્મની શરૂઆત થાય છે અને તેના ઉત્તરમાંજ તેની પરિસમાપ્તિ થાય છે. લિપિબદ્ધ ઇતિહાસ જેના પર અજવાળું નાખવા અસમર્થ છે તેવા અત્યંત પ્રાચીન યુગમાં, પૌરાણિક યુગમાં કિંવા માનવ-સંસ્કૃતિના અસ્ફુટ ઉષઃકાળમાં આપણે ડાકિયું કરીએ છીએ તો તે વખતે પણ એજ પ્રશ્ન પૂછાયલો માલૂમ પડે છે કે "શું જગત સાચું?"

ઉપનિષદોમાં સૌથી કાવ્યમય એવું જે કઠોપનિષદ્, તેનો આરંભજ આ પ્રશ્નથી થાય છે કેઃ–**येयं प्रेते विचिकित्सा मनुष्ये अस्तीत्येके नायमस्तीति चैके ।** (કઠ. ૧–૨૦)

અર્થાત્ "મનુષ્યનું મૃત્યુ નીપજતાં વાદ ઉપસ્થિત થાય છે. એક પક્ષ કહે છે કે તેનું અસ્તિત્વ સદાને માટે નાશ પામ્યું, ત્યારે બીજો પક્ષ તેટલાજ આગ્રહ સાથે પ્રતિપાદન કરે છે કે, તેનું અસ્તિત્વ હજી કાયમ છે. હવે એ બન્નેમાં સાચું શું?" આ પ્રશ્નના અત્યાર-સુધીમાં અનેક ઉત્તરો અપાઇ ચૂકયા છે. જગતમાં જેટલાં જેટલાં દર્શનશાસ્ત્રો અને ધર્મો મોજુદ છે, તે બધાયમાં વસ્તુતઃ આ પ્રશ્નનો ઉહાપોહ થયેલો હોઇ તેના વિવિધરંગી ઉત્તરોથીજ તે શાસ્ત્રો પરિપૂર્ણ છે. સાથે સાથે એ મહાપ્રશ્નને–પ્રાણની એ ગંભીર આકાંક્ષાને–એ જગતથી પર એવી પરમાર્થસત્તાની ખોજને વ્યર્થ કરી

+ લંડનમા આપેલું વ્યાખ્યાન

તેને ઉડાવી દેવાના પણ અનેક પ્રયત્નો થયા છે અને થાય છે, પરંતુ મૃત્યુ જેવી વસ્તુ જ્યાંસુધી જગતમાં હયાતી ધરાવે છે, ત્યાંસુધી તો એવા સઘળાજ પ્રયત્નો સર્વાંશે નિષ્ફળ જવાના. "જગતથી પર એવી સત્તાની શોધ માટે ફાંફાં મારવાં નકામાં છે, આપણી સઘળી આશાઓ અને ઇચ્છાઓને કેવળ વર્તમાનમાંજ મર્યાદિત રાખવામાં માલ છે" એમ આપણે કહ્યા કરીએ, અને તેને વર્તનમાં ઉતારવા માટે પ્રયત્ન કર્યા કરીએ, એટલે સુધી કે જગતની સઘળી ચરાચર વસ્તુ આપણને પંચેન્દ્રિયના વિષયોની સીમામાંજ પૂરી રાખે-રે! સમસ્ત સંસાર એકસંપ કરી આપણી દૃષ્ટિને વર્તમાનની સંકુચિત સીમાની બહાર જવાજ ન દે-એ બધું શક્ય હોય તોપણ મૃત્યુ જેવી ઘટના જ્યાંસુધી જગતમાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાંસુધી તો આ પ્રશ્ન વારંવાર ઉદ્‌ભવાનોજ કે "જે વસ્તુઓને આપણે સત્ય અને સારમય સમજી તેમની અંદર આટલી બધી આસક્તિ ધરાવીએ છીએ તેમનું છેવટનું પરિણામ તો આ મૃત્યુજ ને?" આ વિચારની સાથેજ આપણી જગતની કલ્પના ક્ષણમાત્રમાં નાશ પામી ક્યાંની ક્યાં ઉડી જાય છે; અને તેમ થાય તેમાં નવાઇ પણ શી? કારણ કે જેમ કોઇ પ્રવાસી પોતાના સુખદ પ્રવાસમાં આગળ વધવાની ઇચ્છાએ માર્ગમાં આવતો ગગનગામી ગિરિરાજ ચઢવા માંડે અને ચઢતાં ચઢતાં તેના સર્વોચ્ચ શિખરપર પહોંચી આગળ પગ ઉપાડવા જતાંજ, નીચે નજર ન પહોંચે એવી ઉંડી ખીણ નિહાળે અને તેની જે મનોદશા થાય, તેવીજ મનોદશા મૃત્યુના ખ્યાલથી મનુષ્યની થાય છે. ગમે તેવો કઠણ હૈયાનો મનુષ્ય પણ તે ઘડીએ કંપવાનો અને પૂછવાનો કે "શું આ સાચું?" જીવનભરની બધી આશાઓ, ક્રમે ક્રમે સંચિત કરેલી મનની સઘળી મુરાદો પલકમાં હતી ન હતી થઇ જાય છે; તો પછી "એ બધી મુરાદો, એ સકળ આશાઓ શું સાચી?" એ પ્રશ્નનો ખુલાસો અવશ્ય મળવો જોઇએ. કોઇ કહેશે કે, એ આકાંક્ષાનું-એ ગંભીર પ્રશ્નનું જોર વખત જતાં એની મેળે ક્ષીણ થઈ જશે, પણ વસ્તુતઃ તેમ થતું ન હોઇ, વખતના વહેવા સાથે તેની શક્તિમાં ઓર વધારો થાય છે અને હૃદયપર ઓર દબાણ ચલાવે છે. વળી મનુષ્યમાત્રના હૃદયમાં સુખી થવાની ઇચ્છા ઘર કરી રહી હોય છે. પોતાની જાતને સુખી બનાવવા માટે આપણે ચોમેર દોડાદોડ કરી મૂકીએ છીએ, ઇંદ્રિયોના વિષયોની પાછળ પાછળ ભમીએ છીએ અને સ્થૂળજગતનાં કાર્યો ગાંડાની માફક કર્યે જઇએ છીએ. સંસારના સઘળા વ્યવહારમાં આજપર્યંત સફળ નીવડેલા કોઇ તરુણને આપણે પૂછીશું કે "જગત સત્ય કે મિથ્યા?" તો તે તરતજ ઉત્તર આપશે કે 'સત્ય-બિલકુલ સત્ય!' અને ખરે! એને મન તો એ વખતે સઘળું સાચુંજ

ભાસતું હોય છે. પણ પછી તેજ વ્યકિત જ્યારે યુવાવસ્થાનો ઉંબરો ઓળંગી વૃદ્ધાવસ્થામાં પ્રવેશે અને તેની સૌભાગ્યલક્ષ્મી પણ તેને વખતોવખત દગો દેવા માંડે, ત્યારે તેનો તેજ પ્રશ્ન પાછો તેને પૂછીશું તો તે કપાળ તરફ હાથ કરી પોતાના અદૃષ્ટ અથવા નસીબનો દોષ કાઢતો જણાશે. આટલે વખતે હવે તે જોઇ શકે છે કે, ધાર્યા મુજબ તેની ઇચ્છાઓ પૂર્ણ થતી નથી. તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં એક એવી મજબૂત પોલાદી દિવાલ તેની નજરે પડે છે કે જેને ઉલ્લંઘીને કે ભેદીને પાર જવાનું સામર્થ્ય તેનામાં નથી. ઇંદ્રિયોના પ્રત્યેક વ્યવહારની પ્રતિક્રિયા થતી હવે તે અનુભવે છે. તાત્પર્ય કે સુખ–દુઃખ બન્ને નાશવંત છે; વિલાસ, વૈભવ, શક્તિ, દારિદ્ય–રે ! જીવન સુદ્ધાંત નાશવંત છે, તો પછી "જગતમાં સાચું શું?"

આ પ્રશ્નના બે ખુલાસા હોઈ શકે. એક તો શૂન્યવાદીઓની માફક માનવું કે " સઘળુંજ શૂન્ય છે; આપણે કંઈજ જાણતા નથી; ભૂત, ભવિષ્ય અથવા વર્તમાન સંબંધી પણ આપણે કંઇજ કદી જાણીએ તેમ નથી. " શૂન્યવાદીઓ 'વર્તમાન'માં વિહરતા હોવા છતાં તેનો અસ્વીકાર કરે તે જોઇ નવાઇ લાગશે; પણ તેમ કર્યા વગર તેમને ચાલે તેમ નથી. કારણ જે વ્યક્તિ ભૂત અને ભવિષ્યનો અસ્વીકાર કરીને કેવળ વર્તમાનનાજ અસ્તિત્વનો સ્વીકાર કરી તેમાંજ પોતાની દૃષ્ટિ હરદમ પરોવી રાખવા માગે તે વ્યક્તિને ચક્રમજ સમજવી. એ તો પિતામાતાના અસ્તિત્વ વગર પણ સંતાનની શક્યતા સ્વીકારવા જેવું થાય ! પિતામાતા હોવા વગર પણ સંતાનોત્પત્તિ સંભવિત છે એમ માનવું જેટલું બેહૂદું છે તેટલુંજ બેહૂદું ભૂત અને ભવિષ્ય વગર વર્તમાનની શક્યતા માનવી તે છે–અર્થાત્ વર્તમાનનું અસ્તિત્વ એક વાર સ્વીકાર્યું કે પછી ભૂત અને ભવિષ્યને સ્વીકાર્યા વગર છૂટકોજ ન રહે. એ સમજીનેજ શૂન્યવાદીઓ ભૂત–ભવિષ્યના અસ્વીકાર સાથે વર્તમાનનો પણ અસ્વીકાર કરે છે, અને વાદની દૃષ્ટિએ જોતાં તે ઠીકજ કરે છે. કેમકે નહિ તો તેમને ઉપર જણાવ્યા પ્રમાણે ચક્રમનીજ પંક્તિમાં બેસવું પડે. ત્યારે, આ એક ખુલાસો શૂન્યવાદીઓના મત પ્રમાણેનો છે કે "સઘળું શૂન્યાકાર છે, કશાની ખબર નથી; ભૂત, ભવિષ્ય કે વર્તમાનવિષે પણ કંઇ માહિતી નથી." પરંતુ એવો એક પણ માણસ મેં અદ્યાપિ જોયો નથી કે જે એક મુહૂર્ત માટે પણ યથાર્થ શૂન્યવાદી હોય; બાકી મોઢે બોલવું તો બહુ સહેલું છે.

બીજો ખુલાસો એવો છે કે, એ પ્રશ્નના યથાર્થ ઉત્તરની યાને સત્યની શોધ કરવી, આ સદાપરિવર્તનશીલ નશ્વર જગતની અંદર સત્ય વસ્તુ શું છે તેની તલાશ કરવી, આ શરીર કે જે કેટલાંક પાર્થિવ દ્રવ્યોના પરમાણુઓનું સંગઠનમાત્ર છે, તેની અંદર સત્યાંશ

જેવું કંઈ છે ખરૂં? માનવજીવનના ઇતિહાસમાં સર્વદા આ તત્ત્વ શોધાતું આવ્યું જણાય છે. માનવજીવનનો ઇતિહાસ તપાસતાં માલમ પડે છે કે, આ તત્ત્વનો ઝાંખો ઝાંખો પ્રકાશ તો મનુષ્યના મનપર છેક પ્રાચીન કાળથીજ પડવા માંડયો હતો. કારણ કે મનુષ્યને સ્થૂલદેહ ઉપરાંત બીજો એક દેહ, કે જે અનેકાંશે સ્થૂલદેહની પેઠે દેખી શકાય એવો નથી તો પણ સ્થૂલદેહ કરતાં શ્રેષ્ઠ યાને સ્થૂલદેહ નાશ પામવા છતાં નાશ ન પામે તેવો સૂક્ષ્મ અથવા લિંગદેહ હોય છે, એવું જ્ઞાન મનુષ્યને છેક તે સમયથીજ પ્રાપ્ત થયેલું જણાય છે. અમારા ઋગ્વેદમાં શબના દહનસંસ્કાર માટે પ્રગટાવેલા અગ્નિને ઉદ્દેશેલી કેટલીક ઋચાઓ આવે છે. તેમાં એક ઠેકાણે કહ્યું છે કે "હે અગ્નિદેવ! તમે દેહ છોડનારા મનુષ્યને તમારા કોમળ હસ્તમાં ધારણ કરીને ધામેથી લઇ જાઓ, એને સર્વાંગ સુંદર જ્યોતિર્મય દેહ આપીને તે સ્થાનકે લઇ જાઓ કે જ્યાં પિતૃદેવો વાસ કરી રહ્યા છે અને જ્યાં દુઃખ કે મૃત્યુ જેવું કંઇ છે નહિ." આવી જાતની કોઇ ને કોઇ ભાવના બીજા બધા ધર્મોમાં પણ તમને મળી આવશે; એટલુંજ નહિ પણ બીજી એક વાત પણ સર્વ ધર્મોમાં એકસરખી રીતે ચર્ચાયલી જોઇને તમને અચંબો પણ થશે. એ અચંબા જેવી વાત એ છે કે, સઘળાજ ધર્મો એકે અવાજે જાહેર કરે છે કે, મનુષ્યપ્રાણી પહેલાં પવિત્ર અને નિષ્પાપ હતું, અત્યારે તે અનેક રીતે ભ્રષ્ટ થઇ તેની પૂર્વની સ્થિતિમાંથી પતિત થયેલું છે. આ બીના એકે એક ધર્મમાં રજુ થયેલી છે-પછી તે કાં તો રૂપકની અલંકારમય ભાષામાં આલેખાયલી હશે, દર્શનશાસ્ત્રીઓની સ્પષ્ટ ભાષામાં લખાઇ હશે કે પછી કલ્પનાપ્રધાન કવિઓના સુંદર કાવ્યમાં ગુંથાઇ હશે; પણ એકએક ધર્મશાસ્ત્ર, એકેએક પુરાણગાથા ઢોલ વગાડીને જાહેર કરે છે કે, મનુષ્યપ્રાણી જેવું અગાઉ હતું તેવું અત્યારે નથી-અર્થાત્ પૂર્વસ્થિતિમાંથી તેનું પતન થયેલું છે. યાહૂદીઓના ધર્મશાસ્ત્ર બાઇબલના પુરાતન ભાગમાં કહેવાયલી આદમના પતનની વાતનો પણ એજ સારાંશ છે. હિંદુઓનાં શાસ્ત્રોમાં તો તે વાતનો ઠેકઠેકાણે ઉલ્લેખ થયેલો છે. હિંદુશાસ્ત્રો સત્યયુગને નામે જે યુગનું વર્ણન કરે છે-કે જ્યારે લોકો ઇચ્છામૃત્યુવાળા હતા યાને જ્યાંસુધી જીવવાની ઇચ્છા હોય ત્યાંસુધી જીવી શકતા હતા અને જ્યારે લોકોનાં મન શુદ્ધ અને દૃઢ હતાં-તે સત્યયુગનાં વર્ણનોમાં પણ એજ સાર્વભૌમિક સત્યનું સૂચન થયેલું જણાઇ આવે છે. તે વખતે મૃત્યુ હતું નહિ તેમજ કોઇ પ્રકારનું અશુભ કે દુઃખ પણ નહોતું અને વર્તમાન યુગ તો એ ઉન્નત અવસ્થાનું અવનત સ્વરૂપ છે, એવું હિંદુશાસ્ત્રોનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન છે. વળી આ વર્ણનની સાથે બીજી પણ એક વાત સર્વ ધર્મોમાં સરખી

રીતે વર્ણવાયલી નજરે પડે છે; અને તે વાત જળપ્રલયની છે. એ જળપ્રલયની સામાન્ય આખ્યાયિકા ઉપરથી પૂરવાર થાય છે કે, વર્તમાન યુગ એ પૂર્વયુગનું અવનત સ્વરૂપ છે એમ સર્વ ધર્મો માને છે. આ પ્રલયવિષેની સર્વ ધર્મોની આખ્યાયિકાનો સારાંશ એજ છે કે "જગત ક્રમે ક્રમે બગડવા માંડયું અને બગડતાં બગડતાં છેકજ બગડી ગયું. આખરે જળપ્રલય થયો અને તેમાં મોટા ભાગની લોકસંખ્યા ડૂબી ગઇ. તે પછી ફરી ઉન્નતિ થવા માંડી, અને અત્યારે પાછું જગત પોતાની અસલ પવિત્ર અવસ્થાને પ્રાપ્ત કરવા માટે ધીરે ધીરે પણ મક્કમ ડગલે પ્રગતિ કરી રહ્યું છે." તમને બધાંને 'ઓલ્ડ ટેસ્ટમેન્ટ' યાને જૂના બાઇબલમાંની જળપ્રલયની કથા તો માલૂમ હશેજ. આબેહૂબ એવીજ જાતની આખ્યાયિકા પ્રાચીન બાબીલોનવાસીઓ, મિસરવાસીઓ, ચીનાઓ અને હિંદુઓમાં પણ પ્રચલિત છે. હિંદુશાસ્ત્રોમાં એ મહાપ્રલયનું વર્ણન આ પ્રમાણે છેઃ—મહર્ષિ મનુ એક દિવસ ગંગાજીને કાંઠે સંધ્યાપૂજા કરતા હતા, તે વખતે એક નાનું સરખું માછલું તેમની પાસે આવીને બોલ્યું કે "મહારાજ! મને આશ્રય આપો, મને બચાવો." મનુજીએ તેને તત્કાળ ઉપાડી લઈને એક કમંડળમાં મૂકયું અને પૂછયું કે "તારી શી મરજી છે–તું શું કહેવા માગે છે?" માછલું બોલ્યું કે "મહારાજ! મને ગળી જવા સારૂ એક મોટો મચ્છ મારી પાછળ પડયો છે; મને તેનાથી બચાવો." એ સાંભળી મનુજી તેને ઘેર લઇ ગયા. બીજે દિવસે સવારમાં ઉઠીને જુએ છે તો તે માછલું વધીને કમંડળ જેવડું મોટું થઇ ગયું હતું. મનુને જોતાંજ તે બોલ્યું કે "મહારાજ! હવે મારાથી આ કમંડલમાં રહી શકાતું નથી; હું ભચડાઇ મરૂં છું." એ પરથી મનુએ લઇ તેને એક તળાવમાં મૂકયું. વળતે દિવસે તે તળાવ જેવડું મોટું થઈ ગયેલું જણાયું અને મનુને આવેલા જોઇ બોલ્યું કે "આમાં પણ હું હવે રહી શકું તેમ નથી." એટલે મનુએ તેને તળાવમાંથી કાઢી એક મોટા નદમાં મૂકયું. ત્યાં પણ બીજે દિવસે તે નદ જેવડું મોટું થઇ ગયેલું જણાયું. હવે મનુએ લઇ તેને સમુદ્રમાં મૂકયું. એ વખતે માછલું કહેવા લાગ્યું કે "હે મનો! મને ના ઓળખ્યો? હું જગતનો સરજનહાર છું. હવે જળપ્રલયદ્વારા હું જગતનો નાશ કરનાર હોવાથી તને ચેતાવવા સારૂ હું મત્સ્યરૂપ ધારણ કરી આવ્યો છું. તું એક સુવિશાળ નૌકા તૈયાર કરી તેમાં સર્વ પ્રકારનાં પ્રાણીઓનું એક એક જોડું તથા સકળ વનસ્પતિઓનાં બીજ લઈ તું પોતે તારા પરિવારસહિત બેસી જજે. સર્વત્ર જળમય થઇ ગયા બાદ તે જળમય પ્રદેશની વચ્ચોવચ્ચ એક શિંગડું દેખાશે. તેની સાથે તારી નૌકા બાંધી દેજે, એટલે તે સુરક્ષિત રહેશે. પછી

જ્યારે જળ ઓસરી જાય ત્યારે તું નૌકામાંથી બહાર નીકળી પૃથ્વીપર વસ્તી વિસ્તારજે." આ પ્રમાણે ભગવાનના કથનાનુસાર જળપ્રલય થયો અને મનુએ પોતાના કુટુંબપરિવારસહિત સર્વ પ્રકારનાં જીવજંતુના એક એક જોડાને તથા સઘળી જાતની વનસ્પતિનાં બીજને બચાવી લીધાં. પછી જ્યારે પ્રલયનાં પાણી ઓસરી ગયાં અને પૃથ્વીનું તળ દેખાવા લાગ્યું, ત્યારે તે નૌકામાંથી બહાર નીકળ્યા અને પૃથ્વીપર સકળ જાતની સૃષ્ટિનો વિસ્તાર વધારવા માંડ્યો. આપણે બધાં માનવ કિંવા મનુષ્યને નામે ઓળખાઇએ છીએ તેનું કારણ એજ કે, આપણે એ મનુનાં વંશજો છીએ.

વળી જુઓ, મનુષ્યની વાણી અથવા ભાષા એ અંતરના ઉંડાણમાં રહેલા સત્યને બહાર પ્રકટ કરવાના પ્રયત્નોસિવાય બીજું કંઇજ નથી. હું ખાત્રીપૂર્વક માનું છું કે, નાનું બચ્ચુ પોતાના અસ્પષ્ટ અને ન સમજાય તેવા શબ્દોચ્ચાર, કે જે શબ્દોચ્ચારજ એની ભાષા છે, તેના દ્વારા ગહનમાં ગહન દાર્શનિક સત્યનેજ દર્શાવવાનો પ્રયત્ન કરે છે—માત્ર તે ઘડીએ બાળકની પાસે તે સત્યને યથાર્થ સ્વરૂપમાં દર્શાવવા કાજે જરૂરી વાણી કિંવા અન્ય સાધન હોતું નથી એટલુંજ. ઉંચામાં ઉંચી કોટિના તત્ત્વજ્ઞાનીની શુદ્ધ સંસ્કારી બોલીમાં અને બાળકની અસ્પષ્ટ તોતલી બોલીમાં પ્રકારગત કોઇ ભેદ નથી હોતો; પણ પ્રમાણ કે પાયરીગતજ હોય છે—અર્થાત્ તત્ત્વજ્ઞાની જે ગહન તત્ત્વને પ્રયાસપૂર્વક સમજી પોતાની સ્પષ્ટ અને સંસ્કારી ભાષામાં દર્શાવે છે, તેજ ગહન તત્ત્વને બાળકની નિર્દોષ બુદ્ધિ સહજ ગ્રહણ કરી તેને પોતાની અસ્પષ્ટ ને અસ્ફુટ બોલીમાં દર્શાવવાનો પ્રયત્ન કરે છે; એનાં સાધન અને શૈલિજ માત્ર જૂદાં હોય છે. આ વાત એક વાર સમજી લીધી કે પછી તમને આજકાલની સુંદર, સંસ્કારી. પ્રણાલિબદ્ધ અને ગણિતના જેવી ચોખ્ખીચટ ભાષા તથા પૂર્વજોની અસ્ફુટ, ગૂઢ અને રૂપકમય વૈદિક અને પૌરાણિક ભાષાઓ વચ્ચે રહેલો ભેદ તરતજ સમજાઇ જશે. એ ભાષાઓ વચ્ચેનો ભેદ પણ પ્રકારગત ન હોતાં પરિમાણ અને શૈલિગતજ છે. એ બધી ભાષાની પાછળ એક મહાન ઉદાત્ત સત્ય રહેલું હોઇ તે પ્રકાશમાં આવવા મથતું હોય છે. પ્રાચીન પૂર્વજોની ભાષાઓએ પોતપોતાની શૈલિમાં તેજ સત્યને બહાર લાવવાનો પ્રયત્ન કર્યો છે, અને આપણી આધુનિક ભાષાઓ પણ પોતપોતાની શૈલિમાં તેવો પ્રયત્ન કરી રહી છે; પણ ખેદ સાથે કહેવું પડે છે કે, **પૂર્વજોની રૂપકમય વૈદિક અને પૌરાણિક ભાષાઓમાં મોટે ભાગે મહા અમૂલ્ય સત્યો રહેલાં સાંપડે છે, ત્યારે આધુનિક પ્રજાની દેખીતી સુંદર, સંસ્કારી અને ટાપટીપવાળી ભાષામાં ઘણી વાર નમાલાં ટાઢ્ઢાં નજરે પડે છે. માટે પ્રાચીન એટલું નકામું**

અને અર્વાચીન તે બધુંજ સારૂં, એમ માની લેવાની ભૂલ ન થવી જોઇએ. અમુક વસ્તુ દેવદેવીઓની રૂપકમય ગાથાઓમાં ગુંથાયલી છે માટે, અથવા તો ફલાણાભાઇ કે ઢીંકણાભાઇ તે વાતની સાથે સંમત થતા નથી માટે, તેને અગ્રાહ્ય ગણી તેની અંદર રહેલા સત્યને ઉવેખી કાઢવું એ બિલકુલ વાજબી નથી. 'અમુક મહાપુરુષે અમુક વાત અમુક પૌરાણિક આખ્યાયિકામાં કહેલી છે માટે લોકોએ તેને માનવીજ જોઇએ' એમ ઘણાખરા ધર્મો પ્રતિપાદન કરે છે તેથી ધર્મમાં અમારી શ્રદ્ધા બેસતી નથી, એમ કહી ઘણા આધુનિક લોકો ધર્મની અને તેને માનવાવાળાં વૃદ્ધોની ઠેકડી કરે છે; પરંતુ એ દૃષ્ટિએ જોઇએ તો તો આપણે આધુનિક લોકોજ ઉપહાસને પાત્ર ઠરીએ છીએ. આજકાલ ઇસા, મુસા, બુદ્ધ કે વેદ–ઉપનિષદાદિમાંનું કોઈ પ્રાચીન મહાપુરુષનું વચન ટાંકી જો કોઈ વાત કરે છે તો લોકો તેની મશ્કરી ઉડાવવા મંડી પડે છે; પણ તેજ લોકો જો કોઇ હક્સલી, ટિંડોલ કે ડાર્વિનનું નામ લઈ વાત કરનાર મળે છે તો તરતજ માથું ધૂણાવી ધૂણાવી અને 'જી લગ્એ' કરતાં કરતાં સર્વ કંઇ સ્વીકારી લે છે. અમુક બાબતમાં 'હક્સલીનું આમ કહેવું છે' અથવા 'ડાર્વિનનો આ મત છે' એમ કહેતાંજ કેટલાક તો ચડી ચૂપ થઇ જાય છે, ને પ્રાચીન મહાપુરુષોનાં નામ સાંભળી વલવલાટ કરતી તેમની લૂલીબાઇઓ સડપ દઇને સંતાઈ જાય છે! લોક કહે છે કે, આપણા પૂર્વજો વહેમી અને કુસંસ્કારી હતા અને આપણે તે વહેમ અને કુસંસ્કારોની જાળમાંથી મુક્ત થયા છીએ! તેઓ કુસંસ્કારી હતા એમ કહેવાનું શું કારણ? તો કહેશે કે, ધર્મને નામે કોઇ તેમને જે કંઇ કહેતું તે તેઓ તરત માની લેતા. વારૂ, ત્યારે અત્યારના લોકો શું કરે છે? અત્યારના લોકો ભૌતિક વિજ્ઞાનને નામે કહેવાતું સઘળું મૂંગે મોઢે માથે ચઢાવે છે. આમ છતાં આધુનિક સમાજ સુસંસ્કારી નહિ? વાહરે! આધુનિક સુસંસ્કારિતા વાહ! આને શું તમે વહેમ અને કુસંસ્કારિતાની મુક્તિ કહો છો? ખરી વાત તો એ છે કે, પ્રાચીન સમાજ ધાર્મિક વહેમો અને કુસંસ્કારોમાં ડૂબેલો હશે, તો અર્વાચીન સમાજ ભૌતિક વિજ્ઞાનના કુસંસ્કારમાં ડૂબ્યો છે. અગાઉની કુસંસ્કારિતા તો એટલી ઠીક હતી કે તેમાંથી મનુષ્યહૃદયને જીવનપ્રદ આધ્યાત્મિક ભાવનું પોષણ મળતું હતું; ત્યારે આધુનિક જડ વૈજ્ઞાનિક વહેમોમાંથી તો કેવળ ભૌતિક કામનાઓ, લોભ, ઇત્યાદિ મનુષ્યના આત્માને હીણનાર શત્રુઓનેજ પોષણ મળે છે. અગાઉના વહેમ અને કુસંસ્કારોમાં અવિનાશી પરમાત્માની ઉપાસના રહેલી હતી, ત્યારે આધુનિક વહેમો અને કુસંસ્કારોમાં નાશવંત એવી ધન, કીર્તિ અને સત્તાની ઉપાસના રહેલી છે. એકમાં આત્માનો ઉન્નતિકર અધ્યાત્મભાવ હતો, ત્યારે બીજામાં આત્માને હીણનાર જડ

ભાવ રહેલો છે. બંનેમાં તફાવત જોવા જઇએ તો આટલોજ છે.

પૌરાણિક આખ્યાયિકાઓનો વિચાર કરતાં કરતાં આપણે કંઇક આડે ઉતરી પડયાં. પણ હવે આપણે ફરી તે તરફ વળીશું. એ બધીજ આખ્યાયિકાઓમાં આ એક ભાવ પ્રધાનપણે તરવરતો જણાય છે કે, પૂર્વે મનુષ્ય જેવો હતો તેવો હાલમાં નથી, યાને પૂર્વસ્થિતિમાંથી તેનું પતન થયેલું છે. આધુનિક ભૌતિક શાસ્ત્રોને લગતી શોધખોળો આ વાતનો બિલકુલ ઇન્કાર કરે છે. ક્રમવિકાસ-વાદી પંડિતગણો અથવા તો ઉત્ક્રાંતિવાદના વિદ્વાનો એ વાતનું સર્વથા ખંડન કરે છે. તેમના મત પ્રમાણે તો મનુષ્ય એ એક પ્રકારના ક્ષુદ્ર માંસલ જંતુમાંથી ક્રમે ક્રમે વિકાસ પામેલું પ્રાણી છે, અને તેથી ઉપર જણાવેલો પૌરાણિક આખ્યાયિકાઓનો સિદ્ધાંત અસત્ય છે. બીજા દેશોની પૌરાણિક આખ્યાયિકાઓની વાત બીજી ગમે તે હોય, પણ ભારતનાં પુરાણો તો એ ઉભય મતોનો યાને પૌરાણિક આખ્યાયિકાઓમાં રહેલા સિદ્ધાંતનો તેમજ અર્વાચીન ઉત્ક્રાંતિવાદીઓના મંતવ્યનો, સમન્વય કરી શકે છે—મેળ બેસાડે છે. ભારતીય પુરાણોમાં 'ચક્રનેમિક્રમ' અથવા 'ઘટમાલ'નો એક સિદ્ધાંત છે. એ સિદ્ધાંત મુજબ જે જે ઉન્નતિ જોવામાં આવે છે તે તે બધી જળતરંગ અથવા મોજાં જેવી છે. પ્રત્યેક તરંગ અથવા મોજું એક વાર ઉંચું ઉછળે છે ને નીચે પડે છે, વળી પાછું ચઢે છે ને પાછું ઉતરે છે; ઉતરીને પાછું ચઢે અને ચઢીને પાછું ઉતરે એવો ક્રમ સમુદ્રમાં ચાલ્યાજ કરે છે. એવી રીતે સૃષ્ટિમાં પ્રત્યેક ગતિ રેંટની માફક ચક્રાકારે થતી રહે છે. પ્રાણીસૃષ્ટિમાં યોનિ-પરંપરા વિષેની હિંદુઓની માન્યતા પણ એજ સિદ્ધાંતને અનુસરીને છે. આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ જોતાં પણ મનુષ્ય એ કેવળ ઉત્ક્રાંતિજન્ય પ્રાણી નથી એ સયુક્તિક ઠરે છે. ક્રમવિકાસ અથવા ઉત્ક્રાંતિની વાત એક વાર સ્વીકારી કે તેની સાથે સાથે ક્રમસંકોચની પ્રક્રિયાને પણ સ્વીકારવીજ પડશે. ક્રમસંકોચ વગર ક્રમવિકાસનો સંભવજ નથી. વૈજ્ઞાનિકો એ વાતની સાક્ષી પૂરશે કે, મંત્રમાં તમે જેટલી જેટલી શક્તિનો પ્રયોગ કર્યો હશે, તેના પ્રમાણમાંજ તેટલી શક્તિનું કાર્ય તમને મળવાનું. અસત્ અથવા શૂન્યમાંથી સત્ કિંવા બીજી ચીજનો આવિર્ભાવ થઇ શકેજ નહિ—અર્થાત્ દરેક કાર્યને તેનું આદિકારણ હોવુંજ જોઇએ. જો મનુષ્ય એ એક પ્રકારના માંસલ જંતુનો ક્રમવિકાસ માત્ર હોય, તો પછી તે જંતુવિશેષમાં પૂર્ણમનુષ્ય, કૃષ્ણમનુષ્ય, બુદ્ધમનુષ્ય કે ખ્રિસ્તમનુષ્ય સંકુચિત સ્વરૂપે યાને બીજ-રૂપે રહેલાજ હોવા જોઇએ; નહિ તો એમના જેવી મહાન વિભૂતિઓ આવેજ ક્યાંથી? શૂન્યમાંથી તો કશાની ઉત્પત્તિ શકયજ નથી. એ રીતે પ્રાચીન શાસ્ત્રોની સાથે આધુનિક વિજ્ઞાનવાદનો મેળ અમે

બેસાડીએ છીએ. જે શક્તિ ધીરે ધીરે અનેક પગથીઆં પસાર કર્યા બાદ પૂર્ણ મનુષ્યરૂપમાં પરિણત થાય છે, તે શક્તિ કંઇ શૂન્ય-માંથી તો સહસા નથીજ ઉદ્‌ભવતી. તે કોઇ ને કોઇ ઠેકાણે ગુપ્ત રહેલી હોય છે; અને જો તમે વૈજ્ઞાનિક પદ્ધતિએ તેના આદિકારણની શોધ કરતાં કરતાં એ માંસલ જંતુવિશેષ અથવા તો જીવાણુ (જેને અંગ્રેજી-માં 'પ્રોટોપ્લાઝમ' કહે છે તે) પર્યંત જઇ પહોંચો તો પછી એ તો નક્કીજ કે, એ જીવાણુમાં તે શક્તિ કોઈ ને કોઇરૂપે રહેલી હોવી જોઇએ.

વર્તમાન સમયના વિદ્વાનોમાં એક મહાપ્રશ્ન ચર્ચાઇ રહ્યો છે કે, આ દેહ નામે ઓળખાતું પંચમહાભૂતનું ખોળિયુંજ આત્મા, વિચાર અથવા સંવેદના વગેરે નામથી ઓળખાતી શક્તિના વિકાસનું કારણ છે, કે પછી વિચારશક્તિ યાને સંવેદનાજ દેહોત્પત્તિનું કારણ છે? અલબત્ત, જગતના સર્વ ધર્મોનું તો એવુંજ માનવું છે કે, વિચાર અથવા સંવેદનાને નામે ઓળખાતી શક્તિજ દેહના આવિષ્કારનું કારણ છે અને નહિ કે તેથી ઉલટું–અર્થાત્ વિચાર અથવા સંવેદનાશક્તિ દેહમાંથી પેદા થાય છે એ વાતનો સકળ ધર્મો સાફ ઇન્કાર કરે છે; કિંતુ આધુનિક વિચારકોમાં કેટલાક એવા સંપ્રદાય છે કે જેઓ આ વિચારશક્તિને શરીરયંત્રના વિવિધ વિભાગોની અમુક પ્રકારની રચનાનુંજ પરિણામમાત્ર છે, એમ માને છે. હવે જો આ મત સ્વીકારવામાં આવે કે, આત્મા કિંવા મન કિંવા સંવેદના અથવા બીજા કોઈ નામથી ઓળખાતી શક્તિ એ આ જડ દેહરૂપી યંત્રનાજ ફળસ્વરૂપ છે, અથવા જે જે જડ પરમાણુઓદ્વારા મસ્તિષ્ક અને શરીરનું ગઠન થયેલું છે, તેજ પાર્થિવ દ્રવ્યોના રાસાયનિક અને ભૌતિક સંયોગનુંજ પરિણામ છે; તો તો પછી મૂળ પ્રશ્ન જેમનો તેમ નિર્ણય થયા વગર ઉભો રહે છે. શરીરગઠન કોણ કરે છે? કયી શક્તિ આ ભૌતિક અણુઓને શરીર-રૂપમાં પરિણત કરે છે? વળી એવી કયી શક્તિ છે કે જે કુદરતમાં ઓતપ્રોત રહેલ જડ દ્રવ્યોમાંથી અમુક અમુક અંશો લઇને તમારૂં શરીર એક ઘાટનું, મારૂં બીજા ઘાટનું અને ત્રીજાનું વળી ત્રીજી રીતનું બનાવે છે? આ બધી પારવિનાની વિભિન્નતા શાથી ઉત્પન્ન થાય છે? મતલબ કે, આત્મા નામક શક્તિ શરીરમાંનાં ભૌતિક પરમાણુઓના ચોક્કસ પ્રકારના સંયોગથી ઉત્પન્ન થાય છે, એમ કહેવું એ ગાડીની પછવાડે ઘોડો જોડવા જેવું બેહૂદું છે. કારણ કે સવાલજ એ છે કે, એ સંયોગ અથવા જડ પરમાણુઓની એ વિશિષ્ટ રચના થઇ શી રીતે? કયી શક્તિએ તેમ કર્યું? કદાચ તમે કહેશો કે, એ સંયોગ સિદ્ધ કરનાર શક્તિ કોઇ નિરાળી હતી, અને આત્મા કે જે અત્યારે અમુક અમુક જડ પરમાણુઓ-ની સાથે સંયુક્ત થયેલો નજરે પડે છે, તે પણ એ જડ પરમાણુ-

ઓના સંયોગનું ફળ છે. પણ એમ કહેવાથી મૂળ પ્રશ્નનું બિલકુલ સમાધાન થતું નથી, એ પ્રશ્ન તો જેમનો તેમ કાયમજ રહે છે. જે મત અન્યાન્ય મતોનું ખંડન ન કરતાં બધી નહિ તો અધિકાંશ ઘટનાઓનું-અધિકાંશ વિષયોનું સ્પષ્ટીકરણ કરી શકે તે મત ગ્રાહ્ય ગણાવો જોઇએ. તેથી એમ કહેવું વધારે યુક્તિસંગત છે કે, જે શક્તિ જડ પરમાણુઓને એકત્ર કરી શરીર ઘડે છે તથા જે શક્તિ-જે ચૈતન્ય શરીરની અંદર પ્રકાશમાન છે, એ બન્ને અભેદ અને એકજ છે. તેથી 'જે ચૈતન્ય અથવા વિચારશક્તિ આપણામાં પ્રગટે છે તે કેવળ જડ પરમાણુઓના સંયોગનુંજ પરિણામ છે, બલ્કે દેહથી ભિન્ન એવું સ્વતંત્ર અસ્તિત્વજ તેનું નથી' એમ કહેવું બિલકુલ અર્થવિનાનું છે. વળી શક્તિની ઉત્પત્તિ જડમાંથી થઇ શકતી નથી. ઉલટું જેને આપણે 'જડ' નામે ઓળખીએ છીએ તેનું અસ્તિત્વજ નથી એવું પ્રયોગદ્વારા સિદ્ધ કરી બતાવવાની શકયતા વધારે છે. તે કેવળ શક્તિની અમુક અવસ્થામાત્રજ છે. જડની અંદર જણાતાં ઘનત્વ, કઠિનતા, મૃદુતા વગેરે ધર્મો જૂદી જૂદી જાતની ગતિનું પરિણામ છે, એ સિદ્ધ કરી દેખાડાય તેમ છે. જડ પરમાણુઓમાં પ્રબળ ગતિ, પ્રબળ કંપ ઉત્પન્ન કરવાથી તેનામાં કઠિનતાનો ગુણ આવે છે. દાખલાતરીકે જો કોઇ ખાણ અથવા સુરંગના વાતાવરણમાં અતિશય પ્રબળ ગતિ ઉત્પન્ન કરવામાં આવે તો અંદરની હવા એક ટેબલ કરતાં પણ વધારે કઠિન અને પ્રતિરોધક બને છે; એટલુંજ નહિ પણ જંગીમાં જંગી ઘન પદાર્થોને ભાંગી કે ભેદી નાખવાની તાકાત તેનામાં આવે છે. આ દૃષ્ટાંતથી એવી કલ્પના કરી શકાય તેમ છે કે, ઇથરને જો પ્રબળ ગોળ ગતિવાળું કરવામાં આવે તો તેમાં પણ જડ પદાર્થના સઘળા ગુણો આવેલા દેખાય. આવી જાતની વિચારસરણીથી એ પણ સહેલાઇથી સાબીત કરી શકાય કે, આપણે જેને ભૂત કહી ઓળખીએ છીએ તેનું અસ્તિત્વ નથી.

શરીરની અંદર આ જે શક્તિનો વિકાસ જોવામાં આવે છે તે શું ચીજ છે? આપણે બધાં સહેલાઇથી સમજી શકીએ તેમ છીએ કે, એ શક્તિ ગમે તે હોય પણ તે જડ પરમાણુઓને ગ્રહણ કરી તેમાંથી અમુક અમુક આકૃતિ--મનુષ્યદેહ-નિર્માણ કરે છે. અન્ય કોઇ આવીને તમારે માટે કે મારે માટે શરીર નિર્માણ કરી જતું નથી. મારે બદલે બીજાને ખાતો કદી જોયો નથી. બીજા કોઇના ખાવા-થી આપણા શરીરનું પોષણ કદાપિ થતું નથી. મારા શરીરના પોષણમાટે તો મારે પંડેજ ખોરાક ખાઈ તેને પચાવી તેના સત્ત્વ-માંથી રક્ત, માંસ અને અસ્થિ વગેરે બનાવવાં પડે છે. ત્યારે એ ભેદી શક્તિ કયી છે? ભૂત અને ભવિષ્યવિષેના વિચારો ઘણાકને

ભયાનક લાગે છે. ઘણાકને તે વિચારો કેવળ કપોલકલ્પિત લાગે છે; તેથી અત્ર આપણે વર્તમાનનોજ વિચાર કરીશું. અત્યારે જે શક્તિ આપણી મારફતે કામ કરી રહી છે તે શું છે? એ તો આપણે જોઇ ગયા છીએ કે, સઘળાં પ્રાચીન શાસ્ત્રોમાં એ શક્તિને એક એવા જ્યોતિર્મય પદાર્થતરીકે વર્ણવવામાં આવી છે કે જેને આપણા સ્થૂળદેહની માફક દેહ હોય છે; પણ તે દેહ સ્થૂળદેહના નાશ સાથે નષ્ટ થતો નથી—અર્થાત્ પ્રત્યેક વ્યક્તિને સ્થૂળદેહ ઉપરાંત એક સૂક્ષ્મ યાને લિંગદેહ હોય છે. વખત જતાં આના કરતાં વધારે ઉચ્ચ ખ્યાલ મનુષ્યના મનમાં ઉદ્ભવેલો જણાય છે અને તે એ કે, આ જ્યોતિર્મય દેહજ તે શક્તિ નથી. કારણકે જે વસ્તુને આકાર હોય છે તે વસ્તુ પરમાણુઓના એકીકરણ અથવા સંયોગનુંજ પરિણામ હોઈ તેના સંચાલન માટે 'અન્ય કશાની' જરૂર રહે છે. હવે જો આ સ્થૂળશરીરના નિર્માણ અને સંચાલન માટે સ્થૂળશરીરથી અતીત લિંગદેહ જેવા બીજા કશાની જરૂર રહે છે, તો પછી એજ સિદ્ધાંત મુજબ એ જ્યોતિર્દેહના નિર્માણ અને સંચાલન માટે તેનાથી ભિન્ન એવા 'બીજા કશાની' જરૂર રહે છે. ત્યારે એ **'અન્ય કશું'** શું? એ **'અન્ય કશા'** ને અમારી ભાષામાં **આત્મા** નામે ઓળખાવ્યો છે. એ આત્માજ જ્યોતિર્મય દેહ યાને લિંગદેહદ્વારા સ્થૂળદેહ પર કાર્ય કરે છે. એ જ્યોતિર્મય દેહ તો માત્ર મનનો આધાર મનાય છે. આત્મા તો તેનાથી અતીત છે. આત્મા કાંઈ મન નથી; તે તો મનના ઉપર અમલ કરે છે અને મનની મારફતે શરીર ઉપર અમલ ચલાવે છે. તમારે એક, મારે બીજો એમ પ્રત્યેકને જૂદો જૂદો એક એક આત્મા (કારણદેહ) તથા એક સૂક્ષ્મ દેહ પણ છે. એ સૂક્ષ્મ અથવા લિંગદેહની મદદથી આપણે સ્થૂળ દેહ ઉપર અમલ કરીએ છીએ. આ આત્માની કલ્પના અસ્તિત્વમાં આવતાં તેના સ્વરૂપસંબંધમાં અનેક જિજ્ઞાસાઓ થવા લાગી. શરીર અને મનથી ભિન્ન એવો આ આત્મા કોણ છે? એનું સ્વરૂપ શું છે? એ વિષયપર પણ અનેક વાદવિવાદો થયા અને વિવિધ સિદ્ધાંતો તથા અનુમાનો અસ્તિત્વમાં આવ્યાં. અનેક પ્રકારની તાત્ત્વિક શોધખોળ ચાલી અને પરિણામે કેટલાક સિદ્ધાંત હાથ લાગ્યા, જેમાંના કેટલાકનું હું તમારી આગળ વર્ણન કરવાનો યત્ન કરીશ. આત્માના સ્વરૂપવિષે ભિન્ન ભિન્ન મતોનો ગમે તે ખ્યાલ હોય, તોપણ સઘળાજ મતો એક બાબતમાં તો એકમત થતા જણાય છે કે, તેને એટલે કે આત્માને કોઇ રૂપ કે આકાર નથી અને જેને રૂપ કે આકાર ન હોય તે અવશ્ય સર્વવ્યાપી હોવો જોઇએ. દેશ અને કાળ મનની અંતર્ગત વસ્તુઓ છે, કાળ સિવાય કાર્યકારણભાવનું અસ્તિત્વ સંભવતું નથી; અને પૂર્વાપર સંબંધ અથવા ઉત્તરોત્તર ક્રમવિના કાર્યકારણભાવ સંભ-

વિત નથી; તેથી દેશ, કાળ અને નિમિત્ત, આ ત્રણે બાબતો મનની અંતર્ગત વસ્તુઓ છે; અને આત્મા મનથી અતીત અને નિરાકાર છે તેથી તે અવશ્ય દેશ, કાળ અને નિમિત્તથી પણ પર હોવો જોઇએ. હવે જો તે દેશ, કાળ અને નિમિત્તથી પર હોય તો તે અનંત હોવો જોઇએ. અહીં હવે અમારાં હિંદુ દર્શનશાસ્ત્રોનો ઉંચામાં ઉંચો વિચાર દેખા દે છે; અને તે એ કે, અનંત એકજ હોય, બે ન હોઇ શકે. આત્મા જો અનંત હોય તો તે એકજ હોવો જોઇએ; અને તમારો એક, મારો બીજો એમ અનેક જૂદા જૂદા આત્માઓના ખ્યાલ ખરા નથી. તેથી **વસ્તુપુરુષ** અથવા મનુષ્યનું યથાર્થ સ્વરૂપ એક, અનંત અને સર્વવ્યાપી છે અને આ સંસારમાં જણાતા વ્યાવહારિક જીવ એ **વસ્તુપુરુષ**નો મર્યાદિત ભાવમાત્ર છે. એ હિસાબે જોતાં આગળ જણાવેલી પૌરાણિક ગાથાઓ અને તેના સિદ્ધાંતો સત્ય ઠરી શકે છે કે, વ્યાવહારિક જીવ-પછી તે ગમે તેટલો મહાન હોય તોપણ-મનુષ્યના એ અતીંદ્રિય પ્રકૃત સ્વરૂપનું યાને એ **વસ્તુપુરુષનું** અસ્ફુટ પ્રતિબિંબ માત્ર છે-અર્થાત્ મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ-આત્મા-કાર્યકારણથી તેમજ દેશકાળથી અતીત હોવાને કારણે અવશ્ય મુક્ત હોવો જોઇએ. એને કોઇ પણ જાતનું બંધન કદી હતું નહિ, છે નહિ કે થવાનું પણ નથી; તેને બાંધવાની તાકાતજ કોઇમાં નથી. વસ્તુપુરુષના પ્રતિબિંબરૂપ આ વ્યાવહારિક જીવજ માત્ર દેશ, કાળ અને નિમિત્તથી મર્યાદિત છે, અને તેથીજ તે બંધનમાં છે અથવા અમારા કેટલાક તત્ત્વવેત્તાઓના શબ્દોમાં કહીએ તો તેનું બંધન પણ માત્ર ઉપલક છે; એટલે કે તે બંધનમાં હોય એમ જણાય છે, પણ વસ્તુતઃ તેમ નથી. આ સર્વવ્યાપકતા, અનંતતા અને ચૈતન્યસ્વભાવ એજ આપણા આત્માનાં સત્ય લક્ષણો છે. એ પ્રત્યેક આત્મા અનંત હોવાથી તેને જન્મ-મૃત્યુનો પણ સવાલ રહેતો નથી. એક પરીક્ષક કેટલાંક બાળકોની પરીક્ષા લેતો હતો. તેના સવાલો જરા કડક હતા. એક સવાલ એણે એવો પૂછયો કે 'પૃથ્વી નીચે કેમ પડી જતી નથી?' પ્રશ્નના જવાબમાં ગુરુત્વાકર્ષણના નિયમ વગેરેની તેણે અપેક્ષા રાખી હતી. ઘણાંખરાં બાળકો કંઇ જવાબ આપી શકયાં નહિ; જ્યારે કેટલાંકે ગુરુત્વાકર્ષણ અથવા બીજા કોઇ નિયમને લીધે પૃથ્વી પડતી નથી એમ જણાવ્યું. પરંતુ એક ચાલાક નાની છોકરીએ સામો પ્રશ્ન પૂછી જવાબ વાળ્યો કે 'એ પડે કયાં?' અર્થાત્ એ પ્રશ્નજ અર્થવિનાનો બેહૂદો છે. પૃથ્વીને તે વળી પડવાનું કેવું? એને નીચે પડવાનું કે ઉપર ચઢવા જેવું કાંઇ છેજ નહિ. અનંતના દેશમાં ઉપર કે નીચે કંઇજ નથી, એ તો માત્ર સાપેક્ષ ભાવ છે. અનંતને તે વળી જવાનું કે આવવાનું કયાં હોય? એ કયાંથી આવે અને કયાં જાય? આ રીતે વિચાર

કરતાં કરતાં લોકો જ્યારે ભૂત અને ભવિષ્યના વિચાર છોડી દે અને માત્ર દેહનુંજ આવાગમન થતું હોવાથી તે મર્યાદિત છે એમ સમજી લઇ તેનો ખ્યાલ પણ છોડી શકે, ત્યારે તેઓ ઉચ્ચતર આદર્શ-ને પહોંચી શકે છે. દેહ એ આત્મા નથી કે મન પણ નથી. કારણ કે તે બન્ને ક્ષય અને વૃદ્ધિના વિકારયુક્ત છે. જડ જગતથી અતીત એવો જે આત્મા તેજ માત્ર સદા સર્વદા અનંતકાળ હયાતી ભોગવે છે. શરીર અને મન એ તો સદાય પરિવર્તનશીલ છે. વસ્તુતઃ જેમ નદીઓનાં પાણીમાંનાં પ્રત્યેક પરમાણુ ચંચળ સ્વભાવનાં હોઇ આગળ ને આગળ વહ્યા કરવા છતાં આપણને અખંડ નદીરૂપે ભાસે છે, તેમ આ દેહના પ્રત્યેક પરમાણુનું પ્રત્યેક પળે પરિવર્તન થયાજ કરે છે. કોઇ પણ વ્યક્તિનું શરીર એક ઘડીભર માટે પણ એકના એક સ્વરૂપમાં રહેતું નથી; તથાપિ આપણા મનમાં એવાજ સંસ્કાર બેસી ગયા છે કે આપણે તેને એક અખંડ શરીરતરીકે માની લઇએ છીએ. મનનું સ્વરૂપ પણ એવીજ જાતનું છે. એક પળે તે સુખી જણાય છે, તો બીજી પળે દુઃખી; એક પળે સબળ હોય છે, તો બીજી પળે દુર્બળ હોય છે. આવું પાણીના ભમરા માફક પળે પળે બદલાતું મન તે આત્મા શી રીતે હોઇ શકે? આત્મા તો અવિકારી અને અનંત છે. વિકાર અને પરિવર્તન તો મર્યાદિત વસ્તુનેજ હોય. અનંતમાં કોઇ પણ જાતના વિકાર કે પરિવર્તનનું આરોપણ કરવું એ કેવળ બેહૂદું અને અજુકતું છે; એમ થવું શક્યજ નથી. શરીરની દૃષ્ટિએ જોતાં તમે અને હું ગતિમાન છીએ–એટલે કે એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જઇ શકીએ છીએ. તેવીજ રીતે જગતના પ્રત્યેક અણુ પરમાણુ પણ નિત્ય પરિવર્તનશીલ છે; પરંતુ જગતને સમષ્ટિ-રૂપે વિચારતાં તેની ગતિ વા તેનું પરિવર્તન અસંભવિત છે. ગતિ હમેશાં સાપેક્ષ વસ્તુ છે, એટલે કે એક વસ્તુનો બીજી વસ્તુ સાથે સંબંધ યા આશ્રય હોય કિંવા તુલના કરી શકાય તેમ હોય ત્યાંજ એ ભાવો સંભવી શકે. આપણે જ્યારે એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જઇએ છીએ, ત્યારે એક મેજ અથવા બીજી કોઇ વસ્તુ પ્રત્યેનો આપણો સંબંધ અને સ્થિતિ પ્રકટ કરીએ છીએ–અર્થાત્ કે મારી ગતિ અન્ય કોઇ ચીજના જેવી હોય છે. જગતનું એકાદ પરમાણુ બીજા કોઇ પરમાણુની તુલનામાં વિકાર યા પરિ-વર્તન પામે; કિંતુ આખા જગતનો સમષ્ટિરૂપે વિચાર કરવા માંડીએ, તો ક્યાં અને કોને મુકાબલે તેનું સ્થાનાંતર અથવા પરિવર્તન થાય? એના સિવાય બીજું કોઈ અસ્તિત્વજ નથી. સચરાચર સર્વ વસ્તુઓ, મનોગમ્ય વિષયો સુદ્ધાં, એ વિરાટ્ સ્વરૂપના અંશમાત્ર છે; એ બધાંજ વિરાટની અંદર સમાઈ રહેલાં છે, પણ એ વિરાટની તુલના તો કરવીજ કોની સાથે? મતલબ કે, આ અનંત **एकमेवाद्वितीयम्**

પરમાત્મા અવિકારી, અચળ અને પૂર્ણ હોઇને પારમાર્થિક સત્તારૂપ-પરમ પુરુષ અથવા વસ્તુપુરુષ છે. એ સર્વવ્યાપી અનંતમાંજ આપણું સત્ય અસ્તિત્વ રહેલું છે, અને નહિ કે કોઇ અંતવાન અને મર્યાદાવાળી વસ્તુમાં. આથી કરીને આપણે માત્ર ક્ષુદ્ર, મર્યાદિત અને નિત્ય પરિવર્તનશીલ યાને વિકારી જીવ છીએ, એ માન્યતા ગમે તેટલી સગવડભરી અને સુખપ્રદ હોય તોપણ તે ભ્રમણામાત્ર છે. લોકોને એમ કહેવામાં આવે છે કે, તમે સર્વવ્યાપી અનંત પુરુષ છો, ત્યારે તેઓ ભડકે છે. સચરાચર સકળ સૃષ્ટિદ્વારા તમેજ કાર્ય કરો છો, સકળ ચરણોવડે તમેજ ચાલો છો, સકળ મુખદ્વારા તમેજ બોલો છો, પ્રત્યેક નાકદ્વારા તમેજ શ્વાસોચ્છવાસની ક્રિયા કરો છો અને પ્રત્યેક હૃદયદ્વારા તમેજ અનુભવો છો, એમ કહેતાંમાંજ લોકો ગભરાઇ ઉઠે છે અને ફરી ફરીને પૂછવા લાગે છે કે 'શું ત્યારે અમારૂં વ્યકિતત્વ નહિ રહે?' હું જાણવા માગું છું કે, એ વ્યકિતત્વ શું ચીજ છે? લોકોનું એ વ્યક્તિત્વ 'એ અહમ્' મને તો કયાંય નજરે પડતું નથી. એક વાર પણ જો હું તે જોઇ શકું તો કેવું સારૂં! વ્યક્તિત્વ શેમાં છે? શું તે શરીરમાં છે? તેમ હોય તો બાળકને નાનપણમાં મૂછ વગેરે કાંઇ હોતું નથી, અને જ્યારે મોટો થાય છે ત્યારે તેને મૂછ આવે છે. હવે જો તેનું વ્યક્તિત્વ શરીરમાંજ રહ્યું હોય તો તો તે પણ શરીરના એ વિકારની સાથે નષ્ટ થયેલું કહેવાય. મારી એક આંખ કિંવા એકાદ હાથ નષ્ટ થઇ જાય, તોપણ મારૂં વ્યક્તિત્વ, જો તે શરીરમાંજ રહેલું હોય તો નષ્ટ થઇ ગયું કહેવાય. વળી એમજ હોય તો તો એક દારૂડીઆએ પણ પોતાની દારૂની લત તજવી ન જોઇએ, કેમકે તેમ કરવાથી તેના વ્યક્તિત્વને ધોકો પહોચે! પછી તો ચોરે પણ ચોર મટી ગૃહસ્થ થવાનું ન રહ્યું, કેમકે તેમ કરવાથી તેનું વ્યક્તિત્વ જતું રહે! અને એ રીતે તો કોઈ પણ મનુષ્યે, પોતાનું વ્યક્તિત્વ ખોઇ બેસવાની બીકે પોતાની ટેવોમાં કોઇ પણ જાતનો સુધારો કરવાનો રહે નહિ; પરંતુ ખરી વાત તેમ નથી. એક માત્ર અનંત સિવાય અન્ય કોઈનું કે કશાનું વ્યકિતત્વજ નથી. જે અવિકારી છે, અને જેને વિષે કોઇ પણ જાતનું કદાપિ પરિવર્તન નથી તેજ માત્ર સત્ છે, તેનીજ સ્થિતિ છે. અનંતજ માત્ર અવિકારી અને સ્થિર છે, બીજું બધું વિકારી અને અસ્થિર છે. કદાચ કોઇ કહેશે કે, વ્યકિતત્વ અથવા अहम् સ્મૃતિ કિંવા યાદદાસ્તમાં રહેલું છે; તો પછી ધારો કે, મારા મસ્તકપર કોઇ સખ્ત ઝટકો લાગે છે અને તેની અસરથી ભૂતકાળની મારી બધી વાતો હું ભુલી જાઉં છું. હવે એમ થતાં, જો વ્યકિતત્વ સ્મૃતિમાંજ રહેલું હોય, તો તો મારૂં બધુંજ વ્યક્તિત્વ નષ્ટ થઇ જઇ હું હતો ન હતો થઇ ગયો

કહેવાઉં. મારા બચપણમાં બે કે ત્રણ વર્ષની વાતો મને યાદ ન રહે એ સંભવિત છે. હવે જો યાદદાસ્ત અને જીંદગી જો એકજ હોય તો તો જેટલી જીંદગી વિષે હું ભૂલી ગયો, તેટલી જીંદગી હું જીવેલો-જ ન કહેવાઉં; પણ વસ્તુતઃ તેમ નથી. એ તો વ્યકિતત્વનો બહુજ સાંકડો ખ્યાલ છે. ખરૂં જોતાં તો આપણે હજી આપણું ખરૂં અથવા પૂરૂં વ્યકિતત્વ પામ્યા નથી, પણ વ્યક્તિત્વને પામવા મથી રહ્યા છીએ; અને એ વ્યકિતત્વને–એટલે કે તે **એકમ્ અદ્વિતીયમ**, તે **અવિચલ અનંત–એનેજ આપણે** પ્રાપ્ત કરવાનો છે, એનેજ માટે આપણું જીવન છે અને એજ મનુષ્યનું યથાર્થ સ્વરૂપ છે. તેજ વ્યકિત ખરૂં જીવે છે, કે જેનું જીવન સમષ્ટિમય છે. મર્યાદિત આદિ અંતવાળી વસ્તુઓને આપણે જેમ જેમ વધારે વળગતા જઇએ છીએ, તેમ તેમ આપણે વધારે વેગથી મૃત્યુમુખમાં ધસીએ છીએ. **આપણાં જીવન જ્યાંસુધી મર્યાદિત અને અંતવાળા પદાર્થોમાં અટવાયા કરે છે ત્યાંસુધી આપણે કૃતાંત કાળનાજ જડબામાં ધસ્યા જઇએ છીએ.** જીવનની જેટલી પળો આપણે સમષ્ટિમાં ગુજારીએ છીએ અર્થાત્ સ્વ–પરનો ભેદ વિસારે નાખી વર્તીએ છીએ, તેટલા પૂરતુંજ આપણું જીવન છે. એ ટુંકા જીવતરને બાદ કરતાં બાકીનું જીવતર એ જીવતર નથી પણ મૃત્યુ છે, જીવ્યા છતાં ન જીવ્યા જેવું છે–રે! ચોખ્ખું મોત છે; અને તેથીજ આપણને મોતનો આટલો ભય લાગે છે. મોતનો એ ભય ત્યારેજ ટળે કે જ્યારે મનુષ્યના મનની પ્રતીતિ થાય અને તેની શ્રદ્ધા બંધાય કે, જ્યાંસુધી વિશ્વમાં એક પણ જીવની હયાતિ છે, ત્યાંસુધી તેની પોતાની જીંદગી છે–ત્યાંસુધી તે પંડે જીવે છે. મનુષ્યને જ્યારે આવી જાતનું જ્ઞાન થાય અને તે કહી શકે કે "હું સકળ પદાર્થમાં છું, સકળ શરીરમાં છું, જીવજંતુમાં છું, સચરાચર જગત તે હુંજ છું, હું સ્વયં સમષ્ટિ છું" ત્યારેજ મૃત્યુનો ભય ટળે અને નિર્ભયતાને પમાય. બાકી, નિત્ય પરિવર્તન-શીલ પદાર્થોમાં અમૃતત્વની ભાવના કરવી એ તો કેવળ અર્થરહિત છે. એમને વિષે અમરતાની વાતો કરવી એ તો ખાલી બકવાદ છે. અમારા એક તત્ત્વવેત્તાએ ઠીકજ કહ્યું છે કે 'વ્યકિતત્વ અથવા **अहम्** હોય તો તે એકલા આત્માનુંજ છે, કેમકે તે અનંત છે. અનંત કદી વિભકત થઇ શકેજ નહિ; અનંતના ભાગલા પાડી શકાયજ નહિ. તે સદા સર્વદા એકજ સ્વરૂપે, અવિભાજ્ય એકમતરીકે પ્રવર્તે છે; અને એજ માત્ર ખરી વ્યષ્ટિ છે, એજ મનુષ્યનું યથાર્થ વ્યક્તિત્વ છે અને એજ વસ્તુપુરુષ છે. સ્થૂળ માનવરૂપ એ તો માત્ર એ અગોચર વ્યક્તિત્વને–એ વસ્તુ પુરુષને સ્થૂળ જગતની અંદર વ્યકત કરવાના પ્રયાસનું પરિણામ છે; આત્મા માટે તો ક્રમવિકાસ જેવું કંઇ છેજ નહિ. એ તો સ્વયંસિદ્ધ અને સર્વથા સંપૂર્ણ છે. દુષ્ટનું દુષ્ટતા

ત્યજીને સજ્જન થવું, પશુઓનું મનુષ્યયોનિને પામવું, એ વગેરે જે જે પરિવર્તનો જગતમાં નિત્ય થઇ રહ્યાં છે તેમની સાથે આત્માને કંઇજ લેવાદેવા નથી. એ પરિવર્તનો આત્માનાં મુદ્દલ નથી. એ દેખીતો ક્રમવિકાસ પ્રકૃતિનો છે; આત્માનો તો આવિર્ભાવ છે. દાખલાતરીકે ધારો કે, તમારી અને મારી વચ્ચે એક પડદો આવેલો છે, અને તેની વચમાં એક બાકું છે. એ બાકું એવડું છે કે જેમાંથી હું તમારામાંનાં માત્ર થોડાંકનાંજ મુખ જોઇ શકું છું. હવે ધારો કે, તે બાકું ક્રમે ક્રમે વિશાળતા ધારણ કરે છે. પરિણામ શું થવાનું ? એજ કે, મારી આગળનું દૃશ્ય વધારે ને વધારે ખુલ્લું થતું જવાનું–એટલે કે હું તમારામાંના વધારે જણને જોઇ શકવાનો; અને એમ કરતાં કરતાં છેવટે બધો પડદો અદૃશ્ય થઇ જાય એટલે હું તમોને બધાંને બરોબર નિહાળી શકવાનો. હવે આ પ્રસંગમાં શું બન્યું તે તપાસીએ. તમે તો જેમના તેમ તમારી મૂળ સ્થિતિમાં હતા, તમારામાં કોઇ પણ જાતનું પરિવર્તન થવા પામ્યું નથી; પરિવર્તન થયું હોય તો બાકાનું, વિકાસ થયો હોય તોપણ તે બાકાનો, તમારો તો માત્ર ક્રમેક્રમે આવિર્ભાવ થતો હતો યાને તમે વધારે ને વધારે ખુલ્લાં થતાં જતાં હતાં એટલુંજ. એમાં તમારો વિકાસ નહોતો, પણ આવિર્ભાવ હતો. આત્માના સંબંધમાં પણ આબેહૂબ એવોજ પ્રકાર છે. આત્માને કોઇ જાતની પૂર્ણતા પ્રાપ્ત કરવાની નથી. એ તો પ્રથમથીજ મુક્ત અને સંપૂર્ણ છે.

ત્યારે આ ધર્મ અને ઇશ્વર તેમજ મરણોત્તર દશાની શોધના ખ્યાલો એ બધું શું છે ? ઇશ્વરની ખોજ મનુષ્ય શામાટે કરે છે ? હરેક પ્રજામાં અને હરેક પ્રકારના સમાજમાં મનુષ્ય કાં તો કોઈ મહાનુભાવ વ્યક્તિમાં, ઇશ્વરમાં કે પછી અન્યત્ર પણ સંપૂર્ણ આદર્શની અપેક્ષા રાખતો જણાય છે, તેનું શું કારણ ? કારણ માત્ર એટલુંજ કે, તે ખ્યાલ–સંપૂર્ણતાના આદર્શનો ખ્યાલ આપણા પોતામાં મૂળથી મોજુદ છે. આપણું પોતીકું હૃદય ધડકતું હોય છતાં આપણને તેની સમજ ન પડતાં, આપણે તે ધબકારો કંઇ બહારથી આવે છે, એમ માની લેવાની ભૂલ કરીએ છીએ. એજ પ્રમાણે આપણા સર્વમાં બિરાજમાન પરમાત્માજ આપણને તેની શોધ અર્થે યાને તેનો સાક્ષાત્કાર કરવા પ્રેરે છે; પણ આપણને તેની ગતાગમ નહિ હોવાથી આપણે વ્યર્થ ભટકાઇએ છીએ. મંદિરોમાં અને મસ્જીદોમાં, દેવળોમાં અને દેરાસરોમાં, પૃથ્વીપર અને આકાશમાં એને પ્રાપ્ત કરવા માટે દીર્ઘ કાળપર્યંત વ્યર્થ ફાંફાં માર્યા બાદ અંતે આપણે જ્યાંના ત્યાં ઠેકાણે આવીએ છીએ. વર્તુલાકાર માર્ગમાં પ્રયાણ કરતાં કરતાં આખરે જે બિંદુથી ઉપડયા હોઇએ છીએ ત્યાંજ આવીને ઉભા રહીએ છીએ; તેમ આ બાબતમાં પણ

આપણે પોતાના આત્માપ્રત્યેજ પાછા વળીએ છીએ, અને સાશ્ચર્ય અનુભવીએ છીએ કે, જેની શોધમાં આપણે આખી આલમ અટવાઇ મુઆ, જેને માટે આપણે મંદિરો અને મસ્જીદોમાં અનેક વાર અશ્રુ સાર્યાં અને કાકલુદીભરી પ્રાર્થનાઓ ગુજારી, અને જેને આપણે વાદળાંની ઓથે છુપાઈ રહેલા એકાદ ગુપ્તમાં ગુપ્ત રહસ્યતરીકે માનતાં હતાં, તે તો આપણી નજદીકમાં નજદીક છે–રે આપણું પોતાનું સ્વત્વ છે. આપણી પોતાની પ્રકૃતિ અથવા આપણો પોતાનો સ્વભાવ તે આ છે. તેનાપર તમારૂં સ્વામીત્વ સિદ્ધ કરી તેનો આવિષ્કાર કરો. તમારે શુદ્ધ થવાનું છે નહિ; કારણકે તમે શુદ્ધજ છો. સંપૂર્ણ પણ થવા જેવું છે નહિ; કેમકે તમે પૂર્ણજ છો. પ્રકૃતિજ એ સત્ય વસ્તુને પોતાને ઓથે છુપાવી રાખનાર પડદા જેવી છે. પડદાની પાછળ અમુક વસ્તુ ચોકકસ હોવા છતાં, પડદાને લીધે આપણને તેનો સાક્ષાત્કાર થઇ શકતો નથી; તેમ ઇશ્વર અને આપણી વચ્ચે પણ પ્રકૃતિરૂપ અંતરપટ છે તેથીજ તે આપણી નજદીક છતાં આપણને તેનો સહજ સાક્ષાત્કાર થતો નથી. આપણા પ્રત્યેક સદ્‌વિચાર અને સદ્‌વ્યવહારથી તે પડદો ચીરાતો જાય છે–પાતળો–આછો થતો ચાલે છે, અને તેને ઓથે રહેલી વિશુદ્ધતા, અનંતતા, પરમાત્માની વિભૂતિ વધારે ને વધારે આવિષ્કાર પામતી જાય છે–અર્થાત્ કે ઇશ્વર અને આપણી વચ્ચે રહેલા પ્રકૃતિરૂપ અંતરપટને કાઢવા માટે સદ્‌વિચાર અને સત્કાર્ય એજ ખરાં અને સચોટ સાધનો છે. એ પડદો જેમ જેમ પાતળો થતો જાય છે, તેમ તેમ તેને ઓથે રહેલી જ્યોત વધારે ને વધારે પ્રકાશમાન લાગે છે. કારણ કે પ્રકાશવું એ તો એનો સ્વભાવસિદ્ધ ધર્મ છે. **એ** અગમ્ય છે, **એને** જાણવાની આપણી સઘળી કોશીશ વ્યર્થ છે. જો **એ** જ્ઞેય વસ્તુ હોય, તો પછી તે છે તેવી અનાદિ–અનંત હોઈ શકે નહિ. જ્ઞાન એ મર્યાદિત છે, વસ્તુનું નિરૂપણ છે; ત્યારે પરમાત્મા તો પ્રત્યેક વસ્તુનો અનંત વિષય છે, વિશ્વનો અનંત સાક્ષી છે, તમારૂં પોતાનું સ્વરૂપ છે. જ્ઞાન એ તો એનાથી ઉતરતું પગથિયું છે. મૂળથીજ આપણે તે અનંત વસ્તુ છીએ, તો પછી તેને આપણે જાણી કેવી રીતે શકીએ? કોણે કોને જાણવાનું? મનુષ્યમાત્રનું તે વાસ્તવિક સ્વરૂપ છે, અને સમજીને કે સમજયાવિના–ખરી રીતે કે ઉલટી રીતે તે તેનેજ વ્યક્ત કરવાના વિવિધ પ્રયાસો કરે છે; નહિ તો વળી આટલા બધા નૈતિક કાનુનોજ ક્યાંથી અને શા માટે હોય? આ બધા નૈતિક નિયમોનો ખુલાસો બીજો શો હોય? બધીજ નૈતિક પ્રણાલિકાઓના કેન્દ્રતરીકે એકજ ખ્યાલ–એકજ ભાવ જૂદે જૂદે રૂપે દર્શાવાયલો જણાય છે; અને તે એ કે, પરોપકાર કરો, બીજાંનું ભલું કરો. મનુષ્યજાત પ્રત્યે, અરે! પ્રાણીમાત્ર પ્રત્યે પરોપકારબુદ્ધિ એજ

મનુષ્યજીવનનો મુખ્યતમ ઉદ્દેશ હોવો જોઇએ. પણ એ બધા તો પેલા અનંત સત્યકે "હું વિશ્વ છું-વિરાટ છું; આ વિશ્વ એક છે" એના વિવિધ ભાવમાત્ર છે, નહિ તો પછી એમાં પ્રયોજન જેવું કયાં રહે છે ? મારે મારા માનવબંધુઓ ઉપર ઉપકારજ શા માટે કરવો, બીજાનું ભલું મારે શા માટે કરવું? તેમ કરવા મને કોણ પ્રેરે છે? એ પ્રેરનાર શક્તિ તે સમભાવ યાને સર્વત્ર એકતાની લાગણી છે. કઠણમાં કઠણ હૃદયો પણ કોઈ કોઈ વાર બીજાંઓ માટે સમભાવની લાગણીથી દ્રવી જાય છે. આ માની લીધેલું વ્યક્તિત્વ એ વસ્તુતઃ માયા અથવા પ્રપંચ છે, અને એ દેખીતા વ્યક્તિત્વને વળગી રહેવાનો પ્રયાસ કરવો એ અધમતાનું લક્ષણ છે; એમ કહેતાં જે માણસ ભડકી ઉઠે છે, તેવો માણસ પણ તમને છાતી ઠોકીને કહેશે કે, સંપૂર્ણ સ્વાર્થત્યાગ એજ સઘળી નૈતિકતાનું કેન્દ્ર છે. આ સંપૂર્ણ સ્વાર્થત્યાગ એ શું છે ? એનો અર્થ એટલોજ છે કે, આ દેખીતા 'સ્વ'નો યાને સ્વાર્થમાત્રનો ત્યાગ કરવો. આ 'હું" અને 'મારા'ની ભાવના યાને અહંતા અને મમતા-એ ગત જન્મના ભ્રમનું પરિણામ છે. તેથી આ વર્તમાન જન્મમાં મિથ્યા 'સ્વ'ની ભાવના જેમ જેમ ગળતી જશે, તેમ તેમ સત્ય **'સ્વ'** ની ઝાંખી વધુ ને વધુ થતી જશે. સઘળાં નીતિશિક્ષણનાં કેન્દ્રરૂપ, પાયાભૂત અને સારરૂપ જે સાચો સ્વાર્થત્યાગ-સાચું સ્વાર્પણ, તે આ છે; અને આપણે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ તોપણ દુનિયા ઓછાવત્તા પ્રમાણમાં તે આચરીને તે તરફ ધીરે ધીરે પ્રયાણ કરી રહી છે. મનુષ્યોનો મોટો ભાગ તે થોડાઘણા પ્રમાણમાં આચરે છે; તે ભલે અજાણપણે આચરે છે, પણ દુનિયાભરમાં તેનું આચરણ તો ચાલીજ રહ્યું છે એ નિર્વિવાદ છે. લોકો તે સમજણપૂર્વક કરતા થાય એટલીજ જરૂર છે. આ અહંતા અને મમતા યાને આ 'હું" અને 'મારૂં' એ કાંઇ મનુષ્યનું સાચું સ્વરૂપ નથી, પણ મર્યાદિત અંશમાત્ર છે. ઓથે રહેલા એ અનંત સત્યની એક ઝાંખી, એ અનંત પ્રકાશ કે જે સર્વત્ર અને સર્વસ્વ છે તેની એક ચીણગારીરૂપજ અત્યારનો મનુષ્ય છે અને અનંત એ તેનું સત્ય સ્વરૂપ છે.

આ જ્ઞાનનાં ઉપયોગ, અસર અને પરિણામ શાં છે આ જમાનામાં તો પ્રત્યેક વસ્તુનું માપ તેની વ્યવહારમાં ઉપયોગિતા ઉપરથી કાઢવામાં આવે છે-તેની કિંમત કેટલા રૂપિયા-આના-પૈ અંકાય તેમ છે, તેનોજ હિસાબ કાઢવામાં આવે છે; પરંતુ સત્યને ઉપયોગિતાના કિંવા પૈસાના માપથી આંકવાનું કહેવાનો કોઇને શો અધિકાર છે? ધારો કે, તેની કંઇજ ઉપયોગિતા ન હોય, પણ તેથી શું તે સત્યના અંશમાં કંઇ ઓછપ આવવાની છે ? વસ્તુતઃ તો લૌકિક ઉપયોગિતા એ સત્યની કસોટીજ નથી; તથાપિ તેનામાં ઉપયોગિતા પણ વધારે-

માં વધારે અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રહેલી છે, એ ભૂલવું જોઇએ નહિ. **આ તો આપણા અનુભવની વાત છે કે, હરેક પ્રાણી સુખનેજ માટે ફાંફાં મારતો જણાય છે, ફેરમાત્ર એટલોજ કે મોટો ભાગ તેને નાશવંત અને અવાસ્તવિક વસ્તુઓમાં ખોળતો જણાય છે.** ખરી રીતે તો સુખ ઇંદ્રિયજન્ય વિષયોમાં કદી કોઇને મળ્યું નથી કે મળવાનું નથી. વાસ્તવિક સુખ ઇંદ્રિયજન્ય ભોગોમાં નથી મળતું પણ બહુ તો માત્ર સુખાભાસજ મળે છે; અને વાસ્તવ સુખ તો માત્ર આત્મામાંજ મળે છે. અને તેથી મનુષ્યને માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગિતા એજ છે કે, પોતાના વાસ્તવિક આત્મા-રૂપ પરમાત્મામાંજ સુખને શોધવું. બીજો મુદ્દો એ છે કે, અજ્ઞાન એ સર્વ દુઃખોની જનેતા હોઇને **અનંત** આંસુ સારે છે અને એજ મોટામાં મોટું તથા ખરેખરૂં અજ્ઞાન છે. અજરામર, નિત્યવિશુદ્ધ અને સંપૂર્ણ આત્મા એવા જે આપણે તે એવું માની લઇએ છીએ કે, આપણે ક્ષુદ્ર જીવો અને અલ્પ પ્રાણીઓ છીએ, અને એ માન્ય-તાજ સર્વ દુઃખોનું અને સ્વાર્થનું મૂળ હોઇને બીજા દેહોના ભોગે પણ તેને પોષવાની—એટલે કે મારા દેહને—સંભાળવા સંરક્ષવાની તથા તેને સુંદર અને ઠીકઠાક રાખવાની મનોવૃત્તિ ઉત્પન્ન થવાની એટલે પછી તમે અને હું ભિન્ન છીએ એવી ભેદવૃત્તિ ઉત્પન્ન થવાની. એ જાતની ભેદવૃત્તિ પેદા થતાંજ ઉપદ્રવ ને ધાંધલને માટે માર્ગ મોકળો બને છે અને તેને પરિણામે દુઃખ પ્રાપ્ત થાય છે—અર્થાત્ કે દુનિયામાં પ્રવર્તતાં તોફાન અને ઉપદ્રવો તથા દુઃખોની પરંપરા—એ આ ભેદવૃત્તિને લીધેજ છે. આજે મનુષ્યોનો થોડો ભાગ પણ જો સ્વાર્થવૃત્તિ, સંકુચિતપણું અને ક્ષુદ્રતાને બાજુએ મૂકી શકે, તો આવતી કાલેજ આ પૃથ્વી સ્વર્ગ બની જાય. ધર્મની અને અધ્યાત્મજ્ઞાનની ખરી ઉપયોગિતા હોય તો તે આ છે; બાકી આ યંત્રો અને ભૌતિક જ્ઞાનની પ્રગતિથી તો તેમ કદીજ થવાનો સંભવ નથી. પૃથ્વીપર સ્વર્ગ ઉતરે તો તે થોડાંઘણાંના સ્વાર્પણથી; બાકી નવીન નવીન યંત્રો અને ભૌતિક વિજ્ઞાનની નવી નવી શોધખોળોથી તો, આગમાં તેલ છાંટતાં વધારે ભડકો થાય છે તેમ દુનિયાનાં દુઃખોમાં વધારોજ થયા કરવાનો. **આત્મજ્ઞાન યાને આધ્યાત્મિકતા વિનાનું નર્યું ભૌતિક વિજ્ઞાન તો આગમાં બળતણ ઉમેરવા સરખું ભયં-કર છે.** એથી તો સ્વાર્થસાધકોના હાથમાં પારકાંનું છીનવી લેવા માટે, અને પરને માટે કુરબાની કરવાને બદલે પારકાંના જીવને જોખમે પણ પોતે જીંદગી માણવા માટેનું એક વધુ શસ્ત્ર આવે છે, અને તેનો ઉપયોગ તેવોજ થતો નજરે પડે છે.

ત્યારે હવે આ ઠેકાણે કોઇ એવો સવાલ કરશે કે "તમે કહો છો તે શું વ્યવહારૂ છે? તમારો સ્વાર્પણનો સિદ્ધાંત અર્વાચીન

સમાજમાં આચરી શકાય તેમ છે ખરો ? એના જવાબમાં એટલુંજ કહેવાનું છે કે "પ્રાચીન કે અર્વાચીન કોઇ પણ સમાજ આગળ સત્ય નમતું નથી; નમવાનું હોય તો તે સમાજના મનુષ્યોજ નમે. અને થોડાકો પણ ન નમે તથા બીજાઓ એ નમનારાઓને નજ અનુસરે, તો આખો સમાજ મરે." હકીકત આવી હોવાથી **એ પરમોત્તમ સત્યને અનુસરીને સમાજનું બંધારણ થવું ઘટે છે;** સમાજની વૃત્તિને સત્યે અનુસરવાનું છેજ નહિ. સ્વાર્થત્યાગ કિંવા સ્વાર્પણ જેવું ઉમદા સત્ય જો સમાજમાં રહીને નજ આચરી શકાય તો બહેતર છે કે, મનુષ્યે સમાજનો પરિત્યાગ કરી જંગલમાં જઇ વસવું. એમ કરનાર મનુષ્ય ખરો ધીર નર છે. ધીરજ અથવા હિંમત બે પ્રકારની હોય છે. તોપને મોઢે છાતી કાઢી ઉભા રહેવાની હિંમત તે એક પ્રકારની; અને બીજી તે આધ્યાત્મિક શ્રદ્ધાની. એક વાર ભરતખંડ પર ચઢી આવેલા એક વિજયી બાદશાહને તેના ગુરુ તરફથી એવી સલાહ મળી કે તેણે ભરતખંડના કેટલાક સંત મહાત્માઓનાં દર્શન કરી આવવાં. તે મુજબ બાદશાહ સંત મહાત્માની શોધમાં નીકળ્યો. ઘણા દિવસની શોધ પછી તેને એક શિલાપર બિરાજેલા એક અતિ વૃદ્ધ મહાત્માનો ભેટો થયો. થોડી-ઘણી વાતચીત થતાંજ બાદશાહના મનપર તે મહાત્માના જ્ઞાનનો ઉંડો પ્રભાવ પડયો, અને પરિણામે બાદશાહે તે મહાત્માને પોતાની સાથે દેશમાં ચાલવાની વિનતિ કરી. મહાત્માએ કહ્યું "ના, મને મારા આ જંગલવાસથી પૂર્ણ સંતોષ છે." બાદશાહે કહ્યું "હું તમને પૈસા, પદવી અને વૈભવ આપીશ; હું દુનિયાનો બાદશાહ છું." મહાત્માએ કહ્યું કે "નહિ, મને તેની મુદ્દલ પરવા નથી." તે પર બાદશાહે ચીઢવાઇને કહ્યું કે "જો તમે એમ નહિ આવો, તો હું તમને મારી નાખીશ." એટલે તો મહાત્મા શાંતચિત્તે મોં મલકાવીને બોલ્યા "અરે બાદશાહ ! એ તું કેવું મૂર્ખ વચન ઉચ્ચર્યો ? આના કરતાં વધારે મૂર્ખતાભર્યું અને અર્થરહિત વાક્ય બીજું નહિ હોય ! મને તું મારી શકવાનોજ નથી. સૂર્ય મને સૂકવી શકે તેમ નથી, અગ્નિ મને બાળી શકે તેમ નથી કે તરવાર મારો વધ કરી શકે તેમ નથી. કારણકે હું તો અજન્મા, અમર, નિત્યજીવી, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી આત્મા-પરબ્રહ્મ-છું." આ એક આધ્યાત્મિક હિંમતનું દૃષ્ટાંત છે. સિંહ કે વાઘની હિંમત એ બીજા પ્રકારની છે. ઇ. સ. ૧૮૫૭ના બળવા વખતે એક મહાત્માને એક મુસલમાન બળવાખોરે ખંજરવડે મરણતોલ લોહીલુહાણ કર્યા. એટલે તેમના હિંદુ સાથીતોએ તેને પકડી તે મહાત્મા પાસે ઘસડી આણ્યો અને તેના પ્રાણ લેવા માટે તેમની અનુમતિ માગી; પણ એ મહાત્મા તો શાંત ચિત્તે નયન ખોલી બોલ્યા કે "બંધુ ! તું પણ તે છે, તું તેજ

છે' અને એ રીતે ખુનીમાં પ્રભુની ભાવના ધરતાં ધરતાં તેમણે પ્રાણ છોડયા. આધ્યાત્મિક ધૈર્યનું—આધ્યાત્મિક વિશ્વાસનું આ બીજું ઉદાહરણ છે. તમારા સમાજમાં જો સત્યનો સમાવેશ થઇ ન શકે અગર તો ઉંચામાં ઉંચા સત્યને સ્થાન મળી શકે એવા સમાજને તમે નિર્માણ ન કરી શકો, તો પછી તમારા બાહુબળની અને પાશ્ચાત્ય સંસ્થાઓની શ્રેષ્ટતાની માત્ર વાતો કરવામાં શું હાંસલ? તમારા વૈભવ અને મહત્તાની બડાશભરી વાતો કરવાથી શો લાભ? જો તમે કહો કે "આવી હિંમત વ્યવહારૂ નથી, શકય નથી" તો શું પાઉન્ડ, શિલિંગ અને પેન્સવગર બીજું કશુંજ વ્યવહારૂ નથી? જો એમજ હોય તો પછી તમારા સમાજવિષે બડાશ મારવાની કયાં રહી? ઉચ્ચમાં ઉચ્ચ સત્ય જે સમાજમાં વ્યવહારૂ બની શકે તેજ સમાજ સૌથી શ્રેષ્ટ, અને સૌથી મહાન છે. મારો તો આવો અભિપ્રાય છે. જો સમાજ સર્વોત્તમ સત્ય માટે યોગ્ય ન હોય તો તેને યોગ્ય બનાવો, અને તે જેમ જલદી કરશો તેમ સારૂં. ભાઈઓ અને બહેનો! ઉઠો અને તે અનંત સત્યરૂપ, અનંત શક્તિરૂપ અને અનંત આત્મારૂપ એવા સચ્ચિદાનંદ પરમાત્માનેજ માનવાની અને તેનેજ પામવાની સાધના અમલમાં મૂકવાની હિંમત ધરો. જગતને અત્યારે એવાં થોડાંક સો હિંમતવાળાં સ્ત્રીપુરુષોની જરૂર છે. પ્રથમ સત્યને જાણવું અને સમજ્યા બાદ જીંદગીમાં જોગવવું એજ શ્રેષ્ટ અને સાચી બહાદુરી અથવા હિંમત છે. એ હિંમત આવતાં મનુષ્ય મૃત્યુથી ધ્રૂજવાને બદલે તેને વધાવી લે છે. કારણકે તે સમજે છે કે, પોતે પરબ્રહ્મ પરમાત્મા છે. તેને મારી શકે એવું આ સમગ્ર જગતમાં કોઇજ અને કશુંજ નથી. આ જાતની હિંમત તમે કેળવો અને આચરણમાં મૂકો; એટલે પછી તમને પોતાનું સત્ય સ્વરૂપ અવસ્ય સમજાશે.

હાલના વખતમાં કામને અતિશય મહત્ત્વ આપી વિચારની અવગણના કરવાની વૃત્તિ વધારે જણાય છે. કામ કરવું એ સારૂં છે, પરંતુ એ કામ નીકળે છે કયાંથી? વિચારવગર કામ સંભવેજ નહિ. સ્નાયુઓદ્વારા શક્તિનો થોડો ઘણો આવિષ્કાર કરવો એને આપણે કામને નામે ઓળખીએ છીએ; પણ જ્યાં વિચારજ નહિ હોય ત્યાં કામને નામે પણ મીંડુંજ—અર્થાત્ કોઇ પણ કામના પાયારૂપ વિચાર તો હોવાનોજ. તો પછી મગજને ઉચ્ચ વિચારોથી ભરો અને ઉત્તમ આદર્શો નજર આગળ રાખો, કે જેથી ઉત્તમ અને મહાન કાર્ય કરી શકાય.

એક સિંહણની વાત છે. તે ગર્ભિણી હતી. એ સ્થિતિમાં એક દિવસ તે શિકારની શોધમાં આમ તેમ ફરતી હતી. તેવામાં તેની નજરે એક ઘેટાંનું ટોળું પડયું. ઘેટાંને જોતાંજ તેણે તેમના પર છલંગ મારી; પણ તેમ કરતાં તેને પ્રસવ થઇ ગયો અને તેના

રામ રમી ગયા. બચ્ચું બિચારૂં જન્મતાંવેંતજ નમાયું બન્યું. એટલે ઘેટાંના ટોળા સાથે તે રહ્યું અને ઘેટાં ભેગું ઉછર્યું. પરિણામે તે ઘાસખાઉં અને ઘેટાંની માફક ગરીબ થયું. વખત જતાં તે બચ્ચું મટી મોટો સિંહ થયો, છતાં પણ તે એમજ માનતું કે, હું એક ઘેટું છું. એવામાં એક દિવસે બીજો એક સિંહ શિકાર શોધતો શોધતો આ ઘેટાંના ટોળા આગળ આવી ચઢયો. તેને જોતાંજ ઘેટાં બિચારાં પ્રાણ લઇ નાઠાં, તેમની સાથે પેલું સિંહનું બચ્ચું પણ નાઠું. ઘેટાંના ટોળામાં સિંહને જોઇને અને તેને પ્રાણભયથી આમ ભાગતો જોઇને આ સિંહને અચંબો ઉપજયો. તેણે એ ઘેટા-સિંહ પાસે જઇને તેને "તું સિંહ છે" એમ કહેવાનો બહુએ પ્રયત્ન કર્યો; પણ તે બિચારાના તો તેના દર્શનમાત્રથી હોશ કોશ ઉડી જતા અને તેથી તે જીવ લઇ નાસી જતું. છતાં પણ પેલા સિંહે પોતાની કોશીશ જારી રાખી અને અનુકૂળ તકની રાહ જોતાં જોતાં તેણે એક દહાડો પેલા ઘેટા-સિંહને ઉંઘતો પકડી પાડયો, અને તેને ઢંઢોળી કહ્યું કે "ઉઠ, તું તો મારા જેવો સિંહ છે." પેલો કહે "ના, ભાઇસાબ મને જવા દો, હું તો ઘેટું છું." અને એમ કરી ભયથી બેંબારવા લાગ્યો. તે જોઇ સિંહ તેને એક તળાવ પર ઘસડી ગયો અને બોલ્યો કે "જો, આ પાણીમાં મારો ઓળો પડે છે ને તારોય પડે છે; બન્નેને સરખાવી જો." તે મુજબ પેલાએ પ્રથમ સિંહ ભણી અને પછી પોતાના પડછાયા ભણી ધારી ધારીને જોયું. જોતાંજ તેને ભાન થયું કે પોતે ઘેટું નથી, પણ સિંહ છે. એ ભાન થતાંજ તેનું બેંબારવાનું જતું રહ્યું અને પ્રચંડ ગર્જનાથી તેણે આખો વનપ્રદેશ ગજાવી મૂકયો. એવીજ રીતે તમે બધાં પણ સિંહો છો, આત્મા છો, શુદ્ધ, અનંત અને સંપૂર્ણ છો! સકળ વિશ્વનું બળ તમારી અંદર છે. તેનું ભાનજ માત્ર જાગ્રત થવાની જરૂર છે. એક આર્ય માતા પોતાના બાળકને માટે નીચલા ભાવના ગાનથી હીંચોળતી હતી કે, "મિત્ર! તું શાદને રડે છે? તારે જન્મ નથી કે મૃત્યુ નથી. તું શાદને રડે છે? તારે વ્યાધિ નથી કે ઉપાધિ નથી; તું તો અનંત આકાશસમ છે. આકાશના પટ પર વિવિધરંગી અનેક વાદળાં આવે છે, ઘડીભર ખેલે કૂદે છે અને પછી પાછાં અલોપ થઇ જાય છે; પણ તેથી આકાશમાં કંઇજ ફરક પડતો નથી, તે તો નિરંતર જેમનું તેમ આસ્માની રંગનુંજ હોય છે." જગતમાં આપણે દુષ્ટતાને કેમ ભાળીએ છીએ? તો કે આપણામાં તે છે માટે. આપણે જેવા હોઇએ તેવાજ ખ્યાલ બીજાને જોતાં આપણને આવે. એક ઝાડનું ઠુંઠું હતું. રાત્રિના અંધારામાં તે ચોર, તરુણ આશક અને એક બાળક, એમ ત્રણ જણના દીઠામાં આવ્યું. એ ઠુંઠાને જોતાંજ ત્રણેના મનમાં ત્રણ જૂદા જૂદા ભાવ બંધાયા. ચોરે

માન્યું કે પોલીસનો સિપાઈ છે; પ્રિયાની વાટ જોતા આશકે ધાર્યું કે પોતાની માશુક ઉભી છે; અને તેજ દિવસે ભૂતની વાતો સાંભળેલા પેલા બાળકે કલ્પ્યું કે, તે ભૂત છે અને તેથી તેણે બ્હીને રડવા માંડયું. આમ એકજ ઠુંઠાને જોઇ ત્રણ જણનાં મનમાં જૂદા જૂદા ભાવ પેદા થયા, છતાં પણ એ ભાવને પેદા કરનાર પોતે તો વસ્તુતઃ ઠુંઠુંજ હતું. તાત્પર્ય કે, આપણે પોતે જેવાં હોઇએ છીએ તેવું જગત આપણને જણાય છે. ધારો કે, એક ઓરડામાં એક બાળક બેઠેલું છે અને તેની બાજુમાં એક મેજ પર સોનામહોરોથી ભરેલ એક થેલી છે; તે થેલી એક ચોર આવીને ચોરી જાય છે. હવે કહો જોઇએ કે, બાળકને વિચાર સરખો પણ હોય છે કે તે ચોરાઇ ગઇ? આપણી પોતાની અંદર જે હોય છે તેજ આપણે બહાર નીહાળીએ છીએ. બાળકના નિર્દોષ મનમાં ચોરનો ખ્યાલ સરખો હોતો નથી, અને તેથી બહાર પણ તેને ચોર કે ચોરી જેવું કંઈ જણાતું નથી. બધી બાબતમાં એમજ સમજવાનું છે, દુનિયાની દુષ્ટતા અને તેનાં પાપોની વાતો ન કરો. હજી પણ આપણને સર્વત્ર દુષ્ટતા અને પાપ જોવાં પડે છે, તો તે માટે રડો, શોક કરો; અને જો તમે ખરેખર દુનિયાને સહાય કરવા ચાહતા હો તો તેને દૂષણ દેવાનું અને તેના દોષોજ જોયા કરવાનું છોડી દેજો. દૂષણ દઇ દઇને તેને છે તેના કરતાં પણ વધારે નિર્બળ બનાવશો નહિ. આ પાપ અને દુઃખ–એ બધું નિર્બળતાનું પરિણામ નહિ તો બીજું શું છે? પાપ અને દુઃખવિષેના ઉપદેશોથી તો જગત દિવસે દિવસે વધારે નિર્બળ બનતું જાય છે. માણસોને બચપણથીજ એવું શીખવવામાં આવે છે કે, તેઓ નિર્બળ અને પાપી છે. એ રીત સાવ ગલત છે. તેનો ત્યાગ કરો, તેને બદલે આવિર્ભાવની બાબતમાં નબળામાં નબળાં મનુષ્યોને પણ સમજાવો કે, તમે અમરતાનાં યશસ્વી બાળકો છો. બચપણથીજ તેમનાં ભેજાંમાં નિશ્ચયાત્મક અને સુદૃઢ વિચારોનો પ્રવેશ થવા દો. નિર્બળતા અને નિશ્ચેષ્ટતા લાવનાર વિચારોને બદલે સુદૃઢ અને સરસ વિચારોનું સેવન કરો. વિશ્વનું અનંત બળ તમારૂં છે. તમારા મનને આચ્છાદિત કરનારાં વહેમ અને ભ્રમનાં આવરણોને દૂર કરો. બહાદૂર બનો, ધીર બનો, સત્યને જાણો અને આચરો. ઇષ્ટ દૂર સુદૂર હોય, છતાં **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।** એ સૂત્રને લક્ષમાં રાખી ઉઠો, આળસને પરહરો અને ઇષ્ટને પ્રાપ્ત કરીનેજ જંપો.

३–माया अने भ्रांति*

'માયા' એ શબ્દ તો તમે બધાએ સાંભળ્યોજ હશે. સામાન્ય રીતે એ શબ્દ ભ્રાંતિ, પ્રપંચ, ઇંદ્રજાળ એવા કોઇ અર્થમાં વપરાય છે; પણ તે એનો ખરો અર્થ નથી. વેદાંતમાં એ જે અર્થમાં વપરાયો છે તે આ નથી. માયાવાદ તો વેદાંતનો એક અગત્યનો સ્તંભ છે. વેદાંતના વિષયમાં ચંચુપ્રવેશ કરતાં પહેલાં આ 'માયા' શબ્દનો અર્થ બરોબર સમજવો જોઇએ; પણ એ વિષય ઘણો ગહન હોઇ સહજ સમજાય તેવો નથી. તેથી સૌ કોઇ ધીરજ ધરી ધ્યાનપૂર્વક શ્રવણ કરે એવી મારી પ્રાર્થના છે; નહિ તો અર્થનો અનર્થ થઇ જવાનો યાને ઉંધું સમજાઇ જવાનો સંભવ છે.

'માયા' શબ્દનો પહેલવહેલો પ્રયોગ અમારા વૈદિક સાહિત્યમાં થયેલો જોવામાં આવે છે. ત્યાં એ પ્રપંચ અથવા ઇંદ્રજાળના અર્થમાં વપરાયલો છે. 'માયા' શબ્દનો એ જૂનામાં જૂનો ખ્યાલ છે. પરંતુ એ ધ્યાનમાં રાખવાનું છે કે, તે સમયે પ્રકૃત માયાવાદ અસ્તિત્વમાં આવ્યો નહોતો. તે જમાનામાં માયાવાદનો અત્યારનો સિદ્ધાંત હજી નીકળ્યોજ નહોતો. **इन्द्रो मायाभिः पुरुरूपमियते** ઇંદ્રે પોતાની માયાથી વિવિધ રૂપો ધારણ કર્યાં, એવા ભાવાર્થવાળા અનેક ફકરા વેદમાં મળી આવે છે. આ ઠેકાણે 'માયા' શબ્દ ઇંદ્રજાળ અથવા જાદુનાજ અર્થમાં વપરાયો છે, અને એજ અર્થમાં બીજે અનેક ઠેકાણે પણ વેદની અંદર એ શબ્દનો પ્રયોગ થયો છે. ત્યારપછી કેટલોક સમય એ શબ્દ સાહિત્યમાં વપરાતો બંધ પડયો. પરંતુ તેથી એમ સમજવાનું નથી કે, તે સાવ વિસારે પડયો હતો. વસ્તુતઃ તો તે ગાળામાં 'માયા' શબ્દનો અત્યારનો રૂઢાર્થ અથવા પારિભાષિક ખ્યાલ વિકાસ પામતો જતો હતો; તેથી થોડાક વખત પછી આ પ્રશ્ન પૂછાયલો નજરે પડે છે કે "જગતનું ગુપ્ત રહસ્ય આપણે કેમ જાણી શકતા નથી?" આ પ્રશ્નનો ઉત્તર પણ બહુ ગર્ભિત યાને અર્થસૂચક મળ્યો; અને તે એ કે, **नीहारेण प्रावृत्ता जल्पा आसु उक्थ श्वासाश्चरन्ति**–અર્થાત્ આપણે ખોટો લવારો કરીએ છીએ, ઇંદ્રિયસુખમાં રાચીએ છીએ અને વાસનાના ગુલામ

* લંડનમાં આપેલું વ્યાખ્યાન

બની તેની પાછળ ભમીએ છીએ, તેથી આપણેજ જાણે એ સત્યને–જગતના એ ગૂઢ રહસ્યને નીહાર કહેતાં ધુવેર અથવા ધુમસની ઓથે ઢાંકી રાખીએ છીએ. અહીં આગળ 'માયા' શબ્દનો પ્રયોગ બિલકુલ થયો નથી, પણ સત્ય અને આપણી વચ્ચે એક જાતની આંધી અથવા ધુવેર જેવું આવેલું હોઇ તેજ આપણા અજ્ઞાનનું કારણ છે, એવો ખ્યાલ તો જરૂર મળે છે. ત્યાર પછી ઘણો વખત રહીને, એકાદા છેવટના ઉપનિષદ્‌માં 'માયા' શબ્દ ફરી દેખા દે છે. પરંતુ હવે એની અર્થવાહકતામાં પુષ્કળ રૂપાંતર થયેલું હોઇ તેને છેક નવોજ અર્થ પ્રાપ્ત થયેલો છે. અનેક પ્રકારના મતો પ્રચારમાં આવ્યા, તેનાં ખંડન થયાં, વળી પાછા નવા સિદ્ધાંતો મંડાયા અને એમ કરતાં કરતાં છેવટે 'માયા' શબ્દનો પ્રચલિત ભાવ સ્થિર થયો. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં આપણા વાંચવામાં આવે છે કે "**मायान्तु प्रकृतिं विद्यान्मायिनन्तु महेश्वरम्**"—અર્થાત્ માયાને પ્રકૃતિ સમજો અને માયી કહેતાં તેના પ્રવર્તક અગર સંચાલકને સ્વયં મહેશ્વર સમજો. મતલબ કે, માયા અને પ્રકૃતિ અભિન્ન છે–એકજ છે–એવો ખ્યાલ દૃઢ થયો. મહાન શંકરાચાર્ય પહેલાંના તત્ત્વવેત્તા પંડિતોએ 'માયા' શબ્દને વિવિધ અર્થમાં વાપરેલો છે. આ માયાવાદ કિંબહુના માયા શબ્દ પર બૌદ્ધોના હાથે પણ કંઇક રંગ ચઢેલા છે. તેમના દ્વારા એને બહુધા વિજ્ઞાનવાદ* કિંવા કલ્પનાવાદનું સ્વરૂપ પ્રાપ્ત થયેલું છે, અને અત્યારે 'માયા' શબ્દનો સાધારણતઃ એજ અર્થ સમજવામાં આવે છે. જ્યારે કોઇ હિંદુ બોલે છે કે 'જગત માયામય છે' ત્યારે સાધારણ જનસમુદાયના મનમાં એવોજ ભાવ પેદા થાય છે કે "જગત કલ્પના યાને આભાસમાત્ર છે." માયાવિષયક બૌદ્ધ તત્ત્વવેત્તાઓની આ વ્યાખ્યા છેક આધારવગરની યાને સાવ સ્વતંત્ર નથી. બૌદ્ધો પહેલાંના દર્શનશાસ્ત્રીઓમાં એક વર્ગ એવો પણ હતો કે જે બાહ્યજગતના અસ્તિત્વને માનતોજ નહોતો–અર્થાત્ કે બૌદ્ધોના વિજ્ઞાનવાદની ઇમારત એમના પૂર્વગામી પંડિતોના મતના આધારપર રચાઇ હતી; પણ વેદાંતોક્ત 'માયા' કે જે એનું છેલ્લામાં છેલ્લું પરિપુષ્ટ સ્વરૂપ છે, તે વિજ્ઞાનવાદ, વાસ્તવવાદ× કિંવા અન્ય કોઇ મતવાદ નથી. એ તો "આપણે કોણ છીએ" એનું સહજ અને સાદું વર્ણનમાત્ર છે. હું આગળ કહી ગયો છું તેમ, જે ઋષિઓના અંતરમાંથી વેદો પ્રગટ્યા છે તેમનું ધ્યાન મૂળ

* ઇંદ્રિયગમ્ય યાને સ્થૂળ જગત એ આપણા મનની વિભિન્ન અનુભૂતિમાત્ર હોઈ વાસ્તવિક રીતે તેની કંઈજ સત્તા નથી, એ મતને વિજ્ઞાનવાદ કિંવા કલ્પનાવાદ કહેવામાં આવે છે.

× જગત એ કેવળ આપણા મનની અનુભૂતિ માત્ર નથી, પણ તેની વાસ્તવિક સત્તા છે–એ જાતનો મત વાસ્તવવાદ (રીઆલીઝમ)ને નામે ઓળખાય છે.

તત્ત્વોના અનુસરણ અને આવિષ્કરણના કામમાંજ નિશદિન લાગેલું હતું. એ તત્ત્વોનું વિગતવાર અનુશીલન કરવાનો તેમને અવકાશ નહોતો કે તેમ કરવાની તેમને ગરજ પણ નહોતી. તેઓ તો વસ્તુમાત્રના અંતરતમ પ્રદેશમાં પહોંચી જવાને તલપાપડ થઈ રહ્યા હતા. આ જગતથી અતીત એવી કોઇ વસ્તુ જાણે તેમને આકર્ષતી હતી અને તેથી વિગતને માટે થોભવાનું તેમને પાલવે તેમ નહોતું. જેમને આપણે આધુનિક વિજ્ઞાનશાસ્ત્રોતરીકે ઓળખીએ છીએ, તેમને લગતી કેટલીક વિગતો ઉપનિષદોમાં અહીં તહીં વીખરાયલી મળી આવે છે. તે વિગતો અત્યારના પ્રગતિમય વિજ્ઞાનની દૃષ્ટિએ જોતાં ઘણી વાર અલબત્ત ભ્રમાત્મક યાને ભૂલભરેલી લાગે છે, તોપણ તેમનાં મૂળતત્ત્વોમાં બિલકુલ ફરક નથી માલમ પડતો; એ બીના ધ્યાન ખેંચનારી છે. ઉદાહરણતરીકે ઇથર કે જે આધુનિક વિજ્ઞાનની પણ છેલ્લામાં છેલ્લી તાત્ત્વિક શોધ છે, તેનો ખ્યાલ અમારા પ્રાચીન સાહિત્ય—ઉપનિષદમાં મળી આવે છે; એટલુંજ નહિ પણ આધુનિક વૈજ્ઞાનિકોના ઇથર કરતાં ઉપનિષદમાંનું અમારૂં એ આકાશતત્ત્વ વધારે પરિપુષ્ટ ભાવવાળું-વધારે વિકસિત સ્વરૂપનું-છે, પણ તે મૂળતત્ત્વ પૂરતુંજ. એ આકાશતત્ત્વના કાર્યની વ્યાખ્યા કરવા જતાં અર્થાત્ એના કાર્યક્ષેત્રનું નિરૂપણ કરવા જતાં અનેક ભૂલો થયેલી છે. સમસ્ત જગતની જીવનસૃષ્ટિ યાને જગતની સમગ્ર ચેતનસૃષ્ટિ એ સર્વવ્યાપી જીવનશક્તિનો વિભિન્ન વિકાસમાત્ર છે; અને એ સર્વવ્યાપી જીવનશક્તિ અથવા સર્વવ્યાપી ચેતનનો સિદ્ધાંત અમારા વેદના બ્રાહ્મણવિભાગમાં રજુ થયેલો છે. સંહિતામાં પણ એક લાંબા મંત્રથી પ્રાણની સ્તુતિ ગાયેલી છે. એ પ્રાણજ જગતની સકળ ચેતનસૃષ્ટિનો મૂળભૂત આધાર હોઇ તેમાંથીજ તે ભિન્ન ભિન્ન સ્વરૂપે આવિર્ભૂત થયેલી છે. વળી તમારામાંના કેટલાકને એ જાણીને આનંદ થશે કે, પૃથ્વીના જીવોદ્ભવસંબંધી આધુનિક યૂરોપીય વૈજ્ઞાનિકોના મતને મળતો સિદ્ધાંત વૈદિક દર્શનમાં પણ મળી આવે છે. અલબત્ત, એ તો આપ સઘળાંજ જાણતાં હશો કે, પૃથ્વીપરનો જીવ અન્ય ગ્રહોમાંથી સંક્રાંત થાય છે, એવો એક મત આધુનિક વૈજ્ઞાનિકોમાં પ્રચલિત છે. તેવીજ રીતે અમારા પણ કેટલાક દાર્શનિકોનો એવો સ્થાપિત સિદ્ધાંત યાને સ્થિર મત છે કે, જીવ ચંદ્રલોકમાંથી પૃથ્વીપર આગમન કરે છે.

ત્યારે હવે, જો આપણે મૂળ તત્ત્વો પૂરતોજ વિચાર કરીએ, તો તો કહેવું પડશે કે, વિશાળ અને બહોળા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં તથા સામાન્ય અનુમાનો દોરવામાં વેદના આ વિચારકો બહુ નીડર અને સાહસિક હતા. સ્થૂળજગત ઉપરથી તેમણે જગતના રહસ્યનું

જે નિરાકરણ તારવી કાઢેલું છે, તે જોઇએ તેવું સંતોષકારક છે. અર્વાચીન વિજ્ઞાનનું વિશાળ અનુશીલન એ નિરાકરણની દિશામાં એક ડગલું પણ આગળ લઇ જતું નથી; કારણકે એનાં મૂળતત્ત્વો પોતે એ કામમાં નિષ્ફળ નીવડયાં છે. મતલબ કે, જે મૂળ તત્ત્વો પોતે જગતના રહસ્યની પ્રકૃત મીમાંસા કરવાને અસમર્થ નીવડયાં તે મૂળતત્ત્વોની બારીક તપાસ અને વિસ્તૃત માહિતીથી વિશેષ લાભ થવાની વકી નથી. આકાશતત્ત્વ યાને ઇથરનો મૂળ સિદ્ધાંત જગતના રહસ્યનું ઉદ્‌ઘાટન અથવા નિરાકરણ કરવામાં જો નિષ્ફળ નીવડયો, તો એ ઇથરને લગતી અત્યારની ઝીણી ઝીણી શોધખોળ અને માહિતીઓ એ સત્ય તરફ આપણને જરાયે આગળ લઇ જતી નથી. એજ પ્રમાણે સર્વવ્યાપી પ્રાણનો વાદ પણ જો પ્રાચીનકાળમાં એ રહસ્ય ખોળવાને અસમર્થ નીવડયો હોય, તો પછી અત્યારના તેના વિસ્તૃત અનુશીલનથી વિશેષ કંઇ નીપજવાનું નથી; કારણ કે વિસ્તૃત અનુશીલન અગર બારીક બારીક વિગતોથી જગતનાં મૂળ·તત્ત્વોમાં કંઇ ફેર પડતો નથી. મારી કહેવાની મતલબ એ છે કે, મૂળતત્ત્વોના અનુશીલનમાં હિંદુ વિચારકો આધુનિકોના જેટલાજ કિંબહુના કેટલીક વાર તો તેમના કરતાં વધારે સાહસિક અને છાતીચલા હતા. તેમણે કેટલાંક તો એવાં ભવ્ય અનુમાનો દોર્યાં છે કે જેવાં આજ સુધી દોરાયાં નથી; તેમણે શોધી કાઢેલા અનેક સુવિસ્તૃત સાધારણ નિયમો તો આજ પણ હજી સંપૂર્ણ નૂતન છે. તેમના ગ્રંથોમાં એવા અનેક આવિષ્કારો મતવાદરૂપે પડેલા છે કે જે આધુનિક વૈજ્ઞાનિકોને હજી મતવાદતરીકે પણ પ્રાપ્ત થયા નથી. ઉદાહરણતરીકે તેઓ આકાશતત્ત્વ અથવા ઇથરના સિદ્ધાંતનું પ્રતિપાદન કરીનેજ અટકયા નથી, પણ આગળ વધીને તેમણે સમષ્ટિ મનનું વર્ગીકરણ કર્યું છે, અને મન એ આકાશતત્ત્વનોજ એક સૂક્ષ્મતર પ્રકાર છે એવું પ્રતિપાદન કર્યું છે. એ ઉપરાંત તેથીયે આગળ વધીને મન કરતાં પણ વધારે સૂક્ષ્મ આકાશતત્ત્વની શોધ કરી છે; છતાં પણ તેથી કંઇજ નિરાકરણ થતું નથી, પ્રશ્ન જેમનો તેમ ઉભો રહે છે. અર્થાત્ બાહ્યજગતને લગતા ફાવે તેવા બહોળા જ્ઞાનથી પણ એ રહસ્યનો સ્ફોટ થઇ શકે તેમ નથી. અમારા આ કથનને સાંભળી વૈજ્ઞાનિકો કહે છે કે "પણ અમે તો હજી સહેજસાજજ જાણવા માંડયું છે; થોડાંક હજાર વર્ષ થોભો અને પછી જુઓ કે અમે એ કોયડો ઉકેલીએ છીએ કે નહિ–એ રહસ્યની મીમાંસા અમે અવશ્ય કરીશું." કિંતુ અમે વેદાંતીઓ એના જવાબમાં કહીએ છીએ કે "ના, તેમ નહિ બને; કારણ કે મનની સસીમતા અમે નિઃસંશયપણે સાબીત કરેલી હોવાથી અમે ભારપૂર્વક કહીએ છીએ કે, માનવી મન અમુક સીમાની બહાર વિચરી શકે તેમ નથી." મનુષ્યમાત્ર દેશ, કાળ

અને નિમિત્તને આધીન હોવાથી આપણે તેની સીમાની બહાર જઈ શકીએ તેમ નથી. જેવી રીતે કોઈ પણ મનુષ્ય પોતાની જાત યાને પોતાના "સ્વ"માંથી બહાર કૂદી આવવા સમર્થ નથી, તેવીજ રીતે કોઈ પણ માણસ દેશ અને કાળના નિયમોએ સ્થાપન કરેલી મર્યાદા વટાવી જવા સમર્થ નથી. આ દેશ, કાળ અને નિમિત્તના નિયમોનું રહસ્ય પામવાની માથાફોડ કરવાથી પણ કંઈ વળે તેમ નથી. એવો એકે એક પ્રયત્ન નિષ્ફળ નીવડવાનો, કારણ એવો પ્રયત્ન કરવો એટલેજ એ ત્રણેની સત્તાનો સ્વીકાર કરવો. એ ત્રણેનું અસ્તિત્વ માન્યા વગર તેમના રહસ્યને પામવાનો પ્રયત્નજ ન થઈ શકે, અને તેમની સત્તાને એક વાર માન્ય કરી એટલે પછી તેમનું રહસ્ય પામવાનું સંભવેજ શી રીતે? તો પછી જગતના અસ્તિત્વવાદનો યાને જગત સત છે એ કથનનો અર્થ શો? 'આ જગતનું અસ્તિત્વ નથી યાને જગત મિથ્યા છે' એ કથનનો પણ શો અર્થ? એ કથનનો અર્થ એટલોજ છે કે, એનું નિરપેક્ષ કિંવા સાવ સ્વતંત્ર એવું અસ્તિત્વ નથી. મારા, તમારા તેમજ ઇતર સર્વ જણના મનના સંબંધ પૂરતું તેનું કેવળ આપેક્ષિક અસ્તિત્વ છે. આપણને પાંચ જ્ઞાનેન્દ્રિયો છે; તેમની સહાયથી આપણે જગતને નિહાળીએ છીએ અને ઓળખીએ છીએ. પરંતુ એક ઇંદ્રિય જો વધારે પ્રાપ્ત થાય તો અત્યારે આપણે તેને જે રૂપમાં જોઈએ છીએ તેના કરતાં કંઈ જૂદાજ રૂપમાં જોઈએ-તેનામાં કંઇ ઓર વિશેષતા અનુભવીએ; એટલુંજ નહિ પણ હજી બીજી એકાદ ઇંદ્રિય વધારે સાંપડે તો તેના કરતાં પણ કંઇ અવ નવું સ્વરૂપ જગતનું આપણને ભાસે. તેથીજ અમે કહીએ છીએ કે, તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી. મતલબ કે, જગતનું અસ્તિત્વ સનાતન, અવિચળ અને અનંત નથી. પણ વળી, એને અસ્તિત્વ-શૂન્ય કહેવાથી યાને એના અસ્તિત્વનો મુદ્દલ ઇન્કાર કર્યાથી પણ પાલવે તેમ નથી; કારણકે તેની વિદ્યમાનતા આપણે નજરે નિહાળી-એ છીએ, એટલુંજ નહિ પણ તેની અંદર રહીને અને તેની સાથે સામેલ થઈનેજ આપણને પોતપોતાનાં કાર્ય કરવાં પડે છે. તાત્પર્ય કે 'જગત' એ સત્ અને અસત્‌નું મિશ્રણ છે.

ઉપર મુજબના સૂક્ષ્મ તાત્ત્વિક વિચારોને અલગ રાખતાં આપણી રોજીંદી જીંદગીનાં સ્થૂળ કાર્યોનો વિચાર કરીશું, તોપણ આપણને માલમ પડશે કે, આપણું સમસ્ત જીવન આ સત્ અને અસત્‌ના વિરોધભાવનુંજ સંમિશ્રણ છે. જ્ઞાનની બાબતમાં પણ એ વિરોધભાવ મોજુદ રહેલો છે. જિજ્ઞાસા હોય તો માનવી સર્વ કંઇ જાણી શકે, એવું આપણને લાગે છે ખરું; પરંતુ તે દિશામાં મનુષ્યની સહેજસાજ પ્રગતિ થતાં પહેલાંજ તેની સમક્ષ હિમાલય-થી પણ અભેદ્ય એવી એક દિવાલ ખડી થાય છે કે જેને ઉલ્લંઘન

કરવાનું સામર્થ્ય તેનામાં નથી હોતું. પોતાનું સઘળુંજ કાર્ય એક વર્તુલમાં થતું તેને માલમ પડે છે, અને તે વર્તુલને પાર કરી જવાનું તેને માટે કેવળ અશક્ય છે. ઉકેલ માટે હાથ ધરેલા તેના એ પ્રાણ-પ્રિય પ્રશ્નો તેને રાત્રિદિવસ ઉત્તેજિત કરી કરીને સાદ મારે છે, પણ તેનો ઉત્તર સરખો આપવાની તેની ગુંજાસ નથી; કારણકે પોતીકી બુદ્ધિની સીમા ઉલ્લંઘી જવી એ તેની તાકાત બહારની વાત છે. આમ છતાં પણ એ રહસ્યોને પામવાની ભાવના કિંવા લાલસા તો તેના અંતરમાં જેવી ને તેવી પ્રબળ રહે છે. પણ ખરું પૂછાવો તો એવી ભાવનાનું–એવી લાલસાનું દમન કરવામાંજ શ્રેય છે, અને એ વાત કંઇ આપણી જાણ બહાર નથી. આપણા પ્રત્યેક નિઃશ્વાસની સાથે ઉદ્ભવતો આપણા હૃદયનો પ્રત્યેક ધબકારો આપણને સ્વાર્થપરાયણ થવાની પ્રેરણા કરે છે. તથાપિ તેજ ઘડીએ કોઇએક દિવ્ય શક્તિ આપણને એમ સૂચવતી માલમ પડે છે કે, નિઃસ્વાર્થતાજ શ્રેયસ્કર છે. જન્મતાંવેંતજ પ્રત્યેક બાળક સુખાશાવાદી (ઑપ્ટીમીસ્ટ) હોય છે; તેને કેવળ સુખનાંજ સ્વપ્નાં આવ્યા કરે છે. તરુણાવસ્થા પ્રાપ્ત થતાં તે પહેલાં કરતાં પણ અધિક સુખાશાવાદી બને છે. તે સમયે તેને મૃત્યુ, પરાજય કિંવા અપમાન જેવી કોઇ ચીજ છે, એવું મનાવવું પણ મુશ્કેલ પડે છે–અર્થાત્ મૃત્યુ, પરાજય કે અપમાન જેવી કોઇ ચીજ છે એવું માનવાની પણ તે સમયે યુવક ના પાડે છે. પરંતુ વૃદ્ધાવસ્થા આવતાંજ તે શખ્સને પોતાનો જીવનમહેલ શેખચલ્લીના મહેલની માફક જમીનદોસ્ત થયેલો માલમ પડે છે; તેનાં મીઠાં મધુરાં સુખસ્વપ્નાં ક્યાંનાં ક્યાં ઉડી ગયેલાં જણાય છે અને એક વખતનો તે ચૂસ્ત સુખાશાવાદી સાવ નિરાશાવાદી બને છે. એ રીતે આપણે કુદરતના ધક્કા ખાઇ ખાઇને આશાશૂન્ય અને અંતઃશૂન્ય બની ક્યાં જઇએ છીએ તેના ભાન વગર એક છેડેથી છેક બીજે છેડે જતા રહીએ છીએ. આ ઠેકાણે **લલિત વિસ્તર** નામના બુદ્ધ-ચરિત્રમાંનું એક પ્રસિદ્ધ સંગીત મને યાદ આવે છે. એ પુસ્તકમાં લખ્યું છે કે, બુદ્ધ ભગવાનનો અવતાર માનવસમાજના પરિત્રાણ અથવા ઉદ્ધાર માટે હતો, છતાં પણ રાજમહેલના વિલાસવૈભવમાં પડતાં તેમને પોતાના અવતારકાર્યનું વિસ્મરણ થઇ ગયું. એટલે કેટલીક દેવબાળાઓએ આવી તેમને જગાડવા સારૂ યાને તેમનું આત્મભાન સ્ફુરાવવા સારૂ એક સુંદર ગરબો ગાયો. એ આખાય ગરબાનો મર્માર્થ એજ હતો કે "આપણે જીવનસ્રોતની અંદર આગળ ને આગળ વહ્યે જઇએ છીએ. એ સ્રોત સતત પરિવર્તનશીલ હોઇ તેને નથી નિવૃત્તિ કે નથી વિરામ." અર્થાત્ કે મનુષ્યનું જીવન એક સ્રોત અથવા નદી જેવું હોઇ નદીની માફક તે પણ અવિશ્રાંતપણે નિરંતર વહ્યે જાય છે–નિવૃત્તિ કે વિરામ શી વસ્તુ છે તેનું ભાન સરખું તેને

નથી હોતું. તો પછી કરવું શું ? જેની પાસે ખાવાપીવાનાં પૂરતાં સાધન છે તે હમેશાં સુખાશાવાદી રહે છે, અને દુઃખની વાત કાને ધરવાની પણ ના પાડતાં કહે છે કે "ભય ઉપજાવનાર દુઃખની વાત મારી આગળ કરો માં-સંસારનાં દુઃખ અને ક્લેશની વાતો મને સંભળાવો માં." તેની પાસે જઇને જો એટલુંજ કહો કે "બધુંજ સુખકર છે, બધુંજ મંગળમય છે" તો તરતજ તે બોલી ઉઠશે કે "હા, હા, તમે સાચુંજ કહો છો. જુઓ, હું સંપૂર્ણ સલામત છું; રહેવા કાજે મારે મનોહર મકાન છે, ટાંઢી કે ભૂખથી મારે બ્હીવાનું નથી; માટે મહેરબાની કરીને એ ભયાનક દૃશ્યો મારી આગળ ચીતરશોજ નહિ." પરંતુ બીજી તરફ અનેક જણ ભૂખ અને ટાંઢીથી પીડાતાં અને મરતાં નજરે પડે છે. એવાંની પાસે જઇને દાવકે મોઢે કહીશું કે "ભાઇ! બધું કેવું સુખમય છે, કેવું મંગળકારી છે!" તો તેઓ તમારી એ સુખ, સૌંદર્ય અને મંગળની વાતને સાંભળવા ઘસીને ના પાડશે; કારણ કે તેમનું સમસ્ત જીવન ભીષણ દુઃખમાં વ્યતીત થઇ રહેલું છે. પોતે દુઃખ અને ક્લેશમાં સબડતાં હોય ત્યારે બીજાંઓ સુખચેનમાં રાચે એ તેમને કેમ રૂચે ? તેથી તેઓ કહે છે કે, "બધાંયને ભય દેખાડો; અમે રડતાં હોઇએ ત્યારે બીજાંઓ કેમ હસે ? અમે બધાંયને અમારી સાથે રોવડાવીશું; કારણ કે અમે દુઃખપીડિત છીએ તેથી બધાંજ દુઃખપીડિત થાય એવું ઇચ્છીએ છીએ-એમાંજ અમારી શાંતિ છે." તાત્પર્ય કે, હરેક જણ પોતપોતાની હાલતપરથીજ જગતની હાલતને માપે છે. એ રીતે આપણે સુખાશાવાદમાંથી નીકળી નિરાશાવાદમાં પ્રવેશ કરીએ છીએ-માનો કે આપણે સુખાશાવાદ અને નિરાશાવાદ વચ્ચે ઝોલાં ખાઇએ છીએ.

વળી મૃત્યુની ભયાનક ઘટના નજર આગળ રાતદિવસ ચાલી રહી છે. સમગ્ર સંસાર મૃત્યુમુખમાં ધસી રહ્યો છે. 'જાયું તે જવાનું' એ ન્યાયે સર્વ કંઇ વહેલું મોડું નષ્ટ થાય છેજ. આપણી ઉન્નતિ, આપણા આડંબર, આપણા સંસ્કાર, આપણા સુધારા વધારા, આપણા વૈભવવિલાસ અને ઐશ્વર્ય તથા વિદ્યા-જ્ઞાન વગેરે સર્વ કંઇની એકજ ગતિ છે-બધુંજ મરણાધીન છે, જે છે તે એજ છે, એજ નિશ્ચિત છે. દાખલાતરીકે મોટાં મોટાં ભવ્ય નગરો ઉભાં થાય છે અને પાછાં નષ્ટ પણ એવાં થઇ જાય છે કે તેમનાં નામનિશાન પણ મળવાં કઠણ થઇ પડે છે; મોટી મોટી સલ્તનતો ઉદયમાં આવે છે અને પાછી કયાંની કયાં હતી ન હતી થઇ જાય છે-અરે ! વિહરતા ગ્રહો સુદ્ધાં ચૂર્ણ વિચૂર્ણ થઇને ધૂળ ભેગા થાય છે અને અન્ય ગ્રહોના વાતાવરણને પ્રભાવે તેનાં રજકણો અહીં તહીં ઉડે છે. આ વ્યાપાર આજકાલનો નથી, પણ કંઇ અનાદિકાળથી ચાલતો આવ્યો છે. મૃત્યુ એજ સઘળાંનું લક્ષ્યસ્થાન છે-સચરાચર

સર્વ કંઇ છેવટે મૃત્યુનેજ ભેટે છે. જીંદગી, રૂપ, દોલત, સત્તા, સદ્ગુણ ઇત્યાદિ સર્વનું છેવટ મૃત્યુ છે. સંત, સાધુઓ તેમજ મહાપાપીઓ, રાજ્યવૈભવમાં મહાલનારાં તેમજ ચીંથરેહાલ ભટકનારાં—સર્વ કોઇ મરે છે. બધાંજ કાળનો કોળિયો બને છે અને એ વાત રાતદિન નજરે પડે છે, છતાં પણ જીંદગી માટેની આ ભયંકર મમતા જેમની તેમ કાયમ રહે છે. કોણ જાણે શાથી પણ આપણે જીંદગીને મંકોડાની માફક વળગી રહીએ છીએ અને સ્વેચ્છાપૂર્વક તેને છોડી શકતા નથી. જીંદગી માટે આવડું મમત્વ આપણને કેમ છે અને તેનો પરિત્યાગ આપણે રાજીખુશીથી કેમ કરી શકતા નથી? તેની આપણને ખબર નથી અને એજ માયા છે.

માતા જતન કરી બાળકને ઉછેરે છે અને તેનું લાલનપાલન કરે છે; તેનું મન, તેનું જીવનસર્વસ્વ બાળકમય હોય છે; તથાપિ ભોગજોગે તેજ બાળક મોટો આદમી બનતાં એક મહાદુષ્ટ અને પશુતુલ્ય નીવડે છે અને પેલી વહાલસોઇ માતાના વાત્સલ્યનો બદલો રોજ લાતપાટુથી વાળે છે. આમ છતાં પણ માતા તો પુત્રને વળગતીજ રહે છે. એમ કરતાં પુત્રના વધતા જતા અત્યાચારથી તેની વિચારશક્તિ કદાચને જાગ્રત થાય છે, તો તેને સ્નેહના આચ્છાદન તળે તેણી તરતજ દાબી દે છે, અને બધું પાછું ભૂલી જાય છે. તેણીને ભાગ્યે ખબર હોય છે કે, એ આકર્ષણ વાસ્તવિક રીતે સ્નેહ નથી, પણ એક અજ્ઞાત શક્તિનો તેનાં જ્ઞાનતંતુઓ પર અધિકાર જામેલો છે. એ શક્તિના પ્રભાવમાંથી તેનાથી છૂટા થવાય તેમ નથી. ગમે તેવો પ્રયત્ન કરવા છતાં—ભગીરથ પ્રયાસ આદર્યા છતાં તેણી એ બંધન તોડી શકતી નથી—એ પાશમાંથી તેણી છૂટી શકતી નથી. એજ માયા.

આપણે સૌ કોઇ ગ્રીક ગાથામાંના કલ્પિત સુવર્ણલોમની× શોધમાં

× ગ્રીક લોકોના પૌરાણિક સાહિત્યમાં વર્ણન છે કે, ગ્રીસ દેશના થેસાલી પ્રાંતના રાજવંશી આથામાસને નેફેલ નામની રાણી હતી. તેને પેટે ફ્રિકસાસ નામનો એક પુત્ર અને હેલ નામની એક કન્યા અવતર્યાં. તે પછી થોડી મુદતે નેફેલ મૃત્યુ પામી અને આથામાસ ઇનો નામની એક ક્યાડમસ કન્યા જોડે ફરી પરણ્યો. અદેખી ઇનોએ શોક્યનાં સંતાનો માટે પતિના કાન ભંભેરવા માંડયા અને કેટલાંક ચરિત્રને અંતે તેણીએ દેવને પારે ફ્રિકસાસનો ભોગ આપવા કાજે પતિ પાસે હા ભણાવી. પણ બલિદાન માટે ઠરાવેલો દિવસ આવી પહોંચતાં પહેલાં ફ્રિકસાસની સ્વર્ગસ્થ જનેતાનો આત્મા તેની પાસે ઉપસ્થિત થયો અને તેને એક સુવર્ણલોમયુક્ત યાને સોનાના વાળવાળો મેઢો આપી કહ્યું કે "આનાપર સવાર થઇ તું સમુદ્રપાર પલાયન કરી જા." તે પ્રમાણે બહેનને લઇ ફ્રિકસાસે પ્રયાણ કર્યું. પણ મધ્યદરિયે તેની બહેન મેઢા પરથી ગબડી પડી અને સમુદ્રના અગાધ જળમાં ડૂબી ગઇ. પછી ફ્રિકસાસ કાળા સમુદ્રના પૂર્વતટે આવેલા કાલ્ચિસ નામના સ્થળે આવી પહોંચ્યો અને ત્યાં જીઉસ દેવને તે મેઢાનો ભોગ ચઢાવી તેનું

આમતેમ બાથોડિયાં મારીએ છીએ. દરેક જણ ધારે છે કે એ વસ્તુ પોતાને સાંપડશે—પોતાના ભાગ્યમાં તે લખાયલી છે. પણ તેમાંના કેટલા સંસારમાં જીવિત રહે છે? સમજનાર માણસો સઘળાંજ સમજે છે કે, એ સુવર્ણલોમ, બે કરોડમાં એકાદ મનુષ્યનેજ મળવાનો સંભવ છે; તથાપિ સમજુ અસમજુ બધાંજ તેને પ્રાપ્ત કરવા બાથોડિયાં ભરે છે અને આકાશપાતાળ એક કરી નાખે છે. એનુંજ નામ માયા.

કૃતાંત કાળ ઉન્નત મસ્તકે સંસારમાં યથેચ્છ વિહરી રહ્યો છે—નિશદિન અનેક જણને આપણે એ કાળના ભોગ થઇ પડતાં જોઇએ છીએ, છતાં પણ આપણે તો મનમાં એમજ ખાંડ ખાયા કરીએ છીએ કે, આપણે કદી મરવાનું નથી—આપણે ચિરકાળ જીવિત રહીશું. કેવો વિશ્વાસ! ધર્મરાજા યુધિષ્ઠિરને એક વાર એક યક્ષે પ્રશ્ન પૂછયો હતો કે "પૃથ્વીપર સૌથી મહાન કૌતુક કયું છે?" તેના જવાબમાં ધર્મરાજાએ જણાવ્યું હતું કે "આજુબાજુ ચોમેર અનેક જણ દરરોજ મરે છે તે નજરે નિહાળ્યા છતાં જીવતાં માનવી ધારે છે કે 'અમે કદાપિ નહિ મરીએ' તે મોટામાં મોટું કૌતુક છે." એનુંજ નામ માયા.

આ વિષમ વિરોધભાવ આપણી બુદ્ધિ, જ્ઞાન—રે! જીવનની સમસ્ત ઘટનાઓમાં વ્યાપેલો હોઇ સર્વત્ર નજરે પડે છે. સુખ એ દુઃખનો, અને દુઃખ એ સુખનો અનુગામી થાય છે. કોઇ એક સુધારક જન્મે છે અને કોઇ અમુક જાતિ કિંવા પ્રજાની અંદર પ્રવર્તી રહેલા અનેક દોષોનું નિવારણ કરવા કમર કસે છે; પણ તે દૂર થાય તે પહેલાં તો હજારો બીજા અનર્થ અન્યત્ર પ્રગટે છે. એ તો પડવા બેઠેલા પુરાતન મકાનના જેવી વાત છે. જીર્ણ થયેલા મકાનને એક ઠેકાણે થાગડથીગડ કરાવી ઉભું રાખવા જતાં તે બીજી બાજુએથી ખવાવા માંડે છે; અને એ ક્રમ એ જીર્ણ મકાનને સંપૂર્ણ તોડી પાડી તેને નવેસર રચવામાં ન આવે ત્યાંસુધી અવિરત-પણે ચાલ્યાજ કરે છે. તેજ પ્રમાણે માનવસમાજનું પણ સમજવું. અમારા ભારતવર્ષમાં સુધારકો પરાણે પળાવવામાં આવતા વૈધવ્યવ્રતના અનર્થો સામે ઝુંબેશ ચલાવે છે. ત્યારે તમારા પાશ્ચાત્ય પ્રદેશોમાં અવિવાહિત રહેવાનો વાયરો વાઇ રહ્યો છે અને એજ અહીંનો મોટામાં મોટો અનર્થ કિંવા દોષ છે—અર્થાત્ એક બાજુ

ચામડું લઈ તેણે માર્સ દેવના ગુંબજમાં લટકાવ્યું. એક દૈત્ય એ ચામડાની રાતદિવસ રક્ષા કરવા લાગ્યો. કેટલીક મુદત વીત્યા બાદ તે સુવર્ણલોમને લાવવા કાજે આથામાસનો ભત્રીજો જ્યાસન તેના પ્રતિસ્પર્ધીના ચઢાવ્યાથી ચઢયો અને આર્ગો નામના એક વિશાળ જહાજમાં અનેક સુવિખ્યાત વીરોને લઇ નીકળ્યો. રસ્તામાં તેને વિવિધ પ્રકારની મુશીબતો નડી, છતાં તે બધીનું નિવારણ કરી તે માર્સદેવના મંદિરમાં પહોંચ્યો અને પોતાની ઇષ્ટ વસ્તુ જે સુવર્ણલોમ, તે મેળવવામાં સફળ થયો. ગ્રીકોના પુરાણમાં આ ઘટના "આર્ગોનેટિક એકસપેડીશન" નામે સુપ્રસિદ્ધ છે. ("ગોલ્ડન ફ્લીસ")

કુંવારાનાં કષ્ટ કાપવામાં સહાયભૂત થવાનું, તો બીજી તરફ વિધવાઓનાં સંકટનું નિવારણ કરવા કટિબદ્ધ થવાનું છે. કારણ કે બન્ને દુઃખી થાય છે. સંસાર એમજ ચાલે છે. સંસારના અનર્થો જૂના સંધિવાતના હઠીલા દર્દ જેવા છે. દવા કરી કરી તેને મસ્તકમાંથી કાઢો તો તે બદનમાં ભરાય છે, અને બદનમાંથી હાંકો તો પગમાં ભરાય છે; પણ એ રોગ પીછો નથી મૂકતો તે નથીજ મૂકતો. જગતમાં કેટલાક માણસો દોલતમંદ હોઇ વિદ્યા, વૈભવ અને જ્ઞાનસંપાદન—એ તેમનાજ હાથનો ઇજારો બની રહે છે. જ્ઞાનનો મહિમા કેવો ભારે છે અને તે કેવું મનોહર છે! જ્ઞાન મેળવવું અહા, કેવું સુંદર છે! અને છતાં તે કેવળ અમુક વર્ગનાજ હાથમાં! કેવું ભયંકર! એવામાં કોઇ સુધારક જન્મે છે અને જનસમુદાયમાં જ્ઞાનનો મહિમા ફેલાવી ઉપદેશે છે કે "વિદ્યા, વિત્ત અને સંસ્કાર–એ કોઇ એક ચુનંદા વર્ગનીજ મિલ્કત નથી, સર્વ કોઈ તેમને મરજી મુજબ મેળવી શકે છે." સુધારક પોતે ઉપદેશ આપીનેજ વિરમતો નથી, પણ પોતે ઉપદેશેલી વસ્તુઓ સકળ જનસમુદાયને સહેલથી પ્રાપ્ત થઇ શકે તેવો પ્રબંધ કરે છે અને તેને સફળ કરવા ભારેમાં ભારે જહેમત ઉઠાવે છે. પરિણામે જનસમુદાયમાંનાં કેટલાંક જણ વધારે સુખી બનતાં જાય છે; પણ એ જ્ઞાનનું ચિંતન–મનન જેમ જેમ વધારે પ્રમાણમાં થતું જાય છે યાને પ્રજા જેમ જેમ વધારે સુઘડ અને સંસ્કારી બનતી જાય છે, તેમ તેમ તેના શારીરિક સુખનો હ્રાસ થતો જાય છે. સુખની સંવેદના યાને લાગણી સાથે અસુખ કિંવા દુઃખની લાગણી પણ તેટલીજ તીવ્ર બને છે. તો પછી આપણે કયો માર્ગ ગ્રહણ કરીશું? આપણે અહીં રહ્યાં જે કંઇ થોડું ઘણું સુખ ભોગવીએ છીએ, તે બીજે કોઇ ઠેકાણે તેટલાજ પ્રમાણમાં અસુખ ઉત્પન્ન કરતું હશે. સઘળીજ વસ્તુની એ સ્થિતિ છે–માનો તે એક કુદરતી કાનુન છે. તરુણોના મગજમાં કદાચ આ વાત એકાએક નહિ ઉતરે, પણ જેમણે જગતના વાયરા લાંબો વખત ખાધા છે અને જેમણે સંસારની અનેક લીલી સૂકી અનુભવી છે, તેમને ગળે એ વાત ટપ દઇને ઉતરશે. ભાઇ! એજ માયા છે.

માયાનો આવો વ્યાપાર તો રાતદિવસ જેમનો તેમ અસ્ખલિતપણે ચાલ્યાજ કરે છે; કિન્તુ તેની મીમાંસા કરવાનું યાને તેનું રહસ્ય ઉકેલવાનું કામ માત્ર કઠિનજ નહિ પણ અશક્ય છે. કોઇ પૂછશે કે, એમ કેમ છે! તો કે એ પ્રશ્નનો જવાબજ સંભવતો નથી; કેમકે તાર્કિક દૃષ્ટિએ જોતાં એવો પ્રશ્નજ ઉપસ્થિત થઇ શકતો નથી. કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં તેનો ભાવ કળાવો જોઇએ, પણ અહીં તેમ નથી થતું યાને શું પૂછવામાં આવે છે તેજ નથી સમજાતું. મતલબ કે, અમુક એક વસ્તુસ્થિતિ યાને સત્ય ઘટનાના

સંબંધમાં "કેવી રીતે?" કે "શામાટે" એ પ્રશ્નજ હોઈ ન શકે; આપણે માત્ર એટલુંજ જાણીએ છીએ કે, એ બાબત એવીજ છે અને ત્યાં આપણો કંઇ કરતાં પણ તાગ ખાતો નથી યાને આપણો કોઇજ ઇલાજ ચાલતો નથી. તેને પકડવાનો પ્રયત્ન કરવો, કિંવા આપણા માનસપટ પર તેની આબેહુબ છબી ચીતરવી એ આપણા ગજા બહારની વાત છે. તો પછી તેનો નિર્ણય તે આપણે કેવી રીતે કરી શકીએ ? કેવી છે એ માયા ! એના કાર્યને આપણે એક પળભર પણ થંભાવી શકતા નથી. તેને પકડવા જતાં તે પ્રત્યેક પળે આપણા હાથમાંથી આગળ ને આગળ સરકતી જાય છે. આપણે બધાં અંધ યંત્રની માફક તેના દોર્યાં દોરાયા જઇએ છીએ. અગાઉ આપણે કોઇ કોઇ વાર કંઇ કંઇ નિઃસ્વાર્થતાનાં કે પરોપકારનાં કામ કર્યાં હોય છે, તેમને સંભારીને આપણે મનમાં મકલાઇએ છીએ કે "એ કાર્યો મેં મારી સંપૂર્ણ શુદ્ધિ તથા જાણ વિચારપૂર્વક કર્યાં છે;" પરંતુ વાસ્તવિક રીતે જોતાં તો તે કાર્યો કર્યા વગર આપણો છૂટકો નહોતો તેથીજ આપણે તે કાર્યો કર્યાં હોય છે. અત્યારે હું આ ઠેકાણે ઉભો રહીને આપની સમક્ષ વ્યાખ્યાન કરી ઉપદેશ આપી રહ્યો છું, અને તમે બેઠાં બેઠાં તે શ્રવણ કરો છો-એ કાર્યો પણ આપણે, તેમ કર્યા વગર આપણો છૂટકો નથી માટેજ, કરી રહ્યા છીએ. વ્યાખ્યાન પૂરૂં થતાં આપ સર્વે અહીંથી ઘેર સીધાવશો. ત્યારબાદ આપમાંનાં કેટલાંક તો થોડો ઘણો પણ ઉપદેશ ઉરમાં ઉતારશો અને તેનો લાભ ઉઠાવશો, ત્યારે બાજાં વળી એમ પણ માનનાર નીકળશે કે "અમસ્થો કંઇનો બકબકાટ કરી ગયો." હું પણ મારે મુકામે જઈશ અને મારા મનમાં ધારી લઇશ કે મેં વ્યાખ્યાન આપ્યું છે. પણ ખરૂં પૂછાવો તો એમાંનું કંઇજ આપણે સ્વેચ્છાથી કર્યું નથી. એ તો માયાજ આપણી પાસે તેમ કરાવે છે. એજ માયાનો પ્રભાવ !

અર્થાત્ કે માયા એટલે સંસારની વસ્તુસ્થિતિનું યાને સંસારની ગતિનું વર્ણન. સામાન્ય રીતે લોકો આવી વાતો સાંભળીને ગભરાય છે; પણ આપણે સાહસિક અને ધીર બનવાની જરૂર છે. દર્દીની ખરી હાલત છુપાવી રાખવાથી જેમ દર્દની યથાર્થ ચિકિત્સા થઇ શકતી નથી, તેમજ સત્ય બાબત સંતાડી રાખવાથી કોઇ પણ સવાલ-નો નિર્ણય કરવાનો સત્ય માર્ગ લાધતો નથી. તમે સૌ સસલાની વાત તો જાણતાજ હશો. પોતાની પૂંઠે પડેલા શિકારી કૂતરાઓથી બચવા કાજે સસલું પોતાનું માથું નીચે ભોંયપર સંતાડી દઈને જેમ પોતાની જાતને સલામત અને સુરક્ષિત માને છે તેવી રીતે આપણે માનવીઓ પણ જ્યારે સુખાશાવાદ કિંવા નિરાશાવાદના પૂરમાં તણાઇએ છીએ, ત્યારે આપણું વર્તન પણ આબેહૂબ એ સસલાના જેવુંજ હોય છે. પરંતુ માયાના વમળમાંથી બચવાનો એ કંઈ ખરો ઇલાજ નથી.

બીજી તરફ આ માયાવાદની સામે કેટલાક વાંધા પણ ઉઠાવવામાં આવે છે; પણ ધ્યાનમાં રાખવાનું છે કે એવા વાંધા, જેમની પાસે જીવનને સુખ-સ્વચ્છંદતામાં બહેલાવવાનાં સાધનો વિપુલ પ્રમાણમાં હોય છે, તેમની તરફથી સામાન્ય રીતે ઉઠાવાય છે. અત્રે-ઇંગ્લંડ દેશમાં નિરાશાવાદી થવું બહુ કઠણ છે. દરેકને મોઢે હું સાંભળું છું કે "સંસારનું કાર્ય કેવું ફાંકડું ચાલી રહ્યું છે! સંસારની કેવી સરસ ઉન્નતિ થઇ રહી છે! પરંતુ ખરૂં પૂછાવો તો એમ બોલનારને મન તો પોતીકું જીવનજ સમસ્ત સંસારરૂપ હોય છે. એનો સંસાર એટલે કે એનું પોતીકું જીવન. 'પોતે સુખી તો સમસ્ત સંસાર સુખી અને પોતે દુઃખી તો સંસાર આખો દુઃખી' એમજ સામાન્ય રીતે લોકોનું માનવું હોય છે; અને ઇંગ્લૅંડમાં જડ આબાદી વિશેષ પ્રમાણમાં હોવાથી ત્યાંના લોકોને મન આખો સંસાર આબાદ અને ઉન્નતિશીલ લાગે તેમાં શી નવાઇ? આ ઠેકાણે પાછા જૂના પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે "ખ્રિસ્તીધર્મજ દુનિયામાં એક માત્ર ખરો ધર્મ હોઇ શકે છે, કારણકે ખ્રિસ્તી ધર્મ પાળનારી પ્રજાઓજ જુઓ, જગતમાં આબાદ અને સમૃદ્ધિશાળી છે." પરંતુ આ હેતુવાદમાં યાને આ દલીલમાં વિરોધાભાસ રહેલો છે; કેમકે ખ્રિસ્તી પ્રજાઓની આબાદાની અને સૌભાગ્યવૃદ્ધિ બીજી પ્રજાઓની પાયમાલી અને દુર્ભાગ્યવૃદ્ધિ ઉપરજ આધાર રાખે છે. ખ્રિસ્તી પ્રજાઓની આબાદી અને સૌભાગ્યવૃદ્ધિથી ખ્રિસ્તીતર પ્રજાઓનું લોહી ચૂસાય છે, એ ભૂલવું ન જોઇએ-અર્થાત્ કે ખ્રિસ્તી પ્રજાઓને પોતાની આ કહેવાતી આબાદી અને સૌભાગ્યલક્ષ્મી ટકાવી રાખવા માટે કોઇ ને કોઇ શિકાર તો અવશ્ય જોઇએ છે. હવે જો ખ્રિસ્તી ધર્મજ એકલો ખરો ધર્મ હોય અને તેના પ્રભાવથી આખી દુનિયાજ ખ્રિસ્તી બની ગઈ, તો તો પછી અત્યારની ખ્રિસ્તી પ્રજાઓ પ્રમાણુમાં ગરીબ થઈ જવાની-નિદાન તેમની સૌભાગ્યવૃદ્ધિ તો અટકી જવાની; કેમકે દલીલ મુજબ તો બીજી પ્રજાઓ ખ્રિસ્તી બનતાં તેઓ પણ આબાદ અને સમૃદ્ધ બનવીજ જોઇએ. જો તેમ ન થાય તો દલીલ મુજબ ખ્રિસ્તી ધર્મની શ્રેષ્ઠતાનો દાવો ખોટો ઠરે, અને જો બીજી પ્રજાઓ પણ તેવીજ આબાદ અને સમૃદ્ધ બને તો પછી અત્યારની ખ્રિસ્તી પ્રજાઓને કોઇ ખ્રિસ્તીતર પ્રજાઓ શિકાર માટે ન મળે અને તેથી સ્વાભાવિક રીતેજ તેઓ કંગાલ બને. મતલબ કે, ધર્મની સચ્ચાઇ સંબંધી ઉપલી દલીલજ ખોટી છે, એનું ખંડન એની મેળેજ થઇ જાય છે. ઉદ્ભિજ્જ યાને વનસ્પતિ પશુઓના આહારરૂપ બને છે, પશુઓ મનુષ્યોનું ભક્ષ્ય છે અને તેમાંયે અતિનિંદ્ય વાત તો એ છે કે, મનુષ્ય પોતાની જાતપર પણ પરસ્પર જીવારો ચલાવે છે-સબળાંઓ નબળાંને હમેશાં પોતાનું ભક્ષ્ય બનાવે છે. જગતમાં સર્વત્ર આમ

થઇ રહ્યું છે, અને એજ માયા છે. આ રહસ્યનો ખુલાસો જડે છે? દરરોજ નવા નવા ખુલાસા આપણા સાંભળવામાં આવે છે. તેમાં કહેવામાં આવે છે કે, વખત જતાં સૌ સારાં વાનાં થશે. જો કે એમ કદાપિ બનશે કે કેમ એ અત્યંત સંદેહભર્યું છે, તથાપિ દલીલને ખાતર ઘડીભર માની લઇએ કે તેમ થવું શકય છે; છતાં પણ આવી પૈશાચિક પદ્ધતિનુંજ અવલંબન સારાં વાનાં કરવા સારૂ શામાટે થવું જોઇએ? પૈશાચિક રીતિની મદદવગર કોઇ શુભ ને મંગળમય પદ્ધતિથી એ મંગળ કાર્ય કેમ સાધી ન શકાય? પૈશાચિક પદ્ધતિથી કદાચ વર્તમાન યુગના માનવસમાજના વંશજો ભવિષ્યમાં સુખી થશે એમ માનીએ, પણ તેથી આપણને શો લાભ? આપણે શામાટે અત્યારે આ ભીષણ યંત્રણા અને અત્યાચારના ભોગ બનવું? અત્યારની આ યંત્રણાની જરૂરજ શી છે? આ પ્રશ્નનો કંઇજ ખુલાસો થઇ શકતો નથી. એજ માયા છે.

વળી, ઘણી વાર આપણે એમ પણ કહેવાતું સાંભળીએ છીએ કે, જગતના દોષો અને અનર્થો ક્રમે ક્રમે એમની મેળે ટળતા જાય છે, એમનું નિવારણ આપોઆપ થતું જાય છે; એમ થવું એ તો ક્રમવિકાસવાદનું ખાસ લક્ષણ છે. અને એવી રીતે ક્રમે ક્રમે પણ સતત નિવારણ થતાં થતાં દોષમાત્ર-અનર્થમાત્ર જગતમાંથી ટળી જશે અને આખરે કેવળ શુભ અને મંગળ હશે તેજ રહેશે. સાંભળવામાં તો એ બહુ સુંદર અને કર્ણપ્રિય વાત છે; એટલુંજ નહિ પણ જેમની પાસે સંસારની સુખસામગ્રી ભરપટ્ટે છે, જેમને જીવનકલહની કઠોર યંત્રણા રોજ ને રોજ સહેવી પડતી નથી અને જેમને આ કહેવાતા ક્રમવિકાસવાદના ચક્કર નીચે ચગદાવું પડતું નથી, તેમને તો એ વાતથી ગલગલીઆં ઉપજી તેમની દાંભિકતા અને મિથ્યાડંબર વધી જાય તેમ છે. એવાં નસીબદારોને માટે તો એ વાત ખરેખર અતિશય સુખદ અને શાંતિદાતા છે. બહુજનસમાજને સહેવું પડે-પીલાવું પડે, પણ તેમાં એમને શું? છોને તેઓ મરી જતાં, કચડાઇ જતાં કે છુંદાઇ જતાં; તેમનો શો હિસાબ છે? બહુ સારૂં, પણ આ દલીલજ મૂળથી છેડા સુધી ભ્રમાત્મક છે. એમાં પ્રથમ તો પ્રમાણ વિનાજ એમ સ્વીકારી લેવામાં આવે છે કે, જગતમાં જણાતાં શુભ અને અશુભ એ બે ખરેખરી વાસ્તવિક વસ્તુઓ છે; અને બીજી, પહેલી કરતાં વધારે દોષપાત્ર ધારણા એ છે કે, શુભનું પ્રમાણ ક્રમે ક્રમે વધતું જાય છે અને અશુભનું પ્રમાણ ક્રમે ક્રમે ઘટતું જાય છે. આથી કરીને અશુભનું પ્રમાણ આ રીતે -કે જેને ક્રમવિકાસને નામે ઓળખવામાં આવે છે તે રીતે-ઘટતાં ઘટતાં એક સમય એવો આવી લાગશે કે જયારે કેવળ શુભજ અવશિષ્ટ રહેશે. આ કહેવું તો બહુ સહેલું છે; પણ અશુભનું પરિમાણ

ક્રમે ક્રમે ખરેખર ઘટતું જાય છે, એ વાત શું સાબીત થઇ શકે તેમ છે? તે વધતું જતુંજ કેમ નહિ હોય? ઉદાહરણતરીકે, એક અરણ્યનિવાસી મનુષ્યને આપણે લઇએ કે જેને મનને સંસ્કારી કેવી રીતે બનાવવું તેની ગતાગમ નથી, પુસ્તક વાંચતાં કરતાં આવડતું નથી કે લેખનકળાનું નામ સુદ્ધાં સાંભળ્યું નથી. એ માણસના અંગપર આજ રાત્રે પાંચ પંદર સખ્ત ઘા કરો અને જુઓ કે બીજેજ દિવસે તે ખાસ્સો હરતો ફરતો થયો છે; એના શરીરમાં એક સુતીક્ષ્ણ અસ્ત્રો ભોંકાને બહાર ખેંચી કાઢો તોપણ તેને જલદી રૂઝ વળી જાય છે અને કંઈ વિશેષ દુઃખ થતું નથી—અર્થાત્ કે સખ્ત ઘાયલ થવા છતાં પણ તે ઝપાટાબંધ પાછો સાજો થઇ જાય છે; ત્યારે આપણે સુધરેલા કહેવાતા નગરનિવાસીઓ સાધારણ ઉપરછલ્લા ઘાથી કિંવા રસ્તે ચાલતાં ઠેસ વાગવાથી પણ ટપ દઇને રામશરણ થઇએ છીએ. વળી, યંત્રો વસ્તુઓને સોંઘી અને સસ્તી બનાવે છે તથા પ્રગતિ અને ક્રમવિકાસના કાર્યને મદદ કરે છે; પણ એથી થતા ગેરલાભ પણ તેવાજ ભારે છે. એક માણસને તાલેવંત બનાવવા કાજે હજારોને કંગાલિયત તથા ભૂખમરાને ભેટવું પડે છે અનેથોકબંધ મનુષ્યોને કૂતરાંબિલાડાં જેવું ગુલામી જીવન ગુજારવુંપડે છે. જોયું ને, જગત અત્યારે કેમનું ચાલી રહ્યું છે તે! વળી, પાશવગુણપ્રધાન મનુષ્યોનું જીવન ઇંદ્રિયપરાયણ છે—અર્થાત્ તેમના જીવનનાં સુખદુઃખનો આધાર ઇંદ્રિયોની તૃપ્તિ યા અતૃપ્તિ ઉપર છે. એવા માણસને જો ભરપટ્ટે ખાવાનું નથી મળતું તો તે દુઃખી બને છે; અથવા તો તેના શરીરને જો કંઈ ઇજા થાય છે તોપણ તેને દુઃખ થાય છે. તેનાં સુખદુઃખનાં મૂળ ઇંદ્રિયજન્ય ભોગોમાં છે તેમજ તેમનો અંત પણ તેમાંજ છે. આવો માણસ જો ઉન્નતિને પંથે પરવરે છે અને તેનું જીવન કંઇક ઉચ્ચ સંસ્કારોથી રંગાવા પામે છે, તો તેની સુખની ભાવના પણ લાગલી વિશાળ બનવા પામે છે. પણ તેની સીમારેખા વધતાં તેની દુઃખની સીમારેખા પણ તેટલાજ પ્રમાણમાં વધે છે. અરણ્યનિવાસી માણસ ઈર્ષ્યા કરવાનું સમજતો નથી, કોર્ટ કચેરીઓનાં પગથિયાં ચઢવાનું જાણતો નથી, નિયમિત કરવેરા ભરવાનો તેને મહાવરો નથી કે લોકનિંદાના ભોગ થવાનો તેને ખ્યાલ નથી. વળી પ્રત્યેક મનુષ્યના દિલની ગુપ્ત વાત જાણી લેવા માટે જે વિવિધ પૈશાચિક પદ્ધતિઓ પ્રચારમાં આવેલી છે, અને તેના ઓઠા હેઠળ જે ભીષણ અત્યાચાર માનવબંધુ પરસ્પર કરે છે તેવી પૈશાચિક પદ્ધતિઓના રાતદિન ભોગ થઇ પડવાનો પણ તેને લેશ પરિચય નથી. સભ્ય કહેવાતાં માણસોને હાથે થતા ભીષણ અત્યાચારો જોઇ એ બિચારો મુંઝાઇ જાય છે. જ્ઞાનનો આવડો આડંબર, તેમજ માનવ અવતારનો અને સભ્યતાનો આવડો ગર્વ હોવા

છતાં પણ મનુષ્ય હિંસક પશુ કરતાં પણ સહસ્રગણો વધારે હિંસક અને પૈશાચિક વૃત્તિવાળો કેમ બને છે, તેની એ બાપડાને સમજણુજ નથી પડતી. મતલબ કે, આવી રીતે મનુષ્ય ઇંદ્રિયપરાયણુતાના ક્ષેત્રમાંથી જેમ જેમ બહાર નીકળતો જાય છે, તેમ તેમ તેની સુખાનુભવની ઉચ્ચતર શક્તિઓ વિકસતી જાય છે; પણ તેની સાથે એની દુઃખાનુભવની શક્તિઓ પણ તેટલીજ ખીલે છે. આપણી મરજી હોય કે ન હોય પણ સુખાનુભવની ઉચ્ચતર શક્તિઓ ખીલવાની સાથે દુઃખાનુભવની શક્તિઓ પણ તેટલા પ્રમાણમાં ખીલવાનીજ. સુખદુઃખની શક્તિઓનો વિકાસ થવો એટલે જ્ઞાનતંતુઓનું વધારે કોમળ બનવું, અને સુખદુઃખ એટલે વૃત્તિઓની તૃપ્તિ યા અતૃપ્તિ. સુખદુઃખ અનુભવવાના જ્ઞાનતંતુ તો એકના એકજ હોવાથી ઇચ્છાની તૃપ્તિથી સુખ ઉપજવાનું અને અતૃપ્તિથી દુઃખ થવાનું. સભ્યતા વધતાં માણસના જ્ઞાનતંતુઓ વધારે કોમળ બને છે અને પરિણામે તેની સુખાનુભવની શકિતઓ સાથે દુઃખાનુભવની શકિતઓ પણ તીક્ષ્ણ બને છે. એનો દાખલો જુઓઃ-કોઇ અભણ ને ગમાર જેવા પછાત વર્ગના માણસને ગાળો દેવામાં આવે છે ત્યારે તેની લાગણી કંઇ ઝાઝી દુઃખાતી નથી. તે તો માત્ર એમજ સમજે છે કે, તેની ઝાટકણી કાઢવામાં આવી અને ગાળો જેમ વધારે સખત અને ખરાબ તેમ તે પોતાની ઝાટકણી પણ વધારે સખત સમજે છે. પરંતુ એક સભ્ય અથવા સંસ્કારી માણસથી એકાદી સામાન્ય ગાળ પણ સાંખી શકાતી નથી, એટલુંજ નહિ પણ સમાજમાં તેનો દરજ્જો જેમ વધારે તેમ એ ગાળ તેને વધારે અસહ્ય થઈ પડે છે. આનું કારણ એટલુંજ છે કે, તેના જ્ઞાનતંતુઓ તે તે પ્રમાણમાં વધારે કોમળ બનેલા હોય છે. આવા દાખલા કોઈ એક વિશિષ્ટ સમાજમાંજ નહિ, પણ જગતના હરકોઇ સમાજમાં જોઇએ તેટલા મળી આવશે. મતલબ કે, સુખગ્રાહક શકિત સાથે મનુષ્યની દુઃખગ્રાહક શકિત પણ વધે છે, અને નહિ કે ઘટે છે.આ પરથી તમે સ્પષ્ટ સમજી શકશો કે, ક્રમવિકાસવાદની દલીલ કેવી નબળી છે-ક્રમવિકાસવાદીનો કેસ યાને દાવો કેવો લૂલો છે. સુખાનુભવની શકિતના વધારા સાથે મનુષ્યની દુઃખાનુભવની શકિત વધે છે, એટલુંજ નહિ પણ ઘણી વાર તો મને એમ કહેવાનું પણ મન થઇ જાય છે કે, આપણી સુખાનુભવની શક્તિ ×યોગાંકના નિયમે

× **યોગાંક** અને **ગુણાંક**:-યોગાંક એટલે ૩+૫+૭+૯ વગેરે; અહીંઆં આપેલી સંખ્યામાં ઉત્તરોત્તર બબ્બેનો વધારો થયેલો છે-અર્થાત્ કે એક રકમ પોતાની પહેલાંની રકમ કરતાં ૨ જેટલી વધારે છે. ત્યારે ગુણાંક એટલે ૩+૬+૧૨+૨૪ વગેરે; અર્થાત્ કે ગુણાંક એટલે પ્રત્યેક પાછલી રકમ પોતાની પૂર્વગામી રકમ કરતાં બમણી હોય તે. અહીં આપેલી રકમો તપાસશો તો પાછલી રકમ પોતાની પહેલાંની રકમ કરતાં બમણી જણાશે.

વધે છે ત્યારે દુઃખાનુભવની શક્તિ ગુણાંકના ક્રમે વધે છે. પ્રગતિને પંથે પરવરી રહેલા આપણે એ વાત તો સારી પેઠે સમજીએ છીએ કે, આપણે જેમ જેમ વધારે ને વધારે પ્રગતિ કરતા જઇએ છીએ, તેમ તેમ દુઃખના તેમજ સુખના દરવાજા વધારે ને વધારે મોકળા થતા જાય છે. જેમકે દવાખાનાં અને ડૉકટરો તેમજ રોગોની ચિકિત્સા અને તેમનાં નિદાનોના વધારા સાથે રોગો ને રોગીઓની સંખ્યામાં પણ વધારો થતો રહ્યો છે. ભૌતિક વિજ્ઞાનની અજબ શોધખોળોથી વિદ્યાહુન્નરની અભિવૃદ્ધ તથા વ્યવહારની સગવડમાં વધારો થયો છે, પણ તેનીજ સાથે નબળાંને કચરી મારવાના અને શાંતિને નામે અશાંતિ ફેલાવવાનાં સાધનોમાં તેમજ સંહારક અસ્ત્ર-શસ્ત્રોમાં પણ વધારો થયો છે. એવુંજ બધી બાબતમાં. ત્યારે એ બધું શું? એ તો માયા ભાઇ, માયા!

આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે, માયા એ સંસારના રહસ્યની સમજુતી આપનાર કોઈ ચોક્કસ મતવાદ નથી; એ તો સંસારની સ્થિતિ અને સંસારની બાબતો વસ્તુતઃ જેવા રૂપમાં છે તેવાજ રૂપમાં તેનું આબેહૂબ વર્ણન કરે છે. જેમકે–આપણી હયાતિનો મૂળ પાયોજ વિરુદ્ધભાવ છે યાને આપણા અસ્તિત્વનું મંડાણુજ વિરોધાભાસના પાયાપર થયેલું છે. એ ભયાનક વિરોધાભાસની વચમાં રહીનેજ આપણે સર્વત્ર વિચરવાનું છે. વળી, જ્યાં શુભ અગર મંગળ રહેલું હોય છે, ત્યાં અશુભ અથવા અમંગળ પણ સાથે રહ્યું હોય છે; તેમજ જ્યાં આગળ અશુભ અને અમંગળ હોય છે, ત્યાં આગળ સાથે શુભ ને મંગળ પણ હોય છેજ. તેમજ જ્યાં જીવન હોય છે, ત્યાં મૃત્યુ પણ છાયારૂપે અનુસરે છે. જેઓ હસે છે તેમને રોવું પડશે અને જેઓ રડે છે તેમને હસવાનું પણ આવશેજ. સંસારની આ વસ્તુસ્થિતિ જેમ છે તેમની તેમજ રહેવાની, તે બદલી બદલાય તેવી નથી. આપણે એક એવું સ્થાન અવશ્ય કલ્પી શકીએ કે જ્યાં કેવળ શુભ અને મંગળતાનુંજ સામ્રાજ્ય હોય અને અશુભ કે અમંગળતાની ગંધ સરખી ન હોય; અને જ્યાં આપણને કેવળ હસવાનુંજ પ્રાપ્ત થાય અને કદાપિ રડવુંજ ન પડે. એવી કલ્પના કરવી તો સહેલ છે–કલ્પનાના ઘોડા દોડાવવામાં કંઈ જતું નથી. પરંતુ વસ્તુસ્થિતિ જે હદસુધી છે તેવી ને તેવીજ સ્થિતિ જગતમાં સર્વત્ર વિદ્યમાન છે, ત્યાંસુધી તો એવું સ્થાન હોવું અસંભવિતજ છે. કેમકે વિશ્વની રચનાજ વિરોધભાવના પાયાપર થયેલી છે, અને તેથી જ્યાં આગળ આપણને હસાવવાની શક્તિ રહેલી હોય છે, ત્યાં આગળ રડાવવાની શક્તિ પણ ગુપ્ત રીતે રહેલીજ હોય છે. તેમજ જ્યાં સુખ ઉપજાવવાની શક્તિનો વાસ છે ત્યાં દુઃખ પેદા કરવાની શક્તિ પણ કોઇ ને કોઈ ખૂણે છુપાયલીજ હોય

છે. અર્થાત્ કે હસવું-રડવું, સુખ-દુઃખ ઇત્યાદિ દ્વંદ્વો પૈકી એક હોય ને બીજું ન હોય એવું બનવું વિશ્વવ્યવસ્થામાં તો કદાપિ શકયજ નથી.

હવે તમે જોયું કે અમારી વેદાંતની ફિલસુફી નરી સુખાશાવાદી કિંવા નરી નિરાશાવાદી નથી. એ તો ઉભયવાદનો પ્રચાર કરે છે, અને વસ્તુસ્થિતિ જેવી હોય છે તેવીજ આગળ કરે છે. અર્થાત્ કે વેદાંતના મતે તો સંસાર એટલે મંગળ-અમંગળ તથા સુખ-દુઃખનું મિશ્રણ છે, અને એ દ્વંદ્વો પૈકી એકની વૃદ્ધિ કરવા જતાં બીજાની પણ વૃદ્ધિ થવાનીજ. સંસાર કેવળ સુખમય કિંવા કેવળ દુઃખમય, અગર સર્વાંશે સારો કે સર્વાંશે ખરાબ હોય એવું કદાપિ થનાર નથી. કારણ કે એવી જાતની ધારણાજ સ્વવિરોધી છે. આવી જાતનો મત પ્રદર્શિત કરીને અને સંસારના રહસ્યનું આવું પૃથક્કરણ કરીને વેદાંતે એટલું તો ખાસ પૂરવાર કર્યું છે કે, શુભ અને અશુભ એ બે કોઇ સાવ જૂદી જૂદી વસ્તુઓ છેજ નહિ. 'શુભાશુભ' કિંવા 'સુખદુઃખ' એ મહારહસ્યનો મર્મ તો વેદાંતે સંપૂર્ણ હસ્તગત કર્યો છે. આ સંસારમાં એવી એક પણ ચીજ નથી, કે જેને તમે સંપૂર્ણ મંગળકારી અથવા તો સંપૂર્ણ અમંગળકારીતરીકે ઓળખાવી શકો. જે બાબત આજે આપણને શુભ કિંવા મંગળકારી જણાતી હોય છે, તેની તેજ બાબત આવતી કાલે કદાચ અશુભ કિંવા અમંગળકારી પણ ભાસે છે; જે વસ્તુ એકને દુઃખકર હોય છે, તેજ વસ્તુ બીજાને સુખકર પણ હોઇ શકે છે; જે અગ્નિના સ્પર્શથી બાળક દાઝે છે, તેજ અગ્નિ ભૂખ્યા માણસને રુચિકર ભોજન તૈયાર કરી આપે છે. તેવીજ રીતે એકના એકજ જ્ઞાનતંતુઓ સુખ તેમજ અસુખની લાગણીઓ અનુભવે છે. તેથી અશુભ અથવા દુઃખને અટકાવવાનો એકમાત્ર ઉપાય એજ છે કે, શુભ અથવા સુખનેજ અટકાવવું; એ સિવાય બીજો કોઈ રસ્તોજ નથી. એવીજ રીતે મૃત્યુ અટકાવવા વાસ્તે આપણે જીવનને પણ અટકાવવું પડશે; કારણ કે 'મૃત્યુરહિત જીવન' અને 'દુઃખરહિત સુખ' એ કથનજ સ્વવિરોધી છે. એ દ્વંદ્વોમાંનું હરકોઇ એક એકલું તો મળવાનુંજ નહિ; કેમકે તેમાંનું દરેક એકજ વસ્તુનો ભિન્ન ભિન્ન આવિર્ભાવ માત્ર છે. ગઇ કાલે હું જેને શુભ ને મંગળકારી માનતો હતો, તેને અત્યારે હું તેમ નથી માનતો; તેમજ મારી પાછલી જીંદગી ઉપર હું દૃષ્ટિપાત કરું છું અને જૂદા જૂદા સમયે મારા કેવા કેવા આદર્શ હતા તે તપાસું છું, ત્યારે પણ એજ વાત સાબીત થાય છે. એક વાર મારો આદર્શ બે સુંદર પાણીદાર ઘોડાની ગાડીમાં બેસીને ફરવાનો હતો; ત્યારે બીજી વાર વળી, મને એમ લાગતું હતું કે અમુક જાતની સ્વાદિષ્ટ મિઠાઇ મને બનાવતાં આવડે તો કેવું સારૂં! વળી, આગળ જતાં

મને એમ થઇ આવ્યું કે, મને સ્ત્રીપુત્રાદિ સાથે છલાછલ પૈસાની પ્રાપ્તિ થાય તોજ મઝા પડે–તોજ સંપૂર્ણ સુખીઆ થવાય. આજે આમાંનો એકે આદર્શ મારી જીંદગીમાં નથી. તેમના તરફ જોઇને તો અત્યારે હું હસું છું કે 'કેવા બાલિશતાભર્યા વિચારો ! કેવું વાહિયાતપણું!' એવીજ રીતે અમારૂં વેદાન્ત કહે છે કે, જે આદર્શોને લીધે–જે વિચારોને લીધે આપણને આપણું દૈહિક વ્યક્તિત્વ–દેહાભિમાન–ત્યજવાની વાતથી અત્યારે ગભરામણ છૂટે છે, તેજ આદર્શો અને તેજ વિચારો તરફ જોઇને ભવિષ્યમાં કોઇ વાર આપણે ખચિતજ હસીશું. અત્યારે સૌ કોઈ પોતપોતાના દેહની રક્ષા કરવા માટે ચિંતાતુર જણાય છે, કોઇને પણ તેનો ત્યાગ કરવાનું ગમતું નથી. કેમકે સૌનું એમ માનવું છે કે, આ દેહને જો યથેચ્છ ટકાવી રખાય તો કેવું સારૂં ! કેવાં સુખીઆં થઇએ ! પરંતુ એક સમય એવો પણ આવશે કે જ્યારે આ વિચારના સ્મરણમાત્રથી પણ આપણને હસવું આવશે. ત્યારે કોઇ કહેશે કે જો વસ્તુસ્થિતિ આવીજ હોય, જો આપણે હડહડતા વિષમભાવમાંજ મૂકાયાં હોઇએ, એટલે કે સત્ પણ નહિ તેમજ અસત્ પણ નહિ પરંતુ બન્નેનું મિશ્રણ; સુખેય નહિ તેમ દુઃખેય નહિ, પરંતુ ઉભયનું મિશ્રણ–તો પછી તમારા વેદાન્તનો તેમજ અન્ય દર્શનશાસ્ત્રોનો શો ઉપયોગ? ધર્મોનો પણ શો ઉપયોગ? વળી, સત્કાર્ય કે પરોપકાર કરવાનું પણ શું પ્રયોજન? એવો પ્રશ્ન મનમાં ઉદ્ભવે છે, કારણ કે એ વાત જો સાચીજ છે કે અશુભહીણું શુભ થઈ શકતુંજ નથી, અને જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે સુખ ઉત્પન્ન કરવા જઇએ છીએ ત્યાં ત્યાં ને ત્યારે ત્યારે સુખની સંગાથે દુઃખ પણ ઉત્પન્ન થયા વગર રહેતું નથી, તો લોક પૂછશે કે ત્યારે 'શુભ અગર પરોપકાર કરવાની જરૂરજ શી છે?' એનો જવાબ આ પ્રમાણે છેઃ–પ્રથમ તો દુઃખ ટાળવા માટે કાર્ય કર્યા વગર આપણો છૂટકોજ નથી, કેમકે દુઃખી મટી સુખી થવાનો એજ માત્ર એક રસ્તો છે. આપણી જીંદગીમાં મોડી વહેલી પણ એ વાત આપણને જણાયા વગર રહેતી નથી. પ્રખર બુદ્ધિમાનોને તે જરા જલદી જણાય છે તો મંદ બુદ્ધિનાઓને જરા મોડેથી પણ સમજાય છે ખરીજ. બીજું કે 'આપણે આપણો કાર્યભાગ યથાર્થ ભજવવોજ જોઇશે, કેમકે વિરોધભાવથી ભરેલી આ જીંદગીમાંથી મુક્ત થવાનો એજ માત્ર એક રસ્તો છે–અર્થાત્ કે 'સંસાર કેવળ સુખપૂર્ણ બને, દુઃખ નામે રહે નહિ' એ વાત કદાપિ કાળે સિદ્ધ થનાર નથી. એ વાત જો કે આપણે જાણી લીધી છે તોપણ દુઃખને દૂર કરવા સારૂ આપણાથી કાર્ય કર્યા વગર રહી શકાવાનું નથી; એટલુંજ નહિ પણ એથી દુઃખમાં ઓર વધારો થતો માલમ પડશે, તોયે આપણે આપણો પ્રયત્ન

ચાલુ રાખીશું. સુખદુઃખની ઉભય શક્તિઓજ આ વિશ્વને જીવંત રાખે છે. અને છેવટે એક દિવસ એવો આવે છે કે જ્યારે આપણે સ્વપ્નદર્શનમાંથી જાગ્રત થઇને આ માટીનાં પૂતળાં બનાવવાની રમત છોડી દઇશું. ને ખરેજ! આ બધો વખત આપણે માટીનાં પૂતળાંજ નિર્માણ કરી રહ્યાં છીએ. એ શિખામણ આપણે ગ્રહણ કરવી પડશે, અને એ ગ્રહણ કરતાં આપણને દીર્ઘસુદીર્ઘ સમય લાગશે.

વેદાન્ત કહે છે કે–"અનંતજ અંતવાળું બનેલું છે." એ ઉક્તિના આધારપર એક નૂતન દર્શનશાસ્ત્ર કિંવા તત્ત્વજ્ઞાન રચવાના પ્રયત્ન જર્મનીમાં થયેલા છે, અને ઇંગ્લૅંડમાં અત્યારે થઇ રહ્યા છે. પણ એ બધા દર્શનકારોના મતનું પૃથક્કરણ કરી જોતાં માલમ પડે છે કે "અનંત તત્ત્વ જગતની અંદર પોતાને વ્યક્ત કરવાનો હજી પ્રયત્ન કરી રહ્યું છે અને યથાકાળે તે પ્રયત્નમાં એ ફાવશે. અર્થાત્ કે નિરપેક્ષાવસ્થા યાને અવ્યક્તતા એ વિકસિતાવસ્થા યાને વ્યક્તતાના કરતાં ઉતરતી છે. કેમકે નિરપેક્ષ સ્વરૂપ વિકસિતાવસ્થામાંજ પોતાને વ્યક્ત કરે છે. માટે જ્યાંસુધી અનંત તત્ત્વ સંપૂર્ણપણે પોતાને વ્યક્ત કરી શકે નહિ, ત્યાંસુધી આપણે તેને ઉત્તરોત્તર એ કાર્યમાં સહાય કરવીજ જોઇશે."આ કથન કાનને લાગે છે તો ઘણું મધુર અને વળી અનંત; વિકાસ, વ્યક્ત–અવ્યક્ત–ઇત્યાદિ દાર્શનિક શબ્દો પણ વપરાયા છે. પરંતુ આ નૂતન દાર્શનિકોને ઇતર દાર્શનિક પંડિતો સ્વાભાવિક રીતેજ પૂછી શકે કે "સાંત અનંતને સંપૂર્ણપણે વ્યક્ત કરે છે"–એ કથન માટે તમારી પાસે ન્યાયસંગત એવો શો આધાર છે? નિરપેક્ષ અને અનંત સત્તા સોપાધિક યાને મર્યાદિત બનીનેજ જગતરૂપે પ્રકાશિત થયું છે, તેથી કરી એ ઠેકાણે સઘળુંજ મર્યાદિત હોવાનું. ઇંદ્રિય, મન તેમજ બુદ્ધિદ્વારા જે જે કંઇ અનુભવી યા કળી શકાય છે તે બધુંજ સસીમ યાને મર્યાદિત છે. સસીમ વસ્તુમાં અસીમત્વ યાને અનંતતાનું આરોપણ કરવું કેવળ બેહૂદું છે. સસીમ વસ્તુ અસીમત્વને પ્રાપ્ત થાય એ વિચારજ હાસ્યાસ્પદ છે. એમ કદાપિ થઈ શકેજ નહિ.

ઉલટ પક્ષે વેદાન્ત કહે છે કે, નિરપેક્ષ અથવા અનંત સત્તા સાંતસ્વરૂપે પોતાને વ્યક્ત કરવાની ચેષ્ટા કરે છે, એ વાત સાચી; પણ એવો એક વખત આવશે કે જ્યારે એને પોતાનો એ ઉદ્યોગ નિરર્થક ભાસી સમેટી લેવો પડશે. એ પાછાં ડગ ભરવાના સમયથીજ ધર્મનો ખરો આરંભ થશે; કારણ કે વૈરાગ્ય એજ ધર્મનું ખરૂં લક્ષણ છે અને પાછાં ડગ ભરવાં એટલેજ વૈરાગ્ય સેવવો. અત્યારના જમાનામાં તો વૈરાગ્યની વાત કરવી પણ કઠિન થઇ પડે છે. હું અમેરિકામાં હતો ત્યારે મારેવિષે એમ કહેવામાં આવતું કે હું કોઇ પાંચ હજાર વર્ષપર મૃત્યુ પામેલી અને વિસ્મરણના પટમાં

દટાઇ ગયેલી ભૂમિમાંથી આવ્યો છું અને વૈરાગ્યની વાતો કરૂં છું. લોકો કહેતા " જવા દો, જવા દો, એ તો કોઇ પાંચ હજાર વર્ષ પૂર્વેની દુનિયામાંથી આવ્યો છે અને વૈરાગ્યની વાતો કરે છે." ઈંગ્લૅંડના દર્શનવેત્તાઓ પણ કદાચ એવું કહેતા હશે; પરંતુ સત્ય માનજો કે વૈરાગ્ય અથવા ત્યાગ એજ ધર્મનો ખરો પંથ છે ને આ જીવનની સાચી વસ્તુ છે. પ્રાણાંત પ્રયત્ન કરી જુઓ કે, એ સિવાય અન્ય કોઇ રસ્તો છે? બીજો માર્ગજ નથી. માટે ત્યાગનુંજ સેવન કરો. ત્યાગો, બસ ત્યાગો. ઇસુએ પણ શું કહ્યું હતું? એજ કે "મારી ખાતર જે પોતાની જીંદગી કુરબાન કરશે તેનેજ તે પદ પ્રાપ્ત થશે." એટલુંજ નહિ પણ ઇસુએ તો વારંવાર ઉપદેશ્યું છે કે— "સંપૂર્ણતાને પ્રાપ્ત કરવાનો ત્યાગજ એકમાત્ર રસ્તો છે." વળી અમારામાં કહેવત છે કે **ત્યાગે તેની આગે અને માગે તેથી આઘે.** માટે ભાઇઓ! સૌ કોઇ ત્યાગનું સેવન કરો-ત્યાગમાંજ શ્રેય અને શાંતિ છે. દરેકની જીંદગીમાં એક વખત અવશ્ય એવો આવશે કે જ્યારે અંતરાત્મા આળસ મરડશે અને આ દીર્ઘકાળની વિષાદપૂર્ણ સ્વપ્નાવસ્થામાંથી જાગ્રત થશે; અને બાળક જેમ માતાને નિરખી રમકડાં ફેંકી દઇ તેની સમીપ દોડી જાય છે, તેમ એ પણ પોતાના આદિસ્વરૂપને પ્રાપ્ત કરવા ઉદ્યોગ કરશે, તે વખતે—

न जातु काम कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

યાને "કામીજનોની કામવાસના કામ્ય વસ્તુઓના ઉપભોગથી શાંત પડતી નથી, પણ અગ્નિમાં ઘીની આહુતિ પડયાથી જેમ અગ્નિની જ્વાળા વધે છે, તેમ કામી જનની વાસના પણ ઉપભોગથી વધતી જાય છે"—એ સત્ય બરાબર તેના સમજવામાં આવશે. ઇંદ્રિયવિલાસ, બુદ્ધિવિલાસ તેમજ મનુષ્ય મનના બીજા પણ વિવિધ વિલાસની એજ સ્થિતિ-ગતિ છે. તે તે બધાજ મિથ્યા હોઈ માયાધીન છે; બધાજ માયાના એક એવા પાશમાં લપટાયલા છે કે જેમાંથી આપણે છૂટીજ ન શકીએ. અનંત કાળ આપણે એમાં ને એમાં દોડયા કરીએ તોપણ તેનો અંત આવતો નથી; અને એમાં અટવાતાં અટવાતાં અલ્પ સુખ ભોગવી લેવાનો જ્યાં કંઈ આપણે પ્રયત્ન કરીએ છીએ કે લાગલા દુઃખના ડુંગર આવીને આપણને દબાવી દે છે. કેવી ભયંકર અવસ્થા! અને જ્યારે જ્યારે હું એના વિષે વિચાર કરૂં છું, ત્યારે ત્યારે મને એમ લાગ્યા વગર નથી રહેતું કે, આ માયાવાદ યાને બધુંજ માયામય છે—એજ માત્ર એનો એક યથાર્થ ખુલાસો છે. આ સંસારમાં, અહા! કેટલા બધા દુઃખના ઢગલા પડયા છે! અને જો આપણે વિવિધ રાષ્ટ્રોમાં પ્રવાસ કરીશું તો જણાશે કે, એ દુઃખના ડુંગરાઓને દૂર કરવાને એક દેશ એક રસ્તો અખત્યાર કરે છે, તો

બીજી પ્રજા વળી બીજીજ રીતે મથે છે. એક જાતનું દુઃખ દૂર કરવા જૂદી જૂદી પ્રજાઓએ કમર કસી છે અને તેને ટાળવાના વિવિધ જાતના પ્રયત્નો અજમાવી જોયા છે; પણ હજીસુધી તો કોઇએ સફળતા મેળવી કરી નથી–એટલે કે કોઇને પણ વિજય મળ્યો નથી. જો કોઇ ખૂણે તેનું પ્રમાણ અલ્પ સ્વલ્પ ઘટયું હશે તો બીજે ખૂણે વળી તેનાં પડ વધારે ઘાડાં થયાં હશે. એની ગતિજ એવી છે. હિંદુ-જાતિએ પોતાની જાતીય વિશુદ્ધતા અને પવિત્રતાનું પ્રમાણ જાળવી રાખવા સારૂ બાળલગ્નને અનુમતિ આપી, જેને પરિણામે ક્રમેક્રમે સમગ્ર હિંદુજાતિનું અધઃપતન થયું છે. બીજી તરફ તમે ઇંગ્લૅંડવાસી-ઓ પણ શું વધારે સારી સ્થિતિમાં છો? અલબત નહિજ. તમારાં આ કહેવાતાં પ્રેમલગ્ન અને સ્ત્રીસ્વાતંત્ર્યની આફતો પણ ક્યાં ઓછી છે? યાદ રાખો કે, સતીત્વ યાને પવિત્રતાજ હરકોઇ જાતિની જીવન-શક્તિ છે. દુનિયાના ઇતિહાસોમાં શું તમે નથી જોયું કે, કોઇ પણ જાતિના વિનાશનું બીજ તેના અસતીત્વમાં અથવા અપવિત્રતામાં રહેલું છે? અસતીત્વ અને અપવિત્રતા એ જાતિના મૃત્યુનું લક્ષણ છે. એ જે જાતિમાં પ્રવેશ થવા પામ્યું તે જાતિનો વિનાશ ઢુંકડો અથવા હાથવેંતમાં છે, એમ સમજી લેવું. આ બધા દુઃખદાયક પ્રશ્નોનો ઉકેલ ત્યારે શી રીતે થઇ શકે? જો માતાપિતા તરફથીજ પોતપોતાનાં સંતાનો માટે સુયોગ્ય જોડાંની પસંદગી થાય છે–એટલે કે પુત્રમાટે યોગ્ય કન્યાની અને કન્યા માટે યોગ્ય વરની પસંદગી કરવાનું કામ માતાપિતાનાજ હાથમાં હોય છે, તો આ અનર્થ-આ તમારા કહેવાતા પ્રેમલગ્નના દોષો કંઇક અંશે ઓછા થાય છે. અમારી ભારતપુત્રીઓમાં રસિકતા કરતાં વ્યવહારકુશળતાનો ગુણ વધારે હોય છે; પણ તેમની જીંદગીમાં કાવ્ય અથવા કલ્પનાપ્રિયતા જેવું બહુજ ઓછું હોય છે. હવે જે સમાજમાં સ્ત્રીપુરુષો પોત-પોતાનો જીવનસાથી પોતાની મેળેજ પસંદ કરી લે છે, તે સમાજમાં એ રીતથી કંઇ વધારે સુખ આવી જતું નથી. એમ તો જો જોવા જઇએ તો અમારી ભારતસ્ત્રી સાધારણ રીતે બહુ સુખી છે; ત્યાં પતિપત્ની વચ્ચે ઝઘડાના કેસ પ્રાયઃ થતાજ નથી, એમ કહીએ તો ચાલે. ઉલટ પક્ષે, અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોમાં કે જ્યાં સ્વાતંત્ર્યની ભાવના પૂરજોસમાં પ્રવર્તે છે, ત્યાં જોઇશું તો સુખીઆ ઘરસંસાર અને સુખીઆં લગ્નસંબંધ જુજ નજરે પડે છે; ત્યારે દુઃખી ઘરો અને દુઃખી દંપતીઓની સંખ્યા અતિશય બહોળા પ્રમાણમાં મળી આવે છે. એક વાર હું ત્યાં કોઇ સભામાં ગયો હતો, ત્યાં મારા સાંભળવામાં આવ્યું હતું કે, તે સભામાં હાજર રહેલી સ્ત્રીઓ પૈકી પોણા ભાગનીએ પોતાના પતિપુત્રાદિકનો પરિત્યાગ કર્યો હતો. એ તો બધેજ એમ છે-ઘેરઘેર માટીના ચૂલા જેવું છે.

અહીં તહીં બધેજ કોઇ ને કોઇ સ્વરૂપમાં દુઃખ તો છેજ. એ વસ્તુસ્થિતિ શું સૂચવે છે વારૂ? એજ કે, આટ આટલા આદર્શો અને વિવિધ ઈલાજોથી પણ માનવસમાજે ઝાઝું સુખ લાભ્યું નથી. આપણે બધાંજ સુખને માટે મથીએ છીએ, પણ જ્યાં એક બાજુએ જરાતરા સુખની પ્રાપ્તિ થાય છે કે બીજી બાજુથી લાગલા દુઃખના ડુંગર ધસી પડે છે.

ત્યારે, શું હજી પણ આપણે શુભ કાર્ય કરવાનું ચાલુજ રાખીશું? અલબત, હા; અને તે પણ પહેલાં કરતાં વધારે ઉત્સાહ ને ઉમંગથી. આટલા જ્ઞાનથી આપણને એ લાભ અવશ્ય થશે કે, આપણું ઝનુન અને એકદેશીપણું રહેવા નહિ પામે. એ જ્ઞાન–એ શિક્ષણના પ્રતાપે આપણું ઝનુન ઓગળી જશે. એ જ્ઞાન પ્રાપ્ત થતાં અંગ્રેજો ઝનુનમાં તણાઇ હિંદુઓને "અરે! ઓ નરાધમ હિંદુઓ! તમે નારીજાતિ પ્રત્યે કેવો અયોગ્ય વ્યવહાર કરો છો!" એમ કહી કદી નહિ નિંદે કે તિરસ્કારે. જૂદી જૂદી પ્રજાઓના રિવાજોને તે માન આપતાં શીખશે અને ત્યારેજ ઝનુન યાને ઉશ્કેરાઇ જવાની વૃત્તિ કમી થશે તથા વધારે સંગીન કાર્ય નીપજશે. ઝનુની લોકોથી કામ નથી નીપજતું, તેમની પોણી શક્તિ તો નકામા ઉશ્કેરાઇ જવામાંજ ખતમ થાય છે. જેઓ ધીર, શાંતચિત્ત અને વ્યવહારદક્ષ હોય છે તેઓજ કંઇક કરી શકે છે; માટે આ જ્ઞાનથી આપણને લાભજ છે, આપણી કાર્ય કરવાની શક્તિ એથી વધશે. "વસ્તુસ્થિતિજ એવી છે, એમાં કોઇનો દોષ નથી" એવું ભાન થતાં આપણી તિતિક્ષા અથવા સહનશક્તિ ખીલશે. વળી દુઃખ કે અશુભના દેખાવમાત્રથી આપણી ચિત્તશાંતિને ખલેલ નહિ પહોંચે કે મગજનું સમતોલપણું ગુમાવી આપણે સત્યના પરિત્યાગપૂર્વક છાયાને પકડવા નહિ દોડીએ. મતલબ કે, સંસારની ગતિજ એવી છે, એવું સચોટ ભાન થતાં આપણે સહિષ્ણુ બનીશું. દાખલાતરીકે જો બધાંજ મનુષ્યો આમ કરતાં કરતાં ભલાં યાને દોષશૂન્ય બની જાય, તો પછી પશુસૃષ્ટિનો વારો આવશે–અર્થાત્ કે પશુઓ માનવતા પ્રાપ્ત કરશે અને તેમને પણ આપણી માફક એક પછી એક સ્થિતિઓ પસાર કરવી પડશે. એજ પ્રમાણે વનસ્પતિસૃષ્ટિનું પણ સમજી લેવાનું. પરંતુ એક વાત જેમ ચોક્કસ છે કે, નદી જોરથી સમુદ્ર તરફ ધસે છે અને પોતાનું જળ તેમાં ઠાલવે છે, ને એમ કરતાં નદીના પાણીનું એકે એક બિંદુ વિશાળ મહાસાગરમાં સમાઇ જાય છે; તેમજ આ સુખ–દુઃખ, હર્ષ–શોક, હાસ્ય–રુદન ઇત્યાદિથી ભરેલા સંસારમાં પણ એક વાત ચોક્કસ છે કે, બધી વસ્તુઓ તેના ઇષ્ટ ધ્યેય તરફ ધસ્યે જાય છે અને યથાકાળે તમે, હું ને બધાંય–વૃક્ષવેલ ને પશુપંખી—રે! ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવાણુ

સુદ્ધાં પોતાના ધ્યેયને—સંપૂર્ણતાના એ અનંત મહાસાગરને—પરમાત્માને—મુક્તિને-પરમ સચ્ચિદાનંદપદને-અવશ્ય પ્રાપ્ત કરશે.

હું ફરી વાર પણ જણાવું છું કે, વેદાન્ત સુખાશાવાદી પણ નથી કે નિરાશાવાદી પણ નથી. આ સંસાર કેવળ મંગળમય કિંવા કેવળ અમંગળમય છે, એવું વેદાન્ત નથી કહેતું. એ તો એમ કહે છે કે, શુભઅશુભ કિંવા મંગળ-અમંગળની કિંમત આપણે માટે તો સરખી છે. અશુભની કિંમત શુભ કરતાં ઓછી નથી કે શુભની કિંમત અશુભ કરતાં તલભાર કમી નથી. અર્થાત્ શુભ-અશુભ એવી રીતે એકબીજા સાથે સંકળાયલાં છે કે એકની કિંમત બીજા કરતાં લેશ પણ ઓછીવત્તી થતી નથી. સંસાર આવો છે, તેને તમે પિછાની લઇને સહિષ્ણુતા કિંવા સહનતાપૂર્વક કર્મ કરો; પણ પાછું કોઇ પૂછશે કે "શામાટે કર્મ કરવાં—શું કરવા કંઇ પણ કાર્ય કરવાં? જો ઘટનાચક્રજ આવી જાતનું છે, તો પછી અમે શું કરીએ? અજ્ઞેયવાદીજ કેમ ન બનીએ?" પણ ભાઇ! અર્વાચીન અજ્ઞેયવાદીઓ પણ એટલું તો જાણે છેજ કે "આ રહસ્યનો કંઇ સ્ફોટ નથી—આ ઘુંચનો ઉકેલજ નથી—અમારી વેદાન્તની ભાષામાં કહીએ તો આ માયાપાશમાંથી છૂટવાની કોઇ બારીજ નથી. માટે સંતુષ્ટ રહીને જીવનના સર્વ ભોગો ભોગવવાની તેઓ સલાહ આપે છે. પરંતુ અહીંઆં પણ ભારે ભૂલ થાય છે, ન્યાયથી અસંગત એવો મહાભ્રમ પેદા થાય છે. જીવનને તમે શું સમજો છો? જીવન-વિષેની તમારી માન્યતા કેવી છે? પંચેંદ્રિયપરાયણ જીવનનેજ શું તમે જીવન માનો છો? ઇંદ્રિયોમાંજ રચ્યાપચ્યા રહેવું એનેજ શું તમે જીવન સમજો છો? એ બાબતમાં યાને ઇંદ્રિયાતીત જ્ઞાનમાં તો આપણે પશુઓ કરતાં થોડાકજ ચઢીઆતા છીએ; પણ મારી ખાત્રી છે કે, અહીંઆં બેઠેલ શ્રોતાઓમાંથી તો કોઇ એવું નહિ હોય કે જેનું જીવન સંપૂર્ણભાવે યાને સર્વાંશે ઇંદ્રિયપરાયણ હોય. તાત્પર્ય કે, આપણું વર્તમાન જીવન એટલે ઇંદ્રિયાત્મજ્ઞાન વત્તા કંઇક બીજું; અને એ બીજું તે આપણી લાગણીઓ, આપણા વિચારો અને આપણી મહત્ત્વાકાંક્ષાઓ. એ બધુંજ આપણા જીવનના અંગીભૂત છે; અને પૂર્ણતાના એ મહા આદર્શને પહોંચવાનો આપણો તનતોડ ઉદ્યોગ પણ શું આપણા જીવન-નું એક અંગ નથી? અજ્ઞેયવાદીઓના મત પ્રમાણે તો આપણે આપણાં વર્તમાન જીવનની રક્ષા કરવાની કોશીશ કરીને તેને છે તેવું ભોગવવું. પરંતુ ઉપર જણાવ્યા મુજબ જીવન એટલે આપણાં સામાન્ય સુખ-દુઃખ ઉપરાંત આપણાં જીવનનાં અસ્થિમજ્જા-સ્વરૂપ એ મહા આદર્શની ખોજ યાને પૂર્ણતાને પહોંચવાનો એ પ્રબળ ઉદ્યોગ પણ સમજવાનો છે. તે મહા આદર્શને આપણે

પહોંચવાનુંજ છે અને તેથી આપણે વસ્તુતઃ અજ્ઞેયવાદી નથી થઇ શકતા કે સંસાર જેવો બહારથી જણાય છે તેવો ને તેવો સ્વીકારી લઇ નથી નભાવી શકતા. અજ્ઞેયવાદીઓ જીવનના છેલ્લા અંગને—પૂર્ણતા મેળવવાના મહાન આદર્શને છોડી દઇને બાકીનાનેજ જીવનસર્વસ્વતરીકે સ્વીકારે છે. તેઓ કહે છે કે, એ આદર્શ અગોચર હોઇ પ્રાપ્ત કરાય તેમ નથી, માટે અમે તેની શોધને પડતી મૂકીએ છીએ. આ કુદરત–આ જગત–એનેજ માયા કહેવામાં આવે છે. વેદાંતમતમાં એનેજ પ્રકૃતિ નામે ઓળખવામાં આવે છે, બધાજ ધર્મો ઓછેવત્તે અંશે આ પ્રકૃતિના યાને આ માયાના બંધનને ભેદી જવાનાજ નાનામોટા પ્રયત્નો છે. પછી તે ધર્મ જંગલીમાં જંગલી જાતનો હોય કે ઉન્નતમાં ઉન્નત પ્રકારનો હોય—દેવોપાસનાપ્રધાન હોય કે પ્રતિકોપાસનાપ્રધાન હોય; જ્ઞાન, ધ્યાન અને ચિંતનના પાયાપર તેનું મંડાણ થયું હોય કે દેવચરિત, પિશાચચરિત, પ્રેતચરિત, સંતચરિત, ઋષિચરિત, મહાત્માચરિત કિંવા કોઇ અવતારચરિતની સહાયથી ચાલતો હોય; પણ બધાયનો ઉદ્દેશ તો એકજ છે. બધાજ ધર્મો પ્રકૃતિનાં આ બંધનોને ભેદવાના અલ્પ અગર મહાન પ્રયત્નો આદરે છે. ટુંકમાં કહેતાં તેઓ બધાજ મુક્તિની દિશામાં આગળ વધવાનો મહાન પ્રયત્ન કરી રહ્યા છે. જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનપૂર્વક પણ મનુષ્યને એટલું તો જરૂર લાગે છે કે, પોતે બંધાયલો છે, છૂટો નથી–યાને પોતે જેવો હોવાની ઇચ્છા ધરાવે છે તેવો નથી. પૃથ્વીપર તેના ડોળા પ્રથમ વાર ઉઘડયા અને તેણે ચોગરદમ નજર ફેરવી, ત્યારથીજ તે વાત તેના કબ્જામાં આવી ગઇ. તેજ ઘડીએ તેના ધ્યાનમાં વસી ગયું કે તે બંધનમાં છે. વળી તેને એમ પણ સમજાઇ ચૂકયું કે, તેની પોતાની અંદર એક કંઇ એવું તત્ત્વ રહેલું છે કે જે દેહને અગમ્ય એવા કોઇ સ્થાનમાં ઉડી જવા ઇચ્છે છે; પણ તે આ શૃંખલાબંધનમાં સપડાયલું હોવાથી તેમ કરી શકતું નથી. જે ધર્મોની અંદર પોતાનાંજ સગાંસંબંધીઓનાં ઘરની આસપાસ અદૃશ્યપણે ભટકયા કરીને તેમને અનેક પ્રકારના ત્રાસ આપે એવા નિષ્ઠુર અને પીડાકારી પિતૃઓ અને પ્રેતાત્માઓની પૂજા કરવામાં આવે છે, તેવા કનિષ્ઠ પ્રકારના ધર્મોમાં પણ આપણને મુક્તિનો એ સર્વસામાન્ય ભાવ નજરે પડે છે. દેવોપાસના કરનારાએ ને બધાજ દેવોમાં બીજી બધી મહત્તા ઉપરાંત એક વાત ખાસ વિશેષ લાગે છે અને તે એ કે, બધાયની અંદર પોતાના કરતાં વધારે સ્વાધીનતા રહેલી છે. દાખલાતરીકે, ઘરનાં બારીબારણાં બંધ હોય તોયે દેવતાઓ ઘરમાં પ્રવેશ કરી શકે છે યાને ભીંતો કે બારીબારણાં તેમને અટકાવી શકતાં નથી. મુક્તિ અથવા સ્વાધીનતા-

નો આ ખ્યાલ ક્રમે ક્રમે વધતાં આખરે સગુણ ઈશ્વરનો ભાવ પ્રગટે છે. એ ભાવનું અથવા એ આદર્શનું મધ્યબિંદુ એ છે કે, 'ઈશ્વર પ્રકૃતિ અથવા માયાથી પર છે યાને માયાતીત છે.' મને એમ લાગે છે કે, જાણે અત્યારે હું પ્રાચીન યુગમાં જીવું છું અને જોઉં છું કે, ભારતવર્ષનાં એકાંતિક તપોવનોમાં પ્રાચીન ઋષિમહર્ષિઓ એકઠા થયા છે, ને આ સવાલની વિચારણા કરી રહ્યા છે. તેમની એ ચર્ચા હું જાણે સાંભળી શકું છું. એવી એક સભામાં એક તરુણ ઉભો થાય છે અને જેનો નિર્ણય કરવામાં વૃદ્ધમાં વૃદ્ધ અને પવિત્રમાં પવિત્ર પુરુષની બુદ્ધિ કામ નથી કરતી એવા એ ફૂટ પ્રશ્નપર પોતાનો મત પ્રદર્શિત કરતો બોલે છે કે–"રે ! દિવ્યધામવાસી અમૃતના પુત્રો! સાંભળો, સાંભળો. મને રસ્તો જડયો છે, એક આદિત્યપૂર્ણ મહાન પુરુષ મારા ધ્યાનમાં આવ્યો છે કે જે અંધકારથી અતીત છે અને એનેજ જાણવાથી–એનેજ ઓળખવાથી આપણે અંધકારની બહાર જઇ શકીશું."*

આ માયા આપણી ચોમેર સર્વત્ર વ્યાપેલી હોઇ અતિશય વિકટ છે; તથાપિ તેમાં થઇનેજ આપણે આપણો માર્ગ કાપવાનો છે. 'જગત બધું સંપૂર્ણપણે સારૂં બની જશે ત્યારેજ હું કામ કરીશ અને સુખાનંદ માણીશ' એવું કહેનાર વ્યક્તિની ધારણા સફળ થવાનો સંભવજ નથી. કારણકે એ તો ગંગા જેવી મહાનદીને આ પાર બેસી કોઇ કહે કે 'નદીનું તમામ પાણી સમુદ્રમાં ઠલવાઈ રહેશે એટલે હું સામે પાર જઈશ' એના જેવું છે. આપણો રસ્તો માયાની સાથે–માયાના પ્રવાહની સાથે વહેવામાં નથી, પણ તેની વિરુદ્ધ છે; એ બીજું સત્ય આપણે શીખવાનું છે. આપણે માયા અથવા પ્રકૃતિના મદદગારતરીકે જન્મ્યાં નથી, પણ તેના પ્રતિસ્પર્ધાતરીકે જન્મ્યાં છીએ. આપણે તેના ધણી યાને માલીક અથવા શેઠ છીએ છતાં હાથે કરીને આપણે તેની ગુલામી સ્વીકારી લઇએ છીએ. આ ઘર અહીં ક્યાંથી ને કેવી રીતે આવ્યું ? પ્રકૃતિએ તો તે બાંધ્યુંજ નથી. પ્રકૃતિ તો કહે છે કે 'જાઓ, અને જંગલમાં વસો.' પરંતુ મનુષ્ય કહે છે કે 'ના, હું ઘર બનાવીશ અને તારી સાથે યુદ્ધ મચાવીશ—' અને તે તેમ કરે પણ છે. અર્થાત્ કે મનુષ્ય કુદરત અથવા પ્રકૃતિનો પ્રતિસ્પર્ધી તેમજ માલીક છે. માનવજાતિનો સમગ્ર ઇતિ-

---

* शृण्वन्तु विश्वे अमृतस्य पुत्राः ।आये धामानि दिव्यानि तस्थुः

× × × ×

वेदोऽहमेतं पुरुषं महान्तम्, आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाऽतिमृत्युमेति, नान्यः पन्था विद्यतेऽयनाय ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્ ૨–૫ અને ૩–૮)

હાસ એજ વાતનું સમર્થન કરે છે. એમાં પ્રકૃતિના કહેવાતા કાનુનો સામે માનવીએ મચાવેલા સતત યુદ્ધનાંજ વર્ણન હોય છે; અને બધાંય યુદ્ધોમાં અંતે માનવીનોજ જય થયો હોય છે. આંતર-જગતનો વિચાર કરતાં ત્યાં પણ એવુંજ યુદ્ધ ચાલુ હોય છે. ત્યાં એ યુદ્ધ પાશવ-માનવ અને આધ્યાત્મિક માનવ યાને માનવીની પાશવવૃત્તિઓ અને આધ્યાત્મિક વૃત્તિઓ વચ્ચે કિંબહુના તેજ અને તમ વચ્ચે ચાલે છે, અને તેમાંયે માનવજ જીતે છે-જાણે કે તે પ્રકૃતિમાં થઇને પરાણે મુક્તિધામનો રસ્તો કાઢે છે. આપણે ત્યારે જોઇ ગયા કે "વેદાન્તી પંડિતોએ આ માયાની પેલી પાર એક એવા તત્ત્વને શોધી કાઢ્યું છે કે જે માયાથી મુક્ત છે." અને આપણે પણ જો તે તત્ત્વની સમીપ જઇ પહોંચીએ તો આપણે પણ માયાથી લેપાઇશું નહિ-અર્થાત્ આપણને માયાનું બંધન પણ નહિ હોય. આ ખ્યાલ-આ આદર્શ તો ઈશ્વરને માનવાવાળા સઘળાજ ધર્મોની સામાન્ય માલકીનો છે; પણ વેદાન્તના મત પ્રમાણે તો એ આદર્શથીજ વસ્તુતઃ ધર્મની શરૂઆત થાય છે. એ આદર્શ પ્રાપ્ત થવો એ કંઇ ધર્મનો છેડો નથી, પરંતુ માત્ર આરંભજ છે. મતલબ કે, જેને વિશ્વના સૃષ્ટા, નિયંતા અને પાલનકર્તા તથા માયા અથવા પ્રકૃતિના અધિષ્ઠાતાતરીકે ઓળખવામાં આવે છે, એવા એ સગુણ બ્રહ્મનો-એ સગુણ ઈશ્વરનો આદર્શ એ કંઇ વેદાંતમતનો છેડો નથી, પણ આરંભ છે. એ આદર્શ-એ જ્ઞાન ક્રમે ક્રમે ખીલતું જાય છે અને પરિણામે વેદાન્તીને માલમ પડે છે કે "જેને પોતે પોતાની બહાર-પોતાથી જૂદો-ધારતો હતો તે તો પોતામાંજ છે. માયાના આવરણને લીધે અત્યાર સુધી પોતે જેને બદ્ધ સમજતો હતો તે પોતેજ સ્વયં મુક્તાત્મા છે.

४-माया अने ईश्वरभावनानो क्रमविकास*

માયાવાદ એ અદ્વૈત વેદાંતના એક પાયારૂપ હોઇ બીજરૂપે તે સંહિતામાં પણ મળી આવે છે. માયાવિષયક જે જે વિચારો ઉપનિષદોમાં સ્પષ્ટરૂપે વિકાસ પામ્યા છે તે બધાય વિચારો એક યા બીજા સ્વરૂપમાં સંહિતામાં રજુ થયેલા છે. અલબત્ત, સંહિતામાં તે ઉપનિષદોના જેટલા સ્પષ્ટભાવે નથી, પણ બીજરૂપે અસ્પષ્ટ છે. અત્યારસુધીમાં તમારામાંનાં ઘણાં જણ આ માયાના ખ્યાલથી સંપૂર્ણ પરિચિત થયાં હશો અને જાણીતાં પણ થયાં હશો કે, એ માયાને કેટલીક વાર ભ્રમ કિંવા ઇંદ્રજાળના નામથી ઓળખાવવાની ભૂલ કરવામાં આવે છે-અર્થાત્ કે માયાની વ્યાખ્યા ઘણી વાર લોકો 'ભ્રમ કિંવા ઇંદ્રજાળ' એવી કરે છે. તેથી જ્યારે લોકો જગતને માયા કહે છે, ત્યારે ત્યાં પણ "ભ્રમ-પ્રપંચ" એવોજ અર્થ સામાન્ય રીતે સમજવાનો હોય છે; પણ માયા શબ્દનો એ અર્થ બહુ સારો કે વાજબી નથી. અગાઉ કહેવાઇજ ચૂક્યું છે કે, માયા એ કોઇ મતવિશેષ નથી, પણ વિશ્વબ્રહ્માંડના સ્વરૂપનું વર્ણનમાત્ર છે. એ માયાને યથાર્થ સમજવા માટે તો આપણે સંહિતાપર્યંત જવું જોઇશે, અને છેક શરૂઆતમાં માયાસંબંધી કેવી ધારણા હતી તે અવલોકવું જોઇશે-અર્થાત્ કે આદિધારણાનું બીજ આપણે શોધી કાઢવું જોઇશે. લોકોમાં 'દેવતાઓ'નો ખ્યાલ કેવી રીતે ઉદ્ભવવા પામ્યો એ તો આપણે જોઇ ગયા છીએ. વળી એ પણ આપણે જાણી લીધું છે કે, એ દેવતાઓ પહેલાં તો શક્તિશાળી પુરુષોજ માત્ર હતા. દેવતાપણાનો ભાવ તો પાછળથીજ તેમનામાં આરોપાયો છે. ગ્રીક, હીબ્રુ, ઇરાની કે એવી કોઇ બીજી પ્રજાઓનાં પ્રાચીન શાસ્ત્રોમાં જ્યારે આપણે વાંચીએ છીએ કે, એ પ્રાચીન દેવતાઓ ઘણી વાર આપણી અત્યારની દૃષ્ટિએ અતિશય ઘૃણાસ્પદ કાર્યો કરતા હતા, ત્યારે આપણામાંનાં ઘણાંખરાંને ત્રાસ છૂટે છે; પણ એ વખતે એ વાત તો આપણે સાવ વિસરી જઇએ છીએ કે, આપણે ઈસુની ઓગણીસમી (અત્યારે વીસમી) સદીનાં મનુષ્યો છીએ, ત્યારે એ દેવતાઓ ગણાતાં મનુષ્યો તો હજારો વર્ષપૂર્વે થઇ ગયાં છે. વળી સાથે સાથે એ પણ વિસરી જઇએ છીએ કે, એ દેવતાઓના ઉપાસકોને તે દેવતાઓના

---

* લંડનમાં આપેલું વ્યાખ્યાન-૨૦ ઑક્ટોબર ૧૮૯૬

ચારિત્રમાં અસંગત જેવું કશુંજ નહોતું લાગતું, કિંવા પોતાના દેવતાઓના એવા વર્ણનથી તેમને ભય કે ત્રાસ જેવું પણ નહોતું થતું. એનું કારણ એજ છે કે, એ ઉપાસકો પણ ઘણે ભાગે પોતાના ઉપાસ્ય જેવાજ હતા. આપણી જીંદગીમાં એક વાત આપણે સારી રીતે યાદ રાખવી જોઇએ કે, બીજાંઓનાં જીવન-વિષે બોલતાં કે વિચારતાં આપણે આપણા પોતાના દૃષ્ટિ-બિંદુથી નથી જોવાનું, પણ તે લોકોના દૃષ્ટિબિંદુએ તપાસવાનું છે. આમ છતાં આપણે તો હમેશાં આપણેજ કાટલે બીજાંઓને તોળવા જઇએ છીએ, પણ એ રીત વ્યાજબી નથી. પ્રત્યેક વ્યક્તિનો વિચાર તેના પોતાના આદર્શ મુજબ થવો જોઇએ, અને નહિ કે કોઇ પરાયાના. બીજા માનવબંધુઓ સાથેના આપણા વ્યવહારમાં પણ આ ભૂલ આપણે હાથે સતત થાય છે, અને મને તો લાગે છે કે, આપણા આંતરવિગ્રહોનો યાને પરસ્પરના ટંટા-બખેડાનો મોટો ભાગ આ એકજ કારણમાંથી ઉપજવા પામે છે. બીજાંઓના ઉપાસ્ય દેવતાઓ, અને વિચારોને આપણે આપણા પોતાના ઉપાસ્ય દેવતાઓ, વિચારો અને આચારોને મુકાબલે સમ-જવાનો પ્રયત્ન કરીએ છીએ, અને તેથીજ પરસ્પર વિવાદ ઉત્પન્ન થાય છે. અમુક સંજોગોમાં મૂકાતાં મારે હાથે અમુક કોઇ કાર્ય સિદ્ધ થયું હોય, એવામાં અન્ય કોઇ માણસ એજ કામ કરતો મારી નજરે પડે તો હું તરતજ માની લઉં છું કે, એ માણસ પણ એજ ઉદ્દેશથી તે કામ કરી રહ્યો છે. તે વખતે મને સ્વપ્ને પણ ખ્યાલ નથી આવતો કે, જો કે કાર્યનું ફળ સરખું હોય, છતાં પણ કાર્યનાં પ્રેરક કારણો ભિન્ન ભિન્ન હોઇ શકે છે. કાર્ય કરવા-નું તેનું પ્રયોજન મારા પ્રયોજન કરતાં તદ્દન જૂદું હોય એ સંભ-વિત છે. તેથી પ્રાચીન ધર્મોનો વિચાર કરતી વખતે પણ આપણે આપણાજ દૃષ્ટિબિંદુને વળગી રહેવું ન જોઇએ, પણ આપણે તેમના-જ અસલના જમાનામાં તેમનાજ આચારવિચાર મુજબ જીવતાં હોઇએ એવું કલ્પી લઇનેજ તે તે ધર્મનો વિચાર કરવો જોઇએ.

'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'માં (બાઇબલના જૂના કરારમાં) આવતા ઘાતકી જીહોવ્હાનું વર્ણન વાંચીને ઘણાં જણ ત્રાસી ઉઠે છે, પણ તેમ શામાટે થવું જોઇએ? પ્રાચીન યાહૂદી લોકોનો જીહોવ્હા એ આજકાલ ઈશ્વરસંબંધી જેવો ખ્યાલ પ્રવર્તી રહેલો છે તેવાજ ગુણકર્મવાળો હોવો જોઇએ, એવું માની લેવાનો આપણને કે કોઇને શો અધિકાર છે? વળી યાદ રાખો કે, આપણા પછી પણ એવી એક પ્રજા ઉત્પન્ન થશે કે જે ધર્મ અને ઈશ્વર સંબંધના આપણા અત્યારના વિચારો પ્રત્યે, પ્રાચીન લોકોના વિચાર પ્રત્યે જેમ આપણે હસીએ છીએ તેમ હસશે. આમ હોવા છતાં પણ

આ બધી જૂદી જૂદી ઈશ્વરભાવનાઓની વચ્ચે એક સંયોગસાધક સુવર્ણદોરી રહેલી છે; અને એ સુવર્ણદોરીને શોધી કાઢવી એજ વેદાંતનો ઉદ્દેશ છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે "આ ભિન્ન ભિન્ન વિચારોરૂપી મુક્તાફળોની વચમાં હું સૂત્રરૂપે રહ્યો છું." અર્થાત્ કે "દોરો જેમ વિવિધ મુક્તાફળોને પરસ્પર જોડે છે, તેમ વિવિધ વિચારોને હું પોતે પરસ્પર ગુંથું છું." એ સિદ્ધાંત મુજબ ઈશ્વરસંબંધી આપણી આધુનિક ધારણા અનુસાર પ્રાચીન ધારણાઓ આપણને ગમે તેવી બીભત્સ, ભયાનક અને ઘૃણાસ્પદ લાગતી હોય, છતાં તેમની અને આધુનિક ધારણાની વચ્ચે સંયોજક સૂત્ર સ્થાપિત કરવું, એનેજ વેદાંત પોતાનું પરમ કર્તવ્ય લેખે છે-અર્થાત્ કે વેદાંતનું કામજ ઈશ્વરસંબંધી પ્રાચીન તથા અર્વાચીન વિવિધ મતો વચ્ચે પરસ્પર મેળ બેસાડવાનું છે. એ પ્રાચીન ધારણાઓ તેમના જમાનામાં સયુક્તિક અને સુસંગત હતી, એટલુંજ નહિ પણ આપણી વર્તમાન ધારણા કરતાં તેમાંની કોઇ પણ વધારે બીભત્સ કે ખરાબ નહોતી. એ તો એ ભાવનાઓ, તે જે જમાનામાં અને જે જનસમાજમાં ઉદ્‌ભવી તેમનાથી જૂદી પાડીને આપણે ચાલુ જમાનાને લાગુ પાડીએ છીએ, ત્યારેજ આપણને તે બીભત્સ રૂપમાં ભાસે છે. કેમકે અત્યારે એ પ્રાચીન સમાજ અને પ્રાચીન ભાવો રહેવા પામ્યાં નથી. પ્રાચીન સમયના યાહૂદીનું જેમ અત્યારના તીક્ષ્ણ બુદ્ધિવાળા યાહૂદીમાં રૂપાંતર થયું છે, અને પ્રાચીન આર્યનું જેમ બુદ્ધિમાન હિંદુમાં રૂપાંતર થયું છે; તેમજ જીહોવ્હા સંબંધી ખ્યાલ અને દેવતાઓ સંબંધી ખ્યાલ પણ વિકાસ પામ્યા છે. આપણી વિચારસરણીમાં મોટી ભૂલ તો એજ થાય છે કે, ઉપાસકોનો ક્રમવિકાસ સ્વીકારતી વખતે તેમનાં ઉપાસ્યોનો ક્રમવિકાસ સ્વીકારવાની વાત આપણે લક્ષ્ય બહાર કરીએ છીએ-અર્થાત્ કે પ્રાચીન ધર્મોનો વિચાર કરતી વેળા ઉપાસકોની ક્રમોન્નતિ થવાની સાથે ઉપાસ્યોની ક્રમોન્નતિ પણ થાયજ, એ સાદી વાત આપણે ભૂલી જઇએ છીએ. 'ઉન્નતિ સાધી' એમ કહી ઉપાસકોને જેમ ધન્યવાદ દેવામાં આવે છે, તેમ ઉપાસ્યોના સંબંધમાં કરવામાં આવતું નથી. કહેવાનો મુદ્દો એ છે કે, તમે અને હું એ જેમ કોઇ વિશિષ્ટ ભાવોના પ્રકાશક છીએ અને વિશિષ્ટ ભાવની ઉન્નતિ સાથે જેમ તમારી ને મારી ઉન્નતિ થઇ લેખાય છે, તેમ આ દેવતા અગર ઈશ્વર પણ વિશિષ્ટ વિશિષ્ટ ભાવોના દ્યોતક હોઈ તેના ભાવોની ઉન્નતિ સાથે તેમની પણ ઉન્નતિ થઇ છે. "ઇશ્વર પણ ઉન્નત થઇ શકે છે-વધી શકે છે" એમ સાંભળી તમને કદાચ નવાઈ ઉપજશે અને કહેશો કે, 'એ વધી શકેજ નહિ, એ તો અવિકારી છે;' પણ ધીરજ ધરો. પરમેશ્વર તો ખચીત અવિકારી,

અપરિવર્તનશીલ અને નિત્ય છે. એને વધવાપણું છેજ નહિ. એજ અર્થમાં મનુષ્યમાત્રની અંદર રહેલા ખરા મનુષ્યને–વસ્તુપુરુષને–પણ વધવાપણું નથી. પરંતુ વાત એમ છે કે, મનુષ્યના ઈશ્વરવિષયક જે ખ્યાલ હોય છે તેમાં ફેરફાર અને વિકાસ થતો રહે છે. આપણે આગળ જતાં જોઈશું કે, આ માનવી રૂપોમાં જે પ્રકૃત મનુષ્ય રહેલો છે તે અચળ, અવિકારી, શુદ્ધ અને નિત્યમુક્ત છે. હવે જેમ આ માનવી રૂપો એ પ્રકૃત મનુષ્યની છાયામાત્ર છે, તેમ આપણી ઈશ્વરભાવના પણ કેવળ આપણા મનની સૃષ્ટિ છે–અર્થાત્ પ્રકૃત ઈશ્વરનો તે એક આંશિક પ્રકાશમાત્ર છે–આભાસમાત્ર છે. એ આંશિક પ્રકાશની પીઠે પ્રકૃત ઈશ્વર રહેલો છે; અને તે નિત્ય, શુદ્ધ અને અવિકારી છે. પરંતુ આ આંશિક પ્રકાશ નિત્યનિત્ય બદલાયા કરે છે અને પોતાની પૂંઠળ રહેલા સત્યને વધારે ને વધારે પ્રકાશમાં લાવે છે. એ સત્ય જ્યારે અધિક ને અધિક પ્રમાણમાં વ્યક્ત થાય છે ત્યારે એને આપણે 'ઉન્નતિ થઈ' એમ કહીએ છીએ, અને જ્યારે તે સત્ય વધારે ને વધારે આચ્છાદિત થતું જાય છે ત્યારે 'અવનતિ અથવા અધોગતિ થઈ' એમ કહેવાય છે. આવી રીતે જેમ આપણે જ્ઞાનમાં ઉન્નત થઈએ છીએ, તેમ આપણા દેવતાઓ અગર ઈશ્વર પણ ઉન્નત થાય છે–અર્થાત્ કે ક્રમવિકાસ મુજબ જેમ આપણો વિકાસ થાય છે તેમ દેવતાઓ અગર ઈશ્વરનો મહિમા આપણને વધારે પ્રતીત થાય છે. અને એ બધું આપણા પોતપોતાના મનોભાવ ઉન્નત થવા ઉપર આધાર રાખે છે–અર્થાત્ જેવા આપણા મનોભાવ તેવા આપણા દેવતા!

હવે આપણે માયાવાદ યથાર્થ રૂપમાં સમજવા શક્તિમાન થઈશું. જગતના સર્વ ધર્મો આ પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે, જગતમાં અસમાનતા કેમ છે? જગતમાં આ અશુભ શાથી છે? ધર્મભાવની શરૂઆતની સ્થિતિમાં આ પ્રશ્ન ઉપજેલો નથી દેખાતો; તેનું કારણ એ છે કે, આદિમ અથવા આરંભનાં મનુષ્યોની નજરે જગત અસમાનતાવાળું નહોતું ભાસ્યું. તેમની આજુબાજુ કોઈ જાતની અસમાનતા કે વિષમતા, કોઈ જાતનો મતભેદ અથવા તો શુભ–અશુભના કોઈ વિરોધાભાસ જેવું નહોતું. તેમના હૃદયમાં માત્ર બેજ તત્ત્વ વચ્ચે યુદ્ધ ચાલતું. એક કહેતું કે 'અમુક કર' અને બીજું કહેતું કે 'તે ન કર.' આદિમ મનુષ્ય મનોભાવનો દાસ હતો યાને પ્રેરણાવશ હતો. તેના મનમાં જે ભાવ કે વિચાર પ્રગટતો તે એ તુરતજ શરીરવડે અમલમાં મૂકતો. પોતાના એ મનોભાવના સારાસારપણાનો વિચાર કરી જોવા કે તેનું સંયમન કરવા તે ભાગ્યેજ રોકાતો. તેમના દેવતાઓ વિષે પણ તેમજ હતું. કેમકે આપણે ઉપર જોઈ ગયા કે, જેવા મનુષ્યના સંસ્કારો હોય છે; તેવાજ દેવતાસંબંધી તેના ખ્યાલો હોય છે. તેથી તેમના દેવોને પણ

આપણે તેમના જેવાજ ભાવવશ અથવા પ્રેરણાના પૂતળાતરીકે જોઇએ છે. દાખલાતરીકે, ઇંદ્ર આવે છે ને અસુરોના દળને છિન્નભિન્ન કરી નાખે છે. જેહોવ્હા એક જણપર પ્રસન્ન થાય છે અને બીજાપર કોપે ભરાય છે. કેમ અને શા માટે એ કોઈ જાણતુંયે નથી અને કોઇ પૂછતુંયે નથી. પડપૂછ કરવાની ટેવ એ સમયમાં હજી મનુષ્યમાં ઉત્પન્નજ થઇ નહોતી, અને તેથી દેવતાઓએ જે કંઈ કર્યું હોય તે ખરૂં અને વાજબીજ છે, એમ માની લેવામાં આવતું. વળી શુભ-અશુભ યાને ભલા-બુરાનો ખ્યાલ પણ તે વખતે નહોતો. એ દેવતાઓ એવાં અનેક કામો કરતા કે જે આપણી દૃષ્ટિએ દુષ્કૃત્યો લાગે છે. ઇંદ્ર તેમજ બીજા દેવતાઓને હાથે અનેક વાર એવાં દુષ્કૃત્યો થયાં છે; પણ ઇંદ્રના ઉપાસકોને મન તેમનાં એ કાર્યોની દુષ્ટતા અને બુરાઇનો વિચાર સરખો નહોતો વસ્યો, અને તેથી તેમણે કોઇએ એ સંબંધમાં કંઈ પ્રશ્નજ નથી ઉઠાવ્યો.

નૈતિક ભાવોની ઉન્નતિ સાથે મનુષ્યના મનમાં એક જાતનું યુદ્ધ શરૂ થયું-મનુષ્યના અંતરમાં જાણે કોઇ નૂતન ઇંદ્રિયનો આવિર્ભાવ થયો. જૂદી જૂદી પ્રજાઓમાં અને જૂદી જૂદી ભાષાઓમાં એનાં જૂદાં જૂદાં નામ છે. કોઇ એને ઈશ્વરવાણી કહે છે તો કોઇ એને પૂર્વસંસ્કારનું ફળ કહી ઓળખે છે. એ ગમે તે નામે ઓળખાય, પણ તેની અસર એ થઇ કે, મનુષ્યની સ્વાભાવિક વૃત્તિઓપર કંઇક અંકુશ મૂકાયો. આપણા મનની એક વૃત્તિ કહે છે કે 'અમુક કર' પણ તેની પાછળ તરતજ એક બીજો અવાજ નીકળે છે કે 'ન કર.' વળી આપણી મનોવૃત્તિઓનો એક સમૂહ એવો છે કે જે ઇંદ્રિયો વાટે બહાર પડવાને સતત મથે છે; પણ તેની પાછળ, ગમે તેવો મંદ અને ક્ષીણ ભલેને હોય છતાં પણ એક નાનોશો અવાજ તો જરૂર નીકળે છે કે 'રહે રહે, બહાર ન જા.' આ મનોવ્યાપારને માટે સંસ્કૃતમાં બે સુંદર શબ્દો છે-**પ્રવૃત્તિ અને નિવૃત્તિ.** પ્રવૃત્તિ આપણાં સઘળાં કાર્યોનું મૂળ છે; ત્યારે નિવૃત્તિ ધર્મનું ઉદ્‌ગમસ્થાન છે. ધર્મનો આરંભ આ 'નકાર' અથવા આ 'નાકર'માંથી થાય છે. આધ્યાત્મિકતાની શરૂઆત પણ આ 'નિષેધ' અથવા 'નાકર'માંથી થાય છે. જ્યાં આગળ 'નિષેધ' અથવા 'નાકર' નથી, ત્યાં ધર્મનો આરંભજ નથી થયો એમ સમજવું. લડવાડીઆ ઉપાસ્ય દેવતાઓ છતાં પણ મનુષ્યોમાં આ નિષેધ-આ 'નાકર' કિંવા નિવૃત્તિનો ભાવ આવ્યો અને પરિણામે તેમના વિચારો અને આદર્શો ઉન્નત થયા.

આ વખતે વળી મનુષ્યજાતિના હૃદયમાં કંઇક પ્રેમભાવ પ્રગટ્યો. એ ભાવ ખરેજ બહુ અલ્પ હતો; અને અત્યારે પણ તે ક્યાં એટલો બધો વધારે છે? શરૂઆતમાં તો એ પ્રેમભાવ એક કુળ-

પૂરતોજ મર્યાદિત રહ્યો, એકજ ગામ અથવા કુળની વ્યક્તિઓમાં પરસ્પર કંઇક મમતા ઉત્પન્ન થઇ. આ દેવતાઓ પોતપોતાના ગોત્ર અથવા કુળને ચાહતા; અને એવો એક એક દેવતા પોતપોતાના ગોત્ર અથવા કુળનો કુળદેવતા હતો અને તે પોતાનાજ કુળ અથવા ગોત્રનો રક્ષક મનાતો—અર્થાત્ કે મનુષ્યોમાં પ્રેમભાવ પ્રગટતાં દેવતાઓ સંબંધી તેમની માન્યતામાં પણ સુધારો થયો. અમુક દેવતા અમુક કુળનો ને અમુક દેવતા અમુક કુળનો, એમ મનાવા લાગ્યું. અને પ્રત્યેક દેવતા પોતપોતાના કુળને ચહાય છે અને તેનું રક્ષણ કરે છે, એમ મનાવા લાગ્યું. હવે જૂદી જૂદી પ્રજાના જૂદા જૂદા સમુદાયો જેમ પોતાને જે તે સમુદાયના સંસ્થાપકના સામાન્ય વંશજોતરીકે ઓળખાવે છે, તેમ આ જૂદાં જૂદાં ગોત્ર અથવા કુળના લોકો પણ પોતપોતાને જે તે કુળદેવતાના વંશજોતરીકે ગણવા લાગ્યા—અર્થાત્ કે પોતે જે દેવતાને ઉપાસતા હોય તે કુળદેવતાનીજ પોતે ઓલાદ છે એમ લોકો માનવા લાગ્યા. પ્રાચીન સમયમાં તેમ હાલમાં પણ એવા અનેક લોકો છે કે જેઓ માત્ર આ કુળદેવતાઓનાજ વંશજો હોવાનો નહિ પણ સૂર્ય અને ચંદ્રના વંશજો હોવાનો દાવો કરે છે. જૂના સંસ્કૃત ગ્રંથોમાં સૂર્ય અને ચંદ્રવંશના મોટા મોટા પરાક્રમી સમ્રાટોની હકીકત મળી આવે છે. તેઓ પ્રથમ તો સૂર્ય અને ચંદ્રના ઉપાસકો હતા, પણ પાછળથી ધીરે ધીરે તેઓ એવું માનતા થયા કે, અમે તો સૂર્ય અને ચંદ્રના વંશજો છીએ. મતલબ કે, આ કુળ અથવા ગોત્રના ખ્યાલ આવવા માંડતાં કંઇક સ્નેહભાવ ઉત્પન્ન થયો, પરસ્પર પ્રત્યે કંઇક ફરજ છે એવું ભાન સ્ફૂર્યું અને અલ્પ પ્રમાણમાં સમાજવ્યવસ્થા જન્મી. આટલું થતાં સ્વાભાવિક રીતેજ આ ખ્યાલ ઉત્પન્ન થયો કે "પરસ્પરના દોષ સહન કર્યા વગર અને માફ કર્યા વગર આપણે એકત્ર શી રીતે રહી શકાશું ?" પોતાની વૃત્તિઓને અમુક અમુક પ્રસંગોએ કાબુમાં રાખ્યા વગર, પોતાની જાતપર સંયમ મેળવ્યા વગર અને મનમાં આવ્યું તે કરી નાખવાની આદતપર અંકુશ મૂકયા વગર એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે કેવી રીતે રહી શકે! એમ બનવુંજ અશકય. આ વિચારને અંતે સંયમનો આદર્શ ઉદ્ભવ્યો. એ સંયમના ભાવ ઉપરજ આખી સમાજવ્યવસ્થાનું નિર્માણ થયું છે, અને એ તો આપણે સર્વ જાણીએ છીએ કે, જે કોઇ પુરુષ અગર સ્ત્રીએ આ સહેવા અને માફ કરવાનો મહાન ધડો હૃદયમાં નથી ઉતાર્યો હોતો તેમને કેવું કષ્ટમય જીવન ગુજારવું પડે છે!

ત્યારે હવે, ધર્મના વિચારો આ પ્રમાણે અસ્તિત્વમાં આવતાં વધારે ઉન્નત અને વધારે નીતિવાળો એવો એક ભાવ મનુષ્યબુદ્ધિમાં ઉદય પામ્યો. પરિણામે આ જૂના દેવતાઓ કે જેઓ

ધાંધલીઆ, લડવાડીઆ, મદ્ય પીનારા અને ગોમાંસભક્ષક હતા અને જેમને બળતા માંસની ગંધ તથા જલદ મદ્યની આહુતિ અતિશય પ્રિય હતી; તેઓ નકામા અને અસંગત માલમ પડ્યા. પ્રાચીનોની માન્યતા પ્રમાણે ઇંદ્ર ઘણી વાર એવો તો ફાકટો બની જતો કે તે ભોંયપર ગબડી પડતો અને ફાવે તેમ બકવા માંડતો. આવી જાતના દેવતાઓની કલ્પના હવે અરુચિકર થઇ પડી યાને આવાં વર્તનવાળા દેવતાઓ હવે સાંખી લેવાય તેવા રહ્યા નહિ. કાર્ય-કારણની પડપૂછ કરવાનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો હતો, તેથી તે દેવતાઓ પણ તેવી પડપૂછમાંથી યાને તેવી તપાસમાંથી બચવા પામ્યા નહિ. અમુક અમુક કાર્ય કરવાનું અમુક દેવતાને શું કારણ હતું એમ પૂછાવા માંડયું, અને કોઇ કારણ મળી આવતું નહિ એટલે માણસોએ એ દેવતાઓને કાં તો ત્યજી દીધા કે પછી તેમના સંબંધમાં વધારે ઉન્નત આદર્શો અને વિચારો ખીલવ્યા. એ રીતે બધાજ દેવતાઓનાં કાર્ય તથા ગુણોનાં સામાન્ય તપાસ તેઓ કરી વળ્યા. એનું પરિણામ એ થયું કે, જે દેવતાઓનાં કાર્ય તેમને સારાં લાગ્યાં નહિ કે સમજાયાં નહિ, તેમજ જેમને તેઓ નૂતન વિચારો સાથે બંધબેસતાં બનાવી શકયા નહિ, તેમનો તેમણે સંપૂર્ણ ત્યાગ કરી દીધો તથા બાકીનાઓને ઘટતા ફેરફાર સાથે તેમણે કાયમ રાખ્યા; એટલુંજ નહિ પણ બધાની શક્તિ અને ગુણોને એક ઠેકાણે કલ્પી એ શક્તિ અને ગુણસમુચ્ચયને દેવદેવ અથવા પરમેશ્વર એવું નામ આપ્યું. ઉપાસ્ય દેવતા હવે માત્ર શક્તિના સૂચકરૂપજ રહ્યો નહિ પણ શકિત ઉપરાંત બીજા પણ ગુણોની એનામાં આવશ્યકતા મનાવા લાગી. ઉપાસ્યદેવતા હવે નીતિમાન તથા મનુષ્યજાતિને ચાહનારો અને હિતકર બન્યો. દેવતાઓ વિષેની માન્યતામાં આવા ફેરફાર થયા ખરા, પણ દેવતાની ભાવના તો જેમની તેમ કાયમ રહી. તેની નીતિમત્તા અને શક્તિમાં માત્ર વધારો થવા પામ્યો–અર્થાત્ કે હવે જગતની અંદર દેવતા સૌથી શ્રેષ્ઠ, નીતિમાન અને લગભગ સર્વશકિતમાન લેખાવા લાગ્યો.

પરંતુ આ થાગડથીંગડ અથવા લોચા લાપસીનું કામ બહુ નભી શકયું નહિ. સમાધાન અને સમજુતીનું પ્રમાણ જેમ જેમ વધતું ચાલ્યું, તેમ તેમ મૂળ મુશ્કેલી પણ વધવા લાગી. દેવતા અથવા ઈશ્વરના ગુણોમાં સમયના ક્રમે વધારો થયો, તો તેના વિષેના શકોમાં સમાનગુણોના ક્રમે વધારો થયો–અર્થાત્ કે જો દેવતાના ગુણોમાં બેનો વધારો થયો તો તેને લગતા શકોમાં બમણો વધારો થયો. જે સમયે જેહોવાહ નામનો નિષ્ઠુર દેવતા ઈશ્વર-તરીકે પૂજાતો તે સમયે ઉભી થતી શંકાઓનું સમાધાન કરતાં જે મુશીબત પડતી તેના કરતાં આ નવીન ગુણભાવવાળા ઈશ્વરના

સંબંધમાં લોકોના મનનું સમાધાન કરવાનું કામ વધારે અઘરૂં થઇ પડયું, અને એ સવાલ અત્યારે પણ તેવોજ છે. સર્વશક્તિમાન અને સર્વભૂતપ્રેમી જગન્નાથ અથવા વિશ્વવિભુના રાજ્યમાં આવી પૈશાચિક ઘટનાઓ બનવાજ કેમ પામે? સુખ કરતાં દુઃખનું પ્રમાણ આટલું બધું વધારે કેમ? ભલાઇ કરતાં બૂરાઇ વધારે કેમ હોય?–આ બધી બાબતો પ્રત્યે આપણે ભલે આંખો મીંચી રાખીએ; પણ જગત બિહામણું અને ત્રાસજનક છે, એ વાતમાં તેથી લેશ પણ ફરક પડશે નહિ. એ તો જે છે તે છેજ. બહુ બહુ તો તેને ટેન્ટેલસના *દોજખની ઉપમા આપી શકીએ. આપણી સ્થિતિ ટેન્ટેલસના જેવીજ છે. સંસારમાં રહીને આપણે તીવ્ર પ્રેરણાઓ અને પ્રબળ મનોપાસનાઓનું સેવન કરીએ છીએ, પણ તેમને કદી તૃપ્ત કરી શકતાં નથી. આપણી ઇચ્છાવિરુદ્ધ આપણા હૃદયમાં એકાદ તરંગ ઉઠી આપણને કંઇક આગળ ધકેલે છે, પણ એકાદ ડગલું આગળ ભરતાંજ ધબ દઇને ઉપરથી ધપ્પો પડે છે. ખરેખર! આ જગતમાં રહીને ટેન્ટેલસની માફકજ જીવવાની ને મરવાની સજા આપણને થયેલી છે–આપણે બધાં ટેન્ટેલસો છીએ. પંચેન્દ્રિયોની સીમા બહારના કેટલાક આદર્શો આપણા મગજમાં સ્ફૂરે છે; પણ તેમને કાર્યદ્વારા પ્રકાશમાં મૂકવાનો પ્રયત્ન કરવા જતાં આપણે તેમાં ફાવી શકતા નથી. એટલુંજ નહિ પણ આપણે ઉલટા આજુબાજુની પરિસ્થિતિના પૈડા તળે ચગદાઇ મરવું પડે છે. કદાપિ હું એ આદર્શો માટેના પ્રયત્નો છોડી દઉં અને કેવળ સંસારનુંજ ગાડું ઘસડયા કરૂં અર્થાત્ સંપૂર્ણાંશે સંસારી બની જાઉં, તો મારૂં જીવન પશુજીવન જેવું બની જાય અને મારી અવનતિ થવા પામે. એકે રસ્તે સુખ નથી. આ જગતમાં જન્મ્યા તેવી ને તેવી સ્થિતિમાં રહી જીવવામાં જેઓ સંતોષ માને છે, તેઓના નસીબમાં દુઃખ લખાયું છે; તેમ જેઓ સત્ય તથા ઉન્નત આદર્શો માટે પ્રાણ પાથરવા તત્પર થાય છે અને નર્યા પશુજીવન કરતાં કંઇક વધારે ઉન્નત જીવનની આકાંક્ષા ધરે છે, તેઓના નસીબમાં એથીયે વધુ દુઃખ હોય છે. આ સત્ય બીના છે, એનો કંઇ માર્ગજ નથી; છતાં વેદાંત તેનો તોડ કાઢી સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવે છે. તમારે યાદ રાખવું કે, મારાં વ્યાખ્યાનો દરમિયાન અનેક વાર મારે એવી એવી વાતો કહેવાની

* ગ્રીક લોકોમાં એક પૌરાણિક આખ્યાયિકા છે. તેમાં એવું વર્ણન છે કે ટેન્ટેલસ નામના એક રાજાને પાતાળની અંદર એક સરોવરમાં નાખવામાં આવ્યો હતો. એ સરોવરનું જળ તેના હોઠ સુધી આવતું, પણ તે જળપાન કરી તરસ છીપાવવા જતો કે લાગલું પાણી ત્યાંથી સરકી જતું. તેના માથા પર ભાત ભાતનાં ફળફળાદિ લટક્યા કરતાં, પણ તે ક્ષુધાશાંતિ કરવા માટે તે ફળ તોડવા જતો કે લાગલાં તે ફળ અદશ્ય થઇ જતાં.

પ્રામ થશે કે જે સાંભળીને તમે ભયભીત બનશો; તથાપિ એ વાતો જો સ્મૃતિમાં ઉતારશો, તેમનું મનન કરશો અને હૃદયમાં પચાવશો, તો તે તમારી પોતાની બની જશે; એટલુંજ નહિ પણ તેથી તમારૂં જીવન ઉન્નત થશે અને તમે સત્યને સમજવાને તથા સત્યમય જીવન જીવવાને સમર્થ થશો.

આ જગત ટેન્ટેલસના નરક સમાન છે, એ કોઈ મતવિશેષ નથી પણ વાસ્તવિક હકીકત છે. જુઓને, આ જગત વિષે આપણે કંઇજ જાણી શકતા નથી; છતાં એમ પણ કહી શકતા નથી કે, અમે કંઇ જાણતા નથી. વળી આ જગતના બંધનનું અસ્તિત્વ છેજ, એમ પણ આપણે કહી શકતા નથી. કેમકે એનાપર વિચાર કરવા માંડતાં મને લાગે છે કે, તેના સંબંધી આપણે કંઇજ જાણતા નથી. કદાચ એ બધો આપણા મગજનો ભ્રમ પણ હોય; આ બધો સમય હું કદાચ સ્વપ્નાવસ્થામાંજ હોઉં. હું તમારી આગળ વાતો કરૂં છું અને તમે બધાં સાંભળો છો, એવું સ્વપ્નજ હું અત્યારે અનુભવતો હોઉં. એ સ્વપ્નું નથીજ એવું કોઇ પૂરવાર કરી શકે તેમ નથી. મારૂં મગજ ખુદ પણ સ્વપ્નું હોય; અને વસ્તુતઃ જોઇએ તો તો કોઇએ પોતાનું મગજ પોતે કદાપિ જોયું પણ નથી. એ તો આપણે બધાં તેમ માની લઇએ છીએ. દરેક વિષયના સંબંધમાં એવોજ પ્રકાર છે. મારૂં શરીર પણ મેં માની લીધું છે એટલુંજ. એમ છતાં હું એમ પણ નથી કહી શકતો કે તેને હું નથી ઓળખતો. જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેની આ સ્થિતિ, રહસ્યમય ઝાંખું અજવાળું અને સત્ય–અસત્યનું આ મિશ્રણ શું છે અને તેઓ બધાં ક્યાં મળે છે? તેની કોઇનેજ ખબર નથી. આપણે સૌ અર્ધાં જાગતી અને અર્ધાં ઉંઘતી એવી એક સ્વપ્નાવસ્થામાં થઇને વિચરી રહ્યાં છીએ, અને આપણું આખું જીવન જાણે ધુમ્મસમાં ઢંકાઈ રહીને ખલાસ થઇ જાય છે. આપણામાંનાં એકેએક જણની આ દશા છે; બધાં ઇંદ્રિયજ્ઞાનની પણ આજ હાલત છે; બધી જાતનાં તત્ત્વજ્ઞાનો, ગર્વના વિષયરૂપ વિજ્ઞાન તથા સર્વ પ્રકારનાં માનવી જ્ઞાનો અને તે સંબંધી આપણા અહંકાર–એ બધાંયની એ દશા છે. જગત આવું છે.

જડ, ચેતન, મન અગર એવાં એવાં બીજાં નામોથી તમે જેમને પીછાનો છો, તે બધાંના સંબંધમાં પણ એવીજ વસ્તુસ્થિતિ છે. તેઓ 'છે' એમ પણ આપણે નથી કહી શકતાં કે 'નથી' એમ પણ નથી કહી શકતાં. તેઓ બધાં એક છે એમ નથી કહી શકતાં કે 'અનેક છે' એમ પણ નથી કહી શકતાં. આ અંધારા–અજવાળાનો, આ 'ઝા—ઝા'નો ખેલ અહીં પણ મોજુદ છે. એ ખેલ, ખરેજ! અવિચાર્ય, અભિન્ન અને અવિભાજ્ય છે! એના

યોગેજ જડ, ચેતન, મન વગેરેની બધી ઘટનાઓ એક વાર સત્ય તો બીજી વાર મિથ્યા ભાસે છે. એનાજ યોગે આપણને એક વાર એમ ભાસે છે કે, આપણે જાગીએ છીએ અને બીજી વાર વળી એમ લાગે છે કે "ના, ઉંઘીએ છીએ." સંસારની આ સાચી સ્થિતિ છે અને એનેજ માયા કહેવામાં આવે છે. એ માયામાંજ આપણે જન્મ્યાં છીએ. એની અંદર રહીનેજ આપણે વિચારો કરીએ છીએ અને સ્વપ્નો પણ આપણે એમાં રહીનેજ અનુભવીએ છીએ. માયાની અંદરજ આપણે આધ્યાત્મિક જનો છીએ. અરે! એટલુંજ નહિ પણ એ માયાની અંદરજ આપણે કદી દાનવ તો કદી દેવરૂપ હોઇએ છીએ. તમારા આદર્શો અને વિચારોને મરજી મુજબ વિસ્તારો, તેમને અધિક ને અધિક ઉન્નત બનાવ્યે જાઓ અને તેમને 'અનંત' અગર એવા તમને રૂચે તે બીજા વિશેષણથી ઓળખાવો; પણ તમારા એ આદર્શો અને વિચારો પણ આ માયાનાજ ક્ષેત્રની અંદર છે. એથી ઉલટું હોઇ શકેજ નહિ. કેમકે માનવીઓનું બધુંજ જ્ઞાન આ માયાના સાધારણ ભાવોનો આવિષ્કાર કરવાનો અને તેના પ્રકૃત સ્વરૂપને પીછાનવાનો વિવિધ પ્રયત્નમાત્ર છે. એ તો નામરૂપનું કાર્ય છે. જેને આકૃતિ અથવા રૂપ છે અને જેનું દર્શન તમારા મનમાં અમુક એક વિચાર અથવા ભાવને પ્રકટાવે છે, તે પ્રત્યેક બાબત માયાની અંદર છે. કેમકે જે જે કંઇ દેશ, કાળ અને નિમિત્તના નિયમોને આધીન છે તે તે તમામ માયામાં સમાયલું છે. જર્મન તત્ત્વવેત્તાઓ પણ એટલું તો સ્વીકારે છે કે 'સર્વ કંઇ દેશ–કાળ–નિમિત્તને આધીન છે.'

અહીં, હવે પાછા આપણે ઈશ્વરસંબંધીની ધારણા તરફ વળીશું, અને આગળ શું નીપજ્યું તેનો વિચાર કરીશું. આગળ આપણે જોઇ ગયા કે, ઉપરોક્ત ઈશ્વરધારણા–કે ઈશ્વર અનંતપ્રેમી, અનંત નિઃસ્વાર્થી, સર્વશક્તિમાન અને જગતનો નિયંતા છે–એ ધારણા પણ લોકોને અસંતોષકારક નીવડી. કોઇ તત્ત્વજ્ઞાની પંડિતે પ્રશ્ન ઉઠાવ્યો કે "ઈશ્વર ન્યાયપરાયણ અને દયામય ક્યાં છે?" મનુષ્ય અને જીવજંતુના રૂપમાં એનાં લક્ષાવધિ બાળકો રોજ નાશ પામે છે, એ શું તે નથી દેખતો? અન્યનો સંહાર કર્યા વગર આપણે ક્ષણભર જીવી શકીએ તેમજ ક્યાં છે? હજારો જીવાણુઓનો સંહાર કર્યા વગર શ્વાસનો એક ઘુંટડો સરખો આપણે ભરી શકીએજ નહિ. અર્થાત્ કે લક્ષાવધિ જીવોના ભોગે આપણે જીવીએ છીએ. આપણા જીવનની એકે એક પળ, આપણો એકે એક ઉચ્છ્વાસ અને આપણી એકે એક હીલચાલનો અર્થજ એ કે હજારો બલ્કે લાખો જીવોનું મૃત્યુ. તેઓ શામાટે મરવાં જોઇએ? એ સંબંધમાં એક ભ્રાંતિજનક યુક્તિવાદ અસલથી ચાલતો આવ્યો છે; અને તે એવો કે, તેઓ

અત્યંત ક્ષુદ્ર અને હીન જીવો છે. ધારો કે તેમ છે, છતાં પણ તેમણે તમારે કાજે શામાટે મરવું જોઇએ? ખરૂં પૂછાવો તો તેઓ ક્ષુદ્ર અને હીન જીવો છે કે કેમ એ પણ એક સવાલ છે; કારણ કે કોણ જાણે છે કે, મનુષ્ય કરતાં કીટ શ્રેષ્ઠ છે કે કીટ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ છે? કોઇ કહેશે કે મનુષ્યપ્રાણી ઘર બાંધી શકે છે અને યંત્રો બનાવી શકે છે તેથી કીટ કરતાં મનુષ્યપ્રાણી ચઢિયાતું. પરંતુ તેની સામે એવી દલીલ પણ કરી શકાય કે, કીટ ગૃહનિર્માણ નથી કરી શકતું અને યંત્ર શોધી કાઢી શકતું નથી, માટેજ એ પ્રાણી મનુષ્યપ્રાણી કરતાં શ્રેષ્ઠ હોવાનું પ્રમાણ શું? પણ પ્રમાણ માગશો તો આ પક્ષનુંયે નહિ મળે તેમ તે પક્ષનુંયે નહિ મળે.

એ સવાલને બાજુએ રાખીએ અને એ જીવો ક્ષુદ્ર તથા હીન છે, એવું સ્વીકારી લઇએ તોપણ તે મરવાં શામાટે જોઇએ? જો તેઓ ખરેખર ક્ષુદ્ર અને હીનજ છે, તો તો તેમને જીવવાનો વધારે હક્ક છે, તેમને સંભાળપૂર્વક બચાવવાં જોઇએ; કારણ કે તેમનું જીવન અધિકતમ ઇંદ્રિયપરાયણ હોવાથી સુખ અને દુઃખની લાગણી તેમને તમારા કે મારા કરતાં હજારગણી વધારે થાય છે. કૂતરૂં અને વરૂ પોતાનો ખોરાક જેવી લહેજત અને સ્ફૂર્તિથી ખાય છે, તેવી લહેજત અને સ્ફૂર્તિથી આપણામાંનું કયું માણસ ખાય છે? કોઇજ નહિ; કેમકે આપણી સકળ શક્તિઓ, સકળ કાર્યપ્રવૃત્તિઓ એકલી ઇંદ્રિયોમાંજ નથી પૂરાઇ રહી, પણ બુદ્ધિમાં અને આત્મામાં પણ રહેલી છે. પરંતુ મનુષ્યેતર પ્રાણીઓના સંબંધમાં તેમ નથી. તેમનો આખો પ્રાણજ જાણે ઇંદ્રિયોમાં રહેલો છે; તેથી ઇંદ્રિયસુખ માટે તેઓ ગાંડાતુર બને છે, અને આપણ મનુષ્યોને કેવળ અપરિચિત એવા આનંદ અને લહેજતથી તેઓ પોતાના ભોગ ભોગવે છે. તેમનું સુખ જેમ વધારે છે, તેમ દુઃખ પણ તેટલુંજ વધારે છે. જેટલું સુખ તેટલુંજ દુઃખ એ તો એક સામાન્ય નિયમ છે. તેથી માનવેતર જીવોની સુખની લાગણી જો મનુષ્યોની લાગણી કરતાં વધારે તીવ્ર છે, તો પછી સ્વાભાવિક રીતેજ સિદ્ધ થાય છે કે, તેમની દુઃખની લાગણી પણ મનુષ્યોની દુઃખની લાગણી કરતાં વધારે તીવ્ર નહિ તો નિદાન તેટલી તીવ્ર તો છેજ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનુષ્યોને મરતી વખતે જે કષ્ટ અને દુઃખ થાય છે, તેના કરતાં બીજાં પ્રાણીઓને એ દુઃખ સેંકડોગણું વધારે થાય છે; અને છતાં તેમના દુઃખની દરકાર કર્યા વગર આપણે તેમનો સંહાર કર્યાજ જઇએ છીએ! એજ માયા છે. હવે, જો આપણે એમ માનીએ કે, મનુષ્યના જેવો દેહધારી કોઇ સગુણ ઈશ્વર છે કે જેણે સર્વસ્વ પેદા કર્યું છે, તો તો 'અશુભમાંથી શુભ જન્મે છે'–એ વચનને સાબીત કરવા માટે જે જે સમજૂતીઓ અને વાદો પ્રચલિત છે, તે બધાંજ નિર-

ર્થક છે—એક પણ પૂરતું નથી. સેંકડો અને હજારો શુભ એક અશુભમાંથી ભલેને આવે, પણ અહીં તો સવાલજ એ છે કે, તે અશુભમાંથીજ શામાટે આવવાં જોઇએ? સિદ્ધાંત અનુસાર તો મારી પંચેંદ્રિયોની સંપૂર્ણ તૃપ્તિ અર્થે હું પારકાંઓનાં ગળાં પણ કાપી શકું! પણ એ કંઇ બરાબર નથી—અર્થાત્ કે "અશુભદ્વારાજ શુભ શામાટે આવે ?" એ પ્રશ્ન અદ્યાપિ ઉત્તર રહિત છે, અને તેનો ઉત્તર આપી શકાય તેમ પણ નથી. ભારતવર્ષના દર્શન અથવા તત્ત્વજ્ઞાનને પણ એ વાત કબૂલ કરવી પડી છે.

સર્વ પ્રકારના ધર્મસંપ્રદાયોમાં વેદાંત ધીટમાં ધીટ અને સાહસિકમાં સાહસિક છે. સત્યની શોધ કરતાં વેદાંત અમુક એક જગ્યાએ જઈ અટક્યું નથી—થંભવાની વાત તો તે સમજ્યુંજ નહોતું. પોતાની શોધને તેણે કદી અટકવાજ દીધી નહોતી. પ્રગતિ માટે તેને એક સુગમતા પણ હતી. વેદાંતવિકાસના યુગમાં એવો કોઈ પુરોહિતસમાજ નહોતો કે જે સત્યશોધકને પોતાના સત્યને જાહેરમાં મૂકતાં અટકાવે. પોતપોતાની માન્યતાને પ્રસિદ્ધિમાં મૂકવાની હરકોઇને છૂટ હતી, તેમાં અંતરાય નાખવાનું કોઇ સમજતુંજ નહોતું—કહો કે, ધાર્મિક સ્વાતંત્ર્ય હિંદુસ્થાનમાં સંપૂર્ણ પ્રવર્તતું હતું. હિંદુસ્થાનમાં વહેમનાં બંધન કિંવા સાંકડાપણું સામાજિક પ્રકારનાં છે; અહીં પશ્ચિમમાં સમાજ બહુ સ્વતંત્ર છે. હિંદુસ્તાનમાં સામાજિક બાબતમાં સ્વતંત્રતા નથી યાને સમાજવ્યવસ્થા અતિશય કડક છે, પણ ધાર્મિક બાબતમાં તેમ નથી. ધર્મની બાબતમાં હિંદુસ્થાન બહુજ ઉદાર છે. ઇંગ્લંડનું હરકોઈ માણસ મરજી પડે તે પોષાક સજે કે મરજી પડે તે ખાય–પીએ, તેમાં કોઇ કશુંજ બોલતું નથી—કોઇને કશોજ વાંધો હોતો નથી; પરંતુ એકાદ વખત પણ જો તે દેવળમાં પગ મૂકે છે તો તેનાપર પીસ્તાલ પડે છે અને સમાજ હોહા કરી મૂકે છે. વળી કોઈ નવીન સત્યનો વિચાર કરતાં પહેલાં પણ તેને હજાર ગળણે ગળીને પાણી પીવું પડે છે—અર્થાત્ કે સમાજ શું કહે છે તેનો વિચાર તેને પ્રથમ કરવો પડે છે. આથી ઉલટું હિંદુસ્થાનમાં જો કોઇ શખ્સ પોતાના ભાણેખપતી જ્ઞાતિસિવાયનાની સાથે ખાય પીએ છે, તો સમાજ તેનાપર તૂટી પડે છે અને એકદમ તેનો બહિષ્કાર કરે છે. વળી, પોતાના બાપદાદા અસલથી જે જાતનો પહેરવેશ પહેરતા આવ્યા હોય તેનાથી જૂદી તરેહનો પહેરવેશ જો કોઇ પહેરવા માંડે તો તેનુંયે આવી બને છે. એક એવો કિસ્સો મારા સાંભળવામાં આવ્યો છે કે જેમાં પહેલવહેલી શરૂ થયેલી આગગાડીને જોવાને કેટલાક ગાઉ આઘે જવાના વાંક માટે એક જણને જ્ઞાતિબહાર મૂકવામાં આવ્યો હતો. આપણે માની લઇશું કે, આ વાત કદાચ ગપગોળો પણ હોય. પરંતુ કહેવાનો મુદ્દો એટલોજ કે,

અમારે ત્યાં સમાજવ્યવસ્થા અતિશય કડક છે; તથાપિ ધર્મની બાબતમાં જોઈશું તો અમારે ત્યાં નાસ્તિક, જડવાદી, બૌદ્ધમાર્ગી તેમજ અનેક જાતના બીજા મતમતાંતરો કે જેમાંના કેટલાક તો અતિશય ભયાનક દીસે છે, તે બધાયને માનવાવાળાઓ અડોશ-પડોશમાં સુખે વસી શકે છે. બધાજ મતના પ્રચારકો પોતપોતાના મતનો પ્રચાર કરતાં છૂટથી ફરી શકે છે, અને તેમને અનુયાયીઓ પણ મળે છે; એટલુંજ નહિ પણ ધન્યવાદપૂર્વક કહેવું પડે છે કે, એવા ભયાનક મતવાળા જડવાદીઓને સુદ્ધા બ્રાહ્મણો પોતાનાં દેવ મંદિરોના દરવાજા આગળ ઉભા રહી તેમના પોતાના મતનો પ્રચાર કરવા દે છે! એવાઓને સુદ્ધાં તેઓ પોતાની હદમાં પણ અટકાવતા નથી! કેટલો બધો ઉદાર ભાવ!

બુદ્ધ ભગવાનનું મૃત્યુ ખાસી પાકટ ઉંમરે નીપજ્યું. અમેરિકામાં મારે એક વિજ્ઞાની મિત્ર છે. તેને બુદ્ધ ભગવાનનું જીવન-ચરિત્ર વાંચવું બહુ ગમે છે, પરંતુ તેને બુદ્ધનું મરણ ગમતું નથી; કેમકે તેમનું મૃત્યુ વધસ્તંભપર ના નીપજ્યું ને! કેવો ખોટો ખ્યાલ! જાણે કે મહાન ગણાવા માટે વધસ્થંભ પર ચઢવુંજ જોઇએ કે ખૂનના ભોગ થવુંજ જોઇએ! આવા ખ્યાલ હિંદુસ્થાનમાં કદાપિ પ્રવર્ત્યાજ નથી. આ મહાન બુદ્ધે હિંદુસ્થાનભરમાં અનેક પર્યટણો કર્યાં હતાં અને જ્યાં ત્યાં તેના અનેક દેવતાઓનીજ નહિ, પણ વિશ્વ-વિધાતા એક પરમેશ્વરની સુદ્ધાં નાલેશી અને અવગણના કરી હતી, છતાં પણ તેઓ લાંબું આયુષ્ય ભોગવી શક્યા અને પંચાશી વર્ષની પાકટ ઉંમરે સ્વાભાવિક મૃત્યુથી મર્યા. આ લાંબા આયુષ્યદરમિયાન તેમણે અર્ધા દેશને પોતાના મતનો બનાવ્યો, છતાં તેમનો ઘાટ ઘડવાનો વિચાર સરખો કોઇને સ્ફૂર્યો નહિ!

વળી ચાર્વાકો આવ્યા તેમણે હડહડતો જડવાદ ફેલાવવા માંડ્યો અને એવી એવી તો ભયંકર વાતો ખુલ્લંખુલ્લા કહેવા માંડી કે જે જાતની વાતો કરતાં આ ઓગણીસમી-વીસમી સદીના જડવાદીઓની પણ છાતી ન ચાલે. એ ચાર્વાકોને પણ નગરે નગરે અને મંદિરે મંદિરે ફરીને પોતાના મતનો પ્રચાર કરવામાં કોઇએ કશોય અંતરાય કર્યો નહિ. તેઓ કોઇ જાતનો પડદો રાખ્યા વગર ખુલ્લે ખુલ્લું કહેતા કે, ધર્મ એ ધતીંગ છે, પુરોહિતો અને બ્રાહ્મણોને પેટ ભરી ખાવાનો એક જાતનો ધંધો છે અને વેદો એ તો મૂર્ખ તથા લુચ્ચા લોકોનાં બલ્કે નિશાચરોનાં વચનો અને લખાણો છે. વળી ઈશ્વર કે અનંત આત્મા જેવું કંઇજ નથી. જો આત્મા જેવું કંઇ હોય, તો મૃત્યુ બાદ તે પોતાનાં સ્ત્રીપુત્રાદિના પ્રેમથી આકર્ષાઇને પાછું ન આવે? તેમનો એવો ખ્યાલ હતો કે, જો આત્મા હોયજ, તો તો મૃત્યુ પછી પણ તેનામાં સ્નેહભાવ કાયમ રહેવો જોઇએ, તેમજ સારામાં સારાં

લૂગડાંલત્તાંની તથા સારાં સારાં ખાનપાનની તેને ઇચ્છા થવીજ જોઇએ. આવા ભયંકર ચાર્વાકોનો પણ કોઇએ વાળ વાંકો નહોતો કર્યો-રે ! તેમને ખાળ્યા સરખા નહોતા.

આ રીતે ત્યારે ધાર્મિક સ્વાતંત્ર્યનો ભવ્ય આદર્શ હિંદુસ્થાનમાં પરાપૂર્વથી ચાલતો આવ્યો છે; અને એ તો હમેશાં યાદ રાખવાનું છે કે, સ્વાતંત્ર્ય એ તો ઉન્નતિ અને વૃદ્ધિની પ્રથમ અને અગત્યની શરત છે. જેને આપણે છૂટું નહિ મૂકીએ તેની વૃદ્ધિ કે ઉન્નતિ કદાપિ થવાનીજ નહિ. શિક્ષકના જેવી સત્તા અને છૂટ પોતાને હસ્તક રાખીને બીજાંઓને આપણે દોરવણી અને સૂચનાઓથી ઉન્નત બનાવી શકીએ અગર તેમની ઉન્નતિમાં સહાયભૂત થઇ શકીએ-એ વિચારજ ખોટો છે, એક જાતનું ભયંકર જૂઠાણું છે. એ ખોટા ખ્યાલેજ જગતમાંનાં કરોડો મનુષ્યોની ઉન્નતિ અને વિકાસ અટકાવ્યા છે. મનુષ્યમાત્રને સ્વાતંત્ર્યનો પ્રકાશ પામવા દો. ઉન્નતિ અને વિકાસની તે મુખ્ય અને એકલી શરત છે. પ્રકાશવગર વૃદ્ધિ અને વિકાસ સંભવીજ ન શકે.

મતલબ કે, આધ્યાત્મિક બાબતમાં અમે ભારતવર્ષમાં સ્વતંત્રતા બક્ષી અને તેને પરિણામે ધાર્મિક વિચારમાં અમે આજે પણ બેશુમાર આધ્યાત્મિક શકિત ધરાવીએ છીએ. આધ્યાત્મિક જગતમાં અત્યારે પણ અમારી સત્તા અદ્વિતીય છે. એવીજ છૂટ-એવીજ સ્વતંત્રતા જો સામાજિક બાબતમાં પણ બક્ષવામાં આવે, તો સમાજવ્યવસ્થા પણ સુંદર અને ભવ્ય બનવા પામે. સામાજિક બાબતોના વિકાસમાટે અમે એવી છૂટ નથી આપી તેથી અમારો સમાજ અનુદાર અને સંકીર્ણ રહેવા પામ્યો છે. તમે લોકોએ ધાર્મિક બાબતમાં કદી સ્વાતંત્ર્ય નથી બક્ષ્યું, પણ ઉલટું તરવાર અને આગની મદદથી તમારા મતો બળાત્કારે પળાવ્યા છે, અને તેનું પરિણામ એ આવ્યું છે કે, તમારો ધર્મભાવ સંકીર્ણ રહેવા પામ્યો છે-કહો કે, એ ઠીંગરાઇ ગયો છે અને એનો વિકાસ થતો અટકાવ્યો છે. તાત્પર્ય કે, હિંદુસ્થાનમાં અમારે સમાજના શરીરપરની સાંકળો દૂર કરવાની છે, ત્યારે યૂરોપમાં તમારે આધ્યાત્મિક પ્રગતિના પગમાં પડેલી બેડીઓ કાઢી નાખવાની છે. એમ થશે ત્યારેજ મનુષ્યની અજબ વૃદ્ધિ અને ઉન્નતિ થવા પામશે. આ બધાં આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક વૃદ્ધિ તથા વિકાસોમાં એકત્વ રહેલું છે અર્થાત્ તે બધાં એકજ મૂળ પદાર્થના ભિન્ન ભિન્ન વિકાસમાત્ર છે. આ વાત જો આપણે પીછાની શકીએ, તો ધર્મ તેના ખરા અર્થમાં આપણા સમાજમાં તેમજ આપણા નિત્ય જીવનમાં પ્રવર્ત્યા વગર રહે નહિ. વેદાંતરૂપી દીપકના પ્રકાશમાં તમે એ વાત પણ સમજી શકશો કે બધી જાતનાં ભૌતિક વિજ્ઞાનો વસ્તુતઃ

ધર્મનાજ આવિષ્કારમાત્ર છે, અને જગતની સચરાચર સઘળી વસ્તુઓ પણ એવાજ આવિષ્કાર છે.

ત્યારે આપણે જોઇએ છીએ કે, સ્વતંત્રતાને લીધેજ શાસ્ત્રોની ઉત્પત્તિ અને શ્રીવૃદ્ધિ થઈ છે; અને એમાં આપણને બે પક્ષ મળી આવે છે-એક ઉચ્છેદક અથવા ખંડનકારી અને બીજો રચનાત્મક અથવા મંડનકારી. વળી આશ્ચર્યની વાત તો એ છે કે, પ્રત્યેક સમાજમાં એવા બે પક્ષો હોય છે. હવે ધારો કે, સમાજમાં અમુક કોઇ દોષ પ્રવર્તે છે. તે જોઇ ઉચ્છેદક પક્ષ એકદમ આગળ આવી ગાળ ગલીચ કરવા મંડી પડે છે અને નિંદાદ્વારા ખંડનની ધૂનમાં ને ધૂનમાં તેમનો જુસ્સો ઘણી વાર ઝનુનનું રૂપ પકડે છે. આવા ઝનુનીઓ દરેક સમાજમાં મળી આવે છે. એ ધાંધલમાં સ્ત્રીઓ ઘણી વાર બહુ આગળ પડતો ભાગ લેતી જણાય છે, કારણ કે તેમનો સ્વભાવ બહુ પ્રેરણાપ્રધાન યાને તરંગી હોય છે. હરકોઈ ઝનુનીને ખંડનનો ઝુંડો લઇ આગળ આવતાં શ્રોતાઓ તથા અનુયાયીઓ તો મળી રહે છે. પણ ભાંગવું બહુ સહેલું છે. ઉન્મત્ત મનુષ્ય હરકોઈ વસ્તુને સહેલાઇથી તોડી ફોડી શકે છે, પણ એકાદ વસ્તુ નિર્માણ કરતાં તેને જોર પડે છે-અર્થાત્ કે આવી જાતના ગાંડાઓ યાને ઝનુની મનુષ્યો એક યા બીજા રૂપમાં સર્વ દેશોમાં વિદ્યમાન હોય છે. તેઓનું માનવું એવું હોય છે કે, ગાળગલીચ અને ભાંગફોડ કરવાથી તથા નિંદા કરી કરી દોષને પ્રકાશમાં લાવવાથી તેઓ સમાજને સુધારી શકશે. આ ઝનુની ઉચ્છેદકો પોતાની દૃષ્ટિએ કંઇ લાભ પણ કરતા હોય, પણ એકંદરે જોતાં તો લાભ કરતાં હાનિનુંજ પ્રમાણ વિશેષ હોય છે-અર્થાત્ કે તેમની એ રીતથી સમાજનું હિત કરતાં અહિત વધારે થવા પામે છે. સમાજ-સંસ્થા કંઇ એક દિવસમાં નિર્માણ થતી નથી; એ તો ક્રમે ક્રમે વિકાસ પામે છે. તેથી કોઇક કોઇક દોષો માટે આખી સંસ્થાનેજ તોડી પાડવી એ કંઇ તેને સુધારવાનો ખરો રસ્તો નથી. એને સુધારવા માટે તો દોષનાં આદિકારણો દૂર કરવાં જોઇએ. ધારો કે, અમુક એક દોષ છે, તો તેને તિરસ્કારી કાઢવાથી તે દૂર નહિ થાય; પરંતુ જો તેનું મૂળકારણ શોધી કાઢશો અને તેને દૂર કરશો, તો તે કારણના ફળસ્વરૂપ તે દોષ પણ આપોઆપ દૂર થઇ જશે. એકલા બૂમબરાડાથી કંઇ સારૂં ફળ નીપજતું નથી, સિવાય કે આપત્તિ.

આ તો જાણે ઉચ્છેદક પક્ષની વાત થઇ. હવે બીજા પક્ષનો વિચાર કરતાં જણાય છે કે, તેમના દિલમાં પ્રચલિત સંસ્થાઓ-પ્રત્યે સમભાવ હોય છે; એટલુંજ નહિ પણ તેઓ એમ પણ સમ-જતા હોય છે કે, તે સંસ્થાઓને સુધારવા માટે તેમના દોષોનાં કાર-ણોની ઉંડે ઉતરી તપાસ કરવી જોઇએ. ભૂતકાળમાં મોટા મોટા મહાપુરુષોનો આ પક્ષ બનેલો હતો. એક વાત તમારે ખાસ સ્મરણ-

માં રાખવાની છે અને તે એ કે, જગતના સર્વે મહાન આચાર્યોએ કહ્યું છે કે "અમારૂં આગમન વિનાશ અર્થે થયું નથી, પરંતુ પૂર્વે જે કંઇ થઈ ગયું છે તેને સંપૂર્ણ બનાવવાને થયું છે." આચાર્યોનો આ મહાન ઉદ્દેશ ઘણી વાર લોકો સમજી શકતા નથી, અને ભ્રમમાં પડી જઈ કહે છે કે " જનસમુદાયના પ્રચાલત મત તરફ તેઓ ઢળી પડયા, એ તેમણે ઠીક કર્યું નહિ." અત્યારે પણ આપણે ઘણી વાર એમ કહેવાતું સાંભળીએ છીએ કે "પોતે જેને સત્ય માનતા હતા તેને સાંગોપાંગ પ્રકાશમાં મૂકવાની તેમની છાતી ચાલી નહિ; તેથી લાગે છે કે તેઓ કંઇ કાયર અથવા બીકણ હતા." પરંતુ ખરી રીતે જોઇએ તો તેમ નહોતું. આ બધા એકદેશીય ઝનુનીઓને એ મહાપુરુષોનાં દિલની અંદર પ્રેમની જે અનંત શક્તિ નિવાસ કરી રહી હતી તેનું ભાગ્યેજ ભાન છે. વસ્તુતઃ એ મહાપુરુષો જગતનાં સઘળાં નરનારીઓને પોતાનાં સંતાનવત્ ગણતા અને ચાહતા. તેઓ તેમના યથાર્થ પિતા અને યથાર્થ દેવતા હતા; એટલુંજ નહિ પણ તેમનાં દિલમાં પ્રત્યેક જણને માટે અનંત સહાનુભૂતિ અને ક્ષમા ભરેલી હતી. સહેવા અને ક્ષમા કરવાને તેઓ સદા સર્વદા તત્પર રહેતા. માનવસમાજ કેવી રીતે આગળ વધી શકે એ વાત તેઓ સારી રીતે જાણતા હતા અને તેથીજ તેમણે અતિશય ધીર અને શાંતભાવે છતાં દૃઢતાપૂર્વક પોતાની સંજીવની બુટ્ટી વાપરવા માંડી. એમણે લોકોને નિંદ્યા નહિ કે બીવડાવ્યા નહિ; પણ ધીરજ અને મમતાપૂર્વક તેમને એક એક ડગલું કરી આગળ દોર્યા. એ મહાપુરુષો તે ઉપનિષદોના રચનાર હતા. આગળ વધેલા જમાનાના નૈતિક આદર્શો સાથે ઈશ્વરસંબંધી પ્રાચીન ધારણાનો મેળ બેસી શકે તેમ નથી, એ વાત તેઓ સારી પેઠે સમજતા હતા; એટલુંજ નહિ પણ આ બધા ખંડનકારીઓના કહેવામાં પણ પુષ્કળ વજુદ રહેલું છે—બૌદ્ધાદિક નાસ્તિકવાદીઓના મનમાં પણ અનેક મહાન સત્યો રહેલાં છે—એ વાત પણ તેમને સારી રીતે અવગત હતી. પરંતુ એની સાથે સાથે તેઓનું એમ પણ પાકે પાયે માનવું હતું કે "જેઓ પૂર્વપ્રચલિત મતની સાથે કોઇ પણ જાતનો સંબંધ રાખ્યા વગર નૂતન મત સ્થાપવા ઇચ્છે છે, જેઓ જૂદા જૂદા મણકાને માળાના રૂપમાં ગુંથનાર સૂત્રને છેદવા ઇચ્છે છે અને જેઓ શૂન્યના પાયાપર નૂતન સમાજ નિર્માણ કરવાની ઇચ્છા ધરાવે છે, તેઓ સર્વથા સંપૂર્ણ અંશે નિષ્ફળ નીવડે છે."

આપણે કદાપિ કોઇ વસ્તુ નૂતન નિર્માણ કરી શકતાજ નથી. આપણે તો પુરાતન વસ્તુનું સ્થાનાંતરજ માત્ર કરી શકીએ છીએ. વસ્તુને તેના મૂળ સ્થાનેથી ઉઠાવીને નવીન સ્થાને પધરાવી શકીએ

એટલુંજ. બીજજ ક્રમેક્રમે વૃક્ષરૂપે ઉગી નીકળે છે. તેથી આપણે તો માત્ર આપણી સર્વ શક્તિઓને સત્યની દિશામાં વાળીને જે જે સત્યો અસ્તિત્વમાં છે, તેમને સંપૂર્ણરૂપે સમજવાનો યત્ન કરવાનો છે, અને નહિ કે નૂતન સત્યો નીપજાવી કાઢવાનો. આ સિદ્ધાંતને અનુસરીને એ મહાપુરુષોએ ઇશ્વરસંબંધી એ પ્રાચીન ભાવના કિંવા ધારણાને ચાલુ જમાના માટે નિરૂપયોગી અને અયોગ્ય કહીને પૂરેપૂરી ઉડાવી દીધી નહિ; પરંતુ તેની અંદર જે સત્ય રહેલું હતું તેની શોધ આગળ ચલાવવા માંડી. એ શોધના ફળરૂપેજ આપણને વેદાંતની પ્રાપ્તિ થઇ. એક સગુણ પરમેશ્વરમાંથીજ તેમને પૂર્વ કરતાં વધારે ઉચ્ચ આદર્શ-ભાવો પ્રાપ્ત થતા ગયા, અને પરિણામે નિર્ગુણ પૂર્ણ બ્રહ્મ નામથી ઓળખાતું ઉચ્ચતમ સત્ય તેમણે શોધી કાઢ્યું. એ નિર્ગુણ પૂર્ણ બ્રહ્મની ધારણાનો આવિષ્કાર થતાં અખીલ વિશ્વમાં એકજ અખંડ સત્તા પ્રવર્તતી તેમને જણાઇ. "આ બહુત્વપૂર્ણ જગતની અંદર જેઓ એક અખંડ સ્વરૂપને જોઇ શકે છે, આ મર્ત્ય સંસારમાં જેઓ એ એક અનંત જીવનને અનુભવી શકે છે, અને આ તમસ તથા અજ્ઞાનપૂર્ણ જગતમાં જેઓ તે એક અખંડ પ્રકાશ અને જ્ઞાનસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે, તેઓ-અરે ! તેઓજ-શાશ્વત શાંતિના ભોક્તા બને છે; અન્ય કોઇ નહિ, કોઇ નહિ.



૫–માયા અને મુક્તિ*

કવિજન કહે છે કે "જગતમાં પ્રવેશ કરતી વેળા આપણે પોતાની પાછળ જાણે એક હિરણ્યમય અભ્ર લઇને આવીએ છીએ; તથાપિ ખરૂં પૂછાવો તો આપણે બધાંજ કંઇ કીર્તિરૂપી હિરણ્યમય અભ્ર લઇને નથી અવતરતાં. અનેક જણ અપકીર્તિરૂપી ધુમ્મસનું પડ પણ પોતાની પાછળ લેતાં આવે છે એમાં સંદેહ નથી. બાકી એટલી વાત તો સાચી કે, આપણામાંનું દરેક જણ સંસારરૂપી યુદ્ધક્ષેત્રમાં યુદ્ધ કરવા અવતર્યું છે. રડતાં રડતાં આપણે આ સંસારસમરમાં પ્રવેશીએ છીએ; અને પછી યથાસાધ્ય પ્રયત્ન કરીને આપણે આપણો માર્ગ કાઢીએ છીએ. પાછળ ચિહ્ન સરખું રાખ્યાવગર આપણે આ અનંત જીવનમહાસાગરમાંથી આગળ ને આગળ વધીએ છીએ, આપણી પાછળ તેમ આગળ અનંત યુગો પડયા હોય છે. એ રીતે આપણે આગળ ને આગળ પંથ કાપતા જઇએ છીએ. અંતે મૃત્યુ આવીને આપણને સમરાંગણમાંથી ઉપાડી લે છે–વિજયી કે પરાજિત દશામાં તે તો કોણ જાણે?–ત્યારેજ આપણો છૂટકો થાય છે. એજ માયા.

બાળકના હૃદયમાં આશા બહુ બળવાન હોય છે; બાળકનાં ફાટેલાં નેત્રો સમક્ષ સઘળુંજ સુવર્ણમય ભાસે છે; તે માને છે કે 'મારી પ્રત્યેક ઇચ્છા પાર પડશે–બધુંજ હું ધારીશ તેમ થશે.' પણ જીવનસંગ્રામમાં તે જેમ જેમ ઝુકાવતો જાય છે, તેમ તેમ તેને માલમ પડતું જાય છે કે, કુદરત અથવા પ્રકૃતિ ડગલે ને પગલે તેની આડે હિમાલય જેવી અડગ ઉભે છે. તેને ભેદી પાર જવાને તે વારંવાર તેની સાથે વેગપૂર્વક અથડાય છે, પણ કશુંજ વળતું નથી. એ આખું જીવન એમ માથું પટકે છે; પણ જેમ જેમ તે આગળ જાય છે, તેમ તેમ પોતાનો આદર્શ તેને વધારે ને વધારે દૂર સરકતો જણાય છે. એમ કરતાં અંતે મૃત્યુ આવી પહોંચે છે, અને ત્યારે કદાચ તેનો છૂટકો થાય છે. આ માયા છે.

કોઇ એક વૈજ્ઞાનિક જન્મે છે; તે જ્ઞાનનો ખૂબ તરસ્યો છે. એવી એકે ચીજ નથી કે જેનો જ્ઞાન માટે ભોગ આપવામાં તે પાછી

---

* લંડન, તા. ૨૨–૧૦–૧૮૯૬

પાની કરે, અથવા એવી કોઇ માથાકૂટ નથી કે જે કરતાં તે કંટાળે. એ વૈજ્ઞાનિક પ્રકૃતિનાં રહસ્ય પછી રહસ્ય શોધી કાઢતો, કિંબહુના કુદરતનું વક્ષસ્થળ ભેદી તેમાંથી એક પછી એક રહસ્યો ખેંચી કાઢતો આગળ વધે છે. આ બધું શામાટે? શા માટે આ બધી ગડમથલ? અને એનું ગૌરવ પણ આપણે શામાટે કરવું? એને માથે કીર્તિકિરીટ શામાટે બિરાજે? પ્રકૃતિ શું મનુષ્યના કરતાં વધારે તાકાત ધરાવતી નથી વા મનુષ્યના કરતાં વધારે જાણતી નથી? છતાં તેને કીર્તિ કેમ નહિ? તો કહેશો કે તે તો અબુધ અને જડ છે. વારૂ ત્યારે, એવી સુસ્ત અને જડ પ્રકૃતિનું અનુકરણ કરવામાં આવડું ગૌરવ શાને? ભારેમાં ભારે વિદ્યુતશક્તિવાળા વજ્રને પ્રકૃતિ આઘેમાં આઘે ફેંકી શકે છે. મનુષ્ય એનો અલ્પાંશ પણ સાધે છે, તો આપણે તેને એકદમ વખાણવા મંડી પડીએ છીએ, અને તેને વખાણી વખાણીને છેક આસ્માનમાં ચઢાવી દઇએ છીએ; કેમ વારૂ? પ્રકૃતિનું અનુકરણ-મૃત્યુનું અનુકરણ-જડતાનું અનુકરણ-અચેતનનું અનુકરણ કરવામાં વખાણ કરવાની શી જરૂર?

ગુરુત્વાકર્ષણ શક્તિ, અસ્તિત્વ ધરાવતા ભારેમાં ભારે વજનને નીચે ખેંચી પાડી તેના કુચ્ચે કુચ્ચા ઉડાવી દે છે; છતાં પણ તે શક્તિ જડ છે. જડના અનુકરણમાં ગૌરવ જેવું શું છે? તથાપિ આપણે જન્મભર તેને માટે માથાઝીક કરીએ છીએ! એનુંજ નામ માયા.

ઇંદ્રિયો મનુષ્યના આત્માને બહાર ખેંચે છે. મળે નહિ તેવે ઠેકાણે મનુષ્ય સુખ અને આનંદને ખોળે છે. યુગો થયાં આપણને શિખામણ મળ્યા કરી છે કે, એ પ્રયત્ન નિરર્થક છે, મિથ્યા છે; ખરૂં સુખ એમાં નથી. પરંતુ એ શિખામણ આપણે ગળે નથી ઉતરતી; જાતે અનુભવ કરી જોયા સિવાય એ શિખામણ શીખવાનું આપણે માટે અશક્ય નીવડે છે. આપણે પ્રયોગો આદરીએ છીએ-ઇંદ્રિયોને અનુભવ લેવા દઇએ છીએ-અને પછી દઇને ઉપરથી ધપ્પો પડે છે. આટલાથી શું આપણે શીખીએ છીએ? ના, હજી પણ આપણે એવાં ને એવાં રહીએ છીએ. પતંગીઆંની પેરે આપણે દીવાની જ્યોતમાં ઝંપલાવીએ છીએ, અને એમાંજ અંતે સંતોષ મળવાની આશામાં ને આશામાં આપણે ઇંદ્રિયજન્ય વિષયભોગોમાં વારંવાર ઝંપલાવ્યા કરીએ છીએ. ફરી ફરીને આપણે નૂતન ઉત્સાહ ને નૂતન જોમ મેળવીને એમાં તલ્લીન થઇએ છીએ. એમ કરતાં અંતે આપણે નિરાશ થઇને સર્વ શક્તિઓથી હણાઇ મરણને શરણ થઇએ છીએ. એનુંજ નામ માયા.

આપણી બુદ્ધિના સંબંધમાં પણ તેવોજ પ્રકાર છે. વિશ્વનાં રહસ્ય ઉકેલવાની આપણી આતુરતામાં ને આતુરતામાં આપણે આપણી જિજ્ઞાસાવૃત્તિને અંકુશમાં રાખી શકતાં નથી. આપણે

જાણવુંજ જોઇએ એમ આપણને લાગે છે, પણ યથાર્થ જ્ઞાન એ કાંઇ વાતની વાતમાં પ્રાપ્ત થાય એવી સહેલી વસ્તુ નથી, એ વાત આપણે માની શકતાજ નથી. પરિણામે જોઇએ છીએ કે, થોડાંક કદમ ભરતાં ન ભરતાંમાં તો એ અનાદિ અનંતકાળની અભેદ્ય દિવાલ આપણી સમક્ષ આવી ઉભે છે, જેને ઉલ્લંઘી જવાનું સામર્થ્ય આપણામાં નથી. વળી બીજા કેટલાંક ડગ ભરતાં, અસીમ દેશની દિવાલ રસ્તો રોકી ઉભેલી જણાય છે; એ પણ પહેલીની માફક અભેદ્ય છે, અને એ બધુંયે અનુલ્લંઘનીય કાર્યકારણરૂપ દિવાલથી ચોમેરથી ઘેરાયલું છે. આપણાથી તે દિવાલો ભેદી શકાતી નથી; તેમ છતાં આપણે મથ્યા કરીએ છીએ, મથવાની જાણે આપણને ફરજ પડે છે. એજ માયાનું સ્વરૂપ.

પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સાથે. હૃદયના પ્રત્યેક ધબકારા સાથે, આપણી પ્રત્યેક ગતિ સાથે આપણને લાગે છે કે આપણે મુક્ત છીએ; પણ તેજ ક્ષણે આપણને અનુભવ મળે છે કે ના, મુક્ત નથી, જકડાયલા છીએ. કુદરતનાં આપણે ક્રીતદાસ યાને ખરીદેલાં ગુલામ છીએ. શરીર, મન, વિચાર, લાગણી, બધીજ બાબતમાં આપણે કુદરત અથવા પ્રકૃતિનાં બાંધેલાં ગુલામ છીએ. ભાઇઓ! એજ માયા.

એવી કોઇ માતા નહિ હોય કે જેણીને પોતાનું બાળક જન્મથીજ મહાબુદ્ધિમાન અને અસાધારણ શક્તિશાળી ભાસતું ન હોય! તેના પર તે વારી જાય છે. તેનો સમગ્ર પ્રાણ જાણે તે બાળકમાંજ વસે છે–બાળકજ જાણે તેનો પ્રાણ છે. દિવસે દિવસે છોકરૂં મોટું થાય છે. અંતે તે એક જબરજસ્ત દારૂડીઓ અને પશુ જેવો નીવડે છે, અને પોતાને માટે પ્રાણ પટકતી માતાને પજવે છે; પરંતુ તે જેમ જેમ વધારે પજવણી કરે છે, તેમ તેમ પ્રેમઘેલી બિચારી મા અધિક ને અધિક પ્રેમ કરતી જાય છે. સંસાર એ પ્રેમને માતાનો નિઃસ્વાર્થ પ્રેમ કહી વખાણે છે, પણ સંસારને એ વાતની સ્વપ્નેયે ખબર નથી હોતી કે "એ માતા જન્મથીજ પ્રકૃતિ અથવા માયાની ક્રીતદાસ છે; તેથી તેમ કર્યા વગર તેનો છૂટકોજ નથી." એ ભાર પટકી દેવાને તો તે ઘણીએ ઇંતેજાર હશે, પણ તેનામાં તેમ કરવાની તાકાતજ કયાં છે? તેથી તેણી અજબ માતૃપ્રેમ નામે ઓળખાતા સુંદર પુષ્પોના ઢગલા તળે પોતાના એ આંતરિક અભિલાષને ઢાંકી રાખે છે. એજ માયા!

જગતમાં આપણે બધાંજ આવાં છીએ. આ ઉપર એક આખ્યાયિકા છે. કહે છે કે, એક દિવસ નારદમુનિએ શ્રીકૃષ્ણની પાસે આવીને કહ્યું કે "ભગવન્! તમારી માયા કેવી છે તે મને બતાવો." શ્રીકૃષ્ણે હાસ્ય કરી કહ્યું "ઠીક છે, કોઇક દહાડો બતાવીશ." થોડા દિવસ રહીને શ્રીકૃષ્ણ નારદને એક અરણ્યમાં પોતા-

ની સંગે લઈ ચાલ્યા. કેટલાક ગાઉનો પંથ કાપ્યા બાદ ભગવાને કહ્યું–"નારદ! મને ખૂબ તરસ લાગી છે; તું જઇને થોડુંક જળ ક્યાંકથી લઇ આવીશ?" નારદે કહ્યું–"અબઘડી લઇ આવું છું, મહારાજ!" એમ કહીને નારદ મુનિ પાણી લેવા નીકળ્યા. થોડેક છેટે એક ગામ આવ્યું. પાણી મેળવવાની આશાએ નારદ તે ગામમાં પેઠા, અને એક ઘરનું બારણું ખખડાવ્યું. એટલે તુરતજ ઘરનું બારણું ઉઘડયું અને એક લાવણ્યવતી કન્યા નારદની સામે આવી ઉભી. તેને જોતાંજ નારદ પાણી બાણીની વાતજ વિસરી ગયા; પોતાના પ્રભુ પોતાની રાહ જોતા ઉભા છે, અને તૃષાને લઇને તેમના પ્રાણ જોખમમાં આવી પડશે, એકશાનું તેમને ભાન રહ્યું નહિ. તે આખો દિવસ નારદ ત્યાંના ત્યાં રહ્યા અને કૃષ્ણ પાસે ગયાજ નહિ. બીજે દિવસે પણ નારદ ત્યાંના ત્યાં તે સુંદર બાળા સાથે વાતચીત કરતા બેઠા. વાર્તાવિનોદ કરતાં ઉભય વચ્ચે પ્રેમ બંધાયો. પરિણામે નારદે તે કન્યાના બાપ પાસે જઇ તેના હસ્તની માગણી કરી. આખરે બન્ને પરણ્યાં. નારદે એ ગામમાંજ રહી સંસાર માંડયો ને કેટલાંક બાળકના તે પિતા થયા. એ રીતે બાર વર્ષ વહી ગયાં. દરમિયાન તેમના સસરાનું મૃત્યુ થયું, અને નારદને તેનો વારસો મળ્યો. હવે નારદ પોતાના પુત્રકલત્ર સંગાથે વાડીવજીફા અને પશુધનનો ઉપભોગ કરતા સુખમાં રહેવા લાગ્યા. એવામાં એક ભારે રેલ આવી. એક રાત્રે ગામ પાસેની નદીમાં પાણી પુષ્કળ ચઢયું અને બન્ને કાંઠાપર થઇને ગામમાં ધૂસવા માંડયું. ઘરો પડવા માંડયાં, જન જનાવરો તણાઇને મરવા લાગ્યાં અને સર્વ કંઇ રેલના સપાટામાં ખેંચાવા લાગ્યું. નારદને પોતાના કુટુંબસમેત ભાગવું પડયું. એક હાથે પત્નીનો હાથ પકડી, બીજે હાથે બે બાળકોના હાથ ઝાલી અને એક બાળકને ખભે ઉંચકી, નારદજીએ આ ભયંકર પૂરને ભેદી સલામત જગ્યાએ પહોંચવાનો પ્રયત્ન કરવા માંડયો; પણ થોડેક દૂર જતાંજ નારદને જણાયું કે પાણીનો વેગ અતિશય ભારે છે. એટલામાં ખાંધપરનું બાળક પડી જઇ તણાવા લાગ્યું. તે જોઇ નારદના મુખમાંથી નિરાશા અને દુઃખની ચીચીઆરી નીકળી પડી. તેને બચાવવાનો પ્રયત્ન કરવા જતાં આંગળીથી ઝાલેલું એક બીજું બાળક ફસડાઇ પડયું ને ડૂબી ગયું. એમ કરતાં કરતાં આખરે એમની પત્ની કે જેને પોતાના સર્વ બળથી પકડી રાખી હતી તે પણ પ્રવાહના વેગથી છૂટી પડી તણાઇ ગઇ, અને નારદ પોતે પણ રડતી કકળતી સ્થિતિમાં કિનારે ઘસડાઈ આવ્યા. ત્યાં બેસીને તે કરુણ સ્વરે વિલાપ કરવા લાગ્યા. એવામાં પાછળથી એક મૃદુ અવાજ આવ્યો–"વત્સ! પાણી લાવ્યો? તું લોટો લઇને પાણી લેવા ગયો

હતો ને? હું તારી રાહ જોયા કરૂં છું. તારે ગયે અર્ધો કલાક વીતી ગયો; આવડી વાર કેમ થઇ?" એ સાંભળતાંજ નારદના મુખમાંથી નીકળી પડયું-"બસ! અર્ધો કલાક!" નારદને મન તો પૂરાં બાર વર્ષ વહી ગયાં હતાં, જ્યારે ખરી રીતે તો માત્ર અર્ધા કલાકમાંજ આ સઘળી ઘટના તેના મનમાં ને મનમાં બની ગઇ હતી! એજ માયા. એક યા બીજા રૂપમાં આપણે બધાંજ એ માયાની અંદર રહ્યાં છીએ. માયાનો વ્યાપાર અતિ અટપટો હોઇ સમજવો અત્યંત કઠણ છે. સર્વ દેશોમાં એ વિષયપર બોધ આપવામાં આવે છે, સર્વ ઠેકાણે લોકોને એનું જ્ઞાન આપવામાં આવે છે; પણ કોઈ વીરલા જનોજ તે વાતનો વિશ્વાસ કરે છે; કારણકે જાતે અનુભવ થયા વગર, જાતે ઠોકરો ખાધા વગર માત્ર મોઢાના ઉપદેશથી આપણ બધાંનો એ વાતપર વિશ્વાસ બેસતો નથી. આ શું બતાવે છે? એજ કે, માયા મહાભયંકર ને દુસ્તર છે. વાસ્તવિક કહીએ તો બધુંજ વૃથા ને મિથ્યા છે.

સર્વસંહારક કાળ આવીને બધાયનો કોળીઓ કરી જાય છે, કશુંજ બાકી રહેવા દેતો નથી. તે પાપીનો ભક્ષ કરે છે, તેમ સાધુસંતનો પણ ભક્ષ કરે છે; રાજાનો, પ્રજાનો, રૂપવાનનો, કદ્રૂપાનો-સર્વનોજ તે કોળીઓ કરે છે. કોઇને-રે! કશાયને તે છોડતો નથી. સર્વ કંઇ એ અંતિમ ગતિ યાને વિનાશની દિશામાં ધસ્યે જાય છે. આપણું જ્ઞાન, શિલ્પ, વિજ્ઞાન-સઘળુંજ એ અનિવાર્ય ગતિ-મૃત્યુની દિશામાં આગળ વધે છે. કાળના પૂરને અટકાવવા કોઇજ સમર્થ નથી, એક મિનિટ પણ તેને કોઇથી ખાળી શકાતું નથી. આપણે તેને ભૂલી જવાનો કદાચ પ્રયત્ન કરીએ. જેમ મહામારી યાને પ્લેગમાં સપડાયલા ભાગના રહેવાસીઓ મદ્યપાન, નૃત્યગાન અને એવીજ બીજી ચેષ્ટાઓમાં મગ્ન બની પોતાની સ્મરણ અને વિચારશક્તિને જૂઠી બનાવી દે છે, અને એ રીતે ચાલતા ઉપદ્રવને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે; તેમ આપણે બધાં પણ સર્વ પ્રકારનાં ઇંદ્રિયસુખોમાં તલ્લીન બની તે દ્વારા મૃત્યુને ભૂલી જવાનો ભારે પ્રયત્ન કરીએ છીએ. માયા આપણી પાસે તેમ કરાવે છે; પરંતુ તેથી કંઇ તેની નિવૃત્તિ થતી નથી, એ તો યથાસમયે આવી ગળું ઝાલેજ છે.

લોકોની આગળ બે માર્ગ છે. તેમાંનો એક માર્ગ તો ઘણો સાધારણ હોઇ સૌ કોઇને વિદિત છે. તે આઃ-"જગતની અંદર દુઃખ છે, સંતાપ છે, એ બધું ખરૂં; પણ તેનો વિચારજ ના કરો. **यावज्जीवत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पीबेत्** યાને જીવો ત્યાં લગી સુખમાં જીવો, દેવું કરીને પણ ઘી પીઓ-તે મુજબ દુઃખ હોય છતાં તે તરફ નજરજ ન કરો. જે કંઈ આખું અડધું,

થોડું ઘણું સુખ પ્રાપ્ત થાય તે માણી લ્યો, જે કંઇ કરાય તે કરી લ્યો. સંસારચિત્રની કાળી બાજુ ભાળોજ નહિ; તેજસ્વી અને આશાવંત બાજુપરજ તમારી નજર હમેશાં ફેરવી રાખો." આ મતમાં કંઇક સત્ય છે ખરૂં, પરંતુ તે સાથે ભય પણ રહ્યો છે. સત્ય એ છે કે, એ મત આપણને કાર્યમાં પ્રવૃત્ત રાખે છે. આશા અને આવી જાતનો પ્રત્યક્ષ આદર્શ આપણને કાર્યમાં પ્રવૃત્ત તથા ઉત્સાહિત કરે છે એ ખરૂં, પરંતુ ભય એ રહ્યો છે કે અંતે હતાશ બનીને આપણે સઘળો પ્રયત્ન ત્યજી દઇશું. જે લોકો કહે છે કે "સંસાર જેવો ભાસે છે, તેવોજ ગ્રહણ કરો; સ્વચ્છંદે જેટલું મહાલાય તેટલું મહાલો, દુઃખસંતાપ આવી પડે તોયે સંતોષમાં રહો; ધપ્પા પડે તો કહો કે પુષ્પવૃષ્ટિ થાય છે, અને ગુલામોની માફક આમ તેમ અટવાવું પડે તોપણ કહો કે મુક્ત છીએ. એ રીતે નિશદિન તમારી પોતાની જાતને તેમજ બીજાઓને જૂઠું સમજાવ્યા કરો; કેમકે સંસારમાં સુખે જીવવાનો એજ માત્ર એક રસ્તો છે." એવો ઉપદેશ આપનારાઓની પણ અંતે તો ઉપર જણાવેલીજ ગતિ થાય છે-અર્થાત્ કે તેમને પણ હતાશ બની બધું છોડી દેવું પડે છે. પાકું વ્યાવહારિક જ્ઞાન કહેવાય છે તે આજ—આ ઉપર જણાવેલો ઉપદેશજ અને એ વ્યાવહારિક જ્ઞાન આ ચાલુ સદીમાં જેટલું પ્રચારમાં છે, તેટલું પહેલાં કદી નહોતું. એનું કારણ એ છે કે, લોકોને અત્યારે જેવા તીવ્ર આઘાતો સહેવા પડે છે તેવા પૂર્વે કદી સહેવા પડતા નહોતા; હરીફાઇ પણ અત્યારના જેવી પૂર્વે કદી નહોતી; મનુષ્ય અત્યારે પોતાનાં બીજાં માનવબંધુઓપ્રત્યે જેટલો નિષ્ઠુર છે તેટલો આગળ કદી નહોતો અને તેથીજ હાલમાં આવી જાતના દિલાસાની અગત્ય વધી છે. હાલના વખતમાં એ ઉપદેશને વધારે આગ્રહપૂર્વક આગળ ધરવામાં આવે છે, પણ તેથી કંઇ ફળ નીપજતું નથી અને કદાપિ નીપજવાનુંયે નથી. સડવા માંડેલા શબની હાજરી સુગંધીદાર ગુલાબનાં પુષ્પોથી છુપાવી છુપાવાશે નહિ. શરૂઆતમાં કદાચ એ યુક્તિ ચાલશે, પણ ઝાઝો સમય નહિ નભે. પુષ્પો સૂકાતાંજ શબ પહેલાં કરતાં વધારે બિહામણી સ્થિતિમાં પોતાની હાજરી જાહેર કરશે. આપણાં જીવનની પણ એજ દશા છે. આપણાં જૂનાં અને કોહતાં ચાંદાંને કીનખાબના વાગા હેઠળ છુપાવી રાખવાનો પ્રયત્ન આપણે ભલે કરીએ, પણ એક દિવસ તો જરૂર એવો આવે છેજ કે જ્યારે તે કીનખાબનું વસ્ત્ર ખસી જાય છે અને આપણાં એ ચાંદાં તેના સંપૂર્ણ બીભત્સ સ્વરૂપમાં જગતની નજરે ચઢે છે.

ત્યારે શું કોઇજ જાતની આશા નથી ? આપણે સર્વ માયાનાં દાસ છીએ, માયામાં જન્મ્યાં છીએ અને માયામાંજ જીવન જોગવીએ

છીએ, એ સાચું; પણ તેમાંથી છૂટવાનો શું કોઈજ રસ્તો નથી? કંઈજ આશા નથી? આપણે બધાંજ દુર્દશામાં આવી પડયાં છીએ, આપણે બધાંજ દુઃખી છીએ. આ સંસાર વસ્તુતઃ જોતાં કારાવાસ છે; આપણાં આ કહેવાતાં રૂપગુણનો મહિમા અને કીર્તિ, આપણી બુદ્ધિ, આપણું મન—એ સઘળાંજ કારાવાસ છે, એ વાત તો યુગો થયાં લોકોને સુવિદિત છે. ગમે તેમ કહો પણ એવો એક પણ માણસ—એક પણ માનવદેહધારી નથી કે જેને આ વાતનો કોઇ ને કોઈ વખત અનુભવ થયો ન હોય. વયોવૃદ્ધ મનુ યોને તો એનો સૌથી વધારે તીવ્ર અનુભવ થાય છે, કેમકે તેમના પાલવમાં તો આખી ઉંમરનો અનુભવ સંચિત થયો હોય છે અને પ્રકૃતિનાં જૂઠાણાંઓથી તે એકાએક છેતરાતાં નથી. ત્યારે આ કારાવાસમાંથી છૂટવાનો ઇલાજ શો? માયાના આ ભયંકર વ્યાપાર છતાં, આપણી આગળ પાછળ સર્વત્ર તેની જાળ પથરાયલી હોવા છતાં, આ બધાં દુઃખ અને સંતાપોની હાજરી છતાં, અને જ્યાં જીવન તથા મૃત્યુ એકબીજાના પર્યાયવાચક છે તેવા આ સંસારમાં પણ એક નાનોશો મંદ અવાજ સર્વ યુગોમાં અને સર્વ દેશોમાં મનુષ્યમાત્રના અંતરમાં ગુંજારવ કરતો સંભળાય છે. તે કહે છે કે—

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥

અર્થાત્ કે મારી આ દૈવી માયા ત્રિગુણમયી છે. તેને તરી જવી બહુ અઘરી છે, છતાં જેઓ મારા શરણે આવે છે, તેઓ તેને તરી જઇ શકે છે. વળી બાઇબલ મુજબ—"ઓ થાકેલાં અને ભાર નીચે કચરાઈ મરતાં મુસાફરો! આવો, મારી પાસે આવો; હું તમને આરામ અર્પીશ." આજ અવાજ—આજ મંદ ગુંજારવ આપણને ધીરે ધીરે પ્રગતિ કરાવે છે. માણસે આ ગુંજારવ સાંભળ્યો છે અને યુગો થયાં સાંભળતો આવ્યો છે. આ અવાજ મનુષ્યને કાને પડે છે ખરો, પણ કયારે? જ્યારે તેનું સર્વસ્વ નષ્ટ થતું માલમ પડે છે, સર્વ આશા ચૂર્ણ થઇ જાય છે, પોતાના બળપરથી બધોજ વિશ્વાસ ઉડી જાય છે અને તેની પોતાની મુઠ્ઠીમાંથી સર્વ કંઇ સરતું જઇ જીંદગી જાણે નિરાશાપૂર્ણ ખંડિયેર બની જાય છે ત્યારે. ત્યારેજ એ મંદ ગુંજારવ તેને કાને અથડાય છે. અને એનેજ ધર્મ કહેવામાં આવે છે.

આવી રીતે એક હાથપર અભય અને આશાપ્રદ વચન છે કે, આ બધું અસાર છે, બધુંજ માયામય છે; છતાં પણ એ માયાના ફંદમાંથી છૂટવાનો માર્ગ છે. ત્યારે બીજા હાથપર સંસારના વ્યવહારકુશળો કહે છે કે "ધર્મ અને અધ્યાત્મજ્ઞાન વગેરે સાથે માથાં ન ફોડો, સંસારમાંજ રહો; સંસાર ખરાબ તો છે, છતાં પણ

તેનો બને તેટલો સદુપયોગ કરી લ્યો." સાદી ભાષામાં એનો અર્થ એટલોજ થાય કે "જુઠાણાં અને છેતરપિંડીભર્યું દાંભિક જીવન જીવો; અને તમારાં દુર્ગંધમય ચાંદાંઓને કુશળતાપૂર્વક ઢાંકી રાખો. થીંગડાં ઉપર થીંગડાં ચોઢયે જાઓ. અસલ વસ્તુ ઓળખાતી મટી જાય અને તમે કેવળ થીંગડાંમય બની જાઓ ત્યાંસુધી થીંગડાં પર થીંગડાં માર્યે જાઓ. સંસારમાં વ્યવહારકુશળ જીવન કહેવાય છે તે આનું નામ. આવા થાગડથીંગડથી જેઓ સંતુષ્ટ રહે છે તેમને ધર્મલાભ કદીજ થતો નથી. વર્તમાન પરિસ્થિતિ પર અને વર્તમાન જીવન પર જ્યારે ઘોર અસંતોષ ઉત્પન્ન થાય છે, તથા જીવન પર થીંગડાં મારવાની આ ક્રિયા પર ભયંકર ઘૃણા પેદા થઇને જૂઠાણાં ને છેતરપિંડીપર પારાવાર ધિક્કાર વછૂટે છે ત્યારેજ—ત્યારેજ ધર્મની શરૂઆત થાય છે. વ્યવહારકુશળતાનો આ વિચાર મનમાં આવતાં બુદ્ધ ભગવાને બોધિવૃક્ષતળે બેઠાં બેઠાં એક વાર જે વચનો ઉચ્ચાર્યાં હતાં, તેવી જાતનાં વચનો ઉચ્ચારવાની જેની હામ હોય તે-રે! તેજ માણસ ધાર્મિક થઈ શકે. ભગવાન બુદ્ધના હૃદયમાં પણ એક વાર ફરી પાછા સંસારી બનવાની ઇચ્છા થઇ આવી હતી. તે સમયે તેમની અવસ્થા કાચી હતી. તેમને મન એટલું ચોક્કસ વસી ગયું હતું કે, સાંસારિક જીવન અસાર છે, તેમાંથી છૂટવું જોઇએ; પણ કેમ છૂટવું તેની તેમને ખબર નહોતી. આ અવસ્થામાં—આ કાચી અવસ્થામાં લાલચ તેમની સમક્ષ આવી અને કહેવા લાગી કે "જા, જા; સત્યની શોધ પડતી મૂકી સંસારમાં પાછો જા, અને પહેલાંની માફક છેતરપિંડીભર્યું દાંભિક જીવન જીવ; બધી વસ્તુઓને ખોટાં નામોથી ઓળખ અને ઓળખાવ, તથા તારા પોતાના આત્મા આગળ તેમજ પારકાં આગળ જૂઠું હાંકયે જા" પણ એ મહાન વીરનરે એ લાલચપર અંતે વિજય મેળવ્યો અને ધૂત્કારી કાઢતાં કહ્યું કે "બગુચકની માફક ખાવાપીવામાંજ જીવન પૂરૂં કરવું તેના કરતાં મૃત્યુ હજાર દરજ્જે સારૂં છે; પરાજિત થઇ જીવવા કરતાં યશસ્વી રીતે ધરાશાયી થવું યાને લડતાં લડતાં રણમાં પોઢવું વધારે સારૂં છે." આવી જાતના નિશ્ચયમાંજ ધર્મનો પાયો રહેલો છે. આવો દૃઢ નિશ્ચય જ્યારે કોઇ મનુષ્યનો થાય ત્યારે સમજવું કે, તે સત્યના પંથે-પ્રભુના પંથે પરવરે છે. ધાર્મિક થવા માટે પણ આવાજ દૃઢ સંકલ્પની અગત્ય છે. "મારો માર્ગ હું મારી મેળે શોધી લઇશ—**कार्यं साधयामि व देहं पातयामि**—યાને સત્યને હું શોધી કાઢીશ અગર તો એ પ્રયત્નમાં પ્રાણનું બલિદાન દઇશ. સંસારમાં રહેવાથીયે શું વધારે છે? એમાં પણ દેહનો નાશ તો સર્જિત છેજ. રોજ ને રોજ તે નષ્ટ થઈજ રહ્યું છે, કારણ કે આજનો સુંદર જુવાનજ આવતી

કાલે બિહામણો બુઢ્ઢો બની ગયેલો જણાય છે; આશાઓ, આનંદો અને ચેનમજાઓરૂપી આજની કોમળ કળીઓ આવતી કાલના હિમમાં બળીને ખરી પડે છે-અર્થાત્ કે સંસારમાં રહીને જીવવામાં પણ દેહપાત નિશ્ચિત છે. તો પછી હું આ બીજો માર્ગ કાં ન સ્વીકારૂં કે જેમાં વિજયની-સંસારના અનેક અનર્થો પર, જીંદગી પર અને વિશ્વ પર વિજય મળવાની-આનંદપ્રદ આશા રહેલી છે!" આવા સંકલ્પના પાયાપરજ માણસ અડગપણે ઉભો રહી શકે છે. તેથી જેઓ આ અદ્‌ભુત વિજય માટે, સત્યને માટે અને ધર્મને માટે નિશ્ચયપૂર્વક પ્રયાસ કરે છે, તેઓ ખરે પંથે પરવરી રહ્યા છે. વેદ પણ તેમજ કહે છે "નિરાશ થાઓ નહિ, પંથ મહાવિકટ છે-તરવારની ધારપર ચાલવા જેવો કપરો છે; તથાપિ નિરાશ થાઓ મા. **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत**-ઉઠો, જાગ્રત થાઓ અને ઇષ્ટને પ્રાપ્ત કરીનેજ વિરમો."

હવે કહેવાનું એ કે, જગતમાં જૂદાં જૂદાં રૂપ અને રંગના જેટલા ધર્મો છે તે બધાયના પાયામાં એક સામાન્ય તત્ત્વ રહેલું છે. તેઓ બધાજ આ સંસારચક્રમાંથી બહાર નીકળવાનો અર્થાત્ મુક્તિનો ઉપદેશ કરે છે. તે દરેકનો મૂળ ઉદ્દેશ આવો હોય છે:- "સંસાર અને ધર્મ વચ્ચે તોડજોડ કે સમાધાન કરવું નહિ, પણ સત્ય હોય તે તડને ફડ બતાવી દેવું; ધર્મને તેના શુદ્ધ આદર્શપર સ્થાપન કરવો-સંસારની સાથે તેનો મેળ બેસાડી તેની મહત્તા ઘટાડવી નહિ." ધર્મ માત્ર આજ ઉપદેશનો પ્રચાર કરે છે, અને એ બધા ધર્મોની એકતા સાધવી યાને ઉત્તમ તેમજ કનિષ્ઠ બધાજ ધર્મોમાં મુક્તિરૂપી આ સામાન્ય પાયો રહ્યો છે એ વાત જગત આગળ સ્પષ્ટ રીતે માંડવી-એને વેદાંત પોતાનું કર્તવ્ય લેખે છે. જેને આપણે અતિ નિંદ્ય વહેમો ગણીએ છીએ તેમનો તેમજ ઉંચામાં ઉંચી જાતના તત્ત્વજ્ઞાનનો ઉદ્દેશ, ખરી રીતે જોતાં એક-સમાન છે. ઉભય એકજ પ્રકારની મુશીબતમાંથી છૂટવાનો માર્ગ બતાવે છે; એટલુંજ નહિ પણ ઘણા ખરા ધર્મોનું માનવું છે કે, આ મુક્તિનો માર્ગ પ્રપંચથી મુક્ત, પ્રકૃતિના નિયમોથી પર એવા કોઇ મુક્તાત્માની સહાયથીજ સાધી શકાય છે. એ મુક્તાત્માના સ્વરૂપવિષે જૂદા જૂદા ધર્મો વચ્ચે મતફેર કે ભાંજગડો હોય ખરી-જેવી કે એ સગુણ છે કે નિર્ગુણ, માણસના જેવો એ અચેતના-યુક્ત પ્રાણી છે કે કેમ? પુરુષ છે, સ્ત્રી છે કે નાન્યેતર છે-વગેરે વગેરે અનેક મતફેર અને ભાંજગડો છતાં પણ બધાનો મૂળ આદર્શ એકસરખો છે. આટલા આટલા પ્રબળ અને નિરાશાજનક વિરોધો છતાં પણ સકળ ધર્મોમાં એકતારૂપી એક જાતનો જે સુવર્ણનો દોરો પરોવાઇ રહેલો છે, તે જણાઈ આવ્યા વગર રહેતો

નથી; તેથી આ બધા વિરોધથી અમને ભય લાગતો નથી. અમારા વેદાંતદર્શનમાં આ સુવર્ણનો દોરો ધીરે ધીરે કરીને દષ્ટિગમ્ય થયો છે. આવિષ્કારનું પ્રથમ પગલુંજ એ છે કે, આપણે બધાંજ જૂદા જૂદા પંથદ્વારા એકજ ઇષ્ટ યાને મુક્તિ તરફ કૂચ કરી રહ્યાં છીએ-બધા ધર્મોનો એજ સામાન્ય ઉદ્દેશ છે.

સુખદુઃખ, હર્ષશોક તેમજ મુસિબત અને ઉદ્યોગ-બધીજ અવસ્થામાં એક અદ્ભુત વ્યાપાર ચાલી રહેલો જણાય છે; અને તે એ કે, આપણે બધાંજ ખાત્રીબંધ મુક્તિની દશામાં ગમન કરી રહ્યાં છીએ. પ્રશ્ન આપણી સમક્ષ આ હતો કેઃ-"આ જગત શી વસ્તુ છે, તે કયાંથી આવે છે અને કયાં જાય છે?" અને તેનો ઉત્તર પણ અપાઇ ગયો કે "મુક્તિમાં તેની ઉત્પત્તિ છે, મુક્તિમાં તેની સ્થિતિ છે અને મુક્તિમાંજ તેની પરિસમાપ્ત છે." મુક્તનો આ ખ્યાલ-'અમે મુક્ત છીએ' એવો ભાવ ઘડીભર પણ અળગો કરી શકાતો નથી. એના વિના તો તમારી સઘળી ક્રિયાઓ-રે! ખુદ તમારૂં જીવન રદ બાતલ થઇ જશે! પ્રકૃતિ પ્રત્યેક પળે આપણને એમ ઠસાવવા માગે છે કે "તું મારો દાસ છે, બાંધેલો ગુલામ છે, મુક્ત નથી." તથાપિ તેની સાથેજ આપણને બીજો ખ્યાલ આવે છે કે "ના, આપણે મુક્ત છીએ." માયા ડગલે ને પગલે આપણને ધપ્પા મારી મારી બતાવે છે કે "જો, જો, તું બદ્ધ છે-મારો બંધાયલો છે." તેમ છતાં એ ધપ્પાની સાથેજ યાને આપણે બદ્ધ છીએ એ લાગણીની સાથેજ બીજી લાગણી અંતરમાં પ્રગટે છે કે "ના, મુક્ત છીએ." કોઇ આંતરિક અવાજ આપણને નિરંતર કહ્યા કરે છે કે "આપણે મુક્ત છીએ." પરંતુ એ મુક્તિનો સાક્ષાત્કાર કરવાનો યાને તેનો આવિષ્કાર કરવાનો આપણે પ્રયાસ આદરીએ છીએ, ત્યારે તો વળી લગભગ અસાધ્ય જેવી અડચણો આપણી નજર સમક્ષ આવી ખડી થાય છે. તેમ છતાં પણ અંતરમાં કોઇ કહ્યા કરે છે કે "**मुक्तोऽहम्, मुक्तोऽहम्**-હું મુક્ત છું, હું મુક્ત છું." જગતના ભિન્ન ભિન્ન ધર્મોનો અભ્યાસ કરી જોશો તો તમને જણાશે કે, સકળ ધર્મોની અંદર આ ભાવ-મુક્તાત્માનો આ ભાવ-એક યા બીજા રૂપમાં પ્રદર્શિત થયેલો છે. એકલો ધર્મજ નહિ-ધર્મને એના સંકુચિત અર્થમાં રખે સમજતા-પણ સમાજનું આખુંજ જીવન મુક્તિના આ સિદ્ધાંતનુંજ પ્રતિપાદન કરે છે. આપણી પ્રત્યેક કૃતિ ગતિ પણ આ એક મુક્તિનુંજ પ્રતિપાદન કરે છે. અંતરનો એ અવાજ પ્રત્યેક જણના સાંભળવામાં આવ્યો હોય છે. તેની ખબર એને હોય કે ન હોય પણ તે અવાજ ડિમ્ ડિમ્‌ના નાદ સાથે કહે છે "અરે! ઓ સંસારથી શ્રમિત થયેલા અને કચરાઇ ગયેલા લોકો! તમે સૌ મારી સમીપ આવો." એ અવાજ આજ ભાષામાં, કિંવા આવીજ શબ્દ-

રચનામાં હોય એવું કંઇ નથી; ગમે તે રૂપમાં પણ મુક્તિમાટે આહ્વાન કરતો એ અવાજ આપણી સાથેનો સાથેજ છે. અરે! એ અવાજને લઇનેજ આપણે જન્મ્યા છીએ, અને આપણી પ્રત્યેક કૃતિ અને ગતિ પણ એનેજ આભારી છે. આપણે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ, પણ એજ અવાજને અનુસરીને આપણે મુક્તિ તરફ ધસી રહ્યાં છીએ. બંસીધર મોહનની બંસરીના નાદથી ગામનાં બાળકો જેમ આકર્ષાઇ આવતાં હતાં, તેમ આ આંતરનાદને આપણે સૌ પણ અજાણતાં અજાણતાંયે અનુસરીએ છીએ.

આપણે નીતિપરાયણ બનીએ છીએ, પણ કયારે? જયારે એ આંતર અવાજને અનુસરીએ છીએ ત્યારેજ. એકલા મનુષ્યોનાજ સાંભળવામાં એ આંતરનાદ આવ્યો છે એમ નથી, પણ અધમમાં અધમ જીવોથી માંડીને તે ઉત્તમોત્તમ મનુષ્યપ્રાણીઓપર્યંત સકળના સાંભળવામાં એ અવાજ આવ્યો છે, અને તે બધાંજ તેના તરફ વેગબંધ ધસે છે. એ ઉદ્યોગમાં કેટલાંક એકબીજાને સાથ દે છે, ત્યારે બીજાં કેટલાંક ધક્કામુક્કી કરી બીજાંને બાજુએ હડસેલે છે. એમાંથીજ હરીફાઈ, આનંદ, ઉદ્યોગ, જીવન, મઝા અને મૃત્યુ જન્મે છે; અને ખરૂં પૂછાવો તો આ આખું જગત એ અવાજ-ને પહોંચવાના ઉન્મત્ત ઉદ્યોગના ફળસિવાય બીજું છે પણ શું? આપણે એજ કરતા આવ્યા છીએ. આ નાદનું સંભળાવું એ પ્રકૃતિ-નો આવિષ્કાર છે–પ્રકૃતિનું વ્યક્ત રૂપ છે.

એ પછી–એ નાદ સંભળાયા પછી શું થાય છે? તો કે પછી પડદો ઉંચકાવા માંડે છે. એ નાદ ઓળખાતાં અને બરાબર સમ-જાતાંજ આખા દસ્યનું રૂપાંતર થઇ જાય છે. એનો એજ સંસાર કે જે પહેલાં આપણને માયાનું ભયંકર સંગ્રામક્ષેત્ર ભાસતું, તે હવે સારો અને સુંદર ભાસે છે. પ્રકૃતિને હવે આપણે શાપ દેતા નથી કે એમ કહેતા નથી કે, સંસાર દુઃખદ અને મિથ્યા છે. રડવાની કે હાયપીટ કરવાની પણ હવે આપણને જરૂર પડતી નથી. એ અવાજ આપણને બરાબર સમજાતાંજ, જગતની અંદર આ બધી ખટપટ, મારામારી, હરીફાઇ, મુસ્કેલી, નિંઠુરતા તેમજ સુખો અને આનંદો શા સારૂ છે? તેનું રહસ્ય આપણે સમજી શકીએ છીએ. આપણને સમજાય છે કે, સંસારમાં તેમની હાજરી અનિવાર્ય છે. તેમના વગર એ અવાજને અનુસરવાનું આપણાથી બનતજ નહિ, અને આપણને ખબર હોય કે ન હોય પણ એ અવાજને અનુસરવું એ તો આપણા જીવનનું ધ્યેય છે. તેથીજ સમસ્ત જડચેતન સૃષ્ટિ મુક્તિ મેળવવા તનતોડ મહેનત કરી રહી છે. સૂર્ય પોતાના ધ્યેયપ્રતિ-જ ગતિમાન છે, પૃથ્વી સૂર્યની આસપાસ ભમે છે તે પણ એટલાજ સારૂ, તેમજ ચંદ્રમા પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે તે પણ એજ હેતુથી.

ગ્રહો પણ એજ ધ્યેયની દિશામાં ગતિ કરી રહ્યા છે અને વાયુ વાય છે તે પણ એજ ધ્યેયની પ્રાપ્તિ અર્થે. સર્વ કોઇ અને સર્વ કંઇ એનેજ માટે ખટપટ કરે છે. સાધુજન એજ અવાજની દિશામાં ગતિ કરે છે, કેમકે તેને માટે બીજો ઇલાજજ નથી; અર્થાત્ એમાં એની કંઇ મહત્તા નથી. દુર્જનનો પ્રકાર પણ એવોજ છે; અર્થાત્ એમાં એની ગૌરવહાનિ પણ નથી. ઉદાર દાનશીલ નર સીધોસટ એ અવાજ પ્રતિ ગતિ કરે છે, એને કોઇજ અંતરાય નડી શકતો નથી. કંજુસ પણ એજ ધ્યેય તરફ જઇ રહ્યો છે. ઉત્તમોત્તમ પરોપકારી અને સમાજસેવક પણ પોતાના અંતરમાં એજ અવાજ શ્રવણ કરે છે. તેનો પ્રતિરોધ તેનાથી કરી શકાતો નથી અને તેથીજ તેના તરફ ડગલાં ભરવાની તેને જરૂર પડે છે. ઘોરમાં ઘોર આળસુના સંબંધમાં પણ તેવોજ પ્રકાર છે. ભેદ માત્ર એટલોજ છે કે, બીજાઓ કરતાં તે જરા વધારે પડે આખડે છે. જે વધારે આખડે છે તેને આપણે ખરાબ કહીએ છીએ, અને જે ઓછો આખડે છે તેને સારો કહીએ છીએ. વસ્તુતઃ જોઇએ તો 'સારૂં-ખરાબ' જેવી કોઈ બે ભિન્ન ભિન્ન ચીજોજ નથી—મૂળે એ છે તો એકજ વસ્તુ. ભેદ જણાય છે તે પ્રકારગત નથી, પણ પરિમાણગત છે.

હવે જુઓ, આ મુક્તભાવ શક્તિજ જો ખરેખરી રીતે જગતના કાર્યનું સંચાલન અને નિયમન કરે છે, તો આપણે જેની સમાલોચના કરી રહ્યા છીએ તે ધર્મના વિષયને તે લાગુ પાડતાં પણ જણાય છે કે, જગતના સર્વ ધર્મોનું પણ એ એક ભાવદ્વારાજ નિયમન થાય છે. ઉદાહરણતરીકે, જગતના અધમમાં અધમ પ્રકારના ધર્મનો વિચાર કરીશું કે જે ધર્મમાં મૃતપૂર્વજો અથવા તો ચોક્કસ પ્રકારના બળવાન અને નિષ્ઠુર દેવતાઓની ઉપાસનાજ મુખ્યત્વે થાય છે, એમાં ઉપાસિત દેવતાઓ અથવા મૃતપૂર્વજોની ધારણાનો શો અર્થ છે યાને એ શું સૂચવે છે વારૂ? એજ કે, એ ઉપાસિતો પ્રકૃતિથી પર છે—એટલે કે એમને પ્રકૃતિ અથવા માયાનાં બંધન નથી. અહીં પ્રકૃતિસંબંધી ઉપાસકની માન્યતા, અલબત્ત બહુ સાદી અને સાધારણ હોય છે. પ્રકૃતિના આકર્ષણ અને વિપ્રકર્ષણ એ એજ ગુણોની માત્ર તેમને માહીતિ હોય છે—અર્થાત્ ઉપાસક સાધારણતઃ બહુ અજ્ઞ છે અને પ્રકૃતિસંબંધી તેની ધારણા અત્યંત સંકુચિત અને સ્થૂળ છે. તે જાણે છે કે, પોતાનાથી બંધ દિવાલની આરપાર થઇને પસાર થઇ શકાતું નથી કે શૂન્ય અથવા આકાશમાં ઉડી શકાતું નથી; પણ જે દેવતાઓ અથવા પૂર્વજોની પોતે ઉપાસના કરે છે, તેઓ તેમ કરી શકે છે અથવા તો પોતાના રૂપનું રૂપાંતર કરી શકે છે, તેથી તેમનામાં શક્તિઓ છે એ નિર્વિવાદ. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં આનો


શું અર્થ થાય છે? આ દેવોપાસનાનું શું રહસ્ય છે? એજ કે, એની અંદર પણ મુકિતનો એ ભાવ મોજુદ છે, અને પોતાના ઉપાસિત વિષેની તેની ધારણા, પ્રકૃતિ સંબંધીની તેની પરિચિત ધારણા કરતાં વધારે ઉન્નત છે. એમના કરતાં પણ વધારે ઉન્નત દેવતાઓને જેઓ ઉપાસે છે, તેમના સંબંધમાં પણ તેવોજ પ્રકાર હોય છે. પ્રકૃતિવિષેની ધારણા જેમ જેમ વિસ્તૃત બનતી જાય છે, તેમ તેમ પ્રકૃતિથી અતીત એવો જે આત્મા તેની ધારણા પણ વિકાસ પામતી જાય છે; અને એમ કરતાં કરતાં આપણને એકેશ્વરવાદની પ્રાપ્તિ થાય છે. એની માન્યતા એવી છે કે, જગતમાં પ્રકૃતિ અથવા માયાનું અસ્તિત્વ છે, અને એ માયાનો એક નિયામક અથવા પ્રભુ છે, કે જે આપણી આશાનું ધામ છે.

અહીંથીજ—આ એકેશ્વરવાદનો ભાવ જ્યાં શરૂ થાય છે ત્યાંથીજ—વેદાંતની શરૂઆત થાય છે. પરંતુ હજી વધારે અનુસંધાન અથવા શોધ કરવાને વેદાંત પ્રેરાય છે. વેદાંત કહે છે કે, આ માયાના પ્રપંચની પછવાડે માયાથી અતીત અને માયાના પ્રભુરૂપ જે એક આત્મા રહેલો છે, તે આપણને પોતાની તરફ આકર્ષે છે અને આપણે સૌ ક્રમેક્રમે તેના તરફ ગતિ કરી રહ્યાં છીએ—એ ધારણા બહુ સારી છે. પરંતુ હજી તે જોઇએ તેવી સ્પષ્ટ નથી, પ્રત્યક્ષ રીતે તે તર્ક અથવા યુક્તિની વિરુદ્ધ નથી; છતાં પણ હજી તે ઝાંખી અને અસ્ફુટ છે. તમારા એક ધર્મસૂક્તમાં કહ્યું છે કે 'મારો પ્રભુ તારી અતિનિકટ છે.' એજ સૂક્ત માત્ર એકજ શબ્દના ફેરફારસહિત વેદાંતીને પ્રિયકર થઇ પડે. વેદાંતી કહેશે કે 'મારો પ્રભુ મારી અતિનિકટ છે; આપણું અંતિમ ધ્યેય જે પ્રભુ તે આપણાથી ઘણે દૂર છે, પ્રકૃતિની પેલે પાર બહુ આઘે છે અને આપણે તેના પ્રત્યે ધીરે ધીરે આકર્ષાઇએ છીએ—એ આદર્શ અથવા ભાવના મહત્તા કે પવિત્રતામાં લેશ પણ ઘટાડો કર્યા વગર આપણે તેને આપણી વધારે ને વધારે નિકટ લાવી શકીએ તેમ છીએ. વેદાંતીની ખંતભરી શોધે ક્રમશઃ તેને આપણી નિકટમાં નિકટ લાવી મૂક્યો છે. પરિણામે સ્વર્ગમાં વસનારો ઈશ્વર પ્રકૃતિસ્થ માલમ પડે છે; પછી પ્રકૃતિમાં વસનારો ઈશ્વર ખુદ પ્રકૃતિમય જણાય છે યાને પ્રકૃતિ અને ઇશ્વર વચ્ચે અભેદ માલમ પડે છે. ત્યારબાદ એ પ્રકૃતિરૂપ ઇશ્વર આ દેહમંદિરમાં વસતો અનુભવાય છે; અને અંતે તે દેહમંદિરમાંનો ઈશ્વર પોતે દેહમંદિરરૂપ ભાસે છે; અને એજ જીવાત્મા મનુષ્યતરીકે પરિચિત થાય છે. વેદાંતની શોધ અહીંજ વિરમે છે. તેના છેલ્લા શબ્દો આ છેઃ—"ઋષિ લોકો જેને અહીંતહીં ખોળતા હતા તેનો પત્તો લાગ્યો છે—તે બહાર નથી પણ આપણા પોતાનાજ અંતરમાં છે." અર્થાત્ વેદાંત કહે છે કે "જે નાદને તમે સાંભળ્યો

છે તે બરાબર છે, પણ તેની દિશા તમે ખોટી પકડી છે; મુક્તિનો જે આદર્શ તમારા અનુભવમાં આવ્યો છે તે ખરો છે, પણ તેને માટે તમે બહાર ફાંફાં મારો છો તે ભૂલ છે. એ ભાવને તમારી વધારે ને વધારે નિકટમાં લાવતા જાઓ; અને જ્યારે તમને અનુભવ થાય કે, સઘળોજ વખત તે ભાવ–તે મુક્તિનું તત્ત્વ–તમારી પોતાની ભીતરજ વસે છે અને તેજ તમારા આત્માના અંતરાત્મારૂપ હતું અને છે ત્યારેજ વિરમો. મુક્તિ એજ તમારૂં યથાર્થ સ્વરૂપ છે, અને માયા તમને કદાપિ બાંધી શકતી નથી. પ્રકૃતિ અથવા માયાની તમારાપર કંઇજ સત્તા નથી. એ તો ચમકેલા બાળકની માફક તમને સ્વપ્નું આવે છે કે, પ્રકૃતિ તમારી ગળચી દાબી તમને ગુંગળાવે છે; પણ તેમાંથી–એટલે કે એ સ્વપ્નમાંથી છૂટવું એજ તમારૂં લક્ષ્ય છે. એ લક્ષ્યને તમારે બુદ્ધિપૂર્વક માત્ર ઓળખવાનુંજ નથી, પણ તેનો સાક્ષાત્કાર કરવાનો છે અને સ્થૂલ-જગતનું આપણે જેટલું ચોક્કસપણે નિરીક્ષણ કરીએ છીએ તેટલા-જ ચોક્કસપણે આપણે તે લક્ષ્યને નીરખવાનું છે." એમ થશે ત્યારેજ આપણને અનુભવ થશે કે, આપણે મુક્ત છીએ; ત્યારે ને ત્યારેજ આપણી સર્વ મુસ્કેલીઓ અને ભાંજગડો દૂર થશે, આપણા અંતરના મુંઝવણો અદૃશ્ય થશે અને હૃદયની ચંચળતા ટળી જશે; ત્યારેજ સઘળી વક્રતા દૂર થઇ જઇ સરળતા પ્રાપ્ત થશે અને પ્રકૃતિના અનેકત્વનો ભ્રમ ટળી જશે; ત્યારેજ આ પ્રકૃતિ–આ માયા અત્યારની માફક ભયંકર અને નિરાશાજનક સ્વપ્નું ભાસવાને બદલે આપણને સુંદર અને મોહક જણાશે, અને આ પૃથ્વી આપણને કારાવાસ ભાસવાને બદલે આપણા ક્રીડાંગણરૂપ ભાસશે; એટલુંજ નહિ પણ આપણી સઘળી બીક, મુસ્કેલીઓ અને વિપત્તિઓને ત્યારે એક જાતનો દિવ્ય ભાવ પ્રાપ્ત થશે અને તેઓ પોતાના અસલ યાને ખરા સ્વરૂપમાં પ્રકાશી આપણને બતાવી આપશે કે, તે દરેકની પાછળ દરેકના સારભાવરૂપ **તેજ** એક **બ્રહ્મ** ઉભો છે, અને **તેજ** **એક** આપણો ખરો અંતરાત્મા છે.

६–ब्रह्म अने जगत*

અદ્વૈત વેદાંત સમજવામાં આ એક પ્રશ્ન બહુ કઠણ છે કે અનંત બ્રહ્મ અંતવાળું અને સીમાવાન કેવી રીતે બને છે? એ પ્રશ્નની જિજ્ઞાસા મનુષ્ય ચિરકાળ કર્યા કરે, અને આખું જીવન એનો ખુલાસો મેળવવા ગાળે, તોપણ આ પ્રશ્ન તો તેના અંતરમાં રમ્યાજ કરવાનો કે બ્રહ્મ જે અનંત અને અસીમ છે, તે અંતવાળું અને સીમાવાન કેવી રીતે બને છે? આજે એ પ્રશ્ન હું હાથમાં લઉં છું



અને તેને સ્પષ્ટ રીતે સમજાવવા માટે હું આ સામેની આકૃતિનો ઉપયોગ કરીશ. જુઓ, આ આકૃતિમાં **क** એ બ્રહ્મ છે, અને **ख** જગત છે. બ્રહ્મનુંજ જગતમાં રૂપાન્તર થયું છે. આ ઠેકાણે જગતનો અર્થ કેવળ જડ અથવા સ્થૂળ જગતજ નથી સમજવાનો, પણ માનસિક અથવા સૂક્ષ્મ તેમજ આધ્યાત્મિક જગત પણ સમજવાનો છે. સ્વર્ગ, નરક અને ટુંકમાં જે જે કંઇ છે તે તે તમામ અસ્તિત્વનો સમાવેશ જગત શબ્દની અંદર થઇ જાય છે. મન એ એક જાતનું રૂપાંતર અથવા પરિણામનું નામ છે, અને શરીર બીજા પરિણામનું નામ છે. આ **क** કહેતાં બ્રહ્મતત્ત્વ **ग** એટલે કાળ દેશ અને નિમિત્તમાં થઇને આવતાં **ख** કહેતાં જગતમાં રૂપાતર પામ્યું છે અદ્વૈતવાદનો આ તો એક મુખ્ય આદર્શ છે, માનો તેનું મુખ્ય અંગ છે. કાળ, દેશ અને નિમિત્તની ત્રિપુટિ અરીસા જેવાં છે. તેની ઉપરની બાજુએ જોઇએ છીએ ત્યારે આપણને બ્રહ્મ જણાય છે, અને નીચેની બાજુએથી જોઇએ છીએ ત્યારે એજ બ્રહ્મ જગતરૂપે જણાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે, જ્યાં બ્રહ્મ છે ત્યાં દેશ, કાળ, નિમિત્ત કંઇજ નથી. કાળનું અસ્તિત્વ ત્યાં સંભવતું નથી; કેમકે ત્યાં મન તેમ વિચાર પણ નથી. દેશનો ત્યાં સંભવ

---

* લંડનમાં આપેલું વ્યાખ્યાન

નથી; કેમકે ત્યાં કોઇ પ્રકારનું બાહ્યરૂપાંતર યા પરિણામ નથી. જેને તમે ગતિ અને કાર્યકારણભાવ કહો છો તે નિમિત્ત પણ ત્યાં સંભવિત નથી, કેમકે ત્યાં કેવળ એકજ સત્તા વિરાજમાન છે. આપણે આ બરાબર સમજવાનું છે અને મનમાં ઠસાવવાનું છે કે, જેને આપણે કાર્ય-કારણભાવ અથવા નિમિત્ત કહીએ છીએ તે, પ્રપંચરૂપમાં યાને જગતરૂપમાં બ્રહ્મની અવનતિ (એમ કહેવામાં વાંધો ન હોય તો) થયા પછીજ શરૂ થાય છે અને નહિ કે પહેલાં. આપણી ઇચ્છા, વાસના ઇત્યાદિ પણ તે પછીજ શરૂ થાય છે. વેદાંતને સમજતાં શોપનહોરે અહીંજ ગોથું ખાધું લાગે છે, કેમકે તે ઇચ્છાનેજ સર્વસ્વ કરી સ્થાપવાનો પ્રયત્ન કરે છે. બ્રહ્મને સ્થાને તે આ 'ઇચ્છાશક્તિ'નેજ ગોઠવી દે છે. પરંતુ ઇચ્છાશક્તિને બ્રહ્મતરીકે ઓળખાવી શકાયજ નહિ. કેમકે ઇચ્છા એ જગત-પ્રપંચની અંતર્ગત વસ્તુ હોઈ પરિણામશીલ છે; અને બ્રહ્મમાં (ग કહેતાં દેશ, કાળ, નિમિત્તની ઉપર) તો કોઈ જાતની ગતિ કે પરિ-ણામનું અસ્તિત્વજ નથી. બાહ્ય તેમજ આંતર સર્વ પ્રકારની ગતિનો આરંભ गની નીચેજ થાય છે, અને એ આંતરિક ગતિનેજ વિચાર કહેવામાં આવે છે-અર્થાત્ गની ઉપર કોઈ જાતની ઇચ્છાજ હોતી નથી, અને તેથી 'ઇચ્છા' જગતના કારણરૂપ હોઇ શકતી નથી. આપણી વધારે નજીકની વસ્તુનો વિચાર કરતાં, આપણા શરીરની અંદર પણ આપણે જોઇએ છીએ કે, આપણી સઘળીજ શારીરિક ગતિ કંઇ ઇચ્છાપૂર્વક થતી નથી હોતી. દાખલાતરીકે હું આ ખુરસી ખસેડું છું; અહીં ખસેડવાનું નિમિત્ત 'ઇચ્છા' જરૂર છે, અને એ ઇચ્છા સ્નાયુની ગતિરૂપ બીજે છેડે વ્યક્ત પણ થાય છે; પણ જે શક્તિ ખુરસીને ગતિ આપે છે, તેજ શક્તિ હૃદય, ફેફસાં વગેરેને ગતિ આપતી હોવા છતાં તે ગતિ ઇચ્છાના ફળરૂપ નથી હોતી. હવે એ શક્તિ એકજ છે, એમ નિર્વિવાદ સ્વીકારી લેતાં એવું ઠરે છે કે, જ્યારે તે શક્તિ મનુષ્યની જ્ઞાનની ભૂમિકાપર આરોહણ કરે છે-અર્થાત્ મનુષ્યને તેનું ભાન હોય છે, ત્યારે તે 'ઇચ્છા'રૂપે ઓળખાય છે; બાકી તે પૂર્વે એટલે કે જ્ઞાનની ભૂમિકાને પ્રાપ્ત થતાં પહેલાં તેને 'ઇચ્છા'નું નામ આપવું એ કેવળ ખોટું ને ભ્રાન્તિજનક છે. એથી કરીનેજ શોપનહોરના તત્ત્વજ્ઞાનમાં ભારે ગોટાળો ને ગુંચવણ ઉભા થવા પામી છે.

એક પથ્થર પડે છે અને આપણે પૂછીએ છીએ કે, તે શાથી પડયો? હવે ખરું પૂછાવો તો કારણ વગર કોઈ કાર્ય બનતું નથી એવું માનતા હોઇએ તોજ આવો પ્રશ્ન સંભવે. આ વાત બહુ સ્પષ્ટ રીતે પોતપોતાના મનમાં સમજી લેવાની હું તમને વિનતિ કરું છું. કારણ કે જ્યારે જ્યારે આપણે પૂછીએ છીએ કે, અમુક

શાથી થયું ? ત્યારે ત્યારે આપણે એ સિદ્ધાંતનો સ્વીકાર કરી લઇએ છીએ કે જે જે કંઈ બને છે તે તે દરેકનું 'શા માટે' કહેતાં કારણ હોવુંજ જોઇએ; એટલે કે તે દરેકની પહેલાં અન્ય કશું થયેલું હોવુંજ જોઇએ કે જે ચાલુ ઘટનાનું નિમિત્ત બન્યું. આ પૂર્વ-વર્તિતા અને અનુવર્તિતાનેજ નિમિત્ત અથવા કાર્યકારણભાવ કહેવામાં આવે છે. એનો અર્થ એવો થાય છે કે, આપણે જે જે કંઈ જોઇએ છીએ, સાંભળીએ છીએ કિંવા અનુભવીએ છીએ–ટુંકમાં જગતની સઘળી ઘટના વારાફરતી એક વાર કાર્ય અને બીજી વાર કારણ હોય છે અને તે પોતે પૂર્વે થઈ ગયેલી કોઈ ઘટના-ઓનું ફળ અથવા કાર્ય હોય છે. આનેજ નિમિત્ત અથવા કાર્ય-કારણના નિયમ કહેવામાં આવે છે, અને તે અમારી પ્રત્યેક વિચારસરણીનું એક આવશ્યક અંગ છે–અમારી પ્રત્યેક ધારણા-ની તે એક આવશ્યક શરત છે. અમે વિશ્વાસપૂર્વક માનીએ છીએ કે, જગતનું પ્રત્યેક પરમાણું જગતની ઈતર સકળ વસ્તુઓ સાથે–પછી તે ગમે તે કાં ન હોય–કોઇ ને કોઈ પણ જાતનો સંબંધ અવશ્ય ધરાવે છે. અમારી આ ધારણા કેવી રીતે ઉત્પન્ન થવા પામી, તેના ઉપર ભારે વાદવિવાદ ચાલ્યા છે. યૂરોપમાં અનેક અંતર્વાદી દાર્શનિકો થઈ ગયા છે, જેઓનું માનવું છે કે, એ ધારણા મનુષ્યની સ્વભાવગત છે. બીજાઓ વળી માને છે કે, તે અનુભવદ્વારા ઉત્પન્ન થવા પામી; પરંતુ એ વાતનો ચોક્કસ નિર્ણય હજી થયો નથી. વેદાંતનું એ બાબતપર શું કહેવું છે તે આપણે આગળપર જોઈશું; પણ સૌથી પ્રથમ આપણે આ યાદ રાખવું જોઇએ છે કે, 'શામાટે' એવો પ્રશ્ન પૂછવાનો અર્થજ એ થાય છે કે, આપણી આજુબાજુ ચોમેર જે જે કંઈ છે તે સર્વની પૂર્વે અન્ય ચોક્કસ બાબતો બની ગઈ છે અને તેમના પછી પણ અમુક બાબતો બીજી બનશે. એ પ્રશ્નમાં બીજી એક માન્યતા એવી રહેલી છે કે, જગતમાં કશુંજ સ્વતંત્ર નથી, યાને જગતના પ્રત્યેક પદાર્થ ઉપર તેની બહારના અન્ય કોઈ પદાર્થનું કાર્ય થાય છે–અર્થાત્ કે પરસ્પર આધાર એ સમસ્ત જગતનો કાનુન છે. તેથી "બ્રહ્મ શાથી ઉત્પન્ન થયું–અથવા તો બ્રહ્મના ઉપર કયી શક્તિએ કાર્ય કર્યું ?" એવો સવાલ પૂછવામાં કેવી ગંભીર ભૂલ થાય છે ! એ સવાલનો અર્થજ એવો થાય કે બ્રહ્મતત્ત્વ પણ કશાથી બંધા-યલું છે, અને તે પણ કશાપર આધાર રાખે છે; અને એમ કરવામાં નિરપેક્ષ બ્રહ્મસત્તાને આપણે જગતની સપાટીપર ઘસડી લાવીએ છીએ, યાને એ નિરપેક્ષ બ્રહ્મસત્તાને પણ આપણે જગતની કોટીની ગણીએ છીએ. પરંતુ વસ્તુતઃ તો પૂર્વોક્ત આકૃતિમાંની ઉપલી રેખા ઉપર દેશ–કાળ–નિમિત્ત જેવી કોઈ સત્તાજ નથી. ત્યાં તો માત્ર

એ **एकमेवाद्वितीयं ब्रह्म**જ છે. જે કેવળ નિજના અસ્તિત્વમાંજ નિજ પ્રકાશી રહ્યો છે, જે કેવળ માત્ર એક છે-એકમ્-અદ્વિતીયમ્ છે, તેનું કોઈ નિમિત્ત યા કારણ હોઈ શકેજ નહિ. જે સ્વભાવેજ મુક્ત છે, સ્વતંત્ર છે, તેનું કોઈ કારણજ ન સંભવે. કેમકે નહિ તો તે મુક્ત ને અસીમ નહિ પણ બદ્ધ ને સસીમ હોય. જેની અંદર સાપેક્ષપણું યાને પરસ્પર સંબંધ હોવાપણું હોય છે, તે પણ મુક્ત સ્વભાવવાળું હોઈ શકતું નથી. એટલે આપણે જોઈએ છીએ કે, અનંત તત્ત્વ સાંત કેમ બન્યું એ સવાલજ ખુદ સ્વવિરોધી અને ભ્રાંતિમૂલક હોઈ અશક્ય છે.

હવે આ બધા સૂક્ષ્મ વિચારોને બાજુએ રાખી આપણે આ વિષયનો વિચાર કરીશું ધારો કે, આપણે એ રહસ્ય જાણી લીધું કે બ્રહ્મતત્ત્વ જગતમાં કેવી રીતે રૂપાંતર પામ્યું ? અનંત સત્તા કેવી રીતે સાંત બની ? તો પછી બ્રહ્મ શું બ્રહ્મતરીકેજ કાયમ રહેશે યાને અનંત અનંતરૂપજ રહેશે ? ના. તેમ થતાંજ અનંત સાંત બની જાય છે, નિરપેક્ષ સત્તા સાપેક્ષ બની જાય છે. સામાન્ય રીતે આપણી દુનિયાદારીની ભાષામાં આપણે જ્ઞાન તેનેજ કહીએ છીએ કે જે આપણા મનનો વિષય બને છે-અર્થાત્ જે કંઇ આપણા મનની સીમામાં પૂરાય છે. મનની સીમામાં આવતી વસ્તુનેજ આપણે જાણી શકીએ છીએ. જ્યાંલગી તે આપણા મનથી અતીત છે યાને મનની બહાર છે, ત્યાંલગી તેનું જ્ઞાન થયું નથી કહેવાતું, ત્યાંલગી આપણે તેને જાણી નથી શકતા. હવે જો અનંત બ્રહ્મ મનની સીમામાં પૂરાય તો પછી તે અનંત બ્રહ્મ રહી શકેજ નહિ; કારણ કે તે બદ્ધ અને સાંત બન્યું છે. મનની સીમામાં પૂરાતી પ્રત્યેક વસ્તુ સાંત હોય છે. તેથી 'બ્રહ્મતત્ત્વને જાણવું' એ વચનજ સ્વવિરોધી છે. આમ હોવાને લીધેજ આ પ્રશ્નનો ઉત્તર અદ્યાપિ આપી શકાયો નથી. ઉત્તર અપાય તો પછી તે અનંત બ્રહ્મજ રહી શકે નહિ. ઈશ્વર જ્ઞાત વસ્તુ બનતાંજ તેનું ઈશ્વરત્વ રહેતું નથી, કેમકે પછી તો તે આપણી માફક એક સાંત વ્યક્તિ બની જાય છે; તેમાં કંઈ વિશેષતા રહેવા પામતી નથી. તે કહેતાં ઈશ્વર કદાપિ જ્ઞેય નથી; તે હરહમેશ અજ્ઞેય એક છે, આ એક મહાન સત્ય તમારે શીખવાનું છે. તથાપિ એવા ખ્યાલ સાથે તમારે ઘેર પાછા નથી ફરવાનું કે ઈશ્વર અજ્ઞેયવાદીઓ કહે છે તે અર્થમાં અજ્ઞેય છે. દાખલાતરીકે, આ એક ખુરશી છે. તે આપણને જ્ઞાત વસ્તુ છે. પરંતુ ઈથર અથવા આકાશતત્ત્વની પાર શું આવેલું છે તથા ત્યાં મનુષ્ય વગેરેની વસ્તી છે કે કેમ ? એ સંભવતઃ અજ્ઞેય છે; પણ આ અર્થમાં ઈશ્વર કદાપિ જ્ઞેય અગર અજ્ઞેય નથી. ઈશ્વર, જેને આપણે 'જ્ઞાત' કહી ઓળખીએ છીએ તેના કરતાં વધારે ઉંચા

દરજ્જાનો છે. એટલોજ અર્થ ઈશ્વરને અજ્ઞાત અને અજ્ઞેય કહેવાનો થાય છે. અને નહિ કે લોકો કોઈ કોઈ પ્રશ્નને અજ્ઞાત અને અજ્ઞેય કહી ઓળખાવે છે તે અર્થમાં. ઈશ્વર જ્ઞાત કરતાં કંઈક વિશેષ છે. આ ખુરશી જ્ઞાત વસ્તુ છે, પણ ઈશ્વર તેના કરતાં અધિક અંશે જ્ઞાત છે, કેમકે આપણે તે ખુરશીને તેની અંદર અને તેના દ્વારાજ જાણવાની રહે છે. તે સાક્ષી છે–જ્ઞાનમાત્રનો તે અનંત સાક્ષી છે. આપણે જે જે કંઈ જાણીએ છીએ, તે આપણે તેની ભીતર અને તેના દ્વારાજ જાણવાનું હોય છે. તેજ આપણા આત્માની સાર-સત્તા છે. આ 'અહમ્' કહેતાં 'હું'નો સાર પણ તેજ છે. એ 'હું'ને પ્રથમ જાણ્યા વગર અને તેના માધ્યમ વગર આપણે કશું જાણી શકીએજ નહિ. સારાંશ કે, સર્વ કંઈ આપણે બ્રહ્મની અંદરજ યાને બ્રહ્મને પ્રથમ જાણ્યા બાદ તેના દ્વારાજ જાણવાનું છે. તેથી ખુરશી જ્ઞાત કરવાને માટે પણ તમારે તેને બ્રહ્મની અંદર અને બ્રહ્મના દ્વારાજ પીછાનવાની છે. આ રીતે ઈશ્વર અથવા બ્રહ્મ ખુરશી કરતાં અનંતગણો આપણી વધારે નિકટ છે; તથાપિ તે આપણા કરતાં અનેકગણો ઉચ્ચ છે. 'જ્ઞેય' નહિ તેમ 'અજ્ઞેય' પણ નહિ, કિંતુ એ બન્ને સ્થિતિ કરતાં કઈક વધારે ઉંચો. તે તમે પોતેજ યાને તમારૂં પોતાનું આત્મસ્વરૂપ છે. એ એક સચ્ચિદાનંદસ્વરૂપ જો જગતના અણુએ અણુમાં ભરપૂર વસ્યું ન હોય, તો જગતની અંદર કોનાથી એક ક્ષણવાર પણ જીવી શકાય? કોનાથી એક દમ પણ લઈ શકાય? એની અંદર અને એના દ્વારાજ આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરીએ છીએ અને એની અંદર અને એના દ્વારાજ આપણું અસ્તિત્વ છે. એવું નથી કે, તે એક બાજુએ ઉભો રહ્યો છે અને ત્યાં ઉભો ઉભો મારૂં રુધિરાભિસરણ ચલાવે છે. તાત્પર્ય કે, તે આ સકળ અસ્તિત્વનો સાર છે; મારા આત્માનો આત્મા છે. તમે કોઈ પણ રીતે એમ કહી શકશોજ નહિ કે, તમે તેને જાણો છો; કેમકે એથી તો તેની મહત્તા ઘટે. તમે તમારી પોતાની જાતમાંથી કૂદીને બહાર આવી શકતા નથી, તેથી તમે તેને જાણી શકતા પણ નથી. જ્ઞાન એટલે વિષયીકરણ એટલે કે કોઈ બાબતને બહાર લાવી વિષય કહેતાં જ્ઞેય વસ્તુની માફક તેનુ પ્રત્યક્ષીકરણ (સાક્ષાત્કાર)કરવું તે. દાખલાતરીકે, સ્મરણકાર્યમાં તમે અનેક બાબતોને વિષયીકૃત કરો છો અને જાણે તમારી પોતાની અંદરથી તેમને બહાર કાઢો છો. બધીજ સ્મૃતિ યાને જે જે મેં જોયું છે અને જે જે હું જાણું છું તે તે તમામ મારા મનની અંદર સ્થિત છે. એ બધી બાબતોની છબી અથવા છાપ મારા મનની અંદર રહી હોય છે; અને જ્યારે હું તેમનો વિચાર કરવા ઈચ્છું અથવા તેમને જાણવા માગું, ત્યારે સૌથી પ્રથમ મારે તે છબી અથવા છાપને બહાર કાઢવાનું પ્રાપ્ત થશે. જ્ઞાનની

એ સૌથી પ્રથમ ક્રિયા છે. ઈશ્વરના સંબંધમાં તેમ થઈ શકતું નથી, કારણકે તે આપણા આત્માનો સાર છે યાને આત્માના પણ આત્મા-સ્વરૂપ છે, અને તેથી તેને આપણે બહાર કાઢી શકીએ તેમ નથી. છાંદોગ્ય ઉપનિષદમાં એક અત્યંત અર્થપૂર્ણ ફકરો છે કે **सय एषोऽनिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो।** એનો અર્થ એવો થાય છે કે "એ સૂક્ષ્મ સ્વરૂપ જગત-કારણ સકળ વસ્તુનો આત્મા છે, તે સત્ય સ્વરૂપ છે, હે શ્વેતકેતો! તું **તેજ છે.** આ '**તત્ત્વમસિ**' વાક્યને વેદાંતની અંદર પવિત્રમાં પવિત્ર મહાવાકય કહેવામાં આવ્યું છે, અને ઉપર ઉતારેલા ફકરા-દ્વારા 'તત્ત્વમસિ'નો પ્રકૃત અર્થ એજ કે 'તે ઓળખવો'–તુંજ તે છે. આ સિવાય બીજી કોઈ પણ રીતે તમે તેને વર્ણવી શકોજ નહિ. પિતા, માતા, ભ્રાતા કિંવા પ્રિયતમ પરમમિત્ર કહી ઈશ્વરને ઓળખાવવાના ભાષાના બધાજ પ્રયત્નો, તેને વિષયીકૃત બનાવવાના યાને તેને બહાર લાવીને નજરે જોવાના પ્રયત્નો છે, પણ તેમ કદીજ બની શકતું નથી. વસ્તુમાત્રનો તે અનંત વિષયી યાને દ્રષ્ટા છે. જેવી રીતે હું આ ખુરશી જોઉં છું, હું જેમ ખુરશીનો દ્રષ્ટા અથવા વિષયી છું, તેવી રીતે અને તેમ ઈશ્વર મારા આત્માનો નિત્યવિષયી, નિત્યજ્ઞાતા અને નિત્યદ્રષ્ટા છે. તો પછી તમે તેને–તમારા આત્માના અંતરાત્માને–સકળ વસ્તુના સારને–તે કેવી રીતે વિષયીકૃત બનાવી શકો યાને બહાર કાઢી દેખી શકો? તેથી તમારી આગળ હું ફરી વાર કહું છું કે, ઈશ્વર જ્ઞેય નથી તેમ અજ્ઞેય પણ નથી; પરંતુ એ બન્ને કરતાં કંઈ અનંતગણો અધિક છે. તે આપણી સાથે એકરૂપ છે યાને અભેદ છે; અને જે આપણી પોતાની સાથે અભેદ છે તે કદાપિ આપણને જ્ઞેય કિંવા અજ્ઞેય હોતો નથી જેમ-કે પોતાનો આત્મા. આપણો આત્મા જ્ઞેય પણ ન કહેવાય તેમ અજ્ઞેય પણ ન કહેવાય. તમે તમારા આત્માને જાણી શકતા નથી, કેમકે તમે તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડી શકતા નથી અથવા તેને 'વિષય' બનાવી દૃષ્ટિગોચર કરી શકતા નથી–અને તમે તેમ કરી પણ શી રીતે શકો? કારણ તમે પોતેજ તે છો, તમે પોતાને તેનાથી અલગજ પાડી શકતા નથી. વળી તે છેક અજ્ઞેય પણ ન કહેવાય, કારણ કે અજ્ઞેય કહેવા જતાં પણ તેને 'વિષય'રૂપ તો બનાવવોજ પડે અને આપણે આગળ જોઈ ગયા કે, તેમ થવું અ-શક્ય છે. વળી તમારી પોતાની જાત કરતાં વધારે પરિચિત તમને શું હોય? વસ્તુતઃ તો એજ આપણા જ્ઞાનનું કેંદ્રસ્વરૂપ છે. બરાબર એજ અર્થમાં કહી શકાય કે, ઈશ્વર અજ્ઞેય નથી તેમ જ્ઞાત પણ નથી, પરંતુ તે બન્ને કરતાં તે અનંતગણી ઉચ્ચ કોટિનો છે, કારણ કે તે આપણા આત્માના અંતરાત્મા સારરૂપ પ્રકૃત આત્મા છે.

અતએવ, આપણે જોઇએ છીએ કે, પ્રથમ તો "બ્રહ્મ સત્તાનું કારણ શું" એ પ્રશ્નજ સ્વવિરોધી છે, અને બીજું એ કે, અદ્વૈતવાદની અંદર ઈશ્વરની ધારણા આ એકત્વજ છે તેથી આપણે તેને આપણો વિષય કરી શકતા નથી; કેમકે આપણને ખબર હોય કે ન હોય તોપણ આપણે સદા સર્વદા તેનામાંજ જીવીએ છીએ અને તેનામાંજ રહીને સઘળી ગતિ કરીએ છીએ. આપણે જે કંઇ કરીએ છીએ તે પણ તેનામાં રહીનેજ કરીએ છીએ. હવે સવાલ એ રહે છે કે, આ દેશ, કાળ અને કારણ અથવા નિમિત્ત)ની ત્રિપુટિ શું છે? અદ્વૈત એટલે દ્વૈતનો અભાવ–બે વસ્તુ નહિ પણ એક; તથાપિ વળી એમ કહેવાય છે કે, એ અનંત એક બ્રહ્મ, દેશ–કાળ–કારણના આવરણથીજ અનેકરૂપે થાય છે–દેખાય છે. એ ઉપરથી વળી એમ લાગે છે કે, બે વસ્તુ છે–એક તો એ અનંત બ્રહ્મ અને બીજી વસ્તુ તે દેશ–કાળ–કારણના સરવાળારૂપ માયા. એ મુજબ દેખીતી રીતે તો આપણને એમજ ખાત્રીપૂર્વક લાગે છે કે, બે વસ્તુઓ છે; પરંતુ એના ઉત્તરમાં અદ્વૈતવાદી જણાવે છે કે બે જણાવા છતાં વસ્તુતઃ તે બે નથી, પણ એકજ વસ્તુ છે. કારણ કે જો ખરેખર તે બેજ હોય તો બ્રહ્મની માફક જેના ઉપર કોઈ નિમિત્તનું કાંઇ ચાલી શકે નહિ એવાં બે સ્વતંત્ર અસ્તિત્વો હોવાં જોઇએ, પણ તેમ નથી. પ્રથમ તો 'દેશ–કાળ–કારણ'ને સ્વતંત્ર અસ્તિત્વ કહી શકાયજ નહિ. કાળ એ બિલકુલ પરાધીન વસ્તુ છે, કેમકે આપણા મનની અવસ્થા બદલાવા સાથે તે પણ બદલાય છે. દાખલાતરીકે, કોઈ કોઇવાર સ્વપ્નમાં જણાય છે કે આપણે જાણે કેટલાંય વર્ષ પસાર કર્યાં, ત્યારે વળી બીજી કોઈ વાર એમ લાગે છે કે કેટલાય માસ એક ઘડીતરીકે પસાર થઈ ગયા–અર્થાત્ 'કાળ' એ બિલકુલ આપણા મનની અવસ્થા ઉપર નિર્ભર છે. બીજું કાળનું ભાન કેટલીક વાર બિલકુલ નષ્ટ થઈ જાય છે, તો કેટલીક વાર વળી આવે છે. 'દેશ'નો પ્રકાર પણ તેવોજ છે. દેશનું સ્વરૂપ આપણે જાણી શકતા નથી, તથાપિ તે છે તો ખરો. તેની ચોક્કસ વ્યાખ્યા કરવી અશક્ય છે, છતાં પણ તે છે એની તો ના પડાય તેમ નથી. પણ બીજી વસ્તુઓથી અલગ થતાં તેનું અસ્તિત્વ રહેવા પામતું નથી. 'નિમિત્ત' અથવા કાર્યકારણભાવ વિષે પણ તેવુંજ છે.

'દેશ–કાળ–કારણ'ની અંદર એક ખાસ લક્ષણ આપણને એ જણાય છે કે, કોઈ પદાર્થથી છૂટા પડતાં તેમનું અસ્તિત્વ રહેવા પામતું નથી. એવા કોઈ શુદ્ધ દેશનો વિચાર કરવાનો પ્રયત્ન કરો કે જેને રંગ ન હોય, હદ ન હોય કે આજુબાજાની કોઇ પણ વસ્તુઓ સાથે કોઈ પણ જાતનો સંબંધ ન હોય. એવા શુદ્ધ દેશનો તમે વિચારજ નહિ કરી શકો, એની કલ્પનાસરખી તમને નહિ આવે.

દેશ અથવા સ્થળનો વિચાર કરતી વખતે 'અમુક બે સીમા વચ્ચેનો કિંવા અમુક ત્રણ વસ્તુઓ વચ્ચેનો' એમ કરીનેજ તમારે વિચાર કરવો પડશે-અર્થાત્ દેશના અસ્તિત્વ માટે આપણે તેને બીજી કોઈ વસ્તુ સાથે સાંકળવોજ પડશે, તેમ કર્યા વગર તેનો ખ્યાલજ નહિ આવે. તેવીજ રીતે કાળની બાબતમાં પણ સમજવાનું છે. શુદ્ધ કાળનો તમને ખ્યાલજ નહિ આવે. તેનો ખ્યાલ આવવા માટે તમારે આગલી તથા પાછલી એમ બે ઘટનાઓ સાથે તેને જોડવો જોઇશે-અર્થાત્ 'દેશ' જેમ બહારની બે વસ્તુઓપર આધાર રાખે છે, તેમ 'કાળ' બે ઘટનાઓ ઉપર આધાર રાખે છે. અને 'નિમિત્ત' અથવા 'કાર્યકારણભાવ'-એ તો કાળ અને દેશથી અભિન્ન છે, એની ધારણા દેશ-કાળ ઉપરજ નિર્ભર છે. ત્યારે દેશ-કાળ-કારણની ખાસ વિલક્ષણતા આજ છે કે, તેમનું સ્વતંત્ર એવું કોઇજ અસ્તિત્વ નથી-ખુરશી અને દિવાલને જેવું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે તેવું પણ નહિ. બહુ બહુ તો તેમને પ્રત્યેક પદાર્થની આસપાસની પકડી ન શકાય તેવી છાયામાત્ર કહી શકાય. તેમનું ખરૂં અસ્તિત્વજ નથી, છતાં પણ તેઓ છેક અસત્ પણ ન કહેવાય. કેમકે એમના દ્વારાજ યાને એમાં થઇનેજ જગતનો આવિર્ભાવ થાય છે. એ 'દેશ-કાળ-કારણ'ની ત્રિપુટિજ જગતની વિવિધ વસ્તુઓને વ્યક્ત કરે છે. આ રીતે ત્યારે આપણે જોઇએ છીએ કે, દેશ-કાળ-નિમિત્તની આ સમષ્ટિ સત્ પણ નથી, તેમ અસત્ પણ નથી. બાજુ કે, કોઈ કોઈ વાર તો તે અદશ્ય પણ થઇ જાય છે. દાખલાતરીકે આપણે સમુદ્રના તરંગને લઇએ. તરંગ અને સમુદ્ર ખરી રીતે જોતાં તો એકજ છે, અભેદ વસ્તુ છે; છતાં પણ 'તરંગ' એમ કહી આપણે તેને સમુદ્રથી જૂદું પાડવા જઇએ છીએ યાને સમુદ્રથી જૂદે ભાવે તેને ઓળખીએ છીએ. હવે આ ફરક અથવા ભેદ શાથી ઉત્પન્ન થયો વારૂ? ઉત્તર એજ કે નામ અને રૂપથી. નામ અને રૂપને લઇનેજ 'તરંગ' સમુદ્રથી અભિન્ન હોવા છતાં પણ આપણને જૂદા અસ્તિત્વ જેવું લાગે છે. હવે કહો જોઇએ, તરંગના રૂપનો આપણે સમુદ્રથી પૃથક્ભાવે વિચાર કરી શકીશું ખરા? સમુદ્રથી છૂટું પાડતાં તરંગ જેવું કંઇ રહેશે ખરૂં? ખચિતજ નહિ-અર્થાત્ તરંગની ધારણા હમેશાં સમુદ્રની ધારણા ઉપરજ આધાર રાખે છે. તરંગ શમી જતાંજ એના રૂપનો પણ નાશ થઇ જાય છે; છતાં એ રૂપ છેક ભ્રમ હતો એમ પણ નહોતું. જ્યાંસુધી તરંગની હયાતિ હતી, ત્યાંસુધી તેનું રૂપ પણ હતુંજ અને તે તમને દેખાયાવગર રહેતું પણ નહિ. આજ માયા છે.

અતએવ, આ સમગ્ર જગત જાણે એ એક બ્રહ્મનું વિશેષ રૂપ છે. અનંત બ્રહ્મ જાણે મહાસાગર છે અને તમે, હું, બીજા

જીવો, સૂર્ય, ચંદ્ર, તારા અને ઇતર સર્વ કંઇ એ મહાસાગરના તરંગો છે. એ તરંગોને તેના આવિષ્કારથી કોણ છૂટાં પાડે છે? માત્ર રૂપ. એ રૂપ તે દેશ-કાળ-કારણ, અને આ દેશ-કાળ-કારણ તરંગ ઉપર આધાર રાખે છે-એટલે કે, તરંગ નષ્ટ થતાંજ દેશ-કાળ-કારણ નાશ પામે છે અને રૂપ પણ અદૃશ્ય થઇ જાય છે. એજ પ્રમાણે કોઈ શખ્સ જયારે માયાનો ત્યાગ કરી શકે છે, ત્યારે તે લાગલી તેને માટે નષ્ટ થઇ જાય છે, યાને તેનું દેશ-કાળ-કારણનું આવરણ દૂર થઇ જાય છે અને તે મુકતાત્મા બને છે. જગતમાં જણાતી આ બધી ખટપટ અને માથાકૂટ આપણા મુકિતમાર્ગમાં નડતરરૂપ રહેલા દેશ-કાળ-કારણના પાશમાંથી છૂટવા માટેજ છે. અર્થાત્ દેશ-કાળ-કારણજ આપણા ઉન્નતિના માર્ગમાં હમેશાં અંતરાય ઉભો કરે છે, અને આપણે તેમના પંજામાંથી છૂટા થવાનોજ હમેશાં પ્રયત્ન કરીએ છીએ. વિદ્વાન લોકો ‘ક્રમ-વિકાસવાદ’ કહીને ઓળખાવે છે તે પણ શું છે? એનાં બે મુખ્ય અંગો કયાં છે? એક તો એ કે, કોઇએક મહાપ્રબળ ગૂઢ શકિત વ્યકત થવા યાને બહાર આવવા ચેષ્ટા કરે છે; અને બીજું એ કે, આસપાસની પરિસ્થિતિ તેને તેમ કરતાં અટકાવે છે. તેથી આ પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે એ શકિત વારંવાર દેહ બદલે છે. એક ક્ષુદ્રતમ કીટાણુમાં રહેલી તે શકિત આ ઉન્નતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં ને પ્રયત્નમાંજ નવો દેહ પ્રાપ્ત કરે છે અને તે દ્વારા કેટલાક અંતરાયોપર વિજય મેળવે છે. તે પછી વળી તે અન્ય નવો દેહ ધારણ કરે છે અને વધારે વિજય લાભ કરે છે, અને એમ કરતાં કરતાં છેવટે તે મનુષ્યદેહને પ્રાપ્ત થાય છે. હવે જો આ ખ્યાલને તેના સ્વાભાવિક અંતિમ બિંદુએ લઈ જઇએ, તો અવશ્ય સ્વીકારવું પડે કે, એક સમય એવો આવશે કે જયારે કીટાણુની અંદર રહેલી જે ગૂઢ શકિતએ મનુષ્યત્વ ધારણ કર્યું તેજ શકિત, પ્રકૃતિ તરફથી ઉભા થતા તમામ અંતરાયોપર વિજય મેળવશે, અને એ રીતે પોતાની આજુબાજુની તમામ પરિસ્થિતિમાંથી આબાદ છટકી જશે-અર્થાત્ મુકત થશે. આજ વિચારને દાર્શનિક ભાષામાં મૂકતાં આવી રીતે બોલાય કે:-પ્રત્યેક કાર્ય-માં બે અંશ હોય છે:-(૧) વિષયી અથવા દ્રષ્ટા કિંવા કર્તા; અને (૨) વિષય અથવા વસ્તુ કિંવા કર્મ; અને વિષય અથવા વસ્તુના પોતે વિષયી અથવા માલીક બનવું એજ માનવી જીવનનો એક-માત્ર ઉદ્દેશ હોય છે. ઉદાહરણતરીકે, કોઇ માણસ મારો તિરસ્કાર કરે, તો મને દુઃખની લાગણી થાય છે. અહીં પણ ઉપરોક્ત બે અંગ રહ્યાં છે. હવે, મારે શું કરવું? એજ કે, આખું જીવન મારે એવો પ્રયત્ન કરવો કે જેથી બહારની પરિસ્થિતિ ઉપર સંપૂર્ણ

આધિપત્ય મેળવી શકું, અને મારૂં મન એવું સબળ થવા પામે કે ફરીને કોઇ તિરસ્કાર કરે તોપણ મને કંઇ કષ્ટ ન થાય. એ રીતેજ આપણે બધાં પ્રકૃતિને જીતવાનો પ્રયાસ કરીએ છીએ. વળી નીતિનો અર્થ શો છે? એજ કે, બ્રહ્મની સાથે તાદાત્મ્ય સાધી 'વિષયી' કહેતાં નિજરૂપને બળવાન બનાવવું, કે જેથી શાંત પ્રકૃતિનો અમલ આપણા ઉપર ચાલતો બંધ પડે. તમારૂં ભૌતિક વિજ્ઞાન કિંબહુના ક્રમવિકાસવાદ કહે છે કે, મનુષ્યશરીર વખત જતાં સર્વ અવસ્થાને સહન કરવાજોગ સબળ બનશે એ વાત જો સત્ય હોય તો તો પછી અમારા દર્શનશાસ્ત્રનો આ સિદ્ધાંત કે-પ્રકૃતિ શાંત અથવા સસીમ છે તેથી એવો એક વખત આવશે કે જ્યારે આપણે સર્વ પ્રકારની અવસ્થા પર વિજય મેળવી શકીશું-તે અતૂટ યુક્તિ ઉપર સ્થાપિત થયેલો છે, એમજ કહેવું પડે.

એક નવી વાત અહીં શીખવાની છે કે, પ્રકૃતિ સસીમ-હદવાળી છે. પ્રકૃતિને હદ છે એવું શી રીતે જાણ્યું? દર્શનશાસ્ત્રદ્વારાજ તે જાણી શકાય. 'પ્રકૃતિ' એ અનંતનોજ સીમાબદ્ધ ભાવ છે અનંતનુંજ સીમાબદ્ધ સ્વરૂપ છે; તેથી તે સસીમ છે. માટે એવો એક સમય અવશ્ય આવવો જોઇએ કે જ્યારે આપણે બહારની તમામ પરિસ્થિતિઓપર જય મેળવ્યો હશે. આપણે તેમનાપર જય કેવી રીતે મેળવી શકીશું? તેમને જીતવાનો ઇલાજ શો? ખરૂં જોતાં આપણે બહારની વસ્તુઓ અગર સ્થિતિઓમાં ફેરફાર અથવા ઉથલપાથલ કરીને તેમના ઉપર જય નહિંજ મેળવી શકીએ. ના, તેમ બનશેજ નહિ. ત્યારે તે શી રીતે થાય? ધારો કે, એક નાની સરખી માછલી સમુદ્રમાંના પોતાના દુશ્મનોથી બચવાની ઇચ્છા ધરાવે છે. એ ઇચ્છા તે કેવી રીતે પાર પાડે છે? પાંખો મેળવીને-પક્ષી થઇ આકાશમાં ઉડીને. પોતાની ઇચ્છા પાર પાડવા સારૂ માછલીએ પાણીમાં કંઇ ફેરફાર ઉત્પન્ન ન કર્યો કે ન તો હવામાં; ફેરફાર માત્ર પોતાની જાતમાંજ કર્યો. ફેરફાર અથવા પરિવર્તન હમેશાં પોતાની જાતમાંજ હોય, પરિસ્થિતિમાં નહિ. ક્રમવિકાસવાદની અંદર પણ સર્વત્ર આપણે એજ જોઇએ છીએ કે, ક્રમવિકાસની એક એક ઘટનામાં પરિવર્તન પોતાની જાતમાંજ-નિજ રૂપમાં થઇ થઇનેજ પ્રકૃતિપર જય મેળવાય છે. એ તત્ત્વ ધર્મ અને નીતિને પણ લાગુ પાડો અને જુઓ તો જણાશે કે, એમાં પણ 'અશુભનો જય' પોતાના પંડમાં ફેરફાર સાધવાથીજ સધાયો છે. જયનો બધોજ આધાર 'નિજ' અથવા 'પોતાની' ઉપર રહેલો છે. એ 'નિજ'ની ઉપર ઝોક આપવામાંજ અદ્વૈતવાદની સઘળી શક્તિ રહેલી છે. 'અશુભ-દુઃખ' એવી એવી વાતો કરવામાં કંઇ માલ નથી, કેમકે તેઓ નિજની બહાર તો રહ્યાંજ નથી. નિજની બહાર તેમનું અસ્તિત્વજ નથી.

ક્રોધનાં કારણો વખતોવખત ઉપસ્થિત થતાં રહે, છતાં જો એવે પ્રસંગે પણ સ્થિરભાવે રહેવાનો મને મહાવરો પડી જાય, તો પછી થોડો પણ ક્રોધ મારામાં કદાપિ ઉત્પન્ન થવા ન પામે. એવીજ રીતે જો હું તિરસ્કારની સામે ટક્કર ઝીલવાની તાકાત કેળવું, તો તિરસ્કારની સહેજ પણ લાગણી મારામાં કદાપિ નહિ જણાય; કેમકે મારા જેવા તિરસ્કારની સામે ટક્કર ઝીલનારને તે અડી શકેજ નહિ.

આ રીતે ત્યારે મેં તમને પ્રકૃતિ પર વિજય મેળવવાની–પોતાની સંપૂર્ણતા સાધીને વિજય મેળવવાની ક્રિયા બતાવી. પરિણામે તમે જોઇ શકો છો કે, અદ્વૈતવાદજ એક એવો ધર્મ છે, કે જે આધુનિક વિજ્ઞાનની શોધોની સાથે બંધબેસતો આવે છે; એટલુંજ નહિ પણ કેટલીક બાબતમાં તેના કરતાં પણ આગળ જઇને ઉચ્ચતર ભૌતિક તેમજ નૈતિક સત્યો પ્રતિપાદન કરે છે અને તેથીજ તે આધુનિક વૈજ્ઞાનિકોને આટલો બધો ગમે છે. તેમને જણાય છે કે, તેમના જૂના દ્વૈતવાદી સિદ્ધાંતો તેમને માટે પૂરતા નથી. એથી તેમની જ્ઞાન માટેની ભૂખ ભાગતી નથી; પણ આ અદ્વૈતવાદથી તેમની જ્ઞાનની ભૂખ મટે છે. એકલા માનસિક વિશ્વાસથી માણસને નથી ચાલતું, પણ સાથે સાથે એવો બૌદ્ધિક વિશ્વાસ પણ હોવો જોઇએ, કે જેથી તેની જ્ઞાનવૃત્તિ ચરિતાર્થ થાય યાને સંતોષાય. આ ચાલુ શતાબ્દિમાં કહેવું કે, અમારાં ઘરડાં-વરડાંઓનો ધર્મજ એકમાત્ર સાચો છે, બીજે ઠેકાણે બીજા જે જે ધર્મો પ્રચારમાં આવ્યા છે, તે બધાજ મિથ્યા છે–એ કેવળ હાસ્યાસ્પદ છે. એવા ખ્યાલોને તો હવે તિલાંજલિ મળી જવી જોઇએ. એવી ધારણા અત્યારે પણ અનેક સ્થળે પ્રવર્તતી જોવામાં આવે છે. તે એટલુંજ બતાવે છે કે, હજી પણ આપણામાં બહુ દુર્બળતા રહી છે, અને તે આપણે શીઘ્ર દૂર કરવી ઘટે છે. મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે, એ દુર્બળતા એકલી આ તમારા ઇંગ્લૅંડ દેશમાંજ છે; ખરી રીતે તો સર્વત્ર છે અને મારા દેશ હિંદુસ્તાનમાં એનું જેટલું જોર છે તેટલું તો બીજે કયાંય નથી. આનું કારણ એ છે કે, અદ્વૈત ધર્મને ત્યાં સાધારણ જનસમુદાયમાં છૂટથી ફેલાવા દીધોજ નથી. શરૂઆતમાં તે તપસ્વીઓ અને યોગીઓની મિલ્કતરૂપ હતો અને તે લોકો તેને અરણ્યમાં લઇ ગયા–અર્થાત્ સંન્યાસીઓ અને યોગીઓ અરણ્યમાં રહીને ત્યાં તેની સાધના કરતા અને તેથીજ વેદાંતનું બીજું નામ 'આરણ્યક' એવું પડવા પામ્યું છે. તે પછી પ્રભુકૃપાથી બુદ્ધ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો. તેમણે જનસમુદાયમાં એનો પ્રચાર કર્યો અને આખો દેશ બૌદ્ધધર્માવલંબી બન્યો. પણ તે પછી લાંબે વખતે નાસ્તિકવાદીઓ અને અજ્ઞેયવાદીઓએ ફરી પાછો જાતિનો ધ્વંસ કરવા માંડ્યો. તે વખતે પણ હિંદુસ્તાનને ભયંકર જડવાદમાંથી બચાવવાનો રસ્તો માત્ર પણ

આ અદ્વૈત ધર્મમાંજ જ્ઞાનીઓને પ્રાપ્ત થયો–અર્થાત્ અદ્વૈત ધર્મનું શરણુ લઇનેજ જ્ઞાનીઓએ ભારતીય સમાજને બચાવ્યો.

આ રીતે અદ્વૈત ધર્મે બે વાર ભારતનું રક્ષણ કર્યું. બુદ્ધના પહેલાં જડવાદ મહાભયંકર પ્રમાણમાં ફેલાયો હતો. એની ભયંકરતા અત્યારના જડવાદની ભયંકરતાને તો ક્યાંયે ટપી જતી હતી, એના કરતાં બે ચંદરવા વધારે હતી પણ ઓછી નહિ. એક અર્થમાં જોવા જઇએ તો હું પણ જડવાદી છું, કેમકે હું માનું છું કે 'એકજ વસ્તુનું માત્ર અસ્તિત્વ છે.' જડવાદીઓ આપણી પાસે એજ મનાવવા મથે છે; તફાવત માત્ર એટલોજ કે, તેઓ એ એક વસ્તુને જડ કહી ઓળખાવે છે અને હું તેને 'બ્રહ્મ' અથવા ઈશ્વર કહું છું. જડવાદીઓ આ તો કબૂલ કરે છે કે, આ એક જડમાંથીજ આશા, ધર્મ વગેરે સર્વસ્વનો પ્રાદુર્ભાવ થયો છે. ત્યારે હું કહું છું કે, એ બધું 'બ્રહ્મ'-માંથી નીકળ્યું છે–અર્થાત્ મારી અને જડવાદીની વચ્ચે તફાવત જોવા જઇએ તો માત્ર શબ્દનોજ છે. એ 'જડ' કહે છે અને હું 'બ્રહ્મ' કહું છું. પરંતુ બુદ્ધ ભગવાનના પહેલાંનો જડવાદ કે જેની હું વાત કરૂં છું તે ચાર્વાક મતના સિદ્ધાંત બહુ વિપરીત હતા. તેઓ કહેતા કે 'ખાઓ, પીઓ અને ખુશ રહો; અમન ચમન કરવામાંજ જીંદગીનું સાર્થક છે. ઈશ્વર, આત્મા વા સ્વર્ગ એવું કંઇજ નથી; ધર્મ એ તો કેટલાક ધૂર્ત અને દુષ્ટ વૃત્તિવાળા પુરોહિતોની કલ્પના-માત્ર છે. **यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत्** યાને જીવો ત્યાંલગી સુખચેનમાં જીવો, કરજ કરીને પણ વિવિધ સ્વાદ-વાળું ખાઓપીઓ, કરજ ફેડવાની લપમાં પડવું નહિ–એ તો જાણે તેમનો દીક્ષામંત્ર હતો. આ જાતનો હડહડતો નાસ્તિકવાદ બુદ્ધદેવના પહેલાં પસરવા પામ્યો હતો અને તે એટલે દરજ્જે કે તેનું બીજું નામ 'લોકાયત દર્શન' યાને 'લોકપ્રિય તત્ત્વજ્ઞાન' એવું પડવા પામ્યું હતું. આજ પણ તે એ નામથી ઓળખાય છે. એવી સ્થિતિમાં બુદ્ધ ભગવાને આવીને વેદાંતને ફરી પ્રકાશમાં આણ્યો અને સર્વસાધારણ-માં વેદાંતનો પ્રચાર કરીને ભારતનું રક્ષણ કર્યું. બુદ્ધદેવના તિરોભાવ પછી હજાર વર્ષે ફરી પાછો નાસ્તિકવાદનો સપાટો ચાલ્યો અને દેશની દુર્દશા થવા માંડી. બૌદ્ધધર્મની વિશાળ ભાવનાને પરિણામે બ્રાહ્મણથી લઇને ચાંડાળ સુધીની સર્વ ભારત પ્રજા ઉપરાંત ભારતેતર અનેક જાતિઓ પણ બૌદ્ધમાર્ગી થવા લાગી. બૌદ્ધધર્મ ગ્રહણ કરવાથી અનેક નીચ જાતિના લોકો પણ સદાચારી થવા લાગ્યા. પરંતુ એ લોકોમાં પૂર્વના અનેક જાતના કુસંસ્કારો હતા, યાને દોરા-ધાગા, ભૂત–પ્રેત, મંત્ર–તંત્ર વગેરેમાં તેમનો પહેલાં વિશ્વાસ હતો. આમ છતાં શરૂઆતમાં બૌદ્ધ ધર્મના વધતા જતા પ્રભાવને લીધે એ બધા કુસંસ્કારો દબાઈ રહ્યા, પણ ધર્મનો પ્રભાવ કંઇક નરમ પડતાંજ તે

પાછા ફરી પ્રકાશમાં આવવા લાગ્યા અને પરિણામે બૌદ્ધધર્મની પડતી થવા લાગી. મૂળના શુદ્ધ બૌદ્ધ ધર્મમાં અનેક પ્રકારના વહેમો-નો ખીચડો થયો. હવે ભારતવર્ષના ગગનમાં ફરી પાછાં નાસ્તિકવાદનાં વાદળાં ઉભરાવા લાગ્યાં—ભણેલા અને સંસ્કારી લોકો યથેચ્છાચારી થયા અને અભણ ને અજ્ઞાન લોકો વહેમી બનતા ચાલ્યા. એવે સમયે ભગવાન શંકરાચાર્ય જન્મ્યા અને વેદાંતધર્મનો પુનરોદ્ધાર કર્યો. ઉપનિષદોની દલીલો અને વિચારસરણી જોઇએ તેવી સ્પષ્ટ નથી—અસ્ફુટ છે. પણ શંકરાચાર્યે વેદાંતને એક યુક્તિસંગત દર્શનનું રૂપ આપ્યું. એ યુક્તિસંગત વિચારસરણીથી ભરેલા વેદાંતનોજ તેમણે પ્રચાર કર્યો. બુદ્ધદેવે ઉપનિષદ્‌ના નીતિભાગ ઉપર ખૂબ ઝોક આપ્યો હતો, ત્યારે શ્રીશંકરાચાર્યે તેના જ્ઞાનભાગપર વિશેષ ઝોક આપ્યો છે. તેઓશ્રીએ ઉપનિષદ્‌નાજ સિદ્ધાંતોને યુક્તિ અને તર્કદ્વારા પ્રમાણિત કરીને એક અખંડિત પ્રણાલીતરીકે લોકો આગળ મૂકયા. એ અદ્‌ભુત પ્રણાલી તે આજનો અદ્વૈતવાદ.

યૂરોપની અત્યારે એજ દશા છે—નાસ્તિકવાદનું સામ્રાજ્ય જામ્યું છે. આ આધુનિક નાસ્તિકગણોની મુક્તિ માટે, તમે આખું જગત મળીને તેમને પ્રાર્થના કરો કે, નાસ્તિકતાને ત્યાગી પ્રભુપર વિશ્વાસ કરો, કિંતુ તે વાતનો તેઓ સ્વીકાર નહિ કરે. તેઓ તો વિશ્વાસ મૂકતાં પહેલાં સયુક્તિક પ્રમાણની અપેક્ષા ધરે છે. યૂરોપનો ઉદ્ધાર યુક્તિસંગત ધર્મ ઉપર આધાર રાખે છે; અને નિર્ગુણ બ્રહ્મના ભાવવાળો આ અદ્વૈત એ એકજ એવો ધર્મ છે કે જેનો પ્રભાવ બુદ્ધિશાળીઓના મનપર પડે. જયારે જયારે ધર્મની ગ્લાનિ થતી અને અધર્મની અભિવૃદ્ધિ થતી જણાય છે, ત્યારે ત્યારે અદ્વૈતનો આવિર્ભાવ થાય છે. આ કારણથીજ યૂરોપ-અમેરિકામાં અદ્વૈતનો પ્રવેશ થઈ તેનાં મૂળ જામવા માંડયાં છે.

આ અદ્વૈત તત્ત્વજ્ઞાનના સંબંધમાં હું એક વાત વધારે કહીશ. જૂનાં ઉપનિષદોમાં ઉંચા પ્રકારનું કાવ્ય આપણને મળી આવે છે; એ બધાં ઉપનિષદોના રચનાર ઋષિઓ મહાકવિ હતા. પ્લેટો કહે છે કે "ઈશ્વરી પ્રેરણા તેમજ જગતનાં અલૌકિક સત્યો કાવ્ય-દ્વારાજ પ્રકાશમાં આવે છે." ઉપનિષદ્‌નાં સત્યોના દ્રષ્ટા ઋષિઓને કાવ્યદ્વારા ઉંચામાં ઉંચાં સત્યો જગતને આપવા વિધાતાએ જાણે સાધારણ લોકો કરતાં બહુ ઉચ્ચ પદ પર મૂકયા હતા યાને કવિતરીકેજ જન્માવ્યા હતા. એ દ્રષ્ટાઓ કદી ઉપદેશ નહોતા કરતા કે તત્ત્વજ્ઞાનની વાતો પણ નહોતા કરતા કે લખતા પણ નહોતા, પરંતુ તેમના હૃદયમાં એકાએક સંગીત સ્ફૂરી આવતું, અને ગૂઢ સત્યો મંત્રોરૂપે બહાર પડતાં. તે પછી બુદ્ધદેવ થયા. તેમનું હૃદય અત્યંત વિશાળ હોઇ વિશ્વપ્રેમથી તથા શાંતિથી ભરપૂર હતું. તેમણે ધર્મને

વ્યવહારૂ યાને સર્વસાધારણને માટે ઉપયોગી બનાવ્યો અને ઘેરઘેર તેનો ફેલાવો કર્યો. તે પછી શ્રીમત્ શંકરાચાર્ય થયા. તેમની અંદર હિંદુસ્તાનને અસાધારણ પ્રખર બુદ્ધિશક્તિ પ્રાપ્ત થઇ. તેઓશ્રીએ ધર્મની પ્રત્યેક બાબતપર તર્કનો ઉગ્ર પ્રકાશ નાખ્યો યાને ધર્મને તર્કસિદ્ધ કરી બતાવ્યો. અત્યારે આપણને આવા પ્રખર બુદ્ધિસૂર્યની સાથે બુદ્ધ ભગવાનના દયા અને પ્રેમથી ઉભરાતા અદ્દભુત અનંત હૃદયના સંયોગની જરૂર છે. શંકરાચાર્યના બુદ્ધિ-જ્ઞાન અને બુદ્ધ ભગવાનના વિશાળ હૃદયનો સંયોગ એ મણિકાંચનના યોગ જેવો નીવડશે, અને આપણને ઉંચામાં ઉંચી જાતનું તત્ત્વજ્ઞાન અર્પશે. એમ થતાં વિજ્ઞાન અને ધર્મ પરસ્પર હાથ મિલાવશે, અને કાવ્ય તથા તત્ત્વજ્ઞાન અત્યારની માફક અનડાં ન રહેતાં એકમેકના દોસ્ત બનશે. એ તત્ત્વજ્ઞાનજ ભવિષ્યનો ધર્મ બનશે; અને એવું તત્ત્વજ્ઞાન નીપજાવી કાઢવામાં આપણે એક વાર જો ફતેહમંદ થયા તો તો નિશ્ચય માનજો કે, તે સર્વ કાળ, સર્વ સ્થળ અને સર્વ લોકો માટે ઉપયોગી નીવડશે. ઘેર જઇને તમે સ્થિરભાવે વિચાર કરશો તો જણાશે કે, પ્રત્યેક વિજ્ઞાનની અંદર કોઇ ને કોઇ જાતની ત્રુટિ રહેલી છે; તેમ છતાં પણ એટલું તો નક્કી છે કે, તે બધાંનેજ આ એક માર્ગ પર આવવું પડશે-લગભગ આવીજ પહોંચ્યાં છે. તેથી આ માર્ગ આધુનિક વિજ્ઞાનને પણ સહેલાઇથી ગ્રાહ્ય નીવડશે. જ્યારે કોઇ મહાન વૈજ્ઞાનિક આચાર્ય પ્રતિપાદન કરે છે કે, બધાજ વસ્તુઓ એકજ મહાશક્તિના આવિર્ભાવરૂપ છે, ત્યારે ઉપનિષદોમાંના બ્રહ્મ(ઈશ્વર)નું સ્મરણ નથી થઇ આવતું? બ્રહ્મનો મહિમા વર્ણવતાં ઉપનિષદ્‌માં કહ્યું છે કે:—

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्व भूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपं बहिश्च ॥

અર્થાત્ કે જેમ એક અગ્નિ જગતની અંદર પ્રવેશ કરીને વિવિધ રૂપે પ્રકાશિત થાય છે, તેમ એ ભૂતમાત્રના અંતરાત્મારૂપ એક બ્રહ્મ પણ વિવિધરૂપે પ્રકાશિત થાય છે અને તદુપરાંત જગતની બહાર પણ તે અનંતગણો છે. આ ઉપરથી વિજ્ઞાનની ગતિ કયી દિશા તરફ છે તે શું નથી સમજાતું? હિંદુજાતિએ મનઃતત્ત્વની આલોચના કરતાં કરતાં દર્શનશાસ્ત્રને માર્ગે પ્રગતિ કરી, ત્યારે યૂરોપીયન જાતિઓએ બાહ્ય કિંવા સ્થૂળ પ્રકૃતિની આલોચનાથી શરૂઆત કરી છે; છતાં પણ અત્યારે તેઓ એજ પરિણામપર આવી રહ્યા છે. આપણે જોઇએ છીએ કે, મનની દ્વારા શોધ કરતાં કરતાં આખરે આપણે સકળ વસ્તુના અંતરાત્માસ્વરૂપ, સર્વના સાર અને સત્યરૂપ નિત્યમુક્ત, નિત્યાનંદમય અને નિત્યસત્તાસ્વરૂપ અનંત એકત્વનેજ પ્રાપ્ત થઇએ છીએ. જડ વિજ્ઞાનદ્વારા પણ આપણે એજ એક તત્ત્વને

પહોંચીએ છીએ. કારણ કે વિજ્ઞાન અત્યારે આપણને કહી રહ્યું છે કે, જગતની સર્વ વસ્તુઓ એકજ મહાશક્તિના આવિર્ભાવો છે, કે જે શક્તિ જગતમાં અસ્તિત્વ ધરાવતી સકળ વસ્તુઓની સમષ્ટિરૂપ છે. વળી વિજ્ઞાન કહે છે કે, મનુષ્યજાતનું વલણ મુક્તિ તરફ છે અને નહિ કે બંધન તરફ. મનુષ્યોએ નીતિપરાયણ શામાટે થવું જોઇએ? કારણ કે નીતિદ્વારાજ મુક્તિનો પંથ છે; અને અનીતિ બંધનપ્રતિ દોરી જાય છે.

અદ્વૈતવાદની બીજી એક ખુબી એ છે કે, એની મૂળ શરૂઆતથીજ તે અખંડનાત્મક છે. આ એની બીજી મહત્તા છે. તે સાહસભેર ઉપદેશે છે કેઃ—

न बुद्धिभेदं जनयेदज्ञानानां कर्मसंगिनाम् ।
योजयेत्सर्व कर्माणि विद्वान् युक्त समाचरन् ॥

અર્થાત્ "જ્ઞાનીજને, કર્મોમાં આસક્ત રહેલા અજ્ઞાનીઓનામાં બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો નહિ; વિદ્વાને તો પોતે પોતાના માર્ગમાં ચુસ્ત રહીને તેઓને તેમના અધિકારને અનુસરતાં કર્મો કરવા દેવાં." મતલબ કે, કોઇની પણ ધર્મમાન્યતામાં દખલગીરી કર્યા વગર અને કોઇની પણ બુદ્ધિ ભમાવ્યા વગર પ્રત્યેક જનને ઉત્તરોત્તર ઉચ્ચ માર્ગે જવામાં સહાય કરવી એવો અદ્વૈતનો ઉપદેશ છે. અદ્વૈતવાદ જે ઇશ્વરનો પ્રચાર કરે છે તે સકળ જગતનું સમષ્ટિ સ્વરૂપ છે. આ ધર્મ જો સત્ય છે તો તે જગતના સકળ મતોને અવશ્ય પોતાના વિશાળ ઉદરમાં સ્થાન આપશે. બધાંને લાગુ પડી શકે એવો કોઇ વિશ્વધર્મ કાઢવા માગતા હોય તો તેમાં અમુક લોકો કે પ્રજાઓને ગ્રાહ્ય થાય તેવાજ સત્યાંશો દાખલ કર્યે નહિ ચાલે, તેમાં તો બધાંજ સત્યો સમષ્ટિરૂપે આવવાં જોઇએ અને ધાર્મિક વિકાસની સર્વ કોટિઓનો સમાવેશ થવો જોઇએ.

બીજા કોઇ પણ ધર્મસંપ્રદાયમાં આ સમષ્ટિભાવ એટલો બધો સ્પષ્ટરૂપમાં નથી કે જેટલો અદ્વૈતમાં છે; છતાં પણ તે બધાંએ સમષ્ટિભાવને પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ તો કરે છેજ. તેથી એ આંશિક ધર્મોનું અસ્તિત્વ પણ ભલે રહ્યું. અદ્વૈતવાદને તેમની સાથે કંઇ વિરોધ નથી. વિરોધભાવ તો અદ્વૈતવાદે કદાપિ કેળવ્યોજ નથી. મૂળથીજ ભારતવર્ષમાં અનેક સંપ્રદાયો ચાલ્યા આવે છે, તેમાંના કોઇની સામે અદ્વૈતવાદને કદી કોઈ વિરોધ નહોતો. અત્યારે પણ ત્યાં દ્વૈતવાદીઓ છે અને તેમની સંખ્યા સૌથી વધારે છે. અલ્પશિક્ષિત લોકોના મનને સ્વાભાવિક રીતેજ દ્વૈતવાદ ઘણો રૂચે છે અને તેથી તેમની સંખ્યા પણ વધારે હોય છે. જગત સંબંધીનો દ્વૈતવાદનો ખુલાસો બહુ સાનુકૂળ, સ્વાભાવિક અને સામાન્ય અક્કલને સહજ ગમી જાય તેવો છે; તથાપિ આ દ્વૈતવાદીઓ સાથે અદ્વૈતવાદી-

ને કંઈજ ઝઘડો નથી. દ્વૈતવાદીઓ માને છે કે, ઈશ્વર જગતની બહાર કોઈ ઠેકાણે સ્વર્ગમાં વસે છે; ત્યારે અદ્વૈતવાદીઓનું માનવું છે કે તે આપણો પોતાનો અંતરાત્મા હોઈ તેને દૂર વસતો કહેવો એ તેની નિંદા કરવા જેવું છે. અલગપણાનો ખ્યાલજ અસત્ય અને ભયંકર છે, તે તો નજદીકમાં નજદીક છે. આ નિકટતાને દર્શાવવાને જગતની કોઇ પણ ભાષામાં સુયોગ્ય શબ્દજ નથી, સિવાય કે એકત્વસૂચક **'तत्त्वमसि.'** જેવી રીતે દ્વૈતવાદી અદ્વૈતવાદીઓના મતથી ભય પામે છે અને તેને નાસ્તિકતા અથવા ઈશ્વરનિંદા કહે છે, તેવી રીતે અદ્વૈતવાદીઓને પણ દ્વૈતવાદીઓના મતથી સંતોષ થતો નથી અને પૂછે છે કે, ઈશ્વરને પોતાની જ્ઞેયવસ્તુ-તરીકે વિચારવાનું સાહસ મનુષ્યથી કરાયજ કેમ? તેમ છતાં પણ અદ્વૈતવાદી જાણે છે કે, આવા બીજા વિચારોની પણ જગતમાં અગત્ય છે અને તેથી દ્વૈતવાદીઓ સાથે તેઓ કંઈજ વિરોધભાવ નથી રાખતા; કેમકે તેઓ નિદાન ખરા માર્ગપર છે. દ્વૈતવાદી જ્યાંસુધી સમષ્ટિભાવથી નહિ જોતાં વ્યષ્ટિભાવથી જુએ છે ત્યાંસુધી તેને બહુત્વનો ભાસ થવાનોજ. તેનું દૃષ્ટિબિંદુ વ્યષ્ટિભાવનું હોવાથી ભગવાન તેને જગતની બહારજ વસતા જણાવાના. એનો ઈલાજજ નથી. ભલે તેમની મરજી તેમ છે તો તેઓ તેમ કરે. અદ્વૈતવાદીને તેમાં કંઇજ વાંધો નથી, કેમકે તે એટલું તો સારૂ જાણે છે કે, દ્વૈતવાદીના સિદ્ધાંત ગમે તેવા હોય છતાં પણ પોતાનું જે ધ્યેય છે તેજ ધ્યેય તરફ તેઓ પણ જઈ રહ્યા છે. આ બાબતમાં અદ્વૈતવાદી દ્વૈતવાદીથી તદ્દન જૂદો પડે છે, કેમકે દ્વૈતવાદીને તો પોતાના દૃષ્ટિબિંદુને લીધે એમ માનવાની ફરજ પડે છે કે, જે મતો પોતાનાથી જૂદા પડે છે તે બધાજ ખોટા. દુનિયાભરના બધાજ દ્વૈતવાદીઓ સ્વાભાવિક રીતે એવા એક સગુણ ઈશ્વરને માને છે, કે જે બહુ ઉચ્ચ શક્તિ-સંપન્ન છે અને જે કોઈ મોટા સત્તાધીશની માફક કેટલાકની ઉપર પ્રસન્ન રહે છે તો કેટલાકની ઉપર નાખુશ રહે છે. કેટલાક લોકો અને કેટલીક જાતો ઉપર તો તેની પ્રસન્નતા ખાસ ઉતરે છે અને તેમના-પર તે આશીર્વાદ અને મહેરબાનીના વરસાદ વરસાવ્યા કરે છે. સ્વાભાવિક રીતેજ દ્વૈતવાદીઓનો એવો નિર્ણય થયો હોય છે કે, ઈશ્વરને કૃપાપાત્રો હોય છે અને પોતે તેમાંનો એક બનવાની ઉમેદ રાખે છે. લગભગ પ્રત્યેક દ્વૈતવાદી ધર્મમાં આપણને આ ખ્યાલ મળી આવે છે કે "અમે ઈશ્વરના ખાસ કૃપાપાત્ર છીએ અને અમારી માફક માનવાથીજ તમે તેની કૃપા મેળવી શકશો." વળી કેટલાક દ્વૈતવાદીઓના વિચાર તો બહુજ સાંકડા હોય છે તેઓ એમ માને છે કે, થોડાંક જણ અગાઉથીજ ઈશ્વરના ખાસ કૃપાપાત્ર ઠરી આવ્યાં છે તેમનોજ ઉદ્ધાર થશે; બાકીનાં બીજાં ફાવે તેવો

પ્રયત્ન કરશે-માથાં પટકી મરી જશે, તોયે તેમનો સ્વીકાર નહિ થાય તે નહિજ થાય. એવો એક પણ દ્વૈતવાદી પંથ બતાવવાને હું તમને આહ્વાન કરું છું કે જેમાં આવી જાતની થોડી ઘણી પણ સંકીર્ણતા-થોડું ઘણું પણ અતડાપણું ન રહ્યું હોય. આને લીધે દ્વૈતવાદી ધર્મોને પરસ્પર ઝઘડયા વગર બીજો આરોજ નથી રહેતો, અને તેમ તેઓ કરતા પણ આવ્યા છે. વળી આ દ્વૈતવાદી ધર્મો અશિક્ષિત લોકોના મિથ્યા ગર્વને બહેકાવી બહેકાવી પોતાને લોકપ્રિય બનાવે છે. પોતે ખાસ હકકો ભોગવે છે એવું સાંભળવાનું એવા લોકોને બહુ ગમે છે, અને પરિણામે તેઓ મોટી સંખ્યામાં એવા ધર્મોમાં જોડાય છે. એ રીતે દ્વૈતવાદી ધર્મો લોકપ્રિયતા સંપાદન કરે છે. દ્વૈતવાદી માને છે કે, ગુન્હેગારને સજા કરવા માટે એક દંડધારી ઇશ્વર ન હોય તો લોકો નીતિને પંથે ચાલેજ નહિ, તેમની નીતિ જળવાઇ રહેજ નહિ. ઉંડો વિચાર કરવાને અશક્ત એવો સાધારણ જનસમાજ સામાન્ય રીતે દ્વૈતવાદી હોય છે અને એવા બિચારાઓને બધાજ દેશોમાં ચિરકાળ અત્યાચારના ભોગ બનતા રહેવું પડયું છે; અને તેથી એવા લોકોને મન મુક્તિનો ખ્યાલ એટલે આ સજાની ધાસ્તીમાંથી છૂટવું એ હોય તો નવાઇ નહિ. અમેરિકામાં મને એક પાદરીએ પૂછયું હતું કે "શું! તમારા ધર્મમાં સેતાન જેવું નથી? એમ કેમ હોઇ શકે?" પરંતુ આપણે જોઇએ છીએ કે, દુનિયાની અંદર જે જે ઉત્તમ મહાપુરુષો થઇ ગયા છે તેમણે બધાએજ નિર્ગુણ બ્રહ્મના એકત્વનો ઉચ્ચભાવ લઇનેજ કાર્ય કર્યું છે. લક્ષાવધિ મનુષ્યોની અંદર જેની શક્તિનો સંચાર થયો છે એવા ઇસુએ પણ એ એકત્વના ભાવથી ઓતપ્રોત બનીને કહ્યું હતું કે "હું અને મારા પિતા એક છીએ." સેંકડો વર્ષ થયાં એ શક્તિએ મનુષ્યોના આત્માનું કલ્યાણ સાધ્યું છે. આપણે જાણીએ છીએ કે, એ માણસ અદ્વૈતવાદી હોવાથીજ બીજાઓપ્રત્યે દયાળુ હતો. સગુણ ઇશ્વર કરતાં વધારે ઉચ્ચભાવ જેમની કલ્પનામાં ઉતરે તેમ નહોતો તેવા સાધારણ લોકોને તે "સ્વર્ગમાં વસતા તમારા પિતાની પ્રાર્થના કરો" એવો ઉપદેશ આપતો. બીજા જેઓ વધારે ઉચ્ચભાવ સમજી શકે તેવા હતા તેમને એ કહેતો કે "હું દ્રાક્ષનો વેલો છું અને તમે તેની ડાળીઓ છો;" પણ પોતાના ખાસ ચેલાઓ કે જેમની આગળ તેણે પોતાનું રૂપ સંપૂર્ણ રીતે પ્રકાશિત કર્યું હતું તેમની આગળ તેણે ઉચ્ચમાં ઉચ્ચ સત્ય જાહેર કર્યું હતું કે "હું અને મારા પિતા એક છીએ." સાધારણ લોકોને સ્વર્ગમાં વસતા પિતાની પ્રાર્થના કરવાનું કહ્યા પછી પણ તે ઘણી વાર કહેતો કે "વખત આવશે ત્યારે તમે જાણશો કે હું તમારી સાથે ને તમે મારી સાથે એકાકાર થઈશું, અને એ રીતે તમે બધાજ એ એક પિતા

સાથે એકીભૂત થશો, કેમકે હું અને મારા પિતા અભેદ છીએ."
બુદ્ધદેવ દેવતા, ઇશ્વર-કશાયને માનતા નહોતા. તેથી તેમને નાસ્તિક અને જડવાદી કહેવામાં આવે છે; છતાં તેઓજ એક સામાન્ય અજ-બાળક યાને બકરીના બચ્ચા માટે પોતાનો પ્રાણ અર્પવા તૈયાર થયા હતા. એ બુદ્ધ ભગવાને કોઈપણ પ્રજામાં ન હોય તેવી ઉંચામાં ઉંચી જાતની નીતિનો પ્રચાર કર્યો. જ્યાં જ્યાં કોઇ પણ જાતનું નીતિવિધાન જોવામાં આવે ત્યાં ત્યાં સમજવું કે તે એ મહાપુરુષોના નીતિસૂર્યનુંજ એક કિરણ છે. દુનિયાનાં આવાં મહાન હૃદયોને આપણે હવે સંકુચિત હદોમાં પડયાં રહેવા દઇ શકીએ નહિ, અને તે ખાસ કરીને માનવ-ઇતિહાસના આ જમાનામાં કે જ્યારે એક શતાબ્દિ પર જેનો સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય તેવો અપૂર્વ બુદ્ધિ-વિકાસ થઈ રહ્યો છે, અને જ્યારે પચાસ વર્ષ પર સ્વપ્નું પણ નહિ હોય તેવું વૈજ્ઞાનિક જ્ઞાનનું મોજું ઉછળી રહ્યું છે. આવા વખતે તો આપણે તેમને સંકુચિત સીમામાં પૂરી રાખી શકીએજ નહિ. એમ કરવાથી તો મનુષ્યો પશુતુલ્ય અને વિચાર કરવાની શક્તિ-વિનાના જડભરત બને એજ કેવળ સંભવિત છે. એથી તો એમની નીતિનો પણ સંહાર થવા પામશે. અત્યારે તો ઉંચામાં ઉંચા જ્ઞાનની સાથે ઉંચામાં ઉંચા હૃદયના સંયોગની, અનંત જ્ઞાનની સાથે અનંત પ્રેમ અથવા આનંદના સંયોગની આવશ્યકતા છે. વેદાંતી ઇશ્વરની અંદર અનંત સત્‌, અનંત જ્ઞાન અને અનંત આનંદ અથવા પ્રેમ-એ ત્રણ ગુણોજ અર્પણ કરે છે, અને એ ત્રણેની સમષ્ટિનેજ એક અનંત બ્રહ્મ ગણે છે. જ્ઞાન અને આનંદ સિવાય સત્‌ કહેતાં અસ્તિત્વ કદી સંભવિત નથી; જ્ઞાન પણ આનંદ અથવા પ્રેમ વિના અને પ્રેમ અથવા આનંદ જ્ઞાનવિના સંભવતાં નથી. આપણને જેની અગત્ય છે તે આ અનંત સત્‌, અનંત જ્ઞાન અને અનંત આનંદનીજ છે; કારણ કે તેજ આપણું ધ્યેય છે. આપણને આ અનંત સત્‌, અનંત જ્ઞાન અને અનંત આનંદનો એકરાગ જોઇએ છે. એકદેશીય ઉન્નતિ નથી જોઇતી-અર્થાત આપણને અત્યારે સર્વાંગી ઉન્નતિની સત્‌, ચિત્‌ અને આનંદની પરમોન્નતિની અને નહિ કે કોઇ પણ એકદેશીય ઉન્નતિની આવશ્યકતા છે. બધાજ વિષયોની એક સમાન ઉન્નતિ આપણે ઇચ્છીએ છીએ. બુદ્ધદેવ સમાન મહાન હૃદયની સાથે મહાબુદ્ધિ અથવા મહાજ્ઞાનનો યોગ બિલકુલ સંભવિત છે. હું આશા રાખું છું કે, આપણે બધાંજ એ લક્ષ્યને પહોંચવા-એ સુખી સંયોગને સિદ્ધ કરવા કાજે પૂરેપૂરો પ્રયત્ન કરીશું.

૭–प्रत्येक पदार्थमां प्रभुदर्शन*

આપણે જોયું છે કે, આપણે ગમે તેટલો પ્રતિરોધ કરીએ છતાં આપણા જીવનનો ઘણો મોટો ભાગ અવશ્ય દુઃખપૂર્ણ હોય છે; એટલુંજ નહિ પણ એ દુઃખના ડુંગર આપણે માટે લગભગ અનંત હોય છે. એનો ઈલાજ શોધી કાઢવા આપણે અનાદિકાળથી મથતા આવ્યા છીએ, છતાં સ્થિતિમાં સહેજ પણ ફેર પડયો નથી, દુઃખ જેમનું તેમ કાયમજ છે. એ દુઃખપ્રતિકારના જેટજેટલા ઉપાયો શોધી કાઢીએ છીએ, તેટતેટલાં આપણે તીવ્રતર દુઃખોથી ઘેરાતાં જતાં જણાઇએ છીએ–જાણે જગતની અંદર કેટલાંયે દુઃખો ગુપ્તપણે વસતાં ન હોય ! આપણે એ પણ જોયું છે કે, બધાજ ધર્મો આ દુઃખોમાંથી છૂટવાનો એકજ ઉપાય બતાવે છે, અને તે ઈશ્વર. પ્રત્યક્ષવાદી લોકો કહે છે કે, જગત બહારથી જેવું દેખાય છે તેવુંજ સ્વીકારી લેવામાં મઝા છે; પણ બધાજ ધર્મોનું કહેવું છે કે, તેમ કરવાથી તો દુઃખ સિવાય બીજું કંઈજ આપણા નસીબમાં નહિ રહે. વળી તેઓ એમ પણ પ્રતિપાદન કરે છે કે, આ જગતની પાર કંઈક અવશ્ય છે. આ પંચેંદ્રિયગ્રાહ્ય જીવનથી–આ જડ સાંસારિક જીવનથીજ કંઇ સમાપ્તિ થતી નથી; એ તો પ્રકૃત જીવનનો અતિ સામાન્ય અંશમાત્ર હોઇ પ્રકૃત જીવનના ઉપરછલ્લા યાને સ્થૂળ વ્યાપારરૂપ છે. તેની પાછળ અને તેનાથી પર અનંત જીવન આવેલું છે કે જ્યાં દુઃખ અને અનિષ્ટનું નામ સરખું નથી. એ અનંત જીવનને કેટલાક 'ગૉડ' કહે છે, કેટલાક અલ્લા કહે છે, કેટલાક જેહોવ્હા કહે છે અને કેટલાક જોવ કહે છે. વેદાંતીઓ એને બ્રહ્મ કહે છે.

આ જીવનનાં દુઃખોને દૂર કરવા માટે ધર્મો આપણને જે સલાહ આપે છે તેની પ્રથમ છાપ તો આપણા મનપર એ પડે છે કે, આપણા જીવનનો અંત આણી નાખવો એજ સારામાં સારો રસ્તો છે. જીવનનાં દુઃખો મિટાવવાનો ઉપાય શો ? એ પ્રશ્નનો જે ઉત્તર ધર્મોની અંદર આપવામાં આવે છે તેનો દેખીતો ભાવ એવોજ હોય છે કે "જીવનનો ત્યાગ કરો." એ સલાહ આપણને એક જૂની વાતનું સ્મરણ કરાવે છે. એક મચ્છર આવીને મનુષ્યના માથાપર બેઠો. તે જોઇને તેના મિત્રે મચ્છરને મારી નાખવાના ઇરાદાથી તે માણસના

* લંડનમાં આપેલું વ્યાખ્યાન, તા. ૨૭-૧૦-૧૮૯૬

માથાપર એક એવો થાપો માર્યો કે જેથી તે માણસ તથા મચ્છર બન્ને યમસદન સીધાવ્યા. દુઃખનિવારણનો ઉપરોક્ત ઈલાજ પણ આના જેવોજ રસ્તો સૂચવતો લાગે છે. જીવન દુઃખથી ભરપૂર છે, સંસાર દુઃખોથી ભરેલો છે, એ વાતનો તો સંસારને સમજી શકે તેવી પુખ્ત ઉંમરનો કોઈ પણ શખ્સ ઇન્કાર નાહ કરે. તથાપિ બધા ધર્મો એના નિવારણનો શો ઉપાય બતાવે છે? તેઓ કહે છે કે, જગત અસાર છે, આ જગતથી પર એવું કંઇક છે કે જે પ્રકૃત સત્ય છે. આ ઠેકાણેજ મુશ્કેલી ઉભી થાય છે. આ ઉપાયમાં આપણું જે કંઇ હોય તે સર્વસ્વનો ધ્વંસ કરી નાખવાનો આપણને ઉપદેશ કરવામાં આવે છે. એ ઉપાય તે કેવી રીતે કામ આપે? તો પછી કોઈ ઉપાયજ નથી શું? વેદાંત કહે છે કે, બધા ધર્મો જે સલાહ આપે છે તે છે તો સંપૂર્ણ સત્ય, પણ તેને બરાબર સમજવી જોઇએ. ઘણી વાર તેને ઉંધા અર્થમાં સમજવામાં આવે છે, કેમકે ધર્મોએ પણ તે સંબંધમાં સ્પષ્ટ ખુલાસો કર્યો હોતો નથી. ખરેખર! મનુષ્યને હૃદય તથા મસ્તિષ્ક કિંવા મગજ બન્ને હોવાની જરૂર છે. હૃદય ખરેજ! બહુ મહાન વસ્તુ છે; હૃદયમાંથીજ જીવનની મહાન મહાન પ્રેરણાઓ ઉદ્‌ભવે છે. મને હૃદયવિનાનું એકલું મગજ હોય તેના કરતાં મગજ વિનાનું એક નાનું સરખું હૃદય હોય એ હું વધારે પસંદ કરૂં. જેને હૃદય છે તેને માટે જીવન શકય છે, પ્રગતિ શકય છે; પણ જેને હૃદય નથી હોતું ને એકલું મગજજ હોય છે, તે તો બિચારો શુષ્કતામાંજ મરી જાય છે.

પરંતુ આની સાથે આપણે એ પણ જાણીએ છીએ કે, જે શખ્સ માત્ર પોતાના હૃદયથીજ દોરાયા કરે છે, તેને અનેક દુઃખના ભોગ થવા વારો આવે છે. કેમકે તેનામાં મગજ અથવા બુદ્ધિની શૂન્યતા હોવાથી વખતોવખત તેને ભ્રમના ખાડામાં ઠોકરાઇ પડવાના પ્રસંગ પ્રાપ્ત થાય છે; તેથીજ કહું છું કે, હૃદય અને બુદ્ધિના સમ્મિલનની આપણને જરૂર છે. મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે એક ખાનામાં હૃદય અને એક ખાનામાં મસ્તિષ્ક અથવા મગજ લઇને મનુષ્યે પરસ્પર વચ્ચેનું પ્રમાણ ઠીક કરી દેવું, પણ પ્રત્યેક જણમાં અનંત હૃદય અને પ્રેમ હોવા સાથે અનંત વિચારબુદ્ધિ પણ હોવી જોઇએ.

આ દુનિયામાં આપણી જરૂરીઆતોની કંઇ સીમા છે? જગત શું અનંત નથી? જગતની અંદર અનંત પરિમાણમાં લાગણી અથવા પ્રેમના વિકાસને માટે તેમજ અનંત પરિમાણમાં સંસ્કાર તથા વિચારબુદ્ધિના વિકાસને માટે સ્થાન છે–અર્થાત્ એ બન્નેની જરૂર છે. તે બન્નેને એકબીજાનો હાથ ઝાલીને નિઃશંકપણે આવવા દો અને બન્નેને સમાંતર લીટીમાંજ અડખે પડખે દોડવા દો.

ઘણા ખરા ધર્મો આ વાત સમજે છે તો ખરા, પણ તેઓ બધા એકજ જાતની ભૂલ કરે છે યાને એકજ જાતના ભૂલાવામાં પડે છે. અને તે એ કે, તેઓ બધાજ હૃદયથી કિંવા લાગણીઓથી દોરાઈ જાય છે; સંસારમાં દુઃખ છે તેથી સંસારનો ત્યાગ કરો, એ મહાન અને અદ્વિતીય ઉપદેશ છે, એમાં તો શક નહિ. સંસારનો ત્યાગ કરો! સત્ય જાણવું હોય તો અસત્યનો ત્યાગ કરવોજ પડે. શુભ મેળવવું હોય તો અશુભનો ત્યાગ કરવોજ જોઇએ, અને જીવન પ્રાપ્ત કરવું હોય તો મૃત્યુનો ત્યાગ કરવોજ રહ્યો. એ વાતમાં તો બે મત હોઇ શકેજ નહિ.

તથાપિ આ મતવાદનું જો એવુંજ તાત્પર્ય હોય કે, પંચેંદ્રિયગત જગત યાને આપણે જગત શબ્દથી જે સમજીએ છીએ તેનો ત્યાગજ કરવો જોઇએ, તો પછી અમારે બીજું રહ્યું પણ શું? જીવનનો બીજો અર્થજ શો રહ્યો? આનો ત્યાગ કરી દઇએ તો પછી બીજું રહેજ શું?

આગળ ઉપર આપણે વેદાંતના વધારે દાર્શનિક ભાગોની આલોચના કરીશું, ત્યારે આ તત્ત્વ વધારે સારી રીતે સમજાશે. અત્યારે તો હું એટલુંજ કહીને વિરમીશ કે, એકલા વેદાંતમાંજ આ સમસ્યાની યુક્તિસંગત મીમાંસા (ખુલાસો) મળી આવે છે. આ ઠેકાણે તો વેદાંતનો ખરો ઉપદેશ શો છે તેજ હું તમને કહીશ. વેદાંત એમ પણ કહે છે કે "જગતને બ્રહ્મરૂપે-પ્રભુરૂપે જુઓ."

વાસ્તવિક જોતાં, વેદાંત સંસારને છેકજ તરછોડવા નથી માગતું. ત્યાગ અથવા વૈરાગ્યની ભાવના વેદાંતની અંદર જેટલી પરાકાષ્ઠાએ પહોંચી છે, તેટલી અન્યત્ર ક્યાંય નથી પહોંચી. છતાં પણ વેદાંત શુષ્ક અને આત્મઘાતક સલાહ નથી આપતું. વેદાંતનો વૈરાગ્ય એટલે આત્મહત્યા કરવી કિંવા પોતાની જાતને સૂકવી નાખવી એમ નથી. વેદાંતના વૈરાગ્યનો ખરો અર્થ એજ છે કે, જગતની અંદર બ્રહ્મભાવ અનુભવો. જગતને આપણે જે ભાવરૂપમાં સમજીએ છીએ તેનો ત્યાગ કરો અને તેના પ્રકૃત સ્વરૂપને પિછાનો. જગતને બ્રહ્મભાવે પેખો; વસ્તુતઃ તે બ્રહ્મ સિવાય કંઇજ નથી. અમારા એક અતિ જૂનામાં જૂના ઉપનિષદ્‌ના આરંભમાંજ આ મંત્ર જોવામાં આવે છે કે–**ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्**। અર્થાત્ જગતમાં જે જે કંઇ છે તે બધુંજ ઇશ્વરથી વસાવા યોગ્ય છે–યાને બધામાંજ ઇશ્વર વસેલો છે.

પદાર્થમાત્રને આપણે ખુદ પ્રભુથી આચ્છાદિત કરવાનો છે, અને તે દુઃખની તરફ આંખમીંચામણાં કરીને કિંવા બધુંજ સારૂં અને સુખમય છે અગર ભવિષ્યમાં તેમ થશે એવા ખોટા સુખાશાવાદથી પ્રેરાઇને નહિ, પણ પ્રત્યેક પદાર્થમાં પ્રભુનાં દર્શન કરીને. આ રીતે

આપણે જગતને ત્યજી દેવાનું છે. અને જ્યારે એવો ત્યાગ થાય ત્યારે પછી બાકી શું રહે ? ઈશ્વર-એકલો ઈશ્વરજ બાકી રહે. આનું તાત્પર્ય શું ? તાત્પર્ય એજ કે તમારી સ્ત્રી ભલે રહી, તેણીનો તમારે ત્યાગ કરી દેવો જોઇએ એમ નથી, પણ તેની અંદર તમારે પ્રભુનાં દર્શન કરવાનાં છે. અર્થાત્ બધાયમાં પ્રભુદર્શન કરવાનાં છે. જીવનમાં તેમ મૃત્યુમાં, સુખમાં તેમ દુઃખમાં બધાયમાં પ્રભુ એકસરખી રીતે અસ્ખલિત-ભાવે વિલસી રહ્યા છે, આખુંજ જગત ઈશ્વરથી ભરેલું છે. આંખો ખોલો ને તેને નિરખો. વેદાંતના કહેવાનો સાર આટલોજ છે કે "તમારા કલ્પી લીધેલા જગતનો ત્યાગ કરો, કેમકે તમારી કલ્પના માત્ર આંશિક અનુભવ ઉપર, સ્થૂળ તર્કશક્તિ ઉપર અને તમારા પોતાની દુર્બળતા ઉપર રચાઇ છે. જે જગતનો તમે અત્યાર સુધી વિચાર કરી રહ્યા છો અને જેને તમે હજી સુધી વળગી રહ્યા છો તે આપણું પોતાનું ઉપજાવી કાઢેલું ખોટું જગત છે; માટે તેનો ત્યાગ કરો, તેનો ત્યાગ કરો. કેમકે આંખો ઉઘાડીને જુઓ કે, તમારી કલ્પના જેવું કોઇ અસ્તિત્વજ કદાપિ નહોતું અને નથી; એ તો ખાલી સ્વપ્નું હતું-માયા હતી. જે કંઇ અસ્તિત્વમાં હતું અને છે તે ખુદ પરિબ્રહ્મનુંજ છે. બાળકમાં, પત્નીમાં અને પતિમ એજ છે; સારામાં તેમજ નસારામાં, પાપમાં તેમજ પાપીમાં એજ વસેલો છે; જીવનમાં તે છે તેમ મૃત્યુમાં પણ તેજ છે.

પ્રસ્તાવ ખરેજ બહુ વિષમ છે ! તથાપિ વેદાંત તો એજ વિષય પૂરવાર કરી દેખાડવા, એનુંજ શિક્ષણ આપવા અને એનોજ પ્રચાર કરવાની ઇચ્છા ધરાવે છે એજ વિષયથી વેદાંતનો આરંભ થાય છે.

આવી રીતે સર્વત્ર બ્રહ્મદર્શન કરીને અમે લોકો જીવન અને તેનાં દુઃખોનું નિવારણ કરીએ છીએ. વળી કોઈ પણ ચીજની વાસના અથવા ઇચ્છા ન કરો. આપણને અસુખી અથવા દુઃખી કોણ કરે છે ? આપણાં સઘળાંજ દુઃખોનું મૂળ જોવા જઇએ તો આ વાસનાજ છે. તમે કોઈ વસ્તુની વાસના રાખતા હો, અને તે વાસના જો પરિતૃપ્ત ન થાય, તો તેનું પરિણામ દુઃખમાં આવશે. જો વાસનાજ ન હોય, તો દુઃખ પણ ન હોય. પરંતુ અહીં પણ મારા કહેવાનો ઉંધો અર્થ સમજાઈ જવાનો ધાસ્તી છે. તેથી વાસના ત્યજી દઇને સર્વ દુઃખોમાંથી મુક્ત બનવું, એમ કહેવાનો શો અર્થ થાય છે તેનો ખુલાસો કરવાની હું જરૂર જોઉં છું. દિવાલોને કોઇજ વાસના હોતી નથી, અને તેથી તેમને કોઇ દુઃખ પણ સહેવાનું હોતું નથી, પરંતુ સાથે એ પણ યાદ રાખવાનું છે કે, તેમનો ક્રમ-વિકાસ પણ કદી થતો નથી. આ ખુરશીને પણ કોઈ જાતની વાસના નથી, અને તેથી તેને પણ કંઈ સહેવાપણું નથી; પરંતુ તે નિરંતર ખુરશી ને ખુરશીજ રહે છે. સુખમાં ગૌરવ છે, તેમ દુઃખમાં પણ

ગૌરવ અને મહત્તા રહેલાં છે. જો હું એટલો ધૃષ્ટ બની શકું તો કહી શકું કે અનિષ્ટ અને અશુભમાં પણ ઉપયોગિતા રહી છે. દુઃખનો મહાન ધડો તો આપણે બધાંજ જાણીએ છીએ. આપણી જીંદગીમાં એવી સેંકડો બાબત આપણે કરી હોય છે કે જો આપણે નજ કરી હોત તો સારૂં એમ આપણને લાગે છે. પણ તે તો ખરી રીતે આપણા મહાન શિક્ષકરૂપ નીવડી હોય છે. મારીજ વાત કરૂં. મારે હાથે થોડુંક સારૂં અને ઘણુંક બૂરૂં અને ભૂલભરેલું થયું છે, પરંતુ એવી પ્રત્યેક ભૂલે મને એક એક મહાન ધડો શીખવાડયો છે. એ દૃષ્ટિથી એથી પણ હું રાજી થાઉં છું. મારૂં અત્યારનું સ્વરૂપ મેં ભૂતકાળમાં જે જે કર્યું છે અને વિચાર્યું છે તેના પરિણામરૂપ છે. આગલી પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક વિચારનું ફળ આવ્યું છે, અને એ ફળોનો કુલ સરવાળો તેજ મારી અત્યારની પ્રગતિ અથવા ઉન્નત અવસ્થા છે.

એ તો આપણે બધાંયે સમજીએ છીએ કે, વાસના બહુ ખરાબ વસ્તુ છે, પણ વાસનાઓનો ત્યાગ કરી દેવાનો અર્થ શો ? વાસનાઓ-વગર જીવન કેવી રીતે ચાલે ? એ તો પેલાના જેવીજ આત્મઘાતક સલાહ કહેવાય. વાસનાનો સંહાર કરવા જતાં માણસનો પણ સંહાર થઇ જાય ! ગભરાઓ નહિ, એનો ખુલાસો આવો છેઃ—વાસનાનો ત્યાગ કરવો એટલે જે કાંઈ રાખવું હોય તે રાખો, પણ જે ખરી હકીકત છે તે બરાબર સમજો અને પ્રત્યક્ષ અનુભવો. દ્રવ્ય કોઇની-માલકીનું નથી; લક્ષ્મી કોઇની થઈ નથી ને થવાની નથી. માટે માલકી-પણાનો કિંવા કબજેદારીનો ખ્યાલ હૃદયમાં રહેવા ન દો. આપણે તે કોણ ? તમે કોઇ નથી, હું કોઇ નથી કે અન્ય જન પણ કોઇ નથી. બધુંજ પ્રભુનું છે—પ્રભુજ સર્વસ્વનો માલીક છે. આગળ ઇશોપનિષદ્‌ના પહેલા શ્લોકમાં કહેવાઇજ ગયું છે કે, બધી વસ્તુમાં પ્રભુને સ્થાપન કરો—યાને બધી વસ્તુમાં પ્રભુને જુઓ. પ્રભુ તમારા ધનની અંદર રહ્યો છે, તમારા મનમાં ઉઠતી વાસનાઓમાં તે રહ્યો છે, તમારી વાસનાઓને સંતોષવા તમે જે વસ્તુઓ ખરીદો છો તેમાં તે રહ્યો છે, તમારાં સુંદર વસ્ત્રોમાં તેમજ સુંદર અલંકારોમાં પણ તે રહેલો છે. આ પ્રમાણે વિચાર કરવાનો છે. એ રીતે વસ્તુઓને નિહાળવા માંડતાંજ તમારી દૃષ્ટિમાં સઘળુંજ ફેરવાઇ ગયેલું લાગશે. તમારી પ્રત્યેક કૃતિ—ગતિમાં, પ્રત્યેક વાતચીતમાં, તમારા રંગઢંગમાં અને સર્વસ્વમાં જો તમે પ્રભુને સ્થાન આપશો, તો બધો દેખાવજ બદલાઈ જશે, અને પછી જગત દુઃખમય ભાસવાને બદલે સ્વર્ગતુલ્ય ભાસશે.

“સ્વર્ગનું રાજ્ય તમારી ભીતર છે” એમ ઇસુ ભગવાન કહે છે. વેદાંત તેમજ સર્વ ધર્મના મહાન આચાર્યો પણ તેમજ કહે છે.

"જેને આંખો છે તે જુઓ, જેને કાન છે તે સાંભળો." વેદાંત કહે છે કે, તે પ્રથમથીજ તમારી અંદર છે. વેદાંત એમ કહીનેજ થોભતું નથી, પણ સયુક્તિક સાબીત કરી આપે છે કે, જે સત્યને આપણે આટલા વખતથી ઢૂંઢતાં આવ્યાં છીએ તે આપણી સમક્ષ છે, એટલુંજ નહિ પણ બધો વખત તે આપણી સાથેનું સાથેજ હતું. આપણા અજ્ઞાનને લીધે આપણને એમ લાગતું હતું કે, તે ગુમાઇ ગયું છે, અને તેથી હાયપીટ કરતાં કરતાં દુનિયાભરમાં તેને ઢૂંઢતાં ફરતાં હતાં; પરંતુ ખરી રીતે તો તે બધોજ સમય આપણા પોતામાંજ વસતું હતું. ત્યાંજ-આપણા અંતરમાંજ આપણને તે મળશે.

'સંસારનો ત્યાગ કરો'-એ સલાહને જો તેના જૂના અણઘડ અર્થમાં સમજવામાં આવે, તો તો સ્થિતિ એવી થાય કે આપણે કંઇજ કામ ન કરવું, કંઇ પણ કર્યા વગર કે વિચાર્યા વગર માટીનાં ઢેફાં માફક આળસુ કિંવા નિરુદ્યમી થઇ બેસી રહેવું, અને અદૃષ્ટવાદી બનીને કુદરતના નિયમાનુસાર જે પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે જેમ ઘસડે તેમ આમતેમ ઘસડાયા કરવું. એજ પરિણામ થાય; પરંતુ સંસારત્યાગનો એ ખરો અર્થ નથી. આપણે કામ તો કરવુંજ જોઇએ. ખોટી વાસનાઓથી ઘસડાતો સામાન્ય માણસ કામનો મર્મ શું સમજે? પોતાની લાગણીઓ અને ઇંદ્રિયોને વશ વર્તનારો માણસ પણ કાર્યની ખરી લહેજત શું સમજે? તેજ માણસ ખરૂં કામ કરે છે, કે જે વાસનાઓથી કિંવા કોઈ જાતના સ્વાર્થથી દોરાતો નથી. તેજ માણસ ખરૂં કામ કરે છે, કે જેના મનમાં કોઇ જાતનો લૌકિક હેતુ સાધવાનો વિચાર નથી. તેજ માણસ ખરૂં કામ કરે છે કે જેને તેમાંથી કોઇજ લાભ પોતાને માટે મેળવવો નથી.

ચિત્રોની દુકાને ચિત્રોનો આનંદ કોણ લૂંટે છે?-ચિત્ર વેચનાર દુકાનદાર કે તટસ્થ ઉભો રહી જોનાર? દુકાનદાર તો બિચારો તેના હિસાબમાં પોતાને કેટલી કમાણી થઇ તેનો સુમાર બાંધવામાં અને આ અમુક ચિત્રમાં કેટલું મળશે તેનાજ વિચારમાં મશગુલ હોય છે. એનું મગજ તો તેવાજ ખ્યાલોથી ભરેલું હોય છે. એ તો બિચારો લીલામ પોકારનાર પર મીટ માંડીને માગણીઓ સાંભળતો બેઠો હોય છે. માગણીઓ કેવી ઝપાટાબંધ આગળ વધે છે તે સાંભળવામાં તે તલ્લીન થયો હોય છે. જેઓ ખરીદવા આવ્યા હોય છે તેઓ પણ ચિત્રની મઝા લઇ શકતા નથી. ચિત્રનો ઉપભોગ તો તેજ માણસ કરી રહ્યો છે, કે જે ત્યાં આગળ વેચવા અગર ખરીદવાના ઇરાદા વગર ગયો છે. તે ચિત્ર તરફ જુએ છે અને તેમાંથી મળતો આનંદ ભોગવે છે. એ પ્રમાણે આખું જગત પણ એક ચિત્રજ છે; અને જ્યારે પોતાની બધી વાસનાઓનો અંત આવી જશે, ત્યારેજ મનુષ્યને તેનો ખરો આનંદ આવશે તથા આ

વેચવા ખરીદવાનો સોદો અને એવાજ બીજા મૂર્ખાઇભરેલા ખ્યાલોનો અંત આવશે. ધીરધાર કરનાર જતો રહેતાં, ખરીદનાર અદૃશ્ય થતાં અને વેચનાર ગેબ થતાં, આ જગત એક ચિત્ર–સુંદર મનમોહક ચિત્ર જેવુંજ રહે છે. નીચે લખેલી ઈશ્વરીય ધારણા કરતાં વધારે સરસ ને સુંદર ધારણા મારા વાંચવામાં કયાંય કદી આવી નથી. કહે છે કે "તે એક મહાન કવિ છે–જૂનામાં જૂનો કવિ છે. જગત અથવા બ્રહ્માંડ તેનું કાવ્ય છે; તેમાં અનેક ટુકો, અનેક છંદો ને અનેક તાલ હોઇ તે અનંત આનંદોલ્લાસમાં લખાયું છે." અર્થાત્ કે બ્રહ્માંડ એ બ્રહ્મરૂપી મહાકવિનું એક મહાકાવ્ય છે. તે કાવ્ય આપણે જ્યારે બધી વાસનાઓનો ત્યાગ કરી રહીશું, ત્યારેજ સમજી શકીશું અને તેનો આનંદ લૂંટી શકીશું. ત્યારે સર્વ કંઇ બ્રહ્મરૂપ જણાશે. જગતના ખૂણા ખોચરા, ગલીઓ ને કુંજો જે અત્યાર સુધી આપણને અંધકારમય અને અપવિત્ર લાગતાં હતાં તે બધાંજ દિવ્ય બની જશે. તેઓ પોતે પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકાશશે. તે જોઇ અત્યાર સુધીની આ બધી હાયફૂટ એ માત્ર છોકરાંની રમત હતી અને તે રમત આપણે બાજુએ ઉભાં ઉભાં જોતાં હતાં; એ વિચારથી આપણે આપણા મનમાં હસીશું.

તેથી વેદાંત કહે છે કે, તમારૂં કામ તો કરોજ, પણ તે આવી રીતે કરો:–વેદાંતની પહેલી સલાહ તો એજ છે કે, દેખીતા પ્રાપંચિક જગતનો ત્યાગ કરીને કામ કરો; એનો અર્થ એટલોજ કે પ્રભુને સર્વત્ર પેખો અને સર્વ કશામાં તેને પેખીનેજ તમારૂં કામ કર્યે જાઓ. મરજી હોય તો ભલે સો વર્ષ જીવવાની ઈચ્છા કરો કે ભલે પાર્થિવ સુખોની વાસના રાખો; પણ માત્ર એટલું કરો કે પ્રથમ તેમને દિવ્ય બનાવો યાને તેમાં પ્રભુને નિહાળો અને પછીજ તે વાસનાઓ પૂરી કરો. પછી મરજી હોય તો જગતમાં રહીને બીજાઓને મદદરૂપ થઇને લાંબું જીવવાની ઇચ્છા ભલે ધરો. આવી રીતે કામ કરતાં કરતાં તમને મુક્તિનો ખરો રસ્તો જરૂર જડશે; એ સિવાય બીજો રસ્તોજ નથી. સત્યને જાણ્યા વગર જે માણસ સંસારના વિષયવિલાસમાં આંધળીઆં કરી ઝંપલાવે છે, તે માણસ અવળે માર્ગે ચઢી જાય છે, અને કદીએ ધારેલા લક્ષ્યને પહોંચી શકતો નથી. તથા જે માણસ કશું જાણ્યા સમજ્યા વિનાજ જંગલમાં ભાગી જઇ કડક અને શુષ્ક બની જાય છે તે માણસ પણ ખરો રસ્તો ચૂકી જાય છે. એ બંને અંતિમ બિંદુઓ હોઈ બે છેડાની બે મહાન ભૂલો છે. બન્ને માર્ગે વિચરનારા માર્ગ ભૂલ્યા છે, બન્ને પોતાનું ધ્યેય ચુકયા છે.

તેથી વેદાંત કહે છે કે, પ્રભુને સર્વ વસ્તુમાં સ્થાપન કરીને અને સર્વ કશામાં તેને નિરખીને કામ કરો. એજ આપણું પરમ

કર્તવ્ય છે, અને એ પ્રમાણે આપણે કરી શકીએ એટલુંજ આપણે પ્રભુ પાસે યાચવાનું છે. પ્રભુ સર્વ દશામાં છે; આમ સમજીનેજ આપણે કામ કરવું જોઇએ. એ એકજ રસ્તો છે, બીજો છેજ નહિ. એમ કરીશું તો કાર્યના ફળનું બંધન આપણે માટે નહિ રહે. આપણે જે જે દુઃખો અને અનિષ્ટો ભોગવીએ છીએ, તે બધાંયનું કારણ આપણી જૂઠી વાસનાઓ છે, એ તો આપણે જોઈ ગયાં છીએ. પરંતુ તે વાસનાઓને જ્યારે પ્રભુભાવદ્વારા દિવ્ય અને શુદ્ધ બનાવવામાં આવે છે, ત્યારે પછી તે કોઇ અનર્થ કે દુઃખના કારણરૂપ નથી રહેતી. આ રહસ્ય જેઓ નથી સમજતા, તેમને તે સમજતાં સુધી આસુરી જગતમાં રહેવું પડે છે. પોતાની ભીતર, પોતાની આસ-પાસ ચોમેર અને સર્વત્ર, સુખાનંદની કેવી અનંત ખાણ આવી રહી છે, તેની ઘણા જણને ખબર નથી હોતી; એ અદ્‌ભુત ખાણનો પત્તો હજી તેમને નથી લાગ્યો હોતો. આસુરી અથવા પૈશાચિક જગત એટલે શું ? વેદાંત કહે છે કે “અજ્ઞાન!”

કારણ કે મોટા મહાનદને કિનારે બેઠા છતાં આપણે તરસથી પીડાઇએ છીએ, અને અનાજના ઢગલા આગળ બેઠા છતાં ભૂખે મરીએ છીએ. જગત આનંદથી ભરેલું છે, છતાં આપણે તેને માટે ફાંફાં મારીએ છીએ. આપણે સઘળો વખત તેમાંજ—આનંદધામમાંજ રહીએ છીએ, છતાં હમેશાં આપણે તેને ભૂલી જઇએ છીએ. એ આનંદ-ધામ મેળવી આપવા ધર્મ આપણને સહાય કરે છે. એ આનંદધામ માટેની તાલાવેલી તો બધાંજ હૃદયમાં હોય છે, ધીજ પ્રજા તેને ખોળી રહી છે, બધા ધર્મોનું તેજ ધ્યેય છે અને બધાજ ધર્મોમાં જૂદી જૂદી ભાષામાં પણ એનેજ આદર્શ ગણવામાં આવ્યું છે. માત્ર ભાષાનાજ ભેદને લીધે આ બધા દેખીતા તફાવતો-દેખીતા મતભેદો ઉભા થાય છે. એક જણ એક વિચાર એક રીતે દર્શાવે છે; ત્યારે બીજો સહેજ બીજી રીતે તે જણાવે છે; તથાપિ દરેક જણનો ભાવાર્થ તો સામાવાળો બીજી ભાષામાં જે કહી રહ્યો હોય છે તેને આબેહુબ મળતો હોય છે.

આ સંબંધમાં અહીં વિશેષ સવાલો ઉભા થાય છે. કોઈ કહેશે કે “સર્વત્ર પ્રભુદર્શન કરો, એમ મોઢે કહેવું તો સહેલું છે, પણ એ ઉપદેશ આચરણમાં ઉતારવો કઠણ છે. પ્રભુને સર્વત્ર અને સર્વ દશામાં જુઓ, એ વાત બચપણમાંથી મારે કાને પડી છે, અને મને લાગ્યું પણ છે કે એમ કરવાથીજ હું સંસારનો યથાર્થ ઉપભોગ કરી શકીશ. પરંતુ સંસારના રગડામાં પડતાંજ અને સંસાર-ની બે ચાર થાપટો પડતાંજ, એ વિચાર ક્યાંનો ક્યાં ઉડી જાય છે. પ્રત્યેક માણસમાં પ્રભુનો વાસ છે એવો વિચાર કરતો કરતો હું રસ્તામાં ચાલું છું; એવામાં એક બળવાન માણસ પડખેથી

આવી મને હડસેલો મારે છે, અને હું ચતોપાટ પડી જાઉં છું. પછી તો હું મુઠ્ઠી વાળી ઝટપટ ઉભો થઇ જાઉં છું, મારૂં મગજ તપી જાય છે અને પ્રભુનું પ્રતિબિંબ ક્યાંનું ક્યાંય જતું રહે છે. તુરતજ હું ગાંડોતુર બની જાઉં છું, બધુંજ વિસરાઇ જાય છે અને મારી સામે હું પ્રભુને બદલે સેતાન ઉભેલો જોઉં છું." વાત તો ખરી છે. જન્મતાં-વેંતજ આપણા કાન ફુંકવામાં આવ્યા હોય છે કે, પ્રભુને સર્વ ઠેકાણે અને સર્વમાં જુઓ. ભગવદ્ગીતામાં અને બાઇબલમાં પણ એ જ કહ્યું છે. આપણને બધાયને એ દીક્ષા મળી હોય છે, છતાં જ્યારે તેને વર્તનમાં મૂકવાનો પ્રસંગ આવે છે, ત્યારેજ ખરી મુશ્કેલી શરૂ થાય છે. ઇસપનીતિમાંની સાબરની વાત તો બધાંને યાદજ હશે. એક સુંદર સાબર એક તળાવને કાંઠે ઉભું ઉભું પોતાના બચ્ચાને કહેતું હતું કે "જો, હું કેવું બળવાન પ્રાણી છું, મારૂં માથું કેવું ભવ્ય છે! મારા અવયવો સામું તો જો, તે કેવા મજબૂત અને પુષ્ટ છે! અને હું દોડી પણ કેવું ઝપાટાબંધ શકું છું!" એવામાં આઘેથી શિકારી કૂતરાઓના ભસવાનો અવાજ આવે છે. તે સાંભળતાંજ સાબર ઉભી પૂંછડીએ છ+પાંચ ગણવા મંડી પડે છે, અને કેટલાક માઇલ સુધી દોડયા બાદ તે હાંફતું હાંફતું પાછું આવે છે. એટલે બચ્ચું કહે છે કે "મા! તું તો હમણાંજ મને કહેતી હતી કે તું બહુ બળવાન છે, અને છતાં કૂતરાનો અવાજ કાને પડતાં તને નાસી જવાનું કેમ સૂઝયું?" સાબરે જવાબ આપ્યો "હા, બેટા! એ ખરૂં, પણ જ્યારે હું કૂતરાઓને ભસતા સાંભળું છું, ત્યારે મારી તમામ સમજણ ઉડી જાય છે." આપણો પણ આવોજ કિસ્સો છે. આપણે પણ મનુષ્યજાત માટે ઉંચા ઉંચા મતો બાંધીએ છીએ, આપણે પોતાને બળવાન અને બહાદૂર સમજીએ છીએ અને મોટા મોટા નિશ્ચયો કરીએ છીએ. પરંતુ કસોટી અને લાલચના કૂતરા જ્યાં ભસવા માંડે છે કે તરતજ આપણી દશા પણ ઇસપનીતિમાંના સાબર જેવી થઇ જાય છે, વસ્તુસ્થિતિ જો આવીજ છે તો પછી કોઈ પૂછશે કે, આ બધા ઉપદેશો અને આ બધી સલાહો જાણવા શીખવા-નો ઉપયોગ શું? પરંતુ ભાઇઓ! એમ ઉતાવળા ન થાઓ. એનો ઉપયોગ તો ઘણો મોટો છે. યાદ રાખો કે, ખંત અને સબુરીજ અંતે જીતશે. ઉતાવળે આંબા પાકતા નથી. મહાન કાર્યો એક દિવસ-માં કંઇ સધાતાં નથી. ખંત અને સબુરી સેવશો, તો અંતે તમને વિજય જરૂર મળવાનો યાને એ ઉપદેશ તમને જરૂર ફળવાનો.

આત્મપ્રાપ્તિ એ આપણો આદર્શ છે. વેદાંત કહે છે કે "આ આત્માવિષે પ્રથમ શ્રવણ કરવું જોઇએ, પછી તેના પર મનન કરવું જોઇએ અને ત્યાર પછી તેનું ધ્યાન ધરવું જોઇએ." આદર્શ દૂર હોય તેથી શું થયું? આકાશ તો પ્રત્યેક જણ જોઇ શકે છે, જમીનપર

પેટે ચાલતો કીડો પણ ભૂરા આકાશને જુએ છે; પણ–પણ તે કેટલું દૂર છે! શરીરસહિત આકાશને પહોંચવું કેટલું કપરું છે! આપણા આદર્શ અથવા ધ્યેયની બાબતમાં પણ એમજ સમજવાનું છે. બેશક તે આપણાથી અત્યંત આઘે હોય છે, છતાં આપણે જાણીએ છીએ કે તેને પ્રાપ્ત કર્યા વગર આપણો છૂટકો નથી. મનુષ્યમાત્રની જીંદગીમાં કોઇ ને કોઇ આદર્શ અવશ્ય હોવો જોઇએ–અને તો ઉચ્ચમાં ઉચ્ચ પ્રભુપ્રાપ્તિનો આદર્શ હોવો જોઇએ. કમનસીબની વાત છે કે, મનુષ્યો-ના ઘણા મોટા ભાગને જીંદગીમાં કોઇ પણ જાતનો આદર્શજ નથી હોતો. આદર્શરૂપી દીપકના અભાવે તેમનું જીવન ઘોર અંધારી ગુફા જેવું હોય છે અને એ ઘોર અંધારામાં તેઓ આખી જીંદગી અટવાયા કરે છે. આદર્શવાળા મનુષ્યને હાથે ભૂલો તો થાય છે, પણ જો એની ભૂલોનું પ્રમાણ હજાર જેટલું હશે તો ખચિત માનજો કે, આદર્શહીન મનુષ્યની ભૂલોનું પ્રમાણ પચાસ હજાર જેટલું હશે. તેથી જીંદગીમાં કોઈ પણ જાતનો આદર્શ સેવવો એ અત્યંત બહેતર છે; અને એ આદર્શવિષે આપણે જેમ બને તેમ વધારે ને વધારે તથા એટલી હદ સુધી જાણવું-સાંભળવું જોઇએ, કે જેથી તે આપણા હૃદયમાં ઉતરે, મગજમાં ઠસે, નસોમાં વહેવા માંડે, લોહીના પ્રત્યેક બિંદુમાં ભળે અને આપણા શરીરના છિદ્રછિદ્રમાં તે વ્યાપી જાય. આવું થાય ત્યાંસુધી તે વિષે શ્રવણ કરવું જોઇએ, મનન કરવું જોઇએ અને પછી તેનું ધ્યાન ધરવું જોઇએ. અર્થાત્ કે આપણા આ સર્વોત્કૃષ્ટ આદર્શની પ્રાપ્તિ અર્થે આપણે આત્મ-તત્ત્વનું પ્રથમ શ્રવણ કરવું જોઇએ; કેમકે કહ્યુંજ છે કે "જેવું હૈયે તેવું હોઠે"-હૈયું ભરપૂર બનતાંજ મુખ બોલવા માંડે છે અને હાથ કામ કરવા માંડે છે.

વિચારજ આપણી સઘળી કાર્યપ્રવૃત્તિનો નિયામક છે, વિચાર-જ આપણી અંદર કાર્યપ્રેરક પ્રધાન શક્તિ છે. તેથી મનને ઉંચામાં ઉંચા વિચારોથી ભરી કાઢો શી રીતે? તો કે રોજ ને રોજ એ ઉંચા વિચારોનું શ્રવણ અને મનન કર્યાં કરો. નિષ્ફળતાને ગણકારો નહિ. નિષ્ફળતાઓ તો સ્વાભાવિક છે. નિષ્ફળતા વગર જીંદગીનું કાવ્ય યાને જીવનનો રસ ક્યાં રહેત? માટે પરિશ્રમ અને ભૂલોની તો પરવાજ ન કરો. ગાય જૂઠું બોલતી કદી સાંભળવામાં આવી નથી, પણ અંતે તો તે માત્ર ગાયજ છે, માણસ કદી નથી. માટે આ નિષ્ફળતાઓ અને ક્ષુદ્ર ક્ષતિઓની પરવા મુદ્દલ ધરો નહિ. એકના એક આદર્શને હજાર વાર હૃદયમાં સ્થાન આપવું પડે તો આપો, અને એ હજારે વાર નિષ્ફળ નીવડો તોપણ ફરી ફરીને પ્રયત્ન કરો. પ્રયત્ન કરવો છોડો નહિ. પદાર્થમાત્રમાં પ્રભુને પેખવો, એ મનુષ્ય-નો મહાન આદર્શ છે. પરંતુ જો તમે એને પદાર્થમાત્રમાં જોઇ

શકતા ન હો, તો પ્રથમ એને એકજ વસ્તુમાં જુઓ કે જે તમને વહાલામાં વહાલી હોય. તે પછી બીજી વસ્તુમાં એને જુઓ અને એમ કરતાં કરતાં પછી બધાજ પદાર્થમાં એના દિદાર દેખો. આત્મા સમક્ષ જીવન તો અનંત પડયું છે. જીવનની ખોટ તમને પડવાની નથી. ઉદ્યમ જારી રાખો અને તમારો બેડો અંતે પાર પડશેજ.

આ આદર્શ અને તેને પ્રાપ્ત કરનારનું વર્ણન કરતાં ઇશોપનિષદ્‌માં કહ્યું છેઃ–

अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन् पूर्वमर्षत् ।
तद्धावतोऽन्यानत्येतितिष्ठत् तस्मिन्नयो मातरिश्वादधाति ॥
तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके । तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥
यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्व भूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥
यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥ (ઇશો૦–૪ થી ૭)

અર્થાત્ "તે આત્મા અચળ અને એક હોઇ મન કરતાં વધારે વેગવાન છે. તેની દોડને કોઇ પહોંચી શકતું નથી. તે ઉભો રહ્યો હોય છતાં પણ મન અને વિચાર જેવા વેગવાન પદાર્થો પણ તેનાથી આગળ જઇ શકતા નથી. તે ચંચળ છે, તેમ સ્થિર છે; તે દૂર છે તેમ નિકટ છે; તે બધાંની ભીતર છે તેમ બહાર પણ છે. એવા આત્માની અંદર જે માણસ સર્વ ભુતમાત્રનું દર્શન કરે, તેમજ સર્વ ભૂતમાત્રમાં આત્માને જુએ. તે માણસને કંઇજ સંતાડવાનું મન થતું નથી; કારણ કે એ અવસ્થામાં જ્ઞાનીને મન સર્વ પ્રાણી આત્મરૂપ થઇ જાય છે. એની આડે માયાનો પડદો રહી શકતોજ નથી. એવી અવસ્થાને પ્રાપ્ત થયેલા–સર્વત્ર એક જોનારા પુરુષને પછી શોક કેવો કે મોહ કેવો ?"

'જીવનનું આ એકત્વ યાને પદાર્થમાત્રનો અભેદ'–એ બીજો મહાન પાઠ વેદાંત શીખવાડે છે. આગળપર વેદાંત એ સપ્રમાણ સાબીત કરશે કે, આપણું સઘળું દુઃખ અજ્ઞાનમાંથી જન્મે છે અને એ અજ્ઞાન અનેકપણાના ખ્યાલથી–મનુષ્ય મનુષ્ય વચ્ચેના, પ્રજા પ્રજા વચ્ચેના, પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અને ચંદ્ર તથા સૂર્ય વચ્ચેના ભેદભાવથી પ્રગટે છે. પરમાણુ પરમાણુ વચ્ચેના ભેદભાવનો આ ખ્યાલ બધાં દુઃખનું મૂળ છે; પરંતુ વેદાંત કહે છે કે, એવો ભેદભાવ વસ્તુતઃ છેજ નહિ; જણાય છે તે ખરો નથી. જણાતો ભેદભાવ એ તો માત્ર દેખીતો ઉપરછલ્લો યાને સપાટીપરનો છે. પદાર્થોના અંતરમાં તો હજીયે એકત્વ રહેલું છે. સપાટી નીચે ઉતરી

જોવાનો પ્રયત્ન કરશો તો મનુષ્ય મનુષ્ય વચ્ચેનું, જાતિ જાતિ વચ્ચેનું, ઉંચ ને નીચ વચ્ચેનું, દેવતાઓ અને મનુષ્ય વચ્ચેનું અને માણસો તથા પશુઓ વચ્ચેનું આ એકત્વ તમને જણાયા વગર નહિ રહે. હજી પણ વધારે ઉંડે તમે જશો, તો એ બધાં એકજ તત્ત્વનાં માત્ર વિભિન્ન રૂપો જણાશે. આ એકત્વનો ખ્યાલ જેણે અનુભવ્યો છે અને જે એકત્વદર્શી થયો હોય છે, તેને માટે મોહ રહેતોજ નથી. મોહ તે એને શેનો થાય? પ્રત્યેક પદાર્થનું પ્રકૃત સ્વરૂપ, પ્રત્યેક વસ્તુનું રહસ્ય તો એ જાણતો હોય છે. એને દુઃખ પણ શેનું ધરવાનું હોય? કારણ કે એને વાસના તો હોતીજ નથી. પ્રત્યેક વસ્તુનું સત્ય સ્વરૂપ શોધતાં એને પ્રભુસ્વરૂપનીજ પ્રાપ્તિ થઇ હોય છે; અને પ્રભુજ સર્વ ચીજનું કેન્દ્ર ને એકત્વસ્વરૂપ છે એવી એની પ્રતીતિ થઇ હોય છે: અને પ્રભુ પોતે તો નિત્ય સત્, નિત્ય ચિત્ (જ્ઞાન) અને નિત્યાનંદરૂપ છે. એવા સચ્ચિદાનંદસ્વરૂપની ઝાંખી થયા પછી તેને બીજી વાસના શેની હોય? એ સચ્ચિદાનંદ-સ્વરૂપમાં મૃત્યુ નથી, વ્યાધિ નથી, શોક નથી, દુઃખ નથી તેમ અસં-તોષનો પણ અભાવ છે. સંપૂર્ણ એકત્વ અને સંપૂર્ણ આનંદ સિવાય અન્ય કશું છેજ નહિ. તો પછી તેને શોક કરવાનો પણ કોનો હોય? વસ્તુતઃ તે આનંદધામમાં, તે સત્ય સ્વરૂપમાં મૃત્યુ કે દુઃખ જેવું છેજ નહિ; તેમજ રડનાર કે રડાવનાર પણ કોઇ યા કશું નથી. એ પ્રભુનું સ્વરૂપ કેવું છે તે હવે જુઓઃ—

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतोऽर्थान्
व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥

(ઇશોપનિષદ્–૮ શ્લોક)

અર્થાત્ "તે ચોમેર સર્વત્ર વ્યાપેલો છે. તે ઉજ્જવલ યાને શુદ્ધ છે, અશરીરી છે, વ્રણરહિત છે, સ્નાયુશૂન્ય છે, પવિત્ર અને નિષ્પાપ છે; વળી તે કવિ છે, મનનો નિયંતા છે, સર્વમાં શ્રેષ્ઠ છે, અને સ્વયંભૂ છે; તે નિરંતર સર્વ જનોની કામના યથાયોગ્ય પૂરી કરે છે." આવા પ્રભુરૂપને ન જાણતાં જેઓ અવિદ્યામય યાને અજ્ઞાનમાંથી જન્મેલા જગતને સાચું માનીને ભજ્યા કરે છે, તેઓ અંધારામાં ફાંફાં મારે છે; અને જેઓ આખો જન્મારો આ જગતમાં જીવ્યા છતાં તેમાંથી કંઇ વધારે સારૂં કે વધારે ઉંચું તત્ત્વ પ્રાપ્ત કરતાં નથી, તેઓ તો તેના કરતાં પણ વધારે ગાઢા અંધકારમાં અટ-વાય છે એમ સમજવું. પરંતુ જેને પરમ સુંદર પ્રકૃતિનું રહસ્ય જ્ઞાત થાય છે, અને જે પ્રકૃતિની સહાયથી પ્રકૃતિથી પર એવા એ પરમાત્માને જુએ છે તે મૃત્યુને તરી જાય છે અને એ પરમ તત્ત્વની યાને પરિબ્રહ્મની સહાયથી અમૃતત્વના અનંત આનંદનો ઉપભોગ

કરતાં સ્તવે છે:-

हिरण्मयेन पात्रेण सत्यस्यापि हितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्य धर्माय दृष्टये ॥

× × × ×

तेजो यत्ते रूपं कल्याणतमम् ।
तत्ते पश्यामि योऽसावसौ पुरुषः सोऽहमस्मि ॥ (ઇશો૦-૧૫-૧૬)

અર્થાત્ "હે સૂર્ય ! તારા હિરણ્યમય બિંબતળે તેં સત્યને ઢાંકી રાખ્યું છે. એ ઢાંકણને તું જરૂર ખસેડી લે કે જેથી હું એ સત્યનાં દર્શન કરી શકું. × × × × તારી અંદર રહેલા સત્યને મેં જોયું છે, તારાં કિરણો અને ગૌરવનો શો અર્થ છે તે હું સમજ્યો છું, અને તારી અંદર જે તત્ત્વ ચમકી રહ્યું છે તે મેં નિરખ્યું છે. તારી અંદરનું કલ્યાણકારી સત્ય મેં જોયું છે, અને જે તારી અંદર છે તેજ મારી અંદર પણ છે-હું તેજ છું-એજ છું."



૮—अपरोक्षानुभूति याने साक्षात्कार*

આજે હું તમોને કઠોપનિષદ્ નામના બીજા એક ઉપનિષદ્માંથી થોડુંક વાંચી સંભળાવું છું. આ ઉપનિષદ્ સર્વ ઉપનિષદોમાં સરળમાં સરળ છતાં સૌ કરતાં વધારે કાવ્યમય છે. એનો અનુવાદ અંગ્રેજી ભાષામાં સર એડ્વિન આર્નોલ્ડને હાથે 'સિક્રેટ ઑફ ડેથ—યાને મૃત્યુનું રહસ્ય'—એ નામે થયેલો છે. તે કદાચ તમારામાંનાં કેટલાંક જણે વાંચ્યો પણ હશે. 'સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે ને શેમાંથી થઈ'—એ પ્રશ્નનો ઉત્તર બાહ્યજગતમાંથી સંતોષકારક રીતે ન મળતાં લોકોની દૃષ્ટિ આંતરજગત પ્રતિ વળવા પામી, એ તો આપણે આગલા વ્યાખ્યાનમાં જોઈ ગયા. તે મુજબ કઠોપનિષદની અંદર મનુષ્યના આંતરસ્વભાવમાં શોધખોળ શરૂ થાય છે—અર્થાત્ કે મનુષ્યના આંતરભાગમાં પ્રવેશી ઉપલા પ્રશ્નનો સંતોષકારક ખુલાસો પ્રાપ્ત કરવાનો કઠોપનિષદમાં પ્રયત્ન થયેલો છે. અત્યારસુધી એ પ્રશ્ન આગળ કરવામાં આવતો હતો કે, આ બાહ્ય જગત કોણે અને કેવી રીતે પેદા કર્યું ? પણ તેને ઠેકાણે હવે એવો પ્રશ્ન ઉપાડી લેવામાં આવ્યો કે, મનુષ્યની અંદર એવી કયી વસ્તુ છે કે જે તેને જીવિતદશામાં રાખે છે, તેને હલન-ચલનની શક્તિ આપે છે અને જે જતી રહેતાં તે મૃત્યુ પામેલો લેખાય છે ? વળી, મૃત્યુ પછી મનુષ્યની અંદર રહેલી તે વસ્તુની શી દશા થાય છે તે પ્રશ્ન પણ છણાવા માંડયો. આરંભના તત્ત્વચિંતકોએ જડ જગતનો આધાર લઈને તેનાદ્વારા અંતિમ નિર્ણય પર આવવાની ચેષ્ટા કરી. પરિણામે તેઓ એવા નિર્ણય પર આવે છે કે આ જગતનો કોઈ એક શાસનકર્તા છે, ને તે શાસનકર્તા અતિશય વિરાટ્ હોવા છતાં માનવદેહધારી થઈ માનવીનાં લક્ષણયુક્ત થયો છે—અર્થાત્ કે આ શોધને પરિણામે જે એક વ્યક્તિને જગતના ઉત્પાદક, ચાલક અને શાસનકર્તાતરીકે સ્વીકારવામાં આવી તેનામાં મનુષ્યનાં ગુણલક્ષણો પણ મોટા પ્રમાણમાં આરોપિત કરવામાં આવ્યાં, બીજાં માનવપ્રાણીઓ કરતાં તેનું પદ અતિ ઘણું ભવ્ય ને ગૌરવશાળી લેખવામાં આવ્યું; છતાં તે વ્યક્તિને વ્યવહારમાં તો એક માનવ

---

* લંડનમાં આપેલું વ્યાખ્યાન, તા. ૨૯-૧૦-૧૮૯૬

વ્યક્તિતરીકેજ ચીતરવામાં આવી. એટલે આ શોધ, આ નિર્ણય આંશિક સત્ય હતું અને નહિ કે પૂર્ણ સત્ય. કેમકે આપણે મનુષ્યો જગતને જે નિહાળીએ છીએ તે મનુષ્યદૃષ્ટિએ નિહાળીએ છીએ, કિંબહુના આપણું જગત મનુષ્યસૃષ્ટિમાંજ પરિસમાપ્ત થાય છે અને તેથી જગતના ઉત્પાદક અને નિયંતા ઇશ્વરને આપણે માનવ-રૂપધારી આલેખીએ છીએ તે ઠીક છે.

પણ ધારો કે, કાલે ઉઠીને ગાય અને ઘોડા જેવા પ્રાણીવર્ગમાં તત્ત્વચિંતકો પેદા થાય અને તેમને પોતપોતાનો ઇલાયદો ધર્મ હોય, તો તે પ્રાણીઓ જગતને પોતપોતાની દૃષ્ટિએ નિહાળશે; તેમને મન જગત એટલે ગાયની કે ઘોડાનીજ સૃષ્ટિ. આનું પરિણામ એ આવવાનું કે, આ પ્રાણીવર્ગના તત્ત્વચિંતકો જગતની મીમાંસા પોતપોતાની દૃષ્ટિએજ કરવાના. ગાય કે ઘોડાને મન જગતનો ઉત્પાદક ને ચાલક કોઇ હુંશિયાર ગાય કે ઘોડોજ હોવાનો. તે પ્રાણીઓ બિચારાં આપણે મનુષ્યોએ કલ્પેલો ઇશ્વર કેમે કર્યો નહિ સમજી શકવાનાં, તો પછી સ્વીકારવાની તો વાતજ શી? એજ પ્રમાણે બિલાડાંની સૃષ્ટિમાં જો તત્ત્વચિંતકો પાકે તો તેઓ આખી સૃષ્ટિને બિલાડાંનીજ સૃષ્ટિતરીકે જોવાનાં અને તેમનો ઇશ્વર પણ એક ભવ્ય અને ગૌરવશાળી વિરાટ બિલાડોજ હોવાનો. આ ઉપરથી આપણે સ્પષ્ટ જોઇ શકીશું કે, જગતવિષયક આપણા માનવી તત્ત્વચિંતકોનો નિર્ણય સંપૂર્ણાંશે સત્ય નહોતો; તેમજ જગતસંબંધી આપણી માનવી ધારણા પણ સર્વાંગસ્પર્શી—સંપૂર્ણ માહિતીવાળી—સર્વાંશે સમજણવાળી—નહોતી. એ પ્રકારની ભયંકર અલ્પજ્ઞ મીમાંસા સ્વીકારતાં તો આપણને મોટા ચક્કર—ભમરમાં પડવું પડે; અર્થાત્ બાહ્યજગતપરથી જગતની મીમાંસા કરવાથી જે પરિણામ પ્રાપ્ત થાય છે તેમાં દોષ એ રહેલો છે કે, આપણે જે જગત જોઇએ છીએ, તે જગત આપણા પોતાના પૂરતુંજ હોય છે; કિંબહુના **સત્ય** કિંવા **વાસ્તવિક સ્વરૂપ** વિષેની આપણી જેવી ને જેટલી ભાવના હોય છે તેવી અને તેટલીજ આપણી ઇશ્વરસંબંધી કલ્પના હોય છે. કારણ કે એ **સત્ય** યાને **વાસ્તવિક સ્વરૂપ** આપણી ઇંદ્રિયોને અગોચર હોઇ આપણી બુદ્ધિને અકળ અથવા નહિ સમજાય એવું છે. અત્યારે આપણે જગતને એટલુંજ માત્ર સમજી શકીએ છીએ કે, જેટલું તે આપણી પંચેંદ્રિયોને જણાયું હોય છે. પણ ધારો કે કાળે કરીને આપણને એક વધારાની ઇંદ્રિય પ્રાપ્ત થઇ, તો પછી સમસ્ત બ્રહ્માંડની આપણી ભાવના અવશ્ય બદલાઇ જવાની. ધારો કે એ વધારાની ઇંદ્રિય જે આપણને પ્રાપ્ત થાય છે તે ચુમ્બક અથવા આકર્ષક ઇંદ્રિય હોય, તો પછી એ ઇંદ્રિયને અભાવે અત્યારે જગતમાં મોજુદ રહેલી જે લક્ષાવધિ શક્તિઓનું આપણને જ્ઞાન કે ભાન નથી, તે

તમામ શક્તિઓનું આપણને ભાન થવા માંડે, એ બનવા જોગ છે. તાત્પર્ય કે, આપણી ઇંદ્રિયો સીમાબદ્ધ છે-રે! અતિશય મર્યાદિત છે, અને એ મર્યાદિત ક્ષેત્રમાંજ આપણું સમગ્ર જગત સમાયલું હોવાથી જગતના ઉત્પાદક ઇશ્વરવિષેની આપણી કલ્પના પણ એ મર્યાદિત જગતને અનુરૂપજ હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ કલ્પના સમગ્ર સમસ્યાના સંતોષકારક ખુલાસારૂપ નથી, કિંબહુના તે ખરો ખુલાસોજ નથી. અને તેથીજ મનુષ્ય એ કલ્પના પામ્યા પછી પણ ત્યાં આગળ થોભતો નથી. મનુષ્ય એ ચિંતાશીલ પ્રાણી હોવાથી વધુ વિચાર કરતાં તેને એ ખુલાસો સર્વાંશે સંતોષકારક નથી લાગતો. પરિણામે તે સમગ્ર સૃષ્ટિઓનું યથાર્થ રહસ્ય સમજાવી શકે તેવો કોઈ ખુલાસો મેળવવાનું મન કરે છે, અને આગળ મથે છે.

આ ઉદ્દેશની સિદ્ધિ માટે પ્રથમ તો મનુષ્યને એવું એક જગત—એવું એક વિશ્વ જડવું જોઇએ કે જેની અંદર તમામ સૃષ્ટિઓનો સમાવેશ થઈ શકતો હોય-અર્થાત્ એવી કોઈ વસ્તુની પ્રાપ્તિ થવી જોઇએ કે જે એકજ વસ્તુ પોતે પ્રાણીઓની પંચેંદ્રિયોને ગમ્ય તેમજ અગમ્ય તમામ પ્રકારના અસ્તિત્વમાં, માળાના મણકાઓમાં વ્યાપી રહેલા સૂત્રની માફક સમાન રીતે વ્યાપી રહેલી હોય. એવી કોઈ વસ્તુ-નિકૃષ્ટ તેમજ ઉત્કૃષ્ટ સૃષ્ટિમાં સમાન રીતે વ્યાપી રહેલી વસ્તુ હાથ લાગે તોજ આપણી આગળ ઉપસ્થિત થયેલી સમસ્યાનો નિર્ણય શક્ય બને. એ અવિચ્છિન્ન વસ્તુ—એ સમાન તત્ત્વ ઇંદ્રિયાતીત હોય તેની ફિકર નહિ, પણ એવું કોઇ તત્ત્વ સર્વત્ર સમાનભાવે મોજુદ છે એવું કેવળ તર્કથી પણ જો સિદ્ધ કરી શકાય તો આપણી આ સમસ્યાનો તોડ થોડો ઘણો પણ હાથ લાગ્યો ગણાય. પરંતુ એ તોડ અગર નિર્ણય આપણે જે જગત જોઇએ છીએ અને અનુભવીએ છીએ, તેના દ્વારા તો ખચિતજ આપણને લાધશે નહિ. કેમકે આ ઇંદ્રિયગમ્ય જગત તો સમગ્ર બ્રહ્માંડનો અમુક એક અંશમાત્ર છે.

તેથી આપણી સમસ્યાની મીમાંસા માટે જગતના આંતરપ્રદેશમાં ઉતર્યા વગર બીજો ઇલાજ નથી. અમારા પ્રાચીન પૂર્વજોને ગાઢ મનનને અંતે માલમ પડેલું કે, કેન્દ્રસ્થ મૂળ વસ્તુથી તેઓ જેમ જેમ છેટા જતા, તેમ તેમ તે અખંડ એક વસ્તુને બદલે વિવિધતા અને ભિન્નતાનો ભાસ થતો, અને જેમ જેમ તે કેંદ્રસ્થ મૂળ વસ્તુની સમીપ આવવાનું થતું, તેમ તેમ સમગ્ર સૃષ્ટિઓમાં એકરૂપતાનું વિશેષ ને વિશેષ પ્રમાણમાં ભાન થતું. અર્થાત્ જડ ચેતન સમસ્ત સૃષ્ટિમાં સમાનભાવે વિલસી રહેલા એક અવિચ્છિન્ન તત્ત્વની સમીપતાથી એકતાનો ભાવ અનુભવાય છે, અને એ મૂળ તત્ત્વથી દૂર દૂર જતાં અનેકતા તથા ભિન્નતાનો ભાસ થાય છે; એ સિદ્ધાંત અમારા પૂર્વજોને હાથ લાગ્યો. આ વાત સૌને સહેલથી સમજાય

તેવી છે. કોઈ એક વર્તુલમાં ઉભાં રહેલાં માણસો પૈકી જેટલાં મધ્યબિંદુની નજીક ઉભાં હોય છે તેટલાં માણસો સમાન ક્ષેત્રમાં હોઇ એકબીજાને અડેલાં યાને એકરૂપ ભાસે છે, અને તેજ વર્તુલ-માંનાં જેઓ કેંદ્રથી આઘે હોય છે, તેઓ એકબીજાથી અલગ જણાય છે. તેવીજ રીતે આ બાહ્ય જગત મૂળ કેંદ્રસ્થ વસ્તુથી બહુ દૂર-સુદૂર હોવાથી તેની અંદર એવું એક સમાન ક્ષેત્ર નથી કે જ્યાં સમગ્ર અસ્તિત્વના ચમત્કાર એકરૂપ દેખાય. ટુંકમાં કહીએ તો આ બાહ્ય યાને ઇંદ્રિયગમ્ય જગત, સમગ્ર સૃષ્ટિ ચમત્કારનો એક અંશ-માત્ર છે. બાહ્ય જગત ઉપરાંત માનસિક, નૈતિક અને બૌદ્ધિક વગેરે બીજાં અનેક જગતના વ્યાપારો છે. તેમાંથી માત્ર એકનોજ વિચાર કરી તે એક ઉપરથી સમગ્ર જગતની—અખિલ બ્રહ્માંડની—સમસ્યા છોડવવાનું કાર્ય કેવળ કપરૂં નહિ પણ અશક્ય છે. તેથી પ્રથમ તો આપણને એવું એક મધ્યબિંદુ હાથ લાગવું જોઇએ કે જેમાંથી અસ્તિત્વની ભિન્ન ભિન્ન ભૂમિકાઓના ફાંટા ફૂટતા હોય. એવા સમાન કેંદ્રને પ્રાપ્ત કરીનેજ આપણે આ જગતવિષયક સમસ્યા યથાર્થ રીતે છોડવી શકીએ. ત્યારે હવે પ્રશ્ન એ રહે છે કે, એ કેંદ્ર યાને એ સમાન મધ્યબિંદુ કયાં છે? તેના જવાબમાં જણાવવાનું કે, તે કેંદ્ર આપણી પોતાની અંદર છે. અમારા પ્રાચીન ઋષિઓએ આભ્યંતર પ્રદેશમાં ઉંડા ને ઉંડા ઉતરીને શોધી કાઢયું છે કે સમગ્ર બ્રહ્માંડનું મધ્યબિંદુ જીવાત્માના ઉંડામાં ઉંડા ભાગમાં રહેલું છે. એ એકજ બિંદુ તરફ સૃષ્ટિમાત્ર યાને વ્યષ્ટિમાત્ર આકર્ષાતી હોઈ તેજ બધાં અસ્તિત્વનું સામાન્ય ક્ષેત્ર છે. એ સામાન્ય ભૂમિકાને પ્રાપ્ત કર્યા પછીજ આપણી આગળની સમસ્યા સર્વાંશે છોડવી શકાય તેમ છે. માટે "આ જગત કોણે નિર્માણ કર્યું"—એ પ્રશ્ન એટલો બધો કંઇ દાર્શનિક નથી, તેમ એ પ્રશ્નના નિરાકરણથી ખાસ કંઈ લાભ જેવું નથી.

આજ બીના કઠોપનિષદમાં અત્યંત અલંકારભરી ભાષામાં વર્ણવાયલી છે, અને તે આ પ્રમાણેઃ—

અસલના વખતમાં એક અત્યંત ધનાઢય મનુષ્ય થઈ ગયો. તેણે એક વખતે એવો એક યજ્ઞ કરવા માંડયો કે જેમાં સર્વસ્વનું દાન કરી દેવું પડે; પણ આ ધનાઢય યજમાનના દેખાડવાના ને ચાવવાના દાંત જૂદા હતા. તેની વૃત્તિ નિખાલસ નહોતી. એને તો નિષ્કામ યજ્ઞના પુણ્યને બદલે યજ્ઞ કર્યાની કીર્તિ અને વાહવાહ મેળવવાની-જ ઇચ્છા હતી. તેથી તે રાજસ્ મનુષ્ય યજ્ઞમાં એવીજ ગાયોનું દાન કરતો હતો કે જે આંધળી, લંગડી કે વાંઝણી હોય. હવે એમ બન્યું કે, એને નચિકેતા નામનો એક પ્રખર બુદ્ધિશાળી પુત્ર હતો તેણે જોઇ લીધું કે તેનો બાપ યજ્ઞના સાત્ત્વિક નિયમોનું યથાર્થ પાલન કરતો નથી, ને શાસ્ત્રવિધિનો ભંગ કરે છે; પરંતુ તીર્થરૂપ પિતાને શું

કહેવું તેની એને કંઈ ગમ પડી નહિ. કારણ કે હિંદુઓનાં બાળકો માતાપિતાને જીવંત દેવતારૂપ લેખે છે. બહુ વિચારને અંતે નચિકેતા પિતાની પાસે ગયો અને અતિશય નમ્રતા તથા વિનયસહિત પૂછવા લાગ્યો કે "પિતાજી ! મને આપ કોને આપવા ધારો છો ? આ યજ્ઞના નિયમ પ્રમાણે તો આપે આપનું સર્વ કંઈ આપી દેવું જોઇશે ને ?" આ પ્રશ્નથી તે ધનાઢ્ય બહુ ખીજાયો અને બોલ્યો કે " શું બકે છે તું મૂર્ખ છોકરા ? એમ કરીએ તો તો પોતાના પુત્રને-તને પોતાને પણ આપી દેવો જોઇએ તે આપી દઉં ? જા, જતો રહે. પુત્રને તે વળી કોઇ પિતા આપી દેતો હશે ?" આમ છતાં નચિકેતાએ શાસ્ત્રના નિયમને આગળ કરી એનો એજ પ્રશ્ન બીજી ને ત્રીજી વાર પણ પૂછ્યો. એટલે તે ક્રોધાયમાન થયેલા પિતાએ ક્રોધમાં ને ક્રોધમાં કહ્યું કે " વારૂ, ત્યારે જા હવે તને હું યમના હાથમાં સમર્પું છું." તે પછીનો કથાભાગ એવો છે કે, નચિકેતા પિતાના સંકલ્પ પ્રમાણે મૃત્યુના દેવ યમરાજાને ત્યાં જાય છે. આ યમ અત્યંત પવિત્ર અને ધર્મિષ્ઠ વ્યક્તિ હોય છે, અને તેના નામ પ્રમાણે તે અત્યંત ચારિત્ર્ય-શીલ તથા સંયમી હોઇ તેના સહવાસમાં પુણ્યાત્માઓ મરણ બાદ ચિરકાળ સુધી વસે છે. એવા પુણ્યાત્માઓ પિતૃદેવોને નામે અને એ સ્થાન યમલોક કે પિતૃલોકને નામ ઓળખાય છે. આ યમલોકમાં નચિકેતા ગયા. પરંતુ તે સમયે યમરાજા કંઇ કામસર બહાર ગયેલા હતા; તેથી નચિકેતાને ત્રણ દિવસસુધી યમરાજાની વાટ જોતાં ઉભા રહેવું પડ્યું. ચોથે દિવસે યમરાજા ઘેર આવ્યા અને નચિકેતાને જોતાંજ બોલી ઉઠયાઃ-

"અહો ! મહાનુભાવ વિદ્વન્ ! તું પૂજવા લાયક અતિથિ હોવા છતાં તારે મારા દ્વારપર ત્રણ દિવસ ભૂખ્યા ને તરસ્યા ઉભા રહેવું પડયું તે માટે હું દિલગીર છું. તને મારાં વારંવાર વંદન હો ! તારાં દર્શનથી મારૂં કલ્યાણ થાઓ ! કાર્યવશાત્ મારે બહાર જવું થવાથી તારે થોભવું પડયું તે માટે મને બહુ લાગે છે; પણ ફિકર નહિ, તેનો બદલો હું વાળી આપીશ. પ્રત્યેક દિવસ દીઠ તું એકેક વરદાન મારી પાસેથી માગી લે; હું તને તે ખુશીથી આપીશ." તે ઉપરથી નચિકેતાએ માગ્યું કે "મહારાજ ! પ્રથમ વરદાન મને એ આપો કે, મારા પિતાનો મારા પ્રત્યેનો ગુસ્સો શમી જાય, અને હું અહીંથી પાછો ફરૂં ત્યારે તે મને ઓળખે અને પ્રસન્નતાપૂર્વક અપનાવે." એ વરદાન યમરાજાએ માગ્યા પ્રમાણે આપ્યું. એટલે બીજા વરદાન-તરીકે નચિકેતાએ સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર કોઇ યજ્ઞવિષે જાણવા-ની ઈચ્છા દર્શાવી. હવે, એ તો આપણે આગળ જોઇ ગયા છીએ કે, વેદના સંહિતાભાગમાં કેવળ સ્વર્ગનીજ કથા મળી આવે છે. આ સ્વર્ગમાં જીવાત્માઓ મૃત્યુ બાદ દિવ્ય શરીરને પ્રાપ્ત કરી

પિતૃઓ સાથે વસવાનું સુખ મેળવતા. તે પછી વળી ક્રમે ક્રમે બીજા ભાવો—બીજા ઉચ્ચતર આદર્શો આગળ આવ્યા; પણ તે કશાથી લોકોના મનનું સર્વાંશે સમાધાન થયું નહિ. આ વિવિધ દિવ્ય લોકની ભાવના કરતાં વધારે ઉચ્ચ વસ્તુની અપેક્ષા હતી; કારણ કે દિવ્ય લોકનો વસવાટ કાંઈ સર્વોપરિ પરમધામ જેવો અને નિત્ય અને પરમાનંદમય હોતો નથી. બહુ બહુ તો ત્યાં જીવાત્માને તંદુરસ્ત અને પુષ્કળ સમૃદ્ધિવાળું જીવન પ્રાપ્ત થાય છે; ભોગવિલાસોની રેલંછેલ ત્યાં ઉડતી હોય છે ને તે ભોગો સ્વચ્છંદે ભોગવ્યા છતાં દેહના આરોગ્યમાં કે સુદૃઢપણામાં કશી ઉણપ આવતી નથી. અર્થાત્ કે સ્વર્ગલોકની ભાવના આ સ્થૂળજગત કરતાં તો બહુ વધારે સુખદાયી છે, તથાપિ બીજી રીતે તો તે પણ સ્થૂળ જગતની પેઠે અસ્થાયી હોઈ પરમધામ (મોક્ષ)ની અપેક્ષાએ તો અણુમાત્ર જેટલી હોય છે. અને એ તો આપણે અત્યાર અગાઉ જોઈ ગયા છીએ કે, સ્થૂળ-જગતની સ્થૂળદૃષ્ટિથી આ વિકટ સમસ્યાનો ઉકેલ થાય તેમ નથી. તેથી સિદ્ધ થાય છે કે, સ્વર્ગવિષયક ગમે તેવી ભાવના પણ એ સમસ્યાનું સંતોષકારક નિરાકરણ કરવાને અસમર્થ છે. કેમકે સ્વર્ગ-લોક એ તો માત્ર આ સ્થૂળ જગતનું સુધરેલું સ્વરૂપ હોઈ જડ છે. સ્થૂળ અથવા જડજગત એ તો અપાર પ્રકૃતિના અનેકવિધ ચમત્કારો-માંનો એક અત્યંત સ્વલ્પ અંશ છે, એ આપણે વિસરવું ન જોઈએ. એ અદ્‌ભુત અને વિશાળ પ્રકૃતિના બીજા જે અસંખ્ય ચમત્કારો આપણે જોઈએ છીએ તે વસ્તુતઃ છેક ભૌતિક યાને જડ નથી.

ઉદાહરણતરીકે, આપણા જીવનની પ્રત્યેક પળ તપાસીશું, તો તેમાં વાસ્તવિક બાહ્ય ઘટનાઓ કરતાં માનસિક કિંવા આંતરિક વ્યાપારોનું પ્રમાણ બહુ વધારે જણાયા સિવાય રહેતું નથી. એ આંતરિક જગતનો વિસ્તાર અહો! કેટલો મોટો છે અને તેની કાર્ય-ક્ષમતા પણ કેવી ભારે છે! એની તુલનામાં ઇંદ્રિયગમ્ય વ્યાપારો અતિ ક્ષુદ્ર ભાસે છે. સ્વર્ગની કલ્પનાથી આ સમસ્યાનું નિરાકરણ કરવા જતાં એક ભૂલ થાય છે, અને તે એ કે, તે સમગ્ર ભાવના, રૂપ રસ ગંધ સ્પર્શ અને શબ્દના વિષયોમાંજ પરિસમાપ્ત થાય છે. પરિણામે આ સ્વર્ગલોકમાં જ્યોતિર્મય દેહની પ્રાપ્તિ થાય છે, એ કલ્પના બધાંના મનને સમાધાનકારક નહોતી; તેમ છતાં નચિકેતા બીજા વરદાનતરીકે સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવનાર કોઈ યજ્ઞવિષે જાણ-વાની માગણી કરે છે. કારણકે વેદોના પ્રાચીન ભાગોમાં એવું વિહિત થયેલું છે કે, યજ્ઞોથી દેવતાઓ પ્રસન્ન થાય છે, ને મનુષ્યોને સ્વર્ગ-માં સ્થાન આપે છે.

આ ઠેકાણે બીજી એક વાત યાદ રાખવાની છે તે એ કે, સર્વ ધર્મોનું નિરીક્ષણ કરતાં આપણને માલમ પડે છે કે, પૂર્વની જે જે

વાતો જૂની થયેલી હોય છે યાને સામાન્ય પ્રચારમાંથી નીકળી ગઇ હોય છે, તે વાતો પવિત્ર મનાય છે. દાખલાતરીકે, હિંદુસ્તાનમાં અમારા પૂર્વજો અસલ ભોજપત્રોપર લખતા હતા; તે પછી તેમના વંશજોએ કાગળ બનાવવાની કળા હસ્તગત કરી કાગળપર લખવા માંડયું; છતાં અત્યારે પણ ભોજપત્રો હિંદુસ્તાનમાં અતિ પવિત્ર વસ્તુ ગણાય છે. એવીજ રીતે પ્રાચીનકાળમાં જે વાસણોમાં તેઓ રાંધતાં હતાં તેમાં સુધારા થતાં પ્રાચીન વાસણો પવિત્ર વસ્તુતરીકે લેખાવા લાગ્યાં. આ જાતની ભાવના લગભગ બધેજ હોય છે, છતાં હિંદુસ્તાન જેટલી પ્રબળ તે કોઇ ઠેકાણે જોવામાં નથી આવતી. બે લાકડીઓના ઘર્ષણથી અગ્નિ પેદા કરવા જેવી નવ કે દશ હજાર વર્ષ જેટલી જૂની રીતોનું હજુ પણ પાલન થતું દેખાય છે. યજ્ઞ વખતે બીજી રીતે પ્રાપ્ત કરેલો અગ્નિ ચાલેજ નહિ; તેમાં તો પવિત્ર મનાયલી અસલની ઢબેજ અગ્નિ ઉત્પન્ન કરાવો જોઇએ. એકલા હિંદુસ્તાનના આર્યોવિષેજ આવો પ્રકાર છે એમ નથી; પરંતુ એશિયાવાસી આર્યોની બીજી એક શાખા વિષે પણ તેવુંજ છે. તેમના અર્વાચીન વંશજો પોતાનો પવિત્ર અગ્નિ અત્યારે પણ વિધુતદ્વારા પ્રાપ્ત કરી જગતને દર્શાવે છે કે, તેમના પૂર્વજો પ્રાચીનકાળમાં એ રીતે અગ્નિ મેળવતા હતા. અગ્નિ ઉત્પન્ન કરવાની બીજી સહેલી રીતો જાણ્યા પછી પણ જૂની રીત જારી રખાયાથી તે પવિત્ર બની. હીબ્રુ પ્રજામાં પણ એવો પ્રકાર નજરે પડે છે. અસલના વખતમાં તેમના પૂર્વજો ચર્મપત્ર પર લખતા હતા. અત્યારે લખાણ માટે તેઓ જોકે કાગળ વાપરે છે, છતા પણ ચર્મપત્ર એ તેમને મન અતિ પવિત્ર વસ્તુ છે. એવીજ રીતે બીજી બધી પ્રજાઓના સંબંધમાં સમજી લેવાનું છે. મતલબ કે, અત્યારે જે જે વિધિઓ પવિત્ર મનાય છે તે અતિ પ્રાચીનકાળમાં પ્રચલિત રિવાજ સિવાય બીજું કંઇજ નથી હોતું. વેદવિહિત યજ્ઞો આવી જાતની પ્રાચીન પ્રથાઓજ હતી. વખત જતાં લોકોને જીંદગી ભોગવવાની નવી નવી ને સારી યુક્તિઓ જેમ જેમ જડતી ગઇ, તેમ તેમ તેમના વિચારો અને આદર્શોમાં ઘણા ઘણા સુધારાવધારા થતા ગયા. તથાપિ જૂના આચારો અને વિધિઓ છેક વિસારે પડયાં નહિ; અવાર નવાર તેમનાં અનુષ્ઠાન થવા લાગ્યાં અને પરિણામે તે પવિત્રતાની છાપથી અંકિત થયા.

તે પછી આ યજ્ઞો કરાવનારૂં એક યાજ્ઞિક મંડળ અસ્તિત્વમાં આવ્યું. તેમનો મુખ્ય ધંધો યજ્ઞો કરાવવાનોજ બન્યો અને યજ્ઞ તેમનું સર્વસ્વ બનતાં તેના વિષે વિવિધ કલ્પનાઓ તેમણે પ્રચારમાં આણી. દાખલાતરીકે, દેવતાઓ યજ્ઞમાં અપાતી આહુતિઓની સુગંધ લેવા આવે છે, યજ્ઞના બળથી આ દુનિયામાં હરકોઈ વાત

સિદ્ધ થઇ શકે છે, અમુક અમુક આહુતિઓ આપવાથી અમુક અમુક મંત્રો ભણવાથી તથા અમુક અમુક પ્રકારના કુંડો ને વેદીઓ તૈયાર કરવાથી દેવતાઓ પ્રસન્ન થઇ હરકોઇ ઇચ્છિત વસ્તુ અર્પણ કરે છે. આવી જાતની ભાવના તે કાળે પ્રચલિત હોવાથી નચિકેતા કયા પ્રકારના યજ્ઞથી મનુષ્યને સ્વર્ગની પ્રાપ્તિ થઇ શકે તે જાણવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે. એ બીજું વરદાન પણ યમરાજા તેને તત્કાળ આપે છે અને વિશેષમાં એમ પણ કહે છે કે, એ યજ્ઞ ભૂતળ-પર નચિકેતાના નામથી ઓળખાશે.

હવે, ત્રીજું વરદાન માગવાની વારી આવે છે અને ત્યાંથીજ આ ઉપનિષદ્‌ની ખરી શરૂઆત થાય છે. નચિકેતાએ યમરાજા આગળ વિદિત કર્યું કે "મહારાજ! મારે એક ઘુંચ છે, ને તે એ કે મનુષ્ય જ્યારે મરી ગયા પછીને માટે કેટલાકો એમ કહે છે કે તે હજી છે અને કેટલાક એમ કહે છે કે હવે તે **નથી.** આપની પાસે-થી આ વાતનું ખરૂં રહસ્ય જાણવાની મારી ઇચ્છા છે." નચિકેતાની આ ત્રીજી માગણીથી યમરાજા ગભરાયા. પહેલાં બે વરદાનો તો તેમણે ખુશીથી તત્કાળ આપ્યાં હતાં; પણ આ વખતે તે કચવાયા અને બોલ્યા કે "જો ભાઈ! દેવતાઓ પણ આ વિષયમાં પૂર્વે મુંઝાયા હતા. એ સૂક્ષ્મ કાયદો તારાથી સહેલથી સમજાય તેવો નથી માટે એ બાબતનો આગ્રહ છોડી, ઓ નચિકેતા! તું બીજું કંઈ વર-દાન પસંદ કર અને મારો પીછો છોડ."

પરંતુ નચિકેતા પોતાની માગણીમાં દૃઢ રહ્યો ને બોલ્યો કે "હે મહારાજ! આપે જે કહ્યું કે દેવતાઓને પણ એ વિષય ગુંચવણ-ભર્યો ભાસ્યો હતો અને તે સહેલથી સમજાય તેવો નથી, એ વાત સાવ સાચી છે; પણ એ વિષય એટલો બધો કપરો છે તેથીજ હું તે સમજવાની ઇચ્છા કરૂં છું. આપના જેવો સમજાવનાર મને બીજો કોણ મળનાર છે?"

તે ઉપર યમે કહ્યું કે "હે નચિકેતા! શતાયુ પુત્ર-પૌત્રો માગ, અસંખ્ય ઢોરઢાંકર ને હાથીઘોડા માગ, કિંવા સુવર્ણના ઢગલે ઢગલા માગ; હું તે બધું તને આપીશ. અગર મરજી હોય તો આ પૃથ્વીના સામ્રાજ્ય ઉપરાંત તારી ઇચ્છા હોય ત્યાંલગી જીવવાનું પણ માગ. અથવા તો પુષ્કળ સમૃદ્ધિ અને દીર્ઘજીવનની બરોબરીનું અન્ય કોઈ પણ વરદાન માગ. હું તારી એ પ્રકારની બધી કામનાઓ પૂર્ણ કરીશ. આ દુનિયામાં દુષ્પ્રાપ્ય એવી જે જે વસ્તુઓ તું માગીશ, તે બધી હું તને આપીશ. જો, મનુષ્યને અપ્રાપ્ય એવાં આ દિવ્ય વિમાનો, દિવ્ય વાદિત્રો ને આ અપ્સરાગણ એ પણ બધું તારૂંજ થઈ રહેશે. આ સ્વર્ગની સુંદરીઓ તારી સેવામાં નિશદિન હાજર રહી તને નિરંતર રીઝવશે. માટે સુખેથી એ બધું તું માગ, પણ મૃત્યુ

પછી શું થાય છે તે વિષે મને પૂછવાનું મૂકી દે."

યમના આ પ્રલોભનના જવાબમાં નચિકેતાએ કહ્યું-"મહારાજ! એ બધી વસ્તુઓ તો નાશવંત હોઇ ઇંદ્રિયોની શક્તિને હરનારી છે. દીર્ઘમાં દીર્ઘ જીવન પણ કાળની અનંતતાની સરખામણીમાં અત્યંત અલ્પ છે. માટે આ ઘોડા ને હાથીઓ, આ રથ અને વિમાનો, આ દિવ્ય વારાંગનાઓ અને વાદિત્રો, એ બધું રહેવા દો. એવા વિકારી ને અનિત્ય પદાર્થોથી સદાની શાંતિ અને પરમ સુખ મળે નહિ એટલે એનાથી હું તૃપ્ત થઉં તેવો નથી. તમે પણ જાણો છોજ કે, એ ઐશ્વર્ય અને એ ભોગસામગ્રી તો તમારાં દર્શન થતાંજ માણસને જ્યાંનાં ત્યાં છોડી દઇને જ્યાં પણ લઈ જાઓ ત્યાં જવું પડે છે. કારણ કે મનુષ્યની જીવનદોરી પણ તમારાજ હાથમાં છે, તો પછી એવી અનિત્ય વસ્તુઓ સ્વીકારીને હું કેમ સંતોષ પામું ? માટે મારે તો મેં માગેલી વસ્તુજ ત્રીજા વરદાનમાં જોઇએ."

નચિકેતાના આ જવાબથી યમરાજા બહુ પ્રસન્ન થયા અને બોલ્યા કે "ધન્ય છે તને. તારા જેવો યાચક દુર્લભ છે. ત્યારે સાંભળ; **શ્રેયસ** એટલે કે પરમ કલ્યાણ અને **પ્રેયસ** એટલે કે સુખોપભોગ-એ બે ભિન્ન વસ્તુઓ છે. બન્નેના ઉદ્દેશ જૂદા જૂદા હોઇ મનુષ્યને તે બન્ને જૂદી જૂદી રીતે બાંધે છે. જે માણસ **શ્રેયસને** વરે છે, તેનું કલ્યાણ થાય છે, અને જે **પ્રેયસને** અનુસરે છે યાને સાંસારિક ભોગવિલાસમાં ડૂબે છે તે એ અનિત્ય અને માત્ર સુખાભાસ જેવા પદાર્થો મેળવવા અને ભોગવવા આડે પોતાના જીવનનું ખરૂં લક્ષ્ય જાણવાનું અને મેળવવાનું ચૂકે છે; પતાસા ને બદલે હીરો ગુમાવવા જેવું કરવા છતાં પોતાને બહુ ડાહ્યો અને કુશળ માની લે છે, પણ વાસ્તવમાં તો તે ભવસાગરમાંજ ભટકાતો ફરે છે. આ **શ્રેયસ** અને **પ્રેયસ** બંને મનુષ્યમાત્રની આગળ ઉપસ્થિત થાય છે. ડાહ્યો માણસ વિચારપૂર્વક એકબીજા વચ્ચેનો એ અતિ મહત્ત્વનો ફેરફાર પારખી કાઢે છે ને પ્રેયનો ત્યાગ કરી શ્રેયનેજ વરે છે; પરંતુ મૂઢ હોય છે તે તો શારીરિક સુખોપભોગ પૂરા પાડનાર પ્રેયસ માર્ગનેજ પસંદ કરી રાચે છે. માટે હે નચિકેતા! લૌકિક વસ્તુઓની નશ્વરતા પીછાનીને તેં તેમનો અસ્વીકાર-ત્યાગ કર્યો છે તે બહુ ડહાપણનું કામ કર્યું છે." એટલું કહીને યમરાજાએ નચિકેતાને આગળ ઉપદેશ આપવા માંડ્યો.

આ ઠેકાણે આપણને વૈદિક વૈરાગ્ય અને નીતિમત્તાની અતિ ઉન્નત ભાવનાનું દર્શન થાય છે. તે ભાવના એવી છે કે, મનુષ્યની ભોગવાસના જ્યાંલગી છૂટતી નથી ત્યાંલગી તેના હૃદયમાં સત્ય જ્યોતિ પ્રગટતી નથી; અને એ વાત સાચી પણ છે. જ્યાંલગી આ મિથ્યા વાસનાઓ આપણી આગળ કોલાહલ મચાવી આપણને

બાહ્યજગતમાં ખેંચી જઇ આંતરિક પરમપદથી વિમુખ કરતી હોય; અને જ્ઞાનનો ગમે તેટલો ફાંકો રાખવા છતાં જ્યાં સુધી એ મિત્ર જેવી દેખાવા છતાં મોહપાશમાં બાંધવાનું દુષ્ટ શત્રુનું કામ બજાવનારી એ તૃષ્ણાઓ આપણને રૂપ, રસ, ગંધ ઇત્યાદિ લૌકિક વિષયોના લેશમાત્ર જેટલા પણ દાસ બનાવતી હોય; ત્યાંલગી પરમ સત્યની પુનિત જ્યોતિ હૃદયમાં પ્રગટે પણ ક્યાંથી ? અર્થાત્ હૃદયમાં પરમપદદાયક સર્વોપરિ સત્યની જ્યોતિ પ્રગટવા માટે ભોગવાસનાઓ બધી છૂટી જવી જોઇએ.

આગળ ચાલતાં યમ સમજાવે છે કે "જે આત્માના વિષે, જે પરલોક તત્ત્વના સંબંધમાં તેં પ્રશ્ન પૂછ્યો છે તેનો તો વિચાર સરખો એ ધનાદિકની લાલસામાં મત્ત થયેલા મૂર્ખ બાળ જીવોના મનમાં આવતો નથી. આ લોકનુંજ અસ્તિત્વ છે, પરલોક જેવું કે પરલોક-જીવન જેવું કંઈ નથી! એમજ ધારીને એવા મનુષ્યો પોતાનું નાવ હાંકચે જાય છે, અને પુનઃ પુનઃ તેઓ મારા—યમરાજના જન્મમરણના પંઝામાં સપડાય છે."

આ સત્ય સમજાવું બહુ કપરૂં છે. ઘણાં જણ કથ્યા છતાં અને શ્રવણ કર્યા છતાં પણ એ વાત સમજી શકતાં નથી. એ સત્યના વક્તા તેમજ શ્રોતા બંને અલૌકિક હોવા જોઇએ.* સમજાવનાર તેમજ સમજનાર બંને પૂરા યોગ્યતાવાળા હોય, તોજ એ

* કારણ કે એવા ઘણાખરાઓનું કથવું અને સાંભળવું, એ બાહ્ય ડોળ માટે—પંડિતમાં કે સજ્જનમાં ખપી ધનમાનાદિક મેળવવા માટે હોય છે. વેદાંતના પ્રત્યેક મુખ્ય ગ્રંથમાં આવા શ્રવણ અને કથનના અધિકારી કોણ, તે સ્પષ્ટ રીતે કહ્યું છે અને અનધિકારી તો એને લીધે વધુ અવળે રસ્તે ચડી બ્રહ્મવિદ્યાને હલકી પાડે છે એ વાત પણ કહી છે; પણ તે તરફ ધ્યાનજ કોણ આપે છે? નચિકેતાએ વેદાંતનો વિષય પૂછવા છતાં તેનો અધિકાર સમજવા માટે યમરાજ તેને લૌકિક સુખવૈભવ માટે કેટલો બધો લલચાવે છે! છતાં ન લલચાયો ત્યારેજ તેને અધિકારી સમજીને એ વાત સમજાવે છે. વિદેહમુક્ત પૂજ્ય જાનકીદાસજીએ એક ગામમાં કેટલાકોને વેદાંત ભણાવેલું, તેઓ મિથ્યાભિમાની થઈ એક સુશીલ ભેખધારીને પ્રશ્નાદિક કરીને નાલાયક ઠરાવવા મથ્યા. ભેખધારી ત્યાંથી બીજે ચાલ્યો ગયો. હકીકત જાણતાં શ્રી જાનકીદાસજી મહારાજને એમજ લાગ્યું કે, ચરોતરના એ...ગામમાં તો મેં કાંટાજ સિંચીને ઉછેર્યા. પછી તેઓશ્રીએ વેદાંતના કથનાદિકની વાતજ લગભગ મૂકી દીધી હતી, અને તદ્દન સામાન્ય સદાચાર પણ જનસમૂહ જાણે કે પાળે નહિ, તે વિષેજ મુખ્યત્વે જ્યાં જાય ત્યાં ઉપદેશ કરતા.

લિ. ભિક્ષુ—અખંડાનંદ

સત્ય યથાર્થ સમજાય. બાકી વૃથા વાદવિવાદથી મનને ચંચળ બનાવવું, એમાં સાર નથી. કેમકે એ પરમાર્થતત્ત્વ તર્ક યા દલીલનો વિષય નથી, પણ પ્રત્યક્ષ અનુભવ કે સાક્ષાત્કારનો વિષય છે. આપણે બરાબર સાંભળતાં આવ્યાં છીએ કે, પ્રત્યેક ધર્મમાં વિશ્વાસ અથવા શ્રદ્ધાપર ખાસ ભાર મૂકવામાં આવે છે—કહો કે, ધર્મ આપણને શ્રદ્ધાનુંજ શિક્ષણ આપે છે. અંધશ્રદ્ધા એ બેશક વાંધાભરી વસ્તુ છે; તથાપિ સ્થિરચિત્તે તેનું પૃથક્કરણ કરી જોતાં તેની પાછળ પણ આપણને એક અતિ મહાન સત્ય રહેલું મળી આવે છે. જેઓ આ અંધશ્રદ્ધા રાખવાનું યાને તર્કકુતર્ક કર્યા વગર વિશ્વાસ મૂકવાનું કહેતાં હોય છે, તેમનો વાસ્તવિક ઉદ્દેશ તો અત્યારે આપણે જેની આલોચના કરીએ છીએ તે અપરોક્ષાનુભૂતિ અથવા સાક્ષાત્કારનોજ હોય છે. સાક્ષાત્કાર કિંવા સ્વાનુભવ વગર એ પરમ સત્યની કદાપિ પ્રતીતિ થતી નથી; તેથી તેની પ્રતીતિ થતાં લગી તેમાં વિશ્વાસ રાખ્યેજ છૂટકો. એ પરમ તત્ત્વની બાબતમાં મનને ખાલી વાદવિવાદથી અસ્વસ્થ બનાવવામાં માલ નથી. કારણ કે ઈશ્વરને ઓળખાવવામાં તર્ક જરાયે સહાયભૂત થાય તેમ નથી. ઈશ્વર એ સાક્ષાત્કારનો વિષય છે અને નહિ કે દલીલ કે તર્કનો. તર્ક માત્ર કેટલાક સિદ્ધાંતો અને અવલોકનો ઉપર સ્થાપિત થયેલા હોય છે. એવો સિદ્ધાંત છે કે, અવલોકનના પાયા વગર તર્કની સંભાવનાજ ન હોય. ટુંકમાં કહીએ તો તર્ક એટલે આપણે અવલોકન કરેલી અમુક અમુક વસ્તુઓ વચ્ચેની તુલનાની રીત. એ અવલોકન કરેલી વસ્તુઓજ મૂળે ન હોય તો પછી તર્ક પણ ચાલી શકતો નથી. મૂળ વગર શાખાની સંભાવના જેટલી હાસ્યાસ્પદ છે, તેટલીજ હાસ્યાસ્પદ અગાઉ અવલોકન કરેલી વસ્તુવિના તર્કની સંભાવના છે. આ વાત બાહ્યજગતના સંબંધમાં જો સાચી હોય તો આંતરજગતમાં પણ તેટલીજ સાચી કેમ ન હોય?

રસાયણશાસ્ત્રી અમુક અમુક રાસાયણિક પદાર્થો લઇને અમુક પરિણામો નીપજાવે છે. તે એક સત્ય ઘટના હોય તેને નજરે જોઇ તથા અનુભવીને તેના આધારપર આપણી રાસાયણિક દલીલો આપણે રચીએ છીએ. પદાર્થવિજ્ઞાન તેમજ બીજી વિદ્યાઓના સંબંધમાં પણ તેવોજ પ્રકાર સમજવાનો છે. જ્ઞાન માત્ર કોઇ ને કોઈ સિદ્ધાંત યાને પ્રત્યક્ષ અનુભવાયલી વસ્તુના પાયા ઉપર સ્થાપિત થયેલું હોય છે, અને તેના આધારેજ આપણી બધી દલીલો અને તર્કપરંપરાઓ રચાય છે. આમ છતાં આશ્ચર્યની વાત એ છે કે, લોકોનો ઘણો મોટો ભાગ, ખાસ કરી ચાલુ જમાનામાં, એવુંજ માનતો જણાય છે કે આવી જાતના સિદ્ધાંત યાને આવી જાતનું પૂર્વ અવલોકન અથવા પ્રત્યક્ષાનુભવ ધર્મની બાબતમાં શકય નથી; ધર્મનાં તત્ત્વ તો

કેવળ વાદવિવાદથીજ સમજી શકાય. એટલા માટેજ આપણને કહેવામાં આવ્યું છે કે, મનને વૃથા વાદવિવાદથીજ ક્ષુબ્ધ થવા દેશો નહિ. ધર્મ એ પ્રત્યક્ષાનુભવનો વિષય છે, અને નહિ કે વાતોનો. આપણા આત્માનું પૃથક્કરણ કરી તેની અંદર શું તત્ત્વ રહ્યું છે તે ખોળી કાઢવાનું છે. એ તત્ત્વને યથાર્થ સમજી તેનો સાક્ષાત્કાર કરવો તેનુંજ નામ ધર્મ છે. બાકી વાતોનાં ગાડે ગાડાંથી ધર્મની સિદ્ધિ થતી નથી. માટે ઈશ્વર જેવી કોઇ સત્તા છે કે નહિ એ સવાલનું નિરાકરણ દલીલ અને તર્કથી કદી થવાનું નથી. કેમકે અનુકૂળ દલીલોની સંખ્યા બન્ને પક્ષમાં જોઇએ તેટલી છે; કિંતુ ઈશ્વર જેવી કોઈ પરમાર્થ સત્તા હોય તો તે આપણા પોતાના હૃદયમાં છે. તેનો પ્રત્યક્ષાનુભવ લેવાનો પ્રયત્ન તમે કદી કર્યો છે? એજ ખરો પ્રશ્ન છે. જગત સત્ છે કે અસત્–એ પ્રશ્નનું નિરાકરણ હજી થયું નથી, કારણ કે એ વિષયમાં પ્રત્યક્ષવાદીઓ અને વિજ્ઞાનવાદીઓ વચ્ચેનો વાદ હજી મટયો નથી. તેમ છતાં પણ આપણે જાણીએ છીએ કિંબહુના અનુભવીએ છીએ કે, જગત છે અને તેનો વ્યવહાર ચાલી રહ્યો છે. દલીલોમાં શબ્દોના અર્થોને આપણે મારી મચોડીએ છીએ એટલુંજ. જીવનના પ્રત્યેક પ્રશ્નમાં એવુંજ થાય છે. માટે આપણે દલીલો અને તર્કો મૂકી દઈ સત્ય વસ્તુનો સાક્ષાત્કાર કરવા મથવું જોઇએ. ભૌતિક વિજ્ઞાનોની માફક અધ્યાત્મવિજ્ઞાનની અંદર અમુક તત્ત્વોનું પ્રત્યક્ષ અવલોકન થવું જોઇએ. એ પ્રત્યક્ષાવલોકન ઉપરજ ધર્મની આખી ઇમારત ચણાય છે–અર્થાત્ કે પ્રત્યક્ષાનુભવનો પ્રયત્ન કર્યા વિનાજ અમુક ધાર્મિક માન્યતાઓને ખોટી કહેવી એ ભૂલભરેલું છે; તથાપિ અમુક ધર્મનો પ્રત્યેક સિદ્ધાંત, તમને સાક્ષાત્કાર થયો નથી માટેજ તમારે માનવો જોઇએ એવો કોઇ દાવો કરે તો તે પણ એહૂદો હોઇ મનુષ્યની અવનતિ કરનારો છે. બુદ્ધિને કોરાણે મૂકી બધાજ વાતો અંધવિશ્વાસપૂર્વક માનવાનું કોઈ માણસ કહેતો હોય તો તે પણ પોતાની અવનતિ કરે છે; એટલુંજ નહિ પણ તમે પણ જો તે વાત તમારી બુદ્ધિમાં ન ઉતરતી હોય તો પણ માની લ્યો, તો તમારૂં જીવન પણ અવનત બને છે. તેટલા માટે દુનિયાના ઋષિમુનિઓ અને ચિંતકો તથા શોધકો આપણને એટલુંજ કહેવાનો અધિકાર ધરાવે છે કે “ અમારા મનનું પૃથક્કરણ કરી જોતાં અમને અમુક અમુક સત્યો લાધ્યાં છે, અને તમે જો તેમ કરશો તો તમો પણ તે સત્યો માનશો, અન્યથા નહિ.” ધર્મનો ખરો મર્મ આજ છે; તથાપિ સામાન્યતઃ એવું બને છે કે ધર્મની સામે તર્કદારા જે ઝુંબેશ ચલાવનારા હોય છે, તેમાંના સેંકડે નવાણું જણે પોતાનાં મનનું પૃથક્કરણ કરીને પ્રતિપાદિત તત્ત્વોનો પ્રત્યક્ષ

અનુભવ લેવાનો પ્રયત્નજ મુદ્દલ કર્યો હોતો નથી. તેથી ધર્મવિરુદ્ધની તેમની દલીલોનું પણ વજન પડતું નથી. "સૂર્ય જેવી વસ્તુને માનનારા લોકો મૂર્ખા છે" એવી એક આંધળા મનુષ્યની ઘોષણા જેટલી નિરર્થક અને હાસ્યાસ્પદ છે, તેટલાંજ નિરર્થક અને હાસ્યાસ્પદ ધર્મનાં તત્ત્વોને પ્રત્યક્ષાનુભવથી પીછાનવાનો પ્રયત્ન કર્યા વિના ધર્મની સામે ચળવળ ચલાવનારની દલીલો હોય છે. માટે એવી દલીલોમાં આસ્થા રાખવાની આવશ્યકતા નથી.

અપરોક્ષાનુભૂતિ અથવા સાક્ષાત્કારનો મુદ્દો ખાસ સમજવા જેવો છે, અને સમજીને સદોદિત જાગ્રત રાખવાનો છે. એમ થશે ત્યારેજ ધર્મના વિષયમાં ચાલતી મારામારી, ટંટાબાજી અને બીજા વિતંડાવાદ શમશે, અન્યથા નહિ. આપણે સાફ સાફ સમજી લેવું જોઇએ કે ધર્મ કાંઈ પુસ્તકોમાં કે દેવળોમાં સમાયેલો નથી, પણ વાસ્તવિક ધર્મ તો પ્રત્યક્ષાનુભૂતિમાં એટલે કે સ્વાનુભવમાં સમાયો છે. ધર્મ એ ઈંદ્રિયગમ્ય વિષય નથી, પણ અતીંદ્રિય વિષય હોઇ તેમાં પ્રતિપાદિત તત્ત્વો સ્વાનુભવથી સમજવાનાં છે. ઈશ્વર અને આત્માને સ્વાનુભવથી પ્રત્યક્ષ કરનારનેજ ખરો ધાર્મિક સમજવો જોઇએ. બાકી ધર્મની મોટી મોટી ડિંગો હાંકનારા છતાં પ્રત્યક્ષાનુભૂતિ વગરના મહાન પંડિતમાં અને એક સાધારણમાં સાધારણ અજ્ઞાન જડવાદીમાં જરાયે ફેર નથી. ઉભય સમાન કોટિના છે. ખરું જોતાં આપણે બધાંજ નાસ્તિકો યાને અનીશ્વરવાદી છીએ, એ વાત આપણે સ્વમુખે કબૂલવી જોઇએ. માત્ર ધાર્મિક મુદ્દાઓને સંમતિ આપ્યાથી અથવા ગોખીને બોલી બતાવવાથી ધાર્મિક બનાતું નથી. ઉદાહરણતરીકે ખ્રિસ્તી, ઇસ્લામી કે ફાવે તે ધર્માવલંબીને લ્યો અને સાક્ષાત્કાર પામેલાં કેટલાં જણ મળી આવે છે તે તપાસો. ભગવાન ઈસા મસીહે પર્વતપર આપેલા ધર્મોપદેશનો જેણે સ્વાનુભવ કર્યો હોય, અને તે ઉપદેશ પ્રમાણે જીવન જીવ્યો હોય તેવો માણસ સિદ્ધ પુરુષ બની તત્કાળ દેવતાપદને પ્રાપ્ત થાય, એમાં શક નથી; પણ જે એમ કહેવામાં આવે છે કે, પૃથ્વીપર આટલા કરોડ ખ્રિસ્તીઓ છે. એનો અર્થ શું એવો થાય ખરો કે, એ બધાજ સાચા ખ્રિસ્તીઓ છે? એમણે બધાયે ભગવાન ઈસુ ખ્રિસ્તના ઉપદેશને આચરણમાં મૂક્યો છે? એનો ખરો અર્થ બહુ તો એટલોજ સમજવાનો છે કે, એ ઉપદેશને માનનારા લોકોમાંના જે જે મનુષ્યો કાંઈ પણ સાચી ઉન્નતિના હેતુથી માનતા હશે તેઓ તો અવસ્ય કોઇ ને કોઈ કાળે તેને જીવનમાં ઉતારવા યાને તેનો સાક્ષાત્કાર કરવા કોશીશ કરશે. બાકી એ સિવાયના કરોડો ખ્રિસ્તીઓમાં કે બીજાઓમાં એકાદ પણ સાચો ધાર્મિક એક હશે કે કેમ તેનો મને શક છે.

હિંદુસ્થાનમાં કરોડો વેદાંતી હિંદુઓ છે એમ કહેવાય છે.

પરંતુ એટલી મોટી સંખ્યામાં હજારે એકાદ પણ ધર્મને સ્વાનુભવનો વિષય બનાવનાર વેદાંતી હોત, તો આ દુનિયાનો રંગ કયારનોયે પલટાઇ ગયો હોત. મતલબ કે, આપણે બધાંજ વસ્તુતઃ અધાર્મિક યાને અનીશ્વરવાદી છીએ. પણ તે સ્વમુખે સ્વીકારતાં નથી, અને જે કોઇ તે સાચી વાત સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે તેનો બધા સામટો વિરોધ કરીએ છીએ. ખરૂં જોતાં આપણે બધાંજ અંધકારમાં અટવાઇએ છીએ. આપણે મન તો ધર્મને-એટલે અમુક આધ્યાત્મિક માન્યતાને સંમતિ આપવા સિવાય અને માન્યતાઓ વિષે મોઢાની વાતો કરવા સિવાય બીજું કંઇજ નથી હોતું. આત્મા અને ઇશ્વરને લગતા વિષયોપર છૂટથી ઉહાપોહ કરનાર મનુષ્યને ધાર્મિક સમજી લેવાની ઘણી વાર ભૂલ કરીએ છીએ; પણ એવી મોટી મોટી મોઢાની વાતો એ કાંઇ ખરો ધર્મ નથી. એક ઠેકાણે ખરૂંજ કહ્યું છે કે "અદ્‌ભુત શબ્દયોજના કરવી, અલંકારિક ભાષાપ્રયોગ આવડવા અને વિવિધ રીતિઓએ શાસ્ત્રોના અર્થ ઘટાવવાની કુશળતા મેળવવી એ તો પંડિતોના મનોરંજન માટે અથવા તો લૌકિક સ્વાર્થ માટે હોય છે; નહિ કે ધર્મને માટે." ધર્મ તો આત્માનો પરોક્ષ સાક્ષાત્કાર થયા પછીજ (પરમાત્મા અને સર્વ જીવાત્માઓ વાસ્તવમાં એકજ છે, એવી પાકી માન્યતા થયા પછીજ) શરૂ થાય છે. અર્થાત્ એવો સાક્ષાત્કાર થવો એ તો હજી ધર્મનો ઉષઃકાળ છે; અને એ ઉષઃકાળના ઉદય પછીજ આપણે ખરા નૈતિક યાને ખરા સદાચારી બની શકીશું. બાકી અત્યારે તો આપણે પશુ કરતાં વધારે નૈતિક નજ કહેવાઇએ. અત્યારે આપણે થોડા ઘણા પણ અંકુશમાં રહેલા જણાઇએ છીએ તે સમાજના ચાબખાના ડરથી છીએ; અને નહિ કે નૈતિક સમજણથી. સમાજ જો આજે જાહેર કરી દે કે " ચોરી કરનારને સજા નહિ થાય"-તો આજે ને આજેજ આપણે એકબીજાની મિલ્કત પચાવી પાડવા માટે પડાપડી કરી મૂકીએ, એવી આપણી અવદશા છે. પોલીસ અને તેની સજાનો ભયજ આપણને ચોરીથી વિમુખ રાખે છે, અને આપણે નીતિપરાયણ રહીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો અમુક કામ કર્યાથી સમાજમાં ખોટું દેખાશે, સમાજ શું કહેશે-એ ભયથીજ આપણાં જીવન બહારથી નીતિપરાયણ રહ્યાં છે; બાકી બીજી રીતે આપણાં જીવન પશુઓનાં જીવન કરતાં જરા તરાજ સારાં હશે. આ વાત કેટલી સાચી છે તે પોતપોતાના અંતરમાં સૌ કોઇ સમજે છે. માટે આવો, આપણે દંભનો ડગલો ઉતારી નાખી નિખાલસ દિલે કબૂલ કરીએ કે, અમે ધાર્મિક નથી અને તેથી એકબીજાની ઘૃણા કરવાનો અમને લેશપણ અધિકાર નથી. આપણ બધાં વચ્ચે ભ્રાતૃભાવનો સંબંધ છે, અને ખરા ધર્મનો યાને અભેદ ભાવનો સાક્ષાત્કાર કર્યા પછીજ આપણે વાસ્તવિક નીતિપરાયણ બનીશું એ વાત કદી ન ભૂલો.

અમુક દેશ તમે નજરે જોયો હોય છતાં પણ કોઇ જુલમી માણસ પરાણે કબૂલ કરાવે કે તમે તે નથી જોયો તેથી શું થઇ ગયું ? તમારા અંતરના ઉંડાણમાં તો તમારી ખાત્રી હોય છે કે, તમે તે દેશ જોયો છે. તેજ પ્રમાણે ધર્મનો તમને એક વાર સાક્ષાત્કાર થશે, એટલે પછી તમારી તે માન્યતા કશાથી ચલાયમાન થશે નહિ; કારણ કે તમારો એ સાક્ષાત્કાર ક્રમે ક્રમે આગળ વધી આ સ્થૂળજગતના તમારા અનુભવ કરતાં ઘણો વધારે ગાઢ થશે, એ નિઃશંક છે. પ્રાથમિક સાક્ષાત્કાર પછીજ તમારામા ખરો વિશ્વાસ પ્રગટશે; અને એવો સ્વાનુભવસિદ્ધ વિશ્વાસ બંધાતાંજ બાઇબલનાં વચનોમાં તમારી પ્રતીતિ થશે કે "રાઈ જેટલો પણ વિશ્વાસ ધરાવનાર પણ જો પહાડને કહે કે 'ખસ' તો પહાડ પણ તેનું કહ્યું સાંભળશે. એ સ્થિતિ પ્રાપ્ત થશે ત્યારેજ તે પરમસત્યનું (સચ્ચિદાનંદમય પરમાત્માનું) યથાર્થ સ્વરૂપ તમારાથી સમજાશે, કેમકે તમે પંડે પણ સત્યમય બની રહેલા હશો.

અધ્યાત્મવિષયમાં યાને ધર્મની બાબતમાં મુખ્ય વાત સાક્ષાત્કારની છે. વેદાંતનું તો એ એક ખાસ સૂત્ર છે કે "ધર્મને પ્રત્યક્ષ અનુભવો (ચારિત્રમાં ઉતારો), માત્ર માન્યતાઓથી કે વાતોથી નહિ ચાલે." પરંતુ એ સ્વાનુભવ–એ સાક્ષાત્કાર મહામુશ્કેલીએ સાધ્ય થાય છે. પ્રભુ પોતે પરમાણુના ઉંડામાં ઉંડા ભાગમાં રહેલો છે અને એજ પુરાણ પુરુષ પ્રત્યેક મનુષ્યના હૃદયમાં રહેલો છે. ઋષિમુનિઓ અને સંતસાધુઓ અંતરદૃષ્ટિદ્વારા તેનો સાક્ષાત્કાર પામ્યા હતા, અને એ અપરોક્ષ સાક્ષાત્કાર પામીનેજ તેઓ સુખ ને દુઃખ, હર્ષ ને શોક, પાપ ને પુણ્ય, સદાચાર ને દુરાચાર, સત્ અને અસત્–એ દ્વંદ્વોથી પર થયા હતા. એ પરમાત્માને જેણે નિહાળ્યો છે, તેનેજ પરમપદની પ્રાપ્તિ થઇ છે; પરમ સત્ય તેણેજ નિહાળ્યું છે. પણ ત્યારે આપણી સ્વર્ગની ભાવનાનું શું ? સ્વર્ગ એટલે દુઃખરહિત નર્યા સુખની ભાવના, સ્વર્ગ એટલે આ જીંદગીના વિષાદવિનાનું નર્યું આનંદમય જીવન. આ વિચાર છે તો બેશક સારો, અને સ્વાભાવિક રીતેજ તે માણસને સ્ફૂરે છે. પરંતુ એ વિચાર સાદ્યંત ભૂલભરેલો છે. કેમકે પરમાત્માની સૃષ્ટિમાં નરી શુભ કે નરી અશુભ જેવી કોઇ વસ્તુજ નથી; સુખદુઃખ ઇત્યાદિનાં દ્વંદ્વ છૂટાં પાડી શકાય તેમ નથી.

પેલા રોમન ધનાઢ્યની વાર્તા તો તમને સુવિદિત હશે. એ અત્યંત શ્રીમંત છતાં ઉડાઉ હતો, તેને એક દહાડો પોતાની દોલતવિષે તપાસ કરતાં ખબર પડી કે તેની પાસે હવે બધું મળીને માત્ર દશલાખ પાઉન્ડનીજ મિલ્કત રહેવા પામી હતી. એ સાંભળતાંજ તે હબકી ગયો ને બોલી ઉઠ્યો—"આવતી કાલે હું શું કરીશ ?" ને એ વચનો સાથે તેણે આત્મઘાત પણ કરી નાખ્યો. જોયું ! દશલાખ પાઉન્ડની મિલ્કત એ તો એને મન કંગાલિયત હતી–અર્થાત્

સુખદુઃખ, ધનાઢ્યતા ને દરિદ્રતા—એ મનનાં કારણ છે. હર્ષ અને શોક એ શી વસ્તુ છે ? આજે જે વાતથી હર્ષ થાય છે તેજ વાતથી કાલે શોક થતો જોવામાં આવે છે; જે વસ્તુ એકને મન અતિ સુખદાયી હોય છે, તેજ બીજાને મન અતિ દુઃખદાયી હોય છે. મતલબ કે, સુખ–દુઃખ, હર્ષ–શોક ઇત્યાદિ પરિવર્તનશીલ ચીજો છે. હું જ્યારે નાનો છોકરો હતો, ત્યારે મારા મનમાં એમ થતું કે મોટો થતાં હું કોચમેન યાને ગાડી હાંકનારો બનીશ; કારણ કે એ ધંધાથી મને આખો દહાડો ગાડીમાં સહેલ કરવાની મનગમતી મોજ મળ્યા કરશે. પણ અત્યારે મારા વિચાર તેવા નથી. અત્યારે તમે કયા સુખને વળગવાનું પસંદ કરો છો ? એ પ્રશ્ન આપણે દરેક જણે ખાસ સમાજવાનો પ્રયત્ન કરવો જોઇએ. આપણા બીજા બધા કુસંસ્કારો—બીજા બધા ભ્રમો આપણને છોડી જશે, પણ આ સુખલાલસાનો ભ્રમ આપણો કેડો સહેજે મૂકે તેમ નથી. એ ભ્રમ જશે તોયે મહાપ્રયાસને અંતે સૌથી છેલ્લો જશે. વળી સુખવિષયક દરેક જણની માન્યતા ભિન્ન ભિન્ન હોય છે. એવાં અનેક જણ મારા જોવામાં આવ્યાં છે કે જેમને અફીણનો મોટો ગાંગડો ગળ્યા વગર ચેન પડતું નથી. તે સ્વર્ગનાં સ્વપ્નાં જોતાં હશે, તો તેમાં સ્વર્ગની તમામ ભૂમિ એમને અફીણમય દેખાતી હશે. એમને મન અફીણના લહેજત એ સુખની પરાકાષ્ઠા છે, પણ તમારે કે મારે મન એવી જાતનું સુખ એ દુઃખની પરમાવધિ છે, યાને એવી જાતનું સ્વર્ગ તે નરક છે. અરબી ભાષાનાં કાવ્યોમાં, ખળખળ વહેતી નદીઓવાળાં મનોહર ઉદ્યાનો જેમાં આવેલાં છે તેવા સ્વર્ગના ઉલ્લેખ ઠેકઠેકાણે મળી આવે છે–અર્થાત્ કે જળની વિપુલતાવાળા બાગબગીચા ધરાવવા એ આરબો-ને મન અત્યંત સુખનો વિષય છે. પરંતુ મારા જેવો આદમી કે જે પારાવાર જળવાળા પ્રદેશમાં જન્મ્યો છે ને જીંદગીનો મોટો ભાગ રહ્યો છે; તથા જ્યાં આગળ અનેક રમ્ય ગામડાંઓ પ્રતિ-વર્ષે રેલમાં તારાજ થઇ જઇ અનેક અમૂલ્ય જાનોની ખુવારી થાય છે, તેને મન ખળખળ વહેતી નદીઓવાળા બગીચાવાળું સ્વર્ગ કદાપિ નહિ ગોઠે. મને તો એવી ભૂમિ રૂચે કે જ્યાં અતિ અલ્પ વરસાદ વરસતો હોય. સુખવિષયક મનુષ્યના ખ્યાલો નિરંતર બદલાતા રહે છે. સ્વપ્નાવસ્થામાં પડેલા એક તરૂણની સ્વર્ગ સંબંધી કલ્પનામાં લાવણ્યવતી લલનાઓ અતિ અગત્યનો ભાગ ભજવે છે. સુંદર સ્ત્રી પડખામાં ધરાવવાનું સુખ જ્યાં આગળ ન મળતું હોય તેવું સ્વર્ગ એને મુદ્દલે નહિ રૂચે; પણ એનો એજ આદમી જ્યારે વૃદ્ધાવસ્થાએ પહોંચે છે, ત્યારે સુંદરી-ઓના સમૂહવાળું સ્વર્ગ તેને અકારૂં લાગે છે. તાત્પર્ય કે, સ્વર્ગ-

વિષેની આપણી કલ્પના આપણી જે તે વખતની મનોદશા અથવા જરૂરીઆતો ઉપર આધાર રાખે છે. જરૂરીઆતો બદલાતાં આપણી સ્વર્ગભાવના પણ બદલાય છે. જે લોકો ઇંદ્રિયજન્ય વિષયભોગોનેજ જન્મનું સાર્થક્ય માને છે, તેમની ઇચ્છા મુજબનુંજ એક માત્ર સ્વર્ગ અસ્તિત્વ ધરાવતું હોય, તો આપણી કોઈ કાળે પ્રગતિજ થાય નહિ, અને જેની તે દશામાંજ સડયા કરવું પડે. એવી દશા હોવી તે આત્માને માટે એક ભયંકર શાપસમાનજ લેખાય. આપણું અંતિમ લક્ષ્યસ્થાન શું ઇંદ્રિયજન્ય વિષયવિલાસોની વિપુલતાવાળું સ્વર્ગજ છે ? જરા સરખું રુદન, થોડુંક નૃત્યગાન અને ત્યારબાદ કુતરાને મોતે મરવું,--બસ એટલુંજ ? મનુષ્યોને જો આટલીજ અભિવાંચ્છના હોય, અને તેની તૃપ્તિ માટે તેઓ પ્રાર્થના કરતા હોય તો તેમની એ પ્રાર્થના માનવજાતિને માટે અત્યંત અભિશાપ વર્ષાવનારી છે. ઐહિક સુખભોગની વાસનાનું સેવન કરીને અને તેની પરિતૃપ્તિ માટે ધમાલ મચાવીને વસ્તુતઃ તમારે હાથે તેવુંજ થાય છે. આનું કારણ એ છે કે, વાસ્તવિક સુખાનંદ એ શી વસ્તુ છે, તેની તમને ગતાગમ નથી; તત્ત્વજ્ઞાન અથવા ધર્મશાસ્ત્ર આપણને આનંદ-ઉલ્લાસને ત્યજી દેવાનો ઉપદેશ નથી આપતું. પણ સત્ય આનંદ શી વસ્તુ છે તેનું શિક્ષણ આપી તે સમજવાનું કહે છે. નોર્વેના રહેવાસીઓની સ્વર્ગવિષયક ભાવના પ્રચંડ યુદ્ધક્ષેત્રની છે. તેઓ માને છે કે, એ ભયાનક સમરાંગણમાં સ્વર્ગવાસી તમામ લોકો સ્વર્ગના અધિષ્ઠાતા વુડિનદેવની સમક્ષ સભા ભરે છે; પછી તેઓ જંગલી ડુક્કરના શિકારની મોજ માણે છે અને તેમ કરતાં પરસ્પર યુદ્ધ કરીને એકબીજાને હાથે કપાઇ મરે છે. પણ ત્યારબાદ થોડાક કલાકે કોઈ ચમત્કારથી તેઓ પાછા સજીવન થાય છે, તેમના બધા જખમ રૂઝાઇ જાય છે અને સૌ હળીમળી એક દિવાનખાનામાં સાથે બેસી પેલા મારેલા ડુક્કરને શેકીને તેના માંસની મીજબાની ઉડાવે છે. તે પછી અવશિષ્ટ રહેલાં હાડકાંમાંથી તે ડુક્કર પાછું સજીવન થાય છે અને બીજા દિવસના શિકાર માટે તૈયાર રહે છે. સ્વર્ગની આ કલ્પના આપણી કલ્પના કરતાં જરાય ખરાબ નથી. ફેર માત્ર એટલોજ કે, સ્વર્ગવિષેની આપણી કલ્પના કંઇક વધારે ટાપટીપવાળી છે. આપણે બધાંજ વનવરાહો યાને જંગલી ડુક્કરોના શિકારની આકાંક્ષા રાખીએ છીએ. કેમકે ભોગવિલાસની ધારા અસ્ખલિતપણે વહેતી હોય તેવા સ્થાનને પ્રાપ્ત કરવાની આપણી ઇચ્છા નિત્ય વનવરાહનો શિકાર કરી તેના માંસની લહેજત ચાખવાની નોર્વેવાસીઓની ઇચ્છા જેવીજ છે. બન્નેની ધારણામાં સતત સુખોપભોગની વાસનાજ પ્રધાનપદ ભોગવે છે.

વેદાંતના મત પ્રમાણે કદી ન બદલાય એવા નિરપેક્ષ અખંડ

આનંદનું અસ્તિત્વ છે. એ આનંદ, આપણે ઐહિક સુખોપભોગનો જે આનંદ અનુભવીએ છીએ તેનાથી સાવ નિરાળો છે. એની મઝા કંઇ ઓરજ છે. ઉલટપક્ષે વેદાંત કહે છે તેમ આ જગતમાં જે જે કંઇ આનંદપ્રદ છે, તે પ્રત્યેક વસ્તુ આ બ્રહ્માનંદની કણિકામાત્ર છે; કારણ કે વાસ્તવિક જોતાં બ્રહ્માનંદ સિવાય બીજા આનંદનું અસ્તિત્વજ નથી. તેથી પ્રત્યેક પળે આપણે એ બ્રહ્માનંદનોજ અનુભવ કરીએ છીએ; પણ તે બ્રહ્માનંદ છે એમ જાણતાં નથી. જ્યાં જ્યાં સુખ કે આનંદ જેવું કંઈ જણાય છે, ત્યાં બધે બ્રહ્માનંદનોજ અંશ છે. ચોરી કરવામાં ચોરને કે દારૂ પીવામાં દારૂડીઆને જે આનંદ થાય છે, તે પણ વસ્તુતઃ તો બ્રહ્માનંદનોજ અંશ છે. ફેર માત્ર એટલોજ કે, કેટલીક બાહ્ય ઉપાધિઓના સંસર્ગથી તે શુદ્ધ આનંદ મલિન થયેલો હોવાથી આપણને યથાર્થ સમજાતો નથી. એને જો યથાર્થ સમજવો હોય, તો પ્રથમ તો આપણે ઐહિક સુખોપભોગ માત્રનો પરિત્યાગ કરવો જોઇએ. એવો નિખાલસ પરિત્યાગ થતાંજ પ્રકૃત આનંદની લ્હેજત પ્રાપ્ત થવાની. પહેલાં અજ્ઞાન અને મિથ્યા ભાવવાળી વસ્તુઓનો ત્યાગ કરી દઇશું એટલે સત્યની નિર્મળ જ્યોતિ આપોઆપ હૃદયમાં પ્રકાશવા માંડશે. એ સત્યની જ્યોતિને આપણે દૃઢપણે અપનાવીશું, એટલે પછી આપણે પ્રથમ ત્યાગી દીધેલી એકે એક ચીજ નવીન આકારમાં આપણી આગળ આવશે, અને તે પ્રત્યેકમાં આપણને દિવ્ય પ્રતિભા અને દિવ્ય ઓજસનું ભાન થશે. તે વખતે બધું જ—બધું બ્રહ્માંડ—આપણને બ્રહ્માનંદમય ભાસશે. પરંતુ વસ્તુમાત્રને એ સ્વરૂપમાં સમજવા કાજે સત્યની ઝાંખી આપણને પ્રથમ થયેલી હોવી જોઇએ, અને એ ઝાંખી માટે પ્રથમ તમામ વસ્તુઓનો આપણે ત્યાગ કરી દેવો જોઇએ. સત્યની ઝાખી થયા બાદ એની એજ વસ્તુઓ આપણને પુનઃ આવી મળે છે, પણ તે તેમના દિવ્ય સ્વરૂપમાં. તાત્પર્ય કે સત્યની ઝાંખીમાટે, ખરા આનંદના અનુભવમાટે, ઐહિક સુખદુઃખ, હર્ષ—શોક ઇ૦ સર્વને આપણે તિલાંજલિ આપવી જોઇએ.

"જેના વિષે વેદચતુષ્ટય પોકારી પોકારીને કહે છે, જેની પ્રાપ્તિ માટે સઘળા પ્રકારની તપસ્યાઓ નિર્માણ થઇ છે અને જેને મેળવવા લોકો બ્રહ્મચર્ય વ્રત યાને ઇંદ્રિયનિગ્રહનું પાલન કરે છે, તેના વિષે સંક્ષેપમાં કહેતાં હું તમને કહીશ કે, તે ૐ (એટલે કે પરબ્રહ્મ પરમાત્મા) છે." વેદોની અંદર આ ૐ કારનો અતિશય મહિમા ગવાયો છે, ને એ ૐ શબ્દ અત્યંત પવિત્ર મનાયો છે.

આટલી પ્રસ્તાવના બાદ નચિકેતાએ પૂછેલા પ્રશ્નનો યમરાજા જવાબ આપે છે. દેહ છૂટયા પછી માણસનું શું થાય છે?—એના ખુલાસામાં કહે છે કે, તે સચ્ચિદાનંદમય પરમાત્મા કદાપિ મરતો નથી, કદાપિ જન્મતો નથી, તે કશામાંથી ઉત્પન્ન થયો નથી કે તેમાંથી

કશું ઉત્પન્ન થયું નથી. એ અજ છે, અમર છે, અનાદિ છે, શાશ્વત છે, પવિત્ર પુરાણપુરુષ છે. દેહધારીઓના દેહ નાશ પામતાં પણ એ નાશ પામતો નથી. હણનારો માને કે હું અમુકને હણું છું, અને હણાનારો માને કે હું અમુકને હાથે હણાઉં છું; પણ તે ઉભય જણ સત્યથી અજાણ છે. કારણ કે એ આત્મા કોઇને હણતો નથી કે કોઈથી હણાતો નથી, કોઇનો ઘાતક નથી કે કોઇથી ઘવાતો નથી." આ અત્યંત અટપટી વાત છે. યમના ઉપલા જવાબની પહેલી લીટીમાં 'સત્ ચિત્' કિંવા જ્ઞાનમય શબ્દનો પ્રયોગ થયેલો છે, તેના પર ખાસ લક્ષ આપો. વેદાંતના અભ્યાસમાં જેમ જેમ આપણે આગળ વધીએ છીએ, તેમ તેમ વેદાંતનો ખાસ આદર્શ આપણને માલમ પડી આવે છે કે 'સકળ જ્ઞાન, સકળ વિશુદ્ધિ મૂળથીજ આત્માની અંદર રહેલાં છે.' એ જ્ઞાન, એ વિશુદ્ધિ કોઇ ઠેકાણે કમ પ્રમાણમાં વ્યક્ત થયેલાં હોય છે, તો કોઇ ઠેકાણે સારા પ્રમાણમાં વ્યક્ત થયેલાં હોય છે. એટલોજ માત્ર તફાવત હોય છે—અર્થાત્ માણસ માણસ વચ્ચે કિંવા બ્રહ્માંડની અન્ય કોઇ વસ્તુ વચ્ચે જે ભેદ જોવામાં આવે છે, તે ભેદ પ્રકારગત નથી પણ પ્રમાણગત છે. પદાર્થમાત્રના આંતરભાગમાં તો તેજ એક અનંત આનંદમય, પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ રહેલો છે. સજ્જનમાં ને દુર્જનમાં, પુણ્યશાળીમાં ને પાપીમાં, સુખીમાં ને દુ:ખીમાં, સ્વરૂપવાનમાં ને કદરૂપામાં, શું માનવીમાં કે શું પશુમાં એજ જ્યોતિર્મય તત્ત્વ વિલસી રહ્યું છે. એ જ્યોતિર્મય તત્ત્વ તે સર્વ કોઇનો આત્મા છે. પરસ્પરમાં દેખાતો ભેદ જે જણાય છે તે એના આવિર્ભાવ કિંવા પ્રકાશના પ્રમાણને લીધે છે. કોઇમાં તે વધારે પ્રમાણમાં આવિર્ભૂત થયો હોય છે, તો કોઇમાં ઓછા પ્રમાણમાં. આવિર્ભાવના આ ઓછાવત્તા પ્રમાણથી આત્મતત્ત્વ ઉપર કોઈ જાતની અસર પહોંચતી નથી. એ તત્ત્વ તો સર્વત્ર એકજ છે. દાખલાતરીકે આપણે બધાંએ જૂદા જૂદા પોષાક પહેર્યા છે. તેમાં કોઇનો પોષાક એવો છે કે જેમાંથી શરીરનો ઘણો ભાગ દેખાઇ આવે છે, જ્યારે કોઇનો એવો છે કે જે શરીરનો અલ્પ ભાગજ ખુલ્લો રહેવા દે છે; પણ તેથી શું જૂદા જૂદા પોષાક પહેરનારનાં શરીરમાં કંઇ તફાવત સમજવાનો છે? જરાયે નહિ. તફાવત છે તે શરીરનાં અંગોમાં નથી, પણ શરીરપર ધારણ કરેલા પોષાકમાં છે. તેજ પ્રમાણે દેહ અને મનના આવરણના પ્રમાણમાં આત્માની શક્તિ અને વિશુદ્ધિ ઓછીવત્તી પ્રકાશમાં આવે છે. આ ઠેકાણે આપણે ખાસ યાદ રાખવાનું છે કે, વેદાંતની અંદર કોઇ પણ સ્થાને શુભ–અશુભ જેવી ભિન્ન વસ્તુ પ્રતિપાદિત થઇ નથી, વસ્તુ તો એકજ છે. પણ પ્રમાણભેદને લીધે એકની એક વસ્તુ સારી અગર નરસી ભાસે છે. જે વસ્તુને આજે હું સુખકર લેખું છું તેની તેજ વસ્તુને કાલે સંજોગ બદલાતાં હું

દુઃખકર કહેવાનો. જે અગ્નિ આપણને હુંફ આપે છે, તેજ અગ્નિ બાળી પણ નાખે છે. તેમાં દોષ કોનો—અગ્નિનો છે? ના; તેમજ આત્મા સ્વયં જોકે વિશુદ્ધ અને પૂર્ણ છે તથાપિ જે વ્યક્તિ અનિષ્ટ કાર્યમાં પ્રવૃત્ત થાય છે તે પોતાના નિજસ્વરૂપથી વિપરિતાચરણ કરે છે, કેમકે તેને પોતાના સત્યસ્વરૂપનું ભાન નથી. એક ખુનીની અંદર પણ વિશુદ્ધ આત્માનો વાસો કાયમ છે; તે નાશ પામ્યો હોતો નથી. ભ્રમવશ બની તે શખ્સ પોતાના આત્માને આવૃત યાને ઢંકાયલો રાખે છે, તેની વિશુદ્ધ જ્યોતિને પ્રકાશવા દેતો નથી એટલુંજ; બાકી આત્મા તો તેની અંદર પણ બીજાના જેટલોજ વિશુદ્ધ છે. તેજ પ્રમાણે જે માણસ પોતાને હણાયલો માને છે તેનો આત્મા પણ હણાયા વગરનો—અવિચ્છિન્ન રહે છે. આત્મા અમર છે, નિત્ય છે, અવિચ્છિન્ન છે. એ કદાપિ હણાતો નથી કે નષ્ટ કરાતો નથી; **अणोरणीयान् गरीयो गरीयान्** યાને નાનામાં નાનો અને મોટામાં મોટો એ આત્મા—સર્વનો સ્વામી પરમેશ્વર માનવીમાત્રના હૃદયમાં ઉંડે ઉંડે પણ રહ્યો છે ખરો. નિષ્પાપ વ્યક્તિ હોય છે તે વિધાતાની કૃપાથી તેનાં દર્શન પામીને યાને તેનો સાક્ષાત્કાર કરીને સકળ શોક–મોહથી રહિત બને છે. જે પોતે દેહવિહીન છતાં દેહોમાં રહ્યો છે, સ્થાનવિહીન છતાં સર્વ સ્થાને વ્યાપેલો છે; તે અનંત સર્વવ્યાપી આત્માને તેના સત્યસ્વરૂપમાં પિછાની જ્ઞાની પુરુષો એકેસપાટે દુઃખમુક્ત બને છે, ને સદા સર્વદા દુઃખમુક્ત રહે છે.

આ આત્માનો સાક્ષાત્કાર વાક્પટુતાથી, બુદ્ધિચાતુર્યથી કિંવા વેદાધ્યયનથી સધાતો નથી. 'વેદદ્વારા પણ આત્મસાક્ષાત્કાર સધાતો નથી'—એ વચન ઉચ્ચારવામાં ઋષિઓએ જબરી હામ ભીડી છે, એમજ કહેવું જોઇએ. અમારા ઋષિમુનિઓ સમર્થ વિચારક હોઈ વિચારસૃષ્ટિમાં તેમનાં સાહસ અજબ પ્રકારનાં હતાં, એ તો હું તમને અત્યાર અગાઉ કયારનો કહી ગયો છું. વિચારપ્રદેશમાં તેમની ગતિ કશાથી કુંઠિત થતી નહિ. ધ્યાન રાખો કે, હિંદુઓ વેદને જેટલા માનભાવથી જુએ છે તેટલા માનભાવથી ખ્રિસ્તીઓ બાઇબલને નહિ જોતા હોય. બીજા શબ્દોમાં કહીએ તો ખ્રિસ્તી લોકો બાઇબલ ગ્રંથ વિષે જે ભાવ ધરાવે છે, તેના કરતાં વેદવિષેનો હિંદુઓનો ભાવ વધારે ગૂઢ છે. ખ્રિસ્તી લોકો બાઇબલને ઈશ્વરની વાણીતરીકે ઓળખે છે. ઈશ્વરવાણીનો અર્થ એટલોજ સમજવાનો છે કે, એ ગ્રંથ ઈશ્વરી પ્રેરણા પામેલા કોઇ મનુષ્યને હાથે લખાયો છે; પણ હિંદુઓની વેદવિષયક માન્યતા એવી છે કે, જગતમાં જે જે પદાર્થો છે, તે વેદમાં છે; કારણ કે વેદમાં તેમનો ઉલ્લેખ થયેલો છે. વેદમાં અને વેદદ્વારાજ સર્વ સૃષ્ટિ સરજાઈ છે એવી

હિંદુઓની અટળ માન્યતા છે. જ્ઞાનને નામે જે જે ઓળખાય છે, તે સઘળું વેદોમાં છે. વેદ એટલેજ જ્ઞાન. વેદનો પ્રત્યેક શબ્દ પવિત્ર અને શાશ્વત હોઇ આત્માની પેઠે અનાદિ અનંત છે. સૃષ્ટિકર્તાના સકળ મનોભાવ એ ગ્રંથમાં જાણે ઠલવાયા છે. આવા ગહન અર્થમાં હિંદુઓ વેદને સમજે છે, અને તેનાં વચનોને માન આપે છે. અમુક વાત નૈતિક કેમ છે, તો કે તે વેદવિહિત છે; અને ફલાણી વાત અનીતિમય કેમ છે, તો કે એ વેદવિહિત નથી. હિંદુઓમાં વેદ આટલા બધા પ્રમાણભૂત મનાવા છતાં 'અસ્ખલિત વેદાધ્યયનથી પણ શુદ્ધ સત્યનો સાક્ષાત્કાર પમાતો નથી'–એમ જ્ઞાની ઋષિઓએ જાહેર કર્યું છે; એ વાત બતાવી આપે છે કે, અમારા આ ઋષિઓ સત્યની શોધમાં કેવા સાહસિક હતા. સંપૂર્ણ શોધને અંતે એ સાહસિક વીરોએજ જાહેર કર્યું છે કે "જેના પર પ્રભુ પ્રસન્ન થાય છે, તેનેજ નિજસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે." અર્થાત્ કે પરમાત્માની કૃપા સંપાદન કર્યા વગર તેનો સાક્ષાત્કાર દુર્ઘટ છે. આ ઠેકાણે કોઇ શંકા ઉઠાવશે કે 'એમાં તો પક્ષપાત થવાનો સંભવ છે.' પણ એ શંકાના નિવારણમાં યમ સમજાવે છે કે "જેઓ પાપી અને દુરાચારી હોય છે તથા જેમનું મન શાંત હોતું નથી, તેમને એ સત્યની ઝાંખી યાને એ સાક્ષાત્કારનો અનુભવ પ્રાપ્ત થતો નથી. જેઓ મન, વચન અને કાયાથી પવિત્ર હોઇ, ચંચળ ઇંદ્રિયોને સંયમમાં રાખનારા હોય છે, તેમનેજ માત્ર એ પરમાત્મતત્ત્વનાં દર્શન થાય છે; તેઓજ સાક્ષાત્કારના અધિકારી બને છે.

આ વિષયપર કઠોપનિષદ્માં એક સુંદર ઉપમા આલેખાઇ છે. આત્માને સ્વાર, શરીરને રથ, બુદ્ધિને સારથિ, મનને લગામ અને ઇંદ્રિયગણને ઘોડાતરીકે વર્ણવી સમજાવ્યું છે કે "જેના ઘોડા સારા કેળવાયલા એટલે કે સંયમને વશ હોય છે, અને જેની લગામ મજબૂત હોઇ સારથિના હાથમાં મજબૂતપણે પકડાઈ હોય છે, તે નિયત સ્થાને એટલે કે પ્રભુના પરમપદને પહોંચે છે; પણ જેના ઘોડા કહેતાં ઇંદ્રિયો સંયમને વશ નથી, અને જેની લગામ કહેતાં મન પણ સુવ્યવસ્થિત નથી, તે સ્વારનો રથ ધારેલે સ્થળે પહોંચવાને બદલે વિનાશના ખાડામાં પડે છે." પ્રાણીમાત્રમાં સમાનભાવે વ્યાપેલો આત્મા આ ચર્મચક્ષુઓ કે અન્ય ઇંદ્રિયોને કેવળ અગોચર છે; પણ જેમનાં મન પવિત્ર અને વિશુદ્ધ બનેલાં છે, તેમનાં હૃદયમાં તેની જ્યોત આપોઆપ પ્રગટ થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી અતીત, અવ્યય, અનાદિ અનંત અને વળી માયાથી પર એવા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર જે પામે છે, તે મૃત્યુના જડબામાંથી હમેશને માટે મુક્ત થાય છે. પરંતુ એ સ્થિતિ પ્રાપ્ત થવી ઘણી કઠણ છે, ખાંડાની ધારપર ચાલવા જેવી કઠણ છે. વળી

રસ્તો પણ ટુંકડો કે નિર્ભય નથી. પંથ લાંબો ને ભયાનક છે, છતાં નિરાશ ન થતાં વેગપૂર્વક આગળ વધો. **'उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत** યાને જાગો, ઉઠો અને ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરીનેજ જંપો' આ સૂત્રને નિરંતર સ્મરણમાં રાખી પ્રયત્ન કરો–ભગીરથ પ્રયત્ન કરો.

હવે આ ઠેકાણે તમને જણાતું હશે કે, બધાં ઉપનિષદોમાં સાક્ષાત્કારનીજ વાત પ્રધાનપણે આવેલી છે. અને તે ઉપરજ વખતોવખત પ્રશ્નો ઉઠેલા છે. ખાસ કરીને આધુનિક જમાનામાં એવી શંકા ઉઠશે કે 'એની ઉપયોગિતા શી છે?' બીજા પણ એવા સંદેહ ઉપજશે; પણ એ બધા સંદેહનાં મૂળ તપાસીશું, તો જણાયા વગર રહેશે નહિ કે, આપણાં બધાંજ કાર્યો પૂર્વસંસ્કારોથી પ્રેરિત થાય છે. પૂર્વસંસ્કારોનો આપણાં મનપર ઘણો જબ્બર પ્રભાવ હોય છે. બચપણથીજ જેઓ સગુણ ઈશ્વર અને મનના ભિન્નત્વની વાતો સાંભળતાં આવ્યાં છે, તેમને આ બધી વાતો અવશ્ય કઠોર અને અરુચિકર લાગશે; પરંતુ એવા લોકો પણ જો તે વાતોનું શ્રવણ–મનન ચાલુ રાખશે, તો વખત જતાં તે વાતો તેમનાં જીવનનું અંગ બની જશે–રે! તેમના મગજમાં પચી જશે; એટલે પછી તેમને એવી વાતોથી ભડકવાનું રહેશે નહિ. સૌથી મોટો સંદેહ જે ઉઠે છે તે અધ્યાત્મવાદ અથવા ફિલ્સુફીની ઉપયોગિતાના સંબંધમાં ઉઠે છે. એનો કેવળ એકજ ખુલાસો હોઇ શકે, અને તે એ કે, ઉપયોગિતાવાદી કિંવા પ્રયોજનવાદીના મંતવ્ય પ્રમાણે ઐહિક સુખ માટે જરૂરી ભોગસામગ્રી મેળવવા અનેક મનુષ્યો પ્રયત્ન કરે, એ જો ઇષ્ટ મનાતું હોય તો પછી જે લોકો આધ્યાત્મિક વિષયમાંજ ખરૂં સુખ માનતા હોય, તેમને તે વિષય વિચારવાની છૂટ કેમ ન હોવી જોઇએ? અર્થાત્ સુખની વ્યાખ્યા બન્ને કોટિનાં લોકને મન જૂદી છે, તેથી સુખપ્રાપ્તિનાં તેમનાં ક્ષેત્ર પણ જૂદાં હોય તે સાફ સમજી શકાય તેમ છે. ઇંદ્રિયજન્ય વિષયભોગ ઘણાંને રૂચે છે, માટે તેઓ તેની પાછળ પડે છે; પણ બીજાં કેટલાંક એવાં પણ હશે કે જેમને તે મુદ્દલ નથી રૂચતાં, અને જેઓ ઇંદ્રિયજન્ય સુખ કરતાં ઉચ્ચતર સુખ ઝંખે છે. કૂતરૂં ખાનપાનમાંજ રાચનારૂં પ્રાણી છે. એનું સુખ આહાર–વિહારમાંજ પરિસમાપ્ત થઈ જાય છે; પણ એક વિજ્ઞાનવેત્તાને આહાર–વિહાર અને બીજાં વિલાસનાં સુખોને તિલાંજલિ આપી અમુક તારાઓની ગતિ તથા સ્થિતિ નક્કી કરવા માટે નિર્જન પહાડના શિખરપર વસવામાં મઝા પડે છે. એ વિજ્ઞાનવેત્તાની મઝા કૂતરાથી સમજાય તેમ નથી. તેથી કૂતરૂં તેને જોઇને કદાચ હસશે અને ધારશે કે, આ તો પાગલ છે. સંભવ છે કે, આ વિજ્ઞાનવેત્તાની પાસે પરણવા પૂરતાં પણ સાધન

નહિ હોય, અને તે પોતે સૂકો પાકો રોટલાનો ટુકડો ખાઈ તથા પાણી પીને રહેતો હશે; છતાં ખગોળની શોધમાં એને જે રસ પડે છે, તે કૂતરાથી કેવળ અજાણુ હોય છે. કૂતરાને હસતું જોઇ વૈજ્ઞાનિક તેને કહેશે કે "ભાઇ કુતરા! તું હસ મા. તારૂં સુખ કેવળ ઇંદ્રિયોના વિષયભોગમાં સમાયેલું છે, તને બીજાં સુખની ગતાગમ નથી, મારી વાત તારાથી નિરાળી છે. મારે માટે તો મારૂં આ જીવન અત્યંત સુખપ્રદ છે. માટે તને જેમ તારા માનીતા વિષયોમાંથી સુખ મેળવવાની છૂટ છે, તેમ મને પણ મારા માનીતા વિષયમાંથા મેળવવાનો અધિકાર છે." માટે સુખની ભાવના ભિન્ન ભિન્ન હોય તેમાં હસવા જેવું કંઇજ નથી. પણ ભૂલ અહીં થાય છે કે, આપણે સમસ્ત જગતને આપણા મત મુજબ ચાલતું જોવા ઇચ્છીએ છીએ; અને આપણા વિચારગજથીજ બધાંને માપવા ચાહીએ છીએ. ઇંદ્રિયજન્ય ભોગવિલાસોમાં તમને અત્યંત મઝા પડતી હોય એ બનવાજોગ છે, પરંતુ તેટલા માટે મને પણ તેમાં મઝા પડવી જોઇએ, મારી મઝા અને મારા આનંદનો વિષય પણ એજ હોવો જોઇએ, એમ તમારે માની લેવાનું કશુંજ કારણ નથી. તેમ હોવુંજ જોઇએ એવી જીદ જો તમે પકડો, તો તમારી ને મારી વચ્ચે મતભેદ ઉભો થવાનો. સાંસારિક પ્રયોજનવાદી અને ધર્મવાદીઓની વચ્ચે જે મતભેદ રહેલો છે, તે આવાજ પ્રકારનો સમજવાનો છે. પ્રયોજનવાદી કહે છે કે 'રે ધર્મવાદી! જો, હું કેવો સુખી છું! મને જે જોઇએ તે મળે છે, છતાં ધર્મ બર્મ વિષે હું કંઈ સમજતો નથી. એના વિષે નાહક માથું કોણ પકવે? અને એ વિષય પણ કેવો માથાફોડીઓ છે? હું તો મારે ધર્મવગર પણ ખાસ્સો સુખી છું." તેના જવાબમાં મારા જેવો ધર્મવાદી કહે કે "બહુ સારૂં, ભાઈ! તું સુખી છે તે બહુ સારી વાત છે; પણ યાદ રાખજે કે, આ સંસાર બહુ ભયંકર છે. તારા પાડોશીનું કે માનવસમાજના કોઇ ભાગનું અનિષ્ટ કર્યાં વગર તારૂં ઇચ્છિત સુખ તું પ્રાપ્ત કરી શકતો હોય, તો ઈશ્વર તારી ચઢતી કળા કરો." પણ એ પ્રયોજનવાદી આ જવાબથી સંતોષ ન પામતાં મારી પાસે આવીને કહેશે કે "તમારે પણ મારે પંથે ચાલવું જોઇએ, મારા જેવું વર્તન નહિ રાખવામાં તમારી મૂર્ખાઇ થાય છે." તો તેના જવાબમાં હું એમ કહીશ કે "ભાઈ! તારૂં માનવું ખોટું છે. કારણ સંસારની જે વસ્તુઓ તને સુખપ્રદ ભાસે છે, તે વસ્તુઓ મારે માટે જરાયે મોહક નથી, તોપછી સુખપ્રદ તો ક્યાંથી હોય? સોનાના થોડા બાચકા માટે મારે અહીંતહીં ભટકવું પડે તો મારા જીવનને હું રદબાતલ સમજું. એવા જીવન કરતાં તો હું મોતને વધારે સુખકર લેખું." ધર્મવાદી પ્રયોજનવાદીને આ સણસણતો જવાબ ચટ

દઇને સંભળાવશે. આમાં ખરી વાત એમ છે કે, જે લોકોની તુચ્છ ભોગવાસના ખતમ થઈ હોય છે, તેઓજ ધર્મના વિષયમાં રસ લઇ શકે છે; તેવાજ લોકોમાટે ધર્માચરણ શક્ય છે, બીજાંઓ માટે નહિ. આપણ દરેકે સંસારના પૂરા અનુભવ લેવા જોઇએ; સાંસારિક ભોગો સાથે પૂરો પલ્લો ભરવો જોઇએ. જેટલી દોડ હોય તેટલું એક વાર દોડી લો; તે પછીજ પરમાર્થની વાત તમારે ગળે ઉતરશે, ને ત્યારેજ પરલોકનાં દ્વાર ખુલશે.

આ પ્રસંગે મારા મનમાં બીજી એક ખાસ વાત સ્ફૂરી આવે છે. તે વાત તમારા કાનને કદાચ કર્કશ લાગશે, પણ વાત સાવ સાચી છે. આ સાંસારિક ભોગવાસના કોઈ કોઇ વાર સુંદર સ્વાંગ સજે છે, પણ એ સ્વાંગ અતિ ભયંકર અને ફસાવનારો હોય છે. એ ભયંકર સ્વાંગ તે આ છેઃ–અતિ પ્રાચીનકાળથી અને પ્રત્યેક ધર્મમાં એ વાત ચાલતી આવી છે કે, એક સમય એવો આવશે કે જ્યારે સાંસારિક જીવનનાં સઘળાં દુઃખો નષ્ટપ્રાય થઇ જઈ કેવળ સુખ, સુખ ને સુખજ રહેશે અને આ પૃથ્વીપરજ સ્વર્ગ ઉતરશે; પણ મને એ વાતમાં લવલેશ શ્રદ્ધા નથી. આ પૃથ્વી તો જેવી છે તેવી ને તેવીજ કાયમ રહેશે, એવો મારો દૃઢ વિશ્વાસ છે. મારી આ વાત મારા શ્રોતાઓને અને ખાસ કરીને મારા ખ્રિસ્તી શ્રોતાઓને અતિ ભયંકર લાગશે, પણ તે ચર્ચ્યા વગર મારો છૂટકો નથી. જુઓ, ધ્યાનપૂર્વક સાંભળો. આ સંસારનાં જે દુઃખો છે, તે શરીરની અંદર ઘર કરી રહેલા સંધિવાના અસાધ્ય વ્યાધિ સમાન છે. અસાધ્ય સંધિવા જેમ શરીરના એક ભાગમાંથી હઠાવતાં બીજામાં, અને બીજામાંથી હઠાવતાં ત્રીજામાં એમ વિવિધ અંગોમાં વારાફરતી દેખા દીધા કરે છે, અને લેશમાત્ર પીછો છોડતો નથી, તેમ આ સાંસારિક દુઃખોનું પણ સમજવાનું છે. પ્રાચીનકાળમાં લોકો અરણ્યમાં વસતા હતા અને એકબીજાનો સંહાર કરી તેમના માંસનું ભક્ષણ કરતા હતા. અર્વાચીન કાળમાં તેઓ એકબીજાનો પ્રત્યક્ષ સંહાર કરી તેમનું માંસ નથી ખાતા, પણ સામાને છળપ્રપંચથી છુંદી તેમની માલામલ્કત હોઇયાં કરે છે. આખાં નગરનાં નગર અને મુલકના મુલક આ છળપ્રપંચના ભોગ બની પાયમાલ થઈ જાય છે. આ વસ્તુસ્થિતિ મનુષ્યજાતિ માટે પ્રગતિસૂચક ન કહેવાય. આ સંસારમાં તમે જેને પ્રગતિ કહી ઓળખાવો છો, તે વસ્તુતઃ પ્રગતિ નથી; પણ વાસનાઓની અને તેમની તૃપ્તિમાટેનાં સાધનોની વૃદ્ધિમાત્ર છે. આ સિવાય તમારા 'પ્રગતિ' શબ્દમાં મને તો બીજું કંઇ જણાતું નથી. મારા મનમાં તો એ વાત સાફ સાફ વસી ગઇ છે કે, વાસનાઓજ સઘળાં દુઃખનું કારણ છે. વાસનાવાળું જીવન યાચકના જીવન સરખું છે. યાચક જેમ કંઇ ને કંઇ હમેશાં માગ્યા કરે છે, માગવા વગર બીજું કંઇ એને

સૂઝતું નથી અને એક વસ્તુ મળતાં બીજી વધારે ને વધારેની તે માગણી કરે છે, તેમ વાસનાનો ગુલામ જીવ પણ એક વાસના તૃપ્ત થતાં બીજી વાસનાની તૃપ્તિ ઇચ્છે છે; એટલુંજ નહિ પણ તૃપ્ત થયેલી વાસનાઓનો વારંવાર આસ્વાદ લીધા છતાં તેની એ વાસનાઓ સંપૂર્ણ તૃપ્ત થતીજ નથી-અર્થાત્ કે વાસનાની તૃપ્તિનાં આપણાં સાધન ને શક્તિ અંકગણિતના ક્રમે વધે છે, તો વાસનાનો આપણા ઉપરનો કાબુ રેખાગણિત યાને ભૂમિતિના ક્રમે વધે છે. એટલે સુખદુઃખનો એકંદર સરવાળો તો આ દુનિયામાં, કંઇ નહિ તો છે ત્યાંનો ત્યાંજ રહે છે. સમુદ્રમાં એક મોજું ઉંચું ચઢે છે તો કોઇ ને કોઈ ઠેકાણે તે ખાડો પાડયા વગર રહેતું નથી; તેજ પ્રમાણે જો એક માણસને કંઈક સુખ પ્રાપ્ત થયું હશે, તો તેજ વખતે બીજા માણસને અગર કોઇ પશુને તેટલુંજ દુઃખ થયું હશે. દાખલા-તરીકે, મનુષ્યની સંખ્યા જેમ જેમ વૃદ્ધિંગત થાય છે, તેમ તેમ જનાવરોની સંખ્યામાં ઘટાડો થાય છે; કારણ આપણે મનુષ્યો તેમને મારી નાખીને તેમના વસવાટની જગા આપણા વસવાટ માટે પચાવી પાડીએ છીએ; અગર ગોચર જેવાં તેમનાં આજીવિકાનાં સાધનો બથાવી પાડીએ છીએ. બાબત આમ છે તો પછી શું મોઢું લઇને આપણે કહી શકીએ કે, સુખનું પ્રમાણ વૃદ્ધિંગત થતું જાય છે? બળવાન પ્રજાઓ નિર્બળને દમે છે ને તેમનો અશેષ સંહાર કરે છે. પરંતુ એ બળવાન પ્રજા પોતે બહુ સુખી થશે, એમ શું તમે ધારો છો? ભોગજોગે તમારી એવી ધારણા હોય, તો તે ખોટી છે. વખત જતાં તેઓ પોતપોતાની અંદર યાદવાસ્થળી મચાવશે, એ નિઃસંશય છે. આવાં આવાં પ્રત્યક્ષ પ્રમાણોને આધારેજ હું કહું છું કે, આ પૃથ્વીપર સ્વર્ગ નથી ઉતરવાનું, આ સંસાર કેવળ સુખમય કદાપિ નથી થવાનો; કારણ વસ્તુસ્થિતિ બધી વિરુદ્ધ છે. અનુમાનના જોર-પર પણ હું કહી શકું છું કે, એ વાત કદાપિ સિદ્ધ થવાની નથી.

પૂર્ણતા સદા સર્વદા અનંત છે. આપણે પણ વસ્તુતઃ તો આ અનંતસ્વરૂપજ છીએ, અને એ અનંતતાને વ્યક્ત કરવા મથી રહ્યા છીએ. તમે, હું અને સૌ કોઇ એ અનંતતાને વિકસાવવા, કિંબહુના વ્યક્ત કરવાનો પ્રયત્ન આદરીએ છીએ; આટલું કહેવું યથાયોગ્ય છે. પરંતુ આ સત્યપરથી કેટલાક જર્મન દાર્શનિકોએ નીપજાવી કાઢેલા વિચિત્રવાદને આધારે આપણે એમ કહેવા લાગીએ કે, અનંતનો આ આવિષ્કાર યાને વ્યક્તતા દિનપ્રતિદિન વધારે ને વધારે ઉચ્ચગામી થશે અને અંતે આપણે સંપૂર્ણ આવિષ્કાર અથવા વિકાસને પ્રાપ્ત થઇ સંપૂર્ણ પ્રાણીઓ બનીશું, તો તે કેવળ બેહૂદું છે. સંપૂર્ણ આવિષ્કાર એટલે શું સમજવું ? સંપૂર્ણતા એટલે અનંતતા અને આવિષ્કાર એટલે મર્યાદા, એ વાતનો સ્વીકાર

કર્યા વગર તમારા દેવનો પણ છૂટકો નથી. તો પછી આપણે સંપૂર્ણ આવિષ્કાર પામીશું એ વાક્યનો અર્થ એવો થાય કે આપણે અનંત મર્યાદિત કિંવા અમર્યાદિત મર્યાદિત બનીશું. વાહરે, બુદ્ધિ ! કેવો ભારે વિરોધાભાસ ! એવો અર્થહીન વાદ છોકરાંને ભલે ખુશ કરે; પણ તેમ કરવા દેવું એ પણ અનિષ્ટ છે. કેમકે એથી કરી બાળકોનાં કુમળાં ભેજાંમાં જુઠ્ઠાણાનું જાળું ભરાય છે, અને તેમના પંથમાં કંટક વેરાય છે. પરંતુ આપણને ખબર છે કે, આ જગત તેમજ માણસ પૂર્ણ પુરુષોત્તમનું યાને પરબ્રહ્મનું અવનત સ્વરૂપ છે. નિષિદ્ધ વૃક્ષનું ફળ ખાવાના પ્રાયશ્ચિત્તતરીકે આપણ આદમીઓના મૂળ પુરુષ **આદમનું** સ્વર્ગમાંથી પતન થયું હતું. એ વાત પણ આપણને સુવિદિત છે. એવો એક પણ ધર્મ અત્યારે નથી કે જેમાં મનુષ્યની આ અવનત દશાની વાત ન હોય. આપણે અવનત થતાં થતાં એક વાર પશુની સ્થિતિએ પહોંચ્યાં હતાં, અને અત્યારે પાછા ક્રમે ક્રમે ઉન્નત થતા જઇએ છીએ, તે અવનતિના ઉંડા ખાડા-માંથી બહાર નીસરી મૂળ સ્વરૂપમાં ભળી જવા માટેજ. પણ એ કાર્ય આપણે સંસારમાં રહીને સંપૂર્ણાંશે કદાપિ નહિ સાધી શકીએ. આપણે ભગીરથ પ્રયત્ન આદરીશું, બહુ બહુ મથીશું, પણ સાંસારિક ભોગોમાં રચ્યાપચ્યા રહીને, આપણે એ સંપૂર્ણતાને–એ અનંતતાને–રે ! એ મૂળ સ્વરૂપને કદાપિ પ્રાપ્ત કરી શકીશું નહિ. આ વાત કોઇ ને કોઇ વખત આપણા હૃદયમાં વસ્યા વગર રહેવાની નથી. એક વાર તો જરૂર આપણી અક્કલના આગળા ખુલશે અને આપણને એ વાતનું તારતમ્ય સારી પેઠે સમજાશે. તેજ ઘડીએ 'પિછેહઠ'નું તતૂડું ફૂંકાશે અને આપણે આપણી અનંતતાની મૂળ-ભૂમિકા તરફ મોં ફેરવીશું.

આ ક્રિયાનો અર્થ ત્યાગ અથવા વૈરાગ્ય છે. સંસારના ફાંદા-માંથી છૂટવા કાજે જે રસ્તે આપણે એ ફાંદામાં ફસાયા તેનાથી ઉલટો રસ્તો લેવો પડશે. વાસનાઓ અને ભોગવિલાસથી ફસાયા તો છૂટવા કાજે વાસનાઓ અને ભોગવિલાસોનો ત્યાગ કરવો જોઇશે. એમ થશે એટલે પછી સદાચાર અને સખાવતનો ખરો આરંભ થશે. સમસ્ત નૈતિક અનુશાસનનો સાંકેતિક શબ્દ યાને મૂળમંત્ર તપાસીશું, તો તે " હું નહિ પણ તું " એવો મળી આવશે. અને આ 'હું'કાર તે આપણી અંદર જે અનંત તત્ત્વ વ્યાપેલું છે, તે વ્યક્ત થવાનો યાને બહાર પડવાનો પ્રયત્ન કરે છે તેના પરિણામરૂપ છે. આ નાનું સરખું 'હું' મોટું પરિણામસૂચક છે. એ 'હું'ને પોતાના સ્વાભાવિક સ્વરૂપ અનંતતા તરફ પાછા વળી તેમાં ભળી જવાનું છે. 'ભાઈ! હું નહિ પણ તું, મારું નહિ પણ તારૂં, મેં નહિ પણ તેં "–એવો એવો પ્રયોગ તમે જ્યારે જ્યારે

કરો છો, ત્યારે ત્યારે તમે અનંતતા તરફ પાછા ફરવાનો પ્રયત્ન કરો છો. પણ જ્યારે જ્યારે—" તું નહિ પણ હું, તારૂં નહિ પણ મારૂં, મેં નહિ પણ તેં "—એવો પ્રયોગ કરો છો ત્યારે ત્યારે તમે ઉલટી દિશામાં ગતિ કરો છો. તે વખતે પણ 'હું'કારથી જો કે અનંતતત્ત્વનેજ વ્યક્ત કરો છો, પણ તે અવળે પગલે સ્થૂલ જગત ભણી મોઢું કરીને યાને અનંતથી વિમુખ બનીને. એ અવળી સ્થિતિજ દુનિયામાંના ઝઘડા અને અનર્થોની ઉત્પાદક છે; પરંતુ અનુભવને અંતે એ ભૂલ સમજાય છે ત્યારેજ શુદ્ધ ત્યાગવૈરાગ્યનો ઉદય થાય છે. અને તેમ થતાંજ ક્ષુદ્ર 'હું' લુપ્તપ્રાય થઈ જાય છે, તથા સુવિચાર સ્ફૂરે છે કે " આ ક્ષુદ્ર જીવનની શામાટે આટલી બધી બરદાસ લેવી ? આ લોકમાં કે પરલોકમાં આ ક્ષુદ્ર જીવન જીવવાની અને જોગવવાની મિથ્યા લાલસાજ મોતને નોતરે છે."

હવે, એ વાત જો સાચીજ હોય કે, આપણે પશુયોનિમાંથી વિકાસ પામતાં પામતાં મનુષ્યયોનિમાં આવ્યાં છીએ, તો પશુયોનિ એ મનુષ્યયોનિનું અવનત રૂપ, યાને પશુઓ અવનત દશાએ પહોંચેલાં મનુષ્યોજ હોય એ બનવા જોગ છે. એમ નથીજ, એવું તમે ખાત્રીપૂર્વક શી રીતે કહી શકો ? ક્રમવિકાસવાદના પ્રમાણતરીકે નીચમાંની નીચ યોનિથી માંડી ઉંચામાં ઉંચી મનુષ્યયોનિનાં પ્રાણીઓની શરીરરચનામાં રહેલા સાદૃશ્યને આગળ કરવામાં આવે છે. ક્રમવિકાસવાદમાં આ સાદૃશ્યતા નીચી યોનિથી શરૂ કરી ઉંચી યોનિમાં સિદ્ધ કરવામાં આવે છે યાને નીચમાંથી ઉચ્ચ યોનિ વિકસિત થઇ છે, એમ બતાવવામાં આવે છે. પણ તેટલા ઉપરથી તમે એમ કહેવાનો દાવો શી રીતે કરી શકો કે, એ ક્રમ હમેશાં નીચેથી ઉપર ચઢતો છે અને ઉપરથી નીચે ઉતરતો કદાપિ નથી? ક્રમવિકાસની યુક્તિ બન્ને રીતે લાગુ પડે તેવી છે. આ ક્રમવિકાસવાદમાં કંઇ પણ તથ્ય રહેલું હોય તો તો મારી માન્યતા છે કે, એ ક્રમ ઉલટાસુલટો ચાલ્યા કરે છે, એટલે કે નીચમાંથી ઉચ્ચ અને ઉચ્ચમાંથી નીચ એમ ક્રમશઃ ચાલ્યાજ કરે છે; કેમકે ક્રમસંકોચ-વિના ક્રમવિકાસની શક્યતાજ ન હોય. ઉન્નત જીવન માટેનો આપણો પ્રયત્ન પૂરવાર કરે છે કે, ઉન્નત દશામાંથી આપણું પતન થયું છે. આ યોનિપરંપરાના સંબંધમાં પણ એમજ હોવું જોઇએ કે, માત્ર વિગત યા રીતિમાં કંઇ ભેદ હોય તો તે જૂદી વાત છે. ભગવાન ઇસુ ખ્રિસ્તે, બુદ્ધદેવે તેમજ વેદાંતે એકે અવાજે જાહેર કરેલા મતને હું ચુસ્ત રીતે માનું છું કે "મોડા વહેલા આપણે સૌ કોઇ પૂર્ણતાને યાને બ્રહ્મપદને પામીશું, પણ તે આ અપૂર્ણતા યાને સ્થૂળ-જગતનો અને તેનાં સુખોનો મોહ છોડીશું તોજ પામી શકીશું." આ સ્થૂળજગત અને તેનાં સુખો વસ્તુતઃ કંઈ ચીજ નથી. બહુમાં બહુ

તો એટલુંજ કહી શકીએ કે, આ સ્થૂળજગત એ ચૈતન્યજગતનું, અને આ સ્થૂળજગતનાં સુખો એ પ્રકૃત સુખ યાને બ્રહ્માનંદનું વિકૃત સ્વરૂપ છે, તેની છાયામાત્ર છે, માટે છાયાનો ત્યાગ કરી આપણે મૂળ વસ્તુનેજ પકડવી જોઇએ. ત્યાગજ આપણને તેના પ્રતિ દોરી લઇ જશે. ત્યાગ એજ આપણા સત્ય જીવનનો મૂળ પાયો છે. સ્થૂળવ્યવહારમાં પણ જ્યારે જ્યારે આપણી પોતાની જાતનો વિચાર બાજુએ મૂકીને કામ કરીએ છીએ, ત્યારે ત્યારેજ આપણને ખરા સુખનો કંઇક અનુભવ થાય છે. માટે આ ક્ષુદ્ર પોતાપણાનો–ક્ષુદ્ર અહંભાવનો–દેહાત્મભાવનો તો લોપજ થવો જોઇએ. એ સિદ્ધ થતાંજ આપણને જણાશે કે, આપણે સત્ય અથવા ચૈતન્યસૃષ્ટિમાં છીએ અને તે ચૈતન્યસૃષ્ટિ તેજ પરમેશ્વર છે. એ ચૈતન્યસ્વરૂપ આપણી સ્વાભાવિક સ્થિતિ હોઇ આપણે તેનીજ અંદર અને તે આપણી સાથેજ નિરંતર વસે છે. આપણી સ્થિતિ અને ગતિ એની અંદરજ ભલે રહો. આનંદમય અસ્તિત્વની ખરી સ્થિતિ તો એજ છે; એજ સાચું આનંદમય જીવન છે. પરમાત્માની સમાન કક્ષાનું જીવન યાને બ્રહ્મમય જીવન એજ ખરૂં જીવન છે, બીજાં બધાં ફાંફાં છે. એ સાચા જીવનને સાધ્ય કરવા, યાને એ સાક્ષાત્કારના સુખનો અનુભવ લેવા, ચાલો આપણે બધાંજ પ્રયત્ન આદરીએ.



१-बहुत्वमां एकत्व याने विविधतामां एकता*

કઠોપનિષદ્‌ના બીજા અધ્યાયની પહેલી વલ્લીમાં કહ્યું છે કે-

पराञ्चिखानिव्यतृणत् स्वयंभूस्तस्मात् पराङ् पश्यति नान्तरात्मन् । कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुर-मृतत्वमिच्छन् ॥

અર્થાત્ કે “ સ્વયંભૂ જગતકર્તાએ ઇંદ્રિયોનાં મુખ બહારની બાજુએ રાખેલાં છે, તેથીજ મનુષ્યની દૃષ્ટિ સ્થૂળ જગતના વિષયો તરફ વળે છે અને અંતરાત્મા તરફ વળતી નથી. ક્વચિત ક્વચિત કોઇ જ્ઞાની વીરલોજ બાહ્ય વિષયોથી પરાઙ્મુખ થઇને અમૃતત્વની ઇચ્છાથી અંતરાભિમુખ બની અંતરસ્થ આત્માને નિહાળે છે.” અગાઉ હું તમોને બતાવી ગયો છું કે, વેદોના સંહિતાભાગમાં તેમજ બીજા કેટલાક ગ્રંથોમાં જગતની સ્થૂળવસ્તુઓનીજ આલોચના સૌથી પ્રથમ થયેલી હોઇ તે વાટે જગતના આદિકારણનો પત્તો મેળવવાનો પ્રયત્ન થાય છે. પણ પછી કેટલાક અનુભવને અંતે શોધકોની ખાત્રી થાય છે કે, જગતના આદિકારણનો પત્તો બાહ્યાભિમુખ રહેવાથી યાને બાહ્યજગતમાં શોધ્યા કરવાથી મળવાનો નથી, પણ અંતરાભિમુખ થવાથી યાને અંતર્દૃષ્ટિથી મળશે. એટલે પછી તેઓ આંતરજગતમાં શોધ ચલાવતા થાય છે. અંતરાત્માને માટે તેમણે જે ‘પ્રત્યક્’ શબ્દનો પ્રયોગ કર્યો છે તે બહુ ભાવવાહી છે. ‘પ્રત્યક્’ એટલે અંદર ગયેલો યાને અંતરના ઉંડાણમાં રહેલો પરમ પદાર્થ-હૃદયરૂપી વર્તુલનું મધ્યબિંદુ કે જેમાંથી બધી વસ્તુઓ ત્રિજ્યારૂપે બહાર આવે છે-અર્થાત્ કે અંતરાત્મા એવો એક મધ્યવર્તી સૂર્ય છે, કે જેમાંથી મન, શરીર, ઇંદ્રિયો અને બીજું બધું કિરણોરૂપે પ્રગટે છે. જગતના આદિકારણનો પત્તો અંતરની શોધથી લાધશે, એવી ખાત્રી થતાંજ શોધકોએ બેધડક પોતાના વિચારો દર્શાવી દીધા કે **पराच कामाननू यान्ति बालास्ते मृत्योर्यान्ति विततस्य पाशम् । अथ धीरा अमृतत्वं विदित्वा ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥**

અર્થાત્ “ બાળકબુદ્ધિવાળા યાને અજ્ઞાન લોકોજ બાહ્ય કામ્ય વસ્તુઓની પાછળ દોડે છે, અને પરિણામે તેઓ મૃત્યુના મહા-

* લંડન, તા ૩ નવેમ્બર ૧૮૯૬

પાશમાં સપડાય છે. પણ જ્ઞાનીજનો અમૃતત્વને ઓળખીને અધ્રુવ કહેતાં અનિત્ય કિંવા અંતવાન વસ્તુની અંદર ધ્રુવ કહેતાં નિત્ય અગર અનંત વસ્તુની ખોજ કરતા નથી.” અત્રે એજ વિચારનું સ્પષ્ટીકરણ થયેલું જોઇએ છીએ કે, સાંત કિંવા નાશવંત વસ્તુઓથી ભરેલા બાહ્ય જગતમાં અનંત કહેતાં અવિનાશી તત્ત્વની શોધ કરવી વૃથા છે. અનંત તત્ત્વની શોધ અનંત પ્રદેશમાંજ થવી જોઇએ; અને આપણા અસ્તિત્વની આજુબાજુ જો કોઇ પણ અનંત વસ્તુ મોજુદ હોય, તો તે આપણી પોતાની અંદર રહેલો અંતરાત્મા છે. બાકી આ શરીર, આ મન, આપણા વિચારો કે આપણી આજુબાજુ આવી રહેલી સમસ્ત દુન્યવી વસ્તુઓ—એમાંનું કશુંજ અનંત નથી, બધુંજ અંતવાન અગર નાશવંત છે. અંતરસ્થ આત્મા કે જે બધાંનો દ્રષ્ટા અને સાક્ષીપુરુષ છે, જે સર્વ જણનો માલીક છે અને જે સદા સર્વદા જાગ્રત છે, તેજ એકમાત્ર અનંત વસ્તુ છે. તેથી સૃષ્ટિ સમસ્તના આદિ અનંત કારણની ખોજ આપણે ત્યાંજ કરવી ઘટે. ત્યાંજ—અનંત આત્માની અંદરજ—આપણને જગતના આદિકારણનો પત્તો મળશે. આ પછી અંતરસ્થ શોધનું પરિણામ જાહેર કરતાં શોધકો કહે છે કે—

यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥

અર્થાત્ “જે અહીં છે તેજ ત્યાં છે, અને જે ત્યાં છે તેજ અહીં છે. જે અહીં બહુતા કે અનેકતા જુએ છે તે મૃત્યુપરંપરાને આધીન થાય છે.” મતલબકે, અંતરગત શોધથી ઋષિઓને માલમ પડે છે કે, જે તત્ત્વ અંતરમાં વ્યાપેલું છે, તેજ એકમાત્ર તત્ત્વ આ દૃશ્યજગતમાં સર્વત્ર ભરેલું છે. તેને યથાવત્ ન પિછાનતાં જેઓ અનેકતાની ભ્રમણામાં કૂટાયા કરે છે, તેઓ જન્મમરણની ચક્કીમાં પીસાય છે, તેમને મુક્તિ પ્રાપ્ત થતી નથી.

આગલા વ્યાખ્યાનમાં આપણે જોઇ ગયા છીએ કે, પહેલ પ્રથમ સ્વર્ગની ભાવના પ્રાચીન આર્ય લોકોના મનમાં ઉદય પામી. આ ભાવના કેમ ઉત્પન્ન થવા પામી તેની તપાસ કરતાં માલમ પડે છે કે, અસલના આર્યો ચોતરફ ચાલી રહેલા જગતપ્રપંચથી કંટાળી ગયા, ત્યારે સ્વાભાવિક રીતેજ તેમના મનમાં એવી ધારણા ઉત્પન્ન થઇ કે મૃત્યુ બાદ તેઓ એક એવા સ્થાનમાં જશે કે જ્યાં દુઃખરહિત નર્યું સુખજ હશે. એ નર્યા સુખવાળા કલ્પિત સ્થાનનું નામ તેમણે સ્વર્ગ પાડયું. પછી વળી એક સ્વર્ગની ભાવનાથી સંતોષ ન થતાં ચઢતા ઉતરતી અનેક સ્વર્ગો—અનેક પરલોકો તેમણે કલ્પ્યા, કે જ્યાં આગળ નિરંતર આનંદ આનંદ વર્તી રહ્યો હોય; જ્યાં શરીર અને મન અજર, અમર રહે અને જ્યાં પૂર્વજ પિતૃ-

ઓની સાથે રહેવાનું સુખ પ્રાપ્ત થાય. પણ ત્યારબાદ આર્યો દાર્શનિક વિચાર કરતા થયા. એટલે તાત્ત્વિક વિચારોને પરિણામે તેમને માલમ પડે છે કે, આવી જાતનાં અનંત સુખવાળાં સ્વર્ગોની ભાવના કેવળ અસંભવિત છે, તથા અસંગત યાને ઢંગધડા વિનાની છે. કારણ, "અનંત તે વળી 'દેશની' સીમામાં શી રીતે બદ્ધ થાય ?" અનંત એક સ્થાનમાં વિદ્યમાન છે, એ વાક્યજ સ્વવિરોધી છે; કેમકે કોઇ પણ સ્થાનની ઉત્પત્તિ અને લય કાળથી બાધિત છે. પરિણામે અનંત સુખ–આનંદવાળાં સ્થાનો કહેતાં સ્વર્ગોની ભાવના તેમને છોડી દેવી પડે છે. હવે, જો સ્વર્ગ અનંત ન હોય, તો પછી તેમાં વસનાર દેવતાઓ અજર–અમર છે એમ કેમ કહેવાય ? તેથી વિચારને અંતે તેઓ એમ ઘટાવે છે કે, આ સ્વર્ગલોકમાં રહેનારા દેવલોકો પૂર્વે મૃત્યુલોકનાંજ માનવી હતાં, અને તે પોતાનાં સુકૃત્યોથી દેવપદ પામ્યાં છે, અને પુણ્ય પરવારતાં તેમને પાછું માનવયોનિમાં આવવું પડશે–અર્થાત્ કે દેવો અજરામર નથી. તો પછી વેદ વગેરેમાં જૂદા જૂદા દેવતાઓનાં જે નામ આવે છે તેનું કેમ ? આનું સમાધાન તેમની ચિંતવનશીલ બુદ્ધિ એમ શોધી કાઢે છે કે, એ નામો વ્યક્તિસૂચક નથી પણ પદવીસૂચક છે. રાજા, પ્રધાન, કલેક્ટર, મામલતદાર–એ જેમ પદવીના સૂચક છે, તેમ ઇંદ્ર, વરુણ, વાયુ, કુબેર ઇત્યાદિ નામો પણ પદવીસૂચક છે જેમ સ્થૂળજગતમાં પદવીધર વ્યક્તિઓ અવારનવાર બદલાયા છતાં મૂળ પદવી અગર હોદ્દા કાયમ રહે છે, તેમ દેવતાઓની વ્યક્તિઓ બદલાયા છતાં તેમની પદવીઓ જેમની તેમ કાયમ રહે છે.

દાખલાતરીકે, ઇંદ્ર અને વરુણ એ કોઇ દેવવ્યક્તિનાં નામ નથી, પણ અમુક પદ અગર હોદ્દાનાં નામો છે–અર્થાત્ કે એ શબ્દોથી ઇંદ્રપદ અને વરુણપદ સમજવાનાં છે, અને નહિ કે એ નામના દેવો. ઘણા પ્રાચીનકાળમાં ઇંદ્રતરીકે જે વ્યક્તિ હતી તેની તેજ વ્યક્તિ અત્યારે કાયમ હોવી જોઇએ એવું કંઈ નથી. પૃથ્વીપરની અન્ય પુણ્યશાળી વ્યક્તિ અત્યારે તે સ્થાનપર હશે. એનીજ રીતે બીજા બધા દેવોના સંબંધમાં સમજવાનું છે. જૂના ઋગ્વેદમાં આ દેવતાઓના સંબંધમાં "અમરત્વ"નો પ્રયોગ થયેલો આપણા જોવામાં આવે છે, પણ તે પછીના સાહિત્યમાં તેનો સદંતર બહિષ્કાર થયેલો છે. કારણ, સાકાર કહેતાં દેશ–કાળથી મર્યાદિત વસ્તુ ગમે તેવી ઉત્તમ કોટિની હોય તોપણ તેના સંબંધમાં દેશકાલાવચ્છિન્ન 'અમરત્વ'નો પ્રયોગ કરવો ઉચિત નથી, એમ એમના મનમાં વસી જાય છે. સાકાર વસ્તુ ગમે તેવી ઉત્તમ અગર સૂક્ષ્મ હોય છતાં તેની ઉત્પત્તિ અને સ્થિતિ દેશ–કાળની અંદર છે. આકારનું પ્રધાન અંગ દેશ છે. દેશ કિંવા સ્થાનરહિત કોઇ આ-

કાર મનમાં કલ્પવાનો તમે ચાહો તેટલો પ્રયત્ન કરશો, પણ તેવો કોઇ આકાર તમારી કલ્પનામાં આવી શકશે નહિ. અર્થાત્ આકાર ઉત્પન્ન થવામાં દેશ એ પ્રધાન ઉપાદાન હોઇ એ ઉપાદાન નિરંતર બદલાનારૂં છે. દેશ અને કાળ બંને માયાની અંતરગત છે. તેથી સ્વર્ગ અનંત નથી, એવી ખાત્રી થતાંજ આર્ય શોધકો બાપોકાર જાહેર કરે છે કે "જે અહીં છે, તેજ ત્યાં છે" અર્થાત્ સ્વર્ગ પણ પૃથ્વીની માફક સાંત અને અનિત્ય છે. તેથી દેવતા જેવી કોઇ વ્યક્તિઓનું અસ્તિત્વ જો હોય, તો જન્મમરણના જે નિયમો આ લોકમાં વર્તે છે, તેજ નિયમો તેમને ત્યાં પણ લાગુ પડવા જ જોઇએ. અને આ નિયમો એટલે કે જન્મમરણની ઘટમાળ. આ નિયમોના પ્રભાવેજ જડ તત્ત્વ વિવિધ રૂપોમાં પરિણત થાય છે, અને ફરી થોડો સમય રહીને ચૂર્ણવિચૂર્ણ થઇ મૂળ જડ તત્ત્વમાં મળી જાય છે. અર્થાત્ જેની ઉત્પત્તિ છે તેનો લય પણ અવશ્ય છે. તો પછી સ્વર્ગ જેવી કોઇ ચીજ હોય તોપણ તે આ અપક્ષપાતી નિયમને આધીન છે.

આ જગતમાં હરકોઇ સુખની પાછળ દુઃખ તેની છાયારૂપે રહેલું જણાય છે. જીવનની પૂંઠે મોત છાયારૂપે રહેલું છે. તેઓ પરસ્પર સંગેજ રહી શકે છે; કારણ કે તેઓ એકબીજાથી વિરુદ્ધ કે પૃથક્ વસ્તુ ન હોઈ એકજ વસ્તુનાં ભિન્ન ભિન્ન રૂપો માત્ર છે. સુખ–દુઃખ, જીવન–મરણ, હર્ષ–શોક, શુભ–અશુભ ઇત્યાદિ દ્વંદ્વો મૂળે એકજ વસ્તુ હોઈ ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન રૂપે પ્રકાશે છે. આ શુભ–અશુભ ઈત્યાદિ દ્વંદ્વો બબ્બે જૂદી જૂદી વસ્તુઓ છે અને તે બન્ને અનંત કાળ લગી અલગ ને અલગ ચાલુ રહે છે, એવી દ્વૈતભાવી કલ્પના બિલકુલ અસંગત છે. વસ્તુતઃ તેઓ એકજ વસ્તુ હોઇ બહુરૂપીની માફક કોઇ વાર શુભરૂપે અને કોઇ વાર અશુભરૂપે દેખા દે છે. અર્થાત્ કે એ દ્વંદ્વોની અંદર દેખાતી ભિન્નતા એ પ્રકારગત ભિન્નતા નથી પણ પ્રમાણગત છે. વત્તા ઓછા પ્રમાણને લીધેજ દેખીતો ભેદ ઉત્પન્ન થાય છે. આ વિચાર બરાબર સમજાય માટે એક દાખલો લઇએ. આપણા જ્ઞાનતંતુઓનું કાર્ય તપાસીએ. એકના એકજ જ્ઞાનતંતુઓ સારા તેમજ નરસા ભાવોના વાહક છે, એ વાત તો આપણે સૌ અનુભવથી જાણીએ છીએ. પગચંપીથી થતા સુખની લાગણી જે જ્ઞાનતંતુઓદ્વારા અનુભવાય છે, તેજ જ્ઞાનતંતુઓ વીંછી કરડવાથી કે કાંટો ભોકાવાથી થતા દુઃખની લાગણી પણ મગજને પહોંચાડે છે–અર્થાત્ કે આપણા જ્ઞાનતંતુઓ શુભ તેમજ અશુભ સંદેશા લઇ જનાર તારના દોરડા જેવા છે. હવે ધારો કે, આપણો એકાદ જ્ઞાનતંતુ પક્ષાઘાત જેવા વ્યાધિમાં સપડાઈ જાય, તો તેનું પરિણામ શું

જોવામાં આવે છે? એજ કે, તે જ્ઞાનતંતુવાળા અંગમાં થતી કોઇ પણ સારી નરસી ક્રિયાની લાગણી થતી નથી, તે અંગમાં થતું સુખ કે દુઃખ કશુંજ અનુભવાતું નથી. આ વાત સાબીત કરી આપે છે કે, સુખ અને દુઃખ એ જૂદી જૂદી બે વસ્તુ નથી પણ એકજ છે. વળી આપણો બીજો પણ અનુભવ છે કે, એકની એકજ વસ્તુ જૂદે જૂદે વખતે ને જૂદી જૂદી અવસ્થામાં સુખકર યા દુઃખકર લાગે છે. ત્રીજી વાત એ કે, જે વસ્તુ એક જણને સુખદાયી હોય છે તેજ વસ્તુ બીજાને દુઃખદાયી નીવડે છે. માંસાહારની લહેજત લેવા ઇચ્છનારને બકરૂં કે ઘેટું કપાતું જોઇ સુખની લાગણી થાય છે એ ખરૂં, પણ તેજ વખતે કપાતા જાનવરને જે ભયાનક યાતના થતી હોય છે તેનું કેમ? મતલબ કે, સંસારમાં એવી એક પણ બાબત યા એક પણ વસ્તુ શોધી જડતી નથી કે જે સર્વને એકસમાન સુખકર હોય. વાત એકની એક હોય છે, છતાં એકજ સમયે કેટલાંક તેનાથી ખુશી થાય છે, ને બીજાં કેટલાંક નાખુશ થાય છે અને એ પ્રકાર તો અવ્યાહત એમજ ચાલ્યા કરવાનો. એટલા માટેજ દ્વૈતભાવનો ઇન્કાર કરવામાં આવે છે. આ ઉપરથી એજ સમજવાનું કે, સુખદુઃખ નિરંતર એકબીજાની પાછળ છાયારૂપે ચાલ્યાજ કરવાનાં. આટલા માટેજ મારા આગલા વ્યાખ્યાનમાં મેં કહ્યું હતું કે, આ પૃથ્વીપર નર્યા સુખનું સામ્રાજ્ય વ્યાપેલું હોય ને દુઃખનું નામનિશાન પણ ન હોય તેવી અવસ્થા કદાપિ કાળે શક્ય નથી. મારા એ ઉદ્દગારે તમારામાંનાં કેટલાંએકને નાસીપાસ કર્યાં હશે કિંવા ભડકાવ્યાં હશે, પરંતુ તેમાં મારો ઇલાજ નથી. વસ્તુસ્થિતિ જે છે તે એવીજ છે, છતાં તેથી ઉલટું–એટલે કે કોઇ કાળે પણ એકલું સુખજ રહેશે એ વાત–મારા દિલમાં જો કોઇ ઠસાવી શકે તેમ હોય તો હું મારો મત બદલવા તૈયાર છું; પણ મારી સંપૂર્ણ ખાત્રી ન થાય ત્યાંસુધી તો નહિજ.

મારા આ કથનની વિરૂદ્ધ એકજ સયુક્તિક દલીલ થઈ શકે તેમ છે તે એ કે, ક્રમવિકાસના રાહે અશુભ માત્રનું પરિવર્તન થઇ જઇ એક લક્ષાવધિ વર્ષે પણ એક વખત એવો આવશે ખરોજ કે જ્યારે જગતમાં સર્વત્ર શુભ, શુભ ને શુભજ પ્રવર્તી રહ્યું હશે. આ દલીલ દેખીતી તો બહુ સચોટ લાગે છે, અને પ્રભુકૃપાએ જો તે સાચીજ હોત, તો બહુ સારી વાત હતી; પણ તેમાં એક મહાન દોષ રહેલો છે. તે દોષ આ છે કે, એ દલીલ કરનાર નિશ્ચયપૂર્વક અગાઉથી માની લે છે કે જગતમાં શુભ અને અશુભનું પ્રમાણ હંમેશને માટે ચોક્કસ નક્કી થયેલું છે. ધારો કે, શુભ અને અશુભ પ્રત્યેકનું પ્રમાણ સો સોનું છે, અને ક્રમવિકાસાનુસાર દર વર્ષે એક એક અશુભ કમી થાય છે, તો સો વર્ષે એવો સમય આવે ખરો કે જ્યારે સર્વત્ર કેવળ

શુભજ બાકી હોય. પરંતુ વસ્તુસ્થિતિ તેથી ઉલટી છે. સંસારનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, શુભની માફક અશુભ પણ ક્રમે ક્રમે વિકાસ પામતી વસ્તુ છે. નિકૃષ્ટમાં નિકૃષ્ટ સંસ્કૃતિવાળા માણસનો દાખલો લઇએ. એ જંગલમાં વસતો હોય છે. એના સુખના વિષયો બહુ થોડા હોય છે, તેમ એની દુઃખની બાબતો પણ પ્રમાણમાં ઓછી હોય છે, તેનું સુખદુઃખ કેવળ ઇંદ્રિયજન્ય વિષયોમાં કિંબહુના આહારવિહારમાંજ સમાયલું હોય છે. એને પૂરતું ખાવાનું નથી મળતું કે મોજ પડે ત્યાં ફરવા હરવાનું નથી મળતું, ત્યારે એ અસુખી થાય છે. એને ભરપટ્ટે ખાવાનું આપો, સ્વચ્છંદે ફરવા દો, ચહાય તેનો શિકાર કરવા દો, તો એ પોતાની જાતને સંપૂર્ણ સુખી માનવાનો. કારણ કે એનાં સુખદુઃખ કેવળ ઇંદ્રિયોમાંજ સમાયેલાં છે. હવે, ધારો કે એજ માણસ વખત જતાં સંસ્કારી બને છે ને જ્ઞાનસંપન્ન થાય છે. એટલે એના સુખના વિષય પણ વધશે. તેની બુદ્ધિ ખુલી હોય છે. એટલે હવે તેને ઇંદ્રિયસુખ ઉપરાંત બુદ્ધિજન્ય સુખ મેળવવાની ઇચ્છા થાય છે. સુંદર કાવ્ય મોઢે કરી તે લલકારવામાં કે ગણિત કે વિજ્ઞાનના કોયડા ઉકેલવામાં, સારૂં જીવન વ્યતીત કરવામાં પણ તેને આનંદ પડે છે. ઇંદ્રિયોને સંતોષવા કરતાં પણ આ બૌદ્ધિક વિષયોમાં એને વધારે રસ પડે છે. આ વાત તદ્દન સાચી છે. પરંતુ તેની સાથે એ વાત પણ સાચી છે કે, અસંસ્કારી અવસ્થામાં તેને જે માનસિક યાતના કેવળ અજાણ હતી, તે માનસિક વેદના પણ અનુભવવાનો હવે તેના જ્ઞાનતંતુઓને મહાવરો પડયો હોય છે. તેથી મનની ધારી વાત ન બનતાં તીવ્ર માનસિક કષ્ટ તેને અનુભવવું પડે છે. જોયું ને? પહેલાં એને માનસિક સુખ નહોતું તેમ માનસિક દુઃખ પણ નહોતું. અત્યારે હવે એનું સુખનું ક્ષેત્ર વધ્યું છે તેમ દુઃખનું પણ વધ્યું છે. બીજો એક સહેલો દાખલો લઇએઃ-ટિબેટમાં લગ્ન જેવું કંઇ નથી. તેથી લગ્નની ભાવનાને પરિણામે જન્મતી ઈર્ષ્યા કે અદેખાઇ અને તેનાં દુષ્પરિણામો પણ ત્યાં નથી. આમ છતાં આપણે ખાત્રીપૂર્વક માનીએ છીએ કે, લગ્નની સ્થિતિ સ્ત્રીપુરુષના સ્વચ્છંદી સંબંધ કરતાં વધારે ઉચ્ચ કોટિની છે. ટિબેટવાસીઓ બિચારાં પત્નીભક્ત પતિ અને પતિભક્ત પત્નીના વિશુદ્ધ દાંપત્ય સ્નેહની ખુબીથી અજાણ હોય છે, પણ તેની સાથે આપણા સમાજમાં પતિ કે પત્ની બેવફા નીવડતાં એમાંથી વફાદાર રહેલના મનમાં જે દાઝ ઉત્પન્ન થાય છે, તેનું દુઃખ પણ તેમનાથી અજાણ્યું હોય છે— અર્થાત્ લગ્નનો સભ્યતાસૂચક રિવાજ દાખલ કરવાથી દાંપત્ય સ્નેહનું મીઠું સુખ તેમને મળે ખરૂં, પણ તેની સાથે તેમને અદેખાઈ અને બેવફાઇમાંથી નીપજતાં કડવાં દુઃખ માટે પણ દરવાજા મોકળા કરવા પડે.

આ તમારા દેશ ઇંગ્લૅંડનીજ વાત કરીએ. એ દેશ દુનિયામાં સૌથી ધનાઢ્ય તેમજ સૌથી વિલાસી છે, છતાં એમાં દુ:ખનું પ્રમાણ પણ કેટલું બધું બહોળું છે તેનો ખ્યાલ કરો. તમારી પ્રજામાં ભેજાં ચસકેલ યાને ગાંડાંઓની જેટલી સંખ્યા છે, તેટલી અન્ય કોઇ પ્રજામાં નથી. આનું કારણ બીજું કંઇજ નથી, સિવાય કે દ્રવ્યલાલસા ને ભોગવાસનાની પ્રબળતા. અહીંના સમાજમાં આ ભૂત ભરાઇ ગયું છે કે, માણસે અમુક ધોરણસરજ રહેવું જોઇએ, અને એ ધોરણ પાછળ તે ધૂમ નાણાં ખર્ચ્યે જાય છે. અહીં એક માણસ વર્ષ દહાડે જેટલી રકમ ખર્ચે છે, તેટલી રકમ એક હિંદવાસીને મળતાં તેને દોલત સમાન થઈ પડે. અહીં સાદા જીવનનો ઉપદેશ ચાલે તેમ પણ નથી; કારણ કે સમાજમાં ખર્ચાળ ધોરણ રૂઢ થઈ ગયું છે. અહીંની આજુબાજુની પરિસ્થિતિજ એવી થઇ ગઇ છે કે અમુક સ્થાનમાં આટલા ખર્ચ વગર ચાલેજ નહિ. એથી ઓછામાં ચલાવવા જનાર બિચારાને સમાજના ચાલુ ચક્ર નીચે છુંદાઇ મરવું પડે. આ સમાજચક્ર બધેજ અહર્નિશ એકસરખું ચાલ્યાજ કરે છે; વિધવાનાં અશ્રુની કે અનાથની ચીચીઆરીઓની તેને પરવા નથી, બધેજ આ દશા છે. તમારી ભોગવાસના અને ભોગસામગ્રી બહુ આગળ વધેલાં છે, અને તમારો સમાજ પણ બીજા કેટલાક સમાજો કરતાં વધારે આકર્ષક છે. બીજા કરતાં તમારી પાસે ભોગની સામગ્રીઓ વધારે છે એ વાત સાચી, પણ જેમની પાસે તે સામગ્રીઓ તમારા કરતાં ઓછી છે, તેમનાં દુ:ખો પણ તમારા કરતાં ઓછાં છે. આ જાતની દલીલ જયાંસુધી લંબાવવી હોય ત્યાંસુધી લંબાવી શકીએ. ટૂંકામાં એટલુંજ કહી લઇએ કે, આદર્શ અને અભિલાષા જેમ જેમ ઉન્નત થતાં જાય છે, તેમ તેમ સુખનું પ્રમાણ પણ વધતું જાય છે, અને દુ:ખ પણ તેટલુંજ થાડું થતું જાય છે. મતલબ કે, સુખ ને દુ:ખ એકબીજાની છાયાની પેઠે અનુસરનારાં છે.

આમ છતાં, દુ:ખ કિંવા અશુભનું પ્રમાણ ઘટતુંજ જાય છે, એમ કહેવાનો આગ્રહ કોઇ પકડીજ રાખે, તો તેને સામો સવાલ કરીશું કે, સુખ કિંવા શુભનું પ્રમાણ પણ નથી ઘટતું એની શી ખાત્રી ? વસ્તુત: તો એવો પ્રકાર છે કે અશુભ કિંવા દુ:ખ એક બાજુએ ઘટતાં જાય છે, તેમ બીજી બાજુએ તે અનેકગણાં વધતાં પણ જાય છે. સારાં કરતાં નબળાંનો વિસ્તાર વ્યવહારમાં પણ વધારે જોવામાં નથી આવતો શું ? ખરૂં જોતાં તો શુભની વૃદ્ધિ અંકગણિતના ક્રમે થાય છે, તો અશુભની વૃદ્ધિ રેખાગણિતના ક્રમે થાય છે. એ ન્યાય પ્રમાણે તો શુભ ઘટતું જઇ અશુભ વૃદ્ધિંગત થાય છે, એવી હું દલીલ કરૂં તો શું ખોટું ? જોયુંને, માયાના ખેલ કેવા

ઉલટાસુલટી હોય છે! શુભ-અશુભ અને સુખ-દુઃખનાં જોડકાં એકસંગાથે અવિરતપણે ચાલ્યાજ કરે એનુંજ નામ માયા! આ મારો વાદ કેવળ સુખવાદ કે આશાવાદ ન કહેવાય, તેમ કેવળ દુઃખવાદ કે નિરાશાવાદ પણ ન કહેવાય. વેદાંત કદાપિ કહેતુંજ નથી કે આ સંસાર કેવળ દુઃખથીજ ભરેલો છે. એમ કહેવું એ સત્યથી વેગળું છે. તેજ પ્રમાણે સંસારમાં કેવળ સુખ અને આનંદજ ભરેલાં છે એમ કહેવું પણ વાજબી નથી. માટે આ જગત કેવળ સુખમય છે, કેવળ મધુમય છે યાને તેમાં જયાં ત્યાં સુખના સાગર, સાકરના ગાંગડા, મધનાં કુંડાં, મીઠી સુવાસવાળાં ફૂલોના ઢગલા વાખરાયલાં છે ને સૌંદર્યનાં ગાડેગાડાં ભરેલાં છે-એવું શિક્ષણ બાળકોને આપતાં વિચાર કરજો. એવી જાતનું શિક્ષણ આપવામાં મોટી ભૂલ થાય છે, કારણ વિપરીત અનુભવ થતાં એવા ઉપદેશથી ભરેલા ધર્મગ્રંથોપરથી તેમનો વિશ્વાસ ઉઠી જાય છે. વળી એકાદ જણ બીજા કરતાં વધારે દુઃખી જણાતાં એમ ધારી લઇએ કે, બધાંજ દુઃખી છે, તો તેમાં પણ એવીજ ભૂલ થાય છે. બધો સંસાર આ દ્વૈતભાવથી ભરેલો હોઇ તેમાં શુભ-અશુભ વગેરે દ્વંદ્વોના ખેલ સતત ચાલ્યાજ કરે છે. આપણા ઐહિક અનુભવોનો ખજાનો તે આ સંસારરૂપી અખાડાપર ખેલાતા દ્વંદ્વોના ખેલોનુંજ પરિણામ છે. તેમ છતાં આ સુખદુઃખ વગેરે દ્વંદ્વોનાં પૃથક્ અસ્તિત્વો છે એમ માની લેશો નહિ. કેમકે વસ્તુતઃ તો તે એકજ પદાર્થ હોઇ ભિન્ન ભિન્ન વેશે, ભિન્ન ભિન્ન પ્રમાણમાં દેખા દઈ એક ને એક માણસના મનમાં ભિન્ન ભિન્ન ભાવ ઉત્પન્ન કરે છે-એમ વેદાન્ત આગ્રહપૂર્વક જણાવે છે. પરિણામે આ દ્વૈતમય ભાસતા બાહ્ય જગતમાં એકત્વ સિદ્ધ કરવું એ વેદાંતનું સૌથી અગત્યનું કાર્ય બને છે; અને એ કાર્યમાં તેને સફળતા પણ મળે છે. કેટલાક લોકોમાં અને ખાસ કરી અસલના ઇરાનીઓમાં એક ભોળપણભરી જૂની માન્યતા હતી કે આ સૃષ્ટિની રચના ભલા અને ભુંડા બે દેવોએ ભેગા મળીને કરેલી છે. ભલા દેવે બધી સુખસામગ્રી રચી છે ને ભુંડા દેવે બધી દુઃખસામગ્રી રચી છે. આ ભોળા લોકોની ભોળી કલ્પનાનો વિચાર કરીએ છીએ, તો તે વળી દેખીતી રીતેજ અસંભવિત લાગે છે. કારણ કે એ પ્રમાણેજ જો સૃષ્ટિની રચના થયેલી હોય, તો તો પ્રકૃતિના દરેક નિયમના બબ્બે વિભાગ હોવા જોઇએ, અને એ બન્ને વિભાગના ચાલક વારા ફરતી બદલાતા હોવા જોઇએ. સંસારપર બન્નેનો સમાન અધિકાર ચાલતો હોય અને એકબીજાના વિરુદ્ધ કાર્યથી પણ કોઇએ નારાજ ન થવાની દૃઢ સમજૂત બન્નેએ અગાઉથી કરી લાવેલી હોય, યાને બન્નેમાં એટલું ઐક્ય હોય તોજ આ વાત સંભવિત બને. એનો અર્થ એ કે, બન્નેના

ઐક્યથી સૃષ્ટિના એક ભાગમાં ભલા દેવની ઇચ્છાથી, ધાન્યના ઢગલે ઢગલા ખુંદાતા હોય છે; ને બીજા ભાગમાં ભુંડા દેવની ઇચ્છાથી લાખો જણ ભૂખમરાનો ભોગ થઇ પડેલા હોય છે. આવી રીતે એ બન્ને દેવોનાં કાર્ય પરસ્પર ન અથડાઇ પડવા જેટલું ઐક્ય હોય, એ કલ્પના કેટલી બધી અજુક્તિ અને ક્લિષ્ટ છે! કલ્પના ક્લિષ્ટ છે, છતાં પોતાની ક્લિષ્ટ રીતે પણ તે જગતમાં દેખાતો દ્વૈતભાવ પણ વાસ્તવિક ઐક્યભાવ યાને એકત્વ સિદ્ધ કરે છે, એમાં તો શક નહિ.

આપણે એ જોઇ લીધું છે કે, કેવળ સુખવાદથી કે કેવળ દુઃખવાદથી જગતની યથાર્થ આલોચના થઇ શકે તેમ નથી. કારણકે કેટલીક ઘટના એવી છે કે જે દુઃખવાદને ટેકો આપે છે. માટે એમજ કહેવું પ્રાપ્ત થાય છે કે, સંસારમાં સુખદુઃખનું મિશ્રણ છે. એમાં પ્રકૃતિનો દોષ કાઢવા કોઇ તત્પર થશે; પણ વેદાંત સાફ રીતે પ્રકૃતિને માથેથી એ દોષનો ટોપલો ઉતારી નાખી આપણા ઉપર મૂકે છે. પરંતુ તેની સાથે એ દોષભારમાંથી મુક્ત થવાની આશા અને બારી પણ વેદાંત આપણને બતાવે છે. વેદાંતની એ બારી તે દુઃખના અસ્તિત્વનો કેવળ ઇન્કાર કરવો તે નથી. સાચી વાતને સંતાડવાનો પ્રયત્ન કરવાનું વેદાંત સમજ્યું જ નથી. વેદાંત તો વસ્તુસ્થિતિ જેવી હોય તેવી ને તેવી હાથમાં લઇ તડ ને ફડ તેનું પૃથક્કરણ કરવા મંડી પડે છે, ને તેનું પરિણામ જેવું હોય તેવું સૌને માટે ખુલ્લું કરી દે છે. તે મુજબ આ બાબતમાં તે કેવળ નિરાશાવાદી કે કેવળ અજ્ઞેયવાદી ન બનતાં મનુષ્યને આ દોષભારમાંથી મુક્ત થવાનો સચોટ ઉપાય શોધી કાઢે છે, અને તે ઉપાય વજ્ર જેવા મજબૂત પાયાપર સ્થાપિત છે તેની ખાત્રી કરે છે. ચંદ્રમા પકડવાની જીદ લઇ બેઠેલા બાળકને છાનું રાખવા તેને બરફી જેવું કંઇ ખાવાનું આપી તેનું મોઢું બંધ કરી દેવું અગર વિજળીની બત્તી જેવી ખોટી વસ્તુથી તેની આંખો આંજી નાખીને તેને ચંદ્રનો ભાસ કરાવવો, એ થોડા વખત માટે બાળકને ભૂલથાપમાં નાખવાનો ઉપાય છે. પણ એ પોકળ થોડાજ વખતમાં બાળકના સમજવામાં આવી જાય છે, એટલે તેના બતાવનારની બુદ્ધિ અને જ્ઞાનપરથી તેની આસ્થા ઉઠી જાય છે. તેવી સ્થિતિ ઉત્પન્ન થવા ન પામે તેની વેદાંત ખાસ સંભાળ રાખે છે. મારી નાની ઉંમરમાં બનેલો એક કિસ્સો મને બરાબર યાદ છે. વાત એવી છે કે, એક યુવકનો બાપ પોતાની પાછળ બહોળો વિસ્તાર અને કંગાલિયત મૂકીને મરી ગયો; તેથી તે યુવકને બિચારાને પરિવારનું પોષણ કરવાનાં પણ ફાંફાં પડવા લાગ્યાં. બાપનાં સગાંસંબંધીએ અને મિત્રો પાસે જતાં તેને અનુભવ મળ્યો કે તેઓ કહેવાનાં સગાં હોઇ તેમની પાસેથી કોડીની પણ મદદ મેળવવાની વકી

નથી. એવી રીતે એ નિરાશામાં ડૂબેલો હતો, તેવામાં તેને એક ધર્મગુરુ અથવા ગોર મહારાજનો ભેટો થાય છે. વાતચીતમાં ગોર મહારાજ આગળ પોતાનું દુઃખ નિવેદન કરતાં, ગોર મહારાજ તેને આશ્વાસન આપતો કહે છે કે "ભાઇ! જે થયું છે ને થાય છે તે સારા માટે, પ્રભુ જે કરે છે તે આપણા ભલા માટેજ હોય છે; એવો વિશ્વાસ રાખી જીવનનાવ હંકાર્યે રાખ." ગોર મહારાજની આ રીત જૂના ગંધાતા ચાંદાપર સોનાનો વરખ ચોટાડી તેને સંતાડવા જેવી હતી. એક રીતે જોઇએ તો તે પોતાની નબળાઇ અને અજ્ઞાનતા દર્શાવનારૂં પગલું હતું. પછી પેલો તરુણ અને ગોર મહારાજ છૂટા પડયા. તે બાદ છએક મહિના રહીને પેલા ગોર મહારાજને ત્યાં પુત્રજન્મ થાય છે તેના આનંદમાં ગોર મહારાજ પોતાના ઓળખીતા-પારખીતાઓને ચહાપાણી માટે નોતરે છે, નોતરેલી વ્યક્તિઓમાં પેલો યુવક પણ હતો. બધી મંડળી યથાસ્થાને ગોઠવાઇ જતાં ગોર મહારાજે ઉભા થઈ પ્રભુની પ્રાર્થના કરતાં ઉદ્દગાર કાઢયા કે "પ્રભુની આ પ્રસાદી માટે હું વારંવાર તેનો પાડ માનું છું, અને તમે સૌ ભાઇઓ મારી આ પ્રાર્થનામાં સામેલ થાઓ એમ ઇચ્છું છું." એટલે ચટ દઇને તે તરુણ ઉભો થઇને કહેવા લાગ્યો કે "સબૂર, આ પુત્રજન્મનો પ્રસંગ દુઃખદાયી હોઇ તેમાં પ્રભુનો પાડ માનવા જેવું કંઇ નથી." બધા ચકિત ડોળે તે તરુણ સામે જોવા લાગ્યા અને ગોર મહારાજે તેને પૂછયું કે "કેમ ભાઇ! તું એમ કેમ બોલે છે?" તેના જવાબમાં તરુણે કહ્યું કે "મારા પિતાનું અવસાન થયું એ દેખીતો દુઃખદ બનાવ હતો, છતાં આપે મને તે વખતે કહ્યું હતું કે 'જે થયું છે તે સારૂં થયું છે એમ સમજ;' તો એ ન્યાયે આ પુત્રજન્મ દેખીતો શુભ પ્રસંગ છે પણ વસ્તુતઃ તો તે દુઃખદ હોવો જોઇએ ના?" અર્થાત્ કે આવી રીતે દુઃખોને દાબી રાખવાથી તે કદાપિ મટવાનાં નથી. માટે જાતે ભલાં થાઓ અને સંકટગ્રસ્ત વ્યક્તિઓ પ્રત્યે ભલમનસાઈ ને દયા ધરાવતા બનો. ટાપટીપ કે અન્ય આચ્છાદનથી દુઃખોને ઢાંકી રાખવાનો પ્રયત્ન કરવો વૃથા છે, એથી આ ભવરોગ ટળે તેમ નથી. એના નિવારણ માટેનો રામબાણ ઇલાજ તો એજ છે કે, સંસારથી પર બનો.

આના ઉપાયની આલોચના કરતાં વેદાંત કહે છે કે, આ દુનિયા શુભ-અશુભના મિશ્રણની બનેલી છે યાને સંસારમાં સુખ ને દુઃખનું મિશ્રણ ભરેલું છે. જયાં જયાં સુખનો ભાસ થતો હશે, ત્યાં ત્યાં દુઃખ પણ છાયારૂપે હાજર હોવાનુંજ; કિન્તુ સુખદુઃખના આ વ્યકત ભાવોની પાછળ ને તેની પાર, આ સઘળા દેખીતા વિરોધી ભાવોની પૂંઠળ ને પર એકત્વ રહેલું છે એમ વેદાંત ખોળી કાઢે

છે, અને જાહેર કરે છે કે "આ સાંસારિક અશુભમાત્રનો ત્યાગ કરો, તેમ મિશ્રિત શુભ માત્રનો પણ ત્યાગ કરો—યાને સાંસારિક સુખ-દુઃખોને સરખી રીતે પરહરો." તો તો પછી બાકી શું રહે? એમ કોઈ પૂછશે. તેના ખુલાસામાં વેદાંત કહે છે કે "શુભ અને અશુભ ભાવોની પાછળ એક એવી વસ્તુ રહેલી છે, કે જે તમારી પોતાની છે; એ વસ્તુ તે તમારૂં આત્મસ્વરૂપ છે, ને તેજ ખરૂં અસ્તિત્વ છે. એ ખરૂં અસ્તિત્વજ—એ આત્મસ્વરૂપજ શુભ અશુભ-ભાવે દેખા દે છે." આ સત્ય પ્રથમ પિછાનો. તે પછીજ ખરા આશાવાદી કિંવા સુખવાદી બની શકાશે. તે પહેલાં કદાપિ નહિ. કેમકે એ સત્ય સ્વરૂપને ઓળખ્યા પછી અસ્તિત્વમાત્રને તમે પોતાને વશ વર્તાવી શકશો, યાને બધાંપર તમારો કાબુ સ્થપાશે. માટે આ સકળ વ્યકત ભાવો પર પ્રથમ કાબુ મેળવો, તેમને જીતો, એટલે પછી તમારા આત્મસ્વરૂપને યથેચ્છ રીતે પ્રકાશવાની છૂટ મળશે. માટે પ્રથમ પોતાના પંડના માલીક બનો; ઉઠો અને આ પ્રકૃતિના કાયદાના પાશમાંથી મુક્ત બનો. પ્રકૃતિના નિયમોની સત્તામાંથી બેધડક પસાર થઈ જાઓ, કેમકે વાસ્તવિક રીતે એ નિયમોની તમારાપર મુદ્દલ સત્તા ન હોઇ તે પોતેજ તમારૂં અંગ છે. તેથી સૌથી પ્રથમ એ જ્ઞાન પ્રાપ્ત કરો કે તમે પ્રકૃતિના દાસ નથી, કદાપિ હતા નહિ તેમ કદી થવાના પણ નથી. આ પ્રકૃતિ ઉપલક દૃષ્ટિએ તમને અનંત અને અસીમ ભાસતી હશે, પણ વસ્તુતઃ તે અનંત નથી, પણ સાંત અને સસીમ છે—એટલી સાંત અને સસીમ કે જાણે મહાસાગરમાં એક બિંદુ. તમારૂં આત્મ-સ્વરૂપ, એ મહાસાગર અને પ્રકૃતિ તે એનું એક બિંદુમાત્ર. તમારૂં સ્વરૂપ આ સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોથી પણ પર છે એ વાત યથાર્થ પીછાનતા થાઓ, એટલે પછી શુભ અને અશુભ ભાવોપર તમારો કાબુ જામશે. એમ થતાં તમારી આંખો આગળનું આખું દૃશ્યજ પલટાઈ જશે અને તમારા મુખમાંથી એકાએક ઉદ્ગાર નીકળી પડશે કે "અહો! આ શુભ ભાવો કેટલાક રમ્ય! ને અશુભ ભાવો કેવા અદ્ભુત!"

વેદાંતનો ઉપદેશ આવો છે; અને એજ મનુષ્યને શિરે લદાયલા દોષભારમાંથી કિંબહુના ભવરોગમાંથી મુક્ત થવાનો ખરો ઇલાજ છે. શરીરપર નીકળેલાં ચાંદાંને સોનાના વરખથી સંતાડી રાખવાં અને ચાંદાં મોટાં થતાં જાય તેમ તેમ તેમના પર મોટા ને મોટા વરખ ચોટાડવા જેવો બાલિશતાભર્યો ઉપાય વેદાંત સૂચવતો નથી. આ જીવન એ એક વ્યૂહ અગર કોયડો છે, ને તેને આપણે ભેદવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્માને દેહરૂપી દુર્ભેદ્ય કેદખાનું પ્રાપ્ત થયેલું છે, ને તેમાંથી તમારે તેને મુક્ત કરવાનો

છે. હિંમતભેર આગળ વધો ને કેદખાનાને ભેદી છૂટકારાનો દમ ખેંચો. એની દિવાલો વજ્રની બનેલી હોય તોપણ ચિંતા રાખવાનું કારણ નથી; કેમકે આત્મા વજ્રથી પણ વધારે શક્તિવાન છે. વળી વેદાંતની બીજી ખુબી એ છે કે, આપણાં દુઃખોની જવાબદારી તે બીજા દેવતાપર ઢોળી ન દેતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે છે કે, મનુષ્ય પોતેજ પોતાનો ભાગ્યવિધાતા છે. તમે પોતેજ પોતાની જાતને દુઃખી બનાવો છો; સારૂં નરતું વગેરેના કર્તા તમે પોતેજ છો. પરંતુ અત્યારે વાત એવી છે કે, તમે પોતાની આંખો આડે પોતાના હાથ રાખી મૂક્યા છે ને ખાલી બૂમરાણ મચાવો છો કે અંધારૂં છે, અંધારૂં છે; કંઇ દેખાતું નથી, દેખાતું નથી. હાથ ખસેડી લ્યો એટલે અજવાળું આપોઆપ દેખાવા માંડશે. તમે સ્વયંજ્યોતિસ્વરૂપ છો, તમે પોતે પહેલેથીજ પૂર્ણ છો. આ જ્ઞાન પ્રાપ્ત થતાંજ આપણને પ્રતીતિ થાય છે કે, **मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति**—એટલે કે અહીં આ લોકમાં બહુત્વને પેખનાર માણસ મૃત્યુપરંપરાનો ભોગ બને છે. એ શ્રુતિવાક્ય સાવ સાચું છે. મિથ્યા બહુત્વને ઠેકાણે એકત્વ અનુભવી મુક્ત થાઓ-એજ ભવમુક્તિનો સાચો માર્ગ છે.

આ ઠેકાણે હવે કોઇ સવાલ કરશે કે, એ એકત્વને નિહાળાય શી રીતે? તો કે ઇંદ્રિયોથી નહિ, પણ મનથી. મન સામાન્ય રીતે જો કે અતિ ચંચળ, ભ્રાંત અને નિર્બળ હોઈ સહેજમાં આમતેમ દોરાઇ જાય તેવું છે, તથાપિ એજ મનને યુક્તિપૂર્વક સબળ બનાવી તેના દ્વારા એ એકત્વની, એ જ્ઞાનમય પરમ સ્વરૂપની ઝાંખી કરી શકાય છે; અને એ ઝાંખી પ્રાપ્ત થતાં આપણો જન્મમરણનો ફેરો પણ ટળી જાય છે. પર્વતપર વરસતા વરસાદનું પાણી પર્વતની બાજુઓપરથી જેમ જૂદા જૂદા પ્રવાહોમાં નીચે ભૂમિપર વહી આવે છે, તેમ આ જગતમાં જણાતી સર્વ શક્તિઓ તે એકજ પરમ તત્ત્વમાંથી પ્રાદુર્ભૂત થયેલી છે-અર્થાત્ કે પર્વતપરથી વહેતા જૂદા જૂદા પ્રવાહો જેમ એકજ વરસાદના પરિણામરૂપ છે, તેમ જગતમાં જણાતી ભિન્ન ભિન્ન શક્તિઓ અને હયાતીઓ પણ તે **एकमद्वितीयम्** તત્ત્વના પરિણામરૂપ છે. વરસાદનું પાણી જેમ એક હોવા છતાં પર્વતપર પડવાથી ભિન્ન ભિન્ન પ્રવાહોમાં પરિણમે છે, તેમ એકત્વ માયાપર પડવાથી બહુત્વમાં પરિણમ્યું છે. એ બહુત્વ ખરી વસ્તુ નથી, માટે તેની પાછળ દોડવાનું છોડી દો, ને મૂળ વસ્તુ જે એકત્વ તેની તરફ વળો. કારણ કે કઠોપનિષદ્‌ની ૯ મી વલ્લીના બીજા શ્લોકમાં કહ્યું છે તેમ એજ હંસલો યાને આત્મા ગગનમાં ઘૂમતા સૂર્યચંદ્રાદિ ગોલકોમાં, અંતરિક્ષમાં વહેતા વાયુમાં, યજ્ઞના અગ્નિમાં-રે! વિશ્વભરમાં વ્યાપેલો છે. એજ

एकमद्वितीयम् પરમતત્ત્વ જળમાં તેમ સ્થળમાં, મનુષ્યમાં તેમ જનાવરમાં, જડમાં ને ચેતનમાં, અતિથિમાં ને ભિક્ષુકમાં અને અણુએ અણુમાં વ્યાપેલું છે. એ મહાન છે, **એ પરમ પવિત્ર પુરાણ પુરુષ** છે. વળી અગ્નિતત્ત્વ એકજ હોવા છતાં ભૂતળપર આવતાં દાહ્ય વસ્તુના રૂપભેદથી ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરે છે, અને વાયુતત્ત્વ પણ એકજ હોવા છતાં ભુવનની વિવિધ વસ્તુઓના સંયોગથી તે તે વસ્તુરૂપ ભાસે છે. આબેહૂબ તેજ મુજબ સર્વ ભૂતસ્થ અંતરાત્મા એકજ હોવા છતાં વસ્તુભેદને લીધે તે તે વસ્તુસ્વરૂપ ભાસે છે. એકજ તત્ત્વ સચરાચર સકળ વસ્તુઓની અંદર તેમજ તેમની બહાર પણ છે. પરંતુ આ વાત તમને પૂરેપૂરી તો ત્યારેજ સમજાશે કે જ્યારે તમે આ એકત્વને અનુભવથી પિછાનશો, તે પહેલાં નહિ. પછી તો તમને જ્યાં ને ત્યાં આનંદ આનંદ જણાશે, કેમકે બધેજ ઠેકાણે તે આનંદમય તત્ત્વ રહેલું છે.

હવે આ ઠેકાણે કોઇ શંકા ઉઠાવશે કે, એ વિશુદ્ધ સચ્ચિદાનંદ આત્મા સચરાચર સૃષ્ટિમાત્રમાં વ્યાપેલો છે એ તમારૂં કહેવું સાચું હોય, તો પછી એ આત્માને દુઃખ કેમ ભોગવવું પડે છે અને એ અપવિત્ર કેમ બને છે ? આના સમાધાનમાં ઉપનિષદ્ કહે છે કે, આત્માને કદાપિ દુઃખાનુભવ કરવો પડતો નથી. સૂર્ય બધાં નેત્રની દૃષ્ટિશક્તિનું કારણ છે; પણ કોઇ નેત્રને ઇજા પહોંચતા યાને તેની દૃષ્ટિશક્તિ નષ્ટ થઇ જાય, તોપણ સૂર્ય જે દૃષ્ટિશક્તિનું આદિકારણ છે તેમાં બિલકુલ ઉણપ આવતી નથી. તેવીજ રીતે શારીરિક કે આજુબાજુનાં બીજાં દુઃખોની જરાયે અસર આત્માપર થતી નથી. મને કમળાનો વ્યાધિ લાગુ પડે અને તેથી સઘળું પીળું પીળું દેખાય, પણ તેથી સૂર્યના પોતાના તેજમાં કંઈ વિકાર થતો નથી; તેવી રીતે આત્માની બાબતમાં પણ સમજવાનું છે. માટે આત્મા અપવિત્ર બને છે કિંવા તેને દુઃખ ભોગવવાં પડે છે, એવી શંકાને મનમાંથી તિલાંજલિ આપી દો. આ એકત્વ કે જે બહુત્વરૂપે ભાસે છે, તે એકત્વજ–એ પરમ તત્ત્વજ આ જગતનું ઉત્પાદક અને શાસક છે, અને તેજ ભૂતમાત્રના અંતરપ્રદેશમાં રહેલું છે. એ રીતે જે જ્ઞાનીઓ તેને નિહાળે છે, આત્માના પણ આત્માતરીકે એ પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે તેમનેજ પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે, બીજાંને નહિ તે નહિજ. આ અનિત્ય વસ્તુઓની અંદર પણ એ નિત્ય વસ્તુને જેઓ નિહાળે છે, આ નાશવંત જગતમાં પણ એ અવિનાશી તત્ત્વને જેઓ પિછાને છે, આ બહુત્વમાં પણ એકત્વનો સાક્ષાત્કાર જેમને થાય છે અને જેઓ તે નિત્ય, અવિનાશી એકત્વનેજ પોતાના આત્માના પણ આત્મારૂપે અનુભવે છે, તેઓજ અચળ ને અનંત શાંતિ-

ના અધિકારી થાય છે; બીજા નહિ તે નહિજ. ત્યારે એને ક્યાં અને કયી બત્તી લઇને ઢુંઢવો—ભૂલોકમાં, સૂર્યલોકમાં, ચંદ્રલોકમાં કે અન્ય ગોલકોમાં ? ના, એને એવા સ્થાનમાં ઢુંઢો કે જ્યાં સૂર્ય, ચંદ્ર કે તારાગણોનો પ્રકાશ કામ આવતો નથી, અને જ્યાં વિજળીના ઝબકારાનું તેજ પણ નકામું છે–તોપછી આ મૃત્યુલોકના દીપકનું તો ગજુંજ શું ? એના પ્રકાશથીજ પ્રકાશનાં આ સાધનો પ્રકાશે છે. એનુંજ તેજ તેમણે ઉછીનું લીધું છે, કિંબહુના એજ તેમની મારફત પ્રકાશે છે. આ ઉપમા ઉપરાંત બીજી પણ એક સુંદર ઉપમા, આ પરમ તત્ત્વના સંબંધમાં ઉપનિષદ્‌માં અપાઇ છે. તે એવી કે, પરબ્રહ્મ એ એક સનાતન વટવૃક્ષ છે. તે બધાંનું મૂળ થડ હોઇ તેમાંથી ભિન્ન ભિન્ન શાખાઓ ફૂટીને વિશ્વરૂપમાં પરિણમી છે. ફેરમાત્ર એટલો કે, તેનું મૂળ ઉપરની બાજુએ છે ને શાખાઓ નીચેની બાજુએ ફેલાયેલી છે. આ ઉપમા તમારામાંથી જે લોકોએ હિંદુસ્થાન દેશમાં ઉગતા વડના ઝાડને અને તેના વિસ્તારને જોયો હશે, તેમનાથી બરાબર સમજાશે.

વેદના બ્રાહ્મણભાગમાં જૂદાં જૂદાં સ્વર્ગની કથાઓ છે; પણ ઉપનિષદ્‌ભાગમાં એ સ્વર્ગોમાં જવાની કલ્પનાનો સદંતર ત્યાગ કરવામાં આવ્યો છે. ઇંદ્રલોકમાં કે વરુણલોકમાં જવાથી બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે, એવું નથી. એ અતુલ આનંદ તો આપણા આત્માની અંદરજ રહેલો છે. સ્વર્ગનાં નામોનો કંઇ અર્થ નથી. આ પરલોકોનો અર્થ એટલોજ કે, સાક્ષાત્કાર અથવા બ્રહ્મદર્શનની જૂદી જૂદી ભૂમિકાઓ. પિતૃલોકમાં થનારૂં બ્રહ્મદર્શન સ્વપ્નસૃષ્ટિની માફક આછું હોય છે; ગંધર્વલોકમાં થતું બ્રહ્મદર્શન જળની અંદર દેખાતાં પ્રતિબિંબ જેવું અસ્થિર અને અસ્પષ્ટ હોય છે; બ્રહ્મલોક કે જે ઉંચામાં ઉંચી સ્વર્ગભાવના છે તેમાં થનારૂં બ્રહ્મદર્શન તેજ અને છાયાના જેવું ચોખ્ખું હોય છે, પણ હજી જોઇએ તેવું સ્પષ્ટ નહિ. તેજ અને છાયા જેમ જૂદાં પડી આવે છે, તેમ બ્રહ્મલોકમાં થનારા બ્રહ્મદર્શનમાં બ્રહ્મ અને જગત્ પૃથક્ પડી જાય છે. આરસીના જેવું ચોખ્ખું, પૂર્ણ અને સ્થિર બ્રહ્મદર્શન તો આપણા અંતરાત્મામાંજ થાય છે; તથા ઉંચામાં ઉંચા સ્વર્ગલોક કરતાં પણ ઉંચું સ્વર્ગ આપણા પોતાના આત્મામાં રહેલું છે. વેદાંત કહે છે તેમ આપણો આત્માજ સઘળાં દેવદહેરાં અને સ્વર્ગો કરતાં ચઢીઆતું પૂજાનું યાને બ્રહ્મદર્શનનું ધામ છે; કેમકે બ્રહ્મદર્શન આપણા અંતરાત્મામાં જેટલું સ્પષ્ટ અને સંપૂર્ણ થાય છે, તેટલું કોઇ સ્વર્ગમાં કોઈ ઠકાણે થતું નથી. સુખની શોધમાં મનુષ્યો ઘણી વાર સ્થાનાંતર કરે છે, પણ આ આત્મદર્શનની શોધમાં એવાં સ્થાનાંતરનો કશો ઉપયોગ નથી. હું મારા દેશ–હિંદમાં હતો ત્યારે

મને લાગેલું કે નિર્જન ગુફામાં નિવાસ કરવાથી મને બ્રહ્માનંદનાં સ્પષ્ટ દર્શન થશે; પણ તેવું કંઈ બન્યું નહિ. પછી મેં ધાર્યું કે, અરણ્યમાં રહેવાથી મને તે લાભ મળશે, પણ તેમાંયે મારે નિરાશ થવું પડયું. પછી વળી લાગ્યું કે, તીર્થક્ષેત્ર કાશીધામમાં જવાથી મારી ઇચ્છા પરિપૂર્ણ થશે, પણ ત્યાંયે મારે નાસીપાસ થવું પડયું. મુશ્કેલી બધે એકની એકજ હતી: અને તે એ કે, આપણે જયાં જઇએ છીએ ત્યાં આપણી પોતાની સૃષ્ટિ ઉત્પન્ન કરી લઇએ છીએ. હું જાતે અસાધુ કે ભુંડો હોઉં, તો જગત સમસ્ત મને અસાધુ કે ભુંડું ભાસે છે. બધાય લોકમાં યાને સ્વર્ગોમાં સુદ્ધાં આ નિયમ પ્રવર્તે છે. મરણ પછી જો મારૂં સ્વર્ગમાં જવાનું થાય, તો ત્યાં પણ મને એવોજ અનુભવ થવાનો. કારણ કે હું જાતે સુધર્યો વગર ગુફા, જંગલ, કાશી કે સ્વર્ગમાં જવાનો કશો અર્થ નથી; અને જો હું મારીજ આરસી કહેતાં મનને સાફ કરી લઉં, તો પછી હું ગમે ત્યાં વસતો હોઉં તોયે શું થયું ? સત્યનું પ્રતિબિંબ મને જેવું છે તેવુંજ પ્રાપ્ત થવાનું. માટે આત્મદર્શનને વાસ્તે અહીં તહીં દોડાદોડી કરવી યાને સ્થાનાંતર કરવું કેવળ વૃથા છે, શક્તિનો વ્યયમાત્ર છે. એ શક્તિને એમ નિરર્થક વાપર્યા કરતાં મનરૂપી આરસીને સ્વચ્છ કરવામાં વાપરવી વધારે લાભકારી છે. આજ વિચાર કઠોપનિષદ્‌ના નીચેના શ્લોકમાં વર્ણવાયો છે:-

न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा मनीषा मनसाभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवंति ॥

અર્થાત્ એનું રૂપ દર્શનનો વિષય નથી. કોઇપણ તેને આ ચર્મચક્ષુઓથી જોઇ શકતું નથી. શુદ્ધ હૃદય, સંશયરહિત બુદ્ધિ અને સાફ મનદ્વારાજ તેનું દર્શન શક્ય બને છે. જે જ્ઞાનીને આ આત્મ-દર્શન પ્રાપ્ત થાય છે તે અમર બની જાય છે.

ગયા ઉનાળાની મારી રાજયોગ ઉપરની વ્યાખ્યાનમાળા જેમણે સાંભળી હશે, તેમની જાણ માટે એ જણાવવાનું હું ઉચિત સમજું છું કે, એ રાજયોગ આ જ્ઞાનયોગથી કેવળ ભિન્ન પ્રકારનો છે. આ જ્ઞાનયોગ કે જેની આપણે અત્યારે આલોચના કરી રહ્યાં છીએ, તેમાં મુખ્ય વાત ઇંદ્રિયનિગ્રહની છે. જયારે તમામ ઇંદ્રિયો વશ થઇ જાય છે, કિંબહુના તેઓ આપણી દાસીઓ બની જાય અને જયારે તેઓ આપણા મનને કિંચિત્ પણ ચલાયમાન કરવાની શક્તિ ન ધરાવે, ત્યારેજ આપણે સિદ્ધયોગી થયા કહેવાઇએ, અને ત્યારેજ આપણને પરમ ગતિની પ્રાપ્તિ થાય. હૃદયમાં ઘર કરી રહેલી કામનામાત્રને દેશવટો દેવામાં આવે ત્યારેજ મર્ત્ય મટી અમર્ત્ય બનાય, અને આ લોકમાંજ એકત્વને પમાય, યાને જીવન-મુક્ત બનાય. સારાંશ કે, હૃદયની ગ્રંથિઓનો વિચ્છેદ થતાં આ

લોકમાંજ મર્ત્ય આદમીને અમરતાની લહાણ થાય છે.

હવે આ ઠેકાણે થોડોક બીજો ખુલાસો કરવાની જરૂર છે. સાધારણ રીતે તમને એમ સમજાવવામાં આવશે કે 'આ વેદાંત તેમજ અન્યાન્ય ભારતીય દર્શનશાસ્ત્રો આ જગત અને તેના ભોગોને છોડી તેનાથી પર બીજે કંઇ જવાનો ઉપદેશ આપે છે.' આ જગતને છોડી બીજે કંઈ જવાનું છે એવું માની લેવું કેવળ ભૂલભરેલું છે. અમારૂં વેદાંત કે તત્ત્વજ્ઞાન શી વસ્તુ છે તેનો જેમને બિલકુલ ખ્યાલ નથી અગર તેને સમજવા પૂરતું જેમનું ભેજું નથી, તેવા સાવ બોટ લોકોજ એવો મિથ્યા બકવાદ કરશે. બાકી, અમારાં શાસ્ત્રોમાં તો સાફ શબ્દોમાં નિરૂપણ થયેલું છે કે, અમારા તત્ત્વવેત્તાઓ આત્મશોધ માટે બીજી દુનિયામાં જવાનું કહેતાજ નથી. ઉલટપક્ષે તેઓ સ્વર્ગ વગેરે અપર લોકોને એમ કહીને ઉતારી પાડતાં જોવામાં આવે છે કે, એ અપર લોકોમાંનાં જીવન અને આનંદ પણ અલ્પજીવી છે. ખરી વાત એમ છે કે, આપણે જ્યાંસુધી નિર્બળના નિર્બળ રહીશું, ત્યાંસુધી આપણને સ્વર્ગ કે નરક જેવા અપરલોકમાં આથડવું પડવાનુંજ. બાકી, સત્યલોક તો અહીંજ છે; આપણો આત્મપ્રદેશ એજ સત્યલોક. વળી અમારા શાસ્ત્રમાં એમ પણ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, આત્મહત્યા કરવાથી પણ આત્મતત્ત્વને અલગ કરી શકાતું નથી, એટલે કે જન્મમરણનો ફેરો તો કાયમનો કાયમજ રહે છે. અમે હિંદુઓ તમારા પાશ્ચાત્ય લોકો જેટલાજ વ્યવહારદક્ષ છીએ. તફાવત જે છે તે એજ કે, જીવનસંબંધી અમારા વિચારો તમારાથી નિરાળા છે. તમે લોકો કહો છો કે, રહેવા માટે સારાં સારાં મકાન બાંધવાં જોઇએ, સારાં અન્નવસ્ત્ર મળવાં જોઇએ તથા અમુક પ્રકારની કેળવણી ને અમુક પ્રકારનો બુદ્ધિવિકાસ હોવાંજ જોઇએ. આ બાબતમાં તમે લોકો બહુ ચતુર છો; પણ એ ઉપાધિઓમાંજ તમારૂં આખું જીવન વ્યતીત થઇ જાય છે. અમે હિંદુઓ કહીએ છીએ કે, રહેવાને ઝુંપડું હોય કે ન હોય, પહેરવાને લંગોટી હોય કે ન હોય, ખાવાને કંદમૂળ હોય કે ન હોય તેની પરવા નહિ, પરંતુ ખરૂં જ્ઞાન જે આત્મજ્ઞાન છે, તેનો આનંદ મેળવવાજ આ જીવન સરજાયું છે ને તે પ્રયત્નમાંજ તે વ્યતીત થવું જોઇએ. અમેરિકામાં એક પ્રસિદ્ધ અજ્ઞેયવાદી છે. તે ગૃહસ્થ મોટા સજ્જન હોઈ સારા વક્તા છે. તે ધર્મ ઉપર વ્યાખ્યાન આપી શ્રોતાઓનાં મનપર એમ ઠસાવવાનો પ્રયત્ન કરે છે કે 'ધર્મ એ કેવળ ધતીંગ છે. બીજી દુનિયાઓ વિષે આપણે નાહકનાં માથાં શા માટે ફોડવાં?' પોતાના આ કથનની પુષ્ટિમાં તે આ ઉપમાનો ઉપયોગ કરે છે કે 'નારંગી યાને રસની ખરી કુપ્પી અહીં આ દુનિયામાંજ છે, અને

તેમાંથી જેટલો બને તેટલો રસ આપણે નીચોવી લેવાનો છે.' એક વાર મારૂં તેને મળવાનું થયું. ત્યારે મેં તેને કહ્યું કે, ભાઈ! તમારી સાથે હું બિલકુલ સહમત છું. મારી પાસે પણ એક ફળ છે કે જેનો તમામ રસ હું નીચોવી લેવા ઇચ્છું છું. તમારી ને મારી વચ્ચે મતભેદ હોય, તો તે ફળની પસંદગીની બાબતમાં છે. તમને નારંગી ગમે છે ને મને કેરી ગમે છે. તમને લાગે છે કે, આ જગતમાં જીવવું, ખાવું પીવું, એકાદ ભૌતિક વિજ્ઞાનમાં કંઇક પ્રાવીણ્ય મેળવવું-એ મનુષ્યજીવનના સાર્થકયની અવધિ છે. પણ તે વાત બધાંની રસવૃત્તિને ગમવીજ જોઈએ એમ કહેવાનો તમને જરાય અધિકાર નથી. મને પોતાને તો એ ખ્યાલની કોડી જેટલી પણ કિંમત નથી. એક ફળનું ઝાડપરથી નીચે ભૂમિપર પતન કયા નિયમને આધારે થાય છે કે વિદ્યુત્‌ના પ્રવાહનો થડકારો સ્નાયુઓને કેમ લાગે છે, એટલુંજ જ્ઞાન મને આ જગતમાં મળવાનું હોય તો મને જીવવાનું ઝેર જેવું અકારૂં લાગે ને હું આત્મહત્યાજ કરી લઉં. મારે વસ્તુઓનું કામ નથી, પણ વસ્તુઓના અંતરસ્થ સત્ત્વનું યાને મૂળ મુદ્દાનું કામ છે. તમારા અભ્યાસના વિષય જીવનના વ્યક્ત ભાવો છે, ત્યારે મારો અભ્યાસનો વિષય ખુદ જીવનતત્ત્વ વિષે છે. મારી ફિલસુફી મને શીખવાડે છે કે "ત્યારે એ આત્મ-તત્ત્વનેજ ઓળખવું ને સ્વર્ગ નરક અને એવા બીજા વહેમો આ પૃથ્વી જેટલા અસ્તિત્ત્વવાળા હોય, તો પણ તેમનો ખ્યાલ તારા મગજમાંથી તારે કાઢી નાખવો." માટે મારે તો આ જીવનના અંતરનું યાને તેના સત્ત્વનું, અને નહિ કે તેના આવિર્ભાવોનું જ્ઞાન મેળવવું છે. મારે તો દરેક વસ્તુનું કારણ જાણવું છે, રીતો નહિ. રીતોની માથાકૂટ ભલે બાળકો કર્યા કરે. તમારો એક દેશવાસી કહેતો હતો કે 'જે વખતે ધૂમ્રપાન કરતો હોઉં તે વખતે કોઈ આવીને મને લખવાનું કહે અને હું લખવા બેસું, તો મારાથી ધૂમ્રપાનનું શાસ્ત્રજ લખાય.' અર્થાત્ કે વિજ્ઞાનની ધૂન તમારામાં બહુવ્યાપી બનેલી છે. વિજ્ઞાનવેત્તા થવું એ બહુ સારી અને ઉત્તમ વાત છે, પ્રભુકૃપા આ વૈજ્ઞાનિકો પર ઉતરો ને તેમને વિજય મળો, એવી મારી આશિષ છે. પણ જ્યારે કોઇ એમ કહે કે, પદાર્થ-વિજ્ઞાનમાંજ બધું જીવનરહસ્ય આવી જાય છે, તો તે મૂર્ખાઇભર્યું બોલે છે અને જીવનની મૂળ વસ્તુને યાને જીવને પોતાને જાણવાના અખાડા કરે છે, એમજ સમજવું જોઇએ. તમારૂં અત્યારનું બધુંજ જ્ઞાન-બધાજ વિદ્યા પાયવગરનું ધતીંગ છે એવી દલીલ પણ હું કરી શકું. અત્યારે તમે જે શીખી રહ્યા છો, તે જીવનના ભિન્ન ભિન્ન આવિર્ભાવોવિષે શીખી રહ્યા છો, અને તેથી જીવન શી વસ્તુ છે એમ હું તમને પૂછું તો તમે કહેશો કે "અમને તેની

ખબર નથી; માટે તમારૂં ભૌતિક અધ્યયન તમને મુબારક હો, મને મારે રસ્તે વિચરવા દો."

હું મારા પોતાના કાર્યમાં મારી પોતાની રીતે અત્યંત કુશળ છું. જો સર્વવ્યવહારદક્ષતા તમારા પાશ્ચાત્ય મુલકોમાંજ રહેલી છે, એવો તમારો ખ્યાલ હોય તો તે બેહૂદો યાને અર્થ-વગરનો છે. તમારી વ્યવહારકુશળતા એક બાબતમાં છે, ને મારી બીજી બાબતમાં છે. મનુષ્યો જેમ ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે તેમ મન પણ ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. હિંદુસ્થાનમાં જો કોઇને કહ્યું હોય કે, દેહાંત સુધી એક પગપર ઉભા રહેવાથી તને સત્યની પ્રાપ્તિ થશે, તો તે શખ્સ એ બોધને માથે ચઢાવશે ને તે મુજબ વર્તશે પણ ખરો. તેનાથી ઉલટું અહીં પશ્ચિમમાં જો ખબર પડે કે, અમુક અમુક આઘેના જંગલી પ્રદેશમાં કોઇ ઠેકાણે સોનાની ખાણ નીકળે તેમ છે, તો હજારો જણ સોનાની લાલસાથી જીંદગીનાં જોખમ ખેડે છે, પણ તેમાં વિજય તો કોઇકનેજ મળે છે. એજ સહસ્રાવધિ મનુષ્યોને કેટલાંયે વાર કહેવામાં આવ્યું હોય છે કે 'તમારે આત્મા છે' પણ એ આત્માની દરકાર લેવાનું કામ દેવળનેજ સુપ્રત કરીને તેઓ સંતોષ પામે છે. સોનાની શોધ માટે જાન સાથે ઝંપલાવનારા પૈકી આત્માની શોધ માટે કોઈજ તૈયાર થતું નથી! અમારા હિંદુના સંબંધમાં તેથી ઉલટું જોવામાં આવશે. એને જો કોઇ સોનાની ખાણનો પત્તો દેખાડી સાહસ ખેડવાનું કહેશે, તો તે નરભક્ષક જંગલીઓના પ્રદેશમાં જવાનો ઇન્કાર કરશે અને કહેશે કે 'નારે બાપ! એ જંગલીઓ મારીને ખાઈ જાય.' પણ એજ માણસને જો કહેવામાં આવે કે, અમુક અમુક પહાડની ટોચપરની ગુફામાં પરમાત્મદર્શન કરાવનાર એક ચમત્કારી મહાત્મા રહે છે, તો તે તત્કાળ તે મહાત્માની પ્રસાદી મેળવવાના લોભે ગમે તેવું જોખમ ખેડવા પણ તૈયાર થશે. આ બંને પ્રકારનાં મનુષ્યો વ્યવહારદક્ષ કહેવાય; પણ તમારી ભૂલ અહીં થાય છે કે, જગતના સ્થૂળ વિષયો-નેજ તમે આ જીંદગીનું સર્વસ્વ ગણી બેઠાં છો; પણ તમારા સુખ અને આનંદના વિષય નાશવંત ઇંદ્રિયપદાર્થો છે. એ પદાર્થોમાં નિત્ય એવી કોઇ ચીજ નથી અને તેથી તેમને વળગી રહેવાથી તમારાં દુઃખોની વૃદ્ધિ ને વૃદ્ધિ થતી રહે છે; જ્યારે મારો સુખનો વિષય મને અનંત શાંતિ અપાવનારો નીવડે છે.

તમારી માન્યતા ખોટી છે એમ હું નથી કહેતો. તમને તે મુબારક નીવડો! તેમાંથી તમને પરમ લાભ અને કલ્યાણની પ્રાપ્તિ થાય! પરંતુ તેથી મારા મનને તમારે તરછોડવો કે નિંદવો જોઇએ નહિ. મારો માર્ગ પણ મારા ભાવ પ્રમાણે સંપૂર્ણ વ્યાવહારિક છે. આપણે બધાં આપણાં મંતવ્ય મુજબ આપણું કાર્ય આગળ

ચલાવીએ. હું ઇચ્છું છું કે, પ્રભુ કરે ને આપણુ બંને પક્ષોની માન્યતા સરખી વ્યાવહારિક ઠરે! એવા પણ કેટલાક વૈજ્ઞાનિકો મારા જોવામાં આવ્યા છે કે જેઓ વિજ્ઞાનવેત્તાતરીકે તેમજ તત્ત્વ-ચિંતકતરીકે એકસરખા કુશળ છે. આથી હું ઉમેદ ધરાવું છું કે, કાળે કરીને આખેઆખો માનવસમાજ એ બંને બાબતોમાં સરખો વ્યવહારદક્ષ બનશે. ચૂલાપર રાખેલા વાસણુમાંનું પાણી જ્યારે ઉકળવા માંડે છે, ત્યારે પહેલાં તો પાણીની સપાટીપર એક પરપોટો નજરે પડે છે. પછી બીજો, ને પછી ત્રીજો એમ પરપોટાની સંખ્યા વધતાં વધતાં બધુંજ પાણી સાથેલાગું ઉકળવા લાગે છે. આ દુનિયા પણ ઉકળતા પાણી જેવી છે. દુનિયાની પ્રત્યેક વ્યક્તિ પરપોટા સમાન છે, અને વ્યક્તિઓનાં બનેલાં રાષ્ટ્રો પરપોટાઓના સમૂહો છે. પાણીના પરપોટાઓ પરસ્પર જોડાઇને વાસણુમાં એક ભારે ખળભળાટ મચાવી મૂકે છે; તેમ આ રાષ્ટ્રો પણ ધીરે ધીરે એકબીજા સાથે સંયોગ સાધીને ભારે પરિવર્તન નીપજાવશે. મારી ખાત્રી છે કે, એક વખત એવો જરૂર આવશે કે જ્યારે સઘળો ભેદભાવ નષ્ટ થઇ જશે અને જે એકત્વ પ્રત્યે આપણે સૌ પ્રયાણ કરી રહ્યા છીએ, તે એકત્વ દીસી આવશે. એક સમય એવો જરૂર આવશે કે જ્યારે સંસારની પ્રત્યેક વ્યક્તિ ભૌતિક તેમજ આધ્યા-ત્મિક ઉભય વિદ્યાઓમાં સરખી પારંગત થઈ હશે, અને પરિણામે જગતભરમાં એકત્વનો એકરાગ પ્રવર્તતો હશે-રે! પ્રત્યેક માનવી જીવનમુક્ત બન્યો હશે. અત્યારે આપણી અંદર દીસતાં ઈર્ષ્યા, અદેખાઈ, ઘૃણા ને નિંદા, અગર પ્રેમભાવ કે સહકારવૃત્તિ વાટે આપણે સૌ તે એકજ લક્ષ્ય-એકત્વ પ્રતિ પ્રયાણ કરી રહ્યાં છીએ, એ મારી વાત નિઃશંકપણે માનો. કાળનો પ્રચંડ પ્રવાહ આ એક-ત્વના મહાસાગર તરફ વહી રહ્યો છે અને તે પોતાની સાથે આપણ-ને પણ ઘસડતો જાય છે. ઘાસનાં તણખલાં કે કાગળની કરચો પેઠે આપણામાંનાં કેટલાંક જણ પાણીની સપાટીપર વગર ઉદ્દેશે આમતેમ ભટકાતાં હશે, તેઓ પણ અંતે તો જીવન અને આનંદના આ અતુલ મહાસાગર-એકત્વમાં આવી ભળવાનાંજ, એ વાત નિઃસંદેહ છે.



૧૦–બ્રહ્માંડ–સ્થૂળસૃષ્ટિ*

આપણી ચારે તરફ મઘમઘી રહેલાં પુષ્પોની મનોહરતા, પ્રતિ સવારે થતા સૂર્યોદય વખતની સુવર્ણમય રમ્યતા અને પ્રકૃતિ અથવા નિસર્ગદેવીએ ધારણ કરેલી પચરંગી સાડીની શોભા, ખરેજ અદ્વિતીય અને મનોહર છે. વિશ્વસમસ્ત ખરેજ અત્યંત મનોહર છે; અને એ મનોહરતાનો ઉપભોગ મનુષ્યજાતિનું આ પૃથ્વીપર આવાગમન ચાલુ થયું ત્યારથી તે કરતી આવી છે. ગગનને પહોંચતા ભવ્ય ગિરિરાજો, મહાસાગર ભણી ધસમસતી પ્રચંડ વેગવતી નદીઓ, દુર્ગમ વનપ્રદેશો ને નિર્જન રણમેદાનો, અગાધ મહાસાગરો અને ટગમગ ચમકતા અસંખ્ય તારલીઆયુક્ત આ ગગનમંડળ—આ બધુંજ ખરેખર ભવ્ય, પ્રભાવશાળી, કુતૂહલજનક અને મનોહર છે. આ સમગ્ર અસ્તિત્વ સમષ્ટિ જેને આપણે પ્રકૃતિ કિંવા નિસર્ગ નામે ઓળખીએ છીએ, તે ચિરકાળથી મનુષ્યના મનપર પોતાની ભવ્યતા અને મનોહરતાની છાપ પાડતી આવી છે. મનુષ્યની વિચારશક્તિ ઉપર તેની અસર થાય છે અને તેને પરિણામે મગજમાંજ પ્રશ્ન ઉદ્દભવે છે કે "આ બધું શું છે ને ક્યાંથી આવ્યું છે?" માનવજાતિના જૂનામાં જૂના ગ્રંથ વેદોની સમક્ષ પણ આજ પ્રશ્ન પૂછાતો આવ્યો છે કે "આ બધું ક્યાંથી આવ્યું છે? જ્યારે 'અસ્તિ' કે 'નાસ્તિ' કંઇજ નહોતું અને અંધકાર અંધકારમાં છુપાયલો હતો, ત્યારે આ વિશ્વને—આ બ્રહ્માંડને કોણે, ક્યાંથી અને કેવી રીતે બહાર આણ્યું? આ રહસ્યની ખબર કોને હશે?" એજ પ્રશ્ન આપણને પણ ઉત્તરોત્તર વારસામાં મળતો આવ્યો છે. એનો જવાબ આપવાના લક્ષાવધિ પ્રયત્નો અત્યાર સુધીમાં થયા છે; તથાપિ હજી લક્ષાવધિ પ્રયત્નો એ પ્રશ્નના સમાધાન અર્થે થયા કરશે. આનું કારણ એમ નથી સમજવાનું કે, અત્યાર સુધીના પ્રયત્નો સાવ નિષ્ફળ નીવડયા છે. એ પ્રશ્નના પ્રત્યેક ખુલાસામાં સત્યનો કંઈ ને કંઇ અંશ તો જરૂર સમાયલો હોઈ એ સત્યાંશ વખતના વહેવા સાથે બળવત્તર બનતો જાય છે યાને વધતો જાય છે. આજના વ્યાખ્યાનમાં આ પ્રશ્નની હું તમારી આગળ ચર્ચા કરી અમારા પ્રાચીન તત્ત્વવેત્તાઓનાં ચિંતનોમાંથી મને જે જવાબ

* ન્યુયૉર્ક–તા. ૧૯ જાન્યુઆરી, ૧૮૯૬

પ્રાપ્ત થયો છે તેની રૂપરેખા, વર્તમાન વૈજ્ઞાનિક યુગની શોધ-ખોળોને બંધબેસતી આવે તેવી રીતે આપવાની હું કોશીશ કરીશ.

આ પ્રાચીનતમ પ્રશ્નમાંના કેટલાક મુદ્દાઓનો નિર્ણય તો પ્રશ્નની સાથેજ થઇ જાય છે, એમ આપણને જણાઇ આવ્યા વગર રહેતું નથી. કારણકે 'જયારે અસ્તિ નાસ્તિ કંઇજ નહોતું' એ વેદવાક્યથી એટલું તો એની મેળે સિદ્ધ થઈ રહે છે કે, એક વખત એવી પણ સ્થિતિ હતી કે જયારે બ્રહ્માંડ અગર વિશ્વની હયાતિજ નહોતી. સાગરો ને મહાસાગરો, નદીઓ ને પહાડો, શહેરો અને ગ્રામો, મનુષ્યો ને પશુપંખીઓ, અને જીવજંતુઓ તથા વિવિધ વનસ્પતિઓથી ભરપૂર આ આપણી પૃથ્વી માતા તેમજ અન્ય ગ્રહો ઉપગ્રહો અને નક્ષત્રમંડળો ઇત્યાદિ વિવિધ સૃષ્ટિપૈકી કશાનું અસ્તિત્વ તે સમયે નહોતું; એમ વેદનું ઉપરોક્ત વાકય આપણને કહે છે. પણ એ વચનની સત્યતાની ખાત્રી કરવાની તમારી ઇચ્છા હોય તો આપણે વેદના એ નિર્ણયના મૂળમાં ઉતરવાનો પ્રયત્ન કરીશું.

ઠીક ત્યારે, માણસ પોતાની આસપાસ શું જુએ છે ? ઝાડ-પાન ઇત્યાદિ. તેમાંથી એક છોડનો ઇતિહાસ આપણે તપાસીએ. છોડ કેવી રીતે ઉગે છે ? તો કે એક બીજને મનુષ્ય પોતે વા કુદરત પોતે જમીનમાં મૂકે છે. તેમાંથી પહેલાં તો એક અંકુર માત્ર ડોકીઉં કાઢે છે, પછી ધીમે ધીમે વધતાં વધતાં તે છોડવારૂપ બને છે અને છોડવામાંથી વધતાં વધતાં છેવટે તે એક ગંજાવર ઝાડ બને છે. પછી કાળે કરીને તે મરી જાય છે અને પાછળ માત્ર પોતાનું બીજ મૂકતું જાય છે. આ રીતે એનું જીવનચક્ર સમાપ્ત થાય છે. એ બીજમાંથી નીકળ્યું, વધીને વૃક્ષ થયું અને અંતે પાછું બીજમાં પરિણમ્યું. પક્ષીનો વિચાર કરીશું તોપણ જણાશે કે તે ઇંડામાંથી નીકળે છે, પક્ષીતરીકેનું પોતાનું જીવન પૂરૂં કરે છે ને મરી જતાં પોતાની પાછળ ભાવિ પક્ષીઓનાં બીજરૂપ ઇંડાં મૂકતું જાય છે. પશુઓ અને મનુષ્યોના સંબંધમાં પણ તેવુંજ જણાય છે. પ્રકૃતિમાંની પ્રત્યેક વસ્તુની ઉત્પત્તિ અમુક બીજકોમાંથી–અમુક મૂળ તત્ત્વોમાંથી યાને અમુક સૂક્ષ્મ રૂપોમાંથી થાય છે, વૃદ્ધિંગત થાય છે, ખીલે છે, ફાલે છે અને એ સ્થિતિમાં અમુક વખત સુધી ચાલુ રહ્યા પછી ફરી પાછી તે પોતાના મૂળ સૂક્ષ્મ સ્વરૂપમાં લીન થઇ શમી જાય છે. વરસાદનું પ્રત્યેક બિંદુ, સાગર ઉપર ચમકતાં સૂર્યકિરણોની અસરથી પાણી-માંથી વરાળરૂપે થઈ ઉંચે હવામાં ચઢી એવા સ્થાને પહોંચે છે કે જયાં તે વરાળમાંથી પાછું જળરૂપે બનીને ત્યાંથી વૃષ્ટિરૂપે નીચે ભૂમિ-પર ઉતરે છે તે પણ ફરી પાછું વરાળરૂપે થવા માટેજ. આપણી ચોમેર પથરાઇ રહેલી પ્રકૃતિમાંની પ્રત્યેક વસ્તુના સંબંધમાં આવોજ પ્રકાર બને છે. ગંજાવર ગિરિરાજો અને મોટા કરાળ પહાડોને તપાસીશું

તો તેમની અંદર પણ એજ 'ઉદય તથા અસ્ત'નો પ્રકાર બનતો જોઈએ છીએ. પહાડોમાં પ્રવર્તતાં સરકતા બરફનાં તોફાનો તથા તેમનાપર થઈને વહેતા ઝરાઓ અને ધોધોની ક્રિયાઓ પહાડના પાષાણોપર થાય છે. પરિણામે ધીમે ધીમે પણ ખાત્રીપૂર્વક પહાડો ચૂર્ણવિચૂર્ણ બને છે, તેમના ચૂરાની રેતી બને છે અને એ રેતીનાં રજકણ નદીઓવાટે સમુદ્રમાં ઠલવાઇ સમુદ્રમાં તેના એકપર એક થર જામી કઠણ ખડકો બને છે; અને તે ખડકો વખત આવતાં ભવિષ્યના જમાનામાં પાછા મોટા પહાડરૂપે પૃથ્વીપર દેખા દે છે. ફરી પાછા તે ચૂર્ણવિચૂર્ણ થઇ રેતીમાં રૂપાંતર પામશે અને ફરી પાછા રેતીમાંથી પહાડ બનશે. એ પ્રમાણે રેતીમાંથી પહાડો અને પહાડોમાંથી રેતી, એ ક્રમ સૃષ્ટિની પર્યાતિ લગી ચાલ્યાજ કરે છે.

હવે, જો આ વાત સત્ય હોય કે પ્રકૃતિ પોતાનાં બધાં કાર્યોમાં સમાનશીલ છે; અને એ જો સત્ય હોય કે, જે પ્રણાલિકાએ રેતીના કણની ઉત્પત્તિ થાય છે તેજ પ્રણાલિકા અને પદ્ધતિએ મોટા મોટા સૂર્યો, તારાઓ અને આ વિશ્વ સમસ્તની ઉત્પત્તિ થઇ છે, અને જો એ સાચું હોય કે, એક પરમાણુ તેમજ બ્રહ્માંડની ઉત્પત્તિમાં યોજના અને કૌશલ્ય એકસરખાં છે, અને જો એ ખરૂં હોય કે સમગ્ર વિશ્વમાં એકજ નિયમ પ્રવર્તે છે, તો તો વેદાંતે પ્રતિપાદન કર્યું છે તેમ માટીના એક ઢેફાને જાણવા–સમજવાથી બ્રહ્માંડની સકળ માટીની પ્રકૃતિનું જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે–અર્થાત્ કે પ્રકૃતિમાં ઉત્પત્તિ-લયનો એકસમાન કાયદો અને એકસમાન યોજના પ્રવર્તે છે; અને જ્યાંસુધી મનુષ્યને તેથી ઉલટો અનુભવ થયો નથી, ત્યાંસુધી એથી વિરુદ્ધ માનવાને કારણ નથી. એટલા માટે આપણે જો એક નાના છોડવાને લઇને તેના જીવનનો અભ્યાસ કરીશું તો તે ઉપરથી આપણને સમસ્ત વિશ્વજીવનની યાને તેની ઉત્પત્તિ, સ્થિતિ ને લયની માહીતિ મળી રહેશે. રેતીના એક રજકણને બરાબર સમજવાથી સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય સમજી શકાય તેમ છે. આ જાતની દલીલ આખા બ્રહ્માંડના સંબંધમાં લાગુ પડતાં પ્રથમ દૃષ્ટિએ આપણને એજ જણાઈ આવે છે કે, બ્રહ્માંડના આરંભની અને અંતની દશામાં સઘળી વસ્તુસ્થિતિ એકસરખી હોય છે. પર્વત રેતીમાંથી ઉત્પન્ન થાય છે અને રેતીમાં લય પામે છે. વરાળમાંથી નદીઓ જન્મે છે અને પાછી વરાળમાં પરિણત થાય છે. વનસ્પતિમાત્ર બીજકોમાંથી ઉદ્ભવે છે અને બીજકો મૂકી નાશ પામે છે. મનુષ્ય પણ મનુષ્યજીવાણુમાંથી પેદા થઇ પાછો એ જીવાણુમાંજ પરિસમાપ્ત થાય છે. વિવિધ તારાગણ, ગ્રહો ને ઉપગ્રહો પણ નીહારમય અવસ્થામાંથી ઉપજ્યા છે અને પાછા એજ નીહારમય અવસ્થામાં પરિણત થવાના છે.

ત્યારે આમાંથી આપણને શું શીખવાનું મળે છે? એજ કે, વ્યક્ત કિંવા સ્થૂળ અવસ્થા એ કાર્ય છે અને અવ્યક્ત કિંવા સૂક્ષ્મ અવસ્થા એ કારણ છે. આ રહસ્યની શોધ આજકાલની નથી, કંઇ હજારો વર્ષપર થઈ ગયેલા અમારા દર્શનશાસ્ત્રના પિતારૂપ કપિલ મુનિએ પ્રકૃતિના આ રહસ્યને ખોળી કાઢયું હતું, અને **नाशः कारणे लयः**-એ સંક્ષિપ્ત સૂત્રથી જગતને જાહેર કર્યું હતું કે, નાશ એટલે બીજું કંઇજ નહિ, પણ આદિકારણમાં લય પામવું તે. આ મેજનો જો અત્યારે નાશ કરવામાં આવે, તો તે પોતાના આદિકારણમાં ભળી જશે, યાને એનું લાકડું જે સૂક્ષ્મ પરમાણુઓના સંગઠનથી બન્યું હતું, તે સૂક્ષ્મ પરમાણુઓમાં તે પાછું પરિણત થશે. એજ મુજબ કોઈ માણસ મરી જાય છે, ત્યારે તેનું શરીર જે મૂળતત્ત્વોમાંથી-જે પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થયું હોય છે તે મૂળતત્ત્વો અથવા પંચમહાભૂતોમાં મળી જાય છે. આ પૃથ્વીનો નાશ થતાં તે પણ પોતાના આદિકારણમાં લય પામશે. આ રીતે કાર્યનું આદિકારણમાં મળી જવું તેનેજ આપણે મૃત્યુ, નાશ વગેરેનાં નામથી ઓળખીએ છીએ. આ પરથી ત્યારે આપણે એટલું શીખીએ છીએ કે, કાર્ય અને કારણ મૂળમાં એકજ પ્રકારનાં છે, જૂદાં નથી. માત્ર તેમના બહારના ઘાટ જુજવા હોય છે એટલુંજ. આ કાચ એ ક્રિયારૂપ છે. કેમકે એ ક્રિયારૂપ કારણ અત્યારે પણ તેની અંદર વર્તમાન છે. કાચની મૂળ વસ્તુ જે રેતી તેનો ચોક્કસ જથ્થો વત્તા તેને ઘાટ આપનારના હાથનું કૌશલ્ય, એ એનાં આદિકારણ છે. કૌશલ્ય અને રેતીના સંયોગીકરણથી આ ઘાટ અસ્તિત્વમાં આવ્યો, કે જેને આપણે કાચ કહીએ છીએ. કાચ બનાવનારનું હસ્તકૌશલ્ય કાચની અંદર અત્યારે પણ સંહતિ અથવા સંગઠનશક્તિરૂપે મોજુદ છે. એ સંહતિ શકિત જો મોજુદ ન હોત તો કયારનાયે તેના અણુપરમાણુઓ છૂટા પડી ગયા હોત, અને તેનું વર્તમાન કાચરૂપ ટળી ગયું હોત. કૌશલ્ય ઉપરાંત કાચની મૂળ જણસ પણ તેમાં મોજુદ છે-અર્થાત્ કાચ એ એનાં સૂક્ષ્મ-કારણોનું નવા ઘાટમાં વ્યકત કાર્ય છે, અને જો તેને ભાંગીને ચૂરો કરી નાખવામાં આવે, તો સંગઠનતરીકે એનામાં જે શકિત રહેલી છે તે શકિત નષ્ટ થઇ પોતાના મૂળ તત્ત્વમાં મળી જશે અને કાચનાં રજકણો તેમને ફરી ઘાટ આપનાર મળતાંસુધી એની એ સ્થિતિમાં પડી રહેશે.

આ રીતે આપણને માલમ પડે છે કે, કાર્ય તેના કારણથી કદાપિ ભિન્ન હોતું નથી. માત્ર એટલુંજ કે, કાર્ય એ કારણની સ્થૂળરૂપમાં પુનરાવૃત્તિમાત્ર હોય છે. આ પરથી બીજું આપણને એ શીખવાનું મળે છે કે, વનસ્પતિ, વિવિધ પ્રાણીઓ અથવા

મનુષ્ય નામે ઓળખાતા આ જૂદા જૂદા ધાટવિશેષોની ઉત્પત્તિ-લયની ક્રિયા અનંત કાળ સુધી ચાલ્યાજ કરે છે. જેમકે એક બીજમાંથી ઝાડ પેદા થાય છે, ઝાડ બીજને પેદા કરે છે, એ બીજ-માંથી ફરી પાછું ઝાડ થાય છે અને એ રીતે કારણમાંથી કાર્ય અને કાર્યમાંથી પાછું કારણમાં રૂપાંતર થયાજ કરે છે. એનો અંત આવતોજ નથી. વરસાદનાં બિંદુઓ પર્વતપરથી ગબડતાં ગબડતાં સમુદ્રમાં જાય છે, અને ત્યાંથી વરાળરૂપે પાછાં ઉંચે ગગનમાં ચઢે છે અને ત્યાંથી પાછાં જળરૂપે વરસી સમુદ્રમાં ભળે છે—એ રીતે ચઢવા ઉતરવાની ઘટમાળ ચાલ્યાજ કરે છે. જે કાંઈ જોઇ, સાંભળી કે કલ્પી શકીએ તે તે તમામ સજીવ અને નિર્જીવ સૃષ્ટિમાં આવોજ પ્રકાર, મનુષ્યમાં કિંબહુના પ્રાણીમાત્રમાં ચાલતી શ્વાસોચ્છ્વાસની ક્રિયાની માફક નિરંતર ચાલી રહેલો છે. સૃષ્ટિની પ્રત્યેક વસ્તુના સંબંધમાં આમજ બન્યા કરે છે. એક મોજું ઉછળે છે, બીજું નીચે ઉતરે છે, નીચે ઉતરેલું ફરી ઉછળે છે અને ઉછળેલું પાછું ઉતરે છે. પ્રત્યેક ઉછાળા પાછળ અવતરણ અને પ્રત્યેક અવતરણ પાછળ ઉછાળો રહેલો છે—અર્થાત્ જગતના પ્રત્યેક સૃષ્ટ પદાર્થમાં એકજ નિયમ યાને કાર્યકારણમાં ઉદય—અસ્તનો નિયમ પ્રવર્તતો દેખાય છે. તેથી એજ નિયમ—એજ કાયદો સમસ્ત બ્રહ્માંડને પણ લાગુ પડવો જોઇએ. કેમકે પ્રકૃતિના નિયમ સમાનભાવી યાને સૌને સરખી રીતે લાગુ પડનારા છે. આ બ્રહ્માંડ, આ વિશ્વ કિંવા આ જગત તેનાં આદિકારણોમાં અસ્ત થવુંજ જોઇએ. આ સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, શરીર તેમજ મન અને વિશ્વમાંની બીજી એકે એક વસ્તુ પોતપોતાનાં આદિકારણો તરફ પ્રત્યાગમન કરી તેમાં અદૃશ્ય થવીજ જોઇએ, કહો કે નાશ પામવીજ જોઇએ. એ રીતે ઉપલક દૃષ્ટિએ તો એ વસ્તુઓ નાશ પામેલી દેખાય છે; પણ વસ્તુતઃ તો તે પોતાનાં કારણોમાં સૂક્ષ્મરૂપે છુપીજ હોય છે. એ સૂક્ષ્મ રૂપોમાં-થી ફરી પાછી તે નૂતન પૃથ્વીઓ, નૂતન સૂર્યો, નવીન ચંદ્રો અને નૂતન તારાતરીકે પ્રગટ થશે.

આ ઉત્થાન અને પતન અથવા ઉત્પત્તિ અને લયના સંબંધમાં બીજી પણ એક વાત આપણે લક્ષમાં લેવા જેવી છે. બીજ ઝાડમાં-થી પેદા થાય છે; પણ તે પછી એ બીજ તત્કાળ વૃક્ષ બની જતું નથી, પરંતુ તેને વૃક્ષમાં પરિણત થવા માટે નિવૃત્તિ અગર વિશ્રામ-ની અને બીજા શબ્દોમાં કહીએ તો સૂક્ષ્મ અવ્યક્ત કાર્યની મુદત જોઇએ છે. બીજને થોડો સમય જમીનના પડમાં કાર્ય કરવું પડે છે. જમીનમાં તે ફાટે છે, કહો કે તે બગડે છે અથવા અવનત થાય છે અને એ અવનતિમાંથી તે પાછી ઉન્નત દશા પ્રાપ્ત કરે છે. એજ રીતે અખિલ બ્રહ્માંડને પણ શરૂઆતમાં થોડીક મુદત-

લગી સૂક્ષ્મ અવ્યક્ત રૂપમાં કાર્ય કરવું પડે છે. એ મુદતને અને એ સૂક્ષ્મ ક્રિયાને આપણે પ્રલયકાળ અને પ્રલયકાળની સ્થિતિ કહીએ છીએ અને એ પ્રલયમાંથીજ ફરી નવી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે. આ સૃષ્ટિની વ્યક્ત દશાના સમગ્ર સમયને અમે એક 'કલ્પ' કહીએ છીએ. 'કલ્પ' એ શબ્દ સંસ્કૃત હોઇ એનો અર્થ એક ફેરો અથવા એક આવૃત્તિ એવો થાય છે. પ્રત્યેક કલ્પે કલ્પે સમગ્ર બ્રહ્માંડનો તેના સમગ્ર પદાર્થો સાથે-રે ! પરમાણુએ પરમાણુ સુદ્ધાંતનો લય થઇ જાય છે.

હવે, આ ઠેકાણે ખાસ કરી વર્તમાન કાળની દૃષ્ટિએ એક બીજો અગત્યનો સવાલ ઉત્પન્ન થાય છે. આપણે જોયું કે, સૂક્ષ્મ રૂપોનો ક્રમે ક્રમે વિકાસ થઇ સ્થૂલ રૂપોમાં આવિર્ભાવ થાય છે. અને વળી એ પણ જોયું કે, કારણ અને કાર્યમાં અભેદતા હોય છે, કિંબહુના કાર્ય એ બીજા રૂપમાં કારણજ હોય છે; તે જોતાં આ સમગ્ર જગતની ઉત્પત્તિ પણ બિલકુલ ' નાસ્તિ ' કિંવા ' શૂન્ય ' માંથી ન થઇ હોવી જોઇએ. તેમ બની શકેજ નહિ, કેમકે કારણ-વગર કોઈ કાર્યનો સંભવ નથી અને એ કારણ પણ બીજા સ્વરૂપમાં કાર્યજ છે. તો પછી આ જગત શેમાંથી યાને કયા કારણમાંથી ઉત્પન્ન થયું છે ? તો કે એના પૂર્વગામી અગર અગાઉ થઈ ગયેલા સૂક્ષ્મ જગતમાંથી. માણસ શેમાંથી ઉત્પન્ન થયું છે ? તો કે એના પૂર્વગામી સૂક્ષ્મ મનુષ્યમાંથી. ઝાડની ઉત્પત્તિ શેમાંથી થયેલી છે ? તો કે બીજમાંથી. આખુંય ઝાડ તે નાના બીજમાં મોજુદ હતું; તેમાંથી તે બહાર નીકળે છે અને વ્યક્તભાવ ધારણ કરે છે. તેજ પ્રમાણે આ આખું બ્રહ્માંડ પણ સૂક્ષ્મરૂપે રહેલા આના જેવાજ બ્રહ્માંડમાંથી ફૂટી નીકળ્યું છે. અત્યારે તે સ્થૂલરૂપે વ્યક્ત થયું છે. કલ્પાંતે તે ફરી પાછું સૂક્ષ્મ રૂપમાં લીન થઇ જશે અને નવા કલ્પના આરંભમાં ફરી પાછું સ્થૂળરૂપે પ્રગટશે. આ સૂક્ષ્મ રૂપમાંથી નીકળી સ્થૂળરૂપમાં વૃદ્ધિંગત થવાની યાને તેનાં વિવિધ અંગોની ગોઠવણમાં માત્ર પરિવર્તન થવાની ક્રિયાને અર્વાચીન યુગમાં 'ઇવૉ-લ્યુશન' કહેતાં ક્રમવિકાસને નામે ઓળખવામાં આવે છે. એ વાત સાચી છે-તદ્દન સાચી છે. આપણા જીવનમાં એ ક્રમવિકાસ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ; તેથી કોઈ પણ વિચારશીલ વ્યકિતને ક્રમવિકાસવાદીઓની સાથે કંઇ તકરાર જેવું હોવાની સંભાવના નથી. પરંતુ એની સાથે એક વાત આપણે વધારે શીખ-વાની છે યાને એક પગલું આપણે આગળ વધવાનું છે; અને તે એ કે, પ્રત્યેક ક્રમવિકાસની પૂર્વે ક્રમસંકોચ રહેલો હોય છે. બીજ એ ઝાડનું જનક છે, પણ એ બીજનું જનક કોઇ બીજું ઝાડ હતું-અર્થાત્ કે બીજ એ ઝાડનું સૂક્ષ્મ રૂપ હોઈ તેમાંથી મોટા ઝાડનો

ક્રમેક્રમે વિકાસ થાય છે, પણ એ ક્રમવિકાસ પૂર્વે આખું ઝાડ એ નાના સરખા બીજમાં સંકુચિત ભાવે રહેલું હોય છેજ. તે મુજબ આ આખું સ્થૂલ બ્રહ્માંડ પણ સૂક્ષ્મ બ્રહ્માંડબીજની અંદર રહ્યું હતું. જે નાનું જીવાણુ પાછળથી મનુષ્ય બને છે તે નાનાશા જીવાણુની અંદરજ એ આખું મનુષ્ય સંકુચિત ભાવે રહ્યું હોય છે અને તેમાંથી તે ક્રમવિકાસથી સ્થૂલ મનુષ્યરૂપે વ્યક્ત થાય છે. અમારી આ વાતની સત્યતાનો જો સ્વીકાર કરવામાં આવે, તો પછી ક્રમવિકાસ-વાદીઓ સાથે અમારે કોઈ તકરારનું કારણ રહે નહિ. કેમકે અમને ખાત્રી છે કે, આ આગળનું પગથીઉં યાને ક્રમસંકોચનો સિદ્ધાંત તેઓ સ્વીકારતા થતાંજ તેઓ ધર્મના ઉચ્છેદ કરનારને બદલે ધર્મનું ઉત્તમ રીતે સમર્થન કરનારા થઈ રહેશે.

ત્યારે અત્યારસુધીમાં આપણે એ જોઇ લીધું કે 'નાસ્તિ' અગર 'શૂન્ય'માંથી તો કશાની ઉત્પત્તિ શકયજ નથી. પ્રત્યેક વસ્તુ અનંત કાળથી હયાતિ ભોગવતી આવી છે અને અનંત કાળ ભોગવ્યા કરશે. આભાસ અને અદૃશ્યતા એ અનુક્રમે થતી ક્રમવિકાસ અને ક્રમસંકોચનની ક્રિયાનાં પરિણામમાત્ર છે. આ ક્રમસંકોચન અને ક્રમવિકાસની ક્રિયા બધીજ પ્રકૃતિમાં ચાલ્યા કરે છે. નિકૃષ્ટમાં નિકૃષ્ટ જીવથી માંડીને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ જીવ મનુષ્યમાં—અને તેમાંયે જીવનમુક્ત અને અવતારી મનુષ્યમાં સંકુચિતભાવે પણ અવશ્ય રહેલ છે. એ પ્રકૃતિ શામાં રહેલ છે? એના જવાબમાં જો એમ કહીએ કે, ઇશ્વરની અંદર. તો ક્રમવિકાસવાદીઓ કહેવા લાગશે કે, તમારો એ ખ્યાલ ખોટો છે. કેમકે તમે કહો છો કે, ઇશ્વર ચૈતન્યમય છે, અને ચૈતન્યેજ સૃષ્ટિનું સર્જન કર્યું છે. પણ ચૈતન્ય કિંવા બુદ્ધિ તો ક્રમવિકાસમાં બહુ મોડેથી ખીલે છે એનાં આપણી પાસે પ્રમાણો છે. ચૈતન્ય અથવા બુદ્ધિ મનુષ્યો અને બીજાં ઉચ્ચતર પ્રાણીઓમાંજ દીઠામાં આવે છે. પણ તેનો ઉદય થતાં પહેલાં તો લક્ષાવધિ વર્ષોના વાયરા જગતપર વાઈ ગયા હોય છે. ક્રમવિકાસવાદીઓના આ વાંધામાં ઝાઝું દૈવત નથી, એમ આપણે હમણાંજ જોઈશું. આપણે પ્રાપ્ત કરેલો ઉત્પત્તિ અને લય વિષેનો આપણો સિદ્ધાંત લાગુ પાડી જોઇએ. આપણે જોયું છે કે, બીજમાંથી વૃક્ષની ઉત્પત્તિ થાય છે અને બીજમાં પાછું તે પરિણમે છે—અર્થાત્ વૃક્ષની આરંભિક અને અંતિમ દશા સમાન છે; તેમજ પૃથ્વીની ઉત્પત્તિ તેના સૂક્ષ્મકારણમાંથી થાય છે અને તે કારણમાંજ તેનો લય થાય છે. એ ઉપરથી આપણે સમજીએ છીએ કે, જો આપણને આરંભનો પત્તો મળે તો અંતનો પત્તો પણ મળી રહે છે, અને એથી ઉલટું જો અંતનો પત્તો મળે તો આરંભનો પત્તો પણ આપોઆપ મળી જાય છે. જો એમ છે તો પછી જીવાણુથી માંડીને તે સંપૂર્ણ મનુષ્ય સુધીની આખી જીવપરંપરાને—

ક્રમવિકાસવાદીઓના મત પ્રમાણેની પરંપરાને-લઈ વિચારી જોઈશું, તો તે આખીય પરંપરામાં એકજ જીવતત્ત્વ રહેલું છે, એમ માલમ પડે છે. એ પરંપરાના અંતમાં આપણને પૂર્ણમનુષ્ય મળી આવે છે, તેથી 'આરંભ તેવો અંત અને અંત તેવોજ આરંભ'-એ સિદ્ધાંત પ્રમાણે આરંભમાં પણ તે જીવાણુ પૂર્ણસ્વરૂપજ હોવું જોઇએ, એમ નિર્વિવાદ ઠરે છે. તેથી જીવાણુની અંદર શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રકારનું ચૈતન્ય યાને સર્વોચ્ચ બુદ્ધિ સંકુચિત ભાવે રહેલ હતી એમ સ્વીકારવુંજ પડશે. તે દસ્યાવસ્થા ન હોય તેથી શું થઈ ગયું? વસ્તુતઃ તો એ સંકુચિતભાવે રહેલી બુદ્ધિજ ધારેધારે ઉક-લવા ને ખીલવા માંડે છે, અને સંપૂર્ણ મનુષ્યમાં તે સંપૂર્ણરૂપમાં યાને સંપૂર્ણ ચૈતન્યમાં પ્રકાશે છે. આ વાત ગણિતશાસ્ત્રની મદદથી પણ સમજાવી શકાય તેમ છે. જો તમારો શક્તિસાતત્ય અથવા શક્તિસંચયનો કાયદો સાચો હોય, તો તો અવશ્ય સ્વી-કારવુંજ પડશે કે, કોઇ યંત્રમાં જ્યાંલગી આપણે અગાઉથી કોઇ શક્તિનો પ્રવેશ નથી કરાવતાં, ત્યાંલગી તે યંત્ર આપણને કંઇજ કામ આપતું નથી. એન્જીનની અંદર કોલસા અને પાણી અગર વ્યાસના રૂપમાં જેટલી શક્તિનો સંચય અગાઉથી આપણે કર્યો હોય છે, તેના પ્રમાણમાંજ-બરાબર તે શક્તિ જેટલુંજ-ઓછું નહિ કે વત્તું નહિ-કાર્ય આપણને એન્જીનદ્વારા પ્રાપ્ત થાય છે. અત્યારે હું જે કામ કરૂં છું તે હવા, ખોરાક અને બીજી આવ-શ્યક વસ્તુઓના રૂપમાં જે શક્તિ હું મારી અંદર દાખલ કરૂં છું તેનુંજ પરિણામ છે. ભેદ જણાય છે તે માત્ર રૂપાંતર યાને વ્યક્ત-દશાની બાબતમાં છે. આ વિશ્વ બ્રહ્માંડની અંદર એક કણભર જડ તત્ત્વનો કે એક ટકા જેટલી શક્તિનો પણ વધારો કે ઘટાડો કોઇ-થી કરી શકાય તેમ નથી. જો એમજ છે, તો પછી આ ચૈતન્ય અથવા બુદ્ધિનું આદિ અવસ્થામાં અસ્તિત્વજ ન હોય, તો પાછળથી એ તત્ત્વનો વધારો કોણ કરી શકે? જીવાણુમાં તે ચૈતન્ય પહેલેથી મોજુદ નહોતું એ દલીલ જો સ્વીકારવાની ખાતર સ્વીકારીએ, તો તો પછી એમજ માનવું પડે કે, તે વખત જતાં પાછળથી એકા-એક આવી દાખલ થયું; અને એનો અર્થ એ થયો કે, અસત્‌માંથી સત્‌નો અગર પુણ્યમાંથી પાપનો પ્રાદુર્ભાવ થયો-કે જે માન્યતા પ્રકૃતિ-ના અબાધિત નિયમથી ઉલટી હોઇ બિલકુલ બેહૂદી છે. માટે એ વાત તો નિર્વિવાદપણે સિદ્ધ થાય છે કે જે બીજા વિવિધ પદાર્થોમાં જોઇએ છીએ કે જ્યાંથી આરંભ તેમાંજ લય, તેમ પૂર્ણ માણસ, જીવનમુક્ત અગર દેવપુરુષ કે જે પ્રકૃતિના નિયમથી પર થયેલો હોઈ જન્મમરણની ઘટમાળ ઓળંગી ગયો છે તેની બાબતમાં પણ તેવુંજ હોવું જોઇએ-અર્થાત્ એ પૂર્ણ મનુષ્ય, જીવનમુક્તાત્મા

અગર દેવપુરુષ કે જેને ખ્રિસ્તી લોક 'ખ્રિસ્ત મનુષ્ય' બૌદ્ધો 'બુદ્ધ મનુષ્ય' અને અમારા યોગીઓ અવતાર અને 'જીવનમુક્ત' કહે છે તે પૂર્ણપુરુષ ક્રમવિકાસની સાંકળને એક છેડે અને બીજે છેડે જીવાણુના ગર્ભમાં સંકુચિત ભાવે છુપો રહેલો 'ખ્રિસ્ત મનુષ્ય' 'બુદ્ધ મનુષ્ય' કે 'જીવનમુક્ત' રહ્યો છે, એમ સ્વીકાર્યા વગર છૂટકોજ નથી.

હવે ત્યારે બ્રહ્માંડના સંબંધમાં શો સિદ્ધાંત પ્રાપ્ત થાય છે તે જોઇએ. આ બ્રહ્માંડ આગળ જગતનું છેવટનું પરિણામ શું? ચૈતન્ય ખરૂં કે નહિ? જગતની આખરે અવશેષતરીકે ચૈતન્યજ રહે છે, એ તો ગમે તે નામથી ઓળખાતી પૂર્ણાવસ્થાનો સ્વીકાર કર્યાથી આપોઆપ સિદ્ધ થઇ જાય છે. માટે ક્રમવિકાસવાદીઓ ચૈતન્યને અંતિમ અવસ્થાતરીકે સ્વીકારતા હોવાથી 'અંત'માંથી 'આરંભ' એ સિદ્ધાંત મુજબ સૃષ્ટિનો આરંભ ચૈતન્યમાંથીજ થાય છે, યાને બ્રહ્માંડનો સરજનહાર ચૈતન્ય કહેતાં ઇશ્વરજ છે, એ વાતનો સ્વીકાર તેમણે કરવોજ જોઇએ. જગતના સંબંધમાં મનુષ્યની સર્વોત્કૃષ્ટ ધારણા શી છે? તો કે ચૈતન્ય. એ ચૈતન્યના અંશે અંશ સુવ્યસ્થિત રીતે ગોઠવાઇને જે મનોહર ઘાટ ઉત્પન્ન થાય છે તેનું નામ જગત; માટે ચૈતન્યજ આ જગતનું કારણ છે. શરૂઆતમાં તે ચૈતન્ય સંકુચિત સ્વરૂપમાં હોય છે અને અંતિમ અવસ્થામાં તે ક્રમે ક્રમે વિકસિત થાય છે. તેથી જગતની અંદર જે ચૈતન્ય, બુદ્ધિ અગર જ્ઞાન દેખાય છે તે બધુંજ જગતના આદિકારણમાં સંકુચિત ભાવે-સૂક્ષ્મરૂપે-રહેલું હતું અને તે કારણમાંથી એ વિકસિત થઇ અત્યારે દેખા દે છે. એ આદિકારણ ચૈતન્ય, સૃષ્ટિસમસ્તનું આદિકારણ હોવાથી એ ચૈતન્ય સર્વવ્યાપી પણ કહેવાય; અને સર્વવ્યાપી ચૈતન્ય તેજ ઇશ્વર. એને એ નહિ તો બીજા ગમે તે નામથી ઓળખો, પણ એ તો નક્કીજ કે આરંભમાં એ વિશ્વવ્યાપી ચૈતન્ય મોજુદ હતું તે વખતે એ વિશ્વોત્પાદક ચૈતન્ય ક્રમવિકસિત અવસ્થામાં હતું, અને અત્યારે હવે તે ક્રમવિકસિત થતું આવ્યું છે. એજ વિશ્વવ્યાપી ચૈતન્ય માણસને ક્રમે ક્રમે વિકસિત દશા પ્રાપ્ત કરાવે છે અને તેની એ ક્રિયા પૂર્ણાવસ્થા અગર મુક્તાવસ્થા થતાં સુધી ચાલુ રહેશે. એ રીતે આખી સૃષ્ટિનો સંપૂર્ણ ક્રમવિકાસ સધાતાં તે પાછું પોતાના મૂળ સંકુચિત સ્વરૂપમાં પરિણત થશે. એટલા માટેજ અમારાં પેઠે તમારૂં બાઇબલ તેમજ બીજાં શાસ્ત્રો કહે છે કે "એનીજ અંદર આપણે જીવીએ છીએ, એનીજ અંદર હરીએ ફરીએ છીએ અને એનીજ અંદર આપણું અસ્તિત્વ ધરાવીએ છીએ." ઇશ્વરમાંથી આપણે નીકળ્યા છીએ અને ઇશ્વરમાંજ પાછા સમાઇશું, એમ જે બધાં શાસ્ત્રો કહે છે તેનું કારણ આજ છે. શાસ્ત્રીય પરિભાષાથી ભડકશો નહિ. જો શાસ્ત્રીય પરિભાષાથીજ

ભડકતા હશો, તો તો પછી તમે તત્ત્વજ્ઞ થવાને લાયકજ નથી.

સર્વવ્યાપી ચૈતન્યને ઠેકાણે ઇશ્વર પ્રભુ ઇત્યાદિ શબ્દનો પ્રયોગ કરવાના સંબંધમાં ઘણી વાર મને પૂછવામાં આવ્યું છે કે, તમે ઇશ્વર એ શબ્દનો પ્રયોગ કેમ કરો છો ? એનો જવાબ હું એટલોજ આપું છું કે, આ વિશ્વવ્યાપી ચૈતન્યને ઓળખાવવા જગતમાં જેટજેટલા શબ્દોના પ્રયોગો થયા છે, તે બધામાં એ સર્વોત્તમ છે; માટે એના કરતાં સરસ શબ્દ હવે ઢુંઢવા બેસતાં પણ હાથ લાગે તેમ નથી. કેમકે મનુષ્યની બધી આશાઓ ને મહત્ત્વાકાંક્ષાઓ તેમજ તેનું તમામ સુખ આ એક શબ્દમાંજ કેન્દ્રીભૂત થયેલું છે, તેથી હવે તો એ શબ્દ બદલવાનું શક્ય નથી. પ્રથમ તો આવા શબ્દો, એ શબ્દોની યથાર્થ કિંમત અને અર્થગાંભીર્ય સમજનારા સંતપુરુષો અગર મહાત્મા પુરુષો ઉપજાવી કાઢે છે, અને એ દ્વારા પોતાને સ્ફૂરેલા ગુહ્ય ભાવો વ્યક્ત કરે છે. પણ તે પછી એ શબ્દો જનસમાજમાં પ્રચલિત થતાં અજ્ઞાન અને અબુધ માણસો પણ તેમનો વારંવાર ઉપયોગ કરે છે; અને તેને પરિણામે એ શબ્દમાં રહેલો મૂળ જુસ્સો, ભાવ અને ગૌરવ નષ્ટ થાય છે. આ ઇશ્વર શબ્દ સ્મરણશક્તિ કામ ન કરે એટલા જૂના કાળથી વપરાતો આવ્યો છે, અને વિશ્વચૈતન્યનો તેમજ મહત્તા અને પવિત્રતાનો સઘળોજ ખ્યાલ તેની સાથે અભેદરૂપે જોડાયલો છે. કેટલાક અબુધ લોકો કહે છે કે એ વાત બરાબર નથી; તેથી શું આપણે એ શબ્દને કાઢી નાખવો જોઇએ, એમ તમારૂં કહેવું છે ? જો એમ કરવા બેસીએ, તો એક જણ આવીને કહેશે કે "મારો શબ્દ લો", બીજો કહેશે "મારો" અને ત્રીજો કહેશે 'મારો"—એમ 'મારો મારો'નો તો અંતજ નહિ આવે. અને પારવિનાના મૂર્ખાઇભર્યા શબ્દો આવ્યાજ જશે. માટે આ જૂનો શબ્દજ વાપર્યે રાખો, પણ તે તેના અસલ ભાવમાંજ વપરાય તેની કાળજી જરૂર રાખજો. એ શબ્દની આસપાસ બાઝેલાં વિવિધ વહેમોરૂપી જાળાંને સાફ કરી નાખજો એટલે આ પ્રાચીન મહાન શબ્દમાં કેટલું પાણી રહ્યું છે તેનો તમને સંપૂર્ણ અનુભવ થશે. ભાવસાહચર્યના નિયમોની શક્તિનો જો તમને યથાર્થ ખ્યાલ હશે, તો તમે તરતજ સમજી જશો કે આવી જાતના શબ્દોમાં એ નિયમાનુસાર બીજા કેટલાયે ભવ્ય અને ઓજસ્વી ભાવો સામેલ હોય છે. લક્ષાવધિ મનુષ્યો એ શબ્દોની પૂજા કરતાં આવ્યાં છે, અને પ્રકૃતિમાં જે કંઇ સર્વોત્તમ અને શ્રેષ્ઠ હોય, જે કંઈ યુક્તિયુક્ત અને પ્રેમાસ્પદ હોય અને મનુષ્યના સ્વભાવમાં જે જે કંઇ મહાન અને ગૌરવશાળી ભાવો હોય, તે બધાનો સંયોગ એ શબ્દોમાં તેમને હાથે થતો રહ્યો છે; અને સાહચર્યના નિયમાનુસાર આવેલા આ સકળ ભાવોના ઉત્પાદક આ અસલ શબ્દોનો

ત્યાગ કરી શકાય તેમ નથી. મેં તમોને જો એટલુંજ કહીને આ બધું સમજાવવાનો પ્રયત્ન કર્યો હોત કે, સૃષ્ટિનો સરજનહાર ઈશ્વરજ છે. તો એટલાથી તમને કંઇ પણ ન સમજાત; અને આ બધી માથાકૂટને અંતે આપણે બ્રહ્માંડના ઉત્પાદક એ પુરાણ પુરુષોત્તમની પાસે આવી રહ્યાં છીએ.

ત્યારે હવે તો આપણે જોઇએ છીએ કે જડ, વિચારશકિત, ચૈતન્ય, વગેરે જગતની વિવિધ શકિતઓ એ વિશ્વવ્યાપી ચૈતન્યની અથવા હવેથી આપણે જેને 'ઈશ્વર' અગર 'પ્રભુ' કહીશું તે પ્રભુની પરમશકિતનોજ આવિર્ભાવમાત્ર છે. આપણે જોઈ, કલ્પી કે સાંભળી શકીએ તે પ્રત્યેક વસ્તુ-યાને સમસ્ત સ્થૂલ સૃષ્ટિ **એ**નીજ બનાવેલી છે. બીજા શબ્દોમાં કહીએ, તો તે તેનામાંથી નીકળી છે અને એથી પણ સ્પષ્ટ રીતે કહીએ તો **તે** સ્વયં પ્રભુજ છે. સુર્ય અને તારારૂપે **એ**જ પ્રકાશમાન છે; **એ**જ આ પૃથ્વી માતા છે; અને **એ**જ સ્વયં મહાસાગર છે. **એ**જ મૃદુ વૃષ્ટિરૂપે વરસે છે; **એ**જ આ મંદ અને સુખકર પવનલહરીઓતરીકે વાય છે; **એ**જ આપણા શ્વાસમાં જતી હવા છે અને **એ**જ સ્વયં શરીરની અંદર શકિતરૂપે કામ કરી રહેલ છે. આ વ્યાખ્યાન, વક્તા અને શ્રોતા, જે મંચકપર હું ઉભો છું તે મંચક અને જેના પ્રકાશે હું તમારા ચહેરા જોઈ શકું છું તે આ દીવો-એ સઘળું પ્રભુ પોતેજ છે. આ વિશ્વની રચનામાં વપરાયેલી વસ્તુ અને તેનું નિમિત્ત પણ એજ છે. પરમાણુમાં સૂક્ષ્મરૂપે સંકુચિત થઇ જનારો પણ એજ છે અને તે પરમાણુમાંથી પૂર્ણાવસ્થામાં વિકસિત થનારો ઈશ્વર પણ **એ**જ છે. એ પોતેજ નીચે ઉતરતો ઉતરતો પરમાણુભાવમાં સૂક્ષ્મરૂપે થાય છે, અને એજ ક્રમેક્રમે ઉંચે ચઢીને-ઉન્નત થઇને યાને ક્રમવિકાસ પામીને પોતાનો સ્વભાવ વ્યકત કરતો થકો પોતાના અસલ સ્વરૂપમાં લીન થઈ જાય છે. જગતનું રહસ્ય આ છેઃ-હે પ્રભો ! પુરુષ એ **તું** છે, સ્ત્રી પણ તું છે, જુવાનીના છાકમાં ચાલતો સશક્ત માણુસ પણ **તું** છે અને વૃદ્ધાવસ્થામાં લાકડીને ટેકે ચાલનાર અશક્ત માણુસ પણ તુંજ છે. હે પ્રભો ! તું સર્વવ્યાપી છે અને સર્વ કંઈ છે. માણુસની બુદ્ધિને સંતોષી શકે એવો કોઇ પણ ખુલાસો હોય, તો તે માત્ર આજ છે. ટુંકામાં કહીએ તો આપણે **એ**માંથી આવ્યા છીએ, **એ**માંજ જીવીએ છીએ અને પાછા **એ**માંજ સમાઇએ છીએ.

११–ब्रह्मांड–सूक्ष्मसृष्टि*

મનુષ્યનું મન સ્વાભાવિક રીતેજ બહાર આવવા ચાહે છે, જાણે ઇંદ્રિયો વાટે શરીરની બહાર ડોકીઉં કરવા માગતું ન હોય! આંખોને કંઇ જોવાનું મળવું જોઇએ, કાનને કંઇ સાંભળવાનું મળવું જોઇએ; અને એ રીતે સર્વ ઇંદ્રિયો કંઇ ને કંઇ બાહ્યજગતનો અનુભવ કરતી હોય છે. એમાં પ્રકૃતિનું સૌંદર્ય અને તેની પ્રૌઢતા સ્વાભાવિક રીતેજ મનુષ્યના મનનું સૌથી પ્રથમ આકર્ષણ કરે છે. તેથી માનવી મનમાં સૌથી પહેલાં જે પ્રશ્નો ઉદ્ભવ્યા તે બાહ્યજગત વિષેજ હતા. આકાશ, સૂર્યચંદ્રાદિ નક્ષત્રગણ, પૃથ્વી, નદી, પર્વત, સમુદ્ર ઇત્યાદિના રહસ્યસંબંધમાં પ્રથમ પ્રશ્નો પૂછવામાં આવ્યા, અને તેના જવાબમાં અજ્ઞાનરૂપી અંધારામાં અટવાતા માનવી મને પ્રથમ તો બાહ્યજગતની વસ્તુઓનોજ આધાર લીધો. એટલે કે નદીની દેવી, આકાશની દેવી, મેઘની દેવી, વૃષ્ટિની દેવી એમ એક એક બાહ્ય-વસ્તુઓની ભિન્ન ભિન્ન અધિષ્ઠાત્રી શક્તિઓની કલ્પના તેમણે પ્રથમ કરી. અર્થાત્ અત્યારે જેને આપણે પ્રકૃતિની શક્તિઓ કહી પિછાનીએ છીએ, તે બાહ્ય વસ્તુઓમાં સચેતનતાનું આરોપણ થઇ સચેતન દેવીઓતરીકે પૂજાવા માંડી. આગળ ચાલતાં વળી સ્વર્ગની કલ્પના અસ્તિત્વમાં આવે છે, ને આ બધાં દેવદેવીઓ સ્વર્ગમાં રહેતી સ્વતંત્ર વ્યક્તિઓ લેખાવા માંડે છે. પણ એ પ્રશ્નમાં વધારે ને વધારે ઊંડા ઉતરતાં આ બાહ્ય દેવતાઓના ભાવથી મનુષ્યમનને પૂરો સંતોષ ન લાગવા માંડ્યો. પરિણામે મનુષ્યની વિચારશક્તિ આંતરપ્રદેશ તરફ વળી અને બાહ્ય વસ્તુઓને બદલે પોતાના આત્માવિષે પ્રશ્ન પૂછાવા લાગ્યો–અર્થાત્ પ્રશ્નનો પ્રવાહ હવે બાહ્યજગતપરથી નીકળીને આંતરજગત તરફ વળ્યો. તેથી બાહ્યજગતનું પૃથક્કરણ કરવાનું છોડીને માણસ હવે આંતરજગતનું પૃથક્કરણ કરવા માંડે છે. હવે પ્રશ્ન ઉઠે છે તે આંતર પુરુષને લગતો હોઇ તે માનવજાતિની સ્થૂળ જગતમાં પ્રગતિ સૂચવનારો છે.

આજના વ્યાખ્યાનનો વિષય ત્યારે, આંતરમાનવ કિંવા આંતરજગત અથવા સૂક્ષ્મ સૃષ્ટિ છે. એ પ્રશ્ન મનુષ્યને એટલો બધો

*ન્યુયૉર્ક-તા. ૨૬ જાન્યુઆરી ૧૮૯૬

પ્રિય છે અને એટલો બધો તેના હૃદયની નજીકનો છે કે તેના જેવો પ્રિય અને નિકટનો બીજો એકે પ્રશ્ન નહિ હોય. કેટકેટલા દેશોમાં કંઇ લાખોવાર આ પ્રશ્નની જિજ્ઞાસા થઇ હશે! સંસારત્યાગી, સંન્યાસી અને મહેલવાસી રાજાઓ, ગાદીતકીએ આળોટતા ધનાઢ્યો અને પેટ માટે મહાવૈતરૂં કરતા ગરીબો, સંતસાધુઓ અને દુરાચારી પાપીઓ, પુરુષો અને સ્ત્રીઓ–બધાય તરફથી આ પ્રશ્ન વખતોવખત પૂછાતો રહ્યો છે; અને તે એ કે "આ ક્ષણભંગુર માનવજીવનમાં નિત્યસનાતન–અનાદિ અનંત હોય એવી એક પણ વસ્તુ નથી શું? આ શરીર છૂટયા પછી પણ જેનો વિનાશ થતો ન હોય એવી એક પણ ચીજ નથી શું? આ માયાપિંજર માટીમાં મળી ગયા પછી પણ જીવતો હોય એવો કોઇ પદાર્થ નથી શું? અગ્નિ દેહપિંજરને બાળીને ભસ્મ કરી નાખે તે બાદ કોઇ વસ્તુ બાકી નથી રહેવા પામતી? અને જો કંઇ પણ બાકી રહેતું હોય, તો દેહના વિલય પછી તેનું શું થાય છે? તે વસ્તુ ક્યાં જાય છે અને ક્યાંથી આવેલી?" આવી પ્રશ્નપરંપરા ફરી ફરીને પૂછાતી રહી છે, અને સૃષ્ટિ ચાલે છે તથા માનવી ભેજાં જ્યાંલગી સાબુત છે ને કામ કરે છે, ત્યાંલગી તે પૂછાયા પણ કરવાના. આથી એમ નથી સમજી લેવાનું કે, એ પ્રશ્નોના ઉત્તર અત્યારસુધીમાં કોઇએ આપવાનો પ્રયત્ન નથી કર્યો. ખરી રીતે તો પ્રત્યેક વખતે–પ્રત્યેક જમાનામાં તેનો બનતો ઉત્તર આપવામાં આવે છે; અને જેમ જેમ વખત જાય છે, તેમ તેમ જવાબ વધારે ને વધારે સબળ અથવા સચોટ બનતો જાય છે ખરૂં પૂછો તો કંઇ હજારો વર્ષ પહેલાં આ પ્રશ્નનું એકવાર નિવારણ થઇ ગયેલું છે, અને તેનું તેજ નિવારણ યાને તેનો તેજ જવાબ જૂદા જૂદા જમાનાને અને દેશને અનુસરતી રીતે, જૂદે જૂદે વખતે અપાતો રહ્યા છે. આપણી બુદ્ધિમાં વધારે ઉતરે તેવા નવા નવા દાખલાદૃષ્ટાંતો સાથે એનો એજ–હજારો વર્ષપર પ્રાપ્ત થયેલો–જવાબ ફરી ને ફરી અપાતો રહ્યો છે, તેથી અત્યારે હું પણ તમારી આગળ જે સમજાવીશ તે પણ એ પ્રાચીન જવાબની પુનરાવૃત્તિરૂપજ હશે આ સર્વવ્યાપી પ્રશ્નોપર નવું અજવાળું નાખવાનો દંભ મારે નથી કરવો. હું તો માત્ર અમારા પ્રાચીન પૂર્વજોએ શોધી કાઢેલું સત્ય નવા લેબાશમાં આધુનિક મનુષ્ય સમજી શકે તેવી લોકોની પોતાનીજ ભાષામાં, તત્ત્વજ્ઞોની પરિભાષામાં નહિ પણ લોકોની નિત્યની વ્યાવહારિક ભાષામાં મૂકવાનો પ્રયત્ન કરીશ એટલુંજ. દેવપુરુષોના ઈશ્વર અને બ્રહ્મસંબંધના ગંભીર ને ઉચ્ચ વિચારો સાધારણ માણસો સમજી શકે તેવી તેમની સામાન્ય ભાષામાં હું દર્શાવીશ અને મારી ખાત્રી છે કે એ દિવ્ય વિચારો માણસોથી સમજી શકાશે. કારણ કે જે દિવ્ય તત્ત્વમાંથી એ ઉચ્ચ ખ્યાલો નીપજ્યા હતા તે દિવ્ય તત્ત્વ બધાજ માણસોમાં મોજુદ છે.

હવે, હું મૂળ વિષયપર આવું છું. જુઓ, હું તમારી તરફ ભાળું છું. એ જોવાની ક્રિયા માટે કયી કયી વસ્તુઓની જરૂર પડે છે? સૌથી પ્રથમ જરૂર નેત્રોની પડે છે. કારણ કે હું બીજી બધી વાતે સાજો સમો ને પૂરો હોઉં છતાં નેત્રો કે આંખો ન ધરાવતો હોઉં તો મારાથી તમને દેખી શકાય નહિ. બીજી જરૂરી વસ્તુ છે તે દર્શનશક્તિ આપનારી દર્શનેંદ્રિય છે. કેમકે નેત્રો એ કંઇ દર્શનેંદ્રિય નથી પણ સાધનમાત્ર છે; તેમની પાછળ ખરી દર્શનેંદ્રિય મગજની અંદર એક સ્નાયુકેંદ્ર-રૂપે રહેલી છે. એ કેંદ્રને અથવા એ જ્ઞાનતંતુને કંઈ ઇજા પહોંચેલી હોય તો માણસને ખાસી કાચ જેવી સાફ આંખો કાં ન હોય? પણ તેનાથી કોઇ પણ વસ્તુ જોવાનું બની આવતું નથી તેથી આ સ્નાયુકેંદ્ર અથવા જોવાની ખરી ઇંદ્રિય હોવાની આવશ્યકતા છે. બહાર દેખાતી આપણી બધીજ ઇંદ્રિયો-કાન, નાક, જીભ અને ચામડીના સંબંધમાં આવોજ પ્રકાર સમજી લેવાનો છે. સ્થૂળ કાન એ તો માત્ર અંદર રહેલા સ્નાયુતંતુ આગળ અવાજનાં મોજાં હાજર કરનાર સાધન કિંવા પહેરેગીરમાત્ર છે; પણ સાધન અને પ્રકૃત ઇંદ્રિય કહેતાં સ્નાયુ-કેંદ્ર બરાબર સ્થિતિમાં હોય એટલેથી બસ થતું નથી. બીજી પણ એક વસ્તુની અવશ્યકતા રહે છે. ધારો કે, તમારા પુસ્તકાલયમાં કે અભ્યાસગૃહમાં તમે કોઇ પુસ્તકના અભ્યાસમાં તલ્લીન થઇ ગયા છો, તે વખતે ઘડિયાળના ટકોરા થાય છે; છતાં તે તમને નથી સંભળાતા. આવી જાતનો અનુભવ તો ઘણાયને કોક ને કોક વાર થયો હશે. આનું કારણ શું? ટકોરાનો અવાજ થયો એ તો ચોક્કસ; હવામાં તે અવાજનાં આંદોલનો અથવા મોજાં પસર્યાં એ પણ સત્ય; કાન વાટે એ મોજાં સ્નાયુતંતુને પહોંચ્યાં એમાં પણ શક નહિ; છતાં તમને સાંભળવાનું ભાન ન થયું એનું શું કારણ? કયી વસ્તુની ઊણપ રહી વારૂ? તો કે તમારૂં મન નવરૂં નહોતું, બીજે રોકાયલું હતું. આ ઉપરથી આપણને માલમ પડી આવે છે કે, ઇંદ્રિયોની ક્રિયા કરવામાં ત્રીજી વસ્તુતરીકે મનની પણ ખાસ આવશ્યકતા છે. સૌથી પહેલાં સ્થૂળ સાધનો; પછી તે સાધનો જે શક્તિથી અંતર્ગત સ્નાયુકેંદ્ર તરફ લાગણીનો સંદેશો લઈ જાય છે તે શક્તિ; અને છેલ્લે પ્રકૃત ઇંદ્રિય પોતે મનની સાથે જોડાયલી હોવી જોઇએ. મન અને સ્નાયુકેંદ્રના તાર જો જોડાયલાં નથી હોતાં, તો સ્નાયુકેંદ્ર તથા સ્થૂળસાધન (આ ઠેકાણે કાન) પર થતી ક્રિયાની છાપ અવશ્ય પડે છે; છતાં આપણને સાંભળવાનું ભાન નથી થતું. કેમકે મનસાથે કર્ણેંદ્રિયનો તાર જોડાયલો નહિ હોવાથી મનને તે સંદેશો મળતો નથી. હવે મનને સંદેશો પહોંચે એટલેથી પણ કામ સરી જતું નથી. મન પણ માત્ર વાહકતરીકેનું કામ કરે છે. મનને પણ લાગણીનો સંદેશો આગળ વહી જઇને બુદ્ધિને પહોં-

ચાડવાનો હોય છે. બુદ્ધિ એ નિર્ણયાત્મક શકિત હોઇ કયી અને કેવી જાતની લાગણી આવી તેનો નિર્ણય કરે છે. પણ આટલેથી હજી વાત પૂરી થતી નથી. બુદ્ધિને પોતાનો નિર્ણય આગળ લઇ જઇ શરીરના અધિષ્ઠાતા તંત્રી,આંતરજગતની ગાદીએ બિરાજતા આત્માની હજુરમાં પહોંચાડવો પડે છે. જે તે નિર્ણયને મહારાજા આત્મારામની હજુરમાં બુદ્ધિમંત્રી સાદર રજુ કરે છે, એટલે મહારાજા પોતે શું કરવું ને શું ન કરવું તે બાબતમાં તે હુકમો છોડે છે; અને તે હુકમો પાછા પૂર્વવત્ ક્રમે ઉતરતા ઉતરતા બુદ્ધિ, મન, ઇંદ્રિયો અને સાધનોને પહોંચે છે, અને સાધનો તે હુકમોને અમલમાં મૂકે છે. જોવાની ક્રિયા આખી આ રીતે પૂરી થાય છે.

સાધનો અથવા કરણોનું સ્થાન મનુષ્યના સ્થૂળશરીરમાં છે; પણ મન અને બુદ્ધિના સંબંધમાં તેમ નથી. તેમનું સ્થાન અમારા હિંદુ લોકોની દાર્શનિક પરિભાષામાં કહીએ તો 'સૂક્ષ્મ અથવા લિંગદેહ'માં, અને તમારી ખ્રિસ્તી ધર્મની પરિભાષામાં જેને 'અધ્યાત્મ દેહ' કહે છે, તેમાં આવેલું છે. આ સૂક્ષ્મ અથવા લિંગદેહ સ્થૂળદેહ કરતાં બહુજ સૂક્ષ્મ હોય છે, છતાં પણ તે આત્મા તો નથીજ. આત્મા તો તે બધાથી પર છે. સ્થૂળદેહ થોડાંક વર્ષો રહીને નાશ પામે છે, નજીવું કારણ પણ તેને હરકત પહોંચાડી નષ્ટ કરી શકે. સૂક્ષ્મ શરીર અથવા લિંગદેહ આમ સહેલાઇથી નાશ પામે તેવો નથી; તથાપિ કોઈ વાર તે અવનત થઇ દુર્બળ બને છે અને કોઇક વાર સશક્ત અને સબળ બને છે. ઘરડા માણસના મનની શકિત કેવી ઘટી જાય છે, શરીર સશક્ત અને મસ્ત હોતાં મન પણ કેવું સશકત અને મસ્ત હોય છે, વિવિધ ઓસડો અને અર્કો તેમજ બીજી બહારની વસ્તુઓની શરીર પર કેવી સારી માઠી અસરો થાય છે અને બાહ્યજગત પર તેની કેવી પ્રતિક્રિયા થાય છે, એ તો આપણે બધાંના અનુભવની રોજની વાતો છે. શરીરની બાબતમાં જેમ ઉન્નતિ અવનતિ છે, તેમ મનની બાબતમાં પણ ઉન્નતિ અવનતિ રહેલી છે; અને તેથીજ મન એ આત્મા નથી એમ ઉપર કહેવામાં આવ્યું છે. કેમકે આત્માને કોઈ જાતનો હરકત હેલો કદાપિ પહોંચતો નથી યાને આત્માની અવનતિ કદાપિ થતી નથી. આ ઠેકાણે કોઇ પૂછશે કે, આ વાત આપણે શી રીતે જાણીએ? આ મનની પૂંઠળ કંઇ રહેલું છે એમ આપણે શા ઉપરથી જાણવું? તો કે, જ્ઞાન જે સ્વયંપ્રકાશી અને બુદ્ધિના પાયારૂપ છે તે સંજ્ઞારહિત અને મૃત આધિભૌતિક દ્રવ્ય યાને જડ તત્ત્વની માલકીનું કદાપિ હોતું નથી તે ઉપરથી. એવી જડ વસ્તુ કોઇને કદાપિ જડવાની નથી, કે જેમાં જ્ઞાન તેના પોતાના ધર્મ-તરીકે રહ્યું હોય. કોઇ પણ જડ પદાર્થ સ્વયં પ્રકાશી શકતો નથી.

જ્ઞાનજ બધી જડ વસ્તુઓને પ્રકાશમાન કરે છે. આ દિવાનખાનું અત્યારે અહીં મોજુદ છે તે જ્ઞાનના પ્રતાપેજ; કારણ કે કોઇ જ્ઞાને તેનું નિર્માણ કર્યું ન હોત, તો દિવાનખાનાતરીકે તેનું અસ્તિત્વ કેવળ અજ્ઞાતજ હોત. તે મુજબ આ શરીર પણ સ્વયંપ્રકાશી નથી; કેમકે જો તે સ્વયંપ્રકાશી હોત તો મૃતશરીર પણ પ્રકાશમાન યાને ચેતનયુક્ત હોત. તેજ પ્રમાણે મન અને આધ્યાત્મિક કિંવા સૂક્ષ્મ શરીર પણ સ્વયંપ્રકાશી નથી. કારણ કે તેઓ જ્ઞાનતત્ત્વનાં બનેલાં નથી. સ્વયંપ્રકાશી વસ્તુ કદાપિ કરમાતી કે ક્ષીણ થતી નથી. પરપ્રકાશથી પ્રકાશતી વસ્તુની તેજસ્વિતા સ્થિર નથી હોતી, પણ આવનારી-જનારી છે. પરંતુ જે પદાર્થ પોતે પ્રકાશ-સ્વરૂપ છે તેને આવવા-જવાનું યાને તેનાં હ્રાસ-વૃદ્ધિ કોનાથી થઇ શકે તેમ છે? આપણે જોઇએ છીએ કે, ચંદ્રમા નિરંતર ક્ષય-વૃદ્ધિને આધીન છે. એનું કારણ એટલુંજ છે કે, ચંદ્રમા પોતે સ્વયંપ્રકાશી ન હોઇ તે સૂર્યના તેજથી પ્રકાશે છે. એક લોઢાના ટુકડાને દેવતામાં તપાવીને લાલચોળ કરવામાં આવે, તો તે ચળકે છે અને પ્રકાશે છે; કેમકે તે પ્રકાશ લોખંડનો પોતાનો ન હોઇ અગ્નિ પાસેથી ઉછીનો લીધેલો હતો. આ ઉપરથી સમજી શકાશે કે, જે પ્રકાશ બીજાનો હોય છે, સ્વયં પોતાનો નથી હોતો, તેજ પ્રકાશ-ના સંબંધમાં ક્ષયની સંભાવના છે.

હવે એ તો આપણે જોઇ લીધું કે, શરીરના આ બાહ્ય ઘાટને સ્વયં પોતાનો પ્રકાશ નથી, તેથી કરીને શરીર એ સ્વયંપ્રકાશ ન હોઇ. પોતાની જાતનું જ્ઞાન તેને ન હોઇ શકે, તેમ મનને પણ એ જ્ઞાન ન હોય. કેમ? તો કે, મનનો વિકાસ-હ્રાસ અથવા અભિ-વૃદ્ધિ ને ક્ષય થતો જોવામાં આવે છે; તે કોઇ વાર બહુ તેજ અને ઉલ્લાસયુક્ત હોય છે; અને કોઇ વાર તે ઢીલું અને પોચું પડેલું લાગે છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો ગમે તે વસ્તુની અસર મનપર પહોંચી શકે છે, માટે મનદ્વારા પ્રકાશતું તેજ તેનું પોતાનું નથી. ત્યારે તે કોનું છે? એમ કોઇ પૂછશે તેના ખુલાસામાં એટલુંજ કહેવાનું કે, એ પ્રકાશ જેનો પોતાનો ગુણ અગર ધર્મ હોઇને ક્ષીણ કે નાશ થનારો નથી એવા સ્વયંપ્રકાશી પદાર્થની કિંવા સ્વયંપ્રકાશ તત્ત્વની માલીકીનું છે. આત્માને કંઇ જાણવાપણું નથી, કેમકે તે પોતેજ જ્ઞાન અથવા **ચિત્**સ્વરૂપ છે; આત્માને કંઇ અસ્તિત્વ હોવાપણું નથી હોતું, કેમકે તે પોતેજ અસ્તિત્વ યાને **સત્** સ્વરૂપ છે; આત્માને કંઇ સુખ કે આનંદ હોવાપણું પણ નથી હોતું; કેમકે તે સ્વયં સુખ અથવા **આનંદ**સ્વરૂપ છે. આત્મા પોતેજ **સચ્ચિદાનંદ**સ્વરૂપ છે. જે સુખી અથવા આનંદી છે, તેણે પોતાનું સુખ કે આનંદ ક્યાંકથી ઉછીનો લીધો હોય છે. જેને જ્ઞાન

છે, તેણે પોતાનું તે જ્ઞાન કોઇ ઠેકાણેથી ઉછીનું લીધેલું છે; અને જેને અસ્તિત્વ છે તેણે પોતાનું અસ્તિત્વ કોઈની પાસેથી ઉછીનું મેળવ્યું હોય છે-અર્થાત્ જ્યાં આગળ ગુણ અને ગુણી વચ્ચે ભેદ જણાતો હોય ત્યાં સમજી જવું કે એ ગુણો ગુણીના પોતાના ન હોઈ તેનામાં તે ક્યાંકથી પ્રતિબિંબિત થયેલા છે. પરંતુ આત્માના સંબંધમાં તો જ્ઞાન, અસ્તિત્વ અને આનંદ એ એના ગુણો નથી પણ એનું સ્વરૂપ છે. આત્મા પોતેજ સચ્ચિદાનંદરૂપ છે.

આ ઠેકાણે વળી કોઈ એવો પ્રશ્ન કરશે કે "તમારૂં કહેવું સાચુંજ છે, એમ અમે શા ઉપરથી માની લઇએ? અસ્તિત્વ, જ્ઞાન અને આનંદ, એ આત્માનાં સ્વરૂપ છે અને તેના ગુણો નથી એવો અમારો વિશ્વાસ કેમ કરી બંધાય?" વળી કોઈ એમ પણ તકરાર ઉઠાવે કે, આત્માની તેજસ્વિતા, આત્માનું જ્ઞાન અને આત્માનો આનંદ એ પણ શરીરનો પ્રકાશ જેમ મનના પ્રકાશપર આધાર રાખે છે, તેમ બીજા કશાના ઉપર આધાર રાખનારાં કેમ ન હોય? આ જાતનું વલણ આપણી દલીલને આપવામાં આવે, તો તો તેનો પારજ નહિ આવે. જિજ્ઞાસુના પ્રશ્નના જવાબમાં હું સામો પ્રશ્ન પૂછું કે "ત્યારે કોનાપર તે આધાર રાખે છે?" જવાબમાં તે કહે કે "અમુક અમુક ઉપર." ફરી પાછો હું પૂછું કે 'તે અમુક કોનાપર આધાર રાખે છે?" તો કહેશે કે "અમુક અમુક ઉપર." એ રીતે "અમુક અમુક"નો પારજ નહિ આવવાનો. એ તો પેલી 'ફિર. ફુર'ના જેવી વાત થઈ કહેવાય. તકરારનો જો અંત લાવવોજ હોય, તો તો આપણને એવી એક વસ્તુ આગળ અટકી જવું પડશે કે જે વસ્તુ પોતે સ્વયંપ્રકાશી હોય. માટે વધારે ચુંથણાં ન ચુંથતાં, તર્કની દૃષ્ટિએ સારામાં સારી વાત તો એજ છે કે, જ્યાં આગળ આપણને સ્વયંપ્રકાશી તત્ત્વ મળી ગયું, ત્યાં આગળજ થંભી જવું અને વધુ પંચાત ન કરવી.

ત્યારે, અત્યારસુધીમાં આપણે જોઈ ગયા છીએ કે, મનુષ્ય પ્રાણીના અંદર ત્રણ વાનાંનો સમાવેશ થયેલો છે. એક તો આ શરીરરૂપી બાહ્ય આવરણ, બીજું મન બુદ્ધિ અને અહંકારનું બનેલું સૂક્ષ્મશરીર અને ત્રીજું તે બન્નેની પાછળ રહેલો પ્રકૃત પુરુષ યાને આત્મા. આપણે એ પણ જોઇ લીધું છે કે, શરીરના સઘળા ગુણો તેમજ તેની સર્વ શક્તિઓ શરીરનાં પોતાનાં ન હોઈ મનનાં પ્રતિબિંબમાત્ર છે; અને તેવીજ રીતે મનની સઘળી શક્તિઓ અને તેજસ્વિતા એ તેની પૂંઠળ રહેલા આત્માનાં પ્રતિબિંબ છે.

હવે વળી આત્માના સ્વરૂપ અથવા સ્વભાવસંબંધમાં નાના પ્રકારના પ્રશ્નો ઉઠે છે. આત્મા સ્વપ્રકાશી છે યાને સચ્ચિદાનંદજ આત્માનું સ્વરૂપ છે, એ યુક્તિપરથીજ જો આત્માનું અસ્તિત્વ

માની લેવામાં આવતું હોય, તો તો સ્વાભાવિક રીતેજ સિદ્ધ થઈ જાય છે કે. તે સરજાયલો ન હોઈ શકે. બીજા અસ્તિત્વથી સ્વતંત્ર એવું સ્વપ્રકાશી અસ્તિત્વ કશાના પરિણામ કે ફળરૂપ તો કદાપિ કહી નહિ શકાય. તેથી તે સનાતન ઠરે છે યાને એવો એક પણ કાળ નહિ હોય કે જયારે તેનું અસ્તિત્વ નહિ હોય. કારણ કે જો આત્માનુંજ અસ્તિત્વ ન હોય, તો પછી કાળ રહે કયાં ? કાળનું સ્થાન આત્મામાં છે, કેમકે જયારે આત્માનું પ્રતિબિંબ મન ઉપર પડે છે ત્યારે મન પ્રકાશિત થઈ વિચારવાનું કાર્ય કરે છે, અને જયારે મન વિચારતું થાય ત્યારથી કાળની ગણના થાય. તેથી જો આત્મા ન હોય, તો વિચાર પણ ન હોય; અને વિચાર ન હોય તો પછી કાળ કેવો ? તેથી કાળનું અસ્તિત્વજ આત્મા ઉપર અવલંબેલું છે. તો પછી આત્મા અમુક કાળમાં અસ્તિત્વમાં આવ્યો એમ કહી શકાયજ શી રીતે ? અર્થાત્ એ તો આપોઆપ ઠરી જાય છે કે, આત્માને જન્મ કે મરણ બેમાંથી એકે હોતું નથી. એ તો સઘળી પાયરીમાંથી જેમનો તેમજ પસાર થયે જાય છે, યાને નિકૃષ્ટમાંથી ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટમાંથી નિકૃષ્ટ ક્રમેક્રમે ને આસ્તે આસ્તે વ્યકત થતો રહે છે. મન વાટે તે પોતાનો પ્રભાવ શરીર ઉપર પાડે છે, અને શરીરવાટે તે બાહ્યજગતને ગ્રહણ કરી સમજે છે. આને માટે તે એક શરીર ધારણ કરે છે, તેનો ઉપયોગ કરે છે અને જયારે તે શરીર ક્ષીણ થઈ કામ આપતું અટકી જવા માંડે છે, ત્યારે તે બીજું શરીર ધારણ કરે છે; અને એ રીતે તે દેહરૂપી ઘર એક પછી એક બદલ્યા કરે છે.

અહીં એક રસિક પ્રશ્ન ઉભો થાય છે. એ પ્રશ્ન સામાન્યતઃ આત્માના પુનર્જન્મતરીકે ઓળખાય છે. આ પુનર્જન્મની વાત સાંભળતાંજ કેટલીક વાર લોકો ભડકે છે; અને લોકોના કુસંસ્કાર અને વહેમો એટલા બધા પ્રબળ હોય છે કે સારા વિચારશીલ લોકો પણ એમ માનવાનું કબૂલ કરે છે કે, આપણે શૂન્યમાંથી જન્મ્યાં છીએ. વળી મહાયુકિતપૂર્વક સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે કે આપણે જો કે શૂન્યમાંથી પેદા થયાં છીએ, પણ એક વાર પેદા થયા પછી સનાતન રહીએ છીએ અને અનંતકાળ હયાતિ ભોગવ્યાં કરીએ છીએ. હવે ખરી રીતે તો વાત એવી હોવી જોઈએ કે, જેઓ શૂન્યમાંથી આવ્યાં હોય, તેમને શૂન્યમાંજ પાછાં જવું પડે. તમે, હું કે અહીં બેઠેલ કોઇ પણ વ્યકિત શૂન્યમાંથી જન્મી નથી અને તેથી શૂન્યમાં પાછી જવાની નથી. આપણે સનાતન છીએ અને સનાતન રહીશું. સૂર્યની તળે કે સૂર્યની ઉપર એવી કોઇ પણ શકિત નથી કે જે મારા કે તમારા અસ્તિત્વને હતું ન હતું કરી નાખી આપણને શૂન્યમાં ધકેલી મૂકી શકે. હવે આ પુનર્જન્મના ખ્યાલથી

ભડકવાનું કંઈજ કારણ નથી, કેમકે એ ખ્યાલ મનુષ્યની નૈતિક ઉન્નતિનો ખાસ પોષક છે. વિચારશીલ મનુષ્યો આ બાબતમાં કોઈ પણ ન્યાયસંગત સિદ્ધાંતપર આવી શકે તેમ હોય, તો તે માત્ર આજ યાને પુનર્જન્મનોજ સિદ્ધાંત છે. જો તમે હવે પછી સનાતન અસ્તિત્વ ધરાવવાના હો, તો તો આપોઆપ ઠરી જાય છે કે, ભૂતકાળમાં પણ તમે સનાતન અથવા અનંત અસ્તિત્વ ધરાવતા હતા. ન્યાયની રીતે જોતાં તેથી ઉલટું સંભવી શકેજ નહિ. હવે આ સિદ્ધાંતની સામે જે કેટલાક વાંધાઓ ઉઠાવવામાં આવે છે તેમાંના કેટલાકનું નિરાકરણ કરવાનો હું પ્રયત્ન કરૂં છું. એ વાંધાઓ જોતાં તમારામાંના અનેક જણને લાગશે કે, એ કેવળ મૂર્ખાઈભરેલા છે, તથાપિ કેટલીક વાર મોટા મોટા વિચારશીલ માણસો પણ મૂર્ખાઈભર્યા સવાલો પૂછતા માલમ પડે છે. લોકોમાં કહેવત છે કે, 'એવો એક પણ અસંગત વિચાર નહિ હોય કે જેનું સમર્થન અને સંરક્ષણ કરનાર દાર્શનિકો ન મળી આવે'-એ વાત સાચી છે. જો આ વાંધાઓને નિરાકરણ કર્યા વગર હું જવા દઉં, તો સંભવ છે કે કોઈક વિચારવંતો વળી તે વાંધાઓના જોરપર કૂદી પડી ગાજવા નીકળી પડે, અને પુનર્જન્મના સિદ્ધાંતની વિરુદ્ધ લોકોનાં મન ભંભેરવા માંડે. એટલા માટે વાંધાઓ જો કે દમવગરના છે, છતાં હું તેના રદીઆ આપું છું. પહેલો વાંધો આ છે કે-'આત્મા સનાતન છે, તો પછી જન્મજન્માંતરની વાતો આપણને કેમ યાદ નથી ?" આના જવાબમાં હું સામો સવાલ કરીશ કે "આ જન્મનાજ આખા ભૂતકાળની બધી વાતો તમને યાદ છે ? બચપણમાં તમે શું શું કર્યું હતું તેની કેટલાં જણને સ્મૃતિ છે વારૂ ? છેક બચપણની વાતો કોઈનેજ યાદ હોતી નથી. હવે, જો સ્મૃતિ ઉપરજ અસ્તિત્વનો આધાર રહેતો હોય, તો તો તમારો આ વાંધો પોતેજ સાબીત કરી આપે છે કે, બચ્ચાતરીકે તમારૂં અસ્તિત્વજ નહોતું, કેમકે તમારૂં બચપણ તમને યાદ નથી. એટલા માટે આપણું અસ્તિત્વ આપણી સ્મૃતિ ઉપર આધાર રાખે છે એમ કહેવું કેવળ બેહૂદું છે, યાને પ્રલાપમાત્ર છે. આપણને પૂર્વજન્મની વાતો યાદ હોય, તોજ પૂર્વજન્મનું અસ્તિત્વ માની શકાય, નહિ તો નહિ, એમ કહેવાનો અર્થ શો ? પૂર્વજન્મની વાતો યાદ રહેવાનું પ્રયોજન પણ શું છે ? યાદ રાખવાનું કામ મગજનું છે. આપણું પૂર્વજન્મનું મગજ અત્યારે આપણી પાસે ક્યાં છે ? એ તો ક્યારનુંયે વિનાશ પામ્યું છે, અને તેને ઠેકાણે નવું મગજ રચાયું છે. ભૂત-જીવનમાં પ્રાપ્ત થયેલા સંસ્કારસમુદાયનું જે સમજણ અને આચાર-રૂપી ફળ, તે ફળ અત્યારના મગજને પ્રાપ્ત થયું છે; એ ફળની અને નહિ કે આખા સંસ્કારોની સાથે મન આ શરીરમાં આવ્યું છે.

અત્યારે હું જે રૂપમાં છું, તે મારા અનંત પૂર્વજન્મનાં કર્મફળનું પરિણામ સમજવાનું છે. બધાંય પૂર્વજન્મનાં કર્મફળનું પૂછડું પરાણે મને વળગેલું છે, અને એ ફળ ભોગવ્યેજ છૂટકો. સારરૂપ ફળ સાથે હોવા પછી બધો ભૂતકાળ યાદ હોવાની જરૂર પણ શી છે? પરંતુ આપણામાં કુસંસ્કારોનું જોર એટલું બધું છે કે જે લોકો આ પુનર્જન્મવાદનો અસ્વીકાર કરે છે, તેના તેજ લોકો એક કાળમાં આપણે વાંદરાં હતાં અને વાંદરાંમાંથી ક્રમવિકાસના નિયમ મુજબ માણસ થયાં છીએ, એ વાત તત્કાળ માની લે છે. પોતે વાંદરાં હતાં એ વાતની એમને કેમ સ્મૃતિ રહી નથી, તેની તપાસ કરવાનું કોઇનેજ સૂઝતું નથી. જ્યારે કહેવામાં આવે છે કે, પ્રાચીન કાળના અમુક ઋષિમુનિને કે મહાત્માને આ સત્યનો સાક્ષાત્કાર થયો હતો, ત્યારે લોકો એકદમ કહી નાખે છે કે, એ પ્રાચીન ઋષિ બેવકુફ હતો, એને એ વાતનો ભ્રમ થયો હશે; પણ એમને એમ કહેવામાં આવે કે ‘હકસલી અગર ટિન્ડોલ આમ આમ કહે છે’ તો તેના તે લોકો ચટ લઇને ‘જીહજીએ’ કરવા મંડી જાય છે અને કહેવા લાગે છે કે ‘હા, ભાઈ! ત્યારે તો સાચુંજ હશે.’ એમ કહીને એ વાતનો તરત સ્વીકાર પણ કરી લે છે—અર્થાત્ કે વર્તમાન વિજ્ઞાનયુગે પ્રાચીન વહેમો અને કુસંસ્કારોને ઠેકાણે અર્વાચીન વહેમો અને કુસંસ્કારો આણ્યા છે, અને પ્રાચીન ધાર્મિક ×પોપોને ઠેકાણે અર્વાચીન વૈજ્ઞાનિક પોપોની પ્રતિષ્ઠા કરાવી છે. આ ઉપરથી આપણને માલમ પડે છે કે, સ્મરણશક્તિના મુદ્દાપરનો વાંધો બિલકુલ દમ વગરનો છે. પુનર્જન્મના સિદ્ધાંતની સામે જો કોઇ પણ ગંભીર વાંધો હોય તો તે આ એકજ છે, અને તેની પોકળતા મેં ઉપર સાબીત કરી દેખાડી છે. પુનર્જન્મના સિદ્ધાંતમાટે પૂર્વજન્મની વાતો યાદ હોવીજ જોઇએ એવું જરૂરી નથી, એમ જો કે મેં સિદ્ધ કરી બતાવ્યું છે, તથાપિ એની સાથે હું તમને એમ પણ જણાવી શકું છું કે, એવા પણ કેટલાક દાખલા બને છે કે જેમાં પૂર્વજન્મની બધી સ્મૃતિઓ કાયમ હોય છે અને જે જન્મમાં આપણે મુક્તાવસ્થાને પ્રાપ્ત થનાર હોઇશું તે જન્મમાં આપણ પ્રત્યેકને પણ એવી યાદદાસ્ત હશે. ત્યારેજ—તેજ વખતે તમને વસ્તુતઃ માલમ પડશે કે, આ જગત કેવળ સ્વપ્ન છે; ત્યારેજ તમને પોતાના અંતરાત્મામાં સાક્ષાત્કાર કિંવા સ્વાનુભવ થશે કે, આ દુનિયા માત્ર રંગભૂમિ છે અને તમે એ રંગભૂમિપર જૂદા જૂદા પાઠ ભજવનારા નટો માત્ર છો; ત્યારેજ અનાસક્તિ અથવા વિરક્તિનો વિચાર મેઘગર્જનાસરખા બુલંદ અવાજે તમારી સમક્ષ ઉપસ્થિત થશે; ત્યારેજ તમારી સઘળી ભોગતૃષ્ણા અને જીંદગી તથા સંસારને વળગી

× ખ્રિસ્તી રોમન કેથોલિક પંથના સૌથી વડા ધર્મગુરુને પોપ કહે છે.

રહેવાની તમારી વૃત્તિ સદાને માટે લુપ્ત થશે; અને ત્યારેજ તમે દિવસના પ્રકાશની માફક સ્પષ્ટ જોઈ શકશો કે, કેટલી બધી વાર આ બધું તમારી બાબતમાં હયાતિમાં આવ્યું હતું, અને કેટલી અસંખ્ય વાર તમારે પિતા અને માતા, પુત્રો અને પુત્રીઓ, પતિઓ અને પત્નીઓ, સગાં અને મિત્રો તથા દોલત અને સત્તા હતાં. આ બધું કેટલીયે વાર આવ્યું ને ગયું; કેટલીયે વાર તમે આ સંસાર-તરંગની ઉંચામાં ઉંચી ટોચ ઉપર ઝુલતાં હતાં અને કેટલીયે વાર નિરાશાના છેક ઉંડા ખાડામાં દટાયાં હતાં; આ બધી વાત તમારી સ્મરણશક્તિ તમને મુક્તાવસ્થા પ્રાપ્ત થનારા જન્મમાં જ્યારે કહેશે, ત્યારેજ તમે સાચા ધીરવીરની માફક ખડા રહી સંસારના ક્રોધકટાક્ષની સામે હસશો; ત્યારેજ તમે નિડરપણે ઉભા રહીને કહેશો કે "ઓ મૃત્યુ! હું તારી લેશ પરવા કરતો નથી, તારામાં મને બીવડાવવાની તાકાતજ ક્યાં છે?" આ સ્થિતિ મોડી વહેલી બધાંનેજ પ્રાપ્ત થશે.

હવે કોઇ પૂછે કે, પુનર્જન્મના સિદ્ધાંત માટે કોઈ સયુક્તિક પ્રમાણો છે ખરાં? અત્યાર સુધી તો તમે તે સિદ્ધાંત વિરુદ્ધની શંકાઓના રદીઆ આપ્યા છે, અને સાબીત કરી દેખાડયું છે કે, એ સિદ્ધાંતનું ખંડન કરવા ઇચ્છનાર સામા પક્ષની દલીલો દમવગરની છે. પણ પુનર્જન્મનું પ્રતિપાદન કરનારાં પ્રત્યક્ષ પ્રમાણો કોઇ છે? આના જવાબમાં હું જણાવીશ કે "હા, છે; અને તે પણ અત્યંત પ્રબળ." મનુષ્ય મનુષ્ય વચ્ચે જ્ઞાન સંપાદન કરવાની શક્તિમાં જે વિશાળ અંતર રહેલું છે. તેનું કારણ પુનર્જન્મજ છે. પુનર્જન્મના સિદ્ધાંત વગર અન્ય કશાથી એ અંતરનું સમાધાન થઇ શકતું નથી--અર્થાત્ કે પુનર્જન્મવાદ વગર જ્ઞાનવિકાસનો ક્રમ અસંભવિત છે. પ્રથમ, આપણે જે પદ્ધતિએ જ્ઞાન સંપાદન કરાય છે તે પદ્ધતિનો વિચાર કરીએ. ધારો કે, હું એક ફળીઆમાં જાઉં છું અને ત્યાં એક કુતરૂં જોઉં છું. આ પ્રાણી કૂતરૂંજ છે એમ હું શાથી જાણી શકું છું? તો કે હું મારા મનની સલાહ લઉં છું; મારા મનની અંદર મારા બધાજ પૂર્વસંસ્કારો વર્ગ પ્રમાણે જૂદાં જૂદાં ખાનાં-ઓમાં ગોઠવાયલા હોય છે. મારી દૃષ્ટિપર કોઇ નવી છાપ પડતાંજ હું તે ગ્રહણ કરી મારા પૂર્વસંસ્કારોના વર્ગો સાથે મેળવી જોવા માંડું છું અને કોઇ પણ વર્ગની સાથે તેનો મેળ ખાતાંજ હું તે નવી છાપને તે વર્ગના ખાનામાં મૂકી દઉં છું ને સંતોષ પામું છું; તેથી મને મળેલું પ્રાણી કુતરૂંજ છે, એમ સમજી જવાનું કારણ એજ છે કે, મારા કેટલાક પૂર્વસંસ્કારોની સાથે તેનો સંપૂર્ણ મેળ ખાય છે. એકાદી નૂતન વસ્તુને તોલે આવે એવો કોઇ સંસ્કાર જ્યારે મનનાં ખાનાંઓમાં આપણને નથી જડતો, ત્યારે મનને

જે અસંતોષ થાય છે તે અસંતોષની સ્થિતિનેજ અજ્ઞાન કહે છે; પણ મનની અંદર તુલ્ય વસ્તુની પ્રાપ્તિ થતાં મનને જે સંતોષ થાય છે તેને જ્ઞાન કહેવામાં આવે છે. પહેલાં કોઈ એક ફળ વૃક્ષપરથી નીચે પડતું જોવામાં આવતું, ત્યારે તે કયા કારણથી પડે છે તે ન સમજાતાં માણસને અસંતોષ થતો હતો; પણ બધાંજ ફળોને એ પ્રમાણે પડતાં જોતાં જોતાં ક્રમે ક્રમે એ પતનનો વર્ગ પણ તેમના મનમાં બંધાઈ ગયો. અને પરિણામે પતનનું કારણ 'ગુરુત્વાકર્ષણ' છે એમ કહી ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ સ્થાપિત કર્યો. આ ઉપરથી ત્યારે આપણે જોઇએ છીએ કે, પૂર્વસંસ્કારના ભંડોળ વિના કોઇપણ નવીન અનુભવનું જ્ઞાન થવું અસંભવિત છે. કારણ કે એ નવા અનુભવને સરખાવી જોવાનું સાધન હાજર નથી. તેથી જેમ કેટલાક યૂરોપીયન તત્ત્વચિંતકો માને છે તેમ, બાળક અવતરતી વખતે કેવળ સંસ્કારશૂન્ય મગજ સાથે જો આવતું હોય, તો તો આખા જીવનમાં જ્ઞાનનો અલ્પાંશ પણ તેનાથી સંપાદન ન થઈ શકે. કેમકે એની પાસે પોતાને મળતા નવા અનુભવોને સરખાવી જોવાનાં સાધનરૂપ પૂર્વસંસ્કારોના ભંડોળની થાપણ નથી. પ્રત્યેક મનુષ્યમાં જ્ઞાનસંપાદનની શક્તિ એકસરખી ન હોઈ ઓછીવત્તી હોય છે, એ તો આપણા અનુભવની વાત છે; અને એજ વાત સિદ્ધ કરી આપે છે કે, પ્રત્યેક જણ પોતપોતાનું અલાયદું જ્ઞાન-ભંડોળ લઇને જન્મ્યો છે. જ્ઞાન એકજ રીતે સંપાદન થઈ શકે છે, અને તે અનુભવથી. અનુભવ સિવાય જાણવાનો યાને જ્ઞાન મેળવવાનો અન્ય કોઈ માર્ગજ નથી. આ જીંદગીમાં આપણને એક વાતનો અનુભવ ન થયો હોય, તો અન્ય જીંદગીઓમાં પણ તે અવશ્ય થયો હોવો જોઇએ. મૃત્યુનો ડર સર્વ પ્રાણીસૃષ્ટિમાં એકસરખો જોવામાં આવે છે તેનું કારણ શું? એજ કે, ભૂત જીંદગીઓનો અનુભવ. મરઘીનું બચ્ચું ઇંડામાંથી તુરતનું જન્મેલું હોય, પણ તેને ઝડપવા સમડી કે બાજ આવતો દેખાય કે તરતજ ચીચીઆરી પાડતું માતાની સોડમાં ભરાઈ જવાનો પ્રયત્ન કરતું જણાય છે. આ તરતના જન્મેલા બચ્ચાને કોણે શીખવાડયું કે પોતે સમડી કે બાજની ભક્ષ્ય વસ્તુ છે? આ સવાલનો એક પ્રાચીન ખુલાસો છે, પણ એને 'ખુલાસા' જેવું ભારેખમ નામ આપી શકાય કે કેમ એની મને શંકા છે. એ ખુલાસો એવો છે કે 'આંતર-પ્રેરણાથી અથવા સ્વાભાવિક સંસ્કારથી તેને એ વાતની ખબર પડી જાય છે.' પણ એ તરતના જન્મેલાને મરણની ભીતિ લાગી તે ક્યાંથી આવી? એવીજ રીતે બતકના ઇંડામાંથી બચ્ચું નીકળતાં બરાબર પાણીની સમીપ જઇ તેમાં ઝંપલાવે છે અને તરવા માંડે છે તેનું કેમ? આ પહેલાં તો તે કદાપિ તર્યું હોતું નથી કે અન્ય

કોઇને કદાપિ તરતાં દીઠાં હોતાં નથી. આના જવાબમાં પણ લોકો કહે છે કે–'એ તો એને એવી પ્રેરણા થાય છે.' ઠીક, 'આંતરપ્રેરણા' એ શબ્દ તો ખાસો મોટો ને લાંબો ચોડો છે, પણ એ શબ્દથી આપણા આ વિષયના જ્ઞાનમાં કંઇજ વધારો થતો નથી; એમાં તો આપણે જ્યાં છીએ ત્યાંના ત્યાંજ રહીએ છીએ. જુઓ, આ 'આંતર પ્રેરણા' એ શી વસ્તુ છે? તેની આપણે આલોચના કરીએ, એટલે એ વાતની તમને ખાત્રી થશે. આપણી પોતાની અંદર સેંકડો જાતની આંતરપ્રેરણા રહેલી જણાય છે. ધારો કે, એક જણ પિયાનો કે હાર્મોનિયમ વગાડવાનું શીખવા માંડે છે. એ શીખી જવા માટે પહેલાં તો એને વાજાના પ્રત્યેક પડદા લક્ષમાં રાખીને તેના ઉપર ધીમે ધીમે આંગળીઓ ફેરવવી પડે છે; પણ પછી થોડા મહિના કે વર્ષો રહીને આપણે જોઇશું, તો મહાવરો પડી જવાથી એની આંગળીઓ ચપચપ અંધારામાં પણ યોગ્ય પડદા-પરજ ફરતી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો વાજું વગાડવાની ક્રિયા એને હવે ઐચ્છિક વિષય મટી સ્વાભાવિક થઈ જાય છે. એક વખતે એજ ક્રિયા કરવા માટે એને જ્ઞાનયુક્ત ઇચ્છાનો પ્રયોગ કરવો પડતો હતો, પણ હવે ઇચ્છાના પ્રયત્નની જરૂરજ રહેતી નથી. વાજું વગાડવાનું જ્ઞાન એને સ્વાભાવિક બની ગયું હોય છે. પરંતુ હજી સ્વાભાવિક જ્ઞાન કિંવા આંતરપ્રેરણાને લગતી બધી વાત પૂરી થઇ નથી. હજી તો અર્ધી બાકી છે; અને તે એ કે, આ આંતર-પ્રેરણાઓને આપણા કાબુમાં લાવી શકાય છે. અત્યારે જે ક્રિયા આપણે સ્વાભાવિક જ્ઞાન અને આંતરપ્રેરણાથી કરીએ છીએ, તેજ ક્રિયા ઇચ્છાને વશવર્તી પણ બનાવી શકાય છે; એટલે સુધી કે શરીરના પ્રત્યેક સ્નાયુને આપણી ઇચ્છાને આધીન બનાવી શકાય છે યાને તેના સ્વાભાવિક કાર્ય ઉપરાંત બીજા કાર્યમાં તેનો ઉપયોગ કરી શકાય છે. એ વાત તો આજકાલ સર્વસાધારણ જનોને પણ જ્ઞાત છે. આ રીતે આપણે બેવડી રીતે યાને ઇચ્છાયુક્ત અભ્યાસથી સ્વાભાવિક જ્ઞાન કિંવા આંતરપ્રેરણા પ્રાપ્ત કરી શકાય છે, અને આંતરપ્રેરણાને ઇચ્છાને વશ વર્તાવી શકાય છે–એ બંને રીતે આપણે સ્પષ્ટ કરી બતાવ્યું કે, જેને લોકો 'આંતરપ્રેરણા'ના મોટા નામથી ઓળખાવે છે, તે ઇચ્છાકૃત કિંવા ઐચ્છિક કાર્યના અવનત ભાવ સિવાય બીજું કંઇજ નથી. તેથી 'પ્રકૃતિમાં સર્વત્ર એક-સરખો નિયમ પ્રવર્તે છે'–એ સિદ્ધાંતને આધારે સૃષ્ટિમાંના પ્રત્યેક પ્રાણીની બાબતમાં આવોજ પ્રકાર હોવો જોઇએ, એવું અનુમાન આપણે સહેજે દોરી શકીએ; અને સ્થાપિત કરી શકીએ કે, નિકૃષ્ટ પ્રાણીઓની અંદર તેમજ મનુષ્યની અંદર આંતરપ્રેરણા જેવું જે જણાય છે, તે ઇચ્છાના અવનત ભાવમાત્ર છે.

સ્થૂળબ્રહ્માંડના વિષયમાં આપણે એવો સિદ્ધાંત સ્થાપન કરી ચૂકયા છીએ કે, પ્રત્યેક ક્રમસંકોચની પૂર્વે ક્રમવિકાસ અને પ્રત્યેક ક્રમવિકાસની પૂર્વે એક ક્રમસંકોચ અવશ્ય હોય છે. એજ સિદ્ધાંત આપણે અહીંઆં લાગુ પાડી જોઇએ, તો ઝટ માલમ પડી આવે છે કે, પ્રેરણા એટલે બુદ્ધિ કિંવા વિચારપૂર્વક કરેલ કાર્યનો ક્રમ-સંકોચ ભાવમાત્ર છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનુષ્યમાં કિંવા પશુમાં આપણને પ્રેરણા જેવું જે મળી આવે છે, તે પ્રેરણા અવશ્ય તેના પૂર્વગામી ઇચ્છાકૃત કાર્યોનો ક્રમસંકોચભાવ માત્ર છે, અને ઇચ્છાકૃત કાર્યો અનુભવ વિના અસંભવિત છે. માટે ઇચ્છાકૃત કાર્યોની વાત સ્વીકારતાંજ આપણે તે કાર્યો પૂર્વે કરેલાં છે એમ સ્વીકાર્યા વગર છૂટકો નથી. પૂર્વકૃત કાર્યોના અનુભવને લીધે તે તે કાર્યોનાં જ્ઞાનનો સંસ્કાર જન્મે છે, અને તે સંસ્કાર ચાલ્યા આવે છે. તે મુજબ મરઘીના બચ્ચાનો મૃત્યુભય અથવા બતકના બચ્ચાનું એકદમ જળમાં ઝંપલાવી તરવા માંડવું, તેમજ મનુષ્યની અંદર જે જે કંઈ અનિચ્છાપૂર્વક થતાં સ્વાભાવિક કાર્યો જણાય છે, તે તે બધાંજ પૂર્વકાર્યોનાં અને પૂર્વ અનુભવોનાં ફળ-રૂપ હોઈ અત્યારે સ્વાભાવિક જ્ઞાન કે આંતરપ્રેરણારૂપે પ્રાપ્ત થયેલ હોય છે. અહીં સુધી તો આપણે આજના વિષયમાં ઠીક પ્રગતિ કરી છે, અને અત્યારલગી તો આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર પણ આપણી પડખે ઉભું રહ્યું છે. આધુનિક વૈજ્ઞાનિકો ક્રમેક્રમે પ્રાચીન ઋષિઓની સાથે એકમત થતા ગયા છે, અને જ્યાંસુધી તેમનો પ્રાચીન ઋષિઓ સાથે મેળ ખાય છે ત્યાંસુધી તો ખાસ કંઈ મુશ્કેલી નડતી નથી. પરંતુ જ્યાં આગળ તેઓ હજી સહમત થયા નથી, ત્યાં આગળ ખરી મુશ્કેલી ઉભી થાય છે. વૈજ્ઞાનિકો હવે એ તો કબૂલ કરતા થયા છે કે, પ્રત્યેક માણસ તેમ પ્રત્યેક જીવજંતુ કેટલાક અનુભવોનો સંચય પોતાની સાથે લઇને જન્મે છે, એટલુંજ નહિ પણ એથી આગળ તેઓ એમ પણ કબૂલ કરે છે કે, મનનાં બધાં કાર્યો પૂર્વના અનુભવોના ફળરૂપ છે; પણ આની સાથેજ તેઓ શંકા ઉઠાવે છે કે, આ પૂર્વ અનુભવો આત્માનાજ છે; એમ માનવા-ને આપણી પાસે શું કારણ છે? શામાટે એમ ન કહીએ કે, એ બધા પૂર્વ અનુભવો માત્ર શરીરનાજ છે? વળી એમ પણ કેમ ન કહીએ કે એ અનુભવો વંશપરંપરાગત ઉતરતા આવેલા છે? છેલ્લો અને ગંભીર પ્રશ્ન એજ છે કે, જે જે સંસ્કારો લઇને આ-પણે જન્મ્યાં છીએ, તે બધા સંસ્કારો આપણા પૂર્વજોના સંચિત સંસ્કારોના ફળસ્વરૂપ છે, એવું કેમ ન માનવું? સૂક્ષ્મ જીવાણુથી માંડીને તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મનુષ્ય સુધીના પૂર્વસંસ્કારો મારામાં ઉતરી આવ્યા છે, પણ તે ઉત્તરોત્તર દેહ મારફતે અને નહિ કે આત્મા

મારફતે. આ પ્રશ્ન—આ શંકા છે તો સુંદર, અને 'વંશપરંપરાગત સંચાર'ના કિંવા વારસાના વાદના કેટલાક ભાગની સાથે અમે સંમત પણ થઇએ છીએ; પરંતુ તે એટલાજ પૂરતા કે આત્માને યોગ્ય નવીન દેહને માટે જે પદાર્થની જરૂર છે, તે પદાર્થ વંશપરંપરાગત દેહ મારફત પ્રાપ્ત થાય છે; એથી આગળ નહિ. આપણાં પૂર્વ-કર્માનુસાર આપણને અમુક દેહમાં અમુક જન્મ પ્રાપ્ત થાય છે, અને તે દેહને માટે આવશ્યક યથાયોગ્ય તત્ત્વજ આપણને માબાપ તરફથી વારસામાં મળે છે. માબાપોએ આપણા જીવાત્માને તેમનાં સંતાનતરીકે પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોય છે.

આ 'વંશપરંપરાગત સંચાર' કિંવા વારસાનો વાદ, કોઈ જાતનાં પ્રમાણ આપ્યા વિના એમ ને એમજ સ્વીકારી લે છે કે, માનસિક સંસ્કારોની છાપ જડ પદાર્થપર પડી શકે છે, યાને માનસિક સંસ્કારો ક્રમસંકુચિત બનીને જડરૂપમાં રહી શકે છે. કેટલું અસંગત! તમારાપર મારી દૃષ્ટિ કરતાં, મારા માનસરોવરમાં—કિંવા મનરૂપી સરોવરમાં એક તરંગ ઉઠે છે. તે તરંગ થોડી વાર રહીને શમી જાય છે, પણ એક છાપતરીકે સૂક્ષ્મરૂપમાં તે મારા મનમાં હમેશને માટે રહી જાય છે. ભૌતિક ઘટનાની યાને વાગવા કરવાની છાપ આપણા શરીર ઉપર રહે તે વાત સમજી શકાય તેવી છે, પણ માનસિક સંસ્કારોના છાપ પણ શરીરમાં રહી શકે છે, એમ માની લેવાની શી સાબીતી છે? શરીરપર તેની છાપ રહેવાની શકયતાજ કયાં છે? શરીર તો મૃત્યુ બાદ પંચત્વમાં ભળી જાય છે. વળી એ માનસિક સંસ્કારોને શરીરમાં કોણ લઈ જાય છે? ઘડીભર આપણે એમ માની લઇએ કે, શરીરની અંદર પ્રત્યેક માનસિક સંસ્કારની છાપ રહી શકે છે, અને સૌથી આરંભના માણસથી તે છેક મારા પિતા સુધીના બધાજ પૂર્વજોના સંસ્કારો મારા પિતાના દેહમાં હતા, અને પિતાના દેહમાંથી તેઓ મારા દેહમાં વારસારૂપે ઉતરી આવ્યા છે; પણ અહીં આગળ સવાલ આવીને ઉભોજ રહે છે કે 'એ સંસ્કારોનો મારી અંદર સંચાર શી રીતે થયો?' આના ઉત્તરમાં કોઈ કહેશે કે "જીવાણુકોષ મારફત તેનો સંચાર તમારામાં થયો છે.' પણ એમ શી રીતે અને વારૂ? કારણકે પિતાનું આખું શરીર જેમનું તેમ બાળકને વારસામાં મળતું નથી, એ તો આપણે જમાનાઓ થયાં જોતાં આવ્યાં છીએ. વળી એકજ માબાપને એક કરતાં વધારે બાળક હોય એ કેવળ સંભવિત છે. તો પછી આ 'વંશ-પરંપરાગત સંચાર'ના વાદનો સ્વીકાર કર્યાથી તો એમજ માની લેવું પડે કે, પ્રત્યેક બાળકના જન્મની સાથે માબાપોને પોતાના નિજ સંસ્કારોનો કિંચિત્ ભાગ પણ ગુમાવવો પડે છે; અને જો એમજ માનવાનું હોય કે માબાપ પોતાના સકળ સંસ્કારોનો બાળક-

માં સંચાર કરે છે, તો તો પહેલા બાળકના જન્મ સાથેજ માબાપનાં મન સાવ સંસ્કારશૂન્ય બની જવાં જોઇએ. કેમકે સંચારક અને સચાર્ય પદાર્થો એક કહેતાં ભૌતિક છે.

વળી જીવાણુની અંદર ચિરકાળના અનંત સંસ્કારોનું ભંડોળ રહી શકે છે એમ માની લઇએ, તો સવાલ એ ઉઠે છે કે, જીવાણુની અંદર તે ક્યાંથી અને કેવી રીતે આવ્યા ? આ 'જીવાણુસંચાર'નો વાદ તો બિલકુલ પાંગળો છે; એટલો પાંગળો કે જ્યાંસુધી ભૌતિક કિંવા જડવાદીઓ એમ ન સિદ્ધ કરી દેખાડે કે, એ સંસ્કારો અમુક રીતે અમુક ઠેકાણેથી જીવાણુકોષમાં આવે છે ને રહે છે, તથા 'માનસિક સંસ્કારો કિંવા મનોવૃત્તિ ભૌતિક કોષમાં નિદ્રિત અવસ્થામાં છે'-એ વાક્યનો અર્થ આમ આમ છે, એમ ખુલાસો ન કરે, ત્યાંસુધી તેમનો 'જીવાણુસંચાર'નો વાદ સ્વીકારાય તેમ નથી.

ત્યારે અત્યાર સુધીની આપણી આગળની બધી દલીલોના ખંડનમંડનપરથી એટલું તો સ્પષ્ટ સમજાઇજ ગયું હશે કે, આ પૂર્વસંસ્કારોનું નિવાસસ્થાન મન છે, અને મનજ વસ્તુતઃ જન્મજન્માંતર ગ્રહણ કરીને આવે છે. દેહ પણ જીવાત્મા પોતેજ પસંદ કરી લે છે. જે અમુક પ્રકારનો દેહવિશેષ ધારણ કરવાને યોગ્ય પોતે કાર્ય કર્યાં હોય છે, તેવા દેહના નિર્માણમાટે ઉપયોગી પાત્રોની પ્રાપ્તિ તેને નથી થતી ત્યાંસુધી તેને રાહ જોવી પડે છે, એ વાત પણ સહજ સમજી શકાય તેવી છે. ત્યારે નવીન દેહના સંગઠનને ઉપયોગી દ્રવ્ય તૈયાર કરી આપવાસુધીનો 'વંશપરંપરાગત સંચાર'વાદ અમે સ્વીકારીએ છીએ-અર્થાત્ કે દેહતત્ત્વ આપણને વારસામાં મળે છે, ને પૂર્વના સંસ્કારયુક્ત મન જીવાત્માનું પોતાનું હોય છે. જીવાત્મા પોતાનાં ઘર બદલ્યાજ કરે છે, એક પછી એક નવાં નવાં શરીર બનાવ્યે જાય છે અને તે દેહમાં રહીને કરેલા એકે એક કાર્ય અને એકે એક વિચારની છાપોનો સૂક્ષ્મરૂપે તેમાં સંચય થઇ રહે છે. એ સંચયમાંથીજ જ્યારે જ્યારે જરૂર પડે છે, ત્યારે ત્યારે પૂર્વસંસ્કારની છાપ બહાર નીકળી આવી નવા રૂપે વ્યક્ત થાય છે. મારો મુદ્દો હજી પણ વધારે સ્પષ્ટ રીતે તમને સમજાવીશ. જુઓ, તમને હું જ્યારે જોઉં છું ત્યારે મારા મનમાં એક તરંગ ઉઠે છે. એ તરંગ ચિત્તની અંદર જાણે ડૂબી જાય છે. ત્યાં તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ બની જાય છે, પણ છેક મરી જતો નથી; તેથી એ સૂક્ષ્મ તરંગ ફરીને જ્યારે કામ પડે, ત્યારે પાછો મોટા તરંગરૂપે ઉછળી આવવા સદા તૈયાર હોય છે. આ મોટો તરંગ તેજ સ્મૃતિ. આજ પ્રમાણે આ બધા સંસ્કારોનો સંચય મારા મનમાં રહેલો છે, અને જ્યારે હું મરી જઇશ ત્યારે તે બધાજ સંસ્કારોનું ફળ મારી સંગે આવશે. વળી ધારો કે, આ ઘટમાં એક દડો છે, તેને આ-

પણે બધાંજ ચોગરદમથી લાકડીના સપાટા ઉપરાછાપરી મારીએ છીએ. પરિણામે દડો ઓરડાની અંદર ઘડીકમાં એક છેડે ને ઘડીકમાં બીજે છેડે એમ દોડાદોડી કરી મૂકે છે, પણ બારણા પાસે જવાનું થતાંજ તે સરરર કરતો બહાર નીકળી જાય છે. જતી વખતે પોતાની સાથે એ શું લઈ ગયો? અને કયી શક્તિના પ્રભાવે એ બહાર ગયો વારૂ? તો કે બધા ફટકાનું ફળ તે પોતાની સાથે લઇ ગયો અને ફટકાના ફળના પ્રભાવેજ તેનું બહાર જવાનું થયું. આબેહૂબ તેજ મુજબ જીવાત્મા દેહ છોડી જતી વખતે એ દેહમાં રહીને આચરેલાં સકળ કાર્યો અને વિચારેલા સકળ વિચારોનું ફળ પોતાની સાથે લેતો જાય છે. એ ફળ જો એવું હોય કે હજી વધારે અનુભવ મેળવવા કાજે એને નવો દેહ નિર્માણ કરી લેવાની અગત્ય હોય, તો તે એવા માબાપ પાસે જાય છે કે જેઓ તેને પોતાને જરૂરી દેહની સામગ્રી પૂરી પાડવાને લાયક હોય. આ રીતે એક પછી એક દેહ પસંદ કરી તે દેહાંતર કર્યા કરે છે. કોઇ વાર સ્વર્ગમાં જાય છે, તો કોઇ વાર વળી ફરી પાછો પૃથ્વીપર મનુષ્ય-દેહમાં કે તિર્યગ-જંતુદેહમાં પણ અવતરે છે. આ રીતે જ્યાંસુધી એને લેવો જોઇતો અનુભવ પૂરેપૂરો નહિ મળે અને એનો ફેરો પૂરો નહિ થાય, ત્યાંસુધી દેહાંતર ચાલ્યાજ કરશે. ફેરો પૂરો થવા આવતાંજ તેને પોતાના પ્રકૃત સ્વભાવની અને પોતે વસ્તુતઃ શી વસ્તુ છે તેની ખબર પડી જાય છે; અજ્ઞાન બધું ઉડી જાય છે; તેની બધી નૈસર્ગિક શક્તિઓ પ્રકાશે છે અને તે સંપૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. પછી તે જીવાત્માને સ્થૂળ અથવા ભૌતિક, તેમજ સૂક્ષ્મ અથવા માનસિક દેહોમાં રહીને કામ કરવાની અગત્ય રહેતી નથી. તે પોતાના સ્વપ્રકાશમાં પ્રકાશે છે, અને મુક્ત બને છે—એટલે કે ફરી તેને જન્મવાનું કે મરવાનું રહેતું નથી.

આની વિશેષ વિગતોમાં આપણે અત્યારે નહિ ઉતરીએ. પણ આ પુનર્જન્મના સિદ્ધાંત સંબંધમાં એક વધુ મુદ્દો આ છે કે, આ પુનર્જન્મવાદજ એક એવો સિદ્ધાંત છે કે જે જીવાત્માની સ્વાધીનતાની અથવા મુક્ત સ્વભાવની સ્થાપના કરે છે. એજ સિદ્ધાંત એક એવો છે કે જે આપણી નિર્બળતાઓનો દોષ બીજાઓ ઉપર ઢોળી દેતો નથી. બાકી પોતાનો દોષ બીજા કશાપર ઢોળી દેવો, એ તો મનુષ્યની સાધારણ દુર્બળતા થઈ પડી છે. પારકાના રાઈના દાણા જેટલા દોષ ઝટ દેતાં આપણી નજરે પડે છે, પણ આપણા પહાડ જેવડા દોષ પણ આપણી નજરે ચડતા નથી. કારણ કે આંખો પોતાને જોઇ શકતી નથી, પણ પારકી આંખોને નિહાળી શકે છે. આપણી પોતાની દુર્બળતાઓ અને પોતાના દોષો સ્વીકારવામાં આપણે મનુષ્યો બહુજ મંદ ગતિવાળાં છીએ. જ્યાંસુધી

પારકાંને શિર તે ઢોળી દેવાનું બની આવે, ત્યાંસુધી તો ભાગ્યેજ તેની જવાબદારી આપણે પોતાને શિર લઇએ છીએ. સાધારણ રીતે મનુષ્યો પોતાની જીંદગીના બધા દોષોનો ભાર પારકાં મનુષ્યોપર, અને તેમ કરવાનું અશક્ય હોય તો ઇશ્વરપર કે કંઇ નહિ તો પછી પોતે કલ્પી લીધેલા ભાગ્યરૂપી ભૂત ઉપર ઢોળી દે છે, અને કહે છે કે 'શું કરીએ, ભાઇ ! જેવું અમારૂં નસીબ !' પણ આ નસીબ શી વસ્તુ છે અને ક્યાં છે તે કોઇ મને કહી શકશે ? આપણે જેવું વાવીએ છીએ તેવું લણીએ છીએ. આપણા ભાગ્યના સૃષ્ટા આપણે પોતેજ છીએ. માટે આપણાં કાર્યોનો દોષ કિંવા યશ અન્ય કોઇનો ન હોઇ આપણો પોતાનોજ છે. પવન વહેતો હોય છે, ત્યારે જે વહાણના સઢ ઉકેલાયા હોય છે તેમના સઢોમાં તે ભરાય છે અને પરિણામે તે વહાણો પવનથી ધસડાઇને પોતાનો પંથ કાપવા માંડે છે; પણ જેમના સઢ લપેટાયલા હોય છે તે વહાણો પવન વહેવા છતાં પણ તેની મદદ નથી પામી શકતાં, અને તેમનો પંથ નથી કપાતો. એમાં દોષ શું પવનનો કહેવાય ? અલબત નહિજ. તેજ પ્રમાણે પ્રભુની કૃપારૂપી પવન રાતદિવસ છૂટથી અખંડ વહેતો હોવા છતાં, આપણામાંનાં કેટલાંક સુખી છે ને કેટલાંક અસુખી છે, તેનો દોષ શું દયાનિધાન પ્રભુને માથે હોઈ શકે ? પ્રભુની દયા તો સદાસર્વદા ભરપૂર છે, તેમાં કદી ઓછપ આવતી નથી. માટે આપણું ભાગ્ય આપણે પોતેજ નિર્માણ કરી લઇએ છીએ. પ્રભુનો બનાવેલો સૂર્ય દુર્બળ કે સબળ બધાંને માટે એકસરખો પ્રકાશે છે. તેનો પ્રેરેલો પવન સાધુ કે અસાધુ, પુણ્યવાન કે પાપી–બધાંને માટે સમાનભાવે વહે છે. પ્રભુ બધાંનો માલીક, બધાંનો પરમપિતા, દયામય અને સમદર્શી છે. તમારૂં શું એમ માનવું છે કે, આપણા જીવનની ઝીણી ઝીણી બાબતો આપણે જે દૃષ્ટિથી જોઇએ છીએ, તેવીજ દૃષ્ટિએ એ બ્રહ્માંડાધીશ ભગવાન જોઈ રહ્યો છે ? અતુલ્ય મહિમામય ભગવાનના સંબંધમાં આ કેવી ક્ષુદ્ર ધારણા ! આ સંસારમાં આપણે કુરકુરીઆંની માફક વિવિધ બાબતોમાં પરસ્પર લડી પડીએ છીએ, અને પ્રાણ જતાં સુધી મમતની દોરી ઢીલી મૂકતાં નથી; અને મનમાં મૂઢની માફક માની લઇએ છીએ કે, પ્રભુ પોતે પણ આપણી વાત સાચી છે, એમ નોંધી લેશે. પણ ઇશ્વર એવું કંઇજ કરતો નથી. એ તો આપણી બધી લડાલડી ને મારામારી તથા મમત અને આગ્રહને કુરકુરીઆંના ખેલ જેવાં સમજે છે. પ્રભુને દંડ દેનાર અગર ફળ આપનારતરીકે કલ્પીને આપણાં કાર્યોના દોષનો ટોપલો એના માથાપર મૂકવાના આપણા સઘળા પ્રયાસો તદ્દન મૂર્ખાઈભર્યા છે. તે કોઇનેજ દંડ દેતો નથી કે કોઇને પણ ઇનામ અકરામ આપતો નથી. એની અગાધ દયાનો ખજાનો સૌને માટે, જ્યારે ને

જ્યાં પણ જોઇએ ત્યારે ને ત્યાં, અને સર્વ સ્થિતિસંજોગોમાં ઉઘાડો છે. એમાં કદાપિ ઉણપ આવતી નથી કે કોઈના આગળ એ કદી અવળું મોં કરતો નથી. એ અતુલ્ય ખજાનાનો આપણે કેવી રીતે ઉપયોગ કરવો તેનો આધાર આપણી પોતાની ઉપર રહેલો છે. તેથી તમારાં સુખદુઃખ માટે પારકાં માણસને, પરમેશ્વરને કે સંસારની કોઈ વ્યક્તિ અગર વસ્તુને દોષ ન આપો. તમે દુઃખી છો એમ જણાતાં તમારી જાતનેજ તે માટે દોષિત ઠરાવો અને વધારે સારી રીતે વર્તો.

આપણી આગળના આખા કોયડાનો એકમાત્ર આજ ઉકેલ છે. જે લોકો પોતાનાં દુઃખ-કલેશ માટે પારકાંની ઉપર દોષારોપણ કરે છે-અને કહેતાં કષ્ટ થાય છે કે, એમ કરનારાંની સંખ્યા દહાડે ઉગતાં વધતી જાય છે-તેઓ સાધારણ રીતે કમભાગ્ય અને દુર્બળ ભેજાંવાળાં હોય છે. પોતાનાજ કર્મદોષને લીધે તેઓ દુર્દશામાં આવી પડેલાં હોય છે, છતાં તેનો દોષ તેઓ પારકા ઉપર ઢોળે છે; પણ તેમ કરવાથી તેમની સ્થિતિમાં કશોજ ફરક પડતો નથી. એમ કરવાથી તેમને લાભ તો મુદ્દલે થતો નથી, પણ ઉલટું તેમના એવા ખોટા પ્રયત્નથી તેમનાં મસ્તિષ્ક વધારે દુબળાં બને છે. તેથી તમારા પોતાના દોષો માટે કોઈનેજ દોષિત ન ઠરાવતાં, પોતાનાજ પગપર ઉભા રહીને સઘળી જવાબદારી તમે પોતેજ મોકળે મને સ્વીકારી લ્યો; અને મુક્તકંઠે કહો કે "અત્યારે હું જે કષ્ટ ભોગવું છું તે મારાં પોતાનાંજ કર્મનું ફળ છે, અને તેથી એમજ નક્કી ઠરે છે કે, આ સ્થિતિ પણ મારાથીજ સુધરી શકશે." જે સૃષ્ટિ મારે હાથે નિર્માણ થઇ હશે, તેનોજ નાશ મારે હાથે થઇ શકશે; બીજાએ નિર્માણ કરેલી સૃષ્ટિનો મારાથી નાશ કરી શકાવાનો નથી. આમ છે માટે ઉઠો, ખડા થાઓ અને ધૈર્યવાન તથા સબળ બનો. બધાજ જવાબદારી તમારા પોતાના માથાપર લઇ લ્યો, અને તમે પોતેજ તમારા ભાગ્યના સ્રષ્ટા છો, એ વાત બરાબર રીતે સમજી લ્યો. એને માટે જોઇતી સઘળી શક્તિ અને સહાય તમારા પોતામાંથીજ તમને મળી રહેશે. માટે ઉઠો અને તમારૂં ભવિષ્ય ઘડવા મંડી પડો. બની ગયેલી બાબતો માટે મુંઝાયા નહિ કરતાં અનંત ભવિષ્ય હજી તમારી આગળ ખડું છે; તે તરફ ધ્યાન આપો. પણ આટલું હમેશાં યાદ રાખજો કે, તમારા પ્રત્યેક વચન, વિચાર અને કાર્યનો સંચય થયા કરે છે, અને એ પણ બરાબર યાદ રાખજો કે, તમારા પ્રત્યેક કુવિચાર અને કુકર્મ લાગ મળતાંજ વાઘની માફક તમારા પર કૂદી પડવા તત્પર રહેશે, અને એજ પ્રમાણે તમારા પ્રત્યેક સુવિચાર અને સુકૃત્ય પણ દેવતાઓના બળ સાથે તમારી વહારે આવવા અને તમારૂં રક્ષણ કરવા હમેશને માટે તત્પર રહેશે.

१२—अमृतत्व*

મનુષ્યના આત્માના અમૃતત્વનો કિંવા અમરપણાનો સવાલ આપણા અસ્તિત્વની સાથે અત્યંત ગાઢ સંબંધ ધરાવતો હોઈ મનુષ્ય હૃદયને તે પ્રિયમાં પ્રિય છે. એના જેવો નિકટ સંબંધ ધરાવનારો અને પ્રિય પ્રશ્ન અન્ય કોઈ નથી. વળી એ પ્રશ્ન જેટલી વાર પૂછાયો છે તેના જેટલો બીજો કોઈ પ્રશ્ન પૂછાયો પણ નથી, અને એજ પ્રશ્ને મનુષ્યોને જગતનું રહસ્ય ખોળવા જેટલા પ્રેર્યા છે તેટલા અન્ય કોઇ પ્રશ્ને નહિ પ્રેર્યા હોય. આ પ્રશ્નની મહત્તા ખરેખર બહુ ભારે છે. આ પ્રશ્ન કવિઓ અને સાધુઓ તથા આચાર્યો અને પેગંબરોનો મુખ્ય વિષય થઇ પડ્યો છે. ગાદીનશીન રાજાઓ તેની ચર્ચામાં ઉતર્યા છે, અને રસ્તાના ભીખારીઓને પણ તેનાં સ્વપ્ન આવ્યાં છે. માનવસમાજના શ્રેષ્ઠ વર્ગને તેનો ઉત્તર મળી ચૂક્યો છે, અને કનિષ્ઠ લોકોને તે પ્રાપ્ત થવાની હજી આશા છે. એ વિષય ઉપરનો માનવીઓનો રસ હજી નાબુદ થયો નથી, અને માનવી સ્વભાવ જ્યાંસુધી કાયમ રહેશે ત્યાંસુધી તે નાબુદ થશે પણ નહિ. એ પ્રશ્નના સંબંધમાં વિવિધ માણસો તરફથી અત્યાર સુધીમાં વિવિધ ઉત્તરો અપાયા છે. વળી એમ પણ જણાઈ આવે છે કે, હજારો માણસોએ એ પ્રશ્નને બીનજરૂરી ગણી તેનો ઉહાપોહ કરવો સદંતર છોડી દીધો છે. આમ છતાંયે એ પ્રશ્ન હમેશ તાજો ને તાજોજ રહ્યો છે. જીવનસંગ્રામમાં સંડોવાઇ જઈ ઘણીએ વાર આપણે એ પ્રશ્ન છેક ભૂલી ગયા હોઇએ એમ લાગે છે. પણ એવામાં કોઈ અતલગ પ્રિયજનનું અણચિંતવ્યું અવસાન થતાં આપણી આજુબાજુનો દુનિયાનો સઘળો કોલાહલ—સઘળો જીવન-સંગ્રામ ઘડીભર માટે જાણે બંધ પડી ગયો હોય એવું થઇ જાય છે, અને આપણું મન એજ પ્રાચીન પ્રશ્ન પૂછવા લાગે છે કે "આના પછી શું? આત્માનું શું થાય છે?"

માનવીઓનું બધુંજ જ્ઞાન અનુભવમાંથી ઉદ્ભવે છે, અનુભવ સિવાય આપણે કશુંજ જાણી શકીએ નહિ. આપણો સઘળો તર્ક, આપણું સઘળું જ્ઞાન આપણે પ્રાપ્ત કરેલા વિવિધ અનુભવોનાં

* અમેરિકામાં આપેલું વ્યાખ્યાન.

ફળરૂપ છે. ચોમેર નજર ફેરવતાં આપણને શું જણાય છે? તો કે સતત પરિવર્તન. રોપો બીજમાંથી નીકળે છે, અને બીજ ફરીને પાછો છોડવો બને છે. છોડવો વધીને ઝાડ થાય છે અને પોતાનો ફેરો પૂરો થતાં તે પાછું બીજરૂપ બની જાય છે. પશુપ્રાણીઓ પણ સંસારમાં આવે છે, અમુક વખત જીવે છે, મરે છે અને પોતપોતાનો ફેરો પૂરો થતાં અદશ્ય બને છે. તેજ મુજબ માણસ પણ પોતાનો ફેરો પૂરો કરે છે. પહાડો ધીમે ધીમે પણ ખાત્રીપૂર્વક ચૂર્ણ વિચૂર્ણ બને છે; નદીઓ ધીમે ધીમે પણ ખાત્રીપૂર્વક સૂકાય છે, અને વરસાદ સમુદ્રમાંથી ઉદ્ભવી પાછો સમુદ્રમાં સમાય છે. આ પ્રમાણે જ્યાં જુઓ ત્યાં સર્વત્ર જીવનના ફેરા પૂરા થતા જણાય છે. જન્મ, વૃદ્ધિ, વિકાસ અને ક્ષય ગણિતાંકની ચોકસાઇથી એકબીજાને અનુસરતા જોવામાં આવે છે. આ અનુભવ તો આપણો રોજનો છે; તથાપિ હલકામાં હલકા પરમાણુથી માંડીને તે સર્વોત્તમ સિદ્ધ પુરુષપર્યંતની લક્ષાવધિ પ્રકારની ભિન્ન ભિન્ન નામરૂપવાળી જીવંત વસ્તુઓ યાને જીવકોટિની અંદર અને પાછળ આપણને એક અખંડ એકતા માલમ પડી આવે છે. એક પદાર્થ બીજા પદાર્થથી બિલકુલ જૂદો છે એવી આપણી કલ્પનારૂપી દુર્ભેદ્ય દિવાલનો અર્વાચીન વૈજ્ઞાનિક શોધોના પરિણામે દિવસે દિવસે ચૂરેચૂરો થતો જાય છે, એવું આપણે દરરોજ જોઇએ છીએ. વૈજ્ઞાનિકો એ નિર્ણયપર આવેલા છે કે, સર્વ પદાર્થો એકજ દ્રવ્યમાંથી નિર્માણ થયા હોઈ જૂદે જૂદે રૂપે અને જૂદી જૂદી રીતે વ્યક્ત થતા હોવા છતાં તેમની વચ્ચે પરસ્પર એક પ્રકારનું સજાતીયત્વ અને ઐક્ય રહેલું છે, અને તે બધાજ ભિન્ન ભિન્ન રૂપધારી સજીવ પદાર્થો યાને વિવિધ જીવો એકજ ચેતનરૂપી અખંડ સાંકળમાં પરોવાએલા હોઈ બધાજ જીવો તે એકજ સાંકળની જૂદી જૂદી કડીઓ જેવા છે. એવી જીવરૂપી કડીઓ અનંત છે, પણ તે બધી એકજ સાંકળની છે. આ નિર્ણય વૈજ્ઞાનિકોનો છે, અને તે વિજ્ઞાનમાં ક્રમવિકાસના સિદ્ધાંતતરીકે ઓળખાય છે. આ ક્રમવિકાસનો ખ્યાલ આજ કાલનો નથી, પણ પ્રાચીન છે—મનુષ્યસમાજના જેટલો તે જૂનો છે એમ કહીએ તો પણ ખોટું નથી. માત્ર મનુષ્યના જ્ઞાનની પ્રગતિ સાથે તે વધુ ને વધુ તાજો યાને સતેજ બનતો જાય છે એટલુંજ. અત્યારના વૈજ્ઞાનિકો કરતાં પ્રાચીન પૂર્વજોએ એક વાત વધારે નિરીક્ષણ કરી હતી અને તે ક્રમસંકોચનની. આ ક્રમસંકોચનનો ખ્યાલ આધુનિકોને હજી જોઇએ તેવો સ્પષ્ટ નથી સુઝયો. બીજ હોય છે તેમાંથી છોડવો ઉગે છે, રેતીના કણમાંથી કંઇ છોડવો થતો નથી. પિતામાંથી સંતાન બને છે, માટીના લોંદામાંથી કદાપિ બાળક થતું સાંભળ્યું નથી. આ ક્રમવિકાસ શેમાંથી

થાય છે, યાને ક્રમવિકાસ પૂર્વેની સ્થિતિ શી હોય છે એજ સવાલ વિચારી જોવાનો છે. બીજ શું હતું વારુ? તો કે એ વૃક્ષરૂપજ હતું. એ બીજમાં ભવિષ્યનું એક ઝાડ થવાની સઘળી શકયતા હતી તે મુજબ કોઇ ભાવિ માણસની બધીજ શકયતાઓ એક બાળકમાં, અને કોઇ ભાવિ જીવની સઘળી શકયતાઓ એક જીવાણુમાં હોય છે. એમ છે તો એને શું કહેવું? અમારા હિંદુસ્થાનના પ્રાચીન તત્ત્વજ્ઞોએ તેને 'ક્રમસંકોચન'નું નામ આપેલું છે. ઉપરોકત દાખલાઓથી આપણને જણાય છે કે, દરેક ક્રમવિકાસ તેની પૂર્વેના ક્રમસંકોચનની સાક્ષી પૂરે છે. મૂળ મુદ્દે ન હોય એવી કોઇ ચીજ ક્રમવિકસિત થઈ શકેજ નહિ. આ ઠેકાણે પાછું આધુનિક વિજ્ઞાન આપણી પડખે આવીને ઉભું રહે છે. ગણિતની ગણત્રી ઉપરથી નિર્વિવાદપણે સિદ્ધ થયું છે કે, જગતની અંદર શકિતનો જે વિકાસ જોવામાં આવે છે તે સદા સર્વદા એકસમાન છે. જગતના જડ તત્ત્વ અગર તેની શકિતમાં એક છાંટા જેટલો પણ વધારો ઘટાડો આપણાથી થઇ શકતો નથી. માટે સાવ શૂન્યમાંથી કંઈ ક્રમવિકાસ થતો નથી. તો પછી કોઇ પૂછશે કે 'ત્યારે તે કયાંથી આવે છે?' તો તેના જવાબમાં જણાવવાનું કે, પૂર્વગામી 'ક્રમસંકોચન'-માંથી-અર્થાત્ કે એની પૂર્વે અવશ્ય ક્રમસંકોચનની પ્રક્રિયા હોવી જોઇએ. બાળક એ ક્રમસંકુચિત પુખ્ત માણસ છે, અને પુખ્ત માણસ એ ક્રમવિકસિત બાળક છે. બીજા શબ્દોમાં કહીએ તો બાળકમાં ક્રમસંકોચનરૂપે પુખ્ત માણસ રહ્યા છે અને તેથીજ બાળક ક્રમે ક્રમે વિકસિત થઈ પુખ્ત માણસમાં રૂપાંતર પામે છે. તેજ રીતે એક બીજમાં એક ઝાડ સંકુચિતરૂપે રહ્યું છે, અને ઝાડ બીજનો ક્રમવિકાસમાત્ર છે. એક જીવાણુની અંદર જીવોત્પત્તિની સઘળીજ શકયતા રહેલી છે.

આટલી ચર્ચા પછી આપણી આગળનો કોયડો કંઈક વધારે સુગમ થવા લાગ્યો છે. આ ક્રમવિકાસ અને ક્રમસંકોચનની વાત સાથે બધાં જીવન એક અખંડ સાંકળરૂપ હોવાની પૂર્વોકત વાતને જોડો ને પછી આગળ વિચારો. ક્ષુદ્રતમ જીવાણુની અવસ્થાથી તે સંપૂર્ણતમ પુરુષની અવસ્થાસુધીનું વાસ્તવિક જીવન તો એકજ હોય છે. જેમ એકજ જીવનની અંદર ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પુખ્તાવસ્થા વગેરે વિવિધ અવસ્થાઓની એક સળંગ સાંકળ રહેલી આપણને જણાય છે, તેમજ જીવાણુ અવસ્થાથી માંડીને તે સંપૂર્ણ મનુષ્યાવસ્થાની અંદર એક જીવનની સળંગ સાંકળ રહેલી જણાય છે. આ ચઢતા ક્રમવાળી સાંકળને વિકાસ કહે છે, અને એ તો આપણે જોઇજ ગયા છીએ કે, પ્રત્યેક ક્રમવિકાસની પૂર્વે એક ક્રમસંકોચ રહ્યો હોય છે. જીવનશકિત ધીરે ધીરે વ્યકત

થતી થતી, ક્ષુદ્ર જીવાણુ દશાથી માંડીને તે પૂર્ણ મનુષ્ય—રે ! પૃથ્વી-પરના ઈશ્વિરી અવતાર સુધી વિકસિત થાય છે, તે આખીજ જીવન-શકિત ખરી રીતે તો એકજ જીવન છે; અને એ આખીજ જીવન-પરંપરા જોવા જઈએ, તો તે એકજ જીવાણુની અંદર સંકુચિત-ભાવે રહેલી છે. આ ઈશ્વિરી અવતાર સુધીની સઘળી જીવનપરંપરા જીવાણુની અંદર સંકુચિત થયેલી હતી અને ધીમે ધીમે બહાર આવીને ધીરે ધીરે વ્યકતભાવ ધરતી ગઈ. આ પ્રમાણે ઉંચામાં ઉંચો વ્યકત-ભાવ સૂક્ષ્મરૂપે પણ તે જીવાણુની અંદર વર્તમાન હતો. તો પછી જે એક શકિતમાંથી આ આખીય જીવનસાંકળ લંબાઈ છે તે શક્તિ કયી શકિતનો ક્રમસંકોચ હશે વારૂ ? તો કે એ શકિત તે સર્વત્ર વ્યાપી રહેલી જગન્મયી બ્રાહ્મીરૂપ ચૈતન્યશકિતનો ક્રમસંકોચ છે. એ બ્રાહ્મીરૂપ ચૈતન્યશકિતજ જીવાણુથી માંડીને તે પૂર્ણ પુરુષાવસ્થા સુધી ધીરે ધીરે કોકડાની માફક ઉકલે છે. ચૈતન્યશકિત વૃદ્ધિંગત થાય છે, એમ કહેવું સાવ ખોટું છે. એના સંબંધમાં વૃદ્ધિના સઘળાજ વિચારોને મનમાંથી કાઢી નાખો. વૃદ્ધિ કહેતાં એમજ સમજાય કે, બહારથી કશાનો ઉમેરો થાય છે; પણ એવું માનવાથી તો પૂર્વોક્ત ગણિતનો સિદ્ધાંત કે—'જગતની અંદર જે શકિતનો વિકાસ જોવામાં આવે છે, તે શકિતની અંદર જરા જેટલો પણ વધારો ઘટાડો કોઈથી કરી શકાય તેમ નથી'—તે જૂઠો ઠરે. જીવમાત્રની અંદર અદૃશ્ય રહેલું અનંત ચૈતન્ય તમામ બાહ્ય વિકારોથી પર છે. તેને વધવાપણું કદાપિ હોયજ નહિ; એ તો હમેશાં સંપૂર્ણ છે; માત્ર ક્રમે ક્રમે આવિર્ભૂત થાય છે, એટલુંજ.

કાર્ય એ કારણનો વ્યક્ત ભાવ છે. કાર્ય અને કારણ વચ્ચે ખાસ મુદ્દાનો તફાવત કંઈજ હોતો નથી. ઉદાહરણતરીકે, આ કાચના પ્યાલાને લ્યો. દ્રવ્ય હતું, તેની અંદર કારીગરના ઇચ્છાયુકત કૌશલ્યનું ઉમેરણ થતાં એ પ્યાલો બન્યો. આ દ્રવ્ય અને કૌશલ્ય—એ બે તેનાં કારણો હતાં, અને તે બન્ને અત્યારે પણ તેની અંદર વર્તમાન છે. કયા રૂપમાં તે અત્યારે વર્તમાન છે ? તો કે સંગઠનશક્તિના રૂપમાં. એ સંગઠનશકિત પ્યાલામાં ન હોય, તો તેના અણુએ અણુ વીખ-રાઈ જાય. ત્યારે કાર્યરૂપ પ્યાલો એ શી વસ્તુ છે ? તો કે દ્રવ્ય તથા કૌશલ્યરૂપી કારણોજ; પણ તે જૂદા રૂપમાં. આ પરથી કાર્યની વ્યાખ્યા એવી નીકળે છે કે—"થોડા કાળ માટે રૂપાંતરિત અને મર્યા-દિત થયેલાં કારણોને કાર્ય કહે છે." આ વ્યાખ્યા આપણે યાદ રાખવી જોઈએ. આ વ્યાખ્યા આપણા જીવનના ખ્યાલને લાગુ પાડીશું તો જણાશે કે, જીવાણુ અવસ્થાથી માંડીને તે સંપૂર્ણ મનુષ્યની અવસ્થા સુધીની આખીજ જીવન પરંપરાનો આવિર્ભાવ અને બ્રહ્મરૂપ ચૈતન્યશકિત એકજ હોવાં જોઈએ. શરૂઆતમાં એ ચૈતન્ય સંકુચિત થઈ સૂક્ષ્મ બન્યું. એ સૂક્ષ્મ રૂપ કારણ બન્યું, અને એ સૂક્ષ્મ કારણ-

માંથી તે ચૈતન્ય વ્યક્ત સ્થૂળરૂપમાં ક્રમવિકસિત થતું આવ્યું છે.

પણ આ બધી ચર્ચાથી અમરત્વના સવાલનો ફડચો હજી નથી આવ્યો. માટે હવે આપણે તે કાર્ય હાથમાં લઇશું. આ જગતની અંદર એકે એક વસ્તુ અખંડ અવિનાશી છે એ તો આપણે અત્યાર આગમચ જોઇ લીધું છે. કોઇજ વસ્તુ નવીન નથી, નવીન થવાની પણ નથી. ગાડાનું પૈડું જેમ ઉપર નીચે ફર્યા કરે છે, તેમ એકની એકજ પરંપરા વારા ફરતી પોતાનો આવિર્ભાવ કરતી રહે છે. આ જગતની અંદર જેટલી ગતિ છે તે બધીજ મોજાંસમાન છે, યાને મોજાંની પેઠે તે એક વાર ઉંચે ચઢે છે ને બીજી વાર નીચે ઉતરે છે. એક બ્રહ્માંડ પછી બીજું બ્રહ્માંડ એમ કોટચવધિ બ્રહ્માંડો સૂક્ષ્મ રૂપોમાંથી ઉદ્ભવે છે, ક્રમવિકસિત થઇને સ્થૂળતમ બને છે અને ફરી પાછાં ઓસરતાં ઓસરતાં સૂક્ષ્મરૂપમાં પરિણત થઇ જાય છે. ફરી પાછાં તે પોતાના રૂપમાંથી પ્રાદુર્ભૂત થાય છે; થોડાક કાળ ક્રમવિકસિત થાય છે અને ફરી પાછાં ધીરે ધીરે પોતાના કારણ તરફ પ્રયાણ આદરે છે. બધીજ જીવનપરંપરાના સંબંધમાં તેમજ થાય છે. જીવનનો પ્રત્યેક આવિર્ભાવ બહાર પડે છે અને પાછો પલાયન કરે છે. પલાયન શું કરે છે, યાને શું જતું રહે છે? તો કે રૂપ જતું રહે છે. રૂપ અગર આકાર ભાગીને ભૂકો બને છે, પણ ફરી પાછું બીજું રૂપ પ્રગટે છે. એક અર્થમાં જોવા જઇએ તો દેહો અને રૂપો પણ શાશ્વત છે. કેવી રીતે? તો કે ધારો કે, આપણે પાસાબાજી રમીએ છીએ. તેમાં ધારો કે એક જણના ૬-૫-૩-૪ એ પ્રમાણે દાવ પડે છે. હવે, ફરી આગળ ખેલતાં એક વારો એવો ચોક્કસ આવશે કે જ્યારે તે ૬-૫-૩-૪ નો દાવ ફરી પાછો પડશે. આખી રમતમાં એમ કેટલીયે વાર આ દાણાનો અને પાસાનો એકસરખો સંયોગ થાય એ સ્વાભાવિક બનવા જોગ છે. હવે, આ બ્રહ્માંડના પ્રત્યેક અણુ પરમાણુને હું પાસાની ઉપમા આપું છું. આ અણુપરમાણુરૂપી બધાજ પાસા વારંવાર ફેંકાય છે અને વારંવાર તે જૂદી જૂદી રીતે પડે છે, ને જૂદાં જૂદાં સંયોગીકરણો થાય છે. તમારી સમક્ષ આ સર્વ જે જૂદી જૂદી વસ્તુઓ આવેલી છે તેમનો પણ એક સંયોગજ થયેલો છે. આ પ્યાલો, આ ખુરશી, આ પાણીનો કૂજો વગેરે વસ્તુઓનો અને તમારો ને મારો પણ આ ઠેકાણે અત્યારે સંજોગ થયેલો છે. અત્યારનો આપણો આ મેળાપ થોડા વખત પછી નષ્ટ થશે; પણ ફરીને પાછો એક સમય અવશ્ય આવશે કે જ્યારે પાછા તમે આ ઠેકાણે એકઠા થયા હશો; આ કૂજો, પ્યાલો અને બીજા વિવિધ પદાર્થો આજ રીતે ગોઠવાયલા હશે, અને આજ વિષય ચર્ચાતો હશે. અનંત વાર આમ થયેલું છે ને અનંત વાર તેની પુનરાવૃત્તિ હજી થશે. ત્યારે

આ સ્થૂળ બાહ્ય પદાર્થોની આલોચના પરથી આપણને કયું તત્ત્વ હાથ લાગે છે? તો એજ કે, આ ભૌતિક પદાર્થસમુદાયના વિવિધ સંયોગોની અનંતવાર પુનરાવૃત્તિ થયા કરે છે.

આની સાથેજ ભવિષ્ય કેવી રીતે ભાખી શકાય છે અને ભૂતકાળ કેવી રીતે વર્તી શકાય છે તેનો ખુલાસો મળી જાય છે. આપણે એવા અનેક લોકો જોયા છે કે જે માણસનું ભૂત તેમજ ભવિષ્ય કહી આપે છે. હવે આ ભવિષ્ય જો કોઇ નિશ્ચિત નિયમને વશવર્તી ન હોય, તો તે ભાખી શકાયજ નહિ. પણ આપણે અગાઉ જોઇ ગયાજ છીએ કે, ભૂતકાળની ઘટનાઓની ભવિષ્યકાળમાં પુનરાવૃત્તિ થાય છે, અને ખરે તેમજ થાય છે, પણ આત્માને તેની જરાયે અસર પહોંચતી નથી. ચગડોળ તો સૌએ જોયો હશે. તેને ગતિ મળતાંજ તે વેગથી ઉપર નીચે ફરવા માંડે છે અને એનાં પલ્લાંની વારાફરતી અનુક્રમે પુનરાવૃત્તિ થયાજ કરે છે. એક ફેરામાં માણસોનું એક ટોળું ચગડોળમા ચઢે છે અને ફેરો પૂરો થતાં તે ટોળું રવાના થઈ જઇ તેનાં તેજ પલ્લાંઓમાં બીજું ટોળું ભરાય છે, ને એમ એક પછી એક ટોળાની આવ–જા દિવસભર ચાલુજ રહે છે. તેજ પ્રમાણે પ્રભુની સૃષ્ટિમા પણ એક ચગડોળ અખંડ ચાલી રહ્યો છે. પ્રકૃતિ એ એક વિરાટ ચગડોળ છે, વિવિધ દેહો એ આ વિરાટ ચગડોળનાં પલ્લાં છે, અને ઝીણામાં ઝીણાં જંતુથી તે મનુષ્યપર્યંતની જીવકોટિઓ એ ચગડોળમાં બેસનારાં છે. ચગડોળનાં પલ્લાંઓમાં જીવાત્માઓનો એક એક નવીન સમૂહ દાખલ થાય છે, વારાફરતી ઉંચે નીચે જઇ ફેરો પૂરો થતાં યાને પૂર્ણાવસ્થા પ્રાપ્ત થતાંજ ચગડોળમાંથી બહાર નીકળી પડે છે, તેમને સ્થાને બીજો સમૂહ ચગડોળમાં દાખલ થાય છે, ને એ રીતે ચગડોળ તો અખંડ ચાલ્યાજ કરે છે. વળી જ્યાંસુધી આ દેહારૂપી પલ્લાં પ્રકૃતિરૂપી ચગડોળમાં જોડાયલાં છે, ત્યાંસુધી ગણિતની રીતે ચોક્કસ ભાખી શકાય કે, તે પલ્લાં કયે વખતે કયાં હશે; પણ આત્માની બાબતમાં તેમ થઇ શકે નહિ. આ ઉપરથી સમજી શકાયું હશે કે, પ્રકૃતિનું ભૂત–ભવિષ્ય નક્કીપણે ભાખવું એ કેવળ સંભવિત છે.

આ ઉપરથી ત્યારે આપણને સમજાય છે કે, એની એજ ભૌતિક ઘટનાપરંપરાની ચોક્કસ સમયને અંતરે પુનરાવૃત્તિ થયા કરે છે, અને એકજ તરેહના સંયોગો અને સંમિલનો અનંત કાળસુધી થયાજ કરે છે. પરંતુ એથી કંઈ આત્માનું અમરત્વ નથી સિદ્ધ થતું. પણ એટલુંજ કે, જગતમાંની કોઇજ શક્તિ અગર કોઈ પણ દ્રવ્યનો તદ્દન ધ્વંસ થતો નથી, ત્યારે એનું શું થાય છે? તો કે સાંકળની આગલી બાજુ તરફ ને પાછલી બાજુ તરફ તેનું ચોક્કસ રૂપાંતર થયા કરે છે અને એમ કરતાં કરતાં પરિણામે તે પોતાના મૂળકારણમાં જઈ ભળી જાય છે. હવે, કોઈ પણ ગતિ સીધી

લીટીમાં થઇ શકતી નથી. પ્રત્યેક વસ્તુ ઘૂમી ઘૂમીને પાછી મૂળ ઠેકાણે આવે છે; કારણ કે એક સરળ રેખાને અનંતભાવે લંબાવ્યાજ કરીએ, તો તેનું એક વર્તુલ બને છે. આમ હોવાને લીધે કોઇ પણ આત્માની અનંત કાળપર્યંત અવનતિજ રહ્યા કરે એ શક્યજ નથી, એમ બની શકેજ નહિ. આ વિશ્વની પ્રત્યેક વસ્તુ મોડેવહેલે પણ પોતપોતાનું વર્તુલ પૂરૂં કરીને પોતપોતાના ઉત્પત્તિસ્થાનને પુનઃ પ્રાપ્ત થાય છે. તમે, હું અને આ બધા આત્માઓ શું છીએ? ક્રમવિકાસ અને ક્રમસંકોચ વિષેની આલોચનામાં આપણે જોઇ ગયા છીએ કે તમે, હું અને આ બધાજ જીવાત્માઓ વિશ્વવ્યાપી વિરાટ ચૈતન્ય કિંવા વિરાટપ્રાણ કિંવા વિરાટ મનના અંશવિશેષ હોઇ અત્યારે ક્રમસંકોચની અવસ્થામાં છીએ તેમાંથી આપણે ઘૂમી ફરીને ક્રમવિકાસના નિયમે ફરી પાછા એજ વિશ્વવ્યાપી વિરાટ ચૈતન્યમાં જઇ સમાવાનું છે. આ વિરાટ ચૈતન્ય તેજ ઈશ્વર. એ વિરાટ ચૈતન્યનેજ લોકો પ્રભુ, પરમાત્મા, ભગવાન, ક્રાઇસ્ટ, બુદ્ધ અગર બ્રહ્મ એમ જૂદે જૂદે નામે ઓળખે છે. વળી જડવાદીઓ જેને શક્તિરૂપે દેખે છે અને અજ્ઞેયવાદીઓ જેને અનંત અનિર્વચનીય સર્વાતીત પદાર્થ કહી વર્ણવે છે, તે શક્તિ અને પદાર્થ પણ એજ વિરાટચૈતન્ય છે–અર્થાત્ વિશ્વવ્યાપી પ્રાણ કે વિશ્વવ્યાપી શક્તિ કે વિશ્વવ્યાપી ચૈતન્ય જે કહો તે એજ છે, અને આપણે બધાં અગ્નિના તણખા જેવા તેના અંશો છીએ; તેથી આપણે પણ ખરૂં જોતાં અમર અને અવિનાશી છીએ.

આ બીજો વિચાર ધ્યાનમાં રાખવાનો થયો. પરંતુ હજી આત્માના અમરપણાની વાત આટલેથી સમાપ્ત થઇ ન કહેવાય. હજી પણ અનેક શંકા આશંકાઓ રહી ગઇ છે. દાખલાતરીકે, કોઇ કહેશે કે કોઇજ શક્તિનો નાશ થતો નથી, એમ કહેવું તો ભાષ્ર સહેલું છે; પણ જે જે શક્તિઓ અને રૂપો વ્યવહારમાં આપણા દીઠામાં આવે છે તે સર્વે મિશ્રણમાંથી ઉત્પન્ન થયેલ છે. આ બાંકડો આપણી આગળ છે તે જૂદા જૂદા ભાગોના મિશ્રણથી બન્યો છે. તેજ મુજબ બીજી જે જે શક્તિઓ આપણે જોઇએ છીએ, તે બધીજ મિશ્રણોત્પન્ન છે. વૈજ્ઞાનિકોનો અભિપ્રાય છે કે, વિરાટ શક્તિ એટલે વિવિધ શક્તિઓના મિશ્રણનું સામટું ફળ. વિરાટ શક્તિ અથવા ચૈતન્યવિષેની વૈજ્ઞાનિકોની આ વ્યાખ્યા મુજબ તો તમારા આત્માનું વ્યષ્ટિત્વ ક્યાં રહ્યું? કેમકે પ્રત્યેક આત્મા વિરાટ ચૈતન્યનો અંશ હોવાથી તેમાં આખરે લીન થઇ જાય છે; પણ પ્રકૃતિનો નિયમ એવો છે કે, જે જે કંઇ મિશ્રણથી ઉપજ્યું છે, તે તે બધુંજ મોડે વહેલે છૂટું પડી પોતાનાં આદિકારણો યાને મૂળતત્ત્વોમાં લય પામે છે. જગતમાં જે જે વસ્તુ જડ દ્રવ્ય કે શક્તિના સંયોગના ફળરૂપ છે તે મોડેવહેલે જરૂર પોતાનાં આદિકારણોમાં લીન

થાય છે. અર્થાત્ જે જે કંઇ અમુક અમુક કારણોના સંયોગીકરણના ફળરૂપ છે તેનો લય અગર વિનાશ થવોજ જોઇએ. તે વસ્તુ છિન્નવિચ્છિન્ન થઇ વીખરાઈ જાય છે ને અંતે તેનાં આદિકારણો અથવા મૂળ તત્ત્વોમાં પરિણમે છે. પ્રકૃતિનો આ નિયમ સાવ સાચો છે. પરંતુ આત્મા એ કોઇ શકિત કે વિચાર નથી. આત્મા એ વિચારનો ઉત્પાદક છે અને નહિ કે સ્વયં વિચાર; તેમ એ શરીરનો સૃષ્ટા છે અને નહિ કે ખુદ શરીર. એમ કેમ? તો કે આપણે સમજી શકીએ છીએ કે, શરીર આત્મા હોઇ શકેજ નહિ. શા ઉપરથી? તો કે શરીર પોતે ચૈતન્યરૂપ અગર સ્વપ્રકાશી નથી. મૃતશરીર કિંવા ખાટકીની દુકાનમાંનો માંસનો ટુકડો કદી ચૈતન્યવાન નથી હોતો. ત્યારે ચૈતન્ય શબ્દથી આપણે શું સમજવું? તો કે પ્રતિક્રિયાશક્તિ.

હવે, આ પ્રતિક્રિયાશક્તિ સમજવા માટે જરા વધારે ઉંડા ઉતરવું પડશે. જુઓ, આ એક કૂજો અથવા લોટવો છે. હું તેને જોઉં છું. એ જોવાની ક્રિયા શી રીતે થાય છે? તો કે એ કૂજામાંથી કેટલાંક પ્રકાશકિરણો આવીને મારાં નેત્રોમાં પ્રવેશે છે, અને મારી કીકીઓમાં એક ચિત્ર ઉભું કરે છે, અને તે ચિત્ર અથવા છબી મારા મસ્તિષ્ક અગર મગજમાં પહોંચે છે; છતાં એટલેથી હજી જોવાની ક્રિયા પૂર્ણ થતી નથી. શરીરવિદ્યાશાસ્ત્રીઓ જેને અનુભવાત્મક કિંવા સંવેદનાવાહક સ્નાયુતંતુઓ કહે છે, તેમનાદ્વારા તે છબી મારા મસ્તિષ્કની ભીતર પહોંચે છે, છતાં હજી જોવાની ક્રિયા સંપૂર્ણ થતી નથી. કેમકે ભીતરના ભાગમાંથી કોઇ પ્રતિક્રિયા પ્રકટ થતી નથી. પ્રતિક્રિયા થવા માટે તો તે છબીને મનસુધી પહોંચવું જોઇએ. તેથી મગજમાંનું સ્નાયુકેન્દ્ર તેને મન પાસે લઈ જાય છે અને પછી મન તેના ઉપર પ્રતિક્રિયા કરે છે. મનની એ પ્રતિક્રિયા થતાંજ આ કૂજો મને પ્રત્યક્ષ દેખાવા માંડે છે. એક સહેલા ઉદાહરણથી આ વાત સહેલાઇથી સમજાશે. ધારો કે, તમે મારૂં વ્યાખ્યાન સાંભળવામાં તલ્લીન થઈ ગયા છો યાને બિલકુલ એકાગ્રચિત્તે તે સાંભળો છો; તેવામાં એક મચ્છર તમારા નાકના ટેરવા ઉપર બેસીને ડંખે છે, અને તીવ્ર વેદના પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. પણ તમારૂં ચિત્ત વ્યાખ્યાનમાં એટલું બધું તલ્લીન બનેલું છે કે તમને એ ડંખનો ચટકો જણાતો સરખો નથી. આમ શાથી બન્યું તે હવે જુઓ. મચ્છરે ડંખ દઇને તમારી ચામડીના ચોક્કસ ભાગપર ચટકો ભર્યો છે, અને તે ભાગમાં સ્નાયુતંતુઓ છે એ વાત પણ ખરી. એ સ્નાયુતંતુઓએ અમુક જાતની સંવેદના અથવા લાગણી મસ્તિષ્કમાં પહોંચાડી એ પણ નિર્વિવાદ; પણ એ ક્રિયાપર પ્રતિક્રિયા કરનારૂં તમારૂં મન બીજે પરાધીનપણે રોકાયલું હોવાથી તેનાથી આ ડંખની ક્રિયાપર પ્રતિક્રિયા

થઈ શકતી નથી, અને તેથીજ તમને મચ્છર કરડયા છતાં મચ્છરની હાજરીનું ભાન થતું નથી. મતલબ કે, આપણી સમક્ષ કોઇ નવીન ચિત્ર કે લાગણી ઉપસ્થિત થાય, તે વખતે જો મન પ્રતિક્રિયા કરે નહિ, તો આપણને તે લાગણી સમજાતી નથી; પણ મન જો પ્રતિક્રિયા કરે તોજ તેનું ભાન થાય છે. એવું ભાન થાય ત્યારેજ સ્પર્શ, દશ્ય, શ્રવણ ઇત્યાદિની ક્રિયા બને છે–અર્થાત્ ત્યારેજ આપણે જોવા, સાંભળવા કે અનુભવથી સમજવા સમર્થ થઇએ છીએ. આ પ્રતિક્રિયાની સાથે સાથેજ અમારા સાંખ્યયોગમાં જેને પ્રજ્ઞા કહેવામાં આવે છે તે પ્રજ્ઞા કિંવા જ્ઞાનનો પ્રકાશ પ્રકટે છે. હવે આ પ્રજ્ઞા શરીરને હોઈ શકતી નથી, એ તો આપણે ઉપરના મચ્છરના દાખલાથી જોઈ ગયા. કેમકે ચિત્તની ગેરહાજરીમાં લાગણીનો કંઇજ અનુભવ શરીર કરી શકતું નથી. વળી, એવા પણ કિસ્સા જોવામાં આવ્યા છે કે ખાસ સંજોગોમાં આવી પડતાં, એક માણસ જે ભાષા પોતે કદાપિ શીખ્યો હોતો નથી તે ભાષામાં વાતચીત કરવા શક્તિમાન થયેલો દેખાય છે. આનું કારણ ઢુંઢતાં માલમ પડયું છે કે, એ માણસને બાલ્યાવસ્થામાં એવી જાતિના લોકો વચ્ચે રહેવાનું થયું હતું કે જે લોકો એ ભાષા બોલતા હતા, અને તેની છાપ એના બાળમગજમાં પડી ગઈ હતી. એ છાપ એના મગજમાં સંઘરાઈ રહી હતી, અને વિશિષ્ટ સંજોગોમાં કોઇ કારણથી મન તે છાપપર પ્રતિક્રિયા કરવા લાગતાં, તે ભાષાનો પ્રકાશ પ્રકટ થાય છે અને તે મનુષ્ય એ ભાષા સારી રીતે બોલી શકે છે. આ બીના વળી બતાવી આપે છે કે, મન એકલુંજ પ્રતિક્રિયા માટે બસ નથી; મન તો બીજા કોઈ કારણનું હથિયારમાત્ર છે. એ માણસની બાબતમાં શું થયું તે હવે જોઇએ. તેના મન અગર મગજમાં તો તે ભાષાનો સંઘરો હતોજ; છતાં પૂર્વે તેને નહોતી આવડતી અને પાછળથી એક વખતે આવડી પણ ખરી. એ વાત પૂરવાર કરે છે કે, મનની પાછળ પણ કોઈ તત્ત્વ રહેલું છે ખરૂં. તે માણસની બાલ્યાવસ્થામાં તે ‘અન્ય કોઈ તત્ત્વે’ એ સંઘરાનો ઉપયોગ કર્યો નહોતો, પણ જ્યારે પુખ્ત ઉંમરનો થયો ત્યારે જરૂર પડતાં અન્ય કોઇ તત્ત્વની પ્રેરણાથીજ તે સંઘરાનો ઉપયોગ કરતો તે માણસ થયો. ત્યારે હવે માણસ કયાં કયાં કારણોનો સંયોગ છે? તે જુઓ. પહેલાં તો શરીર, તે પછી મન અથવા વિચારનું યંત્ર અને ત્રીજું મનની પાછળ રહેલું ‘અન્ય કોઇ તત્ત્વ.’ એ અન્ય કોઇ તત્ત્વનેજ સંસ્કૃત ભાષામાં આત્મા નામે ઓળખાવ્યું છે–અર્થાત્ અમારા તત્ત્વવેત્તાઓએ મન અને આત્માને પરસ્પર ભિન્ન સમજેલાં છે. પણ આધુનિક વૈજ્ઞાનિકોએ ‘વિચાર એટલે મસ્તિષ્કના પરમાણુઓના વિવિધ ફેરફાર’–એવી

વિચારની વ્યાખ્યા પ્રતિપાદિત કરેલી હોવાથી, તેઓ ઉપરોક્ત ઘટનાઓનું નિરૂપણ કરવા અશક્ત નીવડે છે, અને સાધારણ રીતે તો તેઓ એવી વાતો માનવાની ચોખ્ખી નાજ પાડે છે. પણ મન એ સ્વયંપ્રજ્ઞ વસ્તુ ન હોઇ આત્માનું ઓજારમાત્ર છે, એમ સ્વીકારવાથી આનો તોડ ઝટ થઇ શકે છે. મનને મસ્તિષ્ક સાથે ગાઢ સંબંધ છે. તેથી શરીરનો નાશ થતાં તે કાર્ય કરતું બંધ પડે છે. આત્માજ તેનો એકમાત્ર પ્રકાશક છે, મન તો તેના હાથમાંનું એક યંત્ર અથવા ઓજારરૂપ છે. એ ઓજાર અથવા સાધનદ્વારા તે નેત્ર, કર્ણ વગેરે બાહ્યસાધનોપર સત્તા ચલાવે છે, ને મનની પ્રેરણાથી બાહ્ય વસ્તુઓની છાપ આ બાહ્ય સાધનો ઝીલી મનદ્વારા આત્માને પહોંચાડે છે; એટલે પરિણામે દર્શન, શ્રવણ વગેરેની ક્રિયાઓ થાય છે. હવે આમાં પણ બાહ્યસાધનો વસ્તુઓની છાપ ઝીલીને સીધા મનને નથી પહોંચાડતાં, પણ મગજની પાસે આવેલા સ્નાયુકેંદ્રોને પહોંચાડે છે. કારણ કે ચક્ષુ, કર્ણ વગેરે બાહ્ય સાધનો તો છાપોને ઝીલનારાં કેવળ યંત્રોજ માત્ર છે; તેમનામાં ક્રિયા કરવાની શક્તિ નથી. મગજની અંદરનાં સ્નાયુકેંદ્રો જેમને અમારી ભાષામાં ઇંદ્રિયો કહેવામાં આવે છે, તે ઇંદ્રિયોજ ક્રિયાવાન બની નેત્ર વગેરે બાહ્યસાધનોએ ઝીલેલી છાપ મનને પહોંચાડે છે. એ પછી મન પોતાની આગળના અધિકારી બુદ્ધિને અને બુદ્ધિ બધી છાપોને સુવ્યવસ્થિત ગોઠવીને આંતરજગતના સિંહાસનપર બિરાજતા અધિરાજને–જીવાત્માને પહોંચાડે છે. પછી આત્મા નિરીક્ષણ કરી હુકમો છોડે છે. તે હુકમો બુદ્ધિ, મન તથા ઇંદ્રિયોવાટે સ્થૂળસાધનો પાસે પાછા ફરે છે. એટલે જોવા, સાંભળવા વગેરેની ક્રિયા સમાપ્ત થાય છે. આ ઉપરથી સમજાયુંજ હશે કે, આત્માજ વસ્તુતઃ બધાનો અનુભવકર્તા, શાસ્તા, સૃષ્ટા, ભર્તા જે કહો તે છે.

ઉપર આપણે જોઇ ગયા કે આત્મા શરીર પણ નથી, તેમ મન પણ નથી. આત્મા કોઇ સંયુક્ત પદાર્થ હોય એમ બનેજ નહિ કેમ? તો કે બધા સંયુક્ત પદાર્થ નજરે નિહાળી શકાય કે બુદ્ધિએ કલ્પી શકાય. જે પદાર્થ આપણે નિહાળી શકતા નથી કે કલ્પનાથી સમજી શકતા નથી, અને જે પદાર્થને આપણે કોઇ રીતે ગ્રહણ કરી શકતા નથી; તે પદાર્થ કોઈ શક્તિ કે ભૌતિક દ્રવ્ય, તેમજ કાર્ય કે કારણરૂપ નથી, અને તેથી તે મિશ્ર કે સંયુક્ત તત્ત્વ નથી. મિશ્ર અથવા સંયુક્ત પદાર્થને તો આંતરજગત સુધીજ જવાનો અધિકાર હોય છે, તે ઉપરાંત નહિ. મિશ્ર પદાર્થ બધાજ પ્રકૃતિના નિયમોને આધીન છે. એ નિયમોના રાજ્યની બહાર તેમનાથી રહી શકાયજ નહિ; અને એ નિયમોથી અતીત કોઇ પદાર્થ મળી આવે, તો તે મિશ્ર કે સંયુક્ત હોયજ નહિ. માટે માણસનો

આત્મા કાર્યકારણના નિયમથી પર છે, એમ આગળ સિદ્ધ કરી બતાવ્યા પ્રમાણે તે મિશ્ર કે સંયુક્ત તત્ત્વ નથી, એમ સહેજે ઠરે છે. આત્મા સદા સર્વદા મુક્ત છે અને પ્રકૃતિના નિયમોને વશવર્તી પ્રત્યેક ચીજનો તે શાસક છે. તે કદાપિ મરતો નથી, કારણ મરણ એટલે આદિકારણોમાં પાછા અંતર્હિત કિંવા લીન થવું. એટલે પછી જે મૂળેજ સંયુક્ત કે મિશ્ર નથી તેને આદિકારણોમાં પાછા ભળવાનું યાને મરવાનું કદાપિ હોયજ ક્યાંથી ? માટે આત્મા મરણાધીન છે એમ કહેવું બિલકુલ અર્થહીન છે, બેવકુફનો ખાલી બકવાદમાત્ર છે.

હવે આપણું પ્રયાણ સૂક્ષ્મ ને સૂક્ષ્મ માર્ગે થતું જાય છે; વિષયની ચર્ચા ગંભીર ને ગંભીર બનતી જાય છે અને તમારામાંનાં કેટલાંકને કદાચ ગભરાટ પણ છૂટશે. આપણે ઉપર જોઇ લીધું છે કે, આત્મા જડ દ્રવ્ય, શક્તિ તેમજ વિચારથી પર હોવાને લીધે એ સંયુક્ત પદાર્થ નહિ, પણ મૂળ તત્ત્વ છે અને તેથી તે મરતો નથી. સંયુક્ત પદાર્થનો નાશ હોય પણ મૂળ તત્ત્વ કદાપિ નાશ પામતાં નથી. એ ન્યાયે આત્મા અવિનાશી યાને અમર ઠરે છે. હવે જેને મરણ ન હોય તેને જીવન પણ ક્યાંથી હોય ? નજ હોય. કેમકે જીંદગી અને મોત એ તો એકજ સિક્કાની ઉલટાસુલટી બાજુઓ માત્ર છે–કિંબહુના મરણ એ જીંદગીનો પર્યાયવાચક અને જીંદગી એ મોતનો પર્યાયવાચક શબ્દ છે. આવિર્ભાવની અમુક એક પદ્ધતિને આપણે જીવન કહીએ છીએ, અને બીજી પદ્ધતિને મરણ કહીએ છીએ. આવિર્ભાવ એકજ વસ્તુનો છે, માત્ર પદ્ધતિમાં ફેર છે એટલુંજ. આવિર્ભાવનું મોજું જ્યારે ઉંચે ઉછળે છે ત્યારે તે જીવન કહેવાય છે, અને જ્યારે તળીએ બેસે છે ત્યારે મોત કહેવાય છે. તેથી જો કોઇ પણ ચીજ મૃત્યુથી અબાધિત હોય, તો તે જન્મથી પણ અબાધિત અથવા પર હોય એ સ્વાભાવિક છે. આ ઠેકાણે મારે તમને આપણે પ્રાપ્ત કરેલા પહેલા નિર્ણયની યાદ દેવડાવવી પડે છે કે, મનુષ્યનો આત્મા પ્રસરૂપ વિરાટ ચૈતન્યશક્તિ યાને ઇશ્વરનો અંશમાત્ર છે. ત્યારે હવે આપણે એ તો સમજતાં થયાં કે, આત્માને જન્મમરણ જેવુંજ કંઇ નથી. તેથી તમે કદાપિ જન્મ્યા નથી કે કદાપિ મરવાના નથી. ત્યારે આપણી આજુબાજુ જન્મમરણના પ્રકાર આપણે નિહાળીએ છીએ તે શું છે ? એમ કોઇ પૂછશે. તેના જવાબમાં જણાવવાનું કે, એ પ્રકારને શરીર સાથેજ સંબંધ છે યાને શરીરજ જન્મે છે અને શરીર મરે છે. આત્માને જન્મમરણ સાથે કંઇજ લેવાદેવા નથી, કેમકે તે તો સર્વવ્યાપી છે. એમ કેમ હોઇ શકે ? એવી શંકા ઉઠાવી તમે કદાચ પૂછશો કે "આટલાં બધાં માણસો આ ઠેકાણે બેઠેલાં છે, અને છતાં તમે કહો છો કે આત્મા વિશ્વવ્યાપી છે, એ તે કેવું ? આનું સમાધાન કરતાં હું તમને સામો સવાલ કરીશ કે, જે ચીજ પ્રકૃતિથી

પર છે, કાર્યકારણના નિયમથી પર છે, તેને મર્યાદિત કરવાની તાકાત કોનામાં છે? આત્મા કાર્યકારણના નિયમથી તેમજ પ્રકૃતિથી પણ પર છે, એ તો આપણે અત્યાર અગાઉ જોઇ ગયાં છીએ. આ પ્યાલો મર્યાદિત છે; એથી તે સર્વવ્યાપી નથી, કેમકે આ રૂપ-ધારણ માટે આજુબાજુની જડ કિંવા ભૌતિક શક્તિઓનું તેના પર દબાણ છે, અને એ શક્તિઓ તેને વિસ્તૃત થવા દેતી નથી. આજુ-બાજુની પ્રત્યેક વસ્તુનો તેના પર પ્રભાવ પડે છે; અને તેથીજ તેને સીમાબદ્ધ થઇને રહેવું પડે છે. પણ જે સકળ નિયમોથી પર છે, અને જેના પર કાર્ય કરવાવાળું કશુંજ નથી, તે પરમતત્ત્વ સસીમ અગર મર્યાદિત કેમ કરી હોઇ શકે? તે વસ્તુ સર્વવ્યાપી હોવીજ જોઇએ. આત્મા એવી વસ્તુ છે, ને તે આપણ પ્રત્યેકની અંદર વર્તમાન છે તેથી આપણે સર્વત્ર યાને સર્વવ્યાપી છીએ. તો પછી હું જન્મ્યો ને હું મરવાનો છું વગેરે વચનોનો અર્થ શો? એવી વાતો કરવી એ કેવળ અજ્ઞાન છે, મગજનો ભ્રમમાત્ર છે. તમે કદી જન્મ્યાં નહોતાં અને કદી મરશો પણ નહિ. તમને જન્મ, પુનર્જન્મ, જીંદગી, અવતાર વગેરે જેવું કશુંજ નથી; તો પછી આ આવવા-જવાનો અર્થ શો? તો કે એ પણ અર્થ વગરનો ભ્રમ છે. તમે બધેજ છો, તો પછી આવવા-જવાનો ભ્રમ શાથી થાય છે? તો કે જેને તમે મન કહો છો તે મન યાને સૂક્ષ્મશરીરના રૂપાંતરને લીધે આ આવવા-જવાનો ભ્રમ થાય છે. દાખલાતરીકે, આપણે આકાશ અને વાદળાંનો વિચાર કરીએ. આકાશમાં જ્યારે વાદળીઓનો એક નાનો સમૂહ પસાર થાય છે, ત્યારે એ સમૂહ બધો પસાર થઇ જતાંસુધી આપણને એમ ભ્રમ રહ્યા કરે છે કે, આકાશ ચાલી રહ્યું છે. વળી કેટલીક વાર આપણે ચંદ્રની આગળ પણ એકાદ વાદળને ચાલતું જોઇએ છીએ, અને તે વખતે પણ આપણને એમ લાગે છે કે જાણે ચંદ્ર સરકતો ન હોય! આગગાડીની મુસાફરીમાં પણ શું જોઇએ છીએ? એજ કે, જાણે બધાં ખેતરો ને ઝાડો તથા મકાનો દોડાદોડ કરી રહ્યાં છે. જહાજની મુસાફરીમાં પણ એવોજ ભ્રમ થાય છે કે જાણે પાણી દોડી રહ્યું છે; પણ વસ્તુતઃ તો આકાશ, ચંદ્ર વગેરે કોઇજ દોડતું હોતું નથી. તેજ મુજબ આવવા-જવાનું પણ આત્માને થતું નથી. માટે વાસ્તવિક જોતાં તમે જતાં નથી કે આવતાં નથી, જન્મતાં નથી, મરતાં નથી કે પુનર્જન્મતાં નથી. તમે તો અનંત, વિશ્વવ્યાપી, કાર્ય-કારણથી પર અને સદાસર્વદા મુક્ત છો—રે! અજ છો, અમર છો. 'આત્માને મરણ ખરૂં કે નહિ?' એવો પ્રશ્ન કરવો એજ બેવકુફી છે; કેમકે જેનો જન્મ નહિ, તેને વળી મરવાનું કેવું?

હવે, સયુક્તિક અથવા ન્યાયસંગત નિર્ણયપર આવવા માટે આપણે એક પગલું આગળ વધવાનું છે. સબુરી રાખજો, કંટાળ્યે

નહિ ચાલે. ઘર તરફ જતાં અર્ધે માર્ગે બેસી પડીએ તો ન ચાલે. તેમ અહીં પણ તેમ થઇ શકે નહિ. તમે બધાં તત્ત્વચિંતકો બન્યાં છો, તત્ત્વચિંતનના માર્ગમાં થોડેક જઇ બૂમ પાડો કે "બસ કરો, ભાઇ! અમારે આગળ નથી જવું" તો તે તમને ન શોભે. માટે ચાલો આગળ વધીએ. અહીં એક સવાલ ઉભો થાય છે. તે એવો કે, જો અમે પ્રકૃતિના સર્વ કાનુનથી પર હોઇએ, તો તો પછી અમે સર્વજ્ઞ અને સર્વદાનંદી હોવા જોઇએ. બધુંજ જ્ઞાન, બધીજ શક્તિ અને સકળ આનંદ અમારી અંદર હોવાં જોઇએ, ખરૂં ને? તો કે બેશક તમેજ આ વિશ્વ બ્રહ્માંડના સર્વજ્ઞ, સર્વવ્યાપી પ્રભુ છો. અત્રે એક બીજી શંકા ઉપસ્થિત થાય છે કે "પણ ત્યારે આવા પ્રભુ અનેક હોઇ શકે ખરા?" શું કોટયવધિ સર્વજ્ઞો અને સર્વ-વ્યાપીઓ હોઇ શકે ખરાં? તો કે અલબત નહિજ. ત્યારે અમારાં બધાંનું શું થાય છે? તો કે તમે કેવળ એકજ છો. એવો સર્વજ્ઞ અને સર્વવ્યાપી આત્મા તો એકજ છે અને તે એક તમે પોતેજ છો. પ્રકૃતિના પડદા ઓથે આ આત્મા રહ્યો છે. એકજ છે. સત્ એકજ છે, સર્વજ્ઞ સર્વવ્યાપી એકજ છે, અજ અને અમર પણ એકજ છે. એની સત્તાદ્વારાજ ગગનનો વિસ્તાર થાય છે, એની સત્તાદ્વારાજ વાયુ વાય છે, એનીજ સત્તાદ્વારા સૂર્ય પ્રકાશે છે અને એનીજ સત્તાદ્વારા સચરાચર સૃષ્ટિ જીવે છે. પ્રકૃતિની અંદર સત્ય વસ્તુ એજ છે. એ તમારા આત્માનો પણ આત્મા છે, રે! ભૂલ્યો તમેજ તે છો, તમે તદ્રૂપ છો યાને તેની સાથે અભેદ છો. એકને ઠેકાણે જ્યાં જ્યાં બગડે એ થાય છે, ત્યાં ત્યાં વાત વિફરે છે; ત્યાં ત્યાં ભય, શંકા, કજીઆ અને કંકાસની સંભાવના હોય છેજ. પણ જ્યાં બધુંજ એક હોય, ત્યાં કોણ કોને ધિક્કારે અને કોણ કોની સાથે લડે–ઝગડે? જ્યારે બધુંજ તે છે, તો પછી કોની સાથે તમારે લડવા ઝગડવાનું રહ્યું? આ સત્ય વિચારની સમજ પડતાંજ જીવનનું સઘળું રહસ્ય યથાવત્ સમજાઈ જાય છે. આજ સમજણનું નામ સાચી ને પૂરી સમજણ છે. જગતમાં જ્યાં-સુધી તમે બહુત્વ જાણો અને ભાળો છો, ત્યાંસુધી તમે ભ્રમવશ છો. કારણ કે "જે જન આ બહુત્વપૂર્ણ જગતની અંદર—એ પરિવર્તન-શીલ જગતની અંદર પણ સર્વત્ર વસેલા એક નિત્ય અને અપરિ-વર્તનશીલ પુરુષને પોતાના આત્માના પણ આત્મારૂપે જુએ છે, તેજ ખરો જીવનમુક્ત છે, તેજ પૂર્ણાનંદનો ભોક્તા છે અને તેજ પોતાના અંતિમ લક્ષ્યસ્થાને પહોંચેલો છે." માટે જાણી રાખો કે **તમેજ તે છો**, તમેજ ઇશ્વર છો, **'तत्त्वमसि तत्त्वमसि'** આ વચન ગોખી રાખો ને એનું રહસ્ય જાતે અનુભવો. "હું પુરુષ છું–હું સ્ત્રી છું, હું માંદો છું, હું તંદુરસ્ત છું, હું સશક્ત છું, હું અશક્ત છું, હું ધિક્કારૂં છું, હું ચાહું છું, હું પરાધીન છું, હું સત્તાધીશ

છું" એવા એવા ખ્યાલોને કેવળ ભ્રમ સમજો. એ ભ્રમોને દૂર ફેંકી દો. તમને અશક્તિ કેવી કે ડર કોનો? જગતમાં તમે એકજ સત્ છો, તો પછી બ્હીવાનું કોનાથી? માટે ખોટા ભ્રમોને ખંખેરી કાઢી ઉભા થાઓ અને મુક્તિને સાધો. આ વાત ખૂબ યાદ રાખો કે, જો દુનિયામાં કોઇ ખરી અનર્થકારી વસ્તુ હોય, તો તે દુર્બળતા આણનાર શબ્દ અને વિચારજ છે; તેથી જે જે કંઇ મનુષ્યને દુર્બળ અને સભય બનાવે, તે તે સઘળી વાતને અનર્થકર લેખી તુરત તેનો પરિત્યાગ કરી દેવો ઘટે છે. તમને કોણ કે શું બીવડાવી શકે તેમ છે? સૂર્યો છોને પૃથ્વીપર પછડાઇને ભૂકો થાય, ચંદ્રો ભલેને ચૂર્ણવિચૂર્ણ થઇ ધૂળમાં ભળી જાય અને બ્રહ્માંડ પછી બ્રહ્માંડનો ધ્વંસ ભલેને થતો જાય, તેમાં તમારે શું? તમે તમારે ખડકની માફક અચળ ઉભા રહો. તમે અવિનાશી છો, તમે અનાદિ આત્મા છો, પરમાનંદરૂપ છો. કહો કે "હું ચિદાનંદરૂપ છું, હું સચ્ચિદાનંદસ્વરૂપ છું, હું તે છું, सोऽहम् सोऽहम्. અને સિંહ જેમ પોતાનું પાંજરૂં ભાગીને પોતાની સ્વાધીનતા પ્રાપ્ત કરે છે, તેમ તમે પણ માયારૂપી જંજીર તોડીને જીવનમુક્તિ પ્રાપ્ત કરો, અને સદાને માટે મુક્ત બનો. અજ્ઞાન અને ભ્રમ કિંવા મોહજ તમારામાં ભય ઉત્પન્ન કરે છે, અને એ ભયજ તમને બાંધી રાખે છે; બાકી બીજા કોઇની તાકાત તમને બાંધવાની નથી. તમે શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ છો.

વસ્તુતઃ તમે બધાંજ પુણ્યમય છો—રે! ઇશ્વર છો. તમને આનામાં ઇશ્વર જણાતો નથી, માટે એને માણસ કહો છો નહિ વારૂ? પણ એનામાં ઇશ્વર જોવો હોય અને હિંમત હોય, તો ઉભાં થાઓ અને તમારૂં જીવન તેને માટે લાયક બનાવો. શું કરશો? કોઇ માણસ તમારૂં ગળું કાપવા આવે, તો તેને ના કહેશો. કારણ કે ગળું કાપવા આવનાર તમે પોતેજ છો. કદાચ કોઇ દીન દુઃખીને મદદ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો તેને મદદ કરીને જરા પણ મગરૂર ન બનશો. કેમકે એવી તક સાધવી એજ ઇશ્વરની ખરી ઉપાસના છે; એમાં ગર્વ ધરવાનું કશુંજ કારણ નથી. આખું જગત શું તમારૂં નથી? જગતમાં એવું કોણ છે કે જે તમારૂં રૂપ નથી? તમેજ જગતના આત્મા છો, તમેજ આ સૂર્ય, ચંદ્ર અને તારા છો, અને તમેજ સર્વત્ર પ્રકાશી રહ્યા છો. આખુંજ બ્રહ્માંડ તમારામય છે. તમારે માટે ધિક્કારવાજોગ કે લડવાજોગ કોઇજ નથી. માટે સમજી લ્યો કે, तत्त्वमसि યાને તમેજ તે છો અને એ પરમ સત્યને સમજી તેને અનુસરતું તમારા જીવનને વલણ આપો. કારણ કે જે માણસ આ સત્યને પિછાને છે અને તેને લાયક થવા પોતાનું જીવન ઘડે છે, તેને વધુ વાર અજ્ઞાન-અંધકારમાં અટવાવું પડતું નથી.

१३–आत्मानुं बंधन अने मुक्ति*

અદ્વૈતવાદના સિદ્ધાંતાનુસાર સકળ વિશ્વમાં એકજ વસ્તુ અનાદિ અનંત કિંવા સત્ય છે, અને તે બ્રહ્મ છે. બાકીનું બીજું બધું આદિ-અંતવાળું કિંવા અસત્ હોઈ માયાની શક્તિવડે તે બ્રહ્મમાંથી નિર્માણ અને વ્યક્ત થયેલું છે. આ બ્રહ્મને પુનઃ પ્રાપ્ત થવું એજ આપણું બધાંનું ધ્યેય છે. આપણે પ્રત્યેક જણ એ બ્રહ્મ વત્તા માયાનું પરિણામ છીએ. આ માયા અથવા અજ્ઞાનમાંથી જો આપણે છૂટી શકીએ, તોજ આપણે આપણા વાસ્તવિક સ્વરૂપને પામીએ. આ અદ્વૈતવાદ પ્રમાણે પ્રત્યેક માણસ ત્રણ પદાર્થોનો બનેલો છેઃ–(૧) સ્થૂળદેહ, (૨) અંતરસ્થ ઇંદ્રિય અથવા અંતઃકરણ અને (૩) અંતઃકરણની પાછળ આવેલું પરમાત્મા, આત્મા અથવા વિશુદ્ધાત્મા નામે ઓળખાતું ચૈતન્ય. એ આત્મા ઉપર બે અસ્તર અગર પડ આવેલાં છે. શરીર એ બહારનું અસ્તર છે અને મન અંદરનું–અર્થાત્ શરીર અને મન એ તો આત્માનાં પડ અથવા ઢાંકણરૂપ છે, અને તેમાં ખરો દ્રષ્ટા અને ભોક્તા તો આત્માજ છે. શરીરમાં એ આત્માજ મૂળ વસ્તુ હોઈ તે અંતઃકરણદ્વારા શરીરપર પોતાની ક્રિયા ચલાવે છે.

વળી મનુષ્યની અંદર આત્માજ એક એવી વસ્તુ છે, કે જે ભૌતિક અથવા જડ દ્રવ્યની બનેલી નથી. અને એ જડ દ્રવ્યનો બનેલો નથી માટે તે સંયુક્ત કે મિશ્ર પદાર્થ પણ નથી; અને એ સંયુક્ત કે મિશ્ર પદાર્થ નથી, તેથી કાર્યકારણના નિયમથી અબાધિત છે, અને કાર્યકારણના નિયમથી અબાધિત છે માટે તે અમર છે. અમર વસ્તુને આદિ કે આરંભ જેવું કંઈ હોઇ શકે નહિ; કેમકે આદિ કે આરંભવાળી પ્રત્યેક ચીજ અંતવાન હોય છે. પણ આત્મા અંતવાન નથી, કેમકે તે અમર છે અને તે અંતવાન નથી માટે તે અનાદિ પણ છે. વળી, એ જડદ્રવ્યનો બનેલ નથી તેથી એમ પણ સિદ્ધ થાય છે કે તે નિરાકાર છે. સાકાર કિંવા રૂપધારી પ્રત્યેક વસ્તુને આદિ અને અંત હોવાંજ જોઇએ. આદિ અને અંત વગરના કોઇ પણ સાકાર વસ્તુ આપણામાંના કોઇએ કદાપિ દીઠી નથી અને દેખાશું પણ નહિ. કેમકે આકાર એ શક્તિ અને જડ દ્રવ્યના મિશ્રણમાંથી ઉત્પન્ન થાય છે. અને મિશ્રણમાત્ર આદિ અને

---

* અમેરિકામાં આપેલું વ્યાખ્યાન

અંતવાન હોય છે, એ તો આપણે આગળ જોઇ ગયા. આ ખુરશીને એક ખાસ આકાર છે, એટલે કે જડ દ્રવ્યના ચોક્કસ જથાપર ચોક્કસ શક્તિએ ચોક્કસ પ્રમાણમાં કાર્ય કરી તે જડ દ્રવ્યને એક ખાસ આકાર ધારણ કરાવ્યો છે. અર્થાત્ આકાર અથવા ઘાટ એ જડ દ્રવ્ય અને શક્તિનું મિશ્રણ છે. મિશ્રણ કદાપિ નિત્ય કે અનંત હોઈ શકે નહિ. મિશ્રણમાત્રને મોડે વહેલે પણ પોતાનાં મૂળ કારણોમાં લય થવુંજ પડે છે. આથી સમજાતુંજ હશે કે, સાકાર અથવા રૂપધારી તમામ પદાર્થોને આદિ અને અંત હોય છેજ. આપણું શરીર નાશ પામશે એ આપણે જાણીએ છીએ; તેનો આરંભ અથવા જન્મ હતો તેથી તેનો અંત પણ હોવાનોજ. પરંતુ આત્મા આકારરહિત હોવાથી આદિ અને અંતના નિયમથી પર છે. આત્માનું અસ્તિત્વ તો અનંતકાળથી છે. જેમ કાળ અનંત છે, તેમ મનુષ્યનો આત્મા પણ અનંત છે. બીજી વાત એ ઠરે છે કે, આત્મા વિશ્વવ્યાપી હોવો જોઇએ. કેમકે સાકાર વસ્તુનેજ દેશ અગર સ્થાનની મર્યાદા હોઈ શકે, નિરાકાર વસ્તુ કદાપિ કોઇ સ્થાનમાં બદ્ધ કે મર્યાદિત થઈ શકેજ નહિ. આથી અદ્વૈતવેદાંતના મત મુજબ તો તમારી અંદર રહેલો આત્મા સર્વવ્યાપી છે. તમારૂં અસ્તિત્વ આ પૃથ્વીપર અત્યારે જેટલું છે તેટલુંજ સૂર્યલોકમાં પણ છે; તમે જેટલા અમેરિકામાં હાજર છો તેટલાજ ઇંગ્લૅંડમાં કે અન્ય દેશમાં પણ છો. પરંતુ આત્મા મન અને શરીરમારફત કાર્ય કરતો હોવાથી, જ્યાં તેનાં શરીર અને મનની હાજરી હોય, ત્યાંજ તેનું કાર્ય નજરે પડે છે.

આપણે કરીએ છીએ તે પ્રત્યેક કાર્યની અને વિચારીએ છીએ તે પ્રત્યેક વિચારની મનપર છાપ પડે છે. એ છાપને સંસ્કૃત ભાષામાં સંસ્કાર કહે છે. આ વિવિધ સંસ્કારોનો સરવાળો વધતાં તે એક પ્રચંડ શક્તિનું રૂપ લે છે, અને એ પ્રચંડ શક્તિ મનુષ્યજીવનમાં ચારિત્ર નામે ઓળખાય છે. મનુષ્યનું ચારિત્ર મનુષ્ય પોતેજ ઘડે છે; પોતાના જીવનમાં જે જે શારીરિક કે માનસિક કાર્યો માણસ આચરે છે તેનું એકંદર પરિણામ તે મનુષ્યનું ચારિત્ર છે. વળી એ સંસ્કારસમુદાયનીજ શક્તિ મનુષ્યને મરણ પછી પણ માર્ગદર્શક બને છે. એક માણસનું શરીર છૂટે છે ત્યારે તે મૂળ ભૌતિક દ્રવ્યોમાં ભળી જાય છે; પણ મનને ચોંટી રહેલા સંસ્કારો જેમના તેમ રહે છે. મન એ સૂક્ષ્મ દ્રવ્યનું બનેલું હોવાથી મરણ વખતે દેહનીમાફક તેનો લય થતો નથી. કેમકે એ તો નિયમજ છે કે, પદાર્થ જેમ સૂક્ષ્મ હોય તેમ તેની ચીવટાઇ વધારે. પરંતુ મનનો કદાપિ નાશ થતો નથી એમ આ પરથી સમજવાનું નથી. આખર સરવાળે તો એનો પણ નાશ થાય છે, અને એ મનનો નાશ કરવા કાજેજ આપણી આ બધી માથાકૂટ છે. આ

સંબંધમાં ઉત્તમ દૃષ્ટાંત મને અત્યારે જે યાદ આવે છે તે ઝંઝાવાત અથવા વા-વંટોળીઆનું છે. હવાના જૂદા જૂદા પ્રવાહો જૂદી જૂદી દિશાઓમાંથી આવીને પરસ્પર મળે છે, અને તે મિલનસ્થાને પરસ્પર જોડાઇને આગળ ને આગળ ઘૂમવા માંડે છે. ઘૂમતી વખતે તે રસ્તામાં જ્યાં ને ત્યાં ધૂળ, તણુખલાં, કાગળની કરચો વગરેને પોતાના વમળમાં ઘસડી એકાકાર બનાવે છે; પણ તે આકારને તે તેજ સ્થાને છોડી દઇને આગળ જાય છે, અને બીજા સ્થાને પણ ઘૂમી કરી ત્યાંની ધૂળ વગેરેને વમળમાં ચઢાવી તથા એકાકાર કરી ત્યાં ને ત્યાં છોડી દઇને ફરી આગળ વધે છે. એ રીતે વંટોળીઉં આગળ ને આગળ વધ્યાજ કરે છે. તેજ પ્રમાણે જીવને નામે ઓળખાતી શક્તિ જડ તત્ત્વમાંથી શરીર અને મન બનાવે છે, અને શરીર પડે ત્યાંસુધી આગળ ને આગળ વધ્યા કરે છે. એક શરીર પડતાં બીજાં જડ તત્ત્વોને લઇ જીવ નવો દેહ બનાવે છે અને તે દેહ પડતાં વળી બીજો, એમ સંસારમાં જીવાત્માની ક્રિયા ચાલ્યાજ કરે છે. કોઇ પણ શકિત જડ દ્રવ્યથી છૂટી રહીને તો આગળ ચાલી શકેજ નહિ. તેથી દેહરૂપી જડપદાર્થ પડવા છતાં જીવની સાથે અંતઃકરણરૂપી સૂક્ષ્મ જડદ્રવ્ય કાયમ રહે છે, અને તેના ઉપર સંસ્કારના રૂપમાં કાર્ય કરતો થકો જીવ આગળ પંથ કાપે છે; બીજાં સ્થૂલ જડ તત્ત્વોને ગ્રહણ કરી નવું વંટોળીઉં ઉભું કરે છે ને ત્યાંથી પણ આગળ ગતિ કરે છે. એ રીતે તે એક સ્થાનેથી બીજે સ્થાને પ્રવાસ કર્યાજ કરે છે, અને આખરે જ્યારે તેની બધી શકિત ખૂટી જાય ત્યારે તે શમી જાય છે. તેથી જ્યારે આપણા અંતઃકરણનો અંત આવશે, યાને તેના જ્યારે ભાંગીને સાવ ચૂરેચૂરા થઇ જશે અને કોઇ પણ જાતના સંસ્કાર બાકી નહિ રહે, ત્યારેજ આપણે સાવ મુક્ત બનીશું; ત્યાંસુધી તો આપણે બંધનમાંજ છીએ. ત્યાંસુધી તો જીવાત્મા મનરૂપી વંટોળીઆથી ઘેરાયેલો રહીને એમજ કલ્પી લે છે કે, તેને બીજોજ કોઈ એક સ્થાનેથી બીજે સ્થાને ગતિ કરાવે છે. પણ જ્યારે મનરૂપી વંટોળીઓ શમી જશે, ત્યારે જીવાત્માને જણાશે કે, પોતે તો વિશ્વવ્યાપી છે અને એની ગતિને રોકવાવાળું કોઈજ નથી. એ પોતે સાવ મુક્ત છે અને મરજી પડે તેટલાં મન તથા શરીર નવાં બનાવવાની તેનામાં શક્તિ છે. પરંતુ એ સ્થિતિ પ્રાપ્ત થતાં સુધી તો જીવાત્માને મનરૂપી વંટોળીઆ સાથેજ જવું પડશે. બધા સંસ્કાર નષ્ટ થતાં સુધી તો મનથી અલગ રહીને આત્મા ગતિ કરી શકે એમ બનવાનુંજ નથી. આ મનનું મરી જવું એનુંજ નામ મુકિત છે, અને મુકિતના એજ લક્ષ્યસ્થાન તરફ આપણે સૌ પ્રયાણ કરી રહ્યાં છીએ.

ધારો કે, આ ખંડમાં એક દડો છે, અને આપણા દરેકના હાથમાં એકેકી લાકડી છે. હવે આપણે બધાજ જો તે દડાને ફટકા ઉપર ફટકા લગાવવા માંડીએ અને તેને એક ઠેકાણેથી

બીજે દોડાવ્યા કરીએ, તો દોડમ દોડ કરતો એ આખરે એક વાર તો જરૂર ખુલ્લા બારણામાં થઇને નીકળી જવાનો. કયી શક્તિના જોરે અને કયી દિશામાં તે બહાર જશે વારૂ ? તો કે એનો નિર્ણય તો ખંડની અંદર એનાપર જે જે શક્તિઓનો પ્રયોગ થતો હોય તે શક્તિઓના પ્રમાણપર આધાર રાખે છે. એ દડા પર જૂદા જૂદા જે ફટકા પડયા હતા, તે તમામની અસર તેની બહારની ગતિ અને દિશા નક્કી કરશે. તેજ મુજબ આપણું પ્રત્યેક શારીરિક અને માનસિક કાર્ય, આપણા મનરૂપી દડાપર ફટકાનું કામ કરે છે. સંસારરૂપી ઓરડાની અંદર મનરૂપી દડો ગોંધાયો છે અને તેનાપર આપણાં શારીરિક અને માનસિક કાર્યરૂપી ફટકા પડયેજ જઇને ઓરડામાંથી છૂટવાનો આધાર એ બધા ફટકાની શકિત ઉપર રહ્યો છે. દડાની ગતિ અને દિશા જેમ તેને પડેલા ફટકાઓ ઉપરથી નક્કી થાય છે, તેમ આ સંસારમાંનાં આપણાં કાર્યો ઉપરથી આપણો ભાવિ જન્મ નક્કી થાય છે. આ ઉપરથી સ્વાભાવિક રીતેજ સિદ્ધ થઇ જાય છે કે, આપણો વર્તમાન જન્મ એ તો આપણા પૂર્વજન્મનાં કૃત્યોનું પરિણામ છે. એક દૃષ્ટાંત લઇએ. ધારો કે, હું તમને એક અનંત કહેતાં જેનો છેડો ન હોય તેવી એક સાંકળ આપું છું. તે સાંકળની અંદર વારાફરતી એક ધોળી અને એક કાળી એવી કડીઓ રહેલી છે, તે પણ આદિ અને અંત વગરની છે. હવે આ વસ્તુ કયી છે અને તેનાં ખાસ લક્ષણ શાં છે, એ હું જાણવા માગું. તો તમે તે કેવી રીતે નક્કી કરો વારૂ ? એ નક્કી કરવામાં શરૂમાં તો તમને મુશ્કેલી જણાશે. કેમકે સાંકળ બન્ને છેડે અનંત છે. પણ પછી ધીમે ધીમે તમે સાંકળ સરકાવતા જશો, તેમ તેમ તમારી ખાત્રી થતી જશે કે, એ વસ્તુ છે તો સાંકળજ. થોડી વાર પછી તમને તરત જણાશે કે, એ અનંત સાંકળમાં ધોળી અને કાળી કડીઓ વારાફરતી આવ્યા કરે છે, અને તેથી તર્ક બાંધશો કે એ આખી સાંકળ એક ધોળી અને એક કાળી એવા ચોક્કસ ક્રમવાળી કડીઓની બનેલી છે. હવે, એનાં લક્ષણ જાણવા માટે એકજ કડીનું લક્ષણ જો તમે નિશ્ચિત કરી શકો, તો આખી સાંકળનાં લક્ષણ આપોઆપ નક્કી થઇ જાય. કેમકે આખીજ સાંકળમાં તેજ જાતની કડીની પુનરાવૃત્તિ સિવાય બીજું કંઇજ નથી. આ પ્રમાણે આપણી જીંદગી એક અનંત સાંકળ સમાન છે. એ જીવનસાંકળ આપણાં સઘળાંજ ભૂત, વર્તમાન અને ભવિષ્ય જીવનરૂપી કડીઓની બનેલી છે. એકેકું જીવન તે એ સાંકળની એકેકી કડી છે. એ પ્રત્યેક કડીને જન્મમરણરૂપી બે છેડા છે, અને તે બન્ને છેડાના આદિ તથા અંતનો પત્તો નથી. આ સંસારમાંના આપણા અસ્તિત્વની અને

કાર્યોની નજીવા ફેરફાર સાથે વારંવાર પુનરાવૃત્તિજ થતી રહે છે. તેથી આપણે આ બે કડીઓને જો ચોક્કસ જાણી લઇએ, તો આ સંસારમાં આપણે જે જે માર્ગોમાં થઇને પસાર થવાનું છે તે બધા માર્ગો પણ જાણી શકીએ. આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે, આ સંસારની અંદરનો આપણો માર્ગ આપણા પૂર્વ-માર્ગોથી અને પૂર્વકૃત કૃત્યોથી ચોક્કસ નક્કી થયેલો હોય છે. વળી જતી વખતે જેમ આપણાં વર્તમાન કાર્યોનું એકંદર ફળ લઇને જવાનું થાય છે, તેમ આવતી વખતે પણ ભૂતજન્મનાં કાર્યોનું ફળ લઇને આવવું પડે છે-અર્થાત્ આપણને સંસારની બહાર લઇ જનાર તેમજ અંદર લાવનાર વસ્તુ એકજ છે. આપણને એ કોણ અંદર લાવે છે ? તો કે આપણાં આગલાં કૃત્યો. અને આપણને બહાર કોણ લઇ જાય છે ? તો કે આપણાં આ જીંદગીનાં વર્તમાન કૃત્યો. કોશેટાનો કીડો જેમ પોતાના મોંમાંથી તાંતણા કાઢીને કોશેટો બનાવે છે અને અંતે તેની અંદર પોતે ગોંધાઇ જાય છે, તેમ આપણે પણ આપણાં કૃત્યોરૂપી તાંતણાની જાળ આપણી ચોતરફ પાથરી દીધી છે. એ રીતે કાર્યકારણના નિયમને ચાવી આપીને આપણે એક વાર ગતિમાં મૂકયો છે. અને હવે તેમાંથી છૂટવાની બારી મેળવવાની મુસ્કેલી ઉભી થઈ છે. આપણાં કૃત્યોથી આપણે પોતે જન્મમરણરૂપી ચક્કરને ચલાવ્યું છે ને તે ચક્કર તળે આપણે છુંદાઇ રહ્યાં છીએ. આ મુજબ આ અદ્વૈત વેદાંત આપણને શીખવાડે છે કે, આપણે આપણાં પોતાનાંજ કાર્યોથી એકસરખાં જકડાતાં ચાલીએ છીએ.

આત્મા કદાપિ આવતો નથી કે જતો નથી, અને જન્મતો કે મરતો નથી. આત્માની આગળ રહીને પ્રકૃતિજ ગતિ કરી રહી છે. પ્રકૃતિની તે ગતિનું આત્માપર પ્રતિબિંબ પડે છે અને તે પરથી અ-જાણપણે જીવાત્મા એમ માની લે છે કે, પ્રકૃતિ નહિ પણ પોતે ગતિ કરી રહ્યો છે. આત્મા જ્યારે આમ માનતો હોય છે, ત્યારે તે બંધનમાં હોય છે. પણ જ્યારે તે એમ માનવા લાગે છે કે, પોતાને કદાપિ ગતિ કરવાપણું છેજ નહિ, કેમકે પોતે તો સર્વવ્યાપી છે, ત્યારે માયાના બંધનમાંથી તેની મુક્તિ થાય છે. બંધનયુક્ત આત્માને જીવ કહે છે. આ ઉપરથી તમે જોઈ શકશો કે, આત્મા આવે છે ને જાય છે, એમ જે કહે-વામાં આવે છે તે માત્ર સમજવાની સગવડ માટેજ. જેમ ખગોળના અભ્યાસમાં અનુકૂળતા પડે એટલા માટે તમને એમ ધારી લેવાનું કહેવા-માં આવે છે કે, સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે-જો કે વાસ્તવિક પ્રકાર તેથી ઉલટો હોય છે-તેમ આ ઠેકાણે આત્માના સંબંધમાં પણ તેવો પ્રયોગ માત્ર સગવડતાની ખાતરજ કરવામાં આવે છે. બાકી એને તો જવાનુંયે નથી હોતું ને આવવાનુંયે નથી હોતું. જીવને ઉત્તમ અને

કનિષ્ઠ દશામાં વારાફરતી આવવું પડે છે; તે આવવા-જવાના નિયમને પુનર્જન્મનો નિયમ કહે છે, અને એ પ્રખ્યાત પુનર્જન્મનો નિયમ સૃષ્ટિમાત્રને એકસરખો બંધનકર્તા છે.

માણસ જાનવર કોટિમાંથી જન્મે છે, એ વિચાર આ દેશના લોકોને ઘણી વાર બહુ ભયંકર ભાસે છે; પણ શાંતપણે વિચારી જોતાં તેમ નહિ લાગે. આ લક્ષાવધિ જીવજંતુઓને જો માનવદશા પ્રાપ્ત નજ થવાની હોય, તો એ બિચારાંનો શો ફેજ આવે બારૂ? શું સૃષ્ટિમાં એમનો કંઇ ગણતીજ નથી? જેમ આપણને જીવ છે, તેમ તેમને પણ છે; જો તેમને ન હોય, તો આપણને પણ નથી. એકલા માણસનેજ જીવ છે અને અન્ય જીવજંતુ કે પ્રાણીઓને જીવ નથી એમ કહેવું બિલકુલ બેહૂદું છે. કારણ કે જાનવરો કરતાં પણ નપાટ માણસો મારા જોવામાં આવ્યાં છે.

મનુષ્યમાત્રનો આત્મા નિકૃષ્ટ તેમજ ઉત્કૃષ્ટ કોટિઓમાં રહી ચૂકેલો હોય છે. સંસ્કારો અનુસાર એક કોટિમાંથી બીજી કોટિમાં તેનું સ્થાનાંતર થઈ તે મનુષ્યકોટિમાં અવતર્યો છે, અને આ મનુષ્યકોટિજ એક એવી સર્વોત્તમ છે, કે જેમાં જીવાત્માને મુકિત પ્રાપ્ત થઈ શકે. મનુષ્યાવતાર દેવો કરતાં પણ ચઢીઆતો છે. મતલબ કે, સમસ્ત સૃષ્ટિમાં સર્વોત્તમ જન્મ મનુષ્યનો છે, કેમકે મનુષ્યજન્મ-માંજ મુક્તિ સંપાદન થઈ શકે છે.

આ આખું બ્રહ્માંડ બ્રહ્મની અંદર રહેલું હતું. બ્રહ્મની અંદરથી જાણે તે બહાર નીકળી પડ્યું છે અને પાછું પોતાના મૂળસ્વરૂપ બ્રહ્મમાં સમાઈ જવા તે ગતિ કરી રહ્યું છે. વિદ્યુત્ જેમ વિદ્યુતયંત્રમાંથી નીકળી પોતાનો ફેરો પૂરો કરી વિદ્યુતયંત્રમાં સમાઈ જાય છે, તેમ આ વિશ્વ અગર બ્રહ્માંડ પણ બ્રહ્મમાંથી નીકળી પોતાનો ફેરો પૂરો થતાં બ્રહ્મમાંજ લીન થશે. જીવાત્માના સંબંધમાં પણ તેવોજ પ્રકાર છે. બ્રહ્મમાંથી નીકળીને તે તમામ ઉદ્‌ભિજ્જ અને પ્રાણીયોનિઓમાંથી પસાર થતો થતો અંતે મનુષ્ય-યોનિમાં આવેલો છે, અને આ મનુષ્યયોનિજ બ્રહ્મની પુનઃ પ્રાપ્તિને માટે નિકટમાં નિકટની બારી છે. જે બ્રહ્મમાંથી આપણે બહાર પડ્યા છીએ, તેમાં પાછા સમાઇ જવું, એ આપણા જીવનની મોટા-માં મોટી ખટપટ છે. માણસોને ખબર હોય કે ન હોય પણ તેઓ બધાંજ આ ખટપટમાં યાને આ જીવનસંગ્રામમાં મચેલાં છે. આ જગતમાંની ખનિજ, ઉદ્‌ભિજ્જ કે પ્રાણીસૃષ્ટિની અંદર આપણે ગતિ જેવું કે ખટપટ જેવું જે કંઇ જોઇએ છીએ, તે તમામ આ મૂળકેન્દ્ર બ્રહ્મમાં પાછું સમાઈ ચિરશાંતિને પ્રાપ્ત કરવા માટે-નોજ પ્રયત્ન છે. એક વાર જે સમતોલપણું હતું તે નષ્ટ થવા પામ્યું છે, અને તે નષ્ટ થયેલા સમતોલપણાને પુનઃ પ્રાપ્ત કરવા

માટે બધા અંશો, બધાં અણુઓ અને બધાં પરમાણુઓ અવિરત ખટપટ આદરી રહ્યાં છે. એ ખટપટમાં–એ માથાફોડમાંજ તેઓ પરસ્પર સાથે જોડાય છે, આકૃતિઓ પર આકૃતિઓ બનાવે છે અને એ રીતે આ સૃષ્ટિનો અદ્ભુત ચમત્કાર નીપજાવે છે. પ્રાણીસૃષ્ટિ, ઉદ્‌ભિજ્જ સૃષ્ટિ તેમ બીજી બધી સૃષ્ટિઓની અંદર જે જે જીવનસંગ્રામ અને જીવનસ્પર્ધા નજરે આવે છે, તથા મનુષ્ય-સમાજમાં પણ જે જે સામાજિક ઝઘડા ને રણસંગ્રામો મચે છે તે બધાય આ ગુમાયલું સમતોલપણું પાછું મેળવવા કાજેની જે અનંત માથાફોડ ચાલી રહી છે તેનાંજ વિવિધ રૂપ અથવા આવિર્ભાવ છે.

જન્મથી મરણસુધી જવાની મુસાફરીને સંસ્કૃતમાં સંસાર નામ આપવામાં આવેલું છે, અને સંસારનો અક્ષરશઃ અર્થ એજ થાય છે કે, જન્મમરણનો ફેરો. સઘળીજ સૃષ્ટિ આ ફેરામાંથી પસાર થતી થતી મોડે વહેલે પણ મુક્ત થશે એ નક્કી છે. હવે આ ઠેકાણે કોઈ શંકા ઉઠાવશે કે, આપણ બધાંને મોડે વહેલે પણ મુક્તિનો લાભ થવાનોજ છે તો પછી તેની પ્રાપ્તિ અર્થે આપણે નાહક ખટપટ શામાટ કરવી જોઇએ ? જો પ્રત્યેક જણ મુક્ત થવાનુંજ હોય, તો તો પછી આપણે શાંત બેસી રહીને રાહ કેમ ન જોવી ? મોડે વહેલે પ્રત્યેક જણ મુક્ત થનાર હોઇ કોઇ હમેશને માટે ગુમ થનાર નથી, અને કોઇનો નાશ નહિ થતાં મોડો વહેલો પણ બધાંયનો ઉદ્ધાર થવાનો છે. તો પછી આપણી આ બધી ખટપટનું શું પ્રયોજન છે ? આ શંકાના સમાધાનમાં એટલુંજ કહેવાનું કે, આ ખટપટ યાને આ જીવનસંગ્રામના સાધનદ્વારાજ આપણે આપણા કેન્દ્રસ્થાન બ્રહ્મને પ્રાપ્ત થઈ શકીએ છીએ; અને બીજી વાત એ પણ છે કે, આપણે શામાટે ખટપટમાં ઉતરીએ છીએ તેની આપણને ખબરજ નથી. કારણ કે આપણી મરજી હોય કે ન હોય પણ એ ખટપટમાં તો આપણને ઉતરવુંજ પડે છે. અને આ જીવનસંગ્રામ ખેલ્યા વગર આપણો છૂટકોજ થતો નથી. ઠીકજ કહેવાયું છે કે "આપણે મુકત થઇશું એ ખ્યાલ હજારોમાંના કોઇકમાંજ જાગ્રત થયો હોય છે." બાકી મનુષ્યોનો મોટો ભાગ તો ભૌતિકજ પદાર્થોના ભોગોમાં તૃપ્તિ માનનારો હોય છે; પણ થોડાંક મનુષ્યો એવાં પણ જરૂર હોય છે કે જેઓ આ સંસારમાં માત્ર ખેલ પેઠેજ ખેલી રહ્યાં હોઈ જાગ્રત થયાં હોય છે અને પોતાના મૂળસ્થાનમાં પાછાં ફરવા ઇંતેજાર હોય છે. આવા ઇંતેજાર જીવો જ્ઞાનપૂર્વક જીવનસંગ્રામ ખેલતા હોય છે, ત્યારે બાકીના બીજા અજ્ઞાનપૂર્વક ખેલે છે; પણ એ સંગ્રામ ખેલવો તો બધાય જીવોને પડે છે, એ વાત નિર્વિવાદ છે.

'સંસારત્યાગ' એ તો વેદાંતનો પ્રધાન સૂર છે. અસત્ વસ્તુના પરિત્યાગપૂર્વક સત્‌ને ગ્રહણ કરવા વેદાંત ટોકી ટોકીને ઉપદેશ આપે છે, તે જોઇ સંસારના આસકત જીવડાઓ કદાચને પૂછશે કે "આવા

મઝેના સંસારમાંથી નીસરી શામાટે આપણે મૂળકેંદ્રમાં પાછા જવાનો પ્રયાસ કરવો જોઇએ? આપણે બધાં પરમેશ્વરમાંથી પ્રકટયાં છીએ એ વાત સાચી માનીએ, તોપણ અમને તો આ સંસાર અતિશય સુંદર અને મીઠો લાગે છે; તો પછી અમારે એવા મીઠા મઝેના સંસારમાં વધારે ને વધારે રચ્યા પચ્યા કેમ ન રહેવું? એમાંથી બહાર છૂટવાનો અમારે શામાટે પ્રયત્ન આદરવો?" એમ પૂછી તેઓ બતાવે છે કે 'જુઓ, સંસારની અંદર પ્રતિદિન કેવા અજબ સુધારા થયે જાય છે, અને સંસારીઓમાટે વિલાસની નવી નવી સામગ્રી કેટલી બધી અસ્તિત્વમાં આવતી જાય છે! આ સંસાર ખરેજ માણવા જેવો છે. અનિશ્ચિત વસ્તુને છોડીને શામાટે અમે બીજી અનિશ્ચિત વસ્તુને માટે ફાંફાં મારીએ?' આનો જવાબ એટલોજ છે કે, આ દુનિયાનો જરૂરજ એક વાર અંત આવવાનો છે, દુન્યવી તમામ વસ્તુઓના એક વાર ચોક્કસ ભાંગીને ભૂરચે ભુરચા ઉડી જવાના છે; અને વળી આવા ભોગવિલાસો તો આપણે અનેક વાર ભોગવી ચૂકયાં છીએ. જે બધાં રૂપો અત્યારે આપણે દુનિયામાં જોઇએ છીએ, તે તમામ કેટલીએ વાર દુનિયામાં દેખાઇ ચૂકયાં છે, અને અત્યારે આપણે જેવા સંસારમાં જીવીએ છીએ તેવા કેટલાયે સંસારો પૂર્વે કેટલીયે વાર અસ્તિત્વમાં આવી ગયા છે. મેં આજ ઠેકાણે પૂર્વે કેટલીયે વાર તમારી સાથે વાતો કરી છે. અત્યારે તમે જે વચનો ધ્યાનપૂર્વક શ્રવણ કરો છો, તેનાં તેજ વચનો પૂર્વે કેટલીયે વાર તમે શ્રવણ કરી ચૂકયાં છો, અને કેટલીયે વાર હજી તેમ કરશો. વખત આવતાં આ વાત તમને યથાર્થ સમજાશે. યાદ રાખો કે, જીવાત્મા કદાપિ બદલાતા નથી, દેહોજ માત્ર વારંવાર લય પામીને ફરી ફરીને પ્રગટે છે; જીવો તો તેના તેજ રહે છે. બીજી વાત એ યાદ રાખવાની છે કે, આ બધી ઘટનાઓની ચોક્કસ અંતરે પુનરાવૃત્તિ થયા કરે છે. ધારો કે, આપણી પાસે અહીં ત્રણ કે ચાર પાસા છે. એ પાસાને નાખતાં એકેક પાસો ૫-૪-૩-૨ ના દાણા બતાવે છે. એ રીતે જો આપણે પાસા ફેંકયાજ કરીએ, તો એવા પ્રસંગ કેટલાયે આવશે કે જ્યારે ઉપરનાજ દાણાની આબેહૂબ પુનરાવૃત્તિ થતી હશે. બસ ફેંકયેજ જાઓ, અને ફાવે તેટલા લાંબે ગાળે પણ તે દાણા ફરીને પડવાનાજ. કેટલા ફેરામાં તે દાણા ફરીને પડશે તે ખાત્રીપૂર્વક ન કહી શકાય; કેમકે એનો આધાર કિસ્મતપર છે, પણ એના એ દાણા ફરી પાછા આવશે, એ વાત તો નિર્વિવાદ છે. આબેહૂબ તેજ પ્રકાર આત્મા અને તેની પરિસ્થિતિઓના સંબંધમાં બને છે. ગમે તેટલા લાંબા ગાળે પણ એની એજ જાતના સંયોગો આવી મળે છે, થોડી મુદત રહે છે અને પાછા ફરી છૂટા પડી વીખરાઈ જાય છે. જીંદગીની સાંકળમાં આવું તો કેટલીય

વાર બન્યા કરે છે. એજ જન્મ, એજ ખાવાપીવાની અને અંતે મરવાની ઘટમાળ ચાલ્યાજ કરે છે. ખરૂં છે કે, કેટલાકને આ સંસારના ભોગવિલાસો કરતાં વધારે ઉચ્ચ વસ્તુ નથી જણાતી, પણ જેઓ ઉંચે ને ઉંચે ઉડવાની અભિલાષા ધરાવતા હોય છે, તેમને તો તરત સમજાઈ જાય છે કે, આ ભોગવિલાસો કંઈ અંતિમ લક્ષ્યબિંદુ નથી, પણ અંતિમ લક્ષ્યસ્થાનના માર્ગમાં આવતી કિંચિત્ આકર્ષક વસ્તુઓમાત્ર છે.

નાના કીડાથી માંડીને તે સર્વશ્રેષ્ઠ મનુષ્યસુધીની તમામ દેહપરંપરા ચગડોળનાં પલ્લાંઓ સમાન છે. એ ચગડોળ નિરંતર ફર્યા કરે છે. તેનાં પલ્લાં કાયમ રહે છે, પણ તેમાં બેસનારાં માત્ર વખતોવખત બદલાયાં કરે છે. જેમ એક માણસ એક ખાનામાં બેસી ચગડોળમાં ફરવાની મોજ લઈને વિદાય થઈ જાય છે, તેમ આ સંસારરૂપી ચગડોળની અંદર પણ એક જીવાત્મા એક દેહમાં દાખલ થઈ તેમાં થોડોક કાળ રહી બીજામાં પ્રવેશે છે અને થોડાક વખત પછી બીજાને છોડી વળી ત્રીજામાં પેસે છે. એ રીતે ચગડોળ તો સતત ફર્યાજ કરે છે. તેની સાથે જીવાત્મા પણ પોતાનો ફેરો ફર્યા કરે છે, અને પોતાના સંસ્કાર પ્રમાણેનો નિશ્ચિત ફેરો પૂર્ણ થતાંજ તે બહાર નીકળી જઈ ચગડોળમાંથી મુક્ત થાય છે.

મનુષ્યની જીંદગીની ભૂત અને ભવિષ્ય ઘટનાઓ કહેવાની અદ્ભુત શકિતઓ દરેક દેશમાં અને દરેક યુગમાં માલમ પડે છે. એમ શી રીતે બની શકતું હશે, તેનો ખુલાસો આવો છેઃ-જ્યાંસુધી આત્મા કાર્યકારણના નિયમની સત્તા તળે છે, ત્યાંસુધી તેનાં કાર્યોપર કાર્યકારણના નિયમોનો અતિશય જબરો પ્રભાવ પડે છે, અને તેથીજ આ રહસ્ય યથાર્થ સમજનારા અને કાર્યોની પરંપરાના ક્રમને યથાર્થ પારખવાની અંતર્દૃષ્ટિવાળા સુજ્ઞો ભૂત અને ભવિષ્યકાળની વાતો કહી શકે છે. આત્મા કાર્યકારણના નિયમની સત્તા તળે છે એ વાત સાચી, પણ તેથી એનો સ્વાભાવિક મુક્ત સ્વભાવ નષ્ટ થતો નથી અને તેથી મરજીમાં પડે ત્યારે તે કાર્યકારણના નિયમને ઉલ્લંઘી શકે છે; અને મુક્તાત્માઓના સંબંધમાં બને છે તેમ જીવાત્માને કાર્યકારણની જંજીરમાંથી ફાવે ત્યારે છોડવવાની તેની તાકાત જેવી ને તેવી અકુંઠિત રહે છે.

જીવનમાં જ્યાંસુધી કોઈ જાતની તૃષ્ણા કે તંગી જણાય છે, ત્યાંસુધી જીવન અપૂર્ણ છે એમ ખાત્રીથી માની લેવું; કેમકે તૃષ્ણા કે તંગી એ અપૂર્ણતાની ચોક્કસ નિશાની છે. સંપૂર્ણ અને મુક્ત આત્માને કદી કોઈ જાતની તૃષ્ણા હોવાનો સંભવજ નથી. પરમેશ્વરને કશાયની ઉણપ હોય નહિ. એને જો કોઈ તરેહની તૃષ્ણા હોય, તો એ ઈશ્વર હોઈ શકેજ નહિ. કારણ એમ થવાથી તો એ સંપૂર્ણ

ટળીને અપૂર્ણ બને છે. તેટલા માટે ભગવાનને અમુક અમુકના ભાવ છે, ભગવાનને અમુક વસ્તુ જોઇએ છે તથા ભગવાન વારાફરતી કોપાયમાન અને પ્રસન્ન થયા કરે છે—એવી એવી વાતો કેવળ અર્થવગરની બાળકોની વાતો છે, એમ સમજો. એટલા સારૂજ બધા મહાન આચાર્યોનો ઉપદેશ છે કે "કશાની તૃષ્ણા કે વાસના ન રાખો, તૃષ્ણામાત્રનો ત્યાગ કરીને સંપૂર્ણ તૃપ્તિનું સેવન કરો."

બાળક દુનિયામાં અવતરે છે, ત્યારે પેટે ઘસડાતી યાને નિરાધાર અને દંતહીન દશામાં હોય છે. તે પ્રમાણે ઘરડા આદમીને દુનિયા છોડીને જવાનું થાય છે ત્યારે તેની દશા પણ બાળકના જેવીજ નિરાધાર અને દંતવિહીન હોય છે. આ ઉપરથી સમજાશે કે, મનુષ્યજીવનના બન્ને છેડા સમાન છે; પણ બાળકને પોતાની આગળની જીંદગીનો લેશ પણ અનુભવ હોતો નથી, ત્યારે વૃદ્ધે દુનિયાની લગભગ બધીજ લીલી સૂકી જોઇ લાંધી હોય છે. જ્યારે ઈથરનાં આંદોલનો બહુ નીચાં હોય છે, ત્યારે આપણને પ્રકાશ જણાતો નથી, પણ અંધકાર જણાય છે; તેમજ જ્યારે ઈથરનાં મોજાં બહુ ઉંચે હોય છે, ત્યારે પણ પરિણામ અંધકારનું આવે છે. આ રીતે જ્યાં જુઓ ત્યાં અંતિમ છેડા સમાનજ દીઠામાં આવે છે. પછી બન્ને છેડા વચ્ચેનું અંતર ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલું ભલેને હોય! દિવાલને જેમ કોઇ તરેહની તૃષ્ણા હોતી નથી, તેમ સંપૂર્ણાત્માને પણ હોતી નથી. પરંતુ આ બન્ને વચ્ચે તફાવત એટલોજ છે કે, દિવાલને તૃષ્ણા સેવવા જેટલી બુદ્ધિ નથી અને માણસને બુદ્ધિ છે, છતાં સંપૂર્ણાવસ્થામાં તેને વાંચ્છવાપણું કંઇ રહેતું નથી. દુનિયામાં એવા પણ મૂઢ આદમી મળી આવે છે કે જેમને કોઇજ જાતની અભિલાષા નથી હોતી; પણ એ કંઇ સંપૂર્ણ ન કહેવાય. કેમકે એમનું મગજ અપૂર્ણ હાલતમાં છે અને તેથી તેમને તૃષ્ણા કે વાસનાનો ખ્યાલ સરખો નથી હોતો. મૂઢ આદમી અને સંપૂર્ણ આદમી એકજ જાતના અસ્તિત્વના સામસામેના છેડા સમાન છે. એક છેડો કહેતાં મૂઢ એ પશુયોનિનો નિકટવર્તી છે, ત્યારે બીજો છેડો કહેતાં સંપૂર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલો માણસ ઈશ્વરની સમીપવર્તી છે, કિંબહુના સ્વયં ઈશ્વરસ્વરૂપ છે.

१४–आत्मा*

જર્મન પંડિત મેક્સમૂલરનો 'વેદાંત ફિલસૂફી ઉપર ત્રણ વ્યાખ્યાનો'–એ નામનો પ્રસિદ્ધ ગ્રંથ તો તમારામાંનાં ઘણાં જણે વાંચ્યો છે. તે ઉપરાંત તમારામાંનાં કેટલાંકે તો વળી એજ વેદાંત વિષયપર જર્મન પ્રૉફેસર ડ્યુસને લખેલો ગ્રંથ પણ કદાચ વાંચ્યો હશે. અમારા ભારતવર્ષની ધાર્મિક વિચારસરણી ઉપર પશ્ચિમના મુલકોમાં જે જે કંઇ લખાય છે કે ઉપદેશાય છે તેમાં અમારા અનેક તાત્ત્વિક વાદોમાંના એકનું મુખ્યત્વે આલોચન કરવામાં આવે છે. અમારો એ વાદ તે અદ્વૈતવાદ છે. તમારે ત્યાં આ વિષયપર થતાં લખાણો અને વ્યાખ્યાનોમાં કેટલીક વાર એમ પણ ધારી લેવામાં આવે છે કે, આ એક અદ્વૈતવાદમાં વેદોના સંપૂર્ણ જ્ઞાનોપદેશનો સમાવેશ થઇ જાય છે; પરંતુ વસ્તુસ્થિતિ તેવી નથી. અમારે ત્યાં ભિન્ન ભિન્ન અનેક તાત્ત્વિક વાદો અસ્તિત્વમાં આવેલા છે, અને એ બીજા વાદોની સરખામણીમાં આ અદ્વૈતવાદ તો હજી આજકાલનો કે આધુનિકજ લેખાય. અત્યંત પ્રાચીન સમયથી ભારતવર્ષમાં વિવિધ તાત્ત્વિક સંપ્રદાયો અસ્તિત્વમાં આવતા રહ્યા છે. આનું કારણ એ છે કે, પ્રત્યેક સંપ્રદાયવાળાઓએ અમુક સિદ્ધાંતો તો માનવાજ જોઇએ એવું પ્રતિપાદન કરનાર કોઇ ધાર્મિક સંસ્થા કે ધાર્મિક પંચની પ્રથાનો અમારે ત્યાં મૂળ થકીજ અભાવ હોવાને લીધે લોકોને પોતાના ધર્મનું સ્વરૂપ પોતેજ પસંદ કરી લેવાની, પોતાની તાત્ત્વિક વિચારસરણી પોતેજ ઘડી લેવાની અને પરિણામે પોતાના સંપ્રદાયો ચલાવવાની સ્વતંત્રતા હતી. અને તેથીજ હિંદુસ્થાન આપણને કંઇ જૂના જમાનાથી વિવિધ સંપ્રદાયો અને પંથોથી ઉભરાતું માલમ પડે છે. અત્યારે પણ હિંદુસ્થાનમાં કોણ જાણે કેટલાયે સો પંથો હશે; તેની સંખ્યાની મને પણ ચોક્કસ ખબર નથી.

ભારતવર્ષના આ વિવિધ પંથોનો વિચાર કરતાં પ્રથમ તો આપણે તેમના 'આસ્તિક' અને 'નાસ્તિક' એવા બે વિભાગ પાડીશું. વેદોને શાશ્વત સત્યના પ્રકાશકતરીકે પ્રમાણભૂત માનનારા અમારે ત્યાં આસ્તિક કહેવાય છે અને વેદોના અનાદરપૂર્વક બીજા ગ્રંથનો

---

* અમેરિકામાં આપેલું વ્યાખ્યાન

આધાર લેનારા નાસ્તિક કહેવાય છે. આસ્તિકો અગર વેદપ્રમાણીઓ-માં પણ બે પક્ષ છે. એક પક્ષ એવું પ્રતિપાદન કરે છે કે, વેદોનું પ્રમાણ બુદ્ધિ કરતાં અનેકગણું ચઢિયાતું છે, એટલે કે ચિત્તમાં ઉતરે કે ન ઉતરે, બુદ્ધિ સ્વીકારે કે ન સ્વીકારે તોપણ વેદનાં વચન એટલે માથે ચઢાવવાંજ જોઇએ. ત્યારે બીજા પક્ષનું એમ કહેવું છે કે, વેદોના જે ભાગ બુદ્ધિગમ્ય હોય તેટલાનોજ સ્વીકાર કરી બાકીના પડતા મૂકાવા જોઇએ.

આસ્તિક અગર વેદપ્રમાણીઓમાં (૧) સાંખ્યવાદી, (૨) નૈયાયિક અને (૩) મીમાંસકો, એવા ત્રણ ભેદો છે. તેમાંના પહેલા બેનું અસ્તિત્વ તાત્ત્વિક વાદોતરીકે મોજુદ છે, તથાપિ કોઇ ખાસ મત કે સંપ્રદાયની સ્થાપના કરવામાં એ બે વાદો નિષ્ફળ નીવડ્યા છે. પાછળથી નીકળેલો મીમાંસકોનો વાદ—અર્થાત્ વેદાંતવાદજ અત્યારે તો હિંદુસ્થાનની આસ્તિક પ્રજા યાને વેદને પ્રમાણભૂત લેખનારી પ્રજામાં વાસ્તવિક રીતે વ્યાપી રહેલો છે. તેમનો તત્ત્વવાદ યાને તેમની ફિલસુફી વેદાંતતરીકે ઓળખાય છે. હિંદુધર્મના વિવિધ પંથો અને મતો આ વેદાંત અથવા ઉપનિષદોમાંથીજ ઉદ્દભવ્યા છે; છતાં એકત્વને માનનારા અદ્વૈતવાદીઓ પોતાને ખાસ 'વેદાંતી' નામે ઓળખાવે છે. આનું કારણ એ છે કે, તે લોકોએ વેદાંતના પાયાપરજ પોતાના સંપ્રદાય અને તત્ત્વજ્ઞાનની આખી ઇમારત ઉભી કરી છે. આ વેદાંતવાદ વખત જતો ગયો, તેમ તેમ ફાવતો ગયો અને અત્યારે જે વિવિધ પંથો હિંદુસ્થાનમાં પ્રચલિત છે, તેનું ઉદ્દગમસ્થાન એ વેદાંતવાદની એક યા બીજી વિચારસરણીમાં રહેલું મળી આવે છે—અર્થાત્ કે હિંદુઓના અત્યારના વિવિધ પંથો વેદાંતનાજ પાયાપર એક યા બીજી રીતે ઉભા થયેલા હોઈ તે સઘળાજ વેદાંતવાદના ફાંટા છે. આમ છતાં એ વિવિધ પંથો અનેક બાબતમાં એકવાક્ય થતા નથી, એ વાત નોંધવા જેવી છે.

વેદાંતીઓના અંદર આપણને ત્રણ મુખ્ય ભેદો મળી આવે છે; છતાં પણ એક મુદ્દા ઉપર તેઓ બધાજ સહમત છે અને તે એ કે, એ ત્રણે જાતના વેદાંતીઓ ઈશ્વરના અસ્તિત્વમાં માને છે; એટલુંજ નહિ પણ એ ત્રણે વેદો ઈશ્વરની વ્યક્ત વાણી છે, એવું માનનારા છે. પરંતુ તેમની એ માન્યતા અથવા શ્રદ્ધા ખ્રિસ્તીઓ અને મુસલમાનોની પોતપોતાના ધાર્મિક ગ્રંથ બાઇબલ કે કુરાનપરત્વે હોય છે, તેવા પ્રકારની નહિ; પણ કેવળ ભિન્ન કિંબહુના વિશિષ્ટ પ્રકારની છે. અર્થાત્ વેદાંતીઓ પોતાના ધર્મગ્રંથ વેદોને ઈશ્વરની વાણીતરીકે માને છે, પણ મુસલમાનો કે ખ્રિસ્તીઓ પોતાના કુરાન કે બાઇબલને જે અર્થમાં ઈશ્વરનાં વચનામૃત-તરીકે લેખે છે,તેનાથી વેદાંતીઓની વેદવિષેની ભાવના કેવળ જૂદા

પ્રકારની છે. તેમની ભાવના એવા પ્રકારની છે કે, વેદો એ ઈશ્વરના જ્ઞાનનો આવિષ્કાર છે, યાને ઈશ્વરના જ્ઞાનનું આબેહૂબ વર્ણન છે; અને ઈશ્વર શાશ્વત હોવાથી તેનું જ્ઞાન પણ નિરંતર તેની સાથેનું સાથે રહેતું હોવાથી વેદો પણ શાશ્વત છે. તાત્પર્ય કે, વેદ એટલે ઈશ્વરી જ્ઞાનનો આવિષ્કાર અને ઈશ્વરી જ્ઞાન શાશ્વત એટલે વેદો પણ શાશ્વત, એવી અમો વેદાંતીઓની દઢ માન્યતા છે. આ સિવાય બીજી પણ એક સામાન્ય માન્યતા અમારા બધામાં જોવામાં આવે છે કે, સૃષ્ટિનો ક્રમ ચક્રવત્ છે. ઘટમાળની માફક સૃષ્ટિનો વ્યાપાર અવ્યાહત ચાલ્યાજ કરે છે. સૃષ્ટિ સમસ્ત એક વાર દૃશ્યમાન થાય છે અને બીજી વાર પાછી અદૃશ્ય બને છે. અંકુરની માફક એક વાર પ્રગટ થયા પછી કાળે કરીને તે વધુ ને વધુ સ્થૂળ રૂપ ધારણ કરે છે, અને તે પછી અગણિત કાળાવધિએ તે સૂક્ષ્મ-રૂપ બનતી જઈ અંતે પોતાના મૂળ સ્વરૂપમાં સમાઈ જાય છે. તે પછી કેટલોક અવધિ વિશ્રાંતિના રહે છે. ત્યારબાદ વળી તે ફરીને દૃશ્યમાન થવા માંડે છે અને વળી પાછી વૃદ્ધિ તથા ક્ષયના ક્રમમાંથી પૂર્વવત્ પસાર થાય છે. સૃષ્ટિનો ઉત્પત્તિક્રમ સમજાવવા માટે અમે વેદાંતીઓએ આકાશ નામના એક દ્રવ્યની અને પ્રાણ નામની શક્તિની કલ્પના સ્વીકારેલી છે. અમારૂં આ આકાશદ્રવ્ય તે તમારા વૈજ્ઞાનિકોના ઈથરદ્રવ્યને કંઈક મળતું છે. પ્રાણશક્તિ-વિષે અમારા વેદાંતીઓનું એવું કહેવું છે કે, આકાશમાં પ્રાણ-શકિતનાં આંદોલનથીજ આ વિશ્વ અથવા સૃષ્ટિનો ઉદ્ભવ થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિથી તે લયસુધીના કાલાવધિને અમે 'કલ્પ' કહીએ છીએ. જ્યારે એક કલ્પનો અંત પૂરો થવા આવે છે, ત્યારે સૃષ્ટિ-નો આ સ્થૂળ આવિષ્કાર સૂક્ષ્મ અને સૂક્ષ્મતર બનતો જઈ અંતે પોતાના અસલ સ્વરૂપ યાને આકાશદ્રવ્યમાં શમી જાય છે. આ આકાશ દ્રવ્ય જોઈ કે સ્પર્શી શકાય તેવું નથી, છતાં તેજ દ્રવ્યમાંથી સૃષ્ટિ સમસ્તની ઉત્પત્તિ થાય છે. તેવીજ રીતે કુદરતમાં આપણને ગુરુત્વાકર્ષણ, આકર્ષણ અને વિપ્રકર્ષણ અથવા પ્રતિસારણ કિંવા વિચાર, લાગણી અને જ્ઞાનતંતુના અન્ય વ્યાપાર જેવી જે શક્તિઓ જણાય છે તે તમામ વિવિધ શક્તિઓ પોતાના અસલ પ્રાણસ્વરૂપમાં લીન થાય છે અને પ્રાણશકિતનું આંદોલન બંધ પડે છે. એ પછી પાછું પ્રાણશકિતનું આંદોલન શરૂ થાય છે અને આકાશતત્ત્વપર ક્રિયા કરે છે, એટલે પાછાં સૃષ્ટિનાં આ બધાં રૂપો પોતાના નિયમિત ક્રમમાં પ્રગટ થાય છે. અર્થાત્ આકાશદ્રવ્યપર પ્રાણશકિતનું એ કાર્ય અગર આંદોલન બંધ પડતાં સૃષ્ટિનો લય થાય છે.

વેદાંતીઓના ત્રણ વર્ગો પૈકી પ્રથમ હું તમને જે વર્ગની વાત

કરવા માગું છું તે વર્ગ દ્વૈતવાદ નામે ઓળખાય છે. દ્વૈતવાદીઓનું માનવું એવું છે કે, ઇશ્વર કે જે જગતનો સ્રષ્ટા અને નિયંતા છે, તે પ્રકૃતિથી તેમજ જીવાત્માથી સદા સર્વદા ભિન્ન છે. ઇશ્વર શાશ્વત છે, તેમ પ્રકૃતિ તથા સર્વ જીવાત્માઓ પણ શાશ્વત છે. ફેર માત્ર એટલો કે, પ્રકૃતિ અને જીવાત્માઓ વ્યક્તરૂપને ધારણ કરે છે તથા પરિવર્તનને પામે છે, ત્યારે ઇશ્વર નિરંતર એક ને એકજરૂપે રહે છે. વળી દ્વૈતવાદીઓના મત મુજબ ઇશ્વર પૌરુષેય અગર માનવી લક્ષણયુક્ત છે. એટલે કે તે સાકાર નહિ, પણ સગુણરૂપે છે. દ્વૈતવાદીઓના મત મુજબ માનવીના તમામ ગુણો ઇશ્વરમાં હોય છે. તે દયાળુ છે, ન્યાયી છે; તે સત્તાધીશ છે, સર્વશક્તિમાન છે; તેની પાસે જઇ શકાય તેમ છે, તેમ તેને પ્રાર્થના સંભળાવી શકાય તેમ છે; તેને ચાહી શકાય છે તેમ તેનો ચાહ મેળવી પણ શકાય છે: ઇત્યાદિ ઇત્યાદિ માનવી લક્ષણોનું દ્વૈતવાદીઓ તરફથી ઇશ્વરમાં આરોપણ કરવામાં આવે છે. મતલબ કે, દ્વૈતવાદીઓના મત મુજબ ઇશ્વર મનુષ્યધર્મી છે, પણ તે સામાન્ય મનુષ્ય કરતાં અનંતગણો મહાન હોઇ સામાન્ય મનુષ્યમાં જણાતો એકેય દુર્ગુણ તેનામાં નથી હોતો—અર્થાત્ કે દ્વૈતવાદીઓની વ્યાખ્યા મુજબ—"ઇશ્વર એ અનંત સદ્‌ગુણોનો ભંડાર છે." વળી, દ્વૈતવાદીઓના મત મુજબ ઇશ્વરને સર્જનકાર્ય માટે જડ દ્રવ્યની અપેક્ષા રહે છે, અને પ્રકૃતિ એ દ્રવ્ય તેને પૂરૂં પાડે છે અને તેના યોગે તે સમગ્ર સૃષ્ટિ સર્જે છે. આ વેદાંતી દ્વૈતવાદીઓ ઉપરાંત બીજા પણ વેદાંતી દ્વૈતવાદીઓ છે. તેઓ પરમાણુવાદીને નામે ઓળખાય છે. આ પરમાણુવાદીઓની પ્રકૃતિ વિષેની ભાવના એવી છે કે, અનંત પરમાણુઓનો સમૂહ એજ પ્રકૃતિ, યાને પ્રકૃતિ એ અસંખ્ય પરમાણુઓના સમૂહસિવાય બીજું કંઇજ નથી. એ અનંત પરમાણુઓના સમૂહપર ઇશ્વરી ઇચ્છાની ક્રિયા થતાં સર્જનકાર્ય થાય છે—અર્થાત્ કે પરમાણુઓની મદદ લઇ ઇશ્વર પોતાની ઇચ્છાથી સર્જનકાર્ય કરે છે, એમ આ પરમાણુવાદીઓ માને છે. પરંતુ વેદાંતીઓ આ પરમાણુવાદનો સાવ ઇન્કાર કરે છે અને કહે છે કે, એ પરમાણુવાદ બિલકુલ અયુક્તિક અને અસંગત છે. કારણ કે પરમાણુ એટલે અવિભાજ્ય અણુ અને અવિભાજ્ય અણુ એટલે ભૂમિતિશાસ્ત્રના બિંદુના માફક વિભાગ કે પરિમાણ(માપ)વિનાની વસ્તુ. હવે એવી વિભાગ કે પરિમાણવિનાની વસ્તુને અનંત વાર ગુણ્યા કરીએ તોપણ તે તેના તેજ રૂપમાં રહેવાની. કેમકે વિભાગરહિત વસ્તુ વિભાગવાળી કોઇ વસ્તુને કદાપિ નીપજાવી શકે નહિ, એ તો એક સર્વમાન્ય સિદ્ધાંત છે. દાખલાતરીકે, મીંડાને ગમે તેટલી મોટી સંખ્યામાં લઇને તેમનો સરવાળો કરીએ, તોપણ એક

પૂર્ણાંક અગર આખી રકમ કદાપિ કાળે થતી નથી. આથી કરીને જો આ પરમાણુઓ વિભાગ અને પરિમાણરહિત વસ્તુઓ છે, એ વાત જો સાચી હોય, તો એવા વિભાગ અને પરિમાણરહિત પદાર્થમાંથી જગતનું સર્જનકાર્ય યાને સૃષ્ટિની ઉત્પત્તિ કેવળ અસંભવિત અને અશક્ય છે; એટલા માટેજ વેદાંતી દ્વૈતવાદીઓએ પ્રકૃતિને એક આખા અને સળંગ પદાર્થતરીકે માન્યો છે, અને એ પદાર્થમાંથી ઈશ્વર સૃષ્ટિનું સર્જનકાર્ય કરે છે, એવું વેદાંતી દ્વૈતવાદીઓ માને છે. હિંદુઓનો મોટો ભાગ આ પ્રકારનો દ્વૈતવાદી છે. એના કરતાં વધારે ઉચ્ચ ભાવ માનવી બુદ્ધિની કલ્પનામાં ઉતરીજ ન શકે. કેમકે સાધારણ રીતે મનુષ્યનો એવો સ્વભાવ છે કે, પોતાના કરતાં ઉચ્ચતર અગર ચઢીઆતી કોટિનો તેને ખ્યાલ ન આવી શકે. આથીજ આપણને દુનિયાની વસ્તીનો નેવું ટકા ભાગ, પછી તે ગમે તે ધર્મ પાળનારો કાં ન હોય, પણ દ્વૈતવાદીજ માલમ પડે છે. યૂરોપના અને પશ્ચિમ એશિયાના તમામ ધર્મપંથો દ્વૈતવાદી છે; અને તેમ હોવા વગર તેમનો છૂટકો નથી. કારણ કે સગુણ કે સાકાર ન હોય એવી કોઈ પણ વસ્તુનો ખ્યાલ સાધારણ મનુષ્યની બુદ્ધિમાં ઉતરી શકતો નથી, અને તેથી સ્વાભાવિક રીતેજ તે પોતાની બુદ્ધિ ગ્રહણ કરી શકે તે વાતને વળગી રહેવાનું પસંદ કરે છે. મતલબ કે, ઉચ્ચતર આધ્યાત્મિક ભાવનાઓને મનુષ્ય પોતાની કક્ષામાં લાવીનેજ પોતાની કલ્પના મુજબ ગ્રહણ કરી શકે છે–અર્થાત્ કે અમૂર્ત અને ભાવનાપ્રધાન વિચારોને મૂર્ત અને સગુણ સ્વરૂપ આપ્યા વગર મનુષ્યબુદ્ધિથી ઝીલાતા નથી. તેથી દ્વૈતવાદ એજ દુનિયાભરના સર્વસાધારણ મનુષ્યોનો ધર્મ થવા પામ્યો છે. ઈશ્વરવિષેની સાધારણ જનસમાજની સર્વત્ર એવી માન્યતા છે કે, તે તેમના પોતાના કરતાં સાવ સ્વતંત્ર વ્યક્તિ છે–જાણે એક મહાન રાજા કે અતુલ શક્તિશાળી સાર્વભૌમ સમ્રાટ્ ન હોય! પણ એની સાથે ઈશ્વરને તેઓ પૃથ્વીના સમ્રાટો કરતાં કેટલાયે વધારે શુદ્ધ કલ્પે છે. ઈશ્વરની અંદર સઘળાજ સદ્‌ગુણોનું તેઓ આરોપણ કરે છે ને દુર્ગુણમાત્રનો તેનામાંથી બહિષ્કાર કરે છે. આમ કરતાં તેમનાં ભાવિક અંતઃકરણોને એ ખ્યાલ નથી રહેતો કે, દુર્ગુણરહિત કેવળ સદ્‌ગુણની હયાતિ કદાપિ સંભવતી નથી. અંધારાના ખ્યાલવગર જેમ અજવાળાનો ખ્યાલ અસંભવિત છે, તેમ દુર્ગુણની હાજરી વગર સદ્‌ગુણની હાજરીવિષે સમજવાનું છે.

સર્વ જાતના દ્વૈત સિદ્ધાંતો સમજવામાં સૌથી પ્રથમ મુશ્કેલી એ આવીને ઉભી રહે છે કે, ન્યાયી અને દયાળુ ઈશ્વર કે જે અનંત અસંખ્ય સદ્‌ગુણોનો ભંડાર છે, તેના શાસન તળે રહેલા આ જગતમાં આટલા બધા દુર્ગુણો અને અનર્થો કેમ કરીને સંભવે છે?

આ સવાલ બધાજ દ્વૈતવાદી ધર્મોમાં ઉઠયો છે; પણ તેના સમાધાન માટે ખ્રિસ્તી વગેરે અન્ય ધર્મીઓએ જેમ સંતાનનો આશ્રય શોધ્યો છે, તેમ અમારા હિંદુ લોકોએ કદાપિ કર્યું નથી. અમારા હિંદુ ધર્મોએ તો એકે અવાજે એ દોષનો ટોપલો મનુષ્યનાજ શિરપર ઢોળ્યો છે, અને સર્વ પ્રકારના દુર્ગુણો માટે મનુષ્યનેજ જવાબદાર ગણ્યો છે. એમ કરવું તેમને માટે સહેલું પણ હતું; કારણ હું તમને હમણાં કહી ગયો તેમ, જીવાત્માઓ શૂન્યમાથી પેદા થયા છે એવું તેઓ અસલથી માનતાજ નહોતા. આ જીંદગીમાં તો આપણે જોઇએ છીએ કે, આપણું ભવિષ્ય આપણે પોતેજ ઘડી શકીએ છીએ; આપણામાંનો દરેક જણ રોજ ને રોજ આવતી કાલની રૂપરેખા ઘડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. આજે આપણે આવતી કાલનું ભાગ્યનિર્માણ કરીએ છીએ, અને આવતી કાલે વળી પરમ દિવસ-માટેની તૈયારી કરીશું. એ પ્રમાણે આપણો વ્યવહાર રોજ ને રોજ ચાલ્યાજ કરે છે. આ તો આપણા સર્વના અનુભવની વાત છે. હવે, આજ દલીલ અથવા બુદ્ધિવાદ ભવિષ્યકાળને બદલે ભૂતકાળને લાગુ પાડીએ તો તેમાં જરાય ખોટું થયું ન કહેવાય; કેમકે તેમ કરવું બિલકુલ સયુક્તિક છે. આપણાં પોતાનાં કર્મોથી જો આપણે આપણા ભવિષ્યના ભાગ્યને ઘડી શકતાં હોઇએ, તો તેજ નિયમ આપણા ભૂતકાળને પણ કેમ લાગુ ન પાડી શકીએ? દાખલાતરીકે એક અનંત સાંકળમાં અમુક જાતની કડીઓની ચોક્કસ સંખ્યા વારાફરતી ફરી ને ફરી આવ્યા કરતી હોય, તો એ કડીઓના એક સમુદાયની ચોક્કસ સમજૂત જો આપણને મળી જાય તો એ આખી અનંત સાંકળની સમજૂત આપણાથી આપી શકાય, એ તો સહજ સમજાય તેવું છે. બરાબર તેવીજ રીતે કાળની આ અનંત લંબાઇમાંથી અમુક ટુકડો આપણે જૂદો કાઢી તેનું વિવેચન કરીને તેને બરાબર સમજી લઇએ, તો પછી કુદરત અથવા પ્રકૃતિ એક-રૂપ છે એ સાચું હોય તો એજ સમજૂતી કાળની આખીય સાંકળને લાગુ પડવીજ જોઇએ. કાળના ટુંકા અવધિની અંદર આપણું અહીં-નું ભાવિ આપણે પોતાનાં કર્મોથી નિર્માણ કરીએ છીએ. એ વાત જો સાચી હોય અને અત્યારે આપણે જોઇએ છીએ તેમ જો પ્રત્યેક કાર્યને અંગે કારણ હોવુંજ જોઇએ એ વાત પણ સાચી હોય, તો તો એ વાત પણ એટલીજ સાચી હોવી જોઇએ કે, આપણે અત્યારે જેવા છીએ તે આપણા સમગ્ર ભૂતકાળના પરિણામરૂપ છીએ–અર્થાત્ કે મનુષ્યનું ભાગ્ય અથવા પ્રારબ્ધ નિર્માણ કરવા માટે એની પોતાની જાત સિવાય અન્ય કોઇની જવાબદારી રહેતી નથી. દુનિયાની અંદર જે જે દુર્ગુણો અને અનર્થો વિદ્યમાન છે તે આપણે પોતેજ પેદા કરેલા છે, અન્ય કોઇએ તે ઉત્પન્ન કર્યા નથી.

દુષ્ટ કાર્યોમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે, એ તો આપણા રોજના અનુભવની વાત છે. આથી આપણે સહજ સમજી શકાશું કે, દુનિયાની અંદર અત્યારે જે દુઃખો મોજુદ છે તેનો ઘણો મોટો ભાગ મનુષ્યની પોતાનીજ ભૂતકાલીન દુષ્ટતાના પરિણામરૂપ છે. આથી આ સિદ્ધાંત મુજબ તો જગતમાં પ્રવર્તી રહેલાં દુઃખો અને પાપો માટે એકલો મનુષ્યજ જવાબદાર છે, પરમકૃપાળુ પિતા એને માટે લેશ પણ દોષપાત્ર નથી. આપણે પોતે 'જેવું વાવીએ છીએ, તેવું લણીએ છીએ' એ સર્વમાન્ય સિદ્ધાંત મુજબ આપણાં ભૂતકાલીન કર્મોનાં ફળ અત્યારે ભોગવી રહ્યાં છીએ.

દ્વૈતવાદીઓનો બીજો એક ખાસ સિદ્ધાંત એવો છે કે, એકે એક જીવાત્માનો આખરે તો ઉદ્ધાર થવાનોજ. એકે જીવાત્મા મુક્ત થયા વગર રહેવાનો નહિ. વિવિધ લીલી સૂકી અને વિવિધ ભોગવિલાસ અને યાતનાઓમાંથી પસાર થતાં થતાં અંતે તો પ્રત્યેક જીવાત્માનો છૂટકારો થશે. છૂટકારો શેમાંથી થશે? તો કે ભવસાગરમાંથી. અમારા હિંદુધર્મના તમામ પંથો આ બાબતમાં તો સહમત છે કે, જીવાત્માને ભવસાગર તરીને પાર ઉતરવાનું છે. જે જગતને યાને જે મર્ત્યલોકને આપણે અત્યારે જોઇએ છીએ અને અનુભવીએ છીએ તે અગર અન્ય કોઈ કાલ્પનિક જગત કિંવા અપરલોક એ ખરાં ને સાચાં કહેતાં ઇષ્ટલોક હોઈ શકેજ નહિ; કેમકે એ બન્ને સુખદુઃખના મિશ્રણથી ભરેલાં છે. દ્વૈતવાદીઓના મત મુજબ આ જગતની પાર એક એવું સ્થાન છે કે જ્યાં નર્યું સુખ ને સુખજ ભરેલું છે; અને જ્યારે તે ઇષ્ટસ્થાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે પછી જન્મવાની, પુનર્જન્મવાની કિંવા જીવવાની ને મરવાની જરાયે જરૂર રહેતી નથી. અર્થાત્ ત્યારે જન્મમરણનો કિંવા ભવસાગરનો ફેરો ટળી જાય છે: અને એ ખ્યાલ—એ ભાવના તે લોકોને અતિશય પ્રિયકર છે. તે સ્થાનમાં રોગનું કે મૃત્યુનું નામ નથી. ત્યાં તેમને શાશ્વત સુખ મળ્યા કરશે અને નિરંતર પ્રભુના સાનિધ્યમાં રહી સદાકાળને માટે એને સુખાનંદ માણવાનો મળશે. દ્વૈતવાદીઓની માન્યતા મુજબ ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીટકથી માંડીને ને ઉત્તમમાં ઉત્તમ ફિરસ્તા અને દેવો સુદ્ધાં વહેલામોડા તે અદ્ભુત સ્થાનને પ્રાપ્ત થશે, કે જ્યાં દુઃખનો છાંટો સરખો નથી. આવી માન્યતા સાથે તેઓ એવું પણ માનવાવાળા છે કે, આપણા આ જગતનો કદાપિ અંત આવતો નથી; સમુદ્રનાં મોજાંની માફક ઉપર નીચે ગતિ કરતું યાને દશ્ય અને અદશ્ય બનતું થકું તે અનંતકાળ લગી ચાલ્યાજ કરે છે. અર્થાત્ કે કલ્પાંતરો થયા કરે છે, પણ તેનો નિઃશેષ અંત તો કદીજ આવતો નથી. ત્યારે અહીં કોઇને એવી શંકા થશે કે, જગતના બધા જીવોનો ઉદ્ધાર થઇ ગયા પછી જગતનું શું થતું

હશે? તેના સમાધાનમાં જણાવવાનું કે, ઉદ્ધરનારા જીવોની સંખ્યા પણ અનંત છે, એ સંપૂર્ણતાને પામનારા જીવોની સંખ્યાનો પણ અંત નથી. કેટલાક જીવાત્માઓ વનસ્પતિસૃષ્ટિમાં હોય છે, કેટલાક ક્ષુદ્ર જીવજંતુઓની યોનિમાં હોય છે, કેટલાક મનુષ્યયોનિમાં હોય છે અને કેટલાક દેવયોનિમાં હોય છે; પણ તે બધાજ જીવો–ઉંચામાં ઉંચા દેવજીવો પણ અપૂર્ણ હોઇ બંધનયુક્ત હોય છે. એ બંધન તે કયું બંધન વારૂ? તો કે જન્મવા–મરવાની આવશ્યકતારૂપી બંધન. ઉચ્ચમાં ઉચ્ચ દેવતાઓને પણ મરણને શરણ થવાનું હોય છે. હવે, આ ઠેકાણે બીજો એક પ્રશ્ન ઉઠશે કે, આ દેવો તે કોણ છે? કાલાવધિએ પણ જો તે મરી જતાજ હોય, તો તેમનાં નામ હમેશાં કેમ સંભળાયા કરે છે? આના જવાબમાં જણાવવાનું કે, દેવતાઓનાં આ નામો એ અમુક વ્યક્તિસૂચક નહિ, પણ અમુક અમુક દરજ્જા કે પદવીનાં સૂચક છે. દાખલાતરીકે, દેવતાઓનો રાજા ઇંદ્ર એટલે ઇંદ્ર નામની કોઈ વ્યક્તિ નહિ પણ એ નામની પદવી. આપણા મર્ત્યલોકમાં સમ્રાટ્, શાહનશાહ વગેરે જેમ અમુક પ્રજાના રાજાઓની પદવી સૂચવનારાં નામો છે, તેમ ઇંદ્ર એ દેવતાઓના રાજાની પદવીનું સૂચક છે. અમુક જીવ ગતકલ્પમાં અતિ પુણ્યશાળી હતો તે આ કલ્પમાં એ પદવી અથવા એ હોદ્દો પૂરવાને ગયો છે, અને આ કલ્પને અંતે તેનું પુણ્ય પરવારતાં તે પાછો મનુષ્યયોનિમાં આ પૃથ્વીપર અવતરશે, અને તેને ઠેકાણે જે માણસ આ કલ્પમાં બહુ પુણ્યવંતો હશે તે આવતા કલ્પમાં ઇંદ્રની પદવી ભોગવશે. બધાજ દેવતાઓના સંબંધમાં આજ પ્રકાર સમજવાનો છે. એ બધા દેવતાઓનાં નામો તે તે પદવીનાં સૂચક છે. તે પદવીપર લક્ષાવધિ જીવો વારાફરતી આવ્યા છે, ને પુણ્ય પરવારતાં ફરી પાછા મનુષ્યયોનિમાં પૃથ્વીપર અવતર્યા છે. હવે, આ ઉચ્ચ પદવીઓ કેવા જીવોને પ્રાપ્ત થાય છે? તો કે જે મનુષ્યો આ દુનિયામાં પુણ્ય અને પરોપકારનાં કામો કરવા છતાં સ્વર્ગપ્રાપ્તિની કે ઇતર જનસમાજમાં કીર્તિની લાલસારૂપી બદલાની દાનત રાખતા હોય, તેમને તેમનાં સુકૃત્યોનું ફળ તો મળવુંજ રહ્યું ને? બદલાની આશાવાળા એવા પુણ્યશાળી જીવો આ દેવતાઓની પદવીને પ્રાપ્ત થાય છે; પણ એ જાતની દેવતાપદની પ્રાપ્તિ એ કંઇ મુકતાવસ્થા નથી. બદલાની અપેક્ષા રાખનાર જીવોને કદાપિ મુકિતની પ્રાપ્તિ થતી નથી. મનુષ્ય જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે તે વસ્તુ પ્રભુ તેને આપે છે. મનુષ્યયોનિમાં આવીને જીવો સત્તા, કીર્તિ, દેવતાઓના વૈભવવિલાસ વગેરેની ઇચ્છા કરે છે, અને તેમની તે ઇચ્છાઓ પુણ્યબળે પાર પણ પડે છે. પરંતુ કોઇ પણ કર્મનું પરિણામ શાશ્વત અગર ચિરસ્થાયી હોતું નથી. તેથી તેમનાં સુકૃત્યોનું ફળ ચોક્કસ કાળે–પછી

ભલેને તે યુગો પછી કાં ન હોય-પણ આખરે પરવારી જાય છે, અને ત્યારે આ દેવજીવો પુનઃ મૃત્યુલોકમાં મનુષ્યરૂપે અવતરે છે, અને મુક્તિની પ્રાપ્તિ માટે તેમને બીજી તક મળે છે. એજ પ્રમાણે ક્ષુદ્ર યોનિના જીવો ક્રમે ક્રમે ઉચ્ચ ને ઉચ્ચ યોનિને પ્રાપ્ત થતાં થતાં મનુષ્યયોનિમાં આવે છે અને પુણ્યપ્રભાવે દેવયોનિને પણ પ્રાપ્ત કરે છે. ત્યાંથી પાછા તે પોતાનાં કૃત્યો પ્રમાણે મનુષ્યયોનિને કે પશુયોનિને પ્રાપ્ત થાય છે; અને જ્યાંસુધી એ જીવો ભોગવિલાસ-માટેની લાલસા, જીંદગી માટેની તૃષ્ણા અને 'હું' ને 'મારા'ના વળગણમાંથી છૂટતા નથી, ત્યાંસુધી તેમનું એ પ્રમાણે જન્માંતર થયાજ કરે છે. ખરૂં જોતાં તો આ 'હું ને મારૂં'જ દુનિયાના સર્વ અનર્થોનું મૂળ છે. એ અહંતાને લીધેજ સંસારસાગરમાં દુઃખો અને પાપોનું આવડું પૂર ચઢ્યું છે, એ વાત દ્વૈતવાદીઓ સારી પેઠે સમજે છે અને તેથી અહંભાવને દૂર કરવા તેઓ અહર્નિશ મથે છે. કોઇ દ્વૈતવાદીને તેના બાળક તરફ આંગળી ચીંધીને પૂછશો કે "ભાઇ! આ બાળક તમારૂં છે?" તો તે તરતજ જવાબ દેશે કે "પ્રભુજીનું. આ માલમિલ્કત પણ મારી નથી, પ્રભુજીની છે." એ રીતે દ્વૈતવાદીઓના મત મુજબ તો સર્વ કંઈ ઈશ્વરની માલકીનું લેખાવું જોઇએ.

હવે હિંદુસ્થાનમાંના દ્વૈતવાદી પંથો બધાજ શાકાહારી હોઇ અહિંસાધર્મના મહાન પૂજારી છે. પણ અહિંસાવિષેનો તેમનો ખ્યાલ બૌદ્ધો કરતાં સાવ નિરાળો છે. કોઈ બૌદ્ધને તમે પૂછશો કે "જીવહિંસા વિરુદ્ધ તું કેમ બોલે છે?" તો તે તરત કહેશે કે-"કોઇનો પણ જીવ લેવાનો આપણને અધિકાર નથી માટે." પણ તમે જો એક દ્વૈતવાદીને એવો પ્રશ્ન કરશો કે "શામાટે તું કોઇ પ્રાણીની હિંસા કરતો નથી?" તો તે તરતજ કહેશે કે "તે પ્રભુજીનું છે માટે." એ રીતે કહી દ્વૈતવાદી સૂચવે છે કે, આ 'હું અને મારા'નો ભાવ એકમાત્ર ઈશ્વરનેજ લાગુ પાડવાનો હોઈ તે એકલોજ 'અહં'રૂપ છે અને સૃષ્ટિમાંનું સર્વ કંઇ તેનુંજ છે. આ "અહં-ત્યાગની શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થાય છે યાને મનુષ્યની અંદરથી 'હું' અને મારા'નો ભાવ જ્યારે સાવ નાબુદ થઇ જાય છે; સંસાર-માંનું પોતાનું સર્વસ્વ પ્રભુજીને અર્પણ કરી દેવાય છે, અને જ્યારે તે જીવમાત્રને સમાનભાવે ચાહતો થઇ ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણી માટે પણ પોતાનો જીવ કાઢવા સર્વદા તૈયાર રહે છે છતાં કોઇ બદલા-ની ઇચ્છા સેવતો નથી, ત્યારેજ તેનું અંતઃકરણ ખરેખરૂં વિશુદ્ધ થાય છે; અને એ રીતે વિશુદ્ધ થયેલા અંતઃકરણમાંજ પ્રભુજી-નો પ્રેમ-પ્રભુ માટેની તાલાવેલી પ્રગટે છે. ઈશ્વર એ પ્રત્યેક જીવાત્મા માટે આકર્ષણનું કેન્દ્ર છે." પોતાના આ મતના સમ-

ર્શનમાં દ્વૈતવાદીઓ સોય અને લોહચુંબકનો દાખલો આપે છે અને કહે છે કે "કાદવથી ખરડાયલી સોય લોહચુંબકથી આકર્ષાતી નથી, પણ તેજ સોયપરનો કાદવ તથા મેલ ધોવાઈ જતાં તરતજ તે લોહચુંબક તરફ આકર્ષાય છે." મતલબ કે, ઇશ્વર એ એક મહાન લોહચુંબક હોઇ જીવાત્મા સોયરૂપ છે, તેથી ઇશ્વરપ્રત્યે તેનું આકર્ષણ થવુંજ જોઇએ, પણ સહજે તેમ થતું નથી. તેનું કારણ એ છે કે, આ જીવાત્મારૂપી સોયોપર દુષ્કૃત્યો અને પાપોરૂપી કાદવના થર બાઝેલા છે. એ થરો દૂર થતાંજ જીવાત્મારૂપી સોય વિશુદ્ધ બનશે અને પોતાના સ્વાભાવિક ગુણથીજ પ્રભુરૂપી લોહચુંબકભણી ખેંચાશે, તથા તેની હજુરમાંજ હંમેશને માટે રહેશે. પણ તેનું વ્યક્તિત્વ ઇશ્વરથી સદાસર્વદા નિરાળુંજ રહેશે. જીવાત્માની આ અવસ્થાને દ્વૈતવાદીઓ સંપૂર્ણાવસ્થા કહે છે. સંપૂર્ણાવસ્થાને પામેલો જીવ, મરજી હોય તો ગમે તેવું રૂપ ધારણ કરી શકે છે; એટલુંજ નહિ પણ એકસામટા સો દેહો ધારણ કરવાની પણ તેનામાં તાકાત આવે છે; પણ તેમ કરવાની તેની ઇચ્છા હોય તોજ, નહિ તો વિદેહાવસ્થા હંમેશને માટે તેની પોતાની છે. સંપૂર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલો જીવાત્મા સર્જનકાર્ય સિવાય બીજી બધી બાબતમાં લગભગ સર્વશક્તિમાન બને છે. સર્જનકાર્ય તેનાથી થઇ શકતું નથી, કેમકે એ સત્તા કેવળ ઇશ્વરનીજ છે. વળી ગમે તેવો સંપૂર્ણ આત્મા પણ જગતનાં કાર્યોની વ્યવસ્થા રાખી કે કરી શકતો નથી. જગતના નિયમનનું કાર્ય પણ ઇશ્વરનું છે; તથાપિ બધાજ જીવાત્માઓ સંપૂર્ણાવસ્થાને પ્રાપ્ત થતાં સદાને માટે સુખી બને છે અને નિરંતર પ્રભુની સાનિધ્યમાં વસે છે, એ વાત નિર્વિવાદ. આ પ્રમાણે દ્વૈતવાદીઓ પોતાના મતનું પ્રતિપાદન કરે છે. એ સિવાય દ્વૈતવાદીઓનો બીજો પણ એક સિદ્ધાંત છે. અને તે એ કે 'પ્રભો ! મને ફલાણું આપ અને ઢીંકણું આપ' એવી રીતની પ્રાર્થના પ્રભુપ્રત્યે કદાપિ ન કરવી જોઇએ. આવી પ્રાર્થનાના તેઓ સખ્ત વિરોધી છે. અને તેમ કદી ન થવું જોઇએ એવો તેમનો ખાસ મત છે. ત્યારે આ ઠેકાણે કોઇ પૂછશે કે, પાર્થિવ વસ્તુની પ્રાપ્તિમાટે કોની કને અરજ ગુજારવી ? તો કે એવા દુન્યવી પદાર્થની પ્રાપ્તિ માટે ઇશ્વર કરતાં ઉતરતા દરજ્જાના દેવતાઓ પાસે, ફિરસ્તાઓ પાસે કે એકાદા સંપૂર્ણાવસ્થાને પહોંચેલા જીવાત્મા પાસે માગણી કરવી. ઇશ્વરને તો કેવળ ચાહવાનોજ છે, તેની તો માત્ર ભક્તિજ કરવાની છે. 'ઓ ઇશ્વર ! મને અમુક આપ અને તમુક આપ' એમ કહી તેની પ્રાર્થના કરવી એ તો એ મહાન પરમાત્માની નિંદા કરવા સમાન છે. તેથી દ્વૈતવાદીઓનું એવું માનવું છે કે, મનુષ્યને મોક્ષ સિવાય બીજી જે જે ચીજની જરૂર હોય છે તે એકાદા દેવતાને આરાધ-

વાથી મોડે વહેલે મળી રહે છે, પણ જો મોક્ષનીજ ઇચ્છા હોય તો તો ઈશ્વરને ભજ્યેજ છૂટકો થાય છે. હિંદુસ્થાનના બહુજન-સમાજનો ધર્મ તે આ છે.

આ દ્વૈતવાદીઓ સિવાય સગુણ અદ્વૈતવાદીઓ નામનો એક બીજો વર્ગ વેદાંતીઓમાં છે. વાસ્તવિક વેદાંત ફિલસુફીનો એ લોકોથીજ આરંભ થાય છે. એ લોકો એમ પ્રતિપાદન કરે છે કે, કાર્ય એ પોતાના કારણથી કદાપિ ભિન્ન હોતું નથી, કિંબહુના કાર્ય એ બીજા સ્વરૂપમાં કારણનુંજ પુનરાવર્તન છે; તેથી જો આ જગતને કાર્ય માનીએ અને ઈશ્વરને તેના કારણરૂપ લેખીએ, તો જગત એ સ્વયં ઈશ્વરજ છે–ઈશ્વર સિવાય અન્ય કશું તે હોઈ શકેજ નહિ. 'ઈશ્વર પોતેજ જગતના પ્રેરક કિંવા ચેતન, અને જડ કિંવા સ્થૂળકારણરૂપ છે'–એજ સૂત્રથી તેઓ પોતાના વાદનો આરંભ કરે છે અને ગાઇ બજાવીને કહે છે કે "ઈશ્વર પોતેજ જગતનો સ્રષ્ટા હોઇ જે પદાર્થમાંથી, જે પ્રકૃતિ દ્રવ્યમાંથી જગતની ઉત્પત્તિ થયેલી છે તે દ્રવ્ય પણ તે પોતેજ છે." તમારી અંગ્રેજી ભાષામાં 'ક્રીએશન' નામનો જે શબ્દ છે તેનો યથાર્થ ભાવ દેખાડનાર શબ્દ અમારી સંસ્કૃત ભાષામાં નથી, કેમકે અમારા હિંદુસ્થાનમાં એવો એકે ધર્મપંથ નથી કે જે તમારા પાશ્ચિમાત્ય ધર્મોની માફક આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવળ શૂન્યમાંથી થયેલી માનતો હોય. આરંભની દશામાં એવું માનનારાવાળા થોડાક હતા ખરા, પણ પછી થોડાજ કાળમાં તેમને મોંયે હંમેશને માટે ડૂચા દેવાઇ ગયા. તેથી આજને સમયે તો આવી માન્યતા ધરાવનારો એકે પંથ હિંદુસ્થાનમાં મોજુદ હોય એમ હું જાણતો નથી. સૃષ્ટિની ઉત્પત્તિ કિંવા સર્જન શબ્દથી અમે કહેવા માગીએ છીએ તે એજ કે, મૂળ અસલથી અસ્તિત્વ ધરાવતી વસ્તુનો પ્રાદુર્ભાવ–અર્થાત્ કે તમારે ત્યાં જેમ કોઇ કારણે શૂન્યમાંથી ઉત્પન્ન કરેલી વસ્તુને 'ક્રીએશન' યાને સૃષ્ટિ નામે ઓળખવામાં આવે છે, તેમ અમારે ત્યાં નથી. અમે તો સૃષ્ટિ શબ્દથી મૂળ અસલથી અસ્તિત્વ ધરાવનાર વસ્તુનો આવિષ્કારમાત્ર સમજીએ છીએ. ત્યારે હવે વેદાંતી અદ્વૈતવાદીઓના મત મુજબ તો આ આખી સૃષ્ટિ સ્વયં પ્રભુરૂપ છે, અને પ્રકૃતિ દ્રવ્ય પણ તે પોતેજ છે. અમારા વેદોમાં આને માટે એક સૂત્ર છે, તેનો ભાવાર્થ એવો છે કે "ઉર્ણનાભિ કહેતાં કરોળીઓ જેમ પોતાના શરીરમાંથી તંતુઓ કાઢી જાળું બનાવે છે, તેમ–બરાબર તેમજ આ અખિલ બ્રહ્માંડનો એ પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ થયો છે."

હવે, આ વાદના સંબંધમાં એક એવો પ્રશ્ન ઉભો થઇ શકે છે કે, કાર્ય એ જો કારણનીજ અન્યરૂપે પુનરાવૃત્તિ હોય તો શાશ્વત

ચૈતન્યમય અને અજડ બ્રહ્મરૂપ કારણનું કાર્ય જે આ જગત, તે સ્થૂળ, જડ અને ચેતનહીન કેમ જણાય છે વારૂ ? કારણ કે જો વિશુદ્ધ અને સંપૂર્ણ હોય, તો તેનું કાર્ય તેનાથી છેકજ ભિન્ન કેવી રીતે હોઈ શકે ? આના જવાબમાં આ સગુણ અદ્વૈતવાદીઓ જે સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે તે બહુ વિલક્ષણ અને વિશિષ્ટ છે. તેઓ કહે છે કે પુરુષ, પ્રકૃતિ અને જીવાત્મા, એ ત્રણે અસ્તિત્વો વસ્તુતઃ એક છે. ઈશ્વર એજ જાણે જીવાત્મા છે, અને પ્રકૃતિ તથા જીવાત્મા એ જાણે ઈશ્વરનું શરીર છે. મારે ને તમારે જેમ જીવ અને દેહ બન્ને છે, તેવીજ રીતે અખિલ બ્રહ્માંડ અને બધાય જીવાત્મા ઈશ્વરના ખોળીઆરૂપ છે અને ઈશ્વર પોતે જીવાત્માઓનો પણ જીવાત્મા યાને પરમાત્મા છે. આ સિદ્ધાંત મુજબ ઈશ્વર એ જગતનું જડ કારણ છે એમ સમજવાનું છે. શરીર અગર ખોળીઉં પરિવર્તનશીલ ભલેને હોય; તરુણ કે વૃદ્ધ, સશક્ત કે અશક્ત ભલેને થયા કરે; પણ આત્માપર તેની કંઈજ અસર થતી નથી. આત્મા એ તો શરીરદ્વારા આવિષ્કૃત થતું એનું એજ શાશ્વત અસ્તિત્વ છે, શાશ્વત ચૈતન્ય છે. શરીરો એક પછી એક બદલાયા કરે છે, પણ આત્મામાં લેશ પણ પરિવર્તન થવા પામતું નથી. આબેહૂબ તેવીજ રીતે આ સમગ્ર બ્રહ્માંડ એ વિરાટ પ્રભુનું અંગ છે અને એજ અર્થમાં તે સ્વયં પ્રભુ છે. પરંતુ શરીરમાં થતું પરિવર્તન જેમ આત્માને બાધક નથી થતું, તેમ આ સ્થૂળ બ્રહ્માંડમાં થતું પરિવર્તન પરમાત્માને બાધક નથી નીવડતું. આ જડ દ્રવ્યમાંથી એટલે કે પોતાના અંગમાંથીજ તે જગતને સર્જે છે અને કલ્પને અંતે તેનું અંગ સંકોચાઈ જઈ સૂક્ષ્મતર બને છે, એટલે સૃષ્ટિનો લય થયો મનાય છે. વળી પાછો બીજા કલ્પના આરંભમાં તેના એ અંગનો વિકાસ થવા માંડે છે અને તેમાંથીજ આ વિવિધ લોકો ઉત્ક્રાંત થાય છે.

હવે આત્મા સ્વભાવતઃ વિશુદ્ધ હોય છે, પણ તેનાં પોતાનાં કર્મોદ્વારા તે અશુદ્ધ બને છે, એ વાત તો દ્વૈતવાદીઓ તેમજ સગુણ અદ્વૈતવાદીઓ બન્ને સરખી રીતે સ્વીકારે છે. પણ એ ભાવને દર્શાવવાની સગુણ અદ્વૈતવાદીઓની રીત દ્વૈતવાદીઓ કરતાં વધારે સુંદર છે. તેઓ કહે છે કે, આત્માની વિશુદ્ધિ અને સંપૂર્ણતા સંકોચનના પરિણામે અદૃશ્ય થઈ જાય છે અને ફરીને પાછી વિકાસ પામી આવિષ્કૃત થાય છે; અને અત્યારે આપણે એજ કામ કરી રહ્યાં છીએ યાને આત્માનાં એ સ્વભાવસિદ્ધ લક્ષણો કહેતાં ચૈતન્ય કિંવા જ્ઞાન વિશુદ્ધિ અને શક્તિનો પુનઃ આવિષ્કાર કરવાનેજ મથી રહ્યાં છીએ. સર્વશક્તિમત્તા અને સર્વજ્ઞતા સિવાય ઈશ્વરના બીજા સઘળા ગુણગ્રામ આત્મામાં હોય છે. પણ દરેક દુષ્કૃત્યથી

તેના એ સ્વભાવસિદ્ધ ગુણોનું સંકોચન થાય છે અને પ્રત્યેક સુકૃત્યથી તેનો વિકાસ થતો રહે છે. બાકી તો બધાજ જીવાત્માઓ ઈશ્વર કિંવા પરમાત્માના અંશો છે. જેવી રીતે કોઈ ભડભડતા અગ્નિમાંથી એકજ જાતના લક્ષાવધિ તણખાઓ હવામાં ઉડે છે, આબેહૂબ તેવીજ રીતે આ અનંત સત્ પરમાત્મામાંથી સકળ જીવાત્માઓનું પ્રાકટ્ય થયું છે, અને એ પ્રત્યેક જીવાત્માનો આદર્શ એકજ જાતનો અર્થાત્ પોતાના મૂળસ્વરૂપને પ્રાપ્ત થવાનો છે. ઈશ્વર-સંબંધીનો સગુણ અદ્વૈતવાદીઓનો આ ખ્યાલ પણ દ્વૈતવાદીઓના જેવોજ એટલે કે અનેક સદ્‌ગુણોના ભંડારરૂપ પૌરુષેય ઈશ્વરનો છે. ફેર માત્ર એટલોજ છે કે, સગુણ અદ્વૈતવાદીઓ ઈશ્વરને સૃષ્ટિના પદાર્થમાત્રમાં વ્યાપી રહેલો માને છે. પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક સ્થાનમાં તે ઓતપ્રોત ભરેલો છે. તેથી શાસ્ત્રો જ્યારે એમ કહે કે પ્રભુ એજ સર્વસ્વ છે, ત્યારે તેનો અર્થ એવો સમજવાનો છે કે, તે પદાર્થમાત્રમાં વ્યાપેલો છે, અને નહિ કે પ્રભુએ બધાં રૂપો લીધાં છે. પ્રભુ ભીંત કે પથ્થર બન્યો છે એમ નહિ, પણ ભીંત અને પથ્થરમાં પણ પ્રભુ વિદ્યમાન છે, એમ સમજવાનું છે. આ બ્રહ્માંડની અંદર એવું એક પણ અણુપરમાણુ નથી કે જેની અંદર વિશ્વંભર પરમાત્મા વ્યાપી રહેલા ન હોય. જીવાત્મા બધાજ સીમાબદ્ધ અથવા મર્યાદિત છે; એટલે કે તેઓ સર્વવ્યાપી નથી. તેમની સ્વભાવ-સિદ્ધ શક્તિઓ અને વિભૂતિઓનો વિકાસ થાય છે, અને પરિણામે જ્યારે તેઓ સંપૂર્ણ બને છે ત્યારે તેમનો જન્મમરણનો ફેરો ટળે છે; અને તે પછી તેઓ નિરંતર પરમાત્માના નિકટવાસી બને છે.

હવે આપણે વેદાંતીઓના ત્રીજા અને છેલ્લા વર્ગની યાને અદ્વૈતવાદીઓની વાત કરીશું. અદ્વૈતવાદ એ કોઈ પણ દેશમાં અને કોઈ પણ યુગમાં પ્રકટેલા તત્ત્વજ્ઞાન અને ધર્મનું સુંદરમાં સુંદર પુષ્પ છે, એમ અમે માનીએ છીએ. એમાં મનુષ્યની બુદ્ધિ અને વિચારશક્તિ તેની ઉંચામાં ઉંચી કક્ષાએ વ્યક્ત થયેલી છે, અને અગમ્ય તથા અભેદ્ય લાગતા રહસ્યને વટાવીને પણ પેલી પાર પહોંચી ગઈ છે. આ તત્ત્વજ્ઞાન તે અદ્વૈત વેદાંતવાદ છે. એ વેદાંતનું તત્ત્વજ્ઞાન એટલું બધું ગહન અને અકળ છે, એટલું બધું ઉચ્ચ કોટિનું છે કે સર્વસાધારણ માટે તે ધર્મનું રૂપ લઈ શકે તેમ નથી. તેની જન્મભૂમિ ભારતવર્ષ કે જ્યાં હજારો વર્ષથી તેનો ડંકો નિઃશંક ગાજી રહ્યો છે, ત્યાંના બહુજનસમાજની અંદર પણ તે પસરી શક્યો નથી. અર્થાત્ કે હિંદુસ્થાનનો જનસમાજ પણ તેને હજી યથાર્થ ઝીલી શક્યો નથી, એટલો બધો એ વેદાંત-વાદ ગહન અને અટપટો છે. આપણે જેમ જેમ તેની ચર્ચામાં આગળ વધતાં જઈશું, તેમ તેમ તમને સમજાતું જશે કે,

હરકોઈ દેશના વિચારવંતમાં વિચારવંત પુરુષ કે સ્ત્રીને પણ એ અદ્વૈતવાદમાં યથાર્થ સમજ પડવી મુશ્કેલ છે. આનું કારણ એજ છે કે, આપણે પોતાની જાતને એટલી બધી નિર્બળ બનાવી દીધી છે, આપણે એટલાં બધાં મંદબુદ્ધિ બની ગયાં છીએ, કે આપણી જાત માટે આપણે મોટા મોટા દાવાઓ ભલેને કરતા રહીએ, પણ સ્વાભાવિક રીતેજ આપણે બીજા કશાનો આશરો લેવાની ઇચ્છા ધરાવતા હોઇએ છીએ. આપણી સ્થિતિ નાના દુર્બળ છોડવાના જેવી અસહાય છે. નાના દુર્બળ છોડવાને પોતાના જીવિત માટે જેમ અન્યના આધારની જરૂર રહે છે, તેમ આપણને પણ અન્યાન્ય વસ્તુઓનો આશરો શોધવાની આદત પડી ગઇ છે. 'સગવડભર્યા અને સુગમ ધર્મ' માટે મને તમારા તરફથી કેટલી બધી વાર પૂછવામાં આવ્યું છે! જગતની અંદર ઘણાં થોડાં માણસો સત્યની પૃચ્છા કરે છે, તેના કરતાં પણ થોડાં મનુષ્યો સત્યનો અભ્યાસ કરવાની હામ બીડે છે, અને એમાંનાં પણ થોડાંજ મનુષ્યો સત્યને શીખીને તેને સર્વથા વ્યવહારમાં આચરવાની હિંમત ચલાવે છે. આમાં લોકોનો વાંક નથી, પણ તેમનાં ભેજાં અગર મસ્તિષ્કની નિર્બળતાજ એનું ખરૂં કારણ છે. કોઈ એક નૂતન વિચાર અને તેમાંયે ખાસ કરીને ઉચ્ચ પ્રતિનો નૂતન વિચાર સમાજમાં ખળભળાટ મચાવે છે. કેમકે એ નૂતન વિચાર લોકોના મગજની સપાટીપર નવીન ચાલો પાડવાનો પ્રયત્ન કરે છે, એટલે તેમના મગજનું તંત્ર હચમચી જાય છે અને પરિણામે મનુષ્યો પોતાનું સમતોલપણું ગુમાવી બેસે છે. લોકો અમુક અમુક પરિસ્થિતિઓથી ઘેરાયલા હોય છે અને નૂતન વિચારને વધાવી લેવા પહેલાં તેમને કૌટુંબિક વહેમો, જ્ઞાતિજન્ય વહેમો, નાગરિક અને દેશસ્થ વહેમો, અને તે ઉપરાંત મનુષ્યમાત્રમાં રહેલા સ્વભાવજન્ય અનેક વહેમો—એવા એવા અનેક ઢગલાબંધ પ્રાચીન વહેમોનો સામનો કરી તેમને મહાત કરવાના હોય છે; પણ તેમ છતાંયે દુનિયામાં થોડાક એવાયે બહાદૂર જીવો નીકળી આવે છે કે જેમનાં હૃદયમાં સત્યનો યથાર્થ ખ્યાલ સ્ફૂરતાં તેને ઉપાડી લેવાની હિંમત હોય છે; એટલુંજ નહિ પરંતુ કોઇ પણ જાતની અંધશ્રદ્ધા કે વહેમની પરવા કર્યા વગર છેવટલગી તેને વર્તનમાં મૂકવાની પણ તેઓ જાહેર હિંમત બતાવે છે.

જુઓ, અદ્વૈતવાદી શું જાહેર કરે છે? તે કહે છે કે, જો ઇશ્વર જેવું કોઇ અસ્તિત્વ હોય, તો તેજ ઇશ્વર આ જગતનું જડ અને ચેતન કારણ હોવું જોઇએ. એટલે કે તે કેવળ સૃષ્ટાજ નથી પણ સર્જિત વસ્તુ પણ છે. તે પોતેજ આ જગત છે. કોઇ પૂછશે કે, એમ કેમ હોઇ શકે વારૂ? ઇશ્વર કે જે વિશુદ્ધ અને ચૈતન્યરૂપ છે તે શું આ મલિન અને જડ જગત હોય એમ કદાપિ બની

શકે ખરું ? તો કે હા; દેખીતી રીતે તો તેમ છે. ખરી રીતે તો બધા અજ્ઞાન લોકો જેને જગતતરીકે નિહાળે છે તેનું અસ્તિત્વજ નથી. તમે, હું અને આ બધી વસ્તુઓ આપણે જોઇએ છીએ તે શું છે ? માત્ર નજરબંધી-કેવળ ભ્રમ. જણાતું જગત મિથ્યા છે, વાસ્તવિક અસ્તિત્વ તો એકજ છે ને તે એક અનંત કલ્યાણમય પરબ્રહ્મનુંજ છે. એ એક અસ્તિત્વમાંજ રહ્યા રહ્યા આપણે વિવિધ સ્વપ્નાં અનુભવીએ છીએ. એજ આત્મા છે, સર્વથી પર અને અનંત છે; જ્ઞાન અને જ્ઞેયથી પણ એ પર છે; એમાંજ અને એના દ્વારાજ આપણે જગતને નિહાળીએ છીએ. એજ-એજ વાસ્તવિક વસ્તુ છે. નામ અને રૂપ બાદ કરતાં આ ટેબલ, આ મારી આગળનો શ્રોતાગણ, આ દિવાલ અને આ બીજું બધું એજ છે. ટેબલના આકાર અને નામને દૂર કરો, બાકી જે રહે છે તે એ છે. વેદાંતીઓ એને નર કે નારીતરીકે નથી ઓળખતા. નર અને નારીના ભેદ વસ્તુતઃ મિથ્યા હોઈ માનવીમગજના ભ્રમમાત્ર છે. આત્માને જાતિ જેવું કંઇજ નથી. જે લોકો મોહમાયાને વશ થઇ પશુવત્ બન્યા હોય છે, તેઓને સ્ત્રી કે પુરુષરૂપ દેખાય છે, જીવંત દેવતાઓને નરનારીના ભેદ નથી જણાતા સર્વથી પર બનેલાને તે વળી જાતિ કે લિંગનો ખ્યાલ કેવો ? પ્રત્યેક જણ અને પ્રત્યેક પદાર્થ તેને મન તો આત્મારૂપ છે, સ્વયં બ્રહ્મ છે કે જે લિંગવિહીન, વિશુદ્ધ અને શાશ્વત કલ્યાણમય છે. નામ, રૂપ અને શરીર ભૌતિક અથવા જડતત્ત્વ હોઈ તેઓજ આ જાતિભેદ ઉત્પન્ન કરે છે. નામ અને રૂપના આ બે ભેદો તમે કાઢી નાખો, તો આખુંય જગત એક છે; દ્વૈતવાદ જેવું છેજ નહિ; સર્વત્ર એક, એક ને એકજ છે. આ તમે ને હું એક છીએ. પ્રકૃતિ-પુરુષ કહેતાં ઈશ્વર કે જગત જેવું કંઇ નથી; જે છે તે એકજ છે. એ અનંત એકમાંથીજ નામરૂપદ્વારા આ બધી ભિન્નતા ઉત્પન્ન થયેલી છે. એ જ્ઞાતાને જાણવો કેવી રીતે ? એ જણાય કે ઓળખાય એવો છેજ નહિ. તમને પોતાને તે તમે કેવી રીતે જોઇ શકો ? હા, તમારી જાતનું તમે દર્પણ કે એવા પદાર્થમાં પ્રતિબિંબ પાડી શકો, એ બને ખરું. તેવી રીતે આ અખિલ બ્રહ્માંડ એ શાશ્વત પરમ સત્ય યાને આત્માનું પ્રતિબિંબ છે. હવે દર્પણ કે પ્રતિબિંબ પાડનાર વસ્તુ સારી કે નરસી હોવાને લીધે સારાં કે નરસાં પ્રતિબિંબો પડે છે, એ વાત તો અનુભવસિદ્ધ છે. તેથી એક ખુની કે ઘાતકજનની અંદર પ્રતિબિંબ પાડનાર પદાર્થ ખરાબ કિંવા મલિન છે, અને નહિ કે આત્મા. તેવીજ રીતે સંત પુરુષની અંદરનો પ્રતિબિંબ પાડનારો પદાર્થ શુદ્ધ અને નિર્મળ છે. બાકી, આત્મા તો બધાયનો સ્વભાવ થકીજ સદાસર્વદા વિશુદ્ધ અને નિર્મળ છે. ક્ષુદ્રમાં

ક્ષુદ્ર કીટકથી માંડીને તે સર્વોત્તમ સંપૂર્ણ વ્યક્તિની અંદર પ્રતિબિંબિત થતું સત્ત્વ એકજ છે, અને તે જગતનું સાચું અસ્તિત્વ પરબ્રહ્મ પરમાત્મા છે. આ અખિલ બ્રહ્માંડ ભૌતિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ, નૈતિક દૃષ્ટિએ તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ એકજ ઐક્ય છે. પણ આપણે એ એક ઐક્યને-એ એકમાત્ર સત્ત્વને જૂદા જૂદા રૂપમાં નિહાળી તેનાપર આ બધી ભિન્ન ભિન્ન આકૃતિઓનો આભાસ ખડો કરીએ છીએ. જે વ્યક્તિએ પોતાની જાતને મનુષ્યસ્થિતિની અંદરજ સીમાબદ્ધ કરી દીધી હોય છે, તેને એ પરમ સત્ત્વ માનવસૃષ્ટિરૂપે જણાય છે. તેવીજ રીતે જે વ્યક્તિ માનવીકક્ષા કરતાં ઉચ્ચતર કક્ષાએ પ્રાપ્ત થઈ હોય છે, તેને એ સ્વર્ગસમાન ભાસે છે; છતાં વાસ્તવિક રીતે તો વિશ્વભરમાં એક ને એકજ આત્મા છે, બે નહિ. એને આવવાનું કે જવાનું કદી હોતું નથી. એને કદાપિ જન્મવાનું, મરવાનું કે પુનર્જન્મવાનું પણ નથી. એ શાશ્વત છે તે મરે શી રીતે? અને એ સર્વવ્યાપી છે તેથી એને જવાપણું પણ ક્યાંથી ને ક્યાં હોય? આ બધાં સ્વર્ગો, વિવિધ લોકો અને વિવિધ સ્થાનો એ તો મનુષ્યમનનાં મિથ્યા કલ્પનાચિત્રો માત્ર છે. વસ્તુતઃ તો તેમનું અસ્તિવ છેજ નહિ. ભૂતકાળમાં હતુંયે નહિ અને ભવિષ્યમાં હશે પણ નહિ.

હું સર્વવ્યાપી અને શાશ્વત છું. હું ક્યાં જાઉં વારૂ? હું ક્યાં નથી કે જાઉં? જીવન એ પ્રકૃતિના પુસ્તકરૂપ છે. પ્રકૃતિનું એ પુસ્તક અત્યારે હું વાંચી રહ્યો છું. તેનું એક પાન પછી બીજું પાન હું ઉથલાવતો જાઉં છું અને તે પૂરૂં કરતો જાઉં છું, અને તેની સાથે જીંદગીનું એક પછી એક સ્વપ્ન ટળતું જાય છે. એ રીતે જીંદગીનું બીજું પાન ઉઘડે છે, તેની સાથે જીંદગીના બીજા સ્વપ્નની શરૂઆત થાય છે અને એ પાન વંચાઇ રહેતાં તે સ્વપ્નું પણ ઉડી જાય છે. એ મુજબ આગળ ને આગળ વધતાં એ આખુંય પુસ્તક વંચાઇ રહેશે, એટલે હું એ પુસ્તકનું વાચન પડતું મૂકી બાજુએ ખડો રહીશ અને એ પુસ્તકને ફગાવી દેતાંની સાથેજ મારી જીવનની સઘળી બાજી ખતમ થઈ જશે.

ત્યારે હવે અદ્વૈતવાદની ફિલસુફી શી છે તે બરાબર સમજી લ્યો. ભૂતકાળ કે ભવિષ્યકાળમાં અસ્તિત્વ ધરાવનારા તમામ દેવદેવતાઓને અદ્વૈતવાદ પદભ્રષ્ટ કરી પાણીચું પકડાવી દે છે, અને તેમના સ્થાને મનુષ્યના પોતાના આત્માને કે જે આત્મતત્ત્વ સૂર્ય, ચંદ્ર અને સ્વર્ગ કે અન્ય અપર લોકો કરતાં-રે! આ મહાન બ્રહ્માંડ કરતાંયે વધારે ઉચ્ચ અને ઉન્નત છે, તેને સ્થાપે છે. મનુષ્યરૂપે દેખા દેતા આત્માની મહત્તા અને ગરિમાની કલ્પના કોઈ પણ પુસ્તક, કોઇ પણ ધર્મગ્રંથ કે કોઇ પણ ભૌતિક વિજ્ઞાનથી થઈ શકવાની

નથી. કારણકે જે મહાન ગૌરવશાળી ઈશ્વર ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હમેશાં હશે, તે ઈશ્વર તે આ આત્મા પંડેજ છે. તેથી મારે મારા આત્માસિવાય અન્ય કોઇ સત્ત્વને ભજવાનું નથી. અદ્વૈતવાદી ઉત્સાહભેર કહે છે કે "હું મને પોતાનેજ ભજું છું. વંદન મારે બીજા કોને કરવાનાં? મારો આત્માજ સર્વેશ્વર છે તેથી હું મને પોતાનેજ વંદન કરૂં છું. આશરો કે મદદ મારે કોની પાસે માગવાનાં રહ્યાં? હું કે જે વિશ્વવ્યાપી સર્વશક્તિમાન અનંત સત્ત્વ છું, તેને મદદ કરવાની તાકાત પણ કોની હોય? કોઇ કોઇને સહાયતા કરે છે એ વિચાર કેવળ મૂર્ખતાભર્યો અને ભ્રમજનક છે. અત્યારસુધીમાં સાચી સહાયતા કોણે કોને કરી છે? કોઇએજ નહિ. જ્યારે એક દુર્બળ માણસને—એક દ્વૈતવાદીને તમે રડતો કકળતો અને આકાશપરના કોઈ સ્થાનેથી મદદ મળવા માટે કાકલુદી ગુજારતો જુઓ, ત્યારે નક્કી માનજો કે, આકાશ અને તેનાથી પણ પર એવાં સર્વ સ્થાનો તેની પોતાની અંદર છે, એ સત્ય વાતનું તે બિચારાને જ્ઞાન નથી. આ ઠેકાણે કોઇ પૂછશે કે, એ માણસ આકાશમાંથી મદદ મળવાની માગણી કરે છે અને એવી મદદ તેને મળી પણ રહે છે, તેનું કેમ? સાચી વાત, આપણે એવી મદદ આવતી જોઇએ છીએ ખરા, પરંતુ એ મદદ તેને પોતાની અંદરથી મળી રહે છે, અને તેને એ બિચારો બહારથી મળેલી માનવાની ભૂલ કરે છે. કેટલીક વાર એવું બને છે કે, રોગી માણસને પોતાની રોગશય્યાપર પડયા પડયા વાસેલાં બારણાંપર ટકોરા થયાનો આભાસ થાય છે. ઘરમાં બિચારો એકલો હોવાથી પથારીમાંથી ઉઠે છે અને બારણું ઉઘાડે છે; પણ ત્યાં તો કોઇજ જણાતું નથી. એટલે તે પાછો પોતાની પથારીમાં પડે છે, કે વળી પાછા ટકોરાના અવાજ થતા તેના સાંભળવામાં આવે છે. ફરી પાછો તે ઉઠે છે ને દરવાજો ખોલે છે, પણ બહાર કોઇજ હોતું નથી. આખરે વિચાર કરતાં તેને સમજાય છે કે, તેને સંભળાયલો અવાજ બારણાપર કોઇના ટકોરાનો નહોતો, પણ તેના પોતાના હૃદયના ધબકારાનો હતો. અર્થાત્ કે પોતાના હૃદયના ધબકારાનેજ તેણે ટકોરાતરીકે કલ્પી લીધો હતો. એ સત્ય વાત આખરે તેને સમજાઇ રહે છે. આવા રીતે માણસ પણ મધ્યબિંદુમાંથી છૂટો પડી પોતાથી બહારનાં અનેક દેવદેવીઓની મિથ્યા શોધમાં આમતેમ અથડાતો કૂટાતો વર્તુલ પૂરૂં કરે છે અને પોતે જે બિંદુમાંથી નીકળ્યો હતો તે બિંદુ તરફ અર્થાત્ પોતાના આત્મા તરફ પાછો વળે છે અને ત્યારેજ તેને સમજાય છે કે, જે ઈશ્વરની શોધમાં તે ગિરિગહ્વરમાં કૂટાતો હતો, જેની શોધ અર્થે તે અનેક નદીનાળાં અને દેવદેવાલયોમાં આથડતો હતો, જે ઈશ્વરને તે સ્વર્ગ અને અન્ય અપર લોકોમાં શોધતો

હતો, અને જે ઈશ્વરને પોતે સ્વર્ગ કે વૈકુંઠમાં બેઠા બેઠા જગતનું શાસનચક્ર ચલાવનારતરીકે કલ્પતો હતો; તે ઈશ્વર તો એ પોતેજ છે. ત્યારેજ તેને યથાર્થ રીતે સમજાય છે કે "હું તે છું અને તે હું છું." મારા સિવાય અન્ય કોઇ ઈશ્વર હતો નહિ, અને આ ક્ષુદ્ર 'અહં'નું અસ્તિત્વજ કદાપિ નહોતું.

આમ છે તો પછી એ સંપૂર્ણ ઈશ્વર—એ પરિપૂર્ણ પરમાત્મા માયાજાળમાં કેવી રીતે સપડાયો હતો? અને વળી એ પૂર્ણ પુરુષોત્તમ સ્વપ્નાં સેવી રહ્યો હતો, એ તે કેવું? એવા પ્રશ્નો માનવી-મગજમાં સહજ ઉદ્‌ભવશે. એના ખુલાસામાં જણાવવાનું કે, એ સંપૂર્ણ આત્મા કદાપિ કાળે માયાજાળમાં સપડાયો નહોતો કિંવા ભ્રમવશ થયો નહોતો, તેમ સ્વપ્નાવસ્થાનો ભોગ પણ તે કદી થયો નહોતો. સત્યને કદાપિ સ્વપ્નના મિથ્યા ભ્રમ સ્પર્શી શકતા નથી. તેથી આ માયાજાળ ક્યાંથી અને શેમાંથી ઉદ્‌ભવી એ પ્રશ્નજ બેહૂદો છે. કારણ માયા કે ભ્રમ, માયા કે ભ્રમમાંથી ઉદ્‌ભવે છે—અર્થાત્ તેના પોતાનામાંથીજ તે ઉદ્‌ભવે છે, અને સત્યનું દર્શન થતાંજ ભ્રમમાત્રનો લોપ થઇ જાય છે. ભ્રમ અગર અજ્ઞાનનું આધારસ્થાન હમેશાં ભ્રમ કે અજ્ઞાન હોય છે; ઈશ્વર, સત્ય કિંવા આત્માની અંદર કોઈ કાળે પણ તેને સ્થાન મળ્યું નહોતું, અને મળશે પણ નહિ. તમે પોતે કદાપિ ભ્રમમાં વસતા નથી; પણ ભ્રમ પોતે તમારામાં વસે છે, ને તમારી નજર આગળ તરવરે છે. એ કોના જેવી સ્થિતિ છે? તો કે આકાશ અને વાદળાં જેવી. આકાશમાં એક વાદળું પથરાયલું હોય છે, તેને બીજું વાદળું આવી હડસેલી કાઢે છે ને તેને સ્થાને પોતે બિરાજે છે. વળી પાછું ત્રીજું વાદળું આવી તેને પણ હડસેલીને દૂર કાઢે છે. હવે, જેવી રીતે શાશ્વત ભૂરા આકાશમાં વિવિધરંગી વાદળાં ઉભરાય છે, થોડી વાર થંભે છે અને પાછાં અદૃશ્ય થઇ જાય છે, તેમ છતાં આકાશના શાશ્વત ભૂરા રંગને જરાયે બાધક નીવડતાં નથી—આકાશ તો તેનું તેજ ભૂરા રંગનું રહેલું જણાય છે; આબેહૂબ તેવીજ રીતે તમે નિરંતર શુદ્ધ, પવિત્ર અને સંપૂર્ણ છો; તમેજ આ જગતના વાસ્તવિક દેવતા છો; એટલુંજ નહિ પણ બ્રહ્માંડભરમાં બે જેવું કંઇ છેજ નહિ; જે છે તે એકજ—માત્ર એકજ સત્વ—તમારો આત્માજ ઓતપ્રોત છે. માટે 'તું' અને 'હું' એવો શબ્દપ્રયોગ કરવો ભૂલભરેલો છે. 'હું'નો—अहंनोज પ્રયોગ હમેશાં કરતા રહો. "લક્ષાવધિ મોઢે ખાનારો તે હુંજ છું; તેથી મને ભૂખ કેવી રીતે પીડી શકે? અનંત હાથવડે કામ કરનારો પણ 'હું' છું, તો પછી હું પ્રમાદી કે નિરૂદ્યમી હોઉં એ વાત શી રીતે બને વારૂ? આખા જગતનો જીવનદીપ સળગાવનારૂં

ચેતનતત્ત્વ તે હું છું, તો પછી મારે નિશ્ચેતન અવસ્થા કે મૃત્યુ કેવી રીતે હોય ? હું સર્વ પ્રકારનાં જીવન અને મૃત્યુથી પર છું, મુક્તિમાટે મારે જરા પણ ફાંફાં મારવાનાં નથી, કેમકે હું પોતે સ્વભાવેજ મુક્ત છું. અખિલ બ્રહ્માંડના આત્મા એવા મને બાંધનારૂં કોણ છે ? દુનિયાભરનાં ધર્મશાસ્ત્રો એ અખિલ બ્રહ્માંડના એકમાત્ર અસ્તિત્વરૂપ જે 'હું' તેની યશરેખા આંકનારા યાને તેના ગૌરવનું માપ દેખાડનારા નાના નાના નકશા જેવાં છે, તો પછી આ ગ્રંથો-આ પોથાંથોથાંનું મારે શું પ્રયોજન છે ?" અદ્વૈતવાદી વેદાંતી બેધડક આમ વદે છે.

સત્યને પિછાનો, એટલે ક્ષણવારમાં છૂટા થવાશે. પછી તમારૂં બધુંજ અજ્ઞાનતિમિર અદૃશ્ય થઇ જશે. વિશ્વવ્યાપી અનંત સત્વ અને પોતે એકરૂપ છે, એવું પિછાનતાં, સકળ ભેદભાવ ટળી જતાં અને બધાં નર ને નારીનું, દેવતા ને ફિરસ્તાનું, જીવજંતુ અને વૃક્ષવેલાનું-રે ! સમગ્ર જગતનું ભાન તે એક અદ્વિતીય એકતામાં લીન થતાંજ ભયમાત્રનો લોપ થઇ જાય છે. હું મારી જાતને ઇજા કરૂં, મારી જાતને મારી નાખું કે મારી જાતને ઉપદ્રવ પહોંચાડું, એ શું બનવાજોગ છે ? તો પછી ભય તે કોનો ધરવો રહ્યો ? તમને શું તમારી પોતાનીજ જાતનો ડર હોય ખરો કે ? વળી એ સત્ય જ્ઞાન પ્રગટતાં શોકમાત્રનો નાશ થઈ જશે. મને શોક ઉપજાવનારૂં શું છે ? જગતમાં વ્યાપ્રમાન એકમાત્ર અસ્તિત્વ તે હું છું, એ ભાન થતાંની સાથે ઇર્ષ્યા ને અસૂયાનો પણ લોપ થશે; કારણ કે પછી મારે ઇર્ષ્યા કોની કરવાની રહી ? શું હું મારી પોતાનીજ ઇર્ષ્યા કરૂં ખરો કે ? વળી, એ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થતાં સર્વ પ્રકારની દુષ્ટ લાગણીઓનો પણ અંત આવશે; કારણ કે પછી કોની સામે મારે ખરાબ લાગણી ધરાવવાની રહી ? હું પોતે પોતાનીજ સામે ખરાબ લાગણી ધારૂં, એ તો બનેજ કેમ ? કારણ કે જગતભરમાં મારા સિવાય અન્ય કોઇ અસ્તિત્વ છેજ નહિ. વેદાંતીઓના મત મુજબ જ્ઞાનને પ્રાપ્ત થવાનો એકજ રસ્તો છે; અને તે એ કે, દ્વૈત અથવા ભેદભાવને કચડીને મારી નાખો, અને અનેકત્વના ભ્રમને મારીને દફનાવી દો. આ અનેકત્વથી ભરેલા જગતમાં જે પુરુષ તે એકત્વનેજ ભાળે છે, આ સઘળા અચેતનના ઢગલાની અંદર પણ જેને તે ઝળઝળતા ચૈતન્યસ્વરૂપનાં દર્શન થાય છે અને માયાની છાયામાં ઢંકાયલા તે પરમ સત્વને જે જન ઝીલી લે છે, તેને એકલાનેજ શાશ્વત શાંતિનો અધિકાર પ્રાપ્ત થાય છે, અન્ય કોઇને નહિ.

ભારતવર્ષના ધાર્મિક વિચારકોએ ઇશ્વરના સંબંધમાં જે ત્રણ વિચારસરણી સ્થાપિત કરી છે, તેના મુખ્ય મુદ્દા ઉપર જણાવ્યા પ્રમાણેના છે. આપણે જોઇજ લીધું છે કે, એ વિચારસરણીનો

આરંભ જગદ્બાહ્ય યાને બ્રહ્માંડથી અલગ એવા પૌરુષેય ઈશ્વરથી થયો છે. પણ વખત જતાં તે જગદ્બાહ્યનો ખ્યાલ નીકળી જઈ તેને સ્થાને જગદ્વ્યાપકતાનો ખ્યાલ સૂઝયો છે—અર્થાત્ ઈશ્વર જગતના અણુપરમાણુમાં વ્યાપેલો છે, એવી વિચારસરણી હાથ લાગી છે; અને અંતે આત્મા એજ ઈશ્વર હોઈ તે એક અદ્વિતીય છે અને જગતની અંદર ભાસતા ભિન્નત્વની અંદર તેજ એકમાત્ર સત્વ એકત્વપણે વિલસી રહેલું છે—એ છેલ્લી ને ઉચ્ચતમ વિચારસરણી સ્થાપિત થઇ છે. વેદોનું અંતિમ વચન એજ છે. એ વિચારસરણી દ્વૈતવાદથી શરૂઆત કરે છે, ત્યાંથી સગુણ અદ્વૈતવાદમાંથી પસાર થાય છે અને છેવટે સંપૂર્ણ-શુદ્ધ અદ્વૈતવાદમાં તે પરિણમે છે. એ અંતિમ વિચારસરણી યાને અદ્વૈતવેદાંતના પ્રદેશમાં જગતમાંથી વિરલાજ આવી શકે છે, અને એ વિરલામાંથી પણ વિરલાનીજ તેનામાં સચોટ શ્રદ્ધા બંધાય છે, અને એવા શ્રદ્ધાળુમાંથી પણ વિરલાજ જીવો તેને રોજના વ્યવહારમાં આચરવાનું સાહસ કરી શકે છે—આ વાત તો આપણે સારી પેઠે જાણીએ છીએ. તેમ છતાં પણ આપણે જોયું છે કે, તેની અંદરજ જગતની અંદર જણાતાં નીતિ, સદાચાર અને આધ્યાત્મિકતાનાં સર્વ તત્ત્વો સમાયેલાં છે. દરેક જણ કહેતું સંભળાય છે કે "પરોપકાર કરો રે ભાઇ, પરોપકાર કરો; પારકાંનું ભલું કરો રે! ભાઈ, પારકાંનું ભલું કરો." દરેકને મોઢેથી એમ નીકળે છે તેનો શો ખુલાસો છે વારૂ? વળી બધાજ મહાન પુરુષો મનુષ્યપ્રેમનો, અને તેમનાથી ચઢીઆતા મહાત્માઓ ભૂતપ્રેમનો ઉપદેશ કરી ગયા છે એનું શું કારણ હશે વારૂ? એનું કારણ એજ છે કે, તેઓ સ્વયં એ પરમ સત્યના—એ અવિચ્છિન્ન અભેદભાવના જાણકાર હોય કે ન હોય, તોપણ એટલી વાત તો ખરી કે, તેમના બધાજ જાતના વહેમો અને બુદ્ધિવિરુદ્ધની અંધશ્રદ્ધાઓની પાછળ આત્માનો એ શાશ્વત પ્રકાશ ડોકીઆં કરી કરીને દેખીતા અનેકત્વનો ઇન્કાર કરતો હતો, અને અખિલ બ્રહ્માંડમાં એકમયતાનું સામ્રાજ્ય પથરાયલું એવું પ્રતિપાદન કરતો હતો. તેથીજ તેમને મુખે વિશ્વપ્રેમ અને ભૂતપ્રેમનો ઉપદેશ જગતને સાંભળવા મળ્યો છે; અને તેથીજ પરોપકારની વાતો સર્વને મુખે સંભળાય છે.

વળી એ છેલ્લા વચનથી યાને એ વેદાંતવાદથી જગતને આપણે એક પરમ સત્વતરીકે સમજતા થયા, અને તે એકજ પરમ સત્વ ઇંદ્રિયોને જડરૂપે, બુદ્ધિને જીવાત્માતરીકે અને પ્રાણ અથવા ચેતનતત્ત્વને ઇશ્વરતરીકે દેખાય છે. જગત એકનું એક છે, છતાં જે મનુષ્ય પોતાની જાતને દુનિયામાં પાપ અને દુષ્ટતા નામે ઓળખાતા પડદાથી ઢાંકી દે છે, તેને તે ધગધગતા નરકસમાન ભાસે

છે. બીજો કે જેને ભોગવિલાસ ને આનંદોપભોગની આકાંક્ષા હોય છે તેને માટે તે સ્વર્ગસમાન ફેરવાઈ જાય છે; અને સંપૂર્ણતાને પામેલાની આગળ જગતમાં એ બંને રૂપો નષ્ટ થઇ જઇને એના એ જગતમાં તેને આત્મરૂપનો યાને સ્વયં ઇશ્વરનો સાક્ષાત્કાર થશે.

હવે સમાજ અત્યારે જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં તો તત્ત્વજ્ઞાનનાં આ ત્રણે પગથીઆંની યાને આ ત્રણે ધર્મવાદની આવશ્યકતા છે. આ ત્રણ વાદોમાંનો એકે વાદ બીજાનો વિરોધ કરતો નથી; એટલુંજ નહિ પણ એક વાદની અંદર રહેલી ઉણપનો પૂરક છે. અદ્વૈતવાદી કિંવા સગુણ અદ્વૈતવાદી એમ મુદ્દલ પણ કહેતો નથી કે, દ્વૈતવાદ ખોટો છે. દ્વૈતવાદની ફિલસુફી છે તો ખરી પણ તે ઉતરતી કોટિની છે. એ વાદ જો કે સત્યના અંતિમ નાકાએ વિરમતો નથી, તોપણ સત્યના ચીલાપર તો છેજ, એટલે દ્વૈતમાર્ગને અનુસરનારા પણ એ પરમ સત્યને પંથે પળે છે, એ તો નિર્વિવાદ. એટલા માટે આ જગતવિષયક જેની જેવી દૃષ્ટિ તેને તે દૃષ્ટિપંથમાં પોતાના ખ્યાલ પ્રમાણે વર્તવા દો. કોઈની પણ લાગણી દુખાવો નહિ તેમ કોઇને પણ તેના સ્થાનમાંથી ખસેડો નહિ. જે માણસ જ્યાં ઉભો હોય ત્યાંજ તેને ઉભો રહેવા દો, અને તમારાથી બની શકે તેમ હોય તો તેને જરા મદદ કરી ઉચ્ચતર ભૂમિકાપર ચઢાવો; પણ કોઈની લાગણી તો હરગીજ દુઃખાવો ના કે કોઈના મત કે સ્થાનનું કદાપિ ખંડન કરો ના. અંતે તો બધાએ મોડાવહેલા પણ એ પરમ સત્યને પ્રાપ્ત થશેજ. "અંતરની બધી વાસનાઓનો જ્યારે પરાભવ થઈ અંત આવશે, ત્યારે અત્યારનો આ મર્ત્ય માનવીજ અમર્ત્ય બનશે." ત્યારે એજ મનુષ્ય મનુષ્ય ફીટીને ઇશ્વર બનશે.



१६–वास्तव अने अवास्तव पुरुष*

એક ઠેકાણે આપણે ઉભાં રહીએ છીએ કે તરતજ આપણી નજર આગળ ને આગળ દોડે છે, અને કેટલીક વાર તો તે માઇલોના માઇલો આગળ દોડે છે. આ ક્રિયા મનુષ્ય જ્યારથી વિચારતો થયો ત્યારથી કરતો આવ્યો છે. તેની નજર હમેશાં આગળ ને આગળ યાને 'સામે મોઢે સિદ્ધપુર'ની માફક દોડ્યે જાય છે. એથી આ શરીરના પંચત્વ પછી પોતાને ક્યાં જવાનું થાય છે તે જાણવાની તેને ઇચ્છા થાય છે. આના ખુલાસામાં વિવિધ સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા છે, અને દર્શનશાસ્ત્રની એક પછી એક પ્રણાલિકા જગત આગળ મૂકાતી રહી છે. આમાંની કેટલીકનો અસ્વીકાર થયો છે, ત્યારે બીજી કેટલીક સ્વીકારાઈ છે. એ જાતની ક્રિયા મનુષ્યજાતિ જ્યાંસુધી પૃથ્વીપર હયાત છે અને મનુષ્યની અંદર વિચારશક્તિ ચાલુ છે, ત્યાંસુધી ચાલ્યાજ કરશે. આ પ્રત્યેક પ્રણાલિકાની અંદર જેમ થોડુંક સત્ય છે, તેમ એની અંદર ઘણો ભાગ સત્યથી વેગળો પણ છે. આ વિષયમાં અમારા આર્યાવર્તમાં જે શોધો થઈ છે, તેનો સારાંશ તમારી આગળ મૂકવાનો હું આજે પ્રયત્ન કરીશ. એ વિષયપર હિંદુ તત્ત્વદર્શીઓમાં કાળાનુક્રમે જે વિવિધ વિચારોનો પ્રાદુર્ભાવ થયો તેનો એકબીજા સાથે મેળ બેસાડીને તમારી આગળ તે માંડવાનો હું આજે પ્રયત્ન કરીશ; એટલુંજ નહિ પણ અધ્યાત્મ-શાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓ વચ્ચે મેળ બેસાડીશ, અને શક્ય હશે ત્યાં અર્વાચીન ભૌતિક શાસ્ત્રીઓના મત સાથે પણ તેમનો મેળ બેસાડી આપીશ.

એકતાની શોધ એ વેદાંત ફિલસુફીનો એકમાત્ર વિષય છે. હિંદુઓનું મગજજ કંઇ એવું છે કે તેમને અમુક એકદેશીયતાથી સંતોષ થતો નથી. સર્વસામાન્ય વિશાળ પ્રશ્નો, કિંબહુના સમસ્ત વિશ્વના લાભના સવાલો છણવા તરફ હમેશાં તેમનું વલણ હોય છે. તેથી "એવી શી વસ્તુ છે કે જેનું જ્ઞાન થતાં બીજાં બધાંનું જ્ઞાન થઇ રહે"–એ એકજ મહત્ત્વનો સવાલ તેમના મગજમાં ઘુમરાય છે. "માટોડીના એક ઢેફાનું યથાર્થ જ્ઞાન થતાં માટીની બનેલી તમામ

* ન્યુયૉર્કમાં આપેલું વ્યાખ્યાન

ચીજોનું સ્વરૂપ જેમ સમજાય છે, તેમ એવો કયો પદાર્થ છે કે જેને યથાર્થ જાણતાં આ અખિલ બ્રહ્માંડનું રહસ્ય સાંગોપાંગ ઉકલી રહે ?" આજ એક મુખ્ય સવાલની પાછળ અમારા તત્ત્વચિંતકો ખાઈ-પીને મંડયા હતા અને તેની શોધ હાથ કરીનેજ ઝંપ્યા હતા. અમારા તત્ત્વચિંતકોના મત મુજબ આ અખિલ બ્રહ્માંડનું એકજ જડ દ્રવ્યમાં પૃથક્કરણ થઇ શકે છે. એ જડ દ્રવ્યને તેઓ આકાશ નામે ઓળખાવે છે. આપણી ચારેમેર આપણે જે જે કંઇ નિહાળીએ છીએ, અનુભવીએ છીએ, સ્પર્શીએ છીએ કે ચાખીએ છીએ, તે તે તમામ અર્થાત્ કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની તમામ વસ્તુઓ આ આકાશદ્રવ્યનાજ વિવિધ આવિષ્કારમાત્ર છે. એ આકાશદ્રવ્ય સર્વવ્યાપી હોઈ સૂક્ષ્મ છે. ઘન, પ્રવાહી કે વાયુ; આકાર, રૂપ કે શરીર; પૃથ્વી, સૂર્ય, ચંદ્ર કે તારાગણતરીકે દેખાતો એકે એક પદાર્થ આ આકાશદ્રવ્યનોજ બનેલો છે.

ત્યારે હવે પ્રશ્ન એ થશે કે, આ આકાશદ્રવ્યપર કયી શક્તિનું કાર્ય થઇ તેમાંથી જગતની રચના થાય છે વારૂ ? તો કે આકાશની સાથે સાથે એક વિશ્વવ્યાપી શક્તિનું પણ અસ્તિત્વ રહેલું છે. કેવળ બળ કિંવા આકર્ષણજ નહિ પણ વિચાર સુદ્ધાં આ એક વિશ્વ-વ્યાપી શક્તિના ભિન્ન ભિન્ન આવિષ્કાર છે. એ વિશ્વવ્યાપી શક્તિને અમે હિંદુઓ 'પ્રાણ' અથવા 'જીવન' નામે ઓળખીએ છીએ. એ પ્રાણશક્તિનીજ આકાશ દ્રવ્યપર ક્રિયા થતાં સર્જનકાર્ય થાય છે. કલ્પની શરૂઆતમાં, આ પ્રાણશક્તિ આકાશરૂપી મહાસાગરની શય્યા-પર જાણે પોઢી ગઇ ન હોય તેમ સ્થિર હોય છે; પણ પછી આ શક્તિની ક્રિયાથી આકાશરૂપી ઉદધિમાં એકાએક ગતિનો સંચાર થાય છે, અને જેમ જેમ એ પ્રાણની ગતિ શરૂ થાય છે અને આંદોલનો-પર આંદોલનો ઉઠે છે, તેમ તેમ આકાશસમુદ્રમાંથી સૂર્યો, ચંદ્રો, તારકો ને પૃથ્વીઓ; મનુષ્યો, જનાવરો ને વિવિધ વનસ્પતિઓ તથા વિવિધ પ્રકારની શક્તિઓ, બળો અને અન્ય ચમત્કારો બહાર પડે છે. તેથી અમારા હિંદુઓના મત મુજબ તો શક્તિનો પ્રત્યેક આવિષ્કાર તે આ પ્રાણનું તત્ત્વ છે, અને પ્રત્યેક પાર્થિવ અથવા જડ આવિષ્કાર તે આકાશતત્ત્વ છે. તેથી જ્યારે આ કલ્પનો અંત આવશે, ત્યારે જેને અત્યારે આપણે ઘન પદાર્થતરીકે ઓળખીએ છીએ તે તમામ પીગળીને જળતત્ત્વમાં ભળશે; એ જળ વાયુમાં, પછી વાયુ અગ્નિમાં અને આખરે એ બધાંય તેમના મૂળરૂપ આકાશ-દ્રવ્યમાં લીન થઈ જશે. તેવીજ રીતે અત્યારે જે શક્તિઓને આપણે આકર્ષણ, વિપ્રકર્ષણ અને ગતિ નામે ઓળખીએ છીએ, તે બધાયે ક્રમે ક્રમે તેમના મૂળસ્વરૂપ પ્રાણશક્તિમાં પરિણત થશે. તે પછીનો કેટલોક કાલાવધિ પ્રાણની નિદ્રાવસ્થાનો કહેવાય છે, અને તે પૂરો

થતાં પ્રાણશક્તિ ફરી ગતિમાન બની પૂર્વવત્ આ બધાં રૂપો નિર્માણ કરે છે, અને કલ્પાંતે ફરી બધુંજ પોતપોતાનાં મૂળદ્રવ્યોમાં સમાઇ જાય છે. એ મુજબ સૃષ્ટિની આ ક્રિયા પાણીનાં મોજાંની માફક ઉંચીનીચી થતી યાને આગળ ને પાછળ ઝોલાં ખાતી અતૂટ ચાલ્યાજ કરે છે. અર્વાચીન ભૌતિક વિજ્ઞાનીઓની ભાષામાં કહીએ તો એક કાલાવધિમાં તે 'સ્ટેટિક' કહેતાં સ્થિર અને ઝાંખી બને છે, અને બીજા કાલાવધિમાં 'ડાયનેમિક' કહેતાં વિજળી જેવી વેગવંતી અને સતેજ બને છે—અર્થાત્ કે એક વાર તે નિષ્ક્રિય અને શાંત બને છે ત્યારે બીજી વાર સક્રિય અને ચંચળ બને છે. આવો પ્રકાર—આ જાતના પરિવર્તનનો પ્રકાર અનંતકાળથી બનતો રહ્યો છે અને અનંત કાળપર્યંત બનતો રહેશે.

છતાં આ પૃથક્કરણ હજી આંશિક છે. આટલું તો આધુનિક ભૌતિક વિજ્ઞાનીઓને પણ જ્ઞાત થયું છે. એનાથી આગળ ભૌતિક વિજ્ઞાનની શોધનો ગજ ખુંપી શકતો નથી; પણ આર્ય તત્ત્વવિચારકોની શોધ એટલેથી અટકી જતી નથી. હજી એમને એ એક તત્ત્વ હાથ લાગ્યું નથી કે જેના યથાર્થ જ્ઞાનથી સૃષ્ટ પદાર્થમાત્રનું રહસ્ય સમજાઇ જાય. આપણે અત્યારસુધીમાં જોયું છે કે, જગત સમસ્તનું પૃથક્કરણ જડ યાને ભૂતદ્રવ્ય તથા શક્તિ યાને ચેતનદ્રવ્ય—અને પ્રાચીન હિંદુ તત્ત્વજ્ઞોના ભાષામાં કહીએ તો આકાશ અને પ્રાણશક્તિમાં થાય છે. હવે એ રહસ્યના ઉકેલની દિશામાં બીજું પગલું આ આકાશ અને પ્રાણને તેમનાં મૂળદ્રવ્યમાં ફેરવી લેવાનું ભરાય છે અને પરિણામે તે બન્નેનું **મન** નામે ઓળખાતા ઉચ્ચતર મૂળ તત્ત્વમાં પૃથક્કરણ થાય છે. એ 'મહત્' નામે ઓળખાતા મન તત્ત્વમાંથી યાને એ સમષ્ટિ વિચારશક્તિમાંથીજ એ બન્નેનો યાને આકાશ અને પ્રાણતત્ત્વોનો પ્રાદુર્ભાવ થયેલો છે—અર્થાત્ કે વિચારશક્તિ એ આકાશ કે પ્રાણ કરતાં પણ સૂક્ષ્મતર આવિષ્કાર છે. એ મન અથવા વિચારશક્તિજ આકાશ અને પ્રાણરૂપે વિભક્ત થયેલ છે. એ વિશ્વવ્યાપી મનનું અસ્તિત્વ આરંભથી હતું અને તેનોજ આવિષ્કાર અને રૂપાંતર થતાં તે આકાશ અને પ્રાણરૂપોમાં પરિણમ્યું છે—અર્થાત્ કે મનનાં એ બે વિભક્ત સ્વરૂપો યાને આકાશ અને પ્રાણના સંયોગથીજ આ સૃષ્ટિસમુદયની ઉત્પત્તિ થયેલી છે.

હવે આપણે આ માનસશાસ્ત્રની થોડીક આલોચના કરીશું. દાખલાતરીકે હું તમને જોઉં છું. એ જોવાની ક્રિયા કેવી રીતે બને છે વારુ? તો કે આ સ્થૂળ ચક્ષુઓ બાહ્યપદાર્થના રૂપરંગને ગ્રહણ કરી જ્ઞાનતંતુઓ મારફત મગજને તેનો સંદેશો પહોંચાડે છે. તેથી ચક્ષુ એ કંઈ દૃષ્ટિની ખરી ઇંદ્રિય નથી. એ તો માત્ર બાહ્યસાધન અથવા કરણ છે; કેમકે તેની પૂંઠે રહેલી મગજને સંદેશો પહોંચા-

ડનાર જ્ઞાનતંતુરૂપી ઇંદ્રિય કોઇ કારણસર જો નષ્ટ થઈ ગઇ હોય, તો આવી વીસ વીસ સ્થૂળ આંખો હોવા છતાં મારાથી તમને કે કશાને જોવાનું કામ થઈ શકશે નહિ. નેત્રદર્પણ પર જોવાના પદાર્થનું ચિત્ર જોઇએ તેવું સંપૂર્ણ પડવા છતાં, જોવાનો અનુભવ અગર જોવાનું ભાન મને થઇ શકશે નહિ. તેથી ઇંદ્રિય એ તેના બાહ્યસાધનથી કેવળ નિરાળી ચીજ છે. આ સ્થૂળ આંખોરૂપી યંત્ર અથવા સાધનની પાછળ જેમ ખરી ચક્ષુઇંદ્રિય રહેલી છે, તેમ આપણી પ્રત્યેક ઇંદ્રિયની બાબતમાં સમજવાનું છે. આ સ્થૂળ દેખાતું નાક એ ખરી ઘ્રાણેંદ્રિય નથી, પણ બાહ્ય સાધનમાત્ર હોઈ તેની પાછળ સુંઘવાની ખરી ઇંદ્રિય રહેલી છે. એ રીતે આ ભૌતિક દેહમાંની પાંચે ઇંદ્રિયની બાબતમાં પ્રથમ બાહ્યસાધન અને તેની પાછળ ઇંદ્રિયની ખરી શક્તિની ગોઠવણ રહેલી છે; પણ આટલી ગોઠવણ સાંગોપાંગ સલામત હોય, એટલે જે તે ઇંદ્રિયનું કાર્ય બરાબર પાર ઉતરેજ યાને તે તે ઇંદ્રિયદ્વારા થવો જોઇતો અનુભવ થઇજ જાય એમ સમજવાનું નથી. દાખલાતરીકે, ધારો કે હું તમારી આગળ જે વાત કરી રહ્યો છું તે તમે દત્તાચિત્ત સાંભળી રહ્યાં છો; એ પ્રસંગે ઘંટ કે એવા કશાનો અવાજ થાય છે, છતાં પણ તે અવાજ કદાચ તમારા સાંભળવામાંયે નથી આવતો, એવું ઘણી વાર બને છે; આનું શું કારણ હશે વારૂ ? એ અવાજનું મોજું તમારા કર્ણયંત્રમાં ઝીલાઈ કર્ણેંદ્રિયે તેનો સંદેશો મસ્તિષ્કને પણ પહોંચાડયો એ વાત નિર્વિવાદ; છતાં તમને તે અવાજ સાંભળવાનું ભાન ન થયું એનું શું કારણ વારૂ ? મસ્તિષ્કને સંદેશો પહોંચાડવાપર્યંતની તમામ શ્રવણક્રિયા સાંગોપાંગ થયા છતાં તમને શ્રવણનું ભાન ન થવા પામ્યું. આથી લાગે છે કે, શ્રવણનું પૂરૂં ભાન થવા માટે કોઇ બીજી વસ્તુની ખામી હતી, અને તે એ કે, તમારૂં મન કર્ણેંદ્રિયની સાથે સંયુક્ત નહોતું–અર્થાત્ કે ઇંદ્રિયની સાથે મનનું જ્યારે જોડાણ હોતું નથી, ત્યારે મસ્તિષ્કને ઇંદ્રિયોદ્વારા સંદેશા બરાબર પહોંચ્યા છતાં મન તે ગ્રહણ કરતું નથી–અર્થાત્ મન અને ઇંદ્રિયનું જોડાણ બરાબર થયેલું હોય છે ત્યારેજ ઇંદ્રિયોના જે તે અનુભવોનું ભાન મનને થાય છે, એ વાત સિદ્ધ થઈ. આમ છતાં વાત હજી એટલેથીજ પતતી નથી. સ્થૂળ સાધનો જે તે વિષયો ગ્રહણ કરે, ઇંદ્રિયો તેને મસ્તિષ્કપ્રદેશમાં પહોંચાડે અને મનનું ઇંદ્રિય સાથે બરાબર જોડાણ હોઇ મન પણ તે સંદેશો ગ્રહણ કરે; છતાંયે અનુભવનું ભાન નથી થતું એવુંયે બને છે. આનું કારણ એ છે કે, મન સિવાય બીજી પણ એક વસ્તુની આવશ્યકતા છે. એ વસ્તુ તે અંતરની પ્રતિક્રિયા. એ અંતરની પ્રતિક્રિયા વગર ભાનની ક્રિયા પૂરી થતી નથી. મતલબ કે, સ્થૂળસાધનો વિષયને ગ્રહણ

કરી ઇંદ્રિયવાટે તેના સંદેશા મગજને પહોંચાડે છે, મન તે સંદેશાને ઝીલીને બુદ્ધિને પહોંચાડે છે એટલે બુદ્ધિ તેને મનના પૂર્વસંચિત સંસ્કારો સાથે ગોઠવી પ્રતિક્રિયાનો પ્રવાહ પ્રેરે છે અને તે પ્રતિક્રિયાના પ્રવાહની સાથેજ તે વિષયની અનુભૂતિ અથવા લાગણી પૂરી થાય છે. મનની જે શક્તિ આ પ્રતિક્રિયાનું કામ કરે છે, તેને બુદ્ધિ કહે છે; તથાપિ એ બુદ્ધિના સહકારથી પણ વિષયાનુભૂતિની ક્રિયા સંપૂર્ણ થાય છે એમ સમજવાનું નથી. હજી પણ એક પગલું આગળ વધવાની જરૂર છે. ધારો કે, અહીં એક છબી પાડવાનું યંત્ર યાને કેમેરા તથા એક વસ્ત્રનો ટુકડો બન્ને હાજર છે; અને મારે તેનાપર છબી પાડવી છે. તો મારે શું કરવું પડે છે ? તો કે પ્રથમ તો મારે કેમેરાદ્વારા વિવિધ પ્રકાશકિરણોને તે વસ્ત્રના ટુકડાપર પાડી તેમને એકત્રિત કરવાનો પ્રયાસ કરવો પડે છે. પછી એક એવા પદાર્થની આવશ્યકતા રહે છે કે જેનાપર ચિત્રની છાપ પાડી શકાય. કોઇ પણ હાલતી કિંવા અસ્થિર વસ્તુપર ચિત્ર પડવું અસંભવિત હોઈ એકાદ સ્થિર પદાર્થની જરૂર પડે છે. કારણ કે જે પ્રકાશકિરણ પાડવાનો હું પ્રયત્ન કરૂં છું તે બધાં અસ્થિર છે અને અસ્થિર કિરણો સ્થિર વસ્તુ પર એકત્રિત, એકીભૂત અને સમ્મિલિત થવાંજ જોઇએ. તેમ થાય ત્યારેજ ચિત્ર બરાબર ઉઠે છે. આબેહુબ તેવોજ પ્રકાર આપણી આ પંચેંદ્રિયોદ્વારા થતાં કાર્યોનો છે. ઇંદ્રિયો બાહ્યવિષયોને ગ્રહણ કરી અંદર મનને, અને મન બુદ્ધિને સમર્પણ કરે છે, પણ એટલાથી કંઇ સંપૂર્ણ વિષયાનુભૂતિ થતી નથી. બુદ્ધિ અસ્થિર વસ્તુ હોવાથી એના પૃષ્ઠદેશમાં કોઈ એવી સ્થિર વસ્તુની આવશ્યકતા અનિવાર્ય રહે છે, કે જેનાપર પ્રકાશનાં કિરણોની માફક આપણા સંસ્કારો એકત્રિત થતાં જે તે વિષયની યથાર્થ છબી ઉઠી શકે. ત્યારે એવી કયી વસ્તુ છે કે જે આપણી અંદરની સર્વ અસ્થિરતાને એકત્રિત કરી એકરૂપ બનાવી શકે ? એવી કયી ચીજ છે કે જે પ્રતિક્ષણ બદલાતી સ્થિતિની અંદર પણ એકત્વની રક્ષા કરી શકે? અને એ કયો પદાર્થ છે કે જેના ઉપર ભિન્ન ભિન્ન ભાવો એકત્ર રહી શકે છે તથા જેના ઉપર બાહ્ય વિષયો આવીને એકત્ર વાસ કરે છે, એટલુંજ નહિ પણ એક અખંડરૂપે રહી શકે છે ? આપણે જોઇજ લીધું છે કે, આ હેતુ પાર પાડવા માટે બુદ્ધિથી પણ પર એવા કશાકની જરૂર છે, અને તે 'કશુંક' શરીર અને મનની તુલનામાં અચળ અને સ્થિર હોવું જોઇએ. જે વસ્ત્રના ટુકડાપર કેમેરો છબી પાડે છે, તે વસ્ત્રનો ટુકડો પ્રકાશકિરણોની તુલનામાં નિશ્ચલ હોય છે, તેથીજ છબી પડે છે, નહિ તો કોઇ છબી ઉઠી શકે નહિ—અર્થાત્ કે વિષયોને અનુભવનાર કોઇ વ્યક્તિ હોવી જોઇએ. એ વ્યક્તિ અને એ 'કશુંક'

કે જેના પર મનરૂપી કેમેરો આ બધાં ચિત્રો પાડે છે અને જે પ્રકાશ-પર આપણી સકળ અનુભૂતિઓ આપણા મનને બુદ્ધિ વાટે સંચારિત થઈ સ્થાપિત, સંચિત અને અખંડિત એકરૂપ થાય છે તે વ્યક્તિ અને 'તે કશુંક' તે મનુષ્યના આત્મા નામે ઓળખાય છે.

ત્યારે હવે આપણે જોઇ લીધું કહેવાય કે, 'મહત્' અથવા સમષ્ટિમનજ આકાશ ને પ્રાણમાં વિભક્ત થયેલું છે, અને એ મનની પણ પેલી પાર આત્મા આવેલો છે. એ સમષ્ટિ મનની પાછળ રહેલા આત્માનેજ પરમાત્મા કે પરમેશ્વર કહે છે, અને વ્યષ્ટિની અંદર રહેલો આત્મા તે જીવાત્મા કહેવાય છે. આ જગતની અંદર સમષ્ટિમન જેમ આકાશ અને પ્રાણતત્ત્વોમાં વિભક્ત થયેલું છે, તેવીજ રીતે સમષ્ટિ આત્મા મનતરીકે ઉત્ક્રાંત થયેલો છે. આ ઠેકાણે પ્રશ્ન ઉઠશે કે, ત્યારે એક વ્યષ્ટિમનુષ્યના સંબંધમાં પણ શું તેવોજ પ્રકાર વસ્તુતઃ બનેલો સમજવાનો છે કે કેમ? માનવીનું મન તે શું એના શરીરનો અને એનો આત્મા તે શું એના મનનો ઉત્પાદક છે, એમ સમજવાનું છે? અર્થાત્ મનુષ્યનાં શરીર, મન અને આત્મા, એ ત્રણ ભિન્ન ભિન્ન અસ્તિત્વો છે કે પછી એ ત્રણે એકની અંદર સમાયેલાં છે? કિંવા મૂળ એકજ પદાર્થની તે ત્રણ જૂદી જૂદી અવસ્થાઓમાત્ર છે? આ પ્રશ્નોનો ઉકેલ આપણે ક્રમે ક્રમે કરતાં જઈશું. મનુષ્યના સંબંધમાં અત્યારસુધીમાં આપણને એટલું તો જ્ઞાન થઈ ચૂક્યું છે કે, એની અંદર સૌથી પ્રથમ સ્થાન સ્થૂળદેહનું છે; એ સ્થૂળદેહની પાછળ ઇંદ્રિયો, મન અને બુદ્ધિનાં સ્થાન આવેલાં છે અને બુદ્ધિની પાછળ આત્મા રહ્યો છે. શરૂઆતની અંદર એમ લાગ્યું હતું કે, આત્મા એ શરીર અને મનથી ભિન્ન છે, અને પાછળથી એમ સિદ્ધ થયું છે કે, એ ત્રણે વસ્તુતઃ એકરૂપ છે. આજ મુદ્દાપર દુનિયાના ધર્મો વચ્ચે વિચારભેદ થાય છે, અને તેઓ એકબીજાથી જૂદા પડે છે. દ્વૈતવાદીના સાધારણ નામથી ઓળખાતા બધાજ મતોનું માનવું છે કે, આત્મા સગુણ છે, એટલે કે ભોગ, આનંદ, સુખ, દુઃખ વગેરે લાગણીઓ વસ્તુતઃ આત્માના ગુણધર્મ છે; ત્યારે અદ્વૈતવાદીઓ આત્માના સંબંધમાં એ સર્વ ગુણધર્મોનો ઇન્કાર કરતાં કહે છે કે, આત્મા નિર્ગુણ છે.

હવે પ્રથમ તો આપણે દ્વૈતવાદીઓના મતની આલોચના કરીશું— અર્થાત્ આત્મા અને તેની ભાવિ સ્થિતિગતિ વિષે તેમનો કેવો મત છે તે હું તમારી આગળ સંક્ષેપમાં જણાવવાનો પ્રથમ પ્રયાસ કરીશ. તે પછી અદ્વૈતવાદનું ખંડન કરનાર મતનું બયાન કરીશ, અને છેક છેલ્લે અદ્વૈતવાદદ્વારા એ ઉભય મતો વચ્ચે સામંજસ્ય ઉત્પન્ન કરવાનો યાને મેળ બેસાડી બતાવવાનો પ્રયત્ન કરીશ.

હવે દ્વૈતવાદીઓની દલીલ એવી છે કે, માનવઆત્મા મન

અને શરીરથી ભિન્ન હોવાને લીધે, અને આકાશ તથા પ્રાણતત્ત્વોના સંયોગીકરણથી તે બનેલો નહિ હોવાને લીધે અમર હોવો જોઇએ. કારણ કે મૃત્યુ શબ્દથી આપણે શું સમજીએ છીએ? મૂળતત્ત્વોમાં વિસર્જન પામવાની ક્રિયાનેજ આપણે મૃત્યુતરીકે ઓળખીએ છીએ. એવી વિસર્જનક્રિયા સંયોગીકરણથી ઉત્પન્ન થયેલા પદાર્થોમાં યાને બે કે ત્રણ ભિન્ન ભિન્ન તત્ત્વોના સંયોજનથી પેદા થયેલી વસ્તુઓના સંબંધમાંજ સંભવે છે. જે પદાર્થ સંયોજનના પરિણામરૂપ નથી, તેનું વિશ્લેષણ કિંવા વિસર્જન શકયજ નથી; અને તેથી તેને માટે મૃત્યુ કે નાશ જેવું પણ કદાપિ હોતું નથી. એ પદાર્થ અમર છે. એની હયાતી સનાતન હોઈ તે એક અસૃષ્ટ પદાર્થ છે. પ્રત્યેક સૃષ્ટ પદાર્થ માત્ર સંયોગીકરણનુંજ પરિણામ છે; સૃષ્ટ પદાર્થની ઉત્પત્તિ શૂન્યમાંથી થતી કોઇએ કદાપિ જોઇ કે સાંભળી નથી. તેથી સૃષ્ટિ અથવા સર્જન શબ્દથી આપણે એટલુંજ સમજવાનું છે કે, પરાપૂર્વથી અસ્તિત્વ ધરાવતાં કોઇ બે કે અધિક મૂળતત્ત્વોના સંયોગથી ઉત્પન્ન થયેલું નૂતન રૂપ; અતઃ મનુષ્યનો આત્મા કોઈ વસ્તુના સંયોગનું પરિણામ નહિ હોવાને લીધે તે શાશ્વતકાળથી હયાતી ભોગવતો આવ્યો હોવો જોઇએ, અને શાશ્વત કાળ હયાતી ભોગવતો રહેવો જોઇએ. આ પરથી સિદ્ધ થાય છે કે, મનુષ્યના શરીરનું પતન થયા બાદ પણ જીવાત્માનું અસ્તિત્વ કાયમ રહે છે. આ સંબંધમાં વેદાંતીઓનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ- મનુષ્યનો દેહ જ્યારે પડે છે, ત્યારે જ્ઞાનેંદ્રિયોનો મનમાં, મનનો પ્રાણમાં અને પ્રાણનો જીવાત્મામાં લય થાય છે; અને પછી તે માનવાત્મા સૂક્ષ્મ અથવા માનસ કે લિંગદેહરૂપી વસ્ત્ર પરિધાન કરી બહાર નીકળે છે. એ સૂક્ષ્મશરીર યા લિંગદેહમાં મનુષ્યના સર્વ સંસ્કારોનો સમાવેશ થયેલો હોય છે. હવે, આ સંસ્કારો શી વસ્તુ છે તે જાણવાનું તમને મન હશે. તો સમજી લ્યો કે, આ મન એક સરોવર જેવું છે અને આપણો પ્રત્યેક વિચાર એ મનરૂપી સરોવરના જળમાં ઉઠતાં મોજાંસ્વરૂપ છે. એક સરોવરની અંદર જેમ મોજાં ઉઠે છે, ઉંચે ઉછળે છે ને પાછાં શમી જાય છે, તેમ આપણા મનની અંદર પણ વિચારનાં મોજાં અવ્યાહત ઉછળ્યા કરે છે અને ઉછળીને પાછાં શમ્યા કરે છે; પરંતુ એ મોજાં હંમેશને માટે અદૃશ્ય થઈ જતાં નથી. ક્રમે ક્રમે એ સૂક્ષ્મ ને સૂક્ષ્મ બનતાં જાય છે એ ખરૂં, પણ તેમનું અસ્તિત્વ કાયમને માટે લોપાઇ નથી જતું. જ્યારે પણ જરૂર પડે ત્યારે તે પુનઃ ઉછળવાને માટે તૈયારજ હોય છે. આ સૂક્ષ્મતર રૂપમાં છુપા રહેલા કેટલાક વિચારોને મોજાંરૂપે ફરીને માનસસરની સપાટી ઉપર આણવા તેનુંજ નામ સ્મૃતિ. સ્મૃતિ અગર યાદદાસ્ત એટલે પૂર્વસંચિત વિચારોનાં મોજાં, એ સિવાય

બીજું કંઇ નહિ. એ રીતે ત્યારે આપણે જે જે વાત વિચારી હોય છે અને જે જે કાર્ય કર્યું હોય છે તે બધાંયની છાપ મનના ખાનામાં સૂક્ષ્મભાવે સંઘરાઇ રહે છે, અને માણસ મરી જાય છે ત્યારે પણ એ સંચિત છાપો યાને સંસ્કારો તેના મનમાં મોજુદ રહે છે, અને ત્યાં રહ્યા રહ્યા તે લિંગદેહ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે. અર્થાત્ કે દેહના પતન પછી આત્મા પોતાના લિંગદેહ અને સંસ્કારોરૂપી વસ્ત્રોમાં ઢંકાઇ બહાર નીસરે છે, અને એ વિવિધ સંસ્કારોરૂપી વિવિધ શક્તિઓના સામટા ફળથી તેની ભાવિ ગતિ નિર્માણ થાય છે. અમારા હિંદુઓના મત પ્રમાણે તો આત્માની ત્રિવિધ ગતિ થાય છે, અને તે નીચે પ્રમાણેઃ—

જેઓ અત્યંત ધર્મિષ્ઠ હોય છે તેઓ મૃત્યુ બાદ સૂર્યકિરણો-નું અનુસરણ કરતાં કરતાં સૂર્યલોકમાં પહોંચે છે; પછી સૂર્ય લોકમાંથી તેઓ ચંદ્રલોકમાં અને ચંદ્રલોકમાંથી વિદ્યુતલોકમાં પ્રવેશે છે. અહીં વિદ્યુતલોકમાં તેમને એક બીજા મુક્તાત્માનો મેળાપ થાય છે અને તે આ નવીન આગંતુક જીવાત્માઓને સર્વોચ્ચ બ્રહ્મલોકમાં લઇ જાય છે. એ બ્રહ્મલોકમાં પહોંચતાં જીવાત્માને સર્વજ્ઞતા તથા સર્વશક્તિમત્તાની પ્રાપ્તિ થાય છે, યાને તેમની શક્તિ અને તેમનું જ્ઞાન લગભગ ઇશ્વરસમાન થાય છે. દ્વૈતવાદીઓના મત મુજબ તે પછી જીવાત્માઓનું અનંત કાળને માટે ત્યાંજ વસવાનું થાય છે, અને અદ્વૈતવાદીઓના મત પ્રમાણે કલ્પાંતે તેઓ બ્રહ્મની અંદર ભળી જઈ એકત્વ પ્રાપ્ત કરે છે. હવે બીજી ગતિની વાત. જેઓ સકામ ભાવથી શુભ કૃત્યો આચરે છે, તેઓનું મૃત્યુબાદ ચંદ્રલોકમાં ગમન થાય છે. આ ચંદ્રલોકમાં વિવિધ જાતનાં સ્વર્ગો છે. ત્યાં પહોંચતાં તેઓ દેવતાઓનાં સૂક્ષ્મશરીરો ધારણ કરે છે. એટલે કે દેવતાઓ થઇને સ્વર્ગલોકોમાં રહે છે અને દીર્ઘકાળપર્યંત સ્વર્ગીય સુખોપભોગોનો લહાવો લે છે, પણ એ સ્વર્ગીય સુખભોગને અંતે તેમનું પૂર્વસંચિત કર્મફળ ફરીને તેમનાપર ચઢાઇ કરે છે અને તેમને નીચે મૃત્યુલોકમાં ધસડી પાડે છે. સ્વર્ગમાંથી પતન થતાં તેઓ વાયુલોક, મેઘલોક ઇત્યાદિ લોકોમાંથી પસાર થતાં થતાં વરસાદના બિંદુરૂપે પૃથ્વીપર પડે છે. એ પ્રમાણે બિંદુરૂપમાં પૃથ્વી-પર પડયા પછી તેઓ કોઇ ધાન્યનો આશરો લે છે. એ ધાન્ય પછી કોઈ મનુષ્યના ખાધામાં આવે છે અને તેના વીર્યદ્વારા તેમને નવીન દેહ ધારણ કરવાનું ભૂતદ્રવ્ય પ્રાપ્ત થાય છે. હવે જીવાત્માની ત્રીજી ગતિ વિષે એમ છે કે, જેઓ અત્યંત દુષ્ટ અને પાપાચારી-ઓ હોય છે તેઓ મરણબાદ ભૂત કે પિશાચ યોનિને પ્રાપ્ત થઇ પૃથ્વી અને ચંદ્રલોકની વચ્ચેના કોઇ સ્થાનમાં રહે છે. એમાંના કેટલાક માનવી જાતને પીડાકારી નીવડે છે અને કેટલાક મનુષ્ય-

જાત પ્રત્યે મૈત્રીભાવ પણ રાખે છે. આ પિશાચયોનિમાં યથાકાળ રહ્યા બાદ તેઓ ફરીને પાછા પશુયોનિમાં પૃથ્વીપર અવતરે છે. આ પશુયોનિમાંથી કાળે કરીને તેઓ પાછા મનુષ્યયોનિને પ્રાપ્ત થાય છે અને ત્યાં તેમને મુક્તાવસ્થા પ્રાપ્ત કરવા માટે યત્ન કરવાની તક વળી પાછી મળે છે.

આ ઉપરથી તમને સમજાયું હશે કે, જે જીવો મુક્તિની નીસરણીની લગભગ ટોચે આવી પહોંચે છે, અને જેમની અંદર અપવિત્રતાનો અત્યંત અલ્પ અંશ બાકી રહે છે, તે જીવો સૂર્ય-કિરણોવાટે બ્રહ્મલોકમાં પ્રાપ્ત થાય છે; જેઓ મધ્યમ કોટિના હોઇ સ્વર્ગની કામના સાથે સત્કાર્યો કરનારા હોય છે, તેઓ ચંદ્રલોકને પ્રાપ્ત થઇ ત્યાંના એકાદા સ્વર્ગમાં દેવરૂપે રહે છે; પણ મુક્તિની પ્રાપ્તિ માટે તો તેમને ત્યાંથી પુનઃ પૃથ્વીપર મનુષ્ય થઇ અવતરવું પડે છે; અને જે જીવો છેકજ દુષ્ટ અને દુરાચારી હોય છે તેમને ભૂતપિશાચ ઇત્યાદિ અધમ દશાને પ્રાપ્ત થઇ તેમાંથી કાલાવધિએ પશુયોનિમાં અને તેમાંથી પુનઃ મુક્તિમાટે પ્રયત્ન કરવા સારૂ મનુષ્યયોનિમાં જન્મવું પડે છે. આ પૃથ્વીને કર્મભૂમિ કહેવામાં આવે છે. સારાં કે નરસાં કર્મ આ ભૂમિપરજ જીવાત્માથી થઇ શકે છે. સ્વર્ગની કામનાસહિત સત્કાર્યો કરી મનુષ્ય સ્વર્ગભૂમિને પ્રાપ્ત થઈ દેવતા બને છે ખરો; પણ તે દેવ અવસ્થામાં તેનાથી કોઇ જાતનાં નૂતન કર્મ થઈ શકતાં નથી. એટલે કે દેવ અવસ્થામાં નવાં શુભ કે અશુભ કર્મોથી તે અલિપ્ત રહી પૃથ્વીપર કરેલાં તેનાં શુભ કર્મોનું ફળ માત્ર તે સ્વર્ગમાં રહ્યો રહ્યો ભોગવે છે. પછી જ્યારે એ શુભ કર્મોનું પુણ્ય પરવારે છે, ત્યારે પછી પૃથ્વી-પરનાં એનાં અશુભ કર્મનું સંચિત ફળ તેનાપર હુમલો કરે છે અને તેને સ્વર્ગમાંથી નીચે પૃથ્વીપર ઘસડી પાડે છે. એજ રીતે જેઓ દુષ્કૃત્યથી ભૂત કે પિશાચ બને છે તેમને પણ નૂતન કર્મોથી લેપાયા વગર તે અધમ યોનિમાં રહેવું પડે છે અને ત્યાં રહ્યા રહ્યા પૃથ્વીપરનાં પોતાનાં દુષ્કૃત્યોનાં માઠાં ફળ યથાસમય ભોગવવાં પડે છે, અને એ માઠાં ફળની પીડા પૂરી થતાં તેઓ પશુયોનિમાં થોડોક વખત રહે છે. ત્યાં પણ નવાં કર્મો તેમને સાધક કે બાધક નીવડતાં નથી. એ પશુજન્મ ખલાસ થયા બાદ તેમનું પુનઃ મનુષ્યદેહમાં આવાગમન થાય છે—અર્થાત્ કે શુભાશુભ કર્મને પરિણામે પ્રાપ્ત થતી પારિતોષિક કે દંડની દશા નવીન કર્મો કરવાની શક્તિરહિત છે; એ તો માત્ર સુખભોગ માણવાની કે દુઃખભોગ ભોગવવાનીજ દશાઓ છે. હવે આ પૃથ્વીપરનું કોઇ એકાદું કર્મ અસાધારણ સારૂં કે અસાધારણ ખરાબ હોય, તો તેનું ફળ તેને આ પૃથવીપરજ તુરત આવી મળે છે.

ઉદાહરણતરીકે, કોઈ શખ્સે પોતાનું આખું જીવન દુષ્કર્મોમાં વ્યતીત કર્યું હોય છતાં તેને હાથે એકાદ સત્કાર્ય કોઈ વાર નીપજે તો તેના તે સત્કાર્યનું ફળ તત્કાળ પ્રકાશિત થયેલું જણાશે; પણ તે સત્કાર્યનું પુણ્ય પરવારતાંજ તેનાં દુષ્કૃત્યોનું ફળ પણ તરત દેખાવા માંડશે. જે લોકો અમુક અમુક સારાં અને મોટાં પુણ્યનાં કામો કરે છે, પણ જેના જીવનનું સામાન્ય વલણ જોઈએ તેવું બરાબર નથી હોતું, તેઓ દેવતાપદને પ્રાપ્ત થાય છે, અને દેવશરીરમાં અમુક મુદત રહી દેવતાઓના વિલાસવૈભવ અને અધિકારો ભોગવે છે; છતાં તેમને ફરી મનુષ્ય થઈને અવતરવું પડે છે. કેમકે દેવતાઈ સુખ ભોગવતાં ભોગવતાં તેમનાં સત્કાર્યોનું પુણ્યબળ સમાપ્ત થાય છે, એટલે તેમનાં જૂનાં પાપોનાં ફળનો પ્રભાવ પડવા માંડે છે. એ રીતે અસાધારણ પાપવાળા માણસોને ભૂત અને અન્ય પિશાચયોનિમાં પડી અસંખ્ય યાતનાઓ ભોગવવી પડે છે, પણ તે પાપકર્મોની અસર પૂરી થતાં જે કંઈ અલ્પ સત્કાર્યનું ફળ તેમની સંગાથે આવ્યું હોય છે તેના બળે તેમને પુનઃ મનુષ્યાવતાર પ્રાપ્ત થાય છે. બ્રહ્મલોક કે જેમાંથી પતન કે પુનરાવર્તનનો સંભવ નથી તેના માર્ગને દેવયાન એટલે કે દેવ કહેતાં ઈશ્વર પ્રત્યેનો માર્ગ કહેવામાં આવે છે; અને સ્વર્ગ તરફના માર્ગને પિતૃયાન એટલે કે પિતૃઓને પ્રાપ્ત થવાનો માર્ગ કહેવામાં આવે છે.

તેથી વેદાંત ફિલસુફીના મત પ્રમાણે તો મનુષ્યાવતાર એજ જગતમાં ઉત્તમોત્તમ અવતાર છે, અને આ પૃથ્વી અથવા કર્મભૂમિ એજ એની અંદર આવેલું સર્વોત્તમ સ્થાન છે. કારણ કે આ ભૂમિમાંજ તેને સંપૂર્ણાવસ્થા અથવા મુક્તિને પામવાની મોટામાં મોટી અને ઉત્તમમાં ઉત્તમ તક પ્રાપ્ત થાય છે. ફિરસ્તાઓ કે દેવતાઓ–ગમે તે નામથી ઓળખાતા હોય તેવા દિવ્ય દેહધારીઓને પણ સંપૂર્ણ અથવા મુક્ત થવા કાજે તો મનુષ્યદેહ ધારણ કર્યેજ છૂટકો છે. આ મનુષ્યાવતારજ સર્વ અવતારોમાં શ્રેષ્ઠ છે, એની અંદરજ મુક્તિપ્રાપ્તિની સર્વોત્તમ તક રહેલી છે.

હવે આપણે ઉપલા મતના એટલે કે દ્વૈતવાદના વિરોધી મતની આલોચના કરીશું. અત્યારસુધી તમારી આગળ જે આત્માની મેં વાતો કરી છે તે આત્માના અસ્તિત્વનો બૌદ્ધલોકો સાવ ઇન્કાર કરે છે. બૌદ્ધો શંકા ઉઠાવે છે કે "આ શરીર અને મનની પૂંઠળ આત્મા નામનો પદાર્થ રહેલો છે એવું માનવાની જરૂરજ શી છે? આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યા વગરજ આપણી વિચારસાંકળને આગળ કાં ન લંબાવીએ? આકાશ અને મનની બનેલી આ ઘટના ઉપરાંત આત્મા નામની ત્રીજી વસ્તુનો સ્વીકાર કરવાની આવશ્યકતાજ ક્યાં છે? આ શરીર અને મનરૂપી યંત્ર સ્વતઃસિદ્ધ માનવાથીજ

શું આ સર્વ રહસ્યનો ઉકેલ થઈ શકે તેમ નથી? તો પછી આ આત્મારૂપી ત્રીજી કલ્પનાનું પ્રયોજન શું છે?" આ દલીલોમાં વજુદ તો ખૂબ છે. જેટલે સુધી બાહ્ય શોધ પહોંચી છે તેટલે સુધી તો આપણને લાગે છે કે આ શરીર અને મનોયંત્રનો ખુલાસો એની મેળેજ મળી રહે છે. નિદાન આપણામાંનાં ઘણાં જણ તે રીતે માને છે, એમાં તો શક નહિ. તો પછી શરીર અને મન ઉપરાંત આત્મા નામની ત્રીજી ચીજને અને તે પણ શરીર અને મનના આશ્રયસ્થાનતરીકે માનવાની શી જરૂર છે? આ જીવનનું રહસ્ય સમજાવવા માટે એકલાં શરીર અને મનજ બસ છે. શરીર એટલે નિરંતર પરિવર્તનશીલ જડ પ્રવાહ, અને મન એટલે નિરંતર બદલાતો ચૈતન્ય અથવા વિચારનો પ્રવાહ; ત્યારે બન્ને વચ્ચે દેખીતું ઐક્ય કોણ નીપજાવે છે અને એવું ઐક્ય શાથી જણાય છે? તો કહીશું કે, વસ્તુતઃ તો આ ઐક્યનું અસ્તિત્વજ નથી. આ વાત બરાબર સમજવા માટે સળગતી મશાલનો દાખલો લ્યો. એક સળગતી મશાલ લઇને તમે જો તમારી આગળ ચકર ચકર જોરથી ફેરવશો તો મશાલના એક ભડકાને સ્થાને તમને તમારી આગળ અગ્નિનું એક વર્તુલ ફરતું હોય એમ જણાશે; પણ ખરી રીતે તો કોઈજ વર્તુલ પદાર્થ મોજુદ નથી. માત્ર મશાલના સતત ચકર ચકર ઘૂમવાને પરિણામે અગ્નિના એ વર્તુલનો ભાસ ઉત્પન્ન થયેલો છે; એ વાત તમે સારી પેઠે જાણતા હો છો. તેથી વર્તુલના ખરા અસ્તિત્વ-વિષે કોઇ તમને પૂછે, તો તમે તરતજ નકારમાં જવાબ દેશો અને કહેશો કે, વર્તુલનો ભાસ મિથ્યા છે. તેવીજ રીતે આપણા આ જીવનમાં જે ઐક્ય જણાય છે તે પણ ખરૂં નથી. એ તો જડ દ્રવ્યનો સમૂહ સતત વેગથી નીચે ધસી રહ્યો છે એટલુંજ. એ જડ સમુદાયને મરજી હોય તો ભલે એકતરીકે ઓળખો, પણ તે સિવાય શરીરમાં વાસ્તવિક કોઇ ઐક્ય કે એકત્વ છેજ નહિ. મન વિષે પણ એવોજ પ્રકાર સમજવાનો છે. દરેક વિચાર બીજા વિચાર કરતાં નિરાળો હોય છે, છતાં મશાલની માફક આ જોરથી આગળ વહેતો વિચારસ્રોત એ ભ્રમાત્મક ઐક્યનો ભાસ કરાવે છે. દેખીતા ઐક્યનો આ સહેલો સટ ને સમજી શકાય તેવો ખુલાસો છે. તેથી આત્મા જેવા ત્રીજા પદાર્થના અસ્તિત્વની કલ્પનાની જરૂર જરા પણ રહેતી નથી. સૃષ્ટિચમત્કારમાં અત્યારે જે કંઇ દેખાય છે તે આ જડસ્રોત અને વિચારસ્રોત યાને જડ દ્રવ્યના અને વિચારના વેગવંતા પ્રવાહસિવાય બીજું કંઈજ નથી; કેવળ એમનુંજ અસ્તિત્વ છે, એમની પાછળ ત્રીજા કશાને ગોઠવવાની જરૂર નથી. બૌદ્ધોની આ વિચારસરણીનેજ આધુનિક કાળના અમુક અમુક સંપ્રદાયોએ ઉપાડી લીધી છે અને છતાં તે બધા દાવો

કરે છે કે, એ શોધ નવીન હોઇ તેમની પોતાની છે. ઘણાંખરાં બૌદ્ધ દર્શનશાસ્ત્રોનો પ્રધાન સૂર એજ છે કે, આ જીવનરહસ્યના ઉકેલ માટે આ દશ્યમાન જગતજ પૂરતું છે, એની પાછળ કંઈ છે કે નહિ તેની શોધ કરવાની કશી જરૂર નથી. આ ઇંદ્રિયગ્રાહ્ય જગતજ જે કાંઈ છે તે છે. એના આધારરૂપ કંઇ છે એવી કલ્પના કરવાનીજ જરૂર ક્યાં છે? જે છે તે બધું ગુણસમુચ્ચય એટલે કે ગુણોના જથારૂપ છે. હવે, એ ગુણસમુચ્ચય કશાનો આશ્રય લઇ રહ્યો છે એવી કલ્પના કરી એવો આનુમાનિક પદાર્થ શોધી કાઢવાની જરૂરજ શી છે? કારણ કે પદાર્થના અસ્તિત્વનો ખ્યાલ ગુણરાશિના વેગવાન વિનિમયને પરિણામે ઉત્પન્ન થાય છે, અને નહિ કે એ ગુણોની પાછળ કોઇ અપરિવર્તનશીલ પદાર્થ રહ્યો છે તેથી. આપણે જોઇએ છીએ કે, આમાંની કેટલીક દલીલો કેટલી બધી સચોટ છે અને મનુષ્યજાતિના સાધારણ અનુભવને તે કેવી બંધબેસતી આવે છે. વસ્તુતઃ તો દશલાખમાં પણ એક જણને આ દશ્યજગત સિવાય બીજી વસ્તુની કલ્પના સરખી આવતી હશે કે કેમ તેની શંકા છે. જગતના અધિકાંશ લોકોને મન તો પ્રકૃતિ એટલે નિત્ય બદલાતો, ચકર ભમર ફરતો, જોડાતો અને એકત્રિત થતો પરિવર્તનનો ઢગલો. એટલે કે જગતના ઘણાજ મોટા ભાગના લોકો પ્રકૃતિને નિત્ય પરિવર્તનશીલ પદાર્થ માને છે; પણ એ દેખીતી પરિવર્તનશીલતાની પાછળ જે સ્થિર સમુદ્ર રહેલો છે તેની ઝાંખી આપણામાંના ભાગ્યેજ કોઇને થઇ હોય છે. આપણે માટે તો આ જગત નિરંતર મોજાંથી ભરેલું એક દશ્યમાત્ર રહે છે; આપણને તો તે ઉછળતાં ઊભરાતાં ને અફળાતાં મોજાંના સમૂહરૂપેજ ભાસે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી એ બાબતમાં આપણને બે મતો પ્રાપ્ત થાય છે. એક તો એવો કે, આ શરીર અને મનની પાછળ એક અપરિવર્તનશીલ અને અવિચળ પદાર્થ રહેલો છે; અને બીજો એવો કે, આ જગતમાં અવિચળતા કે અપરિવર્તનશીલતા જેવી કોઈ ચીજ નથી. બધુંજ પરિવર્તનશીલ અને ચંચળ છે યાને પરિવર્તન સિવાય જગતમાં બીજું કંઇજ નથી. અદ્વૈતવાદ આ બે મત વચ્ચે રહેલા ભેદનું નિરાકરણ કરી તેમનો મેળ કેવી રીતે પાડે છે? તે આપણે જોઇએ.

અદ્વૈતવાદ જણાવે છે કે "જગતની પાછળ કોઇએક અપરિવર્તનશીલ અચળ આધાર રહ્યો છે—"એવું શોધી કાઢવામાં દ્વૈતવાદ સાચો છે. કેમકે કોઈ અપરિવર્તનશીલ તત્ત્વ હોયા વગર પરિવર્તનની કલ્પનાજ આપણને આવી શકે નહિ. કોઇ પરિવર્તનશીલ પદાર્થની પરિવર્તનતાના પ્રમાણનો ખરો ખ્યાલ આપણને ત્યારેજ આવી શકે કે જ્યારે તેના કરતાં કોઇ અલ્પ પરિવર્તનશીલ પદાર્થ આપણા જોવા-જાણવામાં આવે; અને એ અલ્પ પરિવર્તનશીલ

પદાર્થ પણ બીજા અન્ય અલ્પતર પરિવર્તનશીલ પદાર્થની તુલનામાં વધારે પરિવર્તનશીલ ભાસવો જોઇએ, અને તે વળી બીજા તેથી પણ ઓછા પરિવર્તનશીલ પદાર્થની તુલનામાં વધારે પરિવર્તનશીલ ભાસવો જોઇએ-એ રીતે આગળ ને આગળ વિચાર કરતાં છેવટે આપણને એવા કોઈ પદાર્થના અસ્તિત્વનો અંગીકાર કર્યા વગર ચાલતું નથી કે જે પદાર્થ બિલકુલ પરિવર્તિત ન થતાં નિત્ય એકરૂપે સ્થિર રહેનારો હોય. આ જગતપ્રપંચ પણ એક વાર અવશ્ય અનાવિષ્કૃત સ્થિતિમાં બે વિરોધી શક્તિઓના સમતોલરૂપ શાંત અને સ્થિર હોવો જોઇએ. તે વેળા કોઇ શક્તિનો પ્રભાવ તેનાપર પડતો હોવો ન જોઇએ યાને કોઈ શક્તિનું અસ્તિત્વજ ન હોવું જોઇએ. કારણ કે શક્તિનો પ્રાદુર્ભાવ ત્યારેજ થાય છે કે જ્યારે સમતોલપણામાં વધઘટ થાય છે અથવા તો સમતોલપણામાં કંઇ ખલેલ ઉત્પન્ન થાય છે. આ જગત અત્યારે એ પોતાનું ગુમાયલું સમતોલપણુંજ પ્રાપ્ત કરવાને વેગપૂર્વક ધસી રહ્યું છે. કોઇ પણ વસ્તુનું આપણને ચોક્કસ જ્ઞાન હોય તો તે આનુંજ. તેથી દ્વૈતવાદીઓ જે દાવો કરે છે કે કોઇ અપરિવર્તનશીલ અથવા અવિકારી અવિચળ પદાર્થનું અસ્તિત્વ અવશ્ય છે, તે ઠીકજ કરે છે. એ માન્યતામાં તેઓ સાવ સાચા છે. પરંતુ એ અવિકારી અવિચળ પદાર્થ શરીર અને મનથી કેવળ પર અને પૃથક્ છે, એમ માનવામાં તેઓ ભીંત ભૂલ્યા છે. તેમનું એ પૃથક્કરણ સાવ ખોટું છે. હવે બૌદ્ધધર્મીઓ જે કહે છે કે, જગતસમસ્ત પરિવર્તન અથવા વિકારનો સમૂહ છે તે પણ સાચું છે; કારણ કે જ્યાંસુધી આપણે જગતથી પોતાની જાતને નિરાળી સમજીએ છીએ યાને જ્યાંલગી આઘા ઉભા રહી આપણી આગળ આપણાથી ભિન્ન વસ્તુને જોઇએ છીએ, અને જ્યાંલગી દ્રષ્ટા અને દશ્યનો ભેદ યાને દ્વૈતભાવ આપણામાં મોજુદ રહે છે, ત્યાંલગી જગત નિત્ય પરિવર્તનશીલ કિંવા વિકારી ભાસ્યા કરવાનું, એ પણ નિર્વિવાદ છે. પરંતુ ખરી વાત તો એ છે કે, જગત પરિવર્તનશીલ એટલે કે વિકારી અને અપરિવર્તનશીલ એટલે કે અવિકારી બન્ને પ્રકારનું છે. આત્મા, મન અને શરીર, એ ત્રણ પૃથક્ વસ્તુ નથી પણ એકજ છે. એ ત્રિપુટીનું બનેલું આ ઘટયંત્ર વસ્તુતઃ એકજ છે. એકની એકજ ચીજ કોઈ વાર શરીરરૂપે, કોઇ વાર મનરૂપે અને કોઇ વાર વળી શરીર-મનથી પર આત્મારૂપે ભાસે છે; એકી વખતે આ ત્રણેનો ભાસ કદાપિ નથી થતો. કારણ કે જે માણસ શરીરને નિહાળ્યા કરે છે તે મનને જોઇ શકતો નથી; જે મનને નિહાળે છે તેને આત્માનો ખ્યાલ આવતો નથી; અને જે આત્માનેજ જુએ છે તેની આગળથી શરીર અને મન ઉભયનો ભાસ ક્યાંનો ક્યાંય નષ્ટ થઇ જાય છે. જેમ એકલી ગતિને જોયા કરનારને સંપૂર્ણ સ્થિરભાવ

જણાતો નથી, અને કેવળ સ્થિરતાને જોયા કરનારને ગતિનો ભાવ જણાતો નથી, તેમ આ તો સર્પ-રજ્જુન્યાયની વાત થઇ. જે માણુસને દોરડામાં સાપનો ભ્રમ થાય છે, તેને માટે ખરા દોરડાની હયાતિ નષ્ટ થઇ જઇ કાલ્પનિક સાપની હયાતી ઉભી થાય છે, અને જ્યારે તેનો એ ભ્રમ દૂર થાય છે ત્યારે તેના કાલ્પનિક સાપની હયાતી નષ્ટ થઇ તેને સ્થાને અસલ દોરડાની હયાતી પ્રતીત થાય છે. પછી તેને સાપનો ભ્રમ રહેતો નથી, પણ અસલ દોરડુંજ દેખાયા કરે છે; તેમ આત્માની એક વાર પ્રતીતિ થતાં શરીર અને મનનો ખ્યાલ રહી શકતોજ નથી, સર્વત્ર આત્માજ દેખાયા કરે છે.

આ ઉપરથી જણાશે કે, વાસ્તવિક અસ્તિત્વ એકજ હોઇ તે એકજ અનેકરૂપે પ્રતીત થાય છે. એ એકમાત્ર અસ્તિત્વને પછી આત્મા કહો, પદાર્થ કહો કે ગમે તે કહો—પણ તે એકલાનું ને એકલાનુંજ અસ્તિત્વ છે. અદ્વૈતવાદની પરિભાષામાં એ એકને બ્રહ્મ નામે ઓળખવામાં આવે છે, અને એ બ્રહ્મજ નામરૂપની ઉપાધિથી અનેકરૂપે ભાસમાન થાય છે. મહાસાગરનાં મોજાં તરફ જુઓ, ખરી રીતે તો એકે મોજું મહાસાગરથી ભિન્ન નથી; છતાં એ મોજાં મહાસાગરથી જૂદાં કેમ દેખાય છે અને એ દેખીતી જૂદાઇનો ખ્યાલ ઉત્પન્ન કરનાર કયી વસ્તુ છે? તો કે નામ અને રૂપ. મોજાંનું રૂપ અને આપણે પોતે તેને આપેલું 'મોજું' એવું નામ—એ બેજ મહાસાગર અને મોજાંની વચ્ચે જૂદાઇનો ખ્યાલ ઉત્પન્ન કરે છે. મોજાંનું નામરૂપ નષ્ટ થતાંજ તે મહાસાગર તેનો તે ભાસે છે, યાને નામરૂપના નાશની સાથે મહાસાગરનુંજ અસ્તિત્વ બાકી રહે છે. સાગર અને મોજાં વચ્ચે સાચી અને કાયમની જૂદાઇ કોનાથી પાડી શકાય તેમ છે? કોઇથી નહિ. તેવી રીતે આ સમગ્ર વિશ્વ પણ એકસ્વરૂપ છે, એનું અસ્તિત્વ એકમય છે, એની અંદર જણાતો ભેદ અને અનેકત્વનો આભાસ નામરૂપે પેદા કરેલો છે. પાણીના લક્ષાવધિ પિંડ અથવા ઘડા ઉપર સૂર્ય પોતાનો પ્રકાશ નાખે છે, ત્યારે તે પ્રત્યેક જળપિંડ અથવા ઘડાની અંદર સૂર્યનું સંપૂર્ણ પ્રતિબિંબ ઝળહળી રહે છે. એ લક્ષાવધિ જળપિંડો જાણે લક્ષાવધિ સૂર્યો ન હોય એવો ભાસ કરાવે છે; તેમ—આબેહૂબ તેમજ તે એકમ્ અદ્વિતીયમ્ સત્તા કહેતાં બ્રહ્મ, નામરૂપના વિવિધ પિંડોમાં પ્રતિબિંબિત થઇ વિવિધરૂપે ભાસે છે; પરંતુ વાસ્તવિક રીતે તો તે એકજ છે. 'હું' અને 'તું' જેવા વાસ્તવિક ભેદ છેજ નહિ; જે છે તે એકજરૂપ છે. બધુંજ ચાહ્ય તો 'હું'મય છે, અગર બધુંજ 'તું'મય છે. આ દેખીતો દ્વૈતભાવ કેવળ મિથ્યા છે, અને એ મિથ્યા દ્વૈતભાવને લીધેજ આપણને જગત અત્યારે આવું અનેકમય ભાસે છે. મનુષ્યના અંતરમાં જ્યારે વિવેકદીપ પ્રગટે

છે અને દ્વૈતને ઠેકાણે તેને સર્વત્ર અદ્વૈતની ઝાંખી થાય છે, ત્યારે તેને ખરી વાત સમજાય છે કે તે પોતેજ ખુદ આ બ્રહ્માંડરૂપ છે, પોતેજ વિશ્વ છે, "અત્યારનું જણાતું આ પરિવર્તનશીલ જગત તે હું પોતેજ છું, અને વળી નિર્વિકારી, નિર્ગુણ, શાશ્વત, સંપૂર્ણ અને શાશ્વત આનંદમય બ્રહ્મસ્વરૂપ પણ હું પોતે છું."

મતલબકે, બ્રહ્માંડભરમાં નિત્યશુદ્ધ, નિત્યપૂર્ણ, અવિકારી અને અપરિવર્તિત આત્માનુંજ એકમાત્ર અસ્તિત્વ છે, તેના સ્વરૂપમાં કદાપિ કોઇ જાતનો વિકાર થયો નથી, અને આ જગતમાં જણાતા વિકાર યા ભેદભાવ માત્ર તે એકમ્ અદ્વિતીયમ્ આત્મામાંજ નામરૂપને લીધે પ્રતીત થાય છે–એટલે કે, આભાસરૂપે દેખાય છે. નામ અને રૂપેજ એના પર આ બધાં સ્વપ્નચિત્રો ચીતર્યાં છે. આકૃતિ અથવા રૂપજ મોજાંને સમુદ્રથી જૂદું પાડે છે. ધારો કે, મોજું શાંત થઈ સમાઇ ગયું, તો પછી આકૃતિનું અસ્તિત્વ રહેશે કે ? ના, તેનો બિલકુલ લોપ થઇ જશે-અર્થાત્ મોજાંનું અસ્તિત્વ સંપૂર્ણરૂપે સાગરના અસ્તિત્વ ઉપર આધાર રાખે છે, પણ સાગરનું અસ્તિત્વ મોજાંના અસ્તિત્વ ઉપર જરાયે આધાર રાખતું નથી. જયાં-સુધી મોજું હોય છે, ત્યાંસુધીજ રૂપનું અસ્તિત્વ હોય છે; અને મોજું નિવૃત્ત અથવા શાંત થતાંજ રૂપનો લોપ થઇ જાય છે, અને એક-માત્ર સાગરનુંજ અસ્તિત્વ રહે છે. તેમ આ જગતમાં ભાસતું ભિન્નત્વ પણ નામરૂપનું પરિણામ છે, અને એ નામરૂપ નષ્ટ થતાંજ સાગરના જળની માફક જગતનું સર્વ કંઇ એકમ્ અદ્વિતીયમ્ યાને બ્રહ્મમય ભાસે છે. આ નામરૂપ માયાનું પરિણામ છે, અથવા આ નામરૂપનેજ માયા કહેવામાં આવે છે. એ માયાજ વ્યષ્ટિત્વને પેદા કરે છે, એટલે કે એક પદાર્થને બીજાથી નોખો પાડે છે; તથાપિ એ માયાનું વાસ્તવિક અસ્તિત્વ નથી. માયાનું અસ્તિત્વ છે એમ કહેવાય તેમ પણ નથી. મોજાંનું અસ્તિત્વ સાગરપર આધાર રાખે છે તેથી મોજાંનું વાસ્તવિક અસ્તિત્વ જેમ નથી, તેમ માયા અથવા નામરૂપનું અસ્તિત્વ પણ અન્ય પદાર્થપર આધાર રાખે છે તેથી તેનું અસ્તિત્વ પણ વાસ્તવિક કહેવાય નહિ. તેમ વળી તે છેક નથી એમ પણ કહેવાય નહિ, કારણ કે એણેજ આ બધા ભેદો ઉત્પન્ન કરેલા છે. અદ્વૈતવાદીના મત મુજબ આ માયા અથવા અવિદ્યા કિંવા અજ્ઞાન અથવા નામરૂપ અથવા યુરોપીયનો જેને દેશ–કાળ–નિમિત્તતરીકે ઓળખે છે–તેજ આપણને એક અનંત સત્તામાં બહુરૂપ જગતસત્તાનો આભાસ કરાવે છે. બાકી વસ્તુતઃ તો જગત એક અખંડ સ્વરૂપ છે. જયાંસુધી મનુષ્ય બે અસ્તિત્વો-માં માન્યા કરે છે, ત્યાંસુધી તે ભ્રમવશ છે એમજ માનજો; અને એ દ્વૈતભાવનો એનામાંથી નાશ થઈ એકજ સર્વવ્યાપી

સત્તામાં તેની શ્રદ્ધા સ્થિર થાય, ત્યારેજ તેને સત્ય જ્ઞાન લાધ્યું છે એમ સમજજો. શું જડ સૃષ્ટિમાં, શું મનોમય સૃષ્ટિમાં કે શું આધ્યાત્મિક સૃષ્ટિમાં, નિત્ય એજ સત્ય આપણી સમક્ષ પૂરવાર થઈ રહ્યું છે? આ તમે, હું, આ સૂર્ય-ચંદ્ર અને તારકગણુ-સઘળાંજ એકજ જડ અથવા પ્રકૃતિસાગરના જૂદા જૂદા અંશોના નામરૂપમાત્ર છે, એવું મેં આજે તમારી આગળ સાબીત કરી બતાવ્યું છે. આ જડ રાશિ અથવા પ્રકૃતિ તેના ઘાટરૂપમાં નિત્ય પરિવર્તનવાળી છે, એ પણ હું તમને બતાવી ગયો છું. થોડાક માસ પૂર્વે શક્તિનો જે અણુ સૂર્યમાં હતો, તે આજે કદાચ મનુષ્યની અંદર આવ્યો હોય એ બનવાજોગ છે. આવતી કાલે વળી તે પશુઓમાં ને પરમ દહાડે તે ઉદ્‌ભિજ્જ સૃષ્ટિમાં પણ પ્રવેશે, એ પણ સંભવિત છે. કારણકે તે નિત્યપરિવર્તનશીલ છે યાને રોજ આવ-જા કરે છે. જગતમાં જે કંઈ છે તે બધુ જ જડ દ્રવ્યનો એક અખંડ અનંત સમુદાય હોઈ નામરૂપેજ ભિન્નત્વને પામેલ છે. એ જડદ્રવ્યનું એક બિંદુ સૂર્ય નામે, બીજું બિંદુ ચંદ્ર નામે, ત્રીજું માણસ નામે, ચોથું પશુ નામે, પાંચમું વનસ્પતિ નામે-એ રીતે એકજ જડ દ્રવ્યના અંશો જૂદે જૂદે નામે ઓળખાય છે. આ બધાંજ નામો મિથ્યા હોઈ ભ્રમજનક છે. તેમનું વાસ્તવિક અસ્તિત્વ છેજ નહિ, કેમકે વાસ્તવિક રીતે તો તે સકળ સતત પરિવર્તનશીલ જડ સમૂહ માત્ર છે. હવે, બીજી દૃષ્ટિએ જોઈએ તો આ આખુંજ જગત એક અખંડિત વિચારનો મહાસાગર છે, જેની અંદર આપણે એ અખંડિત વિચારસાગરનાં જૂદાં જૂદાં બિંદુઓ છીએ અને વ્યષ્ટિ મનતરીકે ઓળખાઈએ છીએ. તમે એક મન છો, હું એક મન છું અને પ્રત્યેક જણ એમ એક એક મનમાત્ર છે. અને એનું એજ જગત મોહાવરણથી મુક્ત થયેલી જ્ઞાનદૃષ્ટિએ અને પવિત્ર મને જોતાં-અર્થાત્ કે આંખો આગળથી મોહાવરણ દૂર થઈ જાય અને મન વિશુદ્ધ બની જાય ત્યારે, એનું એજ જગત નિત્ય શુદ્ધ, અવિકારી, અખંડ, અવિનાશી, પૂર્ણ પુરુષ-તરીકે પ્રતીત થાય છે.

આમ હોય તો પછી દ્વૈતવાદીઓના પરલોકવાદની યાને મૃત્યુ બાદ મનુષ્ય સ્વર્ગમાં કે અન્ય અપરલોકમાં જાય છે, કિંવા પાપાચારીઓ ભૂતપિશાચ વગેરે અધમ દશાને પ્રાપ્ત થાય છે-એ વગેરે વાતની શી દશા થાય?-એવી શંકા ઉઠશે. તેના સમાધાનમાં અદ્વૈતવાદી કહે છે કે, કોઈ આવતું નથી ને જતુંયે નથી. તમારૂં જવા આવવાનું બનેજ શી રીતે? તમે તો અનંત છો, તેથી એવું કયું સ્થાન હોય કે જ્યાં તમે ન હો અને ત્યાં તમારે જવાનું હોય? કોઈ એક શાળામાં બાળકબાળકીઓની પરીક્ષા લેવાતી હતી.

પરીક્ષક મહાશય એ નાનાં વિદ્યાર્થીઓને કપરા કપરા પ્રશ્ન પૂછી-ને મુંઝાવતા હતા. એવા અઘરા પ્રશ્નોમાં એક આ હતો કે "આ પૃથ્વીનું પતન કેમ નથી થતું વારૂ? આ પ્રશ્ન પૂછી વિદ્યાર્થીઓ પાસેથી ગુરુત્વાકર્ષણનો નિયમ કે એવુંજ બીજું કંઇ અટપટું ભૌતિક વિજ્ઞાનનું સત્ય કઢાવવાનો તેમનો ઇરાદો હતો. પરંતુ ઘણાં ખરાં બાળકો તો તેનો એ પ્રશ્ન મૂળે સમજીજ શક્યાં નહિ. તેથી તેમણે તેને કંઈ ભળતાજ ઉત્તરો સંભળાવ્યા. પરંતુ એ વિદ્યાર્થી-ઓમાં એક ચબરાક નાની છોકરી હતી; તેને એ પ્રશ્ન પૂછાતાં જવાબમાં તરતજ તેણે તે પરીક્ષક મહાશયને સામો પ્રશ્ન કર્યો કે— "પણ એ પડે તે ક્યાં?" અર્થાત્ કે પરીક્ષકનો એ સવાલજ સાવ અર્થ વગરનો હતો, એવું એ છોકરીએ સામો પ્રશ્ન કરી બતાવી આપ્યું. જગતમાં ઉંચું નીચું એવું કંઇ વસ્તુતઃ છેજ નહિ. ઉંચા નીચાનો ખ્યાલ માત્ર સાપેક્ષ છે. આત્માની બાબતમાં પણ તેવોજ પ્રકાર સમજવાનો છે. જન્મમૃત્યુનો સવાલજ આત્માના સંબંધમાં અર્થવગરનો બેહૂદો છે. કોણ આવે છે ને કોણ જાય છે? તમે ક્યાં નથી કે જ્યાં જવાનું હોય? એવું કયું સ્વર્ગ છે કે જ્યાં તમે અત્યાર પહેલાના નથી? માનવ આત્મા સર્વવ્યાપી છે, તેથી તેને જવાનું તે ક્યાં બાકી રહ્યું હોય? એને ન જવાનું પણ ક્યાં હોય? એ તો સર્વત્ર છે, ઘટઘટવ્યાપી છે. તેથી સંપૂર્ણ જીવનમુક્ત પુરુષોની બાબતમાં તો આ જન્મમરણના છોકરવાદીભરેલા ખોટા ખ્યાલો, અને સ્વર્ગો ને નરકોની બાલિશતા દાખવતી ભાવનાઓ ને મિથ્યા ખ્યાલો એકીવારે હવામાં ઉડીને અદૃશ્ય થઇ જાય છે. જેમની અંદર હજી આવરણ કે અજ્ઞાનનો કિંચિત્ અંશ બાકી રહેલો હોય છે, તેમની બાબતમાં બ્રહ્મલોકસુધીના નાના પ્રકારના દેખાવો દેખાડીને તે ભ્રમ ટળી જાય છે. અજ્ઞાનીઓના સંબંધમાં તે ભ્રમો ચાલુજ રહે છે.

આમ છે, તો પછી સ્વર્ગે જવાની, મરવાની ને જન્મવાની વાતમાં આખી દુનિયા વિશ્વાસ રાખે છે તેનું શું કારણ? તો કે જગત એ તો એક પુસ્તક જેવું છે. હું એક પુસ્તક વાંચતો હોઉં છું, ત્યારે એક પાન પછી બીજું પાન વંચાયે જાય છે અને ફેરવાતું જાય છે. બીજું વંચાઈ રહે છે એટલે તે પણ ફેરવાય છે. એમાં ફેરવાય છે શું, અને આવવા જવાનું થાય છે કોનું? મારૂં એટલે કે વાચકનું નહિ, પણ ચોપડીનું. તેમ આ સકળ પ્રકૃતિ પણ આત્માની આગળ એક ચોપડીરૂપ છે. એનું એક પ્રકરણ પછી બીજું પ્રકરણ વંચાતું ને ફેરવાતું રહ્યું છે, અને એક પછી એક નૂતન દૃશ્ય નજર આગળ આવતું રહ્યું છે. એક દૃશ્ય ઉકેલાઇ રહેતાં તેને સ્થાને બીજું તાજું ખડું થાય છે, પણ એને વાંચનારો ને ફેરવનારો આત્મા તો સદા સર્વદા તેનો તેજ યાને શાશ્વત રહે છે.

મતલબ કે, ફેરફાર થાય છે તે પ્રકૃતિનો અને નહિ કે મનુષ્યના આત્માનો. એનો ફેરફાર તો કદાપિ થતોજ નથી-અર્થાત્ જન્મ અને મરણ પ્રકૃતિની અંદર છે અને નહિ કે તમારામાં. ખરી બાબત આમ હોવા છતાં અજ્ઞાની જીવો ભ્રમમાં કુટાય છે ને આત્માને જન્મમરણના વિકાર હોય તેમ કલ્પે છે. ભ્રમને વશ થઇ પૃથ્વીને બદલે સૂર્યને જેમ ફરતો માની લેવાની આપણે ભૂલ કરીએ છીએ તેમ-આબેહૂબ તેમજ જન્મવા મરવાનું પ્રકૃતિનું નહિ પણ આપણું થાય છે, એમ માની લેવાની ભૂલ કરીએ છીએ; પણ એ બધું ભ્રાંતિનું પરિણામ છે. આગગાડીમાં મુસાફરી કરતી વખતે જેમ ખેતરો અને ઝાડો દોડતાં હોવાનો આપણને ભ્રમ થાય છે, તેવી રીતનો આ જન્મમરણનો પણ કેવળ ભ્રમ છે. મનુષ્યો જ્યારે અમુક મનઃસ્થિતિમાં હોય છે, ત્યારે તેમને આ અસ્તિત્વ યાને આ સમગ્ર સૃષ્ટિ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારારૂપ દેખાય છે. તેમના જેવી મનઃસ્થિતિવાળાં બીજાં મનુષ્યોને પણ તેવુંજ દેખાય છે. પરંતુ વસ્તુતઃ તો તમારી અને મારી વચ્ચે વિભિન્ન પ્રકૃતિસંપન્ન બીજા લક્ષાવધિ જીવો હશે. તેમને આપણે કદાપિ જોઇ શકતા નથી કે તેઓ આપણને પણ જોઇ શકતા નથી. આપણે માત્ર તેમનેજ જોઇ શકીએ છીએ, કે જેઓની માનસિક દશા આપણા સમાન હોય છે, યાને જેઓની સ્થિતિ આપણા સમાન ભૂમિકાપર હોય છે. મતલબ કે, આપણે એકરૂપ ચિત્તવૃત્તિસંપન્ન પ્રાણીઓનેજ નિહાળી શકીએ છીએ. જે વાદ્યો એકજ પ્રકારના કંપનવિશિષ્ટ હોય છે યાને એકજ પ્રકારના સૂરથી સજ્જ થયેલાં હોય છે, તે વાદ્યોમાંના હરકોઇમાંથી સૂર નીકળવા માંડતાં બધાંજ વાગવા માંડે છે. તેવી રીતે અત્યારે આપણે જે પ્રાણકંપનથી સજ્જિત થયલાં છીએ, તેને આપણે માનવકંપન એવું નામ આપી શકીએ. હવે, જો એ 'માનવકંપન' કોઇ કારણથી બદલાઇ જાય તો પછી જગતપર માનવી નામે ખોળ્યો જડે નહિ. માનવી સૃષ્ટિ બિલકુલ અલોપ થઇ જઇ તેને સ્થાને બીજુંજ દૃશ્ય ઉભું થયેલું જણાય-પછી તે દૃશ્ય દેવતાઓ અને દેવજગતનું હોય કે પ્રેતો અને પ્રેતજગતનું હોય, પરંતુ એ સઘળાંજ દૃશ્યો વસ્તુતઃ તો એકજ જગતના ભિન્નભિન્ન ભાવોમાત્ર હશે. મતલબ કે, એનું એજ જગત માનવીની ભૂમિકાપરથી જોતાં પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારા ઇત્યાદિમય જણાય છે, અને એનું એ જગત દાનવી દૃષ્ટિએ જોતાં નરક યાને સજાના સ્થાનરૂપે ભાસે છે. તેમ વળી, એનું એજ જગત સ્વર્ગાકાંક્ષીઓની દૃષ્ટિને સ્વર્ગરૂપે દેખાય છે. જીવનભર જે લોકોએ એવી ભાવના સેવ્યા કરી હોય છે કે, મૃત્યુ બાદ અમે સિંહાસનપર બિરાજેલા પ્રભુની સમીપ જઇશું અને તેની આગળ ઉભા રહી તેની સ્તુતિ ને

ભક્તિ કર્યાં કરીશું, તેમને મૃત્યુ બાદ ખરેખર એવાજ દૃશ્યનો સાક્ષાત્કાર થાય છે. આનું આજ જગત તેમને માટે એક એવા વિશાળ સ્વર્ગલોકમાં ફેરવાઇ ગયેલું લાગશે કે જ્યાં આગળ પ્રભુ પોતે એક સુંદર સિંહાસનપર બિરાજતા હોઇ ચિત્રવિચિત્ર અપ્સરાઓ અને ગંધર્વ તથા કિન્નરો પાંખો ફફડાવતાં ઉડાઉડ કરતાં હોય છે—અર્થાત્ કે આ બધી જાતનાં સ્વર્ગ અને નરકલોકો એ મનુષ્યના મનના બનાવેલા યાને કૃત્રિમ માત્ર છે. જેનું જેવું મન અથવા જેની જેવી ભાવના, તેને તેવું દૃશ્ય દેખાય છે. આથી અદ્વૈતવાદી કહે છે કે, દ્વૈતવાદી જે કહે છે તે ખરૂં છે, પણ તે એ અર્થમાં કે, તે એના પોતાના મનની રચના છે. ખરી રીતે જોતાં તો આ વિવિધ લોકો, દેવો અને પિશાચો, પુનર્જન્મો અને દેહાંતરો વગેરે બધુંજ રૂપક છે; માનવી જીવન એ પણ એક રૂપકજ છે. બીજાં બધાં રૂપક છે, પણ આ માનવી-જીવન એકલું સાચું છે, એમ માનવામાં મનુષ્યો મોટી ભૂલ કરે છે. સ્વર્ગ, નરક વગેરે રૂપક હોય તો માનવીજીવન સત્ય હોઇ શકેજ નહિ. એ પોતાની સ્થિતિ મનુષ્ય સમજે છે તો સારી પેઠે, પણ પોતાની ખરી સ્થિતિ કબૂલ કરવાનું યાને પોતે પણ રૂપક છે એમ સ્વીકારવાનું તેને કદાપિ ગમતું નથી; પરંતુ ખરી વાત તો એ છે કે, સૃષ્ટિનું સમગ્ર દૃશ્ય રૂપકમાત્ર છે, અને મોટામાં મોટું જૂઠાણું તો એ છે કે, આપણે પોતાને શરીરતરીકે માની બેઠાં છીએ. આપણું વાસ્તવ સ્વરૂપ શરીર કદી છે નહિ, કદી હતું નહિ અને કોઇ કાળે હોઇ શકશે પણ નહિ. વળી આપણે ફક્ત માનવીજ છીએ એમ માની લેવું એ પણ એક હડહડતું જૂઠાણું છે. જગતનો ઇશ્વર હોય તો તે આપણેજ છીએ. તેથી ઇશ્વરને ભજવામાં આપણે હમેશાં આપણા અંતરસ્થ સ્વનેજ યાને આપણા ગુપ્ત આત્માનેજ ભજી રહ્યાં છીએ, એ વાત બરાબર ધ્યાનમાં રાખો. વળી અધમમાં અધમ જૂઠાણું તો એ છે કે, તમે નિત્ય તમારી જાતને કહ્યા અને માન્યા કરો છો કે, તમે એક પાપી અને પામર પ્રાણી છો. ખરો પાપી તો તેજ છે, કે જે સામા આદમીમાં પાપીની ભાવના ધારણ કરે છે—અર્થાત્ કે બીજાને પાપીતરીકે પીછાનનારજ ખરો પાપી છે. ધારો કે આ ઠેકાણે એક બાળક બેઠું છે, અને તેની પાસેના મેજપર તમે સોનાની મહોરો ભરેલી એક થેલી મૂકો છો. હવે ધારો કે, એક લૂંટારો કે ચોર આવીને તે મહોરોની થેલી ઉપાડી જાય છે, પણ તે બાળક તેને જરાયે અટકાવતું નથી. કારણ કે તેનું એટલે કે બાળકનું મન સાવ નિર્દોષ છે. એના મનમાં લૂંટારૂ કે ચોર નથી તેમ બહાર પણ નથી. તેથી એના મનને પેલો લૂંટારૂ કે ચોર, લૂંટારૂ કે ચોરરૂપે ભાસતોજ નથી—અર્થાત્ કે પાપી અને દુષ્ટ લોકોનેજ બહાર પાપ અને દુષ્ટતા દેખાય

છે, પણ સાધુ અને સદાચારીઓને તેનું ભાન સરખું થતું નથી. માટે અત્યંત પાપીઓને આ જગત નરકરૂપે પ્રતીત થાય છે, આંશિક સારા યાને મધ્યમ કોટિનાને તે સ્વર્ગરૂપ ભાસે છે, અને જેઓ પૂર્ણસિદ્ધ થયેલા હોય છે તેઓ જગતમાં સ્વયં ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે. એવો સાક્ષાત્કાર થાય છે ત્યારેજ તેમની આંખોપરનો માયાનો પડદો સરી પડે છે, અને તે સંપૂર્ણ સિદ્ધ અને શુદ્ધ બનેલા પુરુષને પોતાની આગળનું સમગ્ર દૃશ્ય બદલાઇ ગયેલું લાગે છે. જે ખરાબ સ્વપ્નો તેને લક્ષાવધિ વર્ષો થયાં સતાવતાં હતાં, તે બધાંય એકીવારે નષ્ટ થઇ જાય છે; તે પોતાની જાતને જે એક મનુષ્ય, દેવતા કે પિશાચતરીકે લેખતો હતો, અને પોતાને સ્વર્ગ, નરક કે પૃથ્વીપર વસનારો માનતો હતો, તેને ઠેકાણે હવે તેને ભાન થાય છે કે, પોતે સર્વવ્યાપી હોઈ તમામ દેશ અને કાળજ તેની પોતાની અંદર સમાયલા છે, અને નહિ કે પોતે દેશ-કાળની અંદર. બધાંજ સ્વર્ગો તેની પોતાની અંદર રહેલાં હોઇ પોતે કોઇ પણ સ્વર્ગમાં નથી, અને જે બધા દેવતાઓને મનુષ્યતરીકે તે ભજતો હતો તે બધાય દેવતાઓ તેની પોતાની અંદર છે અને પોતે કોઇ પણ દેવની અંદર સમાયો નથી એવી પણ સમજ તેને તે વારે પડે છે. એટલુંજ નહિ, પણ ત્યારે તેને દીવા જેવું સાફ સાફ દેખાય છે કે, બધા દેવતાઓનો અને દૈત્યોનો, મનુષ્યોનો અને વૃક્ષવેલાનો, પશુઓ અને પથ્થરો ઇત્યાદિનો કર્તા તે પોતેજ હતો—અર્થાત્ કે મનુષ્યનું યથાર્થ સ્વરૂપ તેની નજર આગળ ખુલ્લેખુલ્લું ખડું થાય છે અને તેને સ્પષ્ટ સમજણ પડે છે કે, મનુષ્યનું એ યથાર્થ સ્વરૂપ સ્વર્ગ કરતાં વધારે ઉંચું, આ બાહ્યવિશ્વ કરતાં વધારે સંપૂર્ણ, અનંતકાળ કરતાં પણ વધારે અનંત, અને સર્વવ્યાપી ઈશ્વર તત્ત્વ કરતાં પણ વધારે સર્વવ્યાપી છે. મનુષ્ય આ રીતેજ માત્ર ભયરહિત બની મુક્ત બને છે; અને એમ થતાં મોહ-માયાના ભ્રમમાત્ર ટળી જાય છે, દુઃખમાત્રનો અંત આવે છે, અને ભયમાત્ર સદાને માટે ગચ્છંતિ ગણી જાય છે. એ મનુષ્યનો જન્મમરણનો ફેરો ફીટે છે, સુખ-આનંદ અને ભોગયાતનાઓના ભાવ હવામાં ઉડી જાય છે; એટલુંજ નહિ પણ એવાને માટે આ મર્ત્યલોક અને સ્વર્ગલોકનાં અસ્તિત્વો પણ અદૃશ્ય થઈ તેમનાં શરીર અને મનનો પણ સાથે સાથે બિલકુલ લોપ થઇ જાય છે. એને માટે તો સમગ્ર સૃષ્ટિનો લય થઈ ગયો ન હોય, તેવી સ્થિતિ ઉભી થાય છે. આ બધાં ફાંફાં, અથડામણ, માથાકૂટ અને શક્તિઓનું સતત સંઘર્ષણ વગેરે બધુંજ સદાકાળને માટે બંધ પડે છે, અને અત્યારલગી જે જે કંઈ શક્તિ અને જડ દ્રવ્યરૂપે પ્રકૃતિની ભિન્ન ભિન્ન ચેષ્ટારૂપે વ્યક્ત થતું હતું, યાને સ્વયં પ્રકૃતિરૂપ ભા-

સતું હતું, તથા જે કંઈ સ્વર્ગ કે પૃથ્વી, વનસ્પતિ કે પશુ, મનુષ્ય કે દેવતા વગેરેરૂપે વ્યક્ત થતું હતું, તે તે બધુંજ એક અનંત અવિચ્છિન્ન અને અવિકારી સત્તારૂપમાં ફેરવાઇ જાય છે; અને તે જ્ઞાની પુરુષને અનુભવ થાય છે કે, એ પરમ સત્તા અને પોતે અભેદ યાને એકરૂપ છે. "જેવી રીતે આકાશની અંદર વિવિધરંગી વાદળાં ચઢી આવી, ઘડીભર થંભી અદશ્ય થઇ જાય છે, તેવીજ રીતે આ આત્માની આગળ પૃથ્વી, સ્વર્ગ, ચંદ્રલોક, દેવદેવતા, સુખદુઃખ વગેરે ઉપસ્થિત થાય છે; પરંતુ અંતે તે બધાંજ એક અપરિણામી, અવિકારી અનંત ભૂરા આકાશને એકલાનેજ મૂકીને અલોપ થઈ જાય છે. આકાશ કદી પરિવર્તિત થતું નથી યાને બદલાતું નથી, વાદળાંજ માત્ર બદલાયાં કરે છે. પણ ભ્રમવશ બની આપણે મિથ્યા માની લઇએ છીએ કે, આકાશ બદલાય છે. તેવી રીતે આપણે અશુદ્ધ અંતવાન અને જગતથી ભિન્ન છીએ એમ માની લેવામાં પણ આપણે મહાન પ્રમાદ કરીએ છીએ. વાસ્તવ પુરુષ યાને પ્રકૃત મનુષ્ય એ આ એક અખંડ સત્તાસ્વરૂપજ છે.

હવે બે પ્રશ્નો આ ઠેકાણે ઉપસ્થિત થાય છે. એક તો એ કે, અદ્વૈતજ્ઞાનનો સાક્ષાત્કાર કરવાનું શકય છે કે? અત્યારસુધીની એના વિષેની ચર્ચા તો એક સિદ્ધાંત અથવા ફિલસુફીતરીકે થઇ, પણ એનો આ જીવનમાં સાક્ષાત્કાર થવાનો સંભવ છે ખરો કે? એના જવાબમાં જણાવવાનું કે "હા, સંભવ છે; એટલુંજ નહિ પણ સંપૂર્ણ સંભવ છે." સંસારમાં અત્યારે પણ એવા અનેક નરો જીવંત છે કે જેમના સંબંધમાં અજ્ઞાન અને માયા હંમેશને માટે ચાલ્યાં ગયાં હોય છે.* એવા લોકો આ અદ્વૈતજ્ઞાનનો સાક્ષાત્કાર થતાં શું તરતજ મરી જાય છે? તો કે ના, જેટલું જલદી આપણે ધારીએ છીએ તેટલાં જલદી નહિ. એક લાકડાની ધરીથી જોડાયેલાં બે પૈડાં એકસાથે એકસરખા વેગથી દોડતાં હોય છે. તેમાંના એક પૈડાને ઝાલીને ધરીને એક કુહાડીવડે ઝટ કાપી કાઢીશું, તો પરિણામ શું આવશે વારુ? તો કે જે પૈડું પકડાયેલું હશે તેનો વેગ તત્કાળ બંધ પડી જશે, પણ બીજા પૈડાપર તેના ભૂતકાલીન

* આ હકીકત સોએ સો ટકા સાચી છે; અને જે કોઇ સાચો મુમુક્ષુ હોય તેને માટે એવાજ સાચા જીવનમુકતનાં દર્શન અને સેવા સમાગમની અનિવાર્ય જરૂર ગીતાજીમાં દર્શાવી છે. વળી મહાત્મા તુલસીદાસજીએ પણ નીચેના વચનથી એવા મહાત્માઓનું અસ્તિત્વ દર્શાવ્યું છે કે, "સકળ પદારથ હૈ જગમાંહિ, કર્મહીન જન પાવત નાંહિ" આમ છતાં જે કોઈ એમ કહે કે આ કળિયુગમાં ઈશ્વરસાક્ષાત્કાર થતો નથી, અથવા કોઇ સાચો સાધુ નથી, તો તેનું કારણ તેની પોતાની પુણ્યહીનતા, મંદ મુમુક્ષુતા, શોધખોળની પુરુષાર્થહીનતા, અજાણપણું, મિથ્યાભિમાન કે આંતરિક દ્વેષાદિરૂપે મલિનતા હોય છે.

વેગની કંઇક અસર કાયમ હોય છે તેથી થોડાક અંતર સુધી તે હજી દોડયો જશે અને પછી તે પણ ભૂમિપર પડી જશે. તે મુજબ આ શુદ્ધ અને સંપૂર્ણ આત્મા પણ એક ચક્રવત્ હોઈ તે આ શરીર-મનની ભ્રાંતિરૂપ બીજા ચક્ર સાથે કર્મરૂપી ધરીથી જોડાયેલું છે. જ્ઞાનરૂપી કુહાડાથી એ બે ચક્રો વચ્ચેનું બંધન યાને કર્મબંધન છેદાઇ જતાં આત્મારૂપી ચક્રની ગતિ બંધ પડશે અને તે પછી તે પોતે આવે છે ને જાય છે, જીવે છે ને મરે છે, એ સઘળા અજ્ઞાનના ભાવો અદૃશ્ય થઇ જાય છે તથા પ્રકૃતિની સાથે તેનું સાદૃશ્ય હોઇ તેને વાસનાઓ અને અપેક્ષાઓ છે એવા ખ્યાલ પણ ઉડી જાય છે; ત્યારે તેને પ્રતીત થાય છે કે, તે પોતે વાસનારહિત પૂર્ણ પુરુષ છે. પરંતુ શરીર-મનરૂપી બીજા પૈડાપર તેના પૂર્વકાલીન કર્મની ગતિનો વેગ હજી કંઇક અંશે કાયમ હોય છે, તેથી એ વેગનું નિવારણ થતાં લગી શરીર અને મન ટકે છે, અને તે પછીજ તેમનું પતન થઇ આત્મા સંપૂર્ણ મુક્ત બને છે. પછી તેને માટે સ્વર્ગમાં જવાનું ને ત્યાંથી પાછા ફરવાનું તેમજ બ્રહ્મલોક કે એવી બીજી કોઇ ઉચ્ચતમ ભૂમિકામાં જવાપણું રહેતુંજ નથી. કારણ એ સર્વવ્યાપીને આવવાનું ક્યાંથી હોય અને જવાનું ક્યાં હોય? જે મનુષ્યને આ જીવનમાં આવી સ્થિતિની પ્રાપ્તિ થાય છે, અરે! જેની આગળથી એક ક્ષણ માટે પણ સૃષ્ટિનું આ સામાન્ય દૃશ્ય પલટાઇ જઇ તેને સત્ય સત્તાની સહેજ ઝાંખી માત્ર થાય છે, તે મનુષ્ય પણ જીવન્મુક્તતરીકે ઓળખાય છે. એ જાતની 'જીવન્મુક્તાવસ્થા' પ્રાપ્ત કરવી એજ એક પરમ લક્ષ્ય વેદાંતીઓનું છે.

એક વાર હું હિંદી મહાસાગરના તીરપ્રાંતસ્થ પશ્ચિમભારતના એક રણપ્રદેશમાં ભ્રમણ કરી રહ્યો હતો. દિવસોના દિવસો સુધી હું પગપાળો એ મરુભૂમિમાં પ્રવાસ કરતો રહ્યો અને રોજ ને રોજ એ મરુભૂમિ સુંદર સરોવર, તેમની ચારે મેર શીતળ છાંયાવાળાં લીલાંછમ તરુવરો અને સરોવરનાં જળમાં પડતાં તેમનાં ઊંધાં પ્રતિબિંબો નિહાળીને મને નવાઇ ઉપજતી, અને મનમાં ને મનમાં કહેતો કે "આવો રળિયામણો પ્રદેશ, અને લોકો તેને મરુભૂમિ કહે છે, એ કેવું આશ્ચર્ય!" મારી એ મુસાફરી લગભગ એક મહિનો ચાલી; તેમાં રોજ ને રોજ મને એવાં સુંદર સરોવરો, ઘટાદાર વૃક્ષો અને મનમોહક લતાઓનો ભાસ થતોજ રહ્યો. એક દહાડો મને ખૂબ તરસ લાગી અને તે છીપાવવા માટે જળપાન કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઇ. એટલે હું આમાંના એકાદ સુંદર સરોવરની દિશામાં ચાલવા લાગ્યો; પણ હું જેમ જેમ તેની પાસે જતો ગયો, તેમ તેમ તે અદૃશ્ય થવા માંડયું. આની સાથેજ મારા મનમાં વિદ્યુતવેગે એ ખ્યાલનું સ્ફુરણ થયું કે "આ તો ઝાંઝવાનું નીર છે, કે જેને વિષે મેં આખી જીંદગી વાંચ્યા કર્યું છે." અને

તેની સાથે એ પણ ખ્યાલ આવી ચૂક્યો કે, એ આખો મહીનો હું નિત્ય આ ઝાંઝવાંજ નીરખતો હતો, છતાં તેમને હું યથાર્થ ઓળખી શક્યો ન હતો. બીજે દહાડે પાછો મેં મારો પ્રવાસ આરંભ્યો, તેની સાથે ફરી મને સરોવરનું સુંદર દૃશ્ય દેખાયું; પણ તે દેખાતાંની સાથેજ મારા મગજમાં એ પણ સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે, એ સાચું સરોવર નથી દેખાતું પણ ઝાંઝવું માત્ર છે. આ જગતની બાબતમાં પણ એવુંજ છે. આપણે બધાંજ સંસારના આ ઝાંઝવાની અંદર દિવસોના દિવસો, માસના માસ અને વર્ષોનાં વર્ષ મુસાફરી કર્યા કરીએ છીએ, છતાં તે ઝાંઝવા જેવું મિથ્યા છે એવું જ્ઞાન આપણને થતું નથી; પરંતુ એક દહાડો તેનો ભેદ આપણને સમજાશે. પણ તે ફરીને પાછું દેખાશે; કારણ કે શરીરને તેના પૂર્વકર્મની સત્તાતળે રહ્યા વગર છૂટકો નથી. તેથી જ્યાંલગી આપણે કર્મના બંધનથી બંધાયલાં છીએ, ત્યાંલગી તો આ સંસારરૂપી ઝાંઝવાં આપણને વારંવાર દેખાયાજ કરવાનાં. સ્ત્રી, પુરુષ, પશુ, વૃક્ષ, વેલા, આસક્તિઓ અને કર્તવ્યો—એ વગેરે બધુંજ આપણી પાસે આવવાનું, પણ તેમનો પ્રભાવ આપણાપર પહેલાં જેવો કડક નહિ હોય. આ નૂતન જ્ઞાનના પ્રભાવથી કર્મની શકિત ક્ષીણ થતી હશે, અને આખરે તેના વિષદંત તદ્દન ભાગીને ભૂકો થઇ જશે; એટલે પછી જગત આપણે માટે છેકજ બદલાઇ જશે. કેમકે એ કર્મબંધન તૂટતાંજ આપણને ભાન થશે કે, જગતને હવેજ આપણે તેના વાસ્તવ રૂપમાં જોઇએ છીએ, અને તેની સાથેજ સત્ય અને ઝાંઝવાં વચ્ચેનો ભેદ પણ સંપૂર્ણ સમજાઇ રહેશે.

પછી આ દુનિયા આપણે માટે પૂર્વવત્ નહિ રહે; તથાપિ આ જાતના જ્ઞાનસાધનમાં એક ભ્રાંતિ રહેલી છે. પ્રત્યેક દેશમાં આ વેદાંતદર્શનનો મત ઉંચકી લઈ એમ કહેનારા મળી આવે છે કે "અમે સદ્‌ગુણદુર્ગુણથી યાને ધર્માધર્મથી પર છીએ; તેથી કોઈ પણ નૈતિક કાયદાનું બંધન અમને હોઇ શકે નહિ, અમે ચાહીએ તે કરી શકીએ." આ દેશમાં પણ અત્યારે એવા અનેક મૂર્ખા મળી આવશે કે જેઓ કહેતા ફરતા હશે કે "મને કશુંજ બંધનકર્તા નથી, હું સ્વયં ઈશ્વર છું, તેથી મને મારે ફાવે તે કરવાની છૂટ છે; હું મોજમાં આવશે તેમ વર્તીશ." પરંતુ એ વાત બરાબર નથી. આત્મા ભૌતિક, માનસિક કિંવા નૈતિક સર્વ જાતનાં બંધનોથી પર છે, તથાપિ આ જાતનું વલણ યોગ્ય નથી. કારણ કે શરીરભાવે તો આપણે બધાંજ પ્રકૃતિના નિયમોથી બદ્ધ છીએ. શરીરભાવે આપણે પ્રકૃતિને વશ વર્તનારાં યંત્રો છીએ, સ્વતંત્ર નથી. તો પછી આપણો સ્વાતંત્ર્ય અથવા મુક્તસ્વભાવનો ખ્યાલ શું ભ્રમભરેલો છે? આ સંબંધમાં એક પક્ષ કહે છે કે "હા, આપણે મુક્ત

છીએ એ ખ્યાલ ભ્રમાત્મક છે." ત્યારે બીજો પક્ષ કહે છે કે "આપણે બદ્ધ છીએ એ ખ્યાલ ભ્રમજનક છે." આ દ્વૈધાભાવ ઉત્પન્ન થવાનું કારણ શું છે તે જુઓ. મનુષ્ય વાસ્તવિક રીતે જોતાં આત્મભાવે તો મુક્ત છે, યાને વાસ્તવ પુરુષની સ્થિતિ મુક્ત વગર અન્ય કશી હોઈ શકેજ નહિ; પરંતુ જેવો તે માયાના જગતમાં આવે છે અને નામરૂપને પ્રાપ્ત થાય છે, તેવોજ તે બંધનને પણ પ્રાપ્ત થઈ જાય છે. "સ્વતંત્ર ઇચ્છા" જેવો શબ્દપ્રયોગજ ભૂલભરેલો છે. ઇચ્છા કદાપિ સ્વાધીન કે સ્વતંત્ર હોઈ શકેજ નહિ. કેમકે વાસ્તવ પુરુષ માયા અથવા નામરૂપથી બદ્ધ થાય છે ત્યારેજ તેને ઇચ્છા પ્રકટે છે, તે પહેલાં નહિજ. આ રીતે મનુષ્યની ઇચ્છા બંધનયુક્ત છે; પણ એ ઇચ્છાના પાયારૂપ જે કંઇ છે, તે તો સદાને માટે મુક્તજ છે. તેથી આ બદ્ધાવસ્થાની અંદર પણ–આ મનુષ્યજીવનરૂપી કે દેવજીવનરૂપી, આ પૃથ્વીપરના વાસરૂપી કે સ્વર્ગનિવાસરૂપી બંધનની અંદર પણ આપણને આપણા એ જન્મસિદ્ધ દિવ્ય હક્ક યાને મુક્ત સ્વભાવનું સ્મરણ કાયમ રહે છે. અને જાણપૂર્વક કે અજાણતાં પણ આપણે એ જન્મસિદ્ધ દિવ્ય હક્કને પ્રાપ્ત કરવા મથી રહ્યાં છીએ. એ જન્મસિદ્ધ દિવ્ય હક્કની મનુષ્યને જ્યારે સંપૂર્ણ પ્રાપ્તિ થઈ જાય, ત્યારે પછી તેને કોઇ પણ કાયદાકાનુન બંધનકર્તા કેવી રીતે નીવડી શકે? જગતનો કોઇ પણ કાનુન તેને બાંધી શકવા સમર્થ નથી, કેમકે આ જગત સમસ્ત તેનું પોતાનુંજ છે.

તે પોતેજ સમગ્ર જગત છે. એવા મુક્તાત્માના સંબંધમાં ચાહો તો એમ કહી શકીએ કે, તેજ અખિલ બ્રહ્માંડરૂપ છે; અગર તો એમ કહી શકીએ કે, તેને માટે બ્રહ્માંડ જેવું કંઇ છેજ નહિ. તો પછી તેને લિંગભેદ અને દેશભેદાદિ ક્ષુદ્ર ખ્યાલો તો હોયજ શેના? તે કહીજ શી રીતે શકે કે હું પુરુષ છું, સ્ત્રી છું કે બાળક છું? એને માટે એમ કહેવું તદ્દન જૂઠાણું છે, અને એ વાત એ સારી પેઠે સમજે છે. વળી એવો મનુષ્ય એમ પણ શી રીતે કહી શકે કે, અમુક હક્કો તો પુરુષોના છે અને અમુક સ્ત્રીઓના? એની દૃષ્ટિએ તો વસ્તુતઃ કોઇને કશાજ હક્કો હોઇ શકતા નથી, કેમકે કોઇનું ભિન્ન અસ્તિત્વજ એને માટે રહેતું નથી. પુરુષ કે સ્ત્રીના ભેદ પણ એને હોય નહિ, કેમકે એનું સ્વરૂપ જે આત્મા તે કેવળ લિંગભેદરહિત હોઇ શાશ્વત શુદ્ધ છે. તેથી હું પુરુષ છું કે સ્ત્રી છું, યા હું અમુક દેશનો વતની છું અને અમુકનો નથી, એમ કહેવું એ હડહડતું જૂઠાણું છે. વસ્તુતઃ તો સમગ્ર સંસાર મારો દેશ છે, સારૂંય બ્રહ્માંડ મારૂં પોતાનું છે; કારણકે દેહરૂપે મેં તેનેજ પહેરેલું છે. સત્ય વાત આવી છે, છતાં આ સંસારમાં અનેક લોકો એવા મળી આવે છે, કે જેઓ આ વેદાંતસિદ્ધાંતોનું પ્રતિપાદન

કરવાને જ્યારે જુઓ ત્યારે તત્પર રહે છે; પણ તેની સાથે તેજ ઘડીએ ગંદાં અને ગલીચ કાર્યો કરતાં અચકાતા નથી. એવાને કદાચ આપણે પૂછીશું કે " ભાઇ! તમે કેમ આવાં ગંદાં કામમાં પડો છો?" તો લાગલા ઉત્તર દેશે કે "અમારે હાથે કંઈ મલિન કાર્ય કે ખોટું થાય એમ માનવામાંજ તમે ભ્રમવશ બન્યા છો." ત્યારે આવા પાખંડીઓને પારખી કાઢવાની કોઇ કસોટી છે કે નહિ? હા, આ રહી તે કસોટી.

સત્ અને અસત્ બન્ને ભાવો જો કે આત્માનાજ સાંકેતિક આવિષ્કારો છે, તથાપિ અસદ્‌ભાવ એ વાસ્તવ પુરુષ અથવા આત્માનું સૌથી ઉપરનું આવરણ છે, અને સદ્‌ભાવ એ આત્માનું નિકટમાં નિકટ આવરણ છે. આથી કરી જ્યાંસુધી સૌથી ઉપરનું અસદ્‌ભાવનું આવરણ છેદાય નહિ, ત્યાંસુધી સદ્‌ભાવના આવરણને મનુષ્યથી પહોંચી શકાતું નથી, અને એ સદસત્ બન્ને આવરણોને ભેદ્યા વગર આત્માને પ્રાપ્ત થઈ શકાતું નથી. હવે જે નર આ આત્માને પામી ચૂક્યો હોય તેના આત્માને બાકી વળગી રહ્યું હોય તો તે શું હોય? તો કે અલ્પ કર્મ, ગત જીવનના કર્મની સહેજસાજ અસર, પણ તે બધીજ અસર સત્કર્મનીજ હોય છે. કેમકે અસત્ કર્મોની અસર સંપૂર્ણાંશે ખતમ થાય નહિ અને ભૂત સમયની સમગ્ર અશુદ્ધિઓ બળીને ભસ્મસાત થઇ જાય નહિ, ત્યાંસુધી મનુષ્ય સત્યને જુએ અને તેનો સાક્ષાત્કાર પામે એ કેવળ અશક્ય છે. તેથી કરી આત્મજ્ઞાન પામેલા મનુષ્યની અંદર ભૂતજીવનના સારા સંસ્કારોનીજ અસર અવશિષ્ટ રહે છે; તેથી એવો મનુષ્ય કોઇ જીવતોજ હોય અને સતત કાર્ય કર્યા જતો હોય, તોપણ તેને હાથે નિરંતર સારાંજ કર્મો થયા કરવાનાં; તેને મુખેથી આશીર્વચનોજ નીકળવાનાં; તેના મનમાં હમેશાં શુભ વિચારોજ સૂઝવાના; અને તેની હાજરી જ્યાં ત્યાં શુભકારીજ નીવડવાની—અર્થાત્ એવો માણસ પંડેજ જીવતો જાગતો આશીર્વાદ છે. એવો માણસ પોતાની નરી હાજરીથી એકે શબ્દ ઉચ્ચાર્યા વગર, દુર્જનોને સંતસાધુઓની કોટિમાં આણી શકે છે. એવો માણસ મૌન વ્રત સેવતો હશે, તોપણ તેની માત્ર હાજરી પણ માનવજાતિને આશીર્વાદ સમાન શુભકારી નીવડશે. આવાં સાચાં જ્ઞાની માણસોને હાથે કદાપિ અશુભ કાર્ય થાય ખરાં કે? સાચા સાક્ષાત્કાર અને મિથ્યા વાતો વચ્ચે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલું અંતર રહેલું છે. વાતો તો કોઇ પણ મૂર્ખો કરી શકે, ડંફાસ તો કોઇ બદમાસ પણ હાંકી શકે. પોપટો પણ ક્યાં બોલતા નથી? અર્થાત્ વાતો કરવી એક વાત છે, અને સાચો સાક્ષાત્કાર સાધવો એ બીજી વાત છે. તત્ત્વજ્ઞાનો, સિદ્ધાંતો, ધર્મચર્ચાઓ અને શાસ્ત્રો, તેમજ

દેવસ્થાનો અને સંપ્રદાયો—એ સઘળાં પોતપોતાની રીતે સારાં છે, ખોટાં નથી; પણ આ સાચો સાક્ષાત્કાર સિદ્ધ થતાંજ તે બધાંય નિરર્થક થઇ પડે છે. ઉદાહરણતરીકે, નકશાઓને કોણ ખરાબ કે નિરૂપયોગી કહી શકે તેમ છે? નકશાઓ અલબત્ત, સારી ને ઉપયોગી ચીજ છે, પણ અમુક એક દેશ સ્વનજરે નિહાળ્યા પછી તે દેશના નકશાપર દૃષ્ટિપાત કરશો, તો તમને એ નકશા અને ખરા દેશ વચ્ચે કેટલો બધો વિશાળ અંતર જણાશે? અર્થાત્ તે દેશનું વર્ણન કરતી વખતે તમને પોતાને માટે નકશાની કશીજ આવશ્યકતા રહેતી નથી. તેવીજ રીતે જેમણે એ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો હોય છે, તેમને એ સત્યને સમજવા માટે ન્યાય, યુક્તિ, તર્ક—વિતર્ક વગેરે બૌદ્ધિક વ્યાયામનો આશરો લેવાની જરૂર રહેતી નથી. કારણ કે તેમને માટે તો એ પરમ સત્યજ તેમના પ્રાણ થઇ રહ્યું હોય છે, તેમના અણુએ અણુમાં એ પરમ સત્યનો પ્રવાહ અખંડિત વહેતો હોય છે. એમના સંબંધમાં તો વેદાંતાચાર્યો કહે છે તેમ—"એ સત્ય હસ્તામલકવત્ થઇ રહે છે; અને તમે ઉભા થઇને 'આ રહ્યું તે' એમ કહો એટલીજ વાર છે." તેથી આ કથન મુજબ તો જેમને એ પરમ સત્યનો સાક્ષાત્કાર થયો હોય છે, તે તો ઝટ દઇને ઉભાં થશે અને કહેશે કે "આ રહ્યો તે આત્મા." એવા સિદ્ધ પુરુષોની આગળ તમે વર્ષોનાં વર્ષો આત્માના અસ્તિત્વ વિરુદ્ધ દલીલો કર્યા કરશો, તોપણ તે મૂકભાવે તમારા તરફ હસ્યાજ કરશે; અને તમારી ગમે તેવી આબાદ દલીલોને પણ તેઓ બાળકના બકવાદરૂપ લેખશે. અને તેથીજ તમારા જેવા અજ્ઞાની બાળકને તેના પોતાના રંજન માટે બકવા દઇ પોતે મૂક હાસ્ય કર્યા કરશે. તમારી દલીલો તેમને ગળે ઉતરતી નથી, કેમકે જે સત્યની વિરુદ્ધ તમે દલીલો કરો છો તે સત્યનો તેમણે જાતે સાક્ષાત્કાર કરેલો છે; એટલુંજ નહિ પણ તે સત્ય તેમના અંતરમાં ઘટઘટ વ્યાપી રહેલું છે. ધારો કે, અમુક એક દેશ તમે તમારી જાતે નીરખ્યો છે. હવે, તેજ દેશના સંબંધમાં કોઈ બીજો શખ્સ આવીને તમારી આગળ દલીલ કરે કે એવા કોઇ દેશનું પૃથ્વીના પટપર અસ્તિત્વજ નથી, તો તમે તેને કેવો ગણશો? એ દેશનું અસ્તિત્વ અસિદ્ધ કરવાની એ શખ્સ અનંત કાળ લગી માથાઝીક કર્યા કરે, તોપણ તેના પ્રત્યેનું તમારૂં વલણ તો એજ કાયમ રહેવાનું કે તે શખ્સ કોઈ બેન્ગગેપ હોઇ ગાંડાંની હૉસ્પિતાલનો મહેમાન બનવાને લાયક છે. તેથી સાક્ષાત્કાર પામેલો માણસ કહે છે કે—"સંસારમાં થતી આ ક્ષુદ્ર ધર્મપંથોવિષેની તમામ વાતો, મિથ્યા બકવાદમાત્ર છે; ધર્મનું સાચું સત્ત્વ તો સાક્ષાત્કાર છે. સાક્ષાત્કાર એજ સર્વ ધર્મનો પ્રાણ છે." આ સૂત્ર મુજબ ધર્મમાત્રનો સાક્ષાત્કાર થઈ

શકે છે. તેમ કરવા તમારી તૈયારી છે? તમારે તેમ કરવું છે? ઇચ્છા હશે તો એ સાક્ષાત્કારને તમે અવશ્ય પ્રાપ્ત કરી શકશો, અને ત્યારેજ તમે ખરા ધાર્મિક બનશો. બાકી જ્યાંસુધી તમને એ ધર્મનો સાક્ષાત્કાર સિદ્ધ થયો નથી, ત્યાંસુધી તો ધર્મને નહિ માનવાવાળા નાસ્તિકો અને તમારી વચ્ચે કિંચિત્ અંતર નથી. ઉલટા નાસ્તિકો સાચાબોલા અને પ્રમાણિક છે કે પોતે સ્વમુખે કબૂલ કરી દે છે કે, પોતે કોઈ ધર્મમાં માનતા નથી; પણ જે માણસ પોતાને મોઢે કહેતો ફરતો હોય કે પોતે અમુક અમુક ધર્મનો અનુયાયી છે, અને છતાં તે ધર્મનો સાક્ષાત્કાર પામવાની કદાપિ ચેષ્ટા કરતો ન હોય, તે ઢોંગી અને અપ્રમાણિક છે.

હવે બીજો જે પ્રશ્ન ઉભો થાય છે તે એ કે, "સાક્ષાત્કાર પછી શું થાય છે? ધારો કે, જગતના એકત્વનો આપણને સાક્ષાત્કાર થયો, યાને આપણે તે એકમાત્ર અનંત પુરુષ છીએ એવું આપણને પ્રતીત થયું; અને ધારો કે, આત્માનુંજ એકમાત્ર અસ્તિત્વ છે અને તે આત્માજ જગતના વિવિધ ચમત્કારરૂપે પ્રકાશમાન થાય છે એની પણ આપણને ખાત્રી થઇ ચૂકી, તો તે પછી આપણી શી ગતિ થાય છે? સાક્ષાત્કાર પછી શું આપણે નિશ્ચેષ્ટ બની કંઇ કર્યા કારવ્યા વગર એક ખુણામાં ભરાઇ બેસીશું ને ત્યાંના ત્યાં મરી જઇશું? ને એમજ થવાનું હોય, તો તેથી જગતને શો ફાયદો?" એનો એ જૂનો પ્રશ્ન! એનું સમાધાન કરતાં પ્રથમ તો હું તમને એજ પૂછીશ કે "સંસારને એનાથી શામાટે ફાયદો થવો જોઇએ? સંસારને એણે ફાયદો કરવોજ જોઇએ એનું કંઇ કારણ? તેથી 'સંસારને એથી શું ફાયદો થશે' એ પ્રશ્ન પૂછવાનો કોઇને હક્કજ શો છે? એ પ્રશ્ન શેના જેવો છે? તો કે ધારો કે, તમે વિદ્યુતને લગતી કોઈ શોધખોળમાં મગ્ન બન્યા હો તે વખતે તમારો એક બાળક કે જેને મિઠાઈ બહુ ભાવે છે, તે આવીને તમને સવાલ કરે કે "એથી શું મિઠાઇ મળશે?" તમે કહો કે "ના." એટલે તે બાળક બોલી ઉઠે કે "ત્યારે એથી શું ફાયદો?" બાળકનો આ પ્રશ્ન જેમ બેહૂદો ને નિરર્થક છે, તેમ સાક્ષાત્કારની બાબતમાં મનુષ્યોનો ઉપલો પ્રશ્ન પણ નિરર્થક છે. આ પ્રશ્નથી લોકો એ જાણવા માગે છે કે "એથી અમને કંઇ અર્થપ્રાપ્તિ થશે?" "ના" કહેતાંમાંજ તેઓ બબડી ઉઠે છે કે "ત્યારે એથી જગતને શો લાભ?" તથાપિ ધાર્મિક સાક્ષાત્કારથી મનુષ્ય ધારે છે તેવી અર્થપ્રાપ્તિ તો નહિ, પણ જગતનું સર્વથા કલ્યાણજ થાય છે. પરંતુ લોકોને ભય રહે છે કે, એ સાક્ષાત્કારની અવસ્થા જો સિદ્ધ થાય અને બ્રહ્માંડભરમાં સઘળું એકમય છે એવું જ્ઞાન પ્રકટે, તો પછી તેમના પ્રેમના ઝરા સૂકાઇ જશે, જીંદગીમાં પ્રિય લાગતું સર્વ કંઇ

હતું ન હતું થઈ જશે, અને તેમનાં સઘળાંજ પ્રેમપાત્રો આ જીંદગીમાં તેમ અન્ય જીંદગીમાં પણ અદશ્ય થઇ જશે; પણ આમ ભયભીત બનતાં પહેલાં, લોકો એટલું વિચારવા સરખા નથી થોભતા કે જગતના સ્થૂળ વ્યવહારની અંદર પણ જે શખ્સો પોતાના વ્યક્તિત્વનો ઓછામાં ઓછો વિચાર કરનારા હોય છે, તે આજે મોટામાં મોટાં કામ કરનારા નીવડે છે. મનુષ્યનો યથાર્થ પ્રેમ ત્યારેજ બંધાય છે, કે જ્યારે તેની પ્રેમપાત્ર વસ્તુ કોઇ ક્ષુદ્ર કે મર્ત્ય વસ્તુ નથી, એવી તેની ખાત્રી થાય છે. મનુષ્યનો ખરો પ્રેમ ત્યારેજ ઉદય પામે છે, કે જ્યારે તેની પ્રતીતિ થાય છે કે, તેના પ્રેમનું પાત્ર માટીનું એક ઢેફું નથી, પણ ભગવાન પોતે છે. પોતાનો સ્વામી સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે, એવી ખબર થયા પછી તો એક સ્ત્રી પોતાના પતિને વધારે ભાવથી ચાહવા માંડશે. તેમ પોતાની પત્ની સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે એવી ખાત્રી થતાં એક પતિ પોતાની પત્નીને વધારે ચાહતો થશે. બાળકો સ્વયં પ્રભુ છે એ જ્ઞાનવાળી માતા પોતાનાં બાળકોને અધિક પ્રેમથી ચાહશે. શત્રુ પણ સાક્ષાત્ પરબ્રહ્મ છે, એવા જ્ઞાનવાળો મનુષ્ય પોતાના હડહડતા દુશ્મનને પણ ચાહવા લાગશે. સાધુને પરબ્રહ્મરૂપી પિછાણનારો સાધુને તો ચાહશેજ ચાહશે, પણ તેની સાથે તેજ મનુષ્ય એક દુર્જનમાં દુર્જન મનુષ્યને પણ તેટલાજ પ્રેમથી ચાહશે. કેમકે સાક્ષાત્કારથી તેને જ્ઞાન થયું હોય છે કે, એ દુર્જનમાં દુર્જનની પાછળ રહેલું તત્ત્વ પણ તેનું તેજ છે, યાને પરબ્રહ્મ છે. જેનું ક્ષુદ્ર અહં નષ્ટપ્રાય થઇ જઇ તેને ઠેકાણે સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, તે માણસ જગતને આંગળીને ટેરવે નચાવી શકે છે. સાક્ષાત્કાર થયા પછી સારૂંય જગત તેને માટે પલટાઈ જશે. અત્યારે જે ક્લેશમય અને કષ્ટપ્રદ લાગતું હશે, તે તમામ અદૃષ્ટ બની જશે; ખટપટો અને જીવનની કડાકૂટો પણ બધી ક્યાંની ક્યાં જતી રહેશે. અને આ જગત અત્યારે જે પરસ્પર અથડામણ અને લડાઇના ક્ષેત્રરૂપ કેદખાનું ભાસે છે, તે ત્યારે એક સુમનોહર ક્રીડાંગણરૂપ પ્રતીત થશે. ખચિત આ જગત તે વારે અતિરમ્ય સુરમ્ય બની રહેશે. કેવળ એવાજ એક મનુષ્યને ઉભા થઇને કહેવાનો અધિકાર છે કે "આ જગત કેવું રમ્ય છે!" તે સર્વથા સારૂં છે એમ કહેવાનો પણ તેને એકલાનેજ અધિકાર છે. પરસ્પરના સંઘર્ષણ અને સંગ્રામની સ્થિતિમાં અત્યારે જગત જે ચાલ્યા કરે છે, તેને બદલે એ પરમ સત્યના અલ્પાંશનો પણ મનુષ્યજાતિને જો સાક્ષાત્કાર થાય તો આ જગતનું અત્યારનું દશ્યજ સાવ પલટાઈ જાય અને અત્યારે પ્રવર્તી રહેલા કજીઆકંકાસ, ટંટાબખેડા અને લોહીના નદ વહેવડાવતા રણસંગ્રામોને બદલે શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તે. સાચા સાક્ષાત્કારથી જગતને મળવાનો

આ ફાયદો કંઇ ઓછો ન કહેવાય. એ પરમ સત્યનો અલ્પ સાક્ષાત્કાર થતાંમાંજ જગતની અંદર અત્યારે કૂદકે ને ભૂસકે એકબીજાની આગળ વધી જવાની જે અસભ્ય અને પાશવિક હરિફાઇ ચાલી રહેલી છે, તેનો અંત આવી જશે. અને એ દુષ્ટ હરિફાઇના અંતની સાથેજ લઘળા વિખવાદ, સઘળાં વેરઝેર અને સઘળી ઈર્ષ્યા–અસૂયા વગેરે તમામ દુષ્ટતાનો સદાને માટે લોપ થઇ જશે. એમ થતાં આ ભૂમિ સાક્ષાત્ દેવોનું નિવાસસ્થાન થઇ રહેશે. આની આજ પૃથ્વી તે વેળા દેવભૂમિ બની જશે; અને જ્યાં દેવો સાથે દેવો ક્રીડાવિનોદ કરતા હોય, દેવો સાથે દેવો કામ કરતા હોય અને દેવો દેવોને ચાહતા હોય, ત્યાં કયી દુષ્ટતાની ને કયા અનર્થની મગદૂર છે કે દેખા સુદ્ધાં દઇ શકે? દિવ્ય સાક્ષાત્કારની આ મોટામાં મોટી ઉપયોગિતા છે. અત્યારે તમે જે કંઈ જુઓ છો, તે સઘળાંનું સાક્ષાત્કાર પછી સાવ રૂપાંતર થઇ જશે. પછી તમે સામા મનુષ્યને આપત્તિરૂપ કદાપિ નહિ લેખો, અને એ ફાયદો અગ્રગણ્ય છે. તે પછી તમે ભૂલને વશ થનાર કોઇ કંગાળ સ્ત્રી કે પુરુષપ્રત્યે કદાપિ નસ્કોરાં ચઢાવીને મોં નહિ મરડો. અને પછી ઓ સન્નારીઓ! તમે પણ રાતને વખતે રસ્તામાં ભટકતી ફરનાર યાને વંઠેલ સ્ત્રીને જોઇને હેબતાઇ નહિ જાઓ, અને તેને હડધૂત કરી કાઢી નહિ મૂકો; કારણ કે એની અંદર પણ તમને સ્વયં પરબ્રહ્મનાં દર્શન થશે. અને તે પછી તમને તિરસ્કાર કે સજાના ખ્યાલ પણ નહિ રહે. એ બધુંજ નષ્ટભ્રષ્ટ થઇ જશે અને તેને સ્થાને પ્રેમનો એ મહાન આદર્શ એટલો બધો બળવત્તર બનશે કે મનુષ્યજાતિને સન્માર્ગે દોરવામાટે ચાબકાની કે દોરડાની જરૂર સરખી નહિ રહે.

આ જગતની મનુષ્યવસ્તીનો દશલાખમો ભાગ પણ થોડીક ક્ષણ બેસીને શાંતચિત્તે માત્ર એટલુંજ કહે કે "અરે ઓ માનવગણ! અરે ઓ પશુગણ! અને અન્ય સર્વ જાતિના જીવો! તમે બધાંજ ઈશ્વર છો, તમે બધાંજ એકમાત્ર જીવંત દેવ પ્રભુનાં વ્યકત સ્વરૂપ છો"–તો અર્ધા કલાકમાંજ આ સમસ્ત જગતનું રૂપાંતર થઇ જાય. તો પછી તિરસ્કાર અને દ્વેષના જીવલેણ બોમ્બગોળા જ્યાં ત્યાં ફેંકવાને બદલે, અને વેરઝેર તથા દુષ્ટ વિચારોના વિદ્યુતપ્રવાહ જ્યાં ત્યાં વહેવડાવવાને બદલે દરેક દેશના લોકો એમજ વિચારતા થઈ જશે કે, સર્વ એકમય છે યાને સકળ એક અદ્વિતીય બ્રહ્મ છે. તમારા જોવામાં અને અનુભવમાં આવતું સર્વ કંઈ તદ્રૂપ છે. તમારામાં પાપ કે દુષ્ટતા હોવા વગર તમને પાપ કે દુષ્ટતાનાં દર્શન થાયજ કેવી રીતે? તમારા હૃદયમાં ઉંડે ઉંડે પણ ચોરની ઉપસ્થિતિ હોવા વગર તમને ચોરના દિદાર દેખાયજ ક્યાંથી? અને તમે જાતે ખુની હોયા વગર ખુનીને તમે જોઈજ શકો કેવી રીતે? કેવળ અસંભવિત. માટે જાતે ભલા

થાઓ, એટલે બૂરાઇ માત્ર તમારે માટે આપોઆપ અદૃશ્ય થયેલી જણાશે. એ રીતે આખાય જગતનું પરિવર્તન થઇ જશે. સમાજને આ મોટામાં મોટો લાભ છે. આ ઉન્નત વિચારો પ્રાચીન ભારતવર્ષમાં વિશિષ્ટ વ્યક્તિઓમાંજ પસર્યા હતા. ગુરુઓની સ્વાર્થપરાયણ નિષેધક વૃત્તિને લીધે તથા વિદેશી જનોના વિજયોને પરિણામે સામાન્ય જનસમાજમાં એ વિચારોનો ફેલાવો થઇ શક્યો નહિ; તથાપિ એ મહાન સત્યો હોઈ જ્યાં જ્યાં એમનું આચરણ થાય છે, ત્યાં ત્યાં મનુષ્ય મનુષ્ય મટીને દિવ્યાંશી બને છે. એવાજ એક દિવ્ય પુરુષના સંસર્ગમાત્રથી મારૂં આખું જીવન પલટાઈ જવા પામ્યું છે. એ દિવ્ય પુરુષવિષે હું તમને આવતે રવિવારે કહેવાનો છું. હવે એવો વખત નજદીક આવે છે કે જ્યારે એ ઉન્નત વિચારોનો દુનિયાભરમાં છૂટથી ફેલાવો થશે. હવે એ વિચારો મઠ અને આશ્રમોમાં ગોંધાઈ રહેવાને બદલે, વિદ્વાનોજ સમજી શકે તેવાં દર્શનશાસ્ત્રોનાં પોથાંથોથાંમાં પૂરાઇ રહેવાને બદલે અને ધર્મપંથો તથા થોડાક વિદ્વાનોનીજ અબાધિત મિલ્કત થઇ રહેવાને બદલે, જગતભરમાં મોકળે હાથે ફેલાવો પામશે અને સાધુજન તેમજ દુર્જન, પુણ્યવાન તેમજ પાપી, પુરુષ કે સ્ત્રી તેમજ બાળક, ભણેલાં તેમજ અભણ-સર્વની એકસરખી સામાન્ય મિલ્કત થઇ રહેશે. ત્યારેજ દુનિયાભરનું વાતાવરણ તેનાથી ઓતપ્રોત થશે, અને ત્યારેજ પ્રત્યેક શ્વાસનો ઘુંટડો આપણે ઘુંટીશું. તે પોતાના પ્રત્યેક ઉચ્છ્વાસ સાથે કહેશે કે-"**तत्त्वमसि** યાને તું **તે** છે." અને લક્ષાવધિ સૂર્યચંદ્રસમેતનું આ જગત, વાચાવાળા પ્રત્યેક પદાર્થવાટે એક-અવાજે ગાજી ઉઠશે કે "**तत्त्वमसि, तत्त्वमसि**-તું તે છે, તું તે છે."



१६–व्यावहारिक वेदांत–भाग १ लो*

વેદાંતનું તત્ત્વજ્ઞાન વ્યાવહારિક જીવનમાં કેટલું ઉપયોગમાં આવી શકે છે, તેના વિષે કંઈક બોલવા માટે મને ઘણા સજ્જનો તરફથી કહેવામાં આવ્યું છે. એક સિદ્ધાંતતરીકે એ જ્ઞાન ખરેખર બહુ સારું છે, એ તો હું તમને અગાઉ કહીજ ગયો છું. પણ એ જ્ઞાનને વ્યવહારમાં ઉતારવાનું જો છેકજ અસંભવિત હોય, તો તો પછી બૌદ્ધિક વ્યાયામ કે બૌદ્ધિક કૌશલ્યસિવાય કાંઇ પણ વિશેષતા એમાં રહેતી નથી. તેથી વેદાંતને જો ધર્માસનનો અધિકાર હોય, તો તો તે વ્યાવહારિક જીવનમાં અત્યંત ઉપયોગી હોવું જોઇએ. આપણા નિત્યજીવનની પ્રત્યેક બાબતમાં તેનું વર્તન કરવામાં આપણે શક્તિમાન નીવડવા જોઇએ; એટલુંજ નહિ પણ ધર્મ અને સાંસારિક જીવન વચ્ચેનો મિથ્યા ને કૃત્રિમ તફાવત દૂર થવો જોઇએ. કારણ કે વેદાંત તો આપણને સર્વત્ર એકતા–અભેદનોજ ઉપદેશ આપે છે. ધર્મના આદર્શો આપણા જીવનના આખાય ક્ષેત્રપર પથરાઈ જવા જોઇએ, એટલુંજ નહિ પણ આપણા સર્વ પ્રકારના વિચારોમાં તેમનો પ્રવેશ થઈ વધુ ને વધુ પ્રમાણમાં વર્તનમાં મૂકાવા જોઇએ. વ્યાવહારિક જીવનમાં વેદાંતનો કેટલો ને કેવો પ્રભાવ છે તે વિષયપર હું ક્રમે ક્રમે આવીશ; પણ આ વ્યાખ્યાનોની પરંપરા ભવિષ્યનાં વ્યાખ્યાનોના પાયારૂપ થનાર હોવાથી, પ્રથમ તો આપણે સિદ્ધાંતોનીજ ચર્ચા કરીશું, અને એ સિદ્ધાંતો ગિરિકંદરા અને નિર્જન અરણ્યોમાં ઉત્પન્ન થઈ ત્યાંથી નગરો અને શહેરોના કોલાહલપૂર્ણ માર્ગોમાં કેવી રીતે આચારમાં મૂકાયા, તે સમજી લેવા પ્રયત્ન કરીશું. વળી આ સિદ્ધાંતોની બાબતમાં એક વિશેષતા તો આપણને એ જણાય છે કે, તેમાંના ઘણાખરા સિદ્ધાંતો નિર્જન અરણ્યવાસના ફળરૂપ નહિ હોઇ, જે વ્યક્તિઓને સંસારની અંદર આપણે વધારેમાં વધારે કાર્યગ્રસ્ત જીવન વ્યતીત કરનારતરીકે લેખીએ, તેવા સિંહાસનારૂઢ રાજ્યકર્તાઓનાં ભેજાંના ફળરૂપ છે. અર્થાત્ કે એ સિદ્ધાંતોમાંના ઘણાખરાના ઉત્પાદક અરણ્યવાસી ઋષિમુનિઓ નથી, પણ સામ્રાજ્યની બહુવિધ જંજાળમાં ફસાયલા સમ્રાટો છે.

---

* લંડન તા. ૧૦, નવેમ્બર ૧૮૯૬

આરુણિ નામના એક વાનપ્રસ્થ ઋષિને શ્વેતકેતુ નામનો પુત્ર હતો. તે અરણ્યમાં રહી ઉછર્યો હતો. એક દહાડો તે પાંચાલ રાજાના નગરમાં ગયો અને પાંચાલ રાજા પ્રવાહન જૈવાલિના દરબારમાં ઉપસ્થિત થયો. ઔપચારિક વિધિને અંતે રાજાએ તેને પ્રશ્ન પૂછ્યો કે "મરણસમયે જીવો અહીંથી કેવી રીતે પ્રસ્થાન કરે છે તે તું જાણે છે?" શ્વેતકેતુએ જવાબ આપ્યો "ના, મહારાજ."

રાજાએ પૂછ્યું "તેઓનું અહીં પાછા આવવાનું કેમ થાય છે તે જાણે છે?" શ્વેતકેતુએ કહ્યું "નાજી." "ત્યારે દેવયાન અને પિતૃયાન વિષેની તને કંઈ ખબર છે?" રાજાએ પૂછ્યું. શ્વેતકેતુએ પહેલાંનીજ માફક કહ્યું "નાજી." તે પછી રાજાએ બીજા અનેક પ્રશ્નો તેને પૂછ્યા, પણ શ્વેતકેતુથી તેમાંના એકેયનો ઉત્તર આપી શકાયો નહિ. એ પરથી રાજાએ કહ્યું કે "તને કંઇજ આવડતું નથી." એ સાંભળી શ્વેતકેતુ પોતાના પિતાની પાસે પાછો ફર્યો અને રાજદરબારમાં બનેલી વિગત કહી સંભળાવી. શ્વેતકેતુના પિતાએ કબૂલ કર્યું કે, એ પ્રશ્નોના ઉત્તર તેના પોતાનાથી આપી શકાય તેમ નથી. આરુણિ ઋષિએ એમ કહ્યું તે એટલા માટે નહિ કે આ પ્રશ્નોના ખુલાસા આપવાને તે રાજી નહોતો પણ વસ્તુતઃ એ પ્રશ્નોની તેને ખબરજ નહોતી. તેથી શ્વેતકેતુ પોતાના પિતાને તેડીને પાછો પાંચાલ રાજાના દરબારમાં આવ્યો અને ત્યાં આગળ તે બન્નેએ રહસ્યજ્ઞાનનો ઉપદેશ પામવાની રાજા પાસે વિનતિ કરી. તે પરથી રાજાએ કહ્યું કે "આ રહસ્યજ્ઞાન અત્યારસુધી રાજાઓનેજ વિદિત છે, ઋષિઓને નથી. પછી એ પિતાપુત્રની જ્ઞાનની ઇચ્છા રાજાએ તૃપ્ત કરી. અનેક ઉપનિષદોમાં આપણને જણાય છે કે, આ વેદાંતનું તત્ત્વજ્ઞાન કાંઈ નિર્જન અરણ્યમાંજ કરેલા ચિંતનનું ફળ નથી, પણ તેનાં અનેક સર્વોત્તમ સત્યો તો નિત્યના જીવનવ્યવહારમાં આકંઠ ડૂબેલા પણ ફળદ્રૂપ ભેજાંવાળાઓએ વિચારી કાઢીને બહાર પાડયાં છે. એક સર્વસત્તાધીશ સમ્રાટ્ કે જેને કરોડો લોકોપર રાજ્ય કરવાનું હોય તેના કરતાં વધારે પ્રવૃત્તિપરાયણ માણસની આપણને કલ્પનાજ ન આવી શકે; છતાં એમાંના કેટલાક રાજ્યકર્તાઓ તો ગાઢ વિચારકો હતા.

આ બધું બતાવી આપે છે કે, વેદાંતનું તત્ત્વજ્ઞાન અતિશય વ્યાવહારિક હોવું જોઇએ; અને શ્રીમદ્ભગવદ્ગીતા કે જે તમારામાંનાં ઘણાંખરાંએ કદાચ વાંચી હશે, અને જે આ વેદાંતફિલસુફી ઉપરની ઉત્તમમાં ઉત્તમ ટીકા છે, તેનો ખ્યાલ કરતાં તો આશ્ચર્યમગ્ન થઈ જવાય છે કે, તેની સારીય ઇમારત સંગ્રામભૂમિપરના તીવ્ર કોલાહલ વચ્ચે ખડી થઇ છે. એ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને આ વેદાંતજ્ઞાનનોજ ઉપદેશ કરેલો હોઇ તેના

પાને પાને જે એક સિદ્ધાંત પ્રધાનપણે ઝળહળી રહેલો છે, તે ગાઢ પ્રવૃત્તિપરાયણ નાના ઉપદેશમાં શાશ્વત શાંતિનો ઉપદેશ પણ સમાયેલો છે. કર્તવ્યપરાયણતા યાને કર્મયોગનું આજ રહસ્ય છે, અને તેને યથાર્થ પ્રાપ્ત કરવું એજ વેદાંતનું એકમાત્ર લક્ષ્ય છે. નિવૃત્તિ, કે જેને આપણે સામાન્ય રીતે નિષ્ક્રિયતાના અર્થમાં સમજીએ છીએ, તે ખચિતજ જીવનનું ધ્યેય નથી, અને તેમ હોઇ પણ શકે નહિ. નિષ્ક્રિયતા એજ જો જીવનનું ધ્યેય હોત, તો તો આપણી આજુબાજુની આ દિવાલો સૌથી વધારે જ્ઞાનસંપન્ન લેખાવી જોઇએ; કેમકે તે નિષ્ક્રિય છે. તેમ હોત તો તો માટીનાં ઢેફાં અને ઝાડનાં ઠુંઠાં જગતમાં મહાન ઋષિમુનિવરો મનાતાં હોત. કેમકે તેઓ બધાંજ નિષ્ક્રિય અથવા ક્રિયારહિત છે. વળી કર્મપરાયણતા પણ આસક્તિ કે રાગદ્વેષવાળી હોય તો તે પણ કર્મયોગની કોટિમાં આવી શકતાં નથી. જે ખરી વિશુદ્ધ પ્રવૃત્તિ વેદાંતનું ધ્યેય છે, તે શાશ્વત શાંતિના હેતુવાળી અને આંતરિક શાંતિવાળી હોવી જોઇએ—એવી શાંતિ કે જે ગમે તેવા સ્થિતિસંયોગોમાં પણ સ્થિર રહે, અને ગમે તે થાય પણ મનનું સમતોલપણું સખળડખળ ન બને. અને આપણા જીવનના અનુભવથી આપણે બધાજ એટલું તો જાણીએ છીએ કે, એ જાતની મનઃસ્થિતિ કાર્યને માટે ઉત્તમોત્તમ છે.

હવે આ પ્રશ્ન મને ઘણી વાર પૂછવામાં આવ્યો છે કે, કાર્ય-માટે સામાન્ય રીતે આપણને જે આસક્તિ હોય છે, તેવી આસક્તિ ન રાખીએ, તો પછી આપણે કોઈ પણ કામ કરીજ શી રીતે શકીએ ? વર્ષો અગાઉ હું પણ એમજ માનતો હતો, પણ જેમ જેમ ઉંમર વધતી જાય છે અને વધારે ને વધારે અનુભવવાળો બનતો જાઉં છું, તેમ તેમ મને લાગતું જાય છે કે એ માન્યતા સાચી નથી. આસક્તિ અથવા લૌકિક સ્વાર્થવૃત્તિ જેટલી ઓછી રખાય, તેટલું કામ વધારે સારૂં કરી શકીએ. આપણી મનઃસ્થિતિ જેટલી વધારે શાંત હોય છે, તેટલો આપણને વધારે લાભ થાય છે, અને કાર્ય પણ આપણે વધારે પ્રમાણમાં કરી શકીએ છીએ. જ્યારે આપણી લાગણીઓને આપણે ઉશ્કેરાઈ જવા દઇએ છીએ, યાને જ્યારે આપણે રાગવશ બનીએ છીએ, ત્યારે આપણી શક્તિનો મોટો ભાગ ખોટે માર્ગે ખર્ચાઈ જાય છે; આપણા સ્નાયુઓ ઢીલા પડી જાય છે; ચિત્તવૃત્તિ ચંચળ બની જાય છે અને પરિણામે આપણે બહુ થોડું કામ કરી શકીએ છીએ. જે શક્તિ કાર્યરૂપે પરિણત થવી ઉચિત હોય છે, તે વૃથા લાગણીમાત્રમાં ખર્ચાઈ જતાં તેનો તેટલો અપવ્યય થાય છે, અને તેથી કંઈજ ફાયદો થતો નથી. મન જ્યારે સાવ શાંત અને એકાગ્ર હોય ત્યારેજ તેની તમામ શક્તિ કામ સારૂં કરવા પાછળ ખર્ચાય છે. દુનિયાએ નીપજાવેલા મહાન પુરુષોનાં

જીવનચરિત્રો વાંચશો, તો આ વાત તરત સમજાઈ જશે કે, તેઓ બધાજ અજાયબી ઉપજે તેવા શાંત નર હતા. તેમના મનનું સમતોલપણું જાણે કશાથીજ ક્ષુબ્ધ થતું નહિ; તેમના મનની શાંતિમાં ખળભળાટ મચાવવાની જાણે કોઈનામાં કે કશામાં તાકાતજ નહોતી. ક્રોધને વશ બનનાર માણસથી વધારે કાર્ય કદી નથી કરાતું, અને કોઈ પણ સંજોગમાં ક્રોધવશ ન થનાર આદમી વધારે ને સારૂં કામ કરવા શક્તિમાન થાય છે, તેનું રહસ્ય આજ છે. ક્રોધ, દ્વેષ ઇત્યાદિ વિકારોની લગામ છૂટી મૂકનાર આદમી આ જગતમાં કંઈ મહાન કાર્ય કરી શકતો નથી, તેની શક્તિમાત્રના ચૂરેચૂરા થઈ જાય છે, અને તેનાથી કંઇજ મહત્ત્વનું કાર્ય નીપજતું નથી—અર્થાત્ જગતની અંદર શાંત, ક્ષમાવાન અને સ્થિરચિત્તવાળા નરોજ વધારેમાં વધારે અને સારામાં સારૂં કાર્ય કરી શકે છે.

વેદાંત માત્ર એક આદર્શનો ઉપદેશ આપણને કરે છે, અને એ આદર્શ આપણે જાણીએ છીએ તેમ સત્ય વસ્તુસ્થિતિથી અથવા સાત્વિક વ્યાવહારિકતાથી બહુ વેગળો હોય છે. મનુષ્યસ્વભાવમાં બે પ્રકારની વૃત્તિઓ હોય છે. એક તો આદર્શની સાથે જીવનનો તોડજોડ કરી મેળ બેસાડવાની; અને બીજી એ કે, જીવનને ઉન્નત કરી આદર્શની કક્ષાએ પહોંચવાની. આ બે વૃત્તિઓનો ભેદ યથાર્થ સમજી લેવો ઉચિત છે. કેમકે નહિ તો પ્રથમ વૃત્તિ યાને આદર્શનો તડજોડ કરી જીવન સાથે ઘટાવી દેવાની, કિંબહુના આપણા મત મુજબ આદર્શને ઉતારી પાડવાની લાલચ આપણને થઇ આવવાની દહેશત છે. મને લાગે છે કે, હું અમુક પ્રકારનું ખાસ કામ કરી શકીશ, અને તે કામ હું હાથ ધરૂં છું. એ કામનો અધિકાંશ ભાગ ખરાબ હોય, અને એ અધિકાંશ ભાગની પાછળ ક્રોધ, લોભ કે સ્વાર્થરૂપી વિકાર પણ હેતુરૂપે હોય એ બનવાજોગ છે. હવે એકાદ સજ્જન મારી પાસે આવીને મને અમુક આદર્શનો ઉપદેશ કરે, અને તે આદર્શ પામવાના પ્રથમ પગથીઆતરીકે સ્વાર્થવૃત્તિનો અને સ્વસુખનો ત્યાગ કરવાનું કહે, તો મને તરતજ એમ લાગવાનું કે, એ આદર્શ અવ્યાવહારિક છે. પણ આને બદલે મારી સ્વાર્થવૃત્તિને પોષક અથવા બંધબેસતો થઈ પડે એવો આદર્શ મૂકનારો કોઇ મળી આવશે, તો તરતજ હું તે આદર્શને વધાવી લઈશ અને ખુશી ખુશી થઈ કૂદવા મંડીશ; અને કહીશ કે, "બસ, એજ મારો આદર્શ છે." "શાસ્ત્રીય" શબ્દના સંબંધમાં લોકો જેમ ફાવે તેમ ગોટાળો કરે છે—અર્થાત્ કે પોતાના મતને મળતું આવે તેટલું શાસ્ત્રીય અને બીજું બધું અશાસ્ત્રીય; તેમ આ "વ્યાવહારિક" શબ્દની બાબતમાં પણ પોતાની વૃત્તિઓને અનુકૂળ આવે તેટલું વ્યાવહારિક અને બાકી બધું અવ્યાવહારિક, એવો

ગોટાળો લોકો કરે છે. મારૂં એટલું શાસ્ત્રીય અને તમારૂં એટલું અશાસ્ત્રીય એવું પણ અનેક સ્વાર્થી લોકો કહે છે. પોતાને જે વાત વ્યવહારોપયોગી લાગતી હોય તેજ વાત એકલી જાણે દુનિયાભરમાં વ્યાવહારિક અથવા શાસ્ત્રીય ન હોય એમ સ્વાર્થસાધક મનુષ્યને લાગ્યા કરે છે. હું જો એક સ્વાર્થી દુકાનદાર હોઉં, તો મને એમજ લાગશે કે દુકાનદારી એજ એકલો વ્યાવહારિક ધંધો દુનિયામાં છે. જો હું ચોર હોઈશ, તો મને એમજ લાગ્યા કરશે કે ચોરીનો ધંધો કરવો એજ દુનિયામાં વ્યાવહારિક બનવાનું સર્વોત્તમ સાધન છે; બીજા બધાજ રસ્તા અવ્યાવહારિક છે. આ ઉપરથી તમે સમજી શકશો કે, જે વાતો આપણને મનગમતી હોય અને જે આપણે કરી શકતા હોઇએ, તે વાતોમાટેજ આપણે આ 'વ્યાવહારિક' શબ્દનો પ્રયોગ કેમ કરીએ છીએ? અર્થાત્ દુનિયામાં વ્યાવહારિક શબ્દનો ઉપયોગ કેવી રીતે થાય છે તે આ ઉપરથી તમે સમજી શકશો. જે વાત અને જે વસ્તુ આપણને મનગમતી હોય અને જે આપણે કરી શકતા હોઇએ, તેનેજ આપણે વ્યાવહારિક કહી ઓળખાવીએ છીએ; તેથી વેદાંત અત્યંત વ્યાવહારિક છે, એમ હું જે કહું છું તે તેના સાધારણ અર્થમાં નહિ, પણ તેના વિશિષ્ટ અર્થમાંજ તમારે સમજવાનું છે. એટલે કે, વેદાંત અતિ વ્યવહારગમ્ય છે. એ વાક્યમાં 'વ્યવહારગમ્ય' શબ્દ તેના સાધારણ અર્થમાં નથી સમજવાનો, પણ તેના આદર્શના હિસાબમાં વેદાંત પણ વ્યવહારગમ્ય વિષય છે, એમ સમજવાનું છે. વેદાંતનો આદર્શ ગમે તેટલો ઉચ્ચ કાં નથી હોતો, પણ જગતની આગળ તે અસંભવિત આદર્શ તો નથીજ મૂકતું. વસ્તુતઃ તો આદર્શ નામને લાયક તો જે સધાવો શકય હોય તેજ આદર્શ છે. એક શબ્દમાં કહીએ તો "તું તે દિવ્યરૂપ છે" યાને "**તત્ત્વમસિ**" એજ એનો આદર્શ છે. આ **તત્ત્વમસિ** એજ વેદાંતનો સાર છે. વેદાંતની સઘળી-જ ગલીકુંચીઓ અને બુદ્ધિના વ્યાયામોમાંથી પસાર થતાં તમને જે જાણવાનું મળે છે, તે એજ કે મનુષ્યનો આત્મા શુદ્ધ અને સર્વ-વ્યાપી છે; અને તેથી આત્માની બાબતમાં જન્મવા મરવાનું કહેવું એ બિલકુલ બેહૂદું અને અર્થહીન છે. આત્મા કદાપિ જન્મ્યો નથી અને કદાપિ મરશે પણ નહિ. તેથી આપણને મોત આવશે એમ કહીને આપણે મોતથી જે બ્હીએ છીએ તે કેવળ વહેમ અને કુસંસ્કારનું પરિણામ છે. તેમ આપણે ફલાણું કરી શકીએ ને ઢીંકણું ન કરી શકીએ—એવા ખ્યાલો પણ મિથ્યા ભ્રમમાત્ર છે. આપણે બધુંજ કરવા શક્તિમાન છીએ. માનવીઓને વેદાંતનો પ્રથમ ઉપદેશ એજ છે કે "તમારી જાતમાં વિશ્વાસ રાખો યાને આત્મશ્રદ્ધા સેવો." વેદાંત કહે છે કે, જે જન પોતાની અંદર વિશ્વાસ નથી રાખતો તે નાસ્તિક છે—અર્થાત્ કે પોતાના આત્માના ગૌરવમાં વિશ્વાસ

ન કરવો તેને વેદાંત નાસ્તિકતા કહી ઓળખાવે છે. વેદાંતનો આ ખ્યાલ અનેક જણને બેશક ભયાનક ભાસશે, અને આપણામાંનાં ઘણાંખરાંને એમ પણ લાગશે કે, આવી જાતના આદર્શને કદાપિ પહોચી શકાયજ નહિ. પણ વેદાંત આગ્રહપૂર્વક જણાવે છે કે, પ્રત્યેક જણથી તે આદર્શનો સાક્ષાત્કાર કરી શકાય તેમ છે. આ આદર્શના સાક્ષાત્કારની આડે કશુંજ આવી શકે તેમ નથી—સ્ત્રી, પુરુષ, બાળક કિંવા વર્ણ કે લિંગના ભેદ, કશુંજ એને બાધક નીવડે તેમ નથી. આબાલવૃદ્ધ સર્વ કોઇ તેનો સાક્ષાત્કાર કરી શકે તેમ છે. કારણ કે વેદાંતે પૂરવાર કરી બતાવ્યું છે કે "એ આત્મજ્ઞાનનો અત્યાર આગમચ ક્યારનોએ સાક્ષાત્કાર થઈ ચૂકયો છે, એ આત્મતત્ત્વ સદા સર્વદા તમારી અંદર રહેલું છે."

જગતની બધીજ સત્તાઓ અને શક્તિઓ મૂળથીજ આપણી છે; છતાં આપણેજ પોતાના હાથ પોતાની આંખો આડા રાખી ચીલ્લાઈ રહ્યાં છીએ કે 'અંધારૂં છે, દેખાતું નથી.' એક વાર સારી પેઠે સમજી લ્યો કે, આપણી આજુબાજુ અંધકારનું નામનિશાન નથી. આંખો આડેથી તમારા હાથ ખસેડી લ્યો, એટલે તરતજ ઝળહળતું અજવાળું નજરે પડશે. એ અજવાળું નવેસર ક્યાંયથી આવ્યું નથી, પણ તે મૂળથકીજ છે. તમારા હાથના અંતરાયને લીધે તમને તે જણાતું નહોતું એટલુંજ. અંધકાર તેમજ દુર્બળતા જેવું કદાપિ હતું નહિ, છે નહિ અને હશે નહિ. આપણે મૂર્ખાઓ અમસ્થા બૂમો પાડીએ છીએ કે "અમે દુર્બળ છીએ, અમે અપવિત્ર છીએ." આ પ્રમાણે વેદાંત ભારપૂર્વક જણાવે છે કે, વેદાંતનો આદર્શ વ્યવહારગમ્ય છે, એટલુંજ નહિ પણ તે પરાપૂર્વથીજ તેવો ચાલ્યો આવ્યો છે—એ આદર્શ યાને એ વાસ્તવિકતા એ તો આપણો અસલ સ્વભાવ છે. બીજું બધું તમે જે જુઓ છો, તે તમામ મિથ્યા અને અસત છે. તમે જ્યારે જ્યારે બોલો છો કે "હું એક પામર મર્ત્ય મનુષ્ય છું" ત્યારે ત્યારે તમે એક જૂઠાણું બોલો છો, એમજ સમજો; એમ કહીને તમે તમારી જાતને છેતરો છો, એટલુંજ નહિ પણ નજરબંધાની જાદુઇ હીકમતથી તમે તમારી જાતને પામર કરી દો છો, એમજ સમજજો.

એ વાત હમેશાં લક્ષમાં રાખવી જોઇએ કે, અત્યારના આપણા માયામય મિથ્યા જીવનની સાથે આદર્શનો મેળ બેસાડવાનો વેદાંતે જરાય પ્રયત્ન કર્યો નથી. વેદાંત તો ઉલટું કહે છે કે, આ મિથ્યા જીવન બિલકુલ નષ્ટ થવું જોઇએ, અને તેને સ્થાને વાસ્તવ જીવન—શાશ્વત અસ્તિત્વ ધરાવતું વાસ્તવ જીવન વ્યક્ત થઇને ઝળહળ પ્રકાશવું જોઇએ. કોઇ માણસ વધુ ને વધુ શુદ્ધ બને છે એમ કહેવું ખોટું છે; શુદ્ધિ તો મૂળ થકીજ તેની અંદર સ્વભાવસિદ્ધ રહેલી છે,

માત્ર તે હવે વધુ પ્રમાણમાં વ્યક્ત થાય છે એટલુંજ. આત્માની આડે આવેલો પડદો સરી પડે છે એટલે તેની સ્વભાવસિદ્ધ વિશુદ્ધિ અથવા પવિત્રતા પ્રકાશવા માંડે છે. અનંત પવિત્રતા, અનંત મુક્તિ, અનંત પ્રેમ અને અનંત શક્તિ-એ બધુંજ આપણું છે-રે ! આપણુને તે સ્વભાવસિદ્ધ છે.

વેદાંત વળી એવું પણ છાતી ઠોકીને જણાવે છે કે, એના એ આદર્શનો સાક્ષાત્કાર માત્ર અરણ્યોમાં કે નિર્જન ગિરિગહ્વરોમાં રહીનેજ પ્રાપ્ત કરી શકાય છે, એવું નથી; પરંતુ વ્યવહારની હરકોઇ સ્થિતિમાં પ્રવૃત્ત થયેલાં પણ તેનો સાક્ષાત્કાર પામી શકે છે. એ તો આપણે આગળ જોઇજ લીધું છે કે, એ આદર્શનાં સત્યો શોધી કાઢનારાઓ અરણ્યવાસી કે કંદરાવાસી નહોતા; એટલુંજ નહિ પણ જીવનની સામાન્ય પ્રવૃત્તિઓ કરતાં વધારે અટપટી પ્રવૃત્તિઓમાં અહર્નિશ નિમગ્ન રહેનારા હતા. એ રાજવી શોધકોના માથાપર સૈન્યસંચાલનની, તેમજ લાખો પ્રજાજનોનાં કલ્યાણની મહાન જવાબદારીઓ રહી હતી. અને એ જમાનો કેવો હતો તેનો પણ ખ્યાલ કરો! રાજાની રાજ્યસત્તા તે જમાનામાં કેવળ અનિયંત્રિત કિંવા અમર્યાદિત હોઇ રાજ્યની તમામ જવાબદારીઓ તેના શિરપર હોવાથી રાજ્યવ્યવહારના એકે એક અંગપર તેને પૂરતું લક્ષ રાખવું પડતું હતું. તે વખતના રાજા એટલે અત્યારના રાજા જેવા શોભાના ગાંઠીઆ નહોતા, પણ રાજકાજમાં કંઠપર્યંત ડૂબી રહેલા અને પ્રવૃત્તિપરાયણમાં પ્રવૃત્તિપરાયણ હતા. આમ હોવા છતાં તે રાજવીઓને આ ગહન સત્યો વિચારી કાઢી તેનો સાક્ષાત્કાર મેળવવાની તેમજ મનુષ્યજાતિમાં તેનો પ્રચાર કરવાની ફુરસદ મળી હતી. તો પછી આપણે માટે તો એ આદર્શ કેટલો બધો વ્યવહારગમ્ય કહેવાય ? આપણાં જીવન એ રાજવી શોધકોનાં જીવનની તુલનામાં તો છેકજ ફુરસદવાળાં લેખાય; છતાં આપણે એ સત્યોનો સાક્ષાત્કાર નથી કરી શકતાં એ આપણે માટે અતિ શરમની વાત છે. પ્રાચીનકાળના એક સર્વસત્તાધીશ સમ્રાટ્ કરતાં આપણી જરૂરીઆતો અને જવાબદારીઓ નહિ જેવી છે. વળી કુરુક્ષેત્રની રણભૂમિપર વિપુલ સૈન્યને દોરનાર અર્જુનની તુલનામાં પણ આપણી જરૂરીઆતો નજીવી છે. સમરક્ષેત્રમાં અર્જુનની જવાબદારી અને જરૂરીઆતો કેટલી બધી ભારે હશે તે તો કલ્પીજ લેજો; છતાં પણ એ યુદ્ધભૂમિના હોકારા અને કોલાહલની વચ્ચે પણ અર્જુનને એ સર્વોત્તમ તત્ત્વજ્ઞાનને સમજવાની અને તેને પોતાના જીવનમાં ત્યાં ને ત્યાંજ ઉતારી દેખાડવાની ફુરસદ મળી શકી હતી. તો પછી આપણે આખી જીંદગીમાં થઇને નિદાન તેટલું કરી બતાવવાને તો ખચિતજ શક્તિમાન થવું જોઇએ; આપણાં જીવન રામ, કૃષ્ણ અને અર્જુન જેવા

રાજપુરુષોની અનેકવિધ રોકાણો અને જવાબદારીઓ તરફ જોતાં પ્રમાણમાં વધારે ફુરસદવાળાં, સરળ અને સગવડભર્યાં છે. સમયનો જો આપણે ખરેખરોજ સદુપયોગ કરવા માગતાં હોઇએ, તો તો આપણામાંનાં ઘણાંખરાંને આપણે ધારીએ છીએ તેના કરતાં વધારે અવકાશ મળે છે. ખરી રીતે તો આપણને એટલો બધો અવકાશ છે કે જો ઇચ્છા હોય તો આ જીંદગીમાં આપણે એક તો શું પણ બસો આદર્શોને પ્રાપ્ત કરી શકીએ; પણ યાદ રાખો કે, આદર્શને આપણી કલ્પના પ્રમાણે ઉતારી પાડવો એ બિલકુલ ગેરવાજબી છે. આ માર્ગમાં વિચરતાં એક ફસામણ આવે છે તે એ કે, કેટલાક પેટભરા અથવા તો **सर्वे गुणाः कांचनमाश्रयंते** અર્થાત્ ધનમાયાદિક અને ભોગવૈભવનેજ સર્વોપરિ સમજી અધિકાધિક લોભલાલચમાં ડુબ્યે જનારા પામર લોકો આવાને આપણી મિથ્યા જરૂરીઆતોને તથા મિથ્યા કામનાઓને પોષે તેવાં વિવિધ કારણો મીઠી મીઠી વાણીમાં આપણી આગળ રજુ કરે છે, અને તે સાંભળીને આપણને એમ થઇ આવે છે કે "બસ, આ લોકોના આદર્શ જેવાજ આદર્શની આપણને જરૂર છે." પરંતુ તેમ કરવું ઉચિત નથી. વેદાંતનો ઉપદેશ એવો જરાય નથી. વેદાંત તો એમજ શીખવાડે છે કે "પ્રત્યક્ષ જીવનને આદર્શ સાથે ઘટાવો અને વર્તમાન જીવનને અનંત જીવનની સાથે ઘટાવો યાને તેમને એકરૂપ બનાવો."

આ એકત્વ અથવા એકતાનો આદર્શ એજ વેદાંતનો કેન્દ્રસ્થ આદર્શ છે, એ વાત હમેશાં સ્મરણમાં રાખો. દ્વૈત જેવું કશામાં નથી; બે પ્રકારનું જીવન ક્યાંય નથી, તે એટલે સુધી કે બે જૂદાં જૂદાં જગતો માટે પણ બે જાતનાં જૂદાં જીવનો નથી. શરૂઆતમાં વેદો સ્વર્ગ, નરક અને ઇતર લોકોની વાતો કરતા તમને માલમ પડશે; પણ પાછળથી તેમના તત્ત્વજ્ઞાનનું ઉંચામાં ઉંચું તત્ત્વ તેમને પ્રાપ્ત થયા પછી એ બધીજ વાતોને તેઓ કલમના ઝટકાથી છેકી નાખે છે, અને કહેવા મંડી જાય છે કે જીવન એક છે, જગત એક છે અને સત્ કહેતાં અસ્તિત્વ પણ એકજ છે. જે છે તે બધુંજ તે એક છે; જણાતો તફાવત પ્રમાણગત છે, પ્રકારગત નથી. આપણાં જીવનમાં જણાતો તફાવત પ્રકારગત નથી યાને પ્રકારની બાબતમાં આપણાં જીવન જૂદાં પડતાં નથી. પશુનાં જીવન માનવી-જીવન કરતાં નોખાં છે, અને માનવીઓના ખોરાકતરીકે વાપરવા સારૂજ ઇશ્વરે પશુઓને પેદા કર્યાં છે—એવા ખ્યાલોનો વેદાંત સાવ ઇન્કાર કરે છે, કિંબહુના એવા વિચારોને વેદાંત ધૂતકારી કાઢે છે.

કેટલાક લોકોએ દયાવશ બની તમારે ત્યાં 'જીવિત વ્યવચ્છેદ-નિવારિણી સભા' × નામની સભા સ્થાપેલી છે. એ સભાના એક

× "એન્ટીવિવિસેકશન સોસાઇટી"—એટલે કે વૈદ્યક પ્રયોગશાળાઓમાં

સભ્ય મહાશયને મેં સવાલ કર્યો કે "ભાઈ! તમારા ભોજન અર્થે અગણિત પશુહત્યા થાય તેને તમે સંપૂર્ણ ન્યાયસંગત ગણો છો, તો પછી વૈદક વિજ્ઞાનના અખતરા માટે એકાદ બે પશુઓનો વધ કરવામાં આવે તેનો તમે આવડો વિરોધ શાને કરો છો?" તેણે જવાબ આપ્યો કે "જીવિતવ્યવચ્છેદ યાને પ્રયોગો માટે પશુઓને રીબાવી રીબાવીને મારવાં એ અત્યંત ભયંકર કામ છે, પણ ખોરાકતરીકે તો તેઓ નિર્માણ થયેલાં છે." કેવો ભયંકર અને ભ્રમજનક ખ્યાલ! વસ્તુતઃ તો પશુઓ પણ એજ એકમાત્ર અખંડ સત્તાના અંશો છે. મનુષ્યનું જીવન જો અમર અને અનંત છે, તો પશુઓનું જીવન પણ તેવુંજ છે. જે તફાવત છે તે પ્રમાણમાં છે અને નહિ કે પ્રકારમાં. એક ક્ષુદ્ર જીવાણુ અને હું એકરૂપ છીએ. જણાતો તફાવત પ્રમાણનો હોય પ્રકારનો નથી. અને એ જણાતો તફાવત પણ સર્વોચ્ચ જીવનની દૃષ્ટિએ જોતાં તો ઉડીજ જાય છે. ઘાસના તણખલા અને એક નાના છોડ વચ્ચે મનુષ્યને ભેદ ભલે દેખાય, પણ પર્વતના સર્વોચ્ચ શિખરપર ચઢીને જોતાં તો ઘાસનાં તણખલાં તેમ મોટાં મોટાં તરુવરો સુદ્ધાં લગભગ એકસરખાંજ જણાય છે. તેથી સર્વોચ્ચ આદર્શની દૃષ્ટિએ તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીનું અને ઉચ્ચમાં ઉચ્ચ મનુષ્યનું જીવન એકસરખું છે. ઈશ્વર છે, એવું જો તમે માનતાજ હો, તો તો પશુઓ તેમજ સર્વોચ્ચ પ્રાણીઓ જે મનુષ્યો તે એકરૂપ એકસરખાં હોવાં જોઈએ, એ પણ તમારે માનવું પડશે. કેમકે પશુઓ અને મનુષ્યો બધાંજ એક ઈશ્વરનાં સંતાન છે. તેથી જે ઈશ્વર મનુષ્ય નામે ઓળખાતાં પોતાનાં સંતાનો પ્રત્યે પક્ષપાતભરી કૃપા બતાવે અને અવાક્ પ્રાણીઓને નામે ઓળખાતાં પોતાનાંજ બીજાં સંતાનોપ્રત્યે નિર્દયતા દાખવે, એ ઈશ્વર ઈશ્વર નહિ પણ દાનવ કરતાં પણ ભૂરો હોવો જોઈએ. હું તો મારે એવા પક્ષપાતી ઈશ્વરને ભજવા કરતાં કંઇ સેંકડો વખત મરવાનું વધારે પસંદ કરૂં; એટલુંજ નહિ પણ મારૂં સારૂંય જીવન એવા ઈશ્વર સાથે યુદ્ધ મચાવવામાં ગાળું. પરંતુ વસ્તુતઃ તેમ છેજ નહિ. ઈશ્વર એવો પક્ષપાતી મુદ્દલ નથી. તેમ છે એવું કહેનારા લોકો બીનજવાબદાર, હૃદયશૂન્ય અને સત્ય જ્ઞાન નહિ જાણનારા છે. હવે, એક બીજો કિસ્સો હું તમને સંભળાવું છું કે જેની અંદર પણ 'વ્યવહારગમ્ય' શબ્દ ખોટા અર્થમાં વપરાય છે. ધારો કે, હું પોતે ચુસ્ત અમાંસાહારી કદાચ નથી, પણ તેના ઉચ્ચ આદર્શની મને સંપૂર્ણ સમજ છે. માંસભક્ષણ કદીમદી કરવું પડે છે, ત્યારે જાણું છું

પ્રયોગ કરતી વખતે જીવંત પ્રાણીઓપર જે વાઢકાપ કરી ઘાતકીપણું દર્શાવવામાં આવે છે, તેનો વિરોધ કરનારી સભા.

કે ખોટું થાય છે. કેટલાક સંજોગોમાં માંસભોજન કર્યા વગર છૂટકોજ નથી થતો, ત્યારે પણ મને ખબર રહે છે કે ઘાતકી કામ થાય છે. હવે, મારા એવા વર્તન માટે મારાપર આક્ષેપ કરવા કોઈ છાતીચલ્લો બહાર પડે, તો મારે અમાંસાહારના ઉન્નત આદર્શને સ્થિતિસંજોગો સાથે ઘટાવીને મારી એ નબળાઇભરી વર્તણુકનો ખોટો બચાવ ન કરવો જોઇએ. આદર્શ એજ છે કે, માંસાહાર ન કરવો, ને કોઇ પણ પ્રાણીને ઇજા ન પહોંચાડવી. કેમકે પ્રાણીમાત્ર મારાં ભાંડુ છે. પશુઓને જો તમારા ભાંડુવત્ લેખી શકતા થાઓ, તો તો પશુપ્રાણીના બંધુત્વની દિશામાં તમે કંઇક આગળ વધ્યા છો, એમ કહી શકાય. બાકી મનુષ્યના બંધુત્વવિષે તો કંઇ કહેવાનુંજ નથી; એની તો માત્ર બચ્ચાંનાં રમકડાં જેવી હજી વાતોજ થાય છે. ઘણાને ગળે આ વાત નથી ઉતરતી, કારણ કે તે તેમને વર્તમાન પરિસ્થિતિનો ત્યાગ કરી દઈ આદર્શ તરફ ઉંચે ચઢવાનો ઉપદેશ કરે છે. પણ તેમનીજ આગળ જો એક એવો સિદ્ધાંત મૂકવામાં આવે કે જે તેમના વર્તમાન આચરણને બંધબેસતો હોય, તો તેને તરતજ તેઓ અપનાવી લેશે અને કહેશે કે, “કેવો વ્યવહારગમ્ય આદર્શ !”

દેખાદેખી રૂઢિરિવાજ પ્રમાણે વર્તવાની ભયંકર વૃત્તિ મનુષ્યસ્વભાવમાં રહેલી છે. તેથી પુરાણા ચાલામાંથી એકે ડગલું આગળ ભરતાં આપણને કંઈનું કંઇ થઈ જાય છે; તેમ કરવાનું આપણને મુદ્દલ પણ ગમતુંજ નથી. બરફમાં થીજાઇને મૃત્યુવશ થયેલા જે લોકોના સંબંધમાં મારા વાંચવામાં આવ્યું હતું તેમની સ્થિતિના ખ્યાલ આવતાં મને એમજ લાગે છે કે, આ મનુષ્યજાતની પણ તેવીજ દશા છે. નિદ્રાધીન દશામાં બરફમાં સપડાયલાં મનુષ્યોને ઉઠવાનું કહેતાં તેઓ કહે છે કે “અમારે ઉંઘવું છે, અમને ઉંઘવા દો.” અને એમને બરફના ઢગલામાંથી ખેંચી કાઢવાનો પ્રયત્ન કોઈ કરે છે, તો તેઓ કહે છે કે “અમને સુવા દો, બરફના ગદેલાપર પોઢવામાં અહા ! કેવી મઝા પડે છે !” આપણો મનુષ્યોનો સ્વભાવ પણ આવોજ છે. આખું જીવન આપણે તેમ કરતાં આવ્યાં છીએ, અને પગથી માથાસુધી થીજાવા આવ્યાં છતાં આપણને ઉંઘવાનુંજ ગમ્યા કરે છે. આ કંગાલ દશામાંથી છૂટવા માટે તમારે આ ઉચ્ચ આદર્શને પહોંચવા ખાઇ-પીને મંડવું જોઇએ. તેમ કરતી વેળા એ ઉચ્ચ આદર્શને તમારા મનની સપાટીપર ઉતારી દેવાની ઇચ્છાવાળો કોઈ શખ્સ આવીને તમને એવો ધર્મ બતાવે કે જેની અંદર એ ઉચ્ચ આદર્શ ન હોય, તો તેનું કહ્યું તમે મુદ્દલ કાને ધરશો ના. મારે માટે તો નિદાન એવો ઉચ્ચ આદર્શરહિત ધર્મ અવ્યવહારૂ હોવાનો. એવા ધર્મનું આચરણ હું કરી શકુંજ નહિ; પણ

કોઈ શખ્સ આવીને ઉંચામાં ઉંચા આદર્શવાળો ધર્મ મારી આગળ મૂકે તો તેને સાંભળવા હું ખડે પગે તૈયાર રહું. માટે જે ધર્મ ઇંદ્રિયોના વિલાસો અને ઇંદ્રિયોની નબળાઇઓને છાવરવાનો પ્રયત્ન કરતો હોય એવા ધર્મથી અને એવા ધર્મોપદેશકથી સદા સાવધાન રહો. ઇંદ્રિયોના ગુલામ બનીને તો આપણે આપણી જાતને માટીનાં ઢેફાં જેવી નિર્માલ્ય અને અસહાય કરી મૂકી છે. એવી અસહાય દશાવાળા જે આપણે તેની આગળ આવીને કોઇ આવી જાતના ઇંદ્રિયપોષક ધર્મનો ઉપદેશ કરે અને આપણે તે પ્રમાણે ચાલીએ, તો તો પ્રગતિના ખરા પંથે આપણે કદાપિ ચઢી શકીએજ નહિ. આવી આવી તો અનેક વાતો મેં જોઈ છે. મને દુનયાદારીનો પણ કંઇક અનુભવ છે, અને મારૂં વતન એક એવો મુલક છે કે જ્યાં ધર્મના પંથો ચોમાસામાં ઉગતા બિલાડીના ટોપની માફક વધ્યે જાય છે. અમારે ત્યાં પ્રતિવર્ષ નવા ધર્મપંથો ઉભા થાય છે. પરંતુ તેમાં એક વાત મારા હૈડામાં ખાસ વસી ગઇ છે કે, જે ધર્મો ભોગપરાયણ મનુષ્ય અને સત્યજ્ઞાનપરાયણ મનુષ્યની વચ્ચે બાંધછોડ કદાપિ નથી કરતા યાને સત્યજ્ઞાનના ઉચ્ચ આદર્શને ભોગપરાયણતાની નિકૃષ્ટ કોટિએ ઉતારી પાડવાનો મુદ્દલ પ્રયત્ન નથી કરતા, તેઓજ આગળ વધી શકે છે. ભોગપરાયણ વૃત્તિઓના સાથે ઉચ્ચ આદર્શનો મેળ બેસાડવાનો યાને ઈશ્વરને મનુષ્યની કોટિમાં ઉતારી પાડવાનો ખોટો ખ્યાલ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં ત્યાં પતન અવશ્ય નજરે પડે છે. માણસને દુનિયાદારીના ગુલામની કક્ષામાં નહિ ઉતારી પાડવો જોઇએ, યાને માણસને સંસારાસક્ત માણસજ નહિ રહેવા દેવો જોઇએ, પણ માણસને માણસ મટાડી ઈશ્વર બનાવવો જોઇએ.

સાથે સાથે આ પ્રશ્નને એક બીજી પણ બાજુ છે. આપણે કોઇનો તિરસ્કાર કરવો ન જોઇએ કે કોઇને હડધૂત કરવા ન જોઈએ. કેમકે આપણા સઘળાનુંજ પ્રયાણ એક લક્ષ્યબિંદુ તરફ થઇ રહ્યું છે. નિર્બળતા અને સબળતા વચ્ચેનો તફાવત માત્ર પ્રમાણનો છે. સ્વર્ગ અને નરક તેમ જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત પણ પ્રમાણનો છે. જગતની અંદર જણાતા તફાવત માત્ર પ્રમાણના છે, પ્રકારના નહિ. કેમકે એકત્વ એજ બધાનું રહસ્ય છે. વિચાર અથવા જીવન અથવા આત્મા અથવા શરીર-તરીકે જે જે કંઇ વ્યક્ત થયેલું છે, તે બધું એ એકત્વજ હોઈ જણાતો તફાવત માત્ર પ્રમાણનો છે, પ્રકારનો નહિ. આથી કરીને જેટલા પ્રમાણમાં આપણો વિકાસ થયો હોય તેટલા પ્રમાણમાં જેમનો વિકાસ થયો ન હોય, તેમના પ્રત્યે તિરસ્કારની નજરે જોવાનો કે તેમને ધૂતકારી કાઢવાનો આપણને કશોજ અધિકાર નથી.

કોઇને પણ ધૂતકારો નહિ. તમારાથી તેમને કોઇ જાતની મદદ થઇ શકે તેમ હોય તો કરો, નહિ તો હાથ જોડીને તમારાં એ ભાંડુઓનું ભલું વાંચ્છો, અને તેમને તેમના માર્ગે નિર્વિઘ્ને વિચરવા દો. કોઇને ઉતારી પાડવું કે ગાલિપ્રદાન કરવું, એ કામ કરવાની ખરી રીત ન હોય. એ રીતે કોઇજ કાર્ય જોઇએ તેવું સિદ્ધ થતું નથી. બીજાને ગાળો દઇ તેમને દૂષિત ઠરાવવામાંજ આપણી બધી શક્તિઓ ખર્ચાઈ જાય છે. ટીકાખોરી અને નિંદાખોરીમાં આપણી શક્તિઓનો વ્યય કરવો કેવળ મિથ્યા છે. આપણી શક્તિઓના વ્યય માટે એ ખરો રસ્તો નથી, કારણકે અંતે તો આપણને એ જ્ઞાન થાય છેજ કે, આપણા બધાયની નજર એકજ વસ્તુ તરફ દોડી રહી છે અને ધીરે ધીરે કે ઉતાવળે ડગલે પણ આપણે એકજ આદર્શની સમીપ ગમન કરી રહ્યાં છીએ, અને આપણી વચ્ચે જણાતા ઘણાખરા તફાવતો માત્ર ઉચ્ચારણભેદનાં પરિણામ છે.

પાપનોજ ખ્યાલ લ્યો. એને વિષે વેદાંતનો ખ્યાલ કેવો છે તે તો હું તમને કહી ગયો છું. હવે બીજો સાધારણ ખ્યાલ એવો છે કે મનુષ્ય પાપી છે. એ બન્ને ખ્યાલો વસ્તુતઃ તો એકજ છે; ભેદ માત્ર એટલોજ છે કે, એક હકારાત્મક પક્ષનું સમર્થન કરે છે અને બીજો નકારાત્મકનું. પહેલો ખ્યાલ મનુષ્યને તેના બળનું ભાન કરાવે છે, અને બીજો તેની દુર્બળતાનું ભાન કરાવે છે. વેદાંત કહે છે કે, નબળાઇ હોય તો ભલે રહી; તેની લેશ પણ પરવા ન કરો. આપણે તો બસ આગળ વધવાજ માગીએ છીએ. એ રોગ તો મનુષ્યના પ્રાકટય સાથેજ માલમ પડયો હતો. પ્રત્યેક જણને પોતાના રોગનું ભાન છે, યાને આપણા રોગ શા છે તે કહી બતાવવાને કોઇની જરૂર નથી. પરંતુ આપણે રોગિષ્ઠ છીએ, રોગિષ્ઠ છીએ, એમ આખો દહાડો મનન કર્યા કરવાથી કંઇ નિરોગી થઇ જવાશે નહિ. નિરોગી બનવા માટે તો ઔષધ અને પરેજીની જરૂર છે. આપણે બહારની ઉપાધિ માત્ર ભૂલી જઇએ, બહારના જગત આગળ એવો ડોળ કરવાનો પણ પ્રયત્ન કરીએ કે અમે નિરોગી છીએ, અમે સબળ છીએ; કિંતુ આપણા હૃદયના ઊંડાણમાં તો આપણે બધાજ આપણી નબળાઇઓ શી શી છે તે જાણતાં હોઇએ છીએ. એ બધી વાત ખરી, છતાં વેદાંત કહે છે કે, દુર્બળતાની વારંવાર ઝંખના કર્યા કરવાથી ઝાઝો લાભ થતો નથી. એ રોગનો ખરો ઉપાય તો એજ છે કે, રોગીને બળના ઘુંટડા પાયા કરો; અને બળ, કંઇ નબળાઇનો આખો દહાડો વિચાર કર્યા કરવાથી આવતું નથી. નબળાઇનો રામબાણ ઉપચાર નબળાઇનું સતત મનન કર્યા કરવું એ નથી પણ બળનો ને શક્તિનો વિચાર અને ઉપાય કર્યા કરવો એ છે. માટે મનુષ્યને હમેશાં બળનોજ ઉપદેશ કરો, કે જે બળ અસલથી-

જ તેમની પોતાની અંદર રહેલું છે. મનુષ્યો પાપી છે એમ કહેવાને બદલે વેદાંત એથી વિરુદ્ધ પક્ષનું પ્રતિપાદન કરે છે, અને કહે છે કે, પાપો એ તો આત્માના નિકૃષ્ટ પ્રતિના આવિષ્કાર છે, તમારા આત્માને ઉત્કૃષ્ટ પ્રતિના આવિષ્કારમાં વ્યકત કરો. આપણે જે યાદ રાખવાનું છે તે આજ છે; અને એ તો આપણા બધાથીજ થઇ શકે તેવું છે. "ના" એવું કદાપિ કહો નહિ; 'મારાથી નહિ બને'-એમ પણ કદાપિ કહો ના. કારણ કે તમે તો અનંત અને સર્વશક્તિમાન છો. કાળ અને દેશ યાને સમય અને સ્થાન પણ તમારા સ્વભાવની તુલનામાં કંઇ ગણત્રીનાં નથી. તમે બધું અને સર્વ કંઇ કરી શકો તેમ છો, રે! તમે તો સર્વશક્તિમાન છો.

આ તો જાણે ઉન્નત નીતિશાસ્ત્રના સિદ્ધાંતોની વાત થઇ; પણ હવે આપણે જરા નીચી ભૂમિકાપર આવી તેની વિગતોની ચર્ચા કરીશું; અને સમજી લઇશું કે, આ વેદાંતનું જ્ઞાન આપણા નિત્ય-જીવનમાં, નાગરિક જીવનમાં, પ્રાંતિક જીવનમાં, રાષ્ટ્રીય જીવનમાં અને પ્રજામાત્રના ગૃહજીવનમાં કેવી રીતે આચારમાં મૂકી શકાય. કારણ કે જો કોઇ ધર્મ મનુષ્યને તેની હરકોઇ સ્થિતિમાં સહાયભૂત ન થાય, તો તે ધર્મનો વિશેષ ઉપયોગ નથી; એવો ધર્મ તો ગણ્યાંગાંઠયાં થોડાં માટે માત્ર બકવાદનોજ વિષય રહેવાનો. મનુષ્યજાતિને મદદ કરવા ઇચ્છનાર ધર્મે તો હરકોઇ સ્થિતિસંજોગોમાં તેની મદદે ધાવા ખડે પગે તત્પર રહેવું જોઇએ. પછી મનુષ્ય દાસત્વની દશામાં કે મુક્તાવસ્થામાં, અધમતાના ઉંડા ખાડામાં કે પવિત્રતાનાં ઉંચાં શિખરોપર કાં નથી હોતો! હરકોઇ સ્થાને અને હરકોઈ પ્રસંગે તેની મદદે ધાવાની ધર્મમાં તાકાત હોવીજ જોઇએ. આ મહાન કામ માટે વેદાંત પોતાની લાયકાત પૂરવાર કરી આપે છે, અને વેદાંતની એ લાયકાતથી તેના સિદ્ધાંતો અગર ધર્મનો આદર્શ પરિપૂર્ણ સિદ્ધ થાય છે.

આત્મશ્રદ્ધાનો યાને આપણી પોતાની ઉપર વિશ્વાસ રાખવાનો આદર્શ આપણને અત્યંત સહાયભૂત થાય છે. આ આત્મશ્રદ્ધાનો પાઠ જો વધારે બહોળી રીતે પ્રચાર પામ્યો હોત અને આચારમાં મૂકાયો હોત, તો હું ખાત્રીપૂર્વક માનું છું કે, અત્યારે અસ્તિત્વ ધરાવતા આપણા અનર્થો અને દુઃખોનો ઘણો મોટો ભાગ અસ્તંગત બન્યો હોત. મનુષ્યજાતિના સમગ્ર ઇતિહાસમાં દષ્ટિપાત કરીશું, તો આપણને જણાયાવગર નહિ રહે કે, જગતનાં મહાન સ્ત્રીપુરુષોની મહત્તાના મૂળમાં કોઈ પણ ગુણ જો વધારે કાર્યકર નીવડયો હોય, તો તે ગુણ આત્મશ્રદ્ધાનોજ હતો. પોતે મહાન થવાનાં છે એવા જ્ઞાન સાથે જન્મેલાંઓ-એ આત્મશ્રદ્ધાની ગળથુથી ધાવેલાં મનુષ્યો અવશ્ય મહત્તાને પામ્યાં છે. મનુષ્યને જવું હોય તેટલો

નીચે જવા દો, પણ એક સમય તો જરૂર એવો આવશે કે જ્યારે સ્થિતિ છેકજ નિરાશામય લાગતાં તે મરણીઆ થઇને ઉન્નતિને રસ્તે વળશે અને પોતાની જાતમાં શ્રદ્ધા રાખવાનું શીખશે. પરંતુ આ વાત આપણે પહેલેથીજ જાણી લઇએ તે સારૂં છે. આ મશ્રદ્ધા પ્રાપ્ત કરવા માટે અનુભવોરૂપી કડવી ગોળીઓ ગળવાની શી જરૂર છે? મનુષ્ય મનુષ્ય વચ્ચે આપણને જે કંઈ ભેદ જણાય છે, તે આ આત્મશ્રદ્ધાની હાજરી કે ગેરહાજરીને લીધે હોય છે, એ તો આપણાથી સહજ સમજી શકાય તેવું છે. આત્મવિશ્વાસથી સર્વ કંઈ થઈ શકે છે. મારી પોતાની જીંદગીમાં મને એનો અનુભવ થયો છે, હજી પણ થતો રહે છે અને હું જેમ જેમ વયમાં વધતો જાઉં છું, તેમ તેમ મારો આત્મવિશ્વાસ વધારે ને વધારે ખીલતો ચાલે જાય છે. જે પોતાની જાતમાં નથી માનતો યાને જેને આત્મવિશ્વાસ નથી તે નાસ્તિક છે. જૂના ધર્મો ઈશ્વરની અંદર શ્રદ્ધા નહિ રાખનારને નાસ્તિક કહી ઓળખાવતા; પણ નવો ધર્મ કહે છે કે, આત્મશ્રદ્ધા વગરના માણસને નાસ્તિક સમજો. કોઇ કહેશે કે, એ શ્રદ્ધા તો સ્વાર્થપરાયણ કહેવાય તો કે ના. સ્વાભાવિક આત્મ-શ્રદ્ધાથી સ્વાર્થપરાયણતાનો દોષ નથી આવતો, કેમકે વેદાંતનો પ્રધાન સૂર એકતાનો છે. તેથી વેદાંતની દૃષ્ટિએ તો આત્મશ્રદ્ધા એટલે કે 'સાર્વત્રિક શ્રદ્ધા.' કારણ કે તમે બધાં એકજ છો. તમારી જાત માટે પ્રેમ એટલે બધાંને માટે પ્રેમ–મનુષ્યો માટે, પશુઓ માટે અને બધાંને માટે. કેમકે તમે બધાંજ એકસ્વરૂપ છો. તે એક એવી મહાશ્રદ્ધા છે કે જે જગતને વધારે સારૂં બનાવશે એ નિઃશંક છે. તમારા આ દેહપિંજરની પૂઠે હજી કેટલી શક્તિ, કેટલી સત્તા અને કેટલાં સામર્થ્ય છુપાઇ રહ્યાં છે, તેનું તમને ભાન છે ખરૂં? મનુષ્યની અંદર રહેલી તમામ શક્તિઓનું પૂરેપૂરૂં ભાન હજી કયા ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીને થયું છે વારૂ? મનુષ્ય આ ધરાધામ પર પહેલ-વહેલો આવ્યો તે વાતને લક્ષાવધિ વર્ષો વીતી ગયાં છે; છતાં તેનાં શક્તિ અને સામર્થ્યનો અતિસામાન્ય અંશજ હજી યથાવત્ પ્રકાશમાં આવ્યો છે. એટલા માટે તમારે એમ કદી ન કહેવું કે, તમે નબળા છો, અશક્ત છો. આ સપાટીપર જણાતી નબળાઇ અને અનીતિની પાછળ કેવી કેવી શક્તિઓ અને શક્યતાઓ રહેલી છે, તેની તમને શી રીતે ખબર પડે વારૂ? તમારી અંદર જે છે, તેનો અતિ અલ્પ ભાગ તમને અત્યારે વિદિત છે. કારણ કે તમારી પૂઠે તો અનંત-શક્તિ અને અનંત આનંદનો અફાટ મહાસાગર પડેલો છે.

"આત્મા વારે શ્રોતવ્યઃ–" અર્થાત્ કે સર્વાંતર્યામી પરમાત્મા-વિષેજ સાંભળવું જોઇએ. રાત ને દિવસ સાંભળ્યા કરો કે "તમે આત્મા છો, તમે આત્મા છો." તમારી ધમનીઓમાં દાખલ થઇ તમારા પ્રત્યેક

રક્તકણમાં વહીને તમારાં અસ્થિમજ્જામાં અને રોમેરોમમાં ઓત-પ્રોત થાય નહિ, ત્યાંસુધી એનો જાપ અહર્નિશ જપ્યા કરો. તમારા અંગપ્રત્યંગને એ મહાન આદર્શથી રંગાવા દો કે "હું પોતે અજ, અવિનાશી, આનંદમય, સર્વજ્ઞ, સર્વશકિતમાન, નિત્યજ્યોતિર્મય આત્મા છું." રાત ને દિવસ તેનું મનન કરો; તમારા જીવનના અણુએ અણુમાં વ્યાપી જાય નહિ, રે ! જીવનસર્વસ્વ બની જાય નહિ, ત્યાંસુધી એ મહામંત્રનો જપ કર્યાજ કરો. એના ચિંતન-થીજ પ્રકૃત કાર્ય કરવા તમે સમર્થ બનશો. "હૃદયમાં ભરપટ હોય છે તો મુખ ઉચ્ચરે છે" તેવી રીતે હૃદય ભરપટ હોય છે ત્યારેજ હાથ કાર્ય કરે છે. કાર્ય તો થશે; પણ તે પહેલાં તમારા હૃદયને આ મહાન આદર્શથી ભરપૂર બનાવો, અને જે કંઇ કરો તેના પર સંપૂર્ણ રીતે વિચાર કરો. એ સુવિચારના પ્રભાવથી તમારાં બધાંજ કર્મો મહત્તાપૂર્ણ બની દેવતાઇ રૂપમાં રૂપાંતર પામશે. જડ દ્રવ્ય શકિતમાન છે, તો વિચાર સર્વશકિતમાન છે. તેથી એ વિચારનો તમારા જીવનપર પ્રભાવ પડવા દો, અને તમારી જાતને સર્વશકિતમત્તા, મહત્તા અને ગૌરવના વિચારથી ભરી કાઢો. ઇશ્વરેચ્છાએ તમારાં ભેજાંમાં કુસંસ્કારો અને વહેમોનું ભૂસું ન ભરાયું હોત તો કેવું સારૂં થાત! ઇશ્વરેચ્છાએ આ કુસંસ્કાર અને વહેમોના પ્રભાવથી અને દુષ્ટના તથા દુર્બળતાના ખ્યાલોથી આપણે જન્મથીજ ઘેરાયા ન હોત તો કેવું સારૂં થાત! એ પરમ અને સર્વશ્રેષ્ઠ ઉમદા સત્યોને પ્રાપ્ત થવાનો કોઈ વધારે સહેલો અને સુગમ માર્ગ મનુષ્યજાતિને માટે ઇશ્વરે નિર્માણ કર્યો હોત તો કેવું સારૂં! પણ અત્યારે તો મનુષ્યોને આજ રસ્તે થઈ વટાવાનું છે; તેથી તમારી પાછળ આવનારાંને માટે એ માર્ગ વધારે દુર્ગમ કરી મૂકશો નહિ.

આ સિદ્ધાંતો લોકોને ઘણીવાર ભયંકર ભાસે છે. આવા વિચારોથી ભડકતા લોકોને હું પિછાનું છું, પણ જેમને ખરા વ્યાવહારિક બનવું છે, તેમને માટે તો એજ પ્રથમ પાઠ છે. 'તું નબળો છું' એમ તમારી જાતને કે અન્ય કોઇને પણ કદાપિ કહો નહિ. તમારાથી બની શકે તો ભલુંજ કરો, પણ દુનિયાને હાનિ તો નજ પહોંચાડો. ભૂતપિશાચ જેવું કોઇ અસ્તિત્વ નથી એ વાત તમે સારી પેઠે જાણતા હો છો, તથાપિ અંધકારમાંથી તમારે જવાનું થાય છે કે લાગલો તમારા હૃદયમાં ભયનો સહેજસાજ સંચાર તો થાય છેજ. આનું કારણ માત્ર એટલુંજ કે, આપણી બાલ્યાવસ્થાની અંદર એવી જાતના બધા ભયભરેલા ખ્યાલો આપણા મસ્તિષ્કમાં ઠસાવવામાં આવ્યા હોય છે. પરંતુ એવી એવી વાતો તમારાં બચ્ચાંઓને કે બીજાંઓને, સમાજના ડરથી કે જાહેર જન-મતના ડરથી, મિત્રોની અવકૃપાના ડરથી કે રૂઢિનાશના ભયથી પણ

કદાપિ શીખવાડશો ના. એવા બધાજ કુસંસ્કારો ને વહેમોપર કાબુ મેળવો, ને તેમના દાસ નહિ પણ માલીક બનો. જગતના ઐકયભાવ અને આત્મશ્રદ્ધા સિવાય વધારે શીખવા કે શીખવવા જેવું પણ ધર્મમાં શું છે? હજારો વર્ષ થયાં મનુષ્યજાતિનાં બધાંજ કાર્યો એ એકજ લક્ષ્યબિંદુની દિશામાં થઈ રહ્યાં છે–અર્થાત્ કે એ ધ્યેયની પ્રાપ્તિ માટે મનુષ્યજાતિ આજ હજાર વર્ષથી પ્રયત્ન કરી રહી છે અને હજી પણ કર્યે જાય છે. અત્યારે એ વારી તમારી છે, અને તમને તો એ સત્યનું જ્ઞાન કયારનુંય થઇ ચૂકેલું છે. કેમકે અત્યારે તો ચોમેરથી એનું શિક્ષણ અપાઈ રહ્યું છે. એકલાં દર્શનશાસ્ત્ર અને માનસશાસ્ત્રજ નહિ, પણ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો પણ એજ વાત પોકારી પોકારીને કહે છે. એવો કયો વિદ્વાન શાસ્ત્રી અત્યારે જીવે છે કે જે આ જગતના ઐકયભાવનું યાને જગતની એકરૂપતાનું સત્ય કબૂલતાં ડર ખાય? અનેક જગતોની વાત કરવાની હામ કોની ચાલી શકે તેમ છે? એવા એવા બધાજ ખ્યાલો ભ્રમમાત્ર છે. જીવન જોઇએ તો એકજ છે; જગત જોઇએ તો તે પણ એકજ છે; અને એકજ જીવન તથા એકજ જગત આપણને અનેકરૂપે પ્રતીત થાય છે. એ અનેકત્વનો ભાસ તો સ્વપ્નના ભાસ જેવો મિથ્યા છે. તમને જ્યારે સ્વપ્નાવસ્થા લાધે છે ત્યારે એક સ્વપ્નું ખલાસ થતાં બીજું આવીને ઉભું રહે છે; પણ તે વખતે કંઈ તમે સ્વપ્નની દુનિયામાં વસતાં નથી, યાને સ્વપ્નમાં તમે જે કંઈ જુઓ છો, તે સાચું હોતું નથી. એ રીતે તમને એક પછી બીજું સ્વપ્ન આવીને વિવિધ દશ્યો દેખાડે છે, પણ તે જાગ્રત અવસ્થા માટે સાચાં નથી. આ જગતના સંબંધમાં પણ એવોજ પ્રકાર છે. અત્યારે આ જગત પંદરઆની દુઃખરૂપ અને એક આની સુખરૂપ ભાસે છે, અને થોડાક કાળ પછી તે કદાચ પંદર આની સુખરૂપ અને એક આની દુઃખરૂપ ભાસશે; ત્યારે આપણે તેને સ્વર્ગ કરી ઓળખીશું. પરંતુ સિદ્ધ સંતપુરુષ માટે એક વખત એવો આવે છે કે જ્યારે તેને મન આ જગતપ્રપંચ સારોય અદશ્ય બની જઇ સાક્ષાત્ ઇશ્વરરૂપ ભાસે છે, અને ઇશ્વરજ તેનો પોતાનો આત્મા છે એવું ભાન સ્ફૂરે છે. માટે અનેક જગતો અને અનેક જીવનો છે, એવું વસ્તુતઃ છેજ નહિ. આ બધુંજ અનેકત્વ એ એકનોજ આવિર્ભાવ છે. એ એકજ બ્રહ્મ અનેકરૂપે–ભૂત(જડ)રૂપે, ચેતનરૂપે, મનરૂપે, વિચારરૂપે અને અન્ય સર્વ કંઈરૂપે આવિર્ભૂત થાય છે. એ એકજ બહુરૂપે પ્રકાશે છે. તેથી વ્યાવહારિકતાની દિશામાં સૌથી પ્રથમ પગલું આપણે ભરવાનું છે તે એજ કે, આ પરમ સત્યનું જ્ઞાન આપણી જાતને તેમજ બીજાં સર્વને કરાવવું.

આ મહાન આદર્શથી દુનિયાને એક વાર ગુંજવા દો, અને કુ-

સંસ્કારમાત્રનો ખોડો નીકળી જવા દો. જે જનો પોતે નબળાં હોય અને પોતાની નબળાઈનું વારંવાર કથન કરતાં હોય તેમને કહો કે "ભાઇ રે ! તું તો પવિત્ર બ્રહ્મરૂપ છે; ઉઠ જાગ્રત થા; હે મહાન! તને આ નિદ્રા છાજે નહિ. જાગ્રત થા અને ઉઠ, આમ સૂઇ રહેવું તને શોભે નહિ. તું દુર્બળ અને દુઃખી છે એવું ધારજ નહિ. હે સર્વશકિતમાન! ઉઠ, જાગ્રત થા અને તારો સ્વભાવસિદ્ધ ધર્મ વ્યકત કર. પોતાને દુર્બળ માનવાનું તને છાજતું નથી." દુનિયાને તેમજ તમારી પોતાની જાતને આમ કહો, અને જુઓ કે તેનું કેવું વ્યાવહારિક પરિણામ નીપજે છે; જુઓ કે કેવા વિદ્યુતવેગથી બધુંજ પરિવર્તિત બની જઇ પ્રકાશવા માંડે છે. મનુષ્યજાતિને આ સત્ય સમજાવો અને તેમ કરીને તેમની સત્તાનું તેમને ભાન કરાવો. તેમ થશે ત્યારેજ આપણને આ ઉચ્ચ આદર્શ-ને આપણા રોજના જીવનવ્યવહારમાં લાગુ પાડતાં આવડશે.

વિવેકને વાપરતાં શીખવાને યાને જીવનની પ્રત્યેક ક્ષણે અને જીવનના પ્રત્યેક કાર્યમાં સારાં કે નઠારાં અને સાચાં કે જૂઠાંનો ભેદ પારખવા શકિતમાન બનવાને સારૂ આપણને સત્યની કસોટી કરતાં આવડવું જોઇએ. સત્યની કસોટી વિશુદ્ધતા અને એકતા છે; તેથી એકતાને પોષક બધુંજ સત્ય છે. પ્રેમ સત્ય છે અને દ્વેષ અસત્ય છે; કેમકે દ્વેષજ અનેકત્વનો ભાવ ઉત્પન્ન કરે છે. દ્વેષજ એક મનુષ્યને બીજાથી વિખૂટો પાડે છે; માટેજ તે ખરાબ અને ખોટો છે. તે એક વિચ્છેદક શકિત હોઇ ભેદભાવ અને નાશને નોતરે છે.

ત્યારે પ્રેમ એક એવી વસ્તુ છે કે જે ભેદને સાંધે છે, ને એકતાને સાધે છે. તમે બધાં જે એકરૂપ થાઓ છો-મા પોતાના બચ્ચા સાથે, કુટુંબો ગામ કે નગર સાથે અને મનુષ્યસૃષ્ટિ પશુ-સૃષ્ટિ સાથે જે એકરૂપ થાય છે-તે આ પ્રેમનાજ પ્રતાપે. કારણ કે પ્રેમ એજ વાસ્તવ અસ્તિત્વ છે, યાને સાક્ષાત્ પ્રભુ છે, અને આ બધું એ એક પ્રેમનુંજ ઓછુંવત્તું વ્યકત સ્વરૂપ છે. ઉપલક નજરે ભાસતો તફાવત માત્ર પ્રમાણની અંદર રહેલો છે; બાકી મૂળમાં તો તે એકજ પ્રેમ જ્યાં ત્યાં વિરાજમાન છે. તેથી સત્યની કસોટી એજ છે કે, આપણા પ્રત્યેક કાર્યમાં આપણે એ તપાસતાં રહેવું જોઇએ કે, આપણને તે ભેદના તરફ ધસડી જાય છે કે એકતા તરફ. જે કાર્ય આપણને જૂદાઈ તરફ લઇ જતું હોય તે અસત્ય છે એમ માની તેનો તરતજ ત્યાગ કરવો ઘટે, અને જે કાર્ય એકતા ભણી પ્રગતિ કરાવતું હોય, તે સાચું અને સારૂં છે એમ નિશ્ચયપૂર્વક સમજવું. આપણા વિચારોની બાબતમાં પણ આવો-જ પ્રકાર છે. આપણા વિચારો આપણને ભેદભાવ અને વિવિધતા ભણી ધસડી જાય છે કે ઐકયભાવ અને એકરૂપતા તરફ? તેનો

આપણે નિર્ણય કરી લેવો જોઇએ. જો એકતા તરફ લઇ જતા હોય-આત્માને આત્મા સાથે જોડતા હોય અને જગતપર ઐક્યનો પ્રભાવ પાડતા હોય, તો તે વિચારો પવિત્ર હોઈ ગ્રાહ્ય છે; અને જો તેથી વિરુદ્ધ હોય, તો તે દૂષિત અને ત્યાજ્ય છે.

વેદાંતિક નીતિશાસ્ત્રનો સમગ્ર સાર એજ છે કે, તે કોઇ અજ્ઞેય વસ્તુપર આધાર રાખતું નથી, તેમ કોઇ અજ્ઞાત વસ્તુનો ઉપદેશ કરતું નથી; પણ ઉપનિષદ્‌ની ભાષામાં તે કહે છે કે "જે ઈશ્વર-ની તમે અજ્ઞાત ગણીને ઉપાસના કરો છો, તેનોજ હું તમને બોધ આપું છું." આત્માવડે યાને આત્માદ્વારાજ તમને કોઈ પણ વસ્તુનું જ્ઞાન થાય છે. એક ખુરશી મારી નજરે પડે છે, પણ એ ખુરશી છે એવું જ્ઞાન થવા માટે પ્રથમ તો મારે મારી જાતને જોવી પડે છે, અને તેમ કર્યા પછીજ મને ખુરશીનું ભાન થાય છે. આત્મા-ની ભીતર અને આત્મામાં થઇનેજ ખુરશીનું ભાન થાય છે. આત્મા-ની ભીતર અને આત્માવાટેજ મને તમારૂં તેમજ સમસ્ત સંસારનું જ્ઞાન થાય છે. તેથી આ આત્મા અજ્ઞાત છે એમ કહેવું એ કેવળ અર્થરહિત બકવાદ છે. સ્વ અથવા આત્માને ખસેડી લ્યો કે આખું વિશ્વજ અલોપ થઇ જશે. જેમકે "આપ મુઆ પીછે ડુબ ગઈ દુનિયા." અર્થાત્ કે જ્ઞાનમાત્ર આત્માની ભીતર અને આત્માની વાટેજ થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે, આત્મા એ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાત પદાર્થ છે. તમે જેને "હું" કહો છો, તેજ તમારૂં 'સ્વ' છે, યાને તેજ તમે છો. અને એ વાતથી તમને નવાઇ ઉપજશે કે આ મારૂં "હું" એજ તમારૂં તેમ આખા જગતનું પણ "હું" છે. એમ કેમ હશે વારૂ ? આ મારૂં કે તમારૂં મર્યાદિત "હું" અમર્યાદિત અનંત બની જાય છે, એ જોઈ જાણી તમે નવાઇ પામશો. પણ વસ્તુતઃ તેમજ છે. વિશ્વભરમાં વ્યાપેલું આ "હું" અમર્યાદિત અનંતજ છે. મર્યાદિત "હું" એ તો માત્ર ભ્રમ છે. અમર્યાદિત અનંત "હું"ના ઉપર જે આવરણ પડેલું છે, તેમાંથી તેનોજ અલ્પાંશ ભાગ આ મર્યાદિત "હું" તરીકે વ્યક્ત થાય છે. બાકી અમર્યાદિત અનંતને મર્યાદા કે અંતનાં બંધનો કદાપિ બાધકર્તા નીવડે નહિ; એ તો ખાલી ભ્રમ છે. તેથી આ "સ્વ" અથવા આત્મા અથવા ઈશ્વરનું જ્ઞાન આપણ બધાંયને-સ્ત્રી, પુરુષ ને બાળક તો શું, પણ પશુ પ્રાણી સુદ્ધાંતને છે. એનું જ્ઞાન હોયા વગર આપણે જીવી કે હાલીચાલી શકીએ નહિ કે આપણી હયાતિ સરખી હોય નહિ. એ સર્વેશ્વર પ્રભુના જ્ઞાન વગર એક પળ વિપળ પણ આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચલાવી શકીએ નહિ કે જીવી શકીએ નહિ. એટલા માટે વેદાંતનો ઈશ્વર તો અન્ય સકળ પદાર્થ કરતાં સવિશેષ જ્ઞાત હોઇ ખાલી કલ્પનાના પરિણામરૂપ નથી.

અને જો તમે 'વ્યવહારગમ્ય ઈશ્વર'ના બોધતરીકે નહિ ઓળખો, તો પછી 'વ્યવહારગમ્ય ઈશ્વર'નું જ્ઞાન તમને બીજું તે કોણ કરાવી શકશે? હું મારી પોતાની નજર સમક્ષ જે ઈશ્વરને જોઉં છું અને જે ઇશ્વર સર્વવ્યાપક હોઇ આપણી ઇંદ્રિયો અને ઇંદ્રિયજન્ય વિષયો કરતાં વધારે પ્રકૃત છે, તેના કરતાં તે વધારે વ્યવહારગમ્ય ઈશ્વર બીજો કયાં છે? કારણ તમેજ તે છો. સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પરમાત્મા તે તમેજ છો. આ વાતનો તમારાથી ઇનકાર થઇ શકે તેમ હોય તો માનજો કે, હું અસત્ય કહું છું. પણ મારી ખાત્રી છે કે હું તેને જાણું છું-પછી તેનો સાક્ષાત્કાર મને પ્રત્યેક પળે થયા કરતો હોય કે ન હોય તે જૂદી વાત છે, પણ મેં તેને જાણ્યો છે. તે સૃષ્ટિમાત્રનું અખંડ એકત્વ છે, પ્રાણીમાત્રનું અને અસ્તિત્વમાત્રનું તે સત્ય સ્વરૂપ છે.

વેદાંતનાં આ સઘળાં નીતિતત્ત્વોની હજી પણ વિગતવાર આલોચના કરવાની છે. માટે તમારે ધૈર્યનું અવલંબન કરવું જોઇશે. એ તો હું તમને કહીજ ગયો છું કે, આ વિષયને આપણે વિગતવાર સંપૂર્ણ રીતે ચર્ચવા માગીએ છીએ, કે જેથી કરી અતિ નિકૃષ્ટ પ્રતિના વિચારોમાંથી પ્રગતિ થતાં થતાં એકતાનો આ મહાન આદર્શ કેવી રીતે વિકસવા પામ્યો અને વિશ્વપ્રેમના રૂપમાં તે કેવી રીતે પરિણત થયો, તે બરાબર સમજી શકાય. શંકાના ભયનું નિવારણ કરવા માટે એ બધા વિચારોનો આપણે અભ્યાસ કરવો જોઇએ. ખરી વાત છે કે, છેક નીચેના પગથીઆથી એની સમાલોચના કરવા જેટલો વખત તેમ ધૈર્ય દુનિયાને ન હોય, પણ આપણે દોડતાં દોડતાં સર્વોચ્ચ શિખરપર પહોંચી જઇએ ને આપણી પાછળ આવનારાંને આપણે પસાર કરી ગયેલા સત્ય પક્ષનું એક વાર પણ નિદર્શન ન કરાવી શકીએ, તો પછી આપણું એ સર્વોચ્ચ શિખરપર ઉભું રહેવું કામનું પણ શું? તેથી બહેતર છે કે, આપણે તેની ક્રમ વાર આલોચના કરીએ. એમ કરતાં પ્રથમ તો એના બૌદ્ધિક અથવા વિચારભાગને સમજી લેવાની જરૂર છે. જો કે હૃદયના ભાવ આગળ વિચારની કંઈ કિંમત નથી એ વાત આપણે જાણીએ છીએ, છતાં વિચારભાગને પણ સમજી લેવાની જરૂર છે. આખરે તો હૃદયના ભાવનીજ કિંમત સવિશેષ છે. હૃદયદ્વારાજ ભગવાનનાં દર્શન પામી શકાય છે, વિચાર કિંવા બુદ્ધિદ્વારા નહિ. બુદ્ધિ તો સાફસુફ કરનાર ઝાડુવાળાનું કામ કરે છે. આપણો રસ્તો તે સાફસુફ કરે છે અને પોલિસની માફક ચોકી પહેરો ભરે છે, અને તેથી તેનું સ્થાન આ ક્ષેત્રમાં ગૌણ છે. પણ સમાજના અંતિમ ભલા માટે પોલિસનું પ્રયોજન અનિવાર્ય હોય એવું પણ નથી. પોલિસનું કામ તો એટલુંજ હોય છે કે ધાંધલ

થતી અટકાવવી અને ગુન્હા ઉપર અંકુશ રાખવો, બુદ્ધિનું કામ પણ આવુંજ છે. કોઈ વિચારપ્રધાન પુસ્તકોનો તમારે અભ્યાસ કરવાનો આવે છે, ત્યારે તેનો અભ્યાસ પૂરો કરી રહેતાંજ તમે છૂટકારાનો દમ ખેંચો છો અને ઉદ્ગાર કાઢો છો કે "સારૂં થયું જે છૂટયા." કારણ કે બુદ્ધિ આંધળી છે અને તેને હાથ કે પગ કંઈ ન હોવાથી તે પોતાની જાતે હાલીચાલી શકતી નથી; અર્થાત્ કે હૃદયનો ભાવજ ખરો કામનો છે, હૃદયનો ભાવ વિદ્યુતપ્રવાહ કે અન્ય કશાયના કરતાં અનંતગણા ચઢિયાતા વેગથી ચાલે છે. તમને એવો ઉગ્ર ભાવ છે?—એ એક સવાલ છે. જો હશે, તો તો પ્રભુનાં દર્શન તમને અવશ્ય થશે. તમારામાં આજે જે કંઈ ભાવ છે તેજ ભાવ પ્રબળ થઇને ઉચ્ચથી ઉચ્ચતર બનશે અને દિવ્યતાને પામી સર્વશ્રેષ્ઠ ભૂમિકાને પ્રાપ્ત થશે, અને અંતે બધાંને માટે તમને ભાવ ઉત્પન્ન થઈ સર્વ એકરૂપ જણાશે. એવો ભાવ સ્થિર થતાં ઈશ્વરનો અનુભવ તમને તમારાજ હૃદયમાં અને ભૂતમાત્રમાં થશે. બુદ્ધિથી આ કામ કદાપિ થઇ શકતું નથી. "વિવિધ શબ્દપ્રયોગનું કૌશલ્ય, અને શાસ્ત્રના વિવિધ અર્થો ઉપજાવવાનું કૌશલ્ય, એ તો કેવળ પંડિતોના આનંદ માટે છે, મુક્તિ માટે નથી."

તમારામાંથી જેમણે થૉમસ–આ–કૅમ્પીનું "ઇસુ ખ્રિસ્તનું અનુસરણ" એ નામનું પુસ્તક વાંચ્યું હશે, તેમના સમજવામાં આવ્યું હશે કે, એ પુસ્તકના પ્રત્યેક પૃષ્ઠપર આ હૃદયભાવની બાબતપર તેણે કેવો ભાર મૂકયો છે. જગતના લગભગ બધાજ સંતપુરુષોએ તેમ કર્યું છે. આ ઉપરથી કોઇએ એમ સમજવાની ભૂલ નથી કરવાની કે, બુદ્ધિની બિલકુલ જરૂર નથી. બુદ્ધિ અથવા વિચાર-શકિત વગર આપણે નાના પ્રકારના ભ્રમના ખાડામાં અટવાઈ પડીએ તેવો ભય છે. બુદ્ધિ એવા ભયનું નિવારણ કરે છે એટલુંજ. બુદ્ધિ અથવા વિચારશકિતપર આ ઉપરાંત વધારે મદાર બાંધવાની ભૂલ રખે કરતા. આ વિષયમાં બુદ્ધિની સહાય કેવળ ગૌણ અને અકાર્યકર છે. ખરી અને કાર્યકર મદદ તો હૃદયના ભાવની અંદર સમાયેલી છે. તમને બીજાં માટે ભાવ ઉત્પન્ન થાય છે? જો તેમ થતું હોય તો તમે એકતાના માર્ગમાં આગળ વધી રહ્યાં છો, એમ માનજો. જો તેમ ન થતું હોય, તો તમે આ પૃથ્વીપર મહાનમાં મહાન બુદ્ધિશાળી હશો તોપણ જો તમારા હૃદયમાં ભાવ જાગતો ન હોય તો વસ્તુતઃ તમારી કોડી જેટલી પણ કિંમત નથી, રે! તમારૂં જીવવું ફોક છે. તમારી ખ્યાતિ શુષ્ક બુદ્ધિના ગાંઠીઆ સમાન છે, અને તેવીજ રહેવાની; અને જો તમારા હૃદયમાં સાચો ભાવ જાગ્યો છે, અને તમને વાંચતાં લખતાં નથી આવડતું કે કોઇ ભાષાનું વિશિષ્ટ જ્ઞાન પણ નથી તોયે તમે ખાત્રી રાખજો કે, તમે ખરા

માર્ગપર જઇ રહ્યાં છે, અને પ્રભુ તમારો પોતાનો છે.

દુનિયાના મહાન પેગંબરોની ખરી શક્તિ શેમાં રહી હતી તે શું આપણે જગતના ઇતિહાસપરથી નથી જાણી શકતા? એમની શક્તિ શું બુદ્ધિમાં રહી હતી? તેમાંના એકાદે પણ તત્ત્વજ્ઞાન કે અટપટા તર્કશાસ્ત્રના વિષયપર એકાદો સુંદર ગ્રંથ પણ રચ્યો હતો? ના, ના; એકેયે નહિ. તેમણે માત્ર થોડાક ગણ્યાગાંઠ્યા શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું, અને છતાં જગત તેમના ચરણે નમ્યું હતું. ક્રાઇસ્ટના જેવો હૃદયભાવ રાખો અને તમે ક્રાઇસ્ટ બની જશો; બુદ્ધના જેવો ભૂતપ્રેમ સેવો અને તમે બુદ્ધ બની જશો. અર્થાત્ કે સાચો હૃદયભાવજ-સાચો સ્નેહજ જીવન, બળ અને ચૈતન્ય છે; સાચા હૃદયભાવ વગરનું ગમે તેટલું બુદ્ધિકૌશલ્ય પણ ઇશ્વર-પ્રાપ્તિ માટે નિરર્થક છે. નરબુદ્ધિ એ તો સંચાલનશક્તિરહિત મોટરના ખોખા સમાન છે. હૃદયનો ભાવ તેમાં પેસે છે અને તેનામાં ગતિનો સંચાર કરે છે, ત્યારેજ તે હાલચાલ કરી કામ આપી શકે છે. દુનિયાભરમાં એવોજ પ્રકાર છે; આ વાત તમારે સદાસર્વદા સ્મરણમાં રાખવાની છે. વેદાંતના નીતિશાસ્ત્રમાં આ એક અત્યુત્તમ વ્યવહારગમ્ય તત્ત્વ છે. કેમકે વેદાંતનો એ ઉપદેશ શીખવે છે કે "તમે બધાજ પેગંબરો છો અને પેગંબરો થવાજ જોઇએ." કોઈ પણ ગ્રંથ તમારા વર્તન કે આચારનું પ્રમાણ નથી; પણ તમેજ તે ગ્રંથના પ્રમાણરૂપ છો. ગ્રંથ સત્યજ શીખવે છે એવું તમે શા ઉપરથી કહી શકો? તો કે તમે પોતે સત્ય છો અને સત્ય અનુભવો છો તે પરથી. વેદાંત જે કહે છે તે આજ છે. દુનિયાના ક્રાઇસ્ટો અને બુદ્ધોની સર્વોત્તમતા અને સિદ્ધતાનું પ્રમાણ શું છે? તો કે એજ કે તમે અને હું તેમના જેવીજ સહાનુભૂતિ અને સ્નેહ (કિંચિત્ અંશમાં પણ) ધરાવીએ છીએ. તમે અને હું તેમને સાચા સમજીએ છીએ તેનું કારણ આજ છે. આપણો પેગંબર-આત્મા તેમના પેગંબરત્વની સાક્ષી પૂરે છે. તમારો ઇશ્વરી આત્મા એજ ઇશ્વરનું પ્રમાણ છે. તમે પોતે જો એક પેગંબર ન હો, તો ઇશ્વરને લગતી કોઇજ વાત સાચી નથી. તમે પોતેજ જો ઇશ્વર ન હો, તો કોઇ ઇશ્વર ભૂતકાળમાં હતો નહિ, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં હશે પણ નહિ. આજ આદર્શને અનુસરવાનું વેદાંત આપણને કહે છે. આપણામાંના પ્રત્યેક જણને પેગંબર બન્યા વગર છૂટકોજ નથી; કેમકે તમે પ્રથમથી તેવા છોજ, માત્ર તેને જાણો એટલીજ વાર છે. આત્મા માટે ફલાણું અશક્ય છે, એવું તો કદાપિ ધારો નહિ. આત્માની બાબતમાં 'અશક્ય' જેવો શબ્દ શબ્દકોષમાં છેજ નહિ. એવો ખ્યાલ સરખો આવવો એ મોટામાં મોટી નાસ્તિકતા છે.

१७-*व्यावहारिक वेदांत-भाग २ जो

એક બાળકને જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઇ તે વિષે એક અતિ પ્રાચીન વાત છાંદોગ્ય ઉપનિષદ્‌માં છે, તે આજે હું તમને કહી બતાવવા માગું છે. એ વાર્તાનું સ્વરૂપ જોઇએ તેવું પરિપક્વ નથી, છતાં તેની અંદર અમુક સિદ્ધાંત તો સમાયેલો છે, એ વાત નિર્વિવાદ. એક નાના છોકરાએ પોતાની માને કહ્યું "બા ! હું વેદાભ્યાસ કરવા ગુરુજી પાસે જાઉં છું; મને મારા પિતાજીનું નામ તથા મારા વર્ણ અને ગોત્રનું નામ કહે." હવે એ માતા પરણેલી સ્ત્રી નહોતી; અને હિંદુસ્થાનમાં એવો ધારો છે કે, અપરિણિત સ્ત્રીનું બાળક વર્ણરહિત યાને વર્ણસંકર લેખાય છે. એટલે કે સમાજની અંદર તેનો અંગીકાર થતો નથી, અને વેદાભ્યાસનો પણ તેનો અધિકાર મનાતો નથી. તેથી તે બિચારી માતાએ કહ્યું કે "બેટા! મને તારા ગોત્ર કે કુળની ખબર નથી. જુવાનીમાં હું દાસી-ભાવે રહેતી હતી અને એ ભાવે અનેક જગાએ મારે રહેવાનું થયું હતું. તે દરમિયાન મને તારી પ્રાપ્તિ થઇ, પણ કોના વીર્યથી તે હું જાણી શકી નહિ. તેથી તારો બાપ કોણ તે તો હું કહી શકતી નથી. પણ જાણવું હોય તો એટલું કહી શકું છું કે, મારૂં નામ જબાલા છે ને તારૂં નામ સત્યકામ છે." એ પછી તે બાળક એક ઋષિ પાસે ગયો અને પોતાને એક વિદ્યાર્થી તરીકે રાખવા માટે તેમની આગળ પ્રાર્થના કરી. તે પરથી તે ઋષિએ તેને પૂછ્યું કે "વત્સ! તારા બાપનું નામ શું અને તારૂં ગોત્ર કયું ?" જવાબ-માં તે છોકરાએ પોતાની માતાએ જેવી હકીકત કહી હતી તેવીજ કહી બતાવી; એટલે ઋષિ એકદમ બોલી ઉઠયા કે "પોતાની જાત માટે આવું નામોશીભર્યું સત્ય બ્રાહ્મણ સિવાય કોઇજ બોલી શકે નહિ. માટે ગુણ-સ્વભાવ ઉપરથી તું બ્રાહ્મણ વર્ણનો સિદ્ધ થાય છે, તેથી હું તારો શિષ્યતરીકે સ્વીકાર કરૂં છું." એમ કહી ઋષિએ તેને પોતાના આશ્રમમાં રાખ્યો અને સંપૂર્ણ વેદાભ્યાસ કરાવ્યો.

પ્રાચીન હિંદમાં શિક્ષણની પ્રથા પણ વિલક્ષણ પ્રકારની હતી. તે મુજબ આ ગુરુજીએ સત્યકામને દુબળી પાતળી ચારસો ગાયોની

* લંડન, તા. ૧૨ નવેમ્બર ૧૮૯૬

રખેવાળી સોંપીને જંગલમાં મોકલ્યો. તે મુજબ સત્યકામ જંગલમાં ગયો અને કેટલોક સમય ત્યાંજ એ કામ કરતો રહ્યો. આ ચારસો ગાયોનું ધણ હજારની સંખ્યામાં વધે એટલે આશ્રમમાં પાછા ફરવાની ગુરુજીની આજ્ઞા હતી. થોડાંક વર્ષ પછી એક દહાડો તે જૂથમાંનો એક મોટો સાંઢ સત્યકામને ઉદ્દેશી એમ કહેતો સંભળાયો કે "હવે અમે હજાર થયાં છીએ, તેથી અમને તારા ગુરુજી પાસે લઇ ચાલ. હું તને બ્રહ્મવિષે કંઇક શીખવાડીશ." તે સાંભળી સત્યકામે કહ્યું કે "કહો, કહો, વૃષભરાજ!" એટલે સાંઢ બોલ્યો "પૂર્વદિશા એ પ્રભુનો અંશ છે, તે પ્રમાણે પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ પણ પ્રભુના અંશો છે. ચાર મુખ્ય દિશાઓ એ પ્રભુના અંશો છે. અગ્નિ પણ આ બ્રહ્મવિષે તને કંઇક શીખવાડશે." અગ્નિને તે કાળમાં બ્રહ્મના ખાસ ચિહ્નતરીકે પૂજવામાં આવતો, અને પ્રત્યેક વિદ્યાર્થીને રોજ અગ્નિહોત્ર કરવો પડતો. હવે બીજે દહાડે સવારે સત્યકામે ગાયોના ધણ સાથે ગુરુજીના આશ્રમ તરફનો રસ્તો લીધો. સાંજ પડતાં તેણે એક ઠેકાણે મુકામ કર્યો. ત્યાં સ્નાનસંધ્યા કરી અગ્નિનારાયણને આહુતિ આપી તેની સમીપ તે બેઠો હતો, એવામાં અગ્નિમાંથી એક અવાજ નીકળતો તેને સંભળાયો કે "હે! સત્યકામ!" સત્યકામે કહ્યું "ફરમાવો, મહારાજ!" *"જો, સત્યકામ! હું તને બ્રહ્મવિષે કંઇક શીખવાડવા આવ્યો છું. આ પૃથ્વી તે બ્રહ્મનો એક અંશ છે. આકાશ અને સ્વર્ગ પણ તેના અંશો છે. સાગર પણ તે બ્રહ્મનો અંશ છે." આમ કહી અગ્નિએ વિશેષમાં જણાવ્યું કે "અમુક એક પક્ષી પણ તને કંઈક શીખવાડશે." બીજે દિવસે સવારમાં સત્યકામે પાછો પોતાનો પ્રવાસ શરૂ કર્યો, અને આગલા દહાડાની માફક સાંજરે મુકામ કર્યો, તથા સ્નાનસંધ્યાદિ ખટકર્મ પરવારી રહ્યો એટલે એક હંસ તેની પાસે આવ્યો. તે કહેવા લાગ્યો કે "સાંભળ, સત્યકામ! બ્રહ્મવિષે હું તને કંઇક શીખવાડું છું, આ અગ્નિ જેને તું પૂજે છે, તે એ બ્રહ્મનો અંશ છે. તેમજ સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત પણ બ્રહ્મના અંશો છે. મદ્ગુ નામનું પક્ષી તને એ વિષે વધારે કહેશે." બીજી સાંજે તે મદ્ગુ પક્ષી આવ્યું અને તેનો પણ એવો ગુમ અવાજ સાંભળાયો "સત્યકામ! બ્રહ્મવિષે હું તને કંઇક શીખવાડું છું તે સાંભળ. પ્રાણ એ બ્રહ્મનો અંશ છે; દષ્ટિ, શ્રવણ અને મન પણ એ બ્રહ્મના અંશો છે." એ પછી સત્યકામ ગુરુના આશ્રમે આવી પહોંચ્યો અને ગુરુજીનાં ચરણોમાં આદરભાવ-

* બાઇબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટની અંદર પણ આવી એક વાત છે. તેમાં આવીજ અદ્ભુત આકાશવાણી સેમ્યુઅલના સાંભળવામાં આવતી હતી, એમ કહેવાયું છે.

સહિત દંડવત્ પ્રણામ કર્યાં. પોતાના આ શિષ્યને જોતાંજ ગુરુજી બોલ્યા કે "વત્સ સત્યકામ! તારી મુખમુદ્રા બ્રહ્મજ્ઞાનના તેજથી ઝળકી રહી છે. તો કહે જોઈએ, એ જ્ઞાન તને કોણે આપ્યું?" સત્યકામે જવાબ આપ્યો કે "મનુષ્યેતર પ્રાણીઓએ ગુરો! તથાપિ આપ ગુરુજી પોતે મને તે ઉપદેશ સંભળાવો, એવી મારી મનકામના છે. કારણ કે આપના જેવા મહાપુરુષોના મુખે મેં સાંભળ્યું છે કે ગુરુના મુખે સાંભળેલું જ્ઞાનજ પરમાર્થના પંથે લઈ જનારૂં બને છે." તે પરથી ગુરુએ તેને તેજ જ્ઞાનોપદેશ કર્યો કે જે પૂર્વે તેને દેવો પાસેથી મળ્યો હતો. એ રીતે સત્યકામને બધુંજ જ્ઞાન પ્રાપ્ત થયું, અને કશુંજ બાકી રહ્યું નહિ."

હવે, આ સાંઢ, અગ્નિ અને પક્ષીઓનાં રૂપકોને બાજુએ મૂકી આપણે વિચારી જોઇશું, તો તે જમાનામાં વિચારનું વહેણ કયી દિશામાં વહેતું હતું તે સારી રીતે સમજાશે. જે એક મહાન તત્ત્વનું બીજ એ કથામાં રહેલું છે, તે એજ કે આ બધીજ વાણીઓ આપણા પોતાના અંતરપટમાં રહેલી છે. આ સત્યોને જેમ જેમ આપણે વધારે સારી રીતે સમજતા થઈએ છીએ, તેમ તેમ આપણને જણાય છે કે, એ જાતનો ધ્વનિ આપણા હૃદયમાંજ ઉત્પન્ન થાય છે. શિષ્યને બરાબર સત્યનોજ ઉપદેશ કર્ણગોચર થતો હતો તેની ના નહિ, પણ તે બાબતની તેની સમજૂતિ બરાબર નહોતી. એ ધ્વનિને તે પોતાની બહારના જગતમાંથી આવતો માનતો હતો, પણ તે તેના પોતાના અંતરમાંથીજ આવતો હતો. હવે આ કથામાંથી બીજું એક તત્ત્વ આપણને જડે છે, તે એ કે, બ્રહ્મનું જ્ઞાન જીવનમાં વ્યાવહારિક બનાવી શકાય તેમ છે. દુનિયા તો હમેશાં ધર્મની વ્યાવહારિક શકયતાઓજ ખોળતી ફરે છે, અને આ વાતોમાંથી આપણને જણાય છે કે, તે દિનપ્રતિદિન કેવો વધુ ને વધુ વ્યવહારગમ્ય બનતો જતો હતો. જે વસ્તુઓથી વિદ્યાર્થીઓ સુપરિચિત હતા, તે વસ્તુઓદ્વારા તેમને સત્યનું દર્શન કરાવવામાં આવતું હતું. જે અગ્નિને તેઓ પૂજતા હતા, તેને બ્રહ્મના રૂપતરીકે વર્ણવ્યું છે, તેમ પૃથ્વીને પણ બ્રહ્મના અંશતરીકે બતાવી છે, ઇત્યાદિ ઇત્યાદિ.

આ પછી બીજી વાત સત્યકામના શિષ્યની આવે છે. એનું નામ ઉપકોશલ કામલાયન હતું. એ શિષ્યે સત્યકામને ગુરુ બનાવ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ માટે કેટલોક વખત તેના આશ્રમમાં નિવાસ કર્યો. હવે, એક વાર એવું બન્યું કે, સત્યકામને કારણવશાત્ લાંબા પ્રવાસે જવું પડયું. આથી તે શિષ્યને પોતાના અભ્યાસમાં વિક્ષેપ પડેલો જોઇને નિરાશા ઉત્પન્ન થઇ અને તેના પરિણામે તેણે ખાવાપીવાનું પણ છોડી દીધું. તે જોઈ ગુરુપત્નીએ તેની પાસે આવીને પૂછ્યું કે "વત્સ! તું કેમ કાંઇ ખાતો નથી, તને શું

થયું છે?" પ્રત્યુત્તરમાં શિષ્યે જણાવ્યું કે "માતા! મારી ચિત્તવૃત્તિ એટલી બધી અસ્વસ્થ બની ગઇ છે કે મને ખાવાની મુદ્દલ રુચિજ થતી નથી." એવામાં જે અગ્નિકુંડ પાસે બેસીને તે હોમ કરતો હતો તેમાંથી અદ્દભુત નાદ કાને પડયો કે "આ પ્રાણ બ્રહ્મ છે, સુખ બ્રહ્મ છે, આકાશ બ્રહ્મ છે, એ બ્રહ્મને તું જાણ." શિષ્યે સામો જવાબ આપ્યો કે "પ્રાણ બ્રહ્મ છે તે હું જાણું છું. મહારાજ! પણ આકાશ અને સુખ પણ બ્રહ્મ છે તેનું મને જ્ઞાન નથી." તે પરથી અગ્નિએ તેને 'આકાશ અને સુખ' એ બે શબ્દોની સમજૂત આપીને જણાવ્યું કે, તે બન્ને વસ્તુતઃ તો એકજ-શુદ્ધ ચૈતન્ય-છે, અને આ હૃદય તેનું નિવાસસ્થાન છે. એ રીતે અગ્નિએ તેને હૃદયસ્થ આકાશ અને પ્રાણતરીકે બ્રહ્મનું જ્ઞાન આપ્યું. વળી પણ અગ્નિએ કહ્યું કે "આ પૃથ્વી, અન્ન અને તું જેની ઉપાસના કરી રહ્યો છે તે આ અગ્નિ અને સૂર્ય સુદ્ધાં બ્રહ્મનાં રૂપો છે. સૂર્યમાં જે પુરુષ દેખાય છે તે મારૂંજ સ્વરૂપ છે. તે હુંજ છું-હું તેજ છું. જે આ બ્રહ્મરહસ્યને પિછાને છે અને તેનું ચિંતન કરે છે, તેનાં સકળ પાપો નાશ પામીને તે દીર્ઘાયુષ અને સુખનો ભોક્તા બને છે. ચતુર્દિશાઓ, ચંદ્ર, તારા અને જળની અંદર જે રહેલ છે તે હું છું, હું તેજ છું." જે તત્ત્વ આ પ્રાણ, આકાશ, સ્વર્ગો અને વિદ્યુતમાં વસે છે તે હું છું. હું તેજ છું." અહીંઆં પણ આપણને ધર્મની વ્યાવહારિકતાનોજ ખ્યાલ પ્રાપ્ત થાય છે. અગ્નિ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ જે વસ્તુઓની તેઓ ઉપાસના કરતા હતા અને જે ધ્વનિ સાથે તેમનો પરિચય થઇ ગયો હતો તેજ કથાઓનો વિષય બને છે, અને તેજ ઉપદેશકની ગરજ સારી તેમને ઉચ્ચતર અર્થ પ્રતિ દોરી લઇ જાય છે. અર્થાત્ કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ જે વસ્તુઓથી તેઓ પરિચિત હતા તે વસ્તુઓની તેઓ સમાલોચના કરવા લાગ્યા અને તેમ તેમ તેમને એકતાનું રહસ્યજ્ઞાન વધુ અને વધુ પ્રમાણમાં પ્રાપ્ત થતું ચાલ્યું. વેદાંતની પ્રકૃત વ્યાવહારિક બાજુ તે આજ છે. વેદાંત જગતને ઉડાવી દેતું નથી, પણ તેની વ્યાખ્યા અથવા સમાલોચના કરે છે. તે વ્યષ્ટિ અથવા વ્યક્તિને પણ ઉડાવી દેતું નથી, પણ પ્રકૃત વ્યષ્ટિનું નિદર્શન કરાવી તેને યથાર્થ રૂપમાં સમજાવે છે. જગત મિથ્યા છે અર્થાત્ કે તેનું અસ્તિત્વજ નથી એમ તે કહેતું નથી, પણ કહે છે કે "જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે બરાબર સમજી લ્યો, કે જેથી તે તમને કોઈ રીતે નુકસાનકર્તા ન નીવડે." જે ધ્વનિ સત્યકામને કે તેના શિષ્યને સંભળાયો હતો તેનો ભાવાર્થ એવો મુદ્દલે નહોતો કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત્ અથવા જે જે કશાની તેઓ ઉપાસના કરતા હતા તે બધાજ ખોટા પદાર્થો હતા; પણ એ ધ્વનિનો ભાવાર્થ એટલોજ

હતો કે એ સૂર્ય, ચંદ્ર, વિદ્યુત્ અને અગ્નિ તથા પૃથ્વી ઇત્યાદિમાં જે ચૈતન્યતત્ત્વ રહેલું છે, તેજ ચૈતન્યતત્ત્વ તારી પોતાની અંદર પણ રહેલું છે; અને એ જ્ઞાન થતાંજ સત્યકામ અને તેના શિષ્યની નજરમાં જગતની તમામ ચીજોનુંજ જાણે રૂપાંતર થઈ ગયું. જે અગ્નિ પૂર્વે આહુતિઓ હોમવાનો ભૂતપદાર્થ માત્ર હતો, તેનું હવે રૂપાંતર થઇ જઇ તેને મન સાક્ષાત્ પ્રભુજ દેખાવા લાગ્યો. એ રીતે પૃથ્વીનું, પ્રાણનું, સૂર્યનું, ચંદ્રનું, તારાનું તથા વિદ્યુત ઇત્યાદિ બધાંયનું રૂપાંતર થઈ જઈ તે બધાંજ દેવરૂપ દેખાવા લાગ્યાં—અર્થાત્ કે તેમના મૂળ સ્વભાવનું તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. એ રીતે પદાર્થમાત્રને તેમના દેખીતા રૂપમાં નહિ, પણ તેમના અસલ સ્વભાવમાં નિરખવા યાને પ્રત્યેક પદાર્થમાં પ્રભુને જોવો એજ વેદાંતનો વિષય છે.

આ પછી એક બીજો ઉપદેશ ઉપનિષદ્‌માં જોવામાં આવે છે, તે આ પ્રમાણેઃ—"નેત્રાદ્વારા જે પ્રકાશે છે તે બ્રહ્મ છે, તે મહાસુંદર અને જ્યોતિર્મય છે. એજ એક જ્યોતિર્મય બ્રહ્મ અખિલ બ્રહ્માંડોમાં પ્રકાશી રહ્યો છે." આ સૂત્રપર ટીકા કરતાં ભાષ્યકાર કહે છે કે "પવિત્ર માણસમાં અમુક પ્રકારનો જે એક વિલક્ષણ તેજ:પુંજ જણાય છે. તે આ નેત્રોમાંનુંજ તેજ હોય છે, અને તે તેજ વાસ્તવિક રીતે તો અંતરસ્થ આત્માનુંજ હોય છે, કે જે આત્મા સર્વત્ર વિરાજમાન છે. અહો, નક્ષત્રો અને સૂર્યોમાં પ્રકાશતું તેજ પણ એજ છે.

હવે, આ પ્રાચીન ઉપનિષદોમાંથી જન્મમરણ ઇત્યાદિ વિષેના બીજા કેટલાક સિદ્ધાંતો હું તમને વાંચી સંભળાવું છું. શ્વેતકેતુ નામનો એક બ્રાહ્મણકુમાર પાંચાલરાજાના દરબારમા ગયો. ત્યાં રાજાએ તેને પૂછ્યું કે "મૃત્યુ થતાં મનુષ્યો ક્યાં જાય છે તે તું જાણે છે ? તેમનું સંસારમાં પુનરાગમન કેવી રીતે થાય છે; તેનું તને જ્ઞાન છે ? અપરલોક ખીચોખીચ ભરાઇ કેમ નથી જતો ? તેનું કારણ તું જાણે છે ?" શ્વેતકેતુએ જવાબ આપ્યો કે, આમાંના એકે પ્રશ્નનું તેને જ્ઞાન નથી. પછી તે છોકરો પોતાના બાપ પાસે પાછો આવ્યો અને તેને એના એજ પ્રશ્નો પૂછ્યા; પણ બાપે કહ્યું કે "મને એ વિષે કંઇજ જ્ઞાન નથી." એટલે તેઓ બન્ને પાછા રાજાની પાસે આવ્યા અને પોતાને એ જ્ઞાન શીખવવા માટે તેને વિનતિ કરી. રાજાએ કહ્યું કે, એ જ્ઞાનની બ્રાહ્મણોને અદ્યાપિ કંઇ ખબરજ નથી, રાજન્યવર્ગનેજ માત્ર એની ખબર છે અને એ કારણથીજ તેઓ જગતપર રાજ્ય અમલ ભોગવે છે. હવે, આ બ્રાહ્મણે તે રાજાની કેટલોક વખત સેવાશુશ્રૂષા કરી, ત્યારે રાજાએ તેને તે જ્ઞાનોપદેશ આપવા માંડયો અને કહ્યું કે "સાંભળ, આ

ગૌતમ ! અપરલોક તે અગ્નિ છે, સૂર્ય તેનું ઇન્ધન કહેતાં બળતણુ છે, કિરણો એ ધૂમ્ર છે, દિવસ એ તેની જ્વાળા છે, ચંદ્ર તેનો અંગાર છે અને તારા એ તેના તણખા છે. આ અગ્નિમાં દેવો શ્રદ્ધારૂપી આહુતિ હોમે છે, અને એ આહુતિમાંથી સોમરાજા પ્રગટે છે." એ રીતે આગળ સમજાવતાં તે કહે છે કે "તારે એ અગ્નિની ઉપાસના કરવાની જરૂર નથી; સમસ્ત વિશ્વ એ અગ્નિરૂપ છે અને આ આહુતિ અને ઉપાસના સતત ચાલુજ હોય છે. દેવો, ફિરસ્તાઓ અને બધાજ તેની ઉપાસના કરે છે. મનુષ્યનું શરીર એ અગ્નિનું મોટામાં મોટું ચિહ્ન છે." આ ઠેકાણે પણ આપણે બ્રહ્મનો ખ્યાલ વ્યવહારગમ્ય બનતો જોઇએ છીએ, યાને પ્રત્યેક પદાર્થમાં બ્રહ્મનું દર્શન કરાતું જોવામાં આવે છે. આ બધીજ વાર્તાઓના મૂળમાં એકજ સિદ્ધાંત રહેલો છે, અને તે એ કે, બ્રહ્મરૂપનાં શોધી કઢાયલાં ચિહ્નો સારાં અને સહાયકર્તા હશે તેની ના નહિ, પણ આપણી બુદ્ધિ શોધી કાઢે તેના કરતાં પણ વધારે સરસ ચિહ્નો અસલથીજ અસ્તિત્વ ધરાવતાં આવ્યાં છે. ઇશ્વરને આરાધવા માટે તમે એકાદી મૂર્તિ શોધી કાઢો, પણ એના કરતાં સરસ મૂર્તિ–જીવંત મનુષ્યરૂપે ક્યારનીયે અસ્તિત્વમાં છે. પ્રભુની ઉપાસના માટે તમે એકાદું મંદિર નિર્માણ કરો તે એક સારી વાત છે; પણ તેના કરતાં સારૂં અને ઉચ્ચ પ્રતિનું મંદિર ક્યારનુંય મોજુદ છે, અને તે મંદિર તે બીજું કંઇ નહિ પણ માનવીનું શરીર છે.

તમને એટલું તો યાદ હશેજ કે, વેદોના બે વિભાગ પડે છે–એક કર્મકાંડ અને બીજો જ્ઞાનકાંડ. વખત જતાં કર્મકાંડનું જોર એટલું બધું વધી ગયું કે વેદોને તેનાથી છૂટા પાડવાનું કામ લગભગ નિરાશાભર્યું હતું; છતાં ઉપનિષદોમાં આપણે જોઇએ છીએ કે, કર્મકાંડને બિલકુલ ઉડાવી દેવામાં આવ્યો છે, પણ તે ધીમે રહીને યાને કર્મવિધિઓનું રહસ્ય ખુબીથી સમજાવીને, અને નહિ કે તેમને ધૂતકારી કાઢીને. આપણે જાણીએ છીએ તેમ પ્રાચીનકાળમાં હોમ–હવન અને યજ્ઞ–યાગો તરફ લોકોનું વલણ મુખ્યત્વે કરી હતું. પરંતુ તે પછી તત્ત્વજ્ઞાનીઓનો જમાનો આવ્યો. તેમણે આ યજ્ઞયાગાદિ કર્મકાંડનાં ચિહ્નોને અજ્ઞાન લોકોના હાથમાંથી સાવ ઝુંટવી લેવાને બદલે, યાને હાલના સુધારકો કમનસીબે કરે છે તેમ જૂના રિવાજોનું એકલું ખંડન કરી તેમને છેક નિંદી કાઢીને વિરોધી દળ ઉભું કરે છે તેમ ન કરતાં તેના બદલામાં લોકોને વધારે સારાં ઉપાસ્યચિહ્નો બતાવ્યાં. તેઓ લોકોને કહેતા કે "જુઓ ભાઇઓ, તમે અગ્નિને બ્રહ્મના ચિહ્નતરીકે પૂજો છો અને તેમાં હવન કરો છો, એ બહુ સારી વાત છે; પણ આ પૃથ્વી

આખીજ બ્રહ્મનું બીજું ચિહ્ન છે, અને તેમાં રાત્રિદિવસ હવન ચાલુ છે. કેવું ભવ્ય અને મોટું ચિહ્ન ! એ તમને ગમ્યા વગર કેમ રહે ?" નાનાં દેવસ્થાનોને ઉદ્દેશીને તેઓ કહેતા કે 'આ નાનું દેવાલય તમે બાંધ્યું છે તે બહુ સારૂં કર્યું છે; પણ ખરૂં પૂછો તો આ આખું વિશ્વજ દેવમંદિર છે. તેથી મનુષ્ય ગમે ત્યાં રહીને પણ પ્રભુની ઉપાસના કરી શકે છે. ઉપાસનામાટે મનુષ્યો ભૂમિપર વિલક્ષણ આકૃતિઓ અને વેદીઓ રચે છે, પણ આ માનવીનું શરીર એ મોટામાં મોટી વેદી છે, અને તે વેદીપર રહી ઉપાસના કરવી તે કોઈ પણ મૃતચિહ્નની ઉપાસના કરવા કરતાં ઉચ્ચતર છે." આ રીતે જૂના વિચારોને ઉતારી પાડી લોકોમાં તેના વિરોધીતરીકે બહાર પડવાને બદલે તેઓ એ જૂના વિચારો અને રિવાજોની યોગ્ય રીતે કદર કરી તેમને બદલે વધારે સારા અને ઉચ્ચ વિચારો લોકો આગળ મૂકયા; અને એ રીતે લોકોને તેમણે કર્મકાંડની ઝંઝટમાંથી છોડાવ્યા.

હવે આપણે એક એવા વિલક્ષણ સિદ્ધાંત પ્રતિ આવી પહોંચ્યા છીએ કે જેનો ઘણો ભાગ મારા પોતાથી પણ યથાર્થ નથી સમજી શકાતો; છતાં તમારામાંથી કોઈ કુશાગ્ર બુદ્ધિને એમાંથી કંઇ તારતમ્ય કદાચ જડી આવે, એ હેતુથી હું તે તમારી આગળ અહીં વાંચું છું. કહે છે કે, મનુષ્યનું જ્યારે મૃત્યુ નીપજે છે, ત્યારે ધ્યાન અને ચિંતનથી શુદ્ધ બનેલો જ્ઞાની પુરુષ પ્રથમ તેજમાં પ્રવેશે છે, તેજમાંથી પછી તે દિવસમાં જાય છે, દિવસમાંથી શુકલ પક્ષમાં, ત્યાંથી ઉત્તરાયણમાં, ત્યાંથી વર્ષમાં, વર્ષમાંથી સૂર્યમાં, સૂર્યમાંથી ચંદ્રમાં જાય છે; અને જ્યારે તે વિદ્યુતલોકમાં આવે છે ત્યારે ત્યાં આગળ તેને એક દિવ્યાત્માનો ભેટો થાય છે અને તે દિવ્ય પુરુષ તેને સગુણ બ્રહ્મની સમીપ લઇ જાય છે. આ રસ્તો દેવોનો છે, અને તેથી તે દેવયાન કહેવાય છે. સાધુમહાત્માઓ અને જ્ઞાનીઓ મૃત્યુ બાદ એ પંથે પળે છે, અને તેમનું આ લોકમાં પુનરાગમન થતું નથી. હવે આમાં પક્ષ, માસ અને વર્ષના શા અર્થ થાય છે તે કોઇથી સ્પષ્ટ સમજી શકાતું નથી. દરેક જણ પોતાને મનગમતો અર્થ લાગુ કરે છે, અને કેટલાક તો કહે છે કે, એ બધો ગોટો પિંડો હોઈ તેનો કશોજ અર્થ નથી. આ સૂર્યલોકમાં અને ચંદ્રલોકમાં જવાનો અને ત્યાંથી વિદ્યુતલોકમાં મુક્તાત્માની મદદે દિવ્ય પુરુષનું આગમન થાય છે તેનો ખરો અર્થ શો સમજવાનો છે, તે કોઇજ જાણતું નથી. હા, હિંદુલોકોની એક એવી ધારણા છે ખરી કે, ચંદ્રલોકમાં પ્રાણીનો વાસ છે, અને ત્યાંથીજ પ્રાણીનું પતન થઈ આ પૃથ્વીપર અવતરણ કેવી રીતે થાય છે, તે આપણે હવે પછી જોઇશું. જે લોકોને પરમ જ્ઞાનની પ્રાપ્તિ

નથી થઈ હોતી, છતાં જેમણે આ પૃથ્વીપરના જીવનમાં સારાં કર્મો કર્યાં હોય છે, તેઓ મૃત્યુબાદ પ્રથમ તો ધૂમ્રને પ્રાપ્ત થાય છે. ત્યાંથી પછી રાત્રિમાં, રાત્રિમાંથી કૃષ્ણપક્ષમાં, કૃષ્ણપક્ષમાંથી દક્ષિણાયનના છ માસમાં, ત્યાંથી પિતૃલોકમાં, પિતૃલોકમાંથી આકાશમાં અને આકાશમાંથી છેવટે ચંદ્રલોકમાં તેમનું આગમન થાય છે. અહીં ચંદ્રલોકમાં તેઓ દેવતાઓના આહારનો પદાર્થ બને છે, અને તે દેવતાઓના ખાવામાં આવતાં તેમના વીર્યવાટે તેઓ દેવતાઓ થઇ અવતરે છે; અને તેમનાં સત્કર્મોનું પુણ્ય પરવારતાં લગી તેઓ દેવતારૂપે ત્યાં આગળ રહે છે; પણ તેમનાં શુભ કર્મોનું પુણ્ય પરવારતાંજ તેઓ પાછા આવ્યા તે રસ્તે પૃથ્વીપર પડે છે. પ્રથમ તેઓ આકાશતત્ત્વ બને છે, તેમાંથી વાયુરૂપ, વાયુમાંથી ધૂમ્રરૂપ, ધૂમ્રમાંથી ઝાકળરૂપ, તેમાંથી વાદળરૂપ અને વાદળરૂપમાંથી વર્ષાના બિંદુરૂપે પૃથ્વીપર પડે છે. ત્યાં આગળ તેઓ આહારમાં ભળી મનુષ્યના ખાધામાં આવે છે, અને તેમાંથી વીર્ય થઈ મનુષ્યના બાળકરૂપે જન્મે છે. જેમનાં કૃત્યો અતિશય સારાં હોય છે, તેઓ સારાં કુટુંબોમાં જન્મે છે અને જેમનાં કૃત્યો બહુ ખરાબ હોય છે તેઓ નીચ કુળમાં અને કેટલીક વાર તો કુતરાં બિલાડાં જેવી પશુ-યોનિમાં પણ અવતરે છે. આ પૃથ્વીપર પ્રાણીઓનાં ગમન તથા આવાગમનની ક્રિયા સતત ચાલુ છે; અને તેથીજ પૃથ્વી છેક ભરાઈ જતી નથી કે છેક ખાલી પણ થઇ જતી નથી.

આમાંથી પણ આપણને કેટલાક મુદ્દાઓ મળી શકશે, અને આગળ જતાં કદાચ તેના રહસ્યને આપણે સારી રીતે સમજી શકીશું, યાને તેનો શો અર્થ થતો હશે તેનો કંઇક કયાસ પણ બાંધી શકીશું. એમાંનો છેલ્લો ભાગ કે જેમાં સ્વર્ગના નિવાસીઓનું કેવી રીતે પુનરાગમન થાય છે તેનું વર્ણન છે. તે ભાગ પહેલા ભાગ કરતાં વધારે સ્પષ્ટ છે; તથાપિ એકંદરે જોતાં તે આખીજ વાતનો સાર એમ લાગે છે કે, કાયમનું સ્વર્ગ તો પ્રભુના સાક્ષાત્કાર સિવાય મળતુંજ નથી. તેથી જે લોકોએ ઇશ્વરનો સાક્ષાત્કાર મેળવ્યો નથી, પણ આ દુનિયામાં સારાં કૃત્યો કર્યાં હોય છે અને તે પણ તેનાં શુભ ફળ પામવાની ઇચ્છાથી, તેઓ મૃત્યુબાદ એકમાંથી બીજા લોકમાં પસાર થતાં થતાં અંતે સ્વર્ગલોકમાં પહોંચે છે, અને ત્યાં તેઓ આપણા અહીંનીજ માફક દેવતાઓનાં બાળકો થઈ અવતરે છે અને પુણ્યફળ પહોંચતાંલગી દેવતાઓનાં સુખભોગ ભોગવતાં ત્યાં આગળ રહે છે. આમાંથી વેદાંતનો એક મુખ્ય વિચાર તરી આવે છે કે, જેને જેને નામ અને રૂપની ઉપાધિ છે તે પ્રત્યેક વસ્તુ નાશવંત છે. આ પૃથ્વી નાશવંત છે, કેમકે તેને નામ તથા રૂપ છે. તેવીજ રીતે આ સ્વર્ગો પણ નાશવંતજ હોવાં જોઇએ.

કેમકે તેમને પણ નામ અને રૂપની ઉપાધિઓ લાગુ છે. તેથી 'શાશ્વત સ્વર્ગ' એ કથનજ વિરોધાભાસવાળું છે. સ્વર્ગ એટલે નામ-રૂપવાળી જગા, એટલે કે નાશવંત જગા; અને શાશ્વત એટલે કે અનાશવંત. આથી 'અનાશવંત નાશવંત' જગા એમ કહેવું બિલકુલ અજુકતું છે. નામરૂપવાળી પ્રત્યેક વસ્તુ કાળમાં શરૂ થાય છે, કાળમાં વર્તમાન હોય છે અને કાળમાંજ લય પામે છે. આ તો વેદાંતના સ્થાપિત સિદ્ધાંતો છે, તેથી સ્વર્ગોની વાત પાછળથી મૂકી દેવામાં આવી છે.

એ તો આપણે જોઇ ગયા છીએ કે, વેદોના સંહિતાભાગમાં આપણને શાશ્વત સ્વર્ગની ભાવના—લગભગ મુસલમાનો અને ખ્રિસ્તી લોકોના જેવીજ મળી આવે છે. મુસલમાનોએ તેને વધારે સ્થૂળ સ્વરૂપમાં વર્ણવી છે. તેઓ કહે છે કે, જીન્નત અથવા સ્વર્ગ એક એવું સ્થાન છે કે જયાં ઠેકઠેકાણે બાગબગીચા બહેકી રહ્યા છે અને જયાં સરસ નદીઓ ખળખળ વહી રહી છે. ખરૂંજ છે કે અરબસ્તાનના રણપ્રદેશમાં પાણી એ બહુ ઇચ્છાનીય વસ્તુ હોવાથી મુસલમાનોની કલ્પનાસૃષ્ટિમાં પાણીની વિપુલતાવાળુંજ સ્વર્ગ હમેશાં તરવરે એ સ્વભાવિક છે. હું એક એવા દેશમાં જન્મ્યો છું કે જયાં વર્ષના છ મહિના વરસાદ ને વરસાદજ હોય છે; તેથી સ્વર્ગની મારી કલ્પના એક સૂકા અને ભેજ વગરના સ્થાનતરીકેનીજ થવાની; અંગ્રેજોની પણ સ્વર્ગની કલ્પના તેવીજ તરેહની હોવાની. આ સ્વર્ગો સંહિતામાં શાશ્વત તરીકે વર્ણવાયાં છે, અને ત્યાં જનારા જીવો સુંદર શરીરો ધારણ કરીને પોતાના પિતૃઓના સાથમાં વસે છે, અને તે પછી હંમેશને માટે સુખી જીવન ગુજારે છે. ત્યાં તેમને તેમનાં માબાપ, બાળબચ્ચાં અને બીજાં સગાંસંબંધીઓનો મેળાપ થાય છે, અને એ બધાં એકત્ર મળી લગભગ અહીંના જેવુંજ જીવન ગુજારે છે. ફેર માત્ર એટલો કે, ત્યાંનું જીવન અહીંના જીવન કરતાં વધારે સુખમય હોય છે. આ જીંદગાનીમાં સુખના માર્ગમાં જે જે મુશ્કેલીઓ અને અંતરાયો જણાય છે તે બધાજ ત્યાં સ્વર્ગમાં અદશ્ય બની જાય છે અને સુખના સઘળા સારાજ અંશો અને ભોગો માત્ર અવશિષ્ટ રહે છે. પરંતુ આવી જાતની વસ્તુસ્થિતિ મનુષ્યના મનને ગમે તેવી સુખપ્રદ ભલે ભાસે, છતાં સત્ય અને સુખ એ બે ભિન્ન વસ્તુઓ છે તેની તો કોઇથી ના પડાય તેમજ નથી. સત્યની પરાકાષ્ઠાએ પહોંચ્યા વગર તે સામાન્ય રીતે કદાપિ સુખકર ભાસતું નથી. માનવી સ્વભાવ બહુ પુરાણપ્રિય યાને એકની એક સ્થિતિને ચુસ્ત રીતે વળગી રહેવાવાળો હોવાથી એક વાર તે અમુક કામ કરે છે એટલે પછી તેમાંથી નીકળી જવાનું તેને બહુ ભારે થઈ પડે છે. કેમકે તે નવીન વિચારો તેને અસુખકર ભાસે છે. તેથી તેનું મન તે નવીન વિચારોને ગ્રહણ કરવાની આનાકાની કરે છે.

આ ઉપરથી આપને લાગ્યા વગર નહિ રહે કે, આવી તેવી બાબતમાં યાને પૂર્વપ્રચલિત ધારણાઓમાં ઉપનિષદે બહુ આગળ ડગ માંડયાં છે. ઉપનિષદ્‌માં પોકારી પોકારીને કહેવાયું છે કે, આ બધાં સ્વર્ગો કે જ્યાં આગળ જીવાત્માઓ પોતાના પૂર્વજ પિતૃઓ સાથે રહે છે એમ કહેવામાં આવે છે, તે શાશ્વત હોઇ શકે નહિ. કેમકે નામ-રૂપવાળા એકે એક પદાર્થનો મોડો વહેલો નાશ તો અવશ્ય થવોજ જોઇએ. તેથી જો વિશિષ્ટ આકૃતિવાળાં સ્વર્ગો ખરેખર હોયજ, તો તેમનો પણ કાળે કરીને નાશ થતોજ હોવો જોઇએ. તેઓ ભલે લક્ષાવધિ વર્ષો લગી ટકવાવાળાં હોય, પણ એક વેળા તો અવશ્ય એવી આવવાની કે જયારે તેમને નષ્ટ થવુંજ પડવાનું. આનીજ સાથે એ પણ ખ્યાલ સ્ફૂર્યો કે ત્યારે તો ત્યાં વસતા જીવાત્માઓને પુનઃ પૃથ્વી-પર પણ મોડાવહેલાં આવવુંજ પડતું હશે; અને તેથી સ્વર્ગો એ એવાં સ્થાનો હોવાં જોઇએ કે જયાં જીવો પોતાનાં સુકૃત્યનાં ફળ ભોગવતાં હોવાં જોઇએ અને એ સુકૃત્યોનો પ્રભાવ પૂરો થતાં પાછાં પૃથ્વીપર અવતરતાં હોવાં જોઇએ. આ પરથી એક વાત તો સ્પષ્ટ સમજાય છે કે, કાર્યકારણની ફિલ્સુફીનો માનવજાતિને અતિ પ્રાચીન સમયથી એ ખ્યાલ હતો. એ ખ્યાલને અમારા તત્ત્વવેત્તાઓએ તત્ત્વજ્ઞાન અને તર્ક-ની ભાષામાં કેવી રીતે ઘટાવ્યો તે આપણે આગળ ચાલતાં જોઇશું. આ ઠેકાણે તો તે માત્ર છોકરાંઓનીજ ભાંગી તૂટી ભાષામાં દર્શાવાયો છે. છતાં આ ગ્રંથો વાંચતાં એટલું તો તમારા લક્ષમાં આવ્યા વગર નહિજ રહે કે, એ બધુંજ આંતર્જ્ઞાન હતું યાને એ બધુંજ જ્ઞાન અંતરમાંથીજ સ્ફૂર્યું હતું. એમ થવું વ્યાવહારિક છે કે કેમ એવો જો તમે પ્રશ્ન પૂછો, તો તે સંબંધમાં મારો જવાબ એટલોજ છે કે, એ વિચાર પ્રથમ વ્યાવહારિક બન્યો છે તે પછીજ તે દાર્શનિક અથવા તાત્ત્વિક બનેલો છે. અર્થાત્ કે એ તો તમે જોઇજ શકો છો કે, આ બધી બાબતો પહેલાં જોવાઇ અને અનુભવાઇ છે તે પછીજ પુસ્તકોનાં પાનાંપર લખાઇ છે. આરંભના તત્ત્વ-ચિંતકો આગળ દુનિયા જાણે બોલતી હતી. (એટલે કે દુનિયા-નાં પ્રાણીપદાર્થો) એ તત્ત્વચિંતકો સાથે પંખીઓ વાર્તાલાપ કરતાં, પશુઓ બોલતાં, અને સૂર્ય-ચંદ્ર ઇત્યાદિ પણ તેમની સાથે વાતચીત કરીને તેમને પોતપોતાનાં જીવનનું રહસ્ય સમજાવતાં. એ રીતે ક્રમે ક્રમે તેમણે બધાંના રહસ્યથી જ્ઞાત બનીને પ્રકૃતિના હૃદયમાં પ્રવેશ કર્યો હતો. તે કામ એમણે ચિંતન કે તર્કના જોરે કિંવા અત્યારની ફેશન છે તેમ—પારકાંના મગજનો લાભ ઉઠાવી-ને મોટાં થોથાં લખી કાઢવામાં આવે છે તેમ—અગર હું જેમ તેમનું એકાદું પુસ્તક લઇને લાંબું લચક વ્યાખ્યાન આપું છું તેમ સાધ્યું નહોતું, પણ ખંતભરી શોધખોળને પરિણામેજ એ ઉચ્ચ તત્ત્વો

તેમણે પ્રાપ્ત કર્યાં હતાં. પ્રત્યક્ષાનુભૂતિ યાને સ્વાનુભવ એજ માત્ર એ શોધખોળનું સાધન હતું, અને એ જ્ઞાન માટે તેજ સાધન હમેશને માટે રહેવાનું. ધર્મ હમેશાં સ્વાનુભવનું શાસ્ત્ર છે; માત્ર આધ્યાત્મિક મંતવ્યોજ કદાપિ ધર્મ બન્યાં નથી કે બનવાનાં પણ નથી. ધર્મમાં સાધના અને અભ્યાસની વાત તો પહેલી છે અને પછી જ્ઞાનની. એટલે કે સાધના અને અભ્યાસનું સેવન પ્રથમ થાય તોજ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. જીવોનું સ્વર્ગમાંથી પૃથ્વીપર પુનરાગમન થાય છે, તે ખ્યાલ પણ ઉપનિષદ્‌ની અંદર આપણને મળી આવે છે. જે લોકો ફળની ઇચ્છાથી શુભ કર્મો કરે છે, તેમને તેમનું ઇષ્ટફળ મળે છે; પણ તે ફળ ચિરસ્થાયી હોતું નથી. અહીં કાર્યકારણનો ભાવ અતિ સુંદર રીતે નિર્દિષ્ટ કરતાં ઉપનિષદ્ કહે છે કે, કાર્ય તેના કારણને અનુરૂપજ હોય છે. જેવું કારણ તેવુંજ તેનું કાર્ય. કારણ અંતવાન હોય તો તેનું કાર્ય પણ અંતવાનજ હોવું જોઇએ; અને કારણ જો અંતરહિત હોય, તો તેનું કાર્ય પણ અંતરહિત હોવાનું. માટે આ શુભ કર્મો કરવાં એ વગેરે કારણો સાંત અથવા અંતવાન હોવાથી તેઓ અંતરહિત પરિણામોનાં ઉત્પાદક હોઇ શકેજ નહિ.

હવે આપણે આ પ્રશ્નની બીજી બાજુપર આવીએ છીએ. જો સ્વર્ગ શાશ્વત હોય નહિ, તો પછી નરક પણ શાશ્વત હોઇ શકે નહિ. ધારો કે, હું અતિશય ખરાબ માણસ છું, અને મારી આખીય જીંદગીની પ્રત્યેક પળ દુષ્ટતાનાં કાર્ય કરવામાં ગાળું છું. છતાં મારા શાશ્વત જીવનની તુલનામાં મારૂં અહીંનું આ જીવન નહિ જેવું તુચ્છ છે. તેથી મારા આ જીવનનાં દુષ્કૃત્યો માટે જો શાશ્વત સજા સરજાયલી હોય, તો તેનો અર્થ એમજ થયો કે, અંતવાન કારણે અંતરહિત પરિણામ નીપજાવ્યું. પણ એ વાત કાર્યકારણના સ્થાપિત સિદ્ધાંતથી વિપરીત હોઇ શકેજ નથી. તેવીજ રીતે જો હું આખું જીવન સુકૃત્યો કરવામાં ગાળનારો હોઉં, તોપણ મને શાશ્વત સ્વર્ગની પ્રાપ્તિ તો થાયજ નહિ. કેમકે એ માન્યતા પણ શાશ્વત નરકની માન્યતા જેવી ભૂલભરેલી છે. પરંતુ જેમણે સત્યને યથાર્થ પિછાની તેનો સાક્ષાત્કાર સાધ્યો હોય છે, તેમને માટે એક ત્રીજો માર્ગ છે ખરો; અને માયાના આ આવરણમાંથી પર થવાનો એજ એક માત્ર રસ્તો છે. સત્યનું સ્વરૂપ કેવું છે તેનો સાક્ષાત્કાર કરવો યાને તેનો સ્વાનુભાવ મેળવવો એજ એકમાત્ર રસ્તો માયાના આવરણમાંથી પાર થવાનો છે. એ સત્યનો સાક્ષાત્કાર કરવો એટલે શું તે પણ આ ઉપનિષદો બતાવે છે.

ઉપનિષદો એવું બતાવે છે કે, સારા કે નરસા–કશાનો સ્વીકાર ન કરતાં બધુંજ આત્મામાંથી પ્રકટ થયેલું છે એમ જાણવું યાને

સકળ વસ્તુમાં આત્મા પ્રસ્તુત છે એમ સમજવું, તેનુંજ નામ સત્યનો સાક્ષાત્કાર છે. એનો અર્થ એજ કે, દેખીતા બાહ્યજગતનો ઈન્કાર કરવો, તેના પ્રત્યે આંખો મીંચી રાખવી અને પ્રભુને સ્વર્ગ તેમજ નરકમાં, જીવન તેમજ મૃત્યુમાં પણ જોવો. મેં તમને વાંચી બતાવેલા ફકરાની વિચારસરણી પણ આવીજ છે. પૃથ્વી એ બ્રહ્મનું ચિહ્ન છે, આકાશ પણ બ્રહ્મ છે, જે સ્થળમાં આપણો વાસ છે તે સ્થળ પણ બ્રહ્મ છે, રે ! બધુંજ બ્રહ્મમય છે; અને આ સત્ય જાણવાનું તેમજ અનુભવવાનું છે, તેની માત્ર વાતોજ કરવાની કે વિચારજ કરવાનો નથી. આનું તાર્કિક પરિણામ એજ થતું આપણને માલૂમ પડે છે કે, બધુંજ પ્રભુથી ભરેલું છે યાને સર્વસ્વ બ્રહ્મમય છે એવો જ્યારે જીવાત્માને સાક્ષાત્કાર થાય છે, ત્યારે પછી તેને સ્વર્ગમાં જવાનું થાય, નરકમાં જવાનું થાય કે અન્ય કશે જવાનું થાય તેની તેને કશી દરકાર રહેતી નથી. એને મન શુભ, અશુભ કિંવા જીવનમૃત્યુ જેવું કંઇજ રહેતું નથી; માત્ર એક અનંત બ્રહ્મનુંજ અસ્તિત્વ કાયમ રહે છે.

વેદાંતના મત મુજબ, મનુષ્ય જ્યારે આ જ્ઞાનને પ્રાપ્ત થાય છે, ત્યારેજ તે ઉન્નત થઇને તે જીવનમુક્ત બની શકે છે અને તેજ આ બ્રહ્માંડમાં સુખી અને ઉન્નત જીવન જીવવા પામે છે, બીજાં નહિ. જેને જન્મમરણનો ભય રહે છે તેનુંજ જીવન દુ:ખમય રહે છે. જેણે સત્યને પિછાન્યું હોય છે અને જેને સર્વત્ર પ્રભુનાં દર્શન થયાં હોય છે, તેજ મનુષ્ય આ વિશ્વમાં યથાર્થ જીવી શકે અને તેજ કહી શકે કે "હું આ જીવન ભોગવું છું, અને હું આ જીવનમાં સુખી છું." સાથે સાથે હું તમને એ વાત પણ જણાવી દેવી ઉચિત સમજું છું કે, વેદોની અંદર કોઈ પણ ઠેકાણે નરકનો ખ્યાલ સરખો નજરે પડતો નથી. નરકની ભાવના તો વેદો પછી કેટલાંયે વર્ષ પાછળથી લખાયલાં પુરાણોની અંદર જોવામાં આવે છે. બાકી વેદોના મત મુજબ તો, દુષ્કૃત્યોની ખરાબમાં ખરાબ સજા જન્મમરણના ફેરામાં અટવાવું એજ છે. અર્થાત્ વેદોમાં દુષ્કૃત્યોની મોટામાં મોટી સજા એજ મનાઈ છે કે, પાપી માણસ જન્મમરણના ફેરામાં અથડાતો કૂટાતો ફરી પાછો મનુષ્યાવતારને પામે છે, અને એ જન્મમાં સુકૃત્યો કરી તે દ્વારા મુક્તિ મેળવવાની બીજી તક મેળવે છે. આ ઉપરથી આપણને જણાય છે કે, ઉપનિષદની અંદર ઈશ્વરવિષેની ભાવના પ્રથમ થકીજ નિર્ગુણત્વનું વલણ લેતી જાય છે. સારો બદલો અને સજાના ખ્યાલ અતિ જડભાવાત્મક હોઇને તે મનુષ્યના જેવાજ સગુણ ઈશ્વરની કલ્પનાને બંધબેસતા આવે. વેદના સંહિતાભાગમાં એવા સગુણ ઈશ્વરની કલ્પના હતી, પરંતુ ઉપનિષદોમાં ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપનું પણ પ્રતિપાદન થયેલું

છે. ઈશ્વરના એ નિર્ગુણ સ્વરૂપનો ભાવ સામાન્ય મનુષ્યને સમજાવો અતિશય કપરો છે, અને તે સ્વાભાવિક છે. કેમકે સામાન્ય મનુષ્યની બુદ્ધિમાં સગુણ વ્યક્તિનોજ ખ્યાલ ઝટ ઉતરી શકતો હોવાથી તે તેનેજ વળગી રહેવાનું પસંદ કરે છે; અને આ નિર્ગુણ અથવા અપૌરુષેય ઈશ્વરના ખ્યાલથી ભડકી ઉઠે છે. ઈશ્વરને માત્ર માનવી જેવો અને સગુણ ઈશ્વરજ સમજવો એ તો તેની નિંદા કરવા જેવું લાગે છે.

ઈશ્વરના સગુણ અને નિર્ગુણ સ્વરૂપ વચ્ચે ભેદ રહ્યો છે તે આ છે કે, નિર્ગુણ ઈશ્વર પોતે મનુષ્ય, પશુ, પ્રાણી કે દેવતા હોવા ઉપરાંત આપણી માનવી દૃષ્ટિને દેખાતું નથી તેવું અન્ય વિશેષ તત્ત્વ પણ છે. અર્થાત્ કે નિર્ગુણતા યાને અપૌરુષેયતામાં બધીજ વ્યષ્ટિઓ સમાવિષ્ટ થઇ જઈ બ્રહ્માંડના પદાર્થમાત્રનો સરવાળો રહેલો છે, અને તે ઉપરાંત પણ અનંતગણો વધારે ભાવ રહેલો છે. જેવી રીતે એકજ અગ્નિ દુનિયામાં આવીને ભિન્ન ભિન્નરૂપે પ્રકાશે છે અને છતાંય બીજો અનંતગણો અવશિષ્ટ પણ રહે છે, તેવીજ રીતે આ નિર્ગુણ ભાવની બાબતમાં પણ સમજવાનું છે.

આપણે જીવંત ઈશ્વરને ભજવા ને પૂજવા માગીએ છીએ. મેં મારા આખાય જીવનમાં ઈશ્વર સિવાય અન્ય કશું જોયુંજ નથી; તમે પણ ઈશ્વરસિવાય અન્ય કશું જોયું નથી કે જોતાં નથી. આ ખુરશી જોતી વખતે પ્રથમ તમે ઈશ્વરને જુઓ છો, અને તે પછી તે ઈશ્વરની અંદર અને તેમાં રહીનેજ ખુરશીને જુઓ છો. 'હું છું, હું છું' એમ હુંકારો ભણતો તે બધેજ રહેલો છે. જે પળે તમને પણ 'હું છું' એવી લાગણી થાય કે એવું વચન તમારા મુખમાંથી નીકળે, તે પળે તમને પણ એ સત્ય સત્તાની ફોરમ છે એમ નક્કી સમજજો. એ ઈશ્વરને આપણા પોતાના અંતરમાં અને ભૂતમાત્રમાં નહિ જોઇ શકીએ તો તેને શોધવા બીજે ક્યાં જઇશું? એવું કયું સ્થાન છે કે જ્યાં ઈશ્વર ન જડે? "ઓ પ્રભો! ઓ પરમાત્મા! તુંજ પુરુષ છે, તુંજ સ્ત્રી છે, તુંજ છોકરી છે, તુંજ છોકરો છે, લાકડીને ટેકે લથડીઆં ખાતી ચાલે ચાલતો વૃદ્ધ પણ તુંજ છે, તેમ જુવાનીના જોસમાં મદભેર ચાલે ધરણી ધ્રૂજાવતો તરુણ પણ તુંજ છે. અસ્તિત્વ માત્ર તુંજ છે."×

ઈશ્વરના આવા અપૌરુષેય અથવા નિર્ગુણ ભાવને વિનાશકારીતરીકે ઓળખાવવામાં આવે છે. અલબત, ધર્મગુરુઓ અને પુરોહિતોના ધંધાની દૃષ્ટિએ તો તે વિનાશકારી છેજ, કેમકે એ ભાવના તેમના હાથમાંથી તેમનું પેઢીઉં, તેમનાં મંદિરો ને તેમની

× त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उतवा कुमारी त्वं ।
जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतो मुखः ॥

ગાદીઓ ઝુંટવી લે, એ વાત તો નિર્વિવાદ છે. હિંદુસ્થાનમાં લગભગ ચાલુ દુષ્કાળની સ્થિતિ પ્રવર્તી રહી છે, છતાં એ વખતે પણ ત્યાં એવાં અનેક મંદિરો મોજુદ છે કે જ્યાં ધાન્યના ઢગલા ને ઢગલા રગદોળાય છે અને જેમની તીજોરીઓ મોટા મોટા રાજા-રજવાડાને છાજે તેવા જરજવાહિરોથી છલકાય છે! આમ હોવાથી પુરોહિતો જો આ અપૌરુષેય નિર્ગુણ ઈશ્વરની ભાવનાનો જન-સમાજમાં પ્રચાર કરે, તો તો તેમની પેઢીઓને તાળાંજ દેવાઇ જાય, ને તે તેમની સ્વાર્થી વૃત્તિને કેમ પાલવે? પરંતુ મારે તો સ્વાર્થ-રહિત બનીને અને પુરોહિતો કે ધર્મગુરુઓની પરવા રાખ્યા વગર આ મહાન સત્ય બધાંયને શીખવવું છે. તમે ઈશ્વર છો અને હું પણ ઈશ્વર છું; તોપછી કોણ કોનું કહ્યું માને? કોણે કોને ભજવાનો? ઈશ્વરનું ઉત્તમમાં ઉત્તમ મંદિર તો તમે છો. તેથી કોઇ મંદિર, મૂર્તિ કે બાઇબલ ઇત્યાદિ ધર્મપોથીના ભક્ત બનવા કરતાં તમનેજ ભજવાનું હું વધારે પસંદ કરૂં. દુનિયામાં કેટલાક લોકો પોતાના વિચારોમાં પરસ્પર વિરુદ્ધતા કેમ ધરાવતા હશે વારૂ? તેમની સ્થિતિ આંગળાંમાંથી સરી જતાં જીવંત માછલાં સમાન છે. તેઓ એક વાર કહે છે કે, અમે પ્રખર વ્યવહારવાદીઓ છીએ. બહુ સારી વાત. પરંતુ તેવાને પણ અહીંની અહીંજ ઉપાસના કરવાની આ વાત ગળે નથી ઉતરતી. અત્યારે ને અહીંજ ઉપાસના કરવી, પોતાની જાતને અને સામાને ઈશ્વર સમજી ઉપાસના કરવી, એ શું વધારે વ્યાવહારિક વાત નથી? હું તમને નજરે નિહાળું છું, મારા મનમાં તમારા માટે લાગણી પણ છે અને હું એ પણ જાણું છું કે, તમે ઇશ્વરરૂપ છો. તો પછી તમારા જેવા જીવંત ઈશ્વરનીજ ઉપાસના કરવી એ શું વધારે વ્યાવહારિક અને શ્રેયસ્કર નથી? મુસલમાન ભાઇઓ કહે છે કે, અલ્લા સિવાય બીજો કોઇ ઈશ્વર નથી. પણ વેદાંત તો ઉલટું એટલે સુધી કહે છે કે, ઈશ્વર ન હોય એવું કશુંજ નથી. આ વિચારથી તમારામાંના અનેકને ગભરામણ છૂટશે, એ વાત હું સમજું છું; પણ ગભરાઓ નહિ, ક્રમે ક્રમે એનું રહસ્ય તમને આપોઆપ સમજાઇ રહેશે. જુઓ, આત્મારૂપી જીવંત ઈશ્વર તમારી પોતાની અંદર છે, છતાં તેની ઉપાસના માટે તમે દેવળો ને મંદિરો, મસજીદો ને ઇદગાઓ બંધાવ્યા કરો છો, અને એવાંજ બીજાં કાલ્પનિક ગપગોળાઓમાં માન્યા કરો છો, એ કેવું! કોઇ પણ ઈશ્વર જો ભજવાલાયક હોય, તો તે મનુષ્યનો આત્માજ છે; અને કોઈ પણ મંદિર કે દેવળ તેની ઉપાસના માટે ઉત્તમમાં ઉત્તમ હોય, તો તે મનુષ્યનું શરીરજ છે. અલબત્ત, પ્રાણીમાત્રના દેહો એ પ્રભુમંદિરો છે, પણ તે બધાયમાં માનવી દેહ સર્વોત્કૃષ્ટ છે, જાણે બધાં મંદિરોનો તાજમહાલ છે. આ

મંદિરમાં રહીને જો હું ઈશ્વરને આરાધી નહિ શકું, તો બીજા કોઈજ મંદિરથી મને કશોય લાભ થવાનો નથી. પ્રત્યેક માનવીના દેહરૂપી મંદિરમાં ઈશ્વર બિરાજમાન છે એવી શ્રદ્ધા મારામાં સ્થિર થશે, અને પ્રત્યેક માનવી પ્રાણી આગળ હું આદરભાવથી ઉભો રહી તેની અંદર ઈશ્વરને નિહાળતો થઇશ તેજ પળે હું બંધનમાંથી મુક્ત બનીશ, મને બાંધનારી વસ્તુમાત્ર અસ્તંગત થઇ જશે અને હું સંપૂર્ણ મુક્ત બની શકીશ.

કોઈ પણ ઉપાસના જો વધારેમાં વધારે વ્યાવહારિક હોય, તો તે આજ છે. વાદવિવાદ કે તર્કવિતર્કની ભાંજગડો સાથે એને કંઇજ લેવા દેવા નથી; છતાં પણ અનેક જણ એનાથી ચમકે છે, અને કહેવાની ધૃષ્ટતા કરે છે કે, એ માર્ગ બરાબર નથી. આગળ વધી તેઓ કહેવા માંડે છે કે જુઓ, અમારા બાપદાદા કહેતા આવ્યા છે કે ઈશ્વરે અમુક અમુક યુગમાં અમુક અમુકને સ્વર્ગમાં પ્રત્યક્ષ દર્શન દીધાં હતાં અને તેમની આગળ સ્વમુખે કહ્યું હતું કે 'હું ઈશ્વર છું.' એ વખતથી અમારી આ માન્યતા ચાલી આવી છે, અને તે અમારાથી ખોટી શી રીતે મનાય? શાસ્ત્રમાં પણ તેવુંજ લખ્યું છે–અર્થાત્ કે તેમના મત મુજબ તો તેઓ જે માનતા આવ્યા છે તેજ સાચું અને વ્યાવહારિક, અને અમારા વિચારો બધાજ ખોટા અને અવ્યાવહારિક! બેશક, વેદાંત પ્રતિપાદન કરે છે કે, જેને રૂચે તેવો પંથ ગ્રહણ કરવાની પ્રત્યેકને છૂટ છે, પણ એ પંથજ અંતિમ લક્ષ્ય બની રહેવો ન જોઇએ. સ્વર્ગમાં વસતા ઈશ્વરની ઉપાસના અને એવી બીજી વાતો છેક ખરાબ નથી. પણ તે કલ્પનાઓ તો માત્ર સત્ય ઈશ્વરને પામવાનાં પગથીઆંરૂપ હોઈ સ્વયં સત્ય નથી, તે વિસારવું ન ઘટે. એ વિચારો સારા અને સુંદર છે, અને એ સિવાય પણ બીજા કેટલાક અદ્ભુત વિચારો કેટલાક પંથોમાં છે એની ના નહિ; પણ વેદાંત તો ડગલે ને પગલે કહે છે કે "ભાઇરે! જેને તું અજ્ઞાનતરીકે ઉપાસે છે તેને હું 'તું' રૂપે ઉપાસું છું. જેને તું અજ્ઞાનરૂપે ઉપાસતો થકો આખા જગતમાં ઢુંઢી રહ્યો છે, તે ઈશ્વર તારી સાથેનો સાથેજ બધો વખત રહ્યા કર્યો છે. તું એનામાં રહીનેજ જીવે છે અને એજ આ વિશ્વ સમગ્રનો સનાતન સાક્ષી છે." વળી "તે કે જેની સઘળા વેદો આરાધના કરે છે એટલુંજ નહિ, પણ જે અનંત 'હુ'ની અંદર સદા સર્વદા વિદ્યમાન છે, તે બ્રહ્મનું અસ્તિત્વ છે તેથીજ આ વિશ્વનું અસ્તિત્વ છે. વિશ્વનું તેજ અને ચેતન પણ એજ છે. જો તે અનંત 'હુ' તમારી અંદર ન હોય, તો તમારાથી સૂર્યને જોવાયજ નહિ, તમારે માટે બધુંજ અંધકારના ઢગલારૂપ હોવાનું. તે પ્રકાશી રહ્યો છે તેથીજ તમને આ વિશ્વનું દર્શન થાય છે."

હવે આ ઠેકાણે એક પ્રશ્ન સામાન્ય રીતે બધેજ પૂછવામાં આવે છે તે એ કે, આ ભાવનાનો જો સાર્વત્રિક પ્રચાર થવા પામે તો તો મહામુશીબત ઉભી થાય. પ્રત્યેક જણ એમજ વિચારતો થાય કે "હું ઈશ્વર છું, તેથી જે જે કંઈ હું કરૂં કે વિચારૂં તે તે બધુંજ સારૂં હોય. કેમકે ઈશ્વર તો કદી ખોટું કરેજ નહિ." આનું સમાધાન કરતાં પ્રથમ વાત તો હું એજ પૂછીશ કે " એ ભાવનાનો આમ વિપરીત અર્થ થવાની જે ભ્રાંતિ છે તે વાસ્તવિક છે એમ સ્વીકારી લઇએ, તોપણ એવાંજ જાતની ભ્રાંતિ સામા પક્ષમાં એટલે કે સગુણ ભાવમાં નથી રહી, એમ સપ્રમાણ સિદ્ધ કરી શકાય તેમ છે ખરૂં કે ?" પોતાથી પૃથક્ સ્વર્ગમાં વસતા ઈશ્વરને લોકો કંઈ જમાનાથી ભજતા આવ્યા છે અને તેના કોપથી તેઓ ડરે છે પણ બહુ. તેનો કોપ ઉતરવાના ભયથી થરથરતા તેઓ જન્મે છે અને સારોય જન્મારો તે પ્રમાણે ધ્રુજ્યા કરે છે. પરંતુ એથી જગતની સ્થિતિ કિંચિત્ પણ સુધરવા પામી છે ? જેમણે સગુણ પૌરુષેય ઈશ્વરની ભાવનાને અપનાવી તે મુજબ ઉપાસના કરી છે, અને જેમણે નિર્ગુણ અપૌરુષેયની ભાવનાને અપનાવી તેની ઉપાસના કરી છે-એ બેમાંથી કયા પક્ષમાં જગતના મહાન કાર્યકર્તાઓ વધારે નીપજ્યા છે તેનો જરા ખ્યાલ કરશો કે ? પ્રખર કાર્યકર્તાઓ અને પ્રચંડ નૈતિક શક્તિઓ કોની બાજુ વધારે ઢળે છે ? તો કે અપૌરુષેય નિર્ગુણવાદીઓનીજ બાજુમાં ખચિત વધારે પ્રમાણ નીકળે છે. "જ્યાં એક વ્યક્તિ બીજીને પોતાથી ભિન્ન જુએ છે, અને તેમજ સમજી તેને હાનિ પહોંચાડે છે; ત્યાં હજી માયાનું જોર છે એમ સમજવું. પણ જ્યારે એક વ્યક્તિ બીજીને પોતાથી અભેદરૂપ નિહાળે છે અને કોઇને કશીજ ઇજા પહોંચાડતી નથી યાને જ્યારે તેને મન બધુંજ આત્મવત્ બની જાય છે, ત્યારે પછી કોણ કોને જુએ અને કોણ કોનો અનુભવ કરે ?" બધુંજ તે છે અને સાથે સાથે બધુંજ 'હું' છું. આત્મા સાવ વિશુદ્ધ અને પવિત્ર બન્યો હોય છે ત્યારેજ સત્યપ્રેમ એ શી વસ્તુ છે તે આપણાથી સમજી શકાય છે. પ્રેમનો પ્રાદુર્ભાવ ભયમાંથી કદાપિ થઈ શકતો નથી; સ્વાતંત્ર્ય એજ તેનું ઉદ્દ્ગમસ્થાન છે. તેથી જ્યારે આપણે આ જગતને વાસ્તવિક રીતે ચાહતા થઈશું, ત્યારેજ બંધુત્વ અને મનુષ્યજાતિના ખરા ભાવાર્થો સમજવા આપણે શક્તિમાન થઇશું, તે પહેલાં નહિ તે નહિજ.

માટે વેદાંતની આ અપૌરુષેય ભાવના જગતની અંદર મહાન અનર્થકારિણી નીવડશે, એમ કહેવું વાસ્તવિક નથી. જાણે કેમ પૌરુષેયની ભાવનાવાળાને હાથે તો કદાપિ કશા અનર્થો નીપજ્યાજ ન હોય કે જગતને રક્તના સાગરમાં તરબોળ કરી નાખવા

જેવા અનર્થો અને મનુષ્યોને એકબીજાના ટોટા પીસવા તથા એકબીજાને રેંસી નાખવાના બનાવો કદાપિ બન્યાજ ન હોય ! એ ભય તો બન્ને પક્ષે સમાન છે. બન્ને પક્ષો કહે છે કે "અમારો ઈશ્વર સર્વશ્રેષ્ઠ છે." તો ચાલો, એ વાદનો આપણે છૂટે હાથે નિકાલ કરી લઈએ. સગુણવાદીઓને હું કહું છું કે, તમારી આ ભાવના જગતભરમાં પ્રસરેલા દ્વૈતવાદનુંજ પરિણામ છે. તમારી અંધારી ગુફાઓમાંથી બહાર મેદાનમાં આવો, સૂર્યના ઝગઝગતા ઉજાસમાં આવો, અને જુઓ કે ખરી વાત શી છે ? તમારા અનંત આત્માને તમારી આ જીર્ણ શીર્ણ નાની ધરેડોમાં રહી જીવવા મરવામાં સંતોષ શી રીતે વળે વારૂ ? માટે એ સાંકડી ધરેડોને છોડી બહાર ખુલ્લામાં–તેજોમય વિશ્વમાં આવો ને અનુભવો કે, વિશ્વભરનું સર્વસ્વ તમારૂંજ છે. અને એ અનુભવ સાથેજ તમારી ભુજાઓ વિસ્તારીને વિશ્વ સમગ્રને પ્રેમના ઉમળકાથી બાથમાં બીડો. એમ કરવાનું તમારે માટે હજી બાકી છે. એવો ભાવસરખો તમને કદાપિ થયો હોય તો નક્કી સમજજો કે, તમારા મનમાં ઈશ્વર માટે ભાવ પ્રગટયો છે.

ભગવાન બુદ્ધે પોતાનો પ્રેમપ્રવાહ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તથા ઉપર નીચે સર્વત્ર કેવા વેગથી વહેવડાવ્યો હતો અને આખરે વિશ્વ સમસ્તને ઉમદા, ભવ્ય અને અનંત પ્રેમથી કેવું તરબોળ કરી દીધું હતું; એના બ્યાનથી ભરપૂર બુદ્ધદેવના જીવનચરિત્રનો ફકરો તો બધાંયે અવશ્ય યાદ રાખવા જેવો છે. એવી તીવ્ર પ્રેમની લાગણી તમારામાં પ્રગટે ત્યારેજ તમારામાં સત્ય વ્યક્તિત્વ પ્રગટયું છે, એમ માનવું. આ સમગ્ર વિશ્વ એકજ વ્યાષ્ટ છે; તેમાં જણાતા ક્ષુદ્ર પદાર્થોની વાતજ જવા દો. અનંતને માટે અલ્પનો ત્યાગ કરો. અનંત સુખાનંદ માટે અલ્પ સુખાનંદમાત્રનો નાદ છોડી દો. આ બધુંજ વિશ્વ તમારૂં છે, કેમકે સમષ્ટિની અંદર વ્યષ્ટિમાત્ર આવી જાય છે; તેથી પ્રભુ પૌરુષેય તેમજ અપૌરુષેય બન્ને એકી વખતે છે. એ અનંત અને નિર્ગુણ અપૌરુષેય પુરુષજ પોતાની જાતને સગુણ પુરુષતરીકે વ્યક્ત કરે છે. આપણે કે જે વસ્તુતઃ અનંત છીએ, તેમણે હાથે કરીને જૂદા જૂદા વિભાગોમાં પોતાની જાતને મર્યાદિત કરી દીધી ન હોય તેવો પ્રકાર છે. વેદાંત ગાઈ બજાવીને કહે છે કે, અનંતતા એજ આપણો સ્વભાવ છે અને એ અનંતપણાનો કદાપિ લય નહિ થતાં જેમની તેમ હમેશાં કાયમજ રહેશે. આપણાં કર્મોથી આપણે આપણી જાતને મર્યાદિત બનાવી દીધી છે. એ કર્મોએજ આપણાં ગળાંની આસપાસ સાંકળરૂપે વિંટળાઈ આપણને આ મર્યાદાના ખાડામાં ઘસડી આણ્યા છે. એ કર્મરૂપી શૃંખલાને તોડી નાખો તોજ મુક્ત

થઇ શકાશે. મનુષ્યના વાસ્તવિક આત્મભાવમાં નિયમ, ભાગ્ય કે ભાવિ જેવું કંઇ છેજ નહિ. અનંતતાને તે વળી કાયદો કેવો? મુક્તિ અને સ્વાતંત્ર્ય એજ એનો તો સંકેતશબ્દ-એજ એનો મુદ્રાલેખ. મુક્તિ એ એનો સ્વભાવ છે, એટલુંજ નહિ પણ તે એનો જન્મ-સિદ્ધ હક્ક છે. એક વાર મુક્ત થાઓ અને પછી જોઇએ તેટલા વ્યષ્ટિ-ભાવો ધારણ કરજો. એક વાર મુક્ત બન્યા પછી આપણી દશા રંગ-ભૂમિપરના ભિખારીના પાત્ર જેવી પલટાઇ જશે. રંગભૂમિપર એક પાત્ર આવીને ભિખારીનો વેશ ભજવે છે. તેનો દેખાવ આબેહૂબ ભિખારીના જેવો હોય છે. તેના મુખમાંથી ભિખારીના જેવીજ દીનતાભરી વાણી નીકળે છે; છતાં શેરીઓમાં ભટકતા સાચા ભિખારી અને રંગભૂમિપરના આ વેશધારી ભિખારીમાં કેટલો બધો તફાવત હોય છે! રંગભૂમિનો ભિખારી પોતાના ભિખારી વેષની મોજ માણી રહ્યો છે, ત્યારે રસ્તાનો ભિખારી ભિખારીપણાની અસહ્ય યાતના ભોગવી રહ્યો છે. આવો ફરક શાથી ઉત્પન્ન થાય છે? તો કે એક વસ્તુતઃ મુક્ત છે અને બીજો બંધનયુક્ત છે. રંગભૂમિનો પાત્ર પોતાના મનમાં સારી પેઠે સમજે છે કે, તેનું ભિખારીપણું સાચું નથી, પણ તેણે તે દેખાડવા પૂરતું ધારણ કરેલું છે; ત્યારે સાચા ભિખારીને બાપડાને તેની ભિખારી હાલત એટલી બધી પરિચિત બની ગઇ હોય છે કે તેને અંગે ભોગવવાં પડતાં દુઃખોનો તેને પૂરેપૂરો ખ્યાલ હોય છે અને તેની પોતાની મરજી હોય કે ન હોય પણ તે દુઃખો ભોગવ્યા વગર તેનો આરો નથી, એવું તે પોતાના મનમાં બરાબર સમજતો હોય છે. આ એક નિયમ થયો. તે મુજબ જ્યાંસુધી આપણને આપણા સત્ય સ્વભાવનું કંઇ જ્ઞાન નથી થયું, ત્યાંસુધી આ જગતમાં આપણે ભિખારીની માફક પ્રકૃતિમાંની પ્રત્યેક શક્તિના હડસેલા ખાતાં આમતેમ અથડા-વાનું છે, અને પ્રકૃતિના પ્રત્યેક પદાર્થના ગુલામ બન્યા કરવાનું છે.

માટે એક વાર તો બસ મુક્ત બનો. કોઇની પાસેથી કશાની આશા રાખો નહિ. તમારાં ભૂતજીવનો પર તમે દૃષ્ટિપાત કરશો તો મારી ખાત્રી છે કે તમોને એ સત્ય જણાયા વગર નહિજ રહે કે, એ જીવનો દરમિયાન તમે હમેશાં પારકાં પાસેથી મદદ મળવાની મિથ્યા કોશિષ કર્યા કરી છે, અને તે હમેશાં નિષ્ફળ નીવડયા કરી છે. મદદ મળી છે તે હમેશાં તમારી પોતાની અંદરથીજ મળી છે. તમને તમારા પોતાના કર્મનુંજ ફળ પ્રાપ્ત થતું રહ્યું છે, અને છતાં આશ્ચર્યની વાત છે કે, તમે બધોજ વખત પારકાંની મદદની આશામાં અટવાયા કરો છો. શ્રીમંત શેઠીઆનું દિવાનખાનું હમેશાં ભરપૂર ને ભરપૂર દેખાય છે; પણ જો તમે ધ્યાનપૂર્વક અવલોકન કરશો, તો તમને જણાયા વગર નહિ રહે કે, પ્રત્યેક

વખતના મેળામાં એના એ લોકો નથી હોતા. મુલાકાતે આવનારા લોકો હમેશાં આશા રાખતા હોય છે કે, એ શ્રીમંત પાસેથી તેમને કંઇક પ્રાપ્તિ તો અવશ્ય થશે; પણ વસ્તુતઃ તો તેમને તેમની પાસેથી કશુંજ મળતું નથી. તેવીજ રીતે આપણું જીવન પણ આશામાં ને આશામાં પસાર થયે જાય છે, પણ એ આશાનો કદીજ અંત આવતો નથી. માટે વેદાંત કથે છે કે, આશામાત્રને ત્યજી દો. તમારે આશા કશાની ને કોઈની શામાટે રાખવી પડે ? તમે પોતેજ સર્વસ્વ અને સર્વ કંઇ છો, અને સર્વસ્વ તમારૂં પોતાનુંજ છે; તો પછી તમે શેની આશા સેવ્યા કરો છો ? જો કોઇ રાજા ગાંડો થઈ જાય અને તે પોતાના દેશના રાજાને ખોળી કાઢવાને આખો દેશ ખુંદી નાખે, તોયે તેને રાજાનો પત્તો કદાપિ લાગતો નથી. કેમકે રાજા તો તે પંડેજ છે. તે પોતાના રાજ્યના ગામડે ગામડે ને નગરે નગરે ઘુમી વળશે; એટલુંજ નહિ પણ એકે એક ઘરમાં જાતે ફરીફરીને તપાસી વળશે ને સાથે રોતો કકળતો જશે, તોપણ તેને રાજાનો પત્તો લાગવાનો નથી તે નથીજ. કેમકે દેશનો રાજા તો તે પંડેજ છે. ઈશ્વરમાટેની આપણી શોધ પણ તેવીજ છે. માટે વેદાંત કહે છે તેમ આપણે જાતેજ ઈશ્વર છીએ એ વાત સમજી લઇ ઈશ્વરમાટે બહાર ફાંફાં મારવાં મૂકી દેવાં એ સારૂં છે. આપણે પંડેજ ઈશ્વર છીએ એજ જ્ઞાનથી આપણું વર્તન અતિ ઉદાર અને ઉન્નત તથા સાધનાપરાયણ થઈ આપણને સુખ અને સંતોષનો અનુભવ થશે. માટે આ બધીજ તરેહની ગાંડી દોડધામમાંથી મુક્ત બનીને આ જગતમાં તમારો પાઠ, રંગભૂમિપરના પાત્રની પેરે અલિપ્ત થઇને ભજવો.

આ ઉચ્ચ જ્ઞાનથી જગતનું બધુંજ દશ્ય પલટાઇ જાય છે, અને પછી આ જગત કેદખાનું મટીને ક્રીડાંગણ બની રહે છે. હરીફાઇ અને સ્પર્ધાની ભૂમિ મટીને તે એક એવું કલ્યાણધામ બની રહે છે કે જ્યાં નિરંતર વસંતઋતુનો વાસ હોઇ વિવિધ પુષ્પો ખીલીને મઘમઘતાં હોય છે, અને ભાતભાતનાં સુંદર પતંગીઆંઓ આમતેમ ઉડાઉડ કરી રહ્યાં હોય છે. માયાબદ્ધ અજ્ઞાની લોકોનેજ આ જગત દુઃખદાયક થઈ રહે છે; પણ મુક્તાત્માને તો તેથી ઉલટુંજ દશ્ય દેખાય છે. એવુંજ જીવન વૈશ્વિક જીવન છે. સ્વર્ગ અને નરક બધુંજ અહીંનું અહીં છે. મનુષ્યનાનમુનારૂપે દેવો પણ બધા અહીંના અહીંજ છે. દેવોએ પોતાના નમુનાપરથી માણુસને નથી બનાવ્યો, પણ માણુસેજ દેવોને પોતાના નમુના પ્રમાણે બનાવ્યા છે. મનુષ્યનાજ નમુનારૂપ ઇંદ્ર,વરુણ ઇત્યાદિ જગતના બધા દેવો આ રહ્યા. આપણેજ આપણી પ્રતિકૃતિરૂપે દેવોને બહાર પાડીએ છીએ અને દેવોના મૂળરૂપે તો આપણે પોતેજ

હોઇએ છીએ. વેદાંતનો ખ્યાલ આવો છે, અને એમાંજ એનું વ્યાવહારિકપણું રહેલું છે. એજ જ્ઞાનથી આપણે મુક્ત બની શકીશું. ફરક માત્ર એટલોજ પડયો હશે કે, ત્યારે આપણે વિશ્વનો સઘળો ભેદ સમજી ગયાં હોઇશું અને તેને તેના સત્ય સ્વરૂપમાં પિછાનતાં થયાં હોઇશું-અર્થાત્ કે આ જગતપ્રપંચ તો તેના તેજ રૂપમાં કાયમ રહેશે, પણ તેનો અર્થ આપણે મન પલટાઈ જશે. જગતનું સત્ય સ્વરૂપ હજી આપણને સમજાયું નથી. જીવનમુક્તિદ્વારાજ આપણને તેનું ખરૂં સ્વરૂપ તથા તેનો ખરો સ્વભાવ સમજાય તેમ છે. એ મુક્તદશા પ્રાપ્ત થયા પછીજ આપણે સમજી શકીશું કે, આ કહેવાતો નિયમ અથવા ભાગ્ય, ભાવિ કે પ્રારબ્ધ એ તો આપણા સ્વભાવમાં નહિ જેવો નામનોજ અધિકાર ભોગવે છે. ભાગ્ય અથવા અદૃષ્ટ એ તો અમારા સ્વભાવનું એક નાનું સરખું પાસું છે, પણ બીજે પાસે મુક્તિ ને સ્વતંત્રતાજ સઘળો સમય મોજુદ છે, તેનું આપણને ભાન નથી. તેથીજ તો આપણે અનર્થ અને પાપથી બચવા, શિકાર બનેલું સસલું જેમ શિકારીથી બચવા પોતાનું માથું માટીમાં આમતેમ સંતાડતું ફરે તેમ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફાંફાં મારતાં ફરીએ છીએ. માયાની જાળમાં પડીનેજ આપણે આપણા અસલ સ્વભાવને ભૂલી જવાની કોશીશ કરી રહ્યાં છીએ, છતાં તેનું નિઃશેષ વિસ્મરણ તો આપણને કદાપિ થઇ શકતુંજ નથી. આપણો સ્વભાવ હમેશાં આપણને હાંક પાડે છે, અને ઇશ્વર કે દેવતાઓ માટેના કિંવા સ્થૂળસ્વાતંત્ર્ય માટેના આપણા સઘળાજ ધમપછાડા એ આપણા પ્રકૃત સ્વભાવની શોધ માટેનાજ ધમપછાડા છે, એમ નક્કી સમજો. અંતરમાંથી નીકળતા અવાજને આપણે ભૂલથી અવળા અર્થમાં સમજ્યાં હતાં. એ અવાજ અગ્નિ કિંવા એકાદા દેવ કે સૂર્યચંદ્ર જેવા કોઇ બાહ્ય પદાર્થમાંથી આવતો હોવાનું આપણે ભૂલથી કલ્પી લીધું; પણ આખરે આપણી એ ભૂલ પકડાઇ ગઈ છે, અને એ નાદ વસ્તુતઃ આપણા પોતાના અંતરમાંથીજ નીકળે છે, એ સત્ય આપણે હાથ ચઢી ચૂક્યું છે. એ શાશ્વત નાદ આપણા અંતરમાંજ શાશ્વત મુક્તિનો સાદ નિરંતર કાઢી રહ્યો છે; તેનું સંગીત અહર્નિશ અખંડ ચાલુજ છે. આત્માના એ સંગીતનોજ એક અંશ આ પૃથ્વીરૂપે, નિયમરૂપે અને આ વિશ્વરૂપે પરિણત થયેલો છે; પરંતુ બધોજ વખત એ આપણો હતો અને બધોજ વખત આપણો રહેવાનો છે. ટુંકામાં કહીએ તો વેદાંતની પ્રધાન ભાવના એજ છે કે, મનુષ્યના વાસ્તવ સ્વરૂપને ઓળખો; અને જગતને તે એજ સંદેશો આપે છે કે, જો તમે તમારા ગનુજ ભાંડુ કે જે ઇશ્વરનું વ્યક્તરૂપ છે તેને ભજી નહિ શકો, તો પછી અવ્યક્ત એવા કોઈ ઇશ્વરને તો ભજીજ શી રીતે શકશો? અર્થાત્ કે મનુષ્યરૂપી જીવતા ઇશ્વર-

નીજ ઉપાસના કરો યાને પ્રાણીમાત્રને આત્મવત્ અથવા પરમાત્મ-સ્વરૂપ લેખતા થાઓ, એજ વેદાંતનો અમૂલ્ય સંદેશો છે.

બાઇબલ પણ આજ તત્ત્વનું પ્રતિપાદન કરે છે, એ તો તમને યાદ હોવુંજ જોઇએ. બાઇબલ કહે છે કે "મનુષ્ય કે જેને તમે નજરે જોયો ને જાણ્યો છે, તેને જો તમે નહિ ચાહી શકો તો પછી ઇશ્વર કે જેને તમે નજરે જોયો કે જાણ્યો નથી, તેને તો તમે ચાહીજ શી રીતે શકશો ?" અર્થાત્ કે માનવીના ચહેરામાં જો તમને ઇશ્વરની ઝાંખી નહિ થાય, તો પછી આકાશનાં વાદળાંમાં કે જડ પદાર્થની બનાવેલી અચેતન મૂર્તિમાં તો તેનાં દર્શન તમને ક્યાંથીજ થશે ? તેમજ ભેજામાંથી નીપજાવી કાઢેલી ઇશ્વરસંબંધી વાતોમાં તો તમારી આસ્થા શેનીજ બંધાશે ? જે દિવસે તમે પ્રત્યેક નરનારીમાં પ્રભુનાં દર્શન કરતાં બનશો, તે દિવસથી તમને હું ખરાં ધર્મિષ્ઠ થયેલાં માનીશ. અને "તમારા જમણા ગાલપર કોઇ તમાચો મારે તો તરતજ તમારો ડાબો ગાલ પણ ધરો"–બાઇબલમાંના એ ઉમદા કથનનું રહસ્ય પણ તમારાથી ત્યારેજ સમજાશે. મનુષ્યને જ્યારે તમે ઇશ્વરરૂપ દેખતાં થશો, ત્યારે તમારે માટે બધુંજ–વાઘ જેવું હિંસક પ્રાણી સુદ્ધાં આવકારદાયક થઇ પડશે. તમારી પાસે જે જે કંઇ આવશે, તે તે તમને પ્રભુનાજ પ્રતિબિંબરૂપ, એ શાશ્વત સચ્ચિદાનંદસ્વરૂપજ જણાશે. પિતા, માતા, મિત્ર કે બાળક એવાં એવાં વિવિધ રૂપમાં એજ સચ્ચિદાનંદ પ્રભુ, એ તમારો પોતાનોજ આત્મા તમારી સાથે આ વિશ્વરૂપી રંગભૂમિપર ક્રીડા કરી રહ્યો છે, એમ જણાશે.

હવે આ રીતે આપણા માનવી સંબંધો જેમ દિવ્ય બનાવી શકાય, તેમ ઇશ્વર સાથેનો આપણો સંબંધ પણ તેમાંના કોઇપણ રૂપમાં પ્રકાશી શકે, અને તેથી ઇશ્વરને આપણે પિતાભાવે, માતાભાવે, મિત્રભાવે કે પ્રિયાભાવે નીરખી શકીએ. ઇશ્વરને માતા કહી સંબોધવો એ પિતાભાવ કરતાં વધારે ઉચ્ચ આદર્શ છે; અને તેને એક સખાભાવે સંબોધવો એ તેના કરતાં પણ ચઢિયાતો આદર્શ છે. પણ એ સૌના કરતાં ચઢિયાતો આદર્શ તો તેને પ્રિયાભાવે ભજવો એ છે. એક પ્રેમી અને પ્રેમપાત્રની વચ્ચે કંઇ ભેદભાવજ ન જોવો એ ઉત્તમમાં ઉત્તમ આદર્શ છે. એક ફારસી ગાથામાં વાત છે કે, એક પ્રેમી પુરુષ પોતાની પ્રિયાના મકાનપર આવ્યો અને તેણે બારણાં ખખડાવ્યાં. એટલે અંદરથી પ્રિયાનો સાદ આવ્યો કે "કોણ છે ?" તેના પ્રત્યુત્તરમાં પ્રેમીએ કહ્યું કે "એ તો હું." પણ આના જવાબમાં ન તો બારણું ઉઘડ્યું કે ન બીજો સવાલ સંભળાયો. બીજી વાર તે આવ્યો ને બોલ્યો કે "હું આવ્યો છું." પણ બારણું તો જેમનું તેમ બંધજ રહ્યું. પછી ત્રીજી વાર તે જ્યારે

આવ્યો અને બારણું ખખડાવ્યાં ત્યારે અંદરથી અવાજ આવ્યો કે "કોણ છે એ ?" તેના જવાબમાં પ્રેમીએ ઉમળકાભેર કહ્યું કે "એ તો ત્વંમય (તારારૂપ બનેલો) હુંજ પ્રિયે !" એટલા શબ્દો એના મુખમાંથી નીકળતાંમાંજ ફટાફટ બારણાં ઉઘડી ગયાં, અને બન્ને પ્રેમીઓ એકબીજાની વહાલસોઈ બાથમાં ભીડાઇ જઇ એકરૂપ બન્યાં. ઈશ્વર અને આપણી વચ્ચે પણ એવોજ એકાત્મભાવ હોવો જોઇએ. તે પ્રત્યેક પદાર્થમાં છે અને પ્રત્યેક પદાર્થ પણ તે પોતેજ છે. પ્રત્યેક સ્ત્રીપુરુષ એ તે સચ્ચિદાનંદ જીવંત ઈશ્વરનું ઇંદ્રિયગોચર થતું સ્વરૂપજ છે. કોણ કહે છે કે ઈશ્વર અજ્ઞાત છે ? કોણ કહે છે કે એને ખોળી કાઢવાનો છે ? ઈશ્વર તો આપણને ચિરકાળને માટે જડેલોજ છે. ચિરકાળથી આપણે એની અંદરજ રહેતાં આવ્યાં છીએ. ઈશ્વરનું અસ્તિત્વ સર્વત્ર હોઇ તેનું સ્વરૂપ શાશ્વત કાળથી જ્ઞાત છે, શાશ્વત કાળથી પૂજાતું આવ્યું છે ને શાશ્વત કાળપર્યંત પૂજાયા કરશે.

હવે આટલે સુધી આવ્યા પછી એક સવાલ એ બાકી રહે છે કે "ત્યારે ઈશ્વરોપાસનાની બીજી રૂઢિઓ શું ભૂલભરેલી યાને ખોટી છે ?" વેદાંત કહે છે કે "ના." આ વાત કદાપિ સ્મરણમાંથી ખસવી જોઇએ નહિ કે, જેઓ જાતજાતના ક્રિયાકાંડદ્વારા પ્રભુને ભજે છે-એ ક્રિયાકાંડના વિધિઓ આપણી દૃષ્ટિને ગમે તેવા અનુચિત અને અપરિપકવ ભાસતા ભલેને હોય તોપણ-તેઓ ભ્રમમાં પડી ગોથાં ખાયાં કરે છે, એમ સમજવું ઉચિત નથી. કારણ કે લોકો જેમ ક્રમે ક્રમે પ્રવાસ આદરે છે, તેમ સત્યના પંથમાં પણ નિકૃષ્ટ પ્રતિના સત્યમાંથી ઉત્કૃષ્ટ પ્રતિના સત્ય ભણી ક્રમે ક્રમેજ આગળ વધે છે. અંધકાર એટલે પ્રકાશની ન્યૂનતા, પાપ એટલે પુણ્યની ન્યૂનતા, અપવિત્રતા એટલે કે પવિત્રતાની ન્યૂનતા, અને નહિ કે સાવ શૂન્યતા. તેથી આ વાત દરેકે નિરંતર યાદ રાખવી જોઇએ કે, આપણે બીજાંને હમેશાં પ્રેમભરી આંખે અને હૃદયની સંપૂર્ણ સહાનુભૂતિથી જોવાં જોઇએ; અને તેઓ આપણે જે રસ્તો પસાર કરી ચૂક્યાં છીએ, તેજ રસ્તે પોતાનું પ્રયાણ કરી રહ્યાં છે, એમ જાણવું જોઇએ. તમે જો મુક્તાવસ્થાને પ્રાપ્ત કરી ચૂક્યાં હશો, તો સાચેજ સમજી રાખજો કે, મોડાં વહેલાં તેઓ પણ બધાં એ અવસ્થાને પ્રાપ્ત કરશેજ કરશે; અને તમે જો ખરેખરાં મુક્ત બની સ્થિરતાને પામ્યાં હો, તો તો બીજાંની અંદર અસ્થિરતાનો ભાસ તમને થાયજ કેમ ? તમે જો ખરેખર પવિત્ર બન્યાં હો, તો બીજાંની અંદર તમને અપવિત્રતા દેખાયજ કેમ ? કારણ કે એ તો અંતરમાં જેવું હોય તેવુંજ બહાર દેખાય છે. "દર્પણ તેવી છાયા"-એ કહેવત અહીં બરાબર લાગુ પડે છે. આપણી પોતાની અંદર અપવિત્રતાનો કિંચિત્ અંશ હોવા વગર બીજાંની અંદર અપવિત્રતા રહેલી આપણને જણા-

યજ નહિ. વેદાંતની વ્યાવહારિક બાજુઓમાંની આ એક અતિ વ્યાવહારિક બાજુ છે, અને મને ઉમેદ છે કે, તેને આપણે બધાંજ પોતપોતાનાં જીવનમાં ઉતારી બતાવવાની કોશીશ કરીશું. દુનિયામાંનું આપણું આ આખું જીવન એને આચરણમાં મૂકી બતાવવા માટેજ છે. વળી આ ઉચ્ચ જ્ઞાનના વિચારથી મોટો લાભ તો આપણને એ થશે કે, હવે પછી આપણે અસંતોષ અને અશાંતિપૂર્વક કામ કરવાને બદલે સંપૂર્ણ સંતોષ અને શાંતિસહિત કામ કરતાં થઇશું. કેમકે એટલી વાતની તો નિદાન આપણને સમજ પડી ચૂકી છે કે, એ પરમ સત્ય આપણી પોતાનીજ અંદર વસે છે, આપણા જન્મસિદ્ધ હક્કતરીકે તે આપણીજ માલકીનું છે. આપણે માટે કરવાનું જે બાકી રહે છે તે એટલુંજ કે, એ પરમ સત્યને આપણી વચ્ચે રહેલા મળવિક્ષેપ અને આવરણરૂપ દોષો દૂર કરીને એને આપણા અંતરમાંથીજ વ્યક્ત કરવું જોઇએ તથા સ્પષ્ટસ્વરૂપે પ્રકાશવા દેવું જોઇએ.

१८—व्यावहारिक वेदांत—भाग ३ जो*

સમષ્ટિની ચર્ચા ચલાવ્યા પછી હવે હું વ્યષ્ટિની સાથે સમષ્ટિના સંબંધવિષે વેદાંતના કેવા વિચાર છે, તે તમારી આગળ મૂકવાનો પ્રયત્ન કરીશ. આપણે આગળ જોઈ ગયાં છીએ તેમ, અસલના દ્વૈતવાદાત્મક સઘળાજ વૈદિક મતોની અંદર એ વાત એકસરખી રીતે સ્વીકારાયલી માલમ પડે છે કે, પ્રત્યેક પ્રાણીને તેનો પોતાનો એકેક વિશિષ્ટ અને સીમાબદ્ધ આત્મા હોય છે. એ વ્યક્તિમાત્રમાં રહેતા વિશિષ્ટ આત્માના સંબંધમાં અનેક પ્રકારના મતવાદો પ્રચલિત છે; પરંતુ તે બધામાં પ્રાચીન વેદાંતવાદીઓ અને પ્રાચીન બૌદ્ધમાર્ગીઓની વચ્ચે ચાલેલો વિવાદ અગ્રસ્થાન ભોગવે છે. વેદાંતીઓનું માનવું અને પ્રતિપાદન એવું હતું કે, આ વ્યક્તિગત વિશિષ્ટ આત્મા સ્વયં સંપૂર્ણ છે; ત્યારે બૌદ્ધ લોકો એવા વ્યક્તિગત આત્માના અસ્તિત્વનો સાફ સાફ ઇન્કાર કરી કહેતા કે, એવા વ્યક્તિગત આત્માની કશી આવશ્યકતા નથી. આ વાદ યૂરોપમાં એક વખત પૂરજોસમાં ચાલતા દ્રવ્ય અને ગુણના વાદને મળતો છે. એ વિષે પણ હું તમને અગાઉ કહી ગયો છું કે, એક પક્ષ એમ માનવાવાળો હતો કે ગુણોના સમૂહની પાછળ દ્રવ્યરૂપી કશાનું અસ્તિત્વ છે, ત્યારે બીજો પક્ષ એવા દ્રવ્યની બિલકુલ અનાવશ્યકતા જણાવી તેનો ઈન્કાર કરતો અને ઉલટું એમ પ્રતિપાદન કરતો કે, ગુણો પોતેજ એકલા કશાના આધાર વગર રહી શકે છે. અલબત્ત, આત્માના અસ્તિત્વસંબંધનો પ્રાચીનમાં પ્રાચીન મત પણ અહં—સાદૃશ્યતાની યુક્તિ ઉપર સ્થિત થયેલો છે. એ યુક્તિ એવી છે કે "હું તે હુંજ છું; ગઈ કાલનો 'હું' તેજ આજનો હું છું, અને આજનો 'હું" તેજ આવતી કાલનો હું હશે—અર્થાત્ શરીરની અંદર ગમે તેવાં પરિણામો યાને ફેરફારો થવા છતાં, મારી શ્રદ્ધા છે કે 'હું' તો તેનો તેજ 'હું" રહું છું." આજ યુક્તિ જીવાત્માને સીમાબદ્ધ છતાં સ્વયં સંપૂર્ણ માનવાવાળાઓની પ્રધાન યુક્તિ હોય એમ લાગે છે.

ઉલટપક્ષે, પ્રાચીન બૌદ્ધ વિદ્વાનોએ એવી કલ્પનાનો યાને જીવાત્માનું પ્રયોજન સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. તેઓ પોતાના

---

* લંડન, તા. ૧૮ નવેમ્બર ૧૮૯૬

મતના સમર્થનમાં એ તર્ક આગળ ધરે છે કે, આપણે જે કંઈ જાણીએ છીએ ને ભવિષ્યમાં જે જે કંઈ જાણી શકીએ તેમ છીએ, તે આ પરિવર્તનો યાને ફેરફારોજ છે—અર્થાત્ પરિવર્તન સિવાય અન્ય કશાનું જ્ઞાન થવું આપણે માટે શકયજ નથી. તેથી કોઇ અપરિવર્તનશીલ અને નિર્વિકારી દ્રવ્યની કલ્પનાનો સ્વીકાર કરવો અનાવશ્યક, કિંબહુના વધારે પડતો છે; એટલુંજ નહિ પણ એવી કોઈ અપરિવર્તનશીલ વસ્તુ ખરેખર હયાતિમાં હોય, તોપણ તેને સમજવા તથા કોઇ પણ રૂપમાં પ્રત્યક્ષ કરવા આપણે કદી શકિતમાન નથી. અત્યારે યૂરોપમાં એજ વિષયપર ચર્ચા ચાલી રહેલી માલમ પડે છે. તેમાં એક પક્ષપર ધર્મવાદીઓ અને માયાવાદીઓ છે, ત્યારે બીજા પક્ષપર અર્વાચીન પ્રત્યક્ષવાદીઓ અને અજ્ઞેયવાદીઓ છે. પહેલા પક્ષનું માનવું એવું છે કે, કોઇ અપરિવર્તનશીલ નિર્વિકાર સત્તાનું અસ્તિત્વ અવશ્ય છે. આ પક્ષનો સૌથી છેલ્લો મહાન પ્રતિનિધિ હર્બર્ટ સ્પેન્સર હોઇ તે કહે છે કે, એ અપરિવર્તનશીલ નિર્વિકારી તત્ત્વની કંઇક ઝાંખી આપણને થઈ શકે છે. ત્યારે બીજા પક્ષના પ્રતિનિધિઓતરીકે અર્વાચીન કોમ્ટીસ્ટો અને ઍગ્નોસ્ટિકો યાને અજ્ઞેયવાદીઓ છે. હર્બર્ટ સ્પેન્સર અને ફ્રેડરિક હેરીસન વચ્ચે આ વિષયપર થોડાંક વર્ષપર જે વાદ ચાલતો હતો, તેમાં તમારામાંના જે લોકોએ રસ લીધો હશે, તેમના લક્ષપર આવ્યુંજ હશે કે, ત્યાં પણ એજ જૂના જમાનાની મુશ્કેલી આવીને ઉભી રહી હતી—એક પક્ષ પરિવર્તનશીલતાની પાછળ કોઈ અપરિવર્તનશીલ તત્ત્વનું સમર્થન કરતો હતો, અને બીજો પક્ષ એવી કલ્પનાના પ્રયોજનનોજ સાફ ઇન્કાર કરતો હતો. અર્થાત્ આ બાબતમાં એક પક્ષ હમેશાં કહેતો આવ્યો છે કે, કોઇ અપરિવર્તનીય અથવા અવિકારી તત્ત્વની હયાતી વગર પરિવર્તનશીલતા અથવા વિકારનો આપણને ખ્યાલ સરખો ન આવી શકે; ત્યારે બીજો પક્ષ તેટલાજ ભાર સાથે કહેતો આવ્યો છે કે, એ ધારણા વધારે પડતી છે, કેમકે આપણને કલ્પના આવી શકે છે તે કેવળ પરિવર્તનશીલ પદાર્થનીજ આવી શકે છે, અને અપરિવર્તનશીલ કોઈ તત્ત્વને જાણવા, અનુભવવા કે પ્રત્યક્ષ કરવા આપણે કદાપિ શક્તિમાન નથી.

ભારતવર્ષમાં પણ આ મહાન પ્રશ્નનું નિરાકરણ અતિ પ્રાચીનકાળમાં પ્રાપ્ત થયું નહોતું. કારણ કે એ તો આપણે જોઈજ લીધું છે કે, ગુણસમુદાયની પાછળ રહેલા તેમજ એ ગુણોથી ભિન્ન એવા કોઇ પદાર્થનું અસ્તિત્વ સાબીત કરી શકાય તેમ નથી; એટલુંજ નહિ પણ સ્મૃતિજન્ય અહં-સાદૃશ્યતાની યુકિતનું એટલે કે હું કાલનોજ હું છું, કેમકે મને તેનું સ્મરણ છે, અને તેથી હું નિત્ય વસ્તુ છું—એ યુકિત પણ સાબીત કરી શકાય તેમ

નથી. બીજું કે જે પ્રમાણુ આ મતના સમર્થનમાં સામાન્ય રીતે રજુ કરવામાં આવે છે, તે તો માત્ર શબ્દજાળજ છે. દાખલાતરીકે, એમ કહેવામાં આવે છે કે 'હું ખાઉં છું, હું જાઉં છું, હું સ્વપ્નાં સેવું છું, હું ખસું છું''-ઈત્યાદિ ઇત્યાદિ વાક્યોની લાંબી ને લાંબી પરંપરા લઇશું તો તેમાં ખાવાની, કરવાની, જવાની વગેરે ક્રિયાઓ બદલાયા કરે છે, પણ તે બધાયમાં 'હુ" તો જેમનું તેમ કાયમજ રહેતું દેખાય છે. તેથી સિદ્ધ થાય છે કે, એ 'હુ" કોઇ નિત્યવસ્તુ હોઇ એજ ખુદ વ્યક્તિત્વ છે, અને આ પરિણામો અને ફેરફારો જે જોવામાં આવે છે, તે શરીરના ધર્મો છે અને નહિ કે એ 'હુ"ના. આ યુક્તિ દેખીતી તો બહુ સચોટ અને સ્પષ્ટ છે, છતાં તેની આખીય રચના શબ્દના ખેલપર ઉભી થએલી છે. એ 'હુ" અને કરવા, જવા કે ખાવાની ક્રિયા લખવા-વાંચવામાં ભલે ભિન્ન હોય, પણ પોતાના મનની અંદર તો તેમને એકબીજાથી ભિન્ન કોઇજ કરી શકતું નથી.

દાખલાતરીકે, જ્યારે હું ખાવાની ક્રિયા કરૂં છું, ત્યારે હું મારી જાતને ખાતીજ માનું છું-એટલે કે, ખાવાની ક્રિયા સાથે મારો તાદાત્મ્યભાવ થઇ ગયો હોય છે. તેવીજ રીતે જ્યારે હું દોડવા-ની ક્રિયા કરૂં છું, ત્યારે પણ દોડવાની ક્રિયા અને 'હુ" ભિન્ન ન રહેતાં તાદાત્મ્યભાવ સેવે છે. આ ઉપરથી ત્યારે સમજાશે કે, આ અહં-સાદશ્યતાની યુક્તિ બહુ સબળ જણાતી નથી. સ્મૃતિની યુક્તિ પણ તેવીજ પાંગળી છે. મારી હયાતિની સાદશ્યતા કિંવા વાસ્ત-વિકતા જો મારી સ્મૃતિપરથીજ સિદ્ધ થઇ શકતી હોય, તો તો જે અનેક વસ્તુઓ હું અત્યારે ભુલી ગયો હોઉં, તેમની વાસ્તવિકતા નષ્ટ થઈ ગયેલીજ આપણે માનવી પડે. વળી એ વાત તો આપણે બધાંજ જાણીએ છીએ કે, કેટલાક સ્થિતિસંજોગોમાં લોકો પોતાનું સમગ્ર ભૂત જીવન ભૂલી જાય છે. ગાંડપણના અનેક કિસ્સામાં મનુષ્ય એમ માનતો બને છે કે, પોતે એક કાચનો બનેલો પદાર્થ છે, અથવા તો એક જનાવર છે. હવે જો એ મનુષ્યની હયાતી તેની સ્મૃતિપરજ આધાર રાખતી હોય તો તે કાચજ બની ગયો છે, યા તો જનાવરજ થઇ ગયો છે એમજ માનવું ઘટે; પરંતુ વસ્તુતઃ એવો કંઇજ પ્રકાર હોતો નથી. તેથી સિદ્ધ થાય છે કે, આ અહં-સાદશ્યતાનો આધાર સ્મૃતિ જેવી નિર્માલ્ય વસ્તુપર કદી પણ હોઈ શકેજ નહિ. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે, સીમા-બદ્ધ છતાં સંપૂર્ણ અને શાશ્વત અહંની સાદશ્યતાને ગુણસમુદાયથી અલગ સ્થાપિત કરી શકાતી નથી-અર્થાત્ કે એવા કોઈ સંકીર્ણ, સીમાબદ્ધ અસ્તિત્વને આપણે સ્થાપિત કરી શકતા નથી, કે જેની પછવાડે ગુણોનો ઝુમખો વળગી રહેલો હોય.

બીજી બાજુએ જોતાં, ગુણોના સમુદાયથી પર હોય એવી કોઈ વસ્તુ આપણે જાણતા નથી કે જાણી શકીએ તેમ નથી—એ પ્રાચીન બૌદ્ધ લોકોની યુક્તિ વધારે સબળ ભાસે છે. બૌદ્ધોના મત મુજબ તો પ્રત્યાક્ષાનુભૂતિ અને લાગણીઓ નામે ઓળખાતા ગુણોના સમુદાયનોજ આત્મા બનેલો છે. ગુણોના એવા એવા સમૂહનેજ આત્માતરીકે ઓળખવામાં આવે છે, અને ગુણસમૂહ સદા સર્વદા પરિવર્તનશીલ છે.

આત્માવિષેનો અદ્વૈતવાદનો સિદ્ધાંત આ ઉભય પક્ષોનું સમાધાન કરે છે. અદ્વૈતવાદનો એવો મત છે કે, ગુણથી ભિન્ન હોય એવા કોઇ પદાર્થનું અસ્તિત્વ આપણી કલ્પનામાં ઉતરી શકતું નથી, એ વાત સાચી છે; તેમજ પરિવર્તન અને અપરિવર્તન બન્નેનો એકીસાથે વિચાર કરવો પણ અશક્ય છે. પરંતુ સત્ય હકીકત તો એવી છે કે, પદાર્થ અને ગુણ એ મૂળે એકજ વસ્તુ છે, બન્ને અલગ અલગ નથી. અપરિવર્તનશીલ નિર્વિકારી તત્ત્વ જે છે, તેજ પરિવર્તનશીલ યાને વિકારી ભાસે છે; તેથી જગતનો અપરિવર્તનશીલ પદાર્થ એ તેનાથી કંઇ ભિન્ન વસ્તુ નથી. તેમ આ અદૃશ્ય ચમત્કાર એ દૃશ્ય ચમત્કારથી જરાયે જૂદો નથી, પણ એ અદૃશ્ય અને અજ્ઞેય સત્તા પોતેજ દૃશ્ય અને જ્ઞેય બનેલી છે. તેથી કરી અપરિવર્તનશીલ એવા આત્માનું અસ્તિત્વ છે, એટલુંજ નહિ પણ જેને આપણે લાગણી, અનુભવ ઈત્યાદિ નામોથી ઓળખીએ છીએ. તેમજ શરીરસુદ્ધાં બધુંય જૂદા દૃષ્ટિબિંદુથી જોવાય તો તે આત્માજ છે. આપણને શરીર, આત્મા અને એવું એવું છે એમ વિચારવાની આદત પડી ગઈ છે. બાકી વાસ્તવિક જોતાં તો અસ્તિત્વ એકજ છે.

જ્યારે હું મારી જાતનો શરીરતરીકે વિચાર કરૂં છું, ત્યારે હું શરીરજ છું. તે વખતે એમ કહેવું કે, હું અન્ય કંઈ છું, એ કેવળ અર્થહીન છે. એવીજ રીતે જ્યારે હું મારી જાતને આત્મારૂપે વિચારૂં છું, ત્યારે શરીર અદૃશ્ય બને છે યાને શરીર છે એવું ભાનજ મુદ્દલ રહેતું નથી. તાત્પર્ય કે, શરીરનું ભાન ગયા વગર આત્માનું ભાન કદાપિ કોઇને થઇ શકતું નથી, તેમ ગુણોનું ભાન અદૃશ્ય થયા વગર પદાર્થનું ભાન થવું પણ સંભવિત નથી.

અદ્વૈતવાદના સર્પરજ્જુન્યાયના પ્રાચીન દૃષ્ટાંતથી આ મુદ્દો વધારે સ્પષ્ટ રીતે સમજી શકાશે. કોઇ મનુષ્ય એક દોરડાને ભૂલથી સાપ ધારી લે છે, ત્યારે તેને મન દોરડું અદૃશ્ય બની સાપ ખડો રહે છે; અને દોરડાનું વાસ્તવિક રૂપ જ્યારે તેના સમજવામાં આવે છે ત્યારે તે કાલ્પનિક સાપ અદૃશ્ય બનીને અસલ જે દોરડું તેજ કાયમ રહે છે. તેવીજ રીતે દ્વિવિધ કે ત્રિવિધ અસ્તિત્વોના ખ્યાલો

અપૂર્ણ વિચારોના પરિણામરૂપ હોઇ પુસ્તકોમાં નોંધાયા છે. એ પુસ્તકોના વાચનથી કે એવા અપરિપકવ ખ્યાલોના શ્રવણથી આપણને એવો ભ્રમ પેદા થાય છે કે, શરીર અને આત્મા બન્નેનો અનુભવ આપણને થાય છે; પણ એવો દ્વિવિધ અનુભવ એકીવખતે વસ્તુતઃ તો કદાપિ હોતોજ નથી. અનુભવ કાં તો શરીરનો કે આત્માનો એમાંથી એકનોજ થાય છે. આ વાતને સાબીત કરવા દલીલો કે પ્રમાણોની અગત્ય નથી રહેતી; કેમકે પ્રત્યેક જણ પોતાના મનમાંજ તેની સત્યાસત્યતાની ખાત્રી કરી શકે તેમ છે.

તમે પોતાની જાતને દેહશૂન્ય આત્માતરીકે કલ્પવાની કોશીષ કરો. એમાં તમને કંઈ સમજણ પડશેજ નહિ, યાને એવો વિચાર કરવો પણ તમારે માટે લગભગ અશકય થઇ પડશે; અને જે વીરલાઓ દેહશૂન્ય આત્માનું મનન કરવામાં સફળ થશે, તેમને તેજ ઘડીએ અનુભવ થઇ જશે કે, જ્યારે તેઓ પોતાની જાતને આત્માતરીકે પ્રત્યક્ષ કરતા હતા, ત્યારે તેમને શરીરનો ખ્યાલ સરખો નહોતો. તમારા જોવામાં કે સાંભળવામાં એવાં મનુષ્યો કદાચ આવ્યાં હશે કે જેઓ અમુક અમુક પ્રસંગોએ પોતાના મનને ગાઢ સમાધિ, આત્મવશીકરણ વિદ્યા કિંવા અમુક ઔષધસેવનથી એક પ્રકારની વિલક્ષણ અવસ્થામાં આણી મૂકે છે; વાયુના રોગથી પણ કેટલીક વાર એવું બને છે. આ લોકોના અનુભવપરથી પણ તમે તારવી શકશો કે, જ્યારે તેઓ આભ્યંતરિક દશાનો અનુભવ કરતા હતા, ત્યારે તેમનું બાહ્યજ્ઞાન તદ્દન ઉડી ગયું હતું. દારૂ ને એવાજ બીજા ઉગ્ર માદક પદાર્થોના સેવનથી ઉન્મત્ત બનેલાઓને પોતાના દેહનું કે વાસ્તવિક દરજ્જાનું ભાન રહેતું નથી, એ તો આપણ બધાંના અનુભવની વાત છે. આથી સિદ્ધ થાય છે કે, ખરૂં અસ્તિત્વ છે તે એકનુંજ છે. એ એકજ સત્તા આ વિવિધ રૂપોમાં દૃશ્યમાન થાય છે, અને આ બધાં વિવિધ રૂપોજ કાર્યકારણના સંબંધને જન્માવે છે. એટલે કે કાર્યકારણનો સંબંધ આ વિવિધ રૂપોમાંજ રહેલો છે. કાર્યકારણનો સંબંધ એટલે કે ક્રમવિકાસ અથવા ઉત્ક્રાંતિનો ભાવ, યાને એક વસ્તુ બીજા રૂપમાં પરિણત થાય અને એ બીજું રૂપ પાછું મૂળ રૂપમાં સંકુચિત થઈ જાય તે. કેટલીક વાર એવું પણ બનતું જોવામાં આવે છે કે, કારણ સમૂળગું અદૃશ્ય બની જાય છે અને તેને સ્થાને કાર્યને મૂકતું જાય છે; તે મુજબ આત્મા જો શરીરનું કારણ હોય, તો કોઇક વાર આત્મા તત્કાળ પૂરતો જાણે અદૃશ્ય બની જાય છે અને એકલું શરીરજ રહે છે; તેથી એકલા શરીરનુંજ જ્ઞાન થયા કરે છે. તેવીજ રીતે જ્યારે શરીરનું જ્ઞાન ઉડી જાય છે, ત્યારે આત્મા એકલો રહે છે અને તેનુંજ જ્ઞાન તત્કાળ માટે થયા કરે છે. અદ્વૈતવાદનો આ સિદ્ધાંત શરીર અને

આત્માની દ્વૈતભાવનાની સામે બૌદ્ધ વિચારકોએ જે દલીલો રજુ કરી આત્માનો અસ્વીકાર કર્યો હતો, તેનો આબાદ જવાબ છે. એટલે કે અદ્વૈતનો આ સિદ્ધાંત પદાર્થ અને ગુણો એકજ છે, એમ સિદ્ધ કરીને દ્વિવિધ અસ્તિત્વનો ઇન્કાર કરે છે, અને એ બાબતમાં બૌદ્ધમતનું સમર્થન કરે છે; પણ તેની સાથે એકનો એકજ પદાર્થ વિવિધ રૂપોમાં પ્રતીત થાય છે, એમ સિદ્ધ કરી આત્માનું અસ્તિત્વ પણ સિદ્ધ કરી બતાવે છે; અને એ વાતમાં બૌદ્ધમતનું તે ખંડન પણ કરે છે.

વળી આપણે એ પણ જોઇ લીધું છે કે, અપરિવર્તનશીલતાનો ખ્યાલ કેવળ સમષ્ટિના સંબંધમાંજ સત્ય ઠરી શકે છે, પણ વ્યષ્ટિસંબંધમાં તો નહિજ. કેમકે વ્યષ્ટિનો ભાવજ પરિવર્તનશીલતા અને ગતિના ભાવમાંથી ઉત્પન્ન થાય છે. સીમાબદ્ધ પ્રત્યેક વસ્તુ આપણે સમજી તેમ જાણી શકીએ છીએ. કારણ કે તે પરિવર્તનશીલ યાને ફેરફારને પાત્ર છે, અને સમષ્ટિ તેવી રીતે અપરિવર્તનીય હોવી જોઇએ. કેમકે એના સિવાય અન્ય કશી વસ્તુ નથી કે જેના મુકાબલે તે પરિવર્તનશીલ કે પરિણામગામી હોય. પરિવર્તન કે પરિણામનો ખ્યાલ હમેશાં બીજા કોઇ અલ્પપરિવર્તનીય કિંવા સંપૂર્ણ અપરિવર્તનીય પદાર્થની તુલનામાંજ આવી શકે, અન્યથા કદાપિ નહિ.

આ ઉપરથી માલમ પડે છે કે, અદ્વૈતવાદના સિદ્ધાંત મુજબ સર્વવ્યાપી, અપરિણામી, અમર આત્માનું અસ્તિત્વ બની શકે તેટલું સિદ્ધ કરી બતાવાય એમ છે. મુશ્કેલી જે છે તે વ્યષ્ટિના સંબંધમાંજ છે. જે દ્વૈતવાદની ભાવનાઓનો આપણા ઉપર આવો જબરજસ્ત કાબુ છે તેનું નિરાકરણ આપણે શી રીતે કરીશું? યાને સસીમ, અને ક્ષુદ્ર વ્યક્તિગત આત્માઓસંબંધી આપણી પરાપૂર્વથી ચાલી આવેલી ભાવનાઓ કે જેમાં થઇને આપણુ બધાંયને પસાર થવાનું છે તેનું નિરાકરણ શી રીતે કરીશું?

એ તો આપણે જોઇ ગયાં છીએ કે, સમષ્ટિભાવે આપણે અમર્ત્ય કિંવા અમર છીએ; પણ મુશ્કેલી એ આવીને નડે છે કે, સમષ્ટિના અંશરૂપે યાને વ્યક્તિતરીકે પણ અમર રહેવાની આપણે ઉગ્ર ઇચ્છા ધરાવીએ છીએ તેનું કેમ? વળી આપણે અનંત છીએ અને તેજ આપણું વાસ્તવિક વ્યક્તિત્વ છે; એ પણ આપણે જોઇ લીધું છે. પરંતુ આપણે આ ક્ષુદ્ર જીવાત્માઓને વ્યક્તિઓતરીકે પ્રતિપન્ન કરી તેમને અનંત અને અમર બનાવવા ચાહીએ છીએ. તો પછી આપણા નિત્ય જીવનમાં જણાતા આ ક્ષુદ્ર વ્યક્તિત્વનું શું? આપણે જોઇએ છીએ કે, તેમનું વ્યકિતત્વ છે, પણ તે વ્યકિતત્વ નિરંતર વૃદ્ધિંગત થનારૂં યાને વિકાસશીલ

છે; એ વ્યકિતત્વો એનાં એ છેયે ખરાં અને નથી પણ-અર્થાત્ કે કાલનો 'હું' આજે હુંયે ખરો અને નથી પણ. હવે આ બધાં પરિવર્તનોની મધ્યમાં એક અપરિવર્તનીય સૂત્ર રહેલું છે; એવી દ્વૈતમતાત્મક ભાવનાથી આપણે મુક્ત બનીએ, અને વર્તમાનકાળની છેલ્લામાં છેલ્લી જે ક્રમવિકાસની ભાવના તેની મદદ લઇએ, તો આપણને સમજાશે કે આ 'હું' નિરંતર પરિવર્તનશીલ છે, પણ તેની અંદર એક સાદૃશ્ય એટલું રહેલું છે કે તે નિત્યવિકાસશીલ છે.

હવે એ વાત જો સાચીજ હોય કે, મનુષ્યપ્રાણી એ એક જાતના માંસલ જંતુના ક્રમવિકાસના પરિણામરૂપ છે, તો તે માંસલ જંતુવિશિષ્ટ અને મનુષ્ય એકજ પદાર્થ છે. ફેરમાત્ર એટલો કે, મનુષ્યપ્રાણી એ માંસલ જંતુનું અધિક પ્રમાણમાં વિકસિત રૂપ છે-અર્થાત્ કે માંસલ જંતુ ક્રમશઃ વિકાસને પ્રાપ્ત કરતો કરતો અનંતતા તરફ પ્રયાણ કરી રહ્યો છે અને આ ક્ષણે તે અનંતતાની મનુષ્યકોટીને પ્રાપ્ત થયો છે. તેથી સીમાબદ્ધ જીવાત્માને પણ વ્યકિત કહી શકાય, પણ તે એવી વ્યકિત કે જે ક્રમવિકાસને નિરંતર પ્રાપ્ત કરી અનંત વ્યકિતમાં પરિણત થવા પ્રયાસ કરી રહી છે. જીવાત્માનું અત્યારનું વ્યકિતત્વ અપૂર્ણ છે. સંપૂર્ણ વ્યકિતત્વ તો જીવાત્માને ત્યારેજ પ્રાપ્ત થશે કે જ્યારે તે અનંતને પહોંચ્યો હશે. બાકી અનંતતાની આ બાજુએ-યાને અનંતતાને પ્રાપ્ત થતાં પહેલાં તો તે નિરંતર બદલાતી ને વિકાસ પામતી વ્યકિતજ છે. અદ્વૈતના વેદાંતવાદની આ એક ખુબી છે કે, તે તેના પૂર્વગામી વિરોધી મતોનો વિરોધ ટાળીને એકબીજાની સાથે તેમનો મેળ બેસાડી આપે છે. તેની આ રીત અનેક પ્રસંગે તેને પોતાને અતિ ઉપકારક નિવડી છે, તેમ અનેક વાર નુકસાનકર્તા પણ નીવડી છે. જે સિદ્ધાંતને અત્યારે તમે ક્રમવિકાસવાદ અથવા ઉત્ક્રાંતિવાદતરીકે ઓળખો છો, તે સિદ્ધાંત અમારા પ્રાચીન તત્ત્વવેત્તાઓને પણ અવગત હતો; અર્થાત્ વૃદ્ધિ કિંવા વિકાસ ક્રમેક્રમે થાય છે, એ વાતથી તેઓ પૂર્ણ વાકેફગાર હતા, અને તેથીજ તેઓ પોતાના પૂર્વગામી મતમતાંતરોનું સામંજસ્ય સાધવા યાને તેમની એકવાકયતા કરી બતાવવાને પ્રેરાયા હતા. પરિણામે તેમણે એકે પૂર્વગામી મતનો ઈન્કાર કરી તેને સાવ ઉડાવી દીધો નથી. ત્યારે બૌદ્ધમતનો આજ એક દોષ હતો કે, તેને આ ક્રમવિકાસના સિદ્ધાંતનું જ્ઞાન નહોતું, અને એ ખામીને લીધે તેણે અંતિમ લક્ષ્યને પહોંચવાનાં પગથીઆંરૂપ જે પૂર્વવર્તી મતો તેમની સાથે પોતાનું સામંજસ્ય યાને એકવાકયતા સાધવાનો મુદ્દલ પ્રયત્નજ કર્યો નહિ, અને તે બધાયને નકામા અને નુકસાનકર્તા ગણીને ત્યજી દીધા.

આ જાતની વૃત્તિ ધર્મના ક્ષેત્રમાં અત્યંત હાનિકર નીવડે છે.

એક માણસને એકાદ નવીન અને ઉચ્ચતર વિચાર સ્ફૂરે છે, એટલે પછી તે પોતે છોડી દીધેલા પૂર્વના વિચારોપર એક વાર નજર ફેરવી લે છે અને તેનીજ સાથે સિદ્ધાંત બાંધી દે છે કે, એ બધાજ વિચારો અનિષ્ટ અને અનાવશ્યક હતા. પરંતુ આની સાથે તે એટલો વિચાર કરવાયે નથી થોભતો કે, એણે ત્યાજ્ય ઠરાવેલા એ વિચારો તેના વર્તમાન દૃષ્ટિબિંદુને ગમે તેવા અપરિપકવ ભાસતા હશે, તથાપિ તેજ અપરિપકવ વિચારો તેને પોતાને ઉપકારક નીવડ્યા હોઇ તેની અત્યારની ઉન્નત સ્થિતિને પ્રાપ્ત કરાવનાર તેજ હતા. આપણ પ્રત્યેક જણનો વિકાસ એજ રીતે થવાનો છે; એટલે કે શરૂઆતની દશામાં એ અપરિપકવ વિચારોનો આશરો લઇ તેમાંથી શક્ય તેટલો લાભ ઉઠાવી ક્રમેક્રમે ઉચ્ચતર ને ઉચ્ચતર પાયરીને પ્રાપ્ત થવાનું છે. એ વાત લક્ષમાં રાખીને અદ્વૈતવાદ અતિ જૂનામાં જૂના મતોની સાથે પણ મૈત્રાભાવ રાખે છે. એ રીતે અદ્વૈતવાદ, દ્વૈતવાદ તેમજ તેની પૂર્વેના અન્યાન્ય મતોનો જે સ્વીકાર કરે છે, તે આશ્રયદાતાના ધમંડથી નહિ, પણ તેઓ બધા એકજ પરમ સત્યના સાચા આવિર્ભાવો હોઇ તેઓ બધાજ પોતે પ્રાપ્ત કરેલા અંતિમ સિદ્ધાંત તરફ દોરી જનાર પગથીઆં છે, એવું ખાત્રીપૂર્વક માનીનેજ.

તેથી કરીને, આ વિવિધ પગથીઆરૂપ પ્રાચીન મતોનું કે જેના ઉપર રહીને મનુષ્યજાતિએ આગળ વધવાનું છે તે બધાયનું નિંદાપૂર્વક નહિ પણ આશીર્વચન સાથે બધાંયનું સંરક્ષણ થવું ઘટે છે. એ સૂત્રને અનુસરીનેજ વેદાંતે બધા દ્વૈત મતમતાંરોને ઇન્કારપૂર્વક ઉડાવી દેવાને બદલે જેમના તેમ પોતાની અંદર સમાવી લીધા છે. અને તે મુજબ આ સસીમ છતાં સ્વયંપૂર્ણ જીવાત્માવિષેના દ્વૈતભાવને પણ વેદાંતની અંદર યોગ્ય સ્થાન મળેલું જણાઈ આવે છે.

દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ મનુષ્ય મરી જાય છે ત્યારે અમુક કે તમુક અપરલોકમાં જાય છે, એવા એવા ખ્યાલ છે એ વિચારોને પણ વેદાંત જેમના તેમ અખંડિત રહેવા દે છે. કારણકે અદ્વૈતવાદનો અંગીકાર કરવા છતાં એ બધા મતોનું તેમના યોગ્ય સ્થાનમાં સંરક્ષણ કરી શકાય છે; અને તેમ કરતાં માત્ર એટલું માનવાની જરૂર રહે છે કે, તેઓ પ્રકૃત સત્યનું આંશિક દર્શન કરાવનારા છે.

દ્વૈતવાદીઓના દૃષ્ટિબિંદુથી જોતાં તો આ જગત એ કેવળ જડ દ્રવ્ય કિંવા શક્તિનુંજ પરિણામ લેખી શકાય, અને અમુક ઇચ્છાશક્તિના ખેલરૂપજ ગણી શકાય; અને તે ઇચ્છાશક્તિ પણ કેવી ? તો કે જગતથી સાવ ભિન્ન. એટલે કે એ દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ તો મનુષ્યે પોતાને શરીર અને આત્મા એ દ્વિવિધ તત્ત્વોનો બનેલો સમજવાનો છે; અને એ આત્મા સસીમ હોવા છતાં તેનું

વ્યક્તિત્વ સ્વયં સંપૂર્ણ છે એમ માનવાનું છે. હવે આવા મનુષ્યના અમરત્વ અને ભાવિ જીવનના ખ્યાલો પણ તેના આત્માના ખ્યાલને અનુસરતા હોય એ તો દેખીતુંજ છે. એ ખ્યાલો અથવા ભાવોને પણ વેદાંતમાં સાચવી રાખવામાં આવ્યા છે, અને તેથી દ્વૈતવાદીઓમાં ખૂબ પ્રચલિત થયેલા ખ્યાલોમાંના કેટલાક ખ્યાલો તમને કહી બતાવવાની હું જરૂર જોઉં છું. આ દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ આપણને અલબત એક દેહ તો છેજ, અને એ સ્થૂળની પછવાડે એક સૂક્ષ્મ દેહ પણ હોય છે. આ સૂક્ષ્મ અથવા લિંગદેહ પણ સ્થૂળદેહની માફક જડ તત્ત્વનોજ બનેલો હોય છે; પરંતુ ફેર એટલો કે, સૂક્ષ્મદેહનું જડ તત્ત્વ પણ અતિશય સૂક્ષ્મ હોય છે. એ લિંગદેહજ આપણાં સર્વ જાતનાં કર્મ અને સંસ્કારોને રહેવાનું સ્થાન છે, અને તેમાંથીજ તેઓ જરૂર પડે ત્યારે સ્થૂળરૂપમાં પ્રગટી નીકળે છે. આપણે વિચારીએ છીએ તે પ્રત્યેક વિચાર અને કરીએ છીએ તે દરેક કાર્ય અમુક મુદત પછી સૂક્ષ્મતાને પામી બીજરૂપમાં પરિણમે છે, અને ભાવાત્મક દશામાં સૂક્ષ્મશરીરમાં કિંવા લિંગદેહમાં વસે છે, અને ત્યાંથી થોડાક સમય બાદ તે ફરીને પાછા ફૂટી નીકળી ફળરૂપે દેખા દે છે. એ લિંગદેહમાં સંચિત થયેલાં કર્મ અને સંસ્કારોનું ફળજ મનુષ્યનું જીવતર ઘડે છે. આ રીતે પ્રત્યેક મનુષ્ય પોતેજ પોતાનું ભાવિ જીવન ઘડે છે. મનુષ્યે પોતેજ પોતાને માટે નિર્માણ કરેલા નિયમો સિવાય યાને તેનાં કર્મફળ સિવાય બીજા કોઇજ નિયમો તેને બંધનકર્તા હોતા નથી. મતલબ કે, પ્રત્યેક મનુષ્ય પોતાનાં કર્મફળથી બંધાયલો છે. ભલા કે બૂરાને માટે આપણી આસપાસ જે જાળ આપણે નાખીએ છીએ, તે જાળના તાર આપણા વિચારો, વચનો અને કૃત્યોજ પૂરા પાડે છે. અમુક એક શક્તિને આપણે એક વાર ગતિમાં મૂકી કે તેનાં સારાં નરતાં સંપૂર્ણ પરિણામો આપણે પોતાને માથે ઉઠાવવાંજ રહ્યાં. કર્મનો નિયમ આ પ્રકારનો છે. લિંગદેહની પાછળ જીવ કિંવા મનુષ્યનો વ્યક્તિગત આત્મા રહેલો છે. આ વ્યક્તિગત આત્મા કિંવા જીવના રૂપ અને કદ વિષે વિવિધ વાદો અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક કહે છે કે, તે પરમાણુ જેવો નાનો છે; ત્યારે બીજા કેટલાકનું એવું માનવું છે કે, તે એટલો બધો તો નાનો નથીજ; ત્યારે વળી અન્ય કેટલાક એવું માને છે કે, તે અતિશય મોટો છે, વગેરે વગેરે. આ જીવ વિશ્વવ્યાપી અનંતસત્તા કહેતાં બ્રહ્મનો અંશ હોઇ શાશ્વત, અનાદિ અને અનંત છે. પવિત્રતા અને વિશુદ્ધિ એ તેનો અસલ સ્વભાવ છે, અને તે અસલ સ્વભાવને વ્યક્ત કરવા માટેજ તે વિવિધ રૂપોમાંથી પસાર થાય છે. આ વ્યક્ત દશાને પાછું હઠાવનારૂં પ્રત્યેક કાર્ય દુષ્કર્મ અથવા પાપ કહેવાય છે, અને

તેવો વિચાર પણ પાપ કહેવાય છે. ત્યારે જીવાત્માને વિકસવામાં અને તેનો પોતાનો પ્રકૃત સ્વભાવ વ્યકત કરવામાં સહાયભૂત થનાર પ્રત્યેક કાર્ય અને વિચાર શુભ કર્મ કહેવાય છે. ભારતવર્ષના અપરિપકવમાં અપરિપકવ દ્વૈતવાદીઓ તેમજ સૌથી શ્રેષ્ઠ પ્રગતિમાન અદ્વૈતવાદીઓની વચ્ચે જે એક સામાન્ય સિદ્ધાંત નજરે પડે છે, તે આ છે કે, જીવાત્માની બધીજ શકયતાઓ અને શકિતઓ તેની પોતાની અંદરજ રહેલી હોઈ તે કોઇ પણ બહારના સ્થાનમાંથી આવતી નથી. એ બધીજ શકિતઓ અવ્યકતભાવે આત્માની અંદરજ રહેલી છે, અને મનુષ્યમાત્રના જીવનની સઘળી કાર્યવાહી એ અવ્યકત શકિતઓને વ્યકત કરવાની દિશામાંજ પ્રેરાય છે.

તેઓ પુનર્જન્મવાદ પણ માને છે. આ પુનર્જન્મવાદ એવી જાતનો છે કે આ દેહના લય પછી જીવને બીજો દેહ પ્રાપ્ત થશે અને તેના પંચત્વ પછી વળી બીજો—એ રીતે જન્માંતર આ લોકમાં કે અન્ય લોકમાં થયાજ કરે છે. પરંતુ આ મૃત્યુલોકમાં જન્મ થાય એ વધારે પસંદ કરવા યોગ્ય મનાય છે. કેમકે આપણા હિતને માટે યાને મુક્તિની પ્રાપ્તિ માટે આ લોકજ સર્વોત્તમ ગણાય છે. સ્વર્ગ અને બીજા અપર લોકો એવી જાતના કલ્પાયા છે કે જ્યાં દુઃખનું પ્રમાણ નહિ જેવું હોય છે; પરંતુ તેજ કારણને લીધે તેઓ દલીલ કરે છે કે, એ અપર લોકોમાં ઉચ્ચતર અને ઉન્નતિકર વાતોનો વિચાર આવવાનો સંભવ ઓછો છે. ત્યારે આ મર્ત્યલોકમાં સુખનું પ્રમાણ ઓછું અને દુઃખનું પ્રમાણ અધિક હોવાથી જીવ એક યા બીજા જન્મમાં જાણે જાગ્રત બને છે; અને પોતાની જાતને બંધનમુક્ત કરવાનો વિચાર કરે છે. પરંતુ આ દુનિયામાં અતિ ધનવાન મનુષ્યોને સુખવૈભવ કરતાં ઉચ્ચતર વિચારો આવવાનો સંભવ જેમ ઓછો હોય છે, તેમ જીવને માટે સ્વર્ગમાં અને અન્ય અપર લોકમાં પણ પ્રગતિ થવાનો સંભવ ઓછો હોય છે. કારણ કે ત્યાં તેની સ્થિતિ વિપુલ પ્રમાણમાં પણ આ લોકના ધનાઢયો જેવીજ હોય છે. ત્યાં એના સૂક્ષ્મશરીરને વ્યાધિ પીડી શકતો નથી, અને ખાવાપીવાની કંઇજ કડાકૂટ એને કરવી પડતી નથી, તથા તેની બધીજ જાતની ભોગવાસનાઓ આપોઆપ તૃપ્ત થયા કરે છે. ત્યાં આગળ જીવને ઉપરાછાપરી સુખવિલાસ ભોગવતા થકા રહેવાનું મળે છે, અને તેથી તે પોતાના અસલ મુક્ત સ્વભાવને વિસરી જાય છે. આ સ્વર્ગલોકો કરતાં બીજા કેટલાક એવા પણ ઉચ્ચતર લોકોની કલ્પના છે કે જ્યાં જીવનો આગળ વિકાસ થવાનો સંભવ હોય છે. તે મુજબ કેટલાક દ્વૈતવાદીઓ ઉત્તમોત્તમ અંતિમ લોકતરીકે વૈકુંઠ કે ગોલોક જેવા સ્થાનની કલ્પના કરે છે, અને એમ માને છે કે, ત્યાં આગળ જીવોને ચિરકાળ પ્રભુના સહવાસમાંજ રહેવાનું પ્રાપ્ત થાય છે.

અહીં તેમને સુંદર દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે અને તેને વ્યાધિ, જરા, મૃત્યુ કે અન્ય કંઇ અનર્થ કંઇજ બાધા કરી શકતા નથી, તથા તેમની બધીજ વાસનાઓ તૃપ્ત થયે જાય છે. એ વૈકુંઠ કે ગોલોક કિંવા સત્યલોકને પ્રાપ્ત થયેલા જીવો પૈકી કેટલાક કોઈ કોઈ વાર ફરીને આ પૃથ્વીપર મનુષ્યજાતિને પ્રભુનો માર્ગ બતાવવાના ઉદ્દેશથી મનુષ્યરૂપે અવતરે છે. દુનિયામાં જન્મતા મહાન પેગંબરો અથવા અવતારો આ કોટિનાજ જીવો હોય છે. તેઓ મુક્તાવસ્થાને પામી ચૂકેલા અને પ્રભુના ઉત્તમોત્તમ ધામમાં સતત પ્રભુના સહવાસમાં રહેનારા જીવો હોય છે; પણ કષ્ટાતી રીબાતી મનુષ્યજાતિ માટે તેમનો પ્રેમ અને સમભાવ એટલો બધો તીવ્ર હોય છે કે રીબાતી મનુષ્યજાતિને દુઃખમાંથી છોડવી સ્વર્ગ અને તેથી પણ ચઢીઆતા પ્રભુના ધામપ્રતિ વાળવાના શુભ હેતુથી તેઓ પૃથ્વીપર ફરીને અવતાર લે છે.

હવે આ સંબંધમાં અદ્વૈતવાદનો મત કેવો છે તે તો આપણે અલબત જાણીએજ છીએ. અદ્વૈતવાદ એવું પ્રતિપાદન કરે છે કે, એ રીતે દિવ્ય છતાં સદેહાવસ્થામાં પ્રભુનું સતત સાનિધ્ય પ્રાપ્ત કરવું એ અંતિમ ધ્યેય કે આદર્શ હોઇ શકેજ નહિ. વિદેહાવસ્થા યાને અસીમતા અને અનંતતાજ જીવમાત્રના આદર્શ હોવા જોઇએ. અંતિમ આદર્શ અંતવાન હોયજ નહિ. અનંતથી ઉતરતો આદર્શ હોઈ શકેજ નહિ, અને દેહ અનંત હોવાનો કદાપિ સંભવ નથી. દેહ સસીમતામાંથીજ ઉત્પન્ન થતો હોવાથી કાર્યકારણના ન્યાયે તે અસીમ કિંવા અનંત હોવાની શકયતાજ નથી. એ રીતે વિચાર પણ અનંત હોઈ શકે નહિ, કેમકે વિચારની ઉત્પત્તિ પણ સસીમતામાં રહેલી છે. એટલા માટે અદ્વૈતનું કથન છે કે, મુક્તિમાટે આપણે દેહ તેમજ વિચારથી પણ પર જવાનું છે. અને આપણે એ પણ જોઇ લીધું છે કે, એ મુક્તાવસ્થા આપણે કયાંયથી પ્રાપ્ત કરવાની નથી, પણ તે મૂળ અસલથી આપણી પોતાની છે. આપણને તે સ્વભાવસિદ્ધ હોવા છતાં તેની ફામ આપણને રહી નથી, અને તેથીજ આપણી અંદરના તેના અસ્તિત્વનો આપણે ઇન્કાર કરીએ છીએ. જ્ઞાન પણ બીજે કયાંયથી પ્રાપ્ત કરવાનું નથી, તે આપણા પોતામાં મૂળથીજ મોજુદ છે. એજ પ્રમાણે અમરત્વ અને પરમાનંદ પણ કયાંયથી મેળવવાનાં રહેતાં નથી; પરંતુ તેમનાપર પણ આપણી પોતાનીજ મૂળ માલીકી છે. એ બધા ગુણો સદા સર્વદા આપણા પોતાનાજ છે.

તમે મુક્ત છો, એમ સમજવા અને અનુભવવાને તમે શક્તિ બતાવી શકો, તો અત્યારે ને અબઘડીએજ તમે મુક્ત છો. એમ નહિ કરો ત્યાંસુધી તમે બદ્ધાવસ્થામાંજ રહેવાનાં. અદ્વૈતવાદ આજ મત સાહસભેર જાહેરમાં

મૂકે છે. દ્વૈતવાદીઓના વિચારો પણ હું તમારી આગળ રજુ કરી ગયો છું. એમાંથી તમને જે પસંદ પડે તેને ઉઠાવો અને અપનાવો.

વેદાંતનો આ સર્વશ્રેષ્ઠ આદર્શ સામાન્ય રીતે સમજાવો બહુ અઘરો છે, અને તેથી લોકો એનાપર હમેશાં વિવાદ ચલાવે છે. એમાં મોટામાં મોટી મુસ્કેલી આવીને એ ઉભી રહે છે કે, લોકોના મનમાં અમુક એક મત વસી જાય છે, એટલે તેઓ બીજા મતનો ઈનકાર કરીને બીજા મતાવલંબીઓની સાથે વિવાદના અખાડામાં ઉતરી પડે છે. તમે તેમ ન કરશો. તમને રૂચે તે મત તમે ગ્રહણ કરો, અને બીજાને ફાવતો આવે તે બીજાને સ્વીકારવા દો. તમારી ઈચ્છા જો આ ક્ષુદ્ર વ્યક્તિત્વને યાને આ સસીમ મનુષ્યપણાને વળગી રહેવાની હોય, તો ભલે તેની તે અવસ્થામાં રહ્યા કરો અને તેમાંજ સંતોષ માનો ને રાજી થાઓ. મનુષ્યપણાનો તમારો અનુભવ જો સારો અને સુંદરજ હોય, તો તમારી ઈચ્છા હોય ત્યાંસુધી તે રાખો અને તમારાથી તે વાત બની શકે તેવી પણ છે; કારણ કે તમારા ભાગ્યવિધાતા તમે પોતેજ છો. એટલે તમારૂં મનુષ્યપણું તમારી પાસે મૂકાવી દેવાની કોઇ તમને ફરજ પાડી શકે તેમ છેજ નહિ. તમારી મરજી હશે ત્યાંસુધી તમે મનુષ્યના મનુષ્ય અવતર્યા કરશો, કોઈથી તમને કશોજ અટકાવ થઈ શકશે નહિ. તમારા પૈકી જેમને ફિરસ્તા બનવું હશે તેઓ ફિરસ્તા પણ બની શકશે. કારણ કે એ તો એક નિયમજ છે કે 'જેવી કૃતિ તેવી ગતિ.' પરંતુ કેટલાંક જણ વળી એવાં પણ હશે, કે જેમને ફિરસ્તાપણું સુદ્ધાં નહિ રૂચતું હોય. એમના એ વિચારથી તમારે ભડકવાનું લેશ માત્ર પ્રયોજન નથી. એમનો એ ખ્યાલ ભયાનક છે એમ ધારી લેવાનો તમને શો અધિકાર છે વારૂ ? તમારી સો મહોરોની ભરેલી થેલી ગુમાઈ જતાં તમે હડબડી જાઓ તે સંભવિત છે. પણ દુનિયામાં બીજાં કેટલાંક એવાં પણ પડયાં હશે, કે જેમનું આ દુનિયામાંનું સર્વ દ્રવ્ય ગુમાઈ જવા છતાં તેઓ આંખનો એક પલકારો સરખો નહિ ભરે. દુનિયામાં એવાં માણસો થઇ ગયાં છે, અને હજી પણ છે. તેમને તમારા પોતાના ગજથી માપવાની ધૃષ્ટતા તમે શામાટે આદરો છો ? તમે તમારી મર્યાદાઓને સુખે વળગી રહો, અને આ ક્ષુદ્ર દુનિયાઈ ભાવનાઓને તમારો સર્વોત્તમ આદર્શ ભલે માન્યા કરો. તમને તે સદા સર્વદા મુબારક રહો. તમને તે યથામતિ તથા ગતિરૂપ નીવડશે. પરંતુ બીજાં કેટલાંક એવાં હોય છે કે જેમને સત્યની ઝાંખી થઇ હોય છે. તેમને આ સસીમતાના ક્ષેત્રમાં ગોંધાઈ રહેવામાં કળ નથી વળતી. તેઓ એનાથી કંટાળી ગયા હોય છે અને તેથી પર થવાની ઇચ્છા રાખે છે. આ દુનિયા અને તેના સકળ સુખવિલાસ જેમનાં તેમ છતાં તેમને મન એ બધું કાદવકીચડના

ખાબોચીયાંરૂપજ ભાસે છે. એવા લોકોને તમારા પોતાના વિચારોથી બાંધી રાખવાની ઇચ્છા તમે શામાટે રાખો છો ? આવી જાતની ક્ષુદ્ર વૃત્તિથી તો તમારે બધાંયે એક વાર મુક્ત થયેજ છૂટકો છે. જગતમાં દરેક જણને તેનું યોગ્ય સ્થાન સુખે લેવા દો.

દક્ષિણ મહાસાગરના ટાપુઓમાં પ્રચંડ વાવાઝોડાના તોફાનમાં સપડાયલાં કેટલાંક વહાણોની હકીકત એક વાર મારા વાંચવામાં આવી હતી; અને તેને લગતું એક ચિત્ર પણ ‘ ઇલિસ્ટ્રેટેડ લંડન ન્યુસ ’ યાને ‘ સચિત્ર લંડન સમાચાર ’ નામના છાપામાં આવ્યું હતું. તેમાં એક અંગ્રેજ વહાણ સિવાય બીજાં બધાંજ વહાણો ભાંગી ગયેલાં બતાવવામાં આવ્યાં હતાં. તે અંગ્રેજ વહાણ એ તોફાનની સામે ટક્કર ઝીલતું આગળ હંકારી રહ્યું હતું. હવે, આ ચિત્રમાં એવો દેખાવ હતો કે ભાંગેલાં વહાણોપરનાં માણસો કે જેઓ ડૂબવાની અણીપર હતાં, તેઓ તૂતકપર ઉભાં રહીને ડૂબતાં ડૂબતાં પણ તોફાનમાંથી છટકી જતાં. તે અંગ્રેજ વહાણનાં ઉતારૂઓને પ્રોત્સાહન આપતાં હતાં. કેવા બહાદૂર અને ઉદારચરિત એ લોકો! એમના જેવા બહાદૂર અને ઉદાર બનો, અને બીજાઓને તમારી ભૂમિકાપર ઘસડી પાડવાનો પ્રયત્ન કદી ન કરો. બીજો એક મૂર્ખાઇ-ભર્યો ખ્યાલ એવો પ્રવર્તે છે કે, આપણું આ ક્ષુદ્ર વ્યક્તિત્વ જો જતુંજ રહેશે, તો પછી દુનિયામાં નીતિનિયમ જેવું કંઇજ રહેશે નહિ અને તેમ થતાં મનુષ્યજાતિના ઉદ્ધાર માટેની તમામ આશાનો અંત આવશે. કેમ જાણે પ્રત્યેક જણ હરઘડીએ મનુષ્યજાતિના કલ્યાણ માટે મરી પરવારતો ન હોય! પ્રભુ તમારૂં કલ્યાણ કરો! મનુષ્યજાતિનું કલ્યાણ કરવાની વાસ્તવિક ભાવનાવાળાં બસો બસોજ નરનારીઓ પ્રત્યેક દેશમાં જો હયાત હોય, તો તો સત્યયુગ પાછો પાંચજ દિવસમાં પૃથ્વીપર ઉતરે. મનુષ્યજાતિના ભલા માટે આપણે કેવા મરી ફીટીએ છીએ તે તો આપણે બધાંજ પોત-પોતાનાં મનમાં સમજીએ છીએ. એ તો બધી મોટી મોટી વાતો છે, બીજું કંઇજ નહિ. દુનિયાનો ઇતિહાસ તો ઉલટો એમ બતાવી આપે છે કે, જેમણે પોતાના ક્ષુદ્ર વ્યક્તિત્વનો કદાપિ વિચાર કર્યો નહોતો તેવા લોકોજ માનવજાતિના ઉત્તમોત્તમ કલ્યાણકર્તા નીવડયા છે, અને પોતાના ક્ષુદ્ર વ્યક્તિત્વનો વધારે ને વધારે વિચાર કરનાર નરનારીઓને હસ્તક પરોપકારનાં કાર્યો ઓછાં ને ઓછાંજ થતાં ગયાં છે. એક વૃત્તિ નિઃસ્વાર્થતાની અને બીજી સ્વાર્થપરા-યણતાની છે. ક્ષુદ્ર સુખભોગોને વળગી રહેવાની વૃત્તિ અને આની આ વસ્તુસ્થિતિ કાયમ ટકી રહે કિંવા તેનુંજ પુનરાવર્તન થયા કરે એવી ઇચ્છા એ કેવળ સ્વાર્થપરાયણતાજ છે. એ વૃત્તિ સત્ય-જ્ઞાનની પ્રાપ્તિ માટેની કોઈ ઇચ્છામાંથી નથી ઉદ્ભવતી, યાને તેનું

મૂળ પારકાં માટેની દયા કે અનુકંપામાં નથી રહ્યું; પણ "મનેજ બધું મળો, બીજાંની મને શી પડી છે ?" એવી જાતની મનુષ્ય-હૃદયની અધમ સ્વાર્થપરાયણતામાં એનું મૂળ રહેલું છે. અલબત્ત, મને પોતાને તો આમજ લાગે છે. મારી તો એવી ઘણીયે ઇચ્છા છે કે, એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીનું ભલું થતું હોય, તો તેને માટે પણ પોતાની સેંકડો જીંદગી ન્યોછાવર કરી નાખે એવા પ્રાચીન કાળના એ મહાન પેગંબરો અને સંતપુરુષો આ પૃથ્વીપર ફરી દેખા દે. બાકી નીતિપ્રચાર અને પારકાંનું ભલું કરી નાખવાની અત્યારની વાતો ! એ તો સાવ મૂર્ખાઈભરેલો અને અર્થહીન બકવાદમાત્ર છે.

ભગવાન ગૌતમ બુદ્ધ જેવા નીતિમાન અને ચારિત્ર્યશીલ મનુષ્યોનાં દર્શન કરવાની મને આકાંક્ષા છે. એ ભગવાન પોતે સગુણ ઈશ્વર કે જીવાત્મામાં માનતા નહોતા, તેમને વિષે જિજ્ઞાસા સરખી તેમણે કદી કરી નહોતી; એટલુંજ નહિ પણ સંપૂર્ણ અજ્ઞેયવાદી હતા. આમ છતાં તેઓ કોઇને માટે પણ પોતાનું જીવન સમર્પી દેવા સદા સર્વદા તત્પર હતા, અને પોતાનું આખુંજ જીવન તેમણે સર્વ કોઇનું કલ્યાણ કરવામાં અને કલ્યાણ વાંચ્છવામાંજ વ્યતીત કર્યું છે. એમના જન્મનું વર્ણન કરતાં તેમના ચરિત્રકારે ઠીકજ લખ્યું છે કે "તેમનો જન્મ અનેકના કલ્યાણ માટે હતો, અનેકને આશીર્વાદરૂપ હતો." પોતાની મુક્તિ માટે તેઓ જંગલમાં તપ કરવા નહોતા ગયા; પણ તેમને લાગ્યું કે, દુનિયા બધી દુઃખથી બળી ઝળી રહી છે, અને તેમાંથી બચવાના રસ્તા શોધી કાઢવાની તેમની ફરજ છે. "દુનિયામાં આટલું બધું દુઃખ કેમ જણાય છે ?"–એજ એક પ્રશ્ન તેમના મનમાં જીવનભર ઘોળાયા કરતો હતો. આ બુદ્ધ ભગવાન જેટલા આપણે નીતિમાન અને ચારિત્ર્યશીલ છીએ એવું શું તમે માનો છો?

માણસ જેટલો સ્વાર્થપરાયણ વધુ, તેટલોજ અનીતિમાન પણ વધુ. આખી જાતિ કે પ્રજાના સંબંધમાં પણ તેવોજ પ્રકાર સમજવાનો છે. જે જાતિ પોતાનાજ સ્વાર્થોમાં આંધળી ભીંત થઇને રચી પચી હોય છે, તે જાતિ જગતભરમાં ક્રૂરમાં ક્રૂર અને દુષ્ટમાં દુષ્ટ હોય છે. નિઃસ્વાર્થીઓના નામપર સ્થપાયલા ધર્મોના સ્વાર્થી અનુયાયીઓના જેટલું લોહી છાંટનાર અને નિર્દયતા વરસાવનાર અન્ય કોઈ નથી. અમુકમાં શ્રદ્ધા નહિ રાખનારની કતલ કરવી તે તેના પ્રત્યે દયા દેખાડવા સમાન છે! અને સર્વાંગ સુંદર હૂરીઓ તથા વિવિધ પ્રકારના ભોગવિલાસોથી ભરપૂર સ્વર્ગને પ્રાપ્ત થવાનો ખાત્રીમાં ખાત્રીભર્યો માર્ગ એજ છે કે, અન્ય ધર્મવાળાઓને ખરાબ ગણીને તેમને પોતાનો ધર્મ સ્વીકરાવવો ને ન સ્વીકારે તો તેમનો સંહાર કરવો ! આવી આવી માન્યતાઓને પરિણામે કેટલું બધું લોહી આ

ધરતી માતાને ખોળે છંટાયું છે તેનો વિચાર તમે પોતેજ કરી જુઓ.

ઈસુ ખ્રિસ્તના ધર્મમાં થોડીક અપરિપકવતા છે. ઇસુ ખ્રિસ્તે સ્થાપેલા શુદ્ધ ખ્રિસ્તી ધર્મ અને વેદાંત વચ્ચે થોડોકજ ફેર છે. ખ્રિસ્તી ધર્મમાં આપણુને અદ્વૈત કિંવા એકત્વનો ખ્યાલ રહેલો જણાઇ આવે છે, પણ સાધારણ લોકોને એ ઉચ્ચતમ આદર્શ પ્રતિ દોરવાના શુભ હેતુથી દ્વૈતવાદનો ઉપદેશ પણ ઇસુ ભગવાને કરેલો છે; પણ તે એકતાના ઉચ્ચતમ આદર્શને પહોંચવાના પગથીઆતરીકેજ. "સ્વર્ગમાં વસનારા અમારા ઓ બાપ!" એમ કહી પ્રાર્થના કરનારા એના એજ પેગંબરનો ઉપદેશ છે કે "હું અને મારા બાપ (કહેતાં પ્રભુ) એકજ છીએ." આ ઉપરથી જણાય છે કે 'સ્વર્ગમાં વસનાર બાપ'ના નીમ્નતર દ્વૈતભાવમાં થઇનેજ "હું અને મારો બાપ એક છીએ" એવા ઉચ્ચતમ અદ્વૈતભાવને પ્રાપ્ત થવાનો રસ્તો રહેલો છે, એટલે કે દ્વૈતભાવથી ઇશ્વરની ઉપાસના કરતાં કરતાંજ અદ્વૈતભાવને પમાય છે, એ વાતની તે મહાન પેગંબરને ખબર હતી. ઇસુ ખ્રિસ્તના મૂળ ધર્મમાં પ્રેમ અને આશીર્વાદના ઓઘ ઉડતા હતા; પણ આગળ જતાં તેનામાં જેમ જેમ વિકૃતિઓ પ્રવેશ કરતી ગઇ, તેમ તેમ તે ધર્મ એટલો બધો અવનત દશાને પ્રાપ્ત થતો ગયો કે પરિણામે તે તેટલો સારો રહ્યો નહિ અને પરધર્મ અસહિષ્ણુ બની ગયો. તે ખરેખાત એક મોટી વિકૃતિજ હતી-આ ક્ષુદ્ર 'અહં' માટેની મારામારી, અને ક્ષુદ્ર 'અહં'ને કેવળ આ જીંદગીમાંજ નહિ પણ મૃત્યુ પછી પણ વળગી રહેવાની ભાવના એ જબરજસ્ત વિકૃતિ છે; છતાં કેવું આશ્ચર્ય કે, એને નિઃસ્વાર્થપરાયણતા કહી ઓળખાવે છે, અને એનેજ નીતિ તથા સદાચારનો પાયો ગણે છે! આ ક્ષુદ્ર 'અહં'-ભાવ યાને સ્વાર્થપરાયણતા એજ જો નીતિનો પાયો હોય, તો પ્રભુ આપણને તેનાથી બચાવે! કેવું આશ્ચર્ય કે, જે નરનારીઓને એના કરતાં ઉત્તમ ભાવને પીછાનવાની જરૂર છે તેઓ એમ માની બેઠાં છે કે, આ ક્ષુદ્ર અહંનો લોપ થવાથી જગતમાંની બધી નીતિમત્તા રસાતળમાં જતી રહેશે! ખરી નીતિમત્તા આ ક્ષુદ્ર અહંના ખંડિયેર-પરજ ખડી રહી શકે, એ વિચાર સાંભળતાં તેઓ આભાજ બની જાય છે; પરંતુ તેમણે જાણવું જોઇએ કે, સકળ પ્રકારનાં કલ્યાણ અને સકળ જાતની નીતિમત્તાનો મૂળ મંત્ર 'હું' નહિ પણ 'તું' છે. સ્વર્ગ કે નરકની આપણને શી પરવા છે? આત્મા છે કે નહિ તેની ચિંતા આપણે શાને કરવી? તેમ કોઇ અવિકારી, અપરિણામી સત્તા છે કે નહિ તેની પણ દરકાર આપણને શાને જોઇએ? આપણી આગળ તો દુઃખમાં ખદબદતી આ દુનિયા પથરાયલી છે. એ દુઃખોને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણ, બુદ્ધ, ખ્રિસ્ત, મહંમદ ઇત્યાદિ

સાચા મહાપુરુષોની માફક બહાર પડો, અને કાં તો તેને થોડાઘણા પ્રમાણમાં પણ ઓછાં કરો કે પછી તે પ્રયત્નમાં તમારા જીવનની આહુતિ અર્પી દો. તમારા આ ક્ષુદ્ર 'સ્વ'ને ભૂલી જાઓ; તમે આસ્તિક હો કે નાસ્તિક હો, વેદાંતી હો કે અજ્ઞેયવાદી હો, ખ્રિસ્તી હો કે મુસલમાન હો; પણ તમારે બધાંયને સૌથી પહેલો અને અગત્યનો પાઠ એજ શીખવાનો છે કે, આ ક્ષુદ્ર 'સ્વ'ની ભાવનાનો યાને સ્વાર્થવૃત્તિનો બિલકુલ નાશ કરો અને તેને ઠેકાણે **नाहं नाहं तुंहि तुंहि** એ સત્ય ભાવની પ્રતિષ્ઠા કરો. એમાંજ મનુષ્યજાતિનું કલ્યાણ અને ઉન્નતિ રહેલાં છે.

જગતની અંદર બે શક્તિઓ સમાંતર રેખામાં સાથે સાથે કાર્ય કરી રહી છે–એક 'અહં'ની અને બીજી 'નાહં'ની. એ શક્તિઓનો આવિર્ભાવ કેવળ મનુષ્યોમાંજ નહિ પણ પશુઓની અંદર તેમજ ક્ષુદ્ર જંતુઓની અંદર પણ જોવામાં આવે છે. જે વાઘણ પોતાનો પંજો મનુષ્યના ઉષ્ણ રુધિરમાં ઝબકોળતાં જરાયે અચકાતી નથી, તેજ વાઘણ પોતાના બચ્ચાનું જતન કરતાં પોતાનો જાન સુદ્ધાં આપી દે છે. જે નરપિશાચને પોતાના માનવબંધુઓના જાન લેતાં જરા પણ અરે નથી આવતી તેવા કઠોર વૃત્તિવાળાનું મન પણ પોતાનાં ભૂખે મરતાં સ્ત્રીબાળકનું દુઃખ જોઇ પીગળી જાય છે, અને તેમને બચાવવા કાજે પોતાનો પ્રાણ આપવો પડે તો તે પણ વગર આનાકાનીએ આપી દે છે. એ પ્રમાણે સારીય સૃષ્ટિમાં આ સ્વાર્થપરતા અને નિઃસ્વાર્થપરતાની ઉભય શક્તિઓ સાથે સાથેજ કાર્ય કરી રહેલી જણાય છે. જે ઠેકાણે એકની હાજરી જણાય તે ઠેકાણે બીજીની પણ જણાવાનીજ. સ્વાર્થપરતાનો પ્રધાન હેતુ સંચય છે, ત્યારે નિઃસ્વાર્થપરતાનો હેતુ પરિત્યાગ છે. એક શક્તિ પોતાને માટે ગ્રહણ કરે છે, ત્યારે બીજી પોતાનું હોય તે આપી દે છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીથી માંડીને તે ઉત્તમમાં ઉત્તમ પ્રાણીપર્યંતનું આ સમસ્ત બ્રહ્માંડ આ બે શક્તિઓનું જાણે ક્રીડાંગણ છે. આ વાતને સિદ્ધ કરી બતાવવા કોઇ પ્રમાણની જરૂર નથી, કેમકે તે સ્વતઃ પ્રમાણ હોઈ સૌ તેને પોતપોતાના મનમાં સમજી જઇ શકે છે.

સ્પર્ધા અને સંગ્રામ એ ઉભય શક્તિ પૈકી એકાદી પરજ આ જગતનો સઘળો કાર્યભાર અને વિકાસ અવલંબી રહ્યો છે, એમ કહેવાનો સમાજના કોઇ પણ વર્ગને શો અધિકાર છે વારુ? રાગ, દ્વેષ અને લડાલડી તથા સ્પર્ધા અને સંઘર્ષણપરજ જગતનું તંત્ર ચાલે છે, એમ કહેવાનો પણ કોઈને શો અધિકાર છે? આ જાતની શક્તિઓ જગતની અંદર કાર્ય કરી રહી છે તેની અમે ના પાડતા નથી; પણ તે પરથી કોઇને એમ કહેવાનો શો અધિકાર છે કે, તેનાથી ઉલટી બીજી શક્તિઓનું કાર્ય ચાલતુંજ નથી? આ પ્રેમ-

ભાવ, આ 'નાહં'નો ભાવ અને આ ત્યાગવૃત્તિ એજ એકલી જગતની અંદર નિશ્ચયાત્મક સત્તા છે, એનો કોઈથી ઈન્કાર થઈ શકે તેમ છે ખરો કે ? બીજી શક્તિઓ એ આ પ્રેમશક્તિનોજ અવળે માર્ગે થયેલ ઉપયોગના પરિણામરૂપ છે. પ્રેમનીજ શક્તિ સ્પર્ધાને જન્માવે છે, યાને સ્પર્ધાનું ખરૂં મૂળ તો પ્રેમમાંજ રહેલું છે. તેવીજ રીતે અનર્થ કે દુષ્કૃત્યનું ખરૂં મૂળ પણ નિઃસ્વાર્થપરતામાં છે. અનર્થનો ઉત્પાદક શુભ છે, તેમ તેનો અંત પણ શુભ છે. અનર્થ અથવા દુષ્કૃત્ય એ શુભ કરવાની શક્તિનો અવળો ઉપયોગ થયાનું પરિણામ છે એટલુંજ. જે માણસ બીજાનું ખૂન કરે છે તે કદાચ પોતાના બચ્ચાપરના કે અન્ય કશા પરના પ્યારને લીધે તેમ કરવા પ્રેરાયો હોય છે. તેનો પ્રેમ જગતમાંના લક્ષાવધિ મનુષ્યોને છાંડી એ એક નાના બાળક કે અન્ય કશા પૂરતોજ સીમાબદ્ધ થયો હોય છે, છતાં એ પ્રેમ સસીમ હોય કે અસીમ હોય, પણ છે તો એક પ્રેમજ.

આ પરથી સમજાય છે કે, જગતની સંચાલક શક્તિ-પછી તે ગમે તે રૂપમાં વ્યક્ત થતી કાં ન હોય-પણ તે એકજ અદ્દભુત વસ્તુ છે. તેને નિઃસ્વાર્થપરતા, અનાસક્તિ, પ્રેમ, સત્ય ગમે તે નામથી ઓળખો પણ જગતની અંદર તેજ એકમાત્ર જીવંત શક્તિ છે. તેથીજ વેદાંતીઓ એકતાના ભાવપર યાને અદ્વૈતના ભાવપર અતિશય ભાર મૂકે છે. આ અદ્વૈતવાદની સમજૂતીપર આપણે એટલો બધો ઝોક દીધો છે તેનું કારણ પણ એટલુંજ છે કે, આ જગતની મીમાંસા કરવામાં બે કારણો કિંવા બે શક્તિઓનો સ્વીકાર આપણે કેમ કરી શકતા નથી, તે તમારાથી બરાબર સમજાય. આપણે ફક્ત એટલુંજ સ્વીકારતા થઈએ કે, એ એકાકી સુંદર અને અદ્દભુત પ્રેમજ, સીમાના ક્ષેત્રમાં બદ્ધ થઈને દુષ્ટતા અને દ્વેષરૂપે પ્રતીત થાય છે, તો આ સમગ્ર જગતની મીમાંસા એકલી પ્રેમની શક્તિથીજ થઈ જતી આપણને માલમ પડે; નહિ તો પછી જગતની મીમાંસા માટે એક શુભકર અને બીજું અશુભકર યાને એક પ્રેમ અને બીજો દ્વેષ એવાં બે કારણોનો આપણે સ્વીકાર કરવો પડે. આ બેમાંથી કયો સિદ્ધાંત વધારે યુક્તિસંગત જણાય છે વારૂ ? અલબત્ત, એક શક્તિ અગર એક કારણનો સિદ્ધાંતજ બેમાંથી વધારે યુક્તિસંગત છે, એની તો કોઈથી ના પડાશે નહિ.

હવે આપણે દ્વૈતવાદને લગતી વાતો છોડીને બીજી વાતોની ચર્ચામાં ઉતરીએ. મને ડર રહે છે કે, દ્વૈતવાદીઓને હું હવે વધારે વાર નહિ સંતોષી શકું; કારણ કે મારો ઇરાદો આજે એજ બતાવી આપવાનો છે કે, નીતિમત્તાનો અને નિઃસ્વાર્થપરતાનો ઉંચામાં ઉંચો આદર્શ સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક કલ્પનાની સાથે હાથમાં હાથ મીલાવીને ફરી શકે તેમ છે, અને તેથી નીતિમત્તા અને સદાચારની

પ્રાપ્તિ તથા તેમના સંરક્ષણ કાજે તમારી સર્વોત્તમ આધ્યાત્મિક કલ્પનાને ઉતારી પાડવાની લેશ પણ જરૂર નથી; પણ ઉલટપક્ષે હું એ બતાવી આપવા માગું છું કે, નીતિમત્તા અને સદાચારનો સાચો પાયો પ્રાપ્ત કરવા કાજે તમારે ઉંચામાં ઉંચી દાર્શનિક તેમજ ભૌતિક વિજ્ઞાનની કલ્પનાઓને અપનાવવી જોઇએ. મનુષ્યનું જ્ઞાન મનુષ્યના કલ્યાણનું વિરોધી હોતુંજ નથી, ઉલટું એ જ્ઞાનજ આપણા જીવનના પ્રત્યેક વિભાગમાં આપણું સંરક્ષણ કરે છે. માટે જ્ઞાનપ્રાપ્તિ એજ સાચી ઉપાસના છે. જેટલું વધારે જ્ઞાન આપણે મેળવીએ, તેટલું આપણા ભાવિ માટે શ્રેયસ્કર. વેદાંતી કહે છે કે, આ દેખીતા અશુભ માત્રનું કારણ એ એક અસીમ ભાવનું સીમાબદ્ધ થવું, તેજ છે. જે અસીમ પ્રેમ નાનાં નાનાં ક્ષેત્રોમાં સીમાબદ્ધ થઈ અનર્થકર ભાસે છે, તેજ પ્રેમ આખરે બીજે છેડેથી બહાર પડી સાક્ષાત્ ઈશ્વરરૂપે પ્રકાશે છે. વેદાંત વળી એમ પણ કહે છે કે, આ બધા દેખીતા અનર્થો અને અશુભ બનાવોનું કારણ પણ આપણી પોતાનીજ અંદર રહેલું છે. માટે તેનો દોષ કોઈ દેવદેવતાઓને શિરે રખે ઢોળતા! તેમ નિરાશ કે નિરૂત્સાહ પણ રખે થતા કે એમ પણ ઘડીભર રખે માનતા કે, તમે એક એવા દુર્ભેદ્ય સ્થાનમાં ફસી પડ્યા છો કે જ્યાંથી તમારો છૂટકારો કોઇની મદદવગર થવો શકયજ નથી. વેદાંત છાતી ઠોકીને હિંમત આપે છે કે, એવી વસ્તુસ્થિતિ કદાપિ હોતીજ નથી. કેમકે આપણી સ્થિતિ સાચું પૂછાવો તો, રેશમના કીડા જેવી છે. આપણે પોતાની અંદરથીજ (કર્મરૂપી) એક પછી એક તાંતણા કાઢી આપણી આસપાસ કોશીટો બનાવ્યે જઇએ છીએ, અને એ કોશીટામાંજ આખરે આપણે સપડાઈ જઇએ છીએ. પરંતુ એ સ્થિતિ કંઇ સદાને માટે ટકવાવાળી નથી. એ કોશીટામાંજ રહેતાં રહેતાં આપણો આત્મસાક્ષાત્કાર ક્રમે ક્રમે વિકસિત થશે અને અંતે રેશમનો કીડો જેમ પતંગિયું બનીને કોશીટામાંથી ઉડી જાય છે, તેમ આપણે પણ પતંગીઆરૂપ બની આપણી બનાવેલી કર્મજાળમાંથી મુકત થઇ જઇશું. કર્મની આ જાળ આપણે પોતેજ આપણી આસપાસ ગુંથી છે; છતાં અજ્ઞાનવશ બની આપણે પોતાને અન્ય કોઈથી બંધાયલાં માનીએ છીએ, અને મદદ માટે ઉચ્ચસ્વરે આક્રંદ કરીએ છીએ, અને નિસાસા પર નિસાસા છોડીએ છીએ. પરંતુ એ જાળમાંથી છૂટવાની મદદ બહારથી કદી આવતીજ નથી. તે આવે છે તો અંદરથીજ આવી મળે છે. જગતમાંના દેવદેવતાઓને પોકારી પોકારીને વિનવો, પણ મદદ બહારના સ્થાનમાંથી મળતીજ નથી. વર્ષોનાં વર્ષો સુધી હું પણ એવી મદદ માટે રડતો રહ્યો હતો, અને આખરે મને લાગ્યું હતું કે, મારી ધારણા સફળ થઈ છે ને મને

મદદ આવી મળી છે. પરંતુ એ મદદ કોઈ બહારની નહિ પણ અંતરનીજ હતી. એટલે ભ્રમવશ બની મેં પોતે જે જે કર્યું હતું તે તે મારે સુધારી લેવાનું હતું, યાને મેં પોતેજ રચેલી કર્મ-જાળ મારે પોતેજ સંકેલી લેવાની હતી. સંસારના બંધનમાંથી છૂટવાનો એજ એક માર્ગ છે કે, પોતાની આસપાસ પોતેજ ગુંથેલી જાળને કાપી કાઢવી, અને તે કાપવાની શક્તિ પણ દરેકની પોતાનીજ અંદર રહેલી છે. વળી એ વાતની પણ મને ચોક્કસ ખાત્રી છે કે, મારા જીવનની સારી કે નરસી એકે મહત્ત્વાકાંક્ષા નિષ્ફળ નીવડી નથી. પણ તેની સાથે મારી એ પણ ખાત્રી છે કે, અત્યારે હું જે છું તે મારા ભૂતપૂર્વનાં સારાં તેમજ નરસાં કર્મના પરિપાકરૂપે છું. મારી જીંદગીમાં મારે હાથે અનેક ભૂલો થઇ છે; પણ ધ્યાનમાં રાખો કે, મારી એ ભૂલોવગર અત્યારે હું જે સ્થિતિમાં છું તે સ્થિતિને હું પ્રાપ્ત પણ થઇ શકયો ન હોત, એવી મારી ખાત્રી છે. તેથી મારે હાથે એ ભૂલો થવાને માટે મને પરિતાપ થતો નથી, પણ સંતોષ થાય છે. મારા આ કથનનો ભાવાર્થ એમ નથી સમજવાનો કે, હું તમને ઘેર જતાં બરોબર ઈરાદાપૂર્વક ભૂલો યાને દુષ્કૃત્યો કરવાનો ઉપદેશ આપું છું. જોજો, એવી જાતની ગેરસમજ ઉભી થવા દેતા! મારા કથનનો ઉદ્દેશ એટલોજ છે કે, તમારે હાથે ભૂલચૂકો કે ખોટાં કામો થઇ જાય, તો તેથી ઉદાસ થઇ ગળીઆ બળદની માફક હાથપગ જોડીને બેસી ન પડશો; પણ આખરે બધી બાજી સીધીજ ઉતરવાની છે, એવી સમજપૂર્વક આગળ ધપ્યેજ જજો. આત્મોદ્ધાર માટે એનાથી ઉલટો પ્રકાર સંભવિતજ નથી; કેમકે ભલાઇ અને વિશુદ્ધતા એ તો આપણો સ્વભાવજ છે, અને આપણો એ અસલ સ્વભાવ કશાથી કદીએ નષ્ટ થતો નથી. આપણો વાસ્તવિક સ્વભાવ તો જેમનો તેમ નિરંતર કાયમજ રહે છે.

આ પરથી આપણે સમજવાનું છે તે એજ કે, આપણે હાથે ભૂલો અથવા આપણે જેને અશુભ કૃત્યો કહીએ છીએ તે થાય છે, તેનું કારણ આપણી દુર્બળતા છે; અને આપણે દુર્બળ છીએ તેનું કારણ એ કે, આપણે અજ્ઞાન છીએ. મનુષ્યનાં અશુભ કૃત્યને હું ભૂલ નામે ઓળખાવાનું પસંદ કરૂં છું, કારણ કે 'પાપ' એ શબ્દ મૂળે બહુ સારો શબ્દ હતો પણ કાળે કરીને તેમાં એક એવો અર્થ રૂઢ થઈ ગયો છે, કે જેનાથી હું ભડકું છું. વારૂ ત્યારે આપણી દુર્બળતાનું કારણ જો અજ્ઞાન હોય, તો આપણને અજ્ઞાની કોણ બનાવે છે? એ એક પ્રશ્ન રહે છે. એનો જવાબ ટુંકો ને ટચ એટલોજ છે કે, આપણે પોતે.' આપણે પોતેજ આપણા હાથ આપણી પોતાની આંખો આડે ધરી રાખીને વ્યર્થ વિલાપ કરીએ છીએ કે 'અંધારૂં છે, અંધારૂં છે; દેખાતું નથી, કંઈ દેખાતું નથી.' હાથ

ખસેડી લ્યો કે પ્રકાશ ઝટ દેખાશે. પ્રકાશનું અસ્તિત્વ તો આપણે માટે હંમેશનું છે, જીવાત્માનો સ્વભાવજ સ્વપ્રકાશ છે યાને જીવાત્મા પોતેજ સ્વયંજ્યોતિર્મય છે. અર્વાચીન પદાર્થવિજ્ઞાનવાદીઓ શું કહે છે તે તરફ લક્ષ આપો. ક્રમવિકાસનું કારણ શું હશે, એ પ્રશ્નના જવાબમાં તેઓ 'વાસના' અથવા 'ઇચ્છા'ને આગળ ધરે છે. પશુને અમુક વસ્તુ કરવાની ઇચ્છા થાય છે, પણ તેને તેમ કરવાની અનુકૂળ પરિસ્થિતિઓ પ્રાપ્ત થતી નથી; તેથી તે નવું શરીર વિકસાવે છે. એ વિકસાવવાનું કામ કોણ કરે છે? તો કે એ પશુ અથવા જનાવર પોતેજ, કિંબહુના તેની પોતાનીજ ઇચ્છા. તમારી ઇચ્છાશક્તિના જોરે તમે એક ક્ષુદ્ર જીવાણુમાંથી વિકસિત થતાં થતાં આ મનુષ્યકોટિને પ્રાપ્ત થયાં છો. તમારી એ ઇચ્છાશક્તિને અજમાવવાનું હજીયે ચાલુ રાખશો, તો તે તમને હજીયે ઉચ્ચતર કોટિએ લઇ જશે. મતલબ કે, ઇચ્છાશક્તિ સર્વશક્તિમાન છે. આ ઇચ્છાશક્તિ સર્વશક્તિમાન છે, એમ સાંભળતાંજ તમારા મનમાં પ્રશ્ન ઉઠશે કે "તો પછી મારાથી સર્વ કંઇ થઇ શકતું કેમ નથી?" પરંતુ એ પ્રશ્ન વખતે તમને તમારા ક્ષુદ્ર 'અહં' પૂરતોજ વિચાર હોય છે. જીવાણુની સ્થિતિમાંથી આ મનુષ્યજાતિપર્યંતના તમારા વિવિધ વિકાસક્રમ પર જરા નિઘા કરો અને વિચારી જુઓ કે, એ બધું કામ કોણે કર્યું? તમારી ઇચ્છાશક્તિએજ એ કામ સાધ્યું છે. એમ છે, તો પછી તેની સર્વશક્તિમત્તાનો તમારાથી ઇન્કાર થઇ શકે ખરો કે? જે ઇચ્છાશક્તિએ તમને આટલી ઉચ્ચ કોટિપર આણી મૂક્યા છે, તેજ ઇચ્છાશક્તિ તમને હજી પણ ઉચ્ચતર કોટિએ ચઢાવશે. તમારે અત્યારે જેની જરૂર છે, તે ચારિત્ર્યગઠનની તથા ઇચ્છાશક્તિને બળવત્તર બનાવવાની.

તેથી જો હું તમને એવો ઉપદેશ આપું કે, તમારો સ્વભાવ દુષ્ટ છે, અને તમે અમુક અમુક પાપો કર્યાં છે; માટે તમે ઘેર જાઓ અને શરીરે કામળી ઓઢી તથા રાખોડી ચોળીને કરેલાં દુષ્કૃત્યો માટે અશ્રુપૂર્ણ નયને અનુતાપ કરતાં આખું જીવન વ્યતીત કરો, તો તેવા ઉપદેશથી તમને જરાયે લાભ થશે નહિ, પણ ઉલટા તમે વધારે નબળા બનશો. એવી જાતના ઉપદેશથી તો હું તમને શુભ કરતાં અશુભનોજ પંથ વધારે બતાવનારો થાઉં. આ ઓરડો છેલ્લાં હજારો વર્ષથી અંધકારથી વ્યાપેલો હોય અને તેમાં દાખલ થઇને તમે રડવા માંડો કે "હાય! અંધકાર! અરેરે! અંધકાર!" તો તેથી શું અંધકારનો ક્ષય થવાનો હતો? અંધકાર તો ત્યારેજ જાય કે જ્યારે તમે દીવાસળી ચેતાવો. દીવાસળી ઘસતાંજ ઘડીભરમાં ઓરડો અજવાળાથી ભરાઇ જાય છે. તે મુજબ "અધધ! મેં કેટલાં બધાં પાપ કર્યાં છે, અરેરે! મારે હાથ કેટલી બધી ભૂલો થઇ છે!"-એવા એવા

વિચારો આખી જીંદગીભર કર્યા કરવાથી તમને શો લાભ થવાનો છે ? પાપ થયાં છે ને ભૂલો થઇ છે તે આપણને કહી બતાવવાને કોઈની પણ જરૂર નથી. જરૂર છે તે જ્ઞાનરૂપી દીપકની છે. એ જ્ઞાનરૂપી દીપક પ્રગટાવો એટલે બધાજ અનર્થો આપોઆપ ઘડીભરમાં અદૃશ્ય થઈ જશે. માટે ચારિત્ર્યગઠન કરી તમારા નિજ સ્વરૂપને પ્રકટાવો યાને તમારા પ્રકૃત 'અહં'ને એ જ્યોતિર્મય, ઉજ્જવળ અને નિત્ય-શુદ્ધ 'અહં'ને વ્યક્ત કરો તથા જેને જેને જુઓ તે પ્રત્યેકની અંદરના તે પ્રકૃત 'અહં'ને હાંક પાડી બોલાવો. મારી અંતરની અભિલાષા છે કે, આપણે પ્રત્યેક જણ એવી સ્થિતિને પ્રાપ્ત કરીએ કે અધમમાં અધમ મનુષ્યોની અંદર પણ આપણને એ પ્રકૃત 'અહં'નાં દર્શન થઇ શકે, અને તેમને ધિક્કારવાને બદલે આપણા મુખમાંથી સ્વાભાવિક રીતેજ સરી પડે કે "ઉઠ ઓ જ્યોતિર્મય! ઉઠ; હે સદા શુદ્ધસ્વરૂપ ને પવિત્ર! તું ઉઠ. અરે ઓ અજન્મા અને અમર! તું ઉઠ, ભો સર્વશક્તિમાન! તું ઉઠ, જાગ્રત થા અને તારા પ્રકૃત સ્વભાવને-તારા આત્મસ્વરૂપને વ્યક્ત કર. આ ક્ષુદ્ર આવિર્ભાવો તને નથી છાજતા." આજ સર્વોત્તમ પ્રાર્થનાનો ઉપદેશ અદ્વૈતવાદ કરે છે, આપણા પ્રકૃત સ્વભાવનું સ્મરણ કરાવનાર આજ એક પ્રાર્થના છે, આપણો પ્રકૃત સ્વભાવ જે ઈશ્વર તે આપણી પોતાનીજ અંદર હોઈ તે અનંત સર્વશક્તિમાન, સદા-શિવ, સદા કલ્યાણકર, સદા નિષ્કામ તથા નિઃસીમ છે, તેનું સ્મરણ કરાવનાર આજ એક પ્રાર્થના છે. અને એ પ્રકૃત સ્વભાવ નિષ્કામ છે તેથીજ તે સબળ અને નીડર છે, કારણ કે સ્વાર્થપરાયણતાની પાસેજ ભય આવી શકે છે. જેને પોતાને માટે કશી સ્પૃહાજ નથી, તેને ડર કોનો હોય અને તેને ડરાવી શકે પણ શું ?* તેને મૃત્યુ કે આપત્તિથી ડરવાનું રહેતુંજ નથી. તેથી આપણે જો અદ્વૈતવાદીઓજ હોઈએ, તો તો અહીં અને અબઘડીથીજ માનવા માંડો કે, આપણું પહેલાંનું ક્ષુદ્ર 'અહં' મરણાધીન થઈ જતું રહ્યું છે. પહેલાંના શ્રીમાન ફલાણાભાઈ અને શ્રીમતી ફલાણી બહેન જતાં રહ્યાં છે. એ બધા ભ્રમ હતા તે ઉડી ગયા છે, અને જે તત્ત્વ અવશિષ્ટ રહ્યું છે તે સદા શુદ્ધ, સદા સબળ, સર્વશક્તિ-

---

* લૌકિક વસ્તુસ્થિતિઓ તરફ પૂર્ણ નિસ્પૃહતા હોવી એ પણ અનેક ગુણમાંનો એક ગુણ વેદાંતિમાં હોવો જોઈએ, એ વાત અહીં સ્પષ્ટપણે કહી છે. છતાં એવી ખાસ યોગ્યતાઓ અથવા સાધનસંપત્તિ વિનાના પાખંડી જ્ઞાનીઓ તથા ભક્તો કેટલા બધા પામર અને વિષયલોલુપ હોય છે; અને "**अहंब्रह्मास्मि**" "**श्रीकृष्णशरणंमम**" ઈત્યાદિ પ્રકારની શબ્દજાળને ઓથે દુનિયાને ઠગ્યા કરે છે, એ વાત પણ હવે ઠીક બહાર આવતી જાય છે એ ખુશી થવા જેવું છે. **ભિક્ષુ-અખંડાનંદ**

માન અને સર્વજ્ઞજ એકલું રહ્યું છે, એમ સમજો. એટલે ભય માત્ર આપણામાંથી પલાયન કરી જશે. આપણને ઇજા કોણ પહોંચાડશે ? કોણ સર્વવ્યાપી ? સર્વવ્યાપી સર્વવ્યાપીને ઇજા પહોંચાડે એ વાત તો અશક્યજ મનાય. આ સત્ય ભાવનાના ઉદય સાથેજ આપણી દુર્બળતા માત્ર નષ્ટ થઇ જશે, અને પછી તો આપણાં મનુષ્ય ભાંડુઓની અંદર એજ જ્ઞાનદીપક જાગ્રત કરવાનુંજ કામ આપણે માટે બાકી રહેશે. આપણે તે વેળાએ જોઇ શકીશું કે, તેઓ પણ તેજ શુદ્ધસ્વરૂપ છે, પણ એનું તેમને જ્ઞાન નથી. એટલા માટે આપણે તેમને ઉપદેશસહિત તેમના એ અનંત સ્વભાવને જાગ્રત કરવામાં સહાયભૂત થવું જોઇએ, દુનિયાભરમાં આવો પ્રયાસ થવાની જરૂર છે, એમ મને લાગે છે. અદ્વૈતવાદના આ સિદ્ધાંતો આજકાલના નથી, પણ જૂના છે અને તે અનેક પહાડપર્વતો કરતાં પણ વધારે જૂના હોવાનો સંભવ છે. સત્ય માત્ર શાશ્વત છે; તેમ સત્યપર કોઇનો માલકી હક્ક નથી. કોઈ પ્રજા અગર કોઇ વ્યક્તિ સત્યપર પોતાનો અબાધિત આગવો દાવો સ્થાપન કરી શકેજ નહિ. સત્ય એ જીવાત્મામાત્રનો સ્વભાવ છે; તેથી એનાપર ખાસ દાવો કોનો ચાલી શકે વારૂ ? પરંતુ તેને વ્યવહારગમ્ય અને સરળ બનાવવું જોઇએ. બધાંજ સર્વોત્તમ સત્યો હમેશાં સાદાં અને સરળજ હોય છે, એ તો તમે જાણોજ છો. તેથી આ સત્ય પણ માનવસમાજના રોમેરોમમાં ખુંપી જઇ સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાનથી માંડીને તે સાધારણમાં સાધારણ મનના માનવીઓની–આબાલવૃદ્ધ તમામ સ્ત્રીપુરુષોની–તે મિલ્કત થઇ રહે એટલા માટે આ સત્યને પણ વ્યવહારગમ્ય અને સરળમાં સરળ બનાવવું જોઇએ. આ બધી ન્યાય ને તર્કની કડાકૂટો, આ બધા અધ્યાત્મવિદ્યાનાં ગાંસડાં પોટલાં તથા આ બધા ઇશ્વરવિષયક ભાવો અને કર્મકાંડો—એ સૌ તેમના પોતાના જમાનામાં સારાં હશે, તેની ના નહિ. પરંતુ અત્યારે તો ચાલો, આપણે ધર્મને સહજ અને સરળ બનાવી એવા સુવર્ણયુગને આણવાનો પ્રયત્ન કરીએ કે જ્યારે પ્રત્યેક જણ ઉપાસક બન્યો હોય અને તે દરેકનો ઉપાસ્યદેવતા તેના પોતાના અંતરમાં બિરાજતું સત્ય સ્વરૂપજ હોય !

૧૯–વિશ્વધર્મ અને તેને પ્રત્યક્ષ કરવાની રીત*

આપણને પ્રભુનો પ્રકાશ આપનારી શોધ કરતાં બીજી કોઈ પણ શોધ માનવી હૃદયને વધારે પ્યારી નથી, તેમ ભૂતકાળમાં કે વર્તમાનમાં બીજા કોઇ પણ વિદ્યાભ્યાસે મનુષ્યની શક્તિ એટલી બધી નથી રોકી કે જેટલી જીવાત્મા, ઈશ્વર અને મનુષ્યને લગતા વિદ્યાભ્યાસે રોકી છે. આપણા રોજના કામધંધામાં, આપણી મહત્ત્વાકાંક્ષાઓમાં અને આપણાં કાર્યોમાં આપણે ગમે તેટલાં નિમગ્ન થયેલાં હોઈએ, તોપણ આપણી મોટામાં મોટી ખટપટોમાં પણ કોઇ વાર તૂટ પડે છે ને વિશ્રાંતિ મળે છે; મન થંભે છે; આ જગતથી પર શું છે તે જાણવાની ઇચ્છા કરે છે અને એમ કરતાં કરતાં તેને કેટલીક વાર ઇંદ્રિયાતીત રાજ્યની ઝાંખી થઇને તેનું પરિણામ એ આવે છે કે, તે ઇંદ્રિયાતીત રાજ્યને પ્રાપ્ત કરવાનું મંથન શરૂ કરે છે. આ પ્રમાણે પ્રત્યેક યુગમાં અને પ્રત્યેક દેશમાં બનતું આવ્યું છે; મનુષ્યને ઇંદ્રિયાતીત રાજ્ય જોવાની અને પોતાની જાતને વિકસાવવાની આકાંક્ષા ઉદ્દ્ભવી છે; અને આપણે જેને પ્રગતિ કે ક્રમવિકાસના નામથી ઓળખીએ છીએ તેનું માપ હમેશાં આ એકજ શોધ ઉપરથી–માનવીના ભાવિ તથા ઈશ્વરવિષેની શોધ ઉપરથીજ નીકળે છે.

જૂદી જૂદી પ્રજાઓનાં સામાજિક મંથનો જૂદી જૂદી સામાજિક સંસ્થાઓદ્વારા જણાઈ રહે છે, તેમ મનુષ્યનાં આધ્યાત્મિક મંથનો પણ જૂદી જૂદી ધાર્મિક સંસ્થાઓ ઉપરથી જણાઈ રહે છે. જેમ જૂદી જૂદી સામાજિક સંસ્થાઓ સતત ઝઘડયા કરે છે તથા એકબીજી સાથે અહર્નિશ સંગ્રામ મચાવે છે, તેમ આ જૂદી જૂદી આધ્યાત્મિક સંસ્થાઓ કહેતાં જૂદા જૂદા ધર્મો પણ પરસ્પર સતત સંગ્રામ મચાવતા ને નિરંતર ઝઘડતા રહ્યા છે. અમુક સામાજિક સંસ્થાને માનનારા લોકો દાવો કરે છે કે, જીવવાનો હક્ક માત્ર તેમનેજ છે, અને તેમનાથી બની શકે ત્યાંસુધી તે હક્ક તેઓ નબળાં પોચાંને ભોગે પણ અમલમાં મૂકાયલો જોવાની ઈચ્છા ધરાવે છે. દક્ષિણ આફ્રિકામાં (તેમજ પૂર્વ આફ્રિકામાં) અત્યારે એવી જાતની

---

* પાસાડેના (કેલિફોર્નિયા) યુનિવર્સાલિસ્ટ ચર્ચમાં આપેલું વ્યાખ્યાન. તા. ૨૮ જાન્યુઆરી ૧૯૦૦

ઝનુની ખટપટ ચાલી રહી છે, તેની તો આપણ સૌને ખબરજ છે. તેવીજ રીતે દરેક ધાર્મિક સંપ્રદાયે પણ પોતાના સિવાય અન્ય કોઇને જીવવાનો હક્ક નથી, એવો દાવો કર્યો છે. પરિણામે આપણે જોઇએ છીએ કે, મનુષ્યજાતિનું વધારેમાં વધારે કલ્યાણ કર્યું હોય એવું પણ ધર્મ જેવું બીજું કશુંજ નથી, તેમ મનુષ્યજાતિપર વધારે ત્રાસ વર્તાવનારૂં પણ ધર્મ જેવું બીજું કશું નથી. શાંતિ અને પ્રેમના ક્ષેત્રમાં ધર્મ જેટલો વધારે પ્રયત્ન કોઇએ કર્યો નથી, તેમ ખૂનખાર વેરઝેરને પણ ધર્મ જેટલા બીજા કોઇએ પેદા કર્યા નથી. મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભ્રાતૃભાવ ધર્મ કરતાં કોઇએ વધારે સ્પષ્ટ કર્યો નથી, તેમ મનુષ્યે મનુષ્ય વચ્ચે હાડવેર ને કટુ દુશ્મનાઇ પણ ધર્મ જેટલાં કોઇએ પેદા કર્યાં નથી. માણસો તેમજ ઢોરો માટેનાં દવાખાનાંઓ જેવી સખાવતી સંસ્થાઓ ધર્મ કરતાં વિશેષ કોઇએ નિર્માણ કરી નથી; તેમ દુનિયાને લોહીથી તરબોળ પણ ધર્મ જેટલી કોઇએ કરી નથી. બાબત આમ છે, છતાં એટલું તો આપણે જાણીએ છીએજ કે, શુભ વિચારનું ગુપ્ત વહેણ પણ જગતમાં નિરંતર વહેતું રહ્યું છે; યાને તત્ત્વવેત્તાઓ અને તુલનાત્મક ધર્મના અભ્યાસીઓની મંડળીઓ પણ હમેશાં હયાતી ભોગવતી આવી છે અને એમણે પરસ્પર દાંત કચકચાવતા પ્રતિકૂળ મતપંથોની વચ્ચે સમભાવ લાવવાનો પ્રયત્ન કર્યો છે ને હજી કર્યે જાય છે. ખરૂં છે કે, તેમના એ પ્રયત્નો કેટલાક દેશોની બાબતમાં ફળિભૂત થયા છે, પણ આખી દુનિયાનો વિચાર કરતાં તો તે નિષ્ફળજ નીવડ્યા છે.

કેટલાક એવા ધર્મો પણ આપણને અત્યંત જૂના જમાનાથી મળતા આવ્યા છે કે જેઓ એવી ઉદાત્ત ભાવનાથી રંગાયલા છે કે, બધાજ પંથોને જીવવાની છૂટ છે અને હોવી જોઇએ. પ્રત્યેક પંથની અંદર કોઇ ને કોઈ મહાન ભાવ છુપાયલો હોઇ તેના જીવનનું કંઇ પ્રયોજન હોય છે, તેથી દુનિયાના ભલા માટે તેની આવશ્યકતા હોય છે અને તેથી તેને બનતી સકળ સહાય કરવી જોઇએ—એમ એ ધર્મો માને છે. વર્તમાન કાળમાં પણ એવોજ ખ્યાલ જોર પકડતો લાગે છે, અને તેને વ્યવહારમાં મૂકવાના વખતોવખત પ્રયત્ન થાય છે. આ પ્રયત્નો આપણી ધારણા પ્રમાણે ફળદાયી અને જોઇએ તેટલા કાર્યસાધક નીવડતા નથી; એટલુંજ નહિ પણ આપણી મહાન નિરાશા વચ્ચે કેટલીક વાર આપણા જોવામાં એવું પણ આવે છે કે, એવા પ્રયત્નો કરવા જતાં વઢવાડ ને વીખવાદમાં આપણે વધારે ને વધારે સંડોવાતા જઇએ છીએ.

હવે ધર્મોના સ્થાપિત સિદ્ધાંતની વાત બાજુએ મૂકીને આપણે તેનો સામાન્ય અક્કલથી વિચાર કરી જોઇએ છીએ તો શરૂઆતમાંજ આપણને જણાઇ આવે છે કે, નિયાના બધાજ મુખ્ય ધર્મોમાં

પ્રચંડ જીવનશક્તિ રહેલી છે. આ સાંભળી કેટલાક કદાચ કહેશે કે, અમને તો તે વાતની મુદ્દલ ખબર નથી, પણ અજાણપણું એ કંઇ છૂટી પડવાનું બહાનું નથી. જો કોઈ માણસ કહે કે "આ બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે તેની મને ખબર નથી, તેથી એ બહારની દુનિયામાં ચાલી રહેલી ઘટનાઓનું અસ્તિત્વજ નથી." તો તે માણસ અક્ષંતવ્યજ લેખાશે. હવે તમારા પૈકી જે લોકો દુનિયાભરના ધાર્મિક વિચારની હીલચાલનું અવલોકન કરનારા હશે, તેઓ સંપૂર્ણ રીતે જાણતા હશે કે, દુનિયાનો એકે મહાન ધર્મ મરણને શરણ થયો નથી; એટલુંજ નહિ પણ એકે એક મહાન ધર્મ પ્રગતિશીલ છે, ખ્રિસ્તીઓ દિનપ્રતિદિન વધતા જાય છે, મુસલમાનો પણ વધતા જાય છે; હિંદુઓ પણ પગભર બનતા જાય છે ને એક વખતની હડધૂત બનેલી યાહૂદી કોમ પણ વૃદ્ધિંગત થાય છે. દુનિયાભરમાં યાહૂદીઓના ફેલાવાથી અને ઝડપી વંશવૃદ્ધિથી યાહૂદીધર્મનો વાડો પણ પ્રતિદિન વિસ્તાર પામતો જાય છે.

દુનિયાનો માત્ર એકજ પ્રાચીન મહાન ધર્મ ક્ષીણતાને પામ્યો છે. એ ધર્મ તે પ્રાચીન ઈરાનીઓનો જરથોસ્ત ધર્મ યાને હાલનો પારસીધર્મ. મુસલમાનોની ઇરાનની જીત પછી હજારો જરથોસ્તીઓએ હિંદુસ્થાનમાં આવી આશરો લીધો, અને બીજાં થોડાંક મનુષ્ય પ્રાચીન ઇરાનમાં રહ્યાં. જે જરથોસ્તીઓ માદરે વતન ઈરાનમાંજ રહ્યાં તેઓની સંખ્યા પરધર્મીઓની ચાલુ સતાવણીને લીધે ઘટતી ગઇ અને અત્યારે ત્યાં બહુ બહુ તો માત્ર દશેક હજાર જરથોસ્તીઓ યાને પારસીઓ રહ્યા છે. હિંદુસ્થાનમાં આશરે એંશીક હજાર છે, પણ તેમની વંશવૃદ્ધિ થતી નથી. અલબત્ત, વંશવૃદ્ધિ ન થવામાં એક આરંભની મુશ્કેલી છે. તે એ કે, જરથોસ્તીઓ બીજા લોકોને પોતાના ધર્મમાં વટલાવતા નથી, અને બીજું કે, હિંદમાંના આ મુઠ્ઠીભર પારસીઓમાં કાકા કાકાનામાં લગ્ન કરવાનો હાનિકારક રિવાજ છે, તે પણ તેમની વસ્તીવૃદ્ધિમાં આડે આવે છે.+ આ પારસી ધર્મના એક અપવાદને બાદ કરીએ, તો દુનિયાના બીજા બધાજ મહાન ધર્મો અત્યારે જીવંત છે; એટલુંજ નહિ પણ ફેલાયે જાય છે ને વૃદ્ધિંગત પણ થાય છે. આપણે સ્મરણમાં રાખવું જોઇએ કે, દુનિયાના બધાજ મહાન ધર્મો બહુ પ્રાચીન છે. એમાંનો એકે વર્તમાનકાળમાં ઉભો થયો નથી, અને દુનિયાનો એકે એક મહાન ધર્મ પોતાના જન્મસ્થાન માટે ગંગા અને યુફ્રેટીસ નદીઓ વચ્ચેના

+ ભારે દાયજા ઉર્ફે ભારે પેઠણના કુરિવાજને લીધે અનેક પારસી બહેનોને મોટી ઉંમર સુધી અને કેટલીકને તો જીવનપર્યંત કુમારી અવસ્થામાં રહેવું પડે છે, એ પણ પારસી ભાઇઓની વસ્તીમાં વધારો નહિ થવાનું એક કારણ છે. **અનુવાદક**

પ્રદેશને આભારી છે-અર્થાત્ એકે મહાન ધર્મ યૂરોપમાં કે અમેરિકામાં જન્મ્યો નથી. એકે એક મહાન ધર્મનું જન્મસ્થાન એશિયાખંડ અને તેમાંયે ઉપરોક્ત ગંગા-યુફ્રેટીસ વચ્ચેનો પ્રદેશ છે. હવે "વધારેમાં વધારે લાયકનુંજ અતિ જીવન એ લાયકાતનું પારખું છે"-એમ જે વર્તમાનકાલીન વૈજ્ઞાનિકોનું કહેવું છે, તે સાચુંજ હોય તો આ મહાન ધર્મો હજી પણ જીવતા જાગતા રહીને સાબીત કરી આપે છે કે, તેઓમાં હજી પણ કેટલાક લોકોને માટે લાયકાત રહી છે. તેઓને જીવવાનું એક કારણ છે; અને તે એ કે, હજુ અનેકનું ભલું કરવાની તેમનામાં શક્તિ છે. મુસલમાનો તરફ જુઓ, દક્ષિણ એશિયાનાં કેટલાંક સ્થાનોમાં તેઓ કેટલા વધતા જાય છે, અને આફ્રિકામાં તો આગના ભડકાની માફક તેમનો ફેલાવો થાય છે. બૌદ્ધધર્મીઓ મધ્ય એશિયાભરમાં અસલ થકીજ ફેલાતા રહ્યા છે. યાહૂદીઓની માફક હિંદુઓ પણ પરધર્મીઓને પોતામાં વટલાવતા નથી, તેમ છતાં પણ બીજી જાતો ધામેધામે હિંદુ ધર્મમાં આવતી જાય છે; અને હિંદુઓના રીતરિવાજો અપનાવી તેમની પંક્તિમાં 'એકતાર' થતા જાય છે. ખ્રિસ્તી ધર્મના ફેલાવા વિષે તો તમે જાણોજ છો-જો કે તેના ફેલાવા પાછળ જેટલી શક્તિ ખર્ચવામાં આવે છે તેના પ્રમાણમાં પરિણામો આવે છે કે કેમ, તેની મને શંકા છે. ધર્મપ્રચાર માટે ખ્રિસ્તીઓ તરફથી થતા પ્રયત્નમાં એક ભારે ઉણપ રહેલી છે-અને એજ ઉણપ બધીજ પાશ્ચાત્ય સંસ્થાઓમાં રહેલી જોવામાં આવે છે; અને તે એ કે, શક્તિનો નેવું ટકા ભાગ યંત્રો ખાઇ જાય છે; યંત્રોનું જોર અતિશય વધી ગયું છે. ધર્મોપદેશનો ધંધો તો હમેશાં એશિયાવાસીઓના બાપનોજ રહ્યો છે. પાશ્ચાત્ય લોકોનો દરજ્જો વ્યવસ્થાની બાબતમાં, સામાજિક સંસ્થાઓની બાબતમાં તેમ લશ્કરી વ્યવસ્થા, રાજ્યકારભાર ઇત્યાદિની બાબતમાં બેશક મહાન છે; પણ ધર્મોપદેશની વાત આવે છે ત્યારે એશિયાવાસીઓની સમીપે પણ તેમનાથી આવી શકાતું નથી. કારણકે ધર્મોપદેશનું કાર્ય, એ તો એશિયાવાસીઓનો અસલ થકીજ ધંધો બન્યો રહ્યો છે, તેની કળા તે જાણે છે અને વળી, યંત્રનો તે બેહદ ઉપયોગ કરતો નથી.

ત્યારે મનુષ્યજાતિના વર્તમાન ઇતિહાસમાં આ એક સાચી વાત નોંધાય છે કે, દુનિયાના આ બધાજ મહાન ધર્મો અત્યારે હયાત છે અને દિનપ્રતિદિન ફેલાતા ને વધતા જાય છે. હવે, આ વસ્તુસ્થિતિ હોવાનો ખચિતજ કંઇક અર્થ છે. ડહાપણ તથા કૃપાના અખંડ ભંડારરૂપ જગદીશની જો એવીજ મરજી હોત કે એમાંનો કોઇ એકજ ધર્મ જીવે ને બીજા મરણાધીન થાય, તો તેમ અત્યાર પહેલાં કયારનુંયે સિદ્ધ થઇ ચૂકયું હોત-અર્થાત્ કે

એમાંનો એકજ ધર્મ માત્ર સાચો છે અને બાકીના બીજા ખોટા છે, એ જો સાચું હોત તો અત્યારસુધીમાં તો તે એક ધર્મે આખું વિશ્વ વ્યાપી કાઢ્યું હોત. પરંતુ આપણે જાણીએ છીએ કે, વસ્તુસ્થિતિ તેવી નથીજ; એકે ધર્મ હજી સર્વત્ર વિજયી નીવડયો નથી. બધાજ ધર્મો કોઈ વાર પ્રગતિમાન થાય છે અને કોઈ વાર વળી પછાત પણ પડે છે. હવે આનો જરા ખ્યાલ કરો. તમારા પોતાનાજ દેશમાં છ કરોડ ઉપરાંતની વસ્તી છે, અને તેમાંથી માત્ર બે કરોડ ને દશલાખ જેટલાજ લોકો કોઈપણ એક ધર્મપંથને માનનારા મળી આવે છે. આ પરથી માલમ પડે છે કે, પ્રગતિની સ્થિતિ હંમેશ રહેતી નથી. એ રીતે પ્રત્યેક દેશના જો આંકડાઓ મેળવવામાં આવે, તો તમને જણાશે કે, ધર્મો કોઈ વાર પ્રગતિ-સાધક હોય છે તો કોઇ વાર પાછા પડતા હોય છે. પંથો તો બધોજ વખત વધતા રહ્યા છે. પ્રત્યેક ધર્મ જે એવો દાવો કરે છે કે, તેની પોતાની અંદર સઘળું સત્ય સમાયેલું છે, અને ઈશ્વરે પોતાના અમુક એક ધર્મગ્રંથમાંજ સકળ સત્ય ભરેલું છે; તે દાવો જો સાચો હોય તો આટલા બધા પંથો દુનિયામાં અત્યારે હોયજ શાને? કોઇ ધર્મને પૂરાં પચાસ વર્ષ વીતતાં નથી તેટલામાં તો તે એકજ ધર્મગ્રંથને આધારે વીસ ધર્મપંથો ઉભા થાય છે. પ્રભુએ અમુક અમુક ધર્મગ્રંથોમાં જો સઘળું સત્ય ભર્યું હોય, તો એ ગ્રંથોમાનાં ઉપદેશવચનો ઉપર આપણે લડયા કરીએ એટલા માટે એ ગ્રંથો આપણને નથી અપાયા. ધર્મવિષે સઘળુંજ સત્ય જેમાં સમાયલું હોય એવું એકજ ધર્મપુસ્તક પ્રભુ તરફથી આપણને મળ્યું હોય, તોયે આપણી ગરજ નહિ સરે; કેમકે તેને બરાબર સમજવાની શક્તિ આપણ સર્વમાં હશે નહિ. દાખલાતરીકે, તમારા બાઈબલને તથા ખ્રિસ્તી ધર્મમાં ચાલતા સકળ સંપ્રદાયોનેજ તપાસીએ, તો શું જણાય છે? એજ કે, દરેક પંથ એકના એક વચનને પોતપોતાનો અલાયદો અર્થ લાગુ પાડે છે, અને દાવો કરે છે કે, તે પોતેજ એકલો તે વચનને યથાર્થ સમજે છે અને બાકીના બધાજ ખોટા છે. દરેક ધર્મની બાબતમાં આવો પ્રકાર છે. મુસલમાનોમાં તથા બૌદ્ધોમાં અનેક સંપ્રદાયો છે, અને હિંદુઓમાં તો સેંકડોની સંખ્યામાં છે. હવે આ બાબતો હું તમારા ધ્યાનપર લાવી એમ બતાવવા માગું છું કે, આધ્યાત્મિક બાબતમાં સકળ મનુષ્યજાતિને એકજ પદ્ધતિએ વિચાર કરવાનો હરકોઇ પ્રયત્ન નિષ્ફળ નીવડયો છે અને હમેશાં નિષ્ફળ નીવડશે. અત્યારે આજના જમાનામાં પણ નવો મત ચલાવનાર કોઈ મહાપુરુષ પોતાના અનુયાયીઓથી વીસેક માઈલ જેટલો દૂર થાય છે કે તરતજ તેના અનુયાયીઓમાં વિચારભેદ ઉભા થઇ તે એક-જ મત વીસ પંથોમાં વહેંચાઇ જતો જણાય છે. બધાજ સમયમાં

તેમ બનેલું તમે જુઓ છો. મતલબ કે, બધાં એકજ જાતની ભાવનાઓ સ્વીકારતાં થાય, એ બનવું શકયજ નથી; અને વસ્તુસ્થિતિ એમ હોવા માટે હું પ્રભુનો પાડ માનું છું. હું પોતે કોઇજ સંપ્રદાયની વિરુદ્ધ નથી. ઉલટો હું તો પંથો ને સંપ્રદાયોનું અસ્તિત્વ જોઇને રાજી થનારો છું, અને અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે, હજી તેઓ વૃદ્ધિંગત થઇ એકના અનેક થાય. આ સાંભળી કોઇ સવાલ કરશે કે "કેમ વારુ, એમ ઇચ્છવાનું કારણ શું?" એનું કારણ કેવળ એજ છે કે, જો તમે, હું અને અત્રે ઉપસ્થિત લોકો તમામ બરાબર એકજ જાતના વિચારો વિચારતા થઇ જઇએ, તો પછી આપણે માટે કોઈજ વિચાર વિચારવાના રહે નહિ. એ વાતની તો આપણ સૌને ખબરજ છે કે, ગતિ પેદા કરવા માટે બે અગર તેથી વધારે શક્તિઓ સામસામી અથડાવી જોઇએ. તે મુજબ વિચારોની ટક્કર, યાને વિચારોની વિભિન્નતાજ વિચારને જાગ્રત કરે છે. હવે જો આપણે બધાંજ એકજ રીતે વિચારતાં થઇ ગયાં હોઇએ, તો તો આપણી સ્થિતિ સંગ્રહસ્થાનમાં ગોઠવેલા ઇજીપ્ત દેશના મમીઝ યાને મસાલો ભરીને જેવાં ને તેવાં સાચવી રાખેલાં મડદાંના જેવીજ થાય-યાને આપણે એકબીજાનાં મોં સામું સૂનકાર દૃષ્ટિએ જોતાંજ ઉભાં રહીએ-એ સિવાય વિશેષ કંઈજ ન કરીએ. વમળો અને ભમરા વેગબંધ વહેતા જીવંત ઝરણામાંજ ઉત્પન્ન થાય છે, બંધિયાર મૃત પાણીમાં વમળ કે ભમરા જેવું કંઈજ હોતું નથી. તેવીજ રીતે ધર્મો જ્યારે મૃત બની જશે, ત્યારે પંથો ઉદ્ભવતા બંધ થઇ જશે, કિંબહુના પંથોનાં નામે નહિ રહે, અને સર્વત્ર શાંતિ અને એકદિલી પથરાયેલી જણાશે. પણ તે શાંતિ કબર કિંવા ઘોરના જેવી હશે. પરંતુ જ્યાંસુધી મનુષ્યજાતિ વિચારશીલ રહેશે, ત્યાંસુધી તો પંથોનું અસ્તિત્વ પણ રહેશેજ. ફેરફાર અને ભેદ, એ તો જીવનનાં નિશાનો છે, અને તે હોવાજ જોઇએ. ઇશ્વરપ્રત્યે મારી પ્રાર્થના છે કે, પંથોની સંખ્યા હજી પણ વધ્યે જાય અને આખરે સંસારમાં જેટલા માનવીઓ તેટલા પંથો બને. અને પ્રત્યેક જણ ધર્મની બાબતમાં પોતપોતાની વ્યક્તિગત રીતે વિચારતો થાય.

પરંતુ એ સ્થિતિ તો ક્યારનીય અસ્તિત્વમાં છે. આપણામાંનો પ્રત્યેક જણ તેની પોતાની રીતેજ વિચારનારો હોય છે. પણ વિચારના એ સ્વાભાવિક વહેણમાં સમાજ તરફથી સર્વ સમયે નડતર નાખવામાં આવી છે અને હજીયે નખાયા કરે છે.

હાલના જમાનામાં તલવારનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે નથી થતો તો બીજાં સાધનોનો ઉપયોગ એ કામ માટે થાય છે; પણ નડતર તો એક યા બીજે રસ્તે થાય છેજ. મારા આ કથનના સમર્થનમાં ન્યુયૉર્કના એક સર્વશ્રેષ્ઠ ધર્મોપદેશક યાને પાદરી સાહેબનો

દાખલો ટાંકું છું. એ પાદરી શું કહે છે તે જરા સાંભળો. તેઓ તમારા લોકોને ઉપદેશ આપતાં ચઢાવે છે કે, ફીલીપાઇનવાસીઓને જીતવા જોઇએ, કેમકે તેમને ખરો ખ્રિસ્તી માર્ગ શીખવવાનો એજ એકલો રસ્તો છે! એ ફીલીપાઇનો ખ્રિસ્તીમાર્ગના કૅથોલિક સંપ્રદાયને માનતા તો ક્યારનાય થયેલા છે; પણ એ પાદરી મહાશયની આકાંક્ષા તેમને પ્રેસ્બીટેરિયન પંથમાં આણવાની છે, અને તેટલા માટે તેઓ પોતાની જાતિના માથાપર ખૂનરેજીનું ભયંકર પાપ લાદવા તૈયાર થયા છે! કેવું ભયંકર! કેવું નીચ! અને આ પાદરી તમારા દેશના સર્વોત્તમ ધર્મોપદેશકોમાંનો અને સર્વશ્રેષ્ઠ બહુશ્રુતોમાંનો એક ગણાય છે! એના દરજ્જાનો માણસ ઉભો થઇને આવું અતિનિંદ્ય અર્થ વગરનું બોલતાં નથી શરમાતો, અને તેનો શ્રોતાવર્ગ પણ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેતાં નથી અચકાતો; ત્યારે એ પરથી દુનિયાની સ્થિતિ કેવી હશે તેનો ક્યાસ તમે પોતેજ કરી લ્યો! આનું નામ શું સંસ્કૃતિ? આનું નામ તે સુધારો? અરે! એ તો વાઘની પેલી જૂની લોહીતૃષ્ણા! એ તો મનુષ્યમાંસભક્ષક જંગલી પિશાચી વૃત્તિ નવીન નામ અને નવીન લેબાશમાં બહાર આવે છે-એ સિવાય બીજું શું માનવું? વસ્તુસ્થિતિ આજની ઘડીએ જયારે આવી છે, ત્યારે જૂના વખતમાં જ્યારે પ્રત્યેક પંથ સામા પંથને છુંદી નાખવા અને તેના પુરચેપુરચા ઉડાવી દેવાને પોતાના હસ્તકની સર્વ સત્તાને સાધનો સાથે કટિબદ્ધ થતો હતો, તે વખતે દુનિયાને માથે કેવો કેર વર્તી રહ્યો હશે અને લોકોને કેવા ત્રાસમાંથી પસાર થવું પડ્યું હશે, તેનો વિચાર કરી જુઓ. ઇતિહાસ આપણને તેનો ચિતાર આપે છે. લોહીપિપાસુ એ વાઘ અત્યારે આપણી અંદર નિદ્રાધીન પડ્યો છે, સાવ મરણાધીન થયો નથી. તેથી જયારે જયારે અનુકૂળ પ્રસંગો આવે છે, ત્યારે ત્યારે તે છલંગભેર નીકળી આવે છે અને અસલની માફકજ પોતાના તીક્ષ્ણ પંઝા અને તીણા દાંતોનો યથેચ્છ ઉપયોગ કરે છે. તરવાર અને બંદુક જેવાં જડ હથિયારો સિવાય બીજાં તેમનાથીયે વધારે ભયંકર હથિયારો જગતમાં છે. તિરસ્કાર અને અપ્રતિષ્ઠા, સામાજિક દ્વેષ ને સામાજિક બહિષ્કાર જેવાં ભયંકરમાં ભયંકર હથિયારો, જે લોકો બરાબર આપણી પદ્ધતિએ ધર્મના સવાલો નથી વિચારતા તેમની પ્રત્યે આજે પણ છૂટથી છોડવામાં આવે છે. પ્રત્યેક જણે આપણી માફકજ શામાટે વિચારવું જોઇએ? તેનું કારણ હું સમજી શકતો નથી. હું જો સમજદાર માણસ હોઉં, તો તો બીજા લોકો મારી માફક નથા વિચારતાં એ જોઇને તો મારે રાજીજ થવું રહ્યું. મારી ઇચ્છા એક કબર જેવા સ્થાનમાં પડી રહેવાની જરાય નથી; હું તો મનુષ્યોની દુનિયામાં એક મનુષ્ય થવા માગું

છું. વિચારશીલ પ્રાણીઓ પરસ્પર જૂદાં પડેજ. જૂદાઇ અથવા ભેદ એ તો વિચારની પ્રથમ નિશાની છે. હું જો એક વિચારશીલ મનુષ્ય હોઉં, તો તો મારે ખચિત મતભેદોવાળા વિચારશીલ મનુષ્યોનીજ વચમાં રહેવું જોઇએ.

ત્યારે હવે, એ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે, ધર્મના આ બધાજ પ્રકાર સાચા કેમ કરીને હોઈ શકે ? જો એ વાત સાચી હોય, તો તેનો નિષેધ નકામો ને ખોટો છે. પરસ્પર વિરુદ્ધ મતો એકી વખતે સાચા હોય, એ વાત શી રીતે સંભવે ? આજ સવાલનો જવાબ આપવાનો આજે મારો ઇરાદો છે. પરંતુ તેમ કરતાં પહેલાં હું તમને પૂછીશ કે "શું દુનિયાના બધા ધર્મ ખરી રીતે એકબીજાના વિરોધી છે કે કેમ ?" જે બાહ્ય આચારવિધિઓમાં ધર્મમાત્રના મહાન વિચારો ઢંકાઇ રહ્યા છે, તે આચારવિધિઓની વાત હું નથી પૂછતો. તેમ પ્રત્યેક ધર્મમાં વપરાતાં વિવિધ બાંધકામો, વિવિધ ભાષાઓ, વિવિધ વિધિઓ અને વિવિધ પુસ્તકો ઇત્યાદિની વાત પણ હું નથી પૂછતો. હું જે પૂછું છું તે પ્રત્યેક ધર્મના અંતરાત્મા વિષે યાને ધર્મમાત્રના વાસ્તવ-વસ્તુવિષે પૂછું છું. દરેક ધર્મની પાછળ એક સત્યરૂપ આત્મા રહેલો છે, અને તે આત્મા બીજા ધર્મના આત્માથી કદાપિ જૂદો પડતો હશે; પણ તેથી શું તેઓ એકબીજાના વિરોધી છે ? તેઓ એકબીજાનો વિરોધ કરી ગળાં કાપે છે કે પરસ્પરની ઉણપો પૂરે છે ? સવાલ એજ છે. હું છેક નાનો છોકરો હતો ત્યારથી આ સવાલ મેં હાથ ધર્યો છે અને અત્યારસુધી હું તેનો સતત અભ્યાસ કરતો રહ્યો છું. મારો નિર્ણય તમને કંઈક સહાયકર્તા થઇ પડશે, એવી માન્યતાથી હું તે તમારી આગળ મૂકું છું. મારી પાકી માન્યતા થઇ છે કે, તેઓ એકબીજાના વિરોધી નથી, પણ પોષક છે. એકે એક ધર્મ જાણે વિશ્વવ્યાપી મહાન સત્યના એક ભાગને ઉંચકે છે, અને તે મહાન સત્યના તેજ ભાગનું સંગઠન કરવામાં અને તેના અસલ સ્વરૂપનું ચિહ્ન બતાવવામાંજ પોતાની બધી શક્તિ ખર્ચે છે. તેથી તે ધર્મના ક્ષેત્રમાં ઉમેરો કરે છે, ઘટાડો લેશ પણ કરતો નથી. ખરો ખ્યાલ આવો છેઃ-સંપ્રદાય પછી સંપ્રદાયો ઉભા થાય છે, અને તે દરેક એક મહાન આદર્શનું સંગઠન કરે છે; અને એ રીતે મહાન આદર્શોની સંખ્યામાં ઉમેરો થતો રહે છે, મનુષ્યજાતિની પ્રગતિની કૂચ આ રીતેજ થાય છે. મનુષ્ય ભૂલમાંથી સત્ય તરફ કદાપિ આગળ વધતો નથી, પણ સત્યમાંથીજ સત્ય તરફ આગળ વધે છે. એક બાળક તેના બાપ કરતાં વધારે વિકાસ સાધે, તેથી તે બાપ શું કંઈ માલવગરનું ખાલી ખોખું અથવા મૂર્ખ હતો ? ખરી વાત તો એ છે કે, બાળક એટલે બાપ વત્તા બીજું કંઇક. તમે એક

બાળક હતા ત્યારે તમને જેટલું જ્ઞાન હતું તેના કરતાં તમારૂં અત્યારનું જ્ઞાન અતિશય વિશાળ બન્યું હોય, તેથી તમારા બાલ્યકાળની તે સ્થિતિપર અત્યારે તમે તિરસ્કારની દૃષ્ટિએ જોશો શું? તમારી પાછલી સ્થિતિને શું તમે નિઃસાર ને પોકળ સમજશો ? ના, કેમકે તમારી અત્યારની સ્થિતિ તે તમારૂં બાલ્યાવસ્થાનું જ્ઞાન વત્તા બીજું કંઇક વધારેનું પરિણામ છે.

હવે આપણને એ વાત પણ જાણીતી છે કે, એકજ વસ્તુનાં લગભગ વિરોધી દૃષ્ટિબિંદુઓ અથવા ભાવો હોય છે, છતાં તે બધાં એકજ વસ્તુનું સૂચન કરે છે. ધારો કે, કોઈ શખ્સ સૂર્યના પ્રવાસે નીકળ્યો છે, અને તે જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ દરેક મજલે તે સૂર્યની છબી પાડતો જાય છે. હવે જ્યારે તે પાછો ફરે છે, ત્યારે એણે ખેંચેલી સૂર્યની અનેક છબીઓ તે આપણી આગળ મૂકે છે. એમાંની કોઇ બે છબીઓ એકબીજીને મળતી નથી આવતી; તેમ છતાં તે છબીઓ જૂદા જૂદા કેન્દ્રસ્થાનોએથી લીધેલી એકજ સૂર્યની છબીઓ છે, તેની ના કોનાથી પાડી શકાશે વારૂ ? અત્યારે જે દેવળમાં આપણે બેઠાં છીએ, તેજ દેવળની ચાર જૂદા જૂદા ખૂણાપરથી ચાર છબીઓ પાડશો, તો તે છબીઓ એકબીજીથી કેટલી બધી ભિન્ન દેખાશે! છતાં તેઓ બધાજ છબીઓ આ દેવળના ભાવને બતાવનારી હોય છે. એવીજ રીતે આપણે એકજ સત્યને જૂદી જૂદી ભૂમિકાપર ઉભા રહીને નિહાળીએ છીએ. એ ભૂમિકાઓ આપણાં જન્મ, કેળવણી, પરિસ્થિતિઓ ઈત્યાદિના પ્રમાણમાં જૂદી જૂદી હોય છે. પોતપોતાની ભૂમિકાપર રહી આપણે સત્યને અવલોકીએ છીએ. આપણી આ પરિસ્થિતિઓ આપણને લેવા દે તેટલું આપણે તેમાંથી ગ્રહણ કરીએ છીએ, આપણા પોતાના હૃદયના રંગથી તેને રંગીએ છીએ, આપણી પોતપોતાની બુદ્ધિ મુજબ તેને સમજીએ છીએ, અને આપણા પોતપોતાના મનવડે તેને દૃઢ પકડી રાખીએ છીએ. આખા સત્યમાંથી જેટલું આપણને સંબંધકર્તા હોય છે અને જેટલું મેળવવાનું આપણું ગજું હોય છે, તેટલુંજ આપણે જાણીને સમજી શકીએ છીએ. મનુષ્ય મનુષ્ય વચ્ચે, અને પ્રસંગો વચ્ચે જે ભિન્નતા જણાય છે તથા કેટલીક વાર ઉત્તમ વિચારોમાં જે વિરુદ્ધતા જણાય છે તેનું કારણ પણ આજ છે. આમ છતાં આપણે સૌ એ એકજ મહાન વિરાટ સત્યનાજ અંશો છીએ.

આથી મારો મત એવો છે કે આ બધાજ ધર્મો, મનુષ્યજાતિના કલ્યાણ માટે કાર્ય કરતી ઈશ્વરી રાજ્યકારભારની જૂદી જૂદી શક્તિઓ છે; અને તેમાંની એકે મરણાધીન બને તેમ નથી કે એકેને મરણાધીન કરાય તેમ નથી. પ્રકૃતિ અથવા કુદરતની કોઇ

શક્તિનો તમારાથી ધ્વંસ થઇ શકતો નથી, તેમ ધર્મરૂપી આ આધ્યાત્મિક શક્તિઓ પૈકી પણ એકેયનો નાશ તમારાથી થઇ શકે તેમ નથી. ઉપર તમે જોઈજ ગયાં છો કે, એકે એક મહાન ધર્મ જીવંત છે. વખતોવખત તે પાછો પડતો હશે કે આગળ ધપતો હશે, પણ જીવંત તો તે દરેક છેજ. એક વાર તેની કાયાપરથી ઘણાખરા શણગારો ઉતરી જતા દેખાશે, તો બીજી વેળા તેની કાયા બધીજ જાતના શણગારોથી ખીચોખીચ ઢંકાઈ રહેતી દેખાશે. પરંતુ તેનો આત્મા તો એ બધો વખત જ્યાંનો ત્યાંજ રહે છે, એનો નાશ કદાપિ થતો નથી. અર્થાત્ કે દરેક ધર્મ જે આદર્શને રજુ કરે છે, તે આદર્શ કદાપિ ગુમ થતો નથી, અને તેથી પ્રત્યેક ધર્મ હોંશિયારીથી કૂચ કદમ કરી શકે છે.

અને એ વિશ્વધર્મ કે જેનાં પ્રત્યેક દેશના તત્ત્વજ્ઞાનીઓ અને બીજા લોકોએ સ્વપ્નાં સેવ્યાં છે, તે વિશ્વધર્મ ક્યારનોય હયાતી ધરાવે છે. તે આ રહ્યો. જેવી રીતે મનુષ્યના વિશ્વવ્યાપક બંધુભાવનું અસ્તિત્વ ક્યારનુંય છે, તેવી રીતે વિશ્વધર્મનું અસ્તિત્વ પણ ક્યારનુંય છે. તમારામાંનાં જેમણે દૂર–સુદૂર પ્રવાસ ખેડ્યો છે, તેમાંથી કોને પ્રત્યેક પ્રજામાંથી ભાઈબહેનો નથી મળી આવ્યાં ? મને તો એવાં ભાઇબહેનો દુનિયાભરમાં મળી આવ્યાં છે. મતલબ કે, બંધુભાવ મોજુદ તો છેજ; પણ સંખ્યાબંધ મનુષ્યો તેને જોવામાં નિષ્ફળ નીવડે છે, અને બીજા બીજા બંધુભાવો માટે બૂમરાણ મચાવી તેને ઉથલાવી પાડે છે એટલુંજ. તેવી રીતે વિશ્વધર્મ પણ દુનિયામાં ક્યારનોય મોજુદ છે. જો પુરોહિતો અને પાદરીઓ, મૌલાના અને મુલ્લાંઓ ઇત્યાદિ જે લોકોએ જૂદા જૂદા ધર્મોના ઉપદેશનું કામ પોતાને શિર વહોર્યું છે, તે લોકો થોડીક ક્ષણ ઉપદેશ આપતા કેવળ બંધ પડી જાય, તો આપણને તત્કાળ જણાશે કે, વિશ્વધર્મ આ રહ્યો. આ લોકોજ સર્વ સમય તેને સળકડી કર્યા કરે છે, અને તેમ કરવામાં તેમનો સ્વાર્થ સમાયલો છે. તમે જુઓજ છો કે, પ્રત્યેક દેશમાં પુરોહિત લોકો યાને ધર્મગુરુઓનો વર્ગજ બહુ પુરાણપ્રિય વૃત્તિવાળો યાને જૂના રૂઢિરિવાજોને ચામજૂની માફક વળગી રહેનારો દુરાગ્રહી હોય છે. આનું ખરૂં કારણ શું છે, તે જાણો છો ? ખરૂં કારણ એ છે કે, લોકોને દોરે તેવા ધર્મગુરુઓ વીરલા પાકે છે. બાકી ઘણાખરા તો લોકોથીજ દોરવાનારા હોય છે, કિંબહુના લોકોના દાસ અને નોકર જેવા હોય છે. તમે કહો કે 'સૂકું છે' તો તેઓ કહે છે કે 'હા, તેમજ છે;' તમે કહેશો કે 'કાળું છે', તો તેઓ પણ ઓચરશે કે 'હા, કાળુંજ છે.' બાબત આમ છે; તેથી લોકો જે તરફ જવા માંડે તે તરફજ તેઓ બિચારાને ગયે છૂટકો છે. તેઓથી તો એવુંજ થવાનું.

તેથી જેને તે બાબતમાં પુરોહિતવર્ગને માથે જે દોષનો બધો ટોપલો ઢાલવવાનો સામાન્ય રિવાજ છે, તે મુજબ આ વિષયમાં પુરોહિતો અથવા ધર્મગુરુઓનો દોષ કાઢવા પહેલાં તમારો પોતાનોજ દોષ તમારે કાઢવો ઉચિત છે. તમે જેટલાને લાયક હો છો, તેટલુંજ તમને મળે છે. કોઇ છાતીચલ્લો પુરોહિત તમને આગળ વધેલા વિચારોનો ઉપદેશ કરી આગળ દોરવાની ઇચ્છા કરે, તો તેના શા હાલ થાય તેની તમને ખબર છે? તેનાં બાળબચ્ચાં કદાચ ભૂખે મરે, ને તેને બિચારાને ચીંથરેહાલ થવું પડે! જે સાંસારિક કાયદાકાનુનોની સત્તા તમારાપર ચાલે છે, તેમની સત્તા તળે એ પુરોહિત પણ છે; તેથી જે તરફ તમે ડગ ઉપાડશો, તે વિષે તે તરત કહેશે "હા, ઠીક છે, આગળ વધો." અલબત્ત, આ સંસારમાં એવા પણ આત્માઓ અપવાદરૂપે મળી આવે છે, કે જેઓ સામાન્ય જનસમૂહથી જરા પણ દબાતા નથી. તેઓ સત્યને નિરખે છે અને એક સત્યનીજ તેમને કિંમત છે. કારણ કે સત્યની પકડ તેમના પર સજ્જડ બેઠી હોય છે. તેઓ સત્યના સંપૂર્ણ અનુયાયી થવા મથતા હોય છે. એટલે તેમને તો 'સામે મોઢે સિદ્ધપુર' એ કહેવત મુજબ 'આગે કૂચ' કર્યા વગર ચાલતુંજ નથી. પાછી દૃષ્ટિ કરી તેઓ કદી જોતા નથી, અને તમને માટે લોકપ્રતિષ્ઠાનું મહત્ત્વ કે આકર્ષણ રહેતું નથી; પણ માત્ર ઈશ્વર એકલાનુંજ અસ્તિત્વ, મહત્ત્વ અને આકર્ષણ તેમને માટે રહ્યું હોય છે. ઈશ્વર પોતેજ તેમની માર્ગદર્શક જાજ્વલ્યમાન જ્યોતિરૂપ બને છે, અને એ ઝળહળતી જ્યોતિનેજ તેઓ અનુસર્યે જાય છે.

આ દેશમાં મને એક માર્મન ગૃહસ્થનો સમાગમ થયો હતો. તેમણે મને પોતાના મતનો અનુયાયી થવા માટે સમજાવવાની ખૂબ કોશીષ કરી; પણ મેં તેમને કહ્યું કે "તમારા સિદ્ધાંતો માટે મને પુષ્કળ માન છે, પણ કેટલીક વાતોમાં હું તમારી સાથે એકમત થઇ શકતો નથી. પ્રથમ તો એ કે, હું સંન્યાસી સંપ્રદાયનો છું, ત્યારે તમે અનેક પત્નીઓ પરણવામાં માનવાવાળા છો. પણ તમે હિંદુસ્થાનમાં પ્રચારકાર્ય માટે કાં જતા નથી?" આ સાંભળી તે અચંબા સાથે બોલ્યો કે "શું, તમે એકે વારના લગ્નમાં નહિ માનનારા હોવા છતાં અને હું એકી વખતે અનેક સ્ત્રીઓને પરણવાની પ્રથામાં માનવવાળો હોવા છતાં, તમે મને તમારા દેશમાં જવાનું કહો છો?" મેં જવાબ આપ્યો કે—"હા, મારા દેશબંધુઓ હરકોઈ દિશામાંથી આવતા હરકોઇ ધાર્મિક વિચારોનું શ્રવણ કરશે. તેથી મારી ઇચ્છા છે કે, તમે એક વાર તો હિંદુસ્થાન જાઓજ. મારી આ ઇચ્છાનું પ્રથમ કારણ તો એ છે કે, અનેક પંથોની ઉપયોગિતામાં મને જબરજસ્ત વિશ્વાસ છે; અને બીજું એ કે, હિંદુસ્થાનમાં એવા અનેક

માણસો છે કે જેઓ અત્યારના વિદ્યમાન ધર્મપંથોથી સંતુષ્ટ નથી, અને એ અસંતોષને લીધે તેમને કોઇ ધર્મની સાથે કોઇ જાતની નિસ્બત નહિ હોય; તેથી એવા લોકોમાંથી તમને પણ કેટલાક શિષ્યો મળી આવે એ સંભવિત છે." મતલબ કે, ધર્મપંથોની સંખ્યા જેમ વધારે, તેમ લોકોને ધર્મ મળવાની તક પણ વધારે. જે હોટલમાં સર્વ વાનીના ખોરાક રાખવામાં આવેલા હોય છે, તે હોટલમાં દરેક જણને પોતપોતાની રુચિને તૃપ્ત કરવાની તક મળે છે; તેજ પ્રમાણે વિવિધ જાતના પંથો હોય તો દરેક જણને તેને પોતાને રૂચતો ધર્મ પણ મળી રહે ખરો. એટલાજ માટે હું ઇચ્છું છું કે, પંથોની સંખ્યા હજી પણ વધ્યે જાય, અને વધારે લોકોને આધ્યાત્મિક માર્ગપર ચઢવાની તક મળે. લોકોને ધર્મ ગમતો નથી, એમ તો માનશોજ નહિ. એ વાતમાં મારો જરાય વિશ્વાસ નથી. બાબત એમ છે કે, લોકોને જેની જરૂર છે, તે ધર્મગુરુઓ તેમને આપી શકતા નથી. જે માણસને કપાળે એક વાર નાસ્તિક, જડવાદી ઇત્યાદિ ઇત્યાદિ છાપ વાગી હોય છે, તેનો તેજ માણસ તેને પોતાને જોઇતા સત્યનો ઉપદેશ કરનારો કોઇ સદ્ગુરુ મળી જાય છે તો તેની કોમમાં તે સર્વશ્રેષ્ઠ ધર્મિષ્ઠ કિંવા બ્રહ્મનિષ્ઠતરીકે ઝળકી ઉઠે છે. આપણે આપણી પોતપોતાની રીતેજ ખાઇ શકીએ છીએ. દાખલાતરીકે, અમે હિંદુઓ અમારાં આંગળાંવડે ખાઇએ છીએ. અમારી આંગળીઓ તમારી આંગળીઓ કરતાં વધારે વશવર્તી યાને આધીન છે; તમારાથી એ રીતે આંગળીઓનો ઉપયોગ નહિ થઇ શકે. તે મુજબ આધ્યાત્મિક વિચારો તમારે દરેકને મેળવવાના છે; પણ તે તમારી પોતાની પદ્ધતિ મુજબ તમારી સમક્ષ મૂકાવા જોઇએ. ઉપદેશકોએ તમારી પોતાની ભાષામાં યાને તમારા આત્માની ભાષામાં કહેતાં તમારા હૃદયના ભાવને અનુસરતી વાણીમાં બોલવું જોઇએ અને તેમ કરે તોજ તેઓ તમને સંતોષી શકે. જ્યારે કોઈ માણસ આવીને મારી પોતાની ભાષામાં બોલે છે, અને મારી પોતાનીજ ભાષામાં મને સત્યનું શિક્ષણ આપે છે, ત્યારે હું ઝટ દઇને તે સમજી જાઉં છું, અને હમેશને માટે તે સત્યને હું અપનાવી લઉં છું. આ એક મહાન સાચી બીના છે.

હવે આ ઉપરથી આપણે જોઇએ છીએ કે, માનવીઓનાં મન વિવિધ જાતનાં અને વિવિધ પાયરીઓનાં છે, અને તેમને સંતોષવા ધર્મો કેવું કામ પોતાને શિર લે છે, તે તો જુઓ! એક માણસ બે કે ત્રણ સિદ્ધાંતો લઇને બહાર પડે છે ને દાવો કરતો ફરે છે કે, તેના ધર્મથી સકળ મનુષ્યજાતિને સંતોષ થવોજ જોઇએ. ઈશ્વરની પશુસંગ્રહસ્થાનરૂપી આ દુનિયામાં એક નાનુંશું પિંજરૂં લઈ તે આમ તેમ ફરે છે, અને કહે છે કે "ઈશ્વર તેમજ હાથી દરેક

જણે આ પિંજરામાં આવવાનું છે. હાથીને તેમ કરતાં જો કાપી કાઢવો પડે તોપણ તેને અંદર સમાવું તો પડશેજ." વળી કોઈ ધર્મ થોડાક સારા વિચારોવાળો હોય છે. તેના પ્રચારકો કહે છે કે "બધાં મનુષ્યોએ આમાં આવવું જોઇએ." એટલે કોઈ બોલી ઉઠે છે કે "પણ એમાં તેમને માટે જગા નથી." તો તેઓ કહે છે કે "પરવા નહિ! તેમને કાપીને ટુકડા કરો; પણ હરકોઇ રીતે તેમને અંદર તો લ્યોજ; છતાં જો તેઓ નજ આવે, તો તેમના પર લ્યાનત વરસશે ને તેઓ નરકમાં પડશે." એવો એક પણ ધર્મોપદેશક કે ધર્મપંથ મને હજી નથી મળ્યો, કે જે જરા ઉભો રહીને પૂછતો હોય કે "લોકો અમારૂં કહ્યું સાંભળતા નથી તેનું શું કારણ?" આને બદલે ઉલટા તેઓ લોકોને ભાંડવા માંડે છે ને કહે છે કે "લોકોજ દુષ્ટ છે." પણ તેઓ કદાપિ પૂછવા નથી થોભતા કે "લોકો મારા શબ્દો કાને નથી ધરતા તેનું શું કારણ? મારાથી તેમને સત્યનું દર્શન કેમ કરાવી શકાતું નથી? હું તેમની આંખો કેમ ઉઘાડી શકતો નથી?" ખચિતજ, ધર્મગુરુઓને વધારે સારૂં જ્ઞાન હોવાની જરૂર છે, અને જ્યારે લોકો તેમનું સાંભળતા ન જણાય ત્યારે કોઇને પણ દોષિત ઠરાવવાનું હોય કે કોઇને પણ ભાંડવાનું હોય, તો તે પોતાની જાતનેજ, પણ આને બદલે વાંક હમેશાં લોકોનોજ નીકળે છે! મતલબ કે, બધાજ લોકોના સમાવેશ માટે પોતાના પંથને પૂરતો વિશાળ બનાવવાની તેઓ કશી કોશીષ-જ કદી કરતા નથી.

આ ઉપરથી ધર્મની બાબતમાં, જગતની અંદર આટલી બધી સંકુચિત મનોવૃત્તિ કેમ જણાય છે, તેનું કારણ આપણાથી ઝટ સમજી શકાય છે; અને તે એજ કે, એક અંશ-એક ટુકડો હમેશાં આખી વસ્તુ હોવાનો દાવો કરે છે. એક ક્ષુદ્ર વસ્તુ એકમ અનંત હોવાનો હમેશાં દાવો કરે છે. ભૂલને પાત્ર મનુષ્યભેજાંમાંથી, થોડાંક સૈકાંમાં જન્મેલા અનેક પંથોનો વિચાર કરો. ઈશ્વરના અનંત સત્યને આખું ને આખું જાણવાનો કેવો મગરૂબીભરેલો દાવો તેઓ કરે છે! કેવી ઉદ્ધતાઇ! આ વાતથી જો કંઇજ સિદ્ધ થતું હોય તો તે એજ કે, મનુષ્યપ્રાણીઓ કેવાં મિથ્યાભિમાની છે! અને એવા બધાજ દાવાઓ અત્યાર સુધીમાં નિષ્ફળ નીવડયા છે, તેમાં નવાઈ જેવું પણ કશુંજ નથી. ઈશ્વરકૃપાએ એવા દાવાઓ હમેશાં નિષ્ફળજ નીવડવા સરજાયા છે. આવા દાવાદારોની પ્રત્યેક કૂચ એક હાથમાં ધર્મગ્રંથ અને બીજા હાથમાં તલવાર લઇને થતી હતી. વિધર્મીઓ પાસે જતાંજ તેઓ કહેતા કે "કાં તો અમારા ધર્મને સ્વીકારો કે કાં તો મૃત્યુને અંગીકારો, ત્રીજો કોઇ રસ્તોજ નથી." આવાઓની ફતેહ કેવી ચમત્કારી હતી તે તો તમે ઈતિહાસપરથી જાણોજ છો. છસો

વર્ષલગી તો કોઇજ તેમના વેગને ખાળવા સમર્થ થયું નહિ; પણ તે પછી એવો વખત આવ્યો, કે જ્યારે તેમને એ અયોગ્ય રસ્તેથી અટકવાની બૂમ લલકારવી પડી. બીજા કોઈ ધર્મો એનું અનુકરણ કરવા જશે, તો તેમની પણ એવીજ દશા થવાની. આપણે મનુષ્યો આવાં બણુચક બાળકો છીએ? મનુષ્યના સ્વભાવનું આપણને હમેશાં વિસ્મરણ થાય છે. આપણે જીવનની શરૂઆત કરીએ છીએ ત્યારે આપણને લાગે છે કે, આપણું પ્રારબ્ધ અસાધારણ નીવડવાનું છે, અને એ શ્રદ્ધા કેમે કરી ઓછી થતી નથી; પરંતુ જ્યારે આપણે વૃદ્ધાવસ્થાને ઉંબરે ચઢીએ છીએ, ત્યારે આપણે જૂદી રીતે વિચારતા થઇએ છીએ. ધર્મોની બાબતમાં પણ એવુંજ બને છે. ધર્મોની આરંભની દશામાં જ્યારે તેમનો જરાતરા વિસ્તાર થવા માંડે છે, ત્યારે તેઓ ફૂલાઇ જઇને એમજ માની લે છે કે, થોડાંજ વર્ષોની અંદર તેઓ આખી મનુષ્યજાતિનાં મન ફેરવી નાખવા શક્તિમાન થશે; અને એ માન્યતાથી પ્રેરાઇને તેઓ બળાત્કારે વટાળવા માટે આંખો મીંચીને ખુનામરકી ને કતલ ચલાવ્યે જાય છે; પણ આખરે તેમને એ કામમાં નિષ્ફળતા મળે છે, ત્યારેજ તેમને સારી સમજ આવવા માંડે છે. આપણે જોઇએ છીએ કે, આ ધર્મો જે કાર્ય સાધવા બહાર નીકળ્યા હતા, તે કાર્ય સાધવામાં તેઓ ફાવ્યા નથી; અને તેમની એ નિષ્ફળતા જગતને આશીર્વાદરૂપ હતી. એમાંનો એક પણ ધર્માંધ ઝનુની ધર્મ દુનિયાભરમાં ફાવ્યો હોત, તો અત્યારે મનુષ્યજાતિ ક્યાં જઇને ઉભી હોત તેની જરા કલ્પના કરી જુઓ! પ્રભુનો ઉપકાર માનો કે, તેઓ ફાવ્યા નહિ! આમ છે, તથાપિ એકે એક ધર્મ એકેકું મહાન સત્ય રજુ કરે છે, એ વાત તો નિર્વિવાદ. પ્રત્યેક ધર્મ અમુક એક વિશિષ્ટ ખુબી જગત આગળ રજુ કરે છે, અને એની એ વિશિષ્ટ ખુબીજ એનો આત્મા હોય છે. એક જૂની વાત મને આ ઠેકાણે યાદ આવે છે. એક સમયની વાતપર, કેટલીક નરમાંસભક્ષક રાક્ષસીઓ હતી. તેઓ લોકોને મારી ખાતી અને બીજા પણ બહુ ઉપદ્રવો મચાવતી; પરંતુ તેમનો સંહાર કોઇથી કરી શકાયો નહિ. આખરે એક બુદ્ધિમાન માણસે શોધી કાઢ્યું કે, તેમના આત્માઓ અમુક અમુક પંખીઓમાં વસે છે, તેથી જ્યાંસુધી એ પંખીઓ સલામત રહે ત્યાંસુધી એ રાક્ષસીઓનો સંહાર કોઈથી કે કશાથી થઇ શકે તેમ નથી. એવી રીતે આપણ દરેકને પણ એવું એકેક પંખી છે, કે જેની અંદર આપણા આત્મા વસે છે; એ પંખી તે આપણા જીવનનો આદર્શ, અને જીવનનો સંદેશો. દરેક માનવી એવા એકેકા આદર્શનું ને એકેકા જીવનસંદેશનું ધામ છે. બીજું ફાવે તે અને ફાવે તેટલું તમારૂં જતું રહે, પણ જ્યાંસુધી તમારો એ આદર્શ ગુમ થાય નહિ અને તમારા જીવનસંદેશને કંઈહરકત

હેલો ન પહોંચે, ત્યાંસુધી તમારો સંહાર કરવા કોઇ પણ સમર્થ નથી. ધન ભલે આવે અને જાય, તથા દુઃખના ઢગલા ડુંગર જેટલા ઉંચા ભલે ખડકાય; પણ જો તમે તમારા આદર્શને સાંગોપાંગ સાચવી રાખ્યો હશે તો કોઇથી કે કશાથી તમારી જીવનદોરી તૂટી શકશે નહિ. તમે ઘરડા થયા હશો, સો વર્ષના બુઢ્ઢા થયા હશો, પણ તમારો તે જીવનસંદેશ જો તમારા હૃદયમાં હજી તાજો ને તરુણ હશે, તો તમને મારી નાખવાની કોની તાકાત છે? પરંતુ એ આદર્શ જ્યારે નષ્ટ થાય છે અને એ જીવનસંદેશને હાનિ પહોંચે છે, ત્યારે પણ તમને બચાવવા પણ સમર્થ થતું નથી. પ્રજાઓ, એ સંખ્યાબંધ વ્યક્તિઓના સમૂહ સિવાય બીજું શું છે? તેથી દરેકે દરેક પ્રજાને મનુષ્યજાતિઓની એકદિલીના ક્ષેત્રમાં પોતપોતાનો સંદેશો બજાવવાનો હોય છે; અને જ્યાંસુધી એ આદર્શને-એ જીવનસંદેશને તે પ્રજા વળગી રહે છે, ત્યાંસુધી તે પ્રજાનો નાશ કરવા કોઈ કે કશુંજ સમર્થ નીવડતું નથી; પરંતુ એ પ્રજા જો પોતાના જીવનસંદેશને પડતો મૂકીને બીજી ત્રીજી બાબતો પાછળ લાગે છે, તો તેની જીવનદોરી ટુંકી બને છે ને તે વેગપૂર્વક નાશને પંથે પળે છે.

ધર્મની બાબતમાં પણ એવોજ પ્રકાર છે, આ બધાજ જૂના ધર્મો અત્યારે જીવંત છે; એ વાત પૂરવાર કરે છે કે, તેઓ બધાયેજ પોતપોતાના સંદેશને સાંગોપાંગ સાચવી રાખ્યો હોવો જોઇએ. તેમની બધી ભૂલો છતાં, બધી મુશ્કેલીઓ અને આફતો છતાં, બધા ઝઘડા અને આંતરવિગ્રહ છતાં, અને આચારવિધિઓના પોપડા ને પોપડામાં દટાયા છતાં, હૃદય તો પ્રત્યેક ધર્મનું સાબુત છે-એકે એકનું હૃદય ધબકતું, સ્ફૂરતું ને જીવતું છે. તેમાંના એકેયે પોતે જે સંદેશો લઇને આવ્યો હતો તે સંદેશો ગુમાવ્યો નથી. ધર્મના એ જીવનસંદેશાનો અભ્યાસ કરવો એ એક ભવ્ય અને ઉમદા વાત છે. ઉદાહરણતરીકે ઇસ્લામધર્મનેજ લ્યો. તમે ખ્રિસ્તી લોકો ઈસ્લામધર્મને જેટલો ધિક્કારો છો તેટલો દુનિયાના બીજા એક પણ ધર્મને ધિક્કારતા નથી. તમે એમ માનો છો કે, ઈસ્લામ જેવો ખરાબ ધર્મ બીજો નથી. પણ એ ઇસ્લામમાં પણ એક વિશિષ્ટ ખુબી છે તે ભૂલો નહિ. હરકોઈ જાત કે રંગનો કોઇ પણ મનુષ્ય એક વાર કલ્મો પઢી લઇ મુસલમાન બને છે કે તરતજ આખી ઈસ્લામી આલમ તેને પોતાના ભાઇતરીકે મોકળે હાથે ભેટે છે, અને તેની સાથેની રહેણીકરણીમાં કોઇ જાતનો ભેદભાવ કે અંતરપડદો રાખતી નથી. બીજા કોઇ પણ ધર્મમાં આવી જાતનું વર્તન થતું જોવામાં આવ્યું નથી. એકાદ જંગલી મનુષ્ય પણ જો મુસલમાન ધર્મને અંગીકારે તો મુસલમાન બાદશાહને પણ તેની સાથે ભોજન કરવામાં વાંધો નહિ આવે. તેનામાં જો મગજશક્તિ ને બુદ્ધિ-

બળ હશે, તો કોઈ પણ ઉંચામાં ઉંચી પદવી તેને માટે અપ્રાપ્ય નહિ રહે. ત્યારે આ સુધરેલા ગણાતા અમેરિકામાં, હજી એક દેવળ એવું મારી નજરે ચઢયું નથી કે જ્યાં એક ગોરો આદમી અને એક કાળો હબસી એકબીજાની અડોઅડ રહી પ્રાર્થના માટે ઘુંટણીએ પડી શકતા હોય. આનો જરા ખ્યાલ કરો. ઇસ્લામ પોતાના બધાજ અનુયાયીઓને સરખા ગણે છે, એટલુંજ નહિ પણ એ માન્યતા વ્યવહારમાં સિદ્ધ કરી દેખાડે છે. ઈસ્લામની અજબ ખુબી એમાંજ રહેલી છે, તે જુઓ ને સમજો. કુરાનમાં અનેક સ્થળે તમને જીવનના અતિવિષયલંપટ ભાવોનું બ્યાન મળી આવશે, પણ પરવા નહિ. ઈસ્લામ ધર્મ જગતને જે સંદેશો આપવા આવ્યો છે તે એજ કે, પોતાના સઘળાજ હમદીનો કહેતાં ધર્માનુયાયીઓ પ્રત્યે વ્યવહારમાં ભ્રાતૃભાવ આચરી બતાવવો. ઈસ્લામધર્મનો પ્રધાન ભાવ એજ છે; બાકી બહિસ્ત જીંદગી ઇત્યાદિના બીજા બધા ભાવો એ ઇસ્લામનું વાસ્તવ રૂપ નથી. એ તો વધારો છે, મરી મસાલો છે.

હિંદુઓની બાબતમાં 'આધ્યાત્મિકતા'નો ભાવ એ એક પ્રજાકીય ભાવતરીકે તમારા જોવામાં આવશે. દુનિયાના બીજા એકે ધર્મમાં કે એકે ધર્મપુસ્તકમાં, ઇશ્વિરની શોધ અને વ્યાખ્યા પાછળ હિંદુઓએ જેટલી શક્તિ ખર્ચી છે, તેટલી શક્તિ ખર્ચાયલી તમારા જોવામાં નહિ આવે. દુન્યવી કોઇ સ્પર્શ તેની ખુબીને બગાડી ન શકે તેવી રીતે તેમના આત્માના ભાવની વ્યાખ્યા કરવાની તેમણે અદ્‌ભુત કોશીષ કરી છે. આત્મા દિવ્ય હોવો જોઇએ, અને ક્ષેત્રજ્ઞતરીકે મનાયલા આત્માનું મનુષ્યતરીકે રૂપાંતર કરી નંખાવું ન જોઇએ. હિંદુઓના વેદાંતમાં અદ્વૈતનો યાને સર્વવ્યાપી પરમાત્માના સાક્ષાત્કારનો એકજ ભાવ ઠેઠ લગી ઉપદેશાયલો છે. હિંદુઓ કહે છે કે, પ્રભુ માત્ર સ્વર્ગમાં કે જન્નતમાં રહે છે અને એવું એવું બીજું કહેવું એ બધોજ અર્થહીન બકવાદ છે. એ તો કેવળ માનવી ભાવ છે-માનવવિદ્યાને લગતો ભાવ છે. સ્વર્ગ જેવી કોઈ ચીજ કદી હયાત હોય, તો તે બધા અત્યારે ને અહીંજ છે. અનંતકાળમાંનો એક ક્ષણ બીજી કોઇ ક્ષણના જેટલીજ સારી છે. પરમેશ્વરમાં જો તમે સાચી શ્રદ્ધા રાખતા થાઓ, તો પરમેશ્વરને તમે હમણાં ને હમણાંજ જોઇ શકો. અમારા હિંદુઓના મત પ્રમાણે ધર્મની ખરી શરૂઆત સત્યની સહેજ પણ ઝાંખી થવા માંડે છે ત્યારથીજ થઈ ગણાય છે. ધર્મના સિદ્ધાંતોમાં માનતા થવાથી કે તેને બૌદ્ધિક સંમતિ આપવાથી, કિંવા દેવળમાં તેનો એકરાર કરવાથી ધર્મની શરૂઆત થયેલી કહેવાય નહિ. તમારી માન્યતા પ્રમાણે ઇશ્વિર જો છેજ, તો તમે તેને નિહાળ્યો છે ? જવાબમાં તમે કહો કે, 'ના' તો પછી તેની અંદર શ્રદ્ધા રાખવાનો તમને

શો અધિકાર છે વારૂ ? ઈશ્વર છે કે નહિ એનો તમને શક હોય તો તેને જોવાને તમે શામાટે મથતા નથી ? આ દુનિયાની મથલાળને છોડી ઈશ્વરને જોવાના હેતુ માટે તમારૂં સમગ્ર જીવન ખર્ચી નાખવા તમે તત્પર કેમ નથી બનતા ? ત્યાગ અને આધ્યાત્મિકતા એ બે હિંદુસ્થાનના મહાન આદર્શો છે, અને હિંદુસ્થાન એ મહાન આદર્શોને વળગી રહે છે, તેથી તેની સઘળી ભૂલોની ઝાઝી વિસાત રહેતી નથી.

ખ્રિસ્તીઓની બાબતમાં પણ ખ્રિસ્તીધર્મે ઉપદેશેલો કેન્દ્રસ્થ ભાવ આજ છે કે "સાવધ થાઓ, અને પ્રભુની સહાય લ્યો; કેમકે એમ કરો તો સ્વર્ગનું રાજ્ય હાથવેંતમાં છે." અર્થાત્ કે તમારાં મન અને આચરણ પવિત્ર કરીને સ્વર્ગ માટે તૈયાર થાઓ ! અને એ અસલ આશય કદાપિ મરતો નથી. એ તો તમને યાદજ છે કે, ખ્રિસ્તીઓ ગમે તેવી આફતમાં પણ, અને ગમે તેવા કુસંસ્કારી ખ્રિસ્તી મુલકોમાં પણ પરોપકાર કરવાનો પ્રયત્ન કરીને, દવાખાનાંઓ અને એવીજ બીજી સખાવતી સંસ્થાઓ બંધાવીને પ્રભુના આગમન માટે પોતાની જાતને તૈયાર કરવાનો હમેશાં પ્રયત્ન કરે છે. જે જે ખ્રિસ્તીઓ જ્યાંલગી એ આદર્શને વળગી રહ્યા છે, ત્યાંલગીજ તેમનો ધર્મ જીવતો છે.

હવે એક આદર્શ મારા મનમાં સ્ફુરે છે. એ કદાચ એક સ્વપ્નું માત્ર પણ હોય. આ દુનિયામાં તેનો પ્રત્યક્ષ અનુભવ થશે કે કેમ, તેની મને ખબર નથી; પણ અણગમતી ને નિષ્ઠુર ઘટનાઓપર કૂટાઇ મરવા કરતાં મીઠું મધુરૂં સ્વપ્નું સેવવું એ કેટલીક વાર વધારે સારૂં ને હિતકર હોય છે. ખરાબ બનાવો કરતાં તો સારાં સ્વપ્નજ સારાં હોય છે. તેથી ચાલો, આપણે એવું એક સ્વપ્નું સેવીએ.

એ તો તમે જાણોજ છો કે, મનની વિવિધ પાયરીઓ હોય છે. તમે વાસ્તવિક રીતે એક સામાન્ય અક્કલના પાકા બુદ્ધિવાદી છો; તમને આચારવિધિઓની કંઇજ પરવા નથી. તમને તો બુદ્ધિગમ્ય, નક્કર અને ખખડતી સાચી વાતોજ જોઇએ છે; અને એવી સાચી વાતોજ એકલી તમને સંતોષી શકે તેમ છે. હવે ખ્રિસ્તીધર્મના પ્યુરીટનોને અને મુસલમાનોને તેમનાં પ્રાર્થનામંદિરોમાં એક ચિત્રામણ કે મૂર્તિ હોય તો તે નહિ ચાલે. બહુ સારૂં ! પણ બીજો એક માણસ એવો છે કે જેને કળાની કદર વિશેષ છે, તેને જ્યાં ને ત્યાં ભરપટ્ટે કળા જોવી ગમે છે—સુરેખા અને વાંકનું સૌંદર્ય, રંગો, ફૂલો અને આકૃતિઓ—એ બધા કળા તથા બત્તીઓ અને રોશનીઓ, ધૂપો અને દીપો તથા કર્મકાંડના બધાય ઠાઠમાઠની તેને ઇશ્વરદર્શનમાં આગળ વધવા માટે જરૂર ભાસે છે. તમારૂં મન જેમ ઇશ્વરના ભાવને બુદ્ધિદ્વારા ઝીલે છે, તેમ તેનું મન કર્મકાંડની એ બધા

વિધિઓદ્વારા ઝીલે છે. હવે વળી એક ભક્તિપરાયણ મનુષ્ય છે કે જેનો જીવ ઇશ્વરને માટે આક્રંદ કરી રહ્યો છે; તેને ઇશ્વરની ભક્તિ કરવા અને તેના ગુણાનુવાદ ગાવા સિવાય અન્ય કશુંજ ગમતું નથી. હવે છેલ્લે સરવાળે એક તત્ત્વજ્ઞાની એ બધાથી છેટો ઉભો ઉભો હસ્યા કરે છે ને ઉપર કહેલા બીજાઓની પેઠે તે પણ એવુંજ મનમાં વિચારે છે કે "આ બધા કેવા મૂર્ખો છે ! ઇશ્વરવિષેના તેમના આ ખ્યાલ તે શા !"

હવે આ બધા એકબીજાની ટોળ ભલે ઉડાવે, પણ આ દુનિયામાં તે દરેકનું સ્થાન તો છેજ. એ બધી બાબતોની અને એ બધાજ વિવિધ પ્રકારોની આ જગતમાં આવશ્યકતા છે. એક આદર્શ કદી પણ અસ્તિત્વમાં આવવાનો હોય, તો તે આ બધાજ પ્રકારના મનુષ્યોને જરૂરી ખોરાક પૂરો પાડવા જેટલો વિશાળ હોવો જોઇએ. તેણે એક તત્ત્વવેત્તાને તત્ત્વજ્ઞાનનું જોર પૂરૂં પાડવું પડશે અને ભક્તને ભક્તિભાવ પૂરો પાડવો પડશે. કર્મકાંડીને તેણે અદ્દભુતમાં અદ્દભુત કર્મકાંડથી જે મળે તે આપવું જોઇશે, અને એક કવિને તેણે તેનાથી લઈ શકાય તેટલા પ્રમાણમાં હૃદયનો ભાવ ને ઉર્મિ અને તે ઉપરાંત પણ અન્ય વસ્તુઓ આપવી જોઇશે. ધર્મને આવો વિશાળ બનાવવા માટે તો આપણે ધર્મના આરંભકાળસુધી પાછા જવું પડશે અને એ બધાયનો તેમાં સમાવેશ કરવો પડશે.

'સ્વીકાર' એ પછી આપણો મુદ્રાલેખ બનશે અને નહિ કે 'બહિષ્કાર.' માત્ર પરધર્મસહિષ્ણુતાજ નહિ; કારણ કે કહેવાતી પરધર્મસહિષ્ણુતા એ ઘણી વાર બગદોઇ જેવી હોય છે, અને તેથી મને એની અંદર શ્રદ્ધા નથી. મને તો બસ 'સ્વીકાર'માંજ શ્રદ્ધા છે. હું કોઇ પણ ધર્મને શામાટે સાંખી લઉં? હું તમને સાંખી લઉં તેનો અર્થ એટલોજ કે, તમે ખોટા છો, છતાં હું તમને નભાવી લઉં છું યાને જીવવા દઉં છું. આપણે એકબીજાને જીવવા દઇએ છીએ, એવો વિચાર સરખો કરવો એ શું ઇશ્વરની બગદોઈ કરવા સમાન નથી? માટે હું તો બધાજ ધર્મોનો સ્વીકાર કરૂં છું, અને બધાજ ધર્માનુયાયીઓની સાથે ઉપાસના કરૂં છું. ઇશ્વરને જે વિધિએ તે લોકો ઉપાસતા હોય છે, તેજ વિધિએ હું પ્રત્યેકની સાથે તે મહાન પિતાને ઉપાસું છું. હું મુસલમાનોની મસ્જીદમાં પણ જઇશ; ખ્રિસ્તી દેવળમાં પણ દાખલ થઇશ અને ખ્રિસ્તીઓની સાથે તેમના ક્રૉસ આગળ ઘુંટણમંડીએ પડીશ; બૌદ્ધોનાં મંદિરોમાં પણ હું જઇશ અને ત્યાં તેમની માફક હું પણ ભગવાન બુદ્ધદેવનું વંદન અને તેના નિયમોનું પાલન કરીશ. પ્રત્યેકના હૃદયમાં ઝગમગી રહેલી અખંડ જ્યોતિનાં દર્શન કરવાને પ્રયત્નશીલ હિંદુની સાથે જંગલમાં પણ જઇનેએકાંતમાં સાધના કરવા બેસીશ.

આ બધું તો હું કરીશ, એટલુંજ નહિ પણ ભવિષ્યમાં પ્રગટનાર સકળ પંથો માટે પણ હું મારા હૃદયના આગળા મોકળા રાખીશ. ઈશ્વરના પુસ્તકની શું 'ઇતિશ્રી' થઇ ગઇ છે કે હજુયે દુનિયાનાં આ આધ્યાત્મિક પ્રકટીકરણો—હજી ચાલુજ છે? ખરેજ એ એક અદ્દ્ભુત પુસ્તક છે. બાઇબલ, કુરાન, વેદો અને બીજા તમામ ધર્મગ્રંથો, ઈશ્વરના એ અદ્દ્ભુત મહાન પુસ્તકનાં અનેક પાનાં માત્ર છે, અને હજી તેનાં અનંત પાનાં ઉઘડવાં તો બાકી છે. તેથી મારૂં હૃદયદ્વાર તે બધાયને માટે મોકળું રાખીશ. આપણે વર્તમાનમાં ઉભાં છીએ, પણ અનંત ભવિષ્યને માટે પણ આપણી જાતને ખુલ્લી રાખીએ છીએ. ભૂતસમયમાં જે જે કંઇ ભવ્ય હતું તે તે બધાયને આપણે અપનાવી લઇએ છીએ, વર્તમાનકાળના પ્રકાશની પણ મોજ માણીએ છીએ અને ભવિષ્યમાં આવનારાં તમામને માટે પણ આપણાં હૃદયનાં બધાંજ બારીબારણાં ખુલ્લાં મૂકીએ છીએ. પ્રણામ હો, ભૂતકાળના એ બધાજ પયગંબરોને! વંદન હો એ વર્તમાનકાળના બધા મહાત્માઓને! અને નમસ્કાર હો ભવિષ્યકાળમાં થનારા એ બધા મહાપુરુષોને!



२०–विश्वधर्मनो आदर्श

બધીજ જાતનાં મન અને બધીજ જાતના માર્ગોને તે પોતાની બાથમાં કેવી રીતે લઇ શકે ?

આપણી ઇંદ્રિયો જે જે સ્થાનમાં પહોંચી શકે છે, અને આપણું મન જે જે વસ્તુઓની કલ્પના કરી શકે છે, તે તે બધાજ વિષયમાં બે પ્રચંડ શક્તિઓની ક્રિયા અને પ્રતિક્રિયા થતી આપણા દીઠામાં આવે છે. એ બે પ્રચંડ શક્તિઓ એકબીજાનો સતત પ્રતીકાર કરે છે, અને એમ કરીને તેઓ ચોમેર દેખાતા સ્થૂળ ચમત્કારની અને મનમાં અનુભવાતા સૂક્ષ્મ ચમત્કારની, યાને બાહ્યજગતના તથા આંતરિક જગતના સતત ક્રીડાવ્યાપારની તે કારણીભૂત બને છે. બાહ્ય જગતમાં આ વિરોધી શક્તિઓનું કાર્ય આકર્ષણ અને વિપ્રકર્ષણ કિંવા પ્રતિસારણતરીકે અથવા તો મધ્યકેન્દ્રાભિસારણ બળ અને મધ્યકેન્દ્રત્યાગી બળતરીકે વ્યક્ત થાય છે; અને આંતરજગતમાં એ વિરોધી શક્તિઓનું કાર્ય પ્રેમ, દ્વેષ, શુભ અને અશુભતરીકે વ્યક્ત થાય છે. કેટલીક વસ્તુઓને આપણે આપણાથી દૂર હડસેલીએ છીએ, અને કેટલીકને આપણે આપણા તરફ આકર્ષીએ છીએ. તેમ એક જણને જોઇ આપણે તેના ભણી આકર્ષાઇએ છીએ, ત્યારે બીજાને જોઈ તેનાથી દૂર ભાગી જઇએ છીએ. આપણા જીવનની અંદર અનેક વાર આપણને એવું માલમ પડે છે કે, અમુક વ્યક્તિઓ તરફ આપણે કોઇ પણ સબબ વગર આકર્ષાઇએ છીએ, અને તેવીજ રીતે બીજી કેટલીક વ્યક્તિઓને જોઈ ઘૃણાપૂર્વક પાછા હઠી જઇએ છીએ. આ વસ્તુસ્થિતિ બધાયને માટે એકસરખી ખુલ્લી છે, યાને બધાયને તેનો એકસરખો અનુભવ થઈ શકે છે; એટલુંજ નહિ પણ એ નિયમ બધાંજ ક્ષેત્રોને લાગુ પડે છે; અને તે ક્ષેત્ર જેમ વધારે ઉંચ કોટિનું, તેમ આ વિરોધી શક્તિઓની અસર પણ વધારે તેજસ્વી અને વધારે અલૌકિક હોય છે. ધર્મનું ક્ષેત્ર એ મનુષ્યના વિચાર અને જીવનની ઉંચામાં ઉંચી ભૂમિકા છે, અને તેની અંદર એ બે વિરોધી શક્તિઓનાં કાર્ય સૌથી વધારે લક્ષ ખેંચનાર અને અસાધારણ હોય છે. ગાઢમાં ગાઢ પ્રેમ મનુષ્ય-

જાતિએ કદી જાણ્યો હોય, તો તે ધર્મમાંથીજ પ્રગટ થયો છે, અને ઘોરમાં ઘોર દ્વેષ પણ મનુષ્યજાતિએ કદી અનુભવ્યો હોય, તો તે પણ ધર્મમાંથીજ પ્રગટ્યો છે. શાંતિના ઉમદામાં ઉમદા શબ્દો દુનિયાના સાંભળવામાં કદી આવ્યા હોય, તો તે ધર્મમાંથીજ નીકળ્યા છે, અને અશાંતિની કટુમાં કટુ ધમકીઓ પણ જગતે કદી જાણી કે સાંભળી હોય તો તે પણ ધર્મનિષ્ઠ મનુષ્યોના મુખેજ ઓચરાઈ છે. ધર્મનો ઉદ્દેશ જેમ વધારે ઉચ્ચ પ્રતિનો અને તેનું બંધારણ જેમ વધારે સૂક્ષ્મ અને સુંદર, તેમ તેની પ્રવૃત્તિઓ પણ વધારે લાક્ષણિક અને અસાધારણ હોય છે. ધર્મે દુનિયાને જેટલી લોહીથી રંગી છે, તેટલી અન્ય કોઇ માનવહેતુએ રંગી નથી. આની સાથે એ વાતનું પણ વિસ્મરણ થવું ન જોઇએ કે, ધર્માદા દવાખાનાંઓ અને ગરીબો માટેનાં નિવાસસ્થાનોનાં અસ્તિત્વ જેટલાં ધર્મને આભારી છે, તેટલાં અન્ય કશાને નથી. ધર્મે જેટલી સંભાળ, કેવળ મનુષ્યજાતિનીજ નહિ બલ્કે નિકૃષ્ટમાં નિકૃષ્ટ પશુઓની પણ લીધી છે, તેટલી અન્ય કશાએ લીધી નથી—અર્થાત્ ધર્મ આપણને જેટલા ક્રૂર અને હિંસક બનાવે છે, તેટલા ક્રૂર અને હિંસક અન્ય કશુંજ બનાવતું નથી; અને ધર્મ આપણને જેટલા મૃદુ ને દયાળુ બનાવે છે તેટલા મૃદુ અને દયાળુ લાગણીવાળા પણ અન્ય કશું બનાવતું નથી. ભૂતકાળમાં એમ બન્યું છે, અને ભવિષ્યની અંદર પણ કદાચ તેમ બનશે; તથાપિ ધર્મપંથોના આ બધા કોલાહલ અને શોરબકોરની, ટંટાબખેડા ને કાપાકાપીની, અને ઈર્ષ્યા ને વેરઝેરની વચમાં રહીને પણ એ બધા શોરબકોરને ડુબાવી દઈ, પૃથ્વીના એક છેડેથી તે બીજા છેડા લગી સંભળાય તેવા, શાંતિ અને એકદિલીનો ઢંઢેરો પીટનારા પ્રચંડ નાદો વખતોવખત નીકળ્યા કરે છે. તે મુજબ દુનિયામાં શાંતિ અને એકદિલીનું સામ્રાજ્ય કદાપિ સ્થપાશે ખરૂં કે ?

પ્રચંડ ધાર્મિક સંગ્રામના આ ક્ષેત્રપર શાંતિ અને એકદિલીનું અખંડ સામ્રાજ્ય કદાપિ સ્થપાવાની શક્યતા છે ખરી ? આ શતકના પાછલા ભાગમાં શાંતિ અને એકદિલીના આ સવાલે દુનિયાને સારી પેઠે પલોટી છે. પરિણામે સમાજની અંદર એ ભવ્ય વિચારોને અમલમાં આણવા અનેક યોજનાઓ બહાર મૂકાઇ છે, અને તેની સિદ્ધિ માટે પ્રયત્નો પણ થયા છે. પરંતુ એ કામ કેટલું બધું મુશ્કેલીભર્યું છે તે તો આપણે બધાં જાણીએજ છીએ. જીવનસંગ્રામના જલદ ઝનુનને કમી કરવાનું કામ, તથા મનુષ્યના આંતરિક સ્નાયુઓની ભયંકર સ્થિતિસ્થાપકતાને શિથિલ કરવાનું કામ એટલે કે મનુષ્યના મગજની ખુમારીને કમી કરવાનું કામ લગભગ અશક્ય છે, એમ લોકોને લાગે છે. હવે જીવનના આ સ્થૂળ અને

બાહ્યક્ષેત્રની અંદર શાંતિ ને એકદિલી આણવાનું કામ આટલું બધું અઘરું છે, તો પછી મનુષ્યના આંતરસ્વભાવની ઉપર સત્તા ભોગવનારી શાંતિ અને એકદિલી આણવાનું કામ તો તેના કરતાં પણ હજારગણું અઘરું છે. હાલ તુરત તો હું તમને મિથ્યા શબ્દોની જાળમાંથી છૂટી નીકળવાનું સૂચન કરું છું. કારણ કે પ્રેમ ને શાંતિ, દયાભાવ ને સમભાવ, તથા વૈશ્વિક ભ્રાતૃભાવની ને બીજી એવી એવી વાતો તો આપણે આપણા બચપણથી સાંભળતાં આવ્યાં છીએ; પણ વ્યવહારમાં તો તે આપણે માટે અર્થરહિત ખાલી શબ્દોજ રહ્યા છે. પોપટની માફક આપણે તે શબ્દોનું વખતોવખત ઉચ્ચારણ કરીએ છીએ, અને તેમ કરવું એ આપણે માટે તદ્દન સ્વાભાવિક બની ગયું છે. તેમ કર્યા વગર આપણને ચાલતું પણ નથી. જે મહાત્માઓના હૃદયમાં આ મહાન આદર્શોનું પ્રથમ સ્ફુરણ થયું હતું, તે મહાત્માઓએ આ શબ્દો તે વખતે રચ્યા હતા અને તે કાળમાં અનેક જણ તેમનો ભાવાર્થ બરાબર સમજતા હતા; પણ પાછળથી અજ્ઞાન લોકોએ તે શબ્દોને રમકડાંની પેઠે રમવા માટે ઉંચકી લીધા છે, અને ધર્મને શબ્દોની એક ખાલી રમત જેવો અને આચારમાં કદી નહિ મૂકવાની વસ્તુ જેવો કરી મૂક્યો છે. ધર્મ એ હવે તેમનો પોતાનો રહ્યો નથી, પણ તે તેમના બાપનો, તેમની પ્રજાનો અને તેમના દેશનો વગેરે વગેરેનો બની ગયો છે. તમારા પાશ્ચાત્ય મુલકોમાં સામાન્ય રીતે આવુંજ સાંભળવામાં આવે છે કે "મારા બાપનો ધર્મ–અમારી પ્રજાનો ધર્મ–તમારા દેશનો ધર્મ" વગેરે વગેરે. અર્થાત્ કે અમુક એક ધર્મને સ્વીકારવો એ સ્વદેશાભિમાનનો એક ભાવ યાને દેખાવ થઇ રહ્યો છે, અને સ્વદેશાભિમાનનો ભાવ તો હમેશાં એકદેશીય અથવા પક્ષપાતીજ હોય છે, સર્વવ્યાપી કદાપિ હોતો નથી. આમ છે તેથી ધર્મની એકવાક્યતા સાધવાનું કામ હમેશાં અઘરુંજ રહ્યું છે, અને અઘરુંજ હોવું જોઇએ. તથાપિ ધર્મોની એકદિલી અને એકવાક્યતાના આ અઘરા કોયડાને આપણે તો વિચારીશુંજ. આપણે જોઇએ છીએ કે, પ્રત્યેક ધર્મનાં ત્રણ અંગો હોય છે–અત્રે હું મહાન અને માન્ય ધર્મોની વાત કરું છું તે ભૂલશો ના. પ્રત્યેક ધર્મનું પ્રથમ અંગ તો તેનું તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન પોતાના ધર્મના મૂળભૂત સિદ્ધાંતો, તેનું ધ્યેય અને તે ધ્યેયપ્રાપ્તિનાં સાધનોનું પ્રતિપાદન કરીને તે ધર્મવિશિષ્ટનું આખુંજ ક્ષેત્ર રજુ કરે છે. ધર્મનું બીજું અંગ તે તેનું પુરાણશાસ્ત્ર યાને દેવદેવતાઓ તથા ચમત્કારી પુરુષોની ગાથાઓનો સંગ્રહ છે. આ પુરાણશાસ્ત્રનો ઉદ્દેશ જે તે ધર્મના તત્ત્વજ્ઞાનને દેવાખ્યાન અને બીજી ગાથાઓદ્વારા નક્કર સ્વરૂપમાં લોકો આગળ માંડવાનો છે, કે જેથી

કરી લોકોની આસ્થા તે ધર્મના સિદ્ધાંતોપર સ્થિર બની રહે. એમાં મનુષ્યોનાં જીવનને લગતી અને દેવદેવતા તથા અન્ય ચમત્કારી વ્યક્તિઓને લગતી કાલ્પનિક લોકવાર્તાઓનો સમાવેશ થયેલો હોય છે, અને એવી લોકવાર્તાઓદ્વારા તત્ત્વજ્ઞાનના વિવિધ ભાવોનું પૃથક્કરણ કરી તે તે ભાવો લોકોના મનપર ઠસાવવાનો પ્રયત્ન થયેલો હોય છે. ધર્મનું ત્રીજું અંગ તે તેનો કર્મકાંડવિભાગ છે. આ કર્મકાંડની અંદર ધર્મના તત્ત્વજ્ઞાનને પુરાણુશાસ્ત્રના અંગ કરતાં પણ વધારે સંઘટિત કરવામાં આવ્યું હોય છે. એમાં તે તે ધર્મમાં પાળવાના વિવિધ આચારવિધિઓ, વિવિધ અંગવિન્યાસો ને આસનભેદો, પુષ્પચંદન અને ધૂપદીપોનાં વિધિઓ, અને મનુષ્યની ઇંદ્રિયોને રૂચે અને તે ધર્મમાં તેની શ્રદ્ધા અવિચળ બને તેવી અનેકાનેક ચીજોનો સમાવેશ કરવામાં આવ્યો હોય છે. બધાજ માન્ય ધર્મોની અંદર આ ત્રણ મુખ્ય અંગો તમારા જોવામાં આવશે. કેટલાકો એક અંગ ઉપર વધારે ભાર મૂકે છે, તો વળી બીજા કેટલાક બીજા અંગ ઉપર વધારે ભાર મૂકે છે. ત્યારે હવે, આપણે ધર્મના પ્રથમ અંગ તત્ત્વજ્ઞાનનો સૌથી પહેલાં વિચાર કરીશું. કોઇ પણ એક વિશ્વમાન્ય ફિલસુફી યાને તત્ત્વવિદ્યા છે ખરી ? ના, હજીસુધી તો નથીજ. દરેક ધર્મ પોતપોતાના સિદ્ધાંતો રજુ કરે છે, અને એ સિદ્ધાંતોજ એકલા સાચા હોવાનો દુરાગ્રહ ધરે છે; એટલુંજ કરીને તે જંપતો નથી, પણ તેની સાથે એ વિચાર પણ તે જાહેર કરે છે કે, જે લોકો તેના આ સિદ્ધાંતોને નથી માનતા, તેઓ રૌ રૌ નરકમાં કે એવાજ કોઇ ઘોર સ્થાનમાં પડશે. કેટલાક વળી બીજાઓને પોતાની માન્યતા મુજબ વર્તવાની ફરજ પાડવા માટે તલવાર સુદ્ધાં ખેંચે છે, ને વાપરે પણ છે. આ કામ તેઓ કરે છે તે દુષ્ટતાથી પ્રેરાઇને કરે છે એમ નથી, પણ ધર્માંધપણાને નામે ઓળખાતા માનવી ભેજાંના એક વિશિષ્ટ રોગથી પ્રેરાઇને કરે છે. આ ધર્માંધ લોકો બહુ નિખાલસ અને સાચા દિલના હોય છે ખરા, પણ તેઓ દુનિયાનાં બીજાં ભેજાંચસ્કેલ યાને ગાંડાંઓના જેટલાજ તેમનાં એ કૃત્યો માટે બીનજવાબદાર રહે છે. આ ધર્માંધતાનો રોગ બીજા સર્વ રોગોમાં ભયંકરમાં ભયંકર છે. માનવસ્વભાવની સકળ દુષ્ટતા એ રોગના પરિણામે સળવળી ઉઠે છે. ધર્માંધતાના આવેશમાં ક્રોધાનલ ભભૂકી ઉઠી બુદ્ધિ બહેર મારી જાય છે, સ્નાયુઓ તંગ બની તેમાં રાક્ષસી બળ આવે છે અને મનુષ્યપ્રાણીઓ વાઘ જેવા વિકરાળ ને લોહીના તરસ્યા બને છે!

હવે સવાલ એ આવે છે કે, બધા ધર્મોની પૌરાણિક ગાથાઓમાં કંઈ સામ્યતા છે ખરી ? યાને એવો એક પણ પૌરાણિક ગાથાસંગ્રહ છે કે જેનો બધાજ ધર્મો એકસરખો સ્વીકાર કરતા

હોય ? તો કે ના, ખચિતજ નહિ. બધાજ ધર્મોને પોતપોતાની પૌરાણિક ગાથા જોઇએ; દરેક ધર્મ માત્ર એટલુંજ કહે છે કે, "મારી ગાથાઓ અને મારી આખ્યાયિકાઓ સાચી છે, કપોલ-કલ્પિત ગપગોળા માત્ર નથી." આ વાત આપણે દાખલાદૃષ્ટાંતથી સમજવાનો પ્રયત્ન કરીએ. ધ્યાન રાખો કે, જૂદા જૂદા ધર્મોમાંથી દાખલા આપવાનો મારો હેતુ, મારૂં કથન પૂરવાર કરી આપવા પૂરતોજ છે; કોઇ પણ ધર્મની ટીકા કરવાનો મારો જરાય ઉદ્દેશ નથી. ખ્રિસ્તીઓની એક ગાથામાં એમ છે કે, ઇશ્વરે કબૂતરનું રૂપ લીધું અને ઇસુ ભગવાનને દીક્ષા આપવા તે પૃથ્વીપર આવ્યો. ખ્રિસ્તી લોકો આને સાચી ઐતિહાસિક ઘટનાતરીક માને છે. તેમના શ્રદ્ધાળુ મનને તે વાત કપોલકલ્પિત નથી લાગતી. હિંદુઓ માને છે કે, ઇશ્વર ગાયમાં વ્યક્ત થાય છે. એ સાંભળી ખ્રિસ્તીઓ તડૂકી ઉઠે છે કે હિંદુઓની એવી માન્યતા ઐતિહાસિક ઘટના નથી, પણ કપોલકલ્પિત વાત છે, એક વહેમમાત્ર છે. યાહૂદી લોકો મૂર્તિપૂજાને ધિક્કારે છે, પણ એમ માને છે ખરા કે દેવદૂતની આકૃતિવાળી પેટી કે સંદૂકના રૂપમાં મૂર્તિ બનાવાય, તો તે પવિત્રમાં પવિત્ર દેવસ્થાનમાં સમર્પી શકાય. અર્થાત્ કે એવી પેટી જેહોવા ભગવાનને સમર્પણને પાત્ર વસ્તુ બને છે. પણ સ્ત્રી કે પુરુષના આકારની કોઈ મૂર્તિ બનાવવામાં આવે છે, તો તેઓ તરત તડૂકી ઉઠે છે કે "આ ભયંકર મૂર્તિ છે; તેને તોડીને ટુકડા કરી નાખો !" જોયું ? પૌરાણિક ગાથાઓની બાબતમાં આપણું ઐક્ય આવું છે ! કોઇ માણસ ઉભો થઇને કહે કે "મારા પયગંબર સાહેબે આવો આવો ચમત્કાર કર્યો હતો," તો બીજાઓ બોલી ઉઠશે કે "બેસો, બેસો; એ તો ટાઢા પહોરનો તડાકો છે." પણ તેનીજ સાથે તે બીજા લોકોને કહેતાં અચકાતા નથી કે "અમારા પેગંબરે આવા આવા ચમત્કારો કર્યા હતા;" કારણ કે એ ચમત્કારોનું વર્ણન કરનારા ભાવિકો તેમને ઐતિહાસિક ઘટનાઓ માને છે. ઇતિહાસ અને પુરાણ વચ્ચેના જે સૂક્ષ્મ ભેદભાવ આ ભાવિક લોકોના મગજમાં હોય છે, તે સ્પષ્ટપણે સમજાવી આપવાને મને માલમ છે ત્યાંલગી તો દુનિયામાં હજી કોઇજ સમર્થ થયું નથી. ગમે તે ધર્મને લગતી એ બધી વાતો, ખરી રીતે તો પૌરાણિક યાને કલ્પિતજ છે અને પ્રસંગોપાત અહીં તહીં જરા ઐતિહાસિક તત્ત્વો તેમાં ગુંથાયાં હોય છે.

હવે કર્મકાંડની વાત આવે છે. એક ધર્મનો અમુક એક વિશિષ્ટ કર્મવિધિ હોય છે, અને તે માને છે કે, એજ વિધિ સાચો ને પવિત્ર છે તથા બીજા બધા ધર્મોના વિધિઓ કેવળ વહેમો છે. એક પંથ અમુક વિશિષ્ટ ચિહ્નને પૂજતો હોય છે, તો બીજો પંથ કહે છે કે "અરે ! કેવું ભયંકર ચિહ્ન !" દાખલાતરીકે હિંદુઓની

પૂજાનું સામાન્ય ચિહ્ન જે શિવલિંગ તેને લઇએ. આ શિવલિંગનું ચિહ્ન એ ખચિતજ સ્ત્રીપુરુષનું જાતિસૂચક ચિહ્ન છે; પણ ક્રમે ક્રમે તેનો એ ભાવ તદ્દન વિસરાઈ ગયો છે, અને અત્યારે તે વિશ્વંભરના ચિહ્નતરીકે માત્ર સમજાય છે. જે પ્રજાઓ આ શિવલિંગના ચિહ્નને પૂજતી હોય છે, તેમને તેની અંદર સ્ત્રીપુરુષની જાતિસૂચકતાનો યાને બીભત્સતાનો ખ્યાલ સરખો નથી આવતો. એમને મન તો બસ એ પ્રભુનું ચિહ્નજ છે. એટલી વાત સમજી તેઓ સંતોષ માને છે, અને એથી વધારે તર્કવિતર્ક કરવાની તેમને આવશ્યકતા નથી લાગતી. પરંતુ અન્ય જાત કે અન્ય ધર્મના માણસને તો એમાં વિષયભાવ સિવાય કશું દેખાતુંજ નથી, અને તેથી એ ચિહ્નને જોતાંજ તે તેની નિંદા કરવા માંડે છે. આમ છતાં એ અન્યધર્મીય માણસ પોતે કશું એવું કરતો હોય છે કે જે જોઇ કે જાણીને શિવલિંગના પૂજારીઓને અતિ કંપારી વછૂટે છે, અને તેઓ તેના એ ધાર્મિક વિધિને અત્યંત ભયંકર લેખે છે. દાખલાતરીકે, હું બે મુદ્દા લઉં છું-હિંદુઓની શિવલિંગપૂજા અને ખ્રિસ્તીઓની પ્રભુભોજનવિધિ. ખ્રિસ્તીઓને મન શિવલિંગની પૂજા ભયંકર અને નિંદ્ય લાગે છે, અને હિંદુઓને મન ખ્રિસ્તીઓનો આ પ્રભુભોજનવિધિ કે જેમાં પ્રસાદતરીકે વહેંચવામાં આવતા રોટલી ને દારૂમાં ભગવાન ઇસુ ખ્રિસ્તના શરીરના માંસ અને રુધિરની ભાવના કલ્પવાની છે, તે ભયંકર ને ઘોર ભાસે છે. એ વિધિ જોઇ હિંદુઓ કહે છે કે, કોઈ મનુષ્યના સારા ગુણો પોતે પ્રાપ્ત કરવા માટે તેનો વધ કરીને તેના માંસનું ભક્ષણ કરવું અને તેના લોહીનું પાન કરવું, એ નરમાંસભક્ષક અઘોરીઓનું કૃત્ય છે. કેટલીક જંગલી જાતોમાં હજી પણ એવો રિવાજ છે. કોઇ માણસ જો અસાધારણ બહાદૂર હોય, તો તેઓ ટોળે મળીને તેનો વધ કરી નાખે છે, અને પછી તેના કાળજાનો આહાર કરે છે. કારણ કે તેમની માન્યતા એવી જાતની હોય છે કે, એ બહાદૂર માણસના કાળજાનો આહાર કરવાથી તેની બહાદૂરી અને મરદાનગીના ગુણો તેમનામાં આવશે. સર જોન લ્યુબ્બૉક જેવો ધર્મનિષ્ઠ ખ્રિસ્તી ગૃહસ્થ પણ મુક્તકંઠે કબૂલ કરે છે કે, ખ્રિસ્તીઓના આ 'પ્રભુ-ભોજનવિધિ'નું મૂળ આ જંગલી અને પિશાચી ભાવમાંજ રહેલું છે; યાને એ પ્રભુ-ભોજનનો વિધિ નરમાંસભક્ષણ કરનારા જંગલીઓના પિશાચી રિવાજમાંથીજ લેવાયલો છે. સામાન્ય ખ્રિસ્તીઓ અલબત એના આ મૂળનો આ ખ્યાલ કબૂલ કરતા નથી; અને સાચી વાત તો એ છે કે, એ વિધિનું રહસ્ય શું છે તેનો ખ્યાલ સરખો તેમના ભાવિક મનમાં આવતો નથી. તેમને મન તો એ વિધિ એ એક પવિત્ર ચીજ છે, અને એ કરતાં વિશેષ જાણવાની તેમને દરકાર

પણ નથી હોતી. આ ઉપરથી સમજી શકાય છે કે, કર્મકાંડની બાબતમાં પણ એવું કોઈ વિશ્વમાન્ય ચિહ્નવિશેષ નથી કે જેનો પ્રભાવ બધા ધર્માનુયાયીઓપર પડે, અને બધાજ ધર્મો તેને સર્વ-સામાન્ય ધર્મચિહ્નતરીકે સ્વીકારે. તો પછી વિશ્વમાન્યતા જેવું એકે તત્ત્વ રહ્યુંજ ક્યાં ? અને વિશ્વધર્મનું બંધારણ હાથ લાગવા-ની શક્યતાજ ક્યાં રહી ? પણ ગભરાઓ નહિ. આ બધા વિરોધી ભાવોમાં પણ વિશ્વધર્મનું અસ્તિત્વ તો ક્યારનુંય છે. ચાલો ત્યારે, હવે આપણે જોઇએ કે એ વિશ્વધર્મ શું ચીજ છે ?

વિશ્વમાન્ય ભ્રાતૃભાવ વિષે અને એ ભાવનો જગતમાં મુખ્યત્વે કરીને પ્રચાર કરવા માટે સમાજો કેવી રીતે સ્થપાયે જાય છે, તેના વિષે તો આપણે બધાંજ સાંભળીએ છીએ. આ ઠેકાણે મને એક જૂની વાત યાદ આવે છે. હિંદુસ્થાનમાં મદ્યપાન એ અતિ નિંદ્ય અને ખરાબ વસ્તુ લેખાય છે. તેથી ઉજળિયાત કોમમાં જાહેર રીતે દારૂ પીવાની સાધારણુ રીતે કોઈની હિંમત ચાલતી નથી. હવે કોઇ બે ભાઇઓને એક રાત્રે ગુપ્ત રીતે દારૂ પીવાની ઇચ્છા થઈ. તેમને એક જૂના વિચારનો કાકો હતો, અને તે તેમની પડખેનાજ ઓરડામાં ઉંઘતો હતો. તેથી દારૂ પીવા માંડતાં પહેલાં તે ભાઇઓએ પરસ્પર કાનમાં કહ્યું કે "જોજો, આપણે બહુ સાવચેતીથી મૂંગા રહીને કામ કરવું જોઇએ, નહિ તો કાકો જાગી જશે." એમ કહી તેમણે ઢીંચવા માંડયું. ઢીંચતાં ઢીંચતાં તેમણે એકબીજાને ખુલ્લે સ્વરે કહેવાનું ચાલુ રાખ્યું કે "ચૂપ ! કાકા જાગશે." એક જણો એ પ્રમાણે બોલવા માંડે કે લાગલો બીજો તેના સ્વરને દાબી દેતો મોટેથી બોલે કે "ચૂપ ! કાકા જાગશે." એમ "ચૂપ ! કાકા જાગશે" કરતાં કરતાં તેમનું ધાંધલ ખૂબજ વધી ગયું, ને તેમના શોર-બકોરથી કાકો ખરેખર જાગી ઉઠયો ને ઓરડીમાં પગ મૂકતાંજ ખરી હકીકત પામી ગયો. એવી રીતે આપણે પણ બધાં આ દારૂ-ડીઆ ભાઈઓની માફક "વિશ્વમાન્ય ભ્રાતૃભાવ ! વિશ્વમાન્ય ભ્રાતૃભાવ "ની બૂમો પાડીએ છીએ, અને "આપણે સૌ સમાન છીએ તેથી આવો, આપણે એક સંસ્થામાં સંગઠિત થઇએ" એમ પોકારીએ છીએ. પરંતુ જેવા તમે એક સંસ્થાનો વાડો ઉભો કરો છો કે તરતજ તમે સમાનતાના ભાવ સામે વિરોધ ઉઠાવતા બનો છો, અને સમાનતાનું અસ્તિત્વ રહેવા પામતુંજ નથી. ઇસ્લામીઓ વિશ્વવ્યાપી ભ્રાતૃભાવની વાતો કરે છે, પણ વ્યવહારમાં તેનું વાસ્તવિક પરિણામ શું નજરે પડે છે ? એજ કે, ઇસ્લામેતર કોઇ પણ શખ્સને તેમની બિરાદરીમાં યાને ભ્રાતૃમંડળમાં દાખલ કરવામાં આવતો નથી તો નથી, પણ એવાનું ગળું કપાવાનો પણ એ બિરાદરીમાં સંભવ વધારે હોય છે. ખ્રિસ્તીઓ પણ વિશ્વવ્યાપી

બંધુભાવની વાતો કરે છે, અને કહે છે કે "બધાંજ આકાશસ્થ મહાન પિતાનાં સંતાન છે" પણ ખ્રિસ્તી સમાજ બહારના કોઇની વાત આવે છે ત્યારે તેમનો બધાંજ "મહાન પિતાનાં સંતાન છે" એ ભાવ ક્યાંનો ક્યાંય ઉડી જતો જોવામાં આવે છે, અને કહેતાં જરાય અચકાતા નથી કે, પવિત્ર ભગવાન ઇસુ ખ્રિસ્ત અને તેના ધર્મમાં નહિ માનનારની ગતિ એવા સ્થાનમાં થશે કે જ્યાં તેને શાશ્વત કાળ માટે ગોંધાઇ રહેવું પડશે.

અને આવી રીતે વિશ્વવ્યાપી ભ્રાતૃભાવ અને સમાનતાની વાતો કરતા અનેકો જગતમાં વિચરે છે; તેથી દુનિયામાં આવી વાતો ચર્ચાતી તમારા સાંભળવામાં આવે, ત્યારે મારી સલાહ તો એજ છે કે, તમે તમારે થોડીક વાર મૂંગા રહીને તમારી જાતને સંભાળી લેજો. કારણ કે આવી આવી વાતોને ઓથે ઘણે ભાગે ભારેમાં ભારે સ્વાર્થવૃત્તિ રહેલી હોય છે. કહેવત છે કે 'ગાજ્યા મેહ વરસે નહિ અને ભસ્યા કૂત્તા કાટે નહિ' તેમ જેઓ ખરા કામકરંદા હોય છે અને જેમનાં હૃદય વિશ્વવ્યાપી ઉદાત્ત ભ્રાતૃભાવ યાને વિશ્વપ્રેમના ભાવથી ખરેખરાંજ રંગાઇ ગયાં હોય છે, તેઓ લાંબીચોડી વાતો કરતા નથી કે વિશ્વવ્યાપી ભ્રાતૃભાવના નાના નાના વાડા ઉભા કરતા નથી; પરંતુ તેમનાં કૃત્યો, તેમની હીલચાલો અને તેમનું સમગ્ર જીવન દીવા જેવું સ્પષ્ટ બતાવી આપે છે કે, તેમના અંતરમાં માનવજાતમાટેનો વિશ્વપ્રેમ યાને વિશ્વવ્યાપી ભ્રાતૃભાવની લાગણી ખરેખર ઉભરાઇ રહી છે, અને તેમનામાં બધાંયને માટે પ્રેમ અને સમભાવ ભરપટ્ટે છે. એવા સજ્જનો બોલતા નથી, પણ મૂંગામૂંગા કાર્ય કરે છે અને એ કાર્ય માટેજ જીવે છે. મોઢાની વાતોથી અને ડંફાસોથી આ જગત હવે કંટાળ્યું છે; તેથી અત્યારે તો આપણને હોંશીલા કાર્યની વધારે અને વાતોનાં વડાંની ઓછી જરૂર છે.

ત્યારે, અત્યાર લગીમાં તો આપણને જે જણાયું છે તે એટલુંજ કે, ધર્મની બાબતમાં કોઇ વિશ્વમાન્ય લક્ષણોને શોધી કાઢવાનું કામ અત્યંત કઠણ છે; અને આમ છતાં હું તમને આગળ કહી ગયો છું કે, એવો વિશ્વધર્મ અને તેનાં ઉચિત લક્ષણો અસ્તિત્વમાં છે. આપણે બધાંજ મનુષ્યપ્રાણીઓ છીએ, પણ આપણે બધાં સરખાં છીએ? બેશક નહિજ. કોણ કહે છે કે, આપણે સમાન છીએ? માત્ર ભેજાંગેપ ગાંડાંઓજ. આપણી મગજશક્તિઓમાં, આપણી સત્તાઓમાં અને આપણા શરીર ઇત્યાદિ ઇત્યાદિમાં આપણે સૌ શું સરખાં છીએ? ના. એક માણસ બીજા કરતાં શરીરબળમાં ચઢીઆતો હોય છે, તો એકની અંદર મગજશક્તિ બીજા કરતાં વધારે હોય છે. જો આપણે બધાંજ સરખાં હોઇએ, તો આ

અસરખાપણું યાને અસમાનતા કેમ છે વારૂ? આપણી વચ્ચેની એ અસમાનતા કોણે પેદા કરી છે? તો કે આપણેજ. આપણી પાસે ઓછીવત્તી સત્તાઓ છે, આપણી અંદર ઓછીવત્તી મગજ-શક્તિઓ છે, અને આપણાં શારીરિક બળ ઓછાંવત્તાં છે; તેને લીધેજ આપણી વચ્ચે અસરખાપણું ઉત્પન્ન થયું છે. આમ છતાં આપણ સૌને ખબરજ છે કે, આ સમાનતાનો સિદ્ધાંત આપણાં હૃદયને અતિપ્રિય અને સુખકર લાગે છે. આપણે બધાંજ માનવી પ્રાણીઓ છીએ; પણ તેમાં કેટલાક પુરુષો છે અને કેટલીક સ્ત્રીઓ છે. કોઈના શરીરનો રંગ કાળો છે ને કોઇનો રંગ ગોરો કે રાતો છે; પણ બધાંજ મનુષ્યો છીએ અને એકજ મનુષ્યજાતિનાં અંગીભૂત છીએ. ચહેરાઓ પણ આપણા જાતજાતના છે. કોઇ બે ચહેરા સરખા જણાતા નથી, છતાં આપણે બધાંજ મનુષ્ય પ્રાણીઓ છીએ, એ તો નિર્વિવાદ છે. ત્યારે આ બધાંને સામાન્ય એવું મનુષ્ય-જાતિત્વ કયાં ને શેમાં રહ્યું છે? એ સવાલની વિવેચના આપણે કરવી રહી. હું કોઈ કાળા કે ગોરા રંગની સ્ત્રી કે પુરુષ વ્યક્તિને જોઉં છું, ત્યારે રંગભેદ અને જાતિભેદ છતાં પણ તે મનુષ્ય છે એમ તો તરતજ સમજી જાઉં છું; અને આ બધા વિવિધ ચહેરાઓની અંદર પણ સર્વસામાન્ય એવો મનુષ્યત્વનો ભાવ રહેલો છે, એ પણ જાણું છું. એ મનુષ્યજાતિત્વના ભાવને હું પકડવા જાઉં છું તો તે હાથમાં નથી આવતો, અને તેને જ્ઞાનેંદ્રિયો-થી સમજવા કે બુદ્ધિથી પ્રત્યક્ષાનુભવ કરવાનો પ્રયત્ન કરૂં છું, ત્યારે પણ તે ભાવ મને નથી જણાતો; તથાપિ હું ચોક્કસ રીતે જાણું છું કે, તે ભાવ છે તો ખરોજ. મને જો કશાની ખાત્રી હોય તો તે આપણુ બધાંને સામાન્ય એવા આ મનુષ્યત્વના ભાવનીજ છે. એ ભાવના સામાન્ય અસ્તિત્વને લઇનેજ હું તમોને એક પુરુષ કે સ્ત્રીતરીકે ઓળખી શકું છું. તેવીજ રીતે આ વિશ્વધર્મની બાબતમાં પણ સમજવાનું છે. એ વિશ્વધર્મનો પ્રવાહ ઈશ્વરના રૂપમાં બધાજ પ્રકારના ધર્મોમાં સતત વહી રહ્યો છે. વિશ્વધર્મનું અસ્તિત્વ હોવુંજ જોઇએ અને અનંતકાળથી તે ચાલતું આવ્યું છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યુંજ છે કે "**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव**–અર્થાત્ કે માળાના મણકાઓની અંદર જેમ એક સૂત્ર કહેતાં તાર પરોવાયલો હોય છે, તેમ હું (ઈશ્વર) આ બધાંયમાં પરોવાયલો છું." એ સિદ્ધાંત મુજબ ધર્મસૃષ્ટિનો વિચાર કરતાં સહજ રીતેજ સમજાય છે કે, ધર્મોની માળામાં ઈશ્વર એક અખંડ સૂત્રતરીકે આવેલો છે, અને જગતના વિવિધ ધર્મો યા તેના પંથો એ તે માળાના મણિઓ અથવા મુક્તાફળો છે–અર્થાત્ ઈશ્વરનો ભાવ એ સામાન્ય લક્ષણ બધાજ ધર્મોમાં રહેલું છે, અને એજ

લક્ષણ આપણી વિશ્વધર્મની ભાવનાના કોયડાને સુગમ બનાવે છે. હવે મુશ્કેલી માત્ર એજ છે કે, મનુષ્યજાતિનો મોટો ભાગ આ વસ્તુસ્થિતિથી બિલકુલ અજાણ છે.

'વિવિધતામાં એકતા'-એજ જગતની યોજના છે. આપણે સઘળાંજ માણસ છીએ, અને છતાં સઘળાંજ એકબીજાથી ભિન્ન છીએ. મનુષ્યજાતિના અંશતરીકે તમારી સાથે મારી એકવાક્યતા છે, અને ફલાણા ફલાણા ભાઇતરીકે તમારી ને મારી વચ્ચે ભેદ છે. એક પુરુષતરીકે તમે સ્ત્રીથી ભિન્ન છો, પણ એક મનુષ્યતરીકે તો તમારી અને સ્ત્રીની વચ્ચે કંઇજ ભેદ નથી; સ્ત્રી અને પુરુષ ઉભય એકજ છે. મનુષ્યતરીકે તમે પશુથી જૂદા છો, પણ સચેતન અથવા જીવંત વસ્તુઓતરીકે પુરુષ, સ્ત્રી, પશુ તેમજ વનસ્પતિ-બધાં એકજ છો; અને અસ્તિત્વતરીકે તો જગતસમષ્ટિ સાથે તમે એકરૂપ છો. એ જગતસમષ્ટિ અથવા વિશ્વવ્યાપી અસ્તિત્વ તેજ ઈશ્વર છે, અને એ ઈશ્વરજ જગતની અંદર છેવટનું ઐકય છે. એની અંદર આપણે બધાં એક છીએ; તેમ છતાં વ્યક્ત સૃષ્ટિમાં તો આ ભિન્નતાઓ હમેશાં રહેવાની અને રહેવી જોઇએજ. આપણાં કાર્યોમાં અને આપણી શક્તિઓમાં આ ભિન્નતાઓ અથવા તફાવતો અત્યારે જેમ બહાર વ્યક્ત થયા કરે છે, તેમ તો હમેશાં થયા કરવાનાજ. ત્યારે આપણને જણાય છે કે, વિશ્વધર્મનો અર્થ જો એવો કરવામાં આવે કે, તમામ મનુષ્યજાતિએ અમુક એક જાતનાજ સિદ્ધાંતો માનવા જોઇએ, તો તે વાત બનવી સર્વથા અશક્ય છે. તેમ કદાપિ થઇ શકવાનું નથી; એવો વખત કયારેય આવવાનો નથી કે જ્યારે બધાંયના ચહેરા એકસરખા હશે. વળી આપણે એવી આશા રાખતા હોઇએ કે, સિદ્ધાંતો તો નહિ, પણ પૌરાણિક ગાથાઓ તો જગતભરમાં સર્વની એક બનશે, તો તે વાત પણ અશકય છે; તેમ પણ કદી બનવાનું નથી. તેમ સર્વસામાન્ય કર્મકાંડનો પણ સંભવ નથી. એવી વસ્તુસ્થિતિ અસ્તિત્વમાં આવવાની કદાપિ શકયતાજ નથી; અને તેમ છતાં આવી તો નક્કીજ સમજજો કે, તે વખતે દુનિયાનો નાશજ થઇ જવાનો, કેમકે વિવિધતા એજ જીવનનો પહેલો સિદ્ધાંત છે. પ્રાણીઓતરીકે આપણાં જૂદાં અસ્તિત્વો છે તે શાથી છે? તો કે, જગતમાં પ્રવર્તતી ભિન્નતાના નિયમને લીધેજ છે. સંપૂર્ણ સમતોલપણું આવ્યું એટલે આપણો વિનાશજ થયો સમજવો. ધારો કે, આ ખંડમાં ગરમીનું જે પ્રમાણ છે તેનું વલણ સમાન અને સંપૂર્ણ પ્રસરીકરણ તરફ હોય, અને તે જાતના પ્રસરીકરણની સ્થિતિને પ્રાપ્ત થાય, તો પછી એ ઘરની ગરમી વસ્તુતઃ નાબુદજ થવાની. આ જગતમાં ગતિને શક્ય કોણ બનાવે છે? ગુમાયલું સમતોલપણુંજ. સમ-

તોલપણું જો કાયમ હોય, તો ગતિનો સંભવજ નથી રહેતો; તેથી સમાનપણાનું ઐક્ય ત્યારેજ સ્થપાય, કે જ્યારે જગતનો નાશ થઇ જાય, અન્યથા તેમ થવું અશક્ય છે. માટે આપણે બધાં એકજ રીતે વિચારતાં બનીએ એવી ઇચ્છા આપણે રાખવી ન જોઇએ; કેમકે એમ થતાં આપણે માટે પછી કોઇ વિચાર વિચારવાના રહેશેજ નહિ. આપણે બધાં સંગ્રહસ્થાનમાં ગોઠવેલાં મિસરદેશનાં મસાલો ભરીને સાચવી રાખેલાં જૂના જમાનાનાં મડદાં જેવાં શૂન્ય-દૃષ્ટિએ એકબીજાંનાં મોં સામું જોતાં થઇ જઇશું. એ મિસરી મડદાં-ને જેમ કોઈ વિચાર વિચારવાનો હોતો નથી, તેમ આપણે પણ તે-મના જેવાંજ એકસરખાં વિચારશૂન્ય થઇ ગયાં હોઇશું. અત્યારે આપણે વિચારો કરી શકીએ છીએ અને વિચારને પરિણામે જે પ્રગતિ કરી શકીએ છીએ, તે જગતના આ ભિન્નતા ને વિવિધતાના નિયમને લઇનેજ. તાત્પર્ય કે, ભિન્નતા ને વિવિધતા એ આપણી પ્રગતિનો તેમ આપણા સકળ જાતના વિચારોનો આત્મા છે; અને જગતના અસ્તિત્વ તથા વિકાસમાટે વિભિન્નતા ને વિવિધતા સર્વદા હોવીજ જોઇશે.

આમ છે તો પછી વિશ્વધર્મના આદર્શથી હું શું કહેવા માગું છું, એવો કોઇ સવાલ કરશે. વિશ્વધર્મનો મારો અર્થ એવો કદાપિ નથી કે, જગતના બધાજ લોકો એકજ જાતની ફિલસુફી કે એકજ જાતની પૌરાણિક ગાથાઓ કે એકજ જાતની કર્મકાંડવિધિ-ઓ માનતા બની જાય. એવો ઠરાદો મારો મૂળ થકીજ નથી; કેમકે હું જાણું છું કે, આ સંસારચક્રની ઘટના અતિ અટપટી, વિષમ અને અદ્‌ભુત છે; એ જગતયંત્રની અંદર ચક્રોની અંદર ચક્રો સમ-જણ ન પડે તેમ ગોઠવાયલાં છે, અને છતાંય તે ચાલવુંજ જોઇએ. તો પછી આપણે શું કરવું રહ્યું ? તો કે, આપણે એ અટપટા યંત્રને નિર્વિઘ્ને અને અનાયાસે ચાલતું કરી શકીએ, એનાં ચક્રોમાં તેલ ઉંજીને તેમને લીસાં રાખી શકીએ અને એ રીતે તેમનું ઘર્ષણ કમી કરી શકીએ. એ કામ કેવી રીતે થાય ? તો કે વિવિધતાની સ્વાભાવિક આવશ્યકતાનો સ્વીકાર કરીને જેવી રીતે આપણે ઐક્યનો આપણા સ્વભાવ થકીજ સ્વીકાર કર્યો છે, તેવી રીતે આપણે વિવિ-ધતાનો પણ સ્વીકાર કરવો જોઇએ. એકજ સત્ય લાખો માર્ગે દર્શાવી શકાય છે, અને એમાંનો પ્રત્યેક માર્ગ, જ્યાંસુધી તે જાય છે ત્યાંસુધી સાચોજ છે, એ વાત આપણે સમજી લેવી જોઇએ. વળી એ પણ આપણે સમજી રાખવું જોઇએ કે, એકની એક વસ્તુ ભિન્ન ભિન્ન બિંદુઓપરથી જોઇ શકાય, છતાં તે વસ્તુ તો તેની તેજ રહે છે. આ વાત બરાબર સમજવા માટે આપણે સૂર્યનું ઉદા-હરણ લઇએ. ધારો કે, એક માણસ સવારના પહોરમાં સૂર્યને ઉગતો

જોતો પૃથ્વીપર ઉભો છે; તેને સૂર્યોદય વખતે પ્રકાશનો એક મોટો દડો દેખાય છે. હવે ધારો કે, તે સૂર્ય તરફના પ્રવાસે નીકળે છે. સાથે તે છબી પાડવાનું યંત્ર યાને કેમેરો લેતો જાય છે, અને પ્રવાસના તેના દરેક મુકામે તે સૂર્યની તસ્વીર લેતો જાય છે. આ ક્રમને સૂર્ય સુધી પહોંચતાં લગી ચાલુ રાખે છે. પછી તે પાછો આવે છે ને તેણે પાડેલી સૂર્યની તસ્વીરો તે આપણી આગળ મૂકે છે. તે જોઇ આપણને શું જણાશે વારૂ? તો કે, એજ કે દરેક મજલ-પર લીધેલી તસ્વીર બીજી મજલોપરની તસ્વીરો કરતાં જૂદી છે. એટલે જોનારને તો એમજ લાગે કે, જાણે પાછા ફરતી વખતે તે જૂદા જૂદા અનેક સૂર્યોની અનેક તસ્વીરો લેતો આવ્યો છે. પરંતુ આપણને તો ખબરજ છે કે, એ માણસે પોતાના પ્રવાસની દર મજલે એકજ સૂર્યની તસ્વીર ખેંચ્યા કરી અને તેથી એ બધીજ તસ્વીરો એકજ સૂર્યની છે, અનેકની નહિ. એવોજ પ્રકાર પ્રભુની બાબતમાં સમજવાનો છે. તસ્વીરોનું જૂદાપણું જેમ સૂર્યને બાધક નીવડતું નથી યાને સૂર્યનું સ્વરૂપ તો જે છે તેજ રહે છે, તેમ જગતની જૂદી જૂદી પ્રજાઓ ઇશ્વરને જૂદે જૂદે ભાવે ભજે કે જૂદા જૂદા દૃષ્ટિબિંદુથી જુએ કે જૂદાંજૂદાં નામોથી ઓળખે, પણ ઇશ્વર તો જે છે તે એકજ છે અને તે એક ઇશ્વરનેજ સૌ કોઇ ભજે છે. ઉંચી પ્રતિના તત્ત્વજ્ઞાનદ્વારા કે નિકૃષ્ટ પ્રતિના તત્ત્વજ્ઞાનદ્વારા, અત્યંત પ્રશંસાપાત્ર પૌરાણિક ગાથાઓદ્વારા કે હલકા ભાવવાળી સામાન્ય ગાથાઓદ્વારા, સર્વોત્તમ સંસ્કારી કર્મકાંડદ્વારા કે નિંદ્ય તાંત્રિક વિધિ-દ્વારા પણ દરેક સંપ્રદાય, દરેક જીવાત્મા, દરેક પ્રજા અને દરેક ધર્મ જાણપૂર્વક કે અજાણપૂર્વક પણ પ્રભુના ભણી ઉપર જવાનેજ મથ્યા કરે છે. સત્યની જે જે ઝાંખીઓ મનુષ્યને થાય છે, તે તે દરેક એ પ્રભુનીજ છે, અન્ય કશાયની નહિ. ધારો કે, આપણે સૌ હાથ-માં વાસણો લઇને એક જળાશયમાંથી પાણી લેવા જઇએ છીએ. કોઇના હાથમાં પવાલું છે, તો કોઇના હાથમાં ગાગર છે; કોઇના હાથમાં ડોલ છે, તો કોઇના હાથમાં કળશીઓ છે એમ જૂદાં જૂદાં વાસણો દરેકના હાથમાં છે. અને તેમાં આપણે પાણી ભરી લઇએ છીએ. હવે દરેક પ્રસંગમાં પાણીનાં આકાર અને કદ આપણે દરેક જણ જે વાસણ લઈ ગયાં હોઇશું, તે વાસણ-ના આકાર અને કદ જેવાંજ સ્વાભાવિક રીતે થશે. જે પ્યાલો લાવ્યો હશે, તેનું પાણી પ્યાલાના આકારનું હશે; જે ગાગર લાવ્યું હશે, તેનું પાણી ગાગરના આકારનું હશે; અને એ રીતે દરેકનું પાણી જૂદા જૂદા આકારનું હશે; પણ દરેકના વાસણમાં હોય છે તો પાણી-જ, પાણી સિવાય અન્ય કશું હોતું નથી. તેવીજ રીતે દરેક ધર્મની બાબતમાં છે. આપણાં મન આ વિવિધ વાસણો જેવાં છે, અને એ

મનોની મદદથી આપણે પ્રભુનો સાક્ષાત્કાર પામવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. ઈશ્વર એ આ જૂદાં જૂદાં વાસણોમાં ભરાતા પાણી જેવો છે, અને દરેક મનરૂપી વાસણમાં ઈશ્વરનું દર્શન જે તે વાસણના આકાર પ્રમાણે યાને જે તે મનોદશા પ્રમાણે થાય છે. આમ છતાં તે બધાંય દર્શનો હોય છે તો એકજ ઈશ્વરનાં. પ્રત્યેકની બાબતમાં તે છે તો પ્રભુજ. વિશ્વવ્યાપી કોઈ પણ તત્ત્વનો આપણે સ્વીકાર કરી શકીએ તેમ હોય, તો તે આજ છે.

વારૂ ત્યારે, અનુમાનની દૃષ્ટિએ તો અત્યારલગીમાં આપણે ઠીક ફાવ્યાં કહેવાઈએ, યાને આખરે એક સર્વસામાન્ય તત્ત્વ આપણે હાથ ચઢયું છે, પરંતુ ધર્મોની આ એકદિલી વ્યવહારમાં સિદ્ધ કરી બતાવાની કોઈ રીત છે કે કેમ તે જાણવું જોઈએ. ધર્મના જૂદા જૂદા ખ્યાલો બધાજ સાચા છે, એ માન્યતા કંઈ આજકાલની નવીન નથી, ઘણી ઘણી જૂની હોય એમ આપણને માલમ પડે છે. હિંદુસ્થાન, ચીન, મિસર, જાપાન, ટિબેટ, યૂરોપ અને છેવટે તમારા અમેરિકામાં પણ સેંકડો પ્રયત્નો બધા ધર્મોને પ્રેમના સૂત્રમાં પરોવી એકત્ર કરવાના ઉચ્ચ ઉદ્દેશથી એકાદ અનુકૂળ સર્વસામાન્ય ધોરણ સ્થાપવા માટે થયા છે; પણ તે બધાજ નિષ્ફળ નીવડયા છે. કેમકે તેમણે કોઈ વ્યાવહારિક યોજનાનું અનુકરણ કર્યું નહોતું. ઘણાંઓએ કબૂલ કર્યું છે કે, દુનિયાના બધાજ ધર્મો ખરા છે, પણ તે બધાના સંગમ અને સંગઠનમાં દરેકનું વ્યક્તિત્વ સચવાઈ રહે એવી રીતે ધર્મ સકળને એકત્ર કરવાનો વ્યાવહારિક રસ્તો કોઈ કરતાં કોઈએ બતાવ્યો નથી કે કોઈ બતાવતા નથી. એ ઉદ્દેશસિદ્ધિને માટે એકલી એજ યોજના વ્યાવહારિક થઈ શકે તેમ છે કે જે ધર્મની અંદરના કોઈ પણ શખ્સનું વ્યક્તિત્વ નષ્ટ કર્યાં સિવાય, તેને બીજાંઓની સાથે સમાગમમાં આવવાનો યાને છૂટથી બીજાંઓની સાથે ભળવાનો કોઈ મુદ્દો બતાવી આપે. પરંતુ આને બદલે અત્યારસુધીમાં થયું છે એવું કે, ધર્મોની એકરાગતા સાધવા માટે જેટલી જેટલી યુક્તિઓ અજમાવવામાં આવી છે, તેમાં ધર્મને લગતા બધાજ વિચારોનો સમાવેશ કરવાની મોટી મોટી વાતો કરવા છતાં આખર સરવાળે તો યોજકોએ પોતાને અમુક થોડાક સિદ્ધાંતોથી બાંધી દેવાનીજ કોશીષ કરેલી છે, અને એનું પરિણામ એ આવેલું છે કે, તેમની એ યોજનાઓ દુનિયાના પંથોમાં નૂતન વધારારૂપ નીવડી છે, અને બીજા પંથોની માફક એ પણ પરસ્પર ઝઘડા, વિખવાદ ને ધક્કમધક્કા કરી રહી છે.

હવે આ સંબંધમાં મારી પાસે પણ એક નાનીશી યોજના છે. એ કાર્યસાધક નીવડશે કે કેમ તેની તો મને ખબર નથી.

નથી; છતાં પણ તે તમારી આગળ ચર્ચા ખાતર રજુ કરવાની ખાયેશ ધરાવું છું. આ રહી મારી તે યોજનાઃ–પહેલ પ્રથમ તો હું મનુષ્યજાતિને "ખંડન નહિ પણ મંડન"–એ સૂત્રનો અંગીકાર કરવાને કહું. ઉચ્છેદક સુધારકોને હાથે એકંદર સરવાળે દુનિયાનું કંઇજ ભલું થતું નથી. માટે કશાને ભાંગો નહિ કે તોડો નહિ, પણ રચો યાને ખંડનાત્મક કાર્ય નહિ પણ રચનાત્મક કાર્ય કરો. તમારાથી બની શકે તો સહાયકર્તા થાઓ, નહિ તો હાથ જોડીને કિંવા અદબ વાળીને આઘા ઉભા રહો અને જેમ ચાલે છે તેમ ચાલવા દો અને જોયા કરો. સહાય કરવાનું તમારાથી ન બને, તો નુકસાન તો હરગીજ નજ કરો. કોઈ પણ માણસની નિખાલસ માન્યતાઓ સામે શુકન સરખો ન ઉચ્ચારો. બીજી વાત એ કે, મનુષ્ય જે ભૂમિકાએ ઉભો હોય, તે ભૂમિકાપરથીજ તેને લ્યો અને ત્યાંથીજ તેને ઉંચે ચઢાવી આપો. તમારી પોતાની ભૂમિકાપર યાને તમારા પોતાના ધર્મમાં તેને આણવાનો પ્રયત્ન ન કરો. ઈશ્વિર એજ બધા ધર્મોનું કેંદ્ર છે, અને આપણે દરેક જણ એ કેંદ્રસ્થ ઈશ્વિર ભણીજ જૂદી જૂદી ત્રિજ્યાએ રહી ગતિ કરી રહ્યાં છીએ. આ વાત જો સાચીજ છે, તો પછી એ વાત પણ નક્કી છે કે, આપણે બધાય તે કેંદ્રને અવશ્ય પ્રાપ્ત થઈશું, અને એ કેંદ્રપર કે જ્યાં બધી ત્રિજ્યાઓ એકત્રિત થાય છે, ત્યાં આપણા બધા ભેદભાવો ઓસરી જશે. પણ જ્યાંસુધી આપણે ત્યાં પહોંચ્યાં નથી, ત્યાંસુધી તો ભેદો અવશ્ય રહેવાનાજ. આ બધી ત્રિજ્યાઓ એકજ કેંદ્ર ભણી વળનારી છે. તેથી એક જણ એને પોતાને રૂચતી ત્રિજ્યા પકડી તેને આધારે પોતાનો પ્રવાસ શરૂ કરે, બીજો બીજીને આધારે અને એ રીતે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન રેખાએ કૂચ કરે અને આપણે બધાંજ જો આપણી પોતપોતાની રેખાપર આગળ ને આગળ ધપતાં જઈએ, તો ખચિતજ આપણે બધાં એકજ કેંદ્રને પ્રાપ્ત થઈશું. કારણ કે અંગ્રેજીમાં કહેવત છે કે "બધાજ રસ્તા રોમ લઇ જાય છે." તેમ આ બધીજ ત્રિજ્યાઓ એકજ કેંદ્રને મળે છે. આપણામાંનું એકે એક જણ પોતપોતાની પ્રકૃતિ અનુસાર કુદરતી રીતેજ વૃદ્ધિ ને વિકાસ સાધી રહ્યું છે, એટલે કાળે કરીને એકે એક જણને સર્વોત્તમમાં સર્વોત્તમ સત્યનું જ્ઞાન થશે; કેમકે આખરે તો મનુષ્યોએ પોતેજ પોતાની જાતને શિક્ષણ આપવું જોઈશે. તમે અને હું શું કરી શકીએ તેમ છીએ? તમારાથી એક બાળકને પણ શીખવાડી શકાય એવું શું તમે માનો છો? તમારાથી તેમ થઇ શકશેજ નહિ. બાળક પોતેજ પોતાની જાતને શીખવી રહ્યું છે. તમારી ફરજ તો તેને જોઇતી તકો પૂરી પાડવી અને તેના માર્ગમાંની અડચણો દૂર કરી આપવી, એટલીજ છે.

એક છોડવો ઉગે છે. એ ઉગવાની ક્રિયા છોડવા પાસે શું તમે કરાવો છો ? તમારી ફરજ તો એ છોડવાના સંબંધમાં એટલીજ છે કે, તેની આજુબાજુ વાડોલિયું કરી જનાવરો વગેરે તેને ખાઇ ન જાય તેવી વ્યવસ્થા રાખવી. એટલું કર્યું કે તમારી ફરજ બસ ખલાસ થઇ જાય છે. પછી તો છોડવો એની મેળેજ વધે છે. મનુષ્યમાત્રના આધ્યાત્મિક વિકાસની બાબતમાં પણ એવોજ પ્રકાર છે. તમને કોઇથીજ શીખવી શકાય તેમ નથી, તમને આધ્યાત્મિક કે ધર્મપરાયણ કોઇથીજ બનાવી શકાય તેમ નથી. તમારે પોતેજ તમારી જાતને શીખવવાનું છે; તમારી અભિવૃદ્ધિ યાને તમારા વિકાસનું આગમન અંદરથીજ થવું રહ્યું.

બહારનો શિક્ષક શું કામ કરી શકે ? તો કે એ તો તમારા માર્ગમાંના અંતરાયો જરા દૂર કરી આપે, અને એટલું કરે એટલે તેની ફરજ ખલાસ થઇ ગઇ. તમારાથી બને તે તમે મદદ કરો. તમેજ મનુષ્યોને આધ્યાત્મિક કે ધર્મપરાયણ બનાવી શકો છો, એવા વિચારોને તિલાંજલિ આપી દો. કેમકે એ વાત અસંભવિત છે, અશક્ય છે. તમારે માટે તમારા અંતરાત્મા સિવાય અન્ય કોઈ ગુરુ નથી; એ વાતને સારી પેઠે પિછાની જાઓ, અને પછી શું થાય છે તે જુઓ. સમાજની અંદર આપણે અનેક જાતના સ્વભાવો જોઇએ છીએ. સહસ્ત્રાવધિ પ્રકારના ચહેરાઓ છે, તેમ હજારો પ્રકારનાં મન અને દરેક મનમાં સહસ્ત્રાવધિ જાતની વૃત્તિઓ હોય છે. એ બધાંયનું સંપૂર્ણ સમાનપણું થવું અશક્ય છે, પણ આપણા ચાલુ કામ માટે આપણે તેમને ચાર વર્ગોમાં વિભક્ત કરીશું તો બસ થશે. પ્રથમ વર્ગ તો કાર્યકર વૃત્તિવાળા મનુષ્યોનો થશે. એ વૃત્તિવાળા મનુષ્યને તો બસ કામ, કામ ને કામજ કરવાનું ગમે છે; કામવગર એને ચેનજ પડતું નથી. એના સ્નાયુઓ અને મજ્જાતંતુઓમાં અપાર શક્તિ ભરેલી હોય છે. એનો ઉદ્દેશ બસ કામ કરવાનોજ હોય છે-દવાખાનાં બંધાવવાં કે એવાંજ બીજાં સખાવતી કામો કરવાં, રસ્તાઓ બાંધવા, યોજનાઓ ઘડવી કે વ્યવસ્થા રાખવી-એવાં એવાં કામો કરવામાંજ તેને રસ પડે છે. આવી મનોવૃત્તિવાળાનો વર્ગ તે પહેલો વર્ગ થયો. હવે બીજો વર્ગ લાગણીપ્રધાન અને રસિક વૃત્તિવાળાઓનો આવે છે. એવી વૃત્તિવાળા મનુષ્યને સૌંદર્યનો વિચાર કરવાનું, પ્રકૃતિની રસિક અને કળામય બાજુનો ઉપભોગ કરવાનું અને પ્રેમ તથા પ્રેમના પ્રભુને આરાધવાનું બહુ ગમે છે. સર્વ જમાનામાં થઇ ગયેલા મહાત્માઓપર, સર્વ ધર્મોના પેગંબરોપર અને ઈશ્વરના પૃથ્વીપર થયેલા અવતારોપર તેને ખરા અંતઃકરણનો ભાવ હોય છે; જાણે જીગરથી તે તેમના બધાંના ઉપર ઓવારી જાય છે, અને તેમ કરતાં એને દરકાર સરખી રહેતી નથી કે, ક્રાઇસ્ટ કે બુદ્ધનું અસ્તિત્વ

કે અમુક કાર્ય બુદ્ધિથી પૂરવાર થઈ શકે તેમ છે કે નહિ. વળી ગિરિપ્રવચન અથવા પહાડપરનો ઉપદેશ+ કયારે ઉપદેશાયો તેની ચોક્કસ તારીખ કે કૃષ્ણના જન્મચોઘડીઆની ચોક્કસ ઘડીપળ જાણવાની તેને પરવા હોતી નથી. તેને પરવા માત્ર તેમના વ્યક્તિત્વની અને તેમની પ્રેમાસ્પદ આકૃતિઓનીજ હોય છે, પ્રભુ પ્રત્યેની ભક્તિ ને પ્રેમસિવાય અન્ય કશું તેને રૂચતું નથી. એ ભક્તિ ને પ્રેમ, બસ એજ એનો આદર્શ હોય છે. પ્રેમી અને રસિકજનની વૃત્તિ આવી હોય છે, માટે આપણે એવી વૃત્તિવાળાઓનો બીજો વર્ગ પાડીએ છીએ. તે પછી સૃષ્ટિનાં ગૂઢ રહસ્યોના ઉકેલમાં રસ લેનારા મનુષ્યોનો વર્ગ આવે છે. એવી વૃત્તિવાળાનું મન પોતાની જાતનું પૃથક્કરણ કરવામાં, માનવી મનની પ્રવૃત્તિઓ સમજવામાં, આંતરસૃષ્ટિમાં કયી કયી શક્તિઓ કાર્ય કરી રહી છે તે જાણવામાં અને તેમના પર કાબુ કેવી રીતે મેળવવો તેની કળા શીખવામાં રસ લે છે. આવા ગૂઢાર્થશોધક વૃત્તિવાળાઓનો ત્રીજો વર્ગ થયો. હવે ચોથો વર્ગ તત્ત્વજ્ઞ વૃત્તિવાળાઓનો થશે. જેમને પ્રત્યેક વસ્તુ બુદ્ધિથી તોળી તોળીને જોવાની ટેવ છે, અને માનવી જ્ઞાનની શકયતાની બહાર પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી જોવાની જેમની ખાસિયત છે, એવા તત્ત્વજ્ઞોનો ચોથો વર્ગ પાડીશું.

હવે મનુષ્યજાતિના મોટામાં મોટા ભાગને સંતોષવા ખાતર આ વિવિધ વૃત્તિઓવાળાં મનોને તેમને યોગ્ય ખોરાક પૂરો પાડવાની ધર્મમાં શક્તિ હોવી જોઇએ. જે ધર્મોમાં એવી શકિતનો અભાવ હોય છે, તે ધર્મો બધા એકપક્ષી કિંવા એકદેશીય બની જાય છે. ધારો કે, તમે કોઈ ભકિત અને ભાવપ્રધાન ધર્મમાં જઇ ચઢો છો. ત્યાં તમારા જોવામાં શું આવે છે? તો કે, ભકત અને ભાવિક લોકો ગાતા ને નાચતા હોય છે, આક્રંદપૂર્વક પ્રભુની પ્રાર્થનાઓ કરતા હોય છે અને જે જાય તેને ભકિત ને પ્રેમભાવનો ઉપદેશ આપતા હોય છે. એવા લોકોને તમે કહો કે "ભાઈ! આ બધું તમે કરો છો તે તો ઠીક છે, પણ મારે તો એના કરતાં કંઈ વધારે સબળ વસ્તુ જોઇએ છે; મારે તો થોડુંક વિવેકબુદ્ધિનું કામ છે અને તત્ત્વજ્ઞાન જોઇએ છે. મારે તો બધી વસ્તુઓ ક્રમેક્રમે ને બુદ્ધિપૂર્વક સમજવી છે." તો તરતજ તેઓ બોલી ઉઠશે કે "ચાલ, નીકળ અહીંથી." એમ કહી તમને તે લોકો ત્યાંથી કાઢી મૂકશે, એટલુંજ નહિ પણ જો તેમનાથી બની શકતું હોય તો તમને

+ (સર્મન ઑન ધી માઉન્ટ) સિનાઈ પર્વતપર પ્રત્યક્ષ પરમેશ્વરે ઈસ્રાયલ લોકોના મુખ્ય પુરુષ મોઝેસને સકળ મનુષ્યજાતિ માટે કાયદા અને જાતિશાસ્ત્રનો ઉપદેશ આપેલો હતો, એવી ખ્રિસ્તી લોકોની માન્યતા છે. એ ઉપદેશજ ગિરિપ્રવચન અથવા પહાડપરના ઉપદેશને નામે ઓળખાય છે.

બીજા કોઈ સ્થાનમાં મોકલી આપવાનું પણ ચૂકશે નહિ—અર્થાત્ કે એ પંથ ભાવપ્રધાન વૃત્તિવાળાનેજ મદદ કરી શકે છે; બીજાંઓને તેઓ સહાયભૂત નથી થતા, અને તેમાંયે ખરાબમાં ખરાબ વાત તો એ છે કે, તેમની નિખાલસતા અને પ્રમાણિકતામાં પણ વિશ્વાસ નથી કરતા. હવે તત્ત્વજ્ઞો પણ એવા હોય છે કે તેઓ ભારતવર્ષ અને પૂર્વ તરફના દેશોના ડહાપણની મોટી મોટી વાતો કરતા હોય છે અને લાંબા લચક અને ભારે પાંચશેરી જેવા અધ્યાત્મવિદ્યાના પારિભાષિક શબ્દો વાતચીતમાં ડગલે ને પગલે વાપરીને પોતાની પંડિતાઈ અને વિદ્વત્તાનું દર્શન કરાવે છે. પણ મારા જેવો કોઈ સાધારણ માણસ તેમની પાસે જઇને કહે કે "મહાશયજી! મને એવું કંઈ બતાવી શકશો કે જેથી હું આધ્યાત્મિક યાને તત્ત્વજ્ઞ બની શકું ?" તો તેના જવાબમાં પ્રથમ તો તેઓ સહેજ સ્મિત કરે છે અને પછી ધારે રહીને કહે છે કે "અરે ! તું બુદ્ધિમાં અમારા કરતાં બહુ ઉતરતો છે. આધ્યાત્મિક વિદ્યા સમજવા જેટલી તારી બુદ્ધિજ ક્યાં છે ? તારાથી શું સમજાય–ધૂળ ?" આવી વૃત્તિ હોય છે. આપણા મોટા મોટા તત્ત્વજ્ઞો આમ કહીને બારણાંનોજ રસ્તો બતાવી દે છે. હવે ત્રીજો વર્ગ ગૂઢાર્થ શોધકોનો છે. તેઓ આ અસ્તિત્વની જૂદી જૂદી ભૂમિકાઓનો, મનની જૂદી જૂદી દિશાઓનો અને મનની શકિતઓ શું શું કરી શકે તેમ છે, ઈત્યાદિ ઈત્યાદિની મોટી મોટી વાતો છાતી ફૂલાવી ફૂલાવીને કરે છે. પણ જો તમે એક સાધારણ માણસતરીકે તેમની પાસે ગયા હો અને કહો કે "મહારાજ ! મારા હાથે થઇ શકે એવું સારૂં કાર્ય શું છે તે મને બતાવો; મારી તર્કબુદ્ધિ કંઇ ચાલતી નથી, માટે મને અનુકૂળ આવે એવું—મારા અધિકારને યોગ્ય કંઈ મને આપશો ?" તો તેઓ પણ ઘમંડપૂર્વક સ્મિત કરી કહેશે કે "સાંભળો, કેવો મૂર્ખ ! એને કંઇજ જ્ઞાન નથી, એનું જીવ્યું ફોક છે." આ પ્રમાણેનો વ્યવહાર જગત સમસ્તમાં જ્યાં ત્યાં ચાલી રહ્યો છે. મારી તીવ્ર ઇચ્છા છે કે, આ બધા પંથોના આવા કટ્ટા પ્રતિનિધિઓને એક વાર એકઠા કરીને એક ઓરડામાં પૂરૂં, અને તેમનાં ઘમંડી સ્મિતોની છબી પાડી લઉં !

ધર્મની વર્તમાન સ્થિતિ તેમજ વર્તમાન વસ્તુસ્થિતિ આવી છે. હું જેનો પ્રચાર થયેલો જોવા માગું છું તે એક એવો ધર્મ છે કે જે બધાંજ મનોને એકસરખો માન્ય થશે. તે જેટલો તત્ત્વજ્ઞાનપ્રધાન હશે, તેટલોજ ભક્તિભાવ ને રસપ્રધાન હશે; અને જેટલો ગૂઢ રહસ્યપ્રધાન હશે તેટલોજ કર્મપ્રધાન પણ હશે. એ ધર્મમાં કૉલેજોના પ્રૉફેસરો—સાયન્સ અને ફિઝીક્સના પંડિતો આવશે, તો તેઓ બુદ્ધિ અને તર્કને સંતોષવાની ઇચ્છા કરશે. ભલે, તેમને જોઇએ તેટલા પ્રમાણમાં તેઓ ખુશીથી એ ધર્મમાંથી મેળવી

છે, એવું તેનું બંધારણ હશે. તે લોકો ગમે તેટલો યુક્તિવાદ અને તર્કવાદ લડાવ્યા કરશે, પણ એક બિંદુ તો અવશ્ય એવું આવીને ઉભું રહેશે કે જ્યાં તેમને કહેવું પડશે કે "બસ હદ આવી ગઈ; અમારી બુદ્ધિ અને તર્કશક્તિ આનાથી વધારે આગળ નથી જઇ શકતી." અર્થાત્ તેમને બુદ્ધિ અને તર્કવાદને સ્વેચ્છાએ છોડીને આગળ ચાલ્યા વગર છૂટકોજ નહિ રહે; છતાં જો તેમાંના કોઈ એમ કહેશે કે "ઈશ્વર અને મુક્તિવિષેના તમારા આ ખ્યાલો ભ્રમમાત્ર છે, વહેમોજ છે, માટે તેમને ત્યજી દો!" તો હું તેમને કહીશ કે "ફિલ્સુફ મહાશય! તમારૂં આ શરીર, એ એના કરતાં પણ વધારે મોટો ભ્રમ છે. તેનેજ છોડી દો, જમવા માટે ઘેર જવાનું કે શિક્ષણકાર્ય વાસ્તે કૉલેજમાં જવાનુંજ માંડી વાળો. ચાલો, તમારા આ શરીરરૂપી ભ્રમને ત્યજો જોઉં, નહિ તો ચૂપ થઈ બેસી જાઓ." હવે, આ યુક્તિવાદી કૉલેજનો ફિલ્સુફીનો પંડિત, શરીર ભ્રમ છે એમ તો માનતો હોય છે, તેથી તેનાથી શરીરરૂપી ભ્રમનો ત્યાગ કરવાનું બની શકતું નથી; એટલે તે તરત ટાઢો પડી જાય છે અને સમજી જાય છે કે, જે ફિલ્સુફી આપણને શીખવાડે છે કે આ જગત એક છે અને જગતમાં બસ એકજ અસ્તિત્વ છે, તે ફિલ્સુફીનો પ્રત્યક્ષ અનુભવ કેવી રીતે કરવો તે તેને આવડવુંજ જોઇએ. આપણો ધર્મ એને એ રીત બતાવી શકશે. એવીજ રીતે કોઇ ગૂઢ રહસ્યપ્રેમી આવે તો આપણો આ ધર્મ તેને પણ વધાવી લે, અને માનસિક પૃથક્કરણનું શાસ્ત્ર તેની આગળ ખોલી દે; એટલુંજ નહિ પણ તેના વ્યાવહારિક પ્રયોગો પણ તેને કરી બતાવે, એવી આપણા વિશ્વધર્મમાં વ્યવસ્થા હોવી જોઇએ. હવે જો કોઇ ભક્તિપરાયણ અને ભાવરસિયો શખ્સ આવે તો પ્રભુ માટેની તાલાવેલીમાં, તેના હસવા–રડવા વગેરેની ચેષ્ટાઓમાં પણ આપણે સાથ આપવો જોઇશે; આપણે પણ "પ્રેમરસનો પ્યાલો પીને ગાંડાતુર બનવું પડશે." કોઇ શક્તિશીલ કામકરંદો આવી ચડે તો તેની સંગે આપણે પણ આપણી સર્વ શક્તિ સાથે તેના કામમાં સાથ દેવો જોઇશે. આવી જાતનું સંયોગીકરણ, એ આપણા વિશ્વ–ધર્મના નિકટમાં નિકટ માર્ગનો આદર્શ થશે. મારી ઘણીએ ઇચ્છા છે કે, ઈશ્વર આ જગતમાં બધાંજ મનુષ્યોને તત્ત્વજ્ઞાન, ગૂઢ રહસ્ય, ભક્તિ અને કર્મનાં બધાંજ તત્ત્વો સંપૂર્ણ અને સરખી રીતે ભરેલાં મનોવાળાં પેદા કરે! સંપૂર્ણ માણસનો મારો આદર્શ આ છે. ચારિત્રનાં આ તત્ત્વો પૈકી જેની અંદર એક કે બે તત્ત્વોજ હોય, તે દરેકને હું એકદેશીય ગણું છું; અને આ દુનિયા એવાં એક-દેશીય મનુષ્યોથીજ લગભગ ઉભરાય છે. તેમને, પોતે જે રસ્તે વિ-ચરતાં હોય છે તે રસ્તાનુંજ માત્ર જ્ઞાન હોય છે, અને અન્ય બધું

તેમને મન ભયંકર અને ત્રાસજનક ભાસે છે. તેથી આ ચારે દિશામાં એકસરખા સમતોલ બનવું એ ધર્મવિષેનો મારો આદર્શ છે. આ ધર્મ હિંદુસ્થાનમાં અમે જેને યોગ કહીએ છીએ તેનાથી સાધ્ય થાય છે. એ યોગ કર્મપરાયણ મનુષ્યો માટે અને આખી માનવજાતિ વચ્ચેનો હશે. ગૂઢ રહસ્યના રસિયાને માટે તે યોગ નિકૃષ્ટ 'સ્વ' અને ઉત્કૃષ્ટ 'સ્વ' યાને તેના પોતાના આત્મા અને પરમાત્મા વચ્ચેનો હશે; ભક્તિપરાયણને માટે એ યોગ તેની પોતાની જાત અને ભક્તવત્સલ ભગવાન વચ્ચેનો હશે; અને તત્ત્વજ્ઞાન માટે એ યોગ અસ્તિત્વ સમષ્ટિનો હશે. યોગનો અર્થ આ છે. યોગ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે, અને યોગના આ ચારે ભાગોનાં સંસ્કૃતમાં ચાર જૂદાં જૂદાં નામો છે. એ પૈકી હરકોઇ યોગના સાધકને યોગી કહેવામાં આવે છે. કર્મપરાયણ યાને નિશદિન કામમાંજ નિમગ્ન રહેનારો આદમી કર્મયોગી કહેવાય છે; ભક્તિ ને પ્રેમદ્વારા સાધના કરનારો ભક્ત અથવા ભક્તિયોગી કહેવાય છે; ગૂઢ રહસ્યના જ્ઞાનદ્વારા જે સાધના કરે છે, તે રાજયોગી કહેવાય છે; અને તત્ત્વજ્ઞાનદ્વારા જે યોગ સાધે છે તે જ્ઞાનયોગી કહેવાય છે. તેથી આ યોગી શબ્દના વર્ગમાં એ ચારે જાતની મનોવૃત્તિઓ-વાળાઓનો સમાવેશ થઇ જાય છે.

હવે પહેલવહેલી હું રાજયોગની ચર્ચા કરીશ. આ રાજયોગ યાને મનને વશ કરવાની સાધના એ શું ચીજ છે ? આ અમેરિકા દેશમાં તમે લોકો આ 'યોગ' શબ્દની સાથે બધી જાતના ભૂત-પિશાચોના વેહેમોને ભેળવી દો છો; તેથી મને ડર રહે છે કે, તમો કદાચ એવા અર્થમાં આ શબ્દપ્રયોગને સમજી લો. માટે હું શરૂઆતમાંજ ભારપૂર્વક કહી દઉં છું કે, મારા આ 'યોગ' શબ્દને એવા કોઈ જાતના ભૂતપિશાચાદિકના વહેમો જોડે કંઇજ લાગતું વળગતું નથી, એ ખાસ ખાસ કરી લક્ષમાં રાખજો. આ ચારેમાંનો એકે યોગ બુદ્ધિને દેશવટો દેતો નથી, એકે યોગ તમને આંખે પાટા બાંધીને આંધળું અનુકરણ કરવાનું કહેતો નથી કે એકે યોગ તમારી પોતાની બુદ્ધિને ગમે તે પ્રકારના કોઈ પણ ધર્મગુરુના હસ્તક સોંપી દેવાનું કહેતો નથી; તેમજ એકે યોગ તમને કોઇ પણ દેવતાઇ દૂત ઉપર નિષ્ઠા રાખવાનો યા તેને વફાદાર રહેવાનું કહેતો નથી. એકે એક જાતનો યોગ તમને તમારી પોતાની બુદ્ધિને વળગી રહેવાનું અને તેને ચુસ્તપણે બનતી ચીવ્વટાઇએ વળગી રહેવાનું કહે છે. પ્રાણીમાત્રમાં આપણને જ્ઞાનપ્રાપ્તિ માટેનાં ત્રણ સાધનો રહેલાં જણાય છે. તેમાંનું પ્રથમ સાધન તે પ્રેરણા અથવા સહજ બુદ્ધિ છે, અને તેની ખીલાવટ જનાવરોની અંદર સર્વોત્તમ પ્રમાણમાં થયેલી હોય છે. આ પ્રેરણા એ જ્ઞાનનું નિકૃષ્ટ

સાધન છે. પ્રજ્ઞા અથવા વિચારશક્તિ એ જ્ઞાનપ્રાપ્તિનું બીજું સાધન છે, અને તેનો વિકાસ મનુષ્યપ્રાણીઓમાં સૌથી સરસ થયો હોય છે. હવે પ્રથમ તો પ્રેરણા એ જ્ઞાનપ્રાપ્તિ માટે અધુરૂં સાધન છે; જનાવરો યાને પશુપંખીઓ માટે કાર્યનું ક્ષેત્ર બહુ મર્યાદિત હોય છે, અને તે મર્યાદાની અંદર પ્રેરણાશક્તિ કાર્યકર બને છે. હવે જ્યારે તમે મનુષ્યપ્રાણી તરફ આવો છો, ત્યારે એ પ્રેરણાશક્તિ તમને અત્યંત વિકાસ પામીને પ્રજ્ઞાના રૂપમાં આવેલી જણાય છે. મનુષ્યને માટે કાર્યક્ષેત્ર પણ વધુ વિશાળ બન્યું હોય છે; છતાં તેને માટે આ પ્રજ્ઞા અથવા વિચારશક્તિ પણ અતિ અપૂર્ણ છે. પ્રજ્ઞા અથવા વિચારશક્તિ માત્ર થોડેસુધીજ કામ આપે છે, અને પછી તે થંભી જાય છે. આગળ જવાનું એનું ગજુંજ નથી હોતું. છતાં પણ તમે ધોચપરોણા કરીને તેને બળાત્કારે આગળ ધપાવવાનો પ્રયત્ન કરો છો, તો તેનું પરિણામ લાચારીભર્યા ગરબડગોટાળામાં આવે છે, અને પ્રજ્ઞા બિચારી અપ્રજ્ઞા થઇને લાચાર બની ઉભી રહે છે. તમને આમની કે તેમની કંઇજ સૂઝ પડતી નથી, અને તમારો યુક્તિવાદ એક ગોળ કુંડાળામાં આમથી તેમ ગોથાં ખાતી દલીલનું રૂપ ધારણ કરે છે. દાખલાતરીકે, આપણા જ્ઞાનના મૂળ પાયારૂપ જડ અને ચૈતન્ય એ બંને ચીજોને લઇએ. હું તમને પૂછું કે, જડ એટલે શું ? તેના જવાબમાં તમે કહેશો કે 'ચૈતન્યનું કાર્ય જેનાપર થાય છે તે વસ્તુ.' વારૂ, અને 'ચૈતન્ય શું છે ?' એ સવાલના જવાબમાં તમે કહેશો કે 'જડ ઉપર જેનું કાર્ય થાય છે તે.' જોયું, આંટી ધ્યાનમાં આવી કે નહિ ? પહેલાને સમજાવતાં બીજાનો આધાર લેવો પડે છે, ને બીજાને સમજાવતાં પહેલીનો આધાર લેવો પડે છે. આવી આંટીને તર્કવાદીઓ ચીંચવો અથવા ચગડોળ કહી ઓળખે છે. કેમકે એમાં ફરીફરીને આખરે એના એ સ્થાનપર આવવું પડે છે. ત્યારે તમને સમજાયુંજ હશે કે, પ્રજ્ઞા અથવા વિચારશક્તિની સામે એક પ્રચંડ આડ આવેલી છે, અને તે આડની પેલી મેર પ્રજ્ઞાની ગતિ શક્ય નથી. આમ છતાં એ આડની પેલી મેર આવેલા અનંતના પ્રદેશમાં જવાને તો તે હમેશાં તલપાપડ થઇ રહે છે. આપણી ઇંદ્રિયોના અનુભવમાં આવતું અને આપણા મનની કલ્પનામાં આવતું આ જગત એ જાગ્રતભાનની ભૂમિકાપર પથરાયેલો અનંતનો એક અણુમાત્ર છે; અને જાગ્રતભાનની જાળની સંકુચિત મર્યાદામાંજ આપણી પ્રજ્ઞાનું જોર ચાલી શકે છે, તેનાથી પર નહિજ. તેથી એ સંકુચિત મર્યાદાની પેલીપારના અનંત ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત કરાવનારૂં કોઇ સાધન પણ હોવુંજ જોઇએ ને ? ખરી વાત, એવું સાધન છે અને તે અંતર્જ્ઞાનને નામે ઓળખાય છે. એ રીતે ત્યારે પ્રેરણા, પ્રજ્ઞા અને

અંતર્જ્ઞાન–એ રીતનાં ત્રણ સાધનો જ્ઞાનપ્રાપ્તિમાટેનાં થયાં. તે પૈકી પ્રેરણા જનાવરો કહેતાં પશુપંખીઓને હોય છે, પ્રજ્ઞા અથવા વિચારશક્તિ મનુષ્યોને હોય છે અને અંતર્જ્ઞાન પ્રભુનાં માણસોમાં યાને પ્રભુને પંથે ચઢેલા પ્રાસાદિક મહાત્માઓમાં હોય છે. પરંતુ જ્ઞાનપ્રાપ્તિનાં આ ત્રણે સાધનોનાં બીજ બધાં મનુષ્ય-પ્રાણીઓની અંદર ઓછાવત્તા પ્રમાણમાં વિકસિત થયેલી સ્થિતિમાં મળી આવે છે. આ માનસિક સાધનો ક્રમે ક્રમે વિકસિત થાય છે એમ કેટલાક માને છે તે ખરૂં, પણ એ ક્રમવિકાસ માટે તેમનાં બીજ તો પ્રથમથીજ હોવાં જોઇએ. આની સાથે એ વાત પણ યાદ રાખવી જોઇએ કે, એક સાધન એ બીજા સાધનનું વિકસિત રૂપ છે, તેથી તેઓ પરસ્પર વિરોધક શક્તિઓ નથીજ. પ્રજ્ઞા અથવા વિચારશક્તિનોજ વિકાસ થઇને અંતર્જ્ઞાન બને છે, અને તેથી અંતર્જ્ઞાન પ્રજ્ઞાનો વિરોધ કરતું નથી કે પ્રજ્ઞાના કાર્યનું ખંડન કરતું નથી; પણ તેની કચાશ હોય છે તે પૂર્ણ કરે છે. જે વસ્તુઓને પ્રજ્ઞાથી પહોંચી શકાતું નથી તેમને અંતર્જ્ઞાન પ્રકાશમાં લાવે છે, અને તે વસ્તુઓ પ્રજ્ઞાનો વિરોધ કરનારી નથી હોતી. વૃદ્ધ માણસ જેમ બાળકનો વિરોધ નથી કરતો પણ તેની અપૂર્ણતાને પૂરી કરે છે, તેમ અંતર્જ્ઞાન પ્રજ્ઞાનો વિરોધ ન કરતાં તેનું પૂરક બને છે. તેથી તમારે હમેશાં યાદ રાખવું જોઇએ કે, સામાન્ય રીતે ઉતરતા પ્રકારનું સાધન ઉંચા પ્રકારમાં યાને પ્રેરણા તે પ્રજ્ઞામાં અને પ્રજ્ઞા તે અંતર્જ્ઞાનમાં સમાઇ જવાની પણ મોટી દહેશત છે. અનેક વાર પ્રેરણાને જગત આગળ પ્રજ્ઞા અથવા વિચારશક્તિ કહી રજુ કરવામાં આવે છે, અને પછી ભવિષ્યકથનની ઇશ્વિરી બક્ષિસના કૃત્રિમ દાવા ઉભા થાય છે. એક મૂર્ખો કે હોલેદિલ અર્ધગાંડો ધારે છે કે, એના મગજમાં જે ગરબડ ગોટાળો ચાલે છે તે અંતર્જ્ઞાન છે, અને તેથી લોકોએ તેના અનુયાયી બનવું જોઇએ. અત્યંત વિરોધી અને બુદ્ધિને ન સમજાય એવો મૂર્ખાઇભરેલો અર્થહીન બકવાદ દુનિયામાં ઉપદેશાયલો જે જણાય છે, તેનું કારણ, ઉન્માદ-વશ અવ્યવસ્થિત મગજની પ્રેરણાપ્રધાન દાંભિક ભાષા અંતર્જ્ઞાન વાટે સ્ફૂરેલા બોધતરીકે પસાર થવાનો પ્રયત્ન કરે છે, એજ છે.

તેથી કરીને પ્રેરણા કયી અને અંતર્જ્ઞાન કયું તે પારખી કાઢવાની કળા દરેકે જાણી લેવી જોઇએ. સાચા ઉપદેશની પ્રથમ કસોટી એ છે કે, એ ઉપદેશ પ્રજ્ઞાની વિરુદ્ધ જતો ન હોવો જોઇએ, યાને વિચારશક્તિને જે અગ્રાહ્ય લાગે તે ઉપદેશ સાચો નથી, એમ સમજવું. આ કસોટીમાંથી મેં જે યોગોની વાત ઉપર કરી તે બધાજ યોગો પસાર થાય છે. એમનું બંધારણજ એવા પ્રકારનું છે. પ્રથમ આપણે રાજયોગની વાત કરીએ. એ રાજયોગનો વિષય અતિ-

વિશાળ છે; એટલે એમાં બહુ ઉંડા તો આપણાથી નહિ ઉતરાય, પણ એનો કેન્દ્રસ્થ યાને પ્રધાન ખ્યાલ હું તમને આપી શકીશ. જ્ઞાન મેળવવાની એકજ પદ્ધતિ આપણી પાસે છે, અને એજ પદ્ધતિનો ઉપયોગ નિકૃષ્ટ પ્રતિના માણસથી તે ઉત્કૃષ્ટ યોગીપર્યંતના દરેકે દરેક જણે કરવાનો છે. એ પદ્ધતિ અથવા રીતનું નામ એકાગ્રતા છે. પ્રયોગશાળામાં પ્રયોગો કરતો રસાયણશાસ્ત્રી એના મનની બધીજ શક્તિઓ એકાગ્ર કરીને એક મધ્યવર્તી સ્થાન યાને કેંદ્રમાં આણે છે, અને પૃથક્કરણ કરવાનાં તત્ત્વોપર નાખે છે; એટલે એના ટેબલપરની વસ્તુઓ પૃથક્કૃત થઇને ઉભી રહે છે, અને એ રીતે એનું જ્ઞાન આગળ વધે છે. ખગોળશાસ્ત્રી પણ તેના મનની શક્તિઓ એકાગ્ર કરીને એક કેંદ્રમાં આણે છે ને પછી દૂરબીનદ્વારા આકાશસ્થ પદાર્થોપર તે નાખે છે. એટલે તારાઓ અને નક્ષત્રોની દુનિયા એની નજર આગળ ગડબડતી આવે છે અને પોતપોતાનાં રહસ્ય તેની આગળ જાણે પ્રકટ કરી જાય છે. બધીજ બાબતમાં એવું છે. ખુરશીમાં બેઠેલા અધ્યાપકની બાબતમાં, હાથમાં ચોપડી લઇને બેઠેલા વિદ્યાર્થીની બાબતમાં અને હરકોઇ જ્ઞાન પ્રાપ્ત કરવા મથતા હરકોઇ માણસના સંબંધમાં એવોજ પ્રકાર સમજવાનો છે. આ તમે અત્યારે મને સાંભળી રહ્યાં છો, અને મારા બોલવામાં જો તમને રસ પડતો હશે, તો તમારાં મન મારી વાણીપર એકાગ્ર બન્યાં હશે. એટલે તે વખતે આ ઘડિયાળની અંદર ટનટન્ એવા ટકોરા વાગશે, તોયે એકાગ્રતાને લઇને તેના શ્રવણનું ભાન સરખું તમને નહિ થાય. અને તમારા મનની એકાગ્રતા સાધવામાં તમે જેટલા પ્રમાણમાં વધારે શક્તિશાળી થશો, તેટલા પ્રમાણમાં તમે મારૂં વ્યાખ્યાન વધારે સારી રીતે સમજશો. હું પણ મારાં પ્રેમ અને શક્તિઓની જેમ વધારે એકાગ્રતા સાધીશ, તેમ હું તમારી આગળ જે વિચારો દર્શાવવા માગું છું તે વધારે સારી ને સચોટ ભાષામાં દર્શાવવા શક્તિમાન થઇશ—અર્થાત્ આ એકાગ્રતાની શક્તિ જેટલી વધારે ને તેજ, તેટલી જ્ઞાનપ્રાપ્તિ પણ વધારે ને જલદ. કારણ કે આ એકાગ્રતા એજ એક અને એકલી જ્ઞાનપ્રાપ્તિની રીત છે. એક હલકામાં હલકો જોડાપર રંગ ચઢાવનારો યાને બુટ પૉલીશ કરનારો માણસ કામ કરતી વખતે જો તેના મનને વધારે એકાગ્ર કરશે; તો તેનું કરેલું પૉલીશ વધારે સુંદર અને આકર્ષક નીવડેલું જણાશે. એકાગ્રતા સાથે રાંધેલી રસોઇનો સ્વાદ કંઇ ઓરજ આવે છે. પૈસા કમાવામાં કે પ્રભુની આરાધના કરવામાં, કિંવા કોઇ પણ કાર્યમાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે બળવાન, તેટલું તે કાર્ય વધારે સારૂં ને વધારે સંતોષકારક બનવાનું. આ એકાગ્રતાની એકજ હાંકથી કે એકજ ટકોરાથી પ્રકૃતિના દરવાજા ઉઘડી જાય છે, અને

પ્રકાશની રેલછેલ થઈ જાય છે. જ્ઞાનના ખજાનાની, આ એકાગ્રતાની શક્તિ એજ એકમાત્ર ચાવી છે. રાજયોગની વિદ્યા ખાસ કરીને આ એકાગ્રતાના વિષયનુંજ વિવેચન અને સ્પષ્ટીકરણ કરે છે, અને તેને યથાર્થ કેમ સાધવી તેના માર્ગો બતાવે છે. આપણાં શરીરની અત્યારની સ્થિતિમાં આપણે એટલા બધા વ્યગ્રચિત્ત છીએ કે આપણું મન પોતાની શક્તિઓને સેંકડો વિવિધ વસ્તુઓપર લગભગ વ્યર્થ ગુમાવી નાખે છે અને એકે કાર્યસિદ્ધિ સંપૂર્ણ થતી નથી. આપણી મનોદશાજ અત્યારે એવી છે કે આપણા ધસમસતા વિચારોને શાંત કરવાનો આપણે પ્રયત્ન આદરીએ છીએ કે તેની સાથે તરતજ સહસ્રાવધિ અનિષ્ટ આવેશો મગજમાં ધસી આવે છે, અને હજારો વિચારોની પરંપરા ફાટી નીકળીને મનને વ્યગ્ર બનાવી મૂકે છે. તેનાપર કેવી રીતે કાબુ મેળવવો અને મનોનિગ્રહ કેમ કેળવવો એજ રાજયોગના અભ્યાસનો આખો વિષય છે.

હવે કર્મયોગની યાને કર્મોદ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરવાની રીતની વાત કરીશું. એ તો ખુલ્લુંજ છે કે, સમાજની અંદર અનેક માણસો, એક નહિ તો બીજી એમ કોઇ ને કોઇ પ્રવૃત્તિમાટે જન્મેલાં જણાય છે. તેમનું મન એકલા વિચારની ભૂમિકાપર એકાગ્ર નથી બની શકતું, તેમને બસ એકજ ધૂન લાગી હોય છે અને તે દેખાઈ આવે એવા સ્પષ્ટ કામની. આવી જાતની જીંદગીનું પણ એક શાસ્ત્ર હોવું જોઇએ. આપણામાંનું દરેક જણ કોઇ ને કોઇ કાર્યમાં તો રોકાયલું હોય છેજ. પણ આપણામાંના ઘણા જણ આપણી શક્તિઓનો ઘણો મોટો ભાગ નકામો વેડફી નાખે છે. કેમકે કર્મના રહસ્યની આપણને માહીતિ હોતી નથી. કર્મયોગ આપણને એ રહસ્ય સમજાવે છે, અને આપણી શક્તિઓના મોટામાં મોટા ભાગને આપણી આગળના કાર્યમાંજ વધારેમાં વધારે ફાયદાકારક રીતે કેવી રીતે રોકી શકીએ તે શીખવાડે છે. પણ આ રહસ્યની સાથે આપણે કર્મની સામેનો એક મોટો વાંધો ધ્યાનમાં રાખવો જોઇએ. એ વાંધો એ છે કે, કર્મમાત્ર દુઃખનું ઉત્પાદક છે; પણ યાદ રાખો કે, સર્વ તરેહનાં દુઃખ અને કલેશ આ આસક્તિમાંથી ઉદ્ભવે છે. દાખલાતરીકે કર્મ કરવાની મારી ઇચ્છા છે, અને એ ઇચ્છાને હું કોઈનું ભલું કરવાના કામમાં વાળું છું. હવે, પરિણામ સામાન્ય રીતે જગતની અંદર એવું જોવામાં આવે છે કે, સોમાં નવ્યાસી ટકા એ માણસ કે જેના ઉપર મેં ઉપકાર કર્યો હશે, તે બેવફા નીવડી મારા ઉપકારને ભૂલી જશે તો જશે, પણ ઉલટો મારૂં અહિત કરવાનો પણ ઉદ્યોગ કરશે; અને તે જોઈ પરિણામે મને દુઃખ ઉપજશે. આવી વસ્તુસ્થિતિઓ મનુષ્યજાતિને પરોપકારનાં કર્મો કરતી ઘણી વાર અટકાવે છે, અને આ દુઃખ તથા સંતાપની બીક મનુષ્ય-

જાતિનાં કલ્યાણકારી કર્મો અને શક્તિઓનો ઘણો મોટો ભાગ વણસાડે છે. પરંતુ એ બીકને તરી જવાનો ઉપાય કર્મયોગ બતાવે છે, અને કાર્યની ખાતર કાર્ય કેવી રીતે કરવું, તથા બદલાની કશી દરકાર રાખ્યા વગર યાને અનાસક્ત રહીને કર્મો કેવી રીતે કરવાં એની ચાવી કર્મયોગ પૂરી પાડે છે. કર્મયોગી કર્મમાં પ્રવૃત્ત થાય છે, કારણ કે તેમ કરવું એ તેનો સ્વભાવ થઈ રહ્યો હોય છે; અને તેને લાગે છે કે, તેમ કરવું એ તેને પોતાને માટે શ્રેયસ્કર છે. એ સિવાય બીજો કોઇજ હેતુ તેના મનમાં હોતો નથી. આ દુનિયામાં તેની સ્થિતિ આપનારની છે, અને કોઇની પાસેથી કશોય બદલો મેળવવાની તે પરવા રાખતો નથી. તે આપે છે તેની તેને ખબર છે, છતાં બદલામાં તે કશાયની માગણી કરતો નથી અને તેથી તે દુઃખના પંજામાંથી આબાદ છટકી જાય છે. કેમકે દુઃખનો સપાટો જ્યારે જ્યારે આવે છે, ત્યારે ત્યારે તે આસક્તિની પ્રતિક્રિયાનુંજ પરિણામ હોય છે, એ ભૂલશો નહિ.

તે પછી કોમળ ભાવપ્રધાન મનુષ્ય માટે ભક્તિયોગ આવે છે. એ વૃત્તિવાળા મનુષ્યને પ્રભુની ભક્તિનીજ બસ ધૂન ભરાઈ હોય છે, અને સદા સર્વદા તે પ્રભુની પૂજાઅર્ચા ને ભજનમાંજ રહેવાની ઇચ્છા ધરે છે. એ ઇચ્છાની તૃપ્તિ માટે તે પુષ્પચંદન, ધૂપદીપ, નૈવેદ્ય, શણગાર, મનોહર મંદિરની રચના અને એવી એવી અનેક કર્મકાંડપ્રધાન વિધિઓપર આધાર રાખે છે, ને તેમનો તે છૂટથી ઉપયોગ કરે છે. એ વિધિઓ ખોટી છે એમ કહેવાનું સાહસ તમે કરી શકો ખરા કે? પણ તેમ કરતાં પહેલાં હું એક વાત કહું છું તે લક્ષમાં લ્યો. ખાસ કરીને તમારા આ અમેરિકા દેશના લોકોએ આ વાત હમેશને માટે યાદ રાખી લેવી સારી છે કે, દુનિયાના મોટા મોટા આત્મજ્ઞાની મહાત્માઓ બધા એવાજ ધાર્મિક પંથોમાંથી ઉદ્‌ભવ્યા છે કે જે પંથોમાં કિંમતી પૌરાણિક ગાથાસંગ્રહ અને સુસંસ્કૃત કર્મકાંડનો ભંડાર ભરપૂર હોય છે. બીજા જે જે પંથોએ કોઇ પણ વિધિ વગર ઈશ્વરને આરાધવાની કોશિષ કરી છે, તે બધાએજ ધર્મનાં તમામ સર્વોત્કૃષ્ટ અને સુંદર તત્ત્વને નિર્દય રીતે કચરીને છુંદી નાખ્યાં છે. તેમનો ધર્મ શુષ્ક, નીરસ અને લગભગ ધર્માંધ કોટિનો હોય છે. દુનિયાનો ઇતિહાસ મારા આ કથનની સામે મોઢે સાક્ષી પૂરે તેમ છે. માટે ધર્મના આ કર્મકાંડ અને પૌરાણિક કથાઓનાં અંગોની મશ્કરી ન કરો કે તેમને વખોડીને ઉતારી ન પાડો. જે લોકોની ઇચ્છા હોય તેમને તેમનો લાભ ઉઠાવવા દો, પણ તે શુદ્ધ દાનતથી ને સમજણપૂર્વક. પેલા નાલાયક ઘમંડી સ્મિતનો દંભ કરીને એમ કહેશો ના કે "મૂર્ખો છે; હશે, મરવા દો." એવો ભાવ રાખ્યે નહિ ચાલે—અર્થાત્ કે

એમનાં કર્મકાંડ અને પૌરાણિક વિધિઓ તમને ન રૂચતાં હોય તો ભલે, પણ તેમના પ્રત્યે તિરસ્કાર બતાવવાનો કે મહેરબાની બતાવવાનો તમને જરાય અધિકાર નથી. આધ્યાત્મિકતાની બાબતમાં અજબ જેવો વિકાસ પામેલા મહાનમાં મહાન નરો મારી જીંદગીમાં મેં જોયા છે, તે બધાજ આ કર્મકાંડની તાલીમમાંથી પસાર થઇનેજ એ ઉચ્ચતમ કોટિને પ્રાપ્ત થયેલા દીઠામાં આવ્યા છે. એ મહાન નરોનાં ચરણોમાં બેસવાને પણ હું મારી જાતને લાયક ગણુતો નથી. તો પછી તેમની ટીકા કરનારો તે હું કોણુ? મારૂં ગજાુંજ શું ? મનુષ્યના મનપર આ વિચારો કેવી ક્રિયા કરે છે તે મને કેવી રીતે જણાય? અને તેમાંના કયા ખ્યાલો મારે સ્વીકારવા લાયક છે અને કયા અસ્વીકારવા લાયક છે, તેની ખબર પણ મને શી રીતે પડી શકે ? એથી સંભવ છે કે, પૂરતા કારણવગર દુનિયામાંની પ્રત્યેક વસ્તુની ટીકા કરવા આપણે તત્પર થઇએ છીએ. માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ કોઇ જાતની કોઈની ટીકા કરવાની આદતને કાઢી નાખો. લોકોને સુંદર પ્રેરણાઓથી ભરેલાં પુરાણુશાસ્ત્રોની જેટલી જરૂર હોય, તેટલી તૃપ્ત કરવા દો; કારણ આ વાત તમારે હમેશાં સ્મરણમાં રાખવી જોઇએ કે, ભાવપ્રધાન વૃત્તિવાળાં મનુષ્યોને સત્યની ભાવવાચક વ્યાખ્યાઓની પરવા હોતી નથી, તેનાથી તેમનાં મનને સંતોષ વળતો નથી. તેમને માટે ઇશ્વર એ એક ઇંદ્રિયગોચર પદાર્થ છે, અને તેમને મન તેજ એક સાચો પદાર્થ છે. તેઓ તેને અનુભવે છે, જુએ છે, વાતો કરતો સાંભળે છે અને તેનાપર પ્રેમ કરે છે. તમારા તર્કવાદી ને યુક્તિવાદી લોકો એમને મન મૂર્ખા જેવા લાગે છે; કેમકે એકાદ યુક્તિવાદીના જોવામાં એકાદ સુંદર મૂર્તિ આવે છે કે તે તેને ભાંગી તોડીને તે મૂર્તિ કયા પદાર્થની બનેલી છે, તે જોવા જાણવાની ઇચ્છા કરતો હોય છે. કોઈ પણ જાતના બાહ્ય હેતુ વગર કેવળ નિષ્કામભાવે પ્રેમ કેમ કરવો તે ભક્તિયોગનું શાસ્ત્ર તેમને શીખવાડે છે; અને તેઓ પ્રભુને અને સારાં કામોને ચાહે છે તે સ્વર્ગકામના, સંતાનકામના, દ્રવ્યકામના કે એવી કોઈ પણ કામના વગર માત્ર તેમ કરવું સારૂં છે, એટલા માટેજ તેમ કરે છે. કારણકે ભક્તિયોગ તેમને શીખવાડે છે કે, પ્રેમ અથવા ભક્તિનો ઉત્તમોત્તમ બદલો પ્રેમ કિંવા ભક્તિજ છે, અને ઇશ્વર પોતેજ એ પ્રેમ કે ભક્તિ છે. સર્વવ્યાપી અને સર્વજ્ઞ સૃષ્ટાતરીકે, સર્વશક્તિમાન સત્તાધીશતરીકે અને માતા તથા પિતાતરીકે પ્રભુનેજ સર્વ જાતનું માન અને ઋણ આપવાનું ભક્તિયોગ તેમને શીખવાડે છે. પ્રભુનો ભાવ દર્શાવવા માટે ઉંચામાં ઉંચું વચન અને માનવીમન કલ્પી શકે તેવો ઉંચામાં ઉંચો ખ્યાલ એજ છે કે "એ પ્રેમ તો પ્રભુ છે યાને પ્રભુ પ્રેમરૂપ છે." જ્યાં જ્યાં પ્રેમ

જેવું જણાય છે, ત્યાં ત્યાં પ્રભુનીજ હાજરી છે. "જ્યાં જ્યાં પ્રેમ જેવું કંઇ છે, ત્યાં ત્યાં પ્રભુ છે; ત્યાં ત્યાં પ્રભુની હાજરી છે." જ્યાં પતિ પત્નીને ચુંબન કરે છે, ત્યાં એ ચુંબનમાં પણ પ્રભુ છે; જ્યાં આગળ માતા બાળકને ચુંબન કરે છે, ત્યાં માતાના ચુંબનમાં પણ પ્રભુ છે; જ્યાં મિત્રો હાથમાં હાથ મિલાવે છે, ત્યાં એ હસ્તમિલનમાં પણ પ્રેમરૂપ પ્રભુની હાજરી છે. એક મહાપુરુષ જ્યારે મનુષ્યજાતિપર પ્રેમ કરી તેને મદદ કરવાની ઇચ્છા કરે છે, ત્યારે પણ એ પ્રભુજ પોતે પોતાના પ્રેમનું મોકળે હાથે મનુષ્યને લહાણું કરતો હોય છે. જ્યાં જ્યાં હૃદય વિકાસ પામતું જણાય છે, ત્યાં ત્યાં એ પ્રભુજ વ્યક્ત થતો હોય છે. ભક્તિયોગ આવું શિક્ષણ આપે છે.

હવે, છેલ્લે આપણે જ્ઞાનયોગી અથવા તત્ત્વજ્ઞાનના ઉપાસકની વાત કરીશું. જ્ઞાનયોગી એટલે આ દશ્યજગતની પેલી પાર જવાની તીવ્ર ઇચ્છાવાળો માણસ. જ્ઞાનયોગી એક એવો મનુષ્ય છે કે જેને આ દુનિયાના ક્ષુદ્ર પદાર્થો સંતોષ નથી આપી શકતા. એનો ખ્યાલ ખાવાપીવા ઇત્યાદિના રોજના દૈનિક કાર્યથી પર થવાનો હોય છે; સહસ્રાવધિ પુસ્તકોનું શિક્ષણ પણ તેને સંતોષી શકતું નથી. બધાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો પણ તેને સંતોષવા સમર્થ નથી બનતાં. કેમકે તેઓ ધાડ મારી મારીને બહુ તો આ ક્ષુદ્ર જગતનો ચિતાર તેની આગળ રજુ કરે છે. ત્યારે એવું બીજું શું છે, કે જેનાથી તેને સંતોષ થાય? અપરિમિત સૃષ્ટિઓના જ્ઞાનથી પણ તેને સંતોષ વળતો નથી. કેમકે એ બધીજ સૃષ્ટિપ્રણાલિકાઓ તેને મન અસ્તિત્વના એ અનંત મહાસાગરની અંદર એક બિંદુસમાન છે. એનો આત્મા એ બધાયની પેલી પાર, વાસ્તવ સત્ જે સ્વરૂપમાં છે તેજ સ્વરૂપમાં નીરખીને તેના હૃદયપ્રદેશમાં સોંસરૂં જવા તકાસે છે. તે વિરાટ સત્નો સાક્ષાત્કાર કરવા, તે વિરાટ સત્ પોતે થવા અને તે વિરાટ સત્મય બનવાની તાલાવેલી તેના આત્માને લાગી હોય છે. તત્ત્વજ્ઞાનનો સાધક અથવા જ્ઞાનયોગી એક આવો માણસ હોય છે. ઇશ્વરને પિતા અથવા માતા, જગતનો વિધાતા કે ત્રાતા, નિયંતા કે નાયકતરીકે ઓળખવો યા ઓળખાવવો એ એને મન સાવ અધૂરો ભાવ છે, યાને અયોગ્ય છે. તેને મન તો પ્રભુ તેનું જીવનસર્વસ્વ અને તેના આત્માનો પણ આત્મા છે. એને મન ઇશ્વરસિવાય અન્ય કશાયનું અસ્તિત્વ રહેતું નથી. તેના સર્વ મર્ત્ય અંશો તત્ત્વજ્ઞાનના ભારે ઘાણથી છુંદાઇ છુંદાઇને ચૂર્ણ વિચૂર્ણ બની જઇ અસ્તિત્વના ચિત્રપટપરથી ભુંસાઇ જાય છે, અને જે વાસ્તવ તત્ત્વ આખરે અવશિષ્ટ રહે છે તે પ્રભુ પોતેજ છે.

એકજ ઝાડપર બે પક્ષી બેઠેલાં છે, એક ટોચપર અને બીજું નીચે ડાળીપર. ટોચપર બેઠેલું પક્ષી શાંતચિત્ત, મૂંગું અને ભવ્ય

હોઇ પોતાનીજ મહત્તામાં તલ્લીન છે; ત્યારે નીચેની ડાળીઓપર બેઠેલું બીજું પક્ષી મીઠાં અને કડવાં ફળ વારાફરતી ચાખતું અને એક ડાળીથી બીજી ડાળીએ કૂદતું ઘડીકમાં સુખી અને ઘડીકમાં દુઃખી બને છે. એમ કરતાં થોડોક વખત રહીને એ નીચે બેઠેલા પક્ષીના ખાવામાં એક અસાધારણ કડવું ફળ આવે છે. તેનાપર તેને તિરસ્કાર આવે છે અને પરિણામે પોતાના આ નીચેના નિવાસથી કંટાળીને ઉપર નજર કરે છે, તો ઉપર તેને સોનેરી પીંછાંવાળું ને સોનેરી કલગીવાળું પેલું અલૌકિક પક્ષી જણાય છે. તે ઉપરનું પક્ષી મીઠાં કે કડવાં ફળ ખાતું નથી દેખાતું, તેમ તે સુખી કે દુઃખી બેમાંથી એકે નથી; પણ શાંતચિત્ત અને પોતાનાજ તાનમાં ગુલ્તાન દેખાય છે અને પોતાની જાતસિવાય અન્ય કશાયને તે જોતુંજ નથી. નીચેના પક્ષીને આ અવસ્થા પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, પણ તે વાતનું તેને ઝટ વિસ્મરણ થઇ જાય છે, અને પુનઃ પાછું તે ફળનો સ્વાદ લેવા માંડે છે. એમ કરતાં થોડી વારમાં ફરી એક બીજું અસાધારણ કડવું ફળ તેના ખાવામાં આવે છે; તેથી તે અત્યંત દુઃખી બને છે, અને ફરીને પાછી તે ઉંચી નજર કરે છે, અને તે ઉપર બેઠેલા પક્ષીની વધારે નિકટ આવવાનો પ્રયાસ કરે છે. ફરી એક વાર પાછું તે ભૂલાવામાં પડે છે, અને પૂર્વવત્ વ્યવહારમાં પ્રવૃત્ત બને છે, અને થોડી વાર પછી ફરી પાછું ઉંચે જુએ છે. એમ કરતાં કરતાં તે આખરે પેલા સુંદર પક્ષીની બહુજ સમીપ આવી પહોંચે છે, અને તેના સોનેરી પીંછામાંથી ઝબકતા પ્રકાશનો ઓળો તેની પોતાની આજુબાજુ ક્રીડા કરતો તેને દેખાય છે. એને પરિણામે તે પોતાની જાતમાં એક જાતના પરિવર્તનને અનુભવે છે, અને પોતે જાણે પીગળી જતું ન હોય એમ તેને લાગે છે. તે હજી પણ વધારે નિકટવર્તી બને છે, એટલે તેની આસપાસનું સઘળું પીગળી જાય છે અને આખરે આ અદ્દભુત પરિવર્તનનું રહસ્ય તેના સમજવામાં આવે છે. એ નીચેનું પક્ષી તે ઉપરના પક્ષીનો ઓળો માત્ર હોઇ તે ઓળો ખરા પક્ષીરૂપે ભાસતો હતો; વાસ્તવિક રીતે તો તે આખોજ વખત ઉપરનું પક્ષીજ હતું. આ કડવાં અને મીઠાં ફળનો આહાર, આ નીચેનું નાનું પક્ષી, વારા ફરતી સુખ ને દુઃખ તથા હર્ષ ને શોક એ બધું આકાશકુસુમવત્ મિથ્યા હતું, સ્વપ્નમાત્ર હતું. એ બધોજ વખત વાસ્તવિક પક્ષી તો એની મેળે શાંત ચિત્તે, ચૂપચાપ પોતાના પૂર્ણ ભપકા અને દબદબામાં, શોક કે દુઃખના સ્પર્શ વગર નિરાંતે ઉપર બેઠું હતું. આ રૂપકમાં ઉપરનું પક્ષી તે આ જગતનો સ્વામી ઈશ્વર પોતેજ સમજવાનો છે, અને નીચેનું પક્ષી તે આ જગતના કડવા મીઠા અનુભવો લેતો મનુષ્યનો જીવાત્મા

સમજવાનો છે. વખતોવખત જીવાત્માને ભારે ફટકા પડે છે. એટલે થોડોક વખત તે ખાવા પીવા વગેરેના જગતવ્યવહારો ભૂલી જઇને અજ્ઞાત પ્રભુના પંથ ભણી વળે છે, અને પ્રકાશનો એક ઓઘ તેના ભણી આવે છે. તેના પ્રભાવે તેને સૂઝે છે કે, આ જગત એ મિથ્યા દૃશ્ય છે. પણ ફરી પાછો તે ઇંદ્રિયજન્ય વિષયોને વશ થઇ નીચે ઘસડાઇ આવે છે, અને ફરી પાછો જગતનાં કડવાં અને મીઠાં ફળો ખાવાનો આરંભ કરે છે. એટલે ફરી પાછો એક અસાધારણ ફટકો પડે છે. પરિણામે તેના હૃદયના દરવાજા એ દિવ્ય પ્રકાશને માટે ફરી ખુલી જાય છે. એ રીતે ક્રમે ક્રમે તે પ્રભુની પાસે ને પાસે આવતો જાય છે, અને જેમ જેમ તે વધારે ને વધારે નિકટ સ્થિતિને પ્રાપ્ત કરતો જાય છે, તેમ તેમ તેને પોતાનું જૂનું 'સ્વ' પીગળી જતું જણાય છે. અને એમ થતાં થતાં જ્યારે તે પૂરતો નિકટ આવી પહોંચે છે, ત્યારે તે સમજી શકે છે કે તે પોતે ઇશ્વર સિવાય અન્ય કોઇ નથી, અને એ સમજની સાથેજ તે હર્ષથી પોકારી ઉઠે છે કે "તે કે જેને મેં તમારી આગળ આ જગતના જીવનતરીકે, અણુ પરમાણુથી માંડીને તે અગણિત સૂર્યચંદ્રોમાં વ્યાપ્તમાનતરીકે વર્ણવ્યો છે, તે આપણા પોતાના જીવનનો પાયો છે. આપણા આત્માનો પણ આત્મા છે. ના, એટલુંજ નહિ પણ તુંજ તે છે યાને **तत्त्वमसि**." જ્ઞાનયોગ જેનું શિક્ષણ આપે છે તે આ છે. જ્ઞાનયોગ મનુષ્યને કહે છે કે, તેનું સ્વરૂપ અવશ્ય દિવ્ય છે. વળી, આ જ્ઞાનયોગ મનુષ્યજાતિને અસ્તિત્વમાત્રની પ્રકૃત એકતા સિદ્ધ કરી બતાવે છે, અને આપણામાંનું એકે એક જણ પૃથ્વીપર વ્યક્ત થયેલું સર્વેશ્વર પ્રભુ પોતાનુંજ સ્વરૂપ છે, એમ તે શીખવાડે છે. આપણા પગ તળે થઇને ઘસડાતાં અધમમાં અધમ જીવડાંથી માંડીને તે આશ્ચર્ય અને આદરમાનની લાગણી આપણી અંદર ઉત્પન્ન કરતા સર્વશ્રેષ્ઠ મહાત્માઓપર્યંતનાં બધાંજ પ્રાણીઓ તે એક ને એકજ પ્રભુના આવિર્ભાવો યાને વ્યક્ત સ્વરૂપો છે.

છેવટે કહેવાનું એટલુંજ કે, આ વિવિધ યોગોને જીવનની અંદર આચરણમાં મૂકવાની ખાસ આવશ્યકતા છે; એમનું આચરણુજ કલ્યાણકર્તા નીવડશે, બાકી તેમના ખાલી સિદ્ધાંતોથી કંઇ પણ લાભ થશે નહિ. પહેલ પ્રથમ તો આપણે તેના વિષે સાંભળવું જોઇએ, અને પછી તેમના પર વિચાર કરવા જોઇએ. પછી તે વિચારોને તર્ક અને યુક્તિથી નાણી જોઇને આપણા મનપર ઠસાવવા જોઇએ. મનપર ઠસાવીને તેમનું મનન કરવું જોઇએ, અને એ મનન, તે વિચારોનો આપણને સાક્ષાત્કાર થાય નહિ યાને એ વિચારોજ આપણું જીવનસર્વસ્વ બની જાય નહિ, ત્યાંસુધી ચાલુ રાખવું જોઇએ. એવું થશે ત્યારે પછી ધર્મ એ એક આદર્શો અને

સિદ્ધાંતોનો નિર્જીવ પોટલો કિંવા બૌદ્ધિક સંમતિનો વિષય નહિ રહે; પણ તે આપણા જીવન સમગ્રમાં ઓતપ્રોત પ્રવેશી જશે. બૌદ્ધિક સંમતિથી આજે આપણે અનેક મૂર્ખાઈભરેલી બાબતોપર આપણું મતું ઠોકીએ છીએ, અને કાલે ઉઠીને આપણાં મન અને વિચાર સદંતર બદલી નાખીએ છીએ; પણ સાચો ધર્મ કદાપિ બદલાતો નથી. ધર્મ એ અપરોક્ષાનુભવનો–સાક્ષાત્કારનો વિષય છે; વાતોનો, સિદ્ધાંતોનો કે વિચારોનો વિષય નથી. વાતો, સિદ્ધાંતો કે વિચારો ગમે તેટલાં સુંદર હોય પણ તે વાસ્તવિક ધર્મ નથી. સાંભળવું અને સ્વીકારવું એનું નામ ધર્મ નથી, પણ થવું અને હોવું એનું નામ ધર્મ છે. આપણી માન્યતા મુજબ સમગ્ર જીવનનું–રે ! આપણા આખા આત્માનું પરિવર્તન થઈ જાય એનુંજ નામ ધર્મ છે, એજ સાચો ધર્મ છે.



૨૧–ઉઘાડું રહસ્ય યાને ભાંગ્યો ભરમ*

વસ્તુઓને તેમના વાસ્તવ સ્વરૂપમાં સમજવાનો પ્રયત્ન કરતાં આપણે હરકોઇ દિશામાં વળીએ, અને તેમનું થઇ શકે તેટલું પૃથક્કરણ કર્યાજ જઇએ, તો આખરે તે વસ્તુઓની એક એવી વિલક્ષણ સ્થિતિ આપણે મેળવીએ છીએ કે જે દેખીતી રીતે સાવ વિરોધી લાગે છે અને જે આપણી બુદ્ધિ સમજી શકતી નથી અને તેમ છતાં પણ તે સત્ય હોય છે. આપણે અમુક એક વસ્તુ લઇએ છીએ તે વખતે આપણે જાણતા હોઇએ છીએ કે તે સાંત કહેતાં અંતવાન છે; પણ જેમ જેમ આપણે તેનું પૃથક્કરણ કરવા માંડીએ છીએ, તેમ તેમ તે વસ્તુ આપણને બુદ્ધિના ક્ષેત્રની પાર લઇ જાય છે, અને આપણને માલમ પડે છે કે, તેના ગુણો, શકયતાઓ, શક્તિઓ અને સંબંધોનો કંઇ પારજ નથી–અર્થાત્ કે સાંત વસ્તુ અનંત બની જાય છે. દાખલાતરીકે, એક સાધારણ ફૂલજ લ્યો. તે અંતવાન છે એ તો નક્કી. પણ એ ફૂલવિષે બધુંજ પોતે જાણે છે એવું કોણ કહી શકે તેમ છે વારૂ? તે એક ફૂલ વિષેના જ્ઞાનનો પાર કોઇને લાધે એવી શકયતાજ નથી. અર્થાત્ જે ફૂલ સાંત જણાતું હતું તે પૃથક્કરણને અંતે અનંત બની ગયેલું લાગે છે. રેતીનો એક કણ લ્યો. તેનું પૃથક્કરણ કરો. તે સાંત છે એવી ધારણા સાથે આપણે શરૂ કરીએ છીએ, પણ આખરે આપણને માલમ પડે છે કે, તે અનંત છતાં પણ આપણે તેને સાંતતરીકે ગણ્યા કર્યો છે. ફૂલને પણ તેવીજ રીતે એક સાંત વસ્તુ ગણવામાં આવે છે.

આપણા શારીરિક તેમજ માનસિક સકળ વિચારો અને અનુભવો વિષે પણ આવોજ પ્રકાર છે. આપણે માનીએ છીએ કે, આપણે નાના પાયાપર શરૂઆત કરીએ છીએ અને તેમને નાની બાબતોતરીકે ગ્રહણ કરીએ છીએ; પણ થોડીજ વારમાં તેઓ આપણી જ્ઞાનમર્યાદાની બહાર છટકી જઇ અનંતતાના અગાધ ખાડામાં કૂદી પડે છે. આ રીતે સૌથી મહાન અને પ્રથમ જે વસ્તુનું પૃથક્કરણ થયું છે તે આપણી જાતનું છે. આપણે આપણા પોતાના અસ્તિત્વ વિષે પણ એવીજ દુગ્ધામાં છીએ. આપણે

---

* ડૉ. એન્જેલસ–કેલિફોર્નિયા

જોઇએ છીએ કે, આપણે અંતવાન પ્રાણીઓ છીએ. આપણે જીવીએ છીએ અને મરીએ છીએ. આપણું ક્ષિતિજ સાંકડું છે. આપણે અહીં છીએ તે સીમાબદ્ધ છીએ, અને આપણી સામે ચોમેર જગત ઘુરકતું ઉભું છે. કુદરત આપણા અસ્તિત્વને ઘડી વારમાં કચરી નાખે તેમ છે. આપણાં ક્ષુદ્ર અંગો જેમ તેમ એકત્ર રખાયાં છે. એક પલકમાં તેઓ છિન્ન વિચ્છિન્ન થઇ જાય તેમ છે. આપણે એમ પણ સમજીએ છીએ કે, કાર્યના પ્રદેશમાં આપણે કેટલા બધા શક્તિહીન છીએ! આપણી ઇચ્છા દરેક વાંક આગળ મહાત બને છે, કિંબહુના ધૂળમાં મળી જાય છે. અનેક બાબતો કરવાની આપણી ઇચ્છા હોય છે, પણ તેમાંથી કેટલી થોડી આપણે પુરી કરી શકીએ છીએ! આપણી ઇચ્છાઓનો સુમાર નથી. ઇચ્છા તો આપણે દરેક ચીજની રાખી શકીએ, દરેક ચીજની આપણને જરૂર પણ હોય, બુધના તારામાં જવાની પણ ઇચ્છા આપણે રાખી શકીએ; પરંતુ આપણી એ બધી ઇચ્છાઓ અને વાસનાઓમાંથી કેટલી ગણી ગાંઠી પૂરી પડે છે? શરીર તેમ થવા દેતું નથી. કુદરત આપણી ઇચ્છાસિદ્ધિની સામે છે. આપણે નિર્બળ છીએ. ફૂલની બાબતમાં, રેતીના કણની બાબતમાં, ભૌતિક જગતની બાબતમાં અને પ્રત્યેક વિચારની બાબતમાં જે સાચું છે, તે આપણી જાતના સંબંધમાં સોગણું સાચું છે. આ પ્રમાણે આપણે પણ અસ્તિત્વની બાબતમાં દુબ્ધામાં છીએ—અર્થાત્ કે સાંત અને અનંત એકી વારે છીએ. આપણી સ્થિતિ સમુદ્રમાંનાં મોજાં જેવી છે. મોજાંનો એકે ભાગ એવો નથી હોતો કે જેને "એ સમુદ્ર છે" એમ તમે ન કહી શકો. 'સમુદ્ર' એ નામ એ વિશિષ્ટ મોજાને તેમજ સમુદ્રના બીજા એકે એક ભાગને એકસરખી રીતે લાગુ પડે છે, અને છતાંય મોજું સમુદ્રથી ભિન્ન છે. એવીજ રીતે અસ્તિત્વના અનંત મહાસાગરમાં આપણે ક્ષુદ્ર મોજાંરૂપ છીએ. એમ છતાં આપણી જાતને–આપણા પોતાપણાને–વાસ્તવિક રીતે પકડવા માગીએ છીએ, ત્યારે તેમ કરી શકતા નથી. કારણ કે એ પકડવાના પ્રયાસમાંજ આપણે પોતે અનંત બની ગયાં હોઇએ છીએ.

સ્વપ્નામાં આપણે ચાલતાં હોઇએ એમ લાગે છે. સ્વપ્નવશ મનમાં બધાં સ્વપ્ન સાચાંજ હોય છે; પણ એમાંથી એકને પણ પકડવાની તમે ઇચ્છા કરો છો કે ઝટ દઇને તે જતું રહે છે. કારણ શું? એ જૂઠું હતું તેથી જતું રહ્યું, એમ નથી. પણ તેને સમજવાનું કામ આપણી બુદ્ધિશક્તિ અને વિવેકશક્તિની મર્યાદા–બહારનું છે તેથી તે જતું રહ્યું. આ જીવનની અંદર પ્રત્યેક બાબત એટલી બધી વિશાળ છે કે એની તુલનામાં બુદ્ધિબાઈ પોઇસ છે યાને નજીવી છે. બુદ્ધિના નિયમોથી બંધાવાની તે ના પાડે છે!

તેને પકડવા બુદ્ધિ તેની આસપાસ બંધનની જે જાળ પાથરવા માગે છે તેની તે મજાક કરે છે. અને આ પ્રકાર મનુષ્યના આત્માના સંબંધમાં તો હજારગણો વધારે છે. અર્થાત્ કે "આપણે પોતે" એ તો જગતનું મોટામાં મોટું રહસ્ય છે.

સઘળુંજ કેવું ચમત્કારી ને અદ્‌ભુત છે! માનવી ચક્ષુ તરફ નજર કરો. કેવી સહેલાઇથી એ ચક્ષુનો નાશ થઇ શકે તેમ છે! અને છતાં એનાજ વડે મોટામાં મોટા સૂર્યોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે; કેમકે ચક્ષુઓ તેમને નિહાળે છે. દુનિયાનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે, કારણકે તમારી આંખો તેના અસ્તિત્વનું પ્રમાણપત્ર આપે છે. હવે એ રહસ્યનો ખ્યાલ કરો. કેવું અદ્‌ભુત! આ નાની બાપડી આંખો! ઉગ્ર પ્રકાશ કિંવા એક નાનીશી ટાંકણી તેમનો નાશ કરી શકે એવી એ બાપડી છે; છતાં પ્રચંડ શક્તિવાળાં નાશકારક યંત્રો, પ્રચંડ પ્રલયજળો તથા લક્ષાવધિ સૂર્યો, નક્ષત્રો અને ચંદ્રો તેમજ પૃથ્વી જેવાં અદ્‌ભુતમાં અદ્‌ભુત અસ્તિત્વો–બધાંજ પોતપોતાનાં અસ્તિત્વ માટે આ બે નાની સરખી આંખોપર અને તેના પ્રમાણપર આધાર રાખે છે! આંખો કહે કે "કુદરત! તારૂં અસ્તિત્વ છે." એટલે આપણે માનીએ છીએ કે કુદરત અસ્તિત્વ ધરાવે છે. એવુંજ આપણી બધી ઇંદ્રિયોની બાબતમાં છે.

આ તે શો ચમત્કાર! દુર્બળતા જેવું કયાં છે? સબળ કોણ છે? મોટું શું છે અને નાનુંયે શું છે? અસ્તિત્વના આ અદ્‌ભુત પરસ્પરાશ્રયમાં, કે જેમાં સમષ્ટિના અસ્તિત્વ માટે નાનામાં નાના પરમાણુની આવશ્યકતા રહે છે, તેમાં ઉંચું શું ને નીચું શું? મોટું કોણ ને નાનું કોણ? એનો પત્તો મળવો અશક્ય! અને એમ કેમ છે? તો કે કશુંય મોટું નથી અને કશુંય નાનું નથી. બધીજ વસ્તુઓની અંદર તે અનંત મહાસાગર ઓતપ્રોત ભરેલો છે, તેમનું વાસ્તવ સ્વરૂપ તે અનંતજ છે અને સપાટીપર જે દેખાય છે તે પણ અનંત સિવાય અન્ય કંઈજ નથી. ઝાડ અનંત છે, તેમ તમારા જોવામાં આવતી કે કલ્પનામાં આવતી પ્રત્યેક ચીજ પણ અનંત છે. રેતીનો એકે એક કણ, એકે એક વિચાર, એકે એક જીવાત્મા અને અસ્તિત્વમાત્ર અનંત છે. અર્થાત્ કે અનંત તેજ સાંત અને સાંત તેજ અનંત–આ આપણું અસ્તિત્વ.

હવે એ બધી વાત ખરી; પણ અનંત માટેની આ બધી લાગણી યાને અનંત માટેનો આ બધો ભાવ અત્યારે તો અજ્ઞાતજ છે. અજ્ઞાત હોવાનું કારણ કંઈ આપણે આપણો અનંત સ્વભાવ ભૂલી ગયાં છીએ તે નથી. એમ તો કોઇથી કદાપિ થઈ શકે તેમ છેજ નહિ. કોણ એવું કદી ધારી શકે તેમ છે કે, તેનો પોતાનો ધ્વંસ થઈ શકશે? કોણ ધારી શકે તેમ છે કે, તે મૃત્યુવશ થશે? કોઈજ

નહિ. અર્થાત્ કે અનંત સાથેનો આપણો સઘળો સંબંધ અજ્ઞાત રીતે પણ આપણી અંદર કાર્ય કરી રહ્યો છે. તેથી આપણે આપણા પ્રકૃત અસ્તિત્વને એક રીતે વિસરી જઇએ છીએ, અને તેથીજ આ બધું દુઃખ ઉભું થાય છે.

નિત્યના વ્યાવહારિક જીવનમાં નાની નાની ચીજો આપણને હાનિ કરે છે કિંવા આપણી લાગણી દુઃખાવે છે; ક્ષુદ્ર પ્રાણીઓના બંધનમાં આપણે આવી પડીએ છીએ; એ બધું દુઃખ ઉભું થાય છે તેનું કારણ એજ છે કે, આપણે પોતાને સાંત અને ક્ષુદ્ર માની બેઠાં છીએ. અને આપણે અનંત અસ્તિત્વરૂપ છીએ એવું શ્રદ્ધાપૂર્વક માનવું કપરૂં પણ કેટલું છે! આ બધાં દુઃખ અને મુશીબતોની અંદર, અમુક એક નાની બાબત મને મારા સમતોલપણાના બિંદુપરથી ગબડાવી પાડે, ત્યારે 'હું તો અનંત છું' એમ આસ્થાપૂર્વક માન્યા કરવાની કાળજી મારે રાખવી જોઇએ. અને વાત પણ સાવ સાચી છે કે, આપણે અનંતજ છીએ, અને જાણ્યે અજાણ્યે પણ આપણે બધાંજ તે અનંત પદાર્થની શોધમાંજ હમેશાં મંડેલાં છીએ.

આ ધરતીના પડપર એકે મનુષ્યજાતિ એવી નથી પાકી કે જેને કોઇ પ્રકારનો ધર્મ ન હોય કે જે કોઇ પણ પ્રકારના ઈશ્વર કે દેવતાઓને ભજતી ન હોય. એ ઈશ્વર કે દેવતાઓનું અસ્તિત્વ છે કે નહિ—એ પ્રશ્ન બાજુએ રહ્યો; પણ આ આધ્યાત્મિક ચમત્કારનું પૃથક્કરણ શું છે? દુનિયા સારીય કોઇ એક ઈશ્વરને ખોળી કાઢવાને કેમ મથી રહી છે? એનું કારણ શું હશે? કારણ એજ કે, આ બધાં બંધન છતાં અને આ કુદરત અને કાયદાની પ્રચંડ શક્તિ આપણને પીસી નાખતી તથા કળ માટે એકે પાસું આમતેમ ફરવા નહિ દેતી છતાં, માનવી આત્માને પોતાની સ્વાભાવિક મુક્તાવસ્થાનું કદાપિ વિસ્મરણ થતું નથી, અને તેથી તેની શોધ નિરંતર ચાલુજ રાખે છે. મુક્તાવસ્થાની શોધ એ બધાય ધર્મોનો વિષય થઈ રહ્યો છે. પછી તે વાતની તેમને દરેકને ખબર હોય કે ન હોય, એ વાત સારા આકારમાં તેમનાં ધર્મપુસ્તકોમાં મૂકાઇ હોય કે ન હોય, પણ એ ખ્યાલ તો પ્રત્યેક ધર્મમાં મોજુદ હોય છેજ. અધમમાં અધમ કોટિનો માણસ યાને અજ્ઞાનમાં અજ્ઞાન માણસ પણ એવી કશી વસ્તુની શોધમાં રહે છે કે જેનો કુદરતના કાયદાપર કાબુ ચાલતો હોય. રાક્ષસ, ભૂત, ખવિસ કે દેવદેવી—એ પૈકી ગમે તે એક વ્યક્તિ કે જે કુદરતના કાયદાને દબાવી શકે, અને જેની આગળ કુદરત કે તેના કાયદાનું જોર ચાલી શકતું ન હોય, એવી એકાદ વ્યક્તિને જોવાની તે મનુષ્ય ઇચ્છા રાખતો હોય છે. "અરે! એ કુદરતનો કાયદો ભાંગી શકે એવું કોઇ!" એજ એક પોકાર માનવી હૃદયમાંથી અખંડ નીકળ્યા કરે છે. કાયદાનો

ભંગ કરનાર કોઇને આપણે અહર્નિશ ખોળ્યાજ કરીએ છીએ. ધસમસતું વરાળયંત્ર આગગાડીના પાટાપર વેગપૂર્વક આગળ વધ્યે જાય છે; તેને આવતું જોઇ એક ક્ષુદ્ર કીડો પેટે ઘસડાતો ઘસડાતો તેના માર્ગમાંથી બાજુપર ખસી જાય છે. તે જોઇ આપણે તરતજ બોલી ઉઠીએ છીએ કે "વરાળયંત્ર એક અચેતન પદાર્થ છે, માત્ર યંત્રજ છે; અને કીડો એક સચેતન યાને જીવંત વસ્તુ છે." એમ કેમ કહીએ છીએ વારૂ? તો કે કીડાએ કુદરતનો કાયદો ભાંગવાનો યત્ન કર્યો માટે. એક ઇન્જીનમાં પુષ્કળ શક્તિ હોવા છતાં પણ તેનાથી કાયદા કે નિયમનો ભંગ કદાપિ કરી શકાતો નથી. મનુષ્યની ઇચ્છામાં આવે તે દિશામાં તેને તે ચલાવી શકે છે, ઇન્જીનથી તેથી વિરુદ્ધ વર્તન થઇ શકતું નથી. પરંતુ કીડો ગમે તેટલો નાનો ને ક્ષુદ્ર હતો તોપણ તેણે કાયદાનો ભંગ કરી ભયમાંથી છટકી જવાનો પ્રયત્ન આદર્યો. કુદરતના કાયદાની વિરુદ્ધ પોતાની જાતને સિદ્ધ કરી બતાવવાનો અને પોતાની મુક્તાવસ્થાનું પ્રતિપાદન કરવાનો તેણે પ્રયત્ન કર્યો; અને એજ એની અંદરના ભાવિ ઇશ્વરનું દ્યોતક ચિહ્ન હતું.

મુક્તાવસ્થાનું પ્રતિપાદન, આત્માની મુક્તાવસ્થાનું આ પ્રતિપાદન થતું આપણે દરેક ઠેકાણે જોઇએ છીએ. દરેક ધર્મમાં તેનું પ્રતિબિંબ ઇશ્વર કે દેવતાઓરૂપે પડે છે; પણ એ પ્રતિબિંબ હજી બાહ્ય હોઈ દેવતાઓને જે લોકો બહાર જુએ છે, તેમને માટેજ છે. મનુષ્યે પહેલાં તો એવો નિર્ણય બાંધ્યો કે પોતે કંઈજ નથી યાને પોતે પામર છે; પણ પછી તેને દહેશત લાગવા માંડી કે એમ હોય તો પ્રકૃતિના બંધનમાંથી તેનાથી કદાપિ છૂટી શકાયજ નહિ. તેથી તે કુદરતની બહાર એવા કશાકની શોધમાં પડ્યો કે જે મુક્ત હોય. એમ કરવા જતાં એને એમ સૂઝયું કે, એવી મુક્ત વ્યક્તિઓ તો અનેક છે; અને એ રીતે ક્રમે ક્રમે આગળ વધતાં એ બધી મુક્ત વ્યક્તિઓને યાને દેવતાઓને તેણે દેવતાઓના પણ દેવતા એવા એક પરમાત્મામાં લીન કરી દીધી. હજુ આટલાથી પણ તેને સંતોષ ન વળ્યો. સત્યની વધારે નજીકમાં તે આવ્યો—જરા વધારે નિકટ આવ્યો, તો તેને ક્રમે ક્રમે માલમ પડયું કે, તે પોતે ફાવે તે હોય, પણ એ પરમાત્મા સાથે પોતાનો કોઈને કોઇ જાતનો સંબંધ તો અવશ્ય છેજ. પોતાની જાતને હજી તે બંધાયલી, પામર અને અશકત માન્યા કરતો હતો, છતાં એટલી તો તેની ખાત્રી થઇજ ચૂકી કે, પરમાત્મા સાથે તેનો કોઈને કોઇ જાતનો સંબંધ તો જરૂર છેજ. પછી તેના અંતરમાં કંઇક ઓળા પડયા, વિચાર જાગ્રત થયો અને તેના જ્ઞાનની પ્રગતિ થવા માંડી; એટલે તે સત્યની યાને ઇશ્વરની વધારે ને વધારે નિકટ આવતો ગયો અને આખરે તેને સ્પષ્ટ સમજાયું કે, આ ઇશ્વર અને સકળ દેવતાઓ વગેરે—અર્થાત્ સર્વ-

શક્તિમાન મુક્ત વ્યક્તિની શોધને લગતો સમગ્ર આધ્યાત્મિક ચમત્કાર—એ તો તેની પોતાની જાત વિષેના તેના પોતાના ખ્યાલના પ્રતિબિંબ સિવાય અન્ય કશુંજ નથી. એમ કરતાં કરતાં આખરે તેને એ શોધ હાથ લાગી કે "ઇશ્વરે મનુષ્યને પોતાના નમુનાપર ઘડયો છે"—એ જેટલું સાચું છે તેટલું એ પણ સાચું છે કે "મનુષ્યે ઇશ્વરને પોતાના નમુનાપર ઘડયો છે." આ રીતે ઇશ્વરી મુક્તાવસ્થાનો ખ્યાલ જન્મ પામ્યો. એ દિવ્ય તત્ત્વ કહેતાં ઇશ્વર આપણા અંતરમાંજ છે, આપણી નિકટમાં નિકટવર્તી જો કોઈ ચીજ હોય તો તે ઇશ્વરજ છે. એમ છતાં એને આપણે અત્યારસુધી બહાર ખોળ્યા કરતાં હતાં, અને અનેક ફાંફાંને અંતે જણાયું કે તે તો આપણા હૃદયનું પણ હૃદય છે. તમને પેલા માણસની વાત તો યાદજ હશે, કે જેણે પોતાના હૃદયના ધબકારાને બારણાપર બહારથી કોઈના ટકોરા થતા હોય એમ માની લેવાનીજ ભૂલ કરી હતી. હૃદયના ધબકારાને ટકોરા સમજી તે બિચારો ઉઠીને બારણા પાસે ગયો અને બારણું ઉઘાડી જુએ છે તો બહાર કોઇજ ન મળે, તેથી તે વીલે મોઢે પાછો વળ્યો; પણ ફરી તેને બારણાપર થતા ટકોરાના ભણકારા વાગ્યા એટલે ફરી તેણે બારણું ઉઘાડયું, પણ બહાર કોઇજ નહોતું. એ રીતે બે ત્રણ વાર થયા પછી તેને સમજ પડી કે, એને સંભળાયલો અવાજ બારણાપરના ટકોરાનો નહોતો, પણ તેના પોતાના હૃદયના ધબકારાનો હતો; છતાં ગેરસમજથી તેણે તે અવાજને ટકોરાતરીકે માની લીધો હતો. એજ રીતે મનુષ્યને પણ તેની લાંબી શોધને અંતે માલમ પડે છે કે, આ અનંત મુક્તાવસ્થા કે જેને તે અત્યારસુધી બહારની પ્રકૃતિમાં કાલ્પનિક રીતે સ્થાપિત કર્યા કરતો હતો, એ તો એનો પોતાનો આભ્યંતરિક વિષય યાને આત્માજ છે; એ વાસ્તવ રૂપ તે પોતેજ છે.

આખરે તેને અસ્તિત્વના આ ચમત્કારી દ્વૈતભાવની સમજણ આ રીતે પડે છેઃ-વિષય અનંત છે તેમ સાંત છે, પણ એકમાંજ છે; યાને અનંત અસ્તિત્વ એજ સાંત જીવાત્મા પણ છે. પ્રકાર એવો બને છે કે, અનંત અસ્તિત્વ જાણે કે બુદ્ધિની જાળમાં ફસાઈ પડીને દેખીતી રીતે સાંત અસ્તિત્વોતરીકે વ્યક્ત થાય છે; પણ એનું વાસ્તવ રૂપ તો એવું ને એવુંજ નિર્વિકારી રહે છે.

તેથી સત્ય જ્ઞાન આવું છે કે, આપણો આત્માઓનો પણ આત્મા યાને આપણી પોતાની અંદર રહેલી વાસ્તવિકતા તે એજ અનંત છે, કે જે અવિકારી, શાશ્વત, સદા શિવ અને સદા મુક્ત છે. આજ એક નક્કર ભૂમિ છે કે જે પર આપણે સ્થિરતાપૂર્વક ઉભાં રહી શકીએ.

આવી જાતના જ્ઞાનનું પ્રાકટ્ય એજ મૃત્યુનો અંત છે; એજ

અમરત્વનું આગમન અને સકળ દુઃખનો આરો છે. અને જે ભાગ્યશાળી જનને અનેકત્વમાં એકત્વનાં દર્શન થાય છે, આ પરિવર્તનોથી ભરેલા વિશ્વમાં જેને અપરિવર્તનીય એક સત્વનાં દર્શન થાય છે, અને જે તે એકત્વને પોતાના આત્માના પણ આત્માતરીકે પેખે છે, તેનીજ શાશ્વત શાંતિ છે, અન્ય કોઈની નહિ.

અને દુઃખ તથા અધોગતિના ઉંડાણમાં પણ આત્મા પ્રકાશનું એક કિરણ પ્રેરે છે, એટલે એવા ઉંડાણમાં પડેલો માણસ પણ જાગ્રત થઇને જુએ છે કે, વાસ્તવિક જે તેનું છે, તે કદાપિ તેની પાસેથી જતું રહેતું નથી અને જતું રહ્યું પણ નથી. સાચેજ, આપણી પોતાની વાસ્તવિક માલકી આપણે કદાપિ ગુમાવી શકીએ જ નહિ. પોતાનું અસ્તિત્વ કોણ ખોઇ શકે તેમ છે? તેમનું પોતાનું મૂળ અસ્તિત્વ કોણ ગુમાવી શકે તેમ છે? હું જો ભલો હોઉં યાને મારામાં જો ભલાઇનો ગુણ હોય, તો તેમાં મારા અસ્તિત્વની વાત પહેલી રહી છે, અને તે પછીજ તે અસ્તિત્વપર ભલાઈના ગુણનો રંગ ચઢી શકે છે. તેમ જો હું બૂરો હોઉં, તો તેમાંયે મારા અસ્તિત્વની વાત પહેલી છે અને તે પછીજ તેનાપર બૂરાઈના ગુણનો પાસ બેસે છે. માટે એ અસ્તિત્વ પહેલું છે, છેલ્લું છે અને નિરંતર છે. તે કદાપિ કયાંય ગુમાઈ જતું નથી, પણ સદા સર્વદા વિદ્યમાન હોય છે.

તેથી, બધાંયને માટે આશા છે. કોઈજ મરી શકતું નથી; તેમ કોઇને સદા સર્વદાને માટે અવનત દશામાં રાખી શકાતું નથી. જીવન એ તો એક ક્રીડાંગણ છે, પછી એના પર રમાતી ક્રીડા ગમે તેવી ખડબચડી કે હલકી કાં નથી હોતી? એ જીવનખેલમાં ગમે તેટલા ધપ્પા આપણને પડયા કરતા હોય, ગમે તેટલાં ગોઠીમડાં આમ તેમ ખાવાં પડતાં હોય, પણ એ બધોજ વખત આત્મા આપણી સાથેનો સાથેજ છે અને તેને કશી ઇજા કદી પહોંચતી નથી. કારણ કે આપણે તે અનંત છીએ.

એક વેદાંતી કવિએ આમ કહ્યું છે કે:–"ભય કે શંકા જેવું મારે કદાપિ નહોતું. મૃત્યુ મારી સમીપ કદી આવ્યું નથી. મા કે બાપ જેવું મારે કોઇજ કદી ન હતું, કારણ હું કદાપિ જન્મ્યોજ નહોતો. મારે શત્રુ કોણ અને કયાં છે? કારણ કે જે છે તે હુંજ બધું છું; હુંજ **सत्**, **चित्** અને **आनंद** છું. **सोऽहं सोऽहं**–યાને હું તે છું, હું તે છું. ક્રોધ અને કામ, ઈર્ષ્યા ને અસૂયા, કુવિચાર અને એવી એવી બીજી કોઇજ વસ્તુનો મને કદાપિ સ્પર્શ થયો નથી; કારણ **सच्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम्**–યાને હું સત, ચિત્ અને આનંદરૂપ છું, હું તે શિવ છું, હું તે શિવ છું."

વ્યાધિમાત્રનું રામબાણ ઓસડ એજ છે, મૃત્યુને મીટાવ-

વાનું અમૃત પણ તેજ છે. અત્યારે આપણે આ સંસારમાં પડયાં છીએ, અને આપણો સ્વભાવ તેની સામે બળવો ઉઠાવે છે; પણ આપણે એ જાપ જપ્યા કરો કે "હું તે છું, હું તે છું. મારે ભય, શંકા કે મૃત્યુ જેવું કશુંજ નથી. જાતિ, ધર્મ કે વર્ણનો ભેદ પણ મારે નથી. કારણ કે કયો ધર્મ મારો હોઈ શકે ? એવો કયો પંથ છે કે જેનો હું કહેવાઈ શકું ? કયો સંપ્રદાય મને જકડી રાખી શકે તેમ છે ? હું તો બધાય સંપ્રદાયમાં છું." શરીર ગમે તેટલો બળવો કરે, મન પણ ગમે તેટલો બળવો કરે, તોપણ ગાઢ અંધકારમાં, અસહ્ય દેહયાતનામાં કે અગાધ નિરાશામાં પણ આ મંત્રનો જપ એક વાર, બે વાર, ત્રણ વાર અને તેથી પણ વધારે વાર કરો. એટલે પ્રકાશ ધીમે ધીમે આવવા માંડશે, ધીમેથી પણ ખાત્રીથી આવશે.

અનેક વાર હું ભૂખે અધમૂઓ થઇ જઇ, તરવાઇ ગયેલા પગવાળો બની જઇ અને થાકીને લોથપોથ થઇ જઇ મૃત્યુના જડબામાં સપડાઇ ચૂકયો છું. દિવસોના દિવસો લગી મને આહાર નામે મળતો નહિ, અને મારાથી એક ડગલું સરખું આગળ ભરી શકાય તેમ રહેતું નહિ; તે વારે હું ઢગલો થઇને એક ઝાડ તળે બેસી જતો, અને મારૂં જીવન જાણે શમી જતું હોય એમ લાગતું. મારાથી એક ઉચ્ચાર સરખો કાઢી શકાતો નહિ, વિચાર પણ મારાથી ભાગ્યે થઈ શકતો. એવી દુર્દશા મેં અનેક વાર અનુભવી છે. પરંતુ તેમાંયે આખરે મારૂં મન આ વિચાર તરફ વળતું કે "મારે ભય કે મૃત્યુ જેવું કંઇજ નથી, મને ભૂખ કે તરસ કદી લાગતી નથી. હું તે છું, હું તે છું. પ્રકૃતિ સમસ્ત મને કચરી શકે તેમ નથી, કારણ પ્રકૃતિ એ તો મારી દાસી છે. માટે ઓ દેવતાઓના પણ દેવતા ! ઓ પ્રભુના પણ પ્રભુ ! તારૂં બળ સિદ્ધ કરી દેખાડી તારૂં ગયેલું સામ્રાજ્ય પુનઃ પ્રાપ્ત કર ! ઉઠ, આગળ ચાલ અને કયાંય થોભ મા !" અને આ મહાન જપના પ્રભાવથી હું એકદમ તાજો માજો થઇ જતો અને ઉઠીને ગાઉના ગાઉ ચાલવાને શક્તિમાન બનતો; અને અત્યારે હું જીવતો જાગતો તમારી આગળ ઉભો પણ છું. માટે જ્યારે જ્યારે આપત્તિ ને સંકડામણરૂપી અંધકાર આવી અડંગા નાખે, ત્યારે ત્યારે આ જપથી તમારૂં વાસ્તવ રૂપ સિદ્ધ કરો, એટલે આપત્તિ આપોઆપ અદૃશ્ય થઇ જશે. કારણ કે આપત્તિ પણ આખરે તો સ્વપ્નુંજ છે. સંકટો અને દુઃખો પહાડ જેવાં ઉંચાં લાગે, અને બધી વસ્તુઓ બિહામણી ને નિસ્તેજ લાગે, તોપણ આખરે તો તે માયાનો ખેલજ છે. ડરો ના, એની મેળે બધું અદૃશ્ય થઇ જશે. એને પગતળે કચડી કાઢો, એટલે તે નષ્ટ ભ્રષ્ટ થઇ જશે. એને લત્તાપ્રહાર કરો એટલે તે મરી જશે. ગભરાઓ મા, ડરો મા. આમાં અનેક વાર તમને નિષ્ફળતા મળે પણ તેનો

વિચાર સરખો ના કરો. નિષ્ફળતાની પરવા કર્યા વગર આગળ ધપ્યેજ જાઓ. કાળ અનંત છે. આગળ ધપો; તમારા સ્વરૂપનું પુનઃ પુનઃ પ્રતિપાદન કરો, એટલે પ્રકાશ આખરે આવશેજ આવશે. બાકી આ સંસારમાં જેટલા જન્મી ગયા છે અને જન્મ્યા છે, તે દરેકની મદદને માટે વિનતિઓ અને પ્રાર્થનાઓ તમે કરશો, પણ તે બધી નકામી છે. તમને મદદ કરવા કોણ આવી શકે તેમ છે ? અને જે મૃત્યુમાંથી છટકવાની બારી કોઇજ જાણતું નથી, તે મૃત્યુનું શું ? માટે તારી જાતને તુંજ સહાયભૂત થા. બીજું કોઈજ તને આ ભવસાગરમાં મદદ કરી શકે તેમ નથી ભાઇ ! કારણ કે તું એકલોજ તારો પોતાનો મોટામાં મોટો શત્રુ છે, અને તુંજ એકલો તારો મોટામાં મોટો મિત્ર છે. માટે ઉત્તમ રસ્તો એજ છે કે, તારા સ્વરૂપને પકડ, ઉભો થા; ગભરા નહિ. સકળ દુઃખો અને દુર્બળતાઓની મધ્યમાં પણ સ્વરૂપના પ્રકાશને બહાર નીકળવા દે. એ પ્રકાશ શરૂઆતમાં ઝાંખો અને ન જણાય તેવો હોય તેની ફિકર નહિ, પણ એક વાર બહાર પડવા દે. કેમકે એથી તને હિંમત આવશે અને આખરે તું સિંહની માફક ગર્જવા શકિતમાન થઇશ કે "**सोऽहं ! सोऽहम् !**" "હું પુરુષ નથી કે સ્ત્રી નથી; દેવતા નથી કે દાનવ નથી; કિંવા પશુપંખી કે ઝાડપાનમાંનું કંઇજ નથી. હું દરિદ્ર નથી કે ધનવાન નથી, વિદ્વાન નથી કે અબુધ નથી. આ બધી વસ્તુઓ હું જે છું તેની તુલનામાં અતિક્ષુદ્ર છે. કેમકે હું તે છું, **सोऽहम् ! सोऽहम् !** સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો નિહાળો: તેઓમાં પ્રકાશનું તેજ તે હું છું ! અગ્નિની કાંતિ તે હું છું ! જગતમાં સત્તા ને શકિત છે તે હું છું ! કેમકે હું તે છું, **सोऽहं ! सोऽहम् !**

"હું ક્ષુદ્ર છું, એમ જે ધારે છે તે ભૂલ કરે છે: કેમકે જે છે તે બધુંજ 'સ્વ' છે, બધુંજ **अहं** છે. સૂર્યનું અસ્તિત્વ છે, કેમકે હું કહું છું કે તેનું અસ્તિત્વ છે. જગતનું અસ્તિત્વ છે, કેમકે હું કહું છું કે તેનું અસ્તિત્વ છે. મારા વિના તેઓ રહી શકેજ નહિ. કારણ હું પોતેજ **सत्**, **चित्** અને **आनंद** છું; સદા સુખી, સદા શુદ્ધ અને સદા કાંતિમાન છું. જુઓ, આ સૂર્ય આપણી સર્વની દૃષ્ટિઓનું કારણ છે, પણ કોઇની આંખમાં કંઇ ખોડ આવતાં સૂર્યને પોતાને લેશ આંચ આવતી નથી; તેવીજ સ્થિતિ મારી છે. હું બધીજ ઇંદ્રિયોદ્વારા અને બધાજ સ્પષ્ટ પદાર્થોદ્વારા કર્મો કરૂં છું, પણ કર્મોની શુભાશુભતા મને કદાપિ સ્પર્શી શકતી નથી. હું સદા સર્વદા નિર્લેપ છું. મારે માટે કોઈ કાયદો નથી કે કાનુન નથી; શુભ કર્મ નથી કે અશુભ કર્મ પણ નથી. હું સદા હતો અને સદા છું.

મારો ખરો આનંદ દુનિયાઈ વસ્તુઓમાં–પતિ, પત્ની, બાળબચ્ચાં અને એવી ઈતર વસ્તુઓમાં–કદાપિ નહોતો. કેમકે હું તો

આ અનંત ભૂરા આસમાન જેવો છું; વિવિધરંગી વાદળાં આસમાનપર થઇને પસાર થાય છે, અને પળવાર જાણે સાત તાળીની રમત રમે છે. પણ આખરે તે બધાંય ખસી જાય છે અને આસમાન તો એનું એ અપરિવર્તનીય ભૂરૂં ને ભૂરૂંજ હોય છે. તેવી રીતે સુખ અને દુઃખ તથા શુભ અને અશુભ પળવાર મને ઢાંકી દે, મારા 'સ્વ' અગર **अहं**ની આડે પડદો ઉભો કરી મારા પ્રકૃત રૂપને ઢાંકી દે, પણ તે છતાં હું ત્યાં છું તો ખરોજ. આખરે તો તેઓ બધાંજ સરકી જાય છે, કેમકે તેઓ પરિવર્તનીય અગર વિકારને વશ છે અને હું પ્રકાશું છું. કેમકે હું અપરિવર્તનીય અથવા અવિકારી છું. દુઃખ આવે છે, પણ મને ખબર છે કે તે સાંત છે તેથી તે અવશ્ય જતું રહેવુંજ જોઇએ. હું એકલોજ અનંત અને નિર્લેપ છું. કેમકે હું તેજ અનંત, તેજ શાશ્વત અને તેજ નિર્વિકારી પરબ્રહ્મ છું."–આવું કવન છે અમારા એક વેદાંતી કવિનું.

ચાલો ત્યારે આપણે આ અમૃતત્વ અને અપરિવર્તનીયતા તરફ લઈ જનારા પ્યાલામાંથી પાન કરીએ. ડરો મા. એમ માનોજ નહિ કે, આપણે ખરાબ છીએ, આપણે સાંત છીએ અને આપણે કદી મરી શકીએ છીએ, એ માન્યતા સાચી નથી.

"આ આત્માનું પ્રથમ શ્રવણ થવું જોઇએ, પછી તેનું ચિંતન થવું જોઇએ, અને તે પછી તે ઉપર મનન કરવું જોઇએ." જ્યારે હાથ કામ કરતા હોય, ત્યારે મને જપ્યા કરવું જોઇએ કે **"सोऽहं सोऽह !"** વિચાર કરો તો એનો કરો, સ્વપ્નાં સેવો તો એનાં સેવો, અને જ્યાંસુધી તે તમારા રોમેરોમમાં વ્યાપી જાય નહિ તથા આ પામરતા ને દુર્બળતાનાં, આપદા અને અનર્થનાં ભયાનક સ્વપ્નાં બધાંજ ઉડી જાય નહિ, ત્યાંસુધી એ જાપને સતત જપ્યાજ કરો. એટલે આખરે સત્ય એક પળવાર પણ તમારાથી છાનું રહી શકશે નહિ.



२२–कल्याणनो पंथ

આજે રાત્રે હું તમોને વેદમાંની એક વાત કહીશ. વેદ એ અમારાં હિંદુઓનાં પવિત્ર શાસ્ત્રો હોઇ સાહિત્યનો એક વિશાળ ભંડાર છે. એના છેલ્લા ભાગને વેદાંત કહેવામાં આવે છે. તેમાં વેદની અંદર આવેલા સિદ્ધાંતોની અને ખાસ કરીને દાર્શનિક વિચારોની યાને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે. એ તત્ત્વજ્ઞાનનીજ ચર્ચા આજે આપણે કરવાની છે. વેદની ભાષા આર્ષ સંસ્કૃત હોઇ, તે હજારો વર્ષ ઉપર લખાયા છે, એ લક્ષમાં રાખો. હું તમને જે વાત કહેવા માગું છું તે આવી છે:–અમુક એક માણસને એક મહાયજ્ઞ કરવાની ઇચ્છા થઇ. હિંદુઓના ધર્મમાં યજ્ઞો મહત્ત્વનો ભાગ ભજવે છે. યજ્ઞો વિવિધ જાતના હોય છે. બ્રાહ્મણો તેમાં વેદીઓ ને કુંડો બનાવે છે અને તેની અંદર અગ્નિની પ્રતિષ્ઠા કરી તેમાં વિવિધ મંત્રો બોલી બોલીને આહુતિઓ આપે છે, અને યજ્ઞની સમાપ્તિ વખતે બ્રાહ્મણો તથા દરિદ્ર જનોને દાનદક્ષિણા આપે છે. દરેક યજ્ઞને અંગે તેની પોતાની વિશિષ્ટ પ્રકારની દાનવિધિ હોય છે. એક યજ્ઞનો પ્રકાર એવો હતો કે જેની અંદર યજ્ઞ કરનારને પોતાની માલકીનું સર્વ કંઇ દાનમાં આપી દેવું પડતું હતું. હવે આ માણસ ધનાઢ્ય છતાં કંજુસ હતો. તેમ છતાં તેને આ કપરામાં કપરો યજ્ઞ કર્યાની કીર્તિ ખાટવાનો અભિલાષ હતો; એટલે તેણે એ યજ્ઞ કર્યો તો ખરો, પરંતુ યજ્ઞને અંતે પોતાના સર્વસ્વનું છૂટે હાથે દાન કરવાને બદલે, તેણે તો પોતાની ગૌશાળામાંની આંધળી, લૂલી, ઘરડી, એવી એવી વસુકી ગયેલી ગાયો દાનમાં આપવા માંડી. હવે આ માણસને નચિકેતા નામનો એક તેજસ્વી જુવાન પુત્ર હતો. બાપની આ દાનવિધિ તેના જોવામાં આવતાં તેને વિચાર આવ્યો કે, આથી તો બાપની બદનામી થશે અને તેને પુણ્યને બદલે પાપની પ્રાપ્તિ થશે. તેથી બાપની આ કંજુસાઇનો ખંગ વાળી દેવા કાજે તે પોતાની જાતને દાનમાં આપી દેવાના ઠરાવપર આવ્યો. એ ઠરાવ સાથે તે બાપની પાસે આવ્યો અને તેને પૂછ્યું કે "પિતાજી ! મને તમે કોને દાનમાં આપવાની ઈચ્છા રાખો છો ?" નચિકેતાના એ પ્રશ્નનો તેના બાપે કંઈજ જવાબ આપ્યો નહિ. પણ નચિકેતાએ એનો

એ પ્રશ્ન બીજી ને ત્રીજી વાર પૂછ્યો. એટલે બાપે ક્રોધે ભરાઇને કહ્યું કે "તારૂં દાન હું યમરાજાને કરૂં છું, મૃત્યુના હાથમાં તને હું અર્પણુ કરૂં છું." એ સાંભળતાંજ નચિકેતા સીધો યમના રાજ્યમાં ગયો; પણ તે વખતે યમરાજા ઘેર નહોતા, તેથી તેને તેમની રાહ જોતાં થોભવું પડયું. ત્રણ દિવસ રહીને યમરાજા ઘેર પાછા ફર્યા, એટલે તેમણે નચિકેતાને જોઇને કહ્યું કે "ઓ બ્રાહ્મણ-કુમાર! તું તો મારો મહેમાન થઇને આવ્યો છે; છતાં તારે મારી વાટ જોતાં ત્રણ દિવસ નિરાહાર અવસ્થામાં અહીં પડી રહેવું પડયું! હું તને વંદન કરૂં છું અને તને પડેલી તકલીફનું સાટું વાળી આપવા હું તને ત્રણ વરદાન આપવાની ઇચ્છા રાખું છું. માટે તને ગમે તે ત્રણ વરદાન તું મારી પાસે માગી લે." એટલે નચિકેતાએ પહેલા વરદાનતરીકે એ માગ્યું કે "મારા પિતાનો મારાપરનો રોષ શમી જાય." બીજા વરદાનતરીકે તેણે અમુક એક યજ્ઞવિષેની માહિતી મેળવવાની માગણી કરી. યમરાજાએ તેની એ બન્ને અભિલાષા તૃપ્ત કરી. એટલે ત્રીજા વરદાનતરીકે નચિકેતાએ યમરાજા પાસે માગણી કરી કે "મૃત્યુ પછી મનુષ્યનું શું થાય છે? કેટલાક કહે છે કે તેનું અસ્તિત્વ રહેતું નથી અને કેટલાક કહે છે કે રહે છે. આનું રહસ્ય જાણવાની મારી ઇચ્છા છે, તે કૃપા કરી તૃપ્ત કરો, મહારાજ!" એના ઉત્તરમાં યમરાજાએ કહ્યું કે "પ્રાચીન કાળમાં દેવતાઓ આ રહસ્યની ગુંચ ઉકેલવાનો પ્રયાસ કરતા હતા; પણ આ રહસ્ય એવું તો બારીક છે કે તે સમજાવું મુશ્કેલ છે. માટે તું બીજું કંઈ વરદાન માગ, ને આ વાતને છોડી દે. ઇચ્છા હોય તો પૂરાં સો વર્ષનું આયુષ્ય માગ. ગાય, ઘોડા વગેરે પશુધન જેટલું જોઇએ તેટલું માગ, અને મરજી હોય તો મોટું રાજ્ય માગ. પણ આ રહસ્યના ઉકેલ માટે તું મારાપર દબાણુ ન કર. મનુષ્યપ્રાણીને ભોગવિલાસ માટેની જે જે વાસનાઓ થતી હોય તે બધીય તું મારી પાસે માગ, હું તે તૃપ્ત કરીશ. પણ આ રહસ્ય જાણવાની તું મારી પાસે માગણી કરવી મૂકી દે." નચિકેતાએ ઉત્તર વાળ્યો કે "ના, મહારાજ! મનુષ્યને દ્રવ્યથી તૃપ્તિ થતી નથી; દ્રવ્ય જોઈતું હોય તો તો તે તારાં દર્શન થતાંવારજ મનુષ્યને મળી રહે છે. અમારો આવરદા પણ તમારા શાસન મુજબ ટકવાવાળો છે. અક્ષીયમાણુ અમર્ત્ય દેવતાનો સંગ થયા પછી અને જ્ઞાનની પ્રાપ્તિ પછી મર્ત્યલોકનો કયો ક્ષીયમાણુ મર્ત્ય માનવી લાંબા આવરદાથી રાચશે, અને તે પણ સંસારના રસનો સ્વાદ એક વાર જાણી લીધા પછી? માટે મહારાજ! મને તો મૃત્યુ પછીના એ મહાન રહસ્યનોજ ખુલાસો આપો; અન્ય કશાયની મને અપેક્ષા નથી. નચિકેતાને જે જોઇએ છે તે

એજ કે મૃત્યુનું રહસ્ય શું છે ?" નચિકેતાની આવી દૃઢતા જોઈ યમરાજા પ્રસન્ન થયા અને તેની ઇચ્છા મુજબનું વરદાન આપવાની તેમણે હા પાડી. છેલ્લાં બે ત્રણ વ્યાખ્યાનમાં કહેવાતું આવ્યું છે કે, આ જ્ઞાનજ મનને કલ્યાણપથ માટે સજ્જ કરે છે; તે મુજબ આ વાતમાં પણ તમે જુઓ છો કે, સત્યનીજ ખાતર સત્યને જાણવાની ઇચ્છાસિવાય અન્ય કશી વાસના મનુષ્યને રહેવી ન જોઇએ. જુઓ, યમે આપવા માંડેલી બધીજ બક્ષિસો—માલમિલ્કત, અઢળક ધન, લાંબો આવરદા—એ વગેરેનો નચિકેતાએ કેવો દૃઢતાપૂર્વક ઇન્કાર કર્યો, અને ફક્ત જ્ઞાન અને સત્યના વિચારને ખાતર એકે એક બીજી ચીજને જતી કરવાની કેવી તૈયારી દેખાડી ! આવીજ—માત્ર આવીજ રીતે સત્યની પ્રાપ્તિ થઇ શકે. તાત્પર્ય કે, યમરાજા પ્રસન્ન થયા અને બોલ્યા કે "જો, નચિકેતા ! અહીં એટલે કે, મૃત્યુ પછી બે માર્ગ છે. એક ભોગનો અને બીજો કલ્યાણનો. એ બન્ને માર્ગો મનુષ્યને વિવિધ રીતે પોતાના તરફ આકર્ષે છે. એ બે પૈકી કલ્યાણનો પંથ પકડનાર જીવ શાણો છે, જ્ઞાની છે અને તે મુક્ત બને છે. ત્યારે ભોગના પંથે પળનાર જીવ મૂઢ છે, અને તેની અવનતિ થાય છે. નચિકેતા ! હું તારાં વખાણ કરૂં છું; કેમકે તેં કોઈ વાસનાની તૃપ્તિ માટે માગણી કરી નહિ. વિવિધ રીતે મેં તને ભોગના માર્ગ તરફ જવાને લલચાવી જોયો; પણ તે બધાયનીસામે તું ટકી રહ્યો ને જરાય ચલિત થયો નહિ. ભોગની જીંદગી કરતાં જ્ઞાન વધારે ઉત્તમ છે, એનું જ્ઞાન તને થઇ ચૂક્યું છે."

"તને એ વાત પણ પૂરેપૂરી સમજાઈ ગઈ છે કે, જે માણસ અજ્ઞાનમાં પડી રહી ભોગ ભોગવ્યા કરે છે, તેની અને મૂઢ પશુની વચ્ચે કંઈ ભેદ નથી. આમ છતાં દુનિયામાં એવાયે અનેક હોય છે, કે જેઓ કંઠપર્યંત અજ્ઞાનમાં ડૂબેલા છતાં તેઓ ઘમંડમાં એમ માને છે કે, તેઓ ભારે શાણા છે, અને આંધળાથી દોરાયલા આંધળાની પેઠે અનેક વાંકે ચૂકે રસ્તે આમ તેમ ગોળ ને ગોળ માર્ગમાં ભટકાયા કરે છે. આ સત્યનો પ્રકાશ ઓ નચિકેતા ! જે માણસો, માટીનાં ઢેફાંથી રીઝી જતાં અજ્ઞાન બાળકોસમા છે તેમના હૃદયમાં કદી કાળ થતો નથી. તેવા અબુધ અજ્ઞાનીઓને આ લોકનું તેમ પરલોકનું ઉભય પૈકી એકેયનું જ્ઞાન હોતું નથી. તેઓ આ લોકનો ઇન્કાર કરે છે, તેમ અપરલોકનો પણ ઈન્કાર કરે છે; અને પરિણામે પુનઃ પુનઃ મારા કાબુ તળે આવ્યા કરે છે. અનેકને તો એ સત્યને સાંભળવાની પણ તક મળતી નથી, અને અનેકને શ્રવણ કર્યા છતાં તેનું જ્ઞાન લાધતું નથી. કારણકે એ જ્ઞાન પ્રગટવામાં તો ઉપદેશક જેમ અસામાન્ય હોવો જોઇએ, તેમ ઉપદેશ ગ્રહણ કરનાર પણ તેવોજ અસામાન્ય હોવો જોઇએ. ઉપદેશકે

પોતે જો એ માર્ગમાં અસામાન્ય પ્રગતિ સાધી નહિ હોય, તો એનું એ સત્ય સો વાર કહેવાય અને સો વાર સંભળાય, તોપણ હૃદયમાં સત્યનો પ્રકાશ કદાપિ ઝળહળતો નથી. માટે ઓ નચિકેતા ! વ્યર્થ વાદવિવાદથી તારા મનને અકળાવીશ ના. આ સત્યનો પ્રકાશ એવાજ હૃદયમાં ઝળહળે છે કે જે શુદ્ધ અને પવિત્ર બન્યું હોય છે. તે પરમાત્મા કે જે ભગીરથ પ્રયત્ન વગર જોઇ શકાતો નથી, અને જે હૃદયની અતિ ઉંડી ગુફામાં લપાઈ રહેલો છે, તે પુરાણ પુરુષનાં દર્શન સ્થૂળદષ્ટિથી કદાપિ થઇ શકતાં નથી; અને આંતરિક અધ્યાત્મદષ્ટિથી જેને તેનાં દર્શન થાય છે તેનાં સઘળાંજ સુખદુઃખ ને હર્ષશોક વિરમી જાય છે. જે આ રહસ્યને જાણે છે તે બધીજ લૌકિક વાસનાઓનો ત્યાગ કરી દે છે, અને એ અતિસૂક્ષ્મ અધ્યાત્મદષ્ટિને પ્રાપ્ત કરી પરિણામે તે સચ્ચિદાનંદરૂપ બની રહે છે. નચિકેતા ! કલ્યાણનો પથ એજ છે. એ સચ્ચિદાનંદરૂપ પરમાત્મા સર્વ દુર્ગુણથી પણ પર છે; સર્વ સદ્દગુણોથી પણ અપાર શ્રેષ્ઠ છે; સર્વ કર્તવ્યોથી પર છે, તેમ સર્વ અકર્તવ્યોથી પણ પર છે. સર્વ અસ્તિત્વોથી પર છે, તેમ સર્વ ભવિતવ્યોથી પણ પર છે–એમ જે જાણે છે તેજ ખરો જ્ઞાની છે અને તેજ ઉત્તમ ચરિત્રવાન થાય છે. તે કે જેને સકળ વેદ શોધી રહ્યા છે, અને તે કે જેનાં દર્શન માટે મનુષ્યો જાત જાતની તપશ્ચર્યા કરે છે, તેનું નામ હું તમને કહું ? તેનું નામ ૐ છે. આ શાશ્વત ૐ તેજ પરબ્રહ્મ પરમાત્મા છે, તેજ એક અજર અમર છે. આનું રહસ્ય જે જાણે છે, તેની સકળ વાસનાઓ શાંત થાય છે; કેમકે જે જે વસ્તુઓની વાસના થઇ શકે, તે તે તમામ વસ્તુઓ તેની પોતાનીજ તેને દેખાય છે. અરે ઓ નચિકેતા ! આ માનવી આત્મા કે જેના વિષે તું જાણવા માગે છે, તે કદાપિ જન્મતો નથી તેમ કદાપિ મરતોયે નથી. શરીરનો નાશ થાય છે, ત્યારે પણ આ અનાદિ શાશ્વત એવા પુરાણ પુરુષનો નાશ થતો નથી. હંતા અર્થાત્ હણનારો જો એમ માનતો હોય કે તે હણે છે, અને હણાનારો જો એમ માનતો હોય કે તે હણાય છે, તો તે બન્ને ભૂલે છે. કેમકે આત્મા કોઇને હણતો નથી કે કોઇથી હણાતોયે નથી. નાનામાં નાના પરમાણુથી પણ એ અનંતગણો સૂક્ષ્મ, અને મોટામાં મોટા અસ્તિત્વથી પણ અનંતગણો મોટો એવો એ ચરાચરમાત્રનો માલીક પરબ્રહ્મ પુરુષોત્તમ ભૂતમાત્રના હૃદયની ગુફામાં વસેલો છે. જે માણસ પાપરહિત બન્યો હોય છે, તેને એ પ્રભુનાં દર્શન એ પ્રભુનીજ કૃપાથી થાય છે. એવો મહાન પ્રભુ કે જેની અંદર બધાજ વિરોધી ભાવોનું સંમિલન થયેલું છે, તેના દર્શનનો અધિકાર પવિત્ર અને પાકી સમજણવાળા મનુષ્યો સિવાય અન્ય કોને હોય ? એ પ્રભુ પોતે અશરીરી હોવા છતાં શરીરમાં રહે

છે; નિર્લેપ હોવા છતાં દેખીતી રીતે લિપ્ત જણાય છે ને તે સર્વ-વ્યાપી પરમાત્મા સર્વના આત્મારૂપ છે, એવું જાણીને શાણા અને સાધુજનો દુઃખમાત્રનો ત્યાગ કરે છે. આ આત્માની પ્રાપ્તિ માત્ર લૌકિક હેતુવાળા વેદાધ્યયનથી કે ઉત્તમોત્તમ લૌકિક બુદ્ધિથી, કિંવા લૌકિક વિદ્વત્તાથી થઈ શકતી નથી. પણ જે કોઇ પુરી તાલાવેલી. પૂર્વક એ પરમાત્માની શોધમાં હોય છે, તેનેજ તે પરમપુરુષનો ભેટો થાય છે. અને તેનીજ આગળ તે પોતાનો અપાર અલૌકિક મહિમા ખુલ્લો કરે છે. જે મનુષ્ય સદાસર્વદા લૌકિક સ્વાર્થોમાંજ રચ્યો પચ્યો રહે છે, જેનું મન એ તરફથી શાંત ને ઉપરામ બન્યું નથી, જે એકાગ્રચિત્તે ધ્યાનમગ્ન બની શકતો નથી અને જે લૌકિક સ્વાર્થ પાછળ મચ્યો રહે છે, તે મનુષ્ય હૃદયની ગુફામાં રહેલા આ પર-માત્માને સમજવા અને પ્રત્યક્ષ કરવા શકિતમાન થતો નથી. ઓ નચિકેતા ! સમજ કે, આ શરીર એ એક જાતનો રથ છે, સ્થૂળ ઇંદ્રિયો તેના ઘોડા છે, મન તેની લગામ છે, બુદ્ધિ તેનો સારથિ છે અને આત્મા એ રથમાં બેસનારો સવાર છે. આત્મા જ્યારે બુદ્ધિ-રૂપી સારથી સાથે જોડાય છે, અને પછી તેના દ્વારા મનરૂપી લગામનો તેને મેળાપ થાય છે, અને મનવાટે પછી ઇંદ્રિયોરૂપી ઘોડાઓને તે પહોંચે છે, ત્યારેજ તે પરમધામનો ભોક્તા થઈ શકે છે. જે માણસ-નું મન સંયમમાં નથી, અને જેનામાં સારાસારની વિવેકબુદ્ધિ જાગી નથી, તેની ઇંદ્રિયો રથે જોડેલા ખરાબ ઘોડાઓ જેમ સારથીના કાબુમાં નથી રહેતા, તેમ કાબુમાં નથી રહી શકતી. જેનામાં વિવેક-બુદ્ધિ હોય છે અને જેનું મન સંયમમાં રહે છે યાને જેણે મનોનિ-ગ્રહ સિદ્ધ કર્યો હોય છે, તેનીજ ઇંદ્રિયો રથે જોડેલા સારા ઘોડાની માફક હમેશાં વશવર્તી હોય છે. મતલબ કે, જેનામાં વિવેકબુદ્ધિ હોય છે, જેનું મન સત્યને સમજવા પાછળજ હમેશાં લાગેલું હોય છે અને જે સદા સર્વદા પવિત્ર અને વિશુદ્ધ હોય છે, તેનેજ તે પરમ સત્યની પ્રાપ્તિ થાય છે, અને એ પ્રાપ્તિ પછી મનુષ્યને પુનર્જન્મ જેવું કંઇજ રહેતું નથી. આ રસ્તો એક રીતે ઓ નચિકેતા ! બહુ કપરો અને લાંબો પણ છે. જેણે સૂક્ષ્મદૃષ્ટિ પ્રાપ્ત કરી હોય છે તેનેજ માટે આ રસ્તો દેખાવો કે સમજાવો શક્ય બને છે; તથાપિ ગભરાઇશ ના; જાગ્રત બન, ઉઠ, એ રસ્તે પ્રવૃત્ત થા અને અંતિમ ધ્યેયની સંપૂર્ણ પ્રાપ્તિ થતાં સુધી વચ્ચે ક્યાંય રોકાતો નહિ. આ કામ ભલે તલવારની ધારપર ચાલવા જેવું અઘરૂં હોય, પણ તે પરબ્રહ્મ પરમાત્મા કે જે ઇંદ્રિયોથી અતીત છે, સ્પર્શમાત્રથી અતીત છે, સકળ આસ્વાદથી અતીત છે, નિર્વિકારી છે, અનંત છે, બુદ્ધિથી અતીત છે અને અવિનાશી છે, તેને પામીનેજ આપણે જન્મમૃત્યુના જડબામાંથી બચી શકીએ તેમ છીએ."

આપણે જોઇએ છીએ કે, અત્યારસુધીમાં યમરાજા પ્રાપ્ત કરવાના અંતિમ ધ્યેયનું વર્ણન કરે છે. એમાં સૌથી પ્રથમ ખ્યાલ આપણને મળે છે તે એજ કે જન્મ, મરણ, દુઃખ અને ભવસાગરમાં ભોગવવી પડતી વિવિધ પ્રકારની અફળાફૂટોનો અંત એ સત્યને જાણવાથીંજ આવી શકે છે. એ સત્ય શી વસ્તુ છે? તો કે જે કદાપિ પરિણામગામી યાને પરિવર્તનશીલ નથી, એવો જે સર્વનો એક અમાપ આત્મા, જગતસમસ્તની પાછળ રહેલો એ પરમાત્માજ સત્ય વસ્તુ છે. એ સંબંધમાં વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે, તેને જાણવાનું કામ કઠિન છે. જાણવાનો અર્થ માત્ર બુદ્ધિથી તેને કબૂલ કરવો એટલોજ નહિ, પણ પ્રત્યક્ષ કરવો યાને તેનો સાક્ષાત્કાર મેળવવો એવો સમજવાનો છે. ફરી ને ફરી આપણે વાંચ્યું છે કે, આ મુક્તાવસ્થાને આપણે સમજવા ઉપરાંત અનુભવવી પણ જોઇએ. તે કાંઇ આ ચર્મચક્ષુઓથી દેખી શકાતી નથી. એને માટે તો અંતરદૃષ્ટિ અતિ સૂક્ષ્મ યાને દિવ્ય બનવી જોઇએ. જે દૃષ્ટિવડે આ ભીંતો અને ચોપડીઓ વગેરે દેખાય છે, તે તો સ્થૂળદૃષ્ટિ છે; પણ સત્યને નિહાળવામાં એ દૃષ્ટિ ન ચાલે. એને માટે તો તેને અતિ સૂક્ષ્મ અને અંતર્મુખી બનાવવી જોઇએ. તે પછી યમ કહે છે કે, માણસે બહુ પવિત્ર અને શુદ્ધ બનવું જોઇએ. દૃષ્ટિને સૂક્ષ્મ બનાવવાનો એજ એક માર્ગ છે. તે પછી તે બીજા રસ્તાઓ બતાવે છે. એ સ્વયંભૂ ઇંદ્રિયોથી બહુ આઘે રહેલો છે. એ સ્થૂળ ઇંદ્રિયો તો માત્ર બહારના વિષયો જોઈ શકે છે, પણ તે સ્વયંભૂ આત્મા તો આભ્યંતરનો વિષય છે. એને જોવા કાજે જે ગુણની જરૂર છે, તે તમારે યાદ રાખવો જોઇએ. એ ગુણ બીજો કોઈ નહિ પણ દૃષ્ટિને આભ્યંતર દેશમાં વાળીને આત્માને નિરખવાની ઉત્કટ ઇચ્છા. પ્રકૃતિની અંદર આજે આ સંસારમાં જે સુંદર વસ્તુઓ આપણે જોઇએ છીએ તે બધીજ સારી છે, પણ ઈશ્વરને જોવાની એ રીત નથી. એને માટે તો દૃષ્ટિને આભ્યંતર વાળતાં આવડવું જોઇએ. બાહ્ય વસ્તુઓ જોવા માટે આંખોની જે આતુરતા ને ઉત્સુકતા હોય છે, તેના પર કાબુ મૂકાવો જોઇએ. કોઈ એક ઉદ્યોગી રસ્તે થઇને તમે જતાં હો છો, ત્યારે તમારી સંગમાં ચાલતા આદમીનું બોલવું પણ તમારા સાંભળ્યામાં બરાબર આવતું નથી. તમને એ સાંભળતાં મુશ્કેલી પડે છે, કારણ કે રસ્તાપર જ્યાં ત્યાં ગાડી ઘોડાની ધમાલ મચી હોય છે. તેમ તમારી સાથેનો માણસ તમારૂં બોલવું પણ રસ્તાપરના એ ઘોંઘાટને લઇને સાંભળી શકતો નથી. આનું ખરૂં કારણ એજ છે કે, બહારના અવાજને લીધે તમારૂં મન બહાર જતું રહે છે, એટલે તમારી અડખે પડખેના આદમીનું બોલવું પણ તમારા સાંભળવામાં આવતું

નથી. એવીજ રીતે આપણી ચારેકોર આવી રહેલો આ સંસાર પણ એટલો બધો ઘોંઘાટમય છે કે આપણું મન તેથી બહારની બાજુ આકર્ષાય છે. તેથી આત્માને નીરખવાનું આપણાથી કેવી રીતે બને વારૂ? મનની આ બહાર ભટકવાની આદત રોકાવી જોઇએ, યાને મનોનિગ્રહ પ્રાપ્ત કરવો જોઇએ. એવી જાતનો મનોનિગ્રહ સાધ્ય થવો તેનુંજ નામ આભ્યંતર દૃષ્ટિની પ્રાપ્તિ છે. એવી આભ્યંતર દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યારેજ અંતરમાં બિરાજતા પ્રભુનો મહિમા દૃષ્ટિગોચર થાય છે.

આ આત્મા શી ચીજ છે? આપણે જોયું છે કે, તે બુદ્ધિથી પણ અતીત છે. આપણે એજ કઠોપનિષદ્‌માંથી જાણી શકીએ છીએ કે, આ આત્મા શાશ્વત અને સર્વવ્યાપી છે. તમે, હું અને બધાંજ સર્વવ્યાપી છીએ, અને આત્મા અપરિણામી અથવા નિર્વિકારી છે. જો આ વાત ખરી હોય તો તો આ વિશ્વવ્યાપી વ્યક્તિ એકજ હોવી જોઇએ. એકસરખી વિશ્વવ્યાપી હોય એવી બે વ્યક્તિઓ હોવાનો સંભવજ નથી. તેમ હોઈ શકેજ કેવી રીતે? અનંત એવી બે વ્યક્તિઓ પણ હોઈ શકે નહિ. એટલે પરિણામે એજ સિદ્ધ થાય છે કે, વાસ્તવિક રીતે તો અસ્તિત્વ માત્ર એક આત્માનુંજ છે. અને આ તમે, હું તેમજ આ સચરાચર જગત સમસ્ત, અનેક દેખાતાં છતાં એકજ છીએ. "જેવી રીતે એક અગ્નિતત્ત્વ સંસારમાં આવતાં વિવિધ રીતે પોતાની જાતને વ્યકત કરે છે, તેવીજ રીતે બધાંનો એ એકજ આત્મા પોતાની જાતને પ્રત્યેક રૂપમાં વ્યકત કરે છે." પણ ત્યારે પ્રશ્ન એ રહે છે કે, આ આત્મા જો સંપૂર્ણ અને શુદ્ધ છે અને જગતસમસ્તનું **સત્** એક છે, તો પછી અપવિત્ર, દુષ્ટ, શુભ ઈત્યાદિ દેહોમાં જતાં તેનું શું થતું હશે? ત્યાં એ કેવી રીતે સંપૂર્ણ અને શુદ્ધ રહી શકતો હશે? આના સમાધાનમાં કહે છે કે "એકજ સૂર્ય પ્રત્યેક આંખની દૃષ્ટિશકિતનું કારણ છે, તથાપિ કોઈની આંખોની ખોડખાંપણ સૂર્યનારાયણને સ્પર્શી શકતી નથી; વળી કોઇ માણસને કમળો થયો હોય તો તેને બધુંજ પીળું પીળું દેખાય છે. તેની દૃષ્ટિનું કારણ પણ સૂર્યજ છે, પણ કમળાના રોગીને બધું પીળું દેખાય છે તેથી સૂર્યને તેનો જરાય સ્પર્શ થઇ શકતો નથી; તેવીજ રીતે આબેહૂબ આ **એક** **સત્** જો કે પ્રત્યેક જણનો આત્મા છે, છતાં તેને બહારની અપવિત્રતા કે પવિત્રતાનો જરાય સ્પર્શ થઇ શકતો નથી." જેમાં બધુંજ નાશવંત છે, એવી આ દુનિયામાં જે માણસ **એ** નિત્ય નિર્વિકારીને જાણે છે, અજ્ઞાનમય આ સંસારમાં જે જન એ જ્ઞાનમય સત્ ચિત્‌ને ઓળખે છે તથા અનેકથી ભરેલી આ સૃષ્ટિમાં જે શખ્સ આ **એક**ને જાણે છે અને તેને પોતાનાજ આત્મામાં

નીરખે છે તેનું, રે ! તેનુંજ શાશ્વત કલ્યાણ છે, અન્ય કોઈનું નહિ, અન્ય કોઈનું નહિ. ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, નક્ષત્રો ઝગઝગતા નથી, કિંવા વિદ્યુતના ચમકારા થતા નથી; તો પછી અગ્નિની તો ત્યાં વાતજ શી ? એ પ્રકાશતાં બધું પ્રકાશે છે: એના પ્રકાશના પ્રભાવથીજ બધું પ્રકાશમય અને ઉજ્જવળ બને છે; અને હૃદયને પજવતી ને વ્યગ્ર બનાવતી બધીજ ઇચ્છાઓ ને વાસનાઓ બંધ પડે છે, ત્યારેજ મર્ત્ય આદમી અમર્ત્ય બને છે અને અહીંઆં ને આ લોકમાંજ તેને બ્રહ્મની પ્રાપ્તિ થઇ જાય છે. તેના હૃદયની બધીજ વક્રતા યાને કૂડ કપટવૃત્તિ અદશ્ય થાય છે, અને જ્યારે હૃદયની બધીજ ગ્રંથિઓ છિન્નવિચ્છિન્ન થઇ જાય છે, ત્યારેજ મર્ત્ય મનુષ્ય અમર્ત્ય બને છે; અન્યથા કદાપિ નહિ. કલ્યાણનો પથ આ છે. આ ગુપ્ત વિદ્યાના અભ્યાસથી આપણું કલ્યાણ થાઓ, એ અભ્યાસ આપણા આહારરૂપ બનો, તે આપણને બળપ્રદ થાઓ, તે આપણને શકિતરૂપ નીવડો અને એના અભ્યાસથી આપણે એકબીજાનો દ્વેષ કરતાં મટીએ ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ—યાને સર્વને શાંતિ પ્રાપ્ત થાઓ!

વેદાંતની ફિલસુફીમાં આ જાતની વિચારસરણી માલમ પડે છે. એમાં આપણને પ્રથમ તો આ વાત માલમ પડે છે કે, દુનિયાના કોઇ પણ ભાગના ધર્મગ્રંથમાં મળી આવતા વિચારના કરતાં વેદાંતનો વિચાર તદ્દન નિરાળો છે. વેદના જૂનામાં જૂના ભાગોમાં આત્મા વિષેની એ શોધ બીજા ધર્મગ્રંથોમાં આપણને મળી આવે છે તેવાજ પ્રકારની જણાય છે, યાને એ શોધ બાહ્યસૃષ્ટિમાં થતી જણાય છે. કેટલાંક જૂનાં જૂનાં ધર્મપુસ્તકોમાં આ પ્રશ્ન ઉપસ્થિત થયેલો દેખાય છે કે "આરંભમાં શું હતું ? જ્યારે આ કે તે કશુંજ નહોતું, યાને અંધકાર અંધકારની અંદર આચ્છાદિત થયેલો હતો, ત્યારે આ સઘળું કોણે સરજ્યું ?" એ રીતે શોધખોળનો આરંભ થયો. તેમાં પ્રથમ તો તેઓ ફિરસ્તાઓ, દેવો અને એવી એવી અન્ય વિભૂતિઓની વાતો કરવા લાગ્યા. પણ પાછળથી આપણને માલમ પડે છે તેમ એમાં નાઉમેદ થઇ તે વાતો તેમણે પડતી મૂકી. એ જમાનામાં લોકો ઇશ્વરની શોધ બાહ્યપ્રદેશમાં કરતા હતા, અને તેમાં એમને કંઈજ તત્ત્વ હાથ લાગ્યું નહિ; એટલે પછી આપણે વેદમાં વાંચીએ છીએ તેમ પાછળથી તેઓ આંતરપ્રદેશમાં એ સ્વયંભૂની ખોળ કરવા પ્રેરાયા. વેદનો આ એક પ્રધાન ભાવ છે કે "નક્ષત્રોમાં, વાદળાંઓમાં, આકાશગંગામાં તેમજ આ સમગ્ર બાહ્યસૃષ્ટિમાં ઇશ્વરની શોધ કરવાથી આપણા હાથમાં કંઇજ પરિણામ આવતું નથી, એ શોધથી જીવનમરણનો કોયડો કદાપિ ઉકલતો નથી." એની શોધ માટે છેવટે તેઓ

આ અદ્ભુત આભ્યંતરિક યંત્રનું પૃથક્કરણ કરવા પ્રેરાયા, અને એ પૃથક્કરણે આ જગતનું રહસ્ય તેમની આગળ ખોલી બતાવ્યું; નક્ષત્ર કે સૂર્યથી તે કામ કરી શકાયું નહિ. એ કામ માટે તો તેમને માણસનું પૃથક્કરણ કરવું પડયું—પણ તે માણસના શરીરનું નહિ પણ તેના આત્માનું. અને એ આત્મામાંજ તેમને જોઇતો ઉત્તર સંતોષકારક રીતે મળી શક્યો. કયો ઉત્તર તેમને મળ્યો વારૂ? તો કે એજ કે, શરીર તેમજ મનની પાછળ એક સ્વયંભૂ અસ્તિત્વ છે, કે જે મરતું નથી કે જે જન્મતું નથી. એ સ્વયંભૂ તત્ત્વ સર્વ-વ્યાપી છે, કારણ કે તે નિરાકાર છે. જેને રૂપ કે આકાર નથી યાને જે દેશકાળની મર્યાદામાં બદ્ધ નથી તે અમુક એક સ્થાનમાં રહી શકેજ નહિ. એવું બની શકેજ શી રીતે? તે બધેજ છે, સર્વવ્યાપી છે, એટલે તે આપણી બધાંયની અંદર એકસરખો વિદ્યમાન છે.

ત્યારે આ માનવ આત્મા એ શું ચીજ છે? આના સંબંધમાં એક પક્ષનું એવું માનવું હતું કે, એક અસ્તિત્વ તો જાણે ઈશ્વરનું અસ્તિત્વ છેજ, અને તેની સાથે બીજું એક અસ્તિત્વ ઈશ્વરથી બધી-જ બાબતમાં શાશ્વત ભિન્ન એવા અનંત અગણિત આત્માઓનું છે. આ દ્વૈતવાદ થયો. આના જવાબમાં બીજા પક્ષ તરફથી એવું પ્રતિ-પાદન થયું કે, આત્મા એ અનંત દિવ્ય અસ્તિત્વનો એક અંશ છે. જેવી રીતે આ શરીર પોતેજ એક દુનિયા છે અને તેની પાછળ વ્યક્તિગત આત્મા આવેલો છે, તેવીજ રીતે આ સમગ્ર વિશ્વ એ એક શરીર છે, તેની પાછળ વિશ્વવ્યાપી મન છે અને તેની પાછળ વિશ્વવ્યાપી આત્મા યાને ઈશ્વર છે. હવે જેવી રીતે આ વ્યક્તિગત શરીર એ વિશ્વવ્યાપી શરીરનો અંશમાત્ર છે, તેવી રીતે વ્યક્તિગત મન એ વિશ્વવ્યાપી મનનો અંશ છે, અને વ્યક્તિ-ગત આત્મા એ વિશ્વવ્યાપી આત્માનો અંશ છે. આ વાદ વિશિષ્ટાદ્વૈત યાને સગુણ એકેશ્વરવાદ થયો. હવે આપણે એ તો જાણીએજ છીએ કે, વિશ્વવ્યાપી આત્મા અનંત છે. તો પછી અનંતતાને તે વળી અંશ શી રીતે સંભવે? અનંતતા ખંડિત થઇ તેના ભાગલા કેવી રીતે પડે? હું અનંતનો એક તણખો છું એમ કહેવું કાવ્યમય તો બહુ લાગતું હશે, પણ વિચારશીલ મનને એ કથન અર્થહીન અને બેહૂદું લાગ્યા વગર રહેતું નથી. કારણ કે અનંતતાના ભાગલા પાડવા એનો અર્થ શો? શું તે એક જડ પદાર્થ છે કે તેના તમે ભાગ પાડી ટુકડા બાચકા કરી શકો? અનંતતાના ભાગલા કદી પાડી શકાયજ નહિ. એમ છે તો પછી અંતિમ જવાબ શો સમજવો વારૂ? અંતિમ જવાબ એજ કે, જે આત્મા વિશ્વવ્યાપી છે તેજ તમે છો; તમે તેનો એક અંશ નહિ પણ તેનું અખંડ સમષ્ટિરૂપ છો. તમેજ સંપૂર્ણ ઈશ્વર છો, તો પછી

આ બધા નાના પ્રકારના ભેદો એ શું છે? લક્ષાવધિ આત્માઓ આપણી નજરે ચઢે છે, એ બધા શું છે? એનો જવાબ એવો છે કે, પાણીનાં લક્ષાવધિ નાનાં નાનાં બિંદુઓ ઉપર જ્યારે સૂર્ય પ્રકાશે છે, ત્યારે તે દરેક બિંદુમાં સૂર્યનું સંપૂર્ણ પ્રતિબિંબ નજરે પડે છે. પણ ધ્યાન રાખો કે, તે માત્ર પ્રતિબિંબોજ છે, અને વાસ્તવ સૂર્ય તો એકજ છે. તેવીજ રીતે આપણા પ્રત્યેકની અંદર રહેલો આ દેખીતો આત્મા એ ઇશ્વરનું પ્રતિબિંબમાત્ર છે; એ સિવાય બીજું કંઇજ નહિ. એ બધાની પાછળ જે ખરૂં સત્ છે તે તો એક પરમેશ્વર અથવા પરમાત્માજ છે. જગતમાં આત્માતરીકે તો આપણે બધા માત્ર એક-જ છીએ. તે મારી અંદર તેમ તમારી અંદર પણ છે અને તે એકજ છે; અને તે એકજ આત્મા આ જૂદાં જૂદાં શરીરોમાં જૂદા જૂદા આત્માતરીકે પ્રતિબિંબિત થઇ રહ્યો છે. પરંતુ આપણને તેનું જ્ઞાન નથી, તેથીજ આપણે એમ માનીએ છીએ કે, આપણે એકબીજાંથી તેમ એ એક ઇશ્વરથી પણ નિરાળાં છીએ. અને જ્યાંસુધી આપણે એમ ને એમ માન્યા કરીશું, ત્યાંસુધી દુઃખ ને કલેશનું અસ્તિત્વ દુનિયામાં રહેશેજ. માટે સાચેજ માનો કે એ એક ભ્રમ છે, ઇંદ્ર-જાળ છે. પછી દુઃખનું બીજું મોટું મૂળ ભય છે. એક માણસ બીજાને ઇજા કરે છે તે શામાટે કરે છે? તો કે પોતાને પૂરતા પ્રમાણમાં ઇચ્છિત ભોગની પ્રાપ્તિ નહિ થાય એવી બીકથી તે સામાને નુકસાન કરે છે. એક માણસને ધાસ્તી લાગે છે કે, તેની પાસે પૂરતા પૈસા નહિ રહે; એટલે તે ધાસ્તી તેની પાસે બીજાંને નુકસાન કરાવે છે યાને બીજાંને લૂંટાવે છે. એકજ અસ્તિત્વ છે એમ બધાં વાસ્તવિક માનતાં થાય, તો પછી ભયને સ્થાનજ ક્યાં રહે? મારા મસ્તકપર જો વિજળી પડે, તો હુંજ તે વિજળી છું. કેમકે અસ્તિત્વજ મારૂં એકલાનું છે. જો પ્લેગ આવે તો તે પણ હું છું, કોઇ વાઘ આવે તો તે પણ હું છું. મૃત્યુ આવે તો તે પણ હું છું. જીવન અને મૃત્યુ બંને હુંજ છું. આ ઉપરથી જણાય છે કે, બેના ભાવથી યાને દ્વૈતભાવથીજ જગતમાં ભયને સ્થાન મળે છે. "એકબીજાને ચાહો" એમ ઉપદેશાતું આપણે હમેશાં સાંભળતાં આવ્યાં છીએ. શામાટે એવો ઉપદેશ કરવામાં આવે છે વારૂ? એ સિદ્ધાંતનો ઉપદેશ તો થાય છે, પણ તેનો ખુલાસો તો અહીંજ મળે છે. મારે પ્રત્યેક જણને શા માટે ચાહવું જોઇએ? તો કે હું અને તે એક છીએ માટે. એકતા કહેતાં અદ્વૈતનો ભાવ છે, અને એજ આખા જગતની મક્કમતા યાને વાસ્તવિકતા છે. આપણા પગ તળે ઘસડાતા કીટકથી માંડીને કો કાળે પણ અસ્તિત્વ-માં આવેલા સર્વશ્રેષ્ઠ મનુષ્ય પ્રાણી સુદ્ધાં—બધાંયને દેહો ભિન્ન ભિન્ન હોય છે, પણ આત્માતરીકે તો તે બધાંય એકજ છે. બધાંજ

મુખોદ્વારા તમે આહાર કરો છો, બધાજ હસ્તો દ્વારા તમે કામ કરો છો, તેમ બધીજ આંખોદ્વારા તમે જુઓ છો. લક્ષાવધિ શરીરોમાં તમે તંદુરસ્તી ભોગવો છો, તેમ લક્ષાવધિ શરીરોમાં તમે વ્યાધની વેદના પણ અનુભવો છો. જ્યારે આવો ભાવ પેદા થશે, અને એ ભાવને આપણે પ્રત્યક્ષ કરતાં, જોતાં ને અનુભવતાં અથવા વિચારતાં થઈશું, ત્યારેજ જગતમાં જણાતાં દુઃખ અને ભય નાબુદ થશે. હું મારી શકુંજ કેવી રીતે? મારાથી પર અન્ય કશુંજ નથી. એ પ્રમાણે જ્યારે ભયમાત્ર ટળી જાય છે, ત્યારે ને ત્યારેજ સંપૂર્ણ સુખ અને સંપૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે. એ વિશ્વવ્યાપી સમભાવ, એ વિશ્વવ્યાપી પ્રેમ અને એ વિશ્વવ્યાપી આનંદ કે જે કદી બદલાતો નથી, તે મનુષ્યને ઉંચે ચઢાવી બધાંને માથે થાપે છે. એને પ્રતિક્રિયા જેવું કશુંજ હોતું નથી, અને દુઃખ નામે તેને સ્પર્શી શકતું નથી. પણ દુનિયાનાં આ ક્ષુદ્ર ખાનપાન હમેશાં પ્રતિક્રિયાને જન્મ આપે છે. એનું આખું એક કારણ આ દ્વૈતભાવજ યાને હું જગતથી તેમ ઈશ્વરથી ભિન્ન છું, એવો એક ખ્યાલજ છે. પરંતુ "હું તે છું, હું જગતનો આત્મા છું, હું સદા સચ્ચિદાનંદસ્વરૂપ છું, હું નિત્યમુક્ત છું"—એ ઉન્નત ભાવને જેવા આપણે પ્રાપ્ત થઈશું કે તરતજ સાચો પ્રેમ ઉદ્ભવશે, ભય નામે નષ્ટ થઈ જશે અને દુઃખમાત્રનો આરો આવેલો જણાશે. **इत्योम्**

२३–याज्ञवाल्क्य अने मैत्रेयी

આપણે કહીએ છીએ કે "વાદળાંવાળો દિવસ બિલકુલ ખરાબ નથી, પણ જે દિવસે પ્રભુનું શ્રવણચિંતનને થાય તે દિવસ ખચિત ખરાબ છે." યાજ્ઞલ્કય નામના એક મોટા ઋષિ થઇ ગયા છે. તમને એ તો ખબર હોવીજ જોઇએ કે, હિંદુઓનાં શાસ્ત્રોમાં એક એવું ફરમાન છે કે, વૃદ્ધાવસ્થામાં માણસે સંસારનો ત્યાગ કરી દેવો જોઇએ. તે મુજબ યાજ્ઞવલ્કયે પણ વૃદ્ધાવસ્થામાં પેસતાં પોતાની પત્નીને કહ્યું કે "પ્રિયે ! મારી માલમિલ્કત, ધન વગેરે આ રહ્યું; તે સંભાળો, હું તો હવે સંસારનો ત્યાગ કરીને જાઉં છું." એ સાંભળી યાજ્ઞવલ્કયની પત્નીએ પ્રત્યુત્તરમાં પૂછયું કે "સ્વામિન્ ! દ્રવ્યથી છલકાતી આ આખી પૃથ્વી મારી થાય, તો મને તેનાથી અમૃતત્વ અપાવી શકાશે ખરૂં ?" યાજ્ઞવલ્કયે કહ્યું કે "ના, તેમ તો નહિ બને. એથી તું ધનવાન બને એટલુંજ. ધનથી કાંઈ અમૃતત્વની પ્રાપ્તિ થઈ શકતી નથી." એટલે તેણીએ જવાબ આપ્યો કે "જો એમજ હોય, તો મારે અમૃતત્વ મેળવવા કાજે કયી વસ્તુ મેળવવી જોઇએ, અને તે વસ્તુ પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ ? આપ જાણતા હો તો તે મને કહો." આ પ્રશ્નનો જવાબ વાળતાં યાજ્ઞવલ્કયે કહ્યું કે "કલ્યાણિ ! તું હમેશાં મને પ્રિય રહી છે, પણ આજે તારા આ પ્રશ્નથી તું મને પ્રિયતર બની છે. આવ, આ આસન ગ્રહણ કર, અને હું કહું તે સાંભળ. સાંભળી રહ્યા પછી તેનાપર મનન કરજે." પછી યાજ્ઞવલ્કયે કહેવા માંડયું કે "પત્ની પતિને ચાહે છે તે પતિની ખાતર નહિ, પણ આત્માની–પોતાની ખાતર ચાહે છે. પતિ પત્નીને ચાહે છે તે પણ પત્નીને ખાતર નહિ, પણ પોતાને ખાતર ચાહે છે; બાળકોને બાળકોની ખાતર કોઇ ચાહતું નથી, પણ ચાહનાર પોતાને ખાતર ચાહે છે; દ્રવ્યની ખાતર કોઇ દ્રવ્યને ચાહતું નથી, પણ પોતાને ખાતર ચાહે છે; બ્રાહ્મણને બ્રાહ્મણ ખાતર કોઈ ચાહતું નથી, પણ પોતાને ખાતર ચાહે છે. તેવી રીતે ક્ષત્રિયને તે ક્ષત્રિય છે તેટલા ખાતર કોઇ ચાહતું નથી, પણ પોતાના સુખ અને હિત માટે ચાહે છે. વળી દુનિયાને કોઇ ચાહે છે તે દુનિયાની ખાતર નહિ, પણ ચાહનાર મનુષ્ય પોતાને–આત્માને ચાહે છે માટેજ તે દુનિયાને ચાહે છે. તેવીજ રીતે જે મનુષ્ય દેવતાઓપર

પ્રીતિભાવ રાખે છે તે દેવતાઓ માટે નહિ, પણ પોતાના પંડ ઉપર તેનો પ્રીતિભાવ છે તેથીજ. મતલબ કે, વસ્તુની ખાતર વસ્તુને કોઇ ચાહતું નથી, પણ તે વસ્તુ સુખદાયક ને હિતકારી હોય છે તેટલા ખાતર તેને ચાહ્ય છે. હકીકત આવી હોવાથી એ આત્મા શું છે અને કેવો છે એ વાતનું અવશ્ય શ્રવણ થવું જોઇએ, પછી તે બુદ્ધિમાં ઉતરવો જોઇએ, અને છેલ્લે તેનું મનન ને ધ્યાન કરાવું જોઇએ. હે પ્રિય મૈત્રયિ! જ્યારે આ આત્માનું શ્રવણ થઈ ચૂકે છે, જ્યારે તે સમજાઈ ચૂકે છે અને જ્યારે તેનો સાક્ષાત્કાર થઈ રહે છે, ત્યારે બધુંજ રહસ્ય જ્ઞાત થઈ જાય છે." યાજ્ઞવલ્કયના આ કથનમાંથી આપણને શું પ્રાપ્ત થાય છે? આપણી સમક્ષ એક વિલક્ષણ દાર્શનિક વિચાર ઉપસ્થિત થયેલો આપણે જોઇએ છીએ. એમાં એવું કથન કરાયલું જણાય છે કે, પ્રેમ પણ માત્ર સ્વાર્થતા—હલકામાં હલકા અર્થમાં સ્વાર્થતા છે. કારણ કે હું મારી જાતને ચાહું છું તેથીજ હું સામાને ચાહું છું. અર્વાચીન સમયમાં પણ એવા ફિલ્સુફો યાને તત્ત્વવિદો પાકયા છે, અને તેમણે પણ કથ્યું છે કે, આ સંસારમાં પ્રધાન શકિત જો કોઇની હોય તો એક માત્ર 'સ્વ'નીજ છે એ સાચું પણ છે, અને તે છતાં ખોટું પણ છે. કેમકે સામાન્ય રીતે મનુષ્યનું એ 'સ્વ' અથવા પોતાપણું તેની પૂંઠળ રહેલા મૂળ 'સ્વ' અથવા આત્માનો પડછાયો માત્ર છે. આ 'સ્વ' ખોટું એટલા માટે છે કે તે ખરા આત્માનો પડછાયો હોવાથી ક્ષુદ્ર છે. જ્યારે એક પત્ની પતિને ચાહતી હોય છે, ત્યારે પણ તેને ખબર હોય કે ન હોય પણ તે પોતાની ખાતરજ પતિને ચાહે છે. જગતમાં દર્શાવાય છે તેમ આ સ્વાર્થપરતા છે, પરંતુ એ સ્વાર્થપરતા પણ વસ્તુતઃ તો એ આત્માપણાનો અલ્પ અંશજ છે. જ્યારે કોઈ પ્રેમ કરે છે, ત્યારે તે આત્મામાં થઇનેજ પ્રેમ કરી શકે છે. માટે પ્રેમ કરવા પહેલાં આ આત્માને ઓળખવો જોઇએ. ઓળખ્યા વગર અને ઓળખીને ચાહવામાં ફેર શો છે? તો કે આત્મા શી ચીજ છે તે જાણ્યા વગર જે કોઇ આત્માને ચાહે છે, તેનો તે ચાહ અથવા પ્રેમ એ સ્વાર્થપરાયણતા છે. ત્યારે જેઓ આત્માના સ્વરૂપને ઓળખીને પ્રેમ કરે છે, તેમનો પ્રેમ એ મહાન દોષથી મુક્ત હોય છે; અને તેથીજ તેઓ શાણા અને સંત કહેવાય છે. "જે મનુષ્ય પોતાના સત્ય આત્મા સિવાય બીજા કશાની અંદર બ્રાહ્મણને જુએ છે, તેને બ્રાહ્મણ તજી દે છે; આત્મા સિવાય બીજે ક્ષત્રિયને જોનારાનો ક્ષત્રિય ત્યાગ કરી દે છે; આત્મા સિવાય બીજા કશામાં દુનિયા જોનારનો દુનિયા પણ ત્યાગ કરે છે; એ સત્ય આત્મા—અર્થાત્ પરમાત્મા સિવાય અન્ય કશામાં દેવતાઓ રહેલા છે એમ સમજીને જે મનુષ્ય દેવતાઓપર ભાવ રાખે છે, તે જનને દેવતાઓ પણ છોડી દે

છે. મતલબ કે, પ્રત્યેક ચીજ આત્મા સિવાય કંઇ બીજું છે એમ સમજનારની પાસેથી પ્રત્યેક ચીજ નાસી જાય છે. આ બ્રાહ્મણો, આ ક્ષત્રિઓ, આ દુનિયા, આ દેવતાઓ, જે જે કંઇ છે, તે બધુંજ એ પરમાત્મા છે." આવી રીતે યાજ્ઞવલ્કય પ્રેમનો અર્થ સમજાવે છે. જ્યારે જ્યારે કોઇ પદાર્થનું આપણે ઝીણી ઝીણી વિગતવાર વર્ણન કરીએ છીએ, ત્યારે ત્યારે દરેક પ્રસંગે આપણે તેને આત્માથી જૂદો પાડીએ છીએ. હું એક સ્ત્રીને ચાહવાનો પ્રયત્ન કરૂં છું; અર્થાત્ એ સ્ત્રીને વિશેષતા આપું છું કે તરતજ તેણીને આત્માથી જૂદી પડાય છે, અને તેથી મારો તેણી માટેનો પ્રેમ શાશ્વત નહિ બને પણ શોક અને સંતાપમાં પરિણમશે. પણ જેવો હું તે સ્ત્રીને આત્માતરીકે જોવા માંડું છું કે તરતજ તેણી માટેનો મારો પ્રેમ સંપૂર્ણ બને છે અને તેમાં કદાપિ ઉણપ આવતી નથી. એવોજ પ્રકાર પ્રત્યેક બાબતમાં છે. જગતના કોઇ પણ પદાર્થને જગતરૂપ સમષ્ટિથી છૂટો પાડીને તેનાપર આસક્તિ રાખતા તમે થયા કે તરતજ પ્રતિક્રિયા આવીને ઉભી રહે છે. આત્માની બહાર કોઇ વસ્તુને આપણે ચાહીએ છીએ કે તેની સાથેજ શોક અને સંતાપ તેના પરિણામરૂપે આવીને ખડા થાય છે. હવે જો આપણે આત્મામાં અને આત્માતરીકેજ પ્રત્યેક વસ્તુનો ઉપભોગ કરીએ, તો કોઈજ જાતનો કલેશ કે પ્રતિક્રિયા આવતાં નથી. આ સ્થિતિ સંપૂર્ણ સુખાનંદની છે. પણ સવાલ એ છે કે, આ આદર્શને પ્રાપ્ત કેવી રીતે કરવો? એ ભૂમિકાને પ્રાપ્ત કરવાની વિધિ યાજ્ઞવલ્કય આગળ ચાલતાં આપણને સમજાવે છે. જગત અનંત છે, તેમાંની પ્રત્યેક વિશિષ્ટ વસ્તુને આપણે એક વાર ઓળખ્યા વગર આત્માતરીકે શી રીતે ગણી શકીએ? એ સવાલના જવાબમાં યાજ્ઞવલ્કય કહે છે કે "એક રામઢોલનો દાખલો લ્યો. આઘે રહીને આપણે તેના અવાજને પકડી કે દાબી શકતા નથી; પણ તેની પાસે આવતાંજ આપણે તેનાપર હાથ મૂકીને તેના અવાજને મહાત કરી શકીએ છીએ. તેવીજ રીતે શંખ જ્યારે ફુંકાય છે, ત્યારે તેના અવાજને પણ આઘે રહીને આપણે ઝીલી કે જીતી શકતા નથી; પણ શંખ વગાડનારની પાસે આવીને આપણે શંખને ઝુંટવી લઇએ છીએ કે તરતજ તેના અવાજને આપણે જીતી શકીએ છીએ. જ્યારે વીણા વાગતી હોય છે, ત્યારે પણ આપણે વીણાની પાસે આવીને જેમાંથી અવાજ નીકળતો હોય છે, તે કેન્દ્રસ્થાનને પ્રાપ્ત કરીને તેનો અવાજ બંધ કરી શકીએ છીએ. જ્યારે કોઇ હવાયલું બળતણ બાળતું હોય છે, ત્યારે જેમ તેમાંથી ધૂમાડો અને વિવિધ જાતના તણખા નીકળે છે, એજ પ્રમાણે એ મહાન પ્રભુમાંથી જ્ઞાન શ્વાસરૂપે બહાર પડયું છે, અને વસ્તુ-

માત્ર તેમાંથી ઉદ્દ્ભવી છે. બધુંજ જ્ઞાન જાણે તેણે શ્વાસોચ્છ્વાસ વાટે બહાર કાઢયું છે. બધાંજ પાણીના સંબંધમાં જેમ સમુદ્રજ એકમાત્ર આદર્શ હોય છે; બધી જાતના સ્પર્શ માટે ત્વચા જેમ એક કેંદ્ર-સ્થાન છે; બધી વાસ માટે જેમ નાક એક મધ્યબિંદુ છે; બધા રસ માટે જેમ જીભ એક મધ્યબિંદુ છે; બધાં રૂપ ને આકાર માટે જેમ નેત્રો મધ્યબિંદુ છે; બધા સૂર ને ધ્વનિ માટે જેમ કાન એજ એક કેન્દ્રસ્થાન છે; વિચારમાત્રનું કેન્દ્રસ્થાન જેમ મન છે; બધી તરેહના જ્ઞાન માટે જેમ હ્રદય એજ એક કેન્દ્ર છે; બધાંજ કાર્યો માટે જેમ હાથ એક મધ્યબિંદુ છે; તથા સમુદ્રમાં મૂકેલો મીઠાનો ગાંગડો જેમ ઓગળી જાય છે અને તેને આપણે પુનઃ પાછો લઇ શકતા નથી; તેવીજ રીતે ઓ મૈત્રેયિ! આ વિશ્વવ્યાપી સત્ અગર આત્મા સદાય અનંત છે; બધુંજ જ્ઞાન એની અંદર સમાયેલું છે. જગત સમસ્ત તેમાંથી ઉદ્દ્ભવે છે, અને પુનઃ તેમાંજ શમી જાય છે. પછી મરવાનું કે મરણ જેવું કશુંજ રહેતું નથી." આ કથનમાંથી આપણને જે વિચારની પ્રાપ્તિ થાય છે તે એજ કે, આપણે બધાંજ એ પરમાત્મામાંથી તણખારૂપે બહાર આવ્યાં છીએ; અને જ્યારે આપણે તેને બરાબર પિછાનીએ છીએ, ત્યારે આપણે પાછા તેના તરફજ વળીએ છીએ અને તેની સાથે તદ્રૂપ બની જઇએ છીએ; માટે આપણે પણ તે સર્વવ્યાપી આત્માજ છીએ.

આ કથન સાંભળીને બીજે બધે ઠેકાણે જેમ લોકો ભડકે છે, તેમ મૈત્રેયી પણ ભડકી ગઈ ને બોલી કે "પૂજ્યશ્રી! આજ ઠેકાણે બરાબર આપે મને ભ્રમમાં નાખી દીધી છે. દેવતાઓનું નામ નહિ રહે અને વ્યક્તિત્વ માત્ર અસ્તંગત થઈ જશે, એમ કહીને આપે મને ભડકાવી મારી છે. જો એમજ હોય તો તો પછી દુનિયામાં ઓળ-ખવાનું, ચાહવાનું કે ધિક્કારવાનું કશું રહેશેજ નહિ. તોપછી આપણું શું થશે વારૂ?" યાજ્ઞવલ્કયે જણાવ્યું કે 'મૈત્રેયિ! તને ગુંચવાડામાં નાખવાનો મારો ઇરાદો નથી; પણ બહેતર છે કે આ વિષય તું આટલે-થીજ પડતો મેલ. કારણકે વધુ જાણવા જતાં સંભવ છે કે, તું વધારે ગભરાઇશ; પણ આટલું સાંભળી લે કે, જ્યાં બે જેવું હોય છે, ત્યાંજ એક જણ બીજાને જુએ છે કે સાંભળે છે; ત્યાંજ એક જણ બીજાનું સ્વાગત કે આદરાતિથ્ય કરે છે; અને ત્યાંજ એક જણ બીજાનું ચિંતન કરે છે કે પિછાન કરે છે. પણ જ્યાં બધુંજ તે આત્મામય બની ગયું હોય છે, ત્યાં કોણ કોનાથી જોવાય, કોણ કોનાથી સંભળાય, કોનું કોનાથી સ્વાગત થાય અને કોણ કોનાથી પિછાનાય?" આજ એક વિચારને યૂરોપીય તત્ત્વવેત્તા શોપનહૉરે અપનાવી લઇને પોતાની ફિલસુફીમાં તેનો પડઘો પાડયો છે. આ જગતને આપણે

કોનાદ્વારા ઓળખીએ છીએ? શેના દ્વારા આપણે એને એટલે કે આત્માને ઓળખવો? એ જ્ઞાતાને આપણે કેવી રીતે જ્ઞાત કરવો? કયા સાધનથી આપણે તે જ્ઞાતાનું જ્ઞાન સંપાદન કરી શકીએ? એ વાત સંભવેજ શી રીતે? કારણ કે એમાં ને એનાદ્વારાજ વસ્તુમાત્રનું જ્ઞાન આપણને મળે છે. તોપછી કયી રીતે અને કયા સાધનથી આપણે તેને જાણી શકીએ? એવું એકે સાધન નથી. સાધન હોય તો તે પોતેજ છે અને તેથી એ સાધનને જાણવાની હમેશાં આવશ્યકતા છે.

અત્યારસુધીમાં જે ખ્યાલ પ્રાપ્ત થાય છે તે એ છે કે, જે છે તે બધુંજ તે એક **અનંત અસ્તિત્વ** છે. એજ એક ખરૂં વ્યક્તિત્વ છે, તેના વિભાગ કે અંશ જેવું કંઇજ નથી. વિભાગ અને અંશના આ ક્ષુદ્ર ખ્યાલો અતિ નિકૃષ્ટ અને ભ્રમાત્મક છે; તથાપિ વ્યષ્ટિના દરેક તણખામાં અને તણખાદ્વારા એજ અનંત તત્ત્વ પ્રકાશી રહ્યું છે. પદાર્થમાત્ર **એ** અનંત આત્માનોજ આવિર્ભાવ છે. એને કેવી રીતે પામવો? તો કે જેવી રીતે યાજ્ઞવલ્કય પોતે આપણને કહે છે કે "આ આત્માનું પ્રથમ શ્રવણ થવું જોઇએ."–તેવી રીતે સૌથી પ્રથમ તો એનું કથન કરો. એવી રીતનું કથન તેણે કર્યું; પછી તેને બુદ્ધિથી છણી જોયું અને પછી જેનાદ્વારા સકળ જ્ઞાન શકય છે તેનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તેનું દર્શન છેક છેલ્લે કરાવ્યું. શ્રવણ કર્યા પછી જે કરવાનું રહે છે, તે મનન છે. એ કેવી રીતે કરવું, તે સમજાવવા તે વિરુદ્ધ લક્ષણવાળા સ્થૂળ અને સૂક્ષ્મ જગતનો મુકાબલો કરે છે, અને બતાવી આપે છે કે, એ ઉભયનો વ્યવહાર તેમની ખાસ ખાસ પદ્ધતિઓપર કેવો ચાલ્યા કરે છે, અને તે સકળ અસ્તિત્વ કેવું મનોહર ને રમ્ય છે. તે કહે છે કે "આ ધરણી અત્યંત સુખપ્રદ છે, ભૂતમાત્રની તે મોટી સહાયક છે; અને ભૂતમાત્ર પણ એ ધરણીને અત્યંત સહાય કરનારાં છે; પણ એ સ્વયંપ્રકાશી શુદ્ધ આત્માને કશુંજ સહાયક નથી." નિકૃષ્ટમાં નિકૃષ્ટ ભાવમાં પણ સુખ જેવું જે કંઈ છે તે **એનુંજ** પ્રતિબિંબ છે. સારૂં જે કંઈ છે તે પણ બધું તેનું માત્ર પ્રતિબિંબ છે; અને જ્યારે તે પ્રતિબિંબ ઓળા જેવું ઝાંખું હોય છે ત્યારે તે ખરાબ અથવા અશુભ નામે ઓળખાય છે. બે દેવતાઓ જેવું કંઈ છેજ નહિ. જ્યારે તે ઓછા પ્રમાણમાં વ્યક્ત થાય છે ત્યારે તે અંધકાર નામે ઓળખાય છે, અને જ્યારે તે વધુ પ્રમાણમાં આવિર્ભૂત થાય છે ત્યારે તે પ્રકાશતરીકે ઓળખાય છે. અર્થાત્ કે જે છે તે બધું **એજ** છે, સારૂં ને નરસું અથવા શુભ ને અશુભ, એ માત્ર પ્રમાણુનો સવાલ છે, એ શબ્દો એના આવિર્ભાવના વત્તાપણા અને ઓછાપણાના સૂચક છે. આપણાં જીવનનોજ દાખલો લ્યો. એવી કેટલી બધી વસ્તુઓ છે કે જે વસ્તુતઃ ખરાબ હોવા છતાં તેમને આપણી

બાલ્યાવસ્થામાં આપણે સારી ગણુતા હોઇએ છીએ ! અને કેટલી બધી સારી વસ્તુઓને આપણે ખરાબ ગણીએ છીએ ! અર્થાત્ કે સારા નરસાના આપણા ખ્યાલ કેવા બદલાયા કરે છે ! વિચાર કેવો આગળ ને આગળ વધતો જાય છે. એક વાર આપણને સારૂં લાગતું હતું તે અત્યારે એટલું સારૂં નથી જણાતું. માટે સારૂં ને નરસું, શુભ ને અશુભ, એ તો માત્ર ભ્રમો છે, વહેમો છે; વસ્તુતઃ તો એવું કશુંજ હોતું નથી. ભેદ જે દેખાય છે તે પ્રમાણનો છે. બાકી તો જે છે તે બધુંજ એ આત્માનો આવિર્ભાવ માત્ર છે. પ્રત્યેક વસ્તુમાં તે આવિર્ભૂત થયા કરે છે. જ્યારે તે આવિર્ભાવ બહુ જાડા કિંબહુના ઝાંખો હોય છે, ત્યારે આપણે તેને ખરાબ કહીએ છીએ; અને જ્યારે તે સૂક્ષ્મ કિંબહુના સ્પષ્ટ હોય છે, ત્યારે આપણે તેને સારૂં કહી ઓળખીએ છીએ. અને જ્યારે બધુંજ આવરણ અદૃશ્ય બને છે, ત્યારે તે ઉત્તમોત્તમ અથવા શ્રેષ્ઠતરીકે ઓળખાય છે. તેથી જગતમાં જે કંઇ છે તે પ્રત્યેકનું મનન થવું જોઇએ, તે એજ અર્થમાં કે જે બધુંજ શ્રેષ્ઠ છે તેને આપણે સારાતરીકે જોઈ શકીએ. સારૂં અને ખરાબ એ બંનેનું મથાળું અને મધ્યબિંદુ તો એ એક સત્યજ છે. તે સારો કે ખરાબ એમાંથી એકેય નથી પણ તે તો સર્વશ્રેષ્ઠ છે. સર્વશ્રેષ્ઠ તો એકજ હોઈ શકે, સારાં અનેક હોઈ શકે તેમ ખરાબ પણ અનેક હોઈ શકે. સારૂં અને નરસું અથવા શુભ અને અશુભ, એમનામાં પણ ભેદનાં પ્રમાણો હોય છે, પણ સર્વશ્રેષ્ઠ તો માત્ર એકનું એકજ હોય છે; અને એ એક સર્વશ્રેષ્ઠ જ્યારે ચઢતા ઉતરતા પાતળા પડદામાંથી દેખાય છે, ત્યારે તેને આપણે સારા અથવા શુભની વિવિધ જાતોતરીકે ઓળખીએ છીએ; અને જ્યારે જાડા પડદાઓમાંથી જોઇએ છીએ ત્યારે ખરાબ અથવા અશુભની જૂદી જૂદી જાતોતરીકે પિછાનીએ છીએ. શુભ અને અશુભ એ વહેમનાં જૂદાંજૂદાં રૂપો છે. એ રૂપો દ્વૈતાત્મક ભાવના વિવિધ પ્રકારના ભ્રમોમાંથી, અને બધી જાતના એવા વિચારોમાંથી પસાર થતાં આવ્યાં છે કે એ શબ્દો મનુષ્યના હૃદયમાં ઠેઠ ઉંડે લગી ઉતરી ગયા છે, અને ત્યાં રહ્યાં રહ્યાં જુલમગાર જાલીમોની માફક સ્ત્રીપુરુષોને થથરાવે છે. તેઓ આપણને વાઘ જેવા ક્રૂર બનાવે છે. ક્રોધના જે આવેશથી આપણે બીજાંઓને ધિક્કારીએ છીએ તે આપણને ગળથુથીમાંથી અને બાલ્યાવસ્થામાં મળેલા આ 'સારા-નરસા'ના મૂર્ખાઇભરેલા વિચારોમાંથીજ ઉત્પન્ન થાય છે. માણસજાતવિષેનો આપણો નિર્ણય સાવ જૂઠો પડે છે. આ સુંદર પૃથ્વીને સારા નરસાના ખ્યાલથી આપણે નરક બનાવી દઇએ છીએ; પણ આ સારા-નરસાના ખ્યાલ ત્યજી દેવાને આપણે જેવા શક્તિમાન થઇએ છીએ કે તરતજ આની આ પૃથ્વીજ સ્વર્ગ બની જાય છે.

આ પૃથ્વી બધાં પ્રાણીઓને મધુર લાગે છે, તેમ બધાં પ્રાણીઓ આ પૃથ્વીને મધુર લાગે છે; તેઓ સઘળાં એકબીજાને મદદ કરે છે. અને જે મધુરતા છે તે બધીજ પૃથ્વીના અંતરભાગમાં રહેલો તે જ્યોતિર્મય, અમર એક આત્માજ છે. આ મધુરતા કોની છે? તેના સિવાય કોઇ મધુરતા કે મીઠાશ હોઈ શકેજ કેવી રીતે? એ એકજ મધુરતા વિવિધરૂપે વ્યક્ત થાય છે. કોઈ પણ મનુષ્ય પ્રાણીમાં–સાધુમાં કે પાપીમાં, ફિરસ્તામાં કે ખુનીમાં; તેમ શરીરમાં, મનમાં કે ઇંદ્રિયોમાં જ્યાં જ્યાં પ્રેમ જેવું કંઈ છે, મધુરતા જેવું કંઇ છે, તે એજ છે, એજ છે. બધા શારીરિક આનંદ પણ એજ માત્ર છે, માનસિક આનંદો પણ એજ છે, તેમ આધ્યાત્મિક આનંદો પણ એજ છે. એના સિવાય બીજું કંઈ હોઇજ શી રીતે શકે? પરસ્પર લડતા વીસહજાર દેવો અને દાનવો હોઇજ કેવી રીતે શકે? એ તો માત્ર બાલિશતાભર્યાં સ્વપ્નો છે, બીજું શું? નિકૃષ્ટમાં નિકૃષ્ટ શારીરિક આનંદ માત્ર એ છે, તેમ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આધ્યાત્મિક આનંદ પણ એજ છે. એના સિવાય આનંદ, પ્રેમ ઈત્યાદિ નામોથી ઓળખાતી મધુરતા છેજ નહિ. યાજ્ઞવલ્કયનું કથન આ પ્રમાણે છે. એ ભૂમિકાને જ્યારે તમે પ્રાપ્ત થશો અને બધીજ વસ્તુઓને સમદૃષ્ટિએ જોતાં થશો, યાને દારૂડીઆના દારૂ પીવાના આનંદમાં પણ એજ મધુરતા જોઈ શકશો, ત્યારે ને ત્યારેજ તમને સુખનો ને પ્રેમનો ખરો અર્થ સમજાશે. પણ જ્યાંસુધી આ મિથ્યા ભેદો કર્યા કરશો, અને સાદા પણ બાલિશતા તથા મૂર્ખાઇભર્યા વહેમો રાખ્યા કરશો, ત્યાંસુધી વિવિધ જાતનાં દુઃખ ને ક્લેશો આવ્યાંજ કરશે. પરંતુ અમર અને જ્યોતિર્મય એવો જે તે પરમાત્મા તે પૃથ્વીના આંતરભાગમાં છે. મધુરતા માત્ર તેની છે, અને શરીરમાં પણ તેજ છે. આ શરીર જાણે પૃથ્વી છે, અને શરીરની બધી શક્તિઓ તથા શરીરના બધા આનંદોની અંદર તે છે. આંખો જુએ છે, ત્વચા સ્પર્શાનુભવ કરે છે–એ વગેરે બધા ભોગો શું છે? તો કે શરીરની અંદર રહેલો એ સ્વયં જ્યોતિ યાને એ પરમાત્માજ છે. આ દુનિયા કે જે ભૂતમાત્રને આટલી બધી મધુર છે, અને ભૂતમાત્ર તેને આટલાં બધાં મધુર છે, તે પણ એ જ્યોતિર્મય આત્મા છે; એ અમર આત્માજ દુનિયામાં આનંદ છે. આપણી અંદરનો આનંદ પણ એજ છે. એજ બ્રહ્મ છે. આ હવા બધાં પ્રાણીઓને અતિ મધુર ને પ્રિય છે, અને બધાં પ્રાણીઓ હવાને અતિપ્રિય છે; પણ જે જ્યોતિર્મય અનંત સત્ત્વ હવામાં છે, તેજ સત્ત્વ શરીરમાં પણ છે. પ્રાણીમાત્રના જીવતરીકે તેજ પોતાને વ્યક્ત કરે છે. આ સૂર્ય બધાં પ્રાણીઓને અતિ મધુર કહેતાં પ્રિય છે, તેમ બધાં પ્રાણીઓ પણ સૂર્યને અતિ પ્રિય છે.

સૂર્યમાં જે જ્યોતિર્મય સત્ત્વ છે, તેનેજ આપણે લઘુતર ઉજાસ-તરીકે પ્રતિબિંબિત કરીએ છીએ. તેના પ્રતિબિંબ સિવાય હોઈજ શું શકે ? એ શરીરમાં છે, અને એનુંજ પ્રતિબિંબ આપણને પ્રકાશ જોવાની શક્તિ અર્પે છે. આ ચંદ્રમા બધાંને અતિ પ્રિય છે અને બધાં તે ચંદ્રમાને પણ અતિ પ્રિય છે; પણ જે તેજોમય અમર સત્ત્વ ચંદ્રમાનું 'સ્વ' છે, તેજ આપણી અંદર મનતરીકે વ્યક્ત થાય છે. આ વિજળી અતિ મનોહર છે, અને પ્રત્યેક જણ વિજળીને પણ અતિ પ્રિય છે; પણ જે જ્યોતિર્મય અમર સત્ત્વ આ વિજળીનો આત્મા છે તેજ આપણી અંદર પણ છે; કારણ કે બધુંજ તે બ્રહ્મ છે. મનુષ્યો પશુપ્રાણીઓને પ્રિય છે, તેમ પશુપ્રાણીઓ મનુષ્યોને પ્રિય છે; પણ જે જ્યોતિર્મય સત્ત્વ પશુપ્રાણીઓમાં છે, તેજ મનુષ્યમાં પણ છે—અર્થાત્ કે બધુંજ પરમાત્મા છે, પરમાત્મામય છે. આ આપણો વિશુદ્ધાત્મા અથવા પરમાત્માજ ભૂતમાત્રનો રાજા છે." આ વિચારો મનુષ્યને અતિ સહાયક છે; મનન યાને ધ્યાનને માટે બહુ કિંમતી છે. દાખલાતરીકે, પૃથ્વીનું ધ્યાન ધરો ત્યારે પૃથ્વીનો વિચાર કરોજ કરો, પણ તેની સાથે એમ પણ સમજતા રહો કે, પૃથ્વીમાં જે છે તેજ આપણી અંદર પણ છે; અને એ બે એકજ છે. મતલબ કે, શરીરને પૃથ્વી જોડે તદ્રૂપ બનાવો અને શરીરસ્થ જીવાત્માને પૃથ્વી પાછળ રહેલા આત્માની સાથે એકરૂપ કરો. હવામાં તેમજ તમારી અંદર રહેલા આત્માને હવા સાથે તદ્રૂપ કરો. એ સર્વ વિવિધ રૂપોમાં વ્યક્ત થવા છતાં એકજ છે.

૨૪–જીવાત્મા, પ્રકૃતિ અને ઈશ્વર

વેદાંતની ફિલસુફી મુજબ મનુષ્ય ત્રણ પદાર્થોનો બનેલો છે. સૌથી બહારનો પદાર્થ તે શરીર છે. શરીર એ મનુષ્યનું સ્થૂળ-રૂપ હોઇ તેનીજ અંદર આંખ, કાન, નાક ઈત્યાદિ ઇંદ્રિયોનાં કરણો આવેલાં છે. આ આંખ એ દૃષ્ટિની ખરી ઇંદ્રિય નથી; તે માત્ર કરણ અથવા સાધન છે. એ સાધનની પાછળ ઇંદ્રિયશક્તિ આવેલી છે. તેવીજ રીતે કાન પણ વાસ્તવ શ્રવણેન્દ્રિય નથી; તે તો માત્ર કરણ કે સાધન છે, અને તેની પાછળ વાસ્તવ ઇંદ્રિય અથવા જેને અર્વાચીન ભૌતિકશાસ્ત્ર કેન્દ્ર કહે છે તે છે. જે ઇંદ્રિયશક્તિ અથવા કેન્દ્ર આંખોપર સત્તા ચલાવે છે તે કેન્દ્ર જો કોઈ પણ કારણ-સર નષ્ટ થઇ જાય, તો આ આંખો, બહારથી સાબુત જણાવા છતાં તેનાથી જોવાનો અનુભવ થઇ શકતો નથી. એવોજ પ્રકાર બધી ઇંદ્રિયોની બાબતમાં છે. હવે એ ઇંદ્રિયશક્તિઓ અથવા કેન્દ્રો પોતે પણ તેમની સાથે અન્ય કશાનું જોડાણ થયા વગર અનુભવ કરી શકતાં નથી. એ અન્ય કશું તે મન છે. એ તો ઘણી વાર તમારા અનુભવમાં આવ્યું હશે કે, જ્યારે તમે કોઇ ગહન વિચારમાં મગ્ન થયા હો છો ત્યારે ઘડિયાળમાં ટન્ ટન્ ટકોરા વાગે છે છતાં ટકોરા વાગ્યાનું ભાન તમને થતું નથી. કેમ વારુ એમ થતું હશે? કાન જેમના તેમ સાબુત છે; ટકોરાના ધ્વનિનાં મોજાં તેમાં પ્રવેશે છે પણ ખરાં અને ઇંદ્રિય કિંવા કેન્દ્ર તેને મસ્તિષ્કને પહોંચાડે પણ છે, છતાં તમને શ્રવણભાન નથી થતું તેનું કારણ એ કે મનનો તે ઇંદ્રિય સાથે સંયોગ થયો નથી હોતો. બહારના પદાર્થની છાપ ઇંદ્રિયો સુધી પહોંચે છે તે વખતે ઇંદ્રિયો સાથે મનનું જો સરખું જોડાણ થયું હોય છે, તોજ મન તેમનું ગ્રહણ કરે છે અને પછી તેમના-પર અહંતાનો જાણે રંગ ચઢાવે છે. ધારો કે, હું કામમાં તલ્લીન હોઉં તે વખતે એકાદો મચ્છર આવીને મારી આંગળીએ ચટકો ભરી જાય છે, પણ મને તે ચટકાનો અનુભવ થતો નથી. કારણ કે મારૂં મન તે વખતે અન્ય કશાની જોડે સંલગ્ન થયું હતું. પછી, જ્યારે મારૂં મન ઇંદ્રિયોને પહોંચેલી છાપ સાથે સંયોજિત થાય છે, ત્યારેજ પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે, અને એ પ્રતિક્રિયાની સાથેજ મને મચ્છરનું ભાન થાય છે. તેથી મનનું ઇંદ્રિયની સાથે જોડાણ

થાય એટલેથીજ વાત પતતી નથી; ઇચ્છાશક્તિના રૂપમાં પ્રતિક્રિયા ઉત્પન્ન થવી જોઇએ. આ શક્તિ કે જેમાંથી પ્રતિક્રિયા જન્મે છે તે શક્તિ જ્ઞાનશક્તિ અથવા બુદ્ધિ કહેવાય છે. ત્યારે હવે ઇંદ્રિય-જન્ય અનુભવ થવા માટે આટલી વસ્તુઓની જરૂર સિદ્ધ થાય છે:—પ્રથમ તો સ્થળ કરણો અથવા સાધનો બરાબર હોવાં જોઇએ, પછી ઇંદ્રિયો અથવા કેન્દ્રો વ્યવસ્થિત હોવાં જોઇએ, તે પછી મનનું જે તે ઇંદ્રિય સાથે ચોક્કસ જોડાણ થયેલું હોવું જોઇએ, તે પછી પ્રતિક્રિયા જન્મવી જોઇએ; અને જ્યારે આ બધી વાતો સાંગોપાંગ સિદ્ધ હોય છે, ત્યારે તત્કાળ વિચાર ઝબુકે છે કે "હું અને બહારનો પદાર્થ"—એટલે પછી અનુભવ, બોધ કે જ્ઞાન થાય છે. સ્થૂળ ઇંદ્રિય જે માત્ર સાધન છે તે શરીરસ્થ છે, અને તેની પાછળ સૂક્ષ્મતર એવી આંતરિક ઇંદ્રિયનું સ્થાન છે. તેની પછી મન, મનની પછી બુદ્ધિ અને બુદ્ધિની પછી અહંતા રહેલી છે. એ અહંતા કહે છે કે 'હું'—હું જોઉં છું, હું સાંભળું છું, હું જાઉં છું, ઇત્યાદિ ઇત્યાદિ. એ બધીજ ક્રિયા અમુક શકિતઓના યોગે ચાલે છે. એ શક્તિઓને પ્રાણશકિત કિંવા એકલા પ્રાણતરીકે ઓળખવામાં આવે છે. મનુષ્યનો આ સ્થૂલભાગ યાને શરીર કે જેમાં ઇંદ્રિયોનાં બાહ્ય-સાધન યાને કરણો આવેલાં છે તેને સ્થૂળશરીર કહેવામાં આવે છે. એ સ્થૂળશરીરની પાછળ ઈંદ્રિયશકિતઓ, મન, બુદ્ધિ તથા અહંતા-ની પરંપરા આવે છે. એ અને પ્રાણ મળીને એક સંમિશ્રણ બનાવે છે, જેને સૂક્ષ્મશરીર અથવા લિંગદેહ કહેવામાં આવે છે. આ ઇંદ્રિય-શકિતઓ, મન, બુદ્ધિ અને અહંતા એ સૂક્ષ્મ તત્ત્વનાં બનેલાં છે—એવાં સૂક્ષ્મ કે આ સ્થૂળશરીર પર થતી ગમે તેવી ઇજા પણ તેમનો નાશ કરવા શકિતમાન બનતી નથી. શરીરપર થતા સઘળાજ આઘાત પછી પણ તેઓ જેમના તેમ સલામત ટકી રહે છે. આપણે જોઇએ છીએ તે સ્થળશરીર સ્થૂળદ્રવ્યનું બનેલું છે, અને તેથી તે નિરંતર બદલાતું રહે છે અને વખતોવખત તેનો જીર્ણોદ્ધાર થયા કરે છે. પરંતુ આંતરિક ઇંદ્રિયો, મન, બુદ્ધિ તથા અહંતા સૂક્ષ્મ-તમ દ્રવ્યનાં બનેલાં છે, તેથી તે યુગોના યુગો સુધી ચાલ્યા કરે. એ મન, બુદ્ધિ વગેરે એવાં તો સૂક્ષ્મ છે કે તેમનો અટકાવ કરવાને કે તેમની સામે થવાને કોઇજ સમર્થ થતું નથી; તેથી તેઓ કોઇ પણ અંતરાયને ભેદીને પાર જઇ શકે છે. સ્થૂલશરીર અચેતન છે, તેમ સૂક્ષ્મ શરીર પણ, સૂક્ષ્મ છતાં જડ દ્રવ્યનું બનેલું હોવાથી નિશ્ચેતન છે. એ સૂક્ષ્મ શરીરનો એક અંશ મન, બીજો બુદ્ધિ અને ત્રીજો અહંતા નામે ઓળખાય છે; છતાં તેમાંથી એકેયમાં 'જ્ઞાતા' હોવાની તાકાત નથી. એમાંની એકે ચીજ અનુભોકતા અને સાક્ષી થઇ શકતી નથી. તેથી ઠરે છે કે મન,

બુદ્ધિ કે અહંતા માટે થતી આ બધીજ ક્રિયાઓ અને હલચલો કોઇ બીજાને માટેજ થતી હોવી જોઇએ. વળી એ મન, બુદ્ધિ ને અહંકાર સૂક્ષ્મ પણ જડ દ્રવ્યનાં બનેલાં હોવાથી સ્વ-પ્રકાશી હોઈ શકે નહિ, યાને તેમનો પ્રકાશ અને તેમની તેજસ્વિતા તેમની પોતાની અંદર હોવાનો સંભવ નથી. દાખલાતરીકે, આ મેજનો આવિર્ભાવ અથવા પ્રકાશ કોઇ જડ દ્રવ્યને આભારી હોઈ શકતો નથી; તેવી રીતે આ મનની ત્રિપુટીનો પ્રકાશ પણ સૂક્ષ્મ દ્રવ્યને આભારી હોઈ શકે નહિ. તેથી તે બધાંની પાછળ એવું કોઈ કે કશું હોવુંજ જોઇએ કે જે પ્રકૃત પ્રકાશક, પ્રકૃત દ્રષ્ટા અને પ્રકૃત ભોક્તા હોય. એ કોઇ અગર કશાને સંસ્કૃતમાં આત્મા-તરીકે ઓળખવામાં આવે છે. એ આત્માજ વસ્તુઓને વાસ્તવિક રીતે જુએ છે અને અનુભવે છે. બહારનાં સ્થૂળ કરણો અને ઇંદ્રિયો બાહ્ય છાપોને ગ્રહણ કરે છે અને મનને સાદર કરે છે, મન તેમને બુદ્ધિ આગળ રજુ કરે છે અને બુદ્ધિ જાણે અહંતારૂપી એક જાતના દર્પણ કે અરીસાની અંદર તેમનું પ્રતિબિંબ પાડે છે; એટલે તે દર્પણની પાછળ રહેલો આત્મા તેમના પર નજર ફેરવે છે, અને પોતાના હુકમો ને સૂચનાઓ છોડે છે. એ આત્માજ આ બધાં સાધનોનો શાસક ને નિયંતા છે, ગૃહનો માલીક છે અને શરીરરૂપી રાજ્યનો અભિષિક્ત અથવા તખ્તનશીન રાજા છે. અહંતાશક્તિ, બુદ્ધિશક્તિ, વિચારશક્તિ અથવા મન, ઇંદ્રિયશક્તિ, કરણો અને શરીર–એ બધાંજ એના અર્થાત્ આત્માના હુકમોને માન્ય કરે છે ને તે પ્રમાણે અનુસરે છે. એ આત્માજ આ બધાંને પ્રકાશિત કરે છે. આ વાત મનુષ્યના આત્માની કિંવા જીવાત્માની થઈ. એ પરથીજ આપણાથી સમજી શકાશે કે જગતના એક અલ્પ અંશ યાને વ્યષ્ટિની બાબતમાં જેવો પ્રકાર છે તેવોજ પ્રકાર જગતસમષ્ટિની બાબતમાં હોવોજ જોઇએ. સાદૃશ્યતા એ જો જગતનો નિયમજ હોય, તો તો જગતનો પ્રત્યેક અંશ સમષ્ટિની યોજનાપરજ રચાયલો હોવો જોઇએ. તેથી આપણે સ્વાભાવિક રીતેજ માની લઇએ છીએ કે, સ્થૂળ જડાત્મક રૂપ જેને આપણે આપણું જગત કહીએ છીએ, તેની પાછળ પણ સૂક્ષ્મતર દ્રવ્યનું બનેલું જગત, જેને આપણે વિચાર કહીએ છીએ તેનું અસ્તિત્વ હોવું જોઇએ, અને તેની પાછળ એક આત્મા પણ હોવોજ જોઇએ, કે જે આ બધા વિચારને શક્ય બનાવતો હોય, આજ્ઞાઓ છોડતો હોય અને આ જગતનો અભિષિક્ત રાજા હોય. દરેક મન અને શરીરની પાછળ રહેલો આત્મા 'પ્રત્યગાત્મા' યાને વ્યક્તિગત આત્મા કહેવાય છે, અને જે આત્મા જગતની પાછળ તેના માર્ગદર્શક, શાસક અને હાકેમતરીકે આવેલો છે, તે ઈશ્વર કહેવાય છે.

હવે બીજી જે વાતનો વિચાર કરવાનો છે તે એ કે, આ બધી

વસ્તુઓ ક્યાંથી આવે છે? એના જવાબમાં હું સામો સવાલ કરૂં છું કે 'આવવું' એ શબ્દથી તમે શું કહેવા માગો છો? જો એ શબ્દથી તમે એમ કહેવા માગતા હો કે, વસ્તુઓ શૂન્યમાંથી ઉત્પન્ન થાય છે, તો તેમ બનવું કેવળ અશકય છે. આ બધી સૃષ્ટિની ઉત્પત્તિ શૂન્યમાંથી તો હોઇ શકેજ નહિ. કારણ વગર કશાની ઉત્પત્તિ સંભવે નહિ, અને કાર્ય એ તો કારણનું પુનરાવર્તનમાત્ર છે. અહીંઆં એક કાચ છે. ધારો કે તેના ભાંગીને ચૂરા કરી નાખીએ, પછી તેને પીસીને ઝીણો ભૂકો કરીએ અને તે પછી રાસાયણિક દ્રવ્યોથી તેનો લગભગ નિઃશેષ ધ્વંસ કરી નાખીએ; તો તેથી શું તે કાચ શૂન્યમાં પાછો સમાઇ જશે કે? ખચિતજ નહિ. એના આકારનો ભંગ થશે, પણ જે અણુઓનો તે બનેલો છે તે અણુઓ તો હયાતજ રહેશે. એ અણુઓ આપણી ઇંદ્રિયોને અગમ્ય બનશે, છતાં પણ રહે છે તો ખરાંજ; અને એ વાત તદ્દન શકય છે કે, એ અણુઓમાંથી બીજો કાચ પણ બને. આ વાત જો એક બાબતમાં સત્ય હોય, તો તે દરેક બાબતમાં પણ તેમજ હશે. મતલબ કે, શૂન્યમાંથી તો કશું બની શકેજ નહિ, તેમ કશાને શૂન્યમાં પાછું પણ મોકલી શકાય નહિ. હા, તે સૂક્ષ્મતર અને સૂક્ષ્મતર બને અને ફરી પાછું સ્થળતર ને સ્થૂળતર બને ખરૂં. દાખલાતરીકે વરસાદનું બિંદુ વરાળરૂપે સમુદ્રમાંથી ખેંચાય છે અને હવા મારફત પર્વત ભણી ધસડાય છે; ત્યાં તે ફરીને પાણીરૂપમાં બદલાય છે અને સેંકડો માઇલ વહેતું વહેતું પાછું પોતાની સમુદ્રરૂપી માને જઇને મળે છે. બીજ ઝાડને ઉત્પન્ન કરે છે, ઝાડ મરી જાય છે અને પાછળ માત્ર બીજજ મૂકતું જાય છે. એ બીજમાંથી ફરી પાછું તે બીજા ઝાડરૂપે પ્રગટે છે, અને તે પણ પાછું અંતે બીજરૂપમાં પરિણમે છે તથા એ રીતની ક્રિયા ચિરકાળ ચાલ્યાજ કરે છે. ત્રીજો દાખલો પક્ષીનો લઇએ. પક્ષી ઇંડામાંથી નીકળે છે, સુંદર પક્ષી બને છે, જીવે છે અને પછી ભાવિ પક્ષીઓનાં બીજવાળાં બીજાં ઈંડાં મૂકીને મરી જાય છે. એવુંજ જનાવરોના સંબંધમાં છે, ને એવુંજ માણસોના સંબંધમાં પણ છે. પ્રત્યેક વસ્તુનો આરંભ ચોક્કસ બીજકોમાંથી યાને ચોક્કસ મૂળતત્ત્વોમાંથી યાને ચોક્કસ સૂક્ષ્મ રૂપોમાંથી થાય છે; પછી જેમ જેમ તે વસ્તુનો વિકાસ થતો જાય છે, તેમ તેમ તે સ્થૂળતર અને સ્થૂળતર બનતી જાય છે, અને પછી વળી તે પોતાના સૂક્ષ્મ રૂપમાં ફરી સમાઇ જાય છે. આખાજ જગતનો ક્રમ આ રીતે ચાલ્યા કરે છે. એક વખત એવો પણ આવે છે કે જ્યારે આ આખુંજ જગત પીગળી જાય છે અને સૂક્ષ્મતર અને સૂક્ષ્મતર બનતું જઇ આખરે જાણે બિલકુલ અદૃશ્ય થઇ જાય છે; પણ અતિ સૂક્ષ્મ દ્રવ્યતરીકે તો તે રહે છેજ. અર્વાચીન પદાર્થવિજ્ઞાન અને ખગોળ-

વિજ્ઞાનદ્વારા આપણે એટલું તો જાણી શક્યા છીએ કે, આ પૃથ્વી દિવસે દિવસે ઠંડી પડતી જાય છે, અને વખત જતાં તે બહુજ ઠંડી થઈ જશે અને પછી તેના ભાગીને ચૂરા બનશે, ને ફરીને ઈથર અથવા આકાશતત્ત્વ બનતાં સુધી તે સૂક્ષ્મતર ને સૂક્ષ્મતર બનતી જશે. આમ છતાં પણ તેનાં રજકણો તો રહેશેજ, અને તેમાંથી બીજી પૃથ્વીની ઉત્પત્તિ માટેનું જરૂરી દ્રવ્ય તૈયાર થશે. ફરીને પાછી તે લય પામશે અને ફરી બીજી ઉત્પન્ન થશે. અર્થાત્ કે આ જગત તેનાં કારણોમાં પાછું સમાઈ જાય છે અને ફરીથી તેનાં મૂળ દ્રવ્યો સંયુક્ત બની આકાર ધારણ કરે છે. સમુદ્રનું મોજું એક વાર જેમ સમાઇ જઈ ફરીને પાછું ઉછળી આકાર ધારણ કરે છે, તેમ આ કારણમાં પાછા સમાઈ જવાના અને ફરીને પાછા બહાર પડી આકાર ધારણ કરવાની ક્રિયાને સંકોચન અને વિકાસ-ને નામે ઓળખવામાં આવે છે. આ આખુંજ જગત જાણે એક વાર સંકોચાય છે અને બીજી વાર વળી વિકસિત થાય છે. અર્વાચીન વિજ્ઞાનના પારિભાષિક શબ્દોમાં કહીએ તો તે વારાફરતી ક્રમ-સંકુચિત થાય છે ને ક્રમવિકસિત થાય છે. ક્રમવિકાસના સંબંધમાં તમે સાંભળ્યુંજ હશે કે, બધાંજ રૂપો નિકૃષ્ટ અવસ્થામાંથી ક્રમે ક્રમે ઉંચે ચઢતાં જઇ વૃદ્ધિંગત થાય છે. આ ધીમે ધીમે વધવાની ક્રિયાને ક્રમવિકાસ અથવા ઉત્ક્રાંતિ કહેવામાં આવે છે. હવે દરેક વસ્તુને ક્રમવિકાસ હોય છે એ વાત સાચી, પણ પ્રત્યેક ક્રમવિકાસ ક્રમસંકો-ચનની પણ આગાહી કરે છે. આપણે એ વાત તો જાણીએજ છીએ કે, જગતમાં પ્રદર્શિત થયેલી શક્તિસમષ્ટિ બધોજ વખત તેની તેજ રહે છે, તથા દ્રવ્ય અથવા જડ તત્ત્વ અવિનાશી છે. દ્રવ્ય અથવા જડ તત્ત્વનો એક અણુ સરખો તમારાથી ઓછો કરી શકાશે નહિ. તેવી રીતે શક્તિમાંથી એક શેર શક્તિ લઈ લેવાનું કે તેમાં એક શેરનો ઉમેરો કરવાનું તમારૂં કે કોઈનું ગજું નથી. અર્થાત્ કે તેમનું એકંદર પ્રમાણ તો તેનું તેજ રહે છે. માત્ર ક્રમસંકોચન અને ક્રમ-વિકાસને યોગે તેનો આવિર્ભાવ બદલાયા કરે છે એટલુંજ. તેથી સમજો કે, અત્યારનો કલ્પ એ એની પૂર્વેના કલ્પના ક્રમસંકોચન-માંથી જન્મેલો ક્રમવિકાસ છે, અને આ કલ્પ પુનઃ ક્રમસંકુચિત થઈ જશે, યાને સૂક્ષ્મતર ને સૂક્ષ્મતર બનતો જશે અને તેમાંથા બીજો કલ્પ ઉદ્ભવશે. આખાય જગતનો વ્યવહાર એ રીતે ચાલે છે. આ પરથી આપણને સમજાય છે કે, શૂન્યમાંથી કશાની ઉત્પત્તિ, એ અર્થમાં સૃષ્ટિ જેવું કંઇજ નથી. એને માટે વધારે સારો શબ્દ એ છે કે, સૃષ્ટિ એટલે આવિર્ભાવ અને ઈશ્વર એ એનો આવિર્ભાવક છે. સૃષ્ટિ એ જાણે ઈશ્વરના શ્વાસદ્વારા બહાર નીકળે છે, અને પુનઃ તે ઉચ્છ્વાસદ્વારા તેમાં લપાઇ જાય છે અને પુનઃ પાછો ઈશ્વર તેને

શ્વાસદ્વારા કાઢે છે. વેદોમાં એને માટે એક સુંદર રૂપક વપરાયલું છે કે "એ નિત્યબ્રહ્મ જગતને ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢે છે અને શ્વાસદ્વારા પુનઃ અંદર લઇ લે છે." જેવી રીતે આપણે એક નાના રજકણને ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢી દઇએ છીએ અને પુનઃ શ્વાસદ્વારા અંદર લઈએ છીએ તેમ આ બધી વાત તો સારી છે, પણ એ સંબંધમાં કોઇ તરફથી એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે "સૌથી પહેલા કલ્પ વખતે શું સ્થિતિ હતી?" એના ઉત્તરમાં હું સામો સવાલ પૂછીશ કે "સૌથી પહેલો કલ્પ એટલે શું? એવું પહેલા કે છેલ્લા કલ્પ જેવું કંઇ છેજ નહિ. કાળને જો તમે આદિ કે આરંભ લગાડવા જશો, તો તેમ કરવા જતાં તો કાળની સમસ્ત ભાવનાજ નષ્ટપ્રાય થઇ જશે. એવી કોઇ હદ વિચારી કાઢવાનો પ્રયત્ન કરો કે જ્યાં કાળની શરૂઆત થઇ હોય. એ હદની પેલી પાર તમારે કાળની કલ્પના કરવી પડશે. તેવી રીતે દેશ અથવા સ્થાનની શરૂઆત જ્યાં થતી હોય એવું કશું વિચારી કાઢવાની કોશીષ કરશો તો તે હદની પારજ દેશ અગર સ્થાનનો તમારે વિચાર કરવો પડશે. અર્થાત્ કે દેશ અને કાળ અનંત છે, અને તેથી તેમને આદિ કે અંત બેમાંથી એકેય નથી. ઈશ્વરે જગતને પાંચ મિનિટમાં પેદા કર્યું અને પછી ઉંઘી ગયો, અને ત્યારથી તે હજી ઉંઘ્યાજ કરે છે; એવી ભાવના કરતાં આ ભાવનાનો આ ખ્યાલ વધારે સારો છે. ઉલટપક્ષે, આ ભાવનાથી ઈશ્વર આપણને શાશ્વત સૃષ્ટાતરીકે હાથ લાગે છે. જગત એ જાણે ઉંચે ઉછળતા અને પુનઃ નીચે પછડાતાં મોજાંની એક પરંપરા છે, અને ઈશ્વર એ શાશ્વત ક્રિયાનો સંચાલક સૂત્રધાર છે. જગત જેમ અનાદિ અનંત છે, તેમ ઈશ્વર પણ અનાદિ અનંત છે. આપણે જોઇ શકીએ છીએ કે, તેમ અવશ્ય હોવુંજ જોઇએ. કેમકે આપણે જો એમ કહીએ કે, એક વખત એવો હતો કે જ્યારે સ્થૂળ કિંવા સૂક્ષ્મ રૂપમાં પણ સૃષ્ટિની હયાતી નહોતી, તો પછી એમજ ઠરે કે, ઈશ્વરનું અસ્તિત્વ પણ નહોતું; કેમકે ઈશ્વર એ તો સાક્ષીતરીકે આપણને જ્ઞાત છે. એટલે જગતનું જો અસ્તિત્વ નહોતું તો ઈશ્વરનું પણ નહોતું એમજ આપણે માનવું પડે. એક કલ્પના બીજીને અનુસરે છે, કારણનો ખ્યાલ આપણને કાર્યના ખ્યાલમાંથીજ પ્રાપ્ત થાય છે; અને તેથી જો કાર્ય જેવું હોયજ નહિ, તો પછી કારણ જેવું પણ કંઇ ન હોય. તેથી સ્વાભાવિક રીતેજ સિદ્ધ થાય છે કે, જગતરૂપી કાર્યનું અસ્તિત્વ શાશ્વત છે, તેથી ઈશ્વરરૂપી કારણનું અસ્તિત્વ પણ શાશ્વત છે.

તેવી રીતે જીવાત્મા પણ શાશ્વત હોવો જોઇએ. કેમ? તો કે પ્રથમ તો આપણે જોઇએ છીએ કે, જીવાત્મા એ જડદ્રવ્ય નથી. તે સ્થૂળશરીર કે સૂક્ષ્મશરીર જેને આપણે મન કે વિચાર કહીએ

છીએ, તે બેમાંથી એકે નથી. તે ભૌતિક શરીર નથી, તેમ ખ્રિસ્તીધર્મમાં જેને આધ્યાત્મિક શરીર કહે છે તે પણ નથી. સ્થૂળશરીર અને આધ્યાત્મિક-એટલે કે સૂક્ષ્મશરીરોજ પરિવર્તનને પાત્ર છે. સ્થૂળશરીર પ્રત્યેક પળે પરિવર્તનને પાત્ર છે અને તે મરી પણ જાય છે; પણ સૂક્ષ્મ કિંવા આધ્યાત્મિક શરીર જીવાત્માની મુક્તિ થતાં લગીના લાંબી અવધિઓ દરમિયાન ટક્યા કરે છે, ને મુક્તિ થાય છે ત્યારેજ તેનો નાશ થાય છે. અર્થાત્ કે જ્યારે માણસને મુક્તાવસ્થાની પ્રાપ્તિ થાય છે, ત્યારેજ સૂક્ષ્મ કિંવા આધ્યાત્મિક શરીરનો લય થાય છે; અને સ્થૂળશરીરનો તો મૃત્યુના પ્રત્યેક પ્રસંગે વિનાશ થાય છે. જીવાત્મા કોઈ અણુઓનો બનેલો નથી, તેથી તે અવિનાશી હોવોજ જોઇએ. વિનાશ શબ્દથી આપણે શું સમજીએ છીએ? તો કે વિનાશ એટલે જે દ્રવ્યોમાંથી કશું બન્યું છે તે મૂળ દ્રવ્યોનું છૂટા પડી જવું. આ કાચને જો ભાંગીને ચૂરા કરવામાં આવે, તો તેનાં મૂળ દ્રવ્યો છૂટાં પડી જશે. એટલે તે કાચનો વિનાશ થયો કહેવાશે-અર્થાત્ રજકણોનું છૂટું પડી જવું તેને આપણે વિનાશ અથવા લય કહીએ છીએ. આ પરથી સ્વાભાવિક રીતેજ સિદ્ધ થાય છે કે, જે વસ્તુ રજકણોની કિંવા અણુઓની બનેલી નથી હોતી, તે કદાપિ છૂટી પડી શકતી નથી યાને તેનો કદાપિ વિનાશ થતો નથી. જીવાત્મા કોઈ દ્રવ્યોનો બનેલો નથી. તે અવિભાજ્ય એકમ છે; તેથી સિદ્ધ થાય છે કે, તે અવિનાશી હોવોજ જોઇએ. વળી આજ કારણોને લીધે તે અનાદિ પણ હોવો જોઇએ. તેથી ઠરે છે કે, જીવાત્મા અનાદિ અને અનંત છે.

ત્યારે, આપણને હવે ત્રણ અસ્તિત્વોની પ્રાપ્તિ થઈ. એક તો પ્રકૃતિ કે જે અનંત પણ વિકારી અથવા પરિવર્તનશીલ છે, સમસ્ત પ્રકૃતિ અનાદિ અને અનંત છે, પણ તેની અંદર નાનાવિધ ફેરફારો થતા રહે છે. પ્રકૃતિ એ હજારો વર્ષથી સમુદ્રપ્રત્યે દોડતી વહેતી એક નદીસમાન છે. નદી હમેશાં એકની એકજ હોય છે, પણ તે પ્રત્યેક પળે પરિવર્તનશીલ પણ હોય છે. કેમકે તેના પાણીનાં અણુઓની સ્થિતિ નિરંતર બદલાયા કરે છે. બીજું અસ્તિત્વ અવિકારી ને શાસક એવા ઈશ્વરનું છે; અને ત્રીજું અસ્તિત્વ ઈશ્વરના જેવા અવિકારી જીવાત્માનું છે. એ જીવાત્મા શાશ્વત છે પણ શાસકને આધીન છે. એક માલીક છે, બીજું નોકર છે અને ત્રીજું અસ્તિત્વ શક્તિ કિંવા પ્રકૃતિરૂપે છે.

ઈશ્વર એ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ હોવાથી કાર્યને ઉત્પન્ન કરવા માટે કારણની વિદ્યમાનતા હોવીજ જોઇએ; એટલુંજ નહિ પણ કારણ એજ કાર્યમાં પરિણત થાય છે. કાચ એ અમુક દ્રવ્યો અને કાચ બનાવનારે વાપરેલી અમુક શક્તિઓના સંયોગમાંથી ઉત્પન્ન થાય છે-અર્થાત્ કાચમાં તે શક્તિનાં ઓછાંવત્તાં દ્રવ્યો રહેલાં છે. કાચની બનાવટમાં વપરાયલી શક્તિ-

ઓ સંઘટ્ટન કિંવા વળગણુ શક્તિના રૂપમાં પરિણુત થઈ છે, અને જો એ સંઘટ્ટન શક્તિ જતી રહે છે, તો કાચ ટુકડા થઇને નીચે પડે છે. દ્રવ્યો પણુ કાચમાં હોય છે, પણુ તેમનું રૂપાંતર થયેલું હોય છે એટલું જ—અર્થાત્ કે કારણુ એજ કાર્ય બનેલું હોય છે. જ્યાં જ્યાં કાર્ય કિંવા પરિણામ જેવું તમારા જોવામાં આવે, ત્યાં ત્યાં તમે તેનું કારણમાં પૃથક્કરણ કરી શકો છો. કેમકે કારણુ એજ કાર્યતરીકે વ્યક્ત થાય છે. આથી સિદ્ધ થાય છે કે, જો ઈશ્વર એજ જગતનું કારણુ હોય અને જગત એ તેનું કાર્ય હોય, તો ઈશ્વરજ જગતરૂપમાં પરિણુત થયો છે. તેવી રીતે જીવાત્માઓ જો કાર્યરૂપ હોય અને ઈશ્વર તેના કારણુરૂપ હોય, તો ઈશ્વરજ જીવાત્માઓ બનેલો છે. આથી પ્રત્યેક જીવ ઈશ્વરનો અંશ છે. "જેવી રીતે અગ્નિના સમુદાયમાંથી અગણિત તણુખા ઉડે છે, તેવીજ રીતે એ નિત્યબ્રહ્મમાંથી જીવાત્માઓની આ સૃષ્ટિ ઉદ્દભવી છે."

ત્યારે, આપણે જોયું છે કે શાશ્વત ઈશ્વર છે, તેમ શાશ્વત પ્રકૃતિ પણુ છે; અને વળી અગણિત જીવાત્માઓ પણુ છે. ધર્મના વિષયમાં આ પ્રથમ ભૂમિકા થઈ. તેને દ્વૈતભાવ કહેવામાં આવે છે. દ્વૈતભાવ એટલે એવી ભૂમિકા કે જ્યાં રહીને મનુષ્ય ઈશ્વરને અને પોતાને શાશ્વત ભિન્ન નિહાળે છે. એ ભૂમિકામાં ઈશ્વર પોતે એક અલગ અસ્તિત્વ છે, જીવાત્મા પોતે એક અલગ અસ્તિત્વ છે અને પ્રકૃતિ પોતે પણુ એક અલગ અસ્તિત્વ છે. આ દ્વૈતવાદ થયો. આ દ્વૈતવાદ એમ માને છે કે, કર્તા અને કર્મ પ્રત્યેક બાબતમાં એક-બીજાથી ઉલટા છે. મનુષ્ય જ્યારે પ્રકૃતિને નિરખે છે, ત્યારે મનુષ્ય એ કર્તા છે, અને પ્રકૃતિ એ કર્મ છે. તે કર્તા અને કર્મમાં દ્વૈત-ભાવ જુએ છે. જ્યારે તે ઈશ્વર ભણી જુએ છે, ત્યારે ઈશ્વરને તે કર્મતરીકે જુએ છે અને પોતાને કર્તા દાખલ જુએ છે—અર્થાત્ કે તેઓ પરસ્પર તદ્દન નિરાળા છે. આ ઈશ્વર અને મનુષ્ય વચ્ચેનું દ્વૈત થયું. ધર્મનો આ સામાન્યતઃ પ્રથમ ખ્યાલ છે.

તે પછી, હમણાંજ હું તમને બતાવી ગયો તે ખ્યાલ બીજો આવે છે. મનુષ્યને ક્રમેક્રમે દેખાવા માંડે છે કે, જો ઈશ્વર એ જગ-તનું કારણુ હોય અને જગત એ તેનું કાર્ય હોય, તો તો ઈશ્વર પોતેજ જગત તથા જીવાત્મા બનેલો છે; અને મનુષ્ય પોતે ઈશ્વર-રૂપી સમષ્ટિનો એક અંશમાત્ર છે. આપણે માત્ર અગ્નિસમુદાય-ના તણુખા જેવાં ક્ષુદ્ર અસ્તિત્વો છીએ, અને જગત સમગ્ર એ ઈશ્વર પોતાનોજ આવિર્ભાવ છે. આ બીજું પગથીઉં થયું. એને વિશિષ્ટાદ્વૈત કહે છે. જેવી રીતે મારે આ શરીર છે અને આ શરીર આત્માને ઢાંકી રાખે છે, તથા જીવાત્માનું અસ્તિત્વ શરીર-માં અને શરીરની મારફત છે, તેવીજ રીતે આ જીવાત્માઓની

તથા પ્રકૃતિનાં રૂપોની સમગ્ર સૃષ્ટિ, એ જાણે ઈશ્વરનું શરીર છે. જ્યારે ક્રમસંકોચનનો અવધિ આવે છે, ત્યારે જગત સૂક્ષ્મતર ને સૂક્ષ્મતર બને છે, છતાં ઈશ્વરના શરીરતરીકે તો તે સૂક્ષ્મરૂપમાં પણ કાયમ રહે છેજ. હવે જ્યારે સ્થૂળ આવિર્ભાવ પ્રગટે છે, ત્યારે પણ જગત ઈશ્વરના શરીરતરીકે રહે છે. જેવી રીતે માનવઆત્મા એ માનવદેહનો અને મનનો જીવ છે, તેવી રીતે ઈશ્વર એ આપણા જીવાત્માનો પણ આત્મા છે યાને પરમાત્મા છે. "આત્માઓનો પણ આત્મા"-એવો પ્રયોગ તો દરેક ધર્મમાં થતો તમે બધાંએ સાંભળ્યો છે. એ પ્રયોગ આવાજ અર્થમાં થાય છે. ઈશ્વર જાણે એ જીવાત્મા-ઓમાં રહે છે, તેમને દોરે છે અને તે બધાપર અમલ ચલાવે છે. પહેલા એટલે કે દ્વૈતભાવમાં આપણે પ્રત્યેક જણ ઈશ્વર તેમજ પ્રકૃતિથી શાશ્વત ભિન્ન એવી એકેક વ્યક્તિ મનાઇએ છીએ. ત્યારે બીજામાં એટલે કે વિશિષ્ટાદ્વૈત ભાવમાં આપણે વ્યક્તિઓ તો છીએ, પણ ઈશ્વરથી ભિન્ન નથી. એવિશિષ્ટાદ્વૈતના મત મુજબ આપણે એક સમુદાયમાં તરતાં રજકણો છીએ, અને એ સમુદાય તે ઈશ્વર છે. અર્થાત્ કે આપણે વ્યકિતઓ છીએ પણ ઈશ્વરમાં એક છીએ. આપણે બધાંજ એની અંદર છીએ, આમ છતાં પણ એ ભાવ મુજબ મનુષ્ય ને મનુષ્ય વચ્ચે, તથા મનુષ્ય ને ઈશ્વર વચ્ચે ભિન્ન છતાં અભિન્ન એવું આકરૂં વ્યકિતત્વ તો રહે છેજ.

આ ઠેકાણે હવે, એક સૂક્ષ્મતર સવાલ ખડો થાય છે. તે એવો કે "અનંતને તે વળી અંશો હોઇ શકે ખરા? અનંતના અંશો એટલે શું સમજવું?" આ પ્રશ્નને જો તમે તર્કશક્તિ વાપરીને બુદ્ધિની કસોટીપર ચઢાવી જોશો, તો તમને જણાશે કે એમ થવું યાને અનંતને અંશો હોવા અશક્ય છે. અનંતના ભાગલા પડી શકેજ નહિ, અનંત તો હમેશાં અખંડ અનંતજ રહે છે. તેના ભાગલા જો પડીજ શકતા હોય તો તેનો એકે એક ભાગ અગર અંશ પણ અનંતજ હોય; અને બે અનંતનું અસ્તિત્વ તો કદાપિ હોઇ શકેજ નહિ; છતાં ધારો કે હોય, તો તો વાત એવી બને કે એક અનંત બીજાને મર્યાદિત કરે, એટલે બન્નેય સાંત બની જાય. માટે સિદ્ધ થાય છે કે, અનંત તો અવિભાજ્ય એકજ હોઇ શકે. આ પ્રમાણે અંતિમ નિર્ણય એ પ્રાપ્ત થાય છે કે, અનંત એક છે, અનેક નથી; અને તેજ એક અનંત આત્મા સહસ્ત્રાવધિ કિંબહુના કોટયવધિ દર્પણો-દ્વારા પ્રતિબિંબિત થઇ અનેકવિધ જીવાત્માઓતરીકે દેખાય છે. એજ અનંત આત્મા જગતની પૃષ્ઠભૂમિ છે, અને તેનેજ આપણે ઈશ્વર કહીએ છીએ. એજ અનંત આત્મા માનવી મનની પૃષ્ઠભૂમિ છે, અને તેનેજ આપણે માનવઆત્મા કિંવા જીવ કહીએ છીએ.

२५-जगतशास्त्र

જગત બે જાતનાં છે. એક સૂક્ષ્મ જગત કિંવા આંતર જગત, અને બીજું સ્થૂળ જગત કિંવા બાહ્ય જગત. એ બન્નેમાંથી આપણને અનુભવદ્વારા સત્યોની પ્રાપ્તિ થાય છે. આંતર અનુભવમાંથી મળેલાં સત્યોના પરિણામતરીકે માનસશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર અને ધર્મ છે; ત્યારે બાહ્ય અનુભવમાંથી મળેલાં સત્યોના પરિણામરૂપ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો છે. હવે કોઇ પણ સંપૂર્ણ સત્ય આ બન્ને જગતોમાં થતા અનુભવો સાથે એકવાક્ય હોવું જોઇએ યાને સૂક્ષ્મજગતનો અનુભવ સ્થૂળજગતના અનુભવનો સાક્ષીપૂરક હોવો જોઇએ, અને સ્થૂળજગતનો અનુભવ સૂક્ષ્મજગતના અનુભવનો સાક્ષીપૂરક હોવો જોઇએ—અર્થાત્ ભૌતિક સત્યના અનુભવની પ્રતિછાયા અથવા નકલ આંતરજગતમાં અને આંતરજગતના અનુભવની સાબીતી બાહ્યજગતમાં મળવી જોઇએ. આમ છતાં, આમાંનાં અનેક સત્યો, એક નિયમતરીકે પરસ્પર વિરોધી જણાય છે. દુનિયાના ઇતિહાસના એક યુગમાં આંતરસત્યો સર્વોપરિ બને છે, અને તેઓ બાહ્ય સત્યો સાથે ઝઘડવા માંડે છે. વર્તમાનકાળમાં બાહ્ય સત્યો યાને ભૌતિક શાસ્ત્રો પ્રબળ બન્યાં છે, અને તેમણે માનસશાસ્ત્રો તેમજ અધ્યાત્મશાસ્ત્રોને દબાવી દીધાં છે. મારા જ્ઞાનની ગતિ જ્યાંસુધી પહોંચે છે, ત્યાંસુધી મને તો લાગે છે કે માનસશાસ્ત્રના અગત્યના અંશોની, વર્તમાન ભૌતિક શાસ્ત્રના જ્ઞાનના અગત્યના અંશો સાથે સંપૂર્ણ એકવાક્યતા છે. કોઇ પણ એકજ વ્યક્તિને દરેક બાબતમાં મહાન થવાનો અધિકાર મળેલો હોતો નથી; તેજ પ્રમાણે જ્ઞાનનાં સકળ ક્ષેત્રોની શોધખોળમાં સરખા સામર્થ્યવાન હોવાનો અધિકાર પણ કોઈ એકજ જાતિ અથવા પ્રજાને મળેલો હોતો નથી. વર્તમાનકાળની યૂરોપીયન પ્રજાઓ બાહ્યજગતના ભૌતિક જ્ઞાનમાં અતિ પ્રબળ છે, પણ મનુષ્યના આંતરસ્વભાવના અભ્યાસમાં યાને આંતરજગતની વિદ્યામાં તેઓ એટલા પ્રબળ નથી. ત્યારે બીજા હાથપર પૂર્વીય પ્રજાઓ બાહ્ય ભૌતિક જગતની શોધમાં બહુ પ્રબળ નીવડી નથી, પણ આંતરિક જગતની શોધોમાં અત્યંત પ્રબળ નીવડી છે. તેથીજ આપણને પૂર્વીય પ્રજાઓના પદાર્થવિજ્ઞાન અને બીજાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રોનો પાશ્ચિમાત્ય પ્રજાઓનાં વિજ્ઞાનશાસ્ત્રો સાથે મેળ

ખાતો નથી જણાતો. તેવીજ રીતે પાશ્ચિમાત્ય માનસશાસ્ત્રનો પૌર્વાત્ય માનસશાસ્ત્ર સાથે મેળ નથી ખાતો, તેનું કારણ પણ એજ છે. પૌર્વાત્ય ભૌતિકશાસ્ત્રીઓએ ભૌતિકવિદ્યાના વિષયમાં પાશ્ચિમાત્ય ભૌતિક વિજ્ઞાનીઓ સામે નાસેડું લીધું છે, યાને પૂર્વના લોકો એ વિષયમાં પશ્ચિમના લોકો સામે ટકી શકયા નથી. તેમ છતાં દરેક પક્ષ સત્ય ઉપર આધાર રાખવાનો દાવો કરે છે, અને આપણે ઉપર જણાવી ગયા તેમ કોઈ પણ જ્ઞાનના વિષયમાં પ્રાપ્ત થયેલું કુદરતી સત્ય પરસ્પર વિરોધક નહિ હોય-અર્થાત્ જે આંતરિક જગતનાં સત્યો હોય તેજ બાહ્યજગતનાં સત્યો હોવાં જોઇએ, અને તેમ છે પણ ખરૂં.

આધુનિક ખગોળવેત્તાઓ અને પદાર્થવિજ્ઞાનીઓના મતાનુસાર જગતના સિદ્ધાંતો શા છે, તેની આપણને બધાંનેજ ખબર છે; અને આની સાથે આધુનિક ભૌતિક વિજ્ઞાનવેત્તાઓ યૂરોપની અધ્યાત્મવિદ્યાનાં મૂળીઆં કેવી દુઃખદ રીતે વાઢે છે તેની પણ આપણને ખબર છે. ભૌતિક વિજ્ઞાનની અંદર આજે જે જે શોધો થાય છે, તે દરેક અધ્યાત્મવિદ્યાના કિલ્લાપર જીવલેણ ગોળાની ગરજ સારે છે; અને તેથી આ ભૌતિક વિજ્ઞાનની શોધખોળોને દાબી દેવાને અધ્યાત્મશાસ્ત્રવેત્તાઓએ વખતોવખત કેવા પ્રયત્નો કર્યા છે, તેની પણ આપણ સૌને ખબર છે.

આ ઠેકાણે હું તમારી આગળ જગતશાસ્ત્ર અને તેને લગતા બીજા બધા વિષયો વિષે અમારા પૌર્વાત્ય લોકોના આધ્યાત્મિક વિચારો કેવા છે તેની ચર્ચા કરીશ; અને તે પરથી તમને જણાશે કે, અમારાં એ આધ્યાત્મિક સત્યો અર્વાચીનકાળની તમારી ભૌતિક વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધો સાથે કેવી અજબ રીતે મળતાં આવે છે. અને જ્યાં જ્યાં એવો મેળ ખાતો નહિ માલમ પડે, ત્યાં ત્યાં આધુનિક ભૌતિક વિજ્ઞાનની ઉણપ છે યાને એ મુદ્દાઓપર ભૌતિક વિજ્ઞાનને હજી શોધ કરવાની બાકી છે, અને નહિ કે અમારાં સત્યો ખોટાં છે; કુદરત અથવા પ્રકૃતિ એ શબ્દ તો આપણે બધાંજ વાપરીએ છીએ. પ્રાચીનકાળના સાંખ્યતત્ત્વવેત્તાઓ એને પ્રકૃતિ અને અવ્યક્ત એવાં બે જૂદાં જૂદાં નામોથી ઓળખાવતા. ‘પ્રકૃતિ’ એ અંગ્રેજી ‘નેચર’ કહેતાં કુદરત શબ્દને અધિકાંશ મળતો છે; ત્યારે ‘અવ્યક્ત’ એ એનું વધારે શાસ્ત્રીય નામ છે યાને પારિભાષિક શબ્દ છે. એ પ્રકૃતિ અથવા અવ્યક્તમાંથી અણુઓ, પરમાણુઓ અને મન, વિચાર તથા બુદ્ધિની શક્તિઓ પ્રગટે છે. હિંદુસ્થાનના તત્ત્વવેત્તાઓએ તથા માનવશાસ્ત્રવેત્તાઓએ યુગો પૂર્વે, મનને જડદ્રવ્યાત્મક કહીને ઓળખાવ્યું છે, એ જાણીને તમને અજાયબી ઉપજશે. વર્તમાન યુગના ચાર્વાક યાને અનાત્મવાદીઓ કિંવા જડવાદીઓ

પણ શેનો પ્રયત્ન કરી રહ્યા છે? એજ દેખાડવાનો કે, મન એ શરીરના જેટલીજ પ્રકૃતિની પેદાશ છે. અને એવીજ રીતે વખત જતાં આજ જડવાદીઓને મોઢે આપણે સાંભળીશું કે, વિચાર તથા બુદ્ધિ પણ અવ્યક્ત અથવા પ્રકૃતિમાંથી ઉદ્‌ભવી છે. અમારા સાંખ્ય-વેત્તાઓ પ્રકૃતિની વ્યાખ્યા, 'સત્ત્વ, રજસ અને તમસ નામે ઓળખાતી ત્રણ શક્તિઓનું સમતોલપણું' એવી કરે છે. કનિષ્ઠમાં કનિષ્ઠ શક્તિ જે તમસ, તે દેખીતી રીતે આકર્ષક યાને આગળ ખેંચનારી શક્તિ છે; તેના કરતાં જરા ચઢિયાતી રજસ શકિત એ પ્રતિસારક યાને પાછળ ઠેલનારી શકિત છે; અને સર્વોત્કૃષ્ટ જે સત્ત્વશકિત તે તમસ અને રજસ શકિતઓનું સમતોલપણું છે; તેથી જ્યારે આ આકર્ષક અને પ્રતિસારક બંને ઉભય શકિતઓ સત્ત્વશકિતના સંપૂર્ણ કાબુમાં હોય છે, ત્યારે સૃષ્ટિ જેવું અગર જગતમાં ગતિ જેવું કંઇજ હોતું નથી. આ સમતોલપણું ખોવાય છે અગર તેમાં કંઇ ખલેલ પહોંચે છે તથા તમસ ને રજસ એ બે શકિતઓમાંની એક શક્તિ ચઢી વાગે છે, ત્યારેજ ગતિનો સંચાર થાય છે અને સૃષ્ટિની શરૂઆત થવા માંડે છે. આવી ઘટના કલ્પે કલ્પે કે અમુક કાલાવધિએ થયા કરે છે. મતલબકે, એક કાલાવધિ સમતોલપણાના ક્ષોભનો કિંવા ખલેલનો આવે છે ત્યારે શકિતઓનું જોડાણ અને પુનર્જોડાણ થવા માંડે છે; એટલે સૃષ્ટિના પદાર્થોનું બહાર આગમન થાય છે. આની સાથે સાથેજ પ્રત્યેક વસ્તુનું વલણ પોતાની અસલ સમતોલપણાની સ્થિતિને પુનઃ પ્રાપ્ત થવાનું હોય છે, એટલે પાછો એક કાલાવધિ એવો આવે છે કે જ્યારે સકળ વ્યકતતાનો યાને સૃષ્ટિમાત્રનો સર્વાંશે ધ્વંસ કિંવા લય થઈ જાય છે. ફરી પાછું અમુક કાલાવધિ બાદ સૂક્ષ્મ સમષ્ટિમાં દખલ ઉત્પન્ન થાય છે, સ્થૂળસૃષ્ટિ બહાર પડે છે, અને પુનઃ ધીમે ધીમે મોજાંની માફક શમી જાય છે. દરેક ગતિ, તેમ જગતમાંની પ્રત્યેક ચીજ, ઉદય અને પતનના ક્રમને અનુસરતાં સાગરનાં મોજાંની સાથે સરખાવી શકાય. આમાં કેટલાક તત્ત્વવેત્તાઓ એમ માને છે કે, અમુક અવધિપર્યંત તો વિશ્વસમસ્ત શમી જાય છે; ત્યારે બીજા કેટલાક એમ માને છે કે, આ શાંતતા અથવા લયની ક્રિયા અમુક એક લોકનેજ લાગુ પડે છે; એટલે કે આપણી આ સૃષ્ટિ યાને સૌરસૃષ્ટિ શાંત પડીને અવ્યક્ત સ્થિતિમાં લય પામશે, ત્યારે લક્ષાવધિ બીજી સૃષ્ટિઓ એથી ઉલટા ક્રમને પ્રાપ્ત થશે—અર્થાત્ તેઓ વ્યક્તાવસ્થાને પામશે કિંવા પ્રગટ થશે. મને જો પૂછવામાં આવે તો તો હું આ બીજા અભિપ્રાય-નેજ મળતો થાઉં એટલે કે આ લયની ક્રિયા અખિલ બ્રહ્માંડમાં એક સમયાવચ્છેદે યાને એકી વખતે નથી બનતી અને જૂદા જૂદા ભાગોમાં જૂદો જૂદો પ્રકાર ચાલે છે. એ ગમે તેમ બનતું હોય

વિ. ૩૭

તેની સાથે અત્યારે આપણને કંઈ લેવા દેવા નથી; પરંતુ મુદ્દો તો બન્નેનો એકજ છે કે, આપણે જે જે કંઇ જોઇએ છીએ-એટલે કે પ્રકૃતિ સમસ્ત ઉદય અને અસ્તના અનુક્રમમાં પ્રગતિ કરે છે એ અસ્તક્રિયાને યાને સંપૂર્ણ સમતોલપણાની ભૂમિકાની પુનઃ પ્રાપ્તિને પ્રલય કિંવા કલ્પનો અંત કહેવામાં આવે છે. જગતની આ ઉત્પત્તિ અને પ્રલયની ક્રિયાઓને હિંદુસ્થાનના આસ્તિક અથવા ઈશ્વરવાદી લેખકોએ ઈશ્વરના શ્વાસોચ્છ્વાસની સાથે સરખાવી છે. એટલે કે ઈશ્વર જાણે કે ઉચ્છ્વાસદ્વારા સૃષ્ટિને બહાર કાઢે છે અને શ્વાસદ્વારા પાછી તેને અંદર ખેંચી લે છે. હવે પ્રશ્ન એ રહે છે કે, પ્રલયને અંતે જગતનું શું થાય છે? એનો જવાબ એવો છે કે, પ્રલયાંતે જગતનું અસ્તિત્વ સૂક્ષ્મતર રૂપમાં, અને સાંખ્યશાસ્ત્રની ભાષામાં કહીએ તો કારણમાં મોજુદ રહે છે. પ્રલયાંતે પણ જગત કાર્યકારણ તથા દેશ-કાળના ભાવોથી મુક્ત બનતું નથી પણ તેઓ તો જેમના તેમ રહે છે. તેથી પ્રલયાંતે જગત અતિ સૂક્ષ્મ અને બારીક રૂપને પ્રાપ્ત થાય છે એટલુંજ. હવે ધારો કે, આપણા સહવાસનો પ્રત્યેક પદાર્થ એક ક્ષુદ્ર પરમાણુ બની જાય ત્યાંસુધી આ આખું જગત સંકોચાવા માંડે છે, તો એ વસ્તુસ્થિતિમાં આપણને થઇ રહેલા પરિવર્તનનો મુદ્દલ ભાસ નહિ થાય. કેમકે આપણા સંબંધની પ્રત્યેક ચીજ એક સમયાવચ્છેદે યાને એકી વખતે સંકુચિત થતી હોય છે. એ રીતે બધુંજ વિશ્વ શમી જાય છે, અને ફરી પાછું પ્રગટ થાય છે; કારણ કાર્યને પ્રગટાવે છે, અને એ રીતે તે ચાલ્યાજ કરે છે.

વર્તમાન સમયમાં આપણે જેને 'મૅટર' કહેતાં જડ દ્રવ્યતરીકે ઓળખીએ છીએ, તેને પ્રાચીન કાળના તત્ત્વવિદો પંચમહાભૂતો યાને બાહ્ય મૂળ તત્ત્વો કહેતા. તેમના મત મુજબ એમાંનું એક મહાભૂત અથવા મૂળ તત્ત્વ શાશ્વત છે, અને બીજાં બધાંજ મહાભૂતો અથવા મૂળ તત્ત્વો આ શાશ્વત એક મહાભૂતમાંથીજ પ્રગટે છે. એ શાશ્વત મહાભૂતનું નામ આકાશ છે. એ આકાશનું મૂળ તત્ત્વ અર્વાચીન ભૌતિક વિજ્ઞાનીઓના 'ઈથર' તત્ત્વને આબેહૂબ તો નહિ પણ કંઇક મળતું છે. આ આકાશતત્ત્વની સાથે પ્રાણ નામે ઓળખાતી પ્રધાન શક્તિનું અસ્તિત્વ છે. એ પ્રાણ અને આકાશ વચ્ચે જોડાણ અને પુનર્જોડાણની ક્રિયાના પરિણામે બીજાં મહાભૂતો અથવા મૂળ તત્ત્વો પ્રગટ થાય છે. કલ્પાંતે બધુંજ શમી જઇને આ આકાશ અને પ્રાણમાંજ લીન થાય છે. મનુષ્યજાતિનો જૂનામાં જૂનો ગ્રંથ જે ઋગ્વેદ તેનો એક સુંદર અને અતિશય કાવ્યમય ફકરો સૃષ્ટિની ઉત્પત્તિનું બયાન કરતાં કહે છે કે "જયારે આ કે તે કશુંજ નહોતું, અને જયારે અંધકાર ઉપર અંધકારનો ગોટો પિંડો ખડકાયલો હતો, ત્યારે શું હતું?" અને એનો જવાબ આપતાં કહે છે કે "પ્રાણનું

અસ્તિત્વ ત્યારે **आनिद्वातम्** કહેતાં આંદોલનરહિત હતું." **અર્થાત્** કે તે વખતે આ પ્રાણશક્તિનું અસ્તિત્વ હતું તો ખરૂં, પણ તેમાં ગતિ નહોતી; કેમકે આંદોલનક્રિયા બંધ પડી હતી. તે પછી જ્યારે લાંબે કાળે કલ્પની શરૂઆત થાય છે, ત્યારે આ **आनिद्वातम्** યાને આંદોલનરહિત પ્રાણમાં આંદોલનનો આરંભ થાય છે અને આકાશ-પર તેના ફટકા પર ફટકા પડવા માંડે છે. એટલે આકાશના છૂટા પરમાણુઓ સંઘટ્ટ બને છે, અને જેમ જેમ તે સંગઠિત થતા જાય છે, તેમ તેમ વિવિધ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. સાધારણ રીતે આ બધી વાતોનું અન્ય ભાષામાં વિલક્ષણ રૂપાંતર થયેલું આપણા દીઠામાં આવે છે. ભાષાંતર કરતી વખતે લોકો તત્ત્વવેત્તાઓ કિંવા ભાષ્યકારોની મદદ નથી ગોતતા, અને મૂળ વાતોને તેમના યથાર્થ રૂપમાં સમજવા જેટલી તેમની મગજશક્તિ નથી હોતી. એક સાદો ભોળો માણસ સંસ્કૃત ભાષાના **क, ख, ग** વાંચતો થાય છે કે આખા ગ્રંથનું ભાષાંતર કરવા બેસી પડે છે. એવા ભાષાંતરકારોએ આ મૂળ તત્ત્વોને હવા, અગ્નિ, ઇત્યાદિ નામોએ ઓળખાવ્યાં છે; પણ જો તેઓએ કોઈ ભાષ્યકારની મદદ શોધી હોત, તો તેમને માલમ પડત કે, એમનો અર્થ હવા ઇત્યાદિ એવી જાતનું કંઈ, એવો નથી થતો.

પ્રાણના ઉપરાછાપરી આઘાતથી આકાશમાંથી વાયુ અથવા ગતિની ઉત્પત્તિ થાય છે. આ વાયુ આંદોલાયમાન બને છે, અને તેનાં આંદોલનો વધારે ને વધારે વેગવાન બનતાં તેમાં ઘર્ષણ ઉત્પન્ન થઇ પરિણામે તેમાંથી તેજ તત્ત્વ નીકળે છે. પછી આ તેજ એજ વિધિએ આપ કહેતાં પ્રવાહી તત્ત્વ પાણીમાં પરિણમે છે. પછી તે આપ એજ પ્રકારે ઘનત્વને પ્રાપ્ત કરે છે યાને નક્કર બને છે. હવે તમને સમજાયુંજ હશે કે, આરંભમાં આકાશ અને પ્રાણ હતાં. તેમાંથી અનુક્રમે વાયુ, તેજ ને આપની ઉત્પત્તિ થઈ, અને એ આપતત્ત્વ સંગઠિત થઇને સ્થૂળ જડદ્રવ્ય કહેતાં પૃથ્વી બની; અને એનો લય થાય છે ત્યારે બરાબર ઉલટા ક્રમમાં તે સમાતી જાય છે. અર્થાત્ કે તમામ ઘનદ્રવ્ય પ્રવાહી બની જશે, પછી બધા પ્રવાહી પદાર્થનું તેજ તત્ત્વમાં રૂપાંતર થઈ જશે, એ તમામ તેજ ગતિ કિંવા વાયુરૂપમાં પરિણમશે, અને એ વાયુ આકાશમાંશમી જતાં ગતિ બંધ પડી જઇને કલ્પનો અંત આવે છે. તે પછી કાલાવધિએ વિશ્વ-ચમત્કાર પાછો પ્રાદુર્ભૂત થશે અને પાછો આકાશમાં લીન થઈ જશે. જગતમાં ગતિ, આંદોલન અથવા વિચારના રૂપમાં આપણને જે જે કંઇ જણાય છે, તે તે બધુંજ એ પ્રાણનું અથવા મહત્તત્ત્વનું રૂપાંતર છે અને પ્રત્યેક વસ્તુ કે જેને આપણે આકાર કે અંતરાય જેવા જડપદા-ર્થના રૂપમાં જોઇએ છીએ, તે તે બધીજ એ આકાશનું રૂપાંતર છે.

પ્રાણથી એકલાથી રહી શકાતું કે કોઇ સાધનની ગેરહાજરીમાં ક્રિયમાણ થઈ શકાતું નથી. જ્યારે તે નર્યો નિર્ભેળ પ્રાણજ હોય છે, ત્યારે તેને આકાશમાંજ રહેવું પડે છે; અને જ્યારે તે ગુરુત્વાકર્ષણ કે કેન્દ્રત્યાગી જેવી પ્રકૃતિની શક્તિઓમાં રૂપાંતર પામે છે, ત્યારે એના વાસ માટે જડદ્રવ્યની અપેક્ષા રહે છે. જડરહિત શક્તિનાં અગર શક્તિરહિત જડનાં આંખોવડે તમને કદાપિ દર્શન થતાં નથી. જેને આપણે શક્તિ અને જડતત્ત્વ કહીએ છીએ, તેઓ આ પ્રાણ અને આકાશનાજ સ્થૂળ આવિર્ભાવો માત્ર છે, એટલે જ્યારે તેઓ સૂક્ષ્મતર બને છે ત્યારે પ્રાણ અને આકાશતરીકે ઓળખાય છે. પ્રાણને તમે અંગ્રેજીમાં 'લાઇફ' કહેતાં જીવન અથવા ચૈતન્યશક્તિ કહી શકો; પણ એ શબ્દનો અર્થ મનુષ્યપ્રાણના ભાવમાં સંકુચિત નથી કરવાનો, તેમ આત્માના ભાવમાં પણ તે નથી સમજવાનો. આ પ્રમાણે સૃષ્ટિનો ક્રમ અવ્યાહત (ખંડિત થયા વિના) સદા સર્વદા ચાલ્યાજ કરે છે. અર્થાત્ સૃષ્ટિને આદિ કે અંત બેમાંથી એકે હોઈ શકે નહિ; કેમકે સૃષ્ટિ એ તો એક અખંડ વ્યાપાર છે.

હવે હું પ્રાચીન માનસશાસ્ત્રીઓના બીજા સિદ્ધાંતની ચર્ચાપર આવું છું. એ સિદ્ધાંત એવો છે કે, તમામ સ્થૂળપદાર્થો માત્ર સૂક્ષ્મપદાર્થના પરિણામરૂપજ છે.

તેઓ કહે છે કે, પ્રત્યેક સ્થૂળ વસ્તુ સૂક્ષ્મ વસ્તુની બનેલી છે. એ સૂક્ષ્મ વસ્તુઓને તેઓ તન્માત્રા એટલે સૂક્ષ્મ અણુઓનું નામ આપે છે. દાખલાતરીકે, એક પુષ્પ હું સુંઘું છું. એ સુંઘવાની ક્રિયા માટે કોઇ ચીજ મારા નાકના સંસર્ગમાં આવવીજ જોઇએ. હાથમાં ફૂલ તો છે, પણ તેમાંથી તો હું મારા તરફ કશુંજ આવતું હોય એમ આંખોવડે જોતો નથી; છતાં સુવાસ તો આવે છેજ. તેથી જે કંઇક ફૂલમાંથી નીકળીને મારા નાકના સંસર્ગમાં આવે છે તે વસ્તુને તન્માત્રા કહેવાય છે. અર્થાત્ એ પુષ્પની તન્માત્રા એટલે કે પુષ્પનાં ઝીણાં અણુઓ અથવા રજકણો. એવીજ રીતે તાપ, પ્રકાશ વગેરે પ્રત્યેક વિષયમાં સમજી લેવાનું છે. આ તન્માત્રાઓના અણુઓ પાછા પરમાણુઓમાં પેટાવિભક્ત થઇ શકે છે. ભિન્ન ભિન્ન તત્ત્વવેત્તાઓના ભિન્ન ભિન્ન મત (માન્યતા) હોય છે, અને આપણે જોઇએ છીએ કે, એ કેવળ મત અથવા માન્યતાજ હોય છે. હાલ તો આપણા ઉદ્દેશ માટે એટલુંજ જાણવું બસ છે કે, પ્રત્યેક સ્થૂળ વસ્તુ અત્યંત સૂક્ષ્મ વસ્તુઓની બનેલી છે. શરૂઆતમાં સ્થૂળપદાર્થોની આપણને પ્રાપ્તિ થાય છે. તેમને આપણે બહારથી જોઈ જાણી શકીએ છીએ. તે પછી તે તે પદાર્થનાં સૂક્ષ્મ મૂળતત્ત્વો (અર્થાત્ અણુ કે પરમાણુઓ) આપણાં નાક, કાન અને આંખોના સંસર્ગમાં આવે છે, એટલે તે તે પદાર્થનો અનુભવ આપણને થાય છે. ઇથર-

નાં મોજાં મારી આંખોના સંસર્ગમાં આવે છે. તે મારાથી જોઇ શકાતાં નથી, છતાં મને ખબર તો છેજ કે, હું પ્રકાશને દેખી શકું તે પૂર્વે મારી આંખના સંસર્ગમાં એ ઇથિરનાં મોજાં આવવાંજ જોઇએ.

આ આંખો જેમની તેમ રહે, છતાં તેનાથી જોવાનું કામ થઈ શકે નહિ. મસ્તિષ્કના કેન્દ્રને જો તમે ખસેડી મૂકો, તો આંખો તેમજ બાહ્યજગતનું દશ્ય તેના પડદાપર જેમનાં તેમ કાયમ રહેવા છતાં, આંખોથી જોવાનું કામ નહિ બને. તેથી આંખો એ તો જોવાની ક્રિયાનું એક ગૌણ સાધન છે; ખરી દષ્ટિઇંદ્રિય નથી. દષ્ટિની ઇંદ્રિય એ તો મગજમાં આવેલું એક જ્ઞાનતંતુનું કેન્દ્ર છે. એવીજ રીતે આ નાક એ પણ બાહ્યસાધન છે, અને તેની પાછળ ઇંદ્રિય અથવા કેન્દ્ર રહેલું છે. આ ઇંદ્રિયો અથવા જ્ઞાનતંતુઓ અનુભવ અથવા જ્ઞાનનાં પ્રકૃત ધામ છે, એમ કહેવાય ખરૂં.

જ્ઞાનાનુભવ માટે ઇંદ્રિયો સાથે મનનું જોડાણ થવું અનિવાર્ય છે. એ તો એક સાધારણ અનુભવની વાત છે કે, આપણે જ્યારે કોઇ ગહન અભ્યાસમાં તલ્લીન થયાં હોઇએ છીએ, ત્યારે આપણાજ ખંડમાં વાગતા ઘડિયાળના ટકોરા આપણા સાંભળ્યામાં નથી આવતા. કેમ વારૂ એમ થતું હશે ? કાન તો જેમના તેમ સાબુત હતા. તેનાદ્વારા ટકોરાના અવાજ મગજને પહોંચ્યા છતાં મન શ્રવણેન્દ્રિય-ની સાથે નહિ જોડાવાથી સાંભળવાની ક્રિયા આપણાથી થઈ શકી નહિ.

દરેક કરણ અથવા સ્થૂળ ઇંદ્રિયરૂપી સાધનને નિરનિરાળી ઇંદ્રિય અથવા કેન્દ્ર હોય છે. કારણ કે એકજ ઇંદ્રિય અથવા કેન્દ્રથી જો કામ સરતું હોત, તો તો આપણને એવો અનુભવ થાત કે મનનું તે એક કેન્દ્રની સાથે જોડાણ થતાં બધાંજ કરણો એકસરખી રીતે કામ કરવા મંડી પડતાં હોત. પરંતુ તેમ થતું નથી, એવું આપણે ઉપરના ઘડિયાળના દાખલાપરથી જોઈ શક્યાં છીએ. બધાં કરણો માટે કેન્દ્ર અથવા ઇંદ્રિય જો એકજ હોત, તો તો મન જોવાનું તથા સાંભળવાનું કામ, તેમ સાંભળવાનું ને સુંઘવાનું કામ એકી સાથે કરી શકત; અને અત્યારે એ બધાં કામો એકી સાથે કરવા તે અસમર્થ છે તેમ ન હોત. તેથી એ વાત આવશ્યક ઠરે છે કે, દરેક સ્થૂળ ઇંદ્રિય માટે સૂક્ષ્મ ઇંદ્રિય અથવા કેન્દ્ર જૂદી જૂદી હોવી જોઇએ. અમારી આ પ્રાચીન આધ્યાત્મિક શોધનું અર્વાચીન પ્રાણી-શાસ્ત્ર સમર્થન કરે છે. હવે કોઈ કહેશે કે, જોવા તથા સાંભળવા-ની બન્ને ક્રિયા મન એકી વખતે કરી શકે છે. પરંતુ યાદ રાખો કે, તેવે પ્રસંગે મન આંખ તથા કાનનાં ઉભય કેન્દ્રો સાથે ઓછું વત્તું સંયોજિત થાય છે—જોડાય છે, તેથીજ તેમ થઈ શકે છે.

હવે, સવાલ એ ઉભો થાય છે કે, આ સૂક્ષ્મ ઇંદ્રિયો શેની બનેલી છે ? આપણે જોયું છે કે, આ આંખ, કાન, નાક

વગેરે સ્થૂળ કરણો સ્થૂળ જડતત્ત્વમાંથી બનેલાં છે. તેવી રીતે આ સૂક્ષ્મ ઈંદ્રિયો પણ જડતત્ત્વમાંથીજ બની છે. જેવી રીતે આ સ્થૂળ-શરીર સ્થૂળદ્રવ્યનું બને છે અને પ્રાણનું સ્થળશક્તિઓમાં રૂપાંતર કરે છે, તેવી રીતે સૂક્ષ્મ ઈંદ્રિયો આકાશ, વાયુ, તેજ વગેરે સૂક્ષ્મ મહાભૂતો અગર મૂળતત્ત્વોમાંથી બને છે, અને પ્રાણને સૂક્ષ્મ જ્ઞાન-શક્તિઓ યાને ઈંદ્રિયોમાં રૂપાંતર કરે છે. આ સૂક્ષ્મ ઈંદ્રિયો, પ્રાણની શક્તિઓ, તથા મન અને બુદ્ધિ—એ ચારના સમુદાયને મનુષ્યનું લિંગશરીર કિંવા સૂક્ષ્મશરીર કહે છે. એ લિંગશરીરને વાસ્તવ આકાર હોય છે, કેમકે સિદ્ધાંત મુજબ જડાત્મક પ્રત્યેક વસ્તુને આકાર હોવોજ જોઇએ.

મનને સંસ્કૃતમાં મનસ્ કહેવામાં આવે છે. મનસ્ એટલે વૃત્તિસ્થ અથવા આંદોલાયમાન કે ચંચળ ચિત્ત. જો કોઈ તળાવમાં તમે એક પથરો ફેંકશો, તો પ્રથમ તો આંદોલન થશે અને પછીથી પ્રતિરોધની ક્રિયા થશે. પળેક વાર પાણીમાં આંદોલનો ઉઠશે, અને તે પછી પાણી પેલા પથરાપર પ્રતિક્રિયા કરશે. તેવી રીતે જ્યારે કોઈ બાહ્યવિષયની છાપ ચિત્તપર આવે છે, ત્યારે તે પ્રથમ જરાક આંદોલાયમાન થાય છે. એવી રીતનું આંદોલાયમાન થતું ચિત્ત તેનુંજ નામ મનસ્. બાહ્યછાપને મન આગળ અંદરના ભાગમાં લઇ જાય છે, અને નિર્ણાયક શકિત જે બુદ્ધિ તેની સમક્ષ રજુ કરે છે; એટલે બુદ્ધિ પ્રતિક્રિયા કરે છે. એ બુદ્ધિની પાછળ અહંકારનું સ્થાન છે. અહંકાર એટલે સ્વભાન કે જે 'હું, હું' કર્યા કરે છે. એ અહંકારની પૂંઠે મહત્‌નું સ્થાન છે. મહત્ એટલે સમજ, અક્કલ કે ચતુરાઇ હોઇ તેનું સ્થાન પ્રકૃતિની સૃષ્ટિમાં ઉંચામાં ઉંચું છે. આ મન, બુદ્ધિ વગેરે પ્રત્યેક પદાર્થ તેના પછીનાનું પરિણામ અથવા કાર્ય છે. તળાવની બાબતમાં જેમ પ્રત્યેક આઘાત બાહ્ય-જગતમાંથી આવે છે, તેમ મનની બાબતમાં બાહ્ય અગર આંતરિક, બેમાંથી ગમે તે એક જગતમાંથી આઘાત આવે છે. મહત્‌ની પાછળ માનવ આત્મા જેને પુરુષ કહે છે, તેનું સ્થાન છે. એ પુરુષ શુદ્ધ,સંપૂર્ણ એકમ્ અદ્વિતીયમ્ સાક્ષી અથવા દ્રષ્ટા હોઇ તેને અનુ-લક્ષીનેજ આ બધું પરિવર્તન ચાલી રહ્યું છે.

પુરુષ આ બધાં પરિવર્તનોને કિંવા ફેરફારોને નિહાળે છે, તે પોતે કદાપિ અપવિત્ર કે અશુદ્ધ નથી, પણ વેદાંતીઓ જેને **અધ્યાસ** કહી ઓળખાવે છે તે અધ્યાસ કિંવા પ્રતિચ્છાયા કે ફલિતાર્થથી તે અપવિત્ર કિંવા અશુદ્ધ જણાય છે. કોઇ બિલોરની આગળ એકાદ ભૂરૂં કે રાતું ફૂલ ધરવામાં આવે ત્યારે બિલોરનો જેવો દેખાવ થાય છે, તેવોજ આ દેખાવ માત્ર છે. ફૂલનો રંગ બિલોર-માં પ્રતિબિંબિત થાય છે, તેથી બિલોર રંગીન હોવાનો ભાસ

થાય છે; બાકી બિલોર તો વસ્તુતઃ નિરંગી યાને સ્વચ્છ હોય છે. તેવીજ રીતે આ પુરુષના સંબંધમાં પણ સમજવાનું છે. જીવાત્મા અનેક છે અને તે દરેક વિશુદ્ધ અને સંપૂર્ણ છે, એ વાત આપણે માન્ય ગણી લઈશું. એની નિર્મળ સપાટીપર નાનાવિધ સ્થૂળ તેમજ સૂક્ષ્મ જડાત્મક તત્ત્વોનાં પ્રતિબિંબ આપોઆપ આવીને પડે છે, અને તેને અનેકરંગી બનાવે છે. કુદરત અથવા પ્રકૃતિ આમ કેમ કરે છે વારૂ? તો કે જીવાત્માના વિકાસમાટેજ પ્રકૃતિ આ બધાં પરિવર્તનોમાંથી પસાર થાય છે; તેમ આ બધું સૃષ્ટિકાર્ય પણ જીવાત્માના ભલા માટે થાય છે, કે જેથી તે કોઇ રીતે મુક્ત બને. આ જગતરૂપી પ્રચંડ પુસ્તક મનુષ્યની આગળ વાંચન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે; તે વાંચતાં પરિણામે એને માલમ પડે છે કે, એ પોતેજ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન અસ્તિત્વ છે. આ ઠેકાણે મારે તમને કહી દેવું જોઇએ કે, અમારા કેટલાક સર્વોત્કૃષ્ટ પંક્તિના અધ્યાત્મવેત્તાઓ, તમે લોકો જે અર્થમાં ઇશ્વરમાં માનો છો, તે અર્થમાં ઇશ્વરને નથી માનતા. અમારી અધ્યાત્મવિદ્યાના પિતા ભગવાન કપિલ મુનિનો મત એવો છે કે, પૌરુષેય સગુણ ઇશ્વરનો ભાવ બિલકુલ અનાવશ્યક છે; કેમકે પ્રકૃતિ એકલીજ આખું સર્જનકાર્ય કરવાને પૂરતી છે. જેને 'ડીઝાઇન થીઅરી' યાને યોજનાવાદ અથવા હેતુવાદ કહેવામાં આવે છે, તેના માથાપર તો તેઓ ખૂબ હથોડા મારીને કહે છે કે, એના જેવો નાદાનીભર્યો વાદ કદાપિ મોખરે કરવામાં નહિ આવ્યો હોય. આમ છતાં પણ તેઓ ઇશ્વરના એક વિલક્ષણ પ્રકારમાં માને છે. તેઓશ્રી કહે છે કે, આપણે બધાંજ મુક્તાવસ્થાને પ્રાપ્ત થવા મથી રહ્યાં છીએ; અને જ્યારે તે આપણને પ્રાપ્ત થાય છે, ત્યારે આપણે જાણે પ્રકૃતિમાં પીગળી જઇએ છીએ, અને બીજા કલ્પના આરંભમાં તેમાંથી પ્રગટ થઇ તેના શાસક બનીએ છીએ. આપણે તેમાંથી સર્વજ્ઞ અને સર્વશક્તિમાન અસ્તિત્વોતરીકે પ્રગટ થઇએ છીએ. એ અર્થમાં આપણે ઇશ્વરો પણ કહેવાઈ શકીએ. એ રીત મુજબ તો તમે ને હું અને બીજાં નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રતિનાં પ્રાણીઓ પણ જૂદા જૂદા કલ્પોમાં ઇશ્વરો થઇ શકે છે. પણ આગળ તેઓશ્રી કહે છે કે, આવો ઇશ્વર તે કલ્પ પૂરતોજ હોય છે; શાશ્વત સર્વશક્તિમાન અને જગતનો શાશ્વત નિયંતા હોય એવો શાશ્વત ઇશ્વર તો હોઇ શકેજ નહિ. એવા શાશ્વત ઇશ્વરનું અસ્તિત્વ માનીએ, તો તેમાં આ અડચણ નડે છેઃ તે કાં તો બદ્ધ આત્મા હોવો જોઇએ કે મુક્ત આત્મા હોવો જોઇએ. હવે જે ઇશ્વર સર્વાંશે મુક્ત હોય તે તો સર્જનકાર્ય કરે નહિ. કેમકે તેને તેમ કરવાની કંઇ આવશ્યકતા નથી. હવે જો તે બદ્ધ હોય તોપણ તે સર્જનકાર્ય નહિ કરે.

કેમકે તેમ કરવા તે અશક્ત હશે. તેથી એવું ઠરે છે કે, બેમાંથી એકે રીતે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એવા શાશ્વત શાસ્તાનું અસ્તિત્વ સંભવિત નથી. કપિલ મુનિના મત મુજબ તો આપણાં શાસ્ત્રોમાં જ્યાં જ્યાં ઈશ્વરનું નામ આવે છે, ત્યાં ત્યાં તે શબ્દ-થી મુક્ત થયેલા માનવ આત્માઓજ સમજવાના છે.

વળી કપિલદેવ તો જીવાત્માઓની એકતામાં પણ નથી માનતા. એ બાબતમાં તેમનું પૃથક્કરણ જે સ્થિતિમાં મળી આવે છે તે સ્થિતિમાં તો કેવળ અદ્દ્ભુત છે. કપિલ ભગવાન ભારતવર્ષીય વિચારકોના પિતા હોઇને બૌદ્ધધર્મ અને બીજા પંથો તેમનાજ વિચારના પરિણામરૂપ છે.

કપિલદેવના અધ્યાત્મશાસ્ત્ર પ્રમાણે તો બધાજ જીવાત્માઓ પોતપોતાની મુક્તાવસ્થા તથા સર્વશક્તિમત્તા ને સર્વજ્ઞતાના સ્વાભા-વિક હક્કો પુનઃ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ પ્રશ્ન એ ઉઠે છે કે, આ બંધન આવે છે ક્યાંથી ? કપિલ કહે છે કે, આ બંધન અનાદિ છે. પણ જો તે અનાદિ હોય, તો તો તે અનંત પણ હોવું જોઇએ; અને એમ હોય તો તો આપણે કોઈ કાળે પણ મુક્ત થઇ શકીએ નહિ. આના સમાધાનમાં એ કહે છે કે, બંધન જોકે અનાદિ છે, તોપણ તે અનાદિપણું આત્માના સંબંધમાં જેવું છે તેવું નિત્ય સમાન લક્ષણ-વાળું નથી. બીજા શબ્દોમાં કહીએ તો બંધનનું કારણ જે પ્રકૃતિ તે અનાદિ ને અનંત છે, પણ આત્મા જે અર્થમાં અનાદિ ને અનંત છે, તે અર્થમાં નહિ. કારણ કે પ્રકૃતિને પોતાનું વ્યક્તિત્વ નથી–પ્રકૃતિ એ તો પ્રત્યેક પળે પાણીનો નવો જથ્થો મેળવનારી નદીના જેવી છે. પાણીના આ બધા જથ્થાઓની સમષ્ટિ તે નદી છે, પણ નદી એ પોતે એક સ્થિર જથ્થો નથી; તેવી રીતે પ્રકૃતિ-માંનું બધુંજ સદા બદલાયા કરે છે, પણ આત્મા કદાપિ બદલાતો નથી. આથી સિદ્ધ થાય છે કે, પ્રકૃતિ નિત્યપરિવર્તનશીલ હોવાથી આત્માને તેના બંધનમાંથી મુક્ત થવાનો સંભવ છે.

આ વિરાટ જગતના એક અંશનું બંધારણ જે યોજનાપર થયેલું છે, તેજ યોજનાપર જગત સમસ્તનું બંધારણ થયેલું છે; તેથી જેવી રીતે મારે એક મન છે તેવી રીતે જગતને પણ એક મન છે. જેવું વ્યષ્ટિમાં તેવુંજ સમષ્ટિમાં. મારે જેમ એક સ્થૂલ શરીર, ને તેની પાછળ સૂક્ષ્મ શરીર છે; તેમ જગતને પણ એક વિરાટ સ્થૂલ-શરીર અને તેની પાછળ બીજું એક વિરાટ સૂક્ષ્મશરીર છે. એ વિરાટ સૂક્ષ્મશરીરની પાછળ વિરાટ મન અને તેની પાછળ વિરાટ અહંકારનું તથા એ વિરાટ અહંકારની પાછળ વિરાટ ચૈતન્યનું અસ્તિત્વ છે અને પ્રકૃતિનો આ બધોજ આવિર્ભાવ પ્રકૃતિની અંદર છે, અને નહિ કે તેની બહાર.

આપણા સ્થૂલદેહો તેમજ ચૈતન્ય આપણને આપણાં માબાપ

તરફથી વારસામાં મળેલાં છે. કડક વારસાવાદ પ્રમાણે તો મારૂં શરીર એ મારાં માબાપનાં શરીરોનો એક અંશ છે, તેમજ મારાં ચૈતન્ય અને અહંકાર પણ મારાં માબાપનાં ચૈતન્ય અને અહંકારનો અંશ છે. માબાપ તરફથી વારસામાં મળેલા એ નાના ભાગમાં આપણે વિરાટ ચૈતન્યમાંથી બીજું જોઇએ તેટલું ઉપાડીને ઉમેરો કરી શકીએ. પ્રકૃતિમાં ચૈતન્યનો અનંત ભંડાર ભરેલો હોઇ તેમાંથી આપણને જરૂર પૂરતું મળ્યા કરે છે. તેવીજ રીતે માનસિક શકિતનો પણ અનંત ભંડાર વિશ્વમાં ભરેલો છે, તેમાંથી પણ આપણને નિરંતર જોઇએ તે પ્રમાણમાં મળ્યા કરે છે. પરંતુ તેનું મૂળબીજ તો આપણને માબાપ તરફથીજ મળવું જોઈએ.

પુનર્જન્મયુક્ત વારસાવાદ એ અમારો સિદ્ધાંત છે. વારસાના કાયદા મુજબ, પુનર્જન્મને પ્રાપ્ત થતા જીવાત્માને મનુષ્ય બનવા પૂરતું જડ દ્રવ્ય માબાપ તરફથી મળી રહે છે.

કેટલાક યૂરોપીયન તત્ત્વવેત્તાઓએ પ્રતિપાદન કર્યું છે કે, આ દુનિયાનું અસ્તિત્વ છે. કેમકે મારૂં અસ્તિત્વ છે, અને મારૂં અસ્તિત્વ જો બંધ પડે તો દુનિયાનું પણ બંધ પડશે. **"આપ મુઆ પિછે ડૂબ ગઈ દુનિયા"** એવું કેટલીક વાર કહેવામાં આવે છે. જગતનાં બધાં લોકો મરી જાય અને અનુભવ તથા ચૈતન્યશક્તિવાળાં મનુષ્યપ્રાણીઓ તથા પશુપ્રાણીઓનું અસ્તિત્વ નાબુદ થઈ જાય, તો આ બધાજ વ્યકત ભાવો અદૃશ્ય બની જાય. પરંતુ આ યૂરોપીયન તત્ત્વવેત્તાઓને જો કે મૂળ સિદ્ધાંત હાથ લાગ્યો છે, તોપણ હજી તેમને તેના અધ્યાત્મશાસ્ત્રની સમજ નથી પડી. અર્વાચીન તત્ત્વવિદ્યાને હજી તેની કંઇક ઝાંખી માત્ર થઈ છે. સાંખ્યના દૃષ્ટિબિંદુથી જોતાં આ સત્ય સમજાવું સહેલ થઈ જાય છે. એ બાબતમાં સાંખ્યનો મત એવો છે કે, જે કશાકની અંદર મારા મનનો અલ્પાંશ પણ તેના જડ દ્રવ્યતરીકે નથી હોતો, તે કશાકનું અસ્તિત્વ હોવું અશકય હોય છે. આ મેજનું જ્ઞાન મને જેવી સ્થિતિમાં તે છે તેવી સ્થિતિમાં પરબારૂંજ નથી થતું. પ્રથમ તો તેની છાપ મારી આંખો પાસે આવે છે, ત્યાંથી પછી ઈંદ્રિય પાસે જાય છે, ત્યાંથી મન પાસે અને મન પાસેથી બુદ્ધિ પાસે જાય છે, અને બુદ્ધિ પ્રતિક્રિયા કરે છે; તથા જેને હું મેજ કહું છું તે આ પ્રતિક્રિયાનું પરિણામ છે. આ ઘટના તળાવમાં પથરો ફેંકવાની ઘટનાને મળતી છે. તળાવ તેમાં પડતા પથ્થર તરફ એક મોજું ફેંકે છે; આપણે જે જાણીએ છીએ તે આ મોજુંજ છે. બહાર શું છે તેની કોઇને ખબર નથી હોતી. જયારે હું તેને જાણવાનો પ્રયત્ન કરૂં છું, ત્યારે મારી આંખ જે દ્રવ્ય તેને પૂરૂં પાડે છે તે રૂપે તેને બનવું પડે છે. મેં મારા મનવડે મારી આંખોને

તે દ્રવ્ય પૂરૂં પાડયું છે. બહારની બાજુ નિમિત્ત કે ઇસારા જેવું કંઇક હોય છે, અને એ નિમિત્ત કે ઇસારાને આધારેજ હું મારા મનની યોજના ઘડું છું અને તે યોજનાજ મને દેખાય છે તે રૂપમાં પરિણત થાય છે. વારૂ, એમ છે તો પછી આપણે બધાંજ વસ્તુઓને એકજ સરખા રૂપમાં કેમ કરી જોઇએ છીએ ? તો કે આપણુ સૌની અંદર જગદ્વ્યાપી કિંવા વિરાટ મનના એકસમાન અંશો છે તેથી. જેમને એકસમાન મન હોય છે, તેમને બધી વસ્તુઓ એકસમાન દેખાય છે, અને જેમનાં મન એકસમાન નથી હોતાં તેમને વસ્તુઓ પણ એકસમાન રૂપમાં નથી દેખાતી.



२६—सांख्यदर्शन विषे विचार

પ્રકૃતિને સાંખ્યદર્શનવેત્તાઓ અભિન્ન કહી ઓળખાવે છે, અને તેની અંદર આવેલાં દ્રવ્યોનું સંપૂર્ણ સમતોલપણું તેનું નામ પ્રકૃતિ, એવી તેની વ્યાખ્યા કરે છે. આ વ્યાખ્યાપરથી સ્વાભાવિક રીતેજ સિદ્ધ થાય છે કે, સંપૂર્ણ સમતોલપણાની દશામાં તો ગતિજ હોઇ શકે નહિ; તેથી આવિર્ભાવ પહેલાંની આરંભિક દશામાં, જ્યારે ગતિ નામે નહોતી પણ સંપૂર્ણ સમતોલપણું હતું ત્યારે આ પ્રકૃતિ અવિનાશી હતી. કેમકે લય કિંવા મૃત્યુની ઉત્પત્તિ અસ્થિરતા અથવા પરિવર્તનમાંથી થાય છે. વળી સાંખ્યદર્શનના મત મુજબ અણુઓ એ પ્રકૃતિની આરંભિક દશા નથી. આ જગત પરમાણુઓમાંથી ઉદ્‌ભવતું નથી; પણ એ પ્રકૃતિની બીજી કે ત્રીજી અવસ્થા હશે. પ્રકૃતિનું જે સાથી આદિ દ્રવ્ય તેના અણુઓ બને છે, અને તે અણુઓ નાના મોટા પદાર્થોરૂપે પરિણમે છે. અર્વાચીન વૈજ્ઞાનિક શોધો પણ જ્યાંલગી થઇ છે ત્યાંલગી આજ નિર્ણય બતાવતી હોય એમ લાગે છે. દાખલાતરીકે ઇશ્વરના સિદ્ધાંતમાં તમે જો એમ કહો કે, તે અણુઓનો બનેલો છે, તો તેથી કશાનો નિકાલ આવી શકશે નહિ. વધારે ચોખવટ માટે હવાનો દાખલો લઇએ. માનો કે, હવા અણુઓની બનેલી છે. અને આપણે એ તો જાણીએજ છીએ કે, ઈથરની સર્વભેદક અને સર્વવ્યાપી હાજરી સર્વત્ર છે; તેમ આપણને એ પણ ખબર છે કે, આ હવાનાં અણુઓ, જાણે હવામાં તરી રહ્યાં છે. હવે જો ઇથર પણ અણુઓનો બનેલો હોય, તો ઈથરના પ્રત્યેક બે અણુઓ વચ્ચે હજી પણ ખાલી સ્થાન અથવા અવકાશ હોવો જોઇએ. એ અવકાશ કોણ પૂરે છે? આના જવાબમાં જો તમે કહો કે, સૂક્ષ્મતર બીજા ઇથરનું અસ્તિત્વ છે ને તે એ કામ કરે છે, તો પાછો એનો એજ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે, એ સૂક્ષ્મતર ઇથરનાં અણુઓ વચ્ચે પણ અવકાશ હશે તે શાથી પૂરાતો હશે? અને એ જાતની પ્રશ્નપરંપરાનું પરિણામ સાંખ્યદર્શનવેત્તાઓના મત મુજબ 'શૂન્યતા તરફ દોરી લઇ જનાર કારણ' આવશે. તેથી અણુવાદથી એ અંતિમ ઉકેલ પ્રાપ્ત થઇ શકે તેમ નથી. સાંખ્યના મત મુજબ, પ્રકૃતિ એ એક સર્વવ્યાપીપણાનો ઢગલો છે, ને તેની અંદર વસ્તુમાત્રનાં

અસ્તિત્વનાં કારણ મોજુદ છે. કારણ એટલે વ્યક્ત દશાની સૂક્ષ્મ દશા કે સંકુચિત દશા; એટલે કે જે એક વાર વ્યક્ત થયેલું હતું તેની સૂક્ષ્મતર ને સૂક્ષ્મતર થઇ ગયેલી દશા. વિનાશ શબ્દનો શો અર્થ કરો છો ? વિનાશ એટલે કારણમાં પરાવર્ત થવું યાને કારણમાં પુનઃ લય પામવું એજ, બીજું કંઈ નહિ. તમારી પાસે એકાદ માટીનું વાસણ હોય અને તેને જો તમે એકાદ ફટકો મારો છો, તો તેનો નાશ થાય છે. આ નાશનો અર્થ એટલોજ થાય છે કે, એ માટીના ઘટનાં કારણો તેમના પોતપોતાના અસલ સ્વભાવમાં પરિણુત થાય છે યાને જે દ્રવ્યોમાંથી તે માટીના વાસણની ઉત્પત્તિ થઇ હતી, તે દ્રવ્યો તેમની અસલ સ્થિતિને પ્રાપ્ત થાય છે. વિનાશના આ ખ્યાલ ઉપરાંત 'સમૂળો ઉચ્છેદ' જેવો અન્ય કોઇ પણ ખ્યાલ દેખીતોજ અર્થહીન અને બેહૂદો છે. અર્વાચીન ભૌતિક વિજ્ઞાનથી પણ આ વાત સાબીત કરી દેખાડાય એમ છે કે, નાશ એટલે કારણમાં પાછા લીન થઈ જવું તે. અર્વાચીન વિજ્ઞાનને આ સત્યનો હજી હમણાંજ પત્તો લાગ્યો છે; ત્યારે એજ સત્યનો ઉલ્લેખ અમારા કપિલમુનિએ કંઇ જમાનાઓ પૂર્વે કરેલો છે–અર્થાત્ કે સૂક્ષ્મતર રૂપમાં પાછા પરિણુત થવું એનુંજ નામ નાશ છે. નાશ શબ્દનો એથી વિશેષ કંઈજ ભાવાર્થ નથી. જડ દ્રવ્ય અવિનાશી છે, એ પ્રયોગશાળામાં કેવી રીતે સિદ્ધ કરી દેખાડાય છે તેની તો તમને ખબરજ છે. તેથી આપણા જ્ઞાનની વર્તમાન ભૂમિકાએ કોઈ શખ્સ ઉભો થઇને કહે કે, જડદ્રવ્ય અથવા આ આત્માનો ઉચ્છેદ થાય છે, તો તે શખ્સ એ કથનથી પોતાને કેવળ હાસ્યાસ્પદજ કરી મૂકશે. કેવળ અભણ અને ગમાર લોકોજ આ જગતમાં એવી દરખાસ્ત રજુ કરે છે. કારણ કે વર્તમાન વિજ્ઞાનની આ શોધ શિક્ષિતવર્ગને તો સુવિદિતજ છે. અને કેવી આશ્ચર્યની વાત છે કે, આ વર્તમાન જ્ઞાનનો તે પ્રાચીન કાળના તત્ત્વવેત્તાઓના જ્ઞાન સાથે સાંગોપાંગ મેળ ખાય છે ! સત્યની બાબતમાં તેમ હોવુંજ જોઇએ. એ તો સત્યની સાબીતી છે. પ્રાચીનકાળના તત્ત્વવેત્તાઓએ મનને પાયાતરીકે સ્વીકારી પોતાની શોધ આગળ ચલાવી હતી; અને આ જગતના માનસિક અંશનું પૃથક્કરણ કરીને તેમણે અમુક સિદ્ધાંતો નિશ્ચિત કર્યા હતા, અને તેજ સિદ્ધાંતોપર વર્તમાનકાલીન ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીઓ જગતના શારીરિક કિંવા સ્થૂળ અંશનું પૃથક્કરણ કરતાં કરતાં આવવા લાગ્યા છે અને આવવુંજ જોઇશે; કારણ કે બન્ને ક્ષેત્રથી શરૂ થયેલી શોધ એકજ કેન્દ્ર કહેતાં સત્ય તરફ લઈ જનારી નીવડવીજ જોઇએ.

વિશ્વની અંદર આવેલી આ પ્રકૃતિનો સૌથી પ્રથમ આવિર્ભાવ સાંખ્ય જેને 'મહત્' નામે ઓળખાવે છે તે છે, એ વાત તમારે સ્મરણમાં રાખવી જોઇએ. એ મહત્‌ને આપણે ચૈતન્ય અથવા જ્ઞાન-

શકિત કહી શકીએ, અને એનો અક્ષરશઃ અર્થ કરવો હોય તો 'મોટું મૂળતત્ત્વ' એવો થાય. પ્રકૃતિનું સૌથી પ્રથમ પરિણામ અગર રૂપાંતર આ 'મહત્' અગર ચૈતન્ય કે ચાતુરી છે. મહત્ અથવા ચૈતન્યને હું સ્વ–ભાન નામે નહિ ઓળખાવું, કેમકે ભાન એ તો આ ચૈતન્ય અથવા જ્ઞાનશકિતનો એક અંશમાત્ર છે. મહત્ સર્વ-વ્યાપી હોઇ સુષુપ્તિ, જાગ્રત અને તુર્યાવસ્થા યાને અવચેતના, આત્મચેતના અને પરચેતનાને અગર અભાનાવસ્થા, ભાનાવસ્થા અને ભાનાતિશય અવસ્થાને પોતાની અંદર સમાવે છે. અર્થાત્ કે ભાનની એ ત્રણે અવસ્થાઓ 'મહત્ અથવા ચૈતન્ય'નાં અંગો છે. તેથી ભાનની કોઇ પણ અવસ્થા આ મહત્‌ને લાગુ પાડવાથી બસ ન થાય. દાખલાતરીકે, પ્રકૃતિની અંદર તમે અનેક ફેરફારો તમારી સમક્ષ થતા અવલોકો છો. એ ફેરફારો તમારા જોવામાં તેમ સમ-જવામાં પણ આવે છે; પણ તે ઉપરાંત બીજા પણ અનેક સૂક્ષ્મતર ફેરફારો પ્રકૃતિની અંદર થાય છે, કે જેમને ગ્રહણ કરવા યા અનુ-ભવવા મનુષ્યની જ્ઞાનેંદ્રિયો અશક્ત છે. એ સૂક્ષ્મ ફેરફારોનું કારણ પણ સ્થૂળ ફેરફારોનું જે કારણ છે તેજ છે, યાને એકજ મહત્ એ સકળ પરિવર્તનોનું કારણ છે. મહત્‌માંથી વિશ્વવ્યાપી કિંવા વિરાટ अहंता જન્મે છે. આ પ્રકૃતિ, મહત્ અને અહંતાદિ બધુંજ જડ દ્રવ્ય છે. જડ અને મન વચ્ચે પ્રમાણ સિવાય બીજો કંઇજ ફેર નથી. સૂક્ષ્મતર કે સ્થૂળતર રૂપમાં મૂળપદાર્થ તો એનો એજ છે, અને એક રૂપનું બીજા રૂપમાં પરિવર્તન થાય છે. સાંખ્યદર્શનનું આ સત્ય આધુનિક શારીરશાસ્ત્રની શોધખોળનાં પરિણામોને આબે-હૂબ મળતું આવે છે. માટે મન એ મસ્તિષ્ક અથવા ભેજાંથી નિરાળી ચીજ નથી. સાંખ્યના એ સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખવાથી અનેક માથાકૂટ અને ઝઘડામાંથી તમે બચી જશો. અહંતાનું વળી બે પ્રકારમાં રૂપાંતર થાય છે. એક પ્રકારમાં તેનું ઇંદ્રિયોમાં પરિવર્તન થાય છે. ઇંદ્રિયો બે પ્રકારની છે–લાગણીની અને પ્રતિક્રિયાની. આ ઇંદ્રિયો તે આ આંખ, કાન ઇત્યાદિ નહિ; પણ તમે જેને મગ-જનાં, જ્ઞાનનાં ઇત્યાદિનાં કેન્દ્રો કહો છો તે જ્ઞાનેંદ્રિયો છે. આ અહંતાનું જડદ્રવ્ય રૂપાંતર પામીને તેમાંથી આ ઇંદ્રિયો અથવા કેન્દ્રો બને છે. અહંતાનો બીજો પ્રકાર તન્માત્રાઓનો છે. તન્માત્રા-ઓ એટલે દ્રવ્યના જે સૂક્ષ્મ અણુઓ આપણી જ્ઞાનેંદ્રિયોને અથડાઇ લાગણીઓ ઉત્પન્ન કરે છે તે. તન્માત્રાઓને તમે દેખી શકતા નથી પણ તેમના અસ્તિત્વની માત્ર તમને ખબર પડે છે. આ તન્માત્રા-ઓમાંથી પૃથ્વી, પાણી ઇત્યાદિ જે જે પંચમહાભૂતાત્મક સ્થૂળ પદાર્થો આપણે જોઇએ છીએ અને સ્પર્શીએ છીએ તે બને છે. આ વાત હું તમારા મનપર સારી રીતે ઠસાવવા માગું છું. એને

સમજવાનું કામ તમારે માટે બહુ કપરું છે. કેમકે પાશ્ચાત્ય મુલકોમાં મન અને જડ દ્રવ્યની ભાવનાઓ બહુ વિલક્ષણ છે. એ વિલક્ષણ સંસ્કારો મગજમાંથી કાઢી નાખવા સહેલ નથી. મને પોતાને પણ, વિદ્યાર્થીઅવસ્થામાં મેં પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લીધેલું હોવાથી, તેમ કરતાં બહુજ મુશ્કેલી પડી હતી. જુઓ ત્યારે, જગતની ઉત્પત્તિને લગતી વાતો બધી આવી છેઃ—પ્રથમ તો જડ તત્ત્વના યાને પ્રકૃતિના આ વિશ્વવ્યાપી વિસ્તારનો વિચાર કરો! શરૂઆતમાં તે એક અખંડ અને અભિન્ન અવ્યક્ત પદાર્થ હોય છે. પછી તેનું રૂપાંતર થવા માંડે છે, જેમ દૂધનું દહીંમાં રૂપાંતર થાય છે તેમ. જડનું પહેલું રૂપાંતર મહત્ કહેવાય છે. એ મહત્ પદાર્થ અહંતા નામે સ્થૂળતર દ્રવ્યમાં રૂપાંતરિત થાય છે. ત્રીજું રૂપાંતર તેનું વિશ્વવ્યાપી જ્ઞાનેંદ્રિયો અને વિશ્વવ્યાપી સૂક્ષ્મ અણુઓ અથવા તન્માત્રાઓમાં થાય છે. એ તન્માત્રાઓ આંખ, નાક, કાન ઇત્યાદિ કરણોદ્વારા ઈંદ્રિયોના સમાગમમાં આવતાં આપણે જોઈ, સુંઘી કે સાંભળી શકીએ છીએ. છેલ્લે સરવાળે એ તન્માત્રાઓનું સંયોગીકરણ થઇ આ સ્થળજગત ઉત્પન્ન થાય છે. સાંખ્યના સિદ્ધાંત મુજબ સ્થૂળ જગત ઉપજવાની યોજના આવી છે. અને જે યોજના સ્થૂળજગતના સંબંધમાં છે, તેજ યોજના સૂક્ષ્મજગતને વિષે પણ હોવી જોઇએ. એ સમજવા સારૂ એક મનુષ્યવ્યક્તિ લ્યો. તેની અંદર સૌથી પ્રથમ તો વિશ્વવ્યાપી અવ્યક્ત પ્રકૃતિનો એક અંશ હોય છે. એની અંદરની એ જડાત્મક પ્રકૃતિનું પછી મહત્‌માં રૂપાંતર થાય છે. એ મહત્ વિરાટ મહત્‌નું યાને વિશ્વવ્યાપી ચૈતન્યનું એક અલ્પ અણુ હોય છે. પછી એનું એ મહત્ અહંતામાં ને તન્માત્રાઓ અગર સૂક્ષ્મ અણુઓમાં અને તેમાંથી જ્ઞાનેંદ્રિયોમાં રૂપાંતરિત થાય છે. એ સૂક્ષ્મ અણુઓ અથવા તન્માત્રાઓ પરસ્પર જોડાઈ તેનું શરીર બનાવે છે. આ વાતની હું આટલી ચોખવટ કરૂં છું તેનું કારણ એ કે, તે સાંખ્યદર્શનનું આરંભનું પગથીઉં છે. તમારે પણ તે બરાબર સમજી લેવાની ખાસ જરૂર છે. કારણકે સાંખ્ય એ આખા જગતની તત્ત્વવિદ્યાનો પાયો છે. દુનિયામાંની એકે ફિલ્સુફી યાને તત્ત્વવિદ્યા એવી નથી કે જે ભગવાન કપિલમુનિને આભારી ન હોય. ગ્રીસના પંડિત પાઇથેગોરાસે અમારા ભારતવર્ષમાં આવીને આ સાંખ્યદર્શનનો અભ્યાસ કર્યો હતો, અને એ પાઇથેગોરાસથીજ ગ્રીક લોકોની તત્ત્વવિદ્યાનો આરંભ થાય છે. આગળ જતાં એ ગ્રીક તત્ત્વવિદ્યામાંથી ઍલેકઝાન્ડ્રિયન સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો, અને એ ગ્રીક ફિલ્સુફીમાંથીજ તમારા અત્યારના નૉસ્ટિકો યાને અદ્વૈતવાદમાં માનનારા પંથો નીકળ્યા છે. આ રીતે અસલ સાંખ્યદર્શનના બે ફાંટા પડયા. એક

ફાંટો પાઇથેગોરાસદ્વારા યૂરોપમાં અને એલેકઝાન્ડ્રિયામાં ગયો, અને બીજો હિંદુસ્થાનમાં રહ્યો. હિંદુસ્થાનમાં રહેલા એ ફાંટામાંથી વખત જતાં ભગવાન વ્યાસની પ્રણાલિકાનો વિકાસ થયો. અર્થાત્ કે કપિલમુનિનું સાંખ્યદર્શન એજ દુનિયાનું પહેલવહેલું યુક્તિસિદ્ધ તત્ત્વજ્ઞાન હતું. માટે દુનિયાભરના એકે એક અધ્યાત્મ કિંવા માનસશાસ્ત્રવેત્તાએ ભગવાન કપિલમુનિને અભિવંદન કરવાં જોઇએ. આમ કહી હું તમારા મનપર એ ઠસાવવા માગું છું કે, ફિલસુફીમાત્રના મહાન પિતા કિંબહુના પિતામહતરીકે ભગવાન કપિલમુનિનું કહ્યું સાંભળવા આપણે બંધાયલાં છીએ. તત્ત્વવેત્તાઓની દુનિયામાં પ્રાચીનતમમાં પ્રાચીનતમ એવા આ મુનિના નામનો ઉલ્લેખ સ્મૃતિમાં પણ મળી આવે છે. સ્મૃતિમાં એક ઠેકાણે એવો ઉલ્લેખ છે કે "હે! પ્રભો! તું કે જેણે આરંભમાં કપિલમુનિને ઉત્પન્ન કર્યા." એમના વિચારો કેવા અદ્દ્ભુત અને સચોટ છે! યોગી લોકોની અસાધારણ વિચારશક્તિનું પ્રમાણ આવા મહાન પુરુષોજ પૂરૂં પાડે છે. એ જૂના જમાનાના યોગીઓ પાસે સૂક્ષ્મદર્શક કે દૂરદર્શક યંત્રો નહોતાં; છતાંયે એમના અનુભવો ને વિચારો કેવા આબાદ, અને તેમનાં પૃથક્કરણો કેવાં સંપૂર્ણ અને અદ્દ્ભુત! અત્રે હું યૂરોપીયન પંડિત શૉપનહોરની તત્ત્વવિદ્યા અને ભારતીય તત્ત્વવિદ્યા વચ્ચે રહેલા ભેદનું દિગ્દર્શન કરાવીશ. શૉપનહોર કહે છે કે, વાસના અથવા ઇચ્છા પ્રત્યેક પદાર્થનું ઉત્પાદક કારણ છે–અર્થાત્ કે અસ્તિત્વની ઇચ્છાજ આપણને વ્યક્તતા પ્રાપ્ત કરાવે છે; પણ અમે શૉપનહોરના એ સૂત્રનો ઇન્કાર કરીએ છીએ. ઇચ્છા અને સંચાલક મજ્જાતંતુ અભિન્ન કહેતાં એકજ છે. જ્યારે કોઇ પદાર્થ મારી નજરે પડે છે, ત્યારે ઇચ્છા જેવું મારામાં કંઈ હોતું નથી. એ પદાર્થની લાગણીઓ જ્યારે મગજમાં પહોંચે છે ત્યારે પ્રતિક્રિયા જન્મે છે, અને એ પ્રતિક્રિયા મને કહે છે કે "આમ કર કે આમ ન કર." અહંપદાર્થની આ સ્થિતિ, તેનું નામ ઇચ્છા. ઇચ્છાનો એકે અણુ એવો નથી કે જે પ્રતિક્રિયાનું પરિણામ ન હોય. તેથી ઇચ્છાની પૂર્વે તો અનેક બાબતો આવે છે. ઇચ્છા એ તો 'અહ'માંથી બનેલું કંઇક માત્ર છે, અને એ અહં તે તેના કરતાં પણ ચઢીઆતું જે મહત્ અથવા ચૈતન્યતત્ત્વ, તેની બનાવટ છે; અને એ મહત્ અથવા ચૈતન્ય વળી અભિન્ન પ્રકૃતિનું રૂપાંતર છે. બૌદ્ધોનો એવો મત હતો ખરો કે, આપણે જે જે જોઇએ છીએ, તે તે બધું ઇચ્છાનું રૂપ છે; પણ અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિએ એ મત સાવ ખોટો છે. કારણકે ઇચ્છા એ સંચાલક મજ્જાતંતુઓતરીકેજ પિછાની શકાય તેમ છે. એ સંચાલક મજ્જાતંતુઓ જો મનુષ્યમાંથી તમે કાઢી લ્યો, તો મનુષ્યની અંદર કોઇજ જાતની ઇચ્છા

નહિ રહે. આ વાત કદાચ તમોને પણ સુવિદિત હશે; કેમકે નિકૃષ્ટ પ્રાણીઓપર કરેલા અખતરાઓની લાંબી પરંપરા પછી એ વાત હાલમાં સિદ્ધ થઇ ચૂકી છે.

આ પ્રશ્ન આપણે હાથમાં ધરીશું. માણસની અંદરના મહત્‌નો સવાલ સમજવાની બહુ અગત્ય છે. આપણે જેને અહંતા કહીએ છીએ તે આ મહત્‌નું રૂપાંતર છે, અને એ મહત્‌જ શરીરસ્થ સકળ શક્તિઓનું કારણ છે. સુષુપ્તિ, જાગ્રત અને તુર્યાવસ્થાનું આખું ક્ષેત્ર આ મહત્‌થીજ વ્યાપેલું છે. આ ત્રણ અવસ્થાઓ કેવી છે? સુષુપ્તિ અવસ્થા યાને અવચેતના આપણને જનાવરોમાં જણાય છે, ને એને આપણે પ્રેરણા કહી ઓળખીએ છીએ. આ પ્રેરણાશક્તિ લગભગ અમુક અને સચોટ હોય છે, પણ તેનું ક્ષેત્ર બહુ મર્યાદિત હોય છે. પ્રેરણા ભાગ્યેજ નિષ્ફળ નીવડે છે. ખાવા લાયક વનસ્પતિ અને ઝેરી વનસ્પતિ પ્રેરણાશક્તિથીજ જનાવર પારખી કાઢે છે; પણ એ પ્રેરણાશક્તિ બહુ મર્યાદિત હોય છે. એકાદ નવીન વસ્તુ આવતાંજ તે આંધળુંભીંત બની જાય છે ને યંત્રવત્‌ વર્તે છે. હવે બીજી જાગ્રત અવસ્થા અથવા ચેતના. એ જ્ઞાનની ઉચ્ચતર અવસ્થા છે, પણ તે ભૂલને પાત્ર હોઇ ઘણી વાર ભૂલો કરે છે. ગતિમાં એ મંદ છે, છતાં એનું ક્ષેત્ર બહુ વિશાળ છે. એને આપણે બુદ્ધિ નામે ઓળખીએ છીએ. એ બુદ્ધિ પ્રેરણા કરતાં વધારે સુવિશાળ છે; પણ ચોકસાઇની બાબતમાં પ્રેરણા બુદ્ધિ કરતાં ચઢી જાય છે. પ્રેરણાને અનુસરવા કરતાં બુદ્ધિને અનુસરવામાં ભૂલો થવાના વધારે સંભવો છે. હવે ત્રીજી અવસ્થા જે તુર્યાવસ્થા અથવા અવચેતના, એ ઉપરોક્ત બન્ને અવસ્થાઓ કરતાં ચઢિયાતી છે, અને તે યોગીઓમાંજ અને જે લોકોએ તેને ખાસ કેળવી હોય છે, તેઓમાંજ હોય છે. આ તૃતીય અવસ્થાનું ક્ષેત્ર બુદ્ધિ કરતાં વધારે અચૂક તેમજ બહોળું હોય છે. આ અવસ્થા ઉંચામાં ઉંચી છે; તેથી આપણે સ્મરણમાં રાખવું જોઇએ કે, આ જગતની અંદર વિવિધ રીતે દૃશ્યમાન થતું જે જે કંઈ છે, તે સઘળાંનું ખરૂં કારણ આ મહત્‌જ છે. સુષુપ્તિ, જાગ્રત અને તુર્ય, એ ત્રણે અવસ્થાઓનો પણ એ મહત્‌ની અંદરજ સમાવેશ થઈ જાય છે.

આ ઠેકાણે હવે હમેશાં પૂછાતો એવો એક સૂક્ષ્મ સવાલ આવીને ખડો થાય છે. તે એવો કે, જગતનો સૃષ્ટા જો સંપૂર્ણ ઈશ્વરજ છે, તો પછી જગતની અંદર અપૂર્ણતા કેમ નજરે પડે છે? કારણકે કર્તા સંપૂર્ણ હોય તો કાર્ય પણ સંપૂર્ણ હોવું જોઇએ ને? હા, વસ્તુતઃ તો તેમજ છે. પણ આપણે જેને જગતતરીકે ઓળખીએ છીએ, તે કેવળ દૃશ્યજગતજ એટલે કે જાગ્રતવસ્થાનું નાનું ક્ષેત્ર અને

બુદ્ધિજ છે; એની પેલી પાર આપણે બિલકુલ જોતાં નથી. ખરૂં જોતાં તો આ પ્રશ્નજ અસંભવિત છે. કોઈ વસ્તુના આખા સમુદાયમાંથી હું એક નાનો ભાગ લઈ તેનાપર નજર ફેરવું, તો તે મને બેતાલ અથવા સંબંધ વગરની લાગે છે. સ્વાભાવિક રીતે તેમ થાયજ. તેવી રીતે આ જગત પણ આપણને બેતાલ અને અપૂર્ણ લાગે છે, કારણકે આપણે તેને તેવું બનાવીએ છીએ. શી રીતે? તો કે જુઓ, પ્રજ્ઞા અથવા જ્ઞાન શી વસ્તુ છે? જ્ઞાન એટલે કે વસ્તુઓનો સંબંધ ખોળી કાઢવો તે. તમે શેરીમાં જાઓ છો, અને એક માણુસને જુઓ છો, એટલે કહો છો કે "આ માણુસ છે, એ હું જાણું છું." એમ શા ઉપરથી કહો છો? તો કે તમારા મનપરની માણુસની છાપો તમને યાદ છે તેથી. ઘણાં માણુસો તમારા જોવામાં આવી ગયાં હોય છે, અને તે દરેકે તમારા મનપર એકેક છાપ મૂકી છે; તેથી શેરીમાં માણુસ દેખાતાંજ તમે એના રૂપઘાટને તમારા ભંડારમાંનાં અનેક રૂપઘાટો સાથે સરખાવવા માંડો છો, અને તેમ કરતાં તમારા ભંડારમાં એ રૂપઘાટને મળતી અનેક છબીઓ તમારા દીઠામાં આવે છે. એટલે તમને સંતોષ વળે છે અને આ નવી છબીને પણ બીજીઓની સાથે તમારા ભંડારમાં સંઘરી દો છો—અર્થાત્ કે જ્યારે કોઇ નવીન છાપ આવે અને તેના સંબંધો યાને તેને મળતી સૂક્ષ્મ છાપો તમારા મનની અંદર મળી આવે, ત્યારે તમને સંતોષ થાય છે. એનુંજ નામ જ્ઞાન છે. તમારા મનનો આ ભંડાર કબુતરખાના જેવો અનેક ખાનાંવાળો છે, અથવા તો ટપાલ ઑફિસમાં કાગળોને છૂટા પાડવાનું ખાનાં ખાનાંવાળું કબાટ હોય છે તેવો છે, અને તેનાં જૂદાં જૂદાં ખાનાંની અંદર તમારા જૂદા જૂદા સંસ્કારો અથવા જૂદી જૂદી બાબતોની છાપો અલગ અલગ સંચિત થયેલી હોય છે. એ અલગ અલગ સંચિત થયેલા અનુભવોના ખજાના સાથે નવીન અનુભવને સરખાવી જોઇ તેના વર્ગના અનુભવોના ખાનામાં તેને સંઘરી દેવો તેનું નામ જ્ઞાન છે; તેથી કેટલાક યૂરોપીયન તત્ત્વવેત્તાઓ માને છે તેમ તમારૂં મન જન્મતી વખતે સાવ કોરૂં કટ યાને અનુભવોના સંસ્કારશૂન્ય હોય, તો તો તમને કશાજ જ્ઞાનની પ્રાપ્તિ થવી અશકય છે. કેમકે મનની અંદર પૂર્વસંચિત સંસ્કારોવડે નવી આગંતુક વસ્તુની પિછાન કરવી તેનુંજ નામ જ્ઞાન છે; તેથી નવી છાપને સરખાવી જોવા માટે જરૂરી ભંડાર માણસ પાસે હોવોજ જોઇએ. એક બાળક આ દુનિયામાં એવા ભંડોળરહિતજ જન્મે, તો કોઇ જાતની જ્ઞાનપ્રાપ્તિ તેને માટે અશકય બનશે. માટે જન્મતી વખતેજ બાળકની પાસે એવો પૂર્વસંચિત અનુભવોનો ખજાનો હોય છે, તેથીજ જ્ઞાન નિરંતર વધતું જતું જોવામાં આવે છે.

આ દલીલનું પરિક્રમણ કરવાની કોઇ રીત મને બતાવો. એ તો ગણિતનિયમાનુસારી સિદ્ધ વાત છે. તત્ત્વજ્ઞાનના કેટલાક પાશ્ચાત્ય સંપ્રદાયોનો પણ એવો મત થયો છે કે, ભૂતકાલીન જ્ઞાનના ભંડોળ વગર કોઇજ જાતના જ્ઞાનનો સંભવ નથી–અર્થાત્ કે તેમનો પણ એવો મત થયો છે કે, બાળક જ્ઞાન સાથેજ અવતરે છે. પરંતુ આ પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓનું એવું કહેવું છે કે, બાળકો જે સંસ્કારો સાથે આ દુનિયામાં આવે છે, તે તેમના પોતાના ભૂતકાલીન અનુભવોને આભારી નથી, પણ તેમના પૂર્વજોના અનુભવોને આભારી છે. અર્થાત્ કે એ સંસ્કારો એનામાં એના બાપદાદા તરફથી વારસામાં ઉતરી આવેલા છે; પણ તેમની એ માન્યતા ભૂલભરેલી છે, અને થોડાજ વખતમાં તેમની એ ભૂલ તેમને સમજાશે. અત્યારેજ કેટલાક જર્મન તત્ત્વવેત્તાઓ તરફથી આ વારસાવાદ પર સખ્ત ફટકા પડવા માંડયા છે. વારસાનો ખ્યાલ છે તો બહુ સારો, પણ તે અપૂર્ણ છે. તેનાથી માત્ર શારીરિક બાજુનો ખુલાસો મળે છે; પણ આપણા પર પ્રભાવ પાડતી પરિસ્થિતિઓનો શો ખુલાસો છે? અનેક કારણો મળી એક કાર્ય અથવા પરિણામ ઉપજાવે છે. પરિસ્થિતિ, એ પણ એક પરિવર્તન કરનારૂં પરિણામ છે. આપણી પરિસ્થિતિને આપણેજ પેદા કરીએ છીએ. એક દારૂડીઓ મનુષ્ય સ્વાભાવિક રીતેજ શહેરના હલકામાં હલકા લત્તા તરફ ખેંચાય છે.

ત્યારે હવે તમે સમજ્યા હશો કે, જ્ઞાન એટલે શું? જ્ઞાન એટલે નવા મળતા અનુભવને જૂના અનુભવોના ખાનામાં સંઘરી દેવો તે, યાને નવા અનુભવની પિછાન કરવી તે. પિછાન એટલે શું? મનુષ્યની અંદર પહેલે થકી રહેલા છે તે સંસ્કારો સાથે નવા અનુભવનો સંબંધ શોધી કાઢવો તેનુંજ નામ પિછાન. એ ઉપરાંત જ્ઞાન કે પિછાનનો કંઇજ વિશેષ અર્થ નથી. જો આમજ હોય તો તો કોઈ પણ વસ્તુના જ્ઞાન માટે આપણને તેના સજાતીય વર્ગની આખી પરંપરા જોવી પડે, નહિ વારૂ? ધારો કે તમે એક કાંકરો લ્યો છો. તેનો સંબંધ ખોળવા માટે તમારે તેને મળતા કાંકરાઓની આખી પરંપરા તપાસી જવી પડે છે. પરંતુ આ જગતસમષ્ટિસંબંધી આપણને જેવું ને જેટલું જ્ઞાન છે, તેટલાવડે તો આપણાથી તે કાર્ય થઈ શકે તેમ નથી. કારણ કે આપણા મનના ખાનામાં તો કાંકરાના જ્ઞાનની એકજ નોંધ છે, એજ જાતના કે એજ વર્ગના બીજા જ્ઞાનની નોંધ નથી; અને બીજા જ્ઞાનની છાપ સાથે તો તે સરખાવી શકાયજ નહિ. પરિણામે આપણને તેના ચોક્કસ સંબંધોનો પત્તો નથી મળતો, યાને તે કાંકરો અથવા મરઘીઓ કયી જાતનો છે તેની ચોક્કસ માહીતી આપણને નથી મળતી. તેજ પ્રમાણે આપણી જાગ્રત અવસ્થાએ યાને આપ-

ણી ચેતનાએ કાપી કાઢેલો જગતનો આ ટુકડો યાને આ દશ્યમાન જગત આપણને એક ચમકાવનારી નવીન વસ્તુ થઈ પડે છે. કારણ કે તેના સંબંધીઓનો પત્તો શોધી કાઢવા આપણે શકિતમાન થયાં નથી. તેથી આપણે તેની સાથે માથાઝીક કર્યાં કરીએ છીએ, અને તેને ભયંકર, દુષ્ટ અને ખરાબ માનીએ છીએ. વળી કોઇ કોઇ વાર આપણે તેને સારી માનીએ છીએ, પણ તે અપૂર્ણ છે એવું તો હમેશાં માન્યા કરીએ છીએ. તેના સંબંધીઓનો યાને તેની સજાતીય છાપોનો આપણને પત્તો લાગે ત્યારેજ આ જગત આપણાથી યથાર્થ પિછાની શકાય, ત્યારેજ તેનું યથાર્થ જ્ઞાન આપણને થઇ શકે. ત્યારે એ કામ શું અશકય છે? ના, અશકય તો નથી; પણ જ્યારે આપણે આ દશ્યમાન જગતથી તથા જાગ્રદવસ્થાથી પર થઇશું ત્યારેજ તેનું યથાર્થ જ્ઞાન આપણને થશે, કિંબહુના જગત એની મેળેજ આપણી આગળ છતું થઇ ઉભું રહેશે. જયાંસુધી એ કામ આપણે સિદ્ધ ન કરી શકીએ, યાને દશ્યમાન જગત અને જાગ્રત અવસ્થા અથવા ચેતનાથી પર ન બની શકીએ, ત્યાંસુધી આપણે તેને સમજવાના ગમે તેટલા પ્રયત્ન કરીશું તોપણ તે ભીંતો સાથે માથાં અફાળવા સમાન નિષ્ફળ નીવડશે, અને જગતની પિછાન એવા મિથ્યા પ્રયત્નોથી નહિ મળે તે નહિજ મળે. કારણકે ઉપર કહી ગયા તેમ જ્ઞાન એટલે સજાતીય વર્ગનો પત્તો, અને જાગ્રદવસ્થા અથવા ચેતનાની ભૂમિકા તો આપણા મનને આખા જગતના એકજ ભાગની છાપ પૂરી પાડે છે. ઈશ્વરવિષેની આપણી ભાવનાના સંબંધમાં પણ એવુંજ છે. જગતના સંબંધમાં જેમ આપણને તેનો એકજ ભાવ દેખાય છે, તેમ ઈશ્વરતરીકે આપણે જે કંઈ જોઇએ છીએ તે પણ એક અંશમાત્ર છે; બાકીનું બીજું બધું માનવી જ્ઞાનની સીમા બહાર છે. "વિરાટ સ્વરૂપ હું એવો તો મહાન છું કે આ જગત પણ મારો એક અંશમાત્ર છે." આમ છે તેથીજ ઈશ્વરને આપણે તેના અપૂર્ણ રૂપમાં જોઇએ છીએ, અને તેથી તેને યથાર્થ સમજતા નથી. તેને તથા જગતને સમજવાનો એકજ રસ્તો છે, અને તે એ કે, બુદ્ધિ તથા જાગ્રતઅવસ્થાની પેલી પાર પહોંચવું. "શ્રાવ્ય (શ્રવણ કરવાનો પદાર્થ) અને શ્રવણ, તથા વિચાર્ય અને વિચારથી તું પર થઇ જઇશ, ત્યારેજ તું સત્યની સોડે આવીશ." વળી "તું શાસ્ત્રોની પેલી પાર જા, કારણકે શાસ્ત્રોમાં તો માત્ર પ્રકૃતિ અને તેના ત્રણ ગુણો સુધીનુંજ શિક્ષણ મળી આવે છે." તેથી આપણે જ્યારે તેમને વટાવીને પાર જઇએ છીએ, ત્યારેજ જગતની અંદર આપણને એકતાલ અને સુસંબદ્ધતા જણાય છે, તેની પહેલાં નહિજ.

સૂક્ષ્મજગત તથા સ્થૂળજગતની રચના એકજ યોજનાપર

થયેલી છે, અને સૂક્ષ્મ જગતની અંદર આપણને એકજ ભાગનું યાને મધ્યભાગનુંજ જ્ઞાન છે. સુષુપ્તિ અને તુર્યાવસ્થા પૈકી એકેનું આપણને જ્ઞાન નથી; આપણને જ્ઞાન છે તે માત્ર જાગ્રતનુંજ. તેથી જો કોઇ માણસ ઉભો રહીને કહે કે "હું પાપી છું" તો તેનું એ કથન દેહભાવેજ સત્ય હોઇ શકે; આત્મભાવે અસત્ય છે. પોતાની જાતવિષે તેને માત્ર એકજ ભાગનું જ્ઞાન છે, કેમકે એનું જ્ઞાન તે પોતે, જાગ્રત અથવા ચેતનાની જે ભૂમિકા પર સ્થિત હોય છે, તેટલા પૂરતુંજ હોય છે. તેવી રીતે આ જગતના સંબંધમાં પણ બુદ્ધિવડે તો તેના એકજ અંશનું જ્ઞાન થઇ શકે છે, અને નહિ કે સમષ્ટિનું. કેમકે જગત સમષ્ટિ તો સુષુપ્તિ, જાગ્રત તથા તુર્યાવસ્થાનું યાને અચેતના, ચેતના અને અવચેતનાનું તથા વ્યક્તિગત 'મહત્', વિરાટ મહત્ તથા તેનાં પાછળથી થયેલાં સકળ રૂપાંતરોનું બનેલું છે.

પ્રકૃતિ રૂપાંતરિત શાથી થાય છે? અત્યારસુધીમાં તો આપણને જણાયું છે કે, પ્રત્યેક વસ્તુ, પ્રકૃતિ માત્ર, જડ કહેતાં નિશ્ચેતન છે. પદાર્થમાત્ર મિશ્ર અને નિશ્ચેતન છે. જ્યાં જ્યાં પ્રકૃતિનો કાયદો લાગુ પડતો જણાય, ત્યાં ત્યાં આપોઆપ સિદ્ધ થઈ જાય છે કે, તેનું ક્ષેત્ર જડ કિંવા નિશ્ચેતન છે. મન, બુદ્ધિ, ઇચ્છા અને બીજું બધુંજ જડ છે. પરંતુ તે સઘળાંજ તેમની પર આવેલા કોઇ અસ્તિત્વના 'ચિત્'નું અથવા ચૈતન્યનું પ્રતિબિંબ પાડે છે. એ કશાકને સાંખ્યતત્ત્વવેત્તાઓ પુરુષ કહી ઓળખાવે છે. એ પુરુષજ જગતના સકળ ફેરફારોનું અજ્ઞાત કારણ છે. મતલબ કે, આ પુરુષજ, તેને વિરાટભાવમાં સમજીએ તો જગતનો ઉત્પાદક ઈશ્વર છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે, ઈશ્વરની ઇચ્છાએ જગતને ઉત્પન્ન કર્યું છે. એક સામાન્ય વર્ણનતરીકે તે બહુ સારૂં છે, પણ આપણે જોઇએ છીએ કે, તે સાચું ઠરી શકે તેમ નથી. ઇચ્છા, એ ઉત્પાદક કારણ કેવી રીતે હોઇ શકે? પ્રકૃતિના આવિર્ભાવોમાં ઇચ્છાનો નંબર તો ત્રીજો કે ચોથો આવે છે. તેની પહેલાં અનેક ઘટનાઓ અસ્તિત્વમાં આવે છે, ત્યારે તેમને કોણે પેદા કરી? ઇચ્છા એ એક મિશ્ર પદાર્થ છે, અને મિશ્ર વસ્તુમાત્ર પ્રકૃતિની પેદાશ છે. માટે ઇચ્છા પ્રકૃતિની ઉત્પાદક હોઈ શકેજ નહિ. આથી સિદ્ધ થાય છે કે, પ્રભુની ઇચ્છાએ જગતને ઉત્પન્ન કર્યું એમ કહેવું તદ્દન અર્થહીન છે. આપણી ઇચ્છા સ્વચૈતન્ય અથવા આત્મચેતનાના એક ભાગપરજ પથરાયેલી હોઈ તે આપણા મગજના સંચાલનનું કાર્યમાત્ર કરે છે. ઇચ્છા એ તમારા શરીરનું કે જગતનું સંચાલક કારણ નથી. તમારા શરીરનું સંચાલન એક એવી શક્તિ કરે છે કે જે શક્તિનો ઇચ્છા એ તો એક આંશિક આવિર્ભાવ છે. તેવીજ રીતે જગતની અંદર પણ ઇચ્છાનું અસ્તિત્વ છે, પણ

તે જગતસમસ્તનો એક અંશમાત્ર છે. અર્થાત્ કે આખા જગતનું સંચાલનકાર્ય ઇચ્છાથી થતું નથી; અને એ કારણને લીધેજ ઇચ્છાવાદથી આપણે તેનું વિવેચન કરી શકતા નથી. ધારો કે, ઇચ્છાજ શરીરના સંચાલનનું કાર્ય કરે છે, એ દલીલ હું ઘડીભર માની લઉં છું; પણ પછી જ્યારે મને માલમ પડે છે કે, ઇચ્છા મુજબ શરીરનું સંચાલન મારાથી નથી કરી શકાતું, ત્યારે હું ધુંવાપુંવા થઈ ખીજાઉં છું. પણ એમાં વાંક મારોજ છે, કેમકે આ ઇચ્છાવાદને માન્ય ગણી લેવાનો મને કશોજ અધિકાર નહોતો. તેવીજ રીતે આ જગતને પણ હું ઇચ્છાથી સંચાલિત થતું માની લઉં, અને પછી મને તેમાં અસંબદ્ધતાઓ અને અપૂર્ણતાઓ દેખાય, તો તેમાં વાંક મારો છે. તેથી પુરુષ અથવા સંચાલકશક્તિ એ આ ઇચ્છા નથી; તેમ મહત્ અથવા ચૈતન્ય પણ નથી. કારણ મહત્ પણ એક મિશ્ર પદાર્થ છે. એવું કોઈ ચૈતન્ય અથવા જ્ઞાનશક્તિ નથી કે જેની અંદર મગજને મળતું કોઇ જાતનું દ્રવ્ય ન રહ્યું હોય. જ્યાં જ્યાં ચૈતન્ય અથવા જ્ઞાનશક્તિ જેવું હોય, ત્યાં ત્યાં જે દ્રવ્યને આપણે મગજ અથવા ભેજું કહીએ છીએ તેને મળતું કશું અવશ્ય હોય છેજ. એજ કશું દ્રવ્ય અમુક વિશિષ્ટ રૂપમાં લોચો પિંડો વળીને મગજનું કામ આપે છે. તેથી જ્યાં જ્યાં ચૈતન્ય અથવા જ્ઞાન જેવું દેખાય, ત્યાં ત્યાં એ દ્રવ્ય એક યા બીજા રૂપમાં હોવુંજ જોઇએ. પણ ચૈતન્ય અથવા જ્ઞાન પોતેજ મિશ્ર છે; ત્યારે આ પુરુષ એ શું તત્ત્વ હશે? તે ચૈતન્ય (જ્ઞાન) કે ઇચ્છા એ બેમાંથી એકે વસ્તુ નથી; પણ એ બધાંનો તે ઉત્પાદક છે. પુરુષની હાજરીજ તેમને સંચાલિત અને સંયુક્ત કરે છે. એ પુરુષતત્ત્વ પ્રકૃતિની સાથે પણ ભેળવાતું નથી; તેમ તે ચૈતન્ય કિંવા મહત્ પણ નથી. પણ શુદ્ધ આત્મા તેજ એ પુરુષ છે. "હું સાક્ષીરૂપ છું, અને મારા સાક્ષિત્વતળેજ પ્રકૃતિ ચેતન તથા જડ સકળ યાને સચરાચર તમામ સૃષ્ટિ પેદા કરે છે."

ત્યારે પ્રકૃતિની અંદર આ ચૈતન્યતત્ત્વ શું છે વારૂ? મહત્ એજ આ ચૈતન્યતત્ત્વ છે, અને તેનું નામ ચિત્ છે. ચિત્નું મૂળ પુરુષમાં છે યાને પુરુષનો તે સ્વભાવ છે. એ ચિત્ તત્ત્વ એવું છે કે જેને સમજાવી શકાય તેમ નથી; છતાં આપણે જેને જ્ઞાન કહીએ છીએ તે સકળ જ્ઞાનનું કારણ એજ છે. જાગ્રદવસ્થા અથવા ભાન કે ચેતના એ પુરુષ નથી, કેમકે એ મિશ્ર પદાર્થ છે. પરંતુ એ જાગ્રદવસ્થા અથવા ભાન કે ચેતનામાં જે તત્ત્વ હલકું કહેતાં સૂક્ષ્મ અને સારૂં છે તે પુરુષનું છે. પુરુષ એ જ્ઞાનવાળો નથી પણ ચૈતન્ય અથવા જ્ઞાનમાં જે હલકું યાને સૂક્ષ્મતત્ત્વ છે તે એનું છે. ચિત્ અથવા જ્ઞાન પુરુષમાં છે, પણ તે જ્ઞાનયુક્ત કે જ્ઞાતા નથી.

આપણી ચારે મેર જણાતું દશ્ય આ પુરુષસ્થ ચિત્ વત્તા પ્રકૃતિનું પરિણામ છે. જગતની અંદર આનંદ, સુખ અને પ્રકાશ જેવું જે જે કંઇ છે, તે તે બધું પુરુષનું છે, પણ તે મિશ્ર દ્રવ્ય છે; કેમકે તે પુરુષ વત્તા પ્રકૃતિના મેળાપથી બનેલું છે. કહ્યું છે કે "જ્યાં જ્યાં કંઇ સુખ છે, જ્યાં જ્યાં કંઈ આનંદ છે, ત્યાં ત્યાં અમર કહેતાં ઈશ્વરની ચીણગારી છે." પુરુષ એ જગતનું મોટામાં મોટું આકર્ષણ છે. જગતથી તે અસ્પર્શનીય અને અલગ હોવા છતાં, તેજ અખિલ જગતને આકર્ષે છે. માણસને તમે સોનાની શોધમાં જતો જુઓ છો; કેમકે સોનાની પાછળ પણ કચરા ને મેલના થરવાળી છતાં એ પુરુષનીજ એક ચીણગારી છે. જ્યારે કોઇ માણસ પોતાનાં છોકરાંને કે એક સ્ત્રીને ચાહે છે, ત્યારે તેને તેમ કરવા આકર્ષનારી શક્તિ શી છે? તો કે એ છોકરાં કે સ્ત્રીની પછવાડે આવેલી પુરુષની ચીણગારીજ. એનું અસ્તિત્વ ત્યાં છેજ, માત્ર ધૂળ ને કચરાથી તે મલિન થયેલું છે એટલુંજ. બાકી, બીજું કશુંજ તેને આકર્ષવા શક્તિમાન નથી. "અચેતન અને અજ્ઞાનથી ભરેલા આ જગતમાં પુરુષજ એકલો સચેતન અને સજ્ઞાન છે." સાંખ્યદર્શનમાંનો પુરુષ તે આજ છે. તેથી અવશ્ય રીતે સિદ્ધ થાય છે કે, એ પુરુષ સર્વવ્યાપી હોવો જોઇએ; કારણ કે જે સર્વવ્યાપી ન હોય, તે સસીમ અથવા મર્યાદિત હોવું જોઇએ. બધી જાતની મર્યાદા અથવા સસીમતાને કારણ હોય છે. જે જે કારણથી બનેલું હોય છે તે તે દરેકને આદિ અને અંત હોવાંજ જોઇએ. તેથી કરી પુરુષ જો સસીમ અથવા મર્યાદાવાળો હોય, તો તેને મરણ હોય, તે મુક્ત હોય નહિ અને તે અંતિમ તત્ત્વ ન હોતાં તેનું પણ કોઈ કારણ હોવું જોઇએ, પણ તેવું કશું નથી; તેથી ઠરે છે કે, તે સર્વવ્યાપી હોવો જોઇએ. હવે, કપિલના સિદ્ધાંત મુજબ પુરુષો અનેક છે, એક નહિ; પણ સંખ્યાતીત અનંત પુરુષો, તમારે ને મારે તેમજ બીજા દરેકને એકેકો પુરુષ છે. પ્રત્યેક વર્તુલ અનંત હોય એવાં સંખ્યાતીત અનંત વર્તુલો જાણે આ જગતની અંદર થઇને દોડી રહ્યાં છે. પુરુષ મન અગર જડતત્ત્વ એ બેમાંથી એકે નથી. આપણે જાણીએ છીએ તે તો માત્ર તેમાંથી આવતો પડછાયોજ છે. પુરુષ જો સર્વવ્યાપી છે, તો તો આપણી ખાત્રીજ છે કે તેને જન્મમરણ જેવું પણ કંઈ નથી. પ્રકૃતિ પોતાનો જન્મમરણનો પડછાયો તેના પર નાખે છે, પરંતુ એ પોતે તો સ્વભાવ થકી શુદ્ધ ને પવિત્ર છે. અત્યારસુધીમાં તો સાંખ્યનું તત્ત્વજ્ઞાન આપણને અદ્દ્ભુત માલમ પડ્યું છે.

હવે, આપણે તેની વિરુદ્ધનાં પ્રમાણો હાથ ધરીશું. અત્યારસુધીનું પૃથક્કરણ સંપૂર્ણ છે, અને એનું અધ્યાત્મશાસ્ત્ર અખંડનીય છે. સૂક્ષ્મ જ્ઞાનેંદ્રિય અને કરણ-ઇંદ્રિયોના એ બે વિભાગથી

આપણને માલમ પડે છે કે, ઇંદ્રિયો સાદું તત્ત્વ નથી, પણ મિશ્ર છે. અહંતાને પણ ઇંદ્રિયો તથા જડદ્રવ્યમાં વિભક્ત કરી દેખાડયાથી સમજાય છે કે, અહંતા પણ પંચમહાભૂતાત્મક દ્રવ્ય છે. પછી મહત્ પણ જડની એક સ્થિતિ છે; અને એમ કરતાં કરતાં આપણે છેવટે પુરુષની પ્રાપ્તિપર્યંત આવી પહોંચ્યાં છીએ. અહીં સુધી કંઈજ વાંધો વચકો નથી. પરંતુ સાંખ્યવાદીઓને આપણે પ્રશ્ન પૂછીએ કે "પ્રકૃતિને કોણે પેદા કરી?" તો તેઓ કહે છે કે પુરુષ અને પ્રકૃતિ બન્ને સ્વયંભૂ અને સર્વવ્યાપી છે; એટલુંજ નહિ પણ આ પુરુષની અનંત સંખ્યા છે. આ છેલ્લા મતોના ખંડનપૂર્વક આપણે આ જગતરહસ્યનો વધારે સરસ ઉકેલ શોધી કાઢવો પડશે, અને એમ કરતાં આપણે અદ્વૈતવાદપર આવી પહોંચશું. આપણો પહેલો વાંધો એ છે કે, એ અનંતનાં અસ્તિત્વ કેવી રીતે સંભવી શકે? એટલે આપણી તકરાર એ થશે કે, સાંખ્યદર્શન એ સંપૂર્ણ સામાન્યીકરણ નથી, અને તેની અંદર આપણને રહસ્યનો સંપૂર્ણ ઉકેલ પ્રાપ્ત થયો નથી. વેદાંતીઓ આ બધી મુશ્કેલીઓમાંથી કેવી રીતે રસ્તો શોધી કાઢે છે અને સંપૂર્ણ રહસ્ય કેવી રીતે પ્રાપ્ત કરે છે, તે આપણે બીજા વ્યાખ્યાનમાં જોઇશું. છતાં મને કહી લેવા દો કે, એનો બધોજ યશ વાસ્તવિક રીતે આ સાંખ્યદર્શનનેજ ઘટે છે. કારણ કે એક મકાન બંધાઈ રહ્યા પછી તેને સાફસુફીનો છેલ્લો હાથ મારવાનું યાને તેમાં રોનક આણવાનું કામ સહેલું છે. તાત્પર્ય કે, વેદાંતનું કામ આવુંજ હોઇ એને લીધે સાંખ્યની મહત્તાથી જરાય ઓછી થતી નથી.

૨૭–સાંખ્ય અને વેદાંત

જે સાંખ્યદર્શનની ચર્ચા આપણે ચલાવી રહ્યાં છીએ, તેનો સારાંશ હું તમને એક વાર કહી જઈશ; અને પછી એમાં ઉણપો ક્યાં ક્યાં છે અને વેદાંત ક્યાં આગળ આવીને તે ઉણપો પૂરી કરે છે, તે આપણે આજના વ્યાખ્યાનમાં જોઈશું.

વારુ, ત્યારે એ તો તમને યાદ રહ્યું હશેજ કે, સાંખ્યના મત મુજબ આપણે જેને વિચારબુદ્ધિ, વિવેકશક્તિ, પ્રેમ, દ્વેષ, સ્પર્શ, સ્વાદ અને ભૂતદ્રવ્ય કહી ઓળખીએ છીએ તે બધાજ આવિષ્કારોનું કારણ પ્રકૃતિ છે. પદાર્થમાત્ર પ્રકૃતિમાંથીજ ઉદ્ભવ્યા છે. આ પ્રકૃતિ સત્ત્વ, રજસ અને તમસ નામનાં ત્રણ મૂળ તત્ત્વોની બનેલી છે. આ સત્ત્વ, રજસ અને તમસ એ ગુણો નથી, પણ દ્રવ્યો છે અને એ દ્રવ્યોમાંથીજ આખું વિશ્વ ક્રમવિકસિત થયું છે. કલ્પની શરૂઆતમાં એ દ્રવ્યો સમતોલપણાની સ્થિતિમાં હોય છે, અને સૃષ્ટિ પ્રગટે છે ત્યારે તેઓ જોડાવા અને પુનઃ જોડાવાનું શરૂ કરે છે; અને પરિણામે જગતતરીકે વ્યક્ત થાય છે. એમનો સૌથી પહેલો આવિર્ભાવ સાંખ્ય જેને મહત્ કહે છે તેનો છે, અને એ મહત્માંથી જાગ્રતતત્ત્વની યાને ભાનની કિંવા ચેતનાની ઉત્પત્તિ થાય છે. સાંખ્યના સિદ્ધાંત મુજબ ભાન અથવા ચેતના એ એક તત્ત્વ છે, અને તેમાંથી મન, ઇંદ્રિયો તથા તન્માત્રાઓ કહેતાં ધ્વનિ, સ્પર્શ ઈત્યાદિના અણુઓનું પ્રાકટ્ય થાય છે. સકળ સૂક્ષ્મ અણુઓ જાગ્રત અથવા ભાન કે ચેતનાતત્ત્વમાંથી વિકાસ પામે છે, અને એ સૂક્ષ્મ અણુઓ અથવા તન્માત્રાઓમાંથી સ્થૂળ મૂળ તત્ત્વો અથવા આપણે જેમને પંચમહાભૂતો કહીએ છીએ તેમનો ક્રમવિકાસ થાય છે. તન્માત્રાઓ આંખને દેખાતી નથી, પણ જ્યારે તેઓ સ્થળ અણુઓમાં યાને મહાભૂતોમાં પરિણમે છે ત્યારે આપણે તેમને સ્પર્શી શકીએ છીએ કે અનુભવી શકીએ છીએ.

મહત્ અથવા જ્ઞાન, ભાન અને મન, એ ત્રિવિધરૂપે ચિત્કાર્ય કરી પ્રાણનામની શક્તિઓને બનાવે છે. પ્રાણ એટલે શ્વાસ, યાને શ્વાસ એજ પ્રાણ છે, એવી જાતની ભાવનાને તમારે તત્કાળ તિલાંજલિ આપી દેવી જોઈએ. શ્વાસ એ તો પ્રાણનું એક કાર્ય છે. પ્રાણ એટલે અંતઃકરણ અથવા તો શરીરપર સત્તા ચલાવનાર

અને તેનું સંચાલન કરનાર શક્તિઓ છે, કે જે શક્તિઓ વિચાર-રૂપે પણ આવિર્ભૂત થાય છે. પ્રાણનો સૌથી પ્રધાન અને સ્પષ્ટ આવિર્ભાવ શ્વાસોચ્છ્વાસની ગતિ છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં પ્રાણનું કાર્ય હવા ઉપર થાય છે, અને નહિ કે હવાનું પ્રાણ ઉપર. એ શ્વાસોચ્છ્વાસની ક્રિયાને સંયમમાં આણવી તેનું નામ પ્રાણાયામ છે. આ શ્વાસોચ્છ્વાસની ગતિ ઉપર કાબુ મેળવવા માટે પ્રાણાયામ કરવામાં આવે છે; એનો હેતુ કેવળ શ્વાસને વશ કરવાનો અથવા ફેફસાંને મજબૂત બનાવવાનો નથી. એ તો ડેલસર્ત કહેવાય, પ્રાણાયામ નહિ. પ્રાણ એ જીવનરક્ષક શક્તિઓ હોઇ તેઓ શરીરપર કાર્ય કરે છે; અને તેમના પર વળી શરીરની અંદર રહેલાં મન અને આંતર ઇંદ્રિયો નામે ઓળખાતી બીજી ઇંદ્રિયોનું કાર્ય થાય છે. અત્યારસુધીની આ અધ્યાત્મવિદ્યા બરાબર ચોખ્ખી અને ચોક્કસ છે; અને છતાં તે દુનિયાનો પ્રાચીનમાં પ્રાચીન યુક્તિ-યુક્ત વિચાર છે! અત્યારે જ્યાં જ્યાં કંઇ પણ તત્ત્વજ્ઞાન કે યુક્તિ-યુક્ત વિચાર જેવું દીઠામાં આવે છે, ત્યાં ત્યાં તે દરેક કપિલ-મુનિની સાંખ્યવિદ્યાને એક યા બીજી રીતે આભારી છે. પાઇથે-ગોરાસે હિંદુસ્થાનમાં આવીને એ વિદ્યાનું શિક્ષણ મેળવ્યું અને ગ્રીસ દેશમાં તેનો ઉપદેશ કર્યો. આગળ જતાં પ્લેટોએ તેમાંથી વિચાર મેળવ્યા, અને તેની પછી પણ ગ્નૉસ્ટિકો કહેતાં જ્ઞેયવાદીઓ એલે-ક્ઝાન્ડ્રિયા તરફ એ વિચાર લઈ ગયા, અને ત્યાંથી તે વિચાર યૂરોપમાં આવ્યો. તેથી અધ્યાત્મશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાનની દિશામાં જ્યાં જ્યાં કોઈ પ્રયત્ન દીઠામાં આવે છે, ત્યાં ત્યાં તેનો મહાન પિતા તો આ કપિલમુનિજ છે. એમનું અધ્યાત્મશાસ્ત્ર અતિ અદ્‌ભુત છે, એ તો આપણે અત્યારસુધીમાં જોઇ લીધું છે; પણ હવે કેટ-લાક મુદ્દાપર આપણે તેઓશ્રીથી જૂદા પડવું પડશે. આપણે જોઇએ છીએ કે, કપિલમુનિએ ક્રમવિકાસના મૂળભૂત સિદ્ધાંતને વળગી રહીનેજ પોતાના શાસ્ત્રની રચના કરી છે. તેઓ એક વસ્તુનો બીજીમાંથી વિકાસ સિદ્ધ કરે છે. કારણકે કાર્યની તેમની વ્યાખ્યાજ એ છે કે 'કાર્ય એટલે કારણનું બીજા રૂપમાં પુનરાવર્તન.' અને વળી આપણે જોઇ શકીએ છીએ ત્યાંલગી આ જગત પણ પ્રગતિશીલ તથા વિકાસશીલ છે. આપણે જે મટોડી જોઇએ છીએ; તેજ મટોડીને બીજા રૂપમાં આપણે કૂજાતરીકે ઓળખીએ છીએ. એમાં મટોડી એ કારણ હતું અને કૂજો એ તેનું કાર્ય છે. આના ઉપરાંત કાર્યનો વિશેષ ખ્યાલ આપણને આવી શકતોજ નથી. આ પ્રમાણે આ આખું જગત પણ પ્રકૃતિમાંથીજ ક્રમવિકાસ પામ્યું છે; તેથી જગત તેના કારણથી ખાસ કરીને ભિન્ન હોઇ શકતું નથી. કપિલમુનિના મત મુજબ અવ્યક્ત પ્રકૃતિથી માંડીને તે વિચાર કે બુદ્ધિ-

પર્યંતની એકે વસ્તુ ભોક્તા કે પ્રકાશક નથી. જેવો માટીનો લોચો તેવોજ મનનો લોચો. મનને પોતાને કોઈ જાતનો પ્રકાશ નથી. પણ આપણે જોઇએ છીએ કે, તે તર્ક કરે છે. તેથી એમ ઠરે છે કે, મનની પાછળ એવું કોઈ તત્ત્વ હોવું જોઇએ કે જેનો પ્રકાશ તે મહત્ ચેતના અને તે પછીનાં રૂપાંતરોદ્વારા ગાળીને ટપકાવે છે. એ કશાક તત્ત્વને કપિલમુનિ પુરુષ કહીને ઓળખાવે છે; અને સાંખ્યનો જે એ પુરુષ તેજ વેદાંતીઓનો આત્મા છે. કપિલ મુનિના મત મુજબ પુરુષ એ સાદું અસ્તિત્વ છે, મિશ્ર નથી. તે અપ્રાકૃતિક છે યાને પ્રકૃતિની બનાવટ નથી; અને બ્રહ્માંડભરમાં અપ્રાકૃતિક ચીજ કોઈ હોય, તો તે એ પુરુષજ છે. આ બીજા બધા આવિર્ભાવો પ્રાકૃતિક છે, યાને પ્રકૃતિની બનાવટો છે. એક પાટીઉં મને દેખાય છે. એને જોવાની ક્રિયામાં પહેલાં તો બાહ્યસાધન યાને કરણ ઇંદ્રિયને સંદેશો પહોંચાડે છે; ઇંદ્રિયમાંથી તે સંદેશો મનને પહોંચે છે અને ત્યાં એ વિષયની છાપ પડે છે; મન તેને લઇને બુદ્ધિ આગળ રજુ કરે છે. પરંતુ બુદ્ધિ પણ ક્રિયા કરી શકતી નથી; ક્રિયા તો પછવાડે રહેલા પુરુષમાંથી જાણે નીકળે છે. આ ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરે કરણો અથવા સાધનોનો માત્ર પુરુષની પાસે સંદેશો લાવનારા લઈ જનારા હજુરીઆ નોકરો છે, અને એ સાંભળીને પુરુષજ જાણે હુકમો છોડે છે અને પ્રતિક્રિયા કરે છે. એ પુરુષજ ભોક્તા, દ્રષ્ટા અને એક સત્ય અસ્તિત્વ છે; અને એ પુરુષજ શરીર-રાજ્યનો સિંહાસનારૂઢ રાજા હોઈ અપ્રાકૃતિક છે, ને એજ મૂળ આત્મા અથવા પરમાત્મા છે. પુરુષ અથવા આત્મા અપ્રાકૃતિક છે; તેથી અવશ્ય ઠરે છે કે, તે અનંત પણ હોવો જોઇએ, તેને કોઇ પણ જાતની સસીમતા કે મર્યાદા હોઈ શકેજ નહિ. એ પુરુષ સર્વવ્યાપી છે, પણ કાર્ય તો તે લિંગશરીર દ્વારાજ કરી શકે છે. મન, અહંકાર અથવા સ્વ–ભાન, ઇંદ્રિયો અને પ્રાણ મળીને લિંગશરીર બને છે. ખ્રિસ્તી તત્ત્વજ્ઞાનમાં એ લિંગશરીરને આધ્યાત્મિક શરીર કહેવામાં આવ્યું છે. મુક્તિ અને સજા, સ્વર્ગ અને નરક, જન્મ અને પુનર્જન્મ—એ બધું આ લિંગશરીરનેજ હોય છે. કારણ એ તો આપણે આરંભથીજ જોઈ લીધું છે કે, પુરુષ અથવા આત્માને માટે કયાંય જવા આવવાનું અશકય છે. ગતિ એટલે જવું આવવું તે; અને જે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય આવે, તે સર્વ-વ્યાપી હોઈ શકેજ નહિ. કપિલની અધ્યાત્મવિદ્યા યાને સાંખ્યપરથી આપણને આટલે સુધી જણાય છે કે, આત્મા અનંત છે, અને આત્માજ એક એવી વસ્તુ છે કે જે પ્રકૃતિની બનાવટ નથી. પ્રકૃતિની બહાર હોય એવી વસ્તુ પણ એ એકજ છે; પણ દેખીતી રીતે તો તે પણ પ્રકૃતિથી બંધાયલો છે. કારણ કે ચોમેર પ્રકૃતિ પથરાયલી છે,

અને પ્રકૃતિની સાથે તેણે પોતાને પણ તેના જેવો બનાવી દીધો છે. કેમકે તે એમ માને છે કે "હું લિંગશરીર છું, હું સ્થૂળશરીર છું" અને એજ કારણથી તે સુખદુઃખનો ભોક્તા બને છે. પણ વાસ્તવિક રીતે જોતાં તો સુખદુઃખ કાંઇ એનાં નથી, પણ લિંગશરીરનાં છે.

ધ્યાનશીલ અવસ્થાને યાને સમાધિ દશાને યોગીજનો હમેશાં ઉંચામાં ઉંચી અવસ્થા કહે છે. એ દશા સક્રિય તેમ નિષ્ક્રિય બેમાંની એકે નથી; અને એ અવસ્થામાં તમે પરમ પુરુષના નિકટમાં નિકટગામી થાઓ છો. આત્માને સુખ કે દુઃખ બેમાંથી એકે હોતું નથી. તે પદાર્થમાત્રનો સાક્ષી છે, કાર્યમાત્રનો શાશ્વત સાક્ષી છે; છતાં કોઈ કાર્યનું ફળ એ પોતે ગ્રહણ કરતો નથી. જેમ સૂર્ય એ પ્રત્યેક આંખની દૃષ્ટિનું કારણ છે, છતાં કોઈ આંખની ઉણપ તેને બાધકર્તા નીવડતી નથી; અથવા જેમ કોઈ બીલોરી પદાર્થ પાસે લાલ કે ભૂરું ફૂલ મૂકવામાં આવે છે ત્યારે તે બીલોરી પદાર્થ લાલ કે ભૂરો દેખાય છે, છતાં એ પદાર્થ પોતે ખરી રીતે તે બેમાંથી એકે હોતો નથી; તેમ આત્મા પણ સક્રિયતા કે નિષ્ક્રિયતા બેમાંથી એકે નથી. એ બન્નેથી તે પર છે. આત્માની આ અવસ્થાને દર્શાવનારો સારામાં સારો શબ્દ સમાધિ છે. સાંખ્યનું તત્ત્વજ્ઞાન આ છે.

બીજું, સાંખ્ય કહે છે કે, પ્રકૃતિના આવિર્ભાવ આત્માને માટે છે; બધાંજ મિશ્રણ અને સંયોગીકરણો કોઇ ત્રીજીજ વ્યક્તિ માટે હોય છે. જે સંયોગીકરણોને તમે પ્રકૃતિ કહો છો, તે સંયોગીકરણો યાને એ બધાંજ નિરંતર થતાં પરિવર્તનો આત્માના ઉપભોગ માટે, તેના છૂટકારા માટે અને નિકૃષ્ટ યોનિથી માંડીને તે ઉત્કૃષ્ટ યોનિપર્યંતનો તમામ અનુભવ તેને મળે એટલા માટે થયાં કરે છે. આત્માને જ્યારે એ અનુભવ થઇ જાય છે ત્યારે તેને માલમ પડે છે કે, તે પોતે પ્રકૃતિની અંદર કદાપિ નહોતો, તે પ્રકૃતિથી સાવ ભિન્ન હતો, તે અવિનાશી છે અને તેને ક્યાંય જવા-આવવાપણું નથી. સ્વર્ગમાં જવાનું કે ફરી જન્મવાનું પ્રકૃતિમાં હતું, આત્મામાં પોતામાં નહિ. અને એ રીતે જીવાત્મા મુક્ત થાય છે. મતલબ કે, સમગ્ર પ્રકૃતિ આત્માના ઉપભોગ અને અનુભવ માટે કાર્ય કરી રહી છે; અને અંતિમ ધ્યેય જે મુક્તાવસ્થા તેને પ્રાપ્ત કરવા માટેજ જીવાત્મા અનુભવો લઈ રહ્યો છે. પરંતુ સાંખ્યદર્શન કહે છે તેમ મૂળ આત્મા (પરમાત્મા) અનેક નહિ પણ સંખ્યાતીત અનંત છે. વળી કપિલ મુનિનો બીજો એક સિદ્ધાંત એવો છે કે, જગતના સૃષ્ટાતરીકે કોઈજ ઈશ્વર નથી. અને અસ્તિત્વમાત્રના ખુલાસા માટે પ્રકૃતિ પોતેજ બસ છે-અર્થાત્ કે સાંખ્યવાદીઓ કહે છે કે, ઈશ્વરની ભાવનાની આવશ્યકતાજ નથી.

હવે વેદાંતી કહે છે કે, આત્માઓ સ્વભાવથકીજ **સત્, ચિત્**

અને **आनंद** છે; પણ આ **सत्, चित्** અને **आनंद**–એ આત્માના ગુણો નથી; તેઓ એક છે, ત્રણ નથી. કેમકે આત્માનું તે સાર-તત્ત્વ છે. વળી મહત્ અથવા જ્ઞાન પ્રકૃતિમાંથી આવતું હોવાથી પ્રકૃતિનું છે, એ વાતમાં વેદાંત સાંખ્ય સાથે એકમત થાય છે. વેદાંત વળી એમ પણ બતાવે છે કે, આ મહત્ એ મિશ્રતત્ત્વ છે. દાખલા-તરીકે આપણા જ્ઞાનાનુભવો આપણે તપાસીએ. મને એક પાટિયાને જોવાનું જ્ઞાન થાય છે. એ જ્ઞાન કેવી રીતે થાય છે? જર્મન તત્ત્વ-વેત્તાઓ જેને 'વાસ્તવ-વસ્તુ' કહી ઓળખાવે છે, તે પાટીઆની વાસ્તવ-વસ્તુ અજ્ઞાત છે, તેને હું કદી જાણી શકું તેમ નથી. પાટીઆની એ વાસ્તવ-વસ્તુને આપણે **क्ष** કહીશું. **क्ष** મારા મનપર ક્રિયા કરે છે, અને મન પ્રતિક્રિયા કરે છે. મન એ તળાવ જેવું છે. તળાવમાં એક પથરો નાખીએ છીએ, એટલે પ્રતિક્રિયાત્મક મોજું પથ્થર ભણી આવે છે. એ મોજું પથરા જેવું મુદ્દલ નથી, એ તો પાણીનું મોજુંજ છે. તે મુજબ પાટીઆના **क्ष**રૂપી પથ્થર મનરૂપી તળાવમાં ફેંકાય છે ને અથડાય છે; એટલે મનરૂપી તળાવ તેના-પ્રત્યે એક મોજું ફેંકે છે, અને એ મોજું તેજ આપણે જેને પાટીઉં કહી ઓળખીએ છીએ તે છે. હું તમને જોઉં છું. વાસ્તવ-વસ્તુ-તરીકે તમે મને અજ્ઞાત અને અજ્ઞેય છો. તમે વાસ્તવરૂપે **क्ष** છો, અને મારા મનપર ક્રિયા કરો છો. મારૂં મન જે દિશામાંથી આઘાત આવે છે તે દિશા તરફ એક મોજું ફેંકે છે, અને તે મોજુંજ હું જેને ફલાણા ભાઈ કે ફલાણી બહેનતરીકે જોઉં છું તે છે. જ્ઞાનાનુ-ભવની બાબતમાં બે મૂળ તત્ત્વો રહેલાં છે, એક બહારથી આવતું ને બીજું અંદરથી આવતું. એ બંનેના સંયોગ યાને '**क्ष**+મન'નું પરિણામ તે આપણું બાહ્યજગત છે. બધુંજ જ્ઞાન પ્રતિક્રિયામાંથી જન્મે છે. મગરમચ્છને તેની પૂછડી કાપી નાખ્યાનું દુઃખ મોડેથી થાય છે, કેમકે તેનું મન પ્રતિક્રિયાનું કામ કેટલીક વાર પછી કરે છે. આ વાત ગણત્રી અને અખતરાથી સાબીત થયેલી છે.

આંતરિક જ્ઞાનાનુભવની બાબતમાં પણ તેવુંજ છે. મારી અંદર રહેલ પ્રકૃત 'સ્વ' અથવા વાસ્તવ-વસ્તુ પણ મને અજ્ઞાત તેમજ અજ્ઞેય છે. એને આપણે **य** કહીશું. હું મારી જાતને અમુક અમુક તરીકે ઓળખું છું, ત્યારે તે **य**+મન બને છે. એ **य**નો મનપર ધક્કો આવે છે, અને મનની પ્રતિક્રિયા થતાં મને તેનું જ્ઞાન થાય છે. ત્યારે આપણું આખું બ્રહ્માંડ **क्ष**+મન (સ્થૂળ જગત) અને **य**+મન(સૂક્ષ્મ જગત)નું થયું. **क्ष** એ સ્થૂળજગત પાછળ-ની વાસ્તવ-વસ્તુનો સૂચક છે, અને **य** એ સૂક્ષ્મ જગતની પાછળ-ની વાસ્તવ-વસ્તુનો સૂચક છે.

વેદાંતના મત મુજબ અહંકારનાં ત્રણ પ્રધાન અંગો "**હું છું,**

હું જાણું છું, અને હું આનંદી અથવા સુખી છું" એ છે. મારે કશાની કે કોઈની જરૂર નથી. હું સ્વસ્થ છું, શાંત છું અને મને કાંઇજ ખલેલ પહોંચાડી શકે તેમ નથી—એવો જે ખ્યાલ વખતોવખત આપણને આવે છે, તે ખ્યાલ આપણા અસ્તિત્વનું કેન્દ્રસ્થ સત્ય છે અને આપણા જીવનનું મૂળભૂત તત્ત્વ છે—અર્થાત્ કે આપણું વાસ્તવ **सत्, चित्** અને **आनंद** છે તેથીજ આપણને એવો ખ્યાલ આવતો રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણું વાસ્તવ રૂપ **सत्, चित्** અને **आनंद** છે તેની એ ખ્યાલ સાબીતી છે. એ **सत्, चित्** અને **आनंद** જ્યારે સસીમ થઇ મિશ્ર વસ્તુ બને છે, ત્યારે તે સ્થૂળ અસ્તિત્વ, સ્થૂળજ્ઞાન અને પ્રેમતરીકે જણાય છે. પ્રત્યેક મનુષ્ય અસ્તિત્વ ધરાવે છે, પ્રત્યેક માણસે જ્ઞાન મેળવવું જોઇએ અને પ્રત્યેક મનુષ્ય પ્રેમની પાછળ ઘેલો છે. પ્રેમ કર્યા વગર તેને ચાલતુંજ નથી. સૃષ્ટિભરમાં નિકૃષ્ટથી તે ઉત્કૃષ્ટપર્યંત પ્રત્યેક જીવ પ્રેમ કરેજ છે; કારણ કે તેનો તેમ કર્યા વગર છૂટકોજ નથી. આંતરિક વાસ્તવ વસ્તુ **ય** મનની સાથે જોડાતાં જે અસ્તિત્વ, જ્ઞાન અને આનંદને ઉપજાવે છે તેને વેદાંતીઓ **सत्, चित्** અને **आनंद** કહે છે. એ પ્રકૃત અસ્તિત્વ અસીમ, નિર્ભેળ, અમિશ્ર અને અપરિણામી અથવા અપરિવર્તનશીલ હોઈ એજ મુક્તાત્મા છે; અને જ્યારે તે મનની સાથે સેળભેળ થઈ ડહોળાઈ જાય છે, ત્યારે તે વ્યક્તિગત અસ્તિત્વ યાને જીવ કહેવાય છે. એક વિશ્વવ્યાપી સ્થાન સીમાથી કપાઇને જેમ ઓરડો, ઘર, બરણી, કબાટ વગેરે બને છે, તેમ આ પ્રકૃત અસ્તિત્વ અથવા આત્મા મનની સાથે ભેળાઇને સસીમ બનતાં વનસ્પતિજીવ, પશુજીવ, મનુષ્યજીવ ઇત્યાદિ બને છે. અને એ પ્રકૃત જ્ઞાન કિંવા **चित्** એ આપણને અત્યારે જે જ્ઞાન છે તે, કિંવા સહજજ્ઞાન એટલે કે અંતરમાંથી તત્કાલ સ્ફુરતું જ્ઞાન નથી, તેમ વિવેકબુદ્ધિ કે પ્રેરણા પણ નથી. જ્યારે એ **चित्** મનની સાથે ભળીને અવનત થાય છે ને ગુંચવાઈ જાય છે, ત્યારે તેને આપણે સહજજ્ઞાનતરીકે ઓળખીએ છીએ; જ્યારે તે એ કરતાં પણ વધારે અવનત બને છે ત્યારે તે વિવેકબુદ્ધિ કહેવાય છે, અને હજી તેના કરતાં પણ વધારે અવનતિને પામે છે ત્યારે તે પ્રેરણાતરીકે ઓળખાય છે. એ પ્રકૃત જ્ઞાન અથવા **चित्** પોતે સહજ જ્ઞાન, વિવેક કે પ્રેરણા પૈકી કંઈજ નથી; તે તો વિજ્ઞાન છે. (અહીં વિજ્ઞાન એટલે અંગ્રેજીમાં જેને 'સાયન્સ' કહે છે તે ભૌતિક વિજ્ઞાન નથી સમજવાનું, પણ જે મૂળજ્ઞાન અથવા પરમાત્મસાક્ષાત્કારને માટે વેદાંતે વિજ્ઞાન શબ્દનો પ્રયોગ કર્યો છે તે ધ્યાનમાં રાખવું.) વિજ્ઞાનને સીમા કે ભેળાવાપણું નથી, એટલે કે વિજ્ઞાન અસીમ અને નિર્ભેળ છે. હવે, એ રીતે પ્રકૃત આનંદપર

જ્યારે આવરણ ચઢે છે ત્યારે તેને આપણે પ્રેમ, સ્નેહ અને સ્થૂળ કે લિંગશરીરો માટે કે ભાવનાઓ માટેનાં મોહ ઈત્યાદિ નામોથી ઓળખીએ છીએ. અર્થાત્ કે આ પ્રેમ વગેરે એ પ્રકૃત આનંદના મરડાયલા, મચકાયલા ને અધકચરા આવિષ્કારો છે. સત્ ચિત્ અને આનંદ એ આત્માના ગુણો નથી પણ આત્માનુસાર ભૂતસત્ત્વ છે, એ તો ઉપર જણાવીજ ગયા છીએ; તેમની અને આત્માની વચ્ચે મુદ્દલ ભેદ નથી. એટલુંજ નહિ પણ તે ત્રણે એકજ વસ્તુ છે, યાને એકજ વસ્તુ આપણને ત્રણ જૂદાં જૂદાં રૂપમાં દેખાય છે. તેઓ સાપેક્ષ જ્ઞાનથી પર છે-અર્થાત્ કે તુલનાથી તે સમજાઈ શકે તેવું નથી. આત્માનું એ શાશ્વત જ્ઞાન, મનુષ્યના મગજમાંથી નિહાળતાં સહજજ્ઞાન, સ્ફુરણા, વિવેક વગેરેરૂપે નજરે પડે છે. એ શાશ્વત જ્ઞાનનો આવિષ્કાર, અથવા તે જે વસ્તુમાં થઈને પ્રકાશે છે તે આવિષ્કાર, વસ્તુના પ્રમાણમાં વિવિધ પ્રકારનો હોય છે. વિશુદ્ધાત્માતરીકે અધમ પ્રાણી અને મનુષ્ય વચ્ચે કંઈજ તફાવત નથી. માત્ર અધમ પ્રાણીનું મગજ ઓછું વિકસિત થયેલું હોઈ તેનાદ્વારા પ્રગટતો પ્રેરણા નામે ઓળખાતો જ્ઞાનનો આવિષ્કાર બહુ ઝાંખો હોય છે એટલુંજ. મનુષ્ય પ્રાણીની અંદર મગજ બહુ સૂક્ષ્મ હોય છે, તેથી તેનાદ્વારા પ્રગટતો જ્ઞાનનો આવિષ્કાર વધારે ખુલ્લો અને સાફ હોય છે; અને તેમાંયે સર્વોત્તમ કોટિના મનુષ્યમાં યાને મુક્તાત્મામાં તો તે સંપૂર્ણ સ્વચ્છ હોય છે. અસ્તિત્વની બાબતમાં પણ એમજ છે. અસ્તિત્વના જે મર્યાદિત ક્ષેત્રને આપણે જાણીએ છીએ, તે તો આત્માનો સ્વભાવ જે સત્ છે તેનું કેવળ પ્રતિબિંબ માત્ર છે. તેવુંજ આનંદની બાબતમાં. જેને આપણે પ્રેમ કે આકર્ષણ કહીએ છીએ તે તો આત્માના શાશ્વત આનંદનું પ્રતિબિંબ માત્ર છે. આવિષ્કારની સાથેજ સસીમતા સંકળાયલી છે, એટલે આવિષ્કાર થતાંજ સસીમતા આવીને ખડી રહે છે. પણ આત્માનો પ્રધાન સ્વભાવ જે અવ્યક્તતા તે તો અસીમજ છે; તેથી તે મૂળ આનંદને સીમાનું બંધન નથી, પરંતુ પ્રેમનેજ સીમાનું બંધન હોય છે. એક દિવસ હું તમને ચાહતો હોઉં છું ને બીજે કોઈ દિવસે વળી ધિક્કારતો થાઉં છું. મારો પ્રેમભાવ એક દહાડો વૃદ્ધિંગત થતો લાગે છે અને બીજે પ્રસંગે વળી ઘટતો લાગે છે. એનું કારણ એજ કે, તે પ્રકૃત આનંદ નહિ પણ તેનો આવિષ્કાર માત્ર છે.

પહેલા જે મુદ્દાપર આપણે સાંખ્યની સાથે તકરારમાં ઉતરીશું, તે મુદ્દો તેની ઈશ્વરની ભાવના વિષેનો છે. વ્યક્તિગત બુદ્ધિથી વ્યક્તિગત શરીરપર્યંતની પ્રકૃતિની જે રૂપાંતરપરંપરા છે, તેની પાછળ જેમ એક પુરુષને તેના શાસક અને અધિષ્ઠાતાતરીકે કલ્પવાની જરૂર સાંખ્યને જણાઈ છે, તેમજ બ્રહ્માંડની અંદરની

વિરાટ બુદ્ધિને, વિરાટ અહંતાને, વિરાટ મનને અને વિરાટ સૂક્ષ્મ તેમજ સ્થૂળ દ્રવ્યોને માટે પણ એક શાસક અને અધિષ્ઠાતાતરીકે એક વિરાટ પુરુષને કલ્પવાની જરૂર રહેશેજ. એવા વિરાટ પુરુષનો શાસક ને અધિષ્ઠાતાતરીકે સ્વીકાર કર્યા વગર બ્રહ્માંડની એ પરંપરા પૂરીજ શી રીતે થાય ? સમષ્ટિ બ્રહ્માંડની એ પરંપરા પાછળ વિરાટ પુરુષની કલ્પના સ્વીકારવાનો તમે સાંખ્યવાદીઓ ઇન્કાર કરો, તો અમે વેદાંતીઓ એ વ્યષ્ટિપરંપરા પાછળના તમારા પુરુષનો પણ ઇન્કાર કરીશું. ક્રમબદ્ધ વ્યક્તિગત આવિષ્કારોની પાછળ એ આવિષ્કારોથી પર અને અપ્રાકૃત એવો પુરુષ આવેલો છે, એ ભાવના જો સાચી છે, તો તો તેજ તર્ક ને તેજ ન્યાય વિરાટ અથવા સમષ્ટિના આવિર્ભાવોને પણ આબાદ લાગુ પડશે; અને તમારે સ્વીકારવુંજ પડશે કે એવો વિરાટ પુરુષ છે. પ્રકૃતિના આવિષ્કારો ને રૂપાંતરોથી પર રહેલા આ વિરાટ પુરુષ અથવા વિરાટ્ આત્માનુંજ નામ ઇશ્વર છે, અને એ ઇશ્વરજ સર્વોપરિ શાસક અને સર્વશ્રેષ્ઠ અધિષ્ઠાતા છે.

હવે સાંખ્ય અને વેદાંત વચ્ચેના આ ફેરનો વધારે અગત્યનો મુદ્દો આવે છે. એ મુદ્દો આ છે કે–"એક કરતાં વધારે પુરુષ હોઇ શકે ખરા કે?" સાંખ્યમાં જે પુરુષને આપણે જોયો છે, તે સર્વવ્યાપી અને અનંત છે. સર્વવ્યાપી અને અનંત બે હોઇ શકે નહિ. જો **अ** અને **ब** નામનાં બે અનંત હોય, તો અનંત **अ** અનંત **ब**ને સસીમ બનાવશે યાને મર્યાદિત કરશે. કારણ કે અનંત **ब** એ અનંત **अ**, અને અનંત **अ** એ અનંત **ब** નથી, યાને બન્ને એકરૂપ નથી. સાદશ્યનો ફેર એટલે નિષેધ, અને નિષેધ એટલેજ સસીમતા અગર મર્યાદા. તેથી **अ** અને **ब** એકબીજાને સસીમ બનાવતાં પોતાનું અનંતપણું ગુમાવી દે છે. આથી સિદ્ધ થાય છે કે, અનંત તો એકજ હોય, અને પરિણામે પુરુષ પણ એકજ છે.

હવે આપણે આપણા **क्ष** અને **य** ના અજ્ઞેય પદાર્થોપર આવીશું અને બતાવી આપીશું કે, તે બન્ને એકજ છે. એ તો આપણે ઉપર સિદ્ધ કરીજ આવ્યાં છીએ કે, બાહ્યજગત બરાબર **क्ष** +મન, અને આંતરજગત બરાબર **य**+મન. આ બન્ને સમીકરણોમાં **क्ष** અને **य** અજ્ઞાન અને અજ્ઞેય રકમો છે. જગતમાં જણાતો તફાવત માત્ર દેશ, કાળ તથા કાર્ય–કારણના નિયમને લીધે છે. આ દેશ, કાળ અને કાર્યકારણનો નિયમ મનનાં ઉત્પાદક મૂળતત્ત્વો છે. એમની હાજરી વગર કોઈ પણ જાતના માનસિક વલણની શક્યતા નથી. કાળ ન હોય તો તમે કદી કશાનો વિચાર કરી ન શકો, દેશ અથવા સ્થાનનો અભાવ હોય તો તમારાથી કશાની કલ્પના કદી કરાય નહિ, અને કાર્ય–કારણના નિયમ વગર તમને

કશાની પ્રાપ્તિ કદાપિ થાય નહિ. આ મનના ધાટો છે. તેમને દૂર કરો, એટલે મનનું પોતાનુંજ અસ્તિત્વ નાબુદ થઈ જાય છે; તેથી તફાવત માત્ર મનનેજ આભારી છે. તેથી વેદાંતના મત મુજબ મન અને તેના વિવિધ ધાટો એજ આપણાં **ક્ષ** અને **ય** ને દેખીતાં સસીમ બનાવ્યાં છે, અને તેમને બાહ્ય અને આંતરજગત કિંવા સ્થૂળ અને સૂક્ષ્મ જગતતરીકે ભિન્ન રૂપે દેખાડે છે. પરંતુ **ક્ષ** અને **ય** બન્ને મનથી પરના વિષય હોવાથી તફાવતરહિત છે, અને તેથી એક છે. એમને આપણે એક ગુણધર્મ લાગુ પાડી ન શકીએ; કેમકે ગુણધર્મોનું ઉત્પત્તિસ્થાન મન છે. જે ગુણરહિત છે, તે એક છે. **ક્ષ** પોતે ગુણરહિત છે, મનનાજ ગુણો તે ધારણ કરે છે. યનું પણ તેમજ છે. તેથી **ક્ષ** અને **ય** ગુણની બાબતમાં સરખા છે; એટલે ઠરે છે કે, તેઓ ઉભય એક છે. આખુંય જગત એક છે. એ એકજ જગતમાં આત્મા પણ એકજ છે અને અસ્તિત્વ પણ એકજ છે. એ એક અસ્તિત્વ જ્યારે દેશ, કાળ અને કાર્ય–કારણના નિયમમાંથી પસાર થાય છે ત્યારે બુદ્ધિ, તન્માત્રા, મહાભૂત, તેમજ માનસિક અને શારીરિક તમામ ધાટોને આકાશનાં વિવિધ નામથી ઓળખાય છે. આ એક માત્ર અસ્તિત્વનો અલ્પ અંશ દેશ, કાળ ને કાર્ય–કારણની જાળમાં આવે છે ત્યારેજ તે રૂપોને ધારણ કરે છે. એ જાળ દૂર કરી દેતાં બધુંજ એક દેખાશે. આથી કરીને અદ્વૈતના તત્ત્વજ્ઞાનમાં આ આખુંય જગત આત્મામાં એકરૂપ છે. અદ્વૈતના વેદાંતમાં એ વિશુદ્ધાત્મા અથવા પરમાત્માનું 'બ્રહ્મ' નામ છે અને જગતનું બ્રહ્માંડ નામ છે. એ બ્રહ્મને જ્યારે જગતની પાછળ રહેલા જગતના સૂત્રધારતરીકે જોવાય છે ત્યારે તેને ઇશ્વર કહેવાય છે, અને તેજ જ્યારે શરીરરૂપી નાના જગતની પાછળ તેના સૂત્રધાર-તરીકે દેખાય છે ત્યારે તે જીવ નામે ઓળખાય છે. તેથી આ જીવ એજ આત્મા તેમજ ઈશ્વર છે. વેદાંત જેને બ્રહ્મ કહે છે તેજ માત્ર એક પુરુષ અથવા પરમપુરુષ છે; ઈશ્વર અને મનુષ્યનું પૃથક્કરણ કરતાં તેઓ પણ એક બ્રહ્મમય ઠરે છે. આ જગત દેખાય છે તે પણ તમે પોતેજ છો; તમે એટલે કે તમારૂં એક વાસ્તવિક અને અખંડિત સ્વરૂપ. એ મૂળ સ્વરૂપે બ્રહ્માંડભરમાં તમારી વ્યાપકતા છે. "બધાજ હાથોથી તમેજ કાર્ય કરો છો, બધાંય મોઢાં વાટે તમેજ ભોજન કરો છે, બધાં નસ્કોરાં વાટે તમેજ શ્વાસ લો છો ને છોડો છો, તથા બધાં મન વાટે તમેજ વિચારો છો." આખુંય જગત તમે છો; જગત તમારૂં શરીર છે; તમેજ જગત છો–સાકાર તેમજ નિરાકાર જગતના આત્મા તમેજ છો, તેમ શરીર પણ તમેજ છો. તમેજ ઇશ્વર છો, તમેજ દેવદૂતો છો; તમેજ મનુષ્ય છો, તમેજ પશુપંખી છો; તમેજ

વનસ્પતિ સૃષ્ટિ છો, તમેજ ખનિજ પદાર્થ છો; રે ! તમેજ બધું છો, વસ્તુમાત્રનો આવિર્ભાવ તે તમે પોતેજ છો. જે જે કંઇ અસ્તિત્વમાં છે તે ખુદ તમે છો. તમે અનંત છો. અનંતના ભાગલા પડી શકે નહિ. અનંતને ભાગ જેવું હોયજ નહિ. કેમકે અનંતનો દરેક ભાગ અનંતજ હોય; એટલે કે ભાગનું આખાની સાથે સાદશ્ય હોય, એ વાતજ બેહુદી છે, અર્થવિનાની છે. તેથી તમે ફલાણા ફલાણા ભાઈ છો એ ખ્યાલ કદાપિ સાચો હોય નહિ. એ તો કેવળ જાગ્રત સ્વપ્ન છે. આ રહસ્ય જાણો અને ભવબંધનમાંથી છૂટો. આમ કહી વેદાંત આવી રીતે સમાપ્તિ કરે છે કેઃ-"હું શરીર નથી, ઈંદ્રિયો નથી, તેમ મન પણ નથી; હું તો સત્, ચિત્ અને આનંદ છું; **સચ્ચિદાનંદ** હું પોતેજ છું, **સોઽહમ્**." સાચું જ્ઞાન આ છે; વિવેકબુદ્ધ તથા બીજું બધું અજ્ઞાન છે, મારે માટે જ્ઞાન કયાં રહ્યું હોય? કેમકે હું પોતેજ જ્ઞાન છું. મારે માટે જીવન જેવું કયાં હોય? કેમકે હું પોતેજ જીવન છું. હું જીવું છું તેની મને ખાત્રી છે, કેમકે હું પોતેજ એકમાત્ર જીવનતત્ત્વ છું; અને મારી અંદર રહીને, મારામાં અને મારાતરીકે. આ સિવાયનું કશું અસ્તિત્વ છેજ નહિ. પંચમહાભૂતોદ્વારા હું વ્યક્તતાને પામ્યો છું; પણ હુંજ તે મુક્તાત્મા છું. મુક્તાવસ્થા શોધવાની કોને રહી? કોઇનેજ નહિ. તમે બદ્ધ છો એમ જો માનો છો, તો તમે બદ્ધજ રહો છો; તમારૂં બંધન તમે પોતેજ ઉભું કરો છો. તમે મુક્ત છો એવું જો તમે જાણો યાને અપરોક્ષાનુભવ કરો, તો અહીં અને અબઘડીજ તમે મુક્ત છો. આ જ્ઞાન છે. મુક્તિનું જ્ઞાન અને મુક્તિનું ધામ, મુક્તિ એજ પ્રકૃતિ સકળનું ધ્યેય છે.

समाप्त

આ સંસ્થાના ઉત્તમ ગ્રંથો

ધાર્મિક ગ્રંથો

	મૂલ્ય
શ્રીમહાભારત–સંપૂર્ણ ભાષાંતર–૭ ભાગમાં...	૩૬)
શ્રી વાલ્મીકિ રામાયણ–૩૨ ચિત્રોસાથે ...	૬)
શ્રીતુલસીકૃત રામાયણ–૪૦ ચિત્રોસાથે ફરી છપાય છે.	
શ્રીગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨ા
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં....	૧૦)
મહાભારતનું શાંતિપર્વ–નવી આવૃત્તિ	૫)
મહાભારતનાં આદિ–સભાપર્વ(જૂની પ્રતો)	૨)
શ્રીમદ્‌ભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર	૪ાા
શ્રીમદ્‌ભાગવત–નવી આવૃત્તિ ૩) બે ભાગમાં	૩ાા
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–નવી આવૃત્તિ	૨)
શ્રીરામકૃષ્ણ કથામૃત–બંને ભાગ ભેગા ...	૨ા
મહાભારત અને રામાયણવિષે વિચારો(સાદુ)	૦ાા≈
શ્રીમહાભારતવિષે–જાણવાજોગ વિચારો ...	૧ાા
ધર્મતત્ત્વ–બંકિમચરિત્ર સાથે ૦ાાા, યોગતત્ત્વ...	૧ા
સ્વામી રામતીર્થ–ચારે ગ્રંથ ભાગ ૧ થી ૧૩	૮ા
,, ,, ગ્રંથ ૧ લો–ભાગ ૧ થી ૫	૨)
,, ,, ગ્રંથ ૨ જો–ભાગ ૬ થી ૯	૨ા
,, ,, ગ્રંથ ૩જો–ભાગ ૧૦–૧૧	૨)
,, ,, ગ્રંથ ૪થો–ભાગ ૧૨–૧૩	૨)
સ્વામી વિવેકાનંદ–સર્વ ભાગોનું મૂલ્ય ...	૧૧)
,, ,, ગ્રંથ ૧ લો ભાગ ૧–૨–૩	૨ા
,, ,, ગ્રંથ ૨ જો–ભાગ ૪–૫	૨ા
,, ,, ભાગ ૬–૭ (સાદુ પૂંઠુ)	૧)
,, ,, ભાગ ૮ મો	૨)
,, ,, ભાગ ૯ મો–સંપૂર્ણ ચરિત્ર	૨ાા
,, ,, ભાગ ૧૦ મો–રાજયોગ (સાદુ)	૧)
,, ,, ભાગ ૧૧ મો–જ્ઞાનયોગ...	૧ાા

ભગવદ્‌ગીતા—ગુજરાતી સરલાર્થસહિત ૦)=, પાકું ૦)॥

ભગવદ્‌ગીતા—ગુ૰ સરલાર્થ સાથે મોટા અક્ષરમાં ૦।, ૦।=

ભગવદ્‌ગીતા—શ્રીધરી ટીકાનુસાર અર્થસહિત ... ૦।–

ભગવદ્‌ગીતા—મૂલમાત્ર—મધ્યમાક્ષર ૦।, મોટા અક્ષર ૦॥

પંચરત્ન ગીતા—ગુ૰ સરલાર્થ સાથે મોટા અક્ષર ... ૦॥=

પંચરત્નગીતા—ગુ૰ સરલાર્થ સાથે નાના અક્ષરમાં ૦॥

પંચરત્નગીતા—મૂલમાત્ર—ત્રણ પ્રકારની ૦।, ૦।=, ૦॥।

પ્રભુમય જીવન—સંશોધિત નવી આવૃત્તિ .... ૦॥

અખાની વાણી—મનહર પદ સાથે .... ૧॥

પ્રીતમદાસની વાણી—ચરિત્ર સાથે મોટો સંગ્રહ ૧॥

છોટમની વાણી—ગ્રંથ ૧ લો—૧), બીજો ૧॥, ત્રીજો ૧)

શ્રીભજનસાગર—સાદું પૂંઠું ૦।=, પાકું પૂંઠું ૦॥–

શ્રીસુબોધ રત્નાકર—અસરકારક દૃષ્ટાંતો સાથે ૦॥।

સ્વર્ગનું વિમાન ૧।= **સ્વર્ગની કુંચી** ૧।=

સ્વર્ગનો ખજાનો ૧।= **સ્વર્ગનો પ્રકાશ** ૧।=

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આર્યોના સંસ્કાર અથવા **હિંદની વિદ્યાકળા** ૦॥

શુભસંગ્રહ—ભાગ ૧ લો ૦।, ભાગ બીજો ૨॥, ભાગ ૩ જો ૧॥, ભાગ ૪ થો ૧॥, ભાગ ૫ મો ૧॥, ભાગ ૬ ઠ્ઠો છપાય છે.

આગળધસો—૧॥।, **સુખ સામર્થ્ય** અને **સમૃદ્ધિ** ૧।

આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧ લો ૧)=, ભાગ ૨ જો ૧।

બંકિમ નિબંધમાળા—ધર્મતત્ત્વ સાથે ... ૧॥।

ભાગ્યના સૃષ્ટાઓ—(સાદું પૂંઠું) ... ... ૧॥

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ—બે મોટા ગ્રંથોમાં ૧૦)

આર્યભિષક્ અથવા **હિંદનો વૈદ્યરાજ** ... ૪)

આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન—ગાંધીજીકૃત... ૦।–

बोधदायक उत्तम जीवनचरित्रो

સ્વા૰ ભાસ્કરાનંદ અને **ગો૰** વિજયકૃષ્ણનાં ચરિત્ર ૧॥

મુસ્લીમ મહાત્માઓ .... ૧॥।

ભારતનાવીરપુરુષો ... ... ૧)
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત... ૧ા
શ્રી શિવાજી છત્રપતિ ... . ૨ા
વીર દુર્ગાદાસ–અથવા મારુ સરદારો... ... ૦ાા
ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં નવી આવૃત્તિ ૬)
મહાન સાધ્વીઓ–છપાય છે. સત્વર બહાર પડશે.
મહાન સમ્રાટ્ અકબર ... . ૧ા
દાનવીર કાર્નેગી ... . ૧ાા
કાઉન્ટ ટૉલ્સ્ટૉય .... ૨ાા
મહાન નેપોલિયન બોનાપાર્ટ ... ... ૩)
રામતીર્થ તથા વિવેકાનંદનાં ચરિત્ર ઉપર આવી ગયાં છે.

बोधप्रद टुंकी वार्ताओ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા ... ... ૨)
ટુંકીવાર્તાઓ–ભાગ ૫ મો–૨૮ વાતો .... ૦ાાં
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો– ૨૭ વાતો ... ૧)
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો ... ૧ાા
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી.... ... ૦ા

बाळको माटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો–૬૯ ટૂંકાં બાળચરિત્ર ... ૦ા
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ૦ા
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ ૦)=
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો ૦ા
સુબોધક નીતિકથા–શ્રી. બીરબલની લખેલી ૦ા=

चित्रो अने चित्रावलीओ

શ્રીમહાભારત ચિત્રાવલી–૨૬ ચિત્રો, પાકાં પૂંઠાં ૧)
શ્રીરામાયણ ચિત્રાવલી—૩૬ ,, ,, ,, ૧)
શ્રીકૃષ્ણમુરારીનું ત્રિરંગી મોટું ચિત્ર ... ૦ાં
શ્રીદ્રૌપદી–વસ્ત્રાહરણ ,, ,, ... ૦ાં

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય { મુંબઈ–૨ અમદાવાદ

"હું તો બધાજ ધર્મોનો સ્વીકાર કરૂં છું, અને બધાજ ધર્માનુયાયીઓની સાથે તેમની તેમની તે તે વિધિથી તે મહાન પિતાને ઉપાસું છું. હું મુસલમાનોની મસ્જીદમાં પણ જઇશ; ખ્રિસ્તી દેવળમાં જઇ ખ્રિસ્તીઓની સાથે તેમના ક્રૉસ આગળ ઘુંટણમંડીએ પડીશ; બૌદ્ધોનાં મંદિરોમાં તેમની માફક હું પણ ભગવાન બુદ્ધદેવનું વંદન અને તેના નિયમોનું પાલન કરીશ. પ્રત્યેકના હૃદયમાં ઝગમગી રહેલી અખંડ જ્યોતિનાં દર્શન કરવાને પ્રયત્નશીલ હિંદુની સાથે જંગલમાં જઈ એકાંતમાં સાધના કરવા બેસીશ."

"બાઇબલ, કુરાન, વેદો અને બીજા તમામ ધર્મગ્રંથો ઈશ્વરના એ અદ્દભુત મહાન પુસ્તકનાં પાનાં માત્ર છે, અને હજી તેનાં અનંત પાનાં ઉઘડવાં તો બાકી છે. તેથી મારૂં હૃદયદ્વાર તે બધાયને માટે મોકળું રાખીશ. x x પ્રણામ હો, ભૂતકાળના એ બધાજ પયગંબરોને! વંદન હો એ વર્તમાનકાળના બધા મહાત્માઓને! અને નમસ્કાર હો ભવિષ્યકાળમાં થનારા એ બધા મહાપુરુષોને!"

(આ ગ્રંથમાંથી)

આ ગ્રંથમાંનાં થોડાંક વચનો

"સામાન્ય જનસમૂહને માત્ર સ્થૂલ વસ્તુઓમાંજ સમજણ અને રસ પડે છે, સૂક્ષ્મ વાતો સમજવા જેટલું તેમનું ગજું નથી હોતું. પરંતુ દરેક સમાજમાં મનુષ્યોનો એકાદ વર્ગ એવો પણ હોય છેજ કે જેમનો આનંદ અને રસ ઇંદ્રિયોના વિષયોમાં નહિ પણ તેથી પર રહેલો હોય છે. એવાં મનુષ્યો ઇંદ્રિયાતીત અનુભવોની વખતોવખત ઝાંખી પામી એ અતીંદ્રિય ભૂમિકાને કાયમની પ્રાપ્ત કરવા મથતા હોય છે; અને જો આપણે પ્રજાઓની ઉન્નતિ અને અવનતિ તથા અવનતિ અને ઉન્નતિના વચગાળાનો ઇતિહાસ બરાબર વાંચી જઈશું તો આપણી પ્રતીતિ થશે કે, એવાં અધ્યાત્મરત મનુષ્યોની સંખ્યા વધવાથીજ પ્રજાનો અભ્યુદય થયો હોય છે, અને અધ્યાત્મપ્રતિ દુર્લક્ષ થવાથીજ તેની પડતીનો પ્રારંભ થયેલો હોય છે. ઉપયોગિતાવાદીઓ આધ્યાત્મિકતાને નિરૂપયોગી અને મિથ્યા કહીને ભલે હસી કાઢે; વસ્તુતઃ તો હરકોઈ રાષ્ટ્રનું ખરૂં ચેતન અને બળ તેની આધ્યાત્મિકતામાંજ રહેલું છે. આધ્યાત્મિકતાના ભોગે જડવાદનું જોર ફાવતાં પ્રજા મૃત્યુમુખમાં ધસવા માંડે છે. પ્રજાની એ આધ્યાત્મિકતા જે દિવસથી ક્ષીણ થવા માંડે અને જડવાદનું જોર ફાવતું જાય, તે દિવસથી તે પ્રજાનો મૃત્યુઘંટ શરૂ થયો એમ નક્કી સમજવું."

"આ વાત હંમેશને માટે યાદ રાખી લેવી સારી છે કે, દુનિયાના મોટા મોટા મહાત્માઓ બધા એવાજ ધર્મપંથોમાંથી પાકયા છે, કે જે પંથોમાં કિંમતી પ્રાચીન ગાથાઓનો સંગ્રહ અને સુસંસ્કૃત કર્મકાંડનો ભંડાર ભરપૂર હોય છે."

"આધ્યાત્મિકતાની બાબતમાં અજબ જેવો વિકાસ પામેલા મહાનમાં મહાન નરો મારી જીંદગીમાં મેં જોયા છે, તે બધા એ પ્રકારની તાલીમમાંથી પસાર થઇનેજ એ ઉચ્ચતમ કોટિને પ્રાપ્ત થયેલા જણાયા છે. આ મહાન નરોનાં ચરણોમાં બેસવાને પણ હું મારી જાતને લાયક ગણતો નથી. તો પછી તેમની ટીકા કરનારો તે હું કોણ? મારૂં ગજુંજ શું?"

"ભાવપ્રધાન વૃત્તિવાળાં મનુષ્યોને સત્યની વ્યાખ્યાઓની પરવા હોતી નથી, તેનાથી તેમનાં મનને સંતોષ વળતો નથી. તેમને મન તે ઇશ્વરજ એક સાચો પદાર્થ છે. તેઓ તેને અનુભવે છે, જુએ છે, વાતો કરતો સાંભળે છે અને તેના પર પ્રેમ કરે છે. તમારા તર્કવાદી ને યુક્તિવાદી લોકો એમને મન મૂર્ખા જેવા લાગે છે; × × કોઈ પણ જાતના બાહ્ય હેતુ વગર કેવળ નિષ્કામભાવે પ્રેમ કેમ કરવો, તે ભક્તિયોગનું શાસ્ત્ર તેમને શીખવાડે છે; અને તેઓ પ્રભુને અને સારાં કામોને ચાહે છે. તે સ્વર્ગકામના, સંતાનકામના, દ્રવ્યકામના કે એવી કોઇ પણ કામના વગર માત્ર તેમ કરવું સારૂં છે, એટલા માટેજ તેમ કરે છે."